5744
Received
13-3-01

જૈન શાસન

શાસન અને સિદ્ધાન્ત પ્રભાવનાનું પ્રચારનું પત્ર

પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

ચેત, ચેત નર તું ચેત

यावद्देहमिदं गदैर्न गदितं नो वा जरा जर्जरं, यावत्त्वक्षकदम्बकं स्वविषय ज्ञाना वगाहक्षमम् ।
याव च्चायुरभङ्गुरं निजहिते तावद् बुधैर्यत्यतां, कासारे स्फुटिते जले प्रचलिते पालि कथं बध्येते ॥

('શ્રી શાંતસુધારસ' બોધિદુર્લભ ભાવના-૧૨, શ્લોક-૬)

હે આત્મન્ ! જ્યાં સુધી રોગોએ તારા શરીરનો માળો પીંખી નાંખ્યો નથી, વૃદ્ધાવસ્થાનાં ઓછાયાએ તારા શરીરને જરાથી જર્જરિત નથી કર્યું, જ્યાં સુધી તારી દરેક ઈન્દ્રિયો પોત-પોતાના વિષયનું જ્ઞાન કરવા સમર્થ છે અને જ્યાં સુધી તારું આયુષ્ય અખંડ છે ત્યાં સુધી પંડિતો વડે તું તારા આત્માના હિતને માટે ઉદ્યમ કરી લે. નહિ તો સરોવર ફાટયા પછી, પાણી વહી ગયા પછી પાલી - પાલ કેમ બંધાય ? આગ લાગે ત્યારે કુવો ખોદાય ? તેમ પ્રમાદને ખંખેરી આત્મહિત માટે જાગૃત થઈ જા.

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

અઠવાડિક

વર્ષ ૧૩ | અંક ૨૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જ્ઞાનગુણ ગંગા

- પ્રજ્ઞાંગ

■ 'શ્રમણ' કોને કહેવાય તે અંગે નિર્યુક્તિકાર શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા શ્રી દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં જણાવે છે કે-

''નાસ્તિ ચ તસ્ય કશ્ચિદ્ દ્વેષ્ય;
પ્રિયો વા સર્વેષ્વેવ જીવેષુ ।
એતેન ભવતિ સમમનાઃ
એષો અન્યોડપિ પર્યાયઃ ॥

ભાવાર્થ : જેને કોઈ દ્વેષ્ય - દ્વેષ કરવા લાયક નથી તેમજ જેને કોઈ પ્રિય - રાગ કરવા લાયક નથી, વળી જે બધા જીવો પ્રત્યે સમાન મનવાળો હોવાથી તેને 'શ્રમણ' કહેવાય છે.''

''તતઃ શ્રમણો યદિ સુમનાઃ
ભાવેન ચ યદિ ન ભવતિ પાપમનાઃ ।
સ્વજને ચ જને ચ
સમઃ સમશ્ચ માનાપમાનયોઃ ॥

આમ જેનું મન સુંદર હોઈ જેના ભાવો પણ પાપ મનવાળા પાપના વિચારવાળા - બનતા નથી વળી જે સ્વજનમાં કે પરજનમાં સમાન છે અને માન અને અપમાનમાં પણ સમાન છે માટે ય તેને સુમના - શ્રમણ કહેવાય છે.

હવે શ્રમણને આપેલી ઉપમાઓ પણ જોઈએ.

(૧) સાપ જેવો - બીજાએ કરેલા દરમાં રહેતો હોવાથી અથવા આહારનો સ્વાદ ન કરતો હોવાથી તથા સંયમમાં એક દ્રષ્ટિ હોવાથી, સાપ જેમ દરની આજુબાજુની જમીનને અડક્યા વિના અંદર પેસે છે, તેમ સાધુઓ પણ અન્નને સ્વાદ માટે મોંમાં મમળાવ્યા વિના ખાય છે.

(૨) પર્વત જેવો - સંકટો, દુઃખો અને કષ્ટો મુશ્કેલીઓ રૂપી પવનથી અકંપ રહેતો હોવાથી.

(૩) અગ્નિ જેવો - તપ રૂપી તેજથી યુક્ત હોવાથી તથા અગ્નિ જેમ ઘાસથી કે દાહ્ય વસ્તુઓથી તૃપ્ત થતો નથી તેમ શાસ્ત્ર અને શાસ્ત્રના ઉપદેશ - પરમાર્થથી તૃપ્ત થતો નથી માટે તથા અગ્નિ સારી કે ખરાબ વસ્તુનો કશો ભેદ રાખ્યા વિના સઘળી ય વસ્તુઓને બાળી નાખે છે તેમ સાધુ પણ નિર્દોષ ભિક્ષા વખતે કશો ભેદભાવ રાખતો નથી માટે.

(૪) સાગર જેવો - ગંભીર હોવાથી, જ્ઞાનાદિ ગુણ રૂપી રત્નોની ખાણ હોવાથી અને પોતાની મર્યાદાનું ઉલ્લંઘન ન કરતો હોવાથી.

(૫) આકાશ જેવો - આધાર વિનાનું નિરાલંબ હોવાથી.

(૬) વૃક્ષ જેવો - મુક્તિ રૂપી ફળને ઈચ્છનાર જીવો રૂપી પક્ષીઓનું આશ્રયસ્થાન હોવાથી તેમજ ચંદનવૃક્ષ જેમ સર્વત્ર સુગંધ ફેલાવે તેમ શીલ અને સંયમની સુવાસ ચારે બાજુ ફેલાવાથી.

(૭) ભમરા જેવો - નિયત એક ઠેકાણેથી ગોચરી ન લેવાથી.

(૮) મૃગ જેવો - હરણ પારધિથી ઉદ્વિગ્ન - ભયભીત રહે તેમ સંસારરૂપી પારધીના ભયથી હંમેશા ઉદ્વિગ્ન રહેવાથી.

(૯) ધરતી જેવો - બધા ખેદ - પરિષહને જેથી સહન કરવાથી.

(૧૦) કમલ જેવો - કામભોગરૂપી કાદવમાં ઉત્પન્ન થવા છતાં બન્નેથી અલિપ્ત રહેવાથી.

(૧૧) સૂર્ય જેવો - સમગ્ર લોકમાં જ્ઞાનાદિ પ્રકાશવાળો હોવાથી.

(૧૨) પવન જેવો - ક્યાંય રોકાયા વિના સર્વત્ર ગતિ કરતો હોવાથી અર્થાત્ નવકલ્પી વિહાર કરવાથી.

॥ શ્રી આદિનાથાય નમઃ ॥ ॥ શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ॥

ભારતભરના સકલ શ્રી જૈન સંઘોને નમ્ર નિવેદન

આંખો રડી ઉઠે, અંતર આક્રંદ કરી ઉઠે અને હૈયું હચમચી ઉઠે એવા ભયાનક ભૂકંપે હજારો પરિવારોને નિરાધાર કરી મૂકયા એવા ટાણે આપણા હૃદયાધાર ત્રણ જગતનાં નાથ પરમાત્માનાં અતિભવ્ય જિનમંદિરોને પણ આ ભૂકંપે છોડયા નથી. આ પ્રસંગે ભારત વર્ષાલંકાર પ. પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની પાવન પ્રેરણાથી તેઓ સવેળાનાં માર્ગદર્શનથી ધરતિકંપથી ધરબાયેલા કે ઓછા - વધતા અંશે અસર પામેલા, કચ્છ - સૌરાષ્ટ્ર સમેત સમસ્ત ગુજરાતનાં, જિનમંદિરો નિર્માણ થયેલા ગણીને, તે તમામનાં જીર્ણોદ્ધારનું ભગીરથ કાર્ય કરવા શ્રી શ્રી ૧૦૮ પૂ. પૂ. સંઘ કટિબદ્ધ બને છે.

તો તમામ શ્રી સંઘોને તથા જેઓ પાસે આ સંબંધી માહિતી તેઓને વિનંતી છે કે જરૂરી સંપૂર્ણ વિગત સાથે અમારો રૂબરૂ અથવા દ્વારા સંપર્ક કરે અને અમને જીર્ણોદ્ધારનાં જાજરમાન કાર્ય કરવા ની તક -

■ લિખિતંગ ■

શ્રી શ્રીપાળનગર જૈન શ્વે. મૂ. પૂ. દેરાસર - ઉપાશ્રય ટ્રસ્ટ

૧૨, જે. મહેતા માર્ગ, વાલકેશ્વર, મુંબઈ - ૬. ફોન : ૩૬૯૧૬૮૨

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાનો પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગૂઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગૂઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ ફાગણ સુદ ૪ મંગળવાર તા. ૨૭-૨-૨૦૦૧ (અંક : ૬૯/૨૭

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.

પ્રવચન ત્રં જાું

તા. ૩૦-૧૨-૭૩, રવિવાર
પોષ સુદ દ્વિતિય - ૫
શ્રીપાલનગર.

(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)

ભગવાન મહાવીર કે ભગવાન મહાવીરના સિદ્ધાંતોને, ભગવાન મહાવીર જેવા સ્વરૂપે થઈ ગયા તેવા સ્વરૂપે જગત ઓળખે; તેઓના સિદ્ધાંતોને પણ તે તે સ્વરૂપે સમજે અને વાસ્તવિક માનતા થઈ જાય તે તો આપણા સૌના માટે આનંદની વાત છે. આપણા તીર્થંકર પરમાત્માઓ ''સવિ જીવ કરું શાસન રસી'' કરવાની ભાવનાથી તીર્થંકર થાય છે. તો તીર્થંકર ભગવંતના સેવક એવા આપણી પણ ભાવના તે જ હોય કે સૌ ભગવાન અરિહંતોના શાસન સમજે.

આજની સ્થિતિ શું છે ? આપણે ત્યાં રાજ વ્યવસ્થા માટે લખ્યું છે કે દુષ્ટોને શિક્ષા કરે અને શિષ્ટોને સહાય કરે તે રાજતંત્ર સારું ગણાય અને તેના કાળમાં જીવો સુખી પણ હોય.

જ્યારથી રાજતંત્ર એવું બન્યું કે આટલા કતલખાના ચાલે તેને પણ કર્તવ્ય તરીકે સમજે, રાજતંત્ર તેને ચલવે છે. આજનું રાજતંત્ર શું કરે છે તેનો વિચાર કરો તો વર્ણન થાય તેમ નથી.

વર્તમાનમાં કમનશીબી કહો કે ગમે તે જૈન સંઘમાં એવા આગેવાન થયા કે જગત માને કે ન માને અમે આગેવાન છીએ. તેમનું માનસ નિસ્વાર્થી નહિ સ્વાર્થી છે. તેમને રાજ પાસે માંગણી કરી કે અમારે ભગવાન મહાવીરનો નિર્વાણ કલ્યાણક ઉજવવો છે તો રાજ કહે તમે કરો.

જેને ભગવાન મહાવીર કે મહાવીર પરમાત્માના પ્રરૂપેલા સિદ્ધાંતો સાથે કાંઈ લાગે વળગે નહિ તે શું કરવાના છે ?

આપણે ત્યાં આચાર મૂકી પ્રચાર કરવાનો નથી. આપણું શાસન સંસાર ભૂંડો માને, મોક્ષ સારો માને, રાજને પાપ માને, રાજની પ્રવૃત્તિને પાપ માને છે. આ ન માને તો પ્રચાર શું કરવો ? આપણે આપણા ભગવાનનો અને ભગવાન અરિહંતોએ પ્રરૂપેલા મોક્ષમાર્ગના સિદ્ધાંતોનો પ્રચાર એવી રીતે કરવો છે કે જેથી કોઈ જીવને સમજાય નહિ તો વાંધો નહિ પરંતુ ઊંધી સમજ તો ન જ પામે. આ રીતે કરવા તૈયાર થાય તો અનુમોદન આપું.

સરકાર કહે છે આ કાર્યક્રમ સાથે અમારે લાગતું વળગતું નથી કેમ કે આ કાર્યક્રમ જૈનોએ જ ઘડ્યો છે.

જૈનો એવો કાર્યક્રમ ઘડે કે જેમાં આરંભ સમારંભની પ્રવૃત્તિ હોય ? તો આજનો નિર્વાણ મહોત્સવ અંગેનો કાર્યક્રમ કયા જૈનોએ ઘડ્યો ? આ કાર્યક્રમ ઘડનારામાં શ્રદ્ધા નથી અને જ્ઞાને ય નથી. જે પંડિતો તેમની સમિતિમાં છે તે જ્ઞાન પામ્યા ત્યારથી અજ્ઞાન

વધારે એવું લખી રહ્યા છે અને બોલી રહ્યા છે જેમ કે ''ભગવાન મહાવીર દીર્ઘતપસ્વી ન હતા, સર્વજ્ઞ ન હતા. સર્વજ્ઞ થાય તો હજી હવે થાય.'' આમ કહેનારા પંડિતો આજે ય વિદ્યમાન છે. આત્માની ચિંતા કમસર વધવા માંડી તે હવે વધવા માંડી તેમ કહીને શ્રી જિનેશ્વર ભગવંતોના અનાદિ કાલીન શાસનને સ્વીકારવા તૈયાર નથી. તે તો એમ કહી રહ્યા છે કે વિજ્ઞાન, ભૂગોળ, ખગોળ આજે વધ્યા છે. એટલે સર્વજ્ઞ ભગવંતો કથિત ભૂગોળ અને ખગોળ આદિને માનતા નથી. આજના વિજ્ઞાનને માને છે. આ લોકોને પ્રકાશન કામ સોંપતો તો પરિણામ એ આવશે કે સાચી વાતો જ ઢંકાઈ જશે માટે આ લોકોને તો લખતા બંધ જ કરી દેવા જોઈએ. અને ભગવાન મહાવીરને જગત સમક્ષ રજૂ કરતું એવું સાહિત્ય તૈયાર કરવું કે ગમે તેના હાથમાં જાય તો ય ઊંધી સમજ તો ન જ પામે.

અત્યારે જે રીતે ઉજવણીની તરફેણ કરનારા કાર્યક્રમ કરી રહ્યા છે તેને રોકવાની જ મહેનત ચાલે છે કેમ કે જો તેમ કરવામાં ન આવે તો નુકશાન ઘણું જ થવાનું છે.

ભગવાન મહાવીર અને તેમનું શાસન જગત જાણે તેના જેવો આનંદનો વિષય એક નહિ. પરંતુ શ્રી અરિહંત પરમાત્માઓનું શાસન બધાએ જાણ્યું હોય તેવું કોઈ કાળે બન્યું નથી અને જાણી શકે પણ નહિ. ''સવિ જીવ કરું શાસન રસી'' ભાવના વિના તીર્થંકરો થતાં નથી.

જગતપૂજ્ય એવા શ્રી તીર્થંકર ભગવંતો અનાદિ કાલથી સંસારમાં રખડાવનારા એવા ઘાતી કર્મો તેમાં ય મોહને મારી, વીતરાગ બની કેવળજ્ઞાન પામે અને પછી શાસનની સ્થાપના કરે ત્યારે સંઘમાં કોને લે છે ? પ્રથમ તો સાધુ થાય તેને. જેને સાધુ થવાની ભાવના ગળા સુધી હોય પરંતુ સાધુ થવાની શક્તિ ન હોવાથી શ્રાવકધર્મ સ્વીકારે તેને એટલે સંઘમાં સાધુ - સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર ને જ સ્થાન.

તીર્થંકરોની ભાવના તો બધાને સુધારવાની હોય પણ જે સુધરવા જ ન માગે તો તેને કોઈ કાળે કોઈ સુધારી શક્યું નથી અને સુધારી શકે પણ નહિ.

જૈનધર્મ બધા સમજી જાય તો નારાજી કોઈની નથી.

એકલો પ્રચાર કામ ન કરે. પ્રચારની સાથે આચાર પણ જોઈએ.

અહીંથી ધર્મનો પ્રચાર કરવા માટે પરદેશમાં વકતા મોકલવા હોય તો પ્રથમ તો ધર્મનો અભ્યાસ કરે, અભ્યાસથી ધર્મ જીવે પછી જાય તો કામ થાય. આજે તો તમે જાુવો છો કે આ દેશમાંથી જે લોકો પરદેશ ગયા તેમણે ત્યાંની જ વાત પચાવી લીધી. એવી રીતે જૈન ધર્મના પ્રચારક જાય અને ત્યાંના ખાન પાન - વર્તનમાં ખુશી હોય અને કહે કે ભગવાન મહાવીરનું સ્થાપેલ શાસન આવું છે તેના સિદ્ધાંતો ઉમદા છે અને કોઈ પ્રશ્ન પૂછે અને જવાબ ન આપી શકે તો શાસનની પ્રભાવના થાય કે લઘુતા થાય ?

પરદેશીઓ અહીં આવી પ્રચાર કરવાના છે પણ તેમની પાસે સાંભળવાનો અર્થ નથી. તેમની વાતોમાં તત્ત્વ નથી. તે લોકો સ્કોલર થવા જૈન ધર્મ ભણ્યા છે.

શ્રી જિનેશ્વર ભગવંતો અને શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા સિદ્ધાંતોની સરખામણીમાં આવે તેવું કાંઈ જ નથી. આમ જગતને જણાવવું છે. આ બે વાત જેના હૈયામાં વસી જાય તેવા માણસો જોઈએ છે. આવા માણસો તૈયાર થાય તો તેમની ભોગ આપવાની તૈયારી જોઈએ.

ભગવાન મહાવીર કે ભગવાન મહાવીરના સિદ્ધાંતો જગતમાં આવે તેથી કોઈ નારાજ નથી. વર્તમાનમાં જે બની રહ્યું છે તે બરાબર નથી. કહેવાતા આગેવાન અને અમારી વચ્ચે ખાઈ મોટી છે. સાધુઓએ વિરોધ કરવા માંડયો ત્યારે ગણાતા આગેવાને પૂછયું પણ નહિ આ શું છે ? આગેવાન ગણાતા તો કહે સાધુ ચકમ છે. સરકાર પાસે ફરી વિરોધ આવ્યો તો સાધુને માટે એવા વિશેષણ વાપર્યા અને એવી રીતે ઓળખાવ્યા કે વર્ણન ન થાય.

ગણાતા આગેવાનો વિરોધ કરનારા સાધુઓને કહે છે કે તમે તમારે વિરોધ કરે જાઓ પણ અમે તો કરીને જ રહેવાના, તમારૂં કાંઈ ચાલવાનું નથી, તમને જોઈ લેવાશે આટલો વિરોધ છતાં જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો ત્યારે સમજાવવામાં બાકી નથી રાખ્યું.

જ્યારે વાપીમાં ગણાતાં આગેવાન મને મલ્યા મેં જેટલી જેટલી વાતો કરી તે તેમને કબૂલ રાખી. મને તો એમ જ કે આગેવાન ગણાય છે અને તે વચન આપે છે, તેમનાથી સુધરી જતું હોય તો ઝઘડો કરવો નથી. પત્રવ્યવહાર થયો તેમાં ય ગરબડ ઉભી થયી. ભગવાન

મહાવીર સંસાર સુધારક હતા, તેમ લખાણો લખાયા. મેં તેઓનો અભિપ્રાય માંગ્યો જાહેર થતી બાબતો તરફ વારંવાર ધ્યાન ખેચ્યું. અને તેમાં ઉજવણીનો આખો કાર્યક્રમ બન્યો તે જોતાં મેં તેમને જણાવ્યું કે કાં તમે આ કાર્યક્રમમ થી ખસી જાવ અથવા તો આ કાર્યક્રમનો વિરોધ કરો ત્યારે તેમને મને જણાવ્યું કે તમારા અને અમારા વિચારોમાં ફેર છે.

શાસ્ત્ર ફરમાવે છે કે સાધુ અને શ્રાવકના આચારમાં ફેર હોય પરંતુ વિચારમાં તો ત્રણ કાળમાં ભેદ ન હોય.

સંસાર છોડવાના વિચારમાં તમારો મતભેદ હોય ? મોટી મોટી ખાઈ છે. અમારી સામે નિવેદન કરે છે, સમજવાની મહેનત કરતા નથી.

વિરોધ અમારો સિદ્ધાંતને સારી રીતે પ્રચાર કરવો તે માટે છે. તેનાથી ઉંલ્ટી રીતે ભગવાન મહાવીર કે તેઓના સિદ્ધાંતો ઓળખાય તો તે બરાબર છે ?

અરિહંત પરમાત્માઓના ધર્મની પ્રભાવનાની વાત આવે તો એકલા સાધુ કે એકલા શ્રાવક ન કરી શકે પરંતુ બે ભેગા થાય તો જ થાય.

અમારી પાસે જ્ઞાન અને તમારી પાસે શું હોય ? ધન. અમે જ્ઞાન ખરચીએ અને તમે ધનની કોથળી સાચવી રાખો તો શું થાય ? વિરોધ કરવો પડે તો કર્યા વગર ચાલે નહિ. સાધુ ભગવાને કહેલ સમ્યગજ્ઞાન મૂકે અને તમે ધન ખરચો તો જ કામ થાય.

આ કામના પેપરોમાં આપણી સાચી વાત બતાવવી હોય તો કેટલા પૈસા જોઈએ ? આજે છાપાં કેટલા..? કેટલી ભાષામાં..? બધી ભાષામાં આપણે આપણા વિચારો મૂકવા હોય તો કલ્પના કરો કે કેટલા પૈસા જોઈએ ?

આ કાળમાં પ્રચાર કરવો હોય તો વાસ્તવિક કોટિનો, સારી સ્થિતિ અને સારા પ્રમાણમાં કરવો જોઈએ.

પ્રચાર બરાબર થાય તો હું ખાત્રી આપું છું કે જે લોકો ખોટી રીતે કરવા માંગે છે તેને બેસી જવું પડે.

જૈનકુળમાં જન્મેલા જૈન ન બની શકે તો બીજાને જૈન બનાવવા કઠીન છે. પરંતુ બીજા એટલું તો માનતા થાય કે જૈનોના તીર્થંકર અદ્‌ભૂત ! બીજા સાથે સરખામણી ન થાય. તેમના સિદ્ધાંતો અદ્‌ભૂત !

ભગવાનના મહોત્સવ, ઉત્સવ, વરઘોડા વિ. નો હેતુ એ છે કે લોકો જૈનધર્મની અભિમુખ થઈ જાય.

આ કાળમાં આ છાપાઓમાં સારો પ્રચાર કરવવો હોય, ધર્મના અંગને સારૂં કહેવરાવવું હોય તો ધાર્યા પૈસા ખરચો તો પ્રચાર સારો થશે.

આપણે કાંઈ ૨૫૦૦મો નિર્વાણ કલ્યાણક વિશેષ તરીકે ઉજવતા જ નથી. આપણે ત્યાં તો દરેકે દરેક ભગવાનના દરેક કલ્યાણકોની ઉજવણી કરવી તે ન બની શકે તો આ અવસર્પિણીકાલમાં થયેલા ભગવાનોના દરેક કલ્યાણકોની ઉજવણી કરવી અને તે ય ન બની શકે તો જેમના શાસનમાં છીએ તેમના દરેક કલ્યાણકની ઉજવણી કરવી. આજે નિર્વાણ કલ્યાણકની ઉજવણી તો દર સાલ થાય છે કોક જગ્યાએ પાંચે પાંચ કલ્યાણકોની પણ ઉજવણી થાય છે. ૨૫૦૦નું વર્ષ વિશિષ્ટ કોટિનું કેમ ઉજવે છે તેની ખબર નથી. દર સાલ પાંચે કલ્યાણકો ઉજવાય તો તે ઉજવવા તમારી પાસેથી ઢગલા જોઈએ.

આપણે શું કરવું જોઈએ તે તો જોઈશું પરંતુ જે ખરાબ રીતે થઈ રહ્યું છે તે અટકી જાય તેનો પ્રયત્ન કરવાનો છે અમારે શી રીતે ઉજવણી કરવી તે તો શાસ્ત્રમાં લખેલ જ છે.

અસલમાં તે ૨૫૦૦મું વર્ષ છે ૨૫૦૧નું નહિ. તે રીતે આપણે શક્ય પ્રયત્ન કરીશું.

ભગવાન મહાવીર કે તેમના શાસનના સિદ્ધાંતો ખોટી રીતે બહાર ન પડે, તેમનો નિર્વાણ મહોત્સવ શ્રી તીર્થંકર ભગવંતોની શોભારૂપે ઉજવવો જોઈએ.

આજની સરકાર ડંખીલી છે. સાથે બેસનાર વિરુદ્ધ થાય તો તેની ય ખબર લેવાય છે.

રાજવિરુદ્ધ વાત કરવી તો કાયદાની ચુંગાલમાં ન આવીએ તેમ બોલવું પડશે. રાજતંત્રે કહ્યું કે જૈનોને ઠીક લાગે તેમ કરે. અમારે તમારા ધર્મ સાથે લાગતું વળગતું નથી. જૈનો જો આવો કાર્યક્રમ ઘડે તે બરાબર નથી.

ભગવાન મહાવીરનો કે તેમના સિદ્ધાંતનો પ્રચાર થાય તેમાં વિરોધ છે તેવું નથી. માત્ર પ્રચાર એવો ન થવો જોઈએ કે જેથી ખોટી ગેરસમજ થાય. અત્યારે તો જે ખોટું થઈ રહ્યું છે તે અટકાવવાના પ્રયત્ન ચાલે છે પછી શું કરવું તે હવે જોઈશું. કમશ :

શ્રી મહાવીર ૨૬૦૦મી જન્મ કલ્યાણક ઉજવણીનું ગાંડપણ

શ્રાવસ્તીનગરમાં એક શેઠને હીરો નામનો જડ નોકર [illegible] શેઠાણીને રાત્રે વાત કરે છે કે કાલે હીરાને ઘોઘે [illegible] છે, હીરો સાંભળી ગયો અને રાત્રે જ ઘોઘે ગયો [illegible] રાત્રે પાછો ફર્યો.

[illegible] શેઠે હીરાને બોલાવ્યો કહે હીરા ઘોઘે જવાનું [illegible] કહે - હું જઈ આવ્યો. શેઠ કહે શું કર્યું ડેલીએ [illegible] આવ્યો

શેઠ કહે- વાહ, હીરો ઘોઘે જઈ કરી, દઈ આવ્યો [illegible].

આ વાત એટલા માટે યાદ આવે છે કે શ્રી [illegible] મહાવીરના ૨૬૦૦ જન્મ કલ્યાણક ઉજવણીનું [illegible] જેમને છે તેઓ હજી જન્મ કલ્યાણક આવ્યું નથી [illegible] કોઈ જગ્યાએ ગમે તેવા કાર્યક્રમને આ ઉજવણીનું [illegible] આપીને ગાંડપણ કરે છે.

શું ચૌદશનું પ્રતિક્રમણ આઠમ નોમના કરી [illegible] ? શું આખા ત્રીજ ૨ - ૪ દિવસ પહેલા કરી [illegible] ?

ગૃહસ્થો પણ જન્મ કે લગ્નની તિથિ કે દિવસ જે દિવસ હોય છે તે જ દિવસે ઉજવે છે. ૨-૪ દિવસ પહેલાં કે પછી ઉજવતા નથી.

આ ૨૬૦૦ મી જન્મ કલ્યાણકની રાષ્ટ્રીય ઉજવણીને માનનારા પણ આવું જ ગાંડપણ કરે છે.

સરકારને કંઈ પડી નથી પણ થોડી વગ અને થોડું અજ્ઞાન આ ધર્મ વિઘાત માર્ગે લઈ જાય છે.

ગુરુ આદિની શતાબ્દિને નામે ગમે તેવા કાર્યક્રમને જન્મ શતાબ્દિ દીક્ષા શતાબ્દિ નામ આપી જેમની શતાબ્દિ હોય તેમને પણ અણખામણા કરતા હોય છે તેવું આપણા સંઘમાં પણ ચાલે છે. ?

જૈન સંઘોમાં દેરાસરની પ્રતિષ્ઠા આદિની શતાબ્દિ હોય તો તે વર્ષગાંઠ પ્રસંગને ભવ્ય બનાવે છે. કોઈ પણ દેરાસરની શતાબ્દિ એક વર્ષ ચાલતી નથી અને તેમ છતાં પૂ. આચાર્યદેવો તેમ જાણે છે અને વર્ષગાંઠની જ શતાબ્દિ ઉજવાય છે.

જ્યારે મહાવીર જન્મ ૨૬મી જન્મ શતાબ્દિની જેમ ગુરૂ આદિની શતાબ્દિ પણ આવી જ એક ગાંડપણની રીત છે અને લેવા દેવા વિના ગમે ત્યારે ગમે તે કાર્યક્રમને શતાબ્દિ વર્ષની ઉજવણીનું નામ આપી સંતોષ માને છે.

જ્યારે શાસન લોકોત્તર શાસન છે અને તેમાં લોકોત્તર માર્ગ છે જે દેરાસર વર્ષગાંઠની જુદી રીતે અને મહાવીર પ્રભુજીની ગુરુની શતાબ્દિમાં જુદી રીતે લાગુ કઈ રીતે પડી શકે ?

વિવેકી આત્માઓ શાસનનું ઘોરણ રાખવું તે જ ઉચિત છે.

શ્રી મહાવીર ૨૬૦૦મી જન્મ કલ્યાણક રાષ્ટ્રીય ઉજવણીકારોનું પણ વિરુદ્ધ વિધાન

નમો તિત્થસ્સ માસિકના ફેબ્રુઆરી ૨૦૦૧ના અંકમાં મહેન્દ્ર સી. કબદી (ભીમાવરમ) લખે છે કે-

ભગવાન મહાવીર કો જૈન ધર્મકા પ્રવર્તક કહા જાતા હૈ. ઈસ સઘર્મમેં ''જૈન ધર્મ કે પ્રવર્તક ભગવાન આદિનાથ થે. (ઉન) કા પ્રચાર કરના.''

આ લેખક કે આવાઓ ભગવાન મહાવીરને ધર્મના પ્રવર્તક માનતી નથી ''નમત્થુણં'' માં ધમ્મતિત્થા યરે' શબ્દ છે તે તેઓ માનતા નથી અને અ પ્રસંગમાં ભગવાન મહાવીરને તીર્થ પ્રવર્તકને બદલે ભગવાન આદિના ધર્મના પ્રવર્તક છે તેમ કહી ભગવાન મહોવીરને બદલે ભગવાન આદિનાથને ધર્મ પ્રવર્તક તરીકે પ્રચાર કરવા માગે છે. આ છે જૈન ધર્મની અજ્ઞાનતાનો નમુનો.

■ ■ ■

પ્રવચન - છેતાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

સં. ૨૦૪૩, ભાદરવા સુદિ- ૧૪, રવિવાર તા. ૬-૯-૧૯૮૬
ચંદનબાળા જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬

ગતાંકથી ચાલુ.....

આજે તમારા ઘરમાં ધર્મની વાત મોટેભાગે બંધ છે. તેથી તમારા ઘરમાં કાંઈ વિરાગી પાકે નહિ તેનું તમને દુઃખ પણ નથી. તમારો છોકરો દીક્ષાની વાત કરે તો દુઃખ થાય કે પરણવાની વાત કરે તો દુઃખ થાય ? આ મનુષ્ય જન્મમાં સાધુ થવા જેવું છે આમ જે મા-બાપાદિએ ના [illegible] મા બાપાદિ ભયરૂપ ખરા ને ? તે મા - [illegible] જ જવા તૈયાર કર્યા કહેવાય ને ? સંસારમાં લહેર કરે મોજમઝાદિ કરે તે બધા જ દુર્ગતિમાં [illegible] શ્રદ્ધા છે ખરી ? ખૂબ ખૂબ પૈસા કમાય છતાં [illegible] જ કર્યા કરે તે બધા દુર્ગતિગામી છે તે શ્રદ્ધા છે ? તમે આ દેશાદિમાં જન્મેલા તમારા સંતાનોને પરદેશ મોકલી દીધા પછી તેનું શું થશે તેની ચિંતા પણ કરતા નથી તો તેને જૈન મા - બાપ કહેવાય ? આજે તમારાં સંતાનો તમારી આજ્ઞા માને તો તેમનું કલ્યાણ થાય કે અકલ્યાણ થાય ? તમારો સમજુ છોકરો કહે કે - હવે મારે ધર્મ જ કરવો છે, કમાવું નથી તો તમે તેને ઘરમાં રહેવા દો ખરા ? ભણેલો છોકરો ધંધાધાપાદિ બંધ કરીને ધર્મ જ કરવા માંડે તો રાજી થાવ ખરા ?

સભા : એવું નહિ કરે તેવી શ્રદ્ધા છે.

છોકરો આવું કદી નહિ કરે તેવી શ્રદ્ધા છે. આવી રીતે સંતાનોને સંસારના રસિયા બનાવે તે મા-બાપ ભયરૂપ ખરા ને ? જેમ કુદેવ - કુગુરુ - કુધર્મ સંસારમાં રખડાવે તેમ આવા મા-બાપ પણ રખડાવે.

પ્ર.-ભૂતકાળના સંસ્કાર લઈને નહિ આવતા હોય ?

ઉ.-શાસ્ત્રે કહ્યું છે કે - શ્રાવકના કુલમાં જે જન્મે તે સારા સંસ્કાર લઈને આવ્યો હોય છે. પણ આજના તમારા ઘરોનું વાતવરણ જ એવું હોય છે કે - તેના સંસ્કાર બધા જ સળગી જાય. સારા સંસ્કાર જાગૃત ન થાય તેની તમે કાળજી રાખો છો. અને એવા ખોટા સંસ્કાર નાખો છો કે તમારા કરતાં વધારે અનીતી - અન્યાયાદિ કરે. તમે તો આજે તમારા સંતાનોને એવા પકવ્યા છે કે જેનું વર્ણન ન થાય.

પ્ર.- કાળ ખરાબ છે ને ?

ઉ.- કાળ ખરાબ છે કે તમે ખરાબ છો ? આ કાળમાં સાચા સાધુ ય હોઈ શકે. સાચા શ્રાવક પણ હોઈ શકે અને સાચા ધર્મી પણ હોઈ શકે ને ? તમે સાચા ધર્મી કે સાચા શ્રાવક પણ નથી બનતા તો કાળ ખરાબ કહેવાય કે તમે ખરાબ કહેવાવ ? આ કાળમાં સાતમા ગુણઠાણા સુધીનો ધર્મ પામી શકાય છે. જેઓ આ જાણવા છતાં ધર્મ નથી કરતા તે બધા નાલાયક છે અને કરવાનું મન પણ થતું નથી તે તો મહાનાલાયક છે. શક્તિ હોવા છતાં ય ધર્મ ન કરે તો તે નાલાયક કહેવાય ને ?

શ્રાવક મઝેથી ધંધો કરે ? મઝેથી સંસારમાં રહે ? સાધુમાં ય પણ જેનાથી આજ્ઞા મુજબ સાધુપણું નથી પળાતું તેનું દુઃખ હોય, સારામાં સારી રીતે પાળવા મહેનત કરતા હોય તેવા ય કેટલા મળે ? શક્તિ છતાં ય પર્વતિથિએ તપ ન કરે તો પાપ લાગે ને ? ધર્મ પામેલા જીવને ધર્મ ન થાય તેનું દુઃખ થાય અને આજ્ઞા મુજબ જેટલો સારો ધર્મ થાય તેનો આનંદ થાય. અને પાછો માને કે- હજુ હું કાંઈ કરતો નથી. શ્રી વસ્તુપાલ મંત્રીશ્વરની વાત તમે જાણો છો. પોતાના જીવનમાં કેટલો ધર્મ કરી ગયા છતાં ય અંત સમયે કહે છે કે- ''મે મારા જીવનમાં કશું કર્યું નથી.'' તમે બધા શક્તિ જેટલો ધર્મ કરો છો કે શક્તિ ઉપરાંત પૈસા કમાવા મહેનત કરી છે ? તમે તમારી જાત માટે, તમારા કુટુંબ - પરિવાર માટે કેટલા પૈસા ખરચો છો અને ધર્મ માટે કેટલા પૈસા ખરચો છો ? તમારો પૈસો તો મોટા ભાગે મોજમઝાદિમાં વધારે વપરાય છે ને ? માર્ગાનુસારી જીવ પોતાની મૂડીનો ત્રીજો કે અડધો ભાગ ધર્મ ખાતે મૂકી દે છે. આજે તમારી મૂડીનો કેટલામો ભાગ ધર્મ ખાતે ખરચો છો ? ધર્મી જીવનો ધર્મ ખાતે ખરચો વધારે હોય.

તમને પૈસાનો ભય લાગે છે ? પૈસો તો ખરાબ ચીજ છે. જ્યારથી પૈસો કમાવાનું મન થાય એટલે પાપની શરૂઆત થાય. જેની પાસે આજીવિકાનું સાધન હોય તે શ્રાવક પૈસા કમાય નહિ અને કદાચ પૈસો કમાવા જાય તો પોતાની જાતને લોભી માને, પાપી માને. આ સમજી ને તમે બધા જો બરાબર ધર્મ કરતા થઈ જાવ તો દુનિયામાં જૈનશાસનનો જયજયકાર થઈ જાય. લોકો જ કહે કે જૈનોમાં જેવી ઉદારતા છે તેવી બીજે કશે નથી. તમારે ત્યાં

આવેલો દુઃખી, દુઃખીપણે જાય ? તળાવે આવેલો તરસ્યો જાય ? તમારે ઘેર ખપવાળો આવેલો ખાલી હાથે જાય ? આજે તો તમારી આબરૂ ગઈ છે કો'ક કો'ક ભાગ્યશાળી હશે તેને ધર્મને સાચવ્યો છે તેનાથી આબરૂ રહી છે. બાકી એવા જૈન ઘણા પાકયા છે જે ધર્મમાં ય રાતીપાઈ ખરચતા નથી, ચપટી ચોખા પણ લઈ જતા નથી. એવા જૈનો પાકયા છે જે મૂર્તિને જ ઉપાડી જાય છે. પૂજા કરવા આવેલો ચોર હોય ?

તમને પૈસો કેવો લાગે છે ? ભયરૂપ લાગે છે ? તે બધું ભયરૂપ ન લાગે ત્યાં સુધી ધર્મ આવે નહિ. જે માતા - પિતાદિ ધર્મની પ્રેરણા ન કરે તે બધા ય ભયરૂપ છે. 'સુદેવ - સુગુરુ - સુધર્મ વિના બીજું બધું ખોટું છે તેમ જાગ્યા વિના જૈનપણું પણ આવે નહિ' આમ કહેનાર ન હોય તે બધા સંબંધી પણ ભયરૂપ છે. તમારા ઉપર બહુ પ્રેમ રાખનારા મા-બાપ તમને સારું સારું ખવરાવે - પીવરાવે - મોજમઝાદિ કરાવે તો તે બધા પણ ભયરૂપ છે.

આ આખો સંસાર અસાર છે. દેવલોકમાં ઘણી બધી સારી સારી ચીજવસ્તુઓ સુખ આપનારી હોવા છતાં ય ત્યાના સંસારની કોઈ ચીજ વસ્તુ સારી નથી, દુઃખ આપનારી જ છે આવી શ્રધ્ધા ન હોય તો સમકિત પણ આવે નહિ. સમકિતની ત્રણ શુદ્ધિ કહી છે તે જાણો છો ? સમકિતીની મનશુદ્ધિમાં કહ્યું છે કે- ''શ્રી જિનને જિનમત વિના, સકલ જૂઠ એ બુદ્ધિ ન રે'' અર્થાત્ શ્રી જિનેશ્વરદેવ અને એના પરમતારક શાસન વિના બીજું બધું જૂઠું છે. આ વાત તમે માનો છો ? આ વાતની જેને પૂરેપૂરી શ્રદ્ધા હોય એ જીવ કદાચ બીજો વિશેષ ધર્મ ન પણ કરી શકે તો ય અહીંથી મરીને વૈમાનિક જ જાય. ચક્રવર્ત્તી જેવો ચક્રવર્ત્તી કરતાં સુધી ચક્રવર્ત્તિપણું ન છોડે તો મરીને નરકે જ જાય. વાસુદેવ - પ્રતિવાસુદેવ નિયમા નરકે જ જાય. આ બધા ખુલાસા શાસ્ત્રે કર્યા છે. તે જ સમજાવે છે કે - આ દુનિયાનું સુખ ભૂંડામાં ભૂંડું છે તે માન્યા વિના ચાલે જ નહિ.

સમકિતીની વચનશુદ્ધિમાં કહ્યું છે કે- 'જે શ્રી જિનભકિતથી નવિ થયું તે બીજાથી નવિ થાય રે.' આવી શ્રધ્ધા તમને શ્રદ્ધા છે ? આજે તો એવા જીવો પાકયા છે જે પોટા ધંધા કરે છે અને ધાર્યા પૈસા ન મળે એટલે ભગવાનને પણ વગોવે છે, આજે ધર્મમાં કાંઈ માલ નથી તેમ કહે છે. આવાને કેવા કહેવાય ?

આજે તો ટ્રસ્ટીઓ પણ વિલક્ષણ થયા છે. પોતાના મંદિરમાં પૈસા હોય અને પાસેનું મંદિર પડતું હોય તો ય પૈસા આપતા નથી. બહુ જુલમ થઈ ગયું છે ? શ્રી જૈન શાસનમાં આવું ચાલે તો ચલાવી શકાય જ નહિ. આપણા બધા જ ભગવાન સરખા છે ને ? તમે બધાં જ મંદિર તમારાં માનો કે જેનો વહિવટ કરો તે મંદિરને તમારું માનો ? આજના વહીવટદારોનો મોટો ભાગ પૈસાનો વહીવટ કરે છે, મંદિરનો નહિ. તેવો વહીવટ કરનારા દુર્ગતિમાં જ જવાના છે.

પ્ર.- દેરાસર બંધાવવા પૈસા કમાવાનો વિચાર કરી શકાય ?

ઉ.- જે ગામમાં મંદિરની ખરેખર જરૂર હોય, સુખી લોકો હોવા છતાં ય તે કરતા ન હોય. તેવે વખતે કોઈ વિચારે કે- મારી પાસે પૈસા તો હું મંદિર કરું આ કારણે હજી તેને છૂટ છે તેમ કહેવાય. બાકી ધર્મ માટે પૈસા કમાવવાની જરાપણ છૂટ નથી. તમને લોકોને તો છૂટ છે તેમ પણ ન કહેવાય કેમ કે તમે તો ઊંધુ જ લઈને જાવ તેમાંના છો.

તમને આખો સંસાર ભૂંડો લાગે છે ? સંસારના રસિયા મા - બાપ પણ ભયરૂપ લાગે છે ? ધર્મના પ્રેમી નહિ તેવા મા - બાપ ભયરૂપ જ છે. આખો સંસાર આશ્રવરૂપ છે માટે કર્મથી ભરી દેનારો છે. પ્રતિક્ષણ આત્મામાં કર્મો આવ્યા જ કરે છે. માટે જ ઘર - બાર, કુટુંબ - પરિવાર, પૈસા-ટકાદિ છોડવા જેવા છે. માતા-પિતા પણ ધર્મના વિરોધી હોય તો છોડી દેવા છે. માટે જ આ બધાથી સાવચેત રહેવા જેવું છે. જે સુખ માત્રને ભૂંડુ ન માને, ઘર - બારાદિને ભૂંડા ન માને, તે બધાથી સાવચેત રહે તે જ જીવ સાચી રીતે ધર્મ કરી શકે.

આ બધુ ભયરૂપ કોને લાગે ? જે જીવ મોક્ષનો જ અર્થી હોય તેને. તેને સંસારમાં રહેવું પડે પણ મનમાં મોક્ષે જ જવાની આકંઠ ઈચ્છા હોય. માટે આ સંસારથી છૂટી વહેલામાં વહેલા મોક્ષે જ જવું છે આવી મનોવૃત્તિ જેની ન હોય તેનામાં કોઈ કાળે સમકિત હોય નહિ. જે જીવ સમકિત પામ્યો એટલે સંસાર માટે નકામો ને ધર્મ માટે કામનો થયો. તે સંસારના કામમાં હોય નહિ ધર્મના જ કામમાં હાજર હોય. સંસારમાં રહેવાનું સમજાવનાર માતા - પિતાદિને ભયરૂપ માનવા શું કરવું તે હવે પછી-

ક્રમશઃ

આતમ પરિણતિ આદરો, પર પરિણતિ ટાળો

- પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શનવિ.

લેખાંક - ૩

અનંત ઉપકારી હિતૈષી પરમર્ષિઓએ આત્માના કલ્યાણ માટે આત્મિક ગુણ - દોષોની જે સાચી ઓળખ આપણને કરાવી છે જે દુનિયાભરમાં ક્યાંય જોવા પણ નહિ મળે કોઇ મનોચિકિત્સક પણ બિમારીના મૂળ સુધી નહિ પહોંચે. આજના ડીગ્રીદારી ડોકટરો બહુ બહુ તો શરીરને તપાસવામાં હોંશિયાર હશે પણ આત્માના સાચા ભાવરોગની નાડ પરખનારા તો અનંતજ્ઞાનિઓ અને એમની પરમ તારક આજ્ઞા મુજબ જીવનારા સદ્‌ગુરૂઓ છે. દુનિયામા પણ કહેવાય કે શરીરનો સાજો પણ મનનો માંદો કાયમનો રોગી છે અને શરીરનો માંયકાગલો પણ મનથી બહાદૂર માને કોઈ રોગ અસર કરી શકતા નથી. ભગવાનની આજ્ઞા પ્રમાણે આપણા શરીરના - મનના ભાવરોગને જાણી તેનાથી બચી આપણે આત્મકલ્યાણ સાધવું છે.

આજે બાહ્ય પ્રવૃત્તિ ધર્મ ઘણો દેખાય છે પણ હૈયાની પરિણતિ નિર્મલ નહિ હોવાથી તેનાથી જે આત્મિક લાભ થવો જોઇએ તે દેખાતો નથી. દુનિયામાં ''વાહવાહ' થઈ જાય છે પણ હૈયું તો હતું તેવું ને તેવું કોરું જ રહે છે. જ્ઞાનિઓ મન આત્મિક પરિણતિની નિર્મલતાની મહત્તા છે. તેના માટે બાહ્ય પ્રવૃત્તિ ધર્મ પણ આજ્ઞા મુજબ જરૂરી છે. જે પરિણતિને પેદા કરી, નિર્મલ કરી, ખીલવનારો છે. માટે જ મહાપુરૂષો કહે છે કે- હૈયાની પરિણતિને નિર્મલ કરો.

''લાગી ન તાલી આત્માની, ગ્રહ્યો નહિ સદ્‌ગુરુ સંગ;
તે ક્રિયા ફોગટ સહુ, ભાખે ભગવઈ અંગ.''

' ધર્મ આત્મ સાખે કરો, એનું મૂલ અમૂલ;
'ન રંજનીયા ધર્મનું, મળે ન કોડી મૂલ.''

આ જે બાહ્ય દેખાડાનો ધર્મ વધવાથી પરિણામ શુન્ય દેખાય છે તેના પરિણામે લોક તો જુએ તેવું કહે કે- આકાર માનવનો છે પણ આચાર તો પશુતાને પણ ટપાવે તેવો છે. ધર્મીકુલમા આવવાં છતાં, કુલાચાર પ્રમાણે ધર્મ કરવા છતાં ય માનવતાને પણ ભૂલી જાય તો લોક પશુને સારા કહે તેમાં નવાઈ નથી. આપણે માત્ર આપણી જાતને જોવી છે અને જાતને સુધારવી છે. આજે મોજશોખના સાધનો વધવાથી કદાચ દેશોનું અંતર ઘટયું હશે, દેશ - પરદેશના સમાચાર ક્ષણવારમાં દુનિયાભરમાં ફેલાઈ જતા હશે પણ આપણા અંતરમાં રાગ-દ્વેષાદિના કારણે જે ઉથલ - પાથલ થાય છે, જે ઉલ્કાપાત સર્જાય છે તેને જોનારા કેટલા ! ધર્મી પણ આત્મ નિરીક્ષણ ન કરે તો ધર્મ કઈ રીતના બતાવે !! જે ધર્મ આત્માની મુક્તિ ન થાય ત્યાં સુધી મુક્તિમાં જરૂરી બધી સામગ્રી આપે, તે ધર્મને પણ ન કરે, તેનામાં અને પશુમાં ભેદ શું ? એક કવિએ પણ કહ્યું છે કે-

''ધર્મ કરત સંસાર સુખ, ધર્મ કરત નિર્વાણ;
ધર્મ પંથ સાધન વિના, નર તિર્યંચ સમાન.''

આજે સંસારની સુખ સામગ્રી માટે ધર્મ કરનારો વર્ગ છે પણ આત્મિક ગુણને પામવા માટે કરનારો વર્ગ ઓછો છે. આત્મિક ગુણ સંપત્તિથી સમૃદ્ધ બનવા જ્ઞાનિઓએ આત્માના સાચા સ્વરૂપનું જે દિગ્દર્શન કરાવ્યું છે તેનો થોડો વિચાર કરવો છે. જેનાથી પરપરિણતિથી બચાશે અને આત્માની પરિણતિ પેદા થશે. અનાદિકાળથી આત્મા સંસારમાં કેમ ભટકયો અને હવે ભવભ્રમણથી બચવા શું કરવું તેનો પણ ખ્યાલ આવશે. શરીરનો તાવ બતાવનાર થર્મોમીટર છે, હવામાનનો વર્તારો કરનારા સાધનો છે પણ આત્માની હાલત વિચારવા, દુનિયાની દ્રષ્ટિ કામ નહિ આવે, અનંતજ્ઞાનિઓની દ્રષ્ટિથી વિચારીશું તો કામ થશે. દુનિયાના ચશ્મા ઉતારી અનંતજ્ઞાનિની નજરે નીહાળશું તો આપણી જાત આપણને ઓળખશે.

(૧) 'કો યોગઃ ? ચેતસો રોધઃ'

યોગ શું છે ? ચિત્તને રોકવું તે. રાગાદિથી સંક્લિષ્ટ અને મલીન એવી વૃત્તિઓને સમજાવીને રોકવી તેનું નામ જ યોગ છે. પુણ્યયોગે પ્રાપ્ત મન - વચન - કાયાના યોગોની સફળતા અશુભ - અકુશલ પ્રવૃત્તિથી બચી, શુભ અને કુશળ પ્રવૃત્તિમાં જ્ઞાનીની આજ્ઞા મુજબ ઉપયોગ કરવો તેમાં છે.

રાગાદિના કારણે મારા - તારાની, ઈષ્ટ - અનિષ્ટની, સુંદર - બેડોલની, વહાલા - દવલા અને અળખામણાની, પ્રિય - અપ્રિયની, મનોહર - અમનોહરની, સારા - નરસાની કલ્પના કરી કરીને આપણે આજ સુધી શું શું કર્યું છે, તેનું વર્ણન પણ શકય નથી. આત્મા શરીર, સ્વજનની ચુંગાલમાં એવો ફસાયો છે કે

પોતાના માનેલાને રાજી કરવા અને પરાયા માનેલાનું બગાડવા શું શું નથી કરતો તે સવાલ છે. માટે જ્ઞાનિઓ આપણને રેડ સિગ્નલ બતાવે છે કે પુણ્યયોગે પ્રાપ્ત સામગ્રીનો જો સદુપયોગ નહિ કરે, મારા - તારાના વાસના - વિષયના વનમાં અટવાઈ જઈશ તો તારી હાલત એવી દયામણી બનશે કે તને કોઈ જ બચાવી નહિ શકે તારે તારી જાતને બચાવવી હોય તો મનની મલીન વૃત્તિઓને રોકવા પ્રયત્નશીલ બન. માટે જ પૂ. શ્રી આનંદઘનજી મહારાજાએ પણ શ્રી કન્થુનાથ સ્વામિ ભગવાન આગળ ગાયુ કે- ''મન સાધ્યું તેણે સઘળું સાધ્યું'' મન એ આપણું પોતાનું છે, પારકું નથી. દુનિયા પણ કહે કે, પૈસા - ટકાદિની ગરીબાઈ કરતાં મનની ગરીબાઈ વધારે ખરાબ છે. મનનો ગુલામ જગતનો ગુલામ બને છે, મનનો માલિક જગતનો માલિક બને છે. માટે તું આ બધી મોહ - માયાની જાળને ભેદી નાખ તો મોક્ષની મંગલ વરમાળા તને વરશે. પરિસ્થિતિને પલટવા કરતાં આપણા મનને પલટવું લાભદાયી છે. માટે મનને જીતવા પ્રયત્ન કર તે જ સાચો યોગ છે.

(૨) કસ્ત્યાગો ? ગુણલીનતા'

ત્યાગ શું ? ગુણલીનતા.

માન - પાન - સન્માન - નામાનાદિ માટે ઘર - બાર કુટુંબ-પરિવાર, પૈસા - ટકાદિનો ત્યાગ કરનારા મળશે. સુખભોગ માટે પણ કુટુંબ - પરિવારને ત્યાગનારા મળશે. પણ પરમૈષિઓ તો નવી જ વાત કરે છે. જ્યાં સુધી સદ્‌ગુણ કે સદ્‌ગુણી પ્રત્યે હૈયાથી સાચો પ્રેમ ન જાગે ત્યાં સુધી વાસ્તવમાં ત્યાગ કયાંથી આવે ! ગુણનો પ્રેમ - અનુરાગ એ જ સાચો ત્યાગ છે. સદ્‌ગુણીના સમર્પણ ભાવથી શરણની પિપાસા એ જ સાચો ત્યાગ છે. આજે તો સ્વયંગુણવાન હોય તે તો વિરલ છે પણ ગુણનો અનુરાગ હોય તે પણ વિરલ છે. ગુણલીનતા એટલે અવિહડ ગુણાનુરાગ. આત્મિક ગુણોની સમૃદ્ધિ જોતાં જ મસ્તક ઝૂકી પડે અને હૈયું નાચી ઊઠે ! ગુણાનુંરાગીજ સાચો ત્યાગી બની શકે છે. દુનિયામાં આપણા સૌનો અનુભવ છે કે જે જે વસ્તુ કે વ્યકિત પ્રત્યે હૈયાથી સાચો રાગ હોય છે તેના માટે શું શું કરવાનું મન થાય છે. રાગ વિના લીનતા આવે નહિ અને લીનતા વિના એકાગ્રતા - તન્મયતા - એકાત્મતા આવે નહિ. ગુણાનુરાગીને સર્વત્ર ગુણ જ દેખાય છે, તેને કોઈનામાં દોષ દેખાતા નથી. જેમ શ્રીકૃષ્ણ મહારાજાએ ગંધાતી દુર્ગંધવાળી કુતરીમાં પણ દાડમની કલી જેવા સુંદર દાંત જોયા અને શ્રી યુધિષ્ઠિરને પણ બધામાં ગુણ જ દેખાતા હતા. દુનિયા પણ કહે કે 'દ્રષ્ટિ તેવી સૃષ્ટિ' ગુણલીનતાનો પરમાર્થ જ આ છે કે સંપૂર્ણ દોષ ત્યાગ. માટે જ અનુભવીઓની આર્ષવાણી જે કહે છે કે- ત્યાગ શું ? તો ગુણલીનતા. આપણી પણ આવી દ્રષ્ટિ આવી જશે તો આપણો પણ બેડો પાર થશે.

(૩) 'કો બન્ધઃ ? સ્વજન સ્નેહઃ'

બંધ શું ? સ્વજનનો જે સ્નેહ છે તે.

'બંધ' શબ્દ સાંભળતાં મોં બગડે છે - ગ્લાન થાય છે અને 'સ્નેહ' શબ્દ સાંભળતા જ મોં મલકે છે, હૈયાથી હસુ હસુ થાય છે. બંધન કોઈને પસંદ નથી, બંધ શબ્દ એ દુઃખદાયી લાગે છે જ્યારે સ્નેહ શબ્દ સર્વને ગમે છે, સ્નેહ શબ્દ બોલતાં પણ મોંમાં પાણી આવે છે, મધુર મોજ યાદ આવે છે. બંધ ગમતો ન હોવા છતાં પણ પ્રવૃત્તિ એવી ચાલુ છે કે વધુને વધુ બંધ થયા કરે. જ્ઞાનિઓ આપણને સાચી દ્રષ્ટિ આપે છે. દુનિયાને જોવાને માટે આપણી પાસે દ્રષ્ટિ છે. પણ આત્માને જોવાની દ્રષ્ટિ છે ખરી ? બીજાના દોષોને જોવા મોટ આપણી 'બાજ નજર' છે અને આત્માના દોષોને માટે ! બીજાના દોષો જાણવા આપણા બંધાય છે, બગડે છે અને પોતાની જાતના દોષો જાણવા આત્મા સુધરે છે.

જેલનો કેદી જેલમાં હોવા છતાં ય બે ટાઈમ ભોજન મળે તો પણ આનંદ માને છે અને મહેલનો પ્રેમી પોતાના પ્રિયજનની યાદમાં આંસુની સરિતા વહાવે છે. પોતાની અતીવ ઈષ્ટ પ્રિયજનની યાદ માનવને પણ નિરાધાર રીતે આંસુ પડાવે છે. આનું કારણ આપણે વિચાર્યું છે ખરૂ ? આપણે તો તેને લાગણી, આત્મીયતા, પોતાપણાથી મૂલવીએ છીએ. પ્રિયજનની યાદ રડાવે નહિ તો સાચો પ્રેમ શેનો - એમ મનાવે. પણ જ્ઞાનિઓનું નિદાન જાદું છે. સ્વજનનો સ્નેહ જ આવા અનરાધાર આંસુ વહાવે છે. સ્નેહના તાંતણા એવા મુલાયમ છે અને હૃદયની ચારે બાજુ એવા ગુંથાયેલા છે કે જે આત્માને બંધ કરાવે છે. શ્રી આર્દ્રકુમારને યાદ કરો. સ્નેહભીનું હૃદય વિરહની વેદના - વ્યથામાં રોવાનું, સંતાપનો અગ્નિ સળગ્યા કરવાનો. ભલે કવિઓ અમર પ્રેમની ગૌરવ ગાથાઓ ગાયા કરે પણ આત્મા બંધનમાં બંધાય છે તેનો આપણને ખ્યાલ જ નથી આવતો આ સ્નેહની ગાંઠના મૂલાયમ તાંતણા અસાધ્ય રોગ કરતાં પણ વધારે પીડાદાયી છે છતાં પણ મોહમગ્ન આપણને તે પીડા પણ પ્યારી લાગે છે. માટે જ જ્ઞાનિઓએ સ્નેહરાગનો પણ ત્યાગ કરવાનો કહ્યો. સ્નેહરાગમાંથી જ કામરાગ જન્મે છે તેમાંથી આધિ - વ્યાધિ - ઉપાધિરૂપ સંસારનું સર્જન થાય છે.

પિંજરામાં પૂરાયેલ પક્ષી પણ મુક્ત થતાં મુક્તિનો જે આનંદ અનુભવે છે તે સૌના અનુભવમાં છે. બંધનમાં બંધાયેલા મુક્ત બને તો કેલો આનંદિત બને છે. તેમ મોહમૂઢ પ્રાણી સ્નેહના તંતુઓને બાંધવામાં આનંદ માને છે. પણ જો સ્નેહના બંધનનું અંતિમ પરિણામ વિચારે તો ય કાંઈક ચેતના જરૂર જાગે. શ્રી કૃષ્ણ વાસુદેવનું શબ લઈ બળભદ્રજી કેમ ભટકતા હતા ! મન - વચન - કાયાથી પવિત્ર મહાસતી અંજના પણ બાવીશ - બાવીશ વર્ષ સુધી અનરાધાર આંસુઓની ધારા કેમ વહાવતી હતી ! આ અવસર્પિણી કાળના પ્રથમ સિદ્ધ શ્રી મરૂદેવા માતાના નયનોને પણ હજાર હજાર વર્ષ સુધી કોને ભીંજાવ્યા ? જ્ઞાનિઓ પોકારી પોકારીને કહે છે કે, માતા - પિતા, પુત્ર - પુત્રી, ભાઈ - ભગિની, પતિ-પત્ની, સ્નેહી - સંબંધી - સ્વજન આદિ બધા જ આત્માના મોટા મોટા બંધનો છે. તેમના સ્નેહના બંધનો કાપીશ તો જ તું સુખી થઈશ. સ્નેહના તાંતણાની ગાંઠ એવી છે કે જે ઉકલી શકાય તેવી જ નથી, તેને તો મૂળમાંથી જ કાપવા જેવી છે. જો તારે દુઃખના દાવાગ્નિથી બચવું હોય અને સાચા સમાધિ સુખ - શાંતિના પારણે ઝૂલવું હોય તો આ સ્નેહની ગાંઠ ઉપર કાતર ફેરવવા માંડ. બાકી સ્નેહની ગાંઠ જેટલી મજબૂત તેટલું વધુ દુઃખ સ્નેહની ગાંઠના મૂળને કાપવાનો પ્રયત્ન તેટલું સાચું સુખ !

(૧૭) 'का मुक्तिः ? रागवर्जन मू'

મુક્તિ શું છે ? રાગનો ત્યાગ.

બધા જ મુક્તિને ઈચ્છે છે પણ સ્વેચ્છાચાર, સ્વચ્છંતા તે મુક્તિ છે ? ના. જેને જે ગમે, મરજી આવે તે કરે તે મુક્તિ છે ? ના, તો મુક્તિ શું ? જડ કે ચેતન પરના રાગના ત્યાગ તે જ મુક્તિ છે. કર્મોથી પરતંત્ર બનેલા આત્માને સર્વથા કર્મોથી રહિત બનાવવો તે જ સાચી સ્વતંત્રતા, સમાનતા અને સ્વાધીનતા છે. મુક્તાચારના નામે સ્વતંત્રતા, સમાનતા અને સ્વાધીનતાના પરિણામો દુનિયાએ જોયા છે. મુક્ત સહવાસની બદીએ જે રીતના સુંદર સંસ્કારોનો ખાત્મો બોલાવ્યો છે તેનાથી કોણ અજાણ છે ? જેને સ્વ - પોતાના આત્માનું સાચું જ્ઞાન થાય, પોતાની આત્મશક્તિઓનું ભાન થાય તેમ પર - કર્મનું પણ સાચું જ્ઞાન થાય, પરશક્તિ - કર્મની અચિંત્ય શક્તિનું પણ ભાન થાય તે આત્મા રાગનો ત્યાગ સાચો કરી શકે. બાકી સ્વને ભૂલી, પરને જ પોતાનો માનવાની વૃત્તિ એ તો સઘળાં ય દુઃખોને આમંત્રણ પત્રિકા છે.

આજે સ્વને ભૂલી જવાયો છે. ભૂલાવી દેવાયો છે અને પર-જડનું જ્ઞાન ફૂલ્યું ફાલ્યું છે. આજના નીત નીત નવા નવા ભૌતિક આવિષ્કારોએ બધાને આંજી નાખ્યા છે તેથી આત્માની અચિંત્ય શક્તિ - સામર્થ્યને નકામું - વામણું સિદ્ધ કરવાના નિરર્થક પ્રયત્નો ચાલુ છે. કુદરત સાથે ચેડાં કરવાના પ્રયત્નોના પરિણામ નુકશાન નજરે દેખાતા છતાં હજી તેનાથી મુક્ત થતા નથી. પ્રત્યેક ક્ષેત્રોમાં યંત્રોને કાર્યરત કરવા છતાં ય હજી મનની અમાપ શક્તિને પહોંચી વળી શકયા નથી. બહારની શોધખોળમાં પોતાના આત્માને જ ભૂલી જવાયો છે. બાહ્ય પદાર્થોના રાગે અંદરના તત્ત્વને ભૂલાવી દીધું કે- 'હું કોણ છું ! કયાંથી આવ્યો છું ! કયાં જવાનું છે ! મારું કર્ત્તવ્ય સ્વરૂપ શું છે. ?' શરીરના રોગો માટે અનેક યંત્રો શોધાવા છતાં પણ આત્માના રોગોનું કોઈ યંત્ર શોધી શકયા નથી. શરીરનો રાગ જો આવું સામર્થ્ય ધરાવે છે તો આત્માને સાચો રાગ કેવું સામર્થ્ય પેદા કરાવે ? જડ પદાર્થોમાં રહેલી શક્તિના પ્રવાહો અવનવું સર્જન કરે છે તો સ્વતંત્ર એવા આત્માની સાચી શક્તિનો પ્રવાહ શું કેવું અદ્‌ભૂત સર્જન કરે તે વાતની વાસ્તવિકતા પણ વિચારાતી નથી.

રાગાદિ કર્મમલથી રહિત એવા આત્માનું સ્ફટિક રત્ન જેવું નિર્મલવિશુદ્ધ સ્વરૂપ એ જ સાચી મુક્તિ છે. દરેક વસ્તુ પોતાના સ્વરૂપમાં જ શોભે - સુંદર લાગે. સોનામણી લાગે તેમ રાગાદિ વિકારોથી રહિત એવો આત્મા જ સ્વસ્વરૂપમાં શોભે. પરના કર્મના આવરણમાં ફસાયેલી આત્મશક્તિને ખીલવવા જરૂર છે પરભાવના પરાભવની. પરભાવની શક્તિ તો આત્માની આગળ ગુચ્છ - રાંકડી છે. પણ રાગ-મોહ-મમત્ત્વ-મમતા-મારાપણાના કારણે તે તુચ્છ શક્તિ પણ અચિંત્ય બની જાય છે. જગતના પદાર્થો પરથી મારાપણાની બુદ્ધિનો ત્યાગ, તેવો પ્રયત્ન તેનું નામ જ મુક્તિ છે. બોલવું સહેલું છે પણ આચરવું અતિ કઠિનમાં કઠીન છે. રાગ-પ્રેમ-મોહ-માયા-મમતા-મમત્ત્વ-મારાપણું. દ્વેષ - ક્રોધ - માન - અજ્ઞાન - ઈર્ષ્યા - મત્સર-અસૂયા આદિ અનેકાનેક રૂપે તે રાગાદિ જડ સમા પ્રગટ થાય છે અને આત્માને સ્વનું ભાન ભૂલાવે પોતાની એક ચક્રી સત્તા જમાવે છે.

જેમ એક સિંહનું બચ્ચું, બકરીના ટોળામાં મોટું થયું અને પોતાને ભૂલી બકરી જેવું બની ગયું પણ એકવાર એક સિંહની ત્રાડ સાંભળતા તેને પણ પોતાની શક્તિનું ભાન થયું અને તે ટોળાનો ત્યાગ કરી જંગલનો રાજા બની ગયું. તેમ જે આત્મા સ્વશક્તિની ત્રાડ પાડે તો જડશક્તિના તો ચૂરે ચૂરા થઈ જાય અને રાગનું વર્જન થતાં તો સ્વની સંપૂર્ણ શક્તિ ખીલી ઊઠે અને આત્મા સાચી મુક્તિને પામી શકે. રાગાદિ જડશક્તિનું સીંચન નહિ પણ મૂળમાંથી સંહાર એ જ આત્માની મુક્તિ છે. આવી દશાને પામીએ એ જ ભાવના.

(ક્રમશઃ)

भगवान महावीर के २५०० वे निर्माण महोत्सव पर प्रकाशित

दिशाबोध स्मारिका की कुछ समीक्षा

(वैसा कही महावीर जन्म कल्याणक शताब्दिमें होने वाला है। अज्ञानी क्या करे ?)

दिशाबोध स्मारिका

प्रकाशक : भगवान महावीर का २५०० निर्वाण महोत्सव श्री जैन सांस्कृतिक संघ, रुड़की विश्वविद्यालय रुड़की. के १०३-१०५ पेज पर लिखा है कि :-

कुछ शास्त्रों में नारी का घोर अपमान किया गया है। कहा गया है कि :-

वज्राज्वलनलेखेव, भोगिदंष्ट्रेव केवलम्।

वनितेयं मनुष्याणां, संतापभपदयिनी॥ ज्ञानाभव पृष्ठ - १४२ श्लोक - ३११

अर्थात् - यह स्त्री मनुष्यों को वज्राग्नि की ज्वाला के समान और सांप की डाढ के समान भय और संताप देने वाली है।

आगे कहा गया है -

अप्युक्तुङ्ग पतिष्यन्ति, नरा नार्यङ्ग सङ्ग ताः।

यथा वामिति लोकस्य, स्तनाभ्यां, प्रकटीकृतम् (२२)

अर्थात्- स्त्रियों के दोनों स्तन प्रकट करते है कि स्त्री के अंगसंग से जिस प्रकार हमारा पतन हुआ है इसी प्रकार जगत के बड़े-बड़े पुरुष स्त्री के अंग संग से नीचे गिरेंगें।

अर्थात्-स्त्री को घोर नरक बताया है। स्त्री पुरुष के मैथुन को तो घोरहिंसा का कार्य बताया है। स्त्रियों के अंग को अपवित्र बताया है।

कुष्टव्रणमिवाजस्रं वाति स्वतिपतिकाम।

यत्स्त्रीणां जघनद्वारं, रतये तद्धि रात्रिणाम् (१४)

अर्थात् स्त्रियों का जघन द्वार जो कुष्ठ के घाव के समान निरंतर झरता है तथा दुर्गन्ध से बासता है वह भी रात्री पुरुषों की रति (प्रीति) के लिए है।

आगे कहते हैं-

वक्तुमपि लज्जनीये, दुर्गन्धे मूत्रशोणितद्वारे।

जघनबिले वनितान रमते बालो न तत्वज्ञः (१६)

अर्थात् स्त्रियों के योनिछिद्र का नाम लेते ही लज्जा आती है, फिर दुर्गन्धमय और मूत्र और रुधिर के झरने का द्वार है। यानि स्त्री के शरीर को कितना नरक बताया गया है, जबकि इन्हीं अंगों से शास्त्रकार का भी जन्म अवश्य हुआ होगा।

जब आचार्य कहते हैं-

मैथुनाचरणे मूढ म्रियन्ते जन्तुकोटयः।

योनिस्ध्रसमुत्पन्नाः लिंग संघ प्रपीडिताः॥ (२९)

अर्थात्- हे मूढ योनिरंध्र में असंख्य जीवों की कोटि की उत्पत्ति होती है। मैथुनाचरण से वे सब जीव घाते जाते हैं। उनकी हिंसा से ही दुर्गति में दुःख सहने पड़ते हैं।

शास्त्रकार ने कितनी अज्ञानता का परिचय देया है। अपने माता पिता को बेचारे ने घोर पाप का भागी सिद्ध किया है। इसका अर्थ यह हुआ कि आज जो गृहस्थ है वह आने वाले लाखों वर्षो तक भी दुःख से मुक्त नहीं हो सकता, क्योकि एक बार के मैथुन से ही वह करोड़ों जीवों की हत्या कर रहा है। इसके अतिरिक्त नारी की योनि का भी बहुत ही घृणित और मूर्खतापूर्ण वर्णन किया गया है। ऐसे ग्रन्थ आज जैन मन्दिर में विद्यमान हैं।

स्त्री जो पुरुष की पूरक है। अनन्त आत्माये जो मुक्त होने वाली है, या अभी भटकने वाली है नारी के ही गर्भ को अपना माध्यम चुनती है। तीर्थंकर भी बिना माता-पिता के सम्भोग के पैदा नहीं हो सकते और तीर्थंकर के माता-पिता भी उतने ही पूज्य होते हैं जितने की तीर्थंकर स्वयं। स्त्री पुरुष का मिलन एक धार्मिक कृत्य है न कि घोर हिंसा का कार्य। स्त्री पुरुष से भी अधिक पवित्र और पूजनीय होती है। इस प्रकार की शास्त्रों की बातें किसी भी समझदार और सभ्य समाज को स्वीकृत नहीं हो सकती।

पाठक इसे शास्त्र निन्दा न समझें। मन्दिर में रखी रहने वाली हर पुस्तक शास्त्र नहीं होती। शास्त्र तो वह होता है जो मनुष्य को बुद्धि के अनुसार कार्य करने की प्रेरणा दे।

हर्षवर्धन जैन बी.ई.-तृतीय वर्ष

.....

नारी नर की जन्मदात्री है। संस्कारी समाज पर धार्मिक लोक पर, चरित्र सम्पन्न जातियों पर नारी का अपार ऋण है। नारी के इस

असीम गुणों क सर्वग्राही परिचय शब्दों में दे सकना तो कठिन ही है। जहाँ नारी व नरक मार्ग की निःश्रेणी, पापों की खान, अपवित्र और विषय वल्ली, मोहलता, इत्यादि कहकर कोसा गया है वहीं इस स्पष्टीकरण की आवश्यकता है कि ये सब विशेषण मनुष्य की स्वभाविक दुर्बलता और आत्म पराजय के ही मुखरघोष है। जिस पुरुष वर्ग शास्त्र कार ने नारी के प्रति कठोर शब्दावली का प्रयोग किया है, वह पुरुष वर्ग दोषयुक्त है।

मुनि विद्यानन्द

समीक्षा :-

''स्त्री पुरुष का यह मिलन धार्मिक कृत्य हैं'' ऐसा कहने वाले हर्षवर्धन मुनि मूर्ख नहीं है क्या ? और अपने आगे 'जैन' लिखता है। जैन यानी जिनेश्वर देव की आज्ञा को पाले, वह जैन। जैन शब्द के साथ भी व्यभिचार कर रहा है। इसने जैन से इस्तिफा जाहिर किया होता तो ईमानदार तो कहते। क्या हर्षवर्धन बेईमान नहीं है ? मैथुन को श्री जिनेश्वर ने पाप बताया है और ब्रह्मचर्य को धर्म बताया है। क्या जिनेश्वर देव आत्म-पराजित थे क्या ? मुनि विद्यानंदजी भी सोचे। कामशास्त्र के रचयिता वात्स्यायन लिखते हैं कि -

रक्तजाः कृमयः सूक्ष्माः मृदुमध्याधिशक्तयः।
जन्मवर्त्मसु कण्डूतिं, जायन्ति तथा विधाम् (७)

अर्थात् रक्त के उत्पन्न हुए सूक्ष्म कृमि, कि जो मृदुशक्ति वाले हैं वे जन्म मार्ग रुप योनियों में मृदु खुजली पैदा करते हैं, जो मध्य शक्ति वाले हैं। वे मध्य खुजली उत्पन्न करते हैं और जो अधिक शक्ति वाले हैं वे अधिक खुजली पैदा करते हैं।

श्री जैन शासन की स्थापना सर्वज्ञ करते हैं। श्री जिनेश्वर देव भी केवल ज्ञान के पूर्व तीर्थ की स्थापना करते नहीं हैं। यानी राग, द्वेष और अज्ञान ये तीनों ही नष्ट होने से परम आप्तता को पाये हुए श्री जिनेश्वर देवों के वचन की प्रमाणिकता स्वतः, सिद्ध ही होती है। इसमें असत्य की संभावना भी उन्हीं को होती है कि, जो मिथ्यात्व से घिरे हुए हों। इस स्थान पर कामशास्त्र का प्रमाण दिया गया है, इसका अर्थ यह नहीं है कि- योनि में जन्तु की विद्यमानता होने की बात यह वात्स्यायन के संवाद के अधीन है। परन्तु वात्स्यायन का वचन यहाँ इसीलिए दिया गया है कि - जिस को जिज्ञासु समझ सकेंगे कि- जो काम को ही प्रधान मानते हैं, वे भी योनियों में जीवों की विद्यमानता है, ऐसी बात का अपलाप नहीं करते।

मैथुन में अतिहिंसा का अभाव तो स्पष्ट है। अनन्त उपकारी फरमाते हैं कि- योनिरुप यन्त्र में अतिशय सूक्ष्म ऐसे जन्तु का समूह उत्पन्न होता है और उत्पन्न हुए ये जीव संभोगावस्था में पुरुषचिन्ह से पीड़ित हुए, रुई से भरी नली में जैसे तपाये हुए लोहे के प्रवेश से जैसे रुई जल जाती है वैसे, वे जीव मर जाते हैं इस तरह अनेक जीवोंके नाशक मैथुन में अहिंसाधर्म का रक्षण शक्य ही कैसे हो ?

कीचड में पैदा होने वाला कमल सिर पर चढ़ाया जाता है वैसे जैन कर्म रुपी कीचड से पैदा होता है और कर्मरुपी कीचड से दूर रहकर साधु बनता है। कीचड में कमल को रखा जाए तो कमल की क्या हालत होगी ? व्यभिचार से (पति से सिवाय अन्य के संभोग से) पैदा होने वाला पुत्र कोई दोषी नहीं है। यह बेचारे हर्षवर्धन को ज्ञान कहा से हो ?

प्रश्न - सभी ब्रह्मचारी बन जायेंगे तो संसार कैसे चलेगा ?

उत्तर- यह प्रश्न ही मूर्खो का है। साधु चोरी नहीं करने का उपदेश देते हैं। कोई पुलिस साधु पर कोर्ट में केस करे कि ये साधु चोरी नहीं करने का उपदेश देकर हमारे पेट पर पाटू लगा रहे हैं। सब चोरी बन्द कर देंगे तो हमारा पेट कैसे भरेगा ? इस प्रकार केस करे तो न्यायाधीश को कहना पड़ेगा कि चोर जिन्दे हैं इसलिए आपकी (पुलिस) की जरुरत है परन्तु पुलिस की आजीविका के लिए चोरों को जिन्दा नहीं रख सकते।

''जिस पुरुष वर्ग शास्त्रकार ने नारी के प्रति कठोर शब्दावली का प्रयोग किया है, वह पुरुष वर्ग दोषयुक्त है।'' अपनी तुच्छता का आरोप शास्त्रकार पर मत रखो। शास्त्रकारों ने वस्तुस्थिति ही बताई है, किसी का भी पक्षपात नहीं किया। पुरुष को उद्विष्ट करके कहा इसलिए। नारी के लिए पुरुष भी जहर है।

स्त्री के समान अधिकार की बातें करने वाले ''स्त्री भोग्य है, पुरुष भोग्य नहीं परन्तु भोक्ता है, स्त्री पाल्य है और पुरुष पालक है यानी कि रक्षक है ऐसा क्यों मानते हैं।'' स्त्री को कमाने का कार्य सौपकर, स्वयं घर बैठने का क्यों नहीं स्वीकारते ? स्त्री अपने यहाँ आती है, उसके बदले स्वयं घर क्यों नहीं जाते ? पुरुष ससुराल यानी (स्त्री के घर) जाता है तो मान पान से गद्दी पर बैठता है और स्त्री आती है तब से ससुराल के घर का कार्य करती है, उसका क्या कारण है; स्त्री ही चूल्हे के पास बैठती है और पुरुष नहीं उसका कारण :- आत्मा एक फिर भी यह पक्षपात क्यों ? इसका जवाब बेचारे हर्षवर्धन के पास है क्या ? इसका कारण यह है कि ज्ञानी ने विलक्षणता देखी है, इसीलिए पुरुष की प्रधानता कही है। अपने शास्त्रकार श्रीजिनेश्वर देव को माने हैं, कोई रागी को नहीं माने, परन्तु वीतराग को माने हैं। वीतराग का आकार होता है परन्तु स्त्री या पुरुष दोनों में से एक भी वेद नहीं होता। स्त्री अच्छी या पुरुष अच्छे ऐसा

कुछ हो नहीं, फिर भी प्रधानता पुरुष की ही रहेगी। यदि स्त्री की प्रधानता हुई तो उपाधि का पार भी नहीं रहेगा। लज्जा और मर्यादा पुरुष में या स्त्री में ? स्त्री यदि पुरुष जैसी अमर्यादित बनेगी, तो घर-घर बदनाम होंगे। नाटक देखने पुरुष अकेले जाता है, परन्तु स्त्री अकेली नहीं जाती, पुरुष ले जाय तो जाती है।

प्रश्न : अब तो अकेली भी जाती है ?

उत्तर : जाती है तो उसके पति को पूछ लो कि - यह हृदय से दुःखी है या नहीं ? यह सब पक्षपात कहने वालों को पूछो तो सही। जितनी स्त्री इस तरह स्वच्छन्दी बनी, तो भी क्या स्त्री ने दुकान लगाई या पुरुष ने लगाई ?

यह सब बातें भयंकर हैं, ज्यादा बोलना अच्छा नहीं, इशारे में समझो तो ठीक, नहीं तो मूर्ख में गिने जाओगे, संसारी को तो यह अनुभव है न ? परन्तु संसारियों को यह समझाना पड़ता है इसका कारण ? विषयवासना बढ़ रही है। आपकी तरह स्त्री भी जहाँ तहाँ आंख फेंकती बन जाये तो सुख से पुरुष खा भी नहीं सकेगा। एक पुरुष हजारों स्त्री को पाल सकता है एक राजा महाराजा हजारों राणी को बराबर संभाल सकता है परन्तु एक स्त्री दो पति को नहीं संभाल सकती। स्त्री के और पुरुष के स्वभाव में ही अन्तर (फर्क) है। पुरुष की क्रूरता भयंकर है यह बात सही, परन्तु स्त्री क्रूर न हो तब तक देवी और यदि क्रूर हुई तो बाद में महाभयंकर है। बाद में क्या करेगी वह नहीं कह सकते।

स्त्री नाम की जाति नहीं होती तो सब पुरुष मोक्ष में चले गये होते। पुरुष के पुरुषत्व का नाश करने वाली स्त्री है। स्त्री गुफा बिना की वाघण है, स्त्री भूमि बिना की विषलता है। स्त्री नाम बिना की व्याधि है, स्त्री बिना कारण की मौत है। दुनिया के उपद्रव है यह इसी का ही प्रभाव है। सब पाप की जड़ स्त्री संग्रह है। स्त्री संग्रह करने पर ही पैसे की जरुरत पड़ती है। उसके लिए कई पाप करते हैं। महर्षियों को धर्म से गिराया तो स्त्रियों ने ही न ? चाहे जैसों का स्खलित करने का अंतिम साधन यह।

स्त्री भोग्य है, भोग्य पदार्थ की अधिकता होती है। राज्य का मालिक एक ही होता है, राज्य हजारों गांव का, परन्तु उन भोग्य का राजा भोक्ता तो एक ही। भोक्ता एक होता है, भोग्य अनेक होते हैं। थोड़ी सी बुद्धि का उपयोग नहीं करो तो समझेंगे कैसे ?

भोग्य में जो माना जाता है वह ही मान सकते हैं। लक्ष्मी हो तो लक्ष्मीवान्, परन्तु मालिक लक्ष्मी को क्यों नहीं कही ?

दरिद्री को दो लाख मिले तो भी वह लाख को मेरे कहता है, परन्तु उसका स्वयं ऐसा नहीं कहता। इस गहनता को आज के पढ़े लिखे कहे जाने वालों की भी बुद्धि नहीं पहुँच सकती इसलिए शास्त्रकारों पर अपनी तुच्छता का आरोप किया जाता है। शास्त्रकार को समझ न सको तो अपनी बुद्धि की मन्दता समझो परन्तु शास्त्रकारों को पक्षपात करने वाले मत कहो। मार्गानुसारी भी शास्त्रकारों को झूठा नहीं कहता वह कहता है **''शास्त्रं गहनं मतिरत्तपा'** शास्त्र गहन है। मति अल्प है। कानून शास्त्रीयों के कानून बनाने में भूल हो सकती है क्योंकि ये अधूरे ज्ञानी हैं परन्तु सर्वज्ञ परमात्मा के बनाये कानून शास्त्रों में भूल नहीं हो सकती। फिर भी पक्षपात है ऐसा कहने वालों को शर्म आनी चाहिए। फिर भी शर्म नहीं आती उसमें कर्म की कठिनता यह कारण है।

स्त्री तो मोक्ष के द्वार बन्द करने में अर्गला जैसी है, काम की आसक्ति को पैदा करने वाली है, बन्धुओं के स्नेहरुप वृक्ष को जला देने के लिए दावानल समान है। कलह की कलिवृक्ष जैसी है, दुर्गति के द्वार खोलने की चाबी है और धर्मरुप धन की चोरी करने वाली चोट्टी है और अनके प्रकार की विपत्तियों को करने वाली है। वैसी स्त्री पुरुष का मिलन भी धर्म हैं। ऐसा कहना तो वास्तव में अग्नि में घी की आहुति के समान हैं। वास्तव में विषय-वासना बढ़ गई है। यह कारण है 'स्त्री पुरुष का मिलन भी धर्म है' -यह कथन भी वास्तव में मुग्धों को ही पागल बनाने वाला है।

प्रकाशक - शासनरक्षक संघ, तपावास
जालोर (राजस्थान)

रंगतरंग

ગેંડાલાલે લાલઘૂમ થતાં કહ્યું, 'જોયો ગારા એ હરામખોર પાડોશીને, સાલ્લો મને કહે છે મૂરખ બુઢ્ઢો !'

'પાગલ છે સાલ્લો !' ગરબડલાલે દિલાસો આપતાં કહ્યું, 'એ જાણતો નથી કે તું હજુ તો માંડ બોંતેર વરસનો થયો છે !' ***

એક નેતાજી પાગલખાનામાં ગયા. એમણે પૂછ્યું, 'તમને ખબર કેવી રીતે પડે છે કે પાગલ સારો થઇ ગયો.'

ત્યારે જવાબ મળ્યો : "એના માટે પાણીનો નળ અને એની નીચે રાખેલા ટબનો ઉપયોગ કરવામાં આવે છે.'

'કઇ રીતે ?' 'પાગલને અહીં લાવવામાં આવે છે, અને એને એવું કહેવામાં આવે છે કે આ ટબ ખાલી કરવાનું છે. જે પાગલ સારો થઇ ગયો હોય છે એ પહેલા નળને બંધ કરી દે છે !'

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિમંદિર

રામનગર-સાબરમતી



હે યે પાવન ભૂમી યહાઁ બાર બાર આના, સૂરિરામ કે ચરણોમેં આકર કે ઝુક જાના.

સ્મારક જિનાલયમાં પ્રતિષ્ઠિત થનાર શ્રી જિનબિંબોની યાદી

ગભારા નં.	૫૧'' ના પંચધાતુના સુવર્ણમઢ્યા શ્રી ચિંતામણિ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન તથા તેમનું કળાત્મક વિશાળકાય વિશિષ્ટ પરિકર	૫૧ લાખ + ઉછામણી
ગભારા નં. ૦	૩૩'' ના પંચધાતુના સુવર્ણમઢ્યા શ્રી શાંતિનાથ ભગવાન તથા તેમનું કળાત્મક વિશાળકાય વિશિષ્ટ પરિકર	૨૭ લાખ + ઉછામણી
ગભારા નં. ૧	૩૩'' ના પંચધાતુના સુવર્ણમઢ્યા શ્રી સુમતિનાથ ભગવાન તથા તેમનું કળાત્મક વિશાળકાય વિશિષ્ટ પરિકર	૨૭ લાખ + ઉછામણી
	આ ગભારો પૂજ્યપાદશ્રીજીના પુણ્યદેહની અંતિમસ્પર્શનાના સ્થળની ઉપર આવેલ છે.	
દેરી નં. ૧૨	૫૧'' પંચધાતુના સુવર્ણમઢ્યા શ્રી આદીશ્વર ભગવાન તથા તેમનું કળાત્મક વિશાળકાય વિશિષ્ટ પરિકર	૧૮ લાખ + ઉછામણી
દેરી નં. ૧૩	૫૧'' પંચધાતુના સુવર્ણમઢ્યા શ્રી મહાવીરસ્વામી ભગવાન તથા તેમનું કળાત્મક વિશાળકાય વિશિષ્ટ પરિકર	૧૮ લાખ + ઉછામણી
ગોખલા નં. ૪	૫૧'' ના પંચધાતુના સુવર્ણમઢ્યા ભગવાન શ્રી પાર્શ્વનાથ ભગવાન, જેના ઉપર અંજનશલાકાની તમામ વિધિ થશે.	૯ લાખ + ઉછામણી
ગોખલા નં. ૫	૧૫'' ના પંચધાતુના સુવર્ણમઢ્યા શ્રી નેમિનાથ ભગવાન વિશિષ્ટ કળાત્મક પરિકરયુક્ત	૯ લાખ + ઉછામણી

સ્મારક ગુરુમંદિરમાં પ્રતિષ્ઠિત થનાર શ્રી ગુરુમૂર્તિઓની યાદી

ભોંયરામાં

ગભારા નં. ૬	૭૯'' ની પંચધાતુની સુવર્ણ મઢેલ પરમતારક ગુરુદેવની વિશિષ્ટ રચના યુક્ત ગુરુમૂર્તિ	૫૧ લાખ + ઉછામણી
ગભારા નં. ૭	૪૧'' ની જ્યોતિસ્મ પાષાણ (ઉત્તમ મારબલ) ની લેખન કરતી મુદ્રાની પરમતારક ગુરુદેવની ગુરુમૂર્તિ	૭ લાખ + ઉછામણી
ગભારા નં. ૮	૪૧'' ની જ્યોતિસ્મ પાષાણ (ઉત્તમ મારબલ) ની સૂરિમંત્રનો જાપ કરતી મુદ્રાની પરમતારક ગુરુદેવની ગુરુમૂર્તિ	૭ લાખ + ઉછામણી
	આ ગભારો પૂજ્યપાદશ્રીજીના પુણ્યદેહની અંતિમસ્પર્શનાના સ્થળની નીચે આવેલ છે.	


ભોંયરા ઉપરના પ્રથમ માળે (ગ્રાઉન્ડ ફ્લોર ઉપર) મૂળ ગભારામાં

ગભારા નં. ૧	૫૬'' ની જ્યોતિસ્મ પાષાણની પરિકર યુક્ત પરમતારક ગુરુદેવની ગુરુમૂર્તિ પરિકરની સાઈઝ ૨૨' x ૧૨'	૫૧ લાખ + ઉછામણી
ગભારા નં. ૨	૪૧'' ની શાસનસંરક્ષક યુવાવસ્થાની મુદ્રાવાળી જ્યોતિસ્મ પાષાણની	૭ લાખ + ઉછામણી
	સ્ફટીકના પગલાં પધરાવવાના	+ ઉછામણી
ગભારા નં. ૩	૪૧'' ની અંતિમ સમાધિ અવસ્થાની મુદ્રાવાળી જ્યોતિસ્મ પાષાણની ગુરુમૂર્તિ	૭ લાખ + ઉછામણી
	સ્ફટીકના પગલાં પધરાવવાના	
	આ ગભારો પૂજ્યપાદશ્રીજીના પુણ્યદેહની અંતિમસ્પર્શનાના સ્થળે આવેલ છે.	+ ઉછામણી
ગભારા નં. ૪	ગેલેરીના લેવલમાં શ્રી ગૌતમસ્વામી સહિત ૧૧ ગણધર ભગવંતોની ગુરુમૂર્તિ	+ ઉછામણી
ગભારા નં. ૫	પૂજ્યપાદશ્રીજીના ઉપકારી અને કલ્યાણમિત્રસમા ગુરુભગવંતોની ગુરુમૂર્તિ	+ ઉછામણી

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરિ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

સંપર્ક : અમ ાવાદ ભરતભાઈ (૦૭૯) - ૬૫૮૬૫૮૦ * મુંબઈ - બાબુભાઈ દિઓરા ૦૨૨-૩૬૪૨૬૧૭ ફેક્સ : ૩૬૭૩૩૩૩ E-mail:smarak@vsnl.net

સ્મૃતિ મંદિરનાં ગર્ભગ્રહો



હો તન મન ધન અર્પણ, સૂરિરામચંદ્ર ચરણે... કુરબાન થયા જે તો સદ્ધર્મ તણા શરણે.

પ્રશ્ન; પ્રભુવર્ધમાનની ૨૬મી જન્મશતાબ્દીના રાષ્ટ્રસ્તરીય મહોત્સવનો .....

પડકાર; જિન શાસનના સાર્વભૌમત્વની રક્ષાનો.....

ગચ્છાધિપતિશ્રીએ જગવ્યું, વૈચારિક આંદોલન

—પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિજયજી મ.

પડકાર; ૨૬૦૦ ની ઉજવણીનો નથી.

પડકાર; આવી પડ્યો છે, જિનશાસનના સાર્વભૌમત્વની રક્ષાનો.

જિનશાસનની જયવન્તતાનો નિનાદ પણ એ રીતે ન પ્રસરાવાય; જેમાં જૈનશાસનનું સાર્વભૌમત્વ હણાઈ જતું હોય.

- શાસનની પ્રભાવના અવશ્ય થવી જોઈએ.
- અહિંસાનો જયનાદ અચૂક સર્વત્ર જગવવો જ જોઈએ.
- જૈનશાસનનો વ્યાપ પણ ચોમેર વિસ્તારવો જ જોઈએ.

પરન્તુ, આ બધી પ્રવૃત્તિઓ એ રીતે તો નજ આચરી શકાય, જેમાં જિનશાસનની મૌલિકતા જ મરી પરવારે.

જૈનશાસનનું સાર્વભૌમત્વ એટલે તેની વિશ્ર્વવન્દનીય લોકોત્તરતા.

ત્રિલોક ગુરુ શ્રી વર્ધમાન પ્રભુએ આજથી ૨૫૫૮ વર્ષો પૂર્વે જે ધર્મને ભારત વર્ષની ધરા પર પ્રતિષ્ઠિત કર્યો, તે ધર્મ સહસ્રાબ્દીઓની યાત્રા પછી પણ આજે બધાય ધર્મોમાં શિરમોર તરીકે સ્થાપિતો રહ્યો છે.

તેની મૂઠી ઉંચેરૂ વ્યક્તિત્વ અદ્યાવધિ અકબંધ રહ્યું છે.

કારણ ?

કારણ છે; તેની લોકોત્તરતા.

વિશ્વમાં ક્યાંય ઉપલબ્ધ ન બને; એવી સિદ્ધાન્તોની મોંઘેરી મૂડી દ્વારા જૈનશાસન લોકોત્તર બન્યું છે.

* તેની સૂક્ષ્મતિ સૂક્ષ્મ અહિંસા..
* તેનું સાર્વત્રિક સ્વરૂપનું સત્ય..
* તેનું અનન્ય કક્ષાનું અસ્તેય.
* તેનું ફાટ-ફાટ થતું બ્રહ્મચર્ય.. અને-
* તેનો અતિશય ગંભીર અપરિગ્રહનો સિદ્ધાન્ત.

આ બધાયના ભીંતરી બળ દ્વારા જ તે અનન્ય, અદ્ભુત, અજર અને અમર બન્યું છે.

તેનો મૂળભૂત મર્મ જ છૂન્દાય જાય અને તેની આધારશિલા જેવી માન્યતાઓ જ ઢંકાયેલી રહે; એ રીતે કદીયે જૈનશાસનનો વ્યાપ વિસ્તારવાની કોશિસ ન કરાય.

સબૂર ! ૨૬૦૦ ની ઉજવણીના ફિરસ્તાઓએ આજ સિદ્ધાંત સમજવો પડશે.

નિર્વાણ કલ્યાણકની ૨૫૦૦ મી વરસી ઉજવી જાણનારા કેટલાંક અજ્ઞાન જૈનો સેંકડો ગીતાર્થમુનિઓની પ્રાર્થના સાંભળ્યાં પછીય પોતાનો દોષ સુધારવા તૈયાર નથી.

અધિકૃત જૈનચાર્યો તેમની લગામ તાણે છે, તોય વકશિક્ષિત અશ્વની જેમ વધુને વધુ ભૂંરાટા બની જઈ તેઓ ઉન્માર્ગની ઉંડી ખીણ તરફ દોડે જ જાય છે.

નથી અફસોસ, તેઓ ઉન્માર્ગની ગર્તામાં ઝંપાપાત કરે તેનો. અફસોસ છે, જયવંતા જિનશાસનને પણ તેઓ અન્ધકારની ખાઈ તરફ ઢસડી જાય છે; તેનો.

બસ ! આવા પડકારના સમયે જાગૃત થવું પડશે, પ્રત્યેક જૈને.

જૈનશાસનની દાઝ જો કઈંક અંશે પણ ઠંડી પડી ગઈ હોય, તો તેને પુનઃરુદ્દીપ્ત કરવી પડશે.

જૈનાચાર્યો અને મૂલ્યનિષ્ઠ જૈન શ્રમણોની પણ એ ફરજ થઈ પડે છે; કે તેઓ શાસનની દાઝને ઘેરઘેરમાં જગાવી દે. શાસનની લોકોત્તરતાના રક્ષણ માટે ઠેર ઠેર આહ્વાન અપાયે.

૧૦૦૦ થી પણ વધુ શ્રમણો અને શ્રમણીઓનું સુકાનીપદ અદા કરનારા, સર્વાધિક સંખ્યક શ્રમણ-શ્રમણીગણ નેતા, ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. ભ. વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજે એક પરિપત્રના પ્રકાશન દ્વારા પોતાની સાધુસંસ્થાને અને પોતાના વિરાટ્ અનુયાયી વર્ગને જૈનશાસનની લોકોત્તરતાના રક્ષણ માટે મચી પડવાનું આહ્વાન આપ્યું છે.

તેઓશ્રીની સ્પષ્ટ ફરમાયશ છે કે, શાસનની સેવા પણ ધર્મગુરુ નિરપેક્ષપણે તો નજ કરાય.

તાજેતરમાં જ પ્રકાશન પામેલા એક પરિપત્રમાં તેઓશ્રીએ શ્રમણ ભગવાન્ મહાવીર દેવના જન્મકલ્યાકાણની ૨૬ મી જન્મ શતાબ્દી પ્રસંગે આકાર લઈ રહેલા કથિત રાષ્ટ્રસ્તરીય મહોત્સવનું વિસ્તૃત મૂલ્યાંકન કર્યું છે.

૨૬૦૦ ની કથિત ઉજવણીના હકારાત્મક અને નકારાત્મક પાસાઓનું અવલોકન કર્યા બાદ તેઓશ્રીએ રાષ્ટ્રસ્તરીય મહોત્સવની પ્રસ્તુત બનેલી રુપરેખાને અમાન્ય ઠેરવી મહોત્સવનું હકારાત્મક સ્વરૂપ પણ રજૂ કર્યું છે.

વિરોધનો શંખનાદ ફૂંકતાં તેઓશ્રી જણાવી રહ્યાં છે :

(૧) ''XX શ્રી મહાવીર દેવના ૨૬૦૦ માં જન્મ કલ્યાણકની રાષ્ટ્રીય સ્તરની ઉજવણી, તેનું સ્વરૂપ અને એના દૂરોગામી પરિણામોને જોતાં આ ઉજવણી આરાધના સ્વરૂપ નહિ પણ વિરાધના સ્વરૂપ જણાતાં એનો વિરોધ કરવો અનિવાર્ય બન્યો છે.XX''

(૨) ''૨૬૦૦ માં જન્મ દિનની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીમાં જૈન ધાર્મિક સિદ્ધાન્તોને નજર સામે રાખી ઉજવણીનો કાર્યક્રમ નક્કી કરાશે તેવી આશા અસ્થાને છે અને તેના એંધાણ પણ દૃષ્ટિ ગોચર થઈ રહ્યાં છે.

આથી આ પ્રસંગે ૨૫૦૦ માં નિર્વાણદિનની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીના અનિચ્છનીય ઈતિહાસનું પુનરાવર્તન ન થવા પામે તે માટે જૈનોએ પહેલેથીજ જાગૃત બની ૨૬૦૦ માં જન્મદિનની રાષ્ટ્રીય સ્તરની ઉજવણી સામે પોતાનો વિરોધ દર્શાવી દેવો જોઈએ. XX''

(૩) '' સરકારના દૃષ્ટિબિન્દુમાં કોઈ પરિવર્તન નથી આવ્યું.''

દિલ્હી હાઈકોર્ટની અન્દર ૨૫૦૦ ની તત્કાલીન ઉજવણી વખતે સરકારે એક એફિડેવિટ દાખલ કરી ઉચ્ચાર્યું તું.

'' XXભગવાન મહાવીરના રાષ્ટ્રીય સ્તરની ૨૫૦૦ માં નિર્વાણ મહોત્સવની ઉજવણી સાથે કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિ કે ધાર્મિક વિધિ જોડાયેલા નથી.XX ગચ્છાધિપતિશ્રી ઉમેરે છે કે, ''આ વખતે પણ સરકારનો આજ અભિગમ રહેવાનો.''

ગચ્છાધિપતિશ્રીનું આન્દોલન સ-વેળાનું અને સુવ્યવસ્થિત છે. આશા રાખીએ, કે તેમેને ફૂંકેલો વિરોધનો શંખનાદ પ્રત્યેક જૈનના કર્ણ સુધી પહોંચી જાય.

આ રહ્યો, ગચ્છાધિપતિશ્રીએ ફૂંકેલા શંખનાદનો સ્પષ્ટ ધ્વનિ...

સર્વાધિક શ્રમણ-શ્રમણીગણ નેતા,
ગચ્છનાયક, પૂજ્યપાદ આ. ભ.

વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા આપે છે ચતુર્વિધ શ્રી સંઘને મહત્ત્વનું માર્ગદર્શન

સકળ વિશ્વના સમસ્ત પ્રાણીગણના હિતચિંતક જગત્પૂજ્ય શ્રી મહાવીરદેવે તેમની પૂર્વે થઈ ગયેલા અનંતા શ્રી તીર્થંકર દેવોના પગલે ચાલીને જીવમાત્રનાં કલ્યાણને માટે મોક્ષમાર્ગ સ્વરૂપ લોકોત્તર ધર્મતીર્થની આજથી પચ્ચીસસોથી પણ અધિક વર્ષો પહેલા સ્થાપના કરી. તે પરમાત્માના ફક્ત જન્મકલ્યાણકની નહિ પણ પાંચેય કલ્યાણકોની આરાધના અને ઉજવણી જૈનો દર વર્ષે કરે છે, એટલું જ નહિ, પણ અત્યાર સુધીમાં થઈ ગયેલા અનંતા શ્રી તીર્થંકર ભગવાનોનાં પાંચે ય કલ્યાણકોને ઉદ્દેશીને પણ જૈનોમાં આરાધના થાય છે. આમ છતાં પણ, ભગવાન શ્રી મહાવીરદેવના ૨૬૦૦ મા જન્મ કલ્યાણકની રાષ્ટ્રીય સ્તરની ઉજવણી, એનું સ્વરૂપ અને એના દૂરગામી પરિણામોને જોતાં આ ઉજવણી, આરાધના સ્વરૂપ નહિ પણ વિરાધના સ્વરૂપ જણાતાં એનો વિરોધ કરવો અનિવાર્ય બન્યો છે. તે અંગે નીચેના કારણો પણ દરેક સુજ્ઞ જનોએ શાંતિથી વિચારવા જોઈએ.

(૧) રાષ્ટ્રીય નેતાઓ અને સત્તાધીશો લૌકિક અને લોકોત્તરના ભેદથી અજાણ હોય અને કદાચ જાણતાં હોય તો માનતાં ન હોય તે સ્વાભાવિક છે. આવા સંયોગોમાં આ ઉજવણીનું નેતૃત્વ-ધૂરા તેમના હાથોમાં મૂકવી, એ શાસનને આપત્તિમાં મૂકવા જેવું છે. તેઓ પોતાના જાહેર વક્તવ્યમાં પરમાત્મા મહાવીર દેવને અને એમના લોકોત્તર કાર્યોને અન્ય લૌકિક મોટા ગણાતાં માનવીઓની અને એના લૌકિક કાર્યોની હરોળમાં બેસાડી એ પરમતારકના લોકોત્તર વ્યક્તિત્વનું અને લોકોત્તર કૃતિત્ત્વનું અવમૂલ્યન કરે ત્યારે એ પરમતારક પરમાત્માની ભક્તિના બહાને આશાતના થાય તેને રાષ્ટ્રીય ઉજવણીના હિમાયતી આગેવાનો અટકાવી શકે તે બીલકુલ શક્ય જણાતું નથી.

(૨) પરમાત્મા મહાવીરદેવના મોક્ષમાર્ગ સાધક સિદ્ધાંતોનો સંસારમાર્ગના પૂર્ણ હિમાયતી રાષ્ટ્રનેતાઓ પોતાના દુન્યવી અને રાજકીય હેતુઓ સિદ્ધ કરવા માટે દુરુપયોગ કરે એવો ભય પણ અસ્થાને નથી. ભગવાન મહાવીરદેવના ૨૫૦૦ માં નિર્વાણ વર્ષની રાષ્ટ્રીય ઉજવણીમાં આ બાબતનો અનુભવ તે સમયે શ્રીસંઘ કરી ચૂક્યો છે અને હવે ૨૬૦૦ મી રાષ્ટ્રીય ઉજવણીના બહાર પડી રહેલા કાર્યક્રમોમાં પણ એ બધું સ્પષ્ટ પણે જોઈ શકાય છે.

તે વખતે એક પ્રસંગે મારા પરમતારક સ્વ. ગુરુદેવે રાષ્ટ્રીય સમિતિના આગેવાન તરીકે નીમાયેલા એક અગ્રગણ્ય સુશ્રાવકનું પત્ર દ્વારા ધ્યાન દોર્યું હતું કે ''ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણ મહોત્સવ અંગે જાહેર થયેલો કાર્યક્રમ, ભગવાનશ્રી મહાવીરદેવે પોતાની પૂર્વે થઈ ગયેલા અનંતા શ્રી અરિહંત

ભગવંતોની માફક જે નિર્વાણમાર્ગને પ્રરૂપ્યો હતો તે નિર્વાણમાર્ગને દૃષ્ટિ સમક્ષ રાખીને નક્કી કરાયો નથી, એમ સ્પષ્ટપણે જણાઈ આવે છે. વનસ્થલી વિકસાવવી, બાલકેન્દ્રો સ્થાપવાં અને પુસ્તકાલયો, સ્થાપવાં, એ વગેરેને નિર્વાણમાર્ગમાં સ્થાન હોઈ શકે જ નહિ. વનસ્થલીના વિકાસમાં નિરંતર અનંતાનંત જીવોની ઉત્પત્તિ અને વિરાધના થવાની તેમજ બાલકેન્દ્રો અને પુસ્તકાલયો આદિથી ભગવાને ફરમાવેલા સમ્યગ્જ્ઞાનનો પ્રચાર થવાને બદલે પ્રાયઃ મિથ્યાજ્ઞાનનો પ્રચાર થવાનો. આ રીતે વિચારતાં સમજી શકાય તેમ છે કે મજકુર કાર્યક્રમ નિર્વાણમાર્ગનો સમર્થક નથી પણ નિર્વાણમાર્ગથી વિપરીત પ્રવૃત્તિઓને ઉત્તેજન આપનારો છે. એટલે ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણ મહોત્સવના નામે કે તેને ઉદ્દેશીને આવું થતું અટકે એ માટે તેમજ આવું કાંઈ થવા પામે તો તેની સાથે નિર્વાણમાર્ગના ઉપાસક જૈનોને કોઈ સંબંધ નથી પણ જૈનોનો તે અંગે વિરોધ છે એવું જણાવી દેવાનો યથાશક્ય પ્રયત્ન તમારે પણ કરવો જોઈએ...વગેરે.''

ઉત્તરમાં તે સુશ્રાવકે જણાવ્યું કે- ''ભગવાન શ્રી મહાવીર દેવના નિર્વાણ મહોત્સવ અંગેનું આપનું મંતવ્ય જાણ્યું, પણ આ પ્રસંગ જે ઉજવાઈ રહેલો છે તે જૈન સંસ્કૃતિ જાહેરમાં વધુ કેમ આવે અને હિંદીઓ તથા પરદેશીઓ તેનું દૃષ્ટિબિંદુ સમજે તે સારૂં છે, એટલે જે જે પગલાં તેમાં લેવામાં આવવાનાં છે તે વધુને વધુ જાહેરાતની દૃષ્ટિથી છે ! નહીં કે ધાર્મિક સિદ્ધાંતોની દૃષ્ટિથી. ધાર્મિક સિદ્ધાંતોનું જૈનો અનુકરણ કરે તે બરાબર છે, પણ તેનું અનુકરણ જાહેર જનતા કરે તે અપેક્ષા રાખવી અસ્થાને છે. એટલે આપનું દૃષ્ટિબિંદુ અને અમારું દૃષ્ટિબિંદુ જુદું હોઈ શકે છે.''

ત્યારે તેના ઉત્તરમાં પૂજ્યશ્રીએ વિસ્તારથી લખી જણાવ્યું :

(૧) જાહેર જનતા જૈન ધાર્મિક સિદ્ધાંતોનું અનુકરણ કરે એવી અપેક્ષા રાખીને વિરોધનું સૂચન કરાયું નથી. વિરોધ પાછળ આશય એ જ છે કે જેમણે શ્રી મહાવીરદેવના નિર્વાણ મહોત્સવની ઉજવણી કરવી હોય તેમણે તે ઉજવણી ભગવાને પ્રરૂપેલા નિર્વાણમાર્ગની દ્યોતક અને સમર્થક બને એ પ્રકારે કરવી જોઈએ પણ નિર્વાણમાર્ગથી વિપરીત એવી પ્રવૃત્તિઓ આચરવા દ્વારા અગર તેવી પ્રવૃત્તિઓને ઉત્તેજન મળે એવા પ્રકારે તે ઉજવણી કરવી જોઈએ નહિ. એ પ્રકારે ઉજવણી કરવાનો અધિકાર ના કોઈ જૈનને હોઈ શકે કે ન કોઈ જૈનેતરને હોઈ શકે, કોઈ સરકારને પણ એવો અધિકાર હોઈ શકે નહિ.

(૨) તમે જૈનો હોવા છતાં જૈન ધાર્મિક સિદ્ધાંતોની દૃષ્ટિએ નહિ પણ જાહેરાતની દૃષ્ટિએ જે પગલાં લેવાના છો તેનો સર્વાનુમતે સ્વીકાર કર્યો છે.

(૩) ધાર્મિક સિદ્ધાંતોની દૃષ્ટિને વેગળી રાખવાથી તો જૈન સંસ્કૃતિના નામે જ જૈન સંસ્કૃતિને હીણપત લગાડે તેવી પ્રવૃત્તિ થાય.

(૪) જૈન સંસ્કૃતિ યથાયોગ્ય પ્રકારે જાહેરમાં આવે અને હિંદીઓ તથા પરદેશીઓ જૈન સંસ્કૃતિનું દૃષ્ટિબિંદુ સમજે એવો પ્રયાસ સુયોગ્ય પ્રકારે કરવામાં આવે એ તો આનંદ અને અનુમોદનનો વિષય ગણાય, એમાં કોઈ સમજુ જૈન નારાજ હોય નહિ. નારાજી એ વાતની છે કે, જૈન સંસ્કૃતિને નામે અજૈન સંસ્કૃતિ પ્રસાર પામે તેવાં પગલાં લેવાઈ રહેલા છે, વગેરે...''

આશરે ત્રીસ વર્ષ અગાઉ થયેલા આ પત્રવ્યવહાર પછી પણ સરકારના દૃષ્ટિબિંદુમાં તે વખત કરતાં આજે કાંઈ પરિવર્તન આવ્યું હોય તેમ માનવાને કારણ નથી. એવા સંયોગોમાં ૨૬૦૦ માં જન્મદિનની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીમાં જૈન ધાર્મિક સિદ્ધાંતોને નજર સામે રાખી ઉજવણીનો કાર્યક્રમ નક્કી કરાશે તેવી આશા અસ્થાને છે અને તેના એંધાણ પણ દૃષ્ટિગોચર થઈ રહ્યા છે. આથી આ પ્રસંગે ૨૫૦૦ માં નિર્વાણદિનની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીના અનિચ્છનીય ઈતિહાસનું પુનરાર્વતન ન થવા પામે તે માટે જૈનોએ પહેલેથી જ જાગૃત બની ૨૬૦૦ મા જન્મદિનની રાષ્ટ્રીય સ્તરની ઉજવણી સામે પોતાનો વિરોધ દર્શાવી દેવો જોઈએ.

ચરમ તીર્થપતિની ૨૫૦૦ મી નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીને અટકાવવા માટે શ્રી જૈન સંઘ તરફથી દિલ્હીની હાઈકોર્ટમાં કેસ કરવામાં આવ્યો હતો. ભારત સરકાર તરફથી શ્રી જૈન સંઘે કરેલા કેસની વિરૂદ્ધમાં એક એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી. તેમાં ભારત સરકારે સ્પષ્ટ જણાવ્યું હતું કે :-

ભગવાન મહાવીરના રાષ્ટ્રીય સ્તરની ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવની ઉજવણી સાથે કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિ કે ધાર્મિક વિધિ જોડાયેલાં નથી.

જેમ ૧૯૫૬ માં લોર્ડ બુદ્ધની ૨૫૦૦ મા નિર્વાણ દિવસની, ૧૯૬૧-૬૨ માં રવિન્દ્રનાથ ટાગોરની જન્મ શતાબ્દિની, ૧૯૬૯ માં મીરઝા ગાલિબની મૃત્યુ શતાબ્દિની, ૧૯૬૯ માં ગુરુ નાનકની ૫૦૦ મી જન્મજયંતિની, ૧૯૭૦ માં

ડો. ઝાકીર હુસેનની પ્રથમ મૃત્યુતિથિની, ૧૯૭૧ માં દીનબંધુ ઉપનામ ધરાવતા એન્ડ્રુઝની જન્મ શતાબ્દિની, ૧૯૭૨ માં અરવિંદ ઘોષની જન્મ જયંતિની, ૧૯૭૨ માં રાજા રામમોહનરાયની જન્મની દ્વિશતાબ્દિની વગેરે વગેરે ઉજવણીઓ કરી, તેવી જ રીતે અમે ભગવાન મહાવીરની ૨૫૦૦ મી નિર્વાણ જયંતિની ઉજવણી કરવાના છીએ. આ ઉજવણી સાથે કોઈપણ પ્રકારની ધાર્મિક છાપ જોડાયેલી નથી એવું અમે સ્પષ્ટ જણાવીએ છીએ.

૨૬૦૦ મા વર્ષની જન્મ જયંતિની (કલ્યાણકની) ઉજવણી સાથે પણ રાજ્યસરકારનો આ અભિગમ રહેવાનો છે.

પ્રમાણ પ્રધાન શ્રી જૈન સંઘ ચરમ તીર્થંકરની બિનસાંપ્રદાયિક રીતે થનાર અને ધર્મશાસનને પારાવાર હાનિ પહોંચાડનાર આવી ઉજવણીમાં શી રીતે જોડાઈ શકે ?

આથી જૈનો પોતાના ધાર્મિક સિદ્ધાંતોને દૃષ્ટિ સમક્ષ રાખી, ગુરુ ભગવંતોના માર્ગદર્શન અનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પરમાત્મા શ્રી મહાવીરના દેવના જન્મ કલ્યાણકની ભવ્યાતિભવ્ય ઉજવણી કરે અને ભારતની સરકાર પોતાની મર્યાદામાં રહીને તેમાં યથાયોગ્ય સહકાર આપે તો વિરોધનું કારણ ન રહે. રાષ્ટ્રનેતાઓ સમજીને કે વગર સમજ્યે પણ ભગવાન શ્રી મહાવીરદેવના અહિંસા અને અપરિગ્રહના સિદ્ધાંતોને પ્રસંગે પ્રસંગે પોતાના વક્તવ્યોમાં યાદ કરે છે, બિરદાવે છે અને પ્રજાને તેના પાલન માટે અનુરોધ કરે છે. એ બે સિદ્ધાંતોને દૃષ્ટિ સમક્ષ રાખી આ ઉજવણી નિમિત્તે:

(૧) સરકારી કે બિનસરકારી ધોરણે નવા કતલખાના ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે;

(૨) ચાલુ કતલખાના જે સરકારી ધોરણે ચાલતા હોય તે બંધ કરવામાં આવે અને બિનસરકારી ધોરણે ચાલતા કતલખાનાઓ પણ બંધ કરવામાં સહયોગી થાય અને એ રીતે ભગવાન મહાવીરના અહિંસાના સિદ્ધાંતનો આદર કરવામાં આવે;

(૩) તેમજ તુચ્છ હુંડિયામણના લોભે કરવામાં આવતી હજારો ટન માછલાં અને માંસની નિકાસ બંધ કરી ભગવાન મહાવીરદેવના અપરિગ્રહના સિદ્ધાંતનો આદર કરવામાં આવે;

(૪) પ્રાથમિકથી લઈને ઉચ્ચત્તમ ધોરણ સુધીના સઘળા જ સ્તરે અપાતા શિક્ષણમાં હિંસા, માંસાહાર, અનીતિ, અનાચાર, ભોગવાદ વગેરે દૂષણોને સીધું-આડકતરું જરા પણ પ્રોત્સાહન ન મળે અને ભવિષ્યનો નાગરિક પાયામાંથી જ અહિંસા, સત્ય, અપરિગ્રહ, સદાચાર અને અધ્યાત્મવાદ વગેરેના સંસ્કારો મેળવીને તે મુજબ જીવનારો બને એવા પ્રયત્નો કરવા;

(૫) સરકાર સ્તરે ચાલતાં પ્રચાર માધ્યમો પણ હિંસા વગેરે દૂષણોને ઉત્તેજન આપતા કોઈ વિચારો કે કાર્યક્રમોનું પ્રસારણ ન કરે એવા પ્રયત્નો કરવા. સરકારી નહિ, તેવાં અન્ય પ્રચાર માધ્યમો અસંસ્કારી વિચારોનું પ્રસારણ કરે નહિ તેવા ઉપાયો કરવા;

તો સાચા અર્થમાં જૈન સંસ્કૃતિની જાહેરાત થાય તથા અહિંસા પ્રેમી જૈન-જૈનેતરોના આનંદનો પાર ન રહે. બીજું કાંઈ થવા પામે તો વિરોધ કરવાનું કોઈ કારણ ન રહે. જૈનો પોતાની સઘળી શક્તિ અને સામગ્રીનો આ માર્ગે ઉપયોગ કરી, રાષ્ટ્રનેતાઓને પણ ભગવાન શ્રી મહાવીરદેવના સિદ્ધાંતો પ્રમાણે ચાલવા સાચા અર્થમાં તે સિદ્ધાંતોના પ્રચાર દ્વારા દેશ-વિદેશમાં જૈન સંસ્કૃતિ યથાયોગ્ય રીતે જાહેરમાં આવે એવા પ્રયત્નો કરે એ જ શુભાભિલાષા.

મનન મોતી

સંગ્રહક : અ.સૌ. અનિતા આર. પટણી-માલેગામ.

* દિલ ભક્ત બનાવે, દિમાગ વિભક્ત કરે. દિલમાં શ્રદ્ધા છે, દિમાગમાં સમૃદ્ધિ છે. બોલ આત્મન્ ! તારે દિલ બનાવવું છે કે દિમાગ ?
* મિતાહાર અને મહેનતને આધીન બને તેને રોગ ન આવે.
* દુર્જનની દોસ્તીનો નહિ પણ પહેચાન પણ ન કરતા. કોલસો ગરમ હશે તો હાથ બાળશે અને ઠંડો હશે તો હાથ કાળાં કરશે.
* અન્યની સામે એક આંગળી કરનારની ત્રણ આંગળી પોતાની સામે રહે છે. તે જણાવે છે કે મન-વચન અને કાયામાં એક વાક્યતા-એકરૂપતા નહિ રાખો તો લોકો તમને અંગૂઠો બતાવશે, તમારી મજાક ઉડાવશે.
* રોગ થાય તો ખાવાનું નથી છોડતા પણ રોગનો ઉપચાર કરે છે, સાયકલ શીખતા પડી જવાય-વાગે તો પ્રયત્ન નથી મૂકતા પણ ન વાગે તેની કાળજી રખાય છે. તેમ ધર્મક્રિયામાં મન સ્થિર ન રહે તો ધર્મ ન છોડો પણ મન અસ્થિર ન થાય તેના ઉપાય કરો.
* શીખવું અને સાધવું-બંન્ને શબ્દો લાગે સમાન પણ અર્થમાં આભ-જમીનનો ફેર છે. શીખવું તે સૂચનાનો સંગ્રહ છે અને સાધવું તે જીવનનું સમર્પણ છે. એક વાતોડિયું જ્ઞાન છે અને એક અમલી જ્ઞાન છે.
* નાવ પાણીમાં તરે તે સારું પણ નાવમાં પાણી પેસે તે ખરાબ. તેમ સંસારમાં રહેવું પડયું અને રહે તે હજી ઠીક છે પણ ધર્મક્રિયામાં સંસાર આવ્યો તો ખેલ ખતરનાક બને.

એકી સાથે ૩૨૦૦ ઉપવાસ કરતા જૈનો ભૂલેશ્વરના આંગણે વીશસ્થાનક મહોત્સવ

મુંબઇ શહેરના હાર્દ સમા ભૂલેશ્વર લાલબાગના આંગણે આવેલ ચંદાવાડી ખાતે રવિવાર ૩૧ મી ડીસેમ્બરનો દિવસ વીશસ્થાનક મહા-પૂજા-પૂજનના દૈવી માહોલમાં અવિસ્મરણીય બન્યો હતો. સુપ્રસિદ્ધ જૈનાચાર્ય વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી સેવક સમા વર્ધમાન તપોનિધિ આચાર્ય શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજે આદરેલ સુદીર્ઘ શ્રી વીશસ્થાનક તપની પૂર્ણાહુતિ પ્રસંગે શેઠશ્રી મોતીશા લાલબાગ જૈન સંઘ અને તપ ધર્મના અનુમોદકોએ ખૂબ જ આલિશાન રંગ-ઢંગથી આ આયોજન ગોઠવ્યું હતું.

બે ઘડી પીને પૂજામાં જોડાવાનું આમંત્રણ હોવા છતાં લોકો જોડાતા હોતા નથી તેની સામે અહીં કશું જ ખાધાં વિના જોડાવાનું હતું છતાં સવારના નવના ટકોરે વિશાળ મંડપ આરાધકોથી ચિક્કાર થઇ ગયો હતો.

કોઇપણ ભૌતિક લાલસા કે લાલચને પોષ્યા વિના માત્ર આત્મકલ્યાણ અને તે દ્વારા વિશ્વકલ્યાણના લક્ષને વરેલ આ અનુષ્ઠાન હતું.

વિશાળ મંડપમાં ખૂબ જ આકર્ષક ડેકોરેશન કરાયું હતું. સૌની મધ્યમાં પપઇંચના જિનેશ્વર પ્રભુ પધરાવાયા હતા. એની બાજુમાં વીશ મેરૂ પર્વતોની રચના કરી વીશ તીર્થંકરોની પ્રતિમા પધરાવવામાં આવી હતી. દરેક મેરુ સમક્ષ ૬ નૈવેદ્યનું વિશિષ્ટ માંડલું આલેખાયેલ. મુખ્ય પરમાત્મા આગળ મોટું માંડલુ અને યંત્ર પધરાવેલ હતું જેની સમક્ષ વીશસ્થાનક પૂજનની માંત્રિક ક્રિયા કરવામાં આવેલ.

વીશસ્થાનકની વીશ પૂજા ભણાવવા માટે દેશ-દેશાવરથી અલગ અલગ સંગીતકારોને બોલાવાયા હતા. એમાં ગજાનનભાઇ ઠાકુર, દીલીપભાઇ શંખેશ્વરવાળા, પ્રફુલ્લભાઇ રાજકોટવાળા, મહાવીરભાઇ, નિમેશભાઇ વગેરે મુખ્ય હતા.

સવારે સાડા આઠ કલાકે લાલબાગના ઉપાશ્રયેથી વરઘોડા સાથે 'સવિ જીવ કરું શાસન રસી' ઉદ્યાનમાં પધારત લોકોએ જયનાદથી ગુરુભગવંતોને વધાવ્યા. પૂજ્યો પ્રવચન પીઠ પર પધારી ગયા બાદ પૂજનની રૂપરેખા સમજાવવામાં આવી પ્રવચન પ્રભાવક આચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજે વીશસ્થાનક તપ અંગે ખૂબ જ સુંદર પ્રવચન કરેલ.

વર્તમાન દુષ્કાળ અંગે તેમજ લીંચ પાંજરાપોળમાં લાગેલ આગથી ઉતરી આવેલ અણધારી આફતમાં પશુઓને રાહત થાય એ માટે પ્રેરણા કરતાં મિનિટોમાં લાખો રૂપિયાનો ફાળો કરીને ભાવિકોએ જીવદયાની લાગણીને પ્રકટરૂપે વ્યક્ત કરી હતી.

ગુરુદેવોના પૂજન અંગે ઉછામણી થતાં ચોતરફ નિવાસી ચંદન ગ્રુપના ભાગ્યવંતોએ વિધિવત્ વધાવી ગુરુપૂજન કરી સભામાં ભક્તિ અને સમર્પણનું મોજું ઊભું કરી દીધેલ.

એક એક પૂજા ભણાતી એની સાથે ૧૬૦ ભાવિકો મેરુ પાસે પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરતા. પૂજા ગાવા-ઝીલવા માટે સૌને વીશસ્થાનક પૂજાની પુસ્તિકા પણ અપાયેલ દરેક પૂજા દીઠ પદના ગુણ મુજબ ફળ-નૈવેદ્યનું સમર્પણ થતું.

શાંતિમૂર્તિ આચાર્ય શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ અને પ્રવચનકાર આચાર્ય શ્રી કનકશેખરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં આ કાર્યક્રમ ઉજવાયો તપસ્વી આચાર્યશ્રી ગુણયશસૂરીશ્વરજી મહારાજ તથા પ્રવચન પ્રભાવક આચાર્યશ્રી કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ પ્રારંભથી છેક સુધી ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૯ વાગે પ્રારંભાયેલ ભક્તિયજ્ઞનું સમાપન સાંજે ૫ વાગે થયું હતું છતાં માનવ મેદિનીથી મંડપ ઉભરાઠ જ રહ્યો હતો.

આ પ્રસંગે મુનિરાજ શ્રી મતિરત્નવિજયજી મહારાજનો વીશસ્થાનક તપ પણ પૂર્ણ થયેલ.

આ ઉજવણી માટે પૂના, નાસિક, સંગમનેર, સોલાપુર, કોલ્હાપુર, અચલકરંજી, વણી, અમદાવાદ, સુરત, નવસારી, ભોરોલ, ડીસા, રામપુરા આદિ દૂર સુદૂરના સ્થળોથી મોટી સંખ્યામાં ભાવિકો પધારેલા.

આ સમગ્ર આયોજન માટે શાસ્ત્રીય માર્ગદર્શન આચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજે આપેલ. મુનિરાજ શ્રી નિર્મળદર્શન વિજયજી મહારાજનું પળ પળનું માર્ગદર્શન તેમજ લાલબાગના દીલીપભાઇ ઘીવાળા, કમલભાઇ, શ્રેયાંસભાઇ, જયંતભાઇ, ગજુભાઇ, બાબુભાઇ, રાજુભાઇ, ચેરમેન, મોતીશા જૈન સ્વયં સેવક મંડળ, વર્ધમાન જૈન સેવા મંડળ અને વર્ધમાન મિત્ર મંડળે ખૂબ ભોગ આપી કાર્યક્રમ સફળ કરેલ.

આ શુભ પ્રસંગનું આલંબન લઇ અનેક નવા પુણ્યાત્માઓએ વીશસ્થાનક તપ કરવાનો સંકલ્પ કર્યો હતો.

આજના દાણે જ સન્માર્ગ પ્રકાશન અમદાવાદ દ્વારા આચાર્યશ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજે લખેલ 'તપસ્યા કરતાં કરતાં હો ડંકા જોર બજાયા હો' પુસ્તકનું વિમોચન જામનગરવાળા નવીનભાઇએ કરેલ.

વિધિવિધાન માટે જામનગરથી શ્રી નવીનભાઇ, ગલાડથી શ્રી રમણીકભાઇ, માલેગામથી શ્રી મનસુખભાઇ આદિ નિ:સ્વાર્થભાવે વિધિ કરાવતા શ્રાવકો પધારેલા.

ઉપવાસ કરી એક દિવસીય આ આરાધના કરનાર દરેકને રૂા. ૨૫ નું પુસ્તક તેમજ મીઠાઇના બોક્ષની પ્રભાવના કરવામાં આવી હતી.

સાત-આઠ કલાક સુધી લાગટ ધર્મ ભાવના ભર્યા માહોલમાં પસાર થવાનો અલૌકિક લાભ આ અનુષ્ઠાન દ્વારા સાંપડ્યો હતો આશરે દસેક હજાર જેટલા જૈનોએ આ પ્રસંગે પધારી ભાવના સમર્પણ કર્યું હતુ

ઉપવાસ ન કરી શકનાર દરેકની સાધર્મિક ભક્તિ લાલબાગની વાડીમાં કરાઇ હતી. રાત્રે પણ ૯ કલાકમાં પ્રભુ ભક્તિભજન સંધ્યામાં મોટી સંખ્યામાં ભાવિકો પધારેલ. મુંબઇના ૨૦ જિનાલયો ઉપરાંત પાલિતાણા, શંખેશ્વર, ભોરોલ, સુરત, મુરબાડ આદિ તીર્થોના જિનાલયોમાં આ નિમિત્તે ભવ્ય આંગી રચાયેલ. લાલબાગના જિનાલયે પણ ભારે આંગી હતી. સાથે રંગોળીનું આયોજન કરેલ ઉપાશ્રયમાં ખૂબ જ ઉદારતાથી ઉજમણું પણ ગોઠવાયેલ જેમાં સાબરમતી ખાતે નિર્માણ પામતા સૂરિરામ સ્મારકના ચિત્રવાળો સાચી જરીનો છોડ આકર્ષણનો વિષય બનેલ.



જૈન સમાજનું સુપ્રસિદ્ધ સામયિક

" સુઘોષા "

ના આદ્ય સ્થાપક - સંપાદક

શ્રી સોમચંદ ડી. શાહ નું દુ:ખદ અવસાન

પાલિતાણા નિવાસ સ્થાને વયોવૃદ્ધ ૯૦ વર્ષની ઉંમરે નવકાર મંત્રના સ્મરણ પૂર્વક તા. ૧૬-૧-૨૦૦૧ ના રોજ અવસાન થયેલ છે. જેમણે આજીવન જૈન સમાજની તન-મન-ધનથી સેવા કરી જીવનને ધન્ય બનાવેલ છે.

'સુઘોષા' સામયિક તેમજ ધાર્મિક પ્રકાશનો દ્વારા તેઓએ જૈન સાહિત્યની અણમોલ સેવા કરી છે. આની મોટી અનેક ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલ હતા અને તેઓનું અનન્ય યોગદાન હતું. તેમની વિદાયથી જૈન સમાજને ખૂબ જ મોટી ખોટ પડી છે. તેમના જીવન કથન અંગે ખૂબ જાણવા જેવું છે. પણ આ ક્ષણે અમો શ્રધ્ધાંજલિ વ્યકત કરી તેમના ધન્ય જીવનની અનુમોદના કરીએ છીએ.

તા. ૧૬-૧-૨૦૦૧ ના રોજ પાલીતાણા ખાતે તેઓની અંતિમ વિધિ પાલિતાણા શહેરના અગ્રણીઓ તેમજ પાલિતાણા સમસ્ત જૈન સમાજના અગ્રણીઓની હાજરીમાં કરવામાં આવેલી. 'સુઘોષા' નો સ્મૃતિ અંક પ્રગટ થશે.

:: નિવાસ સ્થાન ::

" સુઘોષા "

સર્વોદય સોસાયટી, પાલિતાણા. ૩૬૪ ૨૭૦. ફોન : ૩૨૭૪

મહાસતી પ્રભંજના

- અ. સૌ. અનિતા આર. પટણી - માલેગાંવ

અનમોલો આ માનવભવ ધર્મની સાધના માટે છે. જે પુણ્યાત્મા આ વાત સમજી જાય છે તેના જીવનમાં ક્યારે કેવો ટર્નીંગ પોઈન્ટ આવી જાય તે કહેવાય નહિ. સ્વયંવર પણ શિવવધૂના સંગમનો સ્વયંવર બની જાય છે. આ પરમતારક જૈન શાસન તો આદર્શભૂત આત્માઓની અનોખી અનેરી કથાઓનો અણમોલ ખજાનો છે. સમુદ્રમાં ડૂબકી મારનારા મરજીવાઓ જેમ કાંઈને કાંઈ રત્નો મેળવે છે તેમ આવા કથાસાગરમાં ડૂબકી મારનારા પણ કાંઈ પરમાર્થને પામે તો બેડો પાર થઈ જાય. જેને પોતાના આત્મ તત્ત્વની સાચી ઓળખાણ થઈ જાય તેને તો લાગે કે હું પુદ્‌ગલસંગી કે પુદ્‌ગલરંગી નથી પણ હું તો છું સદાનંદી, નિજાનંદી, જ્ઞાનાનંદી, સહજાનંદી એવો આત્મા. વાતમાં મોણ નાખ્યા વિના મૂળ વાત પર આવું આજે મારે તમને મહાસતી પ્રભંજના દેવીની વાત કરવી છે.

વૈતાઢ્ય પર્વત ઉપર ચક્રંકા નગરી છે અને ચક્રાયુધ રાજા રાજ્ય કરે છે. ગુણ અને શીલથી શોભતી એવી મદનલતા મહારાણી છે. અને વૈષયિક સુખોના ભોગવટા રૂપે પ્રાપ્ત થયેલી મહાસતી પ્રભંજના રાજકુમારી છે. રાજકુમારી રૂપ - રંગે દેવાંગનાને પણ ઝાંખી પાડે તેવી છે. યૌવનવય પામવા છતાં યૌવનની અકડાઈથી પર છે. સ્ત્રીની બોંતેર કલાથી યુક્ત છે તો સઘળી ય કલાઓની મહારાણી ધર્મકલા તેના જીવનમાં મૂર્તિમંત દેહને ધારણ કરનારી દીપી રહી છે. તેથી જ માતા - પિતાએ પોતાની આ લાડકીને માટે સ્વયંવર યોજ્યો છે.

સંસારી જીવો લગ્નને લહાવો માને અને ધર્માત્મા તેને કર્મનું મોટામાં મોટું બંધન માને. કદાચ કર્મ સંયોગે અવિરતિ ડાકણના પનારે પડવાથી લગ્નના બંધનમાં બંધાવું પડે તો પણ વિરતિ દેવીના આદર્શને કયારે પણ ભૂલે નાહે અને વિરતિ દેવીની પ્રાપ્તિની ઝંખનામાં પોતાના જીવનને વ્રત - નિયમથી અલંકૃત કરવાનું ચૂકે પણ નહિ. તેથી જ ધર્માત્મા લગ્નના બંધનમાં બંધાઈને પણ કર્મ કાપે. માટે જ પૂ. શ્રી રૂપવિજય મહારાજાએ પણ પરમતારક શ્રી તીર્થંકર પરમાત્માની ગુણ સ્તવનામાં કહ્યું કે-

''ભોગ કરમ ફલ રોગ તણી પરે ચિંતવે રાગ નિવારી;
પરવાલા પરે બાહ્ય રંગ ધરે પણ અંતર અવિકારી.''

આપણી ચરિત્ર નાયિકા માટે સ્વયંવર મંડપ રચાયો છે અને મહાસતી પ્રભંજનાકુમારી પોતાની સખીઓ સાથે શ્રી જિનમંદિરમાં દર્શનાદિ માટે ગયા અને ત્યાંથી જાણવા મલ્યું કે નગરના ઉદ્યાનમાં પૂ. સા. શ્રી સુવ્રતાશ્રીજી મ. પધાર્યા છે તો તેમને વંદનાર્થે ગયા છે. સંસારના રસિયા જીવોને આ વાત નહિ સમજાય તે તો આવી પ્રવૃત્તિ કરનારને 'ધર્મ ઘેલી' 'ધર્મની ઢીંગલી' માને. પણ સાચા ધર્માત્માને તેવી કોઈ અસર ન હોય, રાજકુમારીને હજી વૈરાગ્યનો તેવો કોઈ જ ભાવ નથી. પણ જૈનકુલના સુસંસ્કારથી સિંચિત હોવાથી ત્યાગ અને વૈરાગ્ય તરફ હૈયાની અભિરૂચિ જરૂર છે. જે વાત આજે જૈનકુલોમાં જોવા મલતી નથી. જૈનકુલોમાં પણ ત્યાગ અને વિરાગની વાતોના બદલે રાગનું અને વિકાર વિલાસનું વાતાવરણ જોવા મળે છે, જે દુઃખદ છે.

સાધુપણાના સ્વાદને અનુભવનારા આત્માઓના હૈયામાં જીવો પ્રત્યે સાચો કરૂણા - વાત્સલ્યભાવ હોય છે. તેથી રાજકુમારીના મોંઢા પરના આનંદને નિહાળી, પૂ. શ્રી સુવ્રતાસાધ્વીજીએ સહજ પૂછ્યું કે- ''વત્સ ! આજે આનંદનો આટલો ઉદધિ શાનો છે ? તેની સખીએ કહ્યું કે- આજે અમારી આ પ્રાણપ્રિય હૃદયદુલારી સખીનો સ્વયંવર છે. ત્યારે જાણે ભાવિના અગમ્ય ભેદને જાણતા ન હોય તેમ વાત્સલ્યથી તેમના મુખમાંથી શબ્દો સરી પડયા કે- ''પ્રભંજના ! આ સંસારના સુખો તલવારની ધાર પર લાગેલા મધ જેવા છે. ચાટવાથી મીઠા તો લાગે પણ જીભને કાપી નાખે, દુઃખી દુઃખી કરી નાખે સંસારના વિષય-કષાય જન્ય સુખો ક્ષણિક છે. માટે જ શ્રી તીર્થંકર પરમાત્માઓએ કરૂણાભાવે વિષયોને વિષ કરતાં પણ બદતર ખરાબ કહ્યા છે. વિષ તો ખાધા પછી મારે અને તે પણ માત્ર એક ભવને જ્યારે વિષયોનું સ્મરણ પણ જીવને અનંતીવાર ભવભ્રમણને કરાવે છે.'' ત્યારે રાજકુમારી કહે કે- ''આપની વાત સાચી છે ખરેખર જે ક્ષણિક સુખોને છોડી આત્મસુખમાં લીન બને

છે તેને ધન્ય છે. પણ વિષયરસનો ભોગી, તેની લાલસા અને આશાથી પામર બનેલા અમે કઈ રીતના ત્યાગ કરીએ ?'' ત્યારે વિચક્ષણા સાધ્વીએ કહ્યું કે- ''ભદ્રે ! આ સુખો સુખાભાસ હોવા છતાં મોહમગ્ન જીવો તેમાં સુખની જ કલ્પના કરી રાચે છે. જે પરાધીન, પરાવલંબી અને પરતંત્ર તેને સુખ માનવું તે જ મૂર્ખાઈ છે. જેમાં દુઃખ અને કલેશ વિના કશું જ નથી, જેમાં આત્મશક્તિનો વ્યય માત્ર છે અને અનેક દુઃખોને આમંત્રણ છે તેમાં મોહાધીન જીવો સુખ માની પછી દુઃખી થાય છે. જે અશુચિમય, બીભત્સ અને લજ્જનીય છે. જ્યાંથી પોતે સ્વયં પેદા થયો તેની જ ઝંખના કરે છે તે મોહમૂઢતા નહિ તો બીજું શું ?'' રાજકુમારીની સખીઓ તો સ્વયંવર માણવા અધીરી ઉતાવળી અને બહાવરી બની છે. ત્યારે જે જીવોનું ભાવિમાં ભદ્ર નજીક છે એ જીવો તો માને કે ખરેખર આવી ધર્મતત્ત્વમય વાણીનું શ્રવણ મળવું તે ખૂબ જ દુર્લભ છે. રાગ-વિલાસ-ભોગની વાતો તો ચારે બાજુ સાંભળવા મળે છે પણ વિરાગની વીણાનું વાદન તો આવા મહાત્માઓ પાસે જ મળે તેમ અધીરી બનેલી સખીઓને રોકી, વધુ ઊંડાણથી ધર્મતત્ત્વ સમજાવવા સાધ્વીજીને વિનંતિ કરે છે.

જ્ઞાનદ્રષ્ટા સાધ્વીજી પણ તેના મનોભાવને જાણી ધીર - ગંભીર બની કહે છે કે- ''ભદ્રે ! કપડાને પહેલાં મેલું કરવું અને પછી ધોવું તે ઉત્તમ આચાર નથી. કપડું મેલું ન થવા દેવું તેમાં જ મનુષ્યની મહાનતા છે. આત્માને પહેલા વિષય - કષાયથી મલીન કરી પછી ધર્મથી ધોવાનો પ્રયત્ન કરવા કરતાં પહેલાથી જ રાગ દશાને રડાવી વિરાગ દશાની વેણું વગાડવી શું ખોટી છે ? મોહ દશાના ચશ્મા ઉતારી જ્ઞાન દશાના વિવેક ચક્ષુથી વિચાર કે, જેની સાથે વરવા ઈચ્છે છે તે પુરૂષની સાથે તારો સદા કાળ માટે સંબંધ રહેવાનો છે ? જીવનભર સાચો સાથ નિભાવવાના છો ?

વૈરાગ્યની વાણીએ પ્રભંજના રાજકુમારીના ચિત્ત તંત્રને ઢંઢોળી નાખ્યું. મોહમૂઢતા મરી ગઈ અને આત્માનું જ્ઞાનામૃત પેદા થયું તે વિચારવા લાગી કે- ''હે આત્મન્ ! તું અનાદિકાળનો અને અનંતકાળ સુધી રહેનારો છે. જેમ તું આત્મા છે તેમ તે પણ આત્મા છે. કર્મના કારણે આ સંસારમાં જેમ હું ભમું છું તેમ તે પણ ભમે છે. જ્ઞાનીઓ કહે છે કે, કર્મને પરવશ બનેલા આત્માએ, બધા જીવોની સાથે માતા - પિતા - પતિ - પત્નિ, ભાઈ - બહેન, પુત્ર - પુત્રી આદિ રૂપે બધા જ સંબંધો બાંધ્યા છે છતાં ય સંબંધનો અંત આવ્યો નથી. કવિએ કહ્યું પણ છે કે-

''ભાઈ બહેન નારી તાતપણું ભજે રે,
માતા પિતા હોય પુત્ર તેહી જ નારી વૈરીને વળ વાલહો રે,
એહ સંસાર સૂત્ર.''

વિનાશી એવા વપુની સાથેનો સંબંધ પણ વિનાશી જ હોય. જ્યારે અવિનાશી એવા આત્મા સાથેનો જ સંબંધ અવિનાશી હોય, આ શરીર અને આ નામ પણ વિનાશી છે, ક્ષણિક છે, નાશવંત છે. અશાશ્વત છે. તેની સાથેનો સંબંધ પણ વિનાશી, ક્ષણિક, નાશવંત છે. આત્મા જ શાશ્વત છે, અવિનાશી છે, તો તેનો - આત્મા સાથેનો જ સંબંધ શાશ્વત છે, અવિનાશી છે. ખરેખર આ શરીર અને નામનો સંબંધ એ તો રાગ - દ્વેષાદિ મોહ રાજાની પરિણતિ છે, દુર્ધ્યાનનું કારણ છે. ખરેખર આ જ્ઞાનામૃત અંજને મને શ્રદ્ધાની સાચી પાંખ અને સદાચારની સાચી પ્રીતિ રૂપી પાંખ આપી જેથી મારી પ્રીતિ આ શરીર પરથી ખસી આત્મા પર સ્થિર થઈ, લયલીન થઈ. આત્માની આત્મા પરથી પ્રીત જ અવિનાશી, શાશ્વત અમર બનનારી છે. શરીર સંબંધોનો આંચળો ઉતારી શાશ્વત સંબંધોનું સરવૈયું કાઢવા લાગી શું હું પહેલી જ વાર લગ્નગ્રંથિથી જોડાવું છું ? ના..... ના..... આવા લગ્ન તો અનંત સંસારમાં અનેક વાર મંડાયા. અનેક વર કર્યા. અનેક ઘર વસાવ્યા. વર અને ઘર કરી કરીને, વસાવી વસાવીને છોડી દીધા. પણ મારા હાથમાં કશું જ ન આવ્યું. હું તો હાથ ઘસતી જ રહી મોહે મને મારા આત્માને ભૂલાવ્યો. શરીરને જ મારું મનાવ્યું પણ ના આ શરીર મારું નથી. મારો આત્મા જ મારો છે. સંયોગના કારણે જીવે અનંતીવાર દુઃખો વેઠયા. માટે હવે મારે સંયોગજન્ય સંબંધ જોઈતા જ નથી. તેને કાપી જ નાખવા છે. તેનો અંત જ લાવવો છે. મારે તો મારા આત્માને જ સંબંધ કરવો છે. હું જડ ભોગી, પુદ્‌ગલ ભોગી, પુદ્‌ગલ રાગી, પુદ્‌ગલ સંગી નથી. હું તો સહજાનંદી છે, જ્ઞાનાનંદી છું. નિજાનંદી છું, સદાનંદી છું. જ્ઞાનાદિમય આત્મા જ મારો છે તે સિવાયનું કશું જ મારું નથી. પુદ્‌ગલજન્ય સુખો ક્ષણિક છે, કારમા વિપાકને આપનારા છે. જ્યારે આત્માનું સુખ શાશ્વત છે. હું મોહમગ્ન બની ભાન ભૂલી પણ સદ્‌ગુરૂ સંગે મને મારા સાચા સ્વરૂપનું ભાન

કરાવ્યું ારી મોહ જન્ય અજ્ઞાનની અંધકાર દશા દૂર થઈ, જ્ઞાનજન્ય સમ્યગ્પ્રકાશની દશા પેદા થઈ.'' પૂ. શ્રી આનંદ ઘનજી મહારાજે શ્રી ધર્મનાથ સ્વામિ ભગવાન ના સ્તવનમાં કહ્યું કે- ''પ્રવચન અંજન જો સદ્ગુરૂ કરે, દેખે પરમ નિધાન જિ. હૃદય નયન નિહાળે જગધણ, મહિમા મેરૂ સમાન, જિ.'' ધર્મ જિનેશ્વર ગાઉં રંગ યું.

આ રીતે રાજકુમારીના વિવેકચક્ષુ ખુલી ગયા, સ્વ - પરનું સાચું ભેદજ્ઞાન થયું. આત્મા અને જડનો ખેલ સમજાય , મોહરાજાની રમતનો કુટરાજનીતિનો સાચો ખ્યાલ આવી ગયો સોળે શણગાર સજીને સ્વયંવર માટે તૈયાર થયેલી રાજકુમારી પ્રભંજના ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈ અને કેવળજ્ઞાનને પામી. જ્ઞાનના પ્રજ્ઞા પ્રકાશન એક જ ચિનગારીએ ભવોભવના કર્મ કચરાના મૂળને બાળી નાંખ્યું. સ્વયંવરને બદલે સાચી સ્વતંત્રતા અને સ્વરાજ્યની પ્રાપ્તિ થઈ. દેવોએ દુંદુભિ વગાડી કેવલી એવા પ્રભંજના રાજકુમારીને સાધુ વેષ આપ્યો. કેવલી ભગવંતની વાણીથી અનેક આત્માઓ પ્રતિબોધ પામ્યા અને જૈન શાસનનો જય જયકાર થયો. ધન્ય છે આવા મહાસતી પ્રભંજના દેવીને !

આપણે અનાદિથી પુદ્ગલના પ્રેમી, પુદ્ગલના રાગી અને પુદ્ગલની આસક્તિથી પીડિત છીએ. તો કયારે એવી ધન્ય પળ આપણા જીવનમાં આ મહાસતી જેવી આવે જેથી આપણે પણ આત્મપ્રેમી, આત્મસંગી અને આત્મરંગી બની સિદ્ધિ વધુની વરમાળાને વરીએ ! સૌ પુણ્યાત્માઓ આવી પરમોચ્ચ દશાના સૌભાગ્યને પામો તે જ મંગલ મહેચ્છા.

સંયમાભિલાષીની ભાવના

રચયિતા : અ. સૌ. અનિતા આર. પટણી - માટુંગા

સંયમપંથે કયારે ચાલું, એવી ભાવના નિત્ય વહું
સંયમપંથના પુનીત યાત્રીને, નિત નિત હું વંદન કરું .....સંયમ. ૧

સુખ સામગ્રી સઘળી મળે પણ, સંયમ વિના છે બેકાર
મનુષ્યભવને ઉજ્વલ કરનાર, સંયમીનો જય જયકાર .....સંયમ. ૨

સંયમ સઘળી સિદ્ધિ આપે, દેવેન્દ્રો જેના ચરણ ચાંપે;
દુનિયાનો વૈભવ નાશવંતો છે, સંયમ આત્મા વૈભવ આપે .....સંયમ. ૩

અચલ અજર પદ આપે સંયમ, નિષ્કલંક અને નિર્વિકાર;
આત્ત્વિક ગુણો સમજાવે સંયમ, આત્મિક ગુણો ખીલે બહાર .....સંયમ. ૪

ભાવ ગુણો પમાડે સંયમ, ભવ્ય જીવ તારણહાર
ભવની ભાંવઠ ભાંગે સંયમ, ભવભીતિનો એ આધાર .....સંયમ. ૫

સંયમ માર્ગે વીરો ચાલે, કાયરનું નહિ કામ
વીર શાસનના શુદ્ધ આરાધક, સાચા ભાવે કરું પ્રણામ .....સંયમ. ૬

કષાય વૃક્ષને કાપવા માટે, સંયમ કુઠાર સમાન,
અવિરતિ દેવીની વૃદ્ધિ માટે, અપ્રમત્ત મંત્ર મહાન .....સંયમ..૭

સંયમ ગંગા નિયમ નિર્મલ જલ, પાવે પિયૂષ પાન;
આજ્ઞા પાલક અપ્રમત્ત મનને, થાય આત્મભૂપનું ભાન. .....સંયમ. ૮

મન વચ કાયા શુદ્ધિ કારક, સમકિત સંવેગ મહાન
પ્રશમ વિરાગ આત્મગુણ રંજન **'અનિતા'** યાચે ભવ શમન .....સંયમ. ૯

સમાચાર સાર

પ.પૂ.આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. દીક્ષા શતાબ્દિ મહોત્સવ

* અમદાવાદ મહાસુખનગર વાસુપૂજ્ય સ્વામી જિનાલય મધ્યે મરાઠાવાડ ઉદ્ધારક શાંતિ તપોમૂર્તિ આ. શ્રી વિજય પુણ્યાનંદસૂરિ મ. સા. ના શિષ્ય મરાઠવાડ ઉદ્ધારક શિષ્ય વિકટ તપસ્વી આ. શ્રી વારિષેણસૂરિશ્વરજી મહારાજ પાંચ બંધુની નિશ્રામાં જૈન રત્ન આ. શ્રી લબ્ધિસૂરિજી મ.ની દીક્ષા શતાબ્દિ અંગે આ. શ્રી વારિષેણસૂરિજીના ૧૦૮ આયંબીલની પૂર્ણાહુતિએ સમુહ સામાયિક, ચાતુર્માસ પરિવર્તન, શત્રુંજય ભાવયાત્રા સાથે ૧૮૦૦ આયંબિલનાં નિયમો નિર્વિઘ્ને થવા પાગેલ પૂ. શ્રી નાયડા પધારતા પ્રવચન ૨૭ અભિષેક પૂજન, સામાયિક થયેલ ઉષ્કાર તીર્થમાં સ્વાગત જિનભક્તિ તથા છાણીનગરે પધારતા વિરાગસેન મ. ની સંસ્કારી પુત્રો દ્વારા સામૈયુ સંઘ પૂજન થયેલ શાંતિ સ્નાત્રમાં સકળ સંઘે ઉત્સાહથી લાભ લીધેલ. માસર રોડ પધારતા ૧૦૦ આરાધકોના ઉપધાન તપના પ્રારંભ રસિકલાલ મણીલાલ શાહ પરિવાર તરફથી થયેલ છે.

પ્રતિદિન પ્રવચનો ભકતામર પાઠ આદિ સુંદર થાય છે. અત્રે ઉપાશ્રય ઉદ્ઘાટન પ્રસંગે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન થશે. તથા વણછરા તીર્થ પાર્શ્વનાથ જન્મદિક્ષા કલ્યાણક મેળો, અઠ્ઠમો એકાસણા, પ્રભુભક્તિ સાથે ભવ્ય રીતે થશે. સાધ્વી નયનપ્રજ્ઞાશ્રીજી ઠા. ૫ પણ પધારશે. પૂજ્ય ચંદ્રોદય સુરિજી મ. આશિષ આપવા પધારેલ હતા.

* **પ્રવર્તકપદ ઉત્સવ :** ૨૫૦૦ આયંબિલ તપ જપ સાધકમુનિશ્રી વજ્રસેનવિજય મ. ને મહાસુદ-૧ ના સવારે નવ વાગે પ્રવર્તક પદ પ્રદાન આ. શ્રી વારિષેણ સૂરિ મ. એ આપેલ હતું સાથે રસિકલાલ મણીલાલ શાહે કર્યાને કરવાનો ઉપધાનનો લાભ લેતા ૫૪ તપસ્વીનો માળા ઉત્સવ પરિકર પ્રતિષ્ઠા ઉત્સવ ૧૮ છોડ ઉજમણા, પદ હિકકુમારી, ૬૪ ઇન્દ્રનો સ્નાત્ર ઉત્સવ, સમુહ ૩૦૦ એકાસણા, ક્ષીરસમુદ્ર, માસક્ષમણ, ૧૫૦ સમુહ આયંબિલ ચંદન બાળા ખમણો સિદ્ધચક પૂજન શાંતિસ્નાત્ર ઉત્સવ ૪-નવકારશી જમણો વણછરા તીર્થને છ'રી પાલિત સંઘનો લાભ રમણલાલ ગભરૂચંદે વિવિધ સ્પર્ધાઓનો લાભ યુવકોએ માનેલ. વણછરા તીર્થ રમણીય છે. સમાધિ ગળે છે તપસ્વીના પારણા બહુમાન પ્રભાવના સુંદર થયેલ છે.

* **વડાયલા મોતીજી (રતલામ) :**

અત્રે શ્રી વિમલનાથ જિનાલયજી પ્રતિષ્ઠા પ.પૂ.આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિનો નિશ્રામાં મહા વદ-૪, તા. ૧૧-૨-૨૦૦૧ ના ત્રણ દિવસના મહોત્સવ પૂર્વક ઠાઠથી થઇ.

* **ઘાટકોપર વેસ્ટ :**

એલ. બી. એસ. માર્ગ ઉપર પ.પૂ.આ. શ્રી વિજય વીરશેખર સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી શ્રી ચંદ્રપ્રભાનાથ પ્રાસાદમાં પ્રતિષ્ઠા તથા ગોગરી આરાધના ભવનનું ઉદ્ઘાટન પ.પૂ.આ. શ્રી વિજય લલિતશેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં મહા સુદ-૧૧ થી મ. સુ. ૧૫ સુધી ઠાઠથી થયા.

* **કપડવંજ :** અત્રે શ્રી શ્રુતરત્ન મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવ પૂ.આ. શ્રી સૂર્યોદય સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં મહા સુદ-૧૧ થી ૧૫ ઉજવાયો. ભકતોને કારણે વિશિષ્ટ કાર્યક્રમ જ થયા હતા.

* **પાલીતાણા :**

અત્રે જય તલાટીમાં પ્રવેશ દ્વાર મંગલમાંગલ્ય (નાસિક) વાળા શ્રી સંઘ માતા સરસ્વતીબેન શાંતિલાલ ચુનીલાલ મહેતાના શાસન પ્રભાવક જૈન રિલીજીયસ ટ્રસ્ટ સહકારથી થાય છે. તેનો મહા સુદ-૧૧ રવિવાર તા. ૪-૨-૨૦૦૧ થી પ્રવેશ સુરેશભાઇ પોપટલાલ તથા અજીતભાઇ શાંતિલાલ ને ત્યાં હતો.

* **માસર રોડ :**

અત્રે પ.પૂ.આ. શ્રી વિજય વારિષેણ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અત્રે મહા સુદ ૧૦ થી ઉપધાન શરૂ થયા. માળ પ્રસંગે અભિનંદ સ્વામી પરિકરની પ્રતિષ્ઠા પો. વદ ૧૨ ના થઇ ગયેલ છે. મહા સુદ ૧ ના માળાનો ઉત્સવ ઉજવાય ગયો.

* **પાડીવ (રાજસ્થાન):**

પ.પૂ.આ. શ્રી વિજય કંગલ રત્ન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પિતાશ્રી સ્વ. શ્રી ઓંકાર ગલજી બાંડારના શ્રેયાર્થે તથા માતુશ્રી દીપુબાઇના જીવીત મહોત્સવ નિમિત્તે અષ્ટોત્તરસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ મહાવદ ૮ થી મહા વદ ૧૩ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

* **ચેન્નાઇ :** વડપલનીમાં સંભવનાથ જિન મંદિરની શિલાન્યાસ પૂ.આ.શ્રી નિત્યોદયસાગર સૂરીશ્વરજી મ. પૂ.આ. શ્રી ચંદ્રાનન સાગર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં તા. ૨૭-૨-૨૦૦૧ ના ઠાઠથી થયો.

ત્રિકરણયોગની શુદ્ધિના ઉપાયો

- સૌ. અનિતા આર. પટણી - માલેગાંવ

સુંદરતા અને સ્વચ્છતા સૌને ગમે છે 'Cleanness' ના પાઠ શાળામાં પણ ભણાવાય છે. સૌને ઘર - વસ્ત્ર - ભોજન સ્વચ્છ જોઈએ છે, તે માટે બધા સહજ, પ્રવૃત્તિ પણ કરે છે ભવન - ભોજન - વસનમાં જરાપણ અસ્વચ્છતા કે ગંદકી દેખાય તો માથું પણ ફરી જાય છે આ સૌના અનુભવમાં છે વસ્ત્ર - શરીર આદિની સ્વચ્છતા ગમે છે તેમાં ડાઘડૂઘી ન લાગે તેની કાળજી રખાય છે પણ તે સિવાય મન - વચન અને કાયાની સ્વચ્છતા, આત્માની પવિત્રતા ખૂબ જ જરૂરી છે તેવો વિચાર આજે કરનારા વિરલ જીવો હશે. બાહ્ય ટાપ-ટીપ, સ્વચ્છતા, સુઘડતા હશે પણ મન - હૃદય મલીન હશે તો શું થશે ? તનનો ઉજળો, મનનો મેલો' સ્વ-પરના જીવનને બગાડે છે. શરીરની સ્વચ્છતા અને પવિત્રતાનો વિચાર કરનારા આત્માની સ્વચ્છતા અને પવિત્રતાનો વિચાર કરી, તે માટે થોડો પણ પ્રયત્ન કરે તો આ જીવનને આબાદીના માર્ગે લઈ જશે, બાકી બરબાદી તો દેખાય છે. આત્માને શુદ્ધ રાખવા મન, વચન અને કાયાની શુદ્ધિ ખૂબ જ જરૂરી છે. આજે તે ત્રિકરણ યોગોની શુદ્ધિનો મારી અલ્પમતિ પ્રમાણે થોડો વિચાર જણાવું છું.

(૧) મનની સ્વચ્છતાનો અર્થ છે મનમાં - હૈયામાં કોઈના પણ પ્રત્યે દુર્ભાવ, ખરાબ ભાવ રાખવો નહિ. રાગ-દ્વેષ, મોહ - માયા - મમત્વ - કલહ, ક્રોધ - માન - માયા - લોભથી વ્યાપી ચિત્ત એ જ મનની અપવિત્રતા છે. ભૂંડું કરનારનું પણ ભલું વિચારવું. રાગાદિ સંક્લેશથી ચિત્તને બચાવવું. રાગાદિના કારણે મનમાં દુષ્ટતા પેદા થાય છે. પછી અવળચંડું મન કયાંનું કયાં શું શું વિચારે છે તેનું વર્ણન કરાય તેમ નથી. મનને સ્વચ્છ રાખવા કોઈપણ ક્રોધ કરે - કરાવે તો પણ શાંતિ - ક્ષમા રાખવી. માન - અભિમાન - અહંકારથી બચવું અને માનાદિના પ્રસંગોમાં પણ નમ્રતા રાખવી. માયા ન કરતાં પણ બાળકના જેવી સરલતા - નિખાલસતા રાખવી. કોઈપણ પદાર્થનો લોભ નહિ રાખવો પણ જીવનમાં સંતોષ કેળવવો, કોઈનું પણ બુરું નહિ વિચારવું. કોઈની અપેક્ષા પણ નહિ રાખવી અને કોઈની ઉપેક્ષા - તિરસ્કાર - નફરત નહિ કરવી હંમેશા શુભ ભાવનાઓ ભાવવી. ઉદાર - વિશાળ મન રાખવું, જીવમાત્રની મૈત્રી વિચારવી. હંમેશા સારા સંકલ્પ - વિકલ્પો કરવા. આસક્તિથી બચી વિરક્તિને ધારણ કરવી.

(૨) વચનની સ્વચ્છતાનો અર્થ છે વાણીનો સંયમ કેળવવો. દુનિયામાં પણ કહેવાય કે પાણી અને વાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરનારા ઘણા અનર્થોથી બચી જાય છે. વાણીના સંયમથી સ્વ-પર અનેકને લાભ થાય છે, ઘણા ખોટા કલેશો - સંતાપથી બચી જવાય છે. મૌનને તો જ્ઞાનિઓએ શ્રેષ્ઠ તપ કહ્યો છે. જરૂરી હિત - મિત - પથ્ય જ વાણી બોલવી જોઈએ. બોલવાનો પ્રસંગ આવે તો ખૂબ જ વિચાર કરીને બોલવું. કહેવાય કે મોંઢામાંથી નીકળેલું વચન પાછું ફરતું નથી. બોલવામાં ખૂબ જ વિવેકી બનવું. બોલતી વખતે અહંભાવ આવી ન જાય, ક્રોધાદિનો આવેશ આવી ન જાય તેની ખૂબ જ કાળજી રાખવી. શબ્દોને પહેલા તોલો અને પછી બોલો. જેમ લોટ પહેલા ચળાય પછી ઉપયોગમાં લેવાય તેમ વાણી વિવેકરૂપી ચાલણીથી ચાળી પછી બોલવી જેથી પોતે જ બોલેલું પાછું ખેંચવાનો - થુંકેલું ગળવાનો વખત ન આવે. સંદિગ્ધભાષા બોલવી નહિ. બેવચની બનવું નહિ. કોઈને પણ દુઃખ થાય તેવું બોલવું નહિ. ભગવાનની સ્તવના - ભક્તિ પણ લોકોની 'વાહ વાહ' માટે ન કરવી પણ આત્માને રાજી કરવા, આત્માને સારો બનાવવા કરવી. બોલવામાં ઉતાવળા કે અવિવેકી ન બનવું. જે બોલવું તે સાચું બોલવું.

(૩) કાયાની સ્વચ્છતા - પવિત્રતાનો અર્થ છે જે કાંઈ ક્રિયા - કર્મ કરાય તે આત્માને સારો બનાવવા કરાય. કાય યોગની પ્રાપ્તિ બધા જીવોને થાય છે. કાયા ગમે તેટલી સુંદર, રૂપ સંપન્ન હોય પણ જીવનમાં સદાચારનું સેવન ન હોય અને દુરાચારમાં મજા આવતી હોય તો તે કાયા અનેક અનર્થોનું કારણ બને છે. કાયાને સદાચાર - શીલપાલનથી પવિત્ર બનાવવાની છે. કોઈપણ કામ નિષ્કામભાવે, બદલાની આશા વિના, નિસ્વાર્થભાવે કરવું કર્મના ફલની ઈચ્છા પણ ન રાખવી. જીવન વ્યવહાર શુદ્ધ - ચોકખો, પવિત્ર રાખવો. માતા - પિતાદિ વડીલોની સેવા માથે પડયા તેવા ભારથી નહિ પણ આપણા પૂજ્ય છે તેમની સેવા - ભક્તિ કરવી જ જોઈએ તેવા ઉપહારથી કરવી. સેવામાં પણ મારા - તારાનો પક્ષપાત, મમત્વભાવ ન રાખવો. કોઈનું સારું કરવામાં, કોઈ માટે ઘસાવામાં મારી આ કાયા ઉપયોગમાં આવે તો તેના જેવું રૂડું બીજું શું આ ભાવથી સારું કરી છૂટવું આપણા કારણે કલેશ, સંકલેશ, વાદ - વિવાદ - વિખવાદ ન થાય તેની કાળજી રાખવી. આત્માને વિશુદ્ધ બનાવવા જ્ઞાનિની આજ્ઞા પ્રમાણે કાર્યો કરતા રહેવા.

આ પ્રમાણે જે પુણ્યાત્મા પોતાના મન - વચન - કાયાને વિશુદ્ધ બનાવવા પ્રયત્ન કરશે તેમનું જરૂર કલ્યાણ થશે. આ ઉપાયો સહેલા નથી પણ અનિવાર્ય જરૂરી તો છે જ. યોગોની શુદ્ધિ જ અયોગીપણાની પ્રાપ્તિનું કારણ છે. તેમાં તો બે મત નથી. જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું તો ક્ષમાપના.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

■ આ દુનિયાદારીનું સુખ નુકશાન કરનાર છે તે જ્ઞાન થઈ જાય તો બધું જ્ઞાન, તત્ત્વજ્ઞાન થાય. તે સુખ નુકશાન કરનારું છે તેમ ન લાગે તો બધું જ્ઞાન અજ્ઞાન બને.

■ આ સંસારનું સુખ જ્યાં સુધી ભૂંડુ લાગે નહિ, દુઃખ વધાવી લેવા જેવું લાગે નહિ ત્યાં સુધી સુખમાં વિરાગથી નહિ રહેવાય અને દુઃખમાં સમાધિથી નહિ જીવાય.

■ વિરાગ એટલે રાગના સ્થાનમાં બેઠો હોવા છતાં ય રાગ ભૂંડો લાગે.

■ ધર્મી એટલે ધર્મના વિચારમાં રમનારો જીવ !

■ સમજુ તેનું નામ જે પુણ્યમાં 'છાકટો' ન થાય અને પાપોદયમાં 'હીન' ન થાય.

■ પર્વો મોહરાજા સામેની લઢાઈ છે. પૈસા અમથા નથી ઉડાવવા મોહના લમણામાં વાગે તે રીતે ઉડાડવા છે.

■ દુઃખને મજેથી વેઠવું તે જ દુઃખથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય.

■ દુઃખમાં અરતિ અનેં સુખમાં રતિ તે જ બધા પાપની જનેતા !

■ સમજુ આત્માને કદાચ દુઃખમાં અરતિ થાય તો તે ત્યારે વિચારે કે - ''તારા જ પાપે દુઃખ આવ્યું છે તો તે તારે મજેથી ભોગવવાનું છે. મજેથી ભોગવીશ તો જ દુઃખ જશે.'' દુઃખને મજેથી ભોગવવું તે દુઃખ મુક્તિનો માર્ગ.

■ સાધુપણાનાં કષ્ટ તો કર્મક્ષયનું અપૂર્વ સાધન છે.

■ દુઃખનો આદર સુખનો અનાદર તે ધર્મીનું ભૂષણ !

■ સંયમનો રાગ અને અસંયમનો દ્વેષ સાધુપણામાં પ્રાણ પૂરે.

■ દુનિયાના સુખનો રાગ અને દુઃખનો દ્વેષ જીવને ધર્મથી દૂર રાખે.

■ ભગવાનના શાસનના ગ્રન્થો જે કોઈ વાંચે, સાંભળે કે ભણે તેને પહેલામાં પહેલો દુશ્મનભાવ સંસાર સામે થાય.

■ ગુરૂના પગ પકડવા એટલે ગુરૂ જે કહે તે જ કરવું છે. મન, વચન અને કાયા ત્રણે તેમને જ સમર્પિત. તેમને પૂછયા વિના કશું કરવાનું નહિ.

■ આજનો ધર્મી ગણાતો મોટો ભાગ ધર્મની બાબતમાં સંમૂર્ચ્છિમ કોટિનો છે અને સંસારની બાબતમાં મહાસંજ્ઞી છે.

■ મોહનો દ્વેષી તે આખા જગતના ઋદ્ધિ - સિદ્ધિનો દ્વેષી ! તેથી તે સાચાં રાગના સ્થાન શોધે. રાગ છૂટે ત્યારે સંસાર છૂટે. રાગનું સ્થાન બદલાય ત્યારે ધર્મ આવે.

■ ત્યાગ એ અમૃત છે. સંસારનું સુખનું અર્થીપણું એ ઝેર છે.

■ ધર્મની પ્રવૃત્તિ દુઃખને ભેટવા અને દુનિયાના સુખ માત્રથી બચવા માટે છે.

■ સંસાર કોઈ રીતિએ સારો નથી જ. સારાપણું મોક્ષમાં જ છે. અહીં જે કાંઈ સારાપણું દેખાય તે ધર્મનો પ્રભાવ ! ચીજમાં સારાપણું તે પુણ્યનો પ્રભાવ ! હૈયામાં સારાપણું તે ક્ષયોપશમનો પ્રભાવ ! તમારો બંગલો તમારો પુણ્યોદય સૂચવે છે અને તમારું હૈયું સારું ન હોય તે તમારું પાપ સૂચવે છે. બહારની સારી સામગ્રી તમારો પુણ્યોદય છે. તમારું સારું વર્તન તે સુંદર કોટિનો ક્ષયોપશમ ભાવ છે. વર્તન સારું ન હોય તો ક્ષયોપશમ 'મેલો' અને ઉદયભાવ 'જોરદાર' છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

5745

Received
14-3-01

જૈન શાસન

શ્રદ્ધા અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

કઈ કૃશતા લાભદાયી ?

इंदियाणि कसाए य, गारवे य किसे कुरु ।
न चेयं ते पसंसामी, किसं साधुसरीरगं ॥
(શ્રી વ્યવહાર ભાષ્ય, ૪૨૮૪)

આચાર્યે કહ્યું કે- હે વત્સ ! તમે તમારી ઇન્દ્રિયોને જીતો, કષાયોને અલ્પ કરો, રસ - ઋદ્ધિ - શાતા સ્વરૂપ ત્રણે ગારવોથી મુકત બનો, માત્ર શરીરને કૃશ કરવાથી કાંઈ કામ થતું નથી.

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

અઠવાડિક

વર્ષ ૧૩ | અંક ૨૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

પરમ શ્રેય - પ્રભુ આજ્ઞા

મોકલનાર - શાહ રતિલાલ ડી. ગુઢકા- લંડન

સિધ્ધસેન દિવાકર સૂરિજીએ નમસ્કાર મહામંત્રને પરિવર્તન સંસ્કૃતમાં કર્યું; નમોડહર્ત રૂપે ગુરૂને બતાવ્યું. ગુરૂએ કહ્યું આમ ફેરવવાથી જિનેશ્વરદેવો - ગણધરદેવો ઉપર અશ્રધ્ધા થઈ તેનું પ્રાયશ્ચિત આવે, ગુર્વાજ્ઞાપ્રેમી તે સૂરીશ્વરજીએ પ્રાયશ્ચિત માંગ્યું સૂરિજીએ ૧૨ વર્ષ ગુપ્ત રેવાનું અને ૧ રાજાને પ્રતિબોધ કરવાનું પ્રાયશ્ચિત આપ્યું તહત્તિ કરી સ્વીકાર્યું અને ગુપ્ત થઈ ગયા ૭ વર્ષે અવંતિ આવ્યા, ત્યાં સ્ફોટથી અવંતિપાર્શ્વનાથ પ્રગટ કર્યા. રાજા પ્રતિબોધ પામ્યો, બાકી ૫ વર્ષ માટે ફરીથી ગુપ્ત વેષમાં લીધા પ્રભુ આજ્ઞાને શુધ્ધ ભાવથી સ્પષ્ટ સમજાવીને પ્રયત્ન કરવો ભાવ સેવવો તે (સમ્યગ્જ્ઞાન) સ્પષ્ટ સમજાયેલી હકીકતને (દૂધને દૂધ તરીકે જાણવું) તે આજ્ઞાને આત્મામાં ઉતારવી (સમ્યગ્દર્શન) અને પ્રભુ આજ્ઞાનું શક્ય તેટલું પાલન કરવું પ્રભુ આજ્ઞાને માન્ય રાખી આદર કરવો તે (સમ્યગ્ચારિત્ર)

અનુત્તર વિમાનમાં રહેનારા દેવોને સુખનો તો માપ નથી હોતો, છતાં (૩૩ સાગરોપમનું આયુ) તે બાજુ અણગમો હોય. અને તેઓ રાતને દિવસ તત્ત્વ ચિંતામાં જ પડયા હોય છે. સુંદર નાટકો ચાલુ હોય છતાં તે બાજુ મન રાખતા નથી, ૩૩ સાગરોપમનું આયુષ્ય તેમને મોટી જેલ લાગે છે આપણું આયુષ્ય અને સુખ કેટલું વિચારો.

તીર્થંકર પરમાત્મા દીક્ષા લેતાં નાચી ઉઠે છે. ભગવાનના સાધુ ૮ મા ભવે ૯ મા ભવે અવશ્ય મોક્ષે જાય તેવી મોર મારી દીએ છે. આપણો પુન્યોદય પાપોદયમાં ઢંકાઈ ગયો છે, જેથી પાપ પ્રવૃત્તિમાં વધારે સમય પસાર થાય છે. હૈયું પણ એવું કઠણ બની જાય છે કે જેથી જલ્દી સામાયિક - પૂજા - પચ્ચખાણ પ્રતિક્રમણ વગેરે પ્રવૃત્તિ કરવાનું મન ન થાય, મનુષ્ય ભવ કર્મ ખપાવવા માટે છે. માટે જ ભગવાને ધર્મ ક્રિયાઓ કરવા, કેતા આરાધવા બતાવી છે જિન આજ્ઞા એ જ પરમો ધર્મ છે.

તામલી તાપસે ૬૦ હજાર વર્ષ આયંબિલ તપ અને પારણામાં ૨૧ વખત ધોયેલા ચોખા વાપરીને છઠના પારણે છઠ્ઠ નો તપ કર્યો તો પણ જિનાજ્ઞા રહિત એ અજ્ઞાન તપ બહુજ અલ્પ ફળ આપનારો બન્યો.

શાસના પાને પાને જિનાજ્ઞા એજ મહત્વનું છે. બાકી એના વિના ક્ષોતરા ખાંડવા - મડદાને સોનાના દાગીના પહેરાવવા - ભયંકર શૂન્ય જંગલમાં રડવું આ બધું જ નિષ્ફળ છે તેમ પ્રભુ આજ્ઞા વિના જિન પૂજા કે ધર્મ ક્રિયાઓ નિષ્ફળ જાય છે.

પ્રભુ આજ્ઞા વિના આજ લગી કોઈ જીવ મોક્ષે ગયો નથી અંબડ પરિવ્રાજક રાજગૃહી નગરીએ જાવાનો હતો ત્યારે તેમણે પ્રભુ મહાવીરને કહ્યું કે આજે રાજગૃહી જાવું છે મારા સરખું કાર્ય હોય તો આજ્ઞા આપો, પ્રભુએ કહ્યું કે સુલસા શ્રાવિકાને ધર્મ લાભ કેજો. અંબડ પરિવ્રાજક એની શકિત ભકિત તપ એ કાંઈ આછું ઉતરે તેમ ના હતો તેણે સુલસા શ્રાવિકાની પરિક્ષા કરવા રાજગૃહી નગરીના ચારે દરવાજે જુદા જુદા પ્રથમ દરવાજે બ્રહ્માનું રૂપ બીજા દરવાજે વિષ્ણુનું રૂપ અને ત્રીજા દરવાજે શંકરનું રૂપ લઈ અદ્ધર નિરંજન કરીને બેઠો લોકોના ટોળે ટોળા ઉમટયા પણ સુલસા નાં જાતી અને એનું વર્ણન તો ઘણુંજ છે પણ ટુંકમાં સુલસા પ્રભુ આજ્ઞામાં મક્કમ છે દેવ કોને કહેવાય ગુરૂ કોને કહેવાય અને ધર્મ ખરો કયો એની ખાતરી શ્રધ્ધા રોમે રોમ હતી જેથી સુલસા એના આચાર વિચાર ધર્મ જાણતી જેથી તે ના ગઈ

પણ ચોથે દરવાજે અંબડ પરિવ્રાજક તીર્થંકર પ્રભુનું બનાવટી રૂપ કરીને બેઠો અને લોકો ટોળે ટોળા ઉમટયા છે અને ત્યારે સુલસાના સંબંધી કે પાડોશીઓ કહે છે કે સુલસા આજ તો તારો ખુદ ભગવાન ૨૫ મો તીર્થંકર આવ્યો છે.

જાુઓ અહીં આપણે સમજવા જેવું છે શું કહ્યું કેવડાવ્યું કે ૨૫ મો તીર્થંકર - ૨૪ મો નહિં. કેટલો ચતુર છે ત્યારે મહાસતિ સુલસા શું જવાબ આપે છે શું કહે છે. એજ સાંભળવાનું છે. સુલસા કહે છે. તીર્થંકર ૨૪ જ હોય આ કોઈ ઠગારો છે. ધૂતારો છે. જા ભાઈ આવા ઠગારા ધૂતારાને સુલસા જોવા આવી ના શકે જા. એ તો કોઈ ધૂર્ત છે. સુલસા એક વિનયવાન ઉતમ શ્રાવિકા હતી છતાં આમ કેમ કહ્યું એનો ભાવાર્થ સમજાય છે ?

તુંગીઆ નગરીમાં શ્રાવકોને સુદેવ સુગુરૂ- સુધર્મ પ્રત્યે અડગ શ્રધ્ધાની પરીક્ષા કરવા ખુદ ગણધર ભગવંત શ્રી ગુરૂગૌતમસ્વામી ગયા અને, તેઓશ્રીએ ઓઘો ડાબી બાજુ રાખવો જોઈએ કેતાં રાખવાનો હોય તેમ છતાં જાણી જોઈને જમણી બાજુએ ઓઘો રાખ્યો. આ જોઈ ગણધર જેવા ગણધર ભગવંતને ૪ જ્ઞાનના ધણી અને અનંત લબ્ધિના માલિકને ત્યાંના કોઈપણ શ્રાવકે વંદન ના કર્યું (આપણે અહીં પ્રશ્ન થવો જોઈએ કેમ વંદન નહિં કર્યું હોય આવા ગણધર ભગવંતને ? ભગવાન બદલે તેમને જ પાટ સંભાળવાની હોય એવા ગણધરને) ત્યારે ગૌતમ સ્વામીને ખ્યાલ આવ્યો કે આ ખરા શ્રાવકો મહાન શ્રાવકો છે પ્રભુના ખુદ

અનુસંધાન પેઈજ - ૩

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩ | સંવત ૨૦૫૭ ફાગણ સુદ ૧૧ | મંગળવાર તા. ૬-૩-૨૦૦૧ | (અંક : ૪૯/૨૯

વાર્ષિક રૂા. ૧૦૦ | આજીવન રૂા. ૧૦૦૦ | પરદેશ રૂા. ૫૦૦ | આજીવન રૂા. ૫૦૦૦

જિન મંદિરો, જૈન ઉપાશ્રયો અને જૈનો ભૂકંપના ભોગ બનેલાની કાળજી

૨૬ જાન્યુઆરીનો દિવસ એક ભયંકર કાળની થપાટ બની ગયો ભયંકર ભૂકંપે લાખોને પાયમાલ કરી દીધા, કરોડોને ભયભીત કરી દીધા, જીવનના મૂલ્યો પલટાવી દીધા, શિલ્પ સ્થાપત્ય અને બાંધકામના મૂલ્યોને વિખેરી નાખ્યા.

કંઈ સ્થિર નથી, કોઈ નિર્ભય નથી, કોઈ કોઈનું નથી, કોઈનું કાંઈ નથી. આવી જડબે સલાક હવા ઉભી કરી દીધી. કયારે શું થશે તે કહેવાય નહિ તેવી અસ્થિરતા ઉભી કરી દીધી આ સંસાર ક્ષણિક અને પરિવર્તનશીલ છે તેવું પ્રગટ અનુભવી દીધુ.

આત્મા જાગે તો તેના મોહ માયા લોભના બંધન ઢીલા થઈ જાય, દાન, શીલ, તપ અને ભાવનાના દ્વાર ખૂલી જાય જ્ઞાન દર્શન ચારિત્રની સાધના જાગૃત બની જાય.

દેશ અને દુનિયામાં હાહાકાર વર્તાઈ ગયો. લાખો મનુષ્યો, લાખો પશુઓ પ્રાણ રહિત બની ગયા. આવી દયનીય સ્થિતિમાં જે વહારે આવે તે સ્વપરના હિતના ભાગીદાર બની જાય.

કચ્છ જૈન શાસનની સ્થિતિમાં સેંકડો જિન મંદિરો ધારાશર્ય બની ગયા ઉપાશ્રયો ખંડેર બની ગયા અને હજારોના હજારો કલેવરો બેઘર બની ગયા, શ્રાવકોનો મૃત્યુનો આંક પણ ઘણોજ મોટો છે, પૂજા કરવાનો સમય હોવાથી પૂજા કરવા ગયેલા ઘણા મંદિરમાંજ પ્રાણ વિમુકત બની ગયા, ઘરના ઘર, કુટુંબના કુટુંબ વિલય પામી ગયા. ઘરના સભ્યોમાં પિતા, માતા, પતિ, પત્ની, પુત્ર, પુત્રી એકલા પડી ગયા. ભર્યા ઘર સૂના થઈ ગયા, નજરે નહી જોયેલ, નહી વાંચેલી અને નહી સાંભળેલી એક કથની બની ગઈ.

સામે લૂંટનારા, ચોરનારા, અને ગોરખધંધા કરનારા સોના રાફડા ફાટી નીકળ્યા, હજારો, લાખો, કરોડોની લૂંટો પાટ ભર્યા ઘરોમાંથી થઈ ગઈ.

દાનની, રાહતની નદીઓ વહેવા લાગી તેમાંય ચાંચીયાગીરી કરનારા દાનવ બનીને તૂટી પડનારા ઝૂંટવીને લઈ જનારાઓએ પણ કારો કેર વર્તાવ્યો જેમને આપવાનું તેમના સુધી ઘણું ન પહોંચ્યું છતાં સહાયનો સમદર ઉમટ્યો તેને કારણે કાર્ય જરૂરી કંઈક થયું.

જૈનો માટે, જિન મંદિરો, ઉપાશ્રયો અને જૈનોનો ગંભીર પ્રોબ્લેમ ઉભો થયો છે. અને તે પડકાર ઝીલ્યા વિના ચાલશે નહિ.

જિન મંદિરો સમરાવવા અને વ્યવસ્થિત કરવા માટેના પ્રયત્નો જોરદાર જોશે. અમદાવાદ શેઠશ્રી કલ્યાણજી આણંદજી પેઢીએ ટહેલ પાડી અને પેઢી તરફથી તથા કાર્યકર્તાઓને ઠેર ઠેર મંદિર આદિની સ્થિતિની તપાસ કરીને તેમાં મંદિરના કાર્યો માટે પેઢી તરફથી સરવે થયા મુજબ કાર્ય કરવાનું થશે. તે ધન્યાવાદને પાત્ર છે.

શ્રીપાલનગર જૈન દેરાસર ટ્રસ્ટ, ૧૨, જમનાદાસ મહેતા રોડ, વાલકેશ્વર, મુંબઈ-૬ થી પણ જિન મંદિરોના જીર્ણોધ્ધારની ટહેલ પાડી છે અને તે શાસનના કાર્ય માટે પ્રશંસાને પાત્ર છે.

ઠેર ઠેર રાહત માટે ફંડો થયા છે પ્રેરણા પણ થાય છે તેનું આયોજન પણ વ્યવસ્થિત જે તે સંસ્થાઓ કરશે. તેમાણે સરકારનું આયોજન પોતાની સાથે જોડી દેવા પ્રયત્નો કરવા જોઈએ. મુખ્યમંત્રીશ્રી આદિએ પણ આ સેવાની ભરેલી સંસ્થાઓને નિયમ મુજબ જોડે તો કામ ઘણું થઈ શકે ૬૦ ટકા સરકારના અને ૪૦ ટકા સંસ્થાના એમ આયોજન થાયતો કામ ઝડપથી પાર પડશે તે માટે સરકાર સાથે સંબંધ ધરાવનારાઓએ પ્રયત્ન કરવો રહેશે.

કેટલાંક પોતાના બળે કે સંબંધી સમાજ દ્વારા કદાચ ઉભા થાય પણ એટલો મોટો પડકાર છે કે સહકાર વિના ઉધ્ધાર થઈ શકશે નહિ.

ઉપાશ્રયોનો સરવે અને જૈનોની તબાહીનો સરવે શ્રી પેઢી અને તે વિસ્તારના મુખ્ય સંઘો તથા કાર્યકર્તાઓએ એકત્ર કરીને જાહેરમાં મૂકવો જોઈએ અને ઉપાશ્રય અને જૈનોના ઉધ્ધાર માટે કોઈ ફંડો હોતા નથી જેથી ઉદાર અને ઋધ્ધિ સંપન્ન શ્રાવકોએ જ પોતાની ફરજ સમજીને તે કાર્યમાં પ્રવૃતિ કરવી જોઈએ બાકી આભ ફાટ્યું છે તેથી કેટલું પહોચાય તે નક્કી ન કહેવાય પણ જરૂર પહોંચાશે તે તો કહી શકાય.

રૂપિયા આ બરબાદીને આંકી શકાય નહિ. ક્રોડપતિઓનું પણ હાથમાં લઈને કે બીજા આપે તે ખાવાનો વારો આવ્યો છે.

વધારે શું દરેક પોત પોતાના કાર્યોમાં લાગી જાય એજ શુભ અભિલાષા.

આ વિષયમાં માર્ગદર્શ અનેક જગ્યાએથી મળશે છતાંય જરૂર પડે તો પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ હાલ શંખેશ્વર સ્થિતિ છે. ત્યાં અનેક ભાવિકો આવે છે અને વિગતો આપે છે. તમો પણ આ અંગે તેઓશ્રી પાસેથી માર્ગદર્શન મેળવી શકશો.

સંપર્ક :

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.

C/o. હાલારી ધર્મશાળા, પંચાસર રોડ, શંખેશ્વર તીર્થ

ફોન : ધર્મશાળા (૦૨૭૩૩) ૭૩૩૦

ઉપર પૂછપરછ થઈ શકશે.

॥ શ્રી શંખેશ્વરાય પાર્શ્વનાથાય નમઃ ॥

વર્ષીતપના પારણા

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં પૂ. આચાર્ય શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં સંવત ૨૦૫૭ વૈશાખ સુદ ૩ (અખાત્રીજ) ના શુભ દિવસે વર્ષીતપના પારણા થશે. જે તપસ્વીઓને શ્રી શંખેશ્વર મહાતીર્થમાં હાલારી ધર્મશાળામાં પારણા કરવાની ભાવના હોય તેઓએ પોતાનું નામ ધર્મશાળાની પેઢીમાં લખાવી પોતાનું સ્થાન બુક કરાવી લેવા વિનંતી છે. આ અંગે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરો અથવા રૂબરૂ મળો.

શ્રી હાલારી જૈન ધર્મશાળા

પંચાસર રોડ, શંખેશ્વર તીર્થ, તા. સમી, જી. મહેસાણા-ગુજરાત ફોન : (૦૨૭૩૩) ૭૩૩૧૦

પુરુષોની સભામાં સાધ્વી વ્યાખ્યાન વાંચી શકે ?

(વર્તમાનકાળની સ્ત્રી-પુરુષની સમાનતાનો નાદ જૈન શાસનને પણ અડવા લાગ્યો છે. આત્માની અવનતિને પણ 'પ્રગતિ'ના રૂપમાં ગવાઈ રહી છે. શાસ્ત્રીય માર્ગને પણ 'રૂઢિ ગ્રસ્ત' 'સંકુચિત' 'દેશ-કાલનાં અજાણ'ના બીરૂદો અપાઈ રહ્યા છે. શાસ્ત્રીય મર્યાદાનું પાલન હિતકર માર્ગ છે, ઉલ્લંઘન આત્મપતનનો ધંધો છે. વર્ષો પૂર્વે 'રેડ સિગ્નલ' રૂપે અપાયેલ જવાબ આજે પણ દિગ્દર્શન રૂપ છે. તે માસિકના સાભાર સાથે અત્રે પ્રગટ કરીએ છીએ. 'જૈન ધર્મ પ્રકાશ' પુસ્તક-૬ ઠ્ઠું અંક - પમો ફાગણ, વીર સં. ૨૪૭૨, વિ. સં. ૨૦૦૨, પૃ. ૧૩૦, પ્રશ્ન - ૨૩૭ - સંપા.)

પ્રશ્ન - સાધ્વી પુરૂષોની સભામાં વ્યાખ્યાન ન વાંચે, તેનું કારણ શું ?

ઉત્તર - આત્માને મુક્તિમાર્ગની આરાધના કરી મોક્ષના અબાધ સુખ બે ખરા બંધનોનો ત્યાગ કરવાથી જ મળી શકે. તે બે બંધન, ૧- રાગ બંધન, ૨ - દ્વેષ બંધન. માટે જ શ્રમણ સૂત્રમાં કહ્યું છે કે " પડિક્કમામિ દોહિં બંધણેહિં રાગ બંધણેણં દોસ બંધણેણં"

રાગનું કારણ હોવાથી સાધ્વીને વ્યાખ્યાન વાંચવાનો નિષેધ કર્યો છે. એ રીતે સાધુ પણ વ્યાખ્યાનની પર્ષદામાં પુરૂષો ન હોય ને કેવળ સ્ત્રીઓ જ હોય ત્યારે વ્યાખ્યાન ન કરે, કારણ કે સ્ત્રી વર્ગ રાગોત્પત્તિનું કારણ છે. "ન ડ પે ડ યં જાણં" એટલે સાધ્વી પુરૂષોની સભામાં વ્યાખ્યાન ન વાંચે. એ નાટકીયાના પેડા જેવી સ્થિતિ જાણવી, એમ શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વગેરે મહાપુરૂષોએ શ્રી સંબોધ પ્રકરણ, શ્રી શટયંભવસૂરિએ મનક મુનિ (પોતાના પૂર્વાવસ્થાના પુત્ર) ના કલ્યાણને માટે પૂર્વોમાંથી ઉધ્ધરેલા શ્રી દશવૈકા લેક સૂત્રની મોટી ટીકા વગેરે શાસ્ત્રોમાં જણાવ્યું છે.

આ. શ્રી વિજય પદ્મસૂરિજી મહારાજા.

રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.

પ્રવચન ચોથું

(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)

તા. ૧૩-૧-૭૪ ને રવિવાર પોષ વદ - ૬ ને દિવસે લાલબાગ જૈન ઉપાશ્રયના હોલમાં ભગવાનશ્રી મહાવીર સ્વામીજીની ૨૫૦૦મી નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીય સ્તરે થનારી ઉજવણીનો વિરોધ શા માટે તે અંગે પ. પૂ. પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, શાસન દિવાકર, અવિચ્છિન્ન તપાગચ્છ સામાચારી સંરક્ષક, સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. એ આપેલ માર્ગદર્શન :

આપણે અત્રે શા માટે ભેગા થયા છીએ તે સૌ જાણો છો. આજે કાર્યકરોને એ માટે બોલાવ્યા છે કે સાચી સમજ આપવા છે.

જેને જેને સમજ આવી જાય, સમજી જાય તો પોતાની શક્તિનો પ્રયત્ન કર્યા વિના રહેશે નહિ તેમાં શંકા નથી.

આ વસ્તુ ખાસ સમજવા જેવી છે કે આજની સરકાર કે જેને વાસ્તવિક રીતિએ સરકાર કહેવાય કે નહિ તેમાં શંકા પડે તેમ છે.

આજની સરકારના હૈયામાં ભગવાન મહાવીર પેસી શકે તેવી કંઈ શક્યતા નથી તેનું કારણ એ છે કે જે લોકોએ સ્વરાજ મેળવવા અહિંસાનો ઉપયોગ કર્યો અને જેવું સ્વરાજ મલ્યું કે તરત જ અહિંસાને દેશવટો દીધો. ભારત વર્ષમાં હિંસાનું સામ્રાજ્ય ફેલાવી દીધું.

અહિંસાથી સ્વરાજ મેળવાય નહિ, અહિંસાથી સ્વરાજ મેળવવું તે અહિંસાનું અપમાન છે. તે વાત ન સમજે તે માટે ગમે તે કર્યું છે.

અહિંસાથી સ્વરાજ મેળવવું છે તે વાત કહેનારે બ્રિટીશ અને જર્મનના યુદ્ધ વખતે ચર્ચિલ પર કાગળ લખ્યો કે તને હથિયાર છોડી દો અને જર્મન સામે અમારી જેમ સત્યાગ્રહ કરો. અહિંસાથી લઢો અને હરાવો. ચર્ચિલે કાગળ ફાડી નાંખ્યો ને સખત ટીકા કરી કે ગાંડાઓનું તે કામ છે.

જ્યારે કાશ્મીર આપત્તિમાં હતું ત્યારે કાશ્મીરના રાજાએ ભારત પાસે લશ્કર માંગ્યું એ વખતે પંડિત નહેરુ અને સરદાર પણ હતા. સરદાર લશ્કર મોકલવા તૈયાર થયા પણ નહેરુ કહે લશ્કર ન મોકલાય કેમ કે અહિંસાથી સ્વરાજ લીધું છે. સરદાર કહે તમે સમજતા નથી લાગતા નહેરુ કહે ચલો મહાત્માજી પાસે. બન્ને મહાત્માજી પાસે આવ્યા અને વાત મૂકી ત્યારે મહાત્માજીએ કહ્યું કે હિન્દુસ્તાનની તસુ જેટલી જમીન જાય તે પાલવે નહિ. હમણાં ને હમણાં લશ્કર મોકલો. નહેરુને આંચકો લાગ્યો આ શું ? જ્યારે જ્યારે પૂછે ત્યારે નહેરુએ કહ્યું કે લશ્કર મૈંને નહીં ભેજા લેકિન મહાત્માજીને ભેજા થા !

જે અહિંસાનો ઉપયોગ સ્વરાજ માટે કર્યો તે ઉપયોગના કાળમાં જ હિંસાના બીજ વવાયા. હિંસા ધમધોકાર ચલાવે તેના હૈયામાં ભગવાન મહાવીર વસે. આજના રાજકર્તાઓના રાજમાં તો સારી વાતનો નાશ થયો.

આજ સુધી ઉજવણીના વિરોધ અંગેનું જે સાહિત્ય બહાર પડયું તેને વાંચો તો ઘણી વાતો છે. થોડા વખતમાં તમે સમજી જાવ તે બનવા જોગ નથી. ગમે તે નિમિત્તે ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક ઉજવવાનું નક્કી થયું. કમિટિ નિમાઈ, પ્રાંતવાર કમિટિ નિમાઈ, જેને રાષ્ટ્રિય સમિતિમાં નિમ્યાં તે કેવી રીતે નિમ્યા ?

હિન્દુસ્તાનના જેટલા જૈન સંઘો, જૈનાચાર્યો અને સાધુઓને સમિતિ સ્થપાયા પછી ખબર પડી. જે લોકોએ આ નક્કી કર્યું તેમને કોઈ જૈન સંઘ કે જૈનાચાર્યને પૂછયું નથી.

ઉજવણી રાષ્ટ્રિય ધોરણે થવાની છે, રાષ્ટ્રિય ધોરણે કરાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે તેની ખબર પડી ત્યારથી વિરોધ ઉભો થયો. તે વિરોધ ક્રમસર ચાલ્યા કરે છે. અનેક પરિપત્રો નિકળ્યા, છાપાઓમાં રીપોર્ટ આવવા માંડયા.

વિરોધ શરૂ થયો તેની તે લોકોને ખબર પડી. અમે તો શ્વેતાંબરમાં વિરોધ કરનારા; મૂર્તિપૂજક સંઘમાં વિરોધ શરૂ થયો એટલે આગેવાનને લાગ્યું કે વિરોધ અટકે તેનો પ્રયત્ન કરવાનો, જો વિરોધ ન અટકે તો આપણું (આગેવાનોનું) સ્થાન ન રહે.

સમિતિ પર ઠરાવ તાર જવા માંડયા એટલે તેમને આગેવાનને પૂછયુ કે આ શું છે ? આગેવાન કહે એક બે ચકમ સાધુ પાકયા તે આ વિરોધ કરે છે. આવો મોટો માણસ વાત કરે એટલે તે માની લે તે સ્વાભાવિક છે કેમ કે સમિતિ વાળાતો તેમને ઓળખતા હતા, વિરોધ કરનારાને ઓળખતા ન હતા એટલે વાત શમી ગઈ.

વિરોધ વિસ્તૃત રૂપ લે તેમ થાય માટેનો પ્રયત્ન કર્યો. તે પ્રયત્નમાં તેમના (ગણાતા આગેવાન) પર વિશ્વાસ રાખવાથી અમે લોકો ફસાયા. આજે જે આગેવાન ગણાતાં ત્યાં બેઠી ગયા છે તેમને જે જાહેરાત કરી તે તમે પેપરોમાં વાંચી છે તે તમને કહેવી છે. આપણો વિરોધ કરવાના વાસ્તવિક કારણો ધ્યાનમાં આવે તે જણાવવું છે.

આજકાલ વિરોધ કાગળિયાથી (પેપરોથી) કરવાનો; તે માટે ધનનો છૂટથી ઉપયોગ કરવાનો છે. બે હાથ વગર તાલી ન પડે તેમ એકલા સાધુ કે એકલા શ્રાવકથી કામ થાય નહિ. વિરોધ વિસ્તાર ન પામે તે માટેના પ્રયત્ન કરવામાં ગણાતા આગેવાન મને મલ્યા અને મને કહે આપ પણ વિરોધ કરો છો કેમ કે વિરોધ કરનારાઓમાં મારું નામ પણ બોલાતું.

મને કહે આપ શા માટે વિરોધ કરો છો ?

મેં કહ્યું કે ભગવાન અરિહંતોની, ભગવાનના શાસનની અને સિદ્ધાંતોની અવગણના થાય માટે હું વિરોધ કરું છું.

એટલે મને કહે કે હું ગેરંટી આપું છું કે ભગવાનની, ભગવાનના શાસનની અને સિદ્ધાંતોની અવગણના થાય તેમ નહિ થવા દઉં.

પછી કહે ઇન્દિરાજીના ઉપપ્રમુખપણાં નીચે સમિતિની એક બેઠક મલી. દિગંબર આચાર્ય શ્રી દેશભૂષણજીએ હાજરી આપી તે ઇન્દિરાજીને ન ગમ્યું પણ સ્થાનકવાસી સાધુએ વિરોધ કર્યો કે તે (દિગંબરો) ન આવે તે ન ચાલે. તેરાપંથી, દિગંબર અને સ્થાનકવાસી સાધુઓએ અમારી સભામાં હાજરી આપી જૈન સંસ્કૃતિને નીચે ઉતારી છે. આમ વાત મને તે આગેવાને કરી એટલે મને થયું કે જૈનશાસન સમજેલા છે.

સાધુઓને અતિથિ તરીકે બેસાડનારા તેજ છે. અતિથિ તરીકે બેસાડયા પછી મીટીંગમાં હાજર ન રહે તે યોજના છે.

જેને અતિથિ નીમે જેની સમિતિ નામી. મીટીંગ મલે ત્યારે અતિથિ હાજર રહે તેટલી વ્યવસ્થા ન કરે. ઇન્દિરાજીને જણાવે નહિ કે સાધુઓ ત્યાગી છે, જગતના જીવો કરતાં સાધુનું સ્થાન ઊંચુ છે. તેમના (સાધુઓ) માટે તેમના મોભાને શોભે તેમ બેઠક કરાવવી.

ઉત્સવ ભગવાન મહાવીરનો ભગવાન મહાવીર કોના ? આપણા.

આપણા ભગવાન મહાવીર તેમના નહિ છતાં ભગવાન મહાવીરનો ઉત્સવ રાષ્ટ્ર ઉજવે આપણે બધા અતિથિ આમાં તમને અયોગ્ય નથી લાગતું ? સાધુઓને પૂતળા તરીકે બેસાડવા પડે માટે બેસાડયા છે. જે સાધુઓ અતિથિ બન્યા છે તે સમજતા નથી તેમ નથી પણ તેમને આંતરરાષ્ટ્રિય ખ્યાતિ જોઈએ છે એટલે બોલે છે કે આવો યુગ ન હતો. આવુ રાજ જીવતું હોય.

તેમને ચક્રવર્તીના, વાસુદેવો, પ્રતિવાસુદેવોના રાજની નામાંકિત રાજા મહારાજાના રાજયોની ખબર નથી. જૈન શાસનની વાત ભૂલી ગયા છે.

આજે સેન્ટ્રલનો હુકમ બધા રાજ્યો મંજુર કરે છે ? સરકારની હાલત શું છે ? પ્રાંતિક સરકારો કેટલું માને છે ? તમે તો છાપા વાંચનારા એટલે જાણકાર છો ને ? (આગેવાન) તેમની સાથે વાતચીત થયેલ કે ભગવાન મહાવીરની કે ભગવાનના માર્ગની લઘુતા થાય તેવું કોઈ કાર્ય નહિ થાય.

તમને ખબર નહિ હોય કે રાષ્ટ્રિય સમિતિ અને નિર્વાણ સમિતિ જાુદી છે. નિર્વાણ સમિતિમાં જેને મેમ્બર થવું તે બધાને લેવાનું રાખ્યું છે. નિર્વાણ સમિતિ કાયમી થવાની છે. રાષ્ટ્રિય સમિતિ પણ કાયમી ન થાય તેમ કહી શકાય નહિ. ભવિષ્યમાં ધર્મની દેરવણી આ સમિતિ જ આપશે.

મને કહેલ કે લેખકો પાંચ પુસ્તકો તૈયાર કરાવી છપાવવાના છે. મેં કહ્યું કે આ લેખકો જૈન શાસનને કદી

ન્યાય નહિ આપે. પરંતુ મને કહે કે અમને વિશ્વાસ છે. પછી મેં કહ્યું, કે તે જે લખે તે અમને બતાવવા તૈયાર છો ! એટલે મને કહ્યું કે આપ જેટલો સુધારો કરો તે સુધારવા પણ તૈયાર છીએ. આ વચનો આપ્યા અને અમે ચૂપ રહ્યા. મને મલીને ગયા પછી તરત જ કાગળ લખ્યો કે આપની સાથે જે વાતચીત થઈ તેથી આપનો વિરોધ હોય તેમ લાગતું નથી. મેં પણ લખ્યું કે તમારી સાથે જે વાત થઈ એટલે હું વિરોધ નથી કરતો. મને મુંબઈ આવતા વાપીમાં મલ્યા.

મેં ચાહિ આવી પત્ર લખ્યો કે પુસ્તકો તપાસવા માટે સમય જોઈએ છતાં ઉત્તર ન આપ્યો. બંગાલમાં નાહર નામના રાષ્ટ્રિય કાર્યકર છે મિનીસ્ટર હતા તેમને ઘણી યોજનાઓ બહાર પાડેલ. મને લખ્યું કે નાહર ગાંડો માણસ છે તેનું કહેલ કંશું નહિ થાય. તેજ અરસામાં નાહરની બીજી યોજના બહાર પડી. મે પૂછાવ્યું કે તમે જે જાણતા હો તે જણાવો હજી સુધી જણાવ્યું નથી.

પછી રાષ્ટ્રપતિ ગિરિ ઉજવણી અંગે બોલ્યાં કે ભગવાન મહાવીર અને ગાંધીજી જેવા સુધારક થયા નથી. મેં આ બાબતમાં પૂછાવ્યું તો આનો પણ જવાબ નથી. રાષ્ટ્રિય ઉજવણીનો કાર્યક્રમ બહાર પડયો. મેં લખ્યું કે શાસનથી વિરુદ્ધ થઈ રહ્યું છે એટલે તમારે વિરોધ કરવો જોઈએ એટલે મને જણાવ્યું કે આપના અને અમારા વિચારમાં (અંતર) જુદાપણું હોઈ શકે છે. મને એક લેખ બતાવવા મોકલ્યો તેમાં મેં ૩૬ ભૂલ કાઢી મોકલાવી. મને જણાવ્યું કે સમિતિમાં ઠરાવ કરાવી દીધો છે કે પુસ્તકો આપને બતાવ્યા વિના છપાવાશે નહિ. સંપાદક મંડળને પણ લખી મોકલ્યું છે, હવે કહે હજી સુધી સંપાદક મંડળ મલ્યુ નથી. પછી પુસ્તક આવ્યા નથી અને અમારે તૂટી ગયું.

મેં જણાવ્યું કે અમે કેમ વિરોધ કરતા નથી તેની જાણ માટે પત્રવ્યવહાર જાહેરમાં મૂકવો જોઈએ. મને કહે બેની સમતિ વિના મૂકાય નહિ. પેપરોમાં તો ખોટું ય આવે તે માની લેવાય નહિ.

મેં જણાવ્યું બેની સંમતિ નહિ પણ બેની જાણ જોઈએ. સંઘના હિતની વાત છે. અમે અત્યાર સુધી મૂંગા કેમ રહ્યા તે જણાવવું જરૂરી છે. ત્યારથી પત્રવ્યવહાર તૂટયો.

છેલ્લા મારો પત્રવ્યવહાર પ્રગટ થાય તે પહેલાં તેમનું નિવેદન છાપાઓમાં આવ્યું તે તમે સૌએ વાંચ્યું. તેમાં તેમને જણાવ્યું કે સરકાર કાંઈ કરતી નથી. સરકાર બીન સાંપ્રદાયિક છે. સરકાર કહે જૈનો તેમની રીતે કરે. અમે સમિતિમાં રહેલા જાણકાર શ્રદ્ધાળું જૈનોએ આ કાર્યક્રમ ઘડયો અને સરકારે મંજુર કર્યો.

જૈનો શ્રદ્ધાળુ હોય તો આવો કાર્યક્રમ ઘડે ? વનસ્થળી તે National Park છે જે સરકારને બનાવવાનો જ હતો. તે જૈનો ઘડી આ કાર્યક્રમ જૈન સિદ્ધાંતોને અનુલક્ષી નથી આટલી જાહેરાત કરે છતાં આપણે બેસી રહીએ તે વ્યાજબી છે ?

આ કાર્યક્રમમાં ભગવાન મહાવીર સર્વજ્ઞ હતા, તીર્થંકર હતા, મોક્ષમાર્ગના સ્થાપક અને પ્રરૂપક હતા, સંસાર અસાર કહેનારા હતા એમ દેખાય છે ?

અમે પાલીતાણા હતા. અમૃતસૂરિ મ. (નેમીસૂરિ મ. ના) હયાત હતા. નિર્વાણ કલ્યાણક હતું વરઘોડો ઉતર્યો, વંડામાં બધા ભેગા થયા. જીવાભાઈ મને મલી ગયેલા ત્યારે મેં કહ્યું કે આ કામમાં તમે કેમ પડયા ? મને કહે ઇન્દિરાજીનો પત્ર છે કે તમારે ભેગા ભળવાનું મને કહે હું (જીવાભાઈ) વિરોધ કરું તો રહી શકીએ નહિ.

અમારે જે ઉજવણી કરવી તેની સાથે તમારે ભેળ ન થાય.

જેને મોક્ષમાં શ્રદ્ધા નથી તેવા લોકો આ કાર્યક્રમ ઘડે તે બરાબર નથી. મેં સભામાં કહેલ કે આ આગેવાન અમારું માને તેવા હોય તો કાનપટ્ટી પકડી ઉભા કરીએ.

આજે કહે કે સરકારે આ કર્યું નથી. સરકાર તો જનકલ્યાણના કામ કરે. દેવનારનું કતલખાનું જનકલ્યાણકનું કામ તે મંજુર છે ? હુંડિયામણ પણ જનકલ્યાણ છે. તેના જનકલ્યાણ કામને સંમતિ ન અપાય. આ આખો ઉજવણીનો કાર્યક્રમ રદ ન થાય ત્યાં સુધી ભાગ ન લેવાય.

આજે જૈન શાસનને માનનારા જે જે સાધુઓને આ પસંદ નથી તે વિરોધ કરી રહ્યા છે.

મૂર્તિપૂજકમાં વિરોધ છે, સ્થાનકવાસીમાંય વિરોધ છે. તેરાપંથમાં સમજાવવામાં આવે તો વિરોધ કરે તેમ છે.

દિગંબરમાં વિરોધ જણાતો નથી.

ક્રમશઃ

આતમ પરિણતિ આદરો, પર પરિણતિ ટાળો

- પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.

લેખાંક - ૪

શરીરના રોગોનું નિદાન કરવા માટે પણ આજના ડોકટરોને હજી ય ઘણા અખતરા કરવા પડે છે જેમાં પુતરાનો પૂરો સંભવ છે. જ્યારે અનંતજ્ઞાનિઓએ જ્ઞાનના બળે આપણા આત્માનું જે યથાર્થ નિદાન કર્યું છે તેમાં કોઈ જ અખતરાની જરૂર નથી કે ખતરાનો લેશપણ ભય નથી. દુનિયામાં બસ, ટ્રેઈન, મોટર, વિમાન, જહાજ આદિ વાહનોમાં - સાધનોમાં મુસાફરી કરનારા લોકો તેના ચાલકને ઓળખ્યા - પીછાયાના વિના પણ તેના પર પૂર્ણ વિશ્વાસ રાખી તે તે વાહનોમાં મજેથી મુસાફરી કરે છે. જ્યારે અનંતજ્ઞાનિઓના વચનોને નિદાનોને હજી તપાસવા અખતરા કરે છે. ખરેખર દુનિયામાં જેવી શ્રદ્ધા છે તેવી જો તારક જ્ઞાનિઓના વચન પર થઈ જાય તો આપણો છૂટકારો નક્કી જ છે.

હવે આગળ જણાવે છે કે

(૫) કો રોગ : ? આધિ રસ્તી હ.

રોગ શું ? મનની ચિંતા.

રોગ શબ્દ અનિષ્ટ વાચક, ભયજનક છે. બહુ બહુ તો શરીરની અસ્વસ્થતાને રોગમાં ખપાવીએ છીએ. શરીર જરાક બગડે તો તરત જ ડોકટરનો સંપર્ક કરીએ છીએ. પણ શરીરમાં રોગ કેમ થયો તેની ચિંતા કરનારા કેટલા ? હંમેશા મૂલને પકડી મૂલનો જ નાશ કરાય તો જગતમાં એકપણ દર્દ જીવતું ન રહે. તનના રોગનું મૂળ કારણ મનની ચિંતા છે. રાગાદિથી વ્યાપ્ત મન એ વાત સમજી શકતું નથી. મનની ચિંતા તે આધિ કહેવાય, શરીરના રોગ તે વ્યાધિ કહેવાય અને આ આધિ અને વ્યાધિની જનેતા તે ઉપાધિ છે. આ સંસાર જ્યાં સુધી ઉપાધિ ન લાગે ત્યાં સુધી આધિ અને વ્યાધિના ભોગ બન્યા જ કરવાનું છે. રાગાદિના કારણે પેદા થયેલી અપેક્ષાઓ, આગ્રહો, અધિકારો તે જ બધા રોગોનું મૂળ છે. મનની નબળાઈ એ જ બધા રોગોની ખાણ છે. જેને ગુસ્સો ઘણો રહેતો હોય તે લગભગ તણાવમાં જ જીવે અને પછીનું પરિણામ બધાને ખબર છે. બીજાની સંપત્તિ - આબાદી - સમૃદ્ધિ જોઈ મનમાં ઈર્ષ્યાદિના ભાવો પેદા થાય છે પછી મન નબળું ન પડે તે નવાઈ ! નબળા મનનો કબજો શેતાન લઈ લે તો શું થાય ?

મનની આધિથી બચાવનાર સુદેવ - સુગુરૂ અને સુધર્મ છે. પણ આજે તો શહેરે - શહેરે, ગામડે - ગામડે, પોળે, મહોલ્લે - મહોલ્લે, ડોકટરો વધી રહ્યા છે તે ઓછા લાગે છે, હોસ્પિટલો ઓછી પડે છે પણ મંદિર - ઉપાશ્રય કે જિનમૂર્તિ વધે તો બધાનું 'ટેન્શન' વધી જાય છે ! આટલા મંદિરાદિની શી જરૂર ? આ જ મનની આધિ બોલાવે છે.

* માટે આપણી નાડ પારખી આપણને નિરોગી બનાવવા જ્ઞાનિઓ કહે છે કે, રોગાદિનું મૂળ જે રાગાદિ છે તે રાગાદિને ઓળખી તેનાથી બચવા પ્રયત્ન કર તો શરીરનો વ્યાધિ કે મનનો આધિ તારો પડછાયો પણ નહિ લે. ધર્માત્માને ન કોઈ આધિ પીડે કે ન કોઈ વ્યાધિ હેરાન કરે. તે તો તેની આરાધનામાં મસ્ત હોય.

બાળકને સુખ સગવડ ભરી શૈય્યા કરતા ય માતાની ગોદ મીઠી - મધુરી લાગે છે. કેમ કે, ત્યાં પૂર્ણ સલામતી છે તેમ આપણે પણ જો બાળક જેવા બની આપણી સાચી પરમમાતા એવા શ્રી જિનેશ્વરદેવની ગોદનું સાચા ભાવે સમર્પણ, વિશ્વાસ, શ્રદ્ધાથી શરણું સ્વીકારીશું તો આપણને કોઈ બાહ્ય રોગ કે અભ્યંતર રાગાદિ રોગ જરાપણ પીડી શકશે નહિ અને સંપૂર્ણ નિરોગી અવસ્થાને પામીશું.

(૬) કા પીડા ? દુષ્ટ વાસના.

પીડા શું ? દુષ્ટ વાસના !

ખરેખર જૈનાગમ તો અદ્‌ભૂત રત્નોનો ખજાનો છે. જે જે નિદાન કર્યા તે અનુભવની એરણ પર કસોટીના તાવડે તવાઈને પાર પામેલા છે. આપણને કોઈ હેરાન - પરેશાન કે દુઃખી કરે તો કહીએ કે મને ઘણી પીડા આપે છે પણ આપણા હૈયાને આપણા જ મનમાં પેદા થતા જે ખોટી ઈચ્છાઓ, મલીન કામનાઓ, દુષ્ટ વાસનાઓ તે જ પીડાદાયી છે. એમ પણ લાગે - સમજાય છે ખરું ? આ વાસ્તવિકતાના સ્વીકાર સૌના અનુભવથી જન્ય અને ગમ્ય પણ છે. એક મોહજન્ય ખોટી ઈચ્છા પેદા થાય તો તેની પૂર્તિ માટે શું શું ન કરીએ અને છતાં ય પ્રાપ્ત ન થાય તો

શું થાય અને કદાચ પ્રાપ્ત પણ થઈ તો ય શાંતિ થાય છે ખરી ? કે અકળામણ વધે છે ?

શરીરમાં એક રોગ થયો કે તાવ આવ્યો તો આપણી જ ભૂલનું ફળ છે. આપણા શરીર અને આત્માએ એકમેક થઈ જે દુષ્ટ મન - વચન - કાયાની પ્રવૃત્તિ કરી તેનું જ ફલ છે. જો આપણને દરેક પ્રસંગમાં આપણી જ ભૂલનું દર્શન થાય તો અડધો સંસાર જંગ આપણે જીતી ગયા. જીવનમાં સાચા સુખ - શાંતિ - સમાધિનો અનુભવ થાય. 'મને જ દુઃખ, હું જ દુઃખી' આવા રોદણા રોયા કરે તેને સુખી કરનાર કોઈ હજી જન્મ્યો જ નથી.

આજે આપણા સુખ - ભોગને માટે આપણે કેટલાને દુઃખ આપીએ છીએ ? 'મારે મારી લાયકાત પ્રમાણે સુખ મેળવવું છે અને તેમાં ય કોઈને દુઃખ આપીને સુખ જોઈતું નથી'- આ ભાવના જો આત્મસાત્ થઈ તો પીડા કઈ છે ? દુષ્ટ વાસનાઓને વિદાય થયે જ છૂટકો છે ! આ તો ઘરનો દાઝયો ગામ બાળે છે તેની પેટ ચોળીને ઊભી કરેલી પીડા છે. સૌનું સારું કર, તારું પણ સારું થશે, મારા સુખ માટે બીજાને દુઃખ આપવું નથી. આ ભાવના જ બધી પીડાની નાશક, શામક છે. તેનો આશ્રય કર સદૈવનો સુખી થઈશ.

(૭) કિં દુઃખં ? વિષયેચ્છૈવ !

દુઃખ શું ? વિષયોની ઈચ્છા.

પીડામાંથી દુઃખ જન્મે છે. માટે દુષ્ટ વાસનાને પીડા કહી. હવે પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ ત્રેવીશ વિષયોની ઈચ્છા તે જ દુઃખ છે. વિષયનો ઉપભોગ કરતાં વિષયોના ઉપભોગની ઈચ્છા તે જ દુઃખદાયી છે. અનાદિકાળથી આ વિષયોનું વળગણ એવું વળગ્યું છે કે જ્યારે મલે ત્યારે પહેલી જ વાર મલ્યા તેમ થયા કરે છે. ઈન્દ્રયજન્યસુખ વિના પણ આત્મિક સુખ છે તેની હજી આપણને કલ્પના પણ નથી આવતી. વગર ખાધે - પીધે પણ સુખ છે. ભોગી જેને સુખ કહી સન્માને છે. સાચા યોગીઓ તેને દુઃખ કહી તેનાથી સેંકડો જોજન દૂર રહે છે. અને યોગીઓ જેને સાચું - વાસ્તવિક સુખ કહી પૂજે છે તો ભોગીઓ તેના પડછાયાથી પણ દૂર જ ભાગે છે. વિષયોના ભોગોપભોગમાં દુઃખ જ છે આ વાત અનુભવગમ્ય હોવા છતાં ય તેની જ ઈચ્છા થાય તેને કોના જેવા કહેવાય ? જેમ કૂતરાને લાકડી - પત્થર મારો તો ભસતું ભસતું દૂર ભાગે અને જરાક રોટલાદિનો ટૂકડો બતાવી લલચાવો તો નજીક આવે. આવી જ હાલત ભોગી જીવોની છે. ભોગનું પાત્ર ગમે તેટલું તિરસ્કારે, હડસેલે પણ જરાક મનાવી લે તો શું થાય છે ?

વિષય એટલે ગમતાં કે અણગમતાં શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ. ઈચ્છા એટલે વાયુથી પણ ચપલ એવી મનની કલ્પનાઓ તરંગો, કોમલ કે કઠોર સ્પર્શ, કડવા કે મીઠાં રસ, સુંદર કે ખરાબ ગંધ, મનોહર કે મલીન રૂપ, નિંદા કે પ્રશંસાજનક શબ્દ આ પાંચે ઈષ્ટ ન મળે અને અનિષ્ટ મળે, ઈષ્ટ મલવા છતાં ય માની ન શકાય તો દુઃખ જ થાય છે ? ઈષ્ટાનિષ્ટની લાલસા જ દુઃખદાત્રી હોવા છતાં ય આજે મલશે કે કાલે જશે તેની ચિંતા પણ દુઃખ. પોતાને ન મળે બીજાને સારા મળે તો ય દુઃખ. ઈર્ષ્યાદિનો અગ્નિ હંમેશા બાળ્યા જ કરે અને નવાં નવાં દુઃખ - દર્દો આપ્યા કરે. મળેલા ન ભોગવાય તો ય અસહ્ય દુઃખ - દર્દો આપ્યા કરે. મળેલા ન ભોગવાય તો ય અસહ્ય દુઃખ. ભોગતૃષ્ણા એ જ દુઃખોની જનની છે. તેમાંય હું - તું, મારું - તારું ભળે એટલે દુઃખનો દરિયો છલકાયા વિના ન રહે. માટે તું તેનાથી બચવા પ્રયત્ન કર. આસક્તિ તો કાપ. મારાપણાની વૃત્તિ કાપ તોય સુખી થઈશ.

(૮) કિં સુખં ? ઐન્દ્રિય જયમ્.

સુખ શું ? ઇન્દ્રિયોનો જય.

દુઃખનું કારણ સમજાવી હવે સુખ પ્રાપ્તિનો ઉપાય બતાવે છે. આપણા સૌના અનુભવમાં છે કે ઈન્દ્રિયોનો સંયમ એ સુખનો માર્ગ છે અને ઇન્દ્રિયોનો અસંયમ એ દુઃખનો માર્ગ છે. ઇન્દ્રિયોનો ગુલામ જગતનો ગુલામ છે, ઈન્દ્રિયોનો વિજેતા એ જ જગતનો વિજેતા છે.

પુણ્યના યોગે આપણને પાંચે પાંચ ઇન્દ્રિયો પટુ અને પોત - પોતાનો વિષય ગ્રહણ કરવામાં સક્ષમ મલી પણ આપણે તેનો સદુપયોગ કરીએ છીએ કે દુરૂપયોગ ? તેના આપણે માલીક છીએ કે તે આપણી માલીક છે ? જેમ કે આંખ નિર્મલ મલી તો આંખનો ઉપયોગ શું કરીએ ? સુંદર રૂપ - રંગાદિ જોવા મલે તો કેમ ન જોઈએ કે તેમાં ફસાઈ ન જઈએ તેમ જોઈએ ? આંખની સામે સુંદર કે અસુંદર રૂપ-રંગ આવે અને આપણને ગમો - અણગમો થાય, સુંદર પ્રત્યે લાલચુ - આધીન બનીએ તે આંખની ગુલામી છે, અસુંદર પ્રત્યે અંસતોષ અકળામણ વ્યક્ત કરીએ તે પણ આંખની ગુલામી છે. આપણે તેના માલીક નથી. તે આપણી માલિકણ બની આપણી પાસે તેનું કામ કરાવે છે. પછીનું પરિણામ નજરે છે. આજે જગત તો શબ્દ - રૂપનું ગુલામ બન્યું છે પણ જૈનો પણ શબ્દ - રૂપના ગુલામ બન્યા તે વિચિત્ર લાગે છે. નહિ તો મન -

શરીર - આત્માનું બગાડનાર એકપણ સાધન પાછળ જૈનો પાગલ બનત ખરા ? તે બેની ગુલામી જ વડીલોની મર્યાદા, સુકુલના સદાચારોનો ખાત્મો બોલાવે છે. રાવણને લંકાથી પંચવટી સુધી ખેંચી જનારા કોણ હતું ? પગ કે આંખ ? રૂપ પિપાચા કે સૈન્ય ? ગમે તેટલું રૂપવાન, બાંધાડવું શરીર હોય પણ તેમાંથી આત્મા ચાલ્યો જાય અને માત્ર મૃતક - કલેવર પડયું હોય તો કોઈપણ તેનો આસકત તને શો કેસમાં રાખી પૂજે છે ? તેના પ્રદર્શન ભરે છે ? રૂપવાનનો અંતિમ અંજામ નજરે નિહાળવા છતાં તેની પિપાચા નથી જતી તે કેટલું મોટું આશ્ચર્ય કહેવાય !

જ્યાં સુધી આ પાંચે ઈન્દ્રિય જન્ય વિષયોની વિનાશકતા, નિરર્થકતા, પાપમયતા ન સમજાય ત્યાં સુધી ઈન્દ્રિયોનો જય કઈ રીતના થાય ! સરકસના સિંહની જેમ આત્મા જો પોતાની ઈન્દ્રિયોનો માલીક બની જાય તો ગુલામ મટી જાય તો સંપૂર્ણ સુખ તેના ચરણોને ચૂમવાનું છે. ઈન્દ્રિયોના ગુલામો સંસારમાં ડૂબ્યા અને ઈન્દ્રિયોના માલીકો સંસારને તરી ગયા. ઈન્દ્રિયોમાં ઈષ્ટ અને અનિષ્ટની કલ્પના જ વધારે પાગલ બનાવનારી છે. તેમાંથી જ અહંકાર અને મમકાર પેદા થાય છે.

માટે જ જ્ઞાનિઓએ કહ્યું કે- જગતમાં ફરતા એવા તને સારા કે નરસા રૂપ - રંગાદિ નજરે ચઢવાના તો સારામાં પ્રીતિ - પ્રેમ ન કરીશ અને નરસા - ખરાબમાં અપ્રીતિ કે દ્વેષ ન કરીશ. તો તું સાચો સુખી બનીશ. રૂપ જોવા મળે છે તો આંખ ફોડી નાંખું તેમ નથી વિચારવાનું પણ આંખને સંયમિત બનાવવાની છે. આવ રીતના તું જો સાચો સંયમી બનીશ તો તને જે આત્મિક સુખનો આનંદ થશે તે શબ્દાતીત હશે. ઈન્દ્રિયો જીતાય એટલે મન જીતાય અને મન જીતાય એટલે સઘળા સુખો તારા દાસ બની જશે, તારી સેવા કરશે દુઃખો તો દૂર ભાગી જશે, દૂર નહિ ભાગે તો સુખ થઈને પણ તને સેવશે.

માટે ઈન્દ્રિયોની આધીનતા છોડ, ઈન્દ્રિયોને સ્વાધીન બનાવ અને સાચા સુખ સમૃદ્ધિના પારણે ઝૂલ.

ક્રમશઃ

જૈનશાસનમાં મળેલ નવો સહકાર

૫૦૧-૦૦	પ. પૂ. આ. ભ. વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. નવા મકાનમાં પધારતાં ખુશી ભેટના નેમચંદ હીરાભાઈ હરીપરવાળાના સુપુત્ર આશિષકુમારના નવા મકાનમાં પધારતા ખુશી ભેટના તા. ૧૩-૧૨-૨૦૦૦ - થાનગઢ.
૩૦૫-૦૦	પ. પૂ. સા. શ્રી ઈન્દ્રપ્રભાશ્રીજી મ. સા. ના શિષ્યા પ. પૂ. સા. શ્રી તત્વમાલાશ્રીજી મ. સા. ની પ્રેરણાથી કેકારવ સોસાયટી જૈન સંઘ - અમદાવાદ - હ. પ્રવિણાબેન હર્ષદભાઈ શાહ
૫૦૦-૦૦	પ. પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. સા. ની પ્રેરણાથી સ્વ. દિક્ષા (ઝીલ) ઉ. ૯ માસ ના આત્મપૂણ્ય સ્મરણાર્થે હેમલતાબેન કીર્તિલાલ સલોટ -મુલુન્ડ.
૧૦૦૦-૦૦	પ. પૂ. શ્રી ભવ્યવર્ધન વિજયજી મ. સા. ની પ્રેરણાથી, વાપીથી બગવાડા તીર્થ છ'રી પાલક યાત્રા સંઘ ની પૂન્ય સ્મૃતિમાં ભેટ - સંઘવી મોહનલાલ લાલજી બાગરેચા - વાપી.
૧૦૧-૦૦	પ. પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. સા. ના શિષ્યા પ. પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. સા. ના ઉપદેશથી ભારતીબેનની દિક્ષા નિમીત્તે ભેટ. હ. રસીલાબેન તથા મિતાબેન - અમદાવાદ
૧૦૦-૦૦	પ. પૂ. આ. ભ. વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણા એક સદ્‌ગૃહસ્થ તરફથી ભેટ - અમદાવાદ.
૧૫૧-૦૦	ડી.આઈ., એ. એન., એ. આર. આઈ. એકસપોર્ટ તરફથી ભેટ - મુંબઈ.

આજીવન

૫૦૦-૦૦	મુનીશ એસ. વખારીયા - મુંબઈ.
૫૦૧-૦૦	દીપકભાઈ વી. શાહ - કલકતા
૫૦૦-૦૦	ન્યાલચંદ દેવચંદ નાગડા - અંકલેશ્વર
૫૦૦-૦૦	લક્ષ્મીબેન ધીરજલાલ પાટીદાર - ચાણસ્મા
૫૦૦-૦૦	ભરતભાઈ કરશનભાઈ શાહ - મુંબઈ
૫૦૦-૦૦	અમૃતલાલ વીરપાર શાહ - જામનગર.
૫૦૦-૦૦	પ. પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિજય મ. સા. ની પ્રેરણાથી વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વે. ટેમ્પલ - મુંધોલ.

ગુજરાત સરકાર જાહેર કરે છે
ભૂકંપગ્રસ્ત વિસ્તારોની
પુનઃવસવાટ યોજના

ભૂકંપના પ્રકોપ સામે નવસર્જનનો નિર્ધાર

પ્રજાશક્તિથી પુનઃનિર્માણ

૨૬મી જાન્યુઆરી-૨૦૦૧ની સવાર.....
ભીષણ ભૂકંપમાં ભર્યા-ભાદર્યા લાખો આવાસો ધરાશાથી થઈ ગયા.....
૭૯૦૪ ગામો અને સંખ્યાબંધ શહેરોમાં તારાજી, સર્વસ્વ ઝૂંટવાઈ ગયું છે એવા ઘર-બાર વગરના આ લાખો ભૂકંપપીડિત પરિવારોની હૈયાની હામ ટકી રહી છે.
ફરી વસાવશું, નવું ઘર, નવું જીવન.....

તારાજ ગામોને નવા વસાવીએ,
બધાં બે-ઘર બનેલા ભૂકંપપીડિત કુટુંબોને પાકા આવાસનું છત્ર આપીએ

❖ સ્વૈચ્છિક સંસ્થા ❖ ઉદ્યોગ ગૃહો
❖ જાહેર સાહસો-ખાનગી સાહસો
❖ દેશ-વિદેશની રિહેબિલીટેશન ચેરિટી સંસ્થાઓ આવો...
ભૂકંપપીડિતના પુનઃવસવાટના ભગીરથ પુરૂષાર્થમાં ભાગીદાર બનીએ

ગામનું સંપૂર્ણ સ્થળાંતર : (પેજ-૧)

- ૭૦ ટકા કરતાં વધુ મકાનો પડી ગયાં હોય તે ગામનું સંપૂર્ણ સ્થળ ફેર કરી નવા ગામ વસાવવાની યોજના.
- કચ્છનાં ૧૭૨, રાજકોટનાં ૨૫, જામનગરનાં ૧૯, સુરેન્દ્રનગરનાં ૧૩ મળીને કુલ ૨૨૯ ગામોનું નવા ગામતળમાં નવનિર્માણ કરાશે.
- ૨૦૮ કુટુંબો અને ૧૦૦૦ની વસતિના નવા ગામ યુનિટ દીઠ પુનઃનિર્માણ કાજે રૂા. ૩૦ લાખની જમીન, રૂા. ૭૦ લાખ આંતરમાળખાકીય સુવિધા, રૂા. ૧૮૦ લાખનાં મકાન, રૂા. ૨૦ લાખ આકસ્મિક જરૂરિયાત મળીને કુલ રૂા. ૩ કરોડની આવશ્યકતાનો અંદાજ.
- નવા ગામના પુનઃનિર્માણ કાર્યમાં કોઈપણ સ્વૈચ્છિક સંસ્થા, ઔદ્યોગિક ગૃહ કે અન્ય રાજ્ય સરકાર આગળ આવી શકે છે. તેમણે સમગ્ર પ્રોજેક્ટની ૫૦ ટકા રકમ આપવાની રહેશે, જ્યારે રાજ્ય સરકારની ૫૦ ટકા રકમની જવાબદારી રહેશે. જે સ્વૈચ્છિક સંસ્થા, ઔદ્યોગિક ગૃહો, અન્ય સરકારો કે જાહેર સાહસો સંપૂર્ણ ખર્ચ ભોગવી પુનઃ સ્થાપનનું કાર્ય કરવા તૈયારી દાખવશે તેને સરકાર આવકારશે. જે ગામના પુનઃનિર્માણ કાજે કોઈ સ્વૈચ્છિક સંસ્થા આગળ નહીં આવે તેની સંપૂર્ણ પુનઃસ્થાપનની જવાબદારી રાજ્ય સરકાર લેશે.

તીવ્ર ભૂકંપગ્રસ્ત તાલુકા અને શહેરો (પેજ-૨)

- રાજ્યનાં જે તાલુકા અને નગરો ભૂકંપની તીવ્ર અસરવાળા વિસ્તારમાં આવેલા છે અને નાશ પામેલ મકાનોની સંખ્યા ૭૦ ટકા કરતાં ઓછી છે તેવા વિસ્તારના લોકોને તેમની મૂળ જગ્યાએ જ રહેવું હોય તેમના માટે સહાયનો ધોરણ નીચે પ્રમાણે રહેશે :

❖ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબના
સંપૂર્ણ નાશ પામેલ મકાન માટે રૂા. ૪૦,૦૦૦
❖ સરદાર આવાસ યોજના હેઠળ નિર્માણ
થતાં મોડેલ હાઉસના ધોરણે રૂા. ૪૦,૦૦૦
ઝૂંપડાવાસીઓને એકમ દીઠ

- **સંપૂર્ણ નાશ પામેલા મકાનો**
  અ-૨૫ ચો.મી. સુધીનું બાંધકામ રૂા. ૫૦,૦૦૦
  બ-૩૫ ચો.મી. સુધીનું બાંધકામ રૂા. ૭૦,૦૦૦
  ક-૪૫ ચો.મી. સુધીનું બાંધકામ રૂા. ૯૦,૦૦૦
- **અંશતઃનાશ પામેલ મકાન**

❖ અડધા ઈંચની તિરાડ પડી હોય તેના રિપેરીંગ માટે રૂા. ૩,૦૦૦, ૧૦ ટકા જેટલા નુકસાન માટે રૂા. ૭,૦૦૦, ૨૫ ટકા નુકશાન માટે રૂા. ૧૫,૦૦૦ અને ૫૦ ટકા નુકસાન માટે રૂા. ૩૦,૦૦૦ની સહાય. આ નુકશાનીના અંદાજો તાંત્રિક અધિકારીઓ, સ્વૈચ્છિક સંગઠનો અને ગામના આગેવાનોની હાજરીમાં કરાશે.
❖ પ્રસ્તુત નાણાંકીય સહાય ઉપરાંત જે વ્યકિતને વધારે મોટું અને સારું મકાન બનાવવું હશે તે માટે રાજ્ય સરકાર રૂપિયા એક લાખની લોન મળે તેવું આયોજન કરી આપશે.

ભૂકંપ કેન્દ્રબિંદુથી દૂરના વિસ્તારો માટે સહાય: (પેકેજ-૩)

❖ સંપૂર્ણ નાશ પામેલ ઝૂંપડા દીઠ	રૂા. ૭,૦૦૦	
❖ અંશત: નુકશાન પામેલ ઝૂંપડા દીઠ	રૂા. ૨,૦૦૦	
❖ અડધો ઊંચ પહોળી તિરાડની મરામત	રૂા. ૨,૦૦૦	
❖ ૧૦ ટકા નુકશાન	રૂા. ૫,૦૦૦	સુધી
❖ ૨૫ ટકા નુકશાન	રૂા. ૧૦,૦૦૦	સુધી
❖ ૫૦ ટકા નુકશાન	રૂા. ૨૦,૦૦૦	સુધી
❖ સંપૂર્ણ નાશ પામેલ કાચા-પાકા મકાન	રૂા. ૪૦,૦૦૦	સુધી

ભૂકંપની અતિ તીવ્ર અસરવાળા ભૂજ, રાપર, ભચાઉ અને અંજારના પુનર્વસન માટે ટૂંક સમયમાં અલગ પેકેજ જાહેર કરાશે

ગુજરાતના પુન:નિર્માણના ભગીરથ કાર્યમાં સહયોગ આપવા ઇચ્છતી તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, બેંકો, જાહેર સાહસો અને અન્ય રાજ્ય સરકારોએ દાખવેલ પ્રતિભાવ અને સૂચનો ધ્યાનમાં લઈને આ ધોરણો જાહેર કરવામાં આવ્યા છે.

ભૂજ, અંજાર, ભચાઉ અને રાપર સિવાયના મ્યુનિસિપલ કૉર્પોરેશન, શહેરી વિકાસ સત્તામંડળ અને નગરપાલિકા વિસ્તાર માટે સહાય : (પેકેજ-૪)

❖ ફ્રેમ સ્ટ્રકચર : ૫૦ ચો. મીટર બિલ્ટ અપ એરિયાના પ્રતિ ચો. મીટરના રૂા. મીટરના રૂા. ૩૫૦૦ લેખે રૂા. ૧.૭૫ લાખની મર્યાદામાં સહાય.


❖ લોડ બેરીંગ સ્ટ્રકચર : ૫૦ચો. મીટર પ્રતિ ચો. મીટરના રૂા. ૨૮૦૦ લેખે રૂા. ૧.૪૦ લાખની મર્યાદા સહાય.

❖ પ્રસ્તુત સહાય ફલેટ/મકાન ધારકને અપાશે.

❖ અસલામત મકાનો ઉતારી લેવાનાં છે તેમને પણ આ સહાય અપાશે.

❖ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં પ્રતિ ફલેટ/મકાન ધારકને રૂા. ૩ લાખની મર્યાદામાં બેંક લોન.

❖ અન્ય શહેરી વિસ્તારમાં રૂા. ૧.૨૫ લાખની મર્યાદામાં બેંક લોન.



વિશેષ જાણકારી માટે સંપર્ક : શ્રી વસુમુખ અઢિયા, કો-ઓર્ડિનેટર ફોર એન.જી.ઓ., C/o. અમ.ડી., જી.આઈ.આર.સી.,
ઓ. ફોન નં. (૦૨૭૧૨) ૩૭૭૧૨/૪૯૬૪૧/૪૯૬૪૨ E-mail : adhia@icenet.net

ગુજરાતના ખમીર અને ક્ષમતાની દુનિયાને અનુભૂતિ કરાવીએ, આપત્તિને અવસરમાં પલટાવીએ

જૈન આગેવાનોએ આ યોજનામાં સક્રિય બની આપત્તિમાં આવેલા જૈનોને વ્યવસ્થિત સહકાર માટે ઉદ્યમશીલ બનવું.

આત્મ સંવેદન

— સૌ. અનિતા આર. પટણી - માલેગાંવ.

❐ શરીરના ઘા તો રૂઝાઈ જશે પણ મનના ઘાને રૂઝાવવા પ્રભુ સાથે પ્રીત બાંધવી પડશે. પણ આજે આ સ્વાર્થમય દુનિયામાં પ્રભુ સાથે પ્રીત બાંધવી અઘરી છે. ભગવાને તો સંસાર સ્વરૂપ દર્શન બતાવ્યું છે. પણ કો'ક કવિએ સાચું કહ્યું છે-

નદી પાસે માગી હતી નિર્મલતા મળી.
ફુલ પાસે માગી હતી કોમલતા મળી,
માનવ પાસે માગી હતી, માત્ર દિલની હમ દર્દી
કહેવાની જરૂરત નથી કે, નિષ્ફલતા મળી.''

માટે માનવ ! પ્રભુ સાથે પ્રીત જોડ પછી જો તારો બેડો પાર.

❂ ❂ ❂

❐ ભક્તિ જે હૈયાને ભીંજવે, ભગવાનને નથી ભીંજવવાના પણ રીઝવવાના છે. રીઝવવા એટલે ભક્તિમાં ખુદ ભીંજાઈ જવું. તે જ ભક્તિ મુક્તિની દૂતી બને.

❐ બીજાના દોષો જોવાથી આપણું જીવન બગડે છે. આપણા દોષો જોવા થી આપણું જીવન સુંદર બને છે. માટે હે આત્મન્ !તું બીજાના દોષો જોવા આંધળો બનજે અને પોતાના જ દોષો જોવા દેખતા બનજે.

❐ જેઓ આશાને પોતાની દાસી બનાવે તેઓ જગતને જીતી શકે છે. જે ઓ આશાના દાસ બને છે તે જગતના ગુલામ બને છે. હે આત્મન્ ! ઇચ્છાને દબાવતો નહિ પણ જ્ઞાનથી ઇચ્છાને દાસ બનાવજે. જે જ્ઞાનથી ઇન્દ્રિયો આત્માને મોક્ષમાં લઈ જાય છે, તે જ ઇન્દ્રિયો વિષયોની આશાના દાસ-ગુલામ બનાવી નરકાદિમાં લઈ જાય છે. માટે આશાનો દાસ ન બનતા, આશાને દાસી બન વજે.

❐ પૈસાની ગરીબી કરતાં મનની ગરીબી ખરાબ છે. પૈસાની ગરીબીમાં સાચી સમજણ હોય તો જીવન સુંદર બને છે. પણ આજે સમ જણની કિંમત નથી, ધનની છે. દુ:ખમાં ધન નહિ પણ જ્ઞાન જ કામ લાગવાનું છે. ધનનો ગરીબ પણ જ્ઞાનનો અમીર જ સાચો શ્રીમંત છે. માટે હે આત્મન્ ! સમ્યગ્જ્ઞાન મેળવી જગતની ખુરાઈને પામનારો બન.

❐ દુ:ખમય સંસારમાં ખેદ-ઉદ્વેગ કે શોક ન કરતાં સમતા ભાવે મજેથી જીવવાનું છે. દુ:ખમાંથી સુખ શોધવાનું છે. વિપત્તિના સમયે બલ ના મારવાના કે હારી જવાનું નથી. પણ દુ:ખનું સહર્ષ સ્વાગત કરવાનું છે. દુ:ખમાં જ તારી સાચી કસોટી થાય છે. માટે હે જીવડાં ! તું દુ:ખને સમતાથી સહી લે તો તારું જીવન સુવર્ણમય બનશે. સુખ રૂપી સુવર્ણમૃગ પાછળ ભટકીશ તો રાન રાન ભટકવું પડશે.

❐ આપણે બધો બોજ તનને આપીએ પણ મનને નહિ એ જ આપણી મહામૂર્ખતા છે. અનંત જ્ઞાનીઓ મનને તપાસવામાં સાચા ડોકટર છે, જ્યારે ડીગ્રીધારી ડોકટરો તનને તપાસવામાં હોંશિયારી માને છે. શરીરનો નિર્બળ પણ મનનો સબળ-મજબૂત મોક્ષને પામે છે. શરીરે સાજો પણ મનનો માંદો સંસારમાં ભટકે છે. માટે મારા માનીગરા મનજી ! મારા આત્માને વશ થાઓ ! માટે જ કહ્યું કે - મન સાધ્યું તેને સઘળું સાધ્યું.

❐ જળથી શરીરને સાફ કરીએ તેમ જિનવાણી શ્રવણથી આત્માના અજ્ઞાનાદિ કચરાને સાફ કરવાનો છે. બગીચામાંથી તાજી હવા અને સુવાસ મેળવાય છે તેમ સદ્ગુરુની વાણીથી સદ્વિચાર-વર્તનની સુવાસ મળે છે, આત્મા પ્રસન્નતાની તાજગી અનુભવે છે. ગાય ખાધા પછી વાગોળે છે તો સારું પાચન થાય છે. તેમ જિનવાણી શ્રવણને વારંવાર વિચારવાથી નવો પ્રજ્ઞાનો પ્રકાશ મળે. મેંદી ઘુંટવાથી વધુ રંગ મળે, પીંપરને પુર આપવાથી શક્તિ વધે તેમ વાણીના વિચારથી આત્મ શક્તિ ખીલે.

❐ આજે શરીરના આરોગ્યની સ્વાસ્થયની ચિંતા વધવાથી ખાન-પાન આદિમાં વિવેક ભૂલાયો, ભોગોનો અતિરેક થવાથી સ્વાસ્થ્ય ક્યાંથી મળે ? આપણે ગણિતનો સરવાળો ખોટો કર્યો. તેથી સ્વાસ્થ્યના પ્રયત્ન છતાં રોગી જ રહ્યા. આપણે નિરોગી થવું છે તો જ્ઞાનિઓ કહે છે કે, ડોકટરોનો પડછાયો ના લઈશ પણ તું જ દર્દી અને તું જ ડોકટર બની જા. તારા આત્માનો સાચો ડોકટર બની જા. પછી જો જાદુ. ઇન્દ્રિયોનો સંયમ કેળવ. તેથી તને તન અને મનની સ્વસ્થતા પ્રાપ્ત થશે. તે માટે અંતરને નિર્મલ કર. ''જેનું અંતર નિર્મલ તેનું જીવન સ્વર્ગ. જેનું અંતર મલિન તેનું જીવન નરક.'' અંતર નિર્મલ બનાવવા જીવનમાં મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થ ભાવોની જરૂર છે. તેથી તને જીવનમાં સુખ-શાંતિનો અનુભવ થશે. જીવ ક્ષણિક આવેશ આવેગવાળા વિષય-કષાયની વિષ વેલડીમાં સુખ નહિ જાનતા દુ:ખ જ માનશે. અંતર સાફ તો જીવન સ્વસ્થ. જીવન વેડફી

દેવા માટે નથી પણ ધર્મ માટે છે. બાહ્ય સ્વાસ્થ્ય માટે પણ જરૂર છે અંતરની શુદ્ધિ, આત્માની સ્વસ્થતા, મનની નિર્મળતા, હૃદયની ઉદારતા અને ચિત્તની પ્રસન્નતાની, આત્માનું સાચું આરોગ્ય ખીલી ઊઠશે. સાચું સૌંદર્ય દીપી ઊઠશે. શરીર સુંદર પણ આત્મા અસુંદર તો અસ્વાસ્થ્ય. શરીર અસુંદર પણ આત્મા સુંદર તો સ્વાસ્થ્ય ! તારે કયું પામવું તે વિચારી લે !

❂❂❂

❑ હે આત્મન્ ! તું અહં અને મમના નાદે નાચ્યો-કુદ્યો-ફુલ્યો. પણ તેનાથી તારો વિકાસ થયો કે વિનાશ ! દુર્ગુણો આવ્યા કે સદ્ગુણો આવ્યા ? જ્ઞાનિઓ તો કહે છે કે મોહના આ મંત્રને આધીન થઈ તે તારી આત્મગુણ સંપત્તિનો સર્વનાશ કર્યો. જો તારે આત્મગુણ સંપત્તિના સ્વામી બનવું તો 'નાહમ્' અને 'ન મમ' નો મંત્ર જાપ કર. પછી જાદુ જો. દુર્ગુણોને ભાગવું પડશે. સદ્ગુણોનું સન્માન થશે. ભ્રમણાથી ભટકતું મન શાંત-પ્રશાંત બનશે. મોહ મૃગજળથી બચીશ અને આત્મ વૈભવમાં આળોટીશ. નક્કી કરી લે તારો માર્ગ !

❑ હે આત્મન્ ! સાગરમાં તોફાન આવે છે તેમ જીવનમાં પણ તોફાન - ઝંઝાવાતો પેદા થાય છે. ત્યારે તેનો સામનો નથી કરવાનો પણ તેને સહન કરવાના છે. તે જ જીવન શાંતિનો અણમોલ ઉપાય છે. તું સાચા-ખોટાની ભાંજગડમાં પડીશ તો તું જ હારી જઈશ. માટે જીવનમાં જાગતા તોફાનોનો સામનો કરવા દેવ-ગુરુ-ધર્મની એવી કૃપાનું બળ મેળવ જેથી તને આ જીવન મરવા જેવું નહિ પણ જીવવા જેવું લાગે. સમ્યગ્જ્ઞાનની એવી જ્યોતિ જગાવ જેથી તે જ્યોતિના શીતકિરણોમાંથી સુસંવાદિત સૂરાવલી જીવનને વીતરાગતાના પંથે દોરી જશે. આપઘાત તો આત્મઘાત છે. કાયરનો માર્ગ છે. ખુમારી ભર્યું જીવન જ આત્મોન્નતિનો માર્ગ છે.

❑ હે આત્મન્ ! આજ સુધી આ રૂપી દેહને ચાહવામાં તેં અનંતા ભવો ગુમાવ્યા. તારે તારી આ ભૂતકાળની ભૂલનો ભાગાકાર કરવો હોય તો હવે અરૂપી આત્માને ચાહવા લાગ. તો આ જીવન સફળ બને.

❑ હે આત્મન્ ! પુણ્ય યોગે પાંચ ઈન્દ્રિયો મળી. પણ તેં તેનું શું કર્યું ? તેને મહારાણી બનાવી કે મહા હરામી બનાવી ? ઈન્દ્રિયો આત્માની ઉન્નતિ કરે તો મહારાણી અને અવગતિ કરે તો મહા હરામી. સારો માણસ આંખનો દુરૂપયોગ કરતો નથી. આંખથી કામ પ્રવેશે અને કામથી હૃદય મલીન બને. આંખ તો જીવનની જ્યોત છે. તેના પર વિવેકની જાળી રાખવાની છે. આંખનો સદુપયોગ કરો તો જીવન સ્વર્ગ અને દુરૂપયોગ કરો તો જીવન નરક બનશે.

❑ હે આત્મન્ ! કાનનો પણ તેં શું ઉપયોગ કર્યો ? આંખ પર પોપચાં છે કાન પર કોઈ ઢાંકણ નથી. તેથી ભૂંડી જ વાની વાતો યાદ રાખીએ છીએ અને યાદ રાખવાની વાતો ભૂલી જઈએ છીએ. આત્મહિતકર જિનવાણી ભૂલી જવાય છે અને કોઈના અપમાન કડવા વાકયો જીવનભર યાદ રહે છે.

જો તું આંખથી કચરા જેવું જોઈશ, કાનથી ચરો જેવું સાંભળીશ તો જીવન દુર્ગંધમય બનશે અને જો આંખ-કાન પર વિવેકની જાળી રાખીશ તો જીવન સુંદર બનશે, મન હળવું ફુલ બનશે અને આત્મા અમર બની જશે.

❑ હે આત્મન્ ! અનાદિકાળથી વિષયની વાસના અને કષાયની કાલીમાથી તું એવો મલિનમાં મલિન બની ગયો છું બહારથી કદાચ રૂડો રૂપાળો દેખાય છે. પણ હૈયાથી કેવો કાળો છે તે વિચાર્યું છે ? હૈયાની કાળાશને દૂર કરવા અને આત્મ જ્યોતિને નિર્મલ કરવા પ્રભુભક્તિની તક મલી છે તો પ્રભુ સાથે ગાઢી પ્રીત જોડી દે. ભક્તિએ પાણીનું કામ કરશે. કર્મમલથી શ્યામમાં પણ શ્યામ બનેલ આત્મવસ્ત્રને ધોવા માટે હૈયાના ભાવપૂર્વકની ભક્તિરૂપ પાણી ખૂબ જ જરૂરી છે. ભક્તિ દેખાડો કરવા કે ભગવાનને રીઝવવા નથી કરવાની પણ આત્માને રીઝવવા કરવાની છે. જેમ ગાય વનમાં જાય ચારો ચરે પણ ચિત્ત તો વાછરડામાં હોય, નટ દોરડી પર નાચે લોકોને હસાવે પણ ચિત્ત તો દોરડીમાં હોય, પનિહારી માથે બેડા મૂકી હસતી-રમતી વાતો કરતી જાય પણ ચિત્તતો બેડામાં હોય તેમ આપણે સંસારમાં હોઈએ, સંસારની પ્રવૃત્તિ કરીએ પણ મન તો પ્રભુભક્તિમાં જ હોવું જોઈએ. આવી ભક્તિ એટલે આજ્ઞા પ્રમાણેનું જીવન ! આ આવી જાય તો બેડો પાર !

❑ હે આત્મન્ ! તને આ શરીર ઉપર ખૂબ જ મોહ છે શરીરને સારું રાખવાં તું શું નથી કરતો ? આ શરીરની ગમે તેટલી સાફ-સફાઈ કરો, અત્તર-પાવડર લગાવો, તો પણ કેવું છે તેની આપણને ખબર છે. દુનિયાની કોઈ ફેકટરી જુઓ તેમાં જે 'Raw Materials' કાચો માલ વાપરવામાં આવે છે તે એવો હોય છે કે જોવો પણ ન ગમે. પરંતુ તેનું જે 'Production' થાય તે જોવું ગમે તેવું હોય છે. તેમ આપણું આ શરીર આપણી આત્મારામ કંપનીના પરિવારના એક ભાગ રૂપ છે. આ શરીરને આપણે પોષવા જે Material આપીએ તે કેવું સુંદર હોય છે અને તેનું Production જોવું પણ ન ગમે અને નામ પણ લેવું ન ગમે તેવું ! શેના ઉપર તારે મોહ કરવો છે ? શરીર પર કે આત્મા પર ?

સાધર્મિક કુલકં

રચયિતા પૂ. આ. શ્રી વિ. અભયદેવ સૂ. મ. સા.

ભાવાનુવાદ કર્તા - પૂ. મુ. પ્રશાંતી દર્શન વિ.

(સઘળી ધર્મ કરણી અને સાધર્મિક ભક્તિ સમાન કહેવામાં આવી છે. સાધર્મિક સમાન સાચું સગપણ બીજું એક નથી. વિવેક પૂર્વક કરાતી ભક્તિ એ જ ધર્મ પ્રભાવનાનું સાચું કારણ બને છે. તે ભક્તિ કઈ રીતના કરવી તેનું દિગ્દર્શન પૂ. શ્રી ગ્રંથકાર પરમર્ષિએ સુંદર રીતના સમજાવ્યું છે. તેનો પરમાર્થ સમજી જો સાચી ભક્તિ કરાય તો આ જના કાળમાં પણ સાચી પ્રભાવના સહજ બને. તેનો પરમાર્થ સમ જી સાચા ભાવે સૌ સાધર્મિક ભક્તિ કરી તેનું સાચું ફળ મોક્ષને પામનારા બનો તે જ ભાવના સહ ભાવાનુવાદમાં શ્રી જિનાજ્ઞા કે પૂ. ગ્રંથકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમા પના. ગાથા નં-૧૩ કેટલીક પ્રતોમાં નથી. તેથી ૧૫ ગાથાનું પણ આ કુલક દેખવામાં આવે છે. -ભાવાનુવાદક)

નમિઊણ જેણં વાસં વુચ્છં સાહમ્મિયાણ વચ્છલ્લં ।
ધીરેહિં વિહેયવ્વં જાણિય જિણવયણસારેહિં ॥ ૧ ॥

પુરુષાદાનીય પ્રગટ પ્રભાવી શ્રી પાર્શ્વનાથ સ્વામિ ભગવાનને મન-વચન-કાયાની એકાગ્રતાથી ભાવપૂર્વક નમસ્કાર કરીને સાધર્મિકોના વાત્સલ્યના સ્વરૂપ અંગે કાંઈક કહું છું. તો જાણ્યો છે ધર્મ જેણે એવા જિનવચનનો પરમાર્થભૂત સાર એવા ધીરપુરુષોએ (શક્તિ અનુસારે) સાધર્મિક વાત્સલ્ય કરવું જોઈએ. ॥ ૧ ॥

સાહમ્મિયાણ વચ્છલ્લં કાય ભત્તિનિબ્ભરં ।
દેસિયં સવ્વદંસીહિં સાસણસ્સ પભાવગં ॥ ૨ ॥

શક્તિ સંપન્ન ધર્માત્માઓએ હૈયાની ભક્તિ-બહુમાન પૂર્વક સાધર્મિકોનું વાત્સલ્ય કરવું જોઈએ, જે કારણથી સર્વજ્ઞ અને સર્વદર્શી એવા શ્રી તીર્થંકર પરમાત્માઓએ આજ્ઞા મુજબ કરાતા સાધર્મિક વાત્સલ્યને શાસનની પ્રભાવનાનું એક અંગ કહ્યું છે. ॥ ૨ ॥

મહાણુભાવેણ ગુણાયરેણ વયરેણ પુવ્વં સુયસાયરેણ ।
સુયં સુરં તેણ જિણુત્તમાણં વચ્છલ્લયં તેણ કયંતિ જમ્હા ॥ ॥ ૩ ॥

જે કારણથી મહાનુભાવ ગુણાકર શ્રુતસાગર દશપૂર્વધર મહર્ષિ શ્રી વજ્રસ્વામી મહારાજાએ, શ્રી જિનાજ્ઞાનુસાર વીશ લાખ પુષ્પ લાવવા દ્વારા સાધર્મિકોનું પૂર્વે વાત્સલ્ય કર્યું હતું (અને જે શાસન પ્રભાવનાનું, રાજા આદિને પ્રતિબોધનું અને અનેક ભવ્યાત્માઓને બોધિબીજની પ્રાપ્તિ અને નિર્મલતાનું કારણ બન્યું હતું.) ॥ ૩ ॥

તમ્હા સઘપયત્તેણ જો નમુક્કારધારઓ ।
સાવગો સો દિટ્ઠઘો જહા પરમબંધવો ॥ ૪ ॥

તે કારણથી સઘળાય પ્રયત્ન પૂર્વક જે શ્રી નવકાર મહામંત્રનો ધારક-પાલક અને આરાધક - એવો જે કોઈ દરિદ્રી કે શ્રીમંત-શ્રાવક હોય તેને પરમબંધુ સમાન જોવો-માનવો જોઈએ. (જેમ ગાંડાઘેલો પણ ભાઈ પોતાનો મનાય છે તેના કરતાં પણ શ્રાવકને ઊંચો પ્રીતિપાત્ર માનવો જોઈએ.) ॥ ૪ ॥

વિવાયં કલહં ચેવ સઘહા પરિવજ્જએ ।
સાહમ્મિએહિં સદ્ધિંતુ જઉ સુત્તિ(ત્તં) બિયાહિયં ॥ ૫ ॥

તેથી સાધર્મિકોની સાથે વિવાદ-કલહ આદિનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. જે કારણથી સૂત્ર-આગમમાં પણ કહેવાયું છે કે - ॥ ૫ ॥

જો કિર પહરઇ સાહમ્મીયંમિ કોવેણ દંસણમણં પિ ।
આસાયણ ચ સો કુણઇ નિક્કિવો લોગ બંધૂણં ॥ ૬ ॥

જે મૂઢાત્મા કોપ-ગુસ્સાથી સાધર્મિકને જોવા માત્રથી જ તેને હણે - મારે - પીડે - છે તે નિર્દય-નિષ્ઠુર લોકબંધુ એવા શ્રી જિનેશ્વર દેવોની આશાતના કરે છે. (કદાચ શક્તિ હોવા છતાં ભાવના-ઉલ્લાસ ન વધે તો તમે ન કરો પણ જે કરતા હોય તેને ન રોકો અને સાધર્મિકો પ્રત્યે દ્વેષ તો ન જ રાખો. ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય તેમ તમને કદાચ કોઈ 'કડવો' અનુભવ થયો તો બધાને ખરાબ ન જ માનો.) ॥ ૬ ॥

સો અત્થો તં ચ સામત્થં તં વિન્નાણમણુત્તરં ।
સાહમ્મિયાણ કજ્જં જં વિવ્વંતિ સુસાવયા ॥ ૭ ॥

જે સુશ્રાવકો પોતાના પુણ્ય પ્રમાણે પ્રાપ્ત એવું જે ધન, જે સામર્થ્ય-શક્તિ અને ઉત્તમ એવું વિજ્ઞાન-બુદ્ધિ, આવડત, હોંશિયારી, કુશલતા-સાધર્મિકોના ઉદ્ધાર માટે ખર્ચે છે તે જ વાસ્તવમાં સફળ-સાર્થક છે. ॥ ૭ ॥

અન્નુન્નદેસાણ સમાગયાણં અન્નુન્ન જાઈસુ સમુબ્ભવાણં ।
સાહમ્મિયાણં ગુણસુટ્ઠિયાણં તિત્થંકરાણં વયણે ઠિયાણં ॥ ૮ ॥
વત્થેહિ પાણાસણખાઇમેહિં પત્તેહિ પુપ્ફે હિયપુપ્ફલેહિં ।
સાહમ્મિયાણં કરણીયમેયં કયન્તુ જમ્હા ભરહાહિવેણ ॥ ૯ ॥

માત્ર પોતાના જ ગામ-નગર-દેશ કુલ જાતિ કે પરિચિતના જ નહિ પણ અન્ય અન્ય દેશમાંથી આવેલા, ભિન્ન ભિન્ન જાતિમાં ઉત્પન્ન થયેલા, શ્રાવકપણાના ગુણોમાં રહેલા, શ્રી તીર્થંકર પરમાત્માના વચનમાં તુંગીયાનગરીના શ્રાવકોની જેમ સ્થિરમજ્જાની સ્થિર રહેલા (દેવોથી પણ અચલાયમાન) એવા સઘળાય સાધર્મિકોનું વસ્ત્ર, આહાર-પાણી-ખાદિમ-સ્વાદિમ-ગોપારી, પુષ્પ, ફલ આદિ સઘળી ય જરૂરી ચીજ-વસ્તુઓનું, ભરત મહારાજાની જેમ સાધર્મિકોનું વાત્સલ્ય શ્રાવકોએ કરવું જોઈએ. (જે કારણથી તે-તે સાધર્મિકમાં રહેલા તે તે તપ-ત્યાગ-વ્રત-નિયમ આદિ ગુણોની પ્રાપ્તિ પણ થાય. ગુણીનું બહુમાન-સેવા-ભક્તિ ગુણ પામવા જ (કરવાનું છે) ॥ ૮-૯ ॥

वणा उहस्स रामेणं जहा वच्छल्लयं कयं ।
सत्ति अणुरुवं तु तहा कायघं पुणो ॥ १० ॥

વનવાસમાં રહેલા એવા શ્રી રામચંદ્રજીએ; શ્રી વજ્રાયુધ રાજાનું જેમ સાધર્મિક વાત્સલ્ય કર્યું (શ્રી વજ્રાયુધ અને શ્રી સિંહરથ રાજાનું દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે.) તેમ દરેક સુશ્રાવકે પોતે ગમે તેવી અવસ્થાને પામ્યો હોય તો પણ શક્તિ અનુસાર સાધર્મિક વાત્સલ્ય કરવું જોઈએ. ॥ ૧૦ ॥

ઉપરના શ્લોકોમાં દ્રવ્યથી વાત સમજાવી હવે ભાવથી કરવાની વાત સમજાવે છે. ભાવ ધર્મ ઉપર જ પ્રધાનતા મૂકી છે તે સ્પષ્ટ દીવાની જેમ સમજાય છે.

साहम्मियाण वच्छल्लं अन्नं एयं जिणाहियं ।
धम्मंट्ठाणंमि सीयंतं सघभावेण चोयए ॥ ११ ॥

સર્વજીવવત્સલ એવા શ્રી જિનેશ્વર દેવોએ સાધર્મિક વાત્સલ્યનો બીજો પ્રકાર ભાવથી પણ સમજાવ્યો છે કે ધર્મ સ્થાનો ધર્મક્રિયામાં શિથિલ-મંદ કે સીદાતા સાધર્મિકોને સઘળાય પ્રયત્ન પૂર્વક પ્રેરણા-ઉત્સાહિત કરી સ્થિર કરવા જોઈએ. ॥ ૧૧ ॥

सारणा वारणा चेव चोयणा पडिचोयणा ।
कायव्वा सावएणावि सावयाणं हियट्ठिया ॥ १२ ॥

સાધર્મિક એવા શ્રાવકોના આત્માના હિતને માટે શ્રાવકોએ પણ આત્મહિતકર પ્રવૃત્તિ કે વાત ભૂલી જાય તેને યાદ કરાવવી તે સારણા, અહિતકર પ્રવૃત્તિ કે વાતથી તેમને રોકવા તે વારણા, હિતમાં આળસ કરે અને અહિતમાં જ ઉદ્યમી બને તો કડક થઈને પ્રેરણા કરવી કે-'તારા જેવા કુલીને કયાં જવું છે ?' તે સ્વરૂપ ચોદના-પ્રેરણા અને ચોદના કરવા છતાંય ન માને તો હૈયાથી કોમલ-વાત્સલ્યવાળા પણ દેખાવથી અત્યંત કઠોર બની વધુમાં વધુ કડક શબ્દોમાં કડક રીતના કહેવું (જરૂર પડે તો હાથ પણ ઉપાડે) તે રૂપ જે પ્રતિચોદના કરવી જોઈએ. (માત્ર શરીરનું જ સુખ નહિ પણ આત્માના હિતનું અર્થીપણું પેદા થાય તો જ આ બને. હિતૈષી મહર્ષિઓએ તો સાધુ માટે પણ કહ્યું કે જે ગચ્છમાં સારણાદિ ન હોય તે કુગચ્છ જાણવો. જ્યાં આત્મ અહિતકર દોષો જાણવા છતાં ય માત્ર મીઠા વચનો અને અ ખ આડા કાન કરાતા હોય તો આત્માર્થી મુમુક્ષુઓએ તેનો ત્યાગ કરવો અને જ્યાં આત્મહિતને માટે કડક ઠપકો કે તાડન પણ કરાય તો પણ તેનો ત્યાગ નહિ કરવો. જ્ઞાનિઓને મન શરીરનું બાહ્ય સુખ નહિ પણ માત્ર આત્મહિત જ પ્રધાન છે.) ॥ ૧૨ ॥

रुसउ वा परोमा वा विसंवा पावत्तओ ।
भासियव्वा हियाभासा सपक्खगुणकारया ॥ १३ ॥

જેના હૈયામાં સાચી કરૂણા હોય, જીવ માત્રના હિતની જ ચિંતા હોય તેની કુડકાઈ પણ હિતને માટે જ હોય છે. માટે કહે છે કે સામી વ્યક્તિ રોષ પામે કે તોષ પામે, તેને ગમે કે ન ગમે પણ આત્મહિતને માટે, સ્વપક્ષ જિનશાસનને ગુણકર એવી હિતકર ભાષા જ બોલવી જોઈએ. જેના હૈયામાં સર્વનું સાચું હિત વસ્યું હોય તે જ સાચો વાત્સલ્ય નિધાન હોય. ॥ ૧૩ ॥

पमाय मइरा मत्तो सुयसायरपारगो ।
दुरंताणंतकालं तु भवेसुच्चिय संवसे ॥ १४ ॥

શ્રુતસાગરનો પારગામી એવો આત્મા પણ જો વિષય, કષાય, નશાખોરી, વિકથા અને નિદ્રા સ્વરૂપ પાંચે પ્રમાદ રૂપી મદિરાના પાનથી મદોન્મત્ત બને તો તે પણ દુરંત એવા સંસારમાં અનંતકાળ ભમે છે. (અનંતા એવા ચૌદ પૂર્વીઓ પણ પ્રમાદના કારણે નિગોદમાં ગયા છે.) ॥ ૧૪ ॥

कल्लं पोसहसालाए नेव दिट्ठो जिणालए ।
साहूणं पायमूलंमि केण कज्जेण अक्खि मो ? ॥ १५ ॥

ધર્મમાં શિથિલતાનું કારણ, બધા અનર્થોનું મૂળ પ્રમાદ છે. માટે પ્રમાદની અનિષ્ટતા બતાવી, સાધર્મિકને ધર્મમાં જોડવા ઉત્સાહિત કરવા શું કરવું તે જણાવતાં કહે છે કે ગઈકાલે તમે ઉપાશ્રયમાં, જિનમંદિરમાં કે સાધુઓની સેવા-ભક્તિમાં દેખાયા ન હતા તેનું શું કારણ હતું ? ॥ ૧૫ ॥

तओ य कहिये कज्जे जह पमायवसं गओ ।
वेत्तघो सो जहा जुग्गं धम्मियं चोयणं इमं ॥ १६ ॥

હૈયાની સાચી લાગણીથી કહેવાયેલા હિતકર વાત્સલ્યકારી વચનોનું પરિણામ સુખદ-સંતોષજનક આવે છે. પ્રમાદના કારણે પોતાની ગેરહાજરી જણાવનાર અને તેનું દુઃખ અનુભવનાર સાધર્મિકને તેની યોગ્યતા પ્રમાણે ધર્મમાં

ઉત્સાહ-પ્રેરણા જનક આવાં પ્રકારનાં વચનોથી ઉત્સાહિત કરવો જોઈએ. ।। ૧૬ ।।

दुल्लंभो माणुसो जम्मो धम्मो सघन्नुभासिओ ।
साहु साहम्मियाणं च सामग्गी पुण दुल्लहा ।। १७ ।।

હે ભદ્રે ! આ ચારગતિ અને ચોર્યાશી લાખ જીવાયોનિ રૂપ સંસારમાં મનુષ્ય જન્મની પ્રાપ્તિ દુર્લભ છે. તેમાં પણ શ્રી સર્વજ્ઞ દેવ ભાષિત કેવલી પ્રરૂપિત જિનધર્મની પ્રાપ્તિ દુર્લભ છે. તેમાં પણ સાધુ અને સાધર્મિકો આદિ ધર્મસામગ્રીની પ્રાપ્તિ પણ દુર્લભ કહી છે. ।। ૧૭ ।।

चलं जायं धणं धन्नं बन्धु मित्त समागमो ।
खणेण दक्कए वाही ता पमाओ न जुत्तओ ।। १८ ।।

હે મહાનુભાવ ! જીવન, ધન, ધાન્ય, બંધુ-સ્નેહી-સંબંધી, મિત્ર આદિનો યોગ પણ પાણીનાં પરપોટાની જેમ ચંચલ -ક્ષણિક છે. સાજો સારો દેખાય તે પણ સનતકુમાર ચક્રીની જેમ ક્ષણવારમાં વ્યાધિ-રોગોથી ઘેરાય છે માટે આ નાશવંત-અસાર જીવનમાં ક્ષણવાર પણ પ્રમાદ કરવો યોગ્ય નથી. ।। ૧૮ ।।

न तं चोरावि लुंपंति न तं अग्गि विणासए ।
न तं जूएवि हारिज्जा जं धम्ममि पमत्तओ ।। १९ ।।
किन्हसप्पं करग्गेणं विसं घुट्टेम्मि घुंट्टए ।
निहाणं लोय मुत्तूणं कायखंडं च गिण्हए ।। २० ।।

બાહ્ય ધન નહિ પણ આત્મ ધર્મરૂપી ધન એ જ સાચું ધન છે જેને ચોરો ચોરી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી કે જુગારમાં જે હરાતું પણ નથી. આવા ધર્મ રૂપી ધનની બાબતમાં જેઓ પ્રમાદ-આળસ-બેદરકારી કરે છે તેઓ જીવવાને માટે ભયાનક કૃષ્ણ સર્પને હાથથી પકડે છે, વિષના ઘુંટડા પીએ છે અને નિધાનને મૂકી કાચના ટૂકડાને ગ્રહણ કરે છે. ।। ૧૯-૨૦ ।।

लद्धे जिणिंदधम्ममि सघकल्लाणकारए ।
वियाणं तो भवं घोरं पमायं जो न छड्डए ।। २१ ।।

સર્વકલ્યાણકર એવા શ્રી જિનેન્દ્રદેવના ધર્મને પામીને અને જાણીને જેઓ અહિત-અનિષ્ટકર પ્રમાદનો ત્યાગ પણ કરતા નથી તેઓ દુઃખ રૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી એવા ભયાનક સંસારમાં ભ્રમ્યા કરે છે. ।। ૨૧ ।।

ता सम्मत्तं वियाणंतो मग्गं सव्वन्नुदेसियं ।
पमायं जन मिल्हेसि तं सोएसि भवण्णवे ।। २२ ।।

તેથી શ્રી સર્વજ્ઞપ્રરૂપિત માર્ગને સારી રીતના જાણતો (શ્રી સર્વજ્ઞભાષિત સમ્યક્ત્વની સુંદરતાને સારી રીતના જાણતો) હોવા છતાં પણ જો પ્રમાદાચરણનો ત્યાગ નહિ કરે તો આ સંસાર સાગરમાં ડૂબી જઈશ. ।। ૨૨ ।।

एवं विहाहिं वग्गूहिं चोइयघो सुसावओ ।
भाववच्छलयं एयं कायघं तु दिणे दिणे ।। २३ ।।

આવા પ્રકારના ઉત્સાહજનક-વર્ધક હિતકર વચનોથી સુશ્રાવકે, ધર્મમાં મંદ-શિથિલ બનેલા સાધર્મિકનું ભાવ વાત્સલ્ય પણ દરરોજ કરવું જોઈએ. ।। ૨૩ ।।

इय दघभावभेयं काउं साहम्मियाण वच्छलं ।
सघन्नुवयणसारं सिवकर (फल) माराहियं होई ।। २४ ।।

શ્રી સર્વજ્ઞ ભગવંતના વચનોના સાર સ્વરૂપ દ્રવ્ય અને ભાવ ભેદથી ભિન્ન એવું સાધર્મિક વાત્સલ્ય કહ્યું. આજ્ઞાનુસાર તેની આરાધના કરનારો આરાધક મોક્ષફલને પામનારો બને છે. ।। ૨૪ ।।

विहिकय चेइयभवणे जिणबिंब जो विहीए पूएइ ।
तिक्कालं मलमुक्को सो जायइ सासओ सिद्धो ।। २५ ।।

વિધિપૂર્વક કરાયેલા શ્રી જિનમંદિરમાં, વિધિપૂર્વક જે શ્રાવક ત્રિકાલ શ્રી જિનબિંબની પૂજા કરે છે તે સઘળાં ય કર્મ રૂપી મલથી મૂકાયેલો શાશ્વત સિદ્ધસુખને પામે છે. ।। ૨૫ ।।

इय साहम्मियकुलयं अक्खायं अभयदेवसूरीहिं ।
धन्ना धरंति हियए कयपुन्ना जे महासत्ता ।। २६ ।।

આ પ્રમાણે પૂ. શ્રી અભય દેવ સૂરીશ્વરજી મહારાજ વડે કહેવાયેલા આ સાધર્મિક કુલકને કૃતપુણ્ય, મહાસત્ત્વશાલી, ધન્ય એવા આત્માઓ જ પોતાના હૃદયમાં ધારણ કરે છે. (તેના પરમાર્થને સમજી સ્વયં કરી-કરાવી શિવસુખના ભોકતા બને છે.) ।। ૨૬ ।।

છોકરીનો બાપ : તું મારી મોટી છોકરી સાથે લગ્ન કરી લે.

યુવાન : ના હું તમારી નાની છોકરી સાથે સંબંધ કરવા માગું છું.

બાપ : તુ મોટી છોકરી સાથે લગ્ન કરી લેશે એટલે નાની છોકરી સાથે સંબંધ થઈ જશે. **(વિવેક કેળવો)**

પાડોશન (બીજી પાડોશનને) : હું મારા પતિ સાથે કયારે પણ ઝઘડો કરતી નથી. તો તું બાળક ઉપર ગુસ્સો ઉતારતી હોઈશે.

ના ના એ વખતે હું કાંતો કપડા ધોવા બેસી જાઉ અથવા મસાલો કુટવા બેસી જાઉ **(વિવેક જોઈએ)**

પ્રજ્ઞેશ પી. શાહ - રાધનપુર.

• સ્વીકાર અને સમાલોચના •

ભાવશ્રાવકની ભવ્યતા : પ્રવચનકાર પૂ. ગણિવર્યશ્રી નયવર્ધન વિજયજી મ. પ્રકાશિકા શ્રી ભારતવર્ષીય જિન શાસન સેવા સમિતિ, પ્રાપ્તિ સ્થાન: સતિષભાઈ વી. જરીવાલા, શ્યામકુંજ ત્રીજે માળે ૮૧, વાલકેશ્વર રોડ, મુંબઈ નં. ૬. ફોન : ૩૬૭૬૭૦૭ ડેમી ૮ પેજી ૧૯૦ પેજ, મૂલ્ય રૂા. ૫૦. પૂ. ગણિવર્યજીના શ્રાવક ધર્મની મહાનતા અંગે ૧૭ મનનીય પ્રવચનોનો સંગ્રહ છે. પ્રસ્તાવમાં શ્રાવક ધર્મ એક દૃષ્ટિપાત મનનીય લેખ છે.

પ્રવચન અમીઝરણા : પ્રવચનકાર પૂ. ગણિવર્ય શ્રી નયવર્ધન વિજયજી મ. પ્રકાશક શ્રી નવરંગપુરા જૈન શ્વે. મૂ. સંઘ, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, અમદાવાદ-૯. ડેમી ૧૬ પેજી, ડેમી ૧૯૮ પેજ, મૂલ્ય રૂા. ૨૫/-. શ્રી નવરંગ પુરા ચાતુર્માસિક પ્રવચનોમાંથી મનનીય બોધ સુવચનોનો સંગ્રહ છે.

સજ્ઝાયમાલા (૧૦૦ સજ્ઝાયો) : સં. પૂ. પં. શ્રી રવિરત્ન વિજયજી મ. પ્રકાશક શ્રી આધ્યાત્મિક શિક્ષણ કેન્દ્ર, ૪૪, ખાડીલકર રોડ, ડેમી ૩૨ પેજી ૧૧૧ પેજ મૂલ્ય રૂા. ૨૦/-. ઉપયોગી ૧૦૦ સજ્ઝાયોનો ઉપયોગમાં આવે તેવો સંગ્રહ છે.

સમ્મેત શિખર વંદુ કર જોડી: સંપાદક પૂ. પં. શ્રી રવિરત્ન વિજયજી મ. પ્રકાશક શ્રી વેલાંગરી સમ્મેત શિખરજી ટ્રેન યાત્રા સંઘ સમિતિ-આયોજક ૨૧૧ સમાજી મોતીજી, મુ. વેલાંગરી (જી. સિરોહી-રાજસ્થાન) (તા. ૮-૧૨-૨૦૦૦ થી તા. ૨૭-૧૨-૨૦૦૦ સુધીના યાત્રા પ્રવાસનું વર્ણન છે. તથા યાત્રામાં કામ લાગતી વિધિઓ આપવામાં આવ્યા છે. ડેમી ૩૨ પેજી ૧૬૦ પેજ છે.

સુવાસ સૂરિ પ્રેમની : સં. પૂ. પં શ્રી રવિરત્ન વિજયજી મ. પ્રકાશક આધ્યાત્મિક શિક્ષણ કેન્દ્ર, ૪૪, ખાડીલકર રોડ, મુંબઈ - ૪. પૂજ્ય માઈશ્રી મનનીય ૧૦૦ ગુણોનું સંકલન કરી પૂજ્યશ્રીના જીવનના ગુણ વૈભવનો પરિચય કરાવ્યો છે. (૧) સિન્દુર પ્રકર સાર્થ રૂા. ૧૫ (૨) સંબોધશિખર સાર્થ રૂા. ૧૦ (૩) વૈરાગ્ય શતક સાર્થ રૂા. ૧૦ (૪) ઈન્દ્રિય પરાજય શતક સાર્થ રૂા. ૧૦. સંપાદક - પ્રકાશક ઉપર મુજબ જુદા જુદા ભાવિક આત્માઓ તરફથી આ ચારે પુસ્તકો માટે લાભ લેવાયો છે. ડેમી ૩૨ પેજીમાં પ્રકાશિત છે.

સંયમ શતક નિયમાવલી : સં. પૂ. મુ. શ્રી જયેશ રત્ન વિજયજી મ., પ્રકાશક શા. જીવરાજ નરસીંગજી પરિવાર, આપણું જીવનને અપ્રમત્ત બનાવવા માટેના ૧૦૦ નિયમો આપ્યા છે. જેનો ઉપયોગ રાખવાથી સંયમ શુદ્ધિ અને સંયમના અનુરાગનો લાભ પ્રાપ્ત થાય છે.

પાનું ફરે પંથ મળે : સં. પૂ. મુ. શ્રી રાજરત્ન વિજયજી મ., પ્રકાશક શ્રી પંકજ જૈન સંઘ સંવેગી ઉપાશ્રય સુમાજી જૈન વિદ્યાશાખા, અમદાવાદ ડેમી ૧૬ પેજી, ૩૪ પેજ. પૂ. પાદ આ. ભ. શ્રી વિજય ભદ્રંકર સૂરીશ્વરજી મ. ના ધર્મસાધક ઉપદેશક વચનોનો સુંદર સંગ્રહ છે.

સંબંધો મહત્ત્વના

સંબંધનો પાયો શ્રદ્ધામાં હોય છે. શ્રદ્ધામાં શંકાને સ્થાન નથી હોતું. પ્લાસ્ટિકનાં ફૂલ બહારથી રૂપાળાં હોય છે પણ ફોરમ નથી હોતાં. બે વાસણ સાથે હોય તો ખખડે એમ પતિ-પત્ની વચ્ચે છમકલાં થાય પણ સમરાંગણ ન થાય. એકબીજાનો ભરોસો હોય તો કશું વેર-વિખેર નથી થતું, પણ હેમખેમ રહે છે. સંજોગવસાત્ માણસ અકળો થઈને ઉકળી ઉઠે એ સ્વાભાવિક છે પણ એ ઉકળાટમાં લાગણીની ઉષ્મા હશે તો ભડકો નહીં થાય સંબંધો મહત્ત્વના હોય છે. જીભ જોડીના નથી હોતા જે વ્યક્તિને પોતાના આત્મા સાથે મેળ ન હોય એનો મનમેળ બીજે થવો શકય નથી. — રશ્મિ રાગી

પ્રસંગ પરાગ

બૌદ્ધ ધર્મના આપણા મહા વિદ્વાન ધર્માનંદ કોસમ્બી પાલી ભાષા અને બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કરવા બ્રહ્મદેશમાં આચાર્ય ત્રિલોકાચાર્યજીના મઠમાં રહેતા હતા. ત્યાં વિદ્યાર્થીઓને સવારે મોડા ઊઠતા જોઈ આચાર્યજીએ એવો નિયમ કર્યો કે જે વિદ્યાર્થી સવારે મોડો ઊઠે તેણે દૂરની નદીએથી અમુક ઘડા પાણી લાવીને મઠના ઝાડને પાવું. એક દિવસ ખુદ આચાર્યજીને પાણી પાતા જોઈ કોસમ્બીજીએ આશ્ચર્ય વ્યકત કરતાં આચાર્ય બોલ્યા : 'આજ મારાથી મોડા ઉઠાયું છે.' ... 'પણ આ નિયમ તો વિદ્યાર્થીઓ માટે છે.' એવું કહેતાં આચાર્યે દૃઢતાપૂર્વક કહ્યું : 'નિયમ સૌને સરખો જ લાગુ પડે. ઘડનારાએ તો તેને પહેલું માન આપવું જોઈએ.'

ઈર્ષ્યાની આગ

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ

આગ..આગ..આગ..શબ્દ સાંભળતા જ સૌ ચોંકી ઊઠે છે અને પ્રાણ બચાવવા-ચીજ-વસ્તુ બચાવવા બધા પ્રયત્ન કરે છે, ભાગા ભ ગ કરે છે. તેને માટે લાયબંબાવાળાને પણ બોલાવે છે અને તે આગ આજુબાજુવાળાને પણ ભડથુ ન કરે માટે તેને બૂઝાવવા ચા બાજૂથી પાણીનો મારો ચલાવે છે.

પણ માપણા હૈયામાં જે આગ ઊઠે છે તેને બૂઝવવાનો પ્રયત્ન કરનારા કેટલા ? જ્ઞાનિઓએ ઈર્ષ્યાને મોટી આગ કહી છે. ઈર્ષ્યા એ જ વિવેક શત્રુ છે. ઉંદર અને બિલાડી, સાપ-નોળિયાની જેમ ઈર્ષ્યા અને વિવેકને આ જન્મ દુશ્મની છે. ઈર્ષ્યા હોય ત્યાં વિવેક ઉભો પણ ન રહે અને વિવેક હોય ત્યાં ઈર્ષ્યા પણ ઉભી ન રહે. ભાગી જ જાય. સંસ્કૃતિમાં સુભાષિત છે કે- ''ઈર્ષ્યા હિ વિવેક-પરિપન્થિની''- ઈર્ષ્યા જ વિવેકની શત્રુ છે.

ઈર્ષ્યા એક એવો ગુપ્ત રોગ છે જે પ્રગટ નથી થતો પણ હૈયાને હંમેશ બાળ્યા જ કરે છે. તેનું લક્ષણ એ છે કે જેના પ્રત્યે ઈર્ષ્યા હોય તેનું કશું સારું જોઈ શકતો જ નથી. પ્રગટ શત્રુ પ્રત્યેની દુશ્મનાવટ જાણ્યે-અજાણ્યે શબ્દોથી પ્રગટ થઈ જાય છે. જ્યારે પોતાના ગાઢ પ્રત્યેની પણ જે ઈર્ષ્યા-માત્સર્ય હોય છે તે ભૂલેચૂકે પણ શબ્દોથી વ્યક્ત ન થઈ જાય તેની કાળજી રાખે છે. તે એક ભયાનક છૂપો દુશ્મન છે. કોઈની સફલતા પ્રત્યે હૈયાથી હર્ષ બતાવશે, વધામણી આપશે પણ હૈયામાં તો બળ્યા જ કરશે. મનમાં ને મનમાં કેવી ય ગાળો આપશે તે તેનો આત્મા જાણે. ઈર્ષ્યા ને દંભની દોસ્તી હોય છે. પોતાનો જ્યારે અસફળ પામે ત્યારે હૈયામાં આનંદની ખુશી મનાવશે. કોઈ ડોકટરના યંત્રમાં ન પકડાય તેવા આ જીવલેણ રોગ છે.

જે કામમાં ભલે પોતે સફળ ન થયા પણ પોતાનો જ સગોભાઈ બેન - મિત્ર - બંધુ - પરિચિત કે સ્નેહી-સ્વજનને સફળતા મળે તો આનંદ-પ્રસન્ન બનવું જોઈએ તેને બદલે વેદના-દુઃખ ઈર્ષ્યાથી બળે તે કેવું આશ્ચર્ય !!

ઈર્ષ્યામાંથી જ શંકા અને વહેમનો જન્મ થાય છે. શંકાશીલ અને વહેમી સ્વભાવવાળાનો કોઈ જ ઈલાજ નથી. તે સ્વયં બળે છે, કુટુંબ - પરિવારવાળાને બાળે છે. પોતે અધિકારપદ પર હોય તો અધિકારના બળે બધાને દાબમાં રાખે છે, પણ તેના પર કોઈને પ્રીતિ પેદા થતી નથી. જ્યાં પ્રેમ-વાત્સલ્યનું ઝરણું વહેવું જોઈએ ત્યાં ભય-દાબ રાખે તો અનિષ્ટ પરિણામ પણ આવે તેમાં નવાઈ નથી.

ઈર્ષ્યા એ તો મનની ક્ષુદ્રતા છે, ગુપ્ત પાપ છે, હૃદયમાં ભરેલી આગ છે. તેને માટે જરૂર છે એકાદ ચિનગારીની. તે કયારે ભડાકો થઈ જાય તે કહેવાય નહિ. બીચારો કોઈનું સારું કરી શકતો તો નથી પણ જોઈ પણ શકતો નથી.

ઈર્ષ્યાની આગ ઘર-ઘરને બાળે છે, જેઠાની-દેરાણી, સાસુ-વહુની વચ્ચે કજિયા-કંકાસની હોળી સળગાવે છે. સામાન્ય દૃષ્ટાન્તથી આ વાતને વિચારીએ. એક સાધારણ સ્થિતિના બેભાઇ છે. બન્નેને પત્ની પણ છે. એક પ્રસંગ પર બેક સાડી લાવ્યા છે. બે સાડી લાવવાની પણ પરિસ્થિતિ નથી તો તે સાડી કોને આપવી ! જો જેઠાનીને આપે તો દેરાનીનું મોં પડી જાય તેને એમ જ લાગે કે, આ ઘરમાં તો જેઠાનીનું ચલણ છે, મારું સ્થાન નોકરાણી કરતાં ય નીચું છે. ઈર્ષ્યાની આગના કારણે એવા પણ વિચાર કરે કે આ સાડી જલ્દી ફાટી જાય, ચીરાઈ જાય. પછી તો વચમાં જે આવે તેનું આવી બને. મનનો રોષ કોઈના ને કોઈના પર ઉતારે. પણ જો તે દેરાની ઈર્ષ્યાથી સળગવાને બદલે વિવેકથી વિચારે કે આજે જેઠાનીને આપી. તો કાલે મારા માટે પણ આવશે. જેઠાની પણ મારે પૂજ્ય છે, મારી મોટી બેન છે. હું પણ અવસરે પહેરવા માંગીશ તો ના નહિ પાડે-આ વિચારે તો પોતાના હૈયામાં જે સુખ-શાંતિ-સમાધિની છોળો ઉછળે જેથી પરિવારમાં પણ પ્રસન્નતા બની રહે.

માનો કે તે સાડી જેઠાનીને ન આપતા દેરાનીને આપી તો ઈર્ષ્યા રાક્ષસી જેઠાનીનો કબજો લઈ લે અને સમજાવે કે- ''તું હવે જૂની થઈ ગઈ. તારું આ ઘરમાં કાંઈ સ્થાન-માન નથી. તારે તો ઘર કામના ઢસરડા કરવાના. આ દેરાની નવા જમાનાની, નવી ફેશન વાળી ચીબાવલી એટલે છાકટી થઈને ફરે છે.'' પણ જો ઈર્ષ્યાને વશ થયા વિના વિવેકથી વિચારે કે- એક સાડી બેને તો કયાંથી મલે ? આજે તેને મલી તો કાલે મને પણ મળશે. મેં તો ઘણું ખાધું-પીધું, પહેર્યું-ઓઢયું. ઘણી દિવાળી જોઈ લીધી તેમાં મારે શોક કેમ કરવો ? દુઃખી કેમ થાઉં ! આ દેરાની તો હજી તાજી આવેલી છે. મારી નાની બેન જેવી છે. હમણાં તેના

મોજ-શોખના દિવસો છે. તેને મોજ-શોખ કરવા દે. તેની ખુશીમાં મારી ખુશી છે. કોઈ પ્રસંગે માંગીશ તો મને ના પણ નહિ પાડે.'' ઈર્ષ્યા રાક્ષસી હૈયાને કેવું ક્ષુદ્ર, વિવેકહીન બનાવે છે. અને વિવેક દીપક જેવો સુંદર પ્રકાશ પાથરે છે ! ઈર્ષ્યા એ તો પોતાની અયોગ્યતા સૂચક મારાશીશી છે. ઈર્ષ્યાના કારણે બીજાની ગુણસંપત્તિથી બળતા અધમાધમને પણ વટલાવે તેવા નીચ કામ કરતાં પણ અચકાતા નથી. નિમ્ન હલકી કક્ષા આક્ષેપ કરતાં પણ ડરતા નથી. તે વ્યક્તિથી તો ડરતા નથી પણ પાપથી પણ ડરતા નથી. ઈર્ષ્યા, માનવને એટલું સંકુચિત અને સ્વાર્થી બનાવે છે કે જેનું વર્ણન પણ ન થાય. ઈર્ષ્યાળુ પોતાની પત્નીની પણ પ્રગતિ જોઈ શકતો નથી, ઉપરથી પોતાની પત્નીની સુંદર શક્તિઓના વિકાસને પણ રૂંધે છે. જરા વિવેકથી વિચારે કે પત્નીની પ્રગતિમાં મારી જ નામના છે. મારું જ ગૌરવ છે. પણ ઈર્ષ્યા અને વિવેકને જન્મજાત વૈર છે. એવું નિદાન મહાપુરૂષોએ અમથું નથી કર્યું. અનુભવની એરણ પર કસોટીમાં કસાવીને કરેલું છે. આજે તો આ નગ્ન પ્રત્યક્ષ આપણને દેખાય છે. ઈર્ષ્યાળુ, વહેમીલો, શંકાશીલ માટે દુર્ગતિ કહી છે. આપણે આપણી જાતના પરીક્ષક બનવું જોઈએ. દુનિયા માટે ઘણા સર્ટીફિકેટ આપ્યા પણ બીજાને સમજાવના જાતને જોવી છે. હું આ રોગથી પીડાતો નથી ને ? ઊંડે ઊંડે પણ આની બિમારી મને લાગુ પડી નથી ને ?

ઈર્ષ્યાથી બચવા ગુણાનુરાગ કેળવવો જરૂરી છે. ગુણાનુરાગ આવશે એટલે વિવેક ખીલી ઉઠશે અને પછી ઈર્ષ્યા રાક્ષસીને ભાગે જ છૂટકો છે. પછી જીવનમાં જે અપૂર્વ શાંતિનો અનુભવ છે. ધર્મમાં જે આનંદ-આલ્હાદ આવશે તે અનોખો હશે. સૌ વાચકો ! ઈર્ષ્યાના દુર્ગુણથી બચી, ગુણાનુરાગના સાચા પ્રેમી બની આત્માની અનંતીગુણલક્ષ્મીના ભાજન બનો તે જ હાર્દિક મંગલકામના.

સમાચાર સાર

રોહિડા (રાજ.) : પૂ. આ. શ્રી વિજય કમલ રત્નસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ૧૧૦૦ આંબેલના અખંડ તપસ્વી પૂ. સા. શ્રી ચંદ્રદર્શનાશ્રીજી મ. ની તપની અનુમોદનાર્થે મહા સુદ ૧૨ થી મહા વદ ૩ સુધી અહ્ન પૂજન સિદ્ધપદપૂજન વિ. ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો.

અમરેલી : અત્રે જિનમંદિર જીર્ણોદ્ધાર, ઉપાશ્રયોનો જીર્ણોદ્ધાર પાઠશાળા, યાત્રિકગૃહ, આરાધના ભવન, આયંબિલ ભવન નિર્માણ થતા ઉદ્‌ઘાટન ઉત્સાહથી થયા. પૂ. પં. શ્રી જય તિલક વિ. મ., પૂ. પં. શ્રી જિનસેન વિ. મ., પૂ. મુ. શ્રી હેમપ્રભ વિ.મ. સીર આદી આ પ્રસંગે પધાર્યા હતા.

ચીખલી : પૂ. આ. રત્નપ્રભ સૂ. મ. ની નિશ્રામાં પ્રવચનો પાઠશાળા પ્રવૃત્તિ અને શ્રી નરેન્દ્રભાઈ કામદાર દ્વારા એક પાત્રીય સંવાદ યોજાયો હતો.

અલીપોર તીર્થ : અત્રે પૂ. આ. શ્રી રત્નપ્રભ સૂ. મ. ની નિશ્રામાં પોષ દશમીની આરાધના સુંદર થઈ અઠ્ઠમની સંખ્યા સારી થઈ સેંકડો ભાવિકો માગશર વદ ૧૦ ના દર્શનાર્થે પધાર્યા હતા.

દહીંસર : અત્રે પૂ. ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ. ની નિશ્રામાં તેમના સંયમ જીવનના ૨૪ વર્ષ પૂર્ણ થતાં પ્રવચન, વક્તવ્યો થયા. તેમનું લખેલ ૮૨ મા આહાર કર્યો અંગે કેશે ? પુસ્તકનું વિમોચન રમેશજી જૈનના હસ્તે થયેલ તથા ભગવાન મહાવીરની પરંપરા ઈતિહાસનું વિમોચન શ્રી રમેશજી તથા ભરત કોઠારાના હાથે ઉદ્‌ઘાટન થયું. ભટેવા જૈન સંઘ ભોંયરાની વિનંતિથી આગામી ચાતુર્માસિની જય બોલાવવામાં આવેલ. ૩૦૦ આબેલ થયા.


શિરપુર : અત્રે શ્રી વિઘ્નહર પાર્શ્વનાથ મંદિરની ૩૭ મી વર્ષગાંઠ નિમિત્તે ફા.સુ. ૧-૨-૩ ઉત્સવ અને ધ્વજારોપણ પૂ. સા. શ્રી આદરણીય પ્રભાશ્રીજી મ. આદિની નિશ્રામાં યોજાયો.

કોસબાડ (દહાણું) : અત્રે તા. ૧૭-૨-૨૦૦૧ ના જૈન સાહિત્ય સમારોહ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી યોજાયો.

હાલારતીર્થ : વડાલીયા સિંહણ આરાધના ધામમાં તા. સુ. ૧૨+૧૩ ના શત્રુંજય તીર્થ રચના સ્થળ પૂ. આ. શ્રી હિતપૂર્ણાશ્રીજી મ. ની નિશ્રામાં મેળો રાખેલ છે. જેમાં ૩૦ માંગલિક, ગુરુવંદન, ચૈત્યવંદન, આરતી આદિ પાઠ ભક્તિ રાખેલ છે. (વાયા : જામનગર)

મુધોલ (કર્ણાટક) નગરે ઉજવાયેલ શ્રી વાસુપૂજ્યસ્વામી જિનપ્રાસાદનો ઐતિહાસિક સુવર્ણ મહોત્સવ

કાળ કટ રાજ્યની ધન્યધરા મુધોલ નગરે **શ્રી વાસુપૂજ્યસ્વામી જિનપ્રાસાદની ૫૦ મી સાલગિરિ** નિમિત્ત શ્રી મુધોલ જૈન સંઘ આયોજિત પ પૂજન - ૯ સ્વામીવાત્સલ્ય - ૧૪ છોડનું ભવ્ય ઉદ્યાપન સમેત ભવ્યાતિભવ્ય નવાન્હિકા મહામહોત્સવ સુવિશાળ - ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રીમદ **વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજજી**ની આજ્ઞા- આશીર્વાદથી પધારેલા શાસન પ્રભાવક પૂ. આ. ભ શ્રીમદ્ **વિજય જયકુંજર સૂરીશ્વરજી મહારાજ** તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. ભ. શ્રી **વિજય મુક્તિપ્રભ સૂરીશ્વરજી મહારાજ**ના શિષ્ય-શિષ્યાઓ **પૂ. મુનિરાજશ્રી પુણ્યરક્ષિત વિજયજી મ.** **પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ.** આદિ પૂ. **મુનિરાજશ્રી આત્મરક્ષિતવિજયજી મ.** આદિ મુનિગણ તેમજ પૂ. ગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિની પરમવિદુષી **પૂ. સાધ્વીજી શ્રી ચન્દ્રાનનાશ્રીજી મ.** ના શિષ્યા પરમ વિદુષી **પૂ. સાધ્વીજી શ્રી નિર્મમાશ્રીજી મ.** આદિ સાધ્વીગણની પાવન નિશ્રામાં ઐતિહાસિક અવિસ્મરણીય ઉજવાયો-



આ સુવર્ણ મહોત્સવ નિમિત્તે પૂ. ગુરુદેવોનો મુધોલ નગરે પોષ વદ ૨ ના મંગલ પ્રવેશ થયેલ. પ્રવેશ પ્રસંગે શ્રી સંઘ તરફથી ગજરાજ - જરમખંડીનું બેન્ડ - બેડાવાળી બેનો આદિથી પૂજ્યો નું સામૈયું થયેલ મહોત્સવનો મંગલ પ્રારંભ પોષ વદ ૧૪ના કુંભસ્થાપનાથી થયેલ. મહોત્સવના પ્રારંભ દિને જ પરમ તપસ્વી પૂ. મુનિરાજશ્રી આત્મરક્ષિતવિજયજી મ. ને ૬૭મી ઓળીની મંગલ પૂર્ણાહુતિ હોઈ તે દિને વ્યાખ્યાનમાં મહાનુભાવ તરફથી સંઘપૂજન પ્રભાવનાદિ થયેલ.

આ સુવર્ણ મહોત્સવ ને ભવ્યાતિભવ્ય ઉજવવા માટે શ્રી સંઘે અષ્ટાન્હિકા મહોત્સવનું સુંદર આયોજન કરેલ જેમાં શ્રી અઢાર અભિષેક - શ્રી ૬૮ તીર્થ પૂજન - શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન - શ્રી સિદ્ધચક્રપૂજન તથા શ્રી અષ્ટાન્હિ શાંતિસ્નાત્ર મહાપૂજન તથા મહોત્સવના આઠે ય દિન શ્રી સંઘ નવકારશી કરાવવાનું નક્કી કરતાં બધા જ આદેશો ચઢાવા બોલવા પૂર્વક અપાયેલ અનુમોદનીય ચઢાવા થયેલ.

મહા સુદ ૪ રવિવારના રોજ પરમાત્મા રથયાત્રાના વરઘોડાનું સુંદર આયોજન થયેલ જેમાં ૨ ગજરાજો - જરમખંડીનું સુપ્રસિદ્ધ બેન્ડ મુધોલનું બેન્ડ - વિરમગામના શરણાઈવાળા - ધારવાડનું ૬૦ માણસો નું તરખાટ મચાવતું ઢોલીમંડળ - પૂના (જેજુરી) ના વિવિધ નૃત્યકારો, ૧૪ સ્વપ્નાની આકર્ષક ગાડીઓ - શ્રી મહાવીર પરમાત્મા તથા સૂરિ 'રામ' ની આકર્ષક પ્રતિકૃતિની ગાડીઓ - પરમાત્માની સુશોભિત ગાડી - અશ્વશ્વારો અનુકંપાની ગાડી એ ખૂબ જ આકર્ષણ જમાવેલ આ રથયાત્રા વરઘોડા ની સાથે સાથે સોનામાં સુગંધની જેમ ચાલુ વર્ષે દીક્ષિત થનારા મુમુક્ષુ દર્શકભાઈ (સતલાસાણા), મુમુક્ષુ હાર્દિકભાઈ (સતલાસાણા) મુમુક્ષુ શોભાબેન (પાટણ), મુમુક્ષુ માયાબેન (કોલ્હાપૂર) તથા મુમુક્ષુ છાયાબેન (કોલ્હાપૂર) ની વર્ષીદાનયાત્રાએ સમસ્ત મુધોલ નગરમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું - મુધોલ નગરના જૈન ઈતિહાસમાં સૌ પ્રથમવાર જ દીક્ષાર્થીઓની વર્ષીદાન યાત્રા નીકળતી હોઈ શ્રી સંઘે ખૂબ જ ઠાઠમાઠથી વરઘોડાનું આયોજન કરેલ જુદા-જુદા પાંચ મહાનુભાવોએ ચઢાવા

બોલીને વર્ષીદાનની ગાડીનો લાભ લીધેલ. વરઘોડો ઉતર્યા બાદ શ્રી સંઘ તરફથી દીક્ષાર્થીનું સન્માન ચઢાવો બોલીને થયેલ.

મહા સુદ - ૬ મંગળવાર ના દિન જિનાલયની સાલગિરિ હોઈ સુવર્ણ ધ્વજારોહણનો પ્રસંગે તો જાણે જિનાલયની પ્રતિષ્ઠાના પ્રસંગ જેવો ઠાઠમાઠથી ઉજવાયેલ. શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર પણ ઠાઠમાઠથી ભણાયેલ. મહા સુદ ૭ના દિને મુધોલનગરની કુળ દિપીકાઓ તરફથી શ્રી સંઘ નવકારશીનું આયોજન પણ યાદગાર થવા પામેલ, બહેનોએ પણ દરેક પુણ્યશાળીઓનું દૂધથી પગ ધોઈને બહુમાનપૂર્વક સંઘપૂજન કરેલ શ્રી સંઘ તરફથી બોલી બોલાવીને પૂજ્યશ્રીને કામળી વહોરાવવામાં આવેલ.

સુવર્ણ મહોત્સવ પ્રસંગે વિધિ વિધાન માટે શ્રાદ્ધવર્ય શ્રી અરવિંદભાઈ (નિપાણી) પધારેલ તેમજ પ્રભુભક્તિની રમઝટ મચાવવા માટે સંગીતકાર શ્રી નરેશ રામાવત એન્ડ પાર્ટી (મુંબઈ) - શ્રી દેવેન્દ્રભાઈ એન્ડ પાર્ટી (માલેગાંવ) પધારેલ - સ્થાનિક સંગીતકાર સુશ્રાવક કાંતિલાલભાઈ તથા સુશ્રાવક હીરાલાલભાઈ એ પણ પ્રભુભક્તિમાં ખૂબ જ રંગ જમાવેલ. સુવર્ણ મહોત્સવને અનુલક્ષીને ૧૪ છોડનું ભવ્ય ઉજમાણું તેમજ મુધોલ નગરના ૬॥ હજાર જૈનતરોના ઘરમાં ૨૫૦ ગ્રામ મીઠાઈનું પેકેટ અનુકંપાદાન રૂપે અપાયેલ. તેમજ સંઘના પ્રત્યેક ઘરોમાં શ્રી વાસુપૂજ્યદાદા તથા સૂરિ 'રામ' નો આકર્ષક લેમીનેશન ફોટો પણ ભેટરૂપે અપાયેલ. જેનો પણ ચઢાવો બોલીને શ્રી સંઘે આદેશ આપેલ. સુવર્ણ મહોત્સવ નિમિત્તે શ્રી સંઘ તરફથી આકર્ષક ફોર કલર ઓફસેટ પોસ્ટર દ્વારા સંઘોને આમંત્રણ પાઠવેલ.

મહોત્સવ પ્રસંગે પૂ. ગુરુદેવોની પ્રેરણાથી અનુમોદનીય જીવદયાની ટીપ તેમજ કચ્છ-ગુજરાતમાં થયેલ ભૂકંપ માટે રાહતનિધિ માટે રૂા. ૫૧ હજાર નું ફંડ પણ ખૂબ જ સારૂં થવા પામેલ. જેનો તુરંત જ સદુપયોગ થયેલ.

મહોત્સવ દરમ્યાન પ્રતિદિન પૂ. ગુરુદેવોના પ્રવચનોથી સંઘમાં ખૂબ જ સુંદર જાગૃતિ આવેલ. શ્રી મુધોલ જૈન સંઘ, શ્રી રાજસ્થાન જૈન યુવક મંડળ, શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન મહિલા મંડળે પણ ખૂબ જ સુંદર સહયોગ આપીને મહોત્સવને દીપાવ્યો હતો. મુધોલ નગરના મુખ્ય બજાર માર્ગોને પણ વિવિધ કમાનો બેનરો આદિથી શણગારવામાં આવેલ.. મિરજના મંડપ ડેકોરેટર્સે "ચંપાપુરી નગરી" નો મંડપ તો ખૂબ જ આકર્ષક બનાવેલ.

એકદરે મુધોલ નગરને આંગણે શ્રી વાસુપૂજ્યસ્વામી જિન પ્રાસાદનો સુવર્ણ મહોત્સવ યાદગાર અ વેસ્મરણીય અને ઐતિહાસિક ઉજવાયેલ જે મુધોલ સંઘના જૈન ઈતિહાસમાં કાયમી સંભારણા સ્વરૂપ બની જવા પામેલ

શ્રી વાસુપૂજ્યસ્વામી જિનપ્રાસાદ સુવર્ણ મહોત્સવની સ્મૃતિમાં વાર્ષિક સર્વ - સાધારણના ચઢાવાઓ

સુવર્ણ મહોત્સવ નિશ્રાદાતા પૂ. મુનિરાજશ્રી પુણ્યરક્ષિતવિજયજી મ. સાહેબની પાવન પ્રેરણાને પામીને વાર્ષિક સર્વ - સાધારણ ખર્ચના ચઢાવાઓ બોલાવવાનું શ્રી સંઘે નક્કી કરતા મહા સુદ ૧૧ના દિને પૂ. ગુરુદેવશ્રીના પ્રવચન બાદ ચઢાવાઓ બોલાતા જુદા-જુદા મહાનુભાવોએ ઉદારતાપૂર્વક ચઢાવાઓ બોલીને લાભ લીધેલ.. પૂજ્યશ્રીની પ્રેરણાથી ખૂબ જ સુંદર ચઢાવાઓ થતાં સંઘમાં આનંદનું વાતાવરણ સર્જાયેલ...

એકદરે મુધોલ નગરે પૂ. ગુરુદેવોના પાવન પગલે અપૂર્વ ધર્મભાવનાનું વાતાવરણ સર્જાયેલ.. શ્રી સંઘે પ.પૂ. પૂજ્યશ્રીનો ખૂબ ઉપકાર માનવાપૂર્વક આભાર વ્યક્ત કરેલ...

શ્રી સમેતશિખર સ્થાપના તીર્થ બગોદરા

પરમ પૂજ્ય તપસ્વી સમ્રાટ આચાર્ય ભગવંત શ્રીમદ્ હિમાંશુ સૂરિશ્વરજી મહારાજના (ઉ.વ. ૯૪) સાનીધ્યમાં આયંબીલ તપની આરાધના કરતાં છ'રી પાળતો સંઘ અત્રે પોષ વદ-૧૧ શુક્રવારના રોજ અમદાવાદથી પધાર્યો હતો અને સ્થીરતા કરી હતી.

ભવ્ય આંગી, વ્યાખ્યાન અને ત્યાર બાદ રાત્રે શામળા પાર્શ્વ પ્રભુનું ભાવના મંડળ અમદાવાદથી આવીને ભક્તિ ગીતોની રમઝટ બોલાવી બધાંને ભાવવિભોર કર્યા હતા.

આચાર્ય ભગવંતે આ તીર્થનો ઝડપથી વિકાસ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા અને શ્રી શત્રુંજય ગિરિવર તરફ પ્રયાણ કર્યું હતું

ભકતો શ્રાવકો હતા. આવા તો કેટલાએ દ્રષ્ટાંતો શાસ્ત્રના પાને છે; એક થોડા સમયને માટે કપિલા ઈત્યંપિ. ઈત્યિપિ કેવાથી કોડાકોડી સાગરોપમ સંસાર વધાર્યો (જ્ઞાની ઘટના ઘટાવે છે કે આટલું જો બોલાયું હોત તો કદાચ તે જ ભવે મોક્ષ) પલ્યોપમથી - સાગરોપમ અસંખ્યગુણું થાય સમજાય છે શાસ્ત્રના પાને સોનેરી ટંકશાળા વચના લખાયેલા છે.

હું સજ્ઞિ છું એવું બોલી હે પ્રભુ તારી આજ્ઞાને પગ નીચે કચળીને એક ગૌશાળાએ તો એના જન્મોના જન્મોની ઘોર અધોગતિ ખોદી નાંખી અને એના આત્માને એક ભયંકરમાં ભયંકર દુઃખમાં નાખ્યો.

શાસ્ત્રના પાને છે કે હેમચંદ્રાચાર્ય પોતાના પટધર આચાર્ય રામચંદ્રસૂરીજીને આજ્ઞા કરી હતી કે આ બાલચંદ્રને આચાર્ય પદવી ન આપવી તને ગુર્વાજ્ઞાને માન્ય રાખી અને બાલચંદ્રને પદવી ન આપી. ગુર્વાજ્ઞા ખાતર ખરેખર કોઈ પણ જાતનો બચાવ ના કર્યો, બલકે ઘગધગતી પાટ ઉપર સુંવું પડયું તો સુઈ ગયા પણ આજ્ઞાને જીવંત રાખી.

અહીંયા ગુર્વાજ્ઞાને જીવંત રાખી તો આપણે પણ પ્રભુ આજ્ઞા મુજબ લાખો કરોડો અબજો વર્ષ પૂર્વ જે જે પર્વો જે મહાન તિથિઓ પર્વો થઈ ગયા અને તે જ્યારે પણ આવે અને જે દિવસે પણ આવે તે જ દિવસે ઉજવાય. પણ ગમે તે દિવસે પ્રભુના કલ્યાણકે પછે ચૈત્રી પૂનમ કે કાર્તિક પૂનમ કે દિવાળી કે ગમે તે પર્વો પ્રભુ આજ્ઞાનુસારેજ અને તેજ દિવસે ઉજવાય એજ હિતકારી છે પાવનકારી છે આભાને ઉર્ધ્વગામી બનાવે પણ ધારો કે માર્ચમાં હોય અને મંગળવાર હોય દાખલો તો આજ દિવસે ઉજવાય પણ માર્ચના બદલે એપ્રીલમાં લઈ જઈ રવિવારે ઉજવવું એ પ્રભુ આજ્ઞાનો લોપ થયો કેવાય જિનઆજ્ઞાને ઉથાપી મરજી મુજબ નક્કી કર્યુ કેવાય તો આત્મા દોષિત બને એજ તીર્થંકર પરમાત્માની આજ્ઞા - દેવાધિદેવ પ્રભુની આજ્ઞા કેવલી ભગવંત પરમાત્માની આજ્ઞા એ આજ્ઞામાં આપણું કલ્યાણ છે. તીર્થંકર પરમાત્મા કેવલી પ્રભુ ૧૮ દુષણરહિત રાગદ્વેષ વિનાના વીતરાગ પરમાત્મા છે અને એ પરમાત્માએ પોતાના જ્ઞાનમાં જે સત્ય જોયું અને વળી જગતના જીવોના હિત માટે ઉધ્ધાર માટે ફરમાવ્યું છે પરમાત્માની દયા તો જુઓ કેવી કરૂણા છે પ્રાણી માત્ર પર જ્યારે આપણે તો માનવ છીએ આર્યકૂળને પામ્યા છીએ અને આર્યવાન છીએ અને તો પછે ભગવાને કેમ ફરમાવ્યું કે આમ કરવાથી જીવને મોક્ષ સુખ મળે અને ભગવાનની આજ્ઞા પ્રભુ આજ્ઞાને શિરોમાન્ય કરી અને જે શાસ્ત્રના પાને લખાયું હોય પંકાયું હોય તેજ કરવાથી જીવને મુકિત સુખ જલ્દી મળે છે.

અને પ્રભુ આજ્ઞા ઉત્થાપીને કંઈપણ ક્રિયા ધર્મક્રિયા કે કંઈપણ વ્રત જપ પૂજા કરીએ તે જો સમજણ મળ્યા બાદ કરીએ તો આપણને દોષ લાગે અને આપણને લાભને બદલે હાનિ થાય અધોગતિ થાય, કારણ આપણે ત્રિલોકીનાથ પ્રભુની આજ્ઞાને હમ્બક કરી ઉડાડી દઈ આપણી માન્યતા મુજબ કરીએ તો પાપ બંધાય લખનારે પણ જગતના સૌ જીવોનું કલ્યાણ થાઓ સૌ કોઈ શુધ્ધ આરાધના કરીને પ્રભુ આજ્ઞાનુસારે આરાધના કે ઉજવવાને કે કંઈપણ કરાય અને આપણું કલ્યાણ થાય માટે શુભ આશયથી જ લખ્યું છે. અને સૌના હિતમાં જ લખ્યું છે એજ.

મૂળ વાત ઉપર આવીએ કે શાસ્ત્રના પાને પંકાયેલા પુણ્યાત્માઓ ધગધગતી પાટ ઉપર સુવું પડયું ને પોતાના દેહનું બલિદાન પણ આપ્યું પણ (પ્રભુ આજ્ઞાને) ગુર્વાજ્ઞાને જીવંત રાખી પ્રભુ આજ્ઞા તો પાવનકારી છે સુખકારી છે. શાસ્ત્રના પાને આવે છે કે પ્રભુ આજ્ઞા જિનાજ્ઞા અને ગુરૂ આજ્ઞા, અને આ માથું કયાંય ન નમે. વીતરાગ દેવ સિવાય, ત્યાગી અણગાર ગુરૂ સિવાય અને એની ખાતર શાસ્ત્રમાં આવે છે કે જયસિંહે મહમદ બેગડાની સામે કેટકેટલું ઝઝૂમ્યો બંને પગ કપાયા એક હાથ કપાયો તોય એ ન ઝૂકયો. શું કહે છે કે ચાલે ચાલે સમય પ્રમાણે ચાલવું પડે એ તો ચાલે. સમય કયાં ના પાડે છે કે સારૂં કામ કરવામાં કે સમય દેશની કે દેશના રાજાની આજ્ઞા માનવા કયાં ના પાડે છે ત્યાં પણ જો વાત કરીએ સમય પ્રમાણે તો તરતજ કદાચ પૂરી દીએ જેલમાં અને તો પણ અહીંની જેલમાંથી લાંચ કે પછે જમાનત ઉપર છૂટી શકે પણ પરમાત્માની જેલ) કર્મની જેલથી છૂટવું મુશ્કેલ છે... જે સીધાના સળીયા બનાવેલા છે

૧. સંસારમાં શરણ ચાર. અવર શરણાં નહિં કોય,
જે નરનારી આદરે તેને અક્ષત અવિચલ પદ હોય.

૨. અંગુઠે અમૃત વસે લબ્ધિતણા ભંડાર,
ગુરૂ ગૌતમ સમરીએ મન વાંછીત ફળ દાતાર.

૩. દયા સુખની વેલડી દયા સુખની ખાણ,
અનંતા જીવ મુકતે ગયા દયાતણાફળ જાણ.

૪. હિંસા દુઃખની વેલડી હિંસા દુઃખની ખાણ,
અનંતા જીવ નર્કે ગયા હિંસા તણા ફળ જાણ.

જીવ માત્રનું કલ્યાણ થાઓ સર્વ જીવો પ્રભુ આજ્ઞા એજ શ્રેયસ છે અને એજ ભાવના અને અમારી ભાવના પણ ત્રણે લોકોના જીવોનું કલ્યાણ થાઓ એજ ભાવનાથી અને એજ આત્માનો ઉદેશ છે અને જેથી આ લેખ રૂપે પાઠવેલ છે. શ્રી જિનાજ્ઞા કે શાસ્ત્રના આશય વગર કાંઈપણ વિરૂધ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના એજ અભ્યર્થના.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- અનંતજ્ઞાનીઓ સંસારને દુઃખ દુઃખ રૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી કહે છે. તે સમજવાની ઈચ્છા જાગે નહિ તો સમજવું કે દર્શન અને ચારિત્ર મોહનીય ગાઢ છે. તેથી કષાય પણ ગાઢ છે અને રાગ - દ્વેષે તો માઝા મૂકી દીધી છે. તેને લઈને અનુકૂળ વિષયો પર ભારેમાં ભારે રાગ છે અને પ્રતિકૂળ વિષયો પર ભારેમાં ભારે દ્વેષ છે.
- આજે સામાયિક પ્રતિક્રમણ, પૂજા-દાનાદિ કરનારને તે તે ધર્મ પ્રત્યે આદર નથી. અનાદર એ જ મોટું પાપ છે. દેવ - ગુરૂ પ્રત્યે અનાદરવાળા આવે નહિ, આવે તો ટકે નહિ.
- ધર્મથી જ સુખ મળે તે વાત સાચી હોવા છતાં પણ સુખ માટે તો ધર્મ થાય જ નહિ ધર્મ તો મોક્ષ માટે જ કરાય. સુખ માટે ય ધર્મ કરાય આવું કહેવું તે મહામિથ્યાત્વનો ઉદય હોય તે જ બોલાવે.
- તમે અમને હાથ જોડો તે ધર્મ. પણ તમે અમને નમસ્કાર કરો એમ ઈચ્છીએ તે અધર્મ.
- ઉંધી સમજવાળા ધર્મ કરીને ગાઢ પાપ બાંધીને સંસાર વધારે છે. જેમ અધર્મ કરવાથી સંસાર વધે છે તેમ આજ્ઞાવિરૂદ્ધ વર્તવાથી પણ સંસાર વધે છે.
- ધર્મી તેનું નામ કે જેને પોતાના ધર્મની ચિંતા હોય તેમ બીજાના ધર્મની પણ ચિંતા હોય.
- અપ્રિય ઇન્દ્રિયોના અનુકૂલ વિષયો પર રાગ અને પ્રતિકૂલ વિષયો પર દ્વેષ તેનું નામ અવિરતિ.
- ભગવાનની પાસે આવી સંસારની સામગ્રી માંગે તેને પુણ્ય ન હોય તો મલે જ નહિ. પુણ્ય હોય અને મલે તો સાથે મિથ્યાત્વ, અવિરતિ, કષાય એવા ગાઢ બંધાય કે તેમાં એવો લીન થઈ જાય કે અનંતકાળ સુધી ઠેકાણું ન પડે.
- પૈસાના અર્થીપણાએ અને ભોગ, મોજ શોખના અર્થીપણાએ તમારી પાસે શું શું કરાવ્યું છે ? અહીં આટલું ખરાબ થાય છે તો મર્યા પછી કેટલું ખરાબ થશે તેની કલ્પના કરો. એ પૈસાએ અને મોજશોખે તમને અહીં કેવા પાયમાલ કર્યા છે ! તમે કદી જાુઠું નથી બોલ્યા ને ? રાગ - દ્વેષ કેડે પડયા છે અને સાચા બોલા રહી શકયા નથી. ધન - ભંગ કેટલા ભૂંડા છે તે સમજાવવું પડે તેવું છે કે સમજાઈ જાય તેવું છે ?
- ભગવાન અરિહંત મોક્ષમાર્ગના દર્શક છે. મોક્ષે જવું હોય તેને મોક્ષ માર્ગ જોઈએ મોક્ષમાર્ગે જવું હોય તો મોક્ષમાર્ગ બતાવનાર ઉપકારી લાગે. સંસાર ભયંકર અટવી છે તે અટવી લંઘાવનાર ભગવાન અરિહંત સાર્થવાહ જેવા છે.
- આપણે જો ડાહ્યા થઈ જઈએ તો આપણું ભાવી સારું છે. કોઈ ડહાપણ આપે છતાં તે ન સમજવું કે ભાવી ભૂંડું છે. જ્ઞાનીઓને આમાં પાપ એમ કહેવાનો શોખ ન હતો, તેમને તેમના જ્ઞાનનું અજીર્ણ થયું ન હતું. તેમનો તો એક જ હેતુ હતો કે જે કોઈ સમજે અને જલ્દી આરંભ - સમારંભથી છૂટી જાય અને એવું જીવન જીવે કે ઝટ મોક્ષે પહોંચી જાય.
- અમે અને તમે અટવી લંઘવા ન નીકળ્યા હોઈએ તો માર્ગ પામ્યા જ નથી, અટવી લંઘવા નીકળ્યા હોઈએ તો માર્ગ પામ્યા છીએ કાં માર્ગ પામવાની તૈયારીમ છીએ.
- અનંતાનુબંધી કષાય સમકિતને રોકે. અપ્રત્યાખ્યાની કષાય દેશ વિરતિને રોકે પ્રત્યાખ્યાની કષાય સર્વ વિરતિ રોકે સંજ્વલનના કષાય વિતરાગતા રોકે.
- શાસ્ત્રને અનુસારી જે જ્ઞાન તેનું નામ ધ્યાન

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

(Old)

Received
23-3-01

જૈન શાસન

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

આત્માના મૂળ શત્રુને ઓળખો

ન વિ તં કરેંતિ રિउણો,
ન વાહિણો ન ય મયારિઓ કુવિયા ।
કુવ્વંતિ જમડવયારં,
મુણિણો કુવિયા કસાયરિઊ
(શ્રી સંવેગરંગશાળા ૭૦૨૬)

કુપિતઃ એવા કષાયરૂપી શત્રુઓ મુનિઓના પણ જે અપકાર - અહિત - અકલ્યાણને કરે છે તે શત્રુઓ, રોગો કે ગુસ્સે થયેલા સિંહ પણ કરતા નથી, માટે કષાય જ આત્માનો મૂળ શત્રુ જાણી તેને જીતવા પ્રયત્નશીલ બનવું જરૂરી છે.

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

અઠવાડિક

વર્ષ ૧૩ અંક ૩૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

શ્રી શંખેશ્વર હાલારી ધર્મશાળા

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુજી
૧૦૮ તીર્થ પટનું આયોજન

શ્રીમતી ગંગાબેન નથુ નરશી વોરા - નાઈરોબી જિન દર્શન તીર્થ દર્શન વિભા-

આ વિભાગનાં દેરાસરનો પાછળ ગણ હોલ છે. તેમાં વરચેના હોલનો નકરો ૧,૨૫,૦૦૦/- હજાર [illegible] રતનબેન લીલાધર ગોવિંદજી (લંડન) આવ્યો છે. બે હોલના નકરા બાકી છે. પરોણા પ્રતિમાજી છે તેમાં ૨ [illegible] સેન્ટરલ પટમાં ૧૦૮ પાર્શ્વનાથજી તથા તેની પાછળ ભમતીમાં ૧૦૮ તીર્થનું આયોજન થયું છે.

૧૦૮ પાર્શ્વનાથ આરસના પટ ૨૦×૩૦ ઇંચ - નકરો રૂા. ૨૫૦૦/-
૧૦૮ તીર્થ આરસના પટ ૩૦×૪૮ ઇંચ - નકરો રૂા. ૫૦૦૦/-

એક પટમાં લાભ લેનારને તેમાં ૨૫ અક્ષર નામના લઇ શકશે. વહેલો તે પહેલો તે રીતે નામ લખાય છે અને [illegible] મહિનામાં લગભગ કામ પૂર્ણ થશે. જેમને લાભ લેવાની ઇચ્છા હોય તેમણે (૧) ૧૦૮ પાર્શ્વનાથ (૨) ૧૦૮ તીર્થમાં [illegible] લેવું. તેમણે ઉપરના નકરા મુજબ નામ લખાવી શકશે. અને નામની વિગત તરત જણાવવી જેથી પટમાં લખી [illegible]

શ્રી હાલારી વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા
પંચાસર રોડ, શંખેશ્વર (તા. સમી. જી. મહેસાણા) પીન : ૩૮૪ ૨૪૬ ફોન : [illegible]

સંપર્ક સાધો :-

(૧) શ્રી કાનજી હીરજી શાહ - શ્રુતજ્ઞાન ભવન - ૪૫, દિગ્વીજય પ્લોટ, જામનગર. ફોન : [illegible]
(૨) શ્રી કાનજી જેઠાભાઈ - ૬, ઓશવાળ કોલોની, જામનગર. ફોન : ૫૬૧૧૧૬
(૩) શ્રી મગનલાલ લક્ષ્મણ મારૂ - નવપાડા, મહાત્મા ગાંધી રોડ, પારસમણી, થાણા. ફોન : ઓ. ૫૩૪૬૩ - ઘર : ૫૪૦૧૧૪૧૩
(૪) શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ - ૨૭/૩૧, બોટાવાલા બિલ્ડીંગ, રૂમ નં. ૩, જુની હનુમાન ગલી, મુંબઈ-૨. ફોન : ઓ. ૨૦૬૧૫૮૮ ઘર : ૫૧૬૨૨૨૩
(૫) શ્રી મેઘજી વીરજી દોટીયા - પો. બો. નં. - ૪૯૬૦૬ નાઈરોબી.
(૬) શ્રી છગનલાલ ખીમજી ગુટકા - પો. બો. નં. - ૬૯૮૦ નાઈરોબી.
(૭) શ્રી રતિલાલ ડી. ગુટકા - No. 16. Winch Field Close Kenton HA3 OUT [illegible]
(૮) શ્રી મોતીચંદ એસ. શાહ - 29 Regal Way, Kenton Harrow HA3 0HZ [illegible]

તા. ક. : દેરાસરની કમ્પાઉન્ડ વોલ થઇ ગઇ છે. બે રૂમ તથા ગેટ થાલે છે. બે રૂમના નકરા ૩૧ ૩૧ [illegible] નો નકરો ૧,૦૦,૦૦૦/- શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ્ર રાયચંદ વોરા - જામનગર તરફથી આવેલ છે.

નૂતન જિનાલયના શ્રી અમૃતસૂરિ સ્મૃતિ મંદિરના પ્લાન વિ. થઇ ગયા છે અને નજીકમાં કામ ચાલુ [illegible] ઉપર આવી જશે. તેમાં યોજનામાં ૨ - ૨૨ નો લાભ લીધો છે તેમને 3-33 કરવા વિનંતિ થતાં (૧) [illegible] ણિકલાલ જેસંગ - લંડન (૨) શાહ ખીમજી વીરજી ગુટકા હ. છગનભાઈ નાઈરોબી એમ બે નામ આવ્યા [illegible] જે આમાં દાતાઓ છે તેમને ભાવ થાય તે મુજબ 3-33નો લાભ લેવા વિનંતિ છે. ઉપરાંત આ યોજના [illegible] ૨-૨૨ના ઘટે છે તો તમારા વર્તુળમાં પ્રેરણા કરવા ભાવિકોને વિનંતી છે. મેનેજર કવાર્ટર્સનો ૧,૨૫,૦૦૦/- [illegible] લમુખલાલ મુલજી દોટીયા ચંગા ભીવંડી તરફથી આવેલ છે.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ હાલ શંખેશ્વર બિરાજે છે.
ઠે. હાલારી ધર્મશાળા, મુ. શંખેશ્વર. તા. સમી. જી. મહેસાણા. ઉત્તર ગુજરાત. ભારત.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારક પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થરાદ)

વર્ષ : ૧૬) સંવત ૨૦૫૭ ફાગણ વદ ૧૧ મંગળવાર તા. ૨૦-૩-૨૦૦૧ (અંક : ૩૦/૩૧

વાર્ષિક રૂ. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

ભૂકંપે ફિરસ્તાઓને ખુલ્લા પાડયા
માણીભદ્ર ઘંટાકર્ણ પદ્માવતી અને રક્ષાપોટલી અને વાસક્ષેપના પડીકાના ટગલા કરનારા
આચાર્યાદિ સાવધાન બનો.

દંભી દાગા મંત્ર તંત્રથી લોકોને ભરમાવવાનું બંધ કરો.

શ્રાવકો પણ સમજે - જૈન સિદ્ધાંત - કર્મના સાચા તત્ત્વજ્ઞાને વરેલો છે. લાલસાથી કામ થતું નથી.

દંભી ગુરુ લાલચુ ચેલા, દોનું નરકમેં ઠેલે ઠેલા - આ ન્યાય સૌ છેડે.

કર્મી કરમ સમભાવે ભોગવીએ, કોઈ ન રાખણહાર.

જૈનો ચુસ્ત અને શ્રદ્ધાળુ બને તો જૈન જયતિ શાસનમ્ બને.

ગતને ચાર ગતિસ્વરૂપ જન્મમરણની પરંપરાથી મુકત કરવા **સવિ જીવ કરું શાસન રસી** એ ભાવનાથી શ્રી **જૈન સંઘ તીર્થની** શ્રી જિનેશ્વરદેવો સ્થાપના કરે છે અને તે તીર્થના બળે દરેક કાળમાં જીવો મોક્ષે જાય છે કે મોક્ષમાર્ગમાં આગળ વધે છે.

આવા તીર્થની સાચી આરાધના મનુષ્ય જન્મમાં મળે છે અને સાધના આપણને મળી છે તેમજ કોઈ કર્મના બળે સુખી કે દુઃખી છે પણ કર્મની સ્થિતિ તો ભોગવવી જ પડે છે તેમાં ધર્મની આરાધનાથી સમાધિ રહે છે અને એ સમાધિ આપણી આત્મા સાધનામાં સહાયક બને છે અને મોક્ષ માર્ગની વાહક બને છે.

આવા ઉત્તમ જૈન શાસનમાં અધિરા અને દુઃખ સહન નથી થવું તેવી બુદ્ધિવાળા જ્યાં ત્યાં જાય છે અને દુઃખ ટાળવાના ઉપાય શોધે છે.

ગરજવાનને અક્કલ ન હોય તે તે ગમે ત્યાં જાય છે કે ભટકે છે.

આ વખત જૈન શાસનની સાધના કરનારા ગુરુઓ તેને સમાધિ થાય સમતા આવે શાંતિ થાય અને દુઃખ સહન કરવાનો બોધ આપે છે. કદાચ ધર્મની પ્રભાવના માટે કે ધર્મની લઘુતા ટાળવા માટે શ્રીપાલ મયણાને ગુરુ મહારાજે નવપદનું આરાધન આપ્યું તેમ આરાધન આપે.

પરંતુ તેનાથી દુઃખ ટળતું નથી સમાધિ થતી નથી તેવું થતાં જીવ લાલસામાં પડે છે અને તેની લાલચને પોષવા માટે ધર્મના સિદ્ધાંતથી ચલિત થયેલા ગોર જેવા કે ફકીર જેવા થઈને અને લોભથી લપેટાઈને તેની પાસેથી પૈસા વિ. પડાવવાની બુદ્ધિથી ફિરસ્તા બની જે કોઈના રોગશોક દુઃખ દારિદ્રય, ગરીબી આપત્તિ કાઢી દેવાના મૃગજળ જેવા વચનો આપીને ફસાવે છે. તેમાં વળી કોઈનો પાપોદય પુરો થતાં તે માટે જેવાઓ પોતાનો પ્રભાવ છે તેવું બતાવે છે અને બીજા અનેકને ફસાવે છે.

તેમજ પછી તેવી દુકાન માંડવા જેવું થઈ જાય છે અનેક દેવ દેવીઓની પોતે સાધના કરીને આમ કરી દઉં તેમ કરી દઉં તેવો ફાંકો પણ બતાવે છે અને તેને કારણેજ માણિભદ્ર ઘંટાકર્ણ પદ્માવતી અને રક્ષા પોટલી વાસક્ષેપના પડિકાઓનો મહિમા વધે છે અને તે પ્રભાવથી આંજીને પોતાની સ્વાર્થ લીલાને પોષવા બધા ઉપાય કરે છે.

લાચાર દુઃખી માણસો પેટે પાટા બાંધીને આવા ધુતારાઓના બીલો (કહે તે રકમો) ચુકવે છે. પરંતુ કર્મ તે ઊભું જ રહે છે.

આવા ફિરસ્તાઓને સમેત શિખરના પ્રશ્ન વખતે આગળ આવવા ચેલેંજ આપી હતી પણ કોઈ આગળ ન આવ્યું અને સમેત શિખરજીના પ્રશ્ને શ્વેતાંબર સંઘને ઘણું વેઠવું પડયું હજી તે દશા ચાલુ છે.

તે સાથે આવા ફિરસ્તાઓને લોકોને છેતરવા ધૂતવા બંધ કરવા પણ નિવેદન કરેલ.

આજે ફરી ધરતીકંપે એજ પ્રશ્ન ઉભો કર્યો છે અને આ દેવ દેવીઓના ફિરસ્તાઓને હાકલ કરી છે પણ બકરીની જેમ છૂપાઈ-ભરાઈ ગયા છે. પોતાની પ્રપંચી પાપ લીલા – લોકોને છેતરવા અને ધર્મના સિદ્ધાંતનો દ્રોહ કરવા રૂપ – આ લીલા સંકેલતા નથી.

લાચાર અજ્ઞાન પીડાતા જીવોને ફસાવીને પોતાની તમાશાની બાજીને આગળ ધપાવે છે.

લોકોએ સમજવું જોઈએ, જૈનોએ પણ જાગવું જોઈએ અને જૈન ધર્મની વાસ્તવિકતાને ઓળખી આવા ધૂતારાઓથી દૂર રહેવું જોઈએ.

જૈન દીક્ષા લીધી અને મોક્ષ માર્ગની સાધના, જ્ઞાન દર્શન, ચારિત્રની સાધના, દાન, શીલ, તપ અને ભાવની સાધનાને છોડી લોકોને લૂંટવાનું મન થાય, પોતે પ્રભાવશાળી છે તેમ કરવાનું મન થાય, પોતાનાં માન મરતબા માટે પ્રપંચ કરવાનું મન થાય તે સાધુ શ્રદ્ધાથી પણ ચ્યુત થાય છે. અને ભવાંતરના મોક્ષ માર્ગને પણ ભૂલી જાય છે તેમ કહેવાય.

પછી તેમનું સંયમ ગધેડાને પહેરાવેલા વાઘના ચામડા જેવું રહે છે. તેમનામાં સત્ત્વ રહેતું નથી. તે ભોગ અને વૈભવના અને વિકાર અને વાસનાના, માયા અને પ્રપંચના ભંડાર બની જાય છે. તે આચાર્ય હોય કે મુનિ હોય તેમાં સંયમના, શ્રદ્ધાના, સત્ત્વના દર્શન થતાં નથી તેઓ માત્ર ઉપરથી પોતાની સિંહચર્ય જેવી આબરૂ રાખવા પ્રયત્ન કરે છે પરંતુ અંદરથી આચાર વિચારથી નીચે ઉતરી જાય છે.

આવા આત્માઓ પોતે ડૂબે છે અને સંઘને પણ ડૂબાડે છે. તેમના વડિલ વિગેરે કાં તો તેમનાથી દબાય છે અગર નિર્બળ છે અગર પોતે પણ તેમાં સામેલ બને છે, આ કૌભાંડ, આ તાંડવ જૈન શાસનમાં પણ મચી જાય છે.

જૈન આચાર્યો જાગો, શ્રી સંઘ જાગો અને જૈન શાસનને જયવંત બનાવો. વડિલો પણ શકિત હોય તો તેમને સુધારે ન સુધારી શકે તો ઉત્તેજન ન આપે

જૈનો પણ વેશધારી અને જૈન શાસન, જૈન શ્રદ્ધાનો નાશ કરનારોથી બચે બચાવે અને કમસે કમ તેમાં ફસાય નહિ.

આજના ધરતીકંપોએ જીવોના અશુભ કર્મ ન કલ્પી શકાય તેવી ખાનાખરાબી કરી છે ત્યારે સૌ ધર્મના અને કર્મના સિદ્ધાંતને સમજે અને લેભાગુ ફિરસ્તાઓથી દૂર રહે અને એમની જાળમાં ફસાતા જીવોની પણ રક્ષા કરે.

બાકી ભૂકંપે જે ખાનાખરાબી તોબાહ પોકરાવ્યો છે તે સાબીત કરે છે કે માણિભદ્ર ઘંટાકર્ણ પદ્માવતી, વાસક્ષેપના પડિકા, રક્ષા પોટલીના વિવિધ રંગો અને મંત્રો તંત્રોના નામે ચાલનારા ફરનારા કોઈ પણમાં કામ લાગ્યા નથી તેમની આબરૂના ભૂકા બોલી ગયા છે. અને અજ્ઞાન જીવોના પ્રાણ ચૂસનારા કસાય જેવા બની ગયા છે. તેઓ વહેલા સમજે આ લોભ લાલસાઓથી સંયમના ગઢને ધારાશાયી ન કરે. તેમાં સહાયક ન બને તો પણ જૈન શાસનની જે શ્રદ્ધા છે તે જગતમાં જય જયવંતી બને.

ભૂકંપના કાળા કેરમાં પણ પોતાના ગજવા ઘર ભરી લેનારા મહાપાપીઓ હોય છે એક બાજુ આપે અપાવે અને બીજી બાજુ લૂંટે લૂટાવે. આવા દંભીઓમાં જૈન આચાર્યો, મુનિઓ કે શ્રાવકો નંબર ન આવે એ પણ એ જૈન શાસનને જયજયકાર કરવાની નિશાની છે આ ભૂકંપમાં ભામા શાહની જેમ પોતાની શકિત ભકિતને ન્યોચ્છાવર કરી માનવ જનમ અને જૈન ધર્મને સૌ જયવંત બનાવે એજ શુભ અભિલાષા

ભૂકંપમાં આજના કર્તવ્યો

(૧) ધારાશાયી ખંડિત બનેલા મંદિરને ઉભા કરો.

(૨) ધારાશાયી તથા ખંડિત થયેલા ઉપાશ્રયોને સમારો.

(૩) ધારાશાયી થયેલા તથા ખંડિત થયેલા મકાનોવાળાને ઉભા કરો.

(૪) ધંધો રોજગાર જીવનથી ગ્રસ્ત થયેલા સાધર્મિકોને સહાયક બનો.

(૫) કોઈપણ આ મુશ્કેલીમાં આવેલાઓન ઉદ્ધાર કરો.

લક્ષ્મીની બુદ્ધિની આમાં જ સાર્થકતા છે.

પ્રવચન - સુડતાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, ભાદરવા સુદિ-૧૧, સોમવાર, તા. ૭-૯-૧૯૮૬
ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.

(જિનાજ્ઞા તથા પૂ. સ્વ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)*

पिय मा डव्च्च भज्जासयण धणा सबलतित्थिमंतिनिवा ।
नायर अहमपमाया परमत्थभयाणि जीवाणं ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજ સમજાવી રહ્યા છે કે- ધર્મ કરનારા જીવે સૌ પ્રથમ ધર્મના સ્થાપક એવા શ્રી અરિહંત પરમાત્માને ઓળખી લેવા જોઈએ. એક શ્રી અરિહંત પરમાત્મા જ એવા થાય છે કે જેઓએ સંસારના સઘળાય જીવોને સમજાવ્યું છે કે- તમે જે સુખ માટે ફાંફાં મારો છો તે સુખ આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. તમારે કેવું સુખ જોઈએ છે ? જે સુખમાં દુઃખ ઘાણું હોય કે નામનું પણ હોય તેવું સુખ તમારે જોઈએ છે ? તમારા કરતાં બીજા પાસે અધિક સુખ હોય તો તેવું સુખ પણ તમારે જોઈએ ખરું ? તમને મળેલું સુખ ચાલ્યું જાય તેવું હોય તે જોઈએ કે કાયમ રહે તેવું જોઈએ ? બધા જીવો આ વાત ભલે બોલી ન પણ શકે છતાંય બધાના હૈયામાં આ જ વાત નિશ્ચિત હોય છે કે- અમને મળેલાં કે- મળતા સુખમાં દુઃખનો લેશ પણ ન હોવો જોઈએ. અમારા કરતાં બીજા પાસે અધિક પણ ન હોવું જોઈએ અને તે સુખ આવ્યા પછી કદી નાશ ન પામે તેવું હોવું જોઈએ. જે સુખમાં દુઃખનો લેશ માત્ર પણ ન હોય, જે પરિપૂર્ણ હોય અને જે આવ્યા પછી કદી નાશ ન પામે તેવું હોય - તેવું સુખ આ સંસારમાં છે ખરું ? માટે જ આ ગ્રન્થકાર પરમર્ષિ સમજાવી રહ્યા છે કે- જે જીવ શ્રી અરિહંત પરમાત્માઓએ ફરમાવેલી આ વાત સમજે નહિ ત્યાં સુધી કદી તે સાચી રીતે ધર્મ કરતો થાય નહિ. જે ધર્મ કરનારા ભગવાન પાસે દુનિયાના સુખની ભીખ માગે કે- 'મારે આ આ સુખ જોઈએ' તો તેવા ભીખારી સાચા ધર્મી કહેવાય ખરા ?

તમે બધા ભગવાન પાસે રોજ શું માગો છો ? તમારે જે જોઈએ છે તે શું જોઈએ છે તેની પણ ખરેખરી ખબર છે કે તેનાથી પણ અજ્ઞાન છો ? થોડા પૈસા મળે તો ખુશી થઈ જાવ અને પૈસા જાય તો માથા કૂટો : આ મૂખાઈ છે કે બીજું કાંઈ ? તમને જે સુખ અને સંપત્તિ મળી છે કે તમે મેળવી પાગ છે તે કાયમ રહેવા સી છે ખરી ? તમે બાંધેલો તમારો બંગલા પાગ કયાં સુધી તમારો છે ? કદાચ આ ભવમાં ય ચાલ્યો જાય નહિ તો તમારે તે મૂકીને અવશ્ય જવું જ પડે. તો આવી સુખ સાહ્યબીમાં રાજી થાવ તે ડાહ્યાઈ કહેવાય કે ડહાપણ કહેવાય ? જગતના જીવોમાં આ જ મોટું અજ્ઞાન પ્રવર્ત્યું છે. તે અજ્ઞાન મિથ્યાત્વને લઈને છે. તે મિથ્યાત્વ જ્યાં સુધી નીકળે નહિ ત્યાં સુધી તે જીવ કદી સાચી રીતે ધર્મ કરી શકે નહિ. ધર્મ કરી કરીને તે વધારે દુઃખી થાય. દુનિયાના નશવંતા સુખ માટે ભગવાનની ખૂબ ખૂબ ભક્તિ કરે અને વખતે એ સુખ મલી પાગ જાય. છતાં પાગ તે ય સુખ આલી જ મૂકીને જવું પડે ને ? તેની ઉપાધિનો ભય કેવો હોય ? મોટા કરોડપતિને પૂછીએ કે- મઝામાં છો ? તો તે શું કહે છે તે સાંભળ્યું છે ? તે કહે છે કે- અમારી પાસે આજે પૈસા એવા છે જ જાહેર કરીએ તો આજે જ જેલમાં જવું પડે તેમ છે. પૈસા કયાં મૂકવા તેની ચિંતા છે. મૂકેલા પૈસા પાછા આવશે કે નહિ તેની ય ચિંતા છે. અમારી ઉપાધિનો અને અશાંતિનો પાર નથી. હૈયાથી અમે દુઃખી છીએ.

આવું જ્ઞાનિના વચનથી જાણ્યા પછી જૈને સાચું સુખ મેળવવાની ઈચ્છા થાય તો સાચો ધર્મ હાથમાં આવે. આજે ધર્મ કેવી રીતે કરો છો ? સારા દેખાવા માટે ફાવે તેમ તો વેપાર જેમ તેમ કરો તો ચાલે ? બાઈઓ રસોઈ જેમ તેમ કરે તો ચાલે ? તેમ તમે ધર્મક્રિયા કેવી કરો છો ? ફાવે તો કરો નહિ તો ન પાગ કરો ! પૂજામાં એક રાતી પાઈ પોતાની ખર્ચે નહિ તેવા ઘણા મોટાભાગ બધું પારકે પૈસે કરે છે. આજે જૈનકુળમાં જન્મેલા દર્શન કર્યા વિના કદી મોંમાં પાણી પાગ ન મૂકે તેવા જૈન કેટલા મળે ? આજે તો ધર્મી ગણાતાના દીકરા-દીકરી કહે છે કે- ફાવે તો દર્શન કરીએ નહિ તો ન પાગ કરીએ. આ તમારે માટે કલંક કહેવાય ! આજે તમારો બાર મહિનાનો ધર્મનો ખર્ચો કેટલો છે ? અને ચા-પાણીનો ખર્ચો કેટલો છે ? ધર્મ સમજવાનું-જાણવાનું અને કરવાનું મન ખરેખર કોને થાય ? જે મોક્ષનો જ અર્થી હોય તેને.

આપણે જે સુખ જોઈએ છે તે આ સંસારમાં નથી મોક્ષમાં જ છે. સંસારનું સુખ તો દુઃખનું ઘર છે, તે સુખ ક્યારે ચાલ્યું જાય

તે કહેવાય નહિ. કરોડપતિ પણ ભીખારી થઈ જાય, શ્રીમંતોની પાગ શ્રીમંતાઈ ચાલી જાય, રાજા પણ રંક થઈ જાય. માટે દુનિયાના સુખનો વિશ્વાસ કરવા જેવો નથી. મરણ માથા ઉપર બેઠું છે. કયારે મરણ આવશે તે ખબર નથી. મરવું નહિ હોય તો પણ મરવું પડશે. મારે મરવું નથી એમ કહો તો ચાલે ખરું ? મારે ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકા, પેઢી આદિ છોડવા નથી તેમ નક્કી કરો તો ચાલે ખરું ? મરવાનું નક્કી છે તો મરીને ક્યાં જવું છે તે નક્કી કર્યું છે ? 'મારે અહીંથી મરીને ખરાબ ગતિમાં જવું નથી અને સારી ગતિમાં જવું છે' તેમ પણ તમારા મનમાં છે ? ખરાબ ગતિ કઈ છે અને સારી ગતિ કઈ છે તે પણ જાણો છો ? ખરાબ ગતિ કોને મળે અને સારી ગતિ કોને મળે ? તમારાં કામ તમને સારી ગતિમાં લઈ જાય તેવાં છે કે ખરાબ ગતિમાં લઈ જાય તેવાં છે ? મરવાનું નક્કી છે તો ક્યાં જવું તે નક્કી ન કરે તે ડાહ્યો કહેવાય કે બેવકૂફ કહેવાય ? કપડાં-લત્તાં પહેરી તૈયાર થઈ બહાર નીકળે અને મારે ક્યાં જવું છે તે ખબર નથી તેમ કહેનાર બેવકૂફ દુનિયામાં જોયા છે ? મારે ખરાબ ગતિમાં ન જવું હોય અને સારી ગતિમાં જવું હોય તો કેમ જીવવું જોઈએ તે જાણ્યા વિના, સમજવાની કોશિશ કર્યા વિના સમજુ આદમી રહે ખરો ? જાણ્યા અને સમજ્યા પછી જેનાથી દુર્ગતિ મળે તેવાં કામ તે કરે ખરો ? જેનાથી સદ્‌ગતિ મળે તેવાં કામ પણ ન કર્યા વિના રહે ખરો ? દુર્ગતિ કેટલી છે ? બે. કઈ કઈ ? નરક અને તિર્યંચ. સદ્‌ગતિ કેટલી છે ? બે કઈ કઈ ? દેવગતિ અને મનુષ્યગતિ. નરકમાં કોણ જાય ?

સભા: મહારંભી અને મહાપરિગ્રહી.

રોજ સાંભળનારા પણ પૂરું નથી જાણતા.

જે મોટા મોટા આરંભ કરે, ઘણો ઘણો પરિગ્રહ રાખે, પંચેન્દ્રિયનો ઘાત કરે અને માંસાહાર કરે તે બધા નરકનાં કારણ છે. મોટી પેઢી અને મોટાં કારખાનાવાળા મજેથી તે ધંધા કરતા હોય, અને આ હું ખોટું કરું છું તેમ પણ માનતા ન હોય, હજી મોટા કરવાના વિચારવાળા હોય તે બધા મરીને ક્યાં જાય ? જેમાં બહુ જીવોની હિંસા થાય તેવી જે પ્રવૃત્તિ તે મહારંભ કહેવાય. આજીવિકાના સાધન પૂરતો નિર્દોષ ધંધો કરે તે મહારંભ ન કહેવાય. મોટાં મોટાં કારખાનાં મજેથી કરે તે મહારંભ કહેવાય. પંદર (૧૫) કર્માદાન મહારંભમાં આવે. ગમે તેટલા પૈસા મળે તે ઓછા લાગે હજી વધુ જોઈએ તેવી ઈચ્છા તે મહાપરિગ્રહ કહેવાય. આજીવિકાના સાધનથી વધારે મેળવવાની ઈચ્છા થઈ એટલે મહાપરિગ્રહની શરૂઆત થઈ. તેને આખી દુનિયાની લક્ષ્મી મળે તો ય ઓછી લાગે. જેની પાસે આજીવિકા ન હોય તે મેળવવા મહેનત કરે તે જુદી વાત છે. પણ જીવવા માટે ઢગલો હોય છતાં ય વધુ મેળવવા મહેનત કરે અને વધુને વધુ મળે તો ય સંતોષ ન થાય તે મહાપરિગ્રહમાં જાય. અવસરે જે આડે આવે તેને ઠેકાણે પાડવાની ઈચ્છા ખરી ને ? તે બધા પંચેન્દ્રિય ઘાતક કહેવાય. ઘાત ન કરે તો ય ઘાતક ! ખાવા-પીવામાં મરજી આવે તે ખાય-પીએ, ભક્ષ્યા ભક્ષ્યનો પણ વિચાર ન કરે, સ્વાદ માટે માંસાહાર કરે તે બધા નરકગામી જીવો છે. નરક છે તેમ માનો છો ? તમારે નરકમાં જવું છે ?

તમે બધા જે ગામમાં જન્મ્યા છો તે ગામના લોકો તમારે માટે શું વિચારે છે ? જે શેરીમાં એક સુખી હોય તેના માટે શેરીના લોકોનો શું અભિપ્રાય હોય ? આજના સુખી માટે લોકોનો અભિપ્રાય છે કે- લોકોનું લોહી ચૂસનારા છે. સગો ભાઈ ભૂખે મરતો હોય તો ય સહાય કરવા તૈયાર ન થાય. તમારે ઘેર કોઈ દુ:ખી - જરૂરીયાતવાળો આવે તો 'આવો, કેમ આવ્યા છો, શું જરૂર છે' તેમ પૂછો ? તમે કોઈનું દુ:ખ દૂર કરી શકે તેવા હો તો પ્રેમપૂર્વક તેનું દુ:ખ દૂર કરો ખરા ? તમારા ઘેર સન્માન કેવું થાય ?

સભા: સરખે સરખાનું.

તમારાથી અધિક તો આવે નહિ. બાકી આવે તમારો સગો દરિદ્રી હોય તો ય તમારે ઘેર આવે નહિ. કદાચ તે આવે તો કહે કે- 'ખાવા આવ્યો હશે, પૈસા માટે આવ્યો હશે !' આવા જીવો મરી મરીને ક્યાં જાય ?

' મારી ઈચ્છા હોય કે ન હોય મારે મરી જવાનું છે. મારી મેળવેલી એક ચીજ સાથે લઈ જવાનો નથી. બધું અહીં મૂકીને જવાનો છું. કોઈ સગા-સંબંધી પણ સાથે આવવાના નથી. મારે એકલા જ જવું પડશે. પાપ વધારે કર્યું હશે તો દુર્ગતિમાં જ જવું પડશે.' આવી પણ શ્રદ્ધા છે ? રોજ આવી ચિંતા થાય છે ? પાપનો ભય લાગે છે ? ધર્મનો પણ ખપ છે ? વર્ષોથી સાંભળનારા એવાને એવા નંગ છે ! મજેથી મહારંભ-મહાપરિગ્રહ કરે છે. પાપ પણ થાય તેટલાં કરે છે. 'આ કદી જૂઠ બોલે નહિ. ચોરી કરે નહિ, કોઈને ઠગે નહિ' આવો અભિપ્રાય કોઈ સુખી માટે તમારો છે ખરો ? બજારમાં કોઈ એવી પેઢી મળે જ્યાં દશ વર્ષના છોકરાને મોકલો તો ય ઠગાયા વિના આવે ?

સભા: એક જ ભાવનું બોર્ડ લગાવેલું હોય છે

ઉ. : તે ય સાચું છે કે જૂઠું છે ? એક જ ભાવનું બોર્ડ મારનાર વેપારી જેવો ગ્રાહક તેવો ભાવ લે છે. આ તો જૂઠાને કોણ પહોંચે ?

-ક્રમશ:

આતમ પરિણતિ આદરો, પર પરિણતિ ટાળો

- પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.

લેખાંક - ૫

જગતના જીવ માત્રની કલ્યાણની ભાવનાથી શ્રી તીર્થંકર નામ કર્મની નિકાચના કરી. શ્રી તીર્થંકર બનેલ ભગવંતોએ કેવલજ્ઞાનના બળે આત્માની સાચી ઓળખ કરાવી જે ઉપકાર કર્યો છે તેને ઝીલવાની પણ જો યોગ્ય કેળવીએ તો ય આપણું કલ્યાણ થાય. શરીરની માંદગી આપણને બધાને ખટકે છે પણ આત્માની માંદગીનું ભાન થાય અને તેનાથી બચવાનું મન થાય તે જ આત્મા પરપરિણતિથી બચવાની અને આત્મપરિણતિને પામવાની મહેનત કરે. તે માટે આપણે આ વિચારણા કરી રહ્યા છીએ. હવે તે પરમર્ષિ જણાવે છે કે- (૯-૧૦) કે કુગ્રહાઃ ? દુરાચારઃ, સુગ્રહાઃ કે ! વ્રતશ્રિયઃ ! કુગ્રહ શું ? દુષ્ટ આચારો સુગ્રહ શું ? વ્રતની લક્ષ્મી.

નવ ગ્રહોની પીડાનો આપણને અનુભવ છે, તેની શાંતિ કરવવા બધા પ્રયત્નો કરે છે પણ આપણે જ પેટ ચોળીને ગળની જેમ ઊભો કરેલો જે ગ્રહ તેને આપણે ઓળખીએ છીએ ખરા ? માણસ પોતે જ પોતાના ભાગ્યને ઘડનારો છે. સારા - નરસા ગ્રહો તો ભાગ્યના સૂચક છે પણ સંચાલક નથી. હૈયું સારું તો બધું સારું, બધા અનુકૂળ અને હૈયું ખરાબ તો બધું ય ખરાબ, બધાય પ્રતિકૂળ લાગે !

'મારું તે જ સાચું' 'હું કહું તેમ જ કરવું' આવી જે એક પક્કડ પકડાય છે અને પોતાનો જ કક્કો ખરો કરાવવા જે પ્રયત્ન થાય છે તેમાંથી દુરાગ્રહ જન્મે છે. અધિકાર, અપેક્ષા, આગ્રહની જડ જો જીવનમાં નખાઈ ગઈ તો દુરાગ્રહને આવતા વાર નહિ પછી તેમાંથી દુરાચાર વગર આમંત્રણે કયારે કબજો જમાવી લે તે કહેવાય નહિ. માટે કહે છે કે દુરાચાર તે દુગ્રહ અને વ્રત - નિયમાદિ શોભાથી અલંકૃત જીવન તે સુગ્રહ.

દુરાચાર એટલે મનના દુષ્ટવિચારોની શરીર દ્વારા અભિવ્યક્તિ, દુષ્ટ મનનું કાયા પર આક્રમણ. હૃદયમાં સંસારના સુખોની ભોગ અને વિષયોના વંટોળ જાગે એટલે ત્યાં વિવેકીરૂપી ધૂળ ચોમેર ઉડવા માંડે અને તેમાંથી દુરાચારનો જન્મ થાય. જેમ આજે ખાવા - પીવાદિની લાલસાએ વધવાથી સારાકુળોમાં પણ ભક્ષ્યા - ભક્ષ્ય, પેયાપેયનો વિવેક ભૂલાયો. પછી કરણીયા કરણીય, વચનીયા - વચનીયની વાત રૂચે નહિ, તેવી વાત કરનારા પણ સુખમાં અંતરાયરૂપ લાગે. દુરાચારને દુઃખોની ગણતરી કહી તે પણ ભૂલાઈ જાય. જેમ આજે જોવાની લાલસા વધવાથી લાજ - શરમ પણ નેવે મૂકાયા છે, વડીલોનો અવિનય કરતાં પણ નાનમ નથી આવતી. દુરાગ્રહની આધીનતાએ જે અધઃપતન નોંધર્યું તે પણ નજરે ચઢાતું નથી. આજે તો આ બાબતનો બધાને અનુભવ પણ છે. છતાંય તેનાથી પાછા હઠવાનું મન થતું નથી. જે મન - વચન - કાયાના સુંદર આચારોનો ખાત્મો બોલાવે એ બધું દુરાચારમાં આવે. તેનાથી બચવા પ્રયત્ન કરવો જરૂરી છે.

જીવનમાં શકિત પ્રમાણે વ્રત - નિયમ, તપ - ત્યાગ આવે તો સુગ્રહની પ્રાપ્તિ થાય. વ્રતોથી અલંકૃત મનુષ્યોના દુઃખો દરવાજો દેખે અને સાંચા સુખો તેનું સ્વાગત કરે. હૃદયની પરિણતિ સુંદર બને તો ગુણોને આવતા અને દોષોને ભાગતાં વાર નહિ. સદાચાર એ જ જીવનનો સાચો શણગાર છે. સદાચાર આવે ત્યાં સંતોષ - સંયમ - શીલ સંપન્ન - સત્ત્વ આદિ સહજ આવી જાય. પછી તો મન - વચન - કાયાની પવિત્રતા સ્વ - પરને સુંદર બનાવે, જીવનમાં સાચા ધર્મભાવોની, સાચા અધ્યાત્મની મન - પ્રતિદિન વૃદ્ધિ - ઉન્નતિ થયા જ કરે. માટે જ જ્ઞાનિઓએ ઉત્તમ સુકુલમાં જૈનકુલની પ્રધાનતા ગાઈ તે એટલા માટે કે, 'જૈન કુલ એ સદાચારની ખાણભૂત અને દુરાચારના વૈરી છે.' કમમાં કમ કુલની પણ ઉત્તમતાને આંખ સામે રાખીશું તો ય જીવન સુંદર બની જશે.

(૧૧) કિં વિષઃ ? ક્રોધ લોભાદિ.

વિષ શું ? ક્રોધ - માન - માયા - લોભ.

વિષ શબ્દ અનિષ્ટદાયક લાગે છે. સુંદર મઢેલાં દૂધમાં વિષનું ટીપું છે. તેમ કહે તો મોઢા સુધી લાવેલો ગ્લાસ પણ પાછો મૂકી દઈએ છીએ. આ મનુષ્ય જીવનનો લોભ છે તો વિષ શબ્દનો જે ભય લાગે છે તેવો આ માનવ જીવનનો ભગાડનાર, આત્માને ભૂલાવનાર, અધ્યાત્મિક શકિતનું હીર ચૂસનાર જે ભાવવિષ તેનો આપણને ભય લાગે છે ખરો ? જ્ઞાનિઓએ આત્માના અમરત્વનો નાશ કરનાર જે ભાવ વિષ કહ્યા તેનું વિષપાન તો અમૃતની જેમ મજેથી ગટગટાવીએ છીએ.

બાહ્ય વિષને માટે ઘણા સંશોધનો થયા છે, તેમાંથી આરોગ્યવર્ધક દવાઓ પણ બનાવાય છે, વિષનું મારણ પણ શોધાયું છે. પણ જે આત્માના કેવળજ્ઞાનની પ્રભાને અટકાવે છે, પરમ ચૈતન્યને મૃતરૂપ રાખે છે, સિંહ સમા સત્ત્વશાળી પરાક્રમી આત્માને શિયાળની કોટિમાં મૂકી દે છે. તે ઝેરનો આપણને ખ્યાલ છે ખરો ? સંસારમાં અણબનાવના પ્રસંગોમાં મજેથી વિષપાન કરનારા છે પણ આત્માના અમરત્વ માટે ક્રોધાદિને મજેથી ગટગટાવનારા તો કો'ક વિરલ જ હશે.

ક્રોધ - માન - માયા - લોભ એ જ સાચા વિષરૂપ છે. જેમ દુનિયામાં બનેલો પ્રસંગ છે કે એક માતાને કોઈની સાથે પ્રસંગ પામી અત્યંત કષાય થયો અને ક્રોધની ક્ષણોમાં પોતાના ધાવણા બાલકને સ્તનપાન કરાવ્યું તો સ્તનપાન કર્યા પછી અલ્પ સમયમાં તે બાલક મરી ગયું. તપાસ કરતાં જણાયું કે ક્રોધના કારણે માતાનું સ્તનપાન પણ વિષમય બની ગયું. આ વાતને જાણનારા આપણે પણ અવસર આવે ક્રોધાદિથી મુકત રહીએ છીએ ખરા ? કે બચાવમાં કહીએ કે 'મારે તો બોલવું ન હતું પણ મોંમાં આંગળા નાખી બોલાવ્યું ?' ક્રોધીનો ચહેરો કેવો વિકરાલ હોય છે તે સૌના અનુભવમાં છે. જીવનના નાશ માટે ઝેર પીનારો તો મરી પણ જાય જ્યારે ક્રોધી આત્માને તો એક ક્ષણની પણ જીવનમાં શાંતિ ન હોય. ક્રોધથી સળગતો તો સ્વ-પર બધાને બાળે - સળગાવે.

ક્રોધાદિનું ઝેર બહુ ભયંકર છે, તેનો વશ પડેલાની વિવેક બુદ્ધિ અને વિચાર શકિત પણ નાશ પામે છે. તેમાં નાશકતા સાથે મારકતા અને પાશવીતા પણ છે. મારકતા ભાન ભૂલાવે, નાશકતા પાશવી વૃત્તિથી અત્યાચાર ફેલાવે. જેમ પરશુરામે સાત - સાત વાર નિઃક્ષત્રીય પૃથ્વી કરેલી તે જીવન નાશક ઝેરની ગભરામણ કોને નહિ હોય. તેમ આત્મ ગુણનાશક ક્રોધાદિ ઝેરની પ્રીતિ પણ આપણને કેવી છે ? ક્રોધ ધમપછાડા કરાવી અસર કરે છે જ્યારે લોભ તો આપણને બેહોશને પણ 'બેહોશ' બનાવી પોતાનો પરચો બતાવે છે. મમત્વ એવું ઘીમું મીઠું નકારાત્મક ઝેર છે જે કયારે આપણને ચટી જાય છે તેનું ભાન પણ રહેતું નથી. જે વસ્તુ કે વ્યકિત પ્રત્યે મમત્વ હોય છે તેની સ્મૃતિ - યાદી પણ કેવો નશો કરાવે છે ? લોભી શું ન કરે તે પ્રશ્ન છે. લોભી પાસે સંપત્તિ ઘણી હોય પણ તેના રક્ષણાદિમાં તે વ્યગ્ર હોય ખાવું - પીવું પણ ભૂલે. જેમ મમ્મણ શેઠ. લોભના અનર્થોથી તો ઈતિહાસ ભર્યો પડયો છે. કષાયોની ગુલામીમાં વશ થયેલા જીવમાં ધર્મનો સાચો ભાવ પેદા થાય નહિ. ધર્મની ભાવના વિના જીવન, જીવન બને નહિ. જેને જ્ઞાનિઓના વચનથી ભાવ વિષના સ્વરૂપનો અને અસરનો સાચો ખ્યાલ આવે તે જ આત્મા પોતાના ભાવ પ્રાણોને બચાવવા દ્રવ્ય પ્રાણોનો પણ ત્યાગ કરે. આત્માના ભાવપ્રાણોના નાશક આ ભાવ વિષથી બચવા પ્રયત્ન કરીશું તો જ આપણું કલ્યાણ થશે.

(૧૨) કિં પીયૂષમ્ ? વિવેકિતા.

અમૃત શું ? વિવેકતા.

ઝેર મારક છે તો અમૃત તારક છે. ભયભીત માણસ પોતાની સલામતી માટે સમર્થ રક્ષકનું શરણું સ્વીકારે છે. ભય પામેલું કૂતરું પણ રક્ષણ માટે માણસના પગ પાસે આવી છૂપાય છે. તેમ હવે જણાવે છે કે, અમૃત શું ? અમૃત શબ્દ આનંદદાયી છે અને અમૃત પ્રાપ્ત થઈ જાય તેવી સૌની ઈચ્છા છે. સાચો વિવેક તેનું નામ જ અમૃત છે. અમૃત એટલે હંમેશને માટે શરીર ધારણ કરવાનું તેમ નહિ પણ કર્મના કારણે પ્રાપ્ત એવાં બધા જ શરીરોનો સંપૂર્ણ નાશ કરી, હંમેશા આત્માના સુવિશુદ્ધ સ્વરૂપમાં રમણતા કરાવનારી દિવ્ય શકિત. વિવેકી આત્મા જ આત્મા - શરીરની ભિન્નતાનું સાચું પૃથકરણ કરી શકે, હેય-ઉપાદેયને સાચી રીતના સમજી શકે. આત્મા એ શરીર નથી પણ આત્મા તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. કર્મના કારણે મારા આત્માનું તે સ્વરૂપ દબાઈ ગયું છે, મારે ખરા તે સ્વરૂપને પ્રગટ કરવું છે માટે આ શરીરને જ્ઞાનીની આજ્ઞા મુજબ તપ - ત્યાગ સંયમાદિનું જેટલું કષ્ટ આપું તેટલો મારો આત્મા વિશુદ્ધ થાય, અમૃતાવસ્થાને પામે... આ માટેનો જે પ્રયત્ન કરે તો તેને અમૃતનો અનુભવ થાય. દુઃખમાં પણ તે દુઃખી ન હોય અને સંસારના સુખમાં તે રાગી ન હોય. દુનિયાનું સુખ તેને સુખાભાસ અને તૃણ જેવું લાગે. જેમ ભગવાનના મેરૂપર્વત પર થતાં જન્માભિષેક પ્રસંગ ઈન્દ્ર મહારાજાની હાલતનું વર્ણન કરતાં કવિઓએ પણ ગાયું કે ''ઈણ અવસરે સ્વર્ગની લીલ તૃણ સમ ગણે એ.'' આત્માનું જ સુખ તે સાચું સુખ લાગે. જેમાં દુઃખનો લેશ નથી, જે પરિપૂર્ણ છે અને આવ્યા પછી કયારેય નાશ પામવાનું નથી. આવા આત્મિક સુખનો ઈચ્છા પણ અમૃતનો ઓડકાર કરાવનારી છે. આત્મામાં તો અમૃતનો ખજાનો ભર્યો છે. ધર્માત્મા કયારે પણ મૃત્યુથી ડરે નહિ પણ જન્મેલાને જે ભાવ અવશ્ય આવવાનો જ છે તેનું સ્વાગત કરવા હંમેશા તૈયાર હોય. જેમ સમુદ્રના મોજાં સ્થિર ન હોય, વાયુ પણ સ્થિર ન હોય તેમ જે આત્મામાં સાચો વિવેક પેદા થયો પછી તેની ઈન્દ્રિયોની ચંચલતા -

લોલુપતા દૂર થવા લાગે, કષાયોની કાલીમતા તેનો પીછો છોડવા લાગે. વિવેકના બળે જ જીવને અમૃતરૂપ શાશ્વત પદની પ્રાપ્તિ થાય. આપણે પણ આવા વિવેકી બનીએ તે ભાવના.

હવે આગળ જણાવે છે

(૧૩) કિં દૈન્યં ? ધર્મહીનત્વં

દીનતા શું ? ધર્મહીનપણું.

દરિદ્રતા, ગરીબાઈ - દીનતા એકાર્થવાચી શબ્દો છે. આપણે ઓછા પૈસાના અભાવને, ઈચ્છિત સુખ સાધન સામગ્રીના અભાવને દરિદ્રતા - ગરીબાઈ માનીએ છીએ. કહીએ કે ''વસુ વિનાનો નર પશુ.'' આ બોલાવનાર - મનાવનાર હોય તો તે દીનતા છે. આપણી દીનતા ચીજ - વસ્તુના અભાવના ઘરમાંથી જન્મી છે જ્યારે હિતૈષી આપ્તપુરૂષો ધર્મ રહિતપણાને જ દીનતા કહે છે. અને શાંતિથી વિચારીએ તો આ વાત યથાર્થ છે કારણ કે પૈસા - ટકા, સુખ - સામગ્રીનો અભાવ જીવનને બગાડનાર કે પાયમાલ કરનાર નથી પણ ધર્મનો અભાવ જ આ લોક, પર લોક અને ઉભય લોકને બગાડનાર છે. આપણી દ્રષ્ટિ તાત્કાલિક ફળદાયી ચીજ વસ્તુ સુધી સીમિત રહે છે. જ્યારે જ્ઞાનિઓની દ્રષ્ટિ પારમાર્થિક ફળને જુએ છે. ગરીબાઈ એ દૂષણ નથી કે શ્રીમંતાઈ એ ભૂષણ નથી પણ ધર્મહીનપણું તે ચોક્કસ દૂષણ જ છે. ધર્મી એવો પણ ગરીબ ઊંચો છે અને ધર્મરહિત એવો શ્રીમંત નીચો જ છે. માટે જ્ઞાનિઓએ સંતોષમાં સુખ કહ્યું અને અસંતોષમાં દુઃખ કહ્યું સંતોષી વ્રતધારી એવા પુણીયા શ્રાવકની પ્રશંસા કરી જ્યારે અસંતોષી લોભી એવા મમ્મણ શેઠને સાતમી નરકમાં જવું પડ્યું

ધર્મ રહિત એવો કોડોપતિ પણ ભોગનો ભિખારી બને તો સામાન્ય સ્ત્રીના ચરણો સેવે છે અને વ્રતધારી સામાન્ય પણ શ્રાવક સ્વસ્ત્રીમાં સંતોષી અને નિયમધારી બને છે. મોહજન્ય ઈચ્છાઓ અને ભોગ તૃષ્ણાની ગાઢ પિપાસા કોને નથી ઝૂકાવતી ! રાવણ જેવો રાવણ પણ મહાસતી સીતાની આગળ કેવી લાચારીભરી દીનતા કરતો !! કારણ સ્પષ્ટ છે.

મારો આત્મા તો અનંતી ગુણલક્ષ્મીનો સ્વામી છે. મારા આત્મામાં અખૂટ ગુણ રત્નોનો ખજાનો ભર્યો છે આ વાત ભૂલ થવી દીનતા - પામરતામાં આપણને મજા આવે છે. જે આત્મા પોતાની જાતને ન ઓળખે, પોતાના સ્વરૂપને ન સમજે તે જ મોટો દીન છે.

'વત્થુ સહાવો ધમ્મો' - વસ્તુનો સ્વભાવ તે જ ધર્મ. દરેક વસ્તુ પોતાના મૂળ સ્વરૂપમાં શોભે. આપણે આપણા આત્માના મૂળ સ્વરૂપને ભૂલી ગયા માટે દીનતા - લાચારી કરીએ છીએ. આપણા આત્મ ગુણોનો અભાવ તે જ સાચી દીનતા છે. તે દૂર કરવા આપણે જાતને ઓળખી, આત્મ ગુણને પેદા કરવા પ્રયત્ન કરીશું તો દીનતા નામના દોષથી બચીશું.

(૧૪) કિં ભૂતિઃ ? ધર્મવાસના.

આબાદી - વૈભવ શું ? ધર્મની વાસના છે.

દીનતા દૂર થાય તો જ આત્માની આબાદી, આત્માનો સાચો વૈભવ પ્રગટ થાય. શેઠ - સાહેબ - રાજા - મહારાજા - ચક્રવર્તિ, દેવ - દેવેન્દ્રપણું કે શ્રીમંતાઈએ વૈભવ નથી પણ સાચો વૈભવ તો હૈયામાં પ્રગટ થઈ, અસ્થિમજ્જા સ્થિર થયેલી ધર્મની જે સાચી વાસના છે તે છે. વિષયોની વાસના વિકરાળ - ભિક્ષામણી - લજ્જાસ્પદ છે જ્યારે ધર્મની વાસના વિનય - વિવેકી આદિ આત્મગુણવૈભવની જનની છે.

માણસમાં સહવાસની એક તીવ્ર લાગણી વહન કરે છે. તેને પોષક અને વિકાસક બીજી બીજી પણ લાગણી - ઝંખના - ઈચ્છાઓ પેદા થાય છે. જેમ કે હું સ્માર્ટ દેખાવું, મારી પાસે એવી એવી ચીજવસ્તુઓ હોય જે જોતાં જ સૌને આકર્ષણ કરે આવી જે લાગણી તેનું નામ જ વૈભવ છે. બધાને વસ્ત્ર - મકાન - ભોજનમાં આકર્ષક દેખાવું ગમે છે. તેમાં ગોઠવી ચલાવતા નથી પણ હૈયાથી હું સુંદર બની જાઉં તેવી ભાવના બહુ વિરલમાં દેખાય છે. બધાને સારા દેખાવું ગમે છે પણ સારા થવું ? સારા દેખાવાનું મન તે જ બાહ્યવૈભવ અને સારા થવાનું મન અને પ્રયત્ન તે આંતર વૈભવ ! બાહ્ય વૈભવ તે છેતરામણો - લપસણો - લલચાવનારો માર્ગ છે. જ્યારે આંતર વૈભવ તે જ બચાવનારો માર્ગ છે.

દુનિયા, આધુનિક લેટેસ્ટમાં લેટેસ્ટ સુખ સગવડ - સાધનો, રાચરચીલાનાં માલીકને વૈભવશાળી માને છે, તેમાં મૂંઝાઈ તેને ઝૂકે છે. પણ તેનો માલીક નિશ્ચેતન થયા પછી તેમાંથી એકપણ ચીજ - વસ્તુને તે સાથે લઈ જઈ શકે ખરો ? આજે તો હાથની હીરાની વીંટી કે ગળાનો સોનાનો હાર કઢીને તેના દેહને સળગાવી દે કે દફનાવી દે છે. જે વસ્તુ આપણી નથી જ, આપણી સાથે આવવાની પણ નથી જ, તેને મને કે કમને મૂકીને જ જવાનું છે તેને વૈભવ માનવાની ભૂલ ડાહ્યો માણસ કરે ખરો ? પરંતુ દરેકે વિચારવાની જરૂર છે કે, જે વૈભવને તું તારો માને

અનુસંધાન પાના નં. ૪૮૧

રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.

પ્રવચન ચોથું (ગતાંકથી ચાલુ)

(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાંગુ પડે છે. - સંપાદક)

તા. ૧૩-૧-૭૪ ને રવિવાર પોષ વદ - ૬ ને દિવસે લાલબાગ જૈન ઉપાશ્રયના હોલમાં ભગવાનશ્રી મહાવીર સ્વામીજીની ૨૫૦૦મી નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીય સ્તરે થનારી ઉજવણીનો વિરોધ શા માટે તે અંગે પ. પૂ. પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, શાસન દિવાકર, અવિચ્છિન્ન તપાગચ્છ સામાચારી સંરક્ષક, સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. એ આપેલ માર્ગદર્શન :

સરકાર સામે કાયદેસર પગલાં ભરાઈ રહ્યા છે. તેમાં સંકળાતા મલે તો આપણું કાર્ય તેના ટેકામાં થાય. ગવર્મેન્ટનો કાયદો છે કે પ્રજા માટે કાર્ય કરતા હોય તેના દશમાં ભાગનો વિરોધ આવે તો ન કરી શકે. જેટલા જેટલા સંઘના ઠરાવો વિરોધમાં ગયા તેમની પર કસ્તુરભાઈના પત્ર ગયા અને જણાવ્યું કે તમે ઊંધે માર્ગે દોરવાઈ ગયા છો. આપણી જૈનોની ૨૬ લાખ અને ૪૦ હજારની વસ્તી છે ૨૬ લાખ અમારી સાથે છે અને ૪૦ હજાર વિરોધ કરનારા સાથે છે.

૨૬ લાખનો દશમો ભાગ કેટલો ? મૂર્તિપૂજક સંઘ ૩ લાખ સહી ન મોકલે ? આટલી સહીઓ જાય અને જેને કાયદા વિરુદ્ધ કરવું તો ગમે તે કરે.

આજની લડાઈ તલવારની નથી. મારામારીની નથી. એ સત્ત્વ ચાલ્યું ગયું છે. બધા અહિંસાથી સ્વરાજ લાવ્યા છે.

આ ઉજવણી કાયદેસર રોકવા શકય તેટલા પ્રયત્ન કરવાના તેમાં સંઘો ઠરાવ જાય, તાર જાય અને સહીઓ જાય તે કરવાનું.

ઇન્દિરાજી જ્યાં આવે ત્યાં બધા મલવા જાય, પરિપત્ર આવે, નિવેદન આપે અને વિરોધ બતાવે. એટલે ઇન્દિરા એમ ન કહે કે વિરોધની વાત કરો છો અને મને કહ્યું પણ નથી.

ઇન્દિરાજીને મલવા તૈયાર કોણ થાય આજના જુવાનિયાની વાત જુદી છે. આજે અન્ન મોંઘો ઉભો થયો છે. જયપ્રકાશ નારાયણે જોયું કે આજની સરકાર માને તેમ નથી અમે કાંઈ કરી શકીએ તેમ નથી. એટલે તેમને વિદ્યાર્થીઓને ઉશ્કેરણી કરી તમે બધું બંધ કરો.

આજે જુવાનિયા જે કામ આપશે તે જુના નહિ આપે.

જે રીતિએ શકય હોય તે પ્રમાણે કામ કરવાનું આ સરકારને તમારા ધર્મની પડી નથી.

આજના રાજ્યો ટેક્ષ વધારે લે છે અને સવલત... દેશી રાજા કાંઈ લેતા ન હતા અને રક્ષણ કેવું આપતા ! સારા રાજમાં આટલો ટેક્ષ હોય નહિ. અનાર્ય રાજમાં ટેક્ષ સાથે પ્રજાને સવલતો કેટલી આપે છે.

આજે પ્રાંતોમાં અનાજ છતાં એક પ્રાંતનું બીજા પ્રાંતમાં જાય નહિ. સેન્ટ્રલવાળા હુકમ કરી શકે નહિ. આજે હિન્દુસ્તાનના મોટા માણસ વડા પ્રધાનને પણ કોઈ રાજમાં જવું હોય તો રાજવાળા રક્ષણ આપે તો જ જવાય . (?)

હવે જ્યાં જ્યાં તેની લાગવગ હોય પહોંચી શકે તે નામ લખાવી શકે છે. કયું કામ કરી શકશે તે પછી નક્કી કરીશું પછી તો બધા પ્રાંતોમાં ફરવું પડશે.

જે ભગવાન મહાવીરના મોક્ષ માર્ગને માને, સ્થાનકવાસી મૂર્તિનો વિરોધ કરે, તેરાપંથી મંદિર પાપ માને છે તે સરકારના કાર્યક્રમને કદી મનાવે નહિ.

આજે તો તમારે મન દેશ સાંકડો થયો છે. જેને જ્યાં લાગવગ હોય. પીછાણ હોય તે જાય સંઘને ભેગા કરે, વિરોધના ઠરાવો કરાવે, સહીઓ લે.

૧૮ વર્ષની ઉપરના બધા સ્ત્રી પુરુષની સહી લેવાની.

જેટલા સાધુ - સાધ્વી વિરોધમાં છે તે પણ સહી કરીને મોકલી આપવાના છે. પછી જણાવીશું કે આટલા જણનં. વિરોધ છે. જે લોકો ઉજવણીની સમિતિમાં છે તે બીલકુલ કોઈનું પ્રતિનિધિત્વ ધરાવતા નથી. કોઈ જૈનાચાર્ય, ધર્મગુરૂ કે શાસ્ત્રને માનતા નથી. પોતાની વાતમાં હા પાડે તેને જ માને છે. આ વાત જણાવવી છે. તે જણાવવાથી શું ફળ આવશે તે કહેવાય નહિ, ફળ તો જ્ઞાનીએ જોયેલ આવશે પણ આ કામ કરવાથી નિર્જરા તો થશે જ અવિધિનો નિષેધ તે ભગવાનના શાસનની સેવા છે.

નિર્વાણ સાથે ''કલ્યાણક'' શબ્દ નથી. નિર્વાણને અનુરૂપ કાર્યક્રમ નથી.

જે જે પુસ્તકો ઉજવણીકારો છપાવવાના છે તે જો પ્રગટ થાય તો છપાવનારને જૈનસંઘમાં ઉભા રહેવું ભારે પડશે. અમે જાહેરમાં પડકાર આપીશું કે પુસ્તકોના લખાણ સાચું કરવા તૈયાર થાવ. અમારા પર થતાં આક્ષેપો અમે ખમી લઈએ છીએ. પરંતુ અમે સાચી ભૂલો બોલવા માંડીશું તો ગૃહસ્થને ઉભા રહેવાની તાકાત નથી.

અમારે ત્યાં સુધી ન જવું પડે તેની વાત છે. આ કાર્યક્રમને સંમતિ આપવી જ ન જોઈએ. આ કાર્યક્રમ અને સમિતિઓનું વિસર્જન તેજ અમારી માંગણી છે.

સરકારને ભગવાન મહાવીર પ્રત્યે બહુ માન હોય તો ઘણાં કામ કરાવવા છે. અહિંસા શકય તેટલી સારાય દેશમાં ફેલાવે અને હુંડિયામણ માટે હજારો લાખો જીવોની નિકાશ કરે છે તે બંધ કરે. રાજ્યના આશ્રયો ધર્મ યાજવા છે.

રાજ પાસે જૈન સંઘે પૈસા માંગ્યા હોય તેમ ઈતિહાસ બોલતો નથી.

ભૂતકાળ કરતાં વર્તમાનમાં કાળા નાણાં એટલા ભેગા થયા છે કે સરકારના નાણાની શી જરૂરત ! અમારો મુખ્ય વિરોધ સરકારના નાણા જોઈતા નથી, સરકારનો પ્રસ્તુત કાર્યક્રમ જોઈતો નથી અને જે સમિતિઓ રચાઈ છે તે જોઈતી નથી.

આ વિરોધ પ્રગટ કરવા તારો, ઠરાવો અને વધુ સહીઓ મોકલવી. આટલું કામ ઉપાડી દો. જેને મલે તેને આ સમજાવો. હજી ૧૧ મહિના છે છ મહિના પહેલા બધુ પહોંચી જવું જોઈએ પછી શું કરવું તે જોવાનું. વખતે તે માટે તમારે સંઘ કાઢવો પડશે.

૩-૪ મહિનામાં આ સહીઓ પહોંચે અને અસર ન થાય તો એટલા બધા માણસોએ નીકળવું પડશે તેમાં તમે તૈયાર થશો કે નહિ તેની શંકા છે ? બધાએ દિલ્હીમાં ભરાવુ પડશે આવતા નવેમ્બર પહેલાં ધાર્યું કરી શકીએ : આપણે જરૂરી સહીઓ મોકલીએ પછી કહી શકીએ કે તમે હઠે ચઢયા છો. આ સહીઓ પણ સાંભળતા નથી તે બિલકુલ ન ચાલે. સમિતિ, સમિતિના કાર્યો કયમી ન બને તમે જે ૫૦ લાખ આપો છો તેમાંની રાતપાઈ ન ખરચાવી જોઈએ. સરકારે જે કામ કરવા ધાર્યા છે તેમાં પૈસા ખરચ્યા છે ભગવાન મહાવીરના નામે કશું જ કર્યું નથી.

આ હિન્દુસ્તાન પર રાજ કરવા સારા અને ડાહ્યા માણસો બેસાડતા તેને બદલે ચૂંટણી લાવે એવી પરિસ્થિતિ પેદા કરી છે જે તમે વધારે જાણો છો.

આજની મોંઘવારી બનાવટી છે. બારખાના વાળાઓને ભાવ વધારવાની પરમીટો આપી કરોડો રૂપિયા ચૂંટણીમાં લઈ જવામાં આવે છે. અન્નની અછત જ નથી.

આપણે તો ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક દરેક વર્ષે ઉજવીએ છીએ. ૧૦૦ વર્ષે, બસો વર્ષે કે ૨૫૦૦ વર્ષે વિશિષ્ટ ઉજવવું તેવું શાસ્ત્ર વિધાન નથી. આવી પડયું છે તો કરવું પડશે. વિરોધ ધાર્યું ફળ આપે પછી કરવાની વાત.

પછી તો પાંચે પાંચ કલ્યાણક ઉજવવા છે. આ રિવાજ શરૂ થાય તો જૈન સંઘનો બેડો પાર થઈ જાય.

ભગવાન મહાવીર કે તેમના સિદ્ધાંતો દુનિયાના ગળે ઉતરે તે આનંદની વાત છે.

જે પંડિતો ભગવાનની સર્વજ્ઞતામાં શંકા છે. વર્તમાન સાધુઓને પતિત કરવા માંગે છે તે પુસ્તકો લખનારા લેખકો છે.

અત્યારે તો ઠરાવ, તાર અને સહીઓ મોકલે તે ત્રણ કામ પ્રધાન છે. તે માટે ધન જોઈએ પણ ધન માટે આ કામ કદી અટકવાનું નથી સુખીની અપેક્ષા અમે રાખતા નથી. મધ્યમવર્ગ શકિત મુજબ ના આપે છે.

આજ સુધીના કામમાં હજારો ખચાર્યા છે. વગર માગે આપે છે. કહે છે પુન્યે આપ્યું છે એટલે ખાઈશુ અને આમાં આપીશું.

આ તો આપનાર અને લેનાર જાણે. પૈસા માટે કામ અટક્યા નથી. જૈનાશાસન થોડું પણ અડયું હોય તેવા ઘણા છે.

પરિપત્રો (હેન્ડ બીલો) અમથા નથી નીકળતા. સાધુને પૂછયુ આના પૈસા કયાંથી આવે છે ? અમારા માલનો ઉપયોગ કરજો તેમ કહ્યું ! ચતુર્મુખ મૂર્તિ બનાવી છે એક બાજુ ભગવાન મહાવીર એક બાજુ ઈસુ ખ્રીસ્ત, એક બાજુ બુદ્ધ અને એક બાજુ ગાંધીજી અને ચારેના લાંછન આ રીતે તુલના કરી મશ્કરી થઈ રહી છે તે જાણો છો !

જો ભાગ્યશાળીઓને શકિત મુજબ કામ કરવું હશે તો નામ લખાવી શકશે.

ધનપાલ પંડિતને ઓળખો છો ને ! ભોજ રાજાની સભામાં સારું માન હતું તે ધનપાલ પંડિત એક કાવ્ય બનાવી રહ્યા હતા એટલે સભામાં હાજરી નહતા આપતા. રાજા તપાસ કરાવે કેમ નથી આવતા. ધનપાલ સભામાં આવ્યા અને કહ્યું કે એક કથા લખી રહ્યો છું. રાજાઓ ઉદાર દિલના હતા. પંડિતોને સુખી રાખતા અને વર્ષાસન બાંધી આપતા. ભોજ કહે ખુશીથી લખો તૈયાર થાય એટલે મને બતાવશો.

કથા પુરી થઈ એટલે ધનપાલ રાજા પાસે ગયા. ઋષભદેવ ભગવાનની કથા હતી. અયોધ્યાનું વર્ણન કર્યું હતુ અને ભરત મહારાજાનુ સુંદર આલેખન કર્યું હતુ. ભોજે કથા જોવા પાના ફેરવ્યા જોઈ ખુશ થયા અને કહ્યું કે ત્રણ કામ કરો. અયોધ્યાનું નામ છે ત્યાં ધારા નગરી લખો, ઋષભદેવની જગ્યાએ મહાકાલ લખો, ભરત રાજાની જગ્યાએ ભોજનું નામ લખો માગો તે આપું.

ધનપાલે શું કહ્યું જાણો છો ? કહે મહારાજ સમજો છો શું કહ્યું ? કયાં ઐરાવત અને કયાં ગધેડો ! કયાં કંચન અને કયાં કથીર !

ભોજે કહે કોની સામે બોલો છો ?

ધનપાલ કહે અન્નદાતા સામે.

ભોજ કહે પરિણામ શું આવશે જાણો છો ? ધનપાલ કહે જે આવે તે.

રાજાને એટલો ગુસ્સો આવ્યો કે સગડીમાં આખી કથા નાંખી એટલે બળી ગયી.

પંડિત કહે રાજન્ વિનાશ કાલે વિપરીત બુદ્ધિ. ઘરે આવ્યા પણ ખાવાનું ભાવે નહિ. મોઢું ઉદાસીન હતું. કોળિયો ગળે ઉતરે નહિ, આંખમાં પાણી હતા, દિકરી પૂછે શું છે પિતાજી ! કહે કથા સળગાવી દીધી તો દિકરી કહે મને મોઢે યાદ છે.

આવા સંતાન કોને ઘેર પાકે ?

જે ગમે તેવા લોભમાં આવે નહિ.

તક આવી હોય, ભગવાનના ધર્મની હિલના થઈ રહી હોય પણ ભગવાનના ધર્મને ન વટલાવે. સામર્થ્ય ન હોય અને આવતુ આક્રમણ રોકી ન શકે પણ ન રોકાય તેનું દુઃખ અનુભવે તો ય કલ્યાણ થશે.

અમે કોઈની પાસે પૈસા માટે દીનતા કરત નથી સ્વયં પોતાના ઉલ્લાસથી આપી જાય છે.

અમે અમારા અજ્ઞાનને કબૂલ કરીએ છીએ અજ્ઞાન એવું હતુ કે ખબર ન પડે, તે રીતિના પ્રયત્નો પણ ન હતા.

તમે સ્વરાજ લીધું નથી હિન્દુસ્તાનને સ્વરાજનો ટૂકડો આપ્યો છે હિન્દુસ્તાનનું સત્યનાશ વાળવા. તમે બ્રિટીશ ગુલામી છોડી અહિંની રાષ્ટ્રિય ગુલામી સ્વીકારી. તમારા નેતા સ્વાધીન નથી પરાધીન છે. યુનોનો હુકમ છે અનાજની તંગી કરો અને માંસાહારનો પ્રચાર કરો. હિન્દુસ્તાનની પ્રજાને માંસાહારી કરવાની વર્તમાનની યોજનાઓ છે. જૈનાના ઘરમાં માંસાહાર ઘુસી ગયું. ૮૫ માં હું અહીં બોલેલો કે જૈનોના ઘરમાં ઈંડા ચટણીની જેમ ખવાય છે અને દારૂના બાટલા પીવાય છે ત્યારે તે ઘણો મોટો હલ્લો થયો હતા. પરંતુ તે તો પગરણ હતા.

ભગવાન મહાવીરનું નામ બહાર આવે, જગતમાં ભગવાનની ઓળખ થાય, તેમના સિદ્ધાંતો ઘેર ઘેર ફેલાય તો તેનો વિરોધ અમે કરીએ ? 'સવિ જીવ કરું શાસન રસી' ના ભાવનાવાળા ભગવાન મહાવીરને તે લોકો જુદી રીતે મુકવાના છે તેનો વિરોધ છે.

જે લોકો ભગવાન મહાવીરને દેવાધિદેવ માનવા તૈયાર નથી એવા પંડિતો અને પંડિતોના પનારે પડેલા શેઠિયાઓ છે.

અમે ખામોશ રાખી છે જો બોલવા માંડશું તો તે સંઘમ રહી શકે તેમ નથી.

તે જૈનના આગેવાન છે ! જેમને પોતાના અમૃત મહોત્સવમાં 'હરિજન પ્રકરણ' અંગે કહ્યું કે મારા અભિપ્રાય વિરુદ્ધ કશું કરવાનું નથી. જેનામાં આટલી ય આસ્થા ન હોય હિંસક હોટલના ઉદ્‌ઘાટન કરી શકે. હોટલ રહે ત્યાં સુધી ફોટા રખાવે, તેના શેર રાખે તે જૈન સંઘના આગેવાન હોય ? તીર્થરક્ષા પેઢી પ્રમુખ હોય ? પોતાની ઈચ્છા મુજબ ચલાવે કે ચલાવી શકાય ?

આ ઉજવણીના કાર્યક્રમથી શાસનને શું નુકશાન થવાનું છે તે પૂછવા આવશે તો ગમે ત્યારે સમજાવવા તૈયાર છું.

તમારી તાકાત હોય, લાગવગ પહોંચતી હોય ત્યાંથી વિરોધના ઠરાવો, તારો સહીઓ મોકલો.

જો આપણને સ્ટે મલી જાય તો આપણે જરૂર સફલ થવાના.

આજની કોર્ટો કોની ? આ ઉજવણીમાં સરકારને રસ નથી એટલે કોર્ટ ફરે તેમ નથી.

સ્ટે મલી જાય એટલે કાયદેસરની રીતે ઠરાવ, તાર સહીઓ મોકલાય અને કહીએ કે ૧૦% નો વિરોધ છે. ત્રણ મહિનામાં કામ પતી જાય અને તેનું પરિણામ ન આવે તો પછી શું કરવું તેની તૈયારી છે. તે તો જેવો સમય અને સંયોગ.

યોજના સફલ થાય કે ન થાય તે તો જ્ઞાની જાણે.

પરંતુ શાસ્ત્ર ફરમાવે છે કે ભગવાન જિનેશ્વરોના પ્રવચનની થતી અવિધિના નાશ અને વિધિ બનાવવાના પ્રયત્નથી જરૂર નિર્જરા થાય, જેથી આલોક સુધરે, પરલોક સુધરે અને મુક્તિ નજીક થાય. ક્રમશઃ

પાના નં. ૪૮૭ થી ચાલુ

છે, જેની કિંમત તારા પ્રાણ કરતાં અધિક માને છે, જેને નિહાળી નિહાળીને બીજાના મોંઢે પ્રશંસાના પુષ્પો સાંભળી સાંભળીને તું ફુલાય છે, છાતી કાઢી ફરે છે અને જેને આંખથી નિહાળે છે તે આંખનો વૈભવ કોના પર છે ? તારા ચૈતન્ય પરને ? તે ચૈતન્યના અનુપમ અણમોલા અખંડ શાશ્વત વૈભવનો તને કયારે વિચાર પણ આવે છે ખરો ? હું બાહ્ય વૈભવમાં મૂંઝાવું છું પણ મારા આત્મામાં જે વૈભવ છે તેનો તો વિચાર પણ કરતો નથી. બાહ્ય વૈભવની કિંમત આ બે બીયામાં આત્મા છે ત્યાં સુધી. આંખ મિચાયા પછી આમાંનું કાંઈ સાથે આવવાનું નથી તો છેલબટાઉ છબીલો થઈ કેમ ફરે છે ?

આત્મગુણ વૈભવથી રહિત આત્મા પણ જડના સગાભાઈ જેવો છે. તેવાની આંખો ચારે બાજુ ભટકે, આમ તેમ ડાફોળિયા મારે અને સુંદર સુડોળ, ઘાટીલારૂપોને જોઈ તેમાં લંપટ, કામુક, નિર્લજ્જ પણ બની જાય. બહારના સુંદર ચીજ - વસ્તુને જોઈ, તેમાં મોહ પામી મૂઢ પણ બને, તેને મારું બનાવવાના બધા જ પ્રયત્નો કરે અને પોતાનું ન બને તો વિનાશ પણ કરે. આજના છાપાઓમાં રૂપપિપાસુઓના આવા પરાક્રમો રોજ વાંચવા છતાંય મન હજી બાહ્ય સૌંદર્યમાં ભટકે તે કેવું આશ્ચર્ય ! વૈભવ - વિલાસ મારાપણાની મલીન વાસનાના પોષક સંવર્ધક સંરક્ષક બને છે. તેવાને ત્રણે લોકનું સામ્રાજ્ય મલે તો ય ઓછું લાગે !

રેડસિગ્નલ બતાવતાં આપ્તજનો કહે છે કે ભાઈ ! વિનાશક વૈભવ તરફ આંધળી દોટ ન મૂક પણ આત્મગુણ વિકાસક વૈભવ તરફ જરા નેહ નજરે જો. સાચો વૈભવ તો ધર્મની વાસના છે. તે જન્મે એટલે સદ્‌ગુણોની સૌરભ ચારે બાજુ ફેલાશે, લોકો ભાવથી ચરણોમાં આળોટશે અને એવી અજબની ખુમારી અને ખમીરીની અમીરી પેદા થશે કે ત્રણે લોકનું સામ્રાજ્ય ચરણે ધરશે તો પણ 'મારે કાંઈ જોઈતું નથી.' તેમ જ કહેશે આત્મધર્મની વાસના રૂપી શૈય્યાના ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષ એ ચાર પાયા છે. તેને પામેલો કે પામવાનો પુરૂષાર્થ કરનારો પુણ્યાત્મા જ સાચો વૈભવશાલી છે. તેની અમીરાત આગળ કુબેરનો ભંડાર પણ વામણો છે. તેની વાણીમાં દયાનું મધુર સંગીત ગુંજે છે, આંખમાં નિષ્કામ કરૂણાનું કલકલતું ઝરણું વહે છે, હૃદય વિવેક - વિરાગ - વિનય અને વાત્સલ્યની વર્ષાથી ભીંજાયેલું રહે છે અને તેનો આત્મા અવિનશ્વર ગુણ વૈભવનો રોહણાચલ બને છે. બાહ્ય પક્ક - પોચવડરથી મોહું મઢનારના વૈભવમાં દીનતાની, હોઠની લાલી લીપસ્ટીકના વૈભવમાં ક્ષુદ્રતાની, વસ્ત્રાલંકારના ઝગમગાટમાં માત્ર રોનકની ભ્રમણાની તીવ્ર ગંધ આવે છે. તે વૈભવ તન - મન - વચનને અપવિત્ર બનાવવાનું આગોતરું આમંત્રણ છે જ્યારે આત્મિક ગુણ સમૃદ્ધિની ટોચે પહોંચાડનાર ધર્મની સાચી વાસના જ સાચો વૈભવ છે. જેને મેળવી ત્રણે લોકની ઠકુરાઈ નાચે છે. આપણે પણ આવા વૈભવશાલી બનવા પ્રયત્ન કરીએ તે જરૂરી છે. ક્રમશઃ

તાજેતરમાં અટલબિહારી બાજપાયીની ઉપસ્થિતિમાં જૈન સિદ્ધાન્તોનું અવમૂલ્યન કર્યું છે..

ઓ પ્રકાશ ઝવેરી ! જવાબ આપો ...

— પ્રજ્ઞ ધ્વનિ

ઓ પ્રકાશભાઈ ! કયાં ગચ્છાધિપતિએ તમને આજ્ઞા ફરમાવી, કે તમે અટલબિહારી બાજપાયીએ યોજેલી મીટીંગમાં હાજરી નોંધાવી આવ્યાં ?

ઓ પ્રકાશભાઈ ! જૈનોની કઈ માન્ય સંસ્થાએ તમને પ્રતિનિધિ બનાવ્યાં, કે તમે ૨૧ લાખથીય વધુ શ્વેતાંબર-મૂર્તિપૂજક જૈનોનું પ્રતિનિધિત્વ અદા કરવા દીલ્હી પહોંચી ગયા.. ?

ઓ પ્રકાશભાઈ ! જૈન શાસનના કેટલાં આચાર્ય ભગવંતોએ તમને અનુમતિ આપી, કે ૨૬૦૦ ના સૂચિત રાષ્ટ્રીય (એટલે કે સરકારી) મહોત્સવને જૈનો પોતાનું સમર્થન જાહેર કરે છે, એવી ઘોષણા કરવાની કુચેષ્ટા કરી ?

ઓ પ્રકાશભાઈ ! કોણે તમારા હાથમાં અધિકારના સૂત્રો સોંપ્યા, કે તમે ૨૬૦૦ ના શાસન વિઘાતક અને સત્ય લોપક મહોત્સવને નિઃશૂક પણે લીલીઝંડી દર્શાવી દીધી ?

ઓ પ્રકાશભાઈ ! ભારત ભરમાં શ્વેતાંબર મૂર્તિપૂજકોના હજ્જારો જૈન સંઘો પથરાયેલાં છે. તે પૈકીના કેટલાં જૈનસંઘોનું તમને દસ્તાવેજી સમર્થન મળ્યું, કે તમે શ્રમણ ભગવાન્ મહાવીર દેવના ૨૬૦૦ માં જન્મકલ્યાણકની અમાન્ય ઉજવણીની મુક્ત કંઠે પ્રશંસા કરી ?

ઓ પ્રકાશભાઈ ! કેટલાં શ્રમણો - પદસ્થોએ તમને આશીર્વાદ આપ્યાં, કે તમે અયોગ્ય તેમજ સર્વથા અહિતકર એવી પણ રાષ્ટ્રીય ઉજવણીને વધાવી લીધી ?

યાદ રાખજો ! પ્રકાશભાઈ ! ભગવાન્ મહાવીર દેવના ૨૬૦૦ મા જન્મ કલ્યાણકની સૂચિત શાસ્ત્ર વિરુદ્ધ ઉજવણી જૈનધર્મને વૈભવના ઉન્નત શિખર તરફ તો નહિ જ દોરી જાય, અલબત્ત, જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો તે લોપ કરતી જરૂર.

પ્રકાશભાઈ ! આ રહ્યાં તમારા વક્તવ્યના અંશો: વડાપ્રધાન અટલબિહારી બાજપાયીના સાનિધ્યમાં ''ભગવાન્ મહાવીર ૨૬૦૦ મા જન્મ કલ્યાણક રાષ્ટ્રીય મહોત્સવ સમિતિ' ની એક બેઠકમાં તમે જે વક્તવ્યને વ્યક્ત કર્યું તું, તેના જ કેટલાંક ભ્રામક અંશોનું અહિં સ્પષ્ટીકરણ કરીએ છીએ.

જરા ફરીથી તેની સમીક્ષા કરી જુઓ ! શું એમ નથી લાગતું, કે તમે જાણે અજાણે પણ જૈન સિદ્ધાન્તોને નાની મોટી ઈજાઓ પહોંચાડી દીધી છે ?

(રાષ્ટ્રીય મહોત્સવ સમિતિની બેઠકમાં રજૂ થયેલ અને ત્યારબાદ 'શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તીર્થ રક્ષા ટ્રસ્ટે પ તાના ''णमो तित्थस्स'' નામના મુખપત્રમાં પ્રકાશિત કરેલા શ્રીયુત પ્રકાશભાઈ ઝવેરીના કેટલાંક ભ્રામક ઉચ્ચારણો:)

xx जीयो और जीने दो' ये नारा देवाधिदेव भगवान् महावीर के पास से हमे वीरासतमें मिला है और स्वतंत्र भारत के महात्मा मानव गांधी (बापू) का भी यह जीवन मन्त्र रहा है. xxx

(''णमो तित्थस्स'' વર્ષ-૧૫ અંક-૧)

ઓ પ્રકાશભાઈ ! શ્રમણ ભગવાન્ મહાવીર દેવની અહિંસા શું આટલી બધી સંકુચિત હતી; કે જે અહિંસામાં અન્યની કરુણાને બીજા નંબરનું સ્થાન મળ્યું હોય અને સ્વાર્થને પહેલા નંબરમાં સ્થાન અપાયું હોય ?

નહિ જ નહિ. હરગીઝ નહિ.

જીવો અને જીવવા દો' નો નારો દેવાધિદેવ મહાવીરે આપ્યો જ નથી. શ્રમણ ભગવાને તો એવી અહિંસા નિરુપી છે, જે અહિંસામાં અન્યની હિંસાને તસુમાત્ર પણ અવકાશ ન મળે.

જ્યારે જીવો અને જીવવા દો' ના સૂત્રમાં ગુંથાયેલી અહિંસા અર્ધદગ્ધ કે અપૂર્ણ નથી જાગતી ? આ સૂત્ર અન્યને જીવિતદાન આપવાની વાત પછી કરે છે. પહેલાં જીવિતદાન મેળવી લેવાની વાત કરે છે. આથી જ આ સૂત્રનો એક એવો અર્થ પણ ધ્વનિત થઈ શકે: જો તમારા પોતાના પ્રાણ જોખમમાં મૂકાયા હોય, તો અન્યના પ્રાણની પરવા કરશો મા. તમારા પ્રાણોની રક્ષા કરી લેજો ! પ્રાણોની રક્ષા કરવા જતાં ભલે અન્યની હિંસા થઈ જતી.

ભગવાન્ મહાવીર દેવે તો અહિંસાના સર્વોચ્ચ સિદ્ધાંતને જન્મ આપ્યો છે.

पाणेय नाइ वाएज्जा ॥ ૮-૯ ॥ ઉત્તરાધ્યયન સૂત્ર.

नहु पाणवहं अणुजाणे ॥ ૮-૮ ॥ ઉત્તરાધ્યયન સૂત્ર.

પ્રાણો ભલે ચાલ્યાં જાય પણ પ્રાણિઓનો વધ કરવો નહિ.

પ્રાણો ભલે ચાલ્યાં જાય પણ પ્રાણિ વધની પ્રવૃત્તિને સમર્થન આપવું નહિ.

'જીવો અને જીવવા દો' ના સૂત્ર નો જો સ્વીકાર કરીએ, તો હિંસાને આંશિક પણ અવકાશ મળવાની આપત્તિ આવી પડે.

શું શ્રમણ ભગવાન્ મહાવીર દેવને હિંસા થોડીક પણ ઇષ્ટ હતી ?

શું શ્રમણ ભગવાન્ મહાવીર દેવે કોઇ આકસ્મિક સંયોગોમાંય હિંસાનો રાહ દર્શાવ્યો છે ખરો ?

શું શ્રમણ ભગવાન્ મહાવીર દેવે પોતાના પ્રાણો બચાવી લેવા અન્યના પ્રાણોને હરી લેવાની છૂટ આપી છે ખરી ?

તેમણે તો ઝેર ધોળી જઇને ય અમૃત વહાવવાનું શીખ્યું છે.

તે પરમતારકે દૃષ્ટિવિષ ચંડ કૌશિકનું કાતિલ ઝેર સ્વીકારી લીધું તું. અને બદલામાં તે ઝેરીલા ફણિધરને અહિંસાની સુધાના ઘૂંટડા પાયા તાં

પ્રાણાન્તે પણ હિંસાનો માર્ગ નહિ જ અખત્યાર કરનારા દેવાધિદેવ શ્રી મહાવીર પ્રભુ 'જીવો અને જીવવા દો' જેવું અહિંસાનું અપૂર્ણ સૂત્ર શીખવે ખરા ?

ભગવાન્ મહાવીરદેવની અહિંસાને પ્રચારવા કે પ્રશંસવા માટે જીવો અને જીવવા દો' ના સૂત્રનો આશ્રય સ્વીકારવો એટલે સો ટચના સોનાને નગુણા પીતળનું ખોખું ચઢાવવું !

આ થઇ તમારા નિવેદનની પહેલી ક્ષતિ.

જીવો અને જીવવા દો' ના સૂત્રનું વિશ્લેષણ કરતાં તમે વધુ એક ભૂલ કરી બેઠા. જેને તો અક્ષમ્ય જ ગણવી પડે તેમ છે. તમે જણાવ્યું : ભગવાન મહાવીરની અહિંસા મહાત્મા ગાંધીનો પણ જીવનમંત્ર રહ્યો છે. શું આ વાક્યનો ફલિતાર્થ એવો પ્રગટ નહિ થાય, કે મહાત્મા ગાંધી અને દેવાધિદેવ મહાવીર પ્રભુની અહિંસા વચ્ચે સામ્ય હતું ? જેવી મહાવીરપ્રભુની અહિંસા એવી ગાંધી બાપુની અહિંસા.

રે છટ્ ! ક્યાં ત્રૈલોક્યગુરુ મહાવીરદેવની અણિશુદ્ધ અહિંસા અને ક્યાં મહાત્મા ગાંધીની કાયરતાભરી વામણી અહિંસા ? બે વચ્ચે ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેટલું વિશાળ અંતર રહ્યું છે.

એક સોળે કળાથી પરિપૂર્ણ ચંદ્રમા અને બીજો પોતાના પડછાયાનેય અજવાળી નહિ શકનારો. તુચ્છ આગિયો. એક સહસ્ર રશ્મિ સૂર્ય અને બીજો એક ફૂંક સામે ટટ્ટાર ન રહી શકનારો દીપક. બેની તુલના કરાય જ શી રીતે ?

પ્રકાશભાઇ ! અમે તમને પૂછવા માંગીએ છીએ. શું મોહનલાલ કરમચંદ ગાંધી પરમાત્મા મહાવીર દેવ જેવા પૂર્ણ બ્રહ્મચારી હતાં ? નખશિખ અહિંસક હતાં ? પૂર્ણ અપરિગ્રહી હતાં ? પૂર્ણ જ્ઞાનવાન્ હતાં ?

રાષ્ટ્રપિતા ગાંધીજી, ભારતરાષ્ટ્રના ભલે પિતા ગણાતાં તેઓ રાષ્ટ્રની તત્કાલીન પ્રજામાં ભલે પરાકાષ્ઠાનો આદર પામી શક્યાં. અલબત્ત, પરમાત્મા શ્રી મહાવીર દેવની અફાટ ગુણરાશિ સામે તેની શી વિષાત્ ?

ઓ પ્રકાશભાઇ ! શું એમ નથી લાગતું, કે તમે પરમાત્મા શ્રી વીરની ઘોર આશાતના કરી છે ? એક સૂર્યને દીપક સાથે સરખાવીને.

આ થઇ, તમારા નિવેદનની બીજા નંબરની ક્ષતિ. જેને કોઇ રીતે ક્ષમા આપી શકાય તેમ નથી.

આગળ વધતાં તમે તમારા નિવેદનને દોષોની શૃંખલા બનાવી દીધું. તમે ઉચ્ચાર્યું :

xxx પર્યાવરણ સંતુલન જિसको हमारे संविधानने हरेक नागरिक का कर्तव्य बताया है और आज कल बहुत फैशनेबल बात बन रही है, उनकी महत्ता प्रभु महावीरने आज से २५०० से अधिक साल पूर्व भी बताइ थी । xx

ભગવાન્ મહાવીર દેવ શું પર્યાવરણવાદી હતાં ?

જો હા ! તો નીચેની પ્રશ્નાવલી તમારો કાન કરડી ખાવા તૈનાત બની છે.

૧) ભગવાન મહાવીર દેવે કયાં આગમસૂત્રમાં પર્યાવરણવાદનું સ્વરૂપ દર્શાવ્યું ?

૨) ભગવાન્ મહાવીર દેવના પર્યાવરણવાદનું સ્વરૂપ કેવું હતું ? પર્યાવરણની રક્ષા માટે તેમણે કયું માળખું ગોઠવ્યું ?

૩) ભગવાન્ મહાવીર દેવના ધર્મશાસનની કઇ કરણીનો કેવળ પર્યાવરણના જ બંધારણ પર રચના પામી છે

૪) ભગવાન્ મહાવીર દેવે પર્યાવરણની રક્ષા માટે થતાં હિંસાચારોને શું પ્રોત્સાહન આપ્યું તું ?

૫) ભગવાન્ મહાવીર દેવે પર્યાવરણના મુખ્ય બિન્દુ જેવી વનીકરણની પ્રક્રિયાને ધર્મ તરીકે લેખવાની શું કલ્પના પણ કરી છે ખરી ?

૬. ભગવાન્ મહાવીર દેવ શું વનસ્પતિ અને વાયુમાંય જીવત્વની સિદ્ધિ નથી કરી ગયાં ?

૭. ભગવાન્ મહાવીર દેવે પર્યાવરણ રક્ષાના જુદા જુદા અવયવો જેવા કૃષિ કર્મ-ખેતીવાડી અને વનસ્થલી વિકાસના કાર્યોને ''મહાપાપ'' નથી કહ્યાં ?

પ્રકાશભાઈ ! જરા તો સમજો ! દેવાધિદેવ મહાવીર પરમાત્માએ જે કાર્યોને મહાપાપ' કહીને વખોડી કાઢ્યાં છે, ભગવાને એ (પર્યાવરણ રક્ષાના) કાર્યનો ઉપદેશ આપ્યો તો, એ કહી જ કેમ શકાય ? આપણી શી હેંશિયત ? કે પરમાત્માની વાણી પર શસ્ત્રક્રિયા કરવાનું કાર્ય કરી શકીએ ! ?

પ્રકાશભાઈ ! તમે ગંભીર અપરાધના ભોગ બન્યાં છો. ભગવાન્ મહાવીર દેવની ઉદાત્ત પ્રતિભાને પર્યાવરણવાદની પછેડીમાં વીંટી લઈને. હા ! ભગવાન્ મહાવીર દેવ જેવી વિશ્વની અપ્રતીમ હસ્તીને પર્યાવરણવાદીઓની સાધારણ પંક્તિ પર બેસાડતાં પહેલાં તમારે તમારી ચેષ્ટાનું સમર્થન કરે તેવો કોક શાસ્ત્ર પાઠ રજૂ કરવાનો પરિશ્રમ લેવો જરૂરી હતો.

પ્રકાશભાઈ ! તમારા આવા નિવેદનો એક સત્યનો સંકેત આપી જતાં જણાય છે. ભગવાન્ મહાવીર દેવના ૨૬૦૦ માં જન્મ કલ્યાણકને પણ તમે સસ્તી પ્રસિદ્ધિ અને લોક ચાહનાની પગથાર બનાવી દેવા માગો છો !

ગાંધી બાપુ જેવા રાષ્ટ્રનેતા સાથે સાક્ષાત્ જગતનેતા પરમાત્માની તુલના કરવાની કુચેષ્ટા તમે જેટલા માટે જ કરી, તમારે દેશના સેક્યુલરીસ્ટો સાથે ઘરોપો કેળવવો છે.

આજકાલ વધુ પડતા પ્રખ્યાત બની ગયેલા પર્યાવરણ વાદીઓને તમારે મીઠડાં લાગવું છે. માટે જ તમે જગદ્‌ગુરુ મહાવીર દેવની પ્રશસ્ય છબિ પર પણ પર્યાવરણ વાદના છીંછરા વસ્ત્રો સીટ્યાં.

પ્રકાશભાઈ ! આવા બેજવાબદાર નિવેદનો બંધ કરો ! બોલવું જ હોય, તો સૌ પહેલા જૈન સિદ્ધાન્તોનો મૌલિક અભ્યાસ કરી લ્યો !

હા ! લાખ્ખો વિરોધો વચ્ચે પણ ''માંસ નિર્યાત પ્રતિબંધ''ની તમે કરેલી માંગણીમાં અમે પણ બુલંદસ્વરે સૂર પૂરાવશું, જેની નોંધ કરજો !

૨૬૦૦ ની રાષ્ટ્રીય ઉજવણી ચોટલે ...

* માત્ર ૧૦૦ કરોડ જેવી સરકારી કિંમતમાં શ્રમણભગવાન્ મહાવીર દેવનું વેંચાણ.
* જૈન ધર્મના પરમપવિત્ર અનુષ્ઠાનોનું સરકારીકરણ.
* જૈનોના પરમપૂજ્ય તીર્થંકરો અને આદર્શપાત્રોનું વ્યવસાયીકરણ.
* પરમાત્મા મહાવીરદેવની ઘોર આશાતના.
* ધર્મગુરુ નિરપેક્ષતાનો નગ્ન નાચ.
* શ્રમણ સંઘની સર્વોપરિતાની સહીયારી સંહારલીલા.
* સરકારી તંત્રના હસ્તક્ષેપને અઘોષિત સંમતિ.
* જૈન ઈતિહાસની ક્રુર હાંસી.
* જૈનોનું અનેક ટુકડાઓમાં વિભાગીકરણ.
* ધર્મસત્તાના અબાધિત અધિકારનું અવમૂલ્યન.
* જૈન તત્ત્વજ્ઞાનની લોકોત્તરતાનો સત્યાનાશ.

ના, નહિ જ થવા દઈએ, આવા દોષપૂર્ણ સરકારી મહોત્સવને.

(પાના નં. ૫૦૩ થી ચાલુ)

મનની અશુચિ દૂર ન કરી તો તે અનેક ભવો સુધી આપણું બગાડનારી છે. ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કામ-મદ-મોહ- અહંકાર- વહેમ-અવિશ્વાસ આ બધી અનેક પ્રકારની અંતરંગ અશુચિ છે. જો આ દૂર કરાય તો જ આત્મા નિર્મલ થાય. પાણીની જેમ જીવનમાં સાદાઈ-સદાચાર-સંતોષ-ક્ષમા-નમ્રતા-સરળતા નિર્લોભીપણું આવે તો જ હૈયાની અશુચિ દૂર થાય. તેને દૂર કરવા આ મનુષ્યભવ જ જરૂરી છે. માટે હૈયાને નિર્મલ કરવા પ્રયત્ન કરીશ તો તારું જીવન સાર્થક બનશે.

❑ એકવાર લગ્ન પ્રસંગે વસ્ત્રાલંકારથી શરીરનો શણગાર કરતી હતી. દર્પણમાં જોયું અને એકદમ સ્ફૂરણા થઈ કે- અલી ! આ શરીરની ટાપટીપ- લાલી લીપસ્ટીક-પફ- પાવડર-નો શણગાર ક્ષણ જીવી છે. ફોટા પડાવીને તેમાં રાચીશ તે તો મિથ્યા છે. બાહ્ય સૌંદર્ય તો વિનશ્વર છે. આ દર્પણ પણ તારા મનમાં કહે કે- દર્પણ અર્થાત્ આ શરીરનું અભિમાન ન કર. શરીર તો આજે છે કાલે નથી. શરીરના શણગારને બદલે આત્માના શણગારનો વિચાર કર. સદાચાર- સંયમ- શીલ એ જે આત્મ નો સાચો શણગાર છે, સાચું સૌંદર્ય છે. માટે બ્રાહ્યમાં મૂંઝાયા ના આત્મ સૌંદર્યમાં ઉત્સાહિત બન. આ વિચારથી મારા મોં પર જે ચમક-આભા આવી તેની આગળ આ ટાપ ટીપ પણ ઝાંખી લાગે.

ભૂકંપ માટે જવાબદાર
ઈ.પી. તરંગો પ્રાણીઓની હત્યાઓથી પેદા થાય છે.

અમદાવાદ, શુક્રવાર પ્રકૃતિ નિષ્ણાતો અને કેટલાક વિજ્ઞાનીઓએ કરેલા એક સંશોધનમાં એમ જાણાયું છે કે ભૂકંપ માટે ઈ.પી. તરંગો જેટલા જવાબદાર છે એટલા જ ભૂગર્ભ આગુ ધડાકા, જવાળામુખીની પ્રક્રિયા મોટા બંધોનું બાંધકામ, ભૂગર્ભમાંથી ઓઈલ, ડીઝલ અને બીજા લુબ્રીકેટિસનું સતત થતું દોહન એવાં બીજા અનેક કારણો પણ જવાબદાર છે. પરંતુ એ બધાંમાં છે પૃથ્વી પર આવતા મોટા ભાગના ભૂકંપો જે ઈ.પી. વેવ્સથી આવે છે તે તરંગો હત્યાનો ભોગ બનતાં પ્રાણીઓના ચિત્કારોથી અ વે છે. આ જ કારણે સમગ્ર વિશ્વમાં ભૂકંપ દ્વારા થતી વિનાશ લીલાનો ક્રમ દર વર્ષે વધી રહ્યો છે.

આજે વિશ્વમાં જેટલાં ભૂકંપો આવે છે એટલા અગાઉ કોઈ યુગમાં આવ્યા નથી.

ભૂકંપ જેવી મહાવિનાશકારી દુર્ઘટનાનો સંબંધ પ્રાણીઓના સામૂહિક સંહાર સાથે છે, આ વાત કહેવા તથા સાંભળવામાં ઘણી વિચિત્ર અને ચોંકાવનારી લાગે છે, પરંતુ દિલ્હી યુનિવર્સિટીના જાણીતા વિજ્ઞાની ડો. મદન મોહન બજાજે પોતાના બે સાથીદાર વિજ્ઞાનીની મદદથી એ વાત સાચી સાબીત કરી દીધી છે. ડો. બજાજે પોતાના ગૌરવશાળી સંશોધનનું નામ આપ્યું છે. ''ઝેરી અસર'' (વિષ પ્રભાવ) ડો. બજાજે પોતાના મહત્વના સંશોધનને ૧૯૯૯ના જૂન માસમાં રશિયાના મોસ્કો શહેરની નજીકમાં આવેલા સૂજ્ડલ નામના શહેરમાં યોજાયેલાં એક આંતરરાષ્ટ્રીય વિજ્ઞાનીઓના સંમેલનમાં રજૂ કર્યું હતું. આ મહાન સંશોધન નિબંધે ન માત્ર વૈજ્ઞાનિક જગતમાં હાહાકાર મચાવ્યો, પરંતુ આજ સુધીના તમામ વૈજ્ઞાનિક ભૂકંપ સંબંધી ધારણાઓને હચમચાવીને રાખી દીધી. ખરી રીતે તો તેમના આ ક્રાંતિકારી મૌલિક સંશોધન પેપરે અહિંસા તથા સહઅસ્તિત્વના સિદ્ધાંતની વૈજ્ઞાનિક ધરતી પર સ્થાપના કરી એક નવા યુગનો આરંભ કરી દીધો. આ સંશોધન પેપરે જ્યાં એક બાજુ વિજ્ઞાન અને દર્શનનો અદ્‌ભૂત સમન્વયની સ્થાપના કરી છે, તો બીજી બાજુ એ રહસ્ય પણ ખુલી ગયું કે ભૂકંપ મનુષ્યની મૂર્ખતાઓથી પેદા થાય છે અને મનુષ્ય જો ઈચ્છે તો તેની રોકી શકે છે.

પ્રાણીઓના સામુહિક સંહારને ભૂકંપ સાથે સીધો સંબંધ છે

ડો. બજાજના સંશોધન નિબંધ ''બિસ પ્રભાવ'' નું તાત્પર્ય છે ''બજાજ ઈબ્રાહિમ સિંહ'' અર્થાત્ મદન મોહન બજાજ, મૌહમ્મદ સૈયદ, મૌહમ્મદ ઈબ્રાહિમ અને ડો. વિજય રાયસિંહના નામોનું સંક્ષિપ્ત રૂપ (ટુંકુ નામ) છે. ''વીસ અસર'' ખરી રીતે તો વિજ્ઞાની, આઈસ્ટીનનું સંશોધન 'આઈસ્ટીનના દર્દ તરંગો' **Einstein pain waves** ની અસરને આલેખે છે. એ સંશોધન પેપરમાં જણાવવામાં આવ્યું છે, કે વિજ્ઞાને તરંગોના બળ પર તમામ ચમત્કારો કરી દેખાડયા છે. રેડિયો, ટી.વી., ઉપગ્રહ એટલા સુધી એ આણું બોંબ જેવા વિસ્ફોટો સુદ્ધા તરંગોથી સંચાલિત થાય છે. એટલું જ નહીં તરંગોના બળ પર જ રશિયાના વિજ્ઞાનીઓ લ્યૂનોખોદ નામના યંત્ર વડે પૃથ્વી પર બેઠા બેઠા ચંદ્રમા પરથી માટી ખોદીને લાવ્યા હતા. એજ રીતે દર્દ તરંગો દ્વારા જ ભૂકંપોનો જન્મ થાય છે.

વિજ્ઞાનીઓના કથન અનુસાર આ પૃથ્વી પર ૩ પ્રકારના તરંગો સતત વહેતાં રહે છે. (૧) પ્રાથમિક તરંગો (૨) દ્વિતીય તરંગો અને (૩) ભૂગર્ભ તરંગો. પ્રાથમિક તરંગો ખૂબ તીવ્ર હોય છે અને દ્વિતીય સ્તરના તરંગો થોડા ધીમા. આ બંને તરંગો જીવોની હત્યાના સમયે પેદા થતા તેમના ભયંકર ચિત્કાર દ્વારા ફેલાતા હોય છે. પ્રાણીઓની સંતત થતી હત્યાથી આ પ્રકારના તરંગો ઉઠતા રહે છે અને તેનું સંકલન (ઈન્ટીફાઈ) થતું રહે છે અને જ્યારે આ તરંગોની ઉર્જા શક્તિ વિસ્ફોટક સ્થિતિ સુધી વધી જાય છે, પૃથ્વી ભૂગર્ભમાં કંપન પેદા થાય છે. જેને આપણે ભૂકંપના નામે ઓળખીએ છીએ. આ સંશોધન દ્વારા એ સાબિત કરવામાં આવ્યું છે, જ્યારે મોટા પ્રમાણમાં જીવોની હત્યા કરવામાં આવે છે. ત્યારે તેનાથી જે વેદના ઉત્પન્ન થાય છે. એ જ ઈ.પી. તરંગો **Einstein pain waves** હોય છે. ભલેને તે મનુષ્યની હોય કે પશુઓની આ તરંગોમાં એટલી તો જબરદસ્ત શક્તિ હોય છે, કે પૃથ્વી સુદ્ધા કાંપી ઊઠે છે, જેને સામાન્ય બોલચાલની ભાષામાં ભૂકંપ કહેવામાં આવે છે. આ સંશોધનમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે જીવહત્યાનો ભૂકંપ સાથે પરસ્પર સંબંધ બરાબર એવો છે, કે જેવી રીતે આહારના અતિરેકતથી અજીર્ણ અને

અપચો થાય છે. અહીં પણ તર્ક એ છે કે જ્યાં જીવ હત્યાઓ થઈ રહી છે, ત્યાં જ ભૂકંપ આવે એ જરૂરી નથી. એ તરંગોના પ્રભાવથી વિશ્વના કોઈપણ ખૂણામાં આ ભૂકંપ આવી શકે છે.

ડો. બજાજે પોતાના તારણમાં વિષ પ્રભાવના સંશોધન પેપરને જે વૈજ્ઞાનિક આધાર આપ્યો છે, તે આ પ્રમાણે છે : (૧) ભૂકંપના પ્રકાશનું અવલોકન (૨) ભૂગર્ભ જળમાં રેડાનમાં વધારો (૩) ધ્વનીની ઈનાઈસોટ્રોપી (અસમાનતા) નું વધી જવું અને ખડકો પરના દબાણમાં વધારો. (૪) ઝેરી ગેસો (ફારજીન વગેરે) નું બહાર ફેંકાવું.

અર્થાત્ ભૂકંપ આવતા પહેલાં જમીનના ભૂગર્ભ જળમાં રેડાનની ઘનતા (કંસન્ટ્રેશન) દસ ઘણી થઈ જાય છે. આ વાસ્તવિકતાનું સમર્થન ચીન જાપાન જેવા વિશ્વના સૌથી વધારે ભૂકંપવાળા દેશોના વિજ્ઞાનીઓ કરી ચૂકયા છે. જમીનમાંથી રેડોન ત્યારે જ બહાર ફેંકાય છે, કે જ્યારે ખડકોમાં તિરાડો પડે. આ તિરાડો ત્યારે પડે છે, કે જ્યારે એકાઉસ્ટિક એનાઈસોટ્રોપીમાં વધારાના કારણે ખડકો પર ખૂબ જ દબાણ વધી જાય છે. અહીં ધ્યાન આપવા યોગ્ય વાસ્તવિકતા એ છે, કે ઈ.પી.તરંગો **Einstein pain waves** જેમ જેમ વધતાં જાય છે તેમ તેમ એકાઉસ્ટિક એનાસોટ્રોપીમાં વધારો થતો જાય છે. કહેવાનો અર્થ એ છે કે ઈ.પી. તરંગો જ ભૂકંપનું મુખ્ય કારણ છે. જે પ્રાણીઓની કતલ કરવાથી પેદા થાય છે. અહીં પણ ભૂગર્ભના પરીક્ષણના આધારે સાબિત કરવામાં આવ્યું છે, કે પૃથ્વી પર પ્રાથમિક અને દ્વિતીય પ્રકારના તરંગો રૂપે દરેક સમયે જે ઈ.પી. વેવ્ઝ વહેતાં રહે છે. એટલા માટે આ તરંગોની ઉર્જા એકત્ર થઈને ધરતીના જુદા જુદા પડમાં શોષાતી રહે છે. અગર પૃથ્વીના પડની શોષણ કરવાની શક્તિ માત્ર ૧૦ ટકા માનીએ તો પણ ખૂબ વધારે છે. આ શોષણના પરિણામ સ્વરૂપે ઈ.પી. વેવ્ઝના ઉર્ધ્વગામી દબાણથી એકાઉસ્ટિક એનાઈસોટ્રોપીમાં વધારો થતો જાય છે. અને ભૂગર્ભમાં રહેલાં ખડકો પર દબાણ વધી જાય છે. એટલી હદ સુધી વધી જાય છે કે, પૃથ્વીના પડ દ્વારા શોષવામાં આવેલા ઈ.પી. વેવ્ઝની ઉર્જા ફોસજીન વગેરે અન્ય ગેસોસહિત ભયંકર વિસ્ફોટની સાથે પૃથ્વીના ખડકો વિંધી બહાર નીકળી આવે છે. એના દ્વારા પૃથ્વી પર કંપન પેદા થાય છે. એજ ભૂકંપ કહેવાય છે.

દિલ્હી યુનિવર્સિટીના વિજ્ઞાનીનું રસપ્રદ સંશોધન

કારણ કે ઈ.પી. તરંગોનો સીધો સંબંધ પ્રાણીઓની કરવામાં આવતી કતલ સાથે છે, એટલા માટે એમાં કોઈ બે મત નથી કે જ્યાં કતલખાનાઓ વધુ હશે અથવા જ્યાં હત્યાઓ વધુ થતી હશે, ત્યાં આ પ્રકારના વિસ્ફોટોની શંકા પણ વધુ રહેશે. કતલખાનામાં કતલ બંધ થઈ જાય, હત્યાઓ બંધ થઈ જાય, તો ઈ.પી. તરંગોનું પ્રસારણ થવું આપોઆપ બંધ થઈ જશે. એટલા માટે જાનવરોની કતલ બંધ થવી એ હંમેશા માટે જરૂરી છે.

પોતાના સંશોધનમાં એ પણ જણાવવામાં આવ્યું છે, કે એવું નથી કે તમામ ભૂકંપો ઈ.પી. તરંગો દ્વારા જ આવે છે, પરંતુ ભૂગર્ભ આણ્વિ ધડાકા, જ્વાળામુખીની પ્રક્રિયા, મોટા મોટા બંધોનું બાંધકામ અને ભૂગર્ભમાંથી ડીઝલ વગેરે લુબ્રીકેટસ ઓઈલનું સતત થતું દોહન જેવા બીજા અનેક એવા કારણો છે, કે જેનાથી પૃથ્વી પર ભૂકંપ આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, પૃથ્વી પર આવનારા ભૂકંપોમાંથી મોટા ભાગના ભૂકંપો ઈ.પી. વેવ્ઝ દ્વારા આવે છે. જે પ્રાણીઓના ભયંકર કરૂણ ચિત્કારોથી વહે છે. કદાચ આ કારણે જ આજે સમગ્ર વિશ્વમાં ભૂકંપ દ્વારા રચાતી વિનાશ લીલાનો ક્રમ દર વર્ષે વધતો જઈ રહ્યો છે. આજે વિશ્વમાં જેટલા ભૂકંપો આવે છે, એટલા ભૂકંપ પહેલાં કોઈપણ યુગમાં આવ્યા નથી.

હિમાલય પર વસતા ગુજરાતના જાણીતા પક્ષી નિષ્ણાત શ્રી રજની ત્રિવેદીના જણાવ્યા અનુસાર વિશ્વમાં આવતા ભૂકંપો માટેનું એક મહત્વપૂર્ણ કારણ મનુષ્ય દ્વારા કરવામાં આવતી જીવ હત્યાઓ તથા જંતુનાશક દવાઓ દ્વારા ધરતી પર કરવામાં આવતા સુક્ષ્મ અત્યાચારો જ કુદરતી વિનાશને નોતરે છે. કારણ કે પ્રકૃતિ પોતાનો ગુસ્સો ધરતીકંપ, વાવાઝોડું અને દુષ્કાળના રૂપમાં વ્યક્ત કરે છે. મનુષ્ય કુદરત દ્વારા લેવામાં આવતા બદલાને સમજતો નથી અને તેના દુષ્પરિણામો સામુહિક દંડરૂપે ભોગવવાં જ પડે છે.

ભારતના ઋષિમુનિઓએ પ્રાચીન ગ્રંથોમાં માનવસમાજને દરેક પ્રાકૃતિક તથા દૈવી પ્રકોપથી બચાવવા માટે કોઈને કોઈ ઉપાય અવશ્ય બતાવ્યો છે. પરંતુ તેમણે ભૂકંપની વિનાશ લીલાનો કયાંય પણ ઉલ્લેખ કર્યો નથી. કદાચ એ દિવસોમાં ભૂકંપ આવતો જ નહીં હોય. અગર આવતો હશે તો પણ તેમણે પહેલાંથી જ તેને અટકાવવા માટે જાનવરોની કતલ

પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો હતો. આ જ કારણ છે, કે આપણાં ધાર્મિક ગ્રંથોમાં જીવ હત્યાને સૌથી મોટું પાપ જણાવ્યું છે અને ગાય જેવા પવિત્ર, પૂજ્ય પશુઓની હત્યાને તો સૌથી ઘૃણાસ્પદ, ક્રૂરતમ અને મહાપાપ તથા ગૌહત્યાનું પાપ બતાવ્યું છે. જો કે આજે વિશ્વના અનેક દેશો એવા છે કે જે ગાય જેવા શુદ્ધ શાકાહારી પવિત્ર પશુના માંસનો જ ખાદ્ય સામગ્રી રૂપે વધુ ઉપયોગ કરે છે. તેની ભરપાઈ કરવા માટે દરરોજ હજારો ગાયોની સામૂહિક કતલ કરી નાખવામાં આવે છે. વિશ્વના મોટા ભાગના દેશો પૈસાની લાલચમાં દરરોજ નવા નવા કતલખાના ખોલીને માંસની નિકાસ કરવામાં વિશ્વ રેકોર્ડ તોડવાની હરિફાઈ કરી રહ્યા છે અને ભારત તે પૈકીનો એક દેશ છે. કતલ કરવાની હરિફાઈમાં લાગેલા દેશો એ નથી જાણતા કે આ ખોટા પ્રયત્નો સભ્ય માનવતા માટે કેટલા ખતરનાક સાબિત થઈ શકે છે. તમામ પ્રાણીઓને જીવન જીવવાનો હક છે, તેમની હત્યા કરવાથી આપણું કયારે પણ કલ્યાણ ન થઈ શકે, સિવાય વિનાશ.

(ગુજરાત સમાચાર)

મનન મોતી

સંગ્રાહક :
અ.સૌ. અનિતા આર. પટણી
માલેગાવ.

* જીવનમ સુખ-શાંતિ-સમાધિને પામવા શીખો ભુતકાળ પાસેથી, ભાવિ સુંદર બનાવવા, જીવો વર્તમાનની વાસ્તવિકતામાં.
* શ્રદ્ધા અને તર્કમાં માત્ર એટલો તફાવત છેકે એક દિલનો દરવાજો છે અને એક દિમાગની પેદાશ છે. શ્રદ્ધા એ ખુલ્લી બારી છે અને તર્ક એ કાચવાળી બારી છે.
* દરજી કાતરથી કાપે, સોયથી શીવે છે તો પણ કાતરને પગ નીચે રાખે, સોયને ટોપી પર રાખે. તે જ બતાવે છે કે જીવનમાં સોયની જેમ સાંધતા શીખશો તો ઊંચું સ્થાન મળશે અને કાતરની જેમ ભેદ પાડશો કે ફૂટ પાડશો તો નીચું સ્થાન મળશે.
* પગ વિષ્ટામાં પડ્યો, મોં બગડ્યું. તો વિષ્ટા કહે, ભાઈલા ! મારી દુગંછા, નિંદા ન કર. કાલે કંદોઈની દુકાનમાં હું મીઠાઈ હતી, મને જોતાં લોકોના મોંઢામાં પાણી આવતા પણ આ શરીરનો સ્પર્શ કર્યો તો લોકો વિષ્ટા રૂપે મારો તિરસ્કાર કરે છે. આ શરીર એવું અપવિત્ર છે કે જેમાં સારી પણ વસ્તુ ખરાબ રૂપે બહાર આવે છે. માટે આ શરીરનો મોહ ન કર.
* દૃશ્ય એક હોય પણ દૃષ્ટિ બે ય હોય. એક દૃષ્ટિ આનંદ પામે એક દૃષ્ટિ ખેદ પામે. દૃશ્ય ન પલટાય પણ દૃષ્ટિ જરૂર પલટાય. માટે કહું 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.'
* સંસાર સંબંધી વિચારો તે ચિંતા, આત્મા સંબંધી વિચારો તે ચિંતન.
* સદા સુખી રહેવું તો બોલો ખરા પણ બકો નહિ, ખાઓ-પીઓ પણ છકો નહિ, દેખો ખરા પણ તાકો નહિ.
* નરને પહેલા વશ કરી પછી નર્વસ બનાવે તેનું નામ નારી !
* સહનશીલ અને ક્ષમાશીલ બને તે બધે જય પામે.
* જે સંસારના રસિક હોય તેને શાસન ગમે નહિ.
* આજે દુનિયાની ચીજો સારી-ખોટી તેમ મજેથી કહેવાય પણ આ દેવ-ગુરુ-ધર્મ સાચા અને આ ખોટા તેમ બોલાય નહિ તેવો આ કાળ છે.
* પુણ્યથી મળનારી ચીજો જે સુરસુંદરીએ કહી તે પુણ્યથી મળનારી ખરી પણ તે મેળવવા જેવી નથી, મળે તો લાભ જ થાય તેમ નથી પણ મોટે ભાગે નુકશાન થાય. તે ચીજો જેને ગમે, તે માટે ધર્મ કરે તો સમજવું કે તેને ધર્મ નથી ગમતો પણ તે ચીજો ગમે છે. માટે તેને ધર્મ સાથે મેળ નથી તેમ કહેવાય.
* ધન-યૌવન-હોંશિયારી-નિરોગીશરીર-મનગમતો મેળાપ આ પાંચ ચીજ ગમે તે બધા સુખના રસિયા કહેવાય પણ ધર્મના નહિ. બધા અધર્મ મજેથી તે કરે. કદાચ ધર્મ કરે તે પણ તે અધર્મને માટે.
* આજે સ્વાર્થ વિના એક પગલું ભરો નહિ તેવી મોટા ભાગની આબરૂ થઈ છે. મંદિરમાં પણ ભીખ માગવા જવું પડે છે. દુનિયાની સુખ સાહ્યબી માટે મંદિર - ઉપાશ્રયે જવું તે પણ મોટામાં મોટું ભિખારીપણું છે.
* ભગવાનના શાસનના પરમાર્થને પચાવે-સમજે તે મોક્ષ રસિક હોય, ધર્મ રસિક હોય પણ સંસારે રસિક ન હોય.
* શાસન સમજે તેને દુનિયાના સુખની પરવા હોય નહિ અને દુઃખની ચિંતા પણ હોય નહિ.
* આપણે સંસારમાં રખડ્યા તે આપણી ભૂલથી-અણસમજથી અને અજ્ઞાનથી. આ સંસાર મીઠો સાકર જેવો લાગે તેજ અજ્ઞાન.
* આવેશ આવે ત્યારે બોલવું નહિ. નહિ તો જૂઠ બોલ્યા વિના રહે નહિ. આવેશ વખતે મૌન રાખવું તે હિતકર છે.

બોધકથા

સમજણનું ફુલ

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

આ સંસાર એ પુણ્ય-પાપનું નાટક છે. સંસારમાં ગરીબાઇ એ શાપ નથી કે શ્રીમંતાઇ એ વરદાન નથી. પણ કર્મજન્ય પરિસ્થિતિ છે. ગરીબાઇમાં દીન ન થાય, શ્રીમંતાઇમાં છકે નહિ તે સજ્જન બની શકે. ગરીબાઇમાં દીનતા અને શ્રીમંતાઇમાં છાકટાપણું એ દુઃખની આમંત્રણ પત્રિકા છે. ગરીબાઇ કે શ્રીમંતાઇમાં સાચી સમજ એ સુખનાં કુમકુમ પગલાં છે.

એક બ્રાહ્મણને એક પુત્રી અને બે પુત્રો હતા. પુત્રી અત્યંત ધીર, ચતુર, ગંભીર, ઠાવકી હતી. તેનું જ્ઞાન પરિણત અને બુદ્ધિ તો અસાધારણ હતી. આ બ્રાહ્મણ દરિદ્ર નારાયણોમાં શિરોમણિ હતો, દરિદ્રતા સાથે તો લેણું હતું. ઘર ઉપર છાપરૂં પણ ન હતું. ગરીબીમાં સમજણ હોય તો તે સોનામાં સુગંધ છે. શ્રીમંતાઇ પચાવવી કઠીન છે તેમ ગરીબાઇ પચાવવી વધારે કઠીન છે. તેમાંય અર્થ-કામની પાછળ આસકત બનેલી દુનિયામાં જ્યાં ધનની જ બોલ બાલા હોય ત્યાં આ વાત સમજવી પણ કઠીન છે. ધન પ્રધાન નથી પણ જ્ઞાન જ પ્રધાન છે. દુઃખમાં ધન નહિ પણ જ્ઞાનની સાચી સમજ કામ આવે છે. તેમાંય પૈસાની ગરીબી કરતાં મનની ગરીબી તો ખરાબ છે.

એકવાર આ દીકરી કુવે પાણી ભરવા ગઇ ત્યારે તે નગરનો પુરોહિત પૂરપાટ ઘોડા પર ત્યાં આવે છે, શ્રમ સાથે તૃષા પણ ઘણી જ લાગી હતી. અને પેલી છોકરી પાસે પાણી માંગે છે. તો તેણીએ તુરત પાણી ન આપતા બે વાર પાણી કાઢી ઢોળી દીધું અને ત્રીજી વખત પાણી પીવરાવ્યું. તૃષા શમવાથી કાંઇક સ્વસ્થ થવાથી આશ્ચર્યમગ્ન પુરોહિતે પાણી ઢોળવાનું કારણ પૂછ્યું અને હિંમતભેર સ્વસ્થતાથી તે છોકરીએ જવાબ આપ્યો કે- તમે પૂરપાટ દોડાવતા ઘોડે આવેલા તેથી તરત પાણી પીવાથી પેટમાં ગોળો બંધાઇ જાય. તેથી શાંતિ થયા પછી પાણી પાયું.

આ જવાબથી આનંદિત પામેલો પુરોહિત તેના આમંત્રણનો સ્વીકાર કરી તેના ઘરે જાય છે. પિતાએ પણ દિલથી પોતાને છાજે તે રીતે આદર-સત્કાર કરી જમાડયો. તેના વિનયાદિથી આકર્ષાઇ તેની દીકરીની માગણી કરી. બ્રાહ્મણે તેની સાથે લગ્ન પણ કરાવ્યા. ભાગ્યશાલીઓ ! ભાગ્ય કયારે પલટાય તેની ખબર નથી. આને આટલો વૈભવ છતાં તેનાથી છલકાતી નથી. જેમ ગરીબાઇ પચાવેલી તેમ શ્રીમંતાઇ પણ પચાવી. આપણો તો અનુભવ જુદો છે કે સૂર્ય કરતાં તેનાથી તપેલી રેતી વધારે દઝાડે છે.

એક દિવસ તેના પિતા સારાં કપડાં પહેરી તેને મલવા આવ્યા. પરંતુ તેની નણંદ, બાપ અને દીકરીને મળવા દેતી નથી. તેથી દીકરીએ અંદર બેઠા બેઠા બાપને દ્વિઅર્થી પ્રશ્નો પૂછ્યા કે-

હાથી દાંત કાઢે બાબા ? (ન હોય છતાં સારાં કપડાંનો દેખાવ થાય ?)

બાપ - હા બેટા, દાંત કાઢે. (હાથીને દાંત બહાર હોય છે.)

દીકરી - ડેલીએ વાજાં વાગે, બાબા ? (છાપરા પરથી પડતાં પાંદડાનો અવાજ આવે છે)

બાપ - હા બેટા, વાજાં વાગે.

દીકરી - ચકલાં દાણાં ચણે, બાબા ? (ખેતરમાંથી વીણી વીણીને ભાઇ દાણા લાવે છે. દુઃખમાંથી સુખ શોધવાનું છે.)

બાપ - હા બેટા, ચકલાં દાણાં ચણે

દીકરી - હીરો દીવો કરે, બાબા ? (માઇ દીવા જેવું અજંવાળું કરે છે ?)

બાપ - હીરો દીવો કરે.

આ સાંભળી સાસુ, નણંદ સમજ્યા વેવાઇને ઘેર ખૂબ જ વૈભવ છે. સારું સ્વાગત કર્યું અને સન્માન - બહુમાન પૂર્વક વિદાય આપી.

દીકરી પાસે પરિણત જ્ઞાન હતું તો સમજણથી વિપત્તિને વૈભવમાં ફેરવી.

તેમ દુઃખ આવે ખેદ, ઉદ્વેગ ન કરતાં પ્રેમથી વધાવીશું, સ્વાગત કરીશું તો જીવનમાં સોનાનો સુરજ ઉગશે. સમજણથી પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવે તેમ જીવનમાં સાચું જ્ઞાન હશે તો જીવન ઉર્ધ્વગતિ મય પ્રગતિમય બનશે.

* * *

પૂ. આ. ભ. શ્રી વિજય સુદર્શનસૂરીશ્વરજી મહારાજાનો

સમાધિ પૂર્ણ સ્વર્ગવાસ

પ.પ. શ્રીકલાપૂર્ણસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

વિ. સં. ૨૦૫૭ મહા વદ ૦)) શુક્રવાર તા. ૨૩-૨-૨૦૦૧ ના સવારે ૭-૩૦ કલાકે. સુદીર્ઘસંયમી, પ્રશાંતમૂર્તિ, પૂજ્યપાદ આચાર્ય દેવ **શ્રીમદ્ વિજય સુદર્શનસૂરીશ્વરજી** મહારાજ શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતા સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે.

તેમનો જન્મ વિ. સં. ૧૯૭૦ માગસર સુદ ૭ ના ઉદેપુર (રાજ.) મુકામે થયેલો તેમનાં પિતાનું નામ લક્ષ્મીલાલજી. માતાનું નામ કંકુબેન અને પોતાનું નામ સંગ્રામસિંહ હતું.

પોતાના વડિલ બંધુ ભગવતીલાલના સંયમગ્રહણ બાદ તેમનું મન પણ વિરાગી બન્યું અને ૧૮ વર્ષની યુવાવયે વિ. સં. ૧૯૮૮ વૈશાખ વદ ૧૧ ના પુણ્યદિને પાટણ મુકામે સકલાગમરહસ્યવેદી પરમગુરુદેવ પૂજ્યપાદ આચાર્ય દેવ **શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના વરદ હસ્તે સંયમ અંગીકાર કરી પૂજ્યપાદ પરમગુરુદેવ પરમશાસન પ્રભાવક, આગમોદ્ધારક, સુવિશાલગચ્છાધિપતિ આચાર્ય દેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના પ્રથમ શિષ્ય રત્ન **પ્રશાંતમૂર્તિ** પૂ. આચાર્ય દેવ **શ્રીમદ્ વિજય ભુવનસૂરીશ્વરજી** મહારાજાના પ્રથમ શિષ્યરત્ન મુનિરાજ **શ્રી સુદર્શન વિજયજી** તરીકે પ્રસિદ્ધ બન્યા.

સંયમ યોગની સાધનામાં આગેકૂચ વધતા પોતાના ગુરુદેવોના કૃપાપાત્ર બની ક્રમશ: વિ. સં. ૨૦૧૫ માં ગણિ પંન્યાસપદ અને વિ. સં. ૨૦૨૯ માં તેઓશ્રીજીની આચાર્યપદવી થઈ.

પૂજ્યપાદ પરમગુરુદેવશ્રીજીની આજ્ઞાનુસાર અનેક ક્ષેત્રોમાં ચાતુર્માસ કરી સુંદર શાસનપ્રભાવના કરી.

છેલ્લાં ૮ વર્ષથી સ્વાસ્થ્યની પ્રતિકૂળતાના કારણે તેઓશ્રીજી પાલી દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં બિરાજમાન હતા. અવાર નવાર શ્વાસ-કફ આદિની તકલીફ રહેતી હતી. છેલ્લાં ૧૦ દિવસથી સ્વાસ્થ્યની પ્રતિકૂળતા વધતી ગઈ. તેઓશ્રીજીના આજ્ઞાવર્તી અંતેવાસી તપસ્વી શિષ્યરત્ન પૂ. મુ. **શ્રી પ્રમોદ વિજયજી** મહારાજ આદિ મહાત્માઓએ સુંદર વૈયાવચ્ચ કરી. તેમજ શ્રી સુદર્શનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરના શ્રી રીખવચંદજી આદિ ટ્રસ્ટીગણ તેમજ શ્રી કુમુદભાઈ વેલચંદ, શ્રી જયેશભાઈ (બોબી), શ્રી કેતનભાઈ આદિ આરાધકો તેમજ મહેતાજી બચુભાઈ, મનજી આદિએ પૂજ્યશ્રીજીની ખૂબ જ ભક્તિ કરી તથા ડો. હેમેન્દ્રભાઈ મોદી, ડો. સોહેલસિંહજી દુમરા, ડો. કોમલભાઈ શાહ આદિએ પણ ખૂબ જ સુંદર એવી શુશ્રુષા કરી. પ્રાંતે સવારે ૭-૩૦ કલાકે. આચાર્ય **શ્રી વિજય નરવાહનસૂરીજીના મુખે મહામંત્રનું શ્રવણ કરતા સમાધિપૂર્વક** કાલધર્મ પામ્યા. સંઘ દ્વારા બધે સમાચાર પહોંચી જતા અમદાવાદમાં બિરાજમાન અનેક સ્થાનોથી મહાત્માઓ, સાધ્વીજી ભગવંતો આદિ પધારી ગયેલા.

બપોરના ૪-૦૦ કલાકે તેઓશ્રીજીના સંયમપૂત દેહને સુંદર જરીયાન પાલખીમાં પધરાવી ભવ્ય અંતિમયાત્રા નીકળેલ હતી જેમાં વિશાલ સંખ્યામાં ભાવિકો જોડાયેલા.

પૂજ્યશ્રીજી દીર્ઘસંયમ પર્યાય પરાવનાર તથા સમુદાયમાં અગ્રેસર સ્થાન ધરાવનાર મહાપુરુષ હતા. તેઓશ્રીજીનો આત્મા-યશાશીઘ્ર શાશ્વતગતિનો ભોક્તા બને એ જ મનોકામના.

महापुरुषोके जन्म दिनके अभय दिवसके रुप में मनाने का निर्णय

लखनऊ, २७ सितंबर (भाषा)। उत्तर प्रदेश सरकारने अहिंसा के सिद्धांतों का प्रतिपादन करनेवाले विभिन्न महापुरुषोंके जन्म दिनको अहिंसा एवं अभय दिवस के रुप में मनाने का निर्णय लिया है। इस निर्णय के फल स्वरुप महापुरुषों एवं युग पुरुषों के जन्म दिनों पर सभा नागर एवं स्थानिय निकायों में बधशालायें एवं मास की दुकानें बंद रहेंगी। यह जानकारी प्रदेष के नगर विकास मंत्री लालजी टंडन ने दी। उन्होंने कहा कि पूर्व में भी लिया गया था, लेकिन हमें शिकायतें मीली कि इस आदेश का अनुपालन सूचारु रुप से नहीं किया जा रहा है और इन दिनों में भी वधशालयें एवं मांस की दुकाने खुली रहती है। टंडन ने कहा कि उदासीनता के प्रति कठोर रुख अपनाते हुए प्रदेश के सभी मंडलायुक्तों एवं जिलाधिकारियों को निर्देश दिये गये हैं।

-सौजन्य : गुण भारती.

કુર્લા નગરે અંજનશલાકા

ઝાંઝરીયા મૈદાનમાં પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

મુંબઈના મધ્યવર્તી કુર્લા (પશ્ચિમ) ના આંગણે આવેલ નહેરુ મીલ રોડ ઉપર એક ટેકરી ઉપર શ્રી મુનિસુવ્રત પ્રભુનું શિખરબંધ જિનાલય નિર્માણ પામ્યું છે. માત્ર ૧૬ મહિનાના ટુંકા ગાળામાં જ ભૂમિખનન, શિલાસ્થાપન બાદ જિનાલય પ્રતિષ્ઠા યોગ્ય બનતા જૈન શાસનના જ્યોતિર્ધર તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય-પ્રશિષ્યરત્નો વર્તમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિ. ગુણયશ સૂરીશ્વરજી મહારાજ તથા પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિ. કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજની પ્રભાવક નિશ્રામાં તા. ૧૮-૧-૨૦૦૧ થી ૩૦-૧-૨૦૦૧ સુધી ત્રયોદશાન્હિક મહોત્સવ યોજાયો. આ પ્રસંગે પ્રવચનકાર પૂ. ગણિશ્રી રત્નસેન વિજયજી મ. સા. તથા જિનાલય સદુપદેશક પ્રવચનકાર પૂ. મુ. શ્રી ભુવનરત્ન વિજયજી મ. સા. પણ ઉપસ્થિત હતા. મહોત્સવના એકાદ માસ પૂર્વે નવકારશીઓ તેમજ પ્રતિમા ભરાવવા આદિની ઉછામણીઓ પૂજ્યોની નિશ્રામાં બોલાતાં રેકોર્ડ ઉપજ થવા પામી હતી. મહોત્સવ કલ્યાણક ઉજવણી માટે ન્યૂ મીલનું વિશાળ કંપાઉન્ડ પ્રાપ્ત થયેલ. જેમાં જિનાલય, ભોજન મંડપ, રચનાઓ, ઓફિસ, પૂજ્યોનું નિવાસસ્થાન આદિ રાખવામાં આવેલ. ખૂબ જ વિશાળ જગ્યા જાણે કોઈ મહાનગરી હોય તેમ લાગતી હતી.

પ્રતિષ્ઠા પૂર્વે દરેક પ્રભુજીનું બિંબ વિધિવત્ પાષાણ લાવી અત્રે જ કુશળ શિલ્પીઓ પાસે નિર્માણ કરાવેલ છે. પૂજ્યોનું માર્ગદર્શન પામી બનેલા અત્રેનાં બિંબો સમગ્ર મુંબઈમાં અનેરાં છે. જોતાં જ નયનો ઠરી જાય એવી મુખાકૃતિ અને દેહાકૃતિને બરાબર કે જાણે પ્રાચીન બીંબ હોય તેવું લાગે છે. કલ્યાણક ઉજવણી માટે સંગીતકાર શ્રી આશુતોષ આસની પાર્ટી આવેલ જેનાથી કુર્લાવાસીઓમાં એક સુંદર પ્રભુભક્તિનું મોજું ઉભું કરી દીધું. રોજ-રોજ ત્રણે ટંકની નવકારશીઓ, ફુલ ચુંદડી, શાંતી કળશ આદિ કાર્યક્રમોમાં પધરાવ બેન્ડની સુરાવલીઓ સા. સામૈયું પરિવારને ઘરે ઘરે ઉમંગોલ્લાસપૂર્વક લાવવામાં આવતા. સમગ્ર કુર્લામાં અંજનશલાકા પ્રતિષ્ઠાના ગીતો લાઉડ સ્પીકર પર ગાજી ઉઠેલ. પ્રવચનકાર પૂ. આ. શ્રી વિ. કીર્તિયશસૂરીશ્વરજી મહારાજના જિનાજ્ઞા રહસ્યગર્ભિત પ્રવચનોથી અપૂર્વ કોટિની જાગૃતિ આવી હતી. દરેક પ્રસંગો સવાયા બન્યા હતા. ચડાવાઓ એકથી એક ચડિયાતા ગયા હતા. લોકોનો ઉલ્લાસ આસમાન ચડયો હતો. 'ઝીણો ઝીણો ઉડે રે ગુલાલ' ની પંક્તિઓ લોકમાનસને હલાવી દીધેલ. સોનામાં સુગંધની જેમ પરમાત્મા શ્રી મુનિસુવ્રત સ્વામી જિનમંદિરમાં ગાદીનશીન બને એ પૂર્વે પૂર્વનિર્ધારિત એક દીક્ષામાંથી બેની જાહેરાત થતાં શાસન પ્રભાવક માહોલ સરજાવા પામેલ. રામપુરાના બંધુ બેલડી શ્રી જગલદાસ અને કાંતિલાલની દીક્ષા સુંદર રીતે થઈ અને તેમના નામ પૂ. મુ. શ્રી સુમતિયશ વિજયજી મ. અને પૂ. મુ. શ્રી કનકયશ વિજયજી મ. રખાયેલ. કેચ્છમાં આવેલ હોનારત ભર્યા ભૂકંપના પગલે પૂજ્યોના સદુપદેશથી અત્રે રાહત ફંડની શુભ શરૂઆત થતાં ખૂબ જ ઉલ્લાસથી લોકોએ ફાળો નોંધાવેલ. અંજનશલાકાના વિધિવિધાનો મુખ્યત્વે પં. શ્રી રમણિકભાઈ ભાભરવાળાએ કરાવેલ. જિનાલયમાં સેંકડોની સંખ્યામાં ભાવિકો દર્શનપૂજનનો લાભ લઈ રહ્યા છે. આ જિનાલય તીર્થરૂપ બન્યું છે. એમ અનેકોના મોઢે સંભળાય છે.

મકાનના ડિઝાઈનરોને સવાલ થવો જોઈએ

આટલી ધરતીકંપ છતાં કેમ એક પણ વૃક્ષ પડ્યું નથી ?

(પ્રવાસી પ્રતિનિધિ તરફથી) ભૂજ, તા. ૨૧

૨૬ જાન્યુઆરીના તીવ્ર ધરતીકંપના પગલે સંખ્યાબંધ બિલ્ડીંગો પત્તાના મહેલની માફક તૂટી પડયા ત્યારે આપણે એક વાત જોઈ ગયા કે આ ધરતીકંપને કારણે એક પણ વૃક્ષ ધરાશાયી થયું નથી.

વિજ્ઞાનીઓ અને બાંધકામના નિષ્ણાતોએ આ ફેક્ટ ફકચર અને ડિઝાઈનીંગના પોથા ઉથલાવવા ઉપરાંત કુદરતની કમાલ ડિઝાઈન પામેલ વૃક્ષોનો પણ અભ્યાસ કરવો જોઈએ ને તેને નજરમાં રાખી મકાનને પણ કઈ રીતે મજબૂત કરી શકાય તેનું સંશોધન કરવું જોઈએ. વર્ષો પૂર્વે આવેલ એક ટેકરીએ પણ આવી આપત્તિને મહાત્મની આપત્તિ કહી [illegible] સામે વૃક્ષનો બચાવ બાબત કરી [illegible]

[illegible]

[illegible]

-સૌજન્ય: પ્ર. સમાચાર

નવસારીમાં ઊજવાયેલ ભવ્ય દીક્ષા મહોત્સવ

નવસારી નિવાસી શ્રી ગિરિશભાઈ કેશવલાલ દોલાણી (મૂળ ખીમતના) ના સુપુત્રી સપનાબહેનની શ્રી ભાગવતી દીક્ષા નિમિત્તે મ.વ. ૯ થી મ.વ. ૧૧ સુધી પંચાહ્નિક મહોત્સવ ઊજવાયો. શા. રમણલાલ છગનલાલ આરાધના ભવનમાં દીક્ષાર્થી બહેનના પરિવાર તરફથી શા. રમણલાલ છગનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી રત્નત્રયી આરાધક સંઘના ઉપક્રમે આયોજિત મહોત્સવમાં શ્રી આદિનાથસ્વામીના જિનાલયમાં દરરોજ પૂજા અને આંગીનું ખૂબ જ સુંદર રીતે આયોજન થયું હતું. મ.વ. ૧૮ ના શનિવારે સવારે ૯-૦૦ કલાકે મુમુક્ષુ સપનાબહેનનો વર્ષીદાનનો વરઘોડો ભવ્ય રીતે નીકળ્યો હતો. બપોરે શ્રી સિદ્ધચક્ર બૃહત્પૂજન ભણાવાયું હતું. અને સાંજે પરમતારક શ્રી જિનાલયમાં મહાપૂજા થઈ હતી. સમ્યગ્દર્શનને નિર્મળ કરનારી આ મહાપૂજા ખરેખર જ તેના આયોજકોએ ખૂબ જ પરિશ્રમથી રમણીય અને દર્શનીય બનાવી હતી. રાત્રે ૯-૦૦ કલાકે રા.છ.આ. રાધના ભવનમાં સપનાબહેનને સન્માનપત્ર અર્પણ કરવાનો સમારંભ થયો હતો. મ.વ. ૧૧ ના રવિવારે દીક્ષાર્થી સપન બહેન ગાર્ડા કોલેજ-હોસ્ટેલના ગ્રાઉંડમાં સુવિશાલ મંડપમાં સવારે ૮-૩૦ કલાકે આવી ગયાં હતાં. ૯:૧૫ કલાકે શ્રી ભાગવતી દીક્ષાનો તેમ જ નૂતન સાધ્વીજી શ્રી રિદ્ધિપ્રજ્ઞાશ્રીજી મ.ની વડી દીક્ષાનો શુભ વિધિ શરૂ થયો હતો. એ પૂર્વે સપનાબહેનને વિદાયતિલક કરવાનો વિધિ સંપન્ન થયો હતો.

પૂ. પરમ શાસનપ્રભાવક આ. ભ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા. ની અસીમ કૃપાથી પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિ. મહોદય સૂ. મ. સા. ની પરમતારક આજ્ઞાથી પૂ. આ. ભ. શ્રી વિ. અમરગુપ્ત સૂ. મ. સા. ના શિષ્ય પૂ. આ. ભ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ. મ. સા. ના વરદ હસ્તે દીક્ષાની પ્રારંભની ક્રિયા પૂર્વક સપનાબહેનને રજોહરણ અર્પણ કરવામાં આવ્યું હતું. એ વખતની મંગલ ક્ષણે હજારો ભાવિકોનાં હૃદય સંયમની ભાવનાથી ભાવવિભોર બન્યા હતા. સપનાબહેનને સાધ્વીપણાનાં સંયમનાં ઉપકરણો અર્પણ કરવા અંગેની ઉછામણી ખૂબ જ સારી થઈ હતી. દીક્ષાવિધિ પૂર્ણ થયા બાદ દીક્ષાર્થીજનોને પૂજ્યશ્રીએ હિતશિક્ષામાં ફરમાવ્યું હતું કે "જન્મ, જરા અને મૃત્યુના નિવારણ માટે શ્રી તીર્થંકર પરમાત્માએ આ ભાગવતી દીક્ષાને સ્વયં આદરીને ઉપદેશી છે. જ્યાં સુધી એ જન્મ-જરા-મૃત્યુની પરંપરાનો અંત ન આવે ત્યાં સુધી તેઓશ્રીની આજ્ઞા મુજબ દીક્ષાની આરાધના અપ્રમત્તપણે ચાલુ રહેવી જોઈએ. એ માટે મોઢું બંધ રાખવું, કાન ખુલ્લા રાખવા અને મન ગુરુભગવન્તને સોંપી દેવું. તો જ સંયમની સાધના ખૂબ જ સરસ રીતે કરી શકાશે. આપણા માટે પૂ. ગુરુભગવન્તને કોઈ પણ દિવસ એવું કહેવાનો વખત ન આવવો જોઈએ કે કેમ સાંભળતા નથી, અથવા સંભળાતું નથી..."

દીક્ષાવિધિની પૂર્ણતા બાદ સમસ્ત નવસારી સંઘનું સાધર્મિક વાત્સલ્ય ગિરિશભાઈ કેશવલાલ દોલાણી પરિવાર તરફથી કરવામાં આવેલું પાંચ હજારથી પણ વધુ સંખ્યામાં ઉપસ્થિત સાધર્મિક ભાઈ-બહેનોને બેસાડીને જમાડવાનું આયોજન ખૂબ જ સરસ રીતે પૂર્ણ કરી શા. રમણલાલ છગનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી રત્નત્રયી આરાધક સંઘના આરાધકોએ એક આદર્શનું પ્રદાન કર્યું છે.

દીક્ષા ગ્રહણ કર્યા બાદ જેમનું નામ સાધ્વીજી શ્રી તત્ત્વપૂર્ણાશ્રીજી રાખવામાં આવ્યું તે સપનાબહેનનો દીક્ષા-મહોત્સવ ખરેખર જ શ્રી નવસારીના સંઘ માટે અવિસ્મરણીય બની રહેશે. આ પ્રસંગે શ્રી આદિનાથ સંઘ તરફથી નૂતન ઉપાશ્રયે આ વખતે ચાતુર્માસ માટે પધારવા પૂ. આ. ભ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ. મ. સા. ને ખૂબ જ ભાવભરી વિનંતિ થઈ હતી. પૂજ્યશ્રીએ તે અંગે પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞા પ્રાપ્ત થશે તો વિનંતિનો સ્વીકાર કરવામાં હરકત નથી. એ પ્રમાણે જણાવ્યું હતું. અન્તે પૂજ્યશ્રીની નિશ્રામાં એક અદ્‌ભુત અને અવિસ્મરણીય મહોત્સવ નવસારી શ્રી સંઘને અનુભવવા મળ્યો. કાળના પ્રવાહમાં પ્રસંગો વિલીન થતા જ હોય છે. પરન્તુ તેની સ્મૃતિ કાળના પ્રવાહની સાથે અવિરત વહે છે.

આ પ્રસંગને શાસનપ્રભાવક બનાવવા કાર્યકર્ત્તાઓએ ખૂબ જ જહેમત ઉઠાવી છે. શ્રી અરવિંદભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી દિલીપભાઈ અને શ્રી ભૂપેન્દ્રભાઈનો અવિરત પ્રયાસ; શ્રી નરેશભાઈનું આત્મસ્પર્શી વક્તવ્ય અને ડો. હેમન્તભાઈ શાહનું સફળ સભાસંચાલન ચિરસ્મરણીય બની રહેશે... તેમજ સન્નિષ્ઠ કાર્યકર્ત્તા શ્રી શૈલેષભાઈ, શ્રી મનીષભાઈ, શ્રી ઉર્વેશભાઈ, શ્રી મેહુલભાઈ, શ્રી હિતેષભાઈ અને શ્રી રાજેશભાઈના અવિરત પ્રયાસોને અમે કોઈ પણ રીતે ભૂલી શકીએ એમ નથી.

ભરતભાઈ એમ. શાહ

મુંબઈ - ભૂલેશ્વર લાલબાગને આંગણે
ભારતભરમાં સૌ પ્રથમવાર ઉપધાનની સાલગીરી - ઉજવાણી.

જૈનશાસનના જ્યોતિર્ધર પૂજ્યપાદ ગુરુદેવેશ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજ તથા પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં કાંદીવલી મુકામે થયેલા ઐતિહાસિક ઉપધાન તપનો માળારોપણનો વાર્ષિક દિવસે (સાલગીરી) હોઈ પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદય સૂ. મ., પૂ. આ. શ્રી વિજય કનકશેખર સૂ. મ., પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂ. મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂ. મ. ની નિશ્રામાં લાલબાગ મુકામે પૌષધ પર્વનું આયોજન ગોઠવવામાં આવેલ. ઉપધાનના દરેક આરાધકોને આમંત્રણ પત્રિકા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવેલ.

સવારના સૂર્યોદય પૂર્વે ઘણા આરાધકો પૌષધની પ્રતિજ્ઞા સ્વીકારી સજ્જ થઈ ગયા હતા. સવારથી જાણે ઉપધાનમાં જોડાયા હોય-ઉપધાનના દિવસો હોય તેવું વાતાવરણ ખડું થઈ ગયું હતું.

૧૦ વાગે પૂજ્ય આચાર્ય ભગવંતો પાટ ઉપર બીરાજમાન થયા: મંગલાચરણ ફરમાવ્યું અને એજ જોશપૂર્વક આરાધકોને 'આરાધના અને આરાધક ભાવ' વિષય ઉપર પ્રવચન ફરમાવ્યું.

બપોરે ૨-૩૦ વાગે આરાધકો માટે વાચના રાખેલી. તેમાં સૌ પ્રથમ પ્રફુલભાઈ વીરવાડીયાએ ઉપધાનના વાતાવરણની યાદી આપેલ. પ્રવેશથી પૂર્ણાહુતિનાં પ્રસંગોનું વર્ણન કરેલ. દરેકના હૈયા ભીના બની ગયેલ. અને આંખોમાંથી હર્ષના અશ્રુઓ ટપકી રહ્યા હતા. ત્યાર બાદ જેમના પ્રવચનોના રંગે ઉપધાનના ૪૫ દિવસોની સાધનાનો ટેકો મજબૂત બન્યો હતો. તે પ્રવચન પ્રભાવકશ્રીઓ આરાધકોના જીવનમાં મંદ થયેલ સંવેગને તીવ્ર બનાવવાનો ઉપદેશ આપેલ અને આરાધકોએ પોતાની આરાધનાની બેટરી ચાર્જ કરી આરાધનામાં વેગ લાવ્યો હતો.

આ પ્રસંગ ખૂબ જ વિશિષ્ટ કહી શકાય કારણ કે વર્તમાન ઈતિહાસમાં ઉપધાનની સાલગીરી પૌષધ દ્વારા ઉજવાઈ હોય તેઓ આ પહેલ વહેલો જ પ્રસંગ હતો. આરાધકોનાં હૈયામાં આરાધકો મળ્યાનો અતિ આનંદ હતો.

નાના નાના ૮ વર્ષના ભૂલકાંથી માંડીને ૮૦ વર્ષના વૃધ્ધો પણ આ દિવસે આવ્યા હતા.

રાત્રિ પ્રતિક્રમણ બાદ સર્વેએ ધર્મચર્ચા પાન કરી હતી.

સવારે સર્વે આરાધકોના પારણાનો લાભ ચંદુલાલ કડાવાળા પરિવારે ખૂબ જ ઉદારતાપૂર્વક લીધેલ

સર્વે આરાધકોને અરુણાબેન કંપાણી તરફથી ડ્રાયફ્રુટની પ્રભાવના પણ કરાયેલ તેમજ અન્ય પ્રભાવના પણ થયેલ.

આ આખા પ્રસંગનાં આયોજનનો યશ યુવા કાર્યકર પારસભાઈને ફાળે જાય છે. તેમની મહેનતનું જ આ પરિણામ હતું.

નામ અને કામનાં ભેદને ઓળખો

નવો અધિકારી:
ઓફિસમાં કેટલા લોકો છે ?
કર્મચારી : સર, અત્યારે તો હું અને આપ બાકીના ફરવા ગયા છે.

***

અરે ! ગઈકાલે રાત્રે તમારા ઘરમાંથી ઝઘડવાનો બહુ અવાજ આવતો હતો. ગઈકાલે સવારે તો તમે કહેતા હતા કે તમે તમારા ઘરમાં શાંતિ સાથે રહો છો !
પાડોશી બોલ્યો "હા, મારી પત્નીનું નામ શાંતિ છે."

-સૌજન્ય : નિરંજન

આર્યનારીની ખુમારી

વૃક્ષમાં કલ્પવૃક્ષ શ્રેષ્ઠ છે, પર્વતોમાં મેરૂપર્વત શ્રેષ્ઠ છે, તેમ વ્રતોમાં, શીલવ્રત શ્રેષ્ઠ છે.

શીલ-પાલન માટે, અનેક આર્ય સતી સન્નારીઓએ, પોતાના પ્રાણની આહૂતિ અર્પી, આર્યવર્તને ઓર ઝળકાવ્યું છે, નીખાર્યું છે, આર્યવર્તની આ ખુમારી સતીત્વને ઓળખી છે.

ભારતની ભોમકા, શીલ, સદાચારયુક્ત, પૂણ્યાત્માઓના પુનિત પગલાઓથી જ પાવન બનેલી છે.

પાણી વગરની નદી, ફોરમ વગરનું ફૂલ, પ્રાણ વગરની કાયા, તેમ શીલ વિનાના જીવનની કશી કિંમત નથી.

-સૌજન્ય : ફુલછાબ

આત્મ સંવેદના

—અ. સૌ. અનિતા આર. પટણી - માલેગાંવ.

❑ એકવાર મને વિચાર આવ્યો કે ભગવાન પાસે સુખ-સંપત્તિની માગણી સારી કે આત્મિક ગુણોની પ્રાપ્તિની ? જીવનને સુંદર બનાવનાર શું ? અંતરમાંથી અવાજ આવ્યો કે - અન્ત ! ભગવાન પાસે સંપત્તિની પ્રાર્થના ન કર પણ તત્ત્વજ્ઞાનની પરિણતિની પ્રાર્થના કર, રાગાદિની પુષ્ટિની ઈચ્છા નહિ પણ વૈરાગ્યની પુષ્ટિની માગણી કર, દોષો ટાળવાની ઈચ્છા કરતાં મૌન રહેવાની માગણી કર અને જીવનમાં સુખ-શાંતિની ઈચ્છાને બદલે સંસારની, સંસારના પદાર્થો પરની આસક્તિ દૂર કરવાની માગણી કર. આ વિચારણાથી પ્રગ મને સાચું સત્ય સમજાયું અને જે આનંદની અનુભૂતિ થઈ તે અવર્ણનીય હતી.

❑ જીવનને નંદનવન જેવું સુંદર બનાવવા શું કરવું, આવી વિચારણામાં હતી ને મને સ્વયંભૂ અંત: સ્ફુરણા થઈ કે- પગલી ! અત્યારકારક ક્રોધની જગ્યાએ હિતકર ક્ષમાને ધારણ કર. આનંદદાયક રાગની જગ્યાએ સર્વના હિતને કરનાર વિરાગને સહજ બનાવ, અહંકાર જનક સંપત્તિના સંગ્રહને બદલે કલ્યાણક - મૂર્છાનાશક દાન ધર્મનો અમલ કર, જડનું આકર્ષણ છોડી ચેતનને જગાડ તારું જ નહિ, તારા કુટુંબી-પરિવાર, સ્નેહી, સંબંધી- પરિચિત બધાનું જીવન નંદનવન જેવું બની જશે

❑ મારા નાના દીકરા પર ગુસ્સે થઈ તેને જોરદાર થપ્પડ લગાવી. પછી મને થયું કે મેં આ શું કર્યું ? કયાંયક વાંચેલ અને મારા ભાઈ મહારાજ પાસે સાંભળેલ એક વાકય યાદ આવ્યું કે- ચા અને દૂધ ગરમ જોઈએ છે પણ જીભ સહન કરે, દાઝે નહિ તેવા. તેમ જીભ પણ તેટલી જ ગરમ જોઈએ-કરવી, સામો સહી શકે, દાઝે નહિ. હું પશ્ચાતાપથી રડી પડી, હવે આવી ભૂલ ન થાય તેવા જીવીશ.

❑ મારા દીકરાને સરકસનો પાઠ ભણાવતી હતી કે વાઘ, સિંહ આદિ જંગલી પ્રાણીઓને પાળી તેમની પાસે કેવા કેવા અદ્‌ભૂત ખેલ કરાવે છે. તે પછી મને અંત: પ્રેરણા જાગી કે- સાપ, વરૂ સિંહ, વાઘ આદિ જંગલી પ્રાણી પાળવા સહેલા, તેમની સાથે કામ કરાવવું રહેલું પણ આપણી જીભને જ પાળવી કઠીન છે. કયારે કરડે, કોને કરડે, કયાંથી કરડે તે જ ખબર ન પડે ! જીભનો ખાવું અને બોલવું બે કામ કહ્યા છે. જો ખાવામાં ભૂલ કરે તો શરીર બગડે અને બોલવામાં વિવેક ન રાખે, ભૂલ કરે તો જીવન બગડે. માટે બોલવામાં વિવેકી બનવું જરૂરી છે.

❑ નદીમાં આવેલા ભયાનક પુરથી થયેલ વિનાશની ઘટના વાંચતી હતી. મારું મન પણ વિચારે ચઢયું કે, પાણીના પ્રવાહની જેમ આપણી વિચારણાનો વેગ પણ અદમ્ય-અગમ્ય છે. પુરનું પાણી જેમ રોકી શકાતું નથી, બંધનો તોડી આગળ વધે છે અને જે તારાજી વિનાશ સર્જે છે દુ:ખદ હોય છે. તેવું જ આપણી વિચારણાનું છે. માટે ખરાબ-ખોટી વિચારણામાં ચઢેલા મનને રોકવા કે દબાવાનો પ્રયત્ન કરવાને બદલે તેને જો સારી વિચારણામાં વાળવામાં આવે તો પરિણામ જરૂર સુંદર-સુખદ આવી શકે. માટે જ જ્ઞાનિઓએ મનને ભૂત જેવું કહી તેને શુભ વિચારણાથી બાંધવાનું કહ્યું છે.

❑ દુનિયાના દરેક ક્ષેત્રોમાં અભ્યાસની જરૂરિયાત છે. હું પણ મારા સંતાનોને અભ્યાસ કરાવું છું. ઘણી વાર મને થાય છે કે, વ્યવહારના શિક્ષણ માટે આટલો અભ્યાસ કરાવું છું તો ધર્મનો અભ્યાસ પણ તેટલો જરૂરી છે. અભ્યાસથી જ જીવનમાં દૃઢતા-નિશ્ચલતા-આત્મ વિશ્વાસ વધે છે, ભૂલો દૂર થાય છે, આપણી શકિતઓનું ભાન થાય છે. અભ્યાસ એટલે આત્મસાત્ દૃઢતા, સ્થિરતા ન આવે ત્યાં સુધી તેને માટેનો પ્રયત્ન વારંવાર કરવો. અભ્યાસ સહજ થવાથી દુષ્કર કાર્યો સુકર બને છે. જીવનને સુંદર બનાવવા અભ્યાસ જરૂરી તેમ આત્માને સુંદર બનાવવા ધર્મનો અભ્યાસ જરૂરી આ સત્ય મને સમજાયું છે.

❑ એકવાર અશુચિમાં પગ પડવાથી પગ બગડયો પણ તેને મેં પાણીથી સાફ કર્યો. તે વખતે મને સહજ સ્ફુરણા થઈ કે- બાહ્ય અશુચિ આપણને અપ્રિય લાગે છે, જરા પણ પસંદ નથી, ઘરમાં કે નગરમાં પણ અશુચિ સાફ કરવામાં આવે છે, સાફ ન કરાય તો રોગ ચાળો ફાટી નીકળે. બાહ્ય અશુચિ દૂર કરવા જેટલી કાળજી રાખીએ છીએ તેટલી મનમાંની અશુચિ દૂર કરવાની કાળજી તારી છે ખરી ! ખરી અશુચિ તો મનની દૂર કરવાની છે. રાગાદિના કારણે મનમાં કેવી કેવી અશુચિના ઢેરના ઢેર ભર્યા છે. બહારની અશુચિ તો ક્ષણ જીવી છે પણ

(અનુસંધાન પાના નં. ૪૯૪)

પૂ. શ્રીકલાપૂર્ણસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

સમાચાર સાર



❑ **નેત્રંગ (ભરૂચ) :** અત્રે પૂ. પં શ્રી ચંદ્રશેખર વિજયજી મ. ના શિષ્યે પૂ. મુ. શ્રી ધર્મબોધિ વિજયજી મ. આદિ ઠાણા ૧૦ તથા પૂ. સા. શ્રી ઉદયપ્રભાશ્રીજી મ. આદિની નિશ્રામાં નીતોડા નિવાસ શ્રી રીતેશભાઇ સુરેશચંદ્ર શાહની દીક્ષાનો સુંદર મહોત્સવ યોજાયો. પાંચ દિવસ પૂજા શાંતિસ્નાત્ર વિગેરે કાર્યક્રમ થયા. તા. ૧૭ ફેબ્રુઆરીની ભવ્ય રીતે દીક્ષાર્થીને બહુમાનનો મેળાવડો થયો. નૂતન દીક્ષાર્થી મુ. શ્રી રાજહંસ વિજયજી રાખીને મુ. શ્રી વિમલહંસ વિજયજી મ. ના શિષ્ય તરીકે જાહેર કરાયા હતા. અનેક સંઘો અને મોટી સંખ્યામાં ભાવિકો પધાર્યા હતા.

શ્રી નરેન્દ્રભાઇ કામદારનું માની મમતાનો એક પાત્રીય સંવાદનો શાળા ઓ આદિમાં કાર્યક્રમ યોજાયા હતા.

❑ **બારડોલી :** સ્ટેશન પર શ્રી કુંથુનાથ સ્વામી દેરાસરની ૪ મી વર્ષ ગાંઠ સારી રીતે ઉજવાઇ બાર વ્રતની પૂજા તથા સાધર્મિક વાત્સલ્ય થયું હતુ.

❑ **બોરીવલીથી થાણા યાત્રિક સંઘ :** પૂ. આ. શ્રી વિજય લલિતશેખર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય વિરશેખર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં બોરીવલીથી થાણાનો છ'રી પાલક સંઘ શેઠ શ્રી રંભુવચંદ છે. જેઠાલાલ પરિવાર તથા ફકીરચંદ વાડીલાલ પરિવાર તરફથી મહા સુદ ૧૦ ના નીકળ્યો. ૩૫૦ થી વધુ યાત્રિકો હતા. પીયૂષ પાણી બીજે મુકામ મુલુણી કોલેજ ચેલ અને મહા સુદ ૧૨ થાણા પહોંચેલ, ચૈત્યવંદન માળારોપણ ઉત્સાહથી થયા. સંઘના કાર્યકર્તાઓએ ખૂબ સારી વ્યવસ્થા કરી.

❑ **પાલીતાણા :** જય તલાટીનો આરસનો ગેટનું ઉદ્‌ઘાટન પૂ. આ. શ્રી વિજય હિમાંશુ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય રવિપ્રભસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી માલેગાવ નિવાસી શા. શાંતિલાલ ચુનીલાલ પરીવારના હસ્તે મહા વદ ૧૦ ના થયું. ગિરિરાજનો મહિમા ગવિલ. સંઘપૂજન થયા. કેશરીયાજી મંદિરમાં સિદ્ધચક્ર પૂજન ભણાવાયો. પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. અમદાવાદ રંગસાગર પધારશે.

શંખેશ્વરમાં વડી દીક્ષાઓ

શ્રી હાલારી જૈન ધર્મશાળામાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં મહા સુદ ૩ તા. ૨૬-૧-૨૦૦૧ ના રોજ સંયમ લેનાર પૂ. મુ. શ્રી વિશ્વેન્દ્ર વિજયજી મ., પૂ. મુ. શ્રી વિરતીન્દ્ર વિજયજી મ., પૂ. મુ. શ્રી કીર્તીન્દ્ર વિજયજી મ., પૂ. સા. શ્રી ધૈર્યદર્શનાશ્રીજી મ. ની વડી દીક્ષા મહા વદ ૭ સોમવાર તા. ૧૪-૨-૨૦૦૧ ના થઇ હતી. તે નિમિત્તે ત્રણ દિવસનો ઉત્સવ થયો. વદ ૫ ના શ્રી કાંતિભાઇ, શ્રી મણિબેન, શ્રી રળિયાતબેન લંડન હ. શ્રી સવિતાબેન વેલજીભાઇ તરફથી અંતરાય કર્મ નિવારણ પૂજા તથા વદ ૬ ના ના શાહ દેવજીભાઇ વેલજીભાઇ માલદે મુંગણીવાળા મુલુંડ તરફથી પંચકલ્યાણક પૂજા તથા ચંદ્રાબેન નટવરલાલ સંઘવી ઘોરાજીવાળા તરફથી સાધર્મિક ભક્તિ થયા બાદ સવારે વડી દીક્ષા થઇ ૧૦ વા. નું સંઘ પૂજન થયું, અને બપોરે નવાણું પ્રકારી પૂજા ૯૯ શ્રીફળ આદિ મુકવા સાથે શ્રીમતી નીલાબેન પ્રકાશચંદ્ર મિશ્રીમલજી અંકુર અમદાવાદ તરફથી હાઠથી ભણાવાઇ સાધર્મિક ભક્તિ શ્રી કિરણભાઇ કલ્યાણભાઇ કરમણ (લંડન) તરફથી થઇ હતી.

જિનવાણી એ જ તારણહાર

- રાગ

મ નવીની પાંચે ઈન્દ્રિય સારી હોય તો તે માનવી પૂર્ણાંગવાળો કહેવાય. આવી ઈન્દ્રિયોને પણ કાંઈને કાંઈ અપેક્ષા હોય છે. સ્પર્શેન્દ્રિય . મુલાયમ સ્પર્શની અપેક્ષ હોય છે. રસનેન્દ્રિયને ગમતા ષટ્રસોની અપેક્ષા હોય છે. ઘાણેન્દ્રિયને સુંદર ગંધની અપેક્ષા હોય છે. શ્રોતેન્દ્રિય . સુમધુર શ્વરની અપેક્ષા હોય છે, તેમ ચક્ષુ ઈન્દ્રિય ગમે તેટલી સા । હોય, સારી આંખવાળો માનવી ગમે તેટલો હોશીયાર હોય તો ણ જો તેને કોઈ વસ્તુ જોવી હોય તો તેને એક વસ્તુની અપેક્ષા રા નવી પડે છે. તે વસ્તુ કયી ?

પ્ર કાશ.... પ્રકાશ.... પ્રકાશ.... !!!

પ્ર કાશનો લવલેશ ન હોય અને એકલો કોરો અંધકાર જ છવાયેલો ફેલાયેલો હોય તો નજીકમાં નજીક રહેલી વસ્તુ સારી આંખવાળ પણ જોઈ શકે ખરા ? ના, હરગીજ નહિ. શુભ લોચનવા ાને પણ પર પદાર્થ નિરખવા માટે પ્રકાશની અપેક્ષા રહે જ છે, તે ા અર્થને વિચારવા માટે / નિહાળવા માટે પણ પ્રકાશ જોઈએ છે

ે જ રીતે, ઉપકારીઓના વચનો પ્રકાશની ગરજ સારે છે. વિચક્ષણ પુરૂષો પણ ધર્મ - અધર્મની ભેદ રેખા જાણવા માટે સદ્‌ગુણ સાગરસમા સુગુરૂઓના વચન રૂપી પ્રકાશનો સમાગમ કરવો જ ે છે.

હાથમાં આવેલી વસ્તુ કઈ છે અને કેવી છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જેમ તેજસ્વી આંખવાળાને પણ પ્રકાશની જરૂર રહે છે તેમ હોશીયાર માનવીને ધર્મનું જ્ઞાન સંપાદન કરવા માટે સદ્‌ગુરૂઓના વચન રૂ પ્રકાશની જરૂર છે જ.

ી, દિપક, ચન્દ્રમા - સૂર્ય પ્રકાશિત છે. તેમાં કોઈ શંકાને સ્થાન ન । પણ આ સઘળા પ્રકાશકો સુગુરૂના વચન રૂપી પ્રકાશ આગળ ાંખા લાગે / ઝાંખા પડે. ગુરૂ વચન જેવો પ્રકાશ આપી શકે તેવો પ્રકા । આ પ્રકાશકો કોઈ કાળે આપી શકશે નહિ. મણિ - દિપક - ચન્દ્ર - ર્ય આદિ પ્રકાશકો સામાન્ય પદાર્થોને પ્રકાશિત કરે છે ત્યારે ગુરૂવચનો અતીન્દ્રિય પદાર્થોને પ્રકાશિત કરે છે આને કારણે આપણે કહી શકી એ કે મણિ આદિની શકિત મર્યાદિત છે ત્યારે ગુરૂવચનની પ્રકાશિત ાકિત સવિશેષ છે.

સંસાર એ એક ઉંડા - અંધારીયા કુવા સમાન છે. સંસાર રૂપ ઉંડા અને અંધારીયા કુવામાંથી માત્ર ભવ્યાત્માઓ જ બહાર નીકળી શકે છે. ે જ ભવ્યાત્માઓને પણ આ સંસાર રૂપ ઉંડા અને અંધારીયા કુવામાંથી બહાર કાઢવા માટે સદ્‌ગુરૂઓનો ઉપદેશ એક આલંબન છે.

ાથી જ મહાપુરૂષો ફરમાવે છે કે ભવ્ય જીવો, જે સદ્‌ગુરૂઓના વચનામૃતને પીતાં નથી તે જીવો સંસાર રૂપ ગંભ અને ભયાનક કુવામાંથી કેવી રીતે બહાર નીકળી શકે ? ખરેખર ! ઓનાં ભાવચક્ષુઓ અજ્ઞાનથી આચ્છાદિત થયાં છે, અને એ જ કાર જેઓ ભવરૂપના સંકટમાં પડયા છે / ફસાયા છે. એવા ભવ્યાત્માઓ માટે, રક્ષણ સ્વરૂપ તેમજ તારવાના સાધન સદૃશ એક માત્ર સુગુ નોના વચનો જ છે એવું તેઓ જાણવા / માનવા પણ તૈયાર થતાં નથી

જેમ દોરડાનું અવલંબન ગ્રહણ કરીને આંધળો માણ ઉંડા તેમજ ઘોર અંધકાર ભર્યા કુવામાંથી બહાર નીકળી શકે છે. કુવામાં પડીને ડૂબી મરવાના સંકટમાંથી બચી જાય છે તેની જેમ અ ાનથી જેઓના ભાવ ચક્ષુઓ ઢંકાયેલા છે તેવા ભવ્યાત્મા જો સદ્‌ગુ ઓના સદ્‌વચનો રૂપ દોરડાનું આલંબન લે તો જ તેઓ સંસાર રૂપ કુવાના સંકટમાં પડતા બચી જાય છે. અને અન્તે એ ભયાનક કુવામાંથ બહાર પણ નીકળી શકે છે.

કુવામાં રહેલો માનવી કોઈપણ પ્રકારે અથવા કોઈપણ કારણે દોરડાનું આલંબન લેતો નથી કે દોરડાનું આલંબન લીધા પછી પણ દોરડાને મજબુત રીતે વળગી રહેતો નથી અથવા દોરડાને છોડી દે, કદાચ દોરડાને પકડી રાખે અને ઊંચે ઊંચે ચઢવાનો પ્રયત્ન ન કરે તો તે આત્મા ઉંડા અંધારિયા કુવામાંથી બહાર નીકળી શકે ખરો ?

ના, ન જ નીકળી શકે. એની જેમ અને એવી રીતે સંસાર સાગરના ચકવાતમાં ફસાયેલા એ ભવ્યાત્માઓ પણ સદ્‌ગુ ઓના સદ્‌વચનોને સાંભળતાં નથી કે સાંભળ્યા બાદ તે વચનો હૃદય મંદિરમાં સ્થાપન કરતાં નથી. સદ્‌વચનોની શ્રદ્ધાને છોડી કદાચ સદ્‌વચનો ઉપર રાગ રાખે અને તેના આધારે આત્મ કલ્યાણ રવાના માર્ગે ચાલવાનો પ્રયત્ન પણ કરે તો તે ભવ્યાત્મા અપાર સંસારના કુવામાંથી બહાર નીકળી શકે ખરા ?

આથી જ, ભવ્યાત્માઓએ પણ ભવરૂપમાંથી બહાર નીકળવા માટે સદ્‌ગુરૂઓના સદ્‌વચનોનું આલંબન ગ્રહણ કરવું જોઈએ. એ આલંબનને મજબુતપણે વળગવું જોઈએ અને એ જ આલંબનના આધારે સદ્‌ધર્મની રૂચી કેળવવી જોઈએ, આરાધના કરવી જોઈએ અને એ જ આરાધનાના આલંબને સર્વ દુઃખથી મુક્ત બની સંપૂર્ણ અને શાશ્વત સુખના ભોકતા બનવું જોઈએ.

આવી મનોવૃત્તિવાળા ભવ્યાત્માઓએ જ્યારે જ્યારે અવસર મળે ત્યારે એક માત્ર સદ્‌ધર્મ - કથાને જ કહેનારા અને મુક્તિ માર્ગને પ્રવર્તાવનારા સદ્‌ગુરૂઓના વચનોનું અમિપાન કરી, પ્રમાદિ તેર ત્રાસવાદીઓને (કાઠીયાઓને) ત્યજી શાશ્વત ધામના ભોક્તા બનવું જોઈએ.

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.



- આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા વિનાના માનવો હંમેશા નિરાશા વિષાદ, શોક અને કર્તવ્ય શુન્ય દશાને અનુભવે છે.
- સંસાર એટલે પાપનું કારખાનું ! જેમાં ચોવીશે ય કલાક પાપનું જ પ્રોડકશન ચાલુ હોય, જ્યારે ધર્મ એટલે પાપની ધોલાઈ કરનાર વોશીંગ કંપની !
- આત્મશ્લાઘા અને પરનિંદામાં અટવાયેલા, સ્વ - પર અનેકના જીવનમાં હોળી સળગાવે છે. છતાં ય તેમાં કોણ જાણે એવો કે કેવો અમૃતનો આસ્વાદ અનુભવે છે કે તેનાથી અટકતા પણ નથી.
- શરીર કે કપડાં પરના ડાઘ દર્પણમાં જોઈ દૂર કરાય છે તેમ આત્મા ઉપર લાગેલા ડાઘ જોવા શ્રી જિનાગમ તે આરિસો છે. તેમાં જે પોતાની જાતને સ્વસ્થપણે જોવે તેને પોતાના ડાઘ દેખાય.
- શરીરની ટાપ - ટીપ અને સૌંદર્ય માટે શરીરની માવજત કરનારા જો આત્માના સૌંદર્ય માટે તેના કરતાં ય ઓછી મહેનત કરે તો આત્માનું સૌંદર્ય પ્રગટયા વિના રહે નહિ. પણ જરૂર છે નિર્મલ - વિવેક દ્રષ્ટિને પામવાની !
- ભૂલ જેને ખટકે તે ભૂલમાંથી પણ બોધપાઠ શીખે તો ડાહ્યો ! ભૂલની પરંપરા સર્જવા છતાં ય કાંઈ ન શીખે તે મૂર્ખશિરોમણિ !
- જગતમાં ભૂલને પણ ગુણ માનનારા, ભૂલને ભૂલ માનવા છતાં ય ભૂલમાં ને ભૂલમાં અટવાનારા ભૂલને ભૂલ માની, સુધારવાનો પ્રયત્ન કરનારા અને ભૂલના કારણોથી જ દૂર રહે ભૂલ નહિ કરનારા અને થાય તો ભૂલને સુધારનારા આમ ચાર પ્રકારના જીવો હોય છે તો આત્મન્ ! તારો નંબર શેમાં છે તે વિચારી લે જે.
- શ્રી જિન શાસનમાં ક્ષમાપના એટલે ભવોભવની હોળીને બુઝાવવાનો પવિત્ર માર્ગ !
- મમત અને મમતાથી મુક્ત આત્મામાં જ સાચી શાંતિ વસે છે.
- ખોટી જીદ અને અહંકારના કેફમાં ડોલનારને કોઈ કૃષ્ણ દેખાતો નથી.
- પ્રભુની કે પ્રભુશાસનની અવહીલનાના પ્રસંગે છતી શક્તિએ ઉદ્યમ નહિ કરનારા અને પોતાની જાત સંભાળવામાં જ આનંદ માનનારા પ્રભુશાસનના રાગી તો નથી પણ પહેલા નંબરના દુશ્મન છે.
- પોતાના સ્વરૂપને ભૂલી વિષયાસક્તિમાં પડેલા લોકો, જેવો માગે તેવો ઉપદેશ આપવો તે તો માર્ગભ્રષ્ટતાની પરાકાષ્ઠા જ ગણાય આવો ઉપદેશ જે આપે તે સાધુ વેષમાં હોય તો ય નાસ્તિક છે અને શ્રાવક ગણાતો હોય તો પણ નાસ્તિક છે.
- શ્રી જિનેશ્વરદેવના ધર્મને પામેલા અહિંસક, શાંત અને સમતાના નિધિ હોય એ વાત સાચી, પણ તેનામાં આત્મઘાતક નિર્માલ્યતા તો ન જ હોવી જોઈએ. જૈન ધર્મ તો વીરનો છે પણ કાયરનો નથી. એવી નિર્માલ્યતાને જો કોઈ શાંતિ કહે તો શ્રી જૈન શાસન એવી આત્મઘાતક શાંતિને શાંતિ જ માનતું નથી.
- ભગવાનની ભક્તિનું ખરું ફળ મોક્ષ ! મોક્ષ ન મળે ત્યાં સુધી સંયમ ! સંયમ ન મળે ત્યાં સુધી વિરાગ !!
- જેને વીતરાગ જ દેવ જોઈએ, નિર્ગ્રન્થ જ ગુરૂ જોઈએ અને ત્યાગમય જ ધર્મ જોઈએ એ જીવ જ સમકિત પામવાનો છે.
- જેને દેવ રાગી ગમે, ગુરૂ ચમત્કારીક જોઈએ અને ધર્મ ધૈર્ય ટકાદિ આપનારો, મોજમજાદિ કરાવનાર ગમે તે જીવ ગાઢમિથ્યાદ્રષ્ટિ જ છે, સમકિતનો તેને સ્પર્શ પણ થયો નથી.
- ભોગસામગ્રી પણ ભોગપુન્ય હોય તેને જ પચે, બીજાને તો ફૂટી જ નીકળે.
- આત્મામાં રહેલા રાગાદિ શત્રુઓને બહાર કાઢવાનો તીવ્ર ઉદ્યમ તેનું નામ શ્રેણી !

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી. મુદ્રક. પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 16/4/12
5806
પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

જૈન શાસન

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

કલહ - બારમું પાપસ્થાન - શબ્દનો વ્યુત્પત્તિ અર્થ

કલહો હિ કિરમાણો,
ધમ્મકલં હણઇ તેણ તન્નામ ।
'કલહં' તિ સદ્દલક્ખણ -
વિયક્ખણા ભિક્ખુણો બિંતિ ॥
(શ્રી સંવેગ રંગશાળા, ૬૧૬૩)

કરાતો એવો કલહ-કજીયો, ધર્મરૂપી કલાને હણે છે તે કારણથી શબ્દ શાસ્ત્રીઓ-વ્યાકરણકારો તેને 'કલહ' કહે છે. ભાવાર્થ એ છે કે આ જાણી કલહથી હંમેશા દૂર રહેવું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

અઠવાડિક

વર્ષ ૧૩
અંક ૩૩

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

॥ શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ ॥ ॥ હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃત સૂરિભ્યો નમઃ ॥

જૈન તત્વજ્ઞાન વિશારદ અને જૈન સંગીત વિશારદ આદિના અભ્યાસ માટેની સંસ્થા

શ્રી હાલારી વીશા ઓશવાળ જૈન યુનિવર્સીટી

પ્રેરક : પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

સ્થાપના : વિ. સં. ૨૦૫૬ અષાડ વદ ૫ શુક્રવાર તા. ૨૧-૭-૨૦૦૦

શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ - C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧ ૦૦૫. ફોન ૭૭૦૯૬૩

સુજ્ઞ સાધર્મિક બંધુ,

શ્રાવક વર્ગમાં જ્ઞાન વિશેષના અભાવે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્રનો બોધ થવામાં ખામી આવે છે જેને કારણે શ્રી સંઘમાં તે વિષયનું જ્ઞાન પ્રવર્તવું જોઈએ તે પ્રવર્તતું નથી. આ હેતુથી **હાલારદેશોદ્ધારક પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટધર **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ના ઉપદેશથી તેમણે વર્ષો પહેલાં અવધારણા કરેલી **શ્રી જૈન યુનિવર્સીટી**ની સ્થાપના કરવામાં આવે છે. આ યુનિવર્સીટીનું નામ **શ્રી હાલારી વીશા ઓશવાળ જૈન યુનિવર્સીટી** રાખવામાં આવે છે. હાલ દિવાળી તથા ઉનાળાના વેકેશનમાં આ યુનિવર્સીટીના ક્લાસો લેવાશે અને તેમાં નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ પંડિતો અને વિદ્વાનો દ્વારા આ અભ્યાસક્રમનું આયોજન તથા અભ્યાસ અને વિકાસ થશે.

શ્રી હાલારી વીશા ઓશવાળ જૈન યુનિવર્સીટીની અભ્યાસ યોજના

■ પ્રાથમિક અભ્યાસક્રમ ■

ધોરણ એક થી ચાર સુધી જૈન તત્વજ્ઞાનનો અને જૈન સંગીતનો અભ્યાસ થશે

● જે અભ્યાસ થયા બાદ મધ્યમ અને ઉચ્ચ અભ્યાસ ક્રમ ●

(૧) જૈન તત્વજ્ઞાન પ્રવેશ, જૈન સંગીત પ્રવેશ (૨) જૈન તત્વજ્ઞાન પરિચય જૈન સંગીત પરિચય

(૩) જૈન તત્વજ્ઞાન કોવિદ, જૈન સંગીત કોવિદ, (૪) જૈન તત્વજ્ઞાન વિશારદ, જૈન સંગીત વિશારદ અભ્યાસ કરાવાશે.

● વિશેષ અભ્યાસ કરવાની ઈચ્છાવાળાઓ માટે ઉચ્ચત્તમ અભ્યાસક્રમ ●

(૧) જૈન સાહિત્ય વિશારદ, જૈન શાસ્ત્રીય સંગીત વિશારદ (૨) જૈન સિદ્ધાંત વિશારદ, જૈન સંગીત સિદ્ધાંત વિશારદ

(૩) જૈન વ્યાકરણ વિશારદ (૪) જૈન ન્યાય વિશારદ

એ રીતે અભ્યાસની યોજના થશે જૈન તત્વજ્ઞાન વિશારદ અને જૈન સંગીત વિશારદનો અભ્યાસક્રમ પુરો કરનારને રૂા. ૫૦૦૦-૦૦ (પાંચ હજાર) ના એવોર્ડ સાથે સર્ટીફીકેટ અપાશે.

વિદ્યાર્થીઓને આમંત્રણ : ઉનાળાના વેકેશનમાં અભ્યાસ કરવા ૧૦ થી ૨૦ વર્ષની ઉંમરના આવનારની ઈચ્છા હોય તેમણે નીચેના સરનામે રૂા. ૨૫/- મ. ઓ. કે ડ્રાફ્ટ મોકલીને પ્રવેશ ફોર્મ મંગાવી લેવું અને પ્રવેશ ફોર્મ ભરીને મોકલવું જેથી તેમને આમંત્રણ સાથે પ્રવેશ પત્ર મોકલી શકાય. અમારી ધારણા ૧૦૦ વિદ્યાર્થીઓની વ્યવસ્થા કરી શકાય તેમ છે. જેથી વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ આવશે તેમને સ્વીકૃતિ પત્ર મોકલીશું. **પંડિતો તથા વિદ્વાનોને નમ્ર વિનંતી કે છ જેટલા પંડિતો જોશે તો અભ્યાસ, અનુભવ, પગાર ધોરણ સાથે લખી મોકલશો.**

બાળકોને આ જૈન ધર્મના અભ્યાસ માટે આવેલાને સાથે સાથે પ્રતિક્રમણ, સ્નાત્ર પૂજા, ભાવના વિ. પણ દરરોજ કરવાના રહેશે. આપના બાળકોને આ જૈન ધર્મના અભ્યાસ માટે જરૂરથી મોકલવા તેમના વાલીઓને પણ નમ્ર વિનંતી છે અને એ વખતનો અનુભવ તમને અને અમને થાય તે માટે ખાસ વિનંતી છે.

■ ઉનાળાના વેકેશનમાં યુનિવર્સીટી વર્ગો ■

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં

વૈશાખ સુદ ૬ રવિવાર તા. ૨૯-૪-૨૦૦૧ થી જેઠ સુદ ૧૧ શનિવાર તા. ૨-૬-૨૦૦૧ સુધી (૩૪ દિવસ) થશે.

(ગુજરાતમાં વેકેશન મોડુ હશે તેઓ વેકેશન પડયા પછી ૨ દિવસમાં આવી શકશે.) ફોર્મમાં તે રીતે લખવું

આ સરનામે રકમ મોકલી ફોર્મ મેળવી લેવું - **શ્રી હા. વી. ઓ. જૈન યુનિવર્સીટી**

C/o. હાલારી ધર્મશાળા શંખેશ્વર તા. સમી જી. મહેસાણા ઉ. ગુ. ફોન : (૦૨૭૩૩) ૭૩૩૧

સંચાલક : **શ્રી પરેશકુમાર જયંતિલાલ ચંદરીયા - જામનગર**

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુ.કા (મુંબઈ)
ભરત સુદર્શનભા : મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬) | સંવત ૨૦૫૭ ચૈત્ર વદ ૨ | મંગળવાર તા. ૧૦-૪-૨૦૦૧ | (અંક ૩૨/૩૩

વાર્ષિક ૬૦ | આજીવન રૂા. ૧૦૦૦ | પરદેશ વાર્ષિક રૂા. ૧૫૦ | પરદેશ આજીવન રૂા. ૬૦૦૦

જૈન સંઘને શ્રદ્ધાળુ અને ગંભીરવંતો બનાવો

શ્રી શશિકાંતભાઈ મહેતા આદિ ચાર જણાનું પ્રવાસી તા. ૧૯-૩ નું નિવેદન - ઘંટાકર્ણ માણિભદ્ર અને પદ્માવતીના પૈસા ભૂકંપમાં કામ લાગશે તેમ પૂ. મુ. શ્રી જંબૂ વિ. મ. જણાવે છે. જે માળ નિવેદન છે.

ઘંટાકર્ણ પદ્માવતી કે માણિભદ્રના સ્થાનોની કોઈ રકમ ભૂકંપ માટે આવ્યાનો ક્યાંય ઉલેખ નથી. કે.પી. સંઘવી ટ્રસ્ટ, જૈન શાસન પ્રતિષ્ઠાન અને બીજી સેંકડો સંસ્થાઓ કરોડો રૂપીયા ખર્ચી હજારો કાર્યકરોએ જાતે ભૂકંપ રાહત અને સહાય કરી છે.

સેંકડો જિનમંદિરો ધારાશયી થયા છે. તેના ઉદ્ધાર માટે શેઠ આ. કલ્યાણજી પેઢી, અમદાવાદ, શ્રી શ્રીપાલનગર દેરાસર ટ્રસ્ટ મુંબઈ અને બીજા અનેક નાના નાના સંઘોએ રકમ આપીને અને આપવાની વ્યવસ્થા કરાવવાની જાહેરાત કરી છે. પણ ઘંટાકર્ણ માણિભદ્ર કે પદ્માવતીની સંસ્થાઓએ કોઈ જાહેરાત કરી નથી.

શ્રી શશિકાંતભાઈએ ઘંટાકર્ણ આદિની રકમ કામ લાગશે તેમ જાહેરાત કરી છે. તો કઈ કઈ તે સંસ્થાની અને ક્યાં કેટલી રકમ આપવાની તેમને ઓફર છે ?

ઘંટાકર્ણના સ્થાનો મહુડી, મુંબઈ મહાવીર સ્વામી દેરાસર વિગેરે જાણ્યા છે. રાજકોટમાં પણ છે તેઓ તપાસ કરીને જાહેર કરાવે આ સંસ્થાઓને મળેલી રકમ અત્યાર સુધીમાં ક્યાં આપી છે અને ભૂકંપમાં ક્યાં ક્યાં કામે લગાડી છે ? રાજકોટમાં પ્રથમ તપાસ કરી અહેવાલ આપે. શશિકાંતભાઈ તેમના પ્રહલાદ પ્લોટના દેરાસરમાં વચ્ચે પ્રભુજી અને બંને બાજુ માણિભદ્ર અને પદ્માવતી એમ એક જ ગાદી ઉપર બેસાડયા છે. તો તેની આવક પણ થઈ હશે ? અને ક્યાં ક્યાં આપી છે તે જાહેર કરે ?

છેલા ૫૦ વર્ષમાં હજારો પદ્માવતી માણિભદ્ર અને ઘંટાકર્ણ બેસી ગયા છે. ઠેર ઠેર તેના પૂજનો અને હવનો થાય છે તેની આવકો પણ થતી હશે ? તે આવકોની રકમો કયા પરોપકારના કામમાં અને ભૂકંપ રાહતમાં ગઈ છે તે તપાસ કરી જાહેર કરો.

બાકી અનંત કલ્યાણી જૈન સંઘના વીતરાગ પરમાત્માના માર્ગને આધીન બનાવવાને બદલે ઘંટાકર્ણ માણિભદ્ર અને પદ્માવતીને શરણે લઈ જાવ જે તમારી પાસે પરમાત્માની પંચ પરમેષ્ઠિની નિષ્ઠાની ખામી ગણાશે.

ખરેખર તો આ દેવ દેવીઓને બેસાડનારા સ્વાર્થી છે. ઘરના પૈસા ખરચવા ન પડે કે સંઘને વધુ ખર્ચા ન પોષવા પડે તો દેવ દેવીઓની આવક દ્વારા થતા પૈસા તેમને સંઘમાં કામ લાગે એટલે દેવ દેવીને લૂંટવાની બુદ્ધિથી જ આવા દેવ દેવીઓની સ્થાપના થાય છે. અને જેઓ આ દેવ દેવીઓના ભુવા છે કે ઠેકેદારો છે તેઓ તો ધૂતારા છે અને પોતાના હલકા વિચારો વર્તન ઢાંકીને સમાજના લાલસા અને લોભ વાળા વર્ગને દેવ દેવીઓની જાળમાં ફસાવી લૂંટનો ધંધો કરે છે.

સમ્યગ્દષ્ટિ દેવ દેવીઓને પોતાના પરમાત્માને બદલે તેમનો મહિમા વધારનાર ભક્તોથી ત્રાસેલા છે. તેઓ હાજર નહી હોય તો આ ત્રાસ આપનારાઓને ફેંકી દે અને પરમાત્માના રાગી ન બને તો તેની સામે પણ ન જુએ.

જૈન સિદ્ધાંત મુજબ લોભી અને લાલચુઓ અને દેવ દેવીઓને નામે ઠગ બજાર કરનારાઓ જૈન શાસનના કટ્ટર શત્રુઓ છે.

રાજ્યમાં જુગારખાના, દારુખાના અને કુટણખાના કલંક રૂપ છે. તેમ જૈન શાસનમાં ઘંટાકર્ણ માણિભદ્ર અને પદ્માવતીના સ્થાનો કલંક રુપ છે. મોક્ષ માર્ગના અવરોધ રૂપ છે, જેને સંઘને લૂટનારાઓના તે અડ્ડા છે.

પોલીસ ભળી જાય તો જુગાર આદિના અડ્ડાને રોકતી નથી તેમ જૈન સંઘના પણ તેવા સ્વાર્થી કે ધૂતારાઓ આ દેવ

દેવીઓના સ્થાનને માનનારાઓ પોતાની લાલસાઓ અને વાસનાઓના પોષક છે. તે સ્થાનો તેઓ બંધ ન કરે ?

દેવદેવીઓમાં અજિતા કાલી જ્વાલી વિ. ને કેમ બેસાડતા નથી ? પાર્શ્વ યક્ષ ગરુડ યક્ષને કેમ બેસાડતા નથી ? તેમની અંધશ્રદ્ધા અને અજ્ઞાન શ્રદ્ધા જ આવું જુઠ કરાવે છે.

અમે દેવ દેવીઓના વિરોધી નથી જે મૂલનાયક જિન હોય તેમના યક્ષ યક્ષિણી જ તે મંદિરમાં હોય પણ તેમના યક્ષ યક્ષિણીને બદલે બીજા દેવદેવી બેસાડવા તે શાસન દેવો શાસન દેવીઓ અને અરિહંત પરમાત્માનો પણ દ્રોહ છે.

જૈન સિદ્ધાંતનો દ્રોહ કરીને બેસાડેલા દેવ દેવીઓ પોતે જ નારાજ હોય. પોતાના પરમાત્માનું અવમૂલ્યન તે શાસન દેવ શાસન દેવીઓ કેમ સહન કરી શકે ?

સિદ્ધાંતના નિયમ વિરુદ્ધ લેભાગુ અને સ્વાર્થીઓએ બેસાડેલા દેવ દેવીઓને વિસર્જન કરી દેવા એજ તે દેવ દેવીઓની ભક્તિ છે. વિસર્જન માટે વિધિકારી મળશે નહિ કેમ કે તેઓ જ આ અવિધિના દેવ દેવીઓની વિધિ કરી બેસાડયા છે, તેમના પૂજનો કરાવે છે. તેમનામાં શાસન અને સિદ્ધાંતનું સત્ત્વ નથી. તેઓ કર્મકાંડ કરાવનારા બ્રાહ્મણો જેવા છે તેથી તેમની પાસે વિસર્જનની આશા ન રાખી શકાય.

પરંતુ ત્રણ નવકાર ગણી દેવો પ્રત્યેના સદ્‌ભાવ પૂર્વક "શાસનની આશાતનાને ટાળવા અને તમારો દુરુપયોગ કરે છે તે અટકાવવા તમને વિસર્જન કરું છું." આવી વિનંતિથી વિસર્જન કરી દેવા એ શાસન તથા દેવ દેવીઓની ભક્તિ છે.

જો જૈન શાસનના દેવ દેવી તરીકે તેમને બેસાડયા હોત તો ત્યાં બોર્ડ લાગેલા હોત કે - 'ભિખારી બનીને ન આવો, ભક્ત બનીને આવો.' પણ તેવું કંઈ નથી.

શ્રી શશિકાંતભાઈ આદિ જ્યારે પ્રતાપભાઈ બોગીલાલ વિ. ના નામથી પૂ. મુ. શ્રી જંબૂવિજયજી મ. ના નામનું નિવેદન છાપામાં આપીને સંઘને નિરાધાર કાર્ડ મોકલીને આ ઘંટાકર્ણ પદ્માવતી માણિભદ્રને હવાલે કરવાનું કહ્યું તે જૈન શાસનનો દ્રોહ છે.

આજ તેમાં અનેક રીતે ભૈરવ વિ. બેસાડતા થયા છે. કેટલાક સુદીયાની વાતો કરનારા વળી સરસ્વતી અને લક્ષ્મી દેવની મૂર્તિઓ પધરાવતા થયા છે. ગૌતમ સ્વામી આદિની મૂર્તિઓ આપતા થયા છે.

જ્યોતિષી બનીને સમાજને લૂંટવાનો ધંધો પણ મોટા પાયા ઉપર ચાલે છે. તેવા એક મહાત્માને કહેવાયું કે તમે તમારું જ જ્યોતિષ જુઓ - એકલા જ કેમ ફરો છો ? શું ખ્યાલ કેમ નથી ? વળી આવા જ્યોતિષો માત્ર દુઃખીયારાને ભરમાવનારા છે. જ્યોતિષ એ તેમનો વ્યાપાર બની જાય છે. બાકી તો તેઓ જ્યાં બેઠા હોય ત્યાં તે સંઘમાં પણ તેમની આબરૂ નથી. તેવા જ લેભાગુ ટ્રસ્ટીઓ કાર્યકરો તેમાં ભળે અને તેઓ પણ તેમના ધંધા ચાલે તેમ કરે તો તે ટ્રસ્ટીઓ કે કાર્યકરો પણ ચોરના ભાઈ ગંઠીચોર જેવા છે એ નિઃશંક છે.

અનંત પુણ્યોદય મળેલા વીતરાગ પરમાત્મા અને તેમના શાસનને પામી આવા દુષ્કૃત્યોમાં ફસાઈને મનુષ્ય જન્મ હારી ન જવાય એ જાગૃતિ કેળવવાની છે.

આજે ભૂકંપ માટે કરોડ અને અબજ રૂપિયા ઓછા પડયા છે. ગુજરાત અને ગુજરાતીઓ વરસે તે તો બરાબર છે ગુજરાત સિવાયના રાજ્યો પણ વરસી રહ્યા છે. ભારત સિવાયના દેશો પણ વરસી રહ્યા છે. અને દરેકના ભાગ્ય મુજબ આવ્યા થશે. અને ઉદ્ધાર થશે. જૈન સંઘોએ અને જૈનોએ શ્રી વીતરાગ વચનને નજરમાં રાખીને ફરજ બજાવવાની છે.

સાવધાન બની અને શક્તિનો દુરુપયોગ કર્યા વિના સદુપયોગ કરો.

- સેંકડો જૈન મંદિરો પડી ગયા છે તેનો ઉદ્ધાર કરો.
- સેંકડો ઉપાશ્રયો ખંડિત થયા છે તેનું નિર્માણ કરો.
- હજારો જૈનો નિરાધાર બન્યા છે તેના આધાર બનો.
- લાખોની સંખ્યામાં માનવો નિરાધાર બની આપત્તિના મુખમાં પડયા છે તેને ઉગારી લો.
- લાખો પશુઓ પીડિત બન્યા છે તેમને અભયદાન દો
- અપંગ નિરાધાર બનેલાના આશરા બની રહો.

આજના કર્તવ્યોમાં આ ભૂકંપના કારણે આ મુખ્ય કર્તવ્યો બન્યા છે. જેનો જે શક્તિ હોય તે શક્તિનો સૌ સદુપયોગ કરો એજ શુભ અભિલાષા.

૬ ગાઉની યાત્રા તથા વર્ષીતપના પારણા

પાલીતાણામાં ચાલુ વર્ષે ફાગણ સુદ ૧૨ - ૧૩
તા. ૦૭-૦૩-૨૦૦૧ ની ૬ ગાઉની મહાન યાત્રા
તેમજ વૈશાખ સુદ ૩ તા. ૨૬-૦૪-૨૦૦૧ ના રોજ
વર્ષીતપનાં પારણાની ૬૨ વર્ષની જેમ વ્યવસ્થા
કરવામાં આવેલ છે જેથી દરેક યાત્રિક તથા
તપસ્વીઓએ લાભ લેવા વિનંતી છે.

પ્રવચન - સુડતાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, ભાદરવા સુદિ-૧૫, સોમવાર, તા. ૭-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલુ

આવો સુંદર મનુષ્યભવ મળ્યો છે તે પણ જૈન કુળાદિમાં. શ્રી જિનેશ્વરદેવ જેવા દેવ મળ્યા છે, ત્યાગી અને નિર્ગ્રંથ ગુરૂ મળ્યા છે, ત્યાગમય ધર્મ મળ્યો છે. તે પણ જે મરાબર કરે તે જીવ અહીં પણ મઝામાં હોય. તેને મરવાનું ભય હોય નહિ. તે તો સારી રીતે મરવા માટે તૈયાર હોય. તે તો કહે કે- 'મને જીવવાનો લોભ નથી અને મરવાનો ભય નથી કેમ કે, મેં કોઈનું ભૂંડુ કર્યું નથી, શક્તિ મુજબ મોટલું ભલું કર્યું છે.' સમજુ જીવને મરવાનો ભય હોય ખરો ? મરવાથી બહુ ગભરાય તે મરણથી બચી જાય ખરો ? તો પછી મરવાનો ભય શા માટે છે ?

સભા : આ બધું છોડીને જવું પડે માટે.

ઉ. - તમારા પૂર્વજો આ બધું છોડીને ગયા છે તે ખબર છે ને ? તો તે બધું મેળવ્યું ત્યારે ખબર ન હતી કે આ બધું ચાલ્યુ જશે કાં મારે તે બધું મૂકીને જવું પડશે ?

સ. - આ વિચાર જ આવતો નથી.

ઉ. - આ વિચાર ન આવે તે બેવકૂફ કહેવાય કે ડાહ્યો કહેવાય ? જે અવશ્ય બનવાનું છે તેનો વિચાર ન આવે તે કેવા કહેવાય ?

આવું જે પૂછે છે તે ય ખોટું બોલે છે કે સાચું બોલે છે ? આવાને સાચા માનીએ તો જૂઠા કોને કહીએ ? તમને બધી ખબર છે કે- મારે મરવાનું છે. મારા બાપ-દાદા ય ગયા, પૂર્વજો પણ ગયા. 'મારે મરીને કયાં જવું છે' તે નક્કી ના કરે તો તેના જેવો બેવકૂફ બીજો કોઈ નથી ! આજે તો જેમ મોટો સુખી તેમ મોટો મુરખ ! આજના સુખી વધારે પાપ કરે છે કે દુઃખી ? ભણેલા વધારે પાપ કરે છે કે અભણ ? તમને ભણાવવા તે પણ પાપ છે ! ભણેલા જ વધારે ખોટાં કામ કરે છે તે પણ ગોઠવી ગોઠવીને મઝેથી. તમે તમારાં સંતાનોને શા માટે ભણાવો છો ? શું શું ભણાવો છો ? ભણાવવા ખાતર કેટલા પૈસા ખરચો છો ? જે ભણતરમાં આત્મા - પુણ્ય - પાપની વાત ન આવે તે ભણતર ભણતર કહેવાય ખરું ? 'મારે મરી જવાનું છે, મેં મેળવેલું બધું અહીં મૂકીને જવાનું છે, કોઈ મારી સાથે આવવાનું નથી, મારે એકલાએ જ અહીંથી જવાનું છે' તે ખબર છે ? આજે તમે જે રીતે જીવો છો તે દુર્ગતિમાં જવાનો જ રસ્તો છે તેમ લાગે છે ? જે રીતે તમે જીવો છો તે મોટે ભાગે પાપ કરીને જીવો છો. પાપ મઝેથી કરીને જીવે તે નરક કે તિર્યંચ નામની દુર્ગતિમાં જ જાય. આજે જનાવરો કપાય છે તમે તેને બચાવી શકો છો ખરા ? તેના પાપ તે ભોગવે તેમ કહીને છૂટી જાવ છો ને ? આવા જીવમાં દયા ધર્મ પણ આવ્યો કહેવાય ?

આજે તો એવો ખરાબ કાળ છે કે માણસોને જીવવું મુશ્કેલ છે. ઘણા રીબાઈ રીબાઈને મરવાની આશાએ જીવે છે, દુઃખી થઈ થઈને જીવે છે. તમારી પાડોશમાં દુઃખી કેટલા હશે ? માત્ર તમારે જ સુખ જોઈએ કે બીજાઓને પણ સુખ જોઈએ ? તમને બીજાના સુખનો વિચાર આવે ખરો ? જે કાળમાં લખપતિ અને કોટિપતિ ચોર હોય તે કાળમાં નોકરો ચોર હોય તેમાં નવાઈ છે ! આજે કોઈપણ શ્રીમંત ચોર નથી તેમ કહી શકો છો ?

સભા :- ખીસ્સા નથી કાપતા !

ઉ.- ખીસ્સા કોને કાપવા પડે ? આ બધા તો મોટો ભંડાર જ કાપે છે.

આજે મોટામાં મોટી ચોરી કરે તે મોટામાં મોટો શાહુકાર કહેવાય ! તેવા લોકો લાખોની ચોરી કરે. તમારી પાસે કેટલા પૈસા છે તે કહી શકો તેમ છો ? આગળ કરોડપતિ પોતાના ઘર ઉપર પોતાની પાસે જેટલા કોડ હોય તેટલી ધજા ચઢાવતો હતો. આજે તો વેપારી ખાતો હોય તો ય ખોટ બતાવે. રાજ્યની ટેક્ષની ચોરી કોણ નહિ કરતો હોય ! રાજા ખરાબ માટે તમારે પણ ખરાબ થવું એવું કોણે કહ્યું ? તમે ખરાબ થશો તો તેનું ફળ કોણ ભોગવશે ? તમે કે બીજા ? માટે હજી તમે સમજો તો સુધરવાનો ઉપાય છે. બાકી નહિ સમજો તો કોઈ ઉપાય નથી. અમે પણ જો આ ન સમજીએ તો અમારી પણ હાલત તમારા કરતાં વધારે ખરાબ છે. જેણે ન સમજવું હોય તેને ખુદ ભગવાન પણ ન સમજાવી શકે. અમે પણ માન -પાનાદિના ભિખારી થઈએ અને તમને રાજી કરવા, ભગવાને ન કહ્યું હોય તેવું પણ બોલીએ તો અમે પણ ભગવાનના ચોર છીએ. જેને સમજવું હશે તે જ સમજશે.

જેને દુર્ગતિમાં નહિ જવું હોય. સદ્ગતિમાં જ જવું હશે તે સમજશે. તે પણ મોક્ષની જ ઈચ્છાવાળો જોઈએ. જેઓ સદ્ગતિમાં આવીને મઝેથી લહેર કરે છે તે બધા દુર્ગતિમાં જવાના છે. આજે બધુ પૈસાવાળો મોટી ચોરી કરે છે, મોટું જૂઠ બોલે છે.

સભા :- સાથે સાથે પુણ્ય પણ કરે છે.

ઉ. - કોણ પુણ્ય કરે છે ? કેટલા પૈસાવાળા પુણ્ય કરે છે ? આજના પૈસાવાળા પાસે પુણ્ય કરાવવું તો કેટલી આજીજી કરવી પડે ? તે સુખી તો મરી ગયા જે ધર્મ જ કરતા હતા. તમારી પાસે પૈસા વધ્યા છે તો બંગલા - બંગલાદિ બાંધ્યા છે કે મંદિરાદિ બાંધ્યા છે ? કો'ક ભાગ્યશાળી હશે !

સુખી ખરેખર સુખી હોય તો તેનો પાડોશી દુઃખી હોય ? જે સુખીનો પાડોશી દુઃખી ન હોય તેનું નામ સાચો સુખી. ભયંકર દુષ્કાળોને પણ ધર્મી એવા સુખી લોકોએ પાર કર્યા છે. કોઈ જીવને દુઃખી થવા દીધા નથી. તમે સુખી હોવા છતાં ય તમારી આજુબાજુવાળા દુઃખી હોય તે ચાલે ? જેની પાસે નોકરી કરાવો તેને ય પૂરો પગાર આપો છો ખરા ? નોકરને ત્યાં કેટલા ખાનાર છે, કેટલા કમાનાર છે તે મુજબ પગાર નક્કી કરો ખરા ?

સભા : કામ મુજબ પગાર નક્કી કરાય છે.

ઉ.- કામ મુજબ પણ પગાર નક્કી કરો છો ખરા ? જેવું કામ તેવો પગાર આપો છો ખરા ? આજે તો વધારે લખાવીને ઓછો પગાર પણ આપે છે ને ? શેઠીયો નોકરને જુઠ્ઠું કહે તો તે નોકર મનમાં હસે છે કે- મારા કરતાં અનેગણુ જૂઠ તો આ મારો શેઠ બોલે છે. આ તમારી આબરૂ છે ?

જૈનકુળાદિમાં જન્મે તે ભાગ્યશાળી છે પણ તમારે ઘેર જન્મે તેને કેવા બનાવવા છે ? 'મારા ઘેર સંસારમાં રખડતો રખડતો એક જીવ આવ્યો છે તેને હવે એવા માર્ગે ચઢાવી દેવો છે કે ઝટ મોક્ષે જાય' આવી તમારી ઈચ્છા છે ખરી ? તમારાં સંતાનો સાધુ બને કાં સારા શ્રાવક બને તેવી પણ ઈચ્છા છે ? મારા ઘેર જન્મેલો પાપ કરતો ન થાય, ધર્મ જ કરતો થાય તેવી પણ ઈચ્છા છે ખરી ? ઊંચામાં ઊંચો ધર્મી થાય તેવી પણ ઈચ્છા છે ખરી ? અમને હાથ જોડો, ઊંચે બેસાડો તો તમને અહીં આવવાનું મન પણ ન થાય તેમ બને ખરું ? મંદિરે જનારા તમારાં સંતાન 'મારે સાધુ થવું છે' તેમ કહે તો તમે રાજી થાવ ખરા ? તમને પણ સાધુ થવાનું મન થાય છે ખરું ?

સભા : - ભાવના છે પણ પુરુષાર્થ નથી.

ઉ.- ભાવના સાચી છે ? તમારાં સંતાનને પણ સાધુ થવાનું કહ્યું છે ? સાધુ ન થવાય તો સાચ શ્રાવક થવુ પણ બહુ પૈસાવાળા થવાની મહેનત કરવા જેવી નથી તેમ કહ્યું છે ? હું તો સંસારમાં ફસી ગયો છું માટે તું ફસાતો નહિ. હું જે કરું છું તે કરવા જેવું પણ નથી તેમ કહ્યું છે ?

આજે ઘણાના છોકરા કહે છે કે મારા બાપા બહુ જૂઠ બોલે છે, બહુ ચોરી કરે છે. ચોપડા લખનારને તે જે માગે તે અડધી રાતે આપે છે અને ધર્મ કરવા પૈસા નથી આપતા ! તમે તમારો છોકરો પરદેશ જવા માગે તો લોન લઈને મોકલો પણ ધર્મ કરવા પૈસા માગે તો આપો ખરા ? સંતાનોને પૂજા કરાવવા માટે પૂજાની સામગ્રી આપો છો ખરા ?

તમારે જે સુખ જોઈએ છે તે આ સંસારમાં છે જ નહિ પણ મોક્ષમાં જ છે. મોક્ષે જવા માટે સાધુ થયા વિના બીજો કોઈ ઉપાય નથી. આપણા બધા જ શ્રી અરિહંત ભગવન્તો સાધુ થયા છે, સાધુ થઈને કષ્ટ વેઠીને કેવળજ્ઞાન પામીને, આપણા સૌના માટે મોક્ષમાર્ગ સ્થાપીને મોક્ષે ગયા છે. તમારે શું કરવું છે ? ભગવાને જે કહ્યું તે કરવું છે કે મરજી મુજબ કરવું છે ? ભગવાનની આજ્ઞા મુજબ જીવતા સાધુ કહે તે કરવું છે કે સાધુઓને પણ તમારા કહ્યા મુજબ જીવતા કરવા છે ? તમારાં સંતાનોને કેવા બનાવવા માગો છો ?

સભા - સુખી બનાવવા માગીએ છીએ.

ઉ.- તમારા સંતાન કરોડપતિ થશે તો ય સુખી નહિ થાય. તેને શાંતિથી ખાવા - પીવાનો, સારી વાત કરવાનો ય ટાઈમ નહિ મળે અને પછી દુર્ગતિમાં જશે.

જે ધર્મી હોય તે તો કહે કે અમારે અમારાં સંતાનોને ધર્મી બનાવવાં છે. તમારે પણ ધર્મી બનવું છે કે દુનિયાના સુખે સુખી બનવું છે ? ધર્મી બનેલો જીવ અહીં પણ સુખી, પરલોકમાં ય સુખી અને વહેલો મોક્ષે પહોંચવાનો. જ્યારે દુનિયાના સુખે સુખી બનેલો અહીં પણ દુઃખી મરતાં પણ દુઃખી, પરલોકમાં ય દુઃખી અને સદા માટે દુઃખી ! આજે અહીં કેટલા જીવો ભૂખે મરે છે ? કેટલા સુખી પાસે ખાવાનું હોવા છતાં ય ખાઈ પી શકતા નથી ! કેટલાની ખબર - અંતર લેનાર કોઈ નથી.

ક્રમશઃ

આત્મ પરિણતિ આદરો, પરપરિણતિ ટાળો

-પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.

લેખાંક - ૬

અનંતજ્ઞાનિઓના વચન ઉપરનો અવિહડ વિશ્વાસ એ આત્મ પરિણતિને પેદા કરનાર, ખીલવનાર છે જ્યારે અવિશ્વાસ પરપરિણતિની પક્કડને મજબૂત બનાવનાર છે. આત્મ પરિણતિ નિર્મલ બને તેમ જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ થાય. દેખીતો સોહામણો સુખમય સંસાર. પણ તેનું કાંઈ જ બગાડી ન શકે. મોહ પણ માલિક મટી તેનો રક્ષક થઈને રહે. હવે આગળ કહે છે કે-

(૧૫) કો મહાન ? સદ્‌ગુણે જ્યેષ્ઠ :

મોટું કોણ ? સદ્‌ગુણોનો સ્વામી હોય તે

યોગ્યતા - પાત્રતા જીવોને મોટા કરનારની છે. અપાત્રતાથી મોટા થયેલાઓએ જગતમાં ઉલ્કાપાત મચાવ્યા છે, વિનાશ વેર્યો છે તેનાથી ઈતિહાસ ભર્યો પડયો છે. વય આદિથી મોટા તે મોટા નહિ પણ સદ્‌ગુણોનો સ્વામી તે જ વાસ્તવમાં મોટો છે. જેમ મતિસાગર મંત્રીએ પણ શ્રી શ્રી પાલરાજાને તે જ કહ્યું કે આપ વયથી લઘુ છો પણ ગુણોથી મોટા છો. મોટા દેખાવું અને વાસ્તવમાં મોટા હોવું તે બે માં જમીન - આસમાનનું અંતર છે. દુનિયામાં પણ કહેતી છે કે 'ધોળું તેટલું દૂધ નહિ', 'પીળું તેટલું સોનું નહિ', અંગ્રેજીમાં પણ કહેતી કે ALL THAT GLOTTERS IS NOT GOLD', 'સોનું લેવાય કસીને અને માણસ વરતાય પરખીને' જાણ જુદી અને પરખ જુદી ચીજ છે સોનું જાણવું તે જુદી વાત છે અને સોનાને પરખવું તે અલગ વાત છે. કષ-છેદ-તાપની શુધ્ધિથી જેમ સોનાની પરીક્ષા થાય છે તેમ સદ્‌ગુણોથી જે મહાન તે જ મહાન છે પણ દુનિયાની સામગ્રીથી મોટો માનવો તે ભૂલ ભરેલો ખોટો માપદંડ છે, તેમાં ઠગાવાની પૂરી સંભાવના છે. છ ખંડના વિજેતા ચક્રવર્ત્તીને પણ એક નામ મૂંસી પોતાનું નામ લખવું પડે છે. આનાથી પણ સમજાય છે કે 'મોટાપણું' શેમાં છે.

મહાનતા લાવવાની કે ખરીદવાની ચીજ નથી પણ પોતાના જ પ્રબળ પુરૂષાર્થે પેદા કરવાની ચીજ છે. સદ્‌ગુણોથી મહાન એવો પણ હોય જેને કદાચ દુનિયા જાણે પણ નહિ. જેની પાસે સત્તાનું મોટું સિંહાસન તો ઠીક પણ નાની ખુરશીનું પણ પદ ન હોય, જગત તેને તુચ્છ, નકામા કે મૂર્ખ પણ માને. સાચી પરખ તો ઝવેરી કરી શકે. દુનિયાની ચીજ-વસ્તુની પરખમાં ભૂલ બહુ બહુ તો થોડું ઘણું આર્થિક નુકશાન કરે પણ અધ્યાત્મક્ષેત્રની પરખની ભૂલ તો એવું આત્મિક નુકશાન કરે. જે ભરપાઈ પણ ન થાય. બાહ્યાભિમુખતાથી અંજાયા તો ભૂલા જ સમજો પણ ગુણની સૌરભથી અંજાવામાં વિવેકી બનજો, પિત્તળને સોનાના ભાવે વેચવું સૌને ગમે પણ પરીક્ષક જે શાંતિ-ધૈર્ય રાખી પરખ કરે તો ભૂલો પડતો નથી. આત્માના સદ્‌ગુણોથી મહાનની પરીક્ષા કરવા માટે પરિશ્રમ, ધૈર્ય, સમતા, સહનશીલતા, શાંતિ રાખવી ખૂબ જ જરૂરી છે. આ ઈમીટેશનના જમાનામાં બાહ્ય ચમક-રોનકથી અંજાઈ મોટો માનવાની ભૂલ ન કરો પણ ગમે તેવા આસમાની - સુલતાનીના પ્રસંગોમાં, આપત્તિજનક અપમાન કે બાદશાહી સન્માનમાં પણ જરા ય ન મુંઝાનારા કે લોભાનારાના આંતરિક ગુણવૈભવની ભવ્યતા જોઈ મહાન માનો, તેના ચરણોમાં સાચો સમર્પણભાવ કેળવી ઝુકો. દુનિયામાં પણ દાન-દાક્ષિણ્ય-ઉદારતા આદિ ગુણોથી મોટાઈ મળે છે પણ માત્ર ધન કે શ્રીમંતાઈથી મોટાઈ મલતી નથી. આંખ આંજે તેવી રોનક-ચમક કે ભભકો હોય પણ દિલના તુચ્છ-ટુંકા હોય તો લોકો તેનાથી દૂર રહે છે. જ્યારે ભગવાનની આજ્ઞા પ્રમાણે સાધુતાના ગુણોના સ્વામીની પાસે કોઈ રોનક-ભભકો ન હોવા છતાંય લોકો તેમના ચરણોમાં પડાપડી કરે છે, તેમના ગુણોથી ખેંચાઈ તેમની પાસે સ્વયંભૂ હૈયાના ઉલ્લાસથી આવી સાચી શાંતિ સમાધિને પામે છે. જેમનો સદ્‌ગુણનો વૈભવ વાતાવરણને પણ શાંત-શીતલ આલ્હાદક બનાવે છે. જેમ શ્રી બલભદ્રમુનિના સાન્નિધ્યમાં ઘોર હિંસક, જાતિ વૈરવાળા પ્રાણીઓ પણ અહિંસક બનીને રહેતા. ખુદ શ્રી તીર્થંકર પરમાત્માના સમવસરણની વાત જ કરવા જેવી નથી. જે બુધ્ધિનો વિષય નથી પણ શ્રધ્ધાનો વિષય છે. જેનામાં સદ્‌ગુણોનો વાસ હોય ત્યાં ભભકો નહિ પણ ભવ્યતા હોય, આકર્ષણ નહિ પણ એકાત્મતા, આક્રમકતા નહિ પણ સાત્ત્વિકતા અનુભવાય. આપણને આક્રમકતાનો અનુભવ છે. પણ સાત્ત્વિકતાનો નથી તેથી જ મુંઝાઈએ છીએ, આંતરિક ગુણ વૈભવથી મહાન બનેલાના ચરણો ચૂમીશું, સમર્પણ ભાવે નિષ્કામપણે સેવા-ભક્તિ કરીશું તો આપણો પણ સદ્‌ગુણો વૈભવ ખીલશે-પેદા થશે. તેવો પ્રયત્ન કરવો જરૂરી છે.

(૧૬) કો લઘુ : ? પરનિંદક

લઘુ નાનો કોણ ? પારકી નિંદા કરનારો તે

'લઘુ' શબ્દ નાનાપણાં'ને સૂચવે છે. 'ગુરૂ' શબ્દ જેમ ભારેપણામાં પણ વપરાય છે તેમ લઘુ શબ્દ હલકાઈ સૂચક પણ છે. વજનમાં હલકું તો તૃણ પણ હોય છે અને તૃણ કરતાં પણ હલકો પર નિંદક કહેવાયો છે.

પરનિંદા અને સ્વશ્લાઘા તેને ધર્મ પ્રાપ્તિના મોટામાં મોટો અવરોધક કહ્યા છે. રસ્તા ઉપર વાહનોનાં વેગ રોકવા ઠેરઠેર SPEED BRACKER 'ગતિ અવરોધક' ના બોર્ડ હોય છે તેમ આત્માની પ્રગતિ અવરોધક આ પરનિંદા છે. પરનિંદા એ જીભની એવી ચળ છે કે તેના સપાટામાં પછી કોણ ન આવે, કોણ બાકી રહે તે જ સવાલ ! પરનિંદક અન્યના નાનામાં નાના દોષને જોવા 'બાજનજર' જેવો અને પોતાના મોટા દોષને માટે તેની દ્રષ્ટિ કેવી !! નિંદા કરવી તે ખરાબ જ છે. કોઈ નિંદાને સારી કહે નહિ. નિંદા કરવી તેનો વિરોધ નથી પણ પરની નિંદા કરવી તે ખરાબ છે. નિંદા કરવાની કુટેવ કે વ્યસન વળગ્યું હોય તો પોતાની, પોતાના દુર્ગુણોની પોતાની સ્વભાવ દોશની જ નિંદા કરો. પોતાની નબળાઈઓ જાહેર કરો.

પણ પોતાની નિંદા કરનારા કેટલા અને પરની નિંદા કરનાર કેટલા ? મોજ મસ્તીમાં આવેલો માણસ કોઈ સાંભળે કે ન સાંભળે પણ કોઈને કોઈ ગાયન ગાતો રસ્તા પર મજેથી પોતાની મસ્તીમાં ચાલે છે. તેમ આપણે પણ આપણી પોતાની નિંદાની મસ્તીમાં ચાલવું છે. માટે જ્ઞાનિઓએ 'અપ્પાણં નિંદામિ' ની વાત ઠેર ઠેર જણાવી. પણ આજે આપણે પોતાને ભૂલી પરની પંચાતમાં પડી ગયા. પાછા બાહોશી માનીએ-બચાવ પણ કરીએ કે બીજાનો દોષ-દુર્ગુણ દેખાય તો કહેવામાં વાંધો શું ? આ જ મોટી આત્મ ઠગાઈ છે. પોતાની જાતને જોનારો બીજાના દુર્ગુણો જૂએ ખરો ? પોતાની જેમ બધા આત્માને માનનારને બીજાના દુર્ગુણો દેખાય પણ ખરા ? હીરો કે ઉત્તમ રત્ન વિષ્ટામાં પણ પડે, ધૂળથી કદાચ મેલું પણ થાય છતાં ય તેના તેજમાં ઘટાડો થાય ? તેની કિંમત પણ ઘટે ખરી ? તેમ દોષિત પણ આત્મા, આત્માનો છે ને ? આત્માથી ભૂલ થવી, દોષ સેવવો સહજ છે પણ તેનો ઢંઢેરો પીટવાનો હોય ? બીજાનો ઢંઢેરો અને પોતાનો બચાવ તે કયાંનો ન્યાય ? માટે નિંદાની ઓળખ આપતાં પણ કહ્યું કે બીજાને ઉતારી પાડવા, હલકા બતાવવા, જે કાંઈ કરાય તે નિંદામાં આવે. દુર્ગુણના ગંદવાડને જીભથી જે ચાટે તો તેનામાં અને વિષ્ટા ચૂંથનાર ભૂંડમાં ફેર ખરો ? પોતાની વિષ્ટાની તરફ અરૂચિ બતાવનાર બીજાની વિષ્ટાને ચૂંથે ખરો ? જે એમ માને કે બીજાના દુર્ગુણો અને નિંદા કરવાનો અમારો અબાધિત હક છે તો તેના પોતાના પણ દુર્ગુણો અને નિંદાનો અબાધિત હક બીજાને પણ આપ્યો કહેવાય ને ? ન્યાય તો સર્વત્ર સમાન હોય. પરનિંદા એ તો બધા રોગોની જનની છે. તૃણ કરતાં પણ હલકો, વિષ્ટા કરતાંય વધુ દુર્ગંધી, ઝેર કરતાં ય વધુ ખતરનાક આ પરનિંદક છે. તેમાં જ વાસ્તવમાં લઘુતા છે. તેનાથી આપણા આત્માને બચાવવા આપ્ત જનો કહે છે. કે પરનિંદાની પાશવીવૃત્તિ, રાક્ષસીવૃત્તિને ઘટાડવા, સારી કહેવરાવે તેવી છે. માટે તેનાથી બચવું ખૂબ જરૂરી છે જો જીવન સુધારવું-સુંદર બનાવવું હોય તો બહેરાપણું, મૂંગાપણું કે આંધળાપણું સારૂં પણ આ ચેપીરોગના કારખાના જેવું પરનિંદાપણું સારૂં નથી. તને ગમતો રસ્તો સ્વીકાર ?

(૧૭) કે પુણ્યા ? ગુરૂભક્તા યે.

પુણ્યશાલી કો ? ગુરૂભક્ત હોય તે

ધન-ધાન્યથી સમૃધ્ધ હોય, માન મોટાઈમાં મહાલતા હોય તે બાહ્યથી ભલે પુણ્યશાલી કહેવાય પણ જે વાસ્તવમાં સાચા ગુરૂભક્ત હોય તેને જ જ્ઞાનિ નો સાચો પુણ્યશાલી કહે છે. બાહ્ય સુખ-સાહ્યબી-સંપત્તિ થી સમૃધ્ધ હોય પણ આંતરગુણ સમૃધ્ધિથી રહિત હોય તે પુણ્ય પણ અંતે અનર્થનું કારણ બને છે. દેખીતી સુખ-સંપત્તિ-સાહ્યબીનો અભાવ હોય પણ આંતરક ગુણ સંપત્તિથી સનાથ હોય તે જ સાચો પુણ્યશાલી છે. આ વાત પચાવવા પણ આપણી પાત્રતાનો પનો ટુંકો પડે છે. !! દરદ્રિતા જે દુઃખદાયી લાગે છે. તેમ સંપત્તિ પણ સંતાપજનક છે જ. બાહ્યાડંબરમાં મૂંઝાનારને આ વાત સમજાવવી કઠીન છે. પૈસાની દરિદ્રતા કરત મનનો દરિદ્રી વધારે ખરાબ છે. આજના મોટાભાગના શ્રીમંતોની આવી માનસિક હાલત નજરે દેખાય છે.

અજ્ઞાનના અંધકાર માંથી સન્માર્ગના પ્રકાશમાં લઈ જાય તેનું નામ ગુરૂ ! કથીરને પણ કંચન બનાવે, પત્થરને પણ પારસ બનાવે તેનું નામ ગુરૂ ! ગુરૂ અને ગોરમાં આભ-જમીનનું અંતર છે ! આત્મ હિતૈષીને ગુરૂનું શરણ ગમે, સુખ-સામગ્રીના રાગીને ગોર ગમે ! જૈન શાસનના સદ્‌ગુરૂ કયારે પણ ગોરપણું ન કરે !!

ભક્ત શબ્દ સમર્પણ વાચી છે. ગુરૂ તે, જે માત્ર પોતાના જ ભક્ત ન બનાવતા દેવ-ગુરૂ-ધર્મ-શાસનના સાચા ભક્ત બનાવે. માત્ર પોતાનો જ ભક્ત બનાવે તે ભક્ત 'ભગવાન'નું પણ અહિત કરે. જે શાસનનો સાચો

ભકત બનાવે તે બધાનું સાચું હિત કરે. જેવો નાના બાળકને વાત્સલ્યમયી માતા પ્રત્યે સાચો સમર્પણ ભાવ હોય છે તેવો જો આપણા તારક સદ્‌ગુરૂ પ્રત્યે આપણને સાચો સમર્પણભાવ પેદા થાય તો જ આપણામાં સાચું ભકતપણું પેદા થાય. આજે સદ્‌ગુરૂના નામનો ભકતના નામે 'દેખાવ' કરનારો વર્ગ વધ્યો છે પણ સમર્પણ કરનાર. . ! હૈયામાં સાચો ભકિતભાવ પેદા થાય તો તે સ્થળ - સ્થાન - સમય બધું જ ભૂલી જાય. તેને ગુર્વાજ્ઞા તે જ તારક લાગે. ગુર્વાજ્ઞા આગળ પ્રાણ પણ કાંઇ ન લાગે. જેમ શ્રી ઉદયન મંત્રીનો પૂ. સા. શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ પ્રત્યેનો સમર્પણ ભાવ. 'આ કુમારપાળ અને તેનું રક્ષણ કરવાનું છે' આ પ્રસંગનો તેમને રાજાની આજ્ઞા કરતાં ગુરૂની આજ્ઞા મહાન-તારક લાગી, અન્ય દર્શનમાં પણ પ્રસંગ આવે છે કે, એક સ્ત્રીનો પતિ ઘણા વર્ષે આવી રહ્યો છે તે સમાચાર તે સ્ત્રીને મળતાં પતિ મિલનમાં ઉત્સુક તેણી બધું ભૂલીને પતિને આવકારવા તેની સંમુખ જઈ રહ્યં છે. પતિના મિલનના જ વિચારમાં એક રાજા નમાજ પઢતો હતો તો તેની ચાદર પરથી પણ ચાલી ગઇ. નમાજમ વિક્ષેપ પડવાથી રાજાએ તેને પકડી મંગાવી અને ગુસ્સામાં કહે હું ખુદાની બંદગી કરી રહ્યો હતો અને તું અહીંથી આ રીતના ચાલીના ગઇ ? ત્યારે તે સ્ત્રીએ નિર્ભયપણે વિનયપૂર્વક કહ્યું કે ''રાજન્ ! બેઅદબી માફ કરજો ઘણા વર્ષે પતિ મિલનમાં ઉત્સુક પતિના જ ધ્યાનમાં ભાન ભૂલેલી મને, બંદગી કરતાં પણ આપ ન દેખાયા. જ્યારે ખુદાની બંદગીમાં તત્પર બનેલા આપને મારા જેવી નાચીઝ સ્ત્રી કેમ દેખાઇ ?'' રાજા વિવેકી અને સમજુ હતો તો પોતાની ભૂલનું ભાન થયું અને જાગી ગયો. ભકતના હૈયાની સમર્પણ ભાવની ભકિત કેવી હોય તે જ વિચારવું છે.

સ્વાર્થમય ભકિત કરનારા, ભકતનો ઢોંગ દેખાડો કરનારાને પૂર્વના પુણ્યોદયે કદાચ સંપત્તિ મળે તો પણ સંતાપજનક, સંતતિ મળે તે પણ સંઘર્ષ કરી, જ્ઞાન મળે તે દર્પકર, માન મળે તે વિવેકહર તેનું પુણ્ય ખરૂં પણ માત્ર પાપને જ પુષ્ટિ કરનારૂં આવાને વાસ્તવમાં પુણ્યશાલી પણ કોણ કહે ? તારક ગુર્વાજ્ઞાને જ પ્રાણ-ત્રાણ શ્વાસ-વિશ્વાસ માનનાર આત્માની પુણ્યયોગે મળેલી સામગ્રી પણ મોક્ષને આપનારી બને. જ્ઞાનિઓ કહે છે કે સંયમ ધર્મનું મૂળ પણ વિનય પૂર્વકની ગુરૂ ભકિત છે. ગુરૂભકિતનો અર્થ છે પોતાના હૈયામાં પોતાના ગુરૂને વસાવવા, ગુર્વાજ્ઞાનું પાલન, ગુર્વાજ્ઞા પ્રત્યે વફાદારી - વિશ્વાસ-સમર્પણભાવ કેળવવો. ગુરૂના હૃદયમાં વસવાટ તે તો ઉત્તમ પણ પોતાના હૃદયમાં ગુરૂને વસાવવા તે ય ઉત્તમ. સમર્પણ એટલે પોતાનું વ્યકિતત્વ ઓગાળી ગુરૂમય બનવું. આવા ગુરૂ ભકત જેવો બીજો પુણ્યશાળી પણ કોણ ? આવા સાચા ગુરૂભકત બની ભવ તરીએ તે જ ભાવના.

કમશ :

આત્મ સંવેદના

- સૌ. અનિતા આર. પટણી

■ ભગવાન શ્રી તીર્થંકર પરમાત્માના ચરણકમલ રકત હોય છે. તેનું કારણ રાગ રૂપી સાગર પણ તેમના ચરણોને આધીન થવાનો છે. આ વાત સાંભળ્યા પછી મને વારંવાર એ જ ચિંતા થાય છે કે મારો પણ આ સંસારના પદાર્થોનો - સુખનો રાગ કયારે દૂર થશે ? જે શ્રી તીર્થંકર પરમાત્માના ચરણોકમલની હું પૂજા કરું આ રાગને પાછી આધીન બનું તો મારી પૂજા પણ કેવા ! 'ભલે રાગની સામગ્રીમાં રહી પણ રાગને આધીન તો બનવું જ નથી, મારી બધી આસકિત તૂટે-તેવું બળ હે પ્રભુ ! મને આપજે-' આજ મારી પ્રાર્થના છે.

■ 'આત્મા આરામ' એટલે જ્યાં સુંદર વૃક્ષોને ખીલેલાં ફળ-ફૂલોથી વિકસીત બગીચો હોય તેવો આરામ નહિ. આ શરીર પણ જો આપણું નથી તો બીજી ચીજ-વસ્તુઓની તો વાત જ શી કરવી ? પણ મન જ્યાં ઈષ્ટ કે અનિષ્ટ, ગમતાં કે અણગમતાં પ્રસંગોમાં સમભાવે રહે, આત્માની મુકિતમાં જ લીન બને અને વિષય - કષાયથી રહિત બને તેનું નામ જ આત્મા આરામ કહેવાય- આ વાત સાંભળ્યા પછી શરીરથી હું સંસારમાં હોવા છતાં મનથી તો 'સંયમ કબહી મીલે' ની ભાવનામાં જ રમી રહું છું. મને શરીરના સુખની જરાપણ ચિંતા કે પરવા નથી પણ આત્માનું સુખ કઈ રીતના પામું તે જ ઝંખનામાં છું. પણ એટલી બધી કાયર-પામર-કમનશીબ-કમજોર-શકિતહીન-કાચી હું કે જાણવા છતાં ય દીક્ષાથી દૂર રહું છું. ખરેખર મારું શું થશે ?

■ શુધ્ધમતિ એટલે તદ્‌ભવમુકિતગામી ભવ્ય જીવ, યોગ્યમતિ એટલે આસન્ન - નિકટમાં મુકિતગામી ભવ્ય જીવ, મંદમતિ એટલે દુર્ભવ્ય જીવ અને દુર્મતિ એટલે અભવ્ય જીવ આ પ્રમાણે ચાર પુરૂષોનું વર્ણન સાંભળી હું ચિંતાસાગરમાં ડૂબી છું. મને તો મારો આત્મા ભારેકર્મી ભવ્ય લાગે છે. જાણવા છતાં - સમજવા - અનુભવવા છતાં ય હજી સંસારથી જોઈએ તેવી વિરકિત પણ પેદા થતી નથી. વિરકત ભાવનામાં લીન થવા પ્રયત્ન કરું છું. અને પાછી પડું છું. મારું શું થશે તે જ ચિંતાવાળી છું. ■ ■ ■

રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.

પ્રવચન પાંચમું

(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)

વિક્રમ સં. ૨૦૩૦ના પોષ વદિ દ્વિતીય બારસને રવિવાર તા. ૨૦-૧-૧૯૭૪ના દિવસે બપોરે ૨/૩૦ વાગ્યે મુંબઈ, ભૂલેશ્વર શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયના વ્યાખ્યાન હોલમાં, પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની પુનીત નિશ્રામાં **"ભગવાન શ્રી મહાવીરદેવની ૨૫૦૦મી નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીય સ્તરે થનારી ઉજવણીનો વિરોધ શા માટે ?"** એ વિષયને અનુલક્ષીને એક જાહેરસભા યોજવામાં આવી હતી. જેમાં મુંબઈ અને પરાઓના લગભગ ૧૫૦૦ જેટલા ભાઈ બહેનોએ લાભ લીધેલ. તે સભામાં **પૂજ્યપાદ આચાર્યદેવે** "ભગવાનની ભાવદયા - સવિજીવ કરું શાસનરસીની ભાવના, તીર્થમાં કોને લીધા તે, તથા નિર્વાણ કલ્યાણક અને તેની વર્તમાન રાષ્ટ્રીય ધોરણની ઉજવણીની તૈયારી અને તેનો કાર્યક્રમ વિગેરે મુદ્દાઓને સ્પર્શતુ રોચક - પ્રેરક અને શૂરવીરત્વભર્યું જે પ્રવચન આપેલ તેનુ સારભૂત અવતરણ અહીં આપવામાં આવે છે. જે વાંચીને તે વિષયના જિજ્ઞાસુ અને સત્યગવેષક **જીવોને સાચું** માર્ગદર્શન મલશે. આ અવતરણમાં પૂજ્યપાદશ્રીના આશયથી કે જિનાજ્ઞાથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તેની ક્ષમા માંગી, વાચકો તેને સુધારીને વાંચે એવી અભિલાષા.

-પ્રકાશક

"સવિ જીવ કરું શાસન રસી' ની ઉચ્ચતમ ભાવનાના યોગે શ્રી તીર્થંકર બનેલા શ્રી અરિહંત ભગવંતો પણ શાસનમાં યોગ્ય જીવોને જ લે - માનવમાત્રને નહિ."

"અર્થ અને કામને દરેક શ્રી અરિહંત ભગવંતોએ અનર્થકારી જ કહ્યા છે."

"ભગવાને આખા જગતને સુખી બનાવવા માટે જગતને 'શાસન રસી', બનાવવાની ભાવના કરી હતી - નહિ કે 'સ્વરસી' બનાવવાની."

"ભગવાનના શાસનમાં ભગવાનની આજ્ઞામાં જ ધર્મ રહેલો છે. આજ્ઞા વિરુદ્ધની અહિંસાદિમાં પણ ધર્મ નથી."

"નિર્વાણ કલ્યાણકની ઉજવણી સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર રૂપ નિર્વાણમાર્ગની આરાધનાથી જ થાય, નહિ કે, નિર્વાણમાર્ગ વિરોધી કાર્યોથી."

"સરકારને જો ભગવાન ઉપર બહુમાન પ્રગટ કરવું હોય તો, ઘોર હિંસા વિગેરેને બંધ કરે, અથવા શકય પ્રમાણમાં ઘટાડી આપણી શાસ્ત્રીય ઉજવણીમાં સહાય કરે."

"કોઈની પણ સાથે કોઈપણ સમયે હું ૨૫૦૦ના વિષયમાં વિચારણા કરવા તૈયાર છું. - મહત્ત્વની વાત માત્ર એ જ યાદ રાખવાની કે "વિચારણા શાસ્ત્રદ્રષ્ટિએ કરવાની, લૌકિક દ્રષ્ટિએ નહિ તેમજ સરકારથી ગભરાઈને પણ નહિ."

- પૂ. આચાર્યદેવના પ્રવચનમાંથી

શ્રી અરિહંત દેવોની સાચી ઓળખ

આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર પરમાત્મા, જે અત્યાર સુધીમાં થઈ ગયેલા અનંતા શ્રી તીર્થંકરદેવો પૈકીના એક' છે, એ સઘળાંય અરિહંત ભગવંતોએ સુખી અને દુઃખી એવા આખા જગતને દુઃખી તરીકે જોયું છે. દુઃખી સંસારી જીવો તો દુઃખી છે જ પરંતુ ભૌતિક દ્રષ્ટિએ સુખી જીવો પણ દુઃખી જ છે. રાગ - દ્વેષ આદિથી સંસારના બધા જીવો દુઃખી છે. રાગાદિનું દુઃખ ભયંકર છે એનો તમને અનુભવ છે ? સમ્યક્ત્વ પામવાના ભવથી સઘળા શ્રી અરિહંત પરમાત્માના આત્માઓ આખા જગતના જીવોની ભાવદયા ચિંતવતા

ચિંતવતા હોલ્લા ભવમાં આવે છે. એ પરમતારકોનું સમકિત વરબોધિ કહેવાય છે. એ પરમતારકોને જેટલી પોતાના આત્માની ભાવદયા હોય છે તેટલી જ આખા જગતના જીવોની ભાવદયા હોય છે. જગતના બધા જીવો સુખના અર્થી છે, માટે બધાને હું સુખી બનાવું અને એ માટે ભગવાનના શાસનના રસીયા બનાવું આવો ભાવદયાનો પરિણામ શ્રી અરિહંત પરમાત્માના જીવોનો સમ્યગ્દર્શન પામ્યા ત્યારથી વધતો રહે છે, અને અંતિમ ભવના પૂર્વના ત્રીજા ભવે પરાકાષ્ઠાએ પહોંચે છે. એના પરિણામે તો ભવમાં તીર્થંકર નામ કર્મ નિકાચિત કહે છે. અને છેલ્લા ભવમાં તીર્થંકર બને છે. જ્યાં સુધી સંસારી જીવો, અનંતજ્ઞાનીઓએ અનાદિ કાળથી સ્થાપેલા મોક્ષમાર્ગને પામે નહિ, ત્યાં સુધી તે જીવોને આત્મિકસુખની ઝાંખી થાય નહિ. જગતના સઘળા જીવો સુખી થાય એ ઈચ્છાય ખરું, પરંતુ જગતના સઘળા જીવોને સુખી બનાવી દેવાય એ શક્ય નથી. આપણે કોઈના પણ દુઃખમાં નિમિત્ત ન બનીએ એ બની શકે પરંતુ આપણે બધાના દુઃખ દૂર કરીએ અને બધાને સુખી કરીએ એવી આપણી કોઈની તાકાત નથી.

જે લોકોને શ્રી અરિહંત પરમાત્માઓની સાચી ઓળખ થાય તેઓને જ શ્રી અરિહંત પરમાત્માઓની સાચી ભક્તિ કરવાનું મન થાય. જગતના બધા જીવો ''શ્રી અરિહંત ભગવંતને ઓળખે - એમના પ્રરૂપેલા મોક્ષમાર્ગને પામે'' એવો સામાન્ય ભાવ તો દરેક સમકિતી જીવોમાં આંશિકરૂપે પણ હોય છે. ''ભગવાનનું નામ બધા જાણે- ભગવાનનો માર્ગ જગતમાં વહેતો થાય'' એવું કોઈ સમકિતીને ન ગમે એવું બને ? સમકિતી જીવની અને સમકિત પામવાના અર્થી જીવની ખરેખર અવસ્થા જ કોઈ જુદી કોટીની હોય છે અને બીજા જીવોની અવસ્થા જુદી કોટીની હોય છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો જગતને સંદેશ :

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર ભગવંતનો આખા જગતને આપેલો સંદેશ શું છે તે તમારે જાણવો છે ?

જગતના જીવો જે અર્થ - કામમાં સુખ માને છે, એ અર્થ - કામમાં સુખ માનવું એ આત્માની દ્રષ્ટિનો વિકાસ નથી, દ્રષ્ટિનો અંધાપો છે. ''જગતનું માનીતું સુખ કામ છે અને અર્થ એ કામનું સાધન છે.'' એ વાત જગત સમજે છે. આ વાતમાં જગતને સમજાવવું પડે તેમ નથી. પરંતુ જગતની આ માન્યતા સાચી નથી, ખોટી છે એ વાત તમારા મગજમાં બેસી જવી જોઈએ. અર્થ અને કામને દરેક શ્રી અરિહંત પરમાત્માઓએ અનર્થકારી કહ્યા છે. સુખ અને સુખના સાધનોની જરૂર લાગી ત્યારથી જ દુઃખની શરૂઆત થઈ જાય છે કારણ કે સુખ અને અર્થ એનું સાધન, એને મેળવવા - ભોગવવા - સાચવવામાં દુઃખ છે અને એ ચાલી ન જાય તે રીતે રક્ષણ કરવામાં પણ દુઃખ છે. એ ચાલી જાય તો પણ દુઃખ છે અને એને છોડીને જવું પડે એ પણ દુઃખ છે. તમે બધા સંસારના અનુભવી છો ને ? તો તમને સંસારમાં સુખનો વધારે અનુભવ છે કે દુઃખનો ? દુઃખનો જ. પરંતુ સંસાર રસિક જીવની અવસ્થા એવી હોય છે કે- તે જીવને સુખ અને સુખના સાધન માટેની મહેનતમાં દુઃખ નથી લાગતું. સંસાર રસિક જીવો ''મને સંસારમાં દુઃખ છે.'' એ ફરિયાદ નથી કરતા, અને ''મને સંસારમાં દુઃખ છે'' એવી કબૂલાત પણ નથી કરતા. આવી અવસ્થાના કારણે જ તેઓને મોક્ષની ઈચ્છા થતી નથી અને મોક્ષની ઈચ્છા નથી થતી માટે જ સાચા ધર્મની તેઓને જરૂર નથી લાગતી અને એ કારણે જ એવા જીવો ધર્મ મેળવવા માટે મહેનત નથી કરતા.

જેને મોક્ષમાં જવું હોય તે ધર્મ માટે ઉદ્યમ કરે :

આજે મારે તમને એક મોટો ઉદ્યમ કરવાની વાત કહેવી છે. એ ઉદ્યમ કર્મની નિર્જરા કરાવનારો છે, સાથે પુન્ય બંધાવનાર પણ છે જ. એમાં ગુણસ્થાનક પ્રત્યેની જે પાપ બંધ થાય તે પણ માલ વગરનો હોય. જેને મોક્ષની જરૂર હોય અને તે મોક્ષ માટે ધર્મની જરૂર હોય, તે આ ઉદ્યમ કરશે. તમારો અર્થ-કામ મેળવવા માટેનો ઉદ્યમ કેટલો અને ધર્મ માટેનો ઉદ્યમ કેટલો ? ટકાવારીમાં વધુ ટકા કોને ફાળે આવે ? મોક્ષની અને મોક્ષ માટે ધર્મની જરૂરવાળો જીવ, સંસારમાં રહેવું પડયું હોય, ને સંસારની પ્રવૃત્તિ કરતો હોય, છતાં પણ તે જીવ તે સંસારની પ્રવૃત્તિ વચ્ચે પણ ધર્મ મેળવવાની - સાચવવાની અને ધર્મમાં આગળ વધવાની મહેનત કરે જ આવા જીવને મારી આજની વાત ગમે તેવી છે. ''અર્થ અને કામને જરૂર માનનારા જીવો અનંતો કાળ સંસારમાં ભટકયા, હું પણ એવો હતો ત્યાં સુધી ભટકયો, હવે મારે સંસારમાં નથી ભટકવું.'' આવુ માનનારા જીવે શ્રી અરિહંત પરમાત્માને ઓળખ્યા કહેવાય. શ્રી અરિહંત પરમાત્મા

પોતે દીધા યોગ્ય જીવોને મોક્ષમાં નથી મોકલતા, પરંતુ એમનો જે સિદ્ધાંતો છે તેનો તેમની આજ્ઞા મુજબ અમલ કરવાથી યોગ્ય જીવોને મોક્ષ પ્રાપ્ત થાય છે.

૨૫૦૦ની ઉજવણી પાછળ શું છે ?

આજે કયો ધર્મ ઉંચો છે, અને વિશ્વધર્મ બની શકે તેવો છે, તેની વાતો ચાલે છે. તેમાં આજના બુદ્ધિજીવીઓનો એ અભિપ્રાય છે કે જે ધર્મને ઘણા લોકો માને છે જ ધર્મ ઉંચો અને તે ધર્મ વિશ્વ ધર્મ. આ વાત મનાવવા પ્રચારવા માટે તો ઘણી યોજનાઓ ઘડાઈ ચૂકી છે, ઘડાઈ રહી છે અને એના એક ફાંટા રૂપે આ ૨૫૦૦ની વાત ઉભી થઈ છે. આજની સરકારને ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પ્રત્યે કંઈ હૈયામાં હેત નથી ઉભરાઈ ગયું. નિર્વાણ પ્રાપ્તિ અને આત્મકલ્યાણ આદિથી વિપરીત એવા હેતુઓથી ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું નામ લેવાઈ રહ્યું છે. માટે આપણો વિરોધ છે. ''સવિ જીવ કરું શાસન રસી'' આવી ઉચ્ચત્તમ ભાવના પરાકાષ્ઠાએ પહોંચી ત્યારે શ્રી અરિહંત પરમાત્માના જીવો શ્રી અરિહંત પરમાત્મા બન્યા અને આવી ઉચ્ચત્તમ ભાવનાના સ્વામી એવા શ્રી અરિહંત ભગવંતોના સેવક આપણે. તો આપણને તે શ્રી અરિહંત ભગવંતોનું નામ જગતમાં ગાજતું થતું હોય તો ખરાબ લાગે ? કે- સૌથી વધુ આનંદ હોય ? શું આખુ જગત જૈન બને, શ્રી જિનેશ્વર ભગવાન અને શ્રી જિનેશ્વર ભગવંતોના સિદ્ધાંતોને ઓળખતું બને તેમાં આપણે રાજી નહિ ? રાજી જ હોઈએ. પરંતુ બધા જીવોને ભગવાન અને ભગવાનના સિદ્ધાંતો ભગવાનના શાસનની રીત મુજબ ઓળખાવાય તો જ આપણે રાજી બનીએ, એમાં આપણી બુદ્ધિની રીત ન ચાલે.

નિર્વાણ કલ્યાણકની ઉજવણી નિર્વાણ માર્ગની આરાધનાથી જ થાય :

શ્રી અરિહંત પરમાત્માના આત્માએ આખા જગતને ''શાસન રસી'' બનાવવાની. ભાવના કરી હતી, નહિ કે ''સ્વ રસી'' બનાવાની. દુઃખી જગતને સુખી બનાવવાનો ઉપાય એજ છે કે જગતને શ્રી વીતરાગ પરમાત્માના શાસનનું રસિક બનાવવું. શ્રી અરિહંત પરમાત્માઓ પોતાના સ્વતંત્ર માર્ગે ચાલ્યા નથી પરંતુ અનંતા શ્રી અરિહંત ભગવંતોએ પ્રરૂપેલા માર્ગે જ ચાલ્યા છે. ભગવાનની દીક્ષાના અવસરે કુલમહત્તરા વિગેરેએ ભગવાનને જે આશીર્વાદ આપ્યા તેમાં પણ એમ જ કહ્યું છે કે- ''હે વત્સ ! અનંતા શ્રી તીર્થંકર ભગવંતો જે માર્ગ આરાધીને મુક્તિ પામ્યા તે જ માર્ગ આરાધીને તું પણ મુક્તિ સાધજે.'' સર્વ શ્રી અરિહંત ભગવંતોએ શ્રી અરિહંત ભગવંતનો જ માર્ગ સ્થાપવાની અને જગતને એ માર્ગ આપવાની મહેનત કરી છે. તો પછી આપણે ભગવાનનો ઉત્સવ ઉજવવો હોય તો તેમાં આપણી રીત ચાલે ? જમાનાની રીત ચાલે ? કે- શ્રી અરિહંત પરમાત્માના માર્ગની રીત જોઈએ ? આપણે શ્રી અરિહંત ભગવંતના માર્ગની રીત ન સમજતા હોઈએ તો સમજવા મહેનત કરવી જોઈએ. કોઈપણ ધર્માનુષ્ઠાન શ્રી અરિહંત ભગવંતે ફરમાવેલ વિધિ મુજબ ન કરીએ, આપણને ફાવે તેમ કરીએ, તો તે ધર્માનુષ્ઠાન હકીકતમાં ધર્માનુષ્ઠાન જ ન રહે; એ ધર્માનુષ્ઠાન કરતા છતાં આપણા હાથમાં ધર્મ ન આવે. અમે સાધુઓ પણ પાંચ મહાવ્રત બરાબર પાળતા હોઈએ, સમિતિ આદિનું પાલન પણ બરાબર કરતા હોઈએ, છતાં જો અમે ઉત્સૂત્રભાષણ કરતાં હોઈએ તો અમારામાં સાધુપણું જ ન રહે અને વધુમાં અમને મહાપાપનો બંધ થાય. માટે તમારાથી કે અમારાથી આપણી રીત મુજબ ન વર્તાય, પરંતુ શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ જ વર્તાય. એ રીતે વર્તવા માટે શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાઓ સમજવી પડે. શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા સમજ્યા વિનાના લોકો ભગવાન શ્રી મહાવીરદેવનું નિર્વાણ કલ્યાણક શું ઉજવવાના હતા ? 'કલ્યાણક' શબ્દ તો હું કહું છું. કહેવાતા ઉજવણીકારો કયાં 'કલ્યાણક' શબ્દનો પ્રયોગ કરે છે ? અને એ લોકો ''નિર્વાણ'' નો અર્થ મોક્ષ એ પણ માનવા કયાં તૈયાર છે ? નિર્વાણનો અર્થ મોક્ષ અને તે મોક્ષરૂપ કલ્યાણક તે નિર્વાણ કલ્યાણક અને તેનો આ મહોત્સવ.

તો ભગવાનના નિર્વાણ કલ્યાણક મહોત્સવમાં શું થાય ? નેશનલ પાર્ક - પાણીની ટાંકી વિગેરે થાય કે જેનાથી નિર્વાણ - મોક્ષની પ્રાપ્તિ શીઘ્ર થાય તેવા સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારીત્રની આરાધના થાય ?

એ લોકો તો નિર્વાણનો જે મરણ અર્થ છે તેનો આશ્રય લઈને તેનો મહોત્સવ ઉજવવા માંગે છે. સરકારે ગાંધીજી અને બુદ્ધ આદિની જન્મતિથિ ઉજવી તો પછી ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો નિર્વાણ દિન કેમ લીધો ? આમાં પણ ઘણું સમજવા જેવું છે. **ક્રમશ :**

આજના અફઘાનિસ્તાન અને કાલના ગાંધાર તથા આર્યાનામાં સમાયેલ ભારતીય સંસ્કૃતિ

બુધ્ધની પ્રતિમાઓનો વિદ્વંસ કરીને તાલિબાનો પોતાની ધરોહરને જ નાશ કરી રહ્યા છે શું ?

એક બાજુ ! બકરી ઈદ પહેલા મક્કામાં પવિત્ર કાબાની મસ્જિદમાં લાખો હાજીઓએ જુમ્માની નમાઝ અદા કરી, બીજી બાજુ રાજ્યસભામાં માજી કેન્દ્રિય પ્રધાન ઈંડુઆરડો ફેલેરીઓ.... ''અફઘાનિસ્તાનમાં તાલીબાન અને ભારતમાં સંઘ પરિવાર એક જ સિક્કાની બે બાજુ છે....'' એવું કહી રહ્યા હતા અને ત્રીજી બાજુ મુંબઈ અને દિલ્હીમાં ભાજપના કાર્યકરો તાલીબાનોએ અફઘાનિસ્તાનમાં બૌધ્ધ પ્રતિમાઓને ગોળાબારૂદથી ઉડાડી દેવા માંડી એના વિરોધમાં અફઘાનિસ્તાનનાં તાલીબાનના મુલ્લા ઉમરનું પૂતળું બાળી રહ્યા હતા ત્યારે અફઘાનિસ્તાનના તાલીબાન જાતિના મુસલમાનો અફઘાનિસ્તાનમાં જંગલીપણાની હદ વટાવીને પૈગંમ્બરે શીખવેલા સહિષ્ણુતા અને સમભાવના પાઠોના ચીંથરા ઉડાડી રહ્યા હતા.

દુનિયા ૧૦મી સદીથી ૧૯મી સદી સુધીના ૯૦૦ - ૧૦૦૦ વર્ષો મુસ્લીમો દ્વારા મુર્તિઓની તોડફોડની સાક્ષી રહી છે. એ પહેલાં હજારો વર્ષ અગાઉથી અફઘાનિસ્તાનની પ્રજાની મૂક સાક્ષી આ પ્રતિમાઓ હતી.

અફઘાનિસ્તાન અત્યારે ભલે મુસ્લીમધર્મી દેશ હોય પરંતુ જેમ તાઝીકસ્તાન, પાકીસ્તાન, શ્રીલંકા, બ્રહ્મદેશ વગેરે અનેક દેશો સદીઓ પહેલાં ભારતીય સંસ્કૃતિના.. ભારત સાથે સંલગ્ન દેશો હતા એમ અફઘાનિસ્તાન પણ એવો એક દેશ ભારતના જ ભાગરૂપે હતો. એ ૧૭૪૭ ઈ. સ.માં અહમદશાહ દુરાનીના કબજામાં ન આવ્યો એ પહેલાં ''આર્યાના'' નામે ઓળખાતો હતો અને આજે પણ અફઘાનિસ્તાનની એરલાઈન્સનું નામ ''આર્યાના' છે. (જેમ ઈંડોનેશિયાની એરલાઈન્સનું નામ ''ગરુડ'' છે અથવા જર્મનીની એરલાઈન્સનું નામ ''લુફતાન્સા'' એટલે કે ''હંસ'' છે એમ અફઘાનીઓ મૂળ આર્ય એટલે કે ભારતીય હોવાનું ગૌરવ લેવા ''આર્યાના'' નામ રાખ્યું) (જો કે આ ''આર્યાના'' એરલાઈન્સ ઉપર યુનોએ તાલિબાનના આતંકવાદ સામે મૂકેલા કેટલાક આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોની નીચે ''આર્યાના'' ના વિમાનોને પણ વિદેશોમ ઉડાડવા સામે પ્રતિબંધ મૂકેલો છે.)

''આર્યાના'' પહેલાં અફઘાનિસ્તાન ગાંધાર તરીકે ઈ. સ. પૂર્વેના અને મહાભારતકાળથી (અંગ્રેજો અને એમના માનસગુલામ જેવા આપણા ઈતિહાસકારો ઈસુના જન્મથી વધુ દૂર લઈ જવું નહી એવા દુષ્ટ ઈરાદથી મહાભારતકાળને ૪ થી ૫ હજાર વર્ષ સુધીનો જ ઠોકી બેસાડે છે પરંતુ હવેના તટસ્થ તથા મૌલિક ઈતિહાસકારો અને સંશોધકો મહાભારતકાળને ૪૦ થી ૫૦ હજાર વર્ષ જૂનો હોવાનું પુરવાર કરે છે.) એટલે લગભગ ૫૦ હજાર વર્ષથી ગાંધાર તરીકે ઓળખાતો હતો. આપણા મહાભારતના કૌરવોના પિતા તથા પાંડવોના કાકા ધૃતરાષ્ટ્રના પત્ની અને કૌરવોના માતા ગાંધારી ગાંધારના જ હતા અને એ ગાંધાર એટલે આજનું આ અફઘાનિસ્તાન. (કૌરવો અને એના મામા શકુનિ ગમે તેવા ભલે પાક્યા પરંતુ ગાંધારી એવી પતિવ્રતા પત્ની હતી કે ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી એણે પણ જીવનભર આંખો પર પાટા બાંધેલ.)

આપણો આખો દેશ ભારતીય સંસ્કૃતિ સાથે સંલગ્ન હોવા છતાં જેમ એના દરેકે દરેક પ્રદેશની આગવી વિશિષ્ટતા હોય છે એમ આ ગાંધારની પણ આગવી વિશિષ્ટતા રહેલી. ગાંધારની કલા પણ એ રીતે વિકસેલી.

બૌધ્ધ ધર્મ ભારતમાંથી ચારેબાજુ ફેલાયો એમ ગાંધાર (અફઘાનિસ્તાન) માં પણ ફેલાયેલો. એમાં બૌધ્ધધર્મની મહાપાન શાખાની અસર ગાંધાર ઉપર વિશેષ હતી. અફઘાનિસ્તાનભરમાં જે અનેક બૌધ્ધ પ્રતિમાઓ થઈ એનું કારણ આ. એ બૌધ્ધકાળમાં અને એના પૂર્વકાળમાં તથા પછી પણ વિશ્વભરના વિદ્યાર્થીઓ માટે દુનિયામાં જે એકમાત્ર સ્થળ હતું એ ભારત હતું અને ભારતમાં જ વિદ્યાપીઠો હતી એમાંની એક નાલંદા બિહારમાં હતી, વલ્લભી ગુજરાતમાં હતી અને તક્ષશિલા ગાંધારને અડીને પૂર્વ દિશામાં હતી.

એ જમાનામાં ભારત અને ચીન મહત્ત્વના દેશો હતા. (આજે પણ છે) આ દેશ વચ્ચેના વેપાર અને વહેવાર માટે જ ''હાઈવે'' હતો એ ''સિલ્ક રૂટ'' તરીકે ઓળખાતો. આજે પણ એ માર્ગ છે અને આજે પણ ચીન એ માર્ગે તીબેટ, પાકિસ્તાન, નેપાળ સાથે સંબંધ રાખે છે.

એ ''સિલ્ક રૂટ'' ઉપર ગાંધાર એક મહત્ત્વનું સ્થળ હતું. ચીન જતા રસ્તામાં આવતાં આજે જે અઝરબેજાન, તાઝકિસ્તાન, વગેરે મુસ્લીમ નામે ઓળખાય છે એ દેશો ત્યારે પણ હતા અને ભારતથી નીકળેલો બૌધ્ધ ધર્મ ચીન - જાપાન સુધી પહોંચ્યો ત્યારે રસ્તામાં આવતા એ બધા દેશોને બૌધ્ધ ધર્મમાં ઝબળોતો ગયો હતો. કારાકોરમ, હિન્દુકુશ, પામીર, વગેરે હિમાલયની પાછળના પ્રદેશો અને પર્વતમાળાઓ આ ''રૂટ'' પર છે. (ડીસ્કવરી ચેનલ ઉપર આ ''સિલ્ક રૂટ'' અને એની ઉપરના દેશો તથા પ્રજા વિશે અવારનવાર માહિતીની શ્રેણી અપાય છે.)

અંગ્રેજો ગોઠવીને આપણા મગજમાં ઘુસાડયા પ્રમાણે ૨૫૦૦ વર્ષ પહેલાં (એટલે કે, ઈસુના પહેલાં ૫૦૦-૬૦૦ વર્ષ જ થાય... હીકકતમાં ઈસુ પહેલાં ૧૦ હજાર કે ૨૦ હજાર વર્ષ પહેલાં પણ હોય શકે છે.) મહાવીર અને બૌધ્ધ થઈ ગયા. બૌધ્ધનો જન્મ કપિલવસ્તુ (લુમ્બિની)માં થયેલો. એમના શિષ્યો અને અનુયાયીઓએ બૌધ્ધ ધર્મને ભારતના ખૂણે ખૂણામાં પહોંચાડી દીધેલો. (દા. ત. તળાજાના ડુંગરમાં પણ બૌધ્ધ ગુફા છે તો સાત ટાપુના બનેલા મુંબઈ નજીકના એક ટાપુ એલિફન્ટામાં પણ બૌધ્ધ ગુફાઓ છે અને અજંતા-ઈલોરાની ગુફાઓ તો મધ્ય મહારાષ્ટ્રમાંની જાણીતી છે જ) શંકરાચાર્યે આ બૌધ્ધોના ફેલાવાને અટકાવવા ઘણી મહેનત કરેલી. અહિંસા, પ્રેમ, બંધુત્વ વગેરે જેવા બૌધ્ધધર્મના સિધ્ધાંતોએ બૌધ્ધ ધર્મને લોકપ્રિય બનાવ્યો અને ઈસુના જન્મ પહેલાં ૨૦૦-૩૦૦ વર્ષ અગાઉ ભારતના રાજવીઓ બૌધ્ધ ધર્મ અંગિકાર કરવા લાગ્યા. એમાં ૨૭૨ વર્ષ ઈસુની પહેલાંના વખતમાં સમ્રાટ અશોક નામનો જે રાજા થઈ ગયો એણે અહિંસાનો સંદેશો વિશ્વભરમાં ફેલાવવા બૌધ્ધ સાધુઓ દ્વારા અભિયાનો ચલાવેલા. એ સાધુઓમાં એનો પુત્ર કુણાલ અને પુત્રી સંઘમિત્રા પણ બૌધ્ધ સાધુ થઈ ગએલા. શંકરાચાર્યે એ જમાનામાં પગે ચાલીને જેમ ભારતની ચારેય દિશામાં મઠો સ્થાપીને હિન્દુધર્મને ઉંડો ઉતારેલો એમ બૌધ્ધોએ પણ પગપાળા પગપાળા જ બૌધ્ધ ધર્મને લગભગ એશિયાભરમાં તલવાર વાપર્યા વિના કે હિંસા આચર્યા વિના માત્ર પ્રેમ અને કેવળ પ્રેમના બળે પહોંચાડેલો. કમ્બોડિયા, જાપાન, જાવા, સુમાત્રા, ચીન, શ્રીલંકા, મંગોલિયા, અફઘાનિસ્તાન, કોરિયા, રશિયા કેટ વગેરે દેશ સુધી એ ફેલાયો.

બૌધ્ધ સાધુઓ સાથે એ એ દેશ-પ્રદેશમાં ભારતના વેપારીઓ, કારીગરો, શિક્ષકો, વગેરે પણ ગએલા. એમણે એ બધા દેશોમાં મહત્ત્વના સ્થળો ઉપર બૌધ્ધ મઠો, બૌધ્ધની પ્રતિમાઓ તથા સમ્રાટ અશોકના સંદેશારૂપ શિલાલેખો સ્થાપેલા.

એ વર્ષોમાં આપણા દેશ ઉપર પરદેશીઓના આક્રમણો તો થતા જ રહેલા. એમાં મુસ્લીમો અને અંગ્રેજો તો ઘણાં ઘણાં મોડા આવેલા પરંતુ એ પહેલા હુણો, શકો, કુશાન વગેરે વંશો હતા. આ વંશો આક્રમણકારો તરીકે ભારત ઉપર આ જ અફઘાનિસ્તાન અને ખૈબરઘાટના રસ્તે ઉતરી આવેલા. પરંતુ ભારતીય સંસ્કૃતિની વિશાળતા અને પરકીયોને આત્મસાત કરવાની શકિત એવી હતી કે એ હુણો, શકો વગેરે પરકીયો વિશાળ વ્યાપક હિન્દુ સમાજમાં કયાં સમાઈ ગયા એ કોઈ કળી શકયું નહીં ! કુશાન વંશનું પણ એવું જ થયું એશિયામાંથી આવેલા. મધ્યએશિયાની અને આરબ રણની ઘૂમતી, ફરતી, રખડતી જ તોની જેમ કુશાનો પણ રખડતી જાતિ હતા. ભારત ઉપર આક્રમણ કરીને કુશાનોએ વ્યવસ્થિત રાજ્ય કર્યું. એ પહેલાં કુશાનોના નેતા (રાજા) કદસીસેસે હિન્દુકુશ પર્વતમાળા, ગાંધાર અને સિંધ પ્રદેશમાં સામ્રાજ્ય ફેલાવેલું. આ કુશાન વંશના વંશજો ભારતીય (હિન્દુ) સંસ્કૃતિ અને સમાજમાં એટલા બધા સમાઈ ગયા કે એમણે બૌધ્ધ ધર્મને પણ ફેલાવવામાં ભાગ ભજવ્યો. એમની સ્થાપત્યકલા એમણે મથુરા, સારનાથ, વારાણસી, અમરાવતી વગેરેમાં પાથરી નહીં પરંતુ ગાંધારમાં (અફઘાનિસ્તાન) પણ એમણે સ્થાપત્યોની જાણે હારમાળા રચી. કુશાનોએ સોનાના, રૂપાના સિક્કા પણ ચલણમાં મૂકેલા. બુધ્ધોની મહાયાન શાખાને કુશાનોએ જ ઈરાન, ગાંધાર, ચીન સુધી પહોંચાડેલી. કુશાનોએ હિન્દુ ધર્મ પણ અપનાવી લીધેલો (કુશાનોના એક રાજાનું નામ વાસુદેવ હતું એ ઉપરથી આમ કહી શકાય.)

ભારતના મોટાભાગના મુસ્લીમોના પૂર્વજો જેમ હિન્દુઓ છે અને પાકિસ્તાન આજે પોતાના ઈતિહાસ અને પરંપરાને મોહનજોદરો અને હરપ્પાની સંસ્કૃતિ સાથે જોડે છે તેમ અફઘાનિસ્તાનના આજના મુસ્લીમોના મૂળ ત્યાં સેંકડો વર્ષ પહેલાં જીવી ગએલા બૌધ્ધો અને શિવપંથીઓ એટલે કે ટૂંકમાં હિન્દુઓમાં રહેલા છે.

અફઘાનિસ્તાનમાં બૌધ્ધોનું મહત્ત્વ વધ્યું એ પહેલાં હિન્દુ... શૈવ... નું મહત્ત્વ હતું કારણકે ત્યાંના કાબુલ, કંદહાર, બુખારા, બામિયાં, જલાલાબાદ જેવા આજના નામવાળા શહેરોમાં સંખ્યાબંધ હિન્દુ મંદિરો, બૌધ્ધ વિહારો અને ઓછા પ્રમાણમાં જૈન દેરાસરો પણ મળી આવે છે. આ શહેરો વેપારી મથકો હતા એ સાથે તીર્થસ્થાનો પણ હતા. જલાલાબાદમાંના શિવાલયો તો

વખણાતા રહ્યા છે. તરબેઝથી બલખ સુધી આજે પણ મંદિરોના અવશેષો જોઈ શકાય છે. કુશાનવંશી કનિષ્ક રાજાના સિક્કા પણ ત્યાંથી મળે છે. એ સિક્કા ઉપર બુધ્ધ, શંકરના ચિત્રો ઉપરાંત ''મહેશ્વર'' શબ્દ પણ હોય છે.

અફઘાનિસ્તાન તો આપણું જ હજી ગઈકાલ સુધી ગણાતું હતું. દા.ત. ત્યાંના રાજા ઝહિરના નાણાપ્રધાન નિરંજનદાસ છિબ્બર નામના હતા. અને ૧૯૫૪ સુધી હોળીનો ઉત્સવ પણ ઉજવવામાં આવતો હતો. એ તો ઠીક, ૧૯૭૮ સુધી ત્યાં મહાશિવરાત્રીઓનો પણ ઉત્સવ ઉજવાતો હતો !

આ સંદર્ભમાં, અફઘાનિસ્તાનમાં તાલીબોનોએ જે કંઈ વિધ્વંસ કર્યો છે એ જંગલિયાતભર્યો જ ફકત નથી પરંતુ પોતાની ધરોહરને, પોતાની પરંપરાને, પોતાના ઈતિહાસને જ નાબુદ કરનાર આત્મઘાતી કૃત્ય છે.

માણસ ધર્મ બદલે એ સમજી શકાય પરંતુ માણસ ધર્મ બદલવા સાથે પોતાના બાપદાદાઓને પણ બદલી નાંખે અથવા પોતાના બાપદાદાઓ સાથેની નાળને પણ કાપી નાંખે એ માણસને એ જાતિને શું કહેવું ?

- આશ્લેષ શાહ
(ગુ. સ. માંથી સાભાર)

બોધકથા

તત્વદ્રષ્ટિ કેળવો

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

આજે ભણતર વધ્યું છે પણ ગણતર ! વસ્તુના પરમાર્થને પામનારા - પચાવનારા બહુ જ વિરલ જીવો છે. અન્યદર્શનનો પ્રસિદ્ધ પ્રસંગ ખૂબ જ પ્રેરક છે.

શ્રમજીવી અને સંતોષી એક યુગલ હતું. તાત્વિક દ્રષ્ટિને પામેલ નર-નારીને મન સંસાર એ ભોગનો અખાડો નહિ પણ ત્યાગનો બગીચો હોય છે. તે નરે કર્મ અને ધર્મનો મર્મ સમજાવ્યો નારીને નારાયણી બનાવેલી જ્યારે નારીએ સેવા અને ભક્તિના પાઠથી નરને નારાયણ બનાવેલ. નર અને નારી જો તત્ત્વ સમજી જાય તો જીવન કેવું અદ્‌ભૂત બની જાય તમને ત્યાગ - સમર્પણ ગમે પણ ભોગ કે આકર્ષણ ન ગમે.

એક વાર બન્ને પ્રવાસે નીકળેલા તેમાં પુરૂષ થોડો આગળ હતો અને સ્ત્રી જરા પાછળ હતી તો રસ્તામાં તે પુરૂષે સોનાનો હાર જોયો. 'માયા દેખી મુનિવર ચળે' તેમ આ હાર જોઈ સ્ત્રીનું મન ચલાયમાન ન થાય માટે રસ્તા પર બેઠી તેના પર ધૂળ ઢાંકી. નારીની ચકોર આંખે આ દ્રશ્ય જોઈ લીધું. ત્યાગ - સમર્પણ - સહનશીલતાની મૂર્તિ એવી સ્ત્રીને સાક્ષાત્ દેવી અમથી નથી કહી ! તત્ત્વજ્ઞા અને ધર્મજ્ઞા સતી સ્ત્રીઓને પ્રાતઃ કાલે યાદ કરાય જ છે ને ! રસ્તામાં વિસામા સ્થળે બન્ને ભેગા થયા ત્યારે સ્ત્રીએ સહજતાથી પૂછયું કે - નીચે બેઠી શું કરતા હતા ? ત્યારે ભરથારે જવાબ આપ્યો કે- ''રસ્તામાં સોનાનો હાર હતો તે જોઈ તારું મન ન ચળે માટે ધૂળ ઢાંકતો હતો.'' ત્યારે નારાયણી નારીએ મલકાતા મુખે કહ્યું કે- ''પરધન હજુ પણ તમને સુવર્ણ લાગે છે ? એમ કહો કે ધૂળ પર ધૂળ ઢાંકતો હતો'' વાચક વર્યો સમજી ગયાને કે પુદ્‌ગલ દ્રષ્ટિ અને તાત્વિક દ્રષ્ટિમાં શો ફેર છે ? એક મોહની જન્મદાત્રી છે અને એક સમ્યક્ જ્ઞાનની જન્મદાત્રી છે. કઈ મેળવવી તે આપણા મન પર છે. વિચારજો.

दिगंबरोंकी तीर्थ अपवित्र करनेकी चेष्टा

दिगम्बर नेतृत्वने श्री सम्मेत शिखर जी तीर्थ पर चोपडा कुण्ड प्रकरण में कदम-कदम पर सरकार व न्यायालय के आदेश का उल्लंघन किया है। उपरोक्त निषेधाज्ञा के उपरान्त भी वे यात्रियों को चोपड़ा कुण्ड व डाक-बंगले पर रहने के लिए प्रेरित कर रहे हैं। आज से वर्षों पूर्व न्यायालय में दायर एक वाद में तब के दिगम्बर नेतृत्व ने श्वेताम्बरों द्वारा नियुक्त सुरक्षाकर्मी के लिए अपना एतराज उठाया था और यह कहा था कि उस सुरक्षाकर्मी के वहां निवास करने से व मल-मूत्र त्यागने से पवित्र पहाड़ की पवित्रता नष्ट होती है। इसके ठीक विपरीत आज का वही दिगम्बर नेतृत्व यात्रियों को पहाड पर आकर रात बिताने व रहने के लिए प्रेरित कर रहा है, तब उन यात्रियों के मल-मूत्र त्यागने से पहाड़ की पवित्रता नष्ट नहीं होती ! (?) ! उन्हीं यात्रियों का मल-मूत्र नालों में बहकर स्थानीय लोगों के पीने के पानी को गंदा करता है, जो कि एक निन्दनीय कृत्य है। तब के दिगम्बर नेतृत्व की सोच व आज के दिगम्बर नेतृत्व की सोच में अंतर का यह कारण कहीं यह तो नहीं कि आज का दिगम्बर नेतृत्व धर्मभीरु व्यक्तियों के हाथों में न होकर मात्र नाम व पद लोलुप व्यक्तियों के हाथों में है, जो धर्म के मर्म को नहीं समझते ?

- संपादक
(नमो तित्थस्स - जान्युआरी - २००१)

દિલ્લી ભારતની રાજધાનીમાં ચાતુર્માસ અને કાર્યક્રમો

વિ.સં. ૨૦૫૬ અષાઢ સુદ ૧ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ, લાંબી પાગ સામૈયામાં આવેલ. અષાઢ સુદ ૧૪ દિ. ૧૩-૭-૨૦૦૦ ને શા. કન્હૈયાલાલજી નેમિચંદજી બુરડ તરફથી પ્રભાવના થયેલ. આજે આચારાંગસૂત્ર અને રામાયણ વહોરાવાની બોલીયો થયેલ તેનો લાભ નીચે મુજબ લીધેલ.

આચારાંગ સૂત્ર વહોરાવાનો- શા. તારાચંદજી પૂનમચંદજી પૂનમીયા

જૈન રામાયણ વહોરાવાનો- શા. માણીલાલજી રમેશકુમારજી બાફના

અષ્ટપ્રકારીપૂજા- શા. ભંવરલાલજી કટારીયા પાલીવાલા

પહેલી વાસક્ષેપપૂજા- પોલુમલજી કેવલચંદજી નાહર

બીજી વાસક્ષેપ પૂજા- દુકળ કવલજી પાલાવત

ત્રીજી વાસક્ષેપ પૂજા-નાનકચંદજી દેવલચંદજી જશવંત

ચોથી વાસક્ષેપ પૂજા- કેશરદેવી કપૂરચંદજી ઢઢ્ઢા

પાંચમી વાસક્ષેપ પૂજા- ચંપાલાલજી જ્ઞાનચંદજી બોથરા

ગુરૂપૂજન - ચંપાલાલજી જ્ઞાનચંદજી બોથરા

અષાઢ વદ ૭ દિ. ૨૩-૭-૨૦૦૦ ને દિલ્લીમાં અમદાવાદવાલા કુમારભાઈ (જેના બાપાએ દીક્ષા લઈ પૂ. વિશ્વકીર્તિ મ. થયેલ) તેમના તરફથી સંઘપૂજન,ગુરૂપૂજન થયેલ. અષાઢવદ ૧૪ આજે પૂજ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ આ. દે. શ્રીમદ્ વિજય રાજેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના સર્વ પ્રથમ ગુણાનુવાદ થયેલ. આજે બાદરમલજી નથમલજી રમાણીયાવાલા તરફથી સંઘપૂજન - ગુરૂપૂજન થયેલ. આજે માણિભદ્રજીની પ્રતિષ્ઠાની બોલીયો થયેલ.

અષાઢ વદ ૩૦ દિ-૩૦-૭-૨૦૦૦ ને શા. મહેન્દ્રકુમારજી રાકેશકુમારજી મનોજકુમારજી બોથરા પરિવારના માતુશ્રીની અઠ્ઠાઈતપ નિમિત્તે સંઘપૂજન - ગુરૂપૂજન થયેલ.

શ્રાવણ સુદ ૩ - અમરચંદજી કપૂરચંદજી ઢઢ્ઢા તરફથી પ્રભાવના.

શ્રાવણસુદ ૪ - વિનોદકુમારજી તરફથી સંઘપૂજન.

શ્રાવણસુદ ૫- દિ. ૪-૮-૨૦૦૦ ને પંચકલ્યાણક પૂજા ભંવરલાલજી કટારિયા તરફથી નિર્માલ્ય દોષથી બચવા દેવદ્રવ્યમાં રકમ જાહેર કરેલ.

શ્રાવણસુદ ૮ દિ. ૭-૮-૨૦૦૦ ને પૂનમચંદજી પુષ્પકુમારજીને ત્યાં પગલા.

શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન તથા માણિભદ્ર પ્રતિષ્ઠાની બોલીયાનો લાભ લેનાર મહાનુભાવ.

કુંભસ્થાપના - કિશનલાલજી બાદરમલજી અશોકકુમારજી બોથરા

પાટલાપૂજન- વીરચંદજી નિર્મલચંદજી

શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન- કન્હૈયાલાલજી નેમિચંદજી બુરડ

સ્વામિવાત્સલ્ય - ગુપનામ

અખંડદીપ- ભંવરલાલજી બાબુલાલજી

માણિભદ્રમૂર્તિ ભરાવવી-પૂનમચંદજી પુષ્પકુમારજી બુરડ પરિવાર

કંકુના થાપા - પૂનમ ચંદજી પુષ્પકુમારજી બુરડ પરિવાર

નુત્રભંડાર ભરવું - માંગીલાલજી વિમલચંદજી બાફના

માણિભદ્રજી પ્રતિષ્ઠા- પૂનમચંદજી પુષ્પકુમારજી બુરડ પરિવાર

માણિભદ્ર ધ્વજા દંડ - વિજયસિંહજી પ્રતાપચંદજી પાલાવત પરિવાર

માણિભદ્ર ધ્વજા- વિજયસિંહજી પ્રતાપચંદજી પાલાવત પરિવાર

માણિભદ્ર છત્ર આરતી મંગલદીપ-પૂનમચંદજી પુષ્પકુમારજી બુરડ પરિવારે ત્રાગ બોલી લીધેલ.

માણિભદ્ર ઘંટનાદ તથા દ્વારોઘાટન- શા. પૂનમચંદજી પુષ્પકુમાર બુરડ પરિવાર આ બે બોલીયો લીધેલ.

જોધપુરમાં ભવ્ય સ્વાગત વખતે ઉપદેશ્તારાંકા ધનજી વિમાનક્રિયા, અશોક પારેખ, આનિલ મા., રાજેશકુમાર સા. રોકા તરફથી શ્રીફલ પ્રભાવના નાસ્તો તથા સંઘપૂજન થયેલ.

શાસન પ્રભાવનાના સમાચાર

પ. પૂ. તપસ્વી આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્નસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય-પ્રશિષ્યરત્ન પ. પૂ. મુનિરાજ શ્રી પ્રશમરત્નવિજયજી મ., પૂ. રત્નેશરત્ન વિજયજી મ. આદિ ઠાણાની શુભ નિશ્રામાં દિલ્લી ચાંદની ચોકમાં પ્રતિષ્ઠા આનન્દ શ્રાવણ સુદ ૭ દિ. ૬-૮-૨૦૦૦ ને થયેલ ત્યારે પછી પૂનમચંદજી પુષ્પકુમારજી બુરડના ઘેર ગુરૂ મહારાજના પગલા અને સંઘપૂજન શ્રાવણ સુદ ૮ દિ ૭-૮-૨૦૦૦ ને થયેલ. શ્રાવણ સુદ ૧૦ દિ. ૯-૮-૨૦૦૦ ને સંઘપૂજન ઉમેદમલજી ઢઢ્ઢા બીકાનેરવાલા તરફથી થયેલ શ્રાવણ વદ ૧૨ દિ. ૧૧-૮-૨૦૦૦ ને કેશરદેવી કપૂરચંદજી તરફથી સંઘ પૂજન થયેલ. શ્રાવણ સુદ પ્રથમ ૧૪ દિ. ૧૩-૮-૨૦૦૦ રવિવારના દિવસે માસ ખમણના તપસ્વીનો વરઘોડો નિકળેલ અને પદ્મચંદજી વાલાપત તરફથી સંઘપૂજન થયેલ. તથા સાધ્વીજી વીતરાગ દર્શિતાશ્રીજી

ના સંસારી પિતાજી બાબુલાલજી મગનાજી તરફથી સંઘપૂજન થયેલ. શ્રાવણ સુદ બીજ ૧૪ દિ. ૧૪-૮-૨૦૦૦ ને પ્રદીપભાઈ તરફથી પ્રવચનમાં સંઘપૂજન થયેલ. શ્રાવણ સુદ ૧૫ ને શા. હુકમીચંદજી સમરથમલજી મંડારવાલા તરફથી ગણધર તપના ઉપલક્ષમાં શ્રીફલની પ્રભાવના તથા સંઘપૂજન થયેલ.

શ્રાવણ વદ ૨ દિ. ૧૭-૮-૨૦૦૦ ને કેશરદેવી કપૂરચંદજી ઢઢ્ઢા તરફથી પ્રભાવના.

શ્રાવણ વદ ૩ દિ. ૧૮-૮-૨૦૦૦ ને વિજોવાવાલા મનોજ પુખરાજજી ગઢ સિયાનાવાલા (સા. વીતરાગ દર્શિતાશ્રીજીના સંસારીસગા) તરફથી સંઘપૂજન આદિ શ્રાવણ વદ ૪ ને બાદલમલજી મગનાજી તથા સોહનલાલ પુખરાજજી વિજોવાવાલા તરફથી કુલ રૂા. ૭ નું સંઘપૂજન.

શ્રાવણ વદ ૭ દિ. ૨૨-૮-૨૦૦૦ ને શાન્તાબેન (પૂ. મુ. શ્રી ભાવેશરત્ન વિ. મ. તથા પૂ. મુ. શ્રી પ્રશમરત્ન વિ. મ. ના સંસારીબેન) તરફથી સમવસરણ તપની પૂર્ણાહુતિ નિમિત્તે સંઘ પૂજન આદિ થયેલ.

શ્રાવણ વદ ૧૨ દિ. ૨૬-૮-૨૦૦૦ ના દિવસે પુષ્પકુમારજી બુરડ તરફથી સંઘપૂજન થયેલ.

શ્રાવણ વદ ૧૩ ને ૨૭-૮-૨૦૦૦ ને હુકમીચંદજી મંડારવાલા તરફથી ૨૧ ઉપવાસ નિમિત્તે સંઘપૂજન તથા શ્રીફલની પ્રભાવના.

શ્રાવણ વદ ૧૪ દિ. ૨૮-૮-૨૦૦૦ ને વિરદીચંદજી નિર્મલકુમારજી વેદ તરફથી પ્રભાવના.

શ્રાવણ વદ ૩૦ બાબુલાલજી કોચર તરફથી સંઘપૂજન આદિ તથા માંગીલાલજી રમેશકુમારજી બાફના સાદડીવાલા તરફથી પ્રભાવના.

ભાદરવા સુદ ૧ ને ભરતજી શાંતિલાલજી ચૌધરી મંડારવાલા તરફથી શ્રીફલની પ્રભાવના.

ભાદરવા સુદ ૨ ને પ્રદીપકુમારજી મુંબઈવાલા તરફથી અઠ્ઠાઈ નિમિત્તે વરઘોડો તથા રમણલાલ અમૃતલાલ શાહ તરફથી પ્રભાવના, પર્યુષણમાં છોકરાઓને નોટબુકો માટે પુનમચંદજી પુષ્પકુમારજી બુરડ તરફથી આપવામાં આવેલ તથા મહેશકુમારજી રાજેશકુમારજી લોઢરા તરફથી પ્રભાવના થયેલ.

ભાદરવા સુદ ૩ ને રતનબાઈ ધર્મપત્ની પ્રતાપચંદજી બુરડ તરફથી પ્રભાવના તથા સંઘપૂજન, કેશરદેવી કપૂરચંદજી ઢઢ્ઢા બીકાનેરવાળા તરફથી તથા દલીચંદજી સરપંચ રમાણીયાવાલા તરફથી સંઘપૂજન થયેલ. બપોરે વ્યાખ્યાનમાં સંતોકચંદજી લાભચંદજી દુગડ પરિવાર તરફથી સંઘપૂજન થયેલ. ભાદરવા સુદ ૪ ને મહેન્દ્રકુમારજી દુગડ તરફ થી સંઘપૂજન. રાત્રિ પ્રતિક્રમણમાં વિજયકુમાર જીલુરડ, ચંપાલાલ મહેન્દ્રકુમાર દુગડ, વિજયસિંહજી પાલાવત, જિતેન્દ્રકુમાર, ઉદયચંદજી મહેતા તરફથી પ્રભાવના થયેલ. ભાદરવા સુદ ૫ દિ. ૩-૯-૨૦૦૦ ફરીદાબાદથી સંઘ પૂજ્યશ્રીને વાંદવા આવેલ.

ભાદરવા સુદ ૭ ને ગાજીયાબાદ (યૂ.પી.) નો સંઘ પૂજ્ય શ્રીને વાંદવા આવેલ. ભાદરવા સુદ ૯ દિ. ૮-૯-૨૦૦૦ ને હુકમીચંદજી મંડારવાલાના ૨૧ ઉપવાસના ઉપલક્ષમાં એમના ઘેર વાજતે ગાજતે સામૈયાસહ પૂજ્યશ્રીની આદિ ચતુર્વિધ સંઘની પધરામણી, સંઘપૂજન, સ્વામિભક્તિ, વ્યાખ્યાન આદિ થયેલ.

ભાદરવા સુદ ૧૧ દિ. ૧૦-૯-૨૦૦૦ ને ગુજરાત વિહાર (દિલ્લી) થી જૈનસંઘ પૂજ્યશ્રીને વાંદવા આવેલ. તથા આજે સા. વિશ્વપ્રજ્ઞાશ્રીજીના સંસારીભાઈ શા. ચંપાલાલ છોગમલજી તથા શા કાંતિલાલજી ભૂરમલજી તરફથી ૫ + ૫ કુલ ૧૦ નું સંઘપૂજન થયેલ. ભાદરવા સુદ ૧૫ દિ. ૧૩-૯-૨૦૦૦ ને કિશોર કોચર તરફથી પૂજ્યશ્રીનું રોહિણી (જૈનસંઘ) માં સામૈયું થયેલ. ત્યાં માસક્ષમણ નિમિત્તે વરઘોડો ચઢેલ. પૂજ્યશ્રી પાસે તીસરા ઉપવાસના પચ્ચકખાણ લીધેલ.

ભાદરવા વદ ૧ દિ. ૧૪-૯-૨૦૦૦ ને જમનાજી બાબુલાલ ખેમાજી કુચાવાડાવાલા બાબુજી પમરૂવાલા તેજરાજજી ભડથવાલા તથા બાલુલાલજી તરફથી શ્રીફલ તથા પેંડાની પ્રભાવના થયેલ.

આસો સુદ ૧૪ દિ. ૧૨-૧૦-૨૦૦૦ ને સા. મૈત્રીસુધાશ્રીજી ના સંસારીભાઈ પ્રકાશ વીરચંદજી શિવગંજ વાલા તરફથી સંઘપૂજન થયેલ.

આસો વદ ૧૩ દિ. ૨૫-૧૦-૨૦૦૦ ને ગુમાજી તરફથી ૫૦ પચાસ રૂપિયાનું વ્યાખ્યાનમાં સંઘ પૂજન.

કાર્તિક સુદ ૧ ને નવસરણ પ્રત બોલી બોલીને વહોરાવામાં આવેલ કાર્તિક સુદ ૩ દિ. ૩૦-૧૦-૨૦૦૦ ને સા. વીતરાગ દર્શિતાશ્રીજીના સંસારી બનેવી ધનેશભાઈ ભંડારી (પાલીતાણા) તરફથી પ્રભાવના આદી થયેલ.

કાર્તિક સુદ ૧૫ દિ. ૧૫-૧૦-૨૦૦૦ ને ચાતુર્માસ પરિવર્તન વાજતે ગાજતે સામૈયુ, સંઘપૂજન આદિ થયેલ.

કાર્તક વદ ૧ દિ. ૧૬-૧૦-૨૦૦૦ ને નિતિન દુગડ, જ્ઞાનચંદજી દુગડ, જ્ઞાનમતિજી તરફથી વાજતે ગાજતે

રિતાવિહાર પોતાના ઘેર પધરામણી ચતુર્વિધ સંઘ પૂજન આદિ
ને પૂજ્ય મુનિરાજશ્રી ભાવેશરત્ન વિજયજી તથા પૂ.
નિરાજશ્રી પ્રશમરત્ન વિજયજીના સંસારી માસા સુમેરમલજી
ાપનાને ત્યાં પ્રવચન સંઘ પૂજન આદિ થયેલ.

કાર્તક વદ ૩ દિ. ૧૪-૧૦-૨૦૦૦ ને જસવંતલાલજી
ાહદરાને ત્યાં પૂજ્યશ્રી વિહાર કરી પ્રથમ દિવસે ત્યાં પધારેલ.
ાં તેમના તરફથી સ્વામિ ભક્તિ વ્યાખ્યાન આદિ થયેલ. વચ્ચે
વરત્નમલજી ના ઘેર સંઘના દૂધથી પગ ધોયા અને ૧૦ નું
ઘપૂજન થયેલ. સમદડીમાં સુલતાનમલજી કંકુ ચોપડા તરફથી
ઘપૂજન. બીકાનેર, નાગોર, જોધપુર સમદડી સાચોરમાં
ાસનજી પ્રભાવના કરતાં કરતાં પોષ વદ પહેલી ૧૧ ને
પાલાલજી તરફથી નાની વિરોલમાં સામૈયું, પ્રભાવના. પોષ
દ ૧૩ રમૂણ (ગુજરાત) માં સામૈયા, પ્રવચન આદિ થયેલ.
ોષ વદ ૧૪ દિ. ૨૩-૧-૨૦૦૧ ને કુચાવાડામાં વાજતે ગાજતે
વેશ. ભડથમાં ઐતિહાસિક દીક્ષા પછી વિહાર કરતાં માહ સુદ
૩ દિ. ૬-૨-૨૦૦૧ ને ચંદાજી ગોલીયામાં રૂપાજી તરફથી
ભાવના, પ્રવચન તથા ભાડલીકોટામાં સામૈયું થયેલ. રાજમલજી
નશ્રીમલજીએ પ્રભાવનાં કરેલ. ત્યાંથી માહ સુદ ૧૪ દિ.
-૨-૨૦૦૧ ને જેગોલસંઘ સામે લેવા આવેલ. પૂ. ભાવેશરત્ન
જયજી મ. તથા પૂ. પ્રશમરત્ન વિજયજી મ. ના સંસારી
તાશ્રી તરફથી સંઘપૂજન આદિ થયેલ.

માહ વદ ૩ શનિવાર દિ. ૧૦-૨-૨૦૦૧ ને જિરાવલા
ર્થે પધારેલ. ત્યાં પૂ. દાદાગુરૂદેવ પૂ. આ. ભ. શ્રીમદ્‌વિજય
રતેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. એ બીજે દિવસે ઉપધાનના
તપસ્વીઓને વ્યાખ્યાન આપવા માટે ફરમાવતા ત્યાં પૂ. આ.
શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. સા. નું પ્રવચન થયેલ.
હ વદ ૭ દિ. ૧૪-૨-૨૦૦૧ ને પાછા જેગોલ પધારતાં બંધુ
લડી મુનિશ્રીના સંસારી પિતાજી ચમનલાલ હંસાજી તરફથી
ઘપૂજન ગુરૂ પૂજન થયેલ. માહ વદ ૮ દિ. ૧૫-૨-૨૦૦૧ ને
જરાજ અમરતાજી તરફથી સંઘપૂજન થયેલ. માહ વદ ૧૦
દિ. ૧૭-૨-૨૦૦૧ ને દાંતિવાડા કોલોનીવાલા ત્યાં પધારવા
ટે વિનંતિ કરવા આવેલ. પૂજ્યશ્રીએ ફાગણસુદ ૪ દિ.
૭-૨-૨૦૦૧ ને અનુકુલતાએ પધારવા હા કહેલ. અને જય
લાવી ત્યાં વધારે રહેવા વિનંતિ કરેલ. ફાગણ સુદ ૨ ને
જેગોલમાં જાહેર પ્રવચન થયેલ તેમાં જેગોલ સંઘ તરફથી
ભાવના થયેલ. આજે પ્રવચન પછી ધાનેરી પધારતાં ત્યાંના
ટલોએ ભવ્ય સામૈયું કરેલ. વાજતે ગાજતે ગાવમાં પધાર્યા પછી
જાહેર પ્રવચનમાં એક હજાર ઉપર મેદની હતી. ફાગણ સુદ ૩
દિ. ૨૬-૨-૨૦૦૧ ને દાંતીવાડા પધારતાં ગૌતમભાઈ તરફથી
પ્રભાવના થયેલ. ફાગણ સુદ ૪ દિ. ૨૭-૨-૨૦૦૧ ને દાંતીવાડા
કોલોનીમાં ભવ્ય સામૈયું આદિ થયેલ. પૂજ્યશ્રી ફાગણ વદ ૧૦
થી ૪ દિવસ શ્રી શંખેશ્વર તીર્થે રોકાયેલ.

પૂ. ગુરૂદેવ આ. ભ. શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા. ના વિક્રમ સંવત ૨૦૫૭ ના મહોત્સવો

કાર્તિકવદ ૧૨ થી દાંતરાઈ (રાજસ્થાન) માં પંચાહ્નિકા મહોત્સવ.
કાર્તિક વદ ૧૩ દિ. ૨૩-૧૧-૨૦૦૦ ના દાંતરાઈથી (જીરાવલા ચૈત્યપરિપાટી.
માગસર સુદ ૫ દિ. ૧૧-૧૨-૨૦૦૦ નેબંજ ગામે ભગવાનનો ભવ્ય પ્રવેશ મહોત્સવ.
માહ સુદ ૪ થી ભડથમાં દીક્ષા મહોત્સવ.
માહ સુદ ૧૦ થી રોહિડામાં સાધ્વીજી ચંદ્રદર્શનાશ્રીજીના ૧૧૧૧ આંબેલ નિમિત્તે ભવ્ય મહોત્સવ.
માહ વદ ૫ થી વાડીવામાં અઠ્ઠાઈ મહોત્સવ.
ફાગણ સુદ ૨ ને કોલીરતીર્થમાં ભવ્ય વડીદીક્ષા.
વૈશાખ મહીને જાવાલ (રાજસ્થાન) માં બસથી યાત્રા પ્રયાણ નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ.

પાના નં. ૫૨૩ થી ચાલુ

પાણ GOD કહે છે. એ ભાષામાં ણ અને ન મ ટે એક જ શબ્દ છે. 'N'. આપણી ભાષામાં ણ મૂર્ધન્ય વ્યંજન છે ન દંત્ય વ્યંજન છે. અંગ્રેજી ભાષામાં આ ફરક નથી. તેથી આપણા ગ્રંથોના અંગ્રેજી ભાષાંતર કરાવવાના વ્યામોહમાંથી આપણે છૂટવું જોઈએ. આ પુસ્તકમાં એક પાના ઉપર વાકય છે - "Sudharma was the teacher of Jambu " અર્થાત સુધર્મ જંબૂનો શિક્ષક હતો. આપણા ગણધરાદિ મહાપુરૂષોનો અંગ્રેજી ભાષાંતરોમાં વિનયપૂર્વક ઉચ્ચાર પણ નથી થતા.

આગમાદિ ગ્રંથોનો વિશ્વના બજારમાં મુલ્લા મૂકવામાં વિશ્વનું ભારે અહિત છે. સપ્ત મંજૂષાઓમાં તેનું રક્ષણ અને અધિકારી વ્યક્તિ દ્વારા અધિકારપૂર્વકનો તેનો ઉપયોગ એ જ વિશ્વના કલ્યાણનો ઉપાય છે.

—અરવિંદભાઈ પારેખ

२६०० उजवणीमां भणनारा श्वेतांबरो चेते

श्री कमलद्रह तीर्थ, पटना

दिगम्बर नेतृत्व का भ्रामक प्रचार

तीर्थ वन्दना के जनवरी, २००१ अंक में प्रकाशित सामग्री का कुछ अंश स्पष्टीकरण सहित-

यह स्थान पौराणिक एवं ऐतिहासिक रुप से बिहार के प्राचीन पुरातात्विक अवशेषों में भी गिना जाता है, जिसके कारण भारत सरकार द्वारा एक विशेष अधिनियम के तहत इसे सुरक्षित स्थल घोषित किया गया है।

पिछले वर्ष सरकार, स्थानीय नागरिक एवं भक्तजनों के सहयोग से अगम कुआं मंदिर के बगल पश्चिम तरफ से एक कच्ची सड़क का निर्माण किया गया है जो सीधे सेठ सुदर्शन के मंदिर तक जाती है।

प्राचीन काल से यह भूमि सिद्ध क्षेत्र के रुप में पूजित है और सरकारी खातों व नक्शों में 'गैरमजरुआ आम' जमीन के रुप में दर्ज है। अपने कमेटी द्वारा वहां जाने वाले यात्रियों की सुविधा के लिए धर्मशाला, मंदिर का निर्माण किया गया है और अथक प्रयास से मुख्य मार्ग का नाम सरकार द्वारा सेठ सुदर्शन के नाम पर सुदर्शन पथ रखा गया है। काफी समय से निर्वाण भूमि पर दिगम्बर जैन भाइयों के अतिरिक्त श्वेताम्बर भाई भी यदा-कदा स्थूलिभद्र के चरण की पूजा-अर्चना को आते थे और व्यवस्था को लेकर उनसे कोई विशेष मतभेद नहीं था श्वेताम्बरों से विवाद की शुरुआत उनके द्वारा शिखर जी के मुकदमें में शिकस्त खाने के बाद प्रारंभ हुई और तब श्वेताम्बरों द्वारा प्रयास किया जाने लगा कि उक्त निर्वाण भूमि को वो अपने अधिकार में ले लें तथा इस गलत कार्य के लिए उनके द्वारा कुछ नीचे स्तर के सरकारी कर्मचारी को मिलाकर भूमि के सरकारी रिकोर्ड में परिवर्तन करने का प्रयास किया गया। साथ ही साथ निर्वाण भूमि पर जबरदस्ती कुछ छोटे-मोटे निर्माण कार्य कराकर अपने कब्जे को गलत ढंग से साबित करने का प्रयास किया जा रहा है जिसके वजह से वर्तमान में दीवानी-फौजदारी कई मुकदमें विभिन्न न्यायालयों में लंबित हैं। हम भारतवर्षीय दिगम्बर जैन तीर्थ क्षेत्र कमेटी के आभारी हैं जिनके निर्देशन में सभी मुकदमों का संचालन हो रहा है और हमें पूर्ण विश्वास है कि सत्य की विजय हमारे पक्ष में अवश्य होगी।

- अजय कुमार जैन

स्पष्टीकरण

जैन धर्म के सर्वमान्य सिद्धान्त हैं - सत्य, अहिंसा एवं अपरिग्रह। चाहे श्वेताम्बर हों या दिगम्बर; उपरोक्त तीन शब्दों में ही जैन धर्म का निहितार्थ है। यही विश्व में हमारी पहचान है। जैन शब्द मात्र से ही आम जनमानस के मन में यह बात उठती है कि यह कुछ कह रहा है तो वह सत्य होगा। उसकी वाणी में भी हिंसा नहीं होगी वह अपरिग्रही होगा। दानशीलता जन-सेवा उसका धर्म एवं कर्म है।

पटना नगर में जैन संघ के नेतृत्व में दिगम्बर श्वेताम्बर का भेद नहीं था। जैन संघ के द्वारा प्रकाशित निर्देशिका, जिसके सम्पादक दिगम्बर जैन मतावलम्बी ही हैं, में भी स्वीकार किया गया है कि कमलद्रह स्थित श्रेष्ठी (सेठ) सुदर्शन मंदिर एवं स्थूलिभद्र मंदिर श्वेताम्बर समाज के हैं। आलेख लेखक के पूज्य पिता श्री ने भी इस तथ्य को स्वीकार किया। मगर आलेख लेखक एवं दिगम्बर नेतृत्व ने समाज में फूट डालने एवं समाज में अपनी नेतागिरी कायम रखने के लिए समाज को झूठ ही झूठ का दर्शन कराया है।

आलेख लेखक ने लिखा है कि पिछले वर्ष सरकार, स्थानीय नागरिक एवं भक्तजनों के सहयोग से अगमकुआं मंदिर के बगल पश्चिम तरफ से एक सड़क का निर्माण किया गया है, जो सीधे सेठ सुदर्शन के मंदिर तक जाती है।

सत्य है, सड़क का निर्माण लगभग दो वर्ष पूर्व हुआ, मगर इस निर्माण में सरकार का कोई हाथ या सहयोग नहीं है। इसका निर्माण श्री जैन श्वेताम्बर मूर्तिपूजक संघ ने ग्रामीणों की मदद से (भूमि की) अपने खर्च पर यात्रियों की सुविधा के लिए किया है। ग्रामीणों ने भूमि दी और पूरा खर्च श्वेताम्बर संघ ने किया।

'श्वेताम्बर विवाद' उप-शीर्षक के साथ लेखक ने जो लिखा वह असत्य, हिंसा (वाणी) एवं परिग्रह की एक ज्वलंत मिसाल है। यह तो दिगम्बर नेतृत्व ने मान लिया है कि यह अपना नहीं है, कमलद्रह क्षेत्र दिगम्बर नहीं है, वह सरकारी है।

કમલદ્રહ અપને આરમ્ભિક કાલ સે હી શ્વેતામ્બર સંઘ કી ભૂમિ રહી હૈ। શ્રેષ્ઠી સુદર્શન એવં સ્થૂલિભદ્ર મંદિર શ્વેતામ્બર હૈં ઔર મૂર્તિ પૂજક શ્વેતામ્બર સંઘ કે પ્રબંધ મેં નિર્વિવાદ રુપ સે ચલે આ રહે હૈં।

લેખક ઇતના તો સ્વીકાર કરતે હૈં કિ યહ દિગમ્બર નહીં, ગૈરમમરુઆ આમ (સરકારી) હૈ।

પર યહાં ભી વે ગલત હૈં। આજ સે લગભગ ૧૦૦ વર્ષ પૂર્વ હી સરકાર ને ઇસે શ્વેતામ્બર પ્રબંધન કા ક્ષેત્ર સ્વીકાર કરતે હુએ ઉપરોક્ત ગૈરમમરુઆ આમ કી ભૂલ સુધાર કર દી થી। લેખક કા કથન કિ કુછ નિચલે સ્તર કે સરકારી કર્મચારિયોં કો મિલાકર ભૂમિ કે સરકારી રિકોર્ડ મેં પરિવર્તન કરને કા પ્રયાસ કિયા ગયા।

૧૮૯૫ મેં મુંસિફ પટના, કલક્ટર પટના કે આદેશ વ પિછલે ૧૦૦ વર્ષો સે અધિક કે સરકારી રિકોર્ડ ક્યા નિચલે સ્તર કે કર્મચારી પરિવર્તિત કરેંગે। ક્યોં વે સમાજ કો ગલત જાનકારી દે રહે હૈં ? મુક્ત હૃદય સે બૈઠેં વ સમાજ કે સમસ્ત, દિગમ્બર સમાજ કે સમક્ષ એક ભી દસ્તાવેજી પ્રમાણ પ્રસ્તુત કરેં કિ ક્યા યહ ક્ષેત્ર કભી આપકે પ્રબંધન મેં રહા હૈ ? ઇસકે વિપરીત પિછલે ૧૦૦ સે અધિક વર્ષો કે અનગિનત દસ્તાવેજી પ્રમાણ શ્વેતામ્બર સંઘ કે પક્ષ મેં હૈ। શ્વેતામ્બર સંઘ કે કાર્યો મેં દિગમ્બર ભાઇયોં ને ભી સહયોગ કા પ્રસ્તાવ દિયા। સ્વયં આલેખ લેખક કે પિતા જી ને ભી। લેખક ને લિખા કિ શ્વેતામ્બર યાત્રી યદા-કદા આતે રહતે હૈં સ્થૂલિભદ્ર મંદિર મેં। વાસ્તવિક્તા યહ હૈ કિ શ્વેતામ્બર વર્ષ ભર હર દિન આતે હૈં, નિત્ય સેવા પૂજા કરતે હૈં।

લેખક ને શિખર જી કે મુકદમે કા જિક્ર કિયા, યહ વિવાદ કૈસે હૈ, ક્યોં હૈ ? પર ચર્ચા મૈં નહીં કરના ચાહતા। યહ મામલા ન્યાયાલય મેં વિચારાધીન હૈ। અભી ફૈસલા કિસી કે પક્ષ મેં નહીં હુઆ હૈ। દિગમ્બરોં કે પક્ષ મેં હોને કા તો પ્રશ્ન હી નહીં। ક્યોંકિ દિગમ્બર નેતૃત્વ ને તો સ્વીકાર કિયા હૈ કિ પારસનાથ પહાડી સરકાર કી હૈ। ઇસકા કણ-કણ વંદનીય વ પૂજનીય નહીં હૈ। જબકિ શ્વેતામ્બર લડ રહે હૈં કિ પૂરા પહાડ જૈનોં કે લિએ પૂજનીય ઔર વંદનીય હૈ। મગર કમલદ્રહ તો કભી વિવાદિત રહા હી નહીં। આજ ઇસે ક્યોં વિવાદિત કર રહે હૈં ? ક્યોં સમાજ મેં ફૂટ ડાલ રહે હૈં ?

દીવાની ફૌજદારી મુકદમેં ! એક ભી દીવાની મુકદમા નહીં હૈ। કમલદ્રહ સે સબંધિત મુકદમેં માત્ર ૧૪૪, ૧૦૭ દણ્ડ પ્રક્રિયા સંહિતા કે તહત હૈં એવં હર મુકદમેં મેં આલેખ લેખક કા પક્ષ અસફલ રહા હૈ।

આલેખ લેખક ને ભારતવર્ષીય દિગમ્બર જૈન તીર્થ ક્ષેત્ર કમેટી કા જિક્ર કિયા હૈ। ક્યા દિગમ્બર જૈન કમેટી બતાયેગી કિ કભી ભી કિસી સમય દિગમ્બર સમાજ ઇસ ક્ષેત્ર કે પ્રબંધન મેં રહા ? ક્યોં આજ ઝૂઠ કા સહારા લેકર સમાજ મેં નયે વિવાદ ઉત્પન્ન કર રહે હૈં ?

દિગમ્બર નેતૃત્વ, ભાઇયોં સે મેરા અનુરોધ હૈ કિ સત્ય કો જાનેં, અસત્ય કા સાથ છોડેં। ભગવાન મહાવીર કે ૨૬૦૦વેં જન્મ કલ્યાણક વર્ષ મેં તો હમ ઇન કાર્યો સે પરહેજ કરેં, જિસસે કિ હમેં સ્વયં કો જૈન કહને મેં શર્મ મહસૂસ હો।

(નમો તિત્થસ્સ) *- અશોક કુમાર જૈન*

પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિજયજી મ. નો પૂણ્ય પ્રકોપ

ભગવાન મહાવીરના ૨૬૦૦માં જન્મ કલ્યાણક મહોત્સવ માટે અમને પૈસા જોઇતા નથી. માત્ર માંસ નિકાશ પર પ્રતિબંધ મુકી દો.

સરકારે ભગવાન મહાવીરના ૨૬૦૦માં જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી માત્ર કશું પણ નક્કર કર્યું નથી. વડા પ્રધાન શ્રી વાજપાયીએ ઉજવણી માટે ૧૦૦ કરોડ રૂપીયા ફાળવવાની જાહેરાત કરી છે. તેનાથી અમે ખુશ થઇ ગયા હતા. પરંતુ જે યોજનાએ પુરી થઇ ગઇ હતી તેવી ૭૦ કરોડની શાળાઓ હોસ્પીટલોની યોજના ભગવાન મહાવીર જન્મ મહોત્સવના નામે ચડાવી દઇ ૭૦ કરોડ રૂપીયા ઉધારી દેવામાં આવ્યાં.

ભગવાન મહાવીર જન્મ કલ્યાણ ઉજવણીમાં અમે સરકારનો હસ્તક્ષેપ ઇચ્છતા નથી. વચ્ચે ઘણું ચવાઇ જતું હોય છે. કેન્દ્ર સરકાર માત્ર માંસની નિકાસ કાયમને માટે બંધ કરી દે એટલે ભગવાન મહાવીરના જન્મ મહોત્સવની ઉજવણી થઇ ગઇ અમારે બીજું કશું જોઇતું નથી.

(મુક્તિદૂત માર્ચ ૨૦૦૧)

પોષ વદ ૧, ૨૦૫૭,
તા. ૧૦/૧/૨૦૦૧

આ સા ૧ જર્મનીની હેમ્બર્ગ યુનિવર્સિટીના પ્રોફેસર વોલ્ટર શુબ્રીંગે જર્મન ભાષામાં લખેલું તથા વુલ્ફગેન્ગ બ્યુરલેન દ્વારા અંગ્રેજીમાં ભાષાંતર થયેલા 'The Doctrine of Jains' પુસ્તકમાંથી કેટલાંક પાનાંની ઝેરોક્ષ મોકલાવી છે.

લગભગ ૧૫૦ વર્ષ કરતાં પણ વધુ વર્ષોથી કેટલાય યુરોપિયન વિદ્વાનો જૈનશાસ્ત્રોના અભ્યાસમાં તેનું પોસ્ટમોર્ટમ કરવાના ઈરાદા થી લાગ્યા હોવાનું કેટલાય પ્રમાણોથી જણાઈ આવે છે. તેમના નામો આ પાનાઓમાંથી મળશે. દા.ત. આ નામોમાં એક ન મ મિ. વેબરનું અપાયું છે. આ મી. વેબર માટે બંગાળના વિદ્વ ન લેખક શ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય જણાવે છે કે-

"प्रसिद्ध वेबर (Weber) साहब पण्डित तो हैं, लेकिन मेरे विचार से जिस क्ष ण उन्होंने संस्कृत सीखनी आरम्भ की थी, भारत वर्ष के लिये वे बहुत अशुभ क्षण थे। भारत वर्ष का प्राचीन गौरव उस काल के जर्म नी के अरण्यनिवासी बर्बरों के वंशधरों के लिये असह्य था। अतएव, प्राचीन भारत वर्ष की सभ्यता अति आधुनिक काल की है- इस को प्रमाणित करने के लिए वे सदा यत्नशील बने रहे। उनके विचार में यिशु खिस्त के जन्म के पूर्व महाभारत था, इस बात का विचार क रने का कोई मुख्य प्रमाण नहीं है।"

તેવી જ રીતે ઉપરના લીસ્ટમાં જર્મન જેકોબીનું નામ પણ આવે છે. જેમણે તીર્થંકર પ્રભુ મહાવીરદેવના જીવન સંબંધિત કેટલાય જૂઠાણાંઓ ઉપરના પુસ્તકમાં રજૂ કર્યા છે.

આ પુસ્તકમાં 'तंदुलवियालिय' આગમનું ભાષાંતર પણ આપવામાં આવ્યું છે.

જ્યારે શ્વેતાંબર પણ આગમગ્રંથો વાંચવાનો અધિકાર નથી, જ્યારે શ્રમણ ભગવંતોને પણ વિધિ મુજબ યોગોદ્વહન કર્યા પછી આગમગ્રંથોના અભ્યાસની મંજૂરી મળી શકે છે, ત્યારે આ યુરોપિયન વિદ્વાનોએ કશા પણ અધિકાર પ્રાપ્ત કર્યા વિના આગમગ્રંથો વાંચ્યા છે, અથવા તેમની ચોરી ચામડીથી બંજાઈ જઈ તેમને સાચા શાસ્ત્રાભ્યાસુ માની લઈ તેમને વંચાવવામાં આવ્યા છે. તેના દુષ્પરિણામો માત્ર જૈનો જ નહીં, આખું વિશ્વ આજ ભોગવી રહ્યું છે.

આગમાદિ ગ્રંથોનું અંગ્રેજી ભાષાંતર ભદ્દું લાગે છે. અંગ્રેજી ભાષામાં પારિભાષિક શબ્દોના ભાષાંતર માટેના પૂરતા શબ્દો નથી. તેઓ ઈશ્વરને પણ GOD કહે છે, વૈમાનિક દેવોને

અનુસંધાન પાના નં. ૫૨૦

ઘરમાં ભલે તડ પડી, પણ હૃદયમાં તડ નથી પડી

ભૂજની બાજુમાં કુંભારિયા ગામ. હરજીવન અને માધવ બે સામપડોશી. એક જ ઢાળિયામાં વચ્ચે ભીત ચણીને અન્ને રહે. સ્ત્રીઓના સ્વભાવ મુજબ બન્નેના બૈરાંઓ સતત ઝઘડત રહે. બન્ને વચ્ચે વાટકી વહેવાર તો ઠીક, પણ બોલ્યે વહેવા પણ નહિ. એકબીજાને જૂએ ત્યાં આંખમાંથી આગ વરસે હરજીવન થોડો પામતો પહોંચતો માણસ અને માધવ મજૂરિય હતો. કાયમ પૈસાની ખેંચ રહે.

એક દિવસ સવારે ધરતી માતા જાગે માનવની પાપલીલા જોઈને હવે રાખ્ય હવે રાખ્ય એમ કહેવા મસ્ત હલાવ્યું હોય તેમ કચ્છની ધરાએ માથું હલાવ્યું. આભને આંબ એવા ગગનચુંબી મકાનો પત્તાના મહેલની જેમ ધરાશાયી થયા કાળો કેર વર્તાઈ ગયો. માધવ અને હરજીવન હતા નસીબદા કે કાંઈ જાનહાનિ ન થઈ, પણ બન્નેનો સહિયારો કરો કડડભૂ કરતો જમીનદોસ્ત થયો. બન્ને ફળિયામાં આવી ગયા. ઘરવખરી તો બધી જ કાટમાળ નીચે. અરે ! બીજી કયાં વાત કરવી પાણી પીવા ગોળો અને ગ્લાસ પણ એ કાટમાળની કબરમાં દટાઈને પડયા હતા. બસ, પોતાની ઓઢેલી નાની ધાતળી શાલ છોકરાવને ઓઢાડી અને પોતે ધ્રુજતો રહ્યો. ત્યારે હરજીવન ત તરત કયાંકથી રાહતનો તંબુ લઈ આવ્યો. વાસણ જકીટ લઈ આવ્યો અને રાંધવા માટે રેશન પણ લઈને આવ્યો. જમવાન તૈયાર થતાં તેની સુગંધ આજુબાજુમાં પ્રસરી અને માધવના ભૂખ્યા છોરું લાલસાભરી નજરે હરજીવન કાકાના તંબુ ભણી જોવા માંડયા.

ત્યાં માધવ લાલ આંખ કરે અને છોકરાંવ બિચારાં નીચું જોઈ જાય. આમ માંડ કલાક દોઢ કલાક વિત્યો હશે ત્યાં માધવના કાને કોઈના પગરવનો અવાજ પડયો. જોયું તો હરજીવન ઊભો હતો. હરજીવને કહ્યું માધવ, ઊભો થા. હાલ્ય છોકરાવ ને બેરીને લઈને મારા તંબુમાં ! એ બધાં તંબુમાં ખાશે પીશે અને ઊંઘશે અને આપણે બન્ને તાપણા પાસે બેસી ધ્યાન રાખશું.

ભાઈલા ! આપણા ઘરના કરા પડીને પાદર થયા છે, પણ આપણા મન થોડાં મસાણ જેવા થયા છે. ઘરમાં ભલે તડ પડી, પણ આપણા હૃદયમાં નથી પડી. ભાઈ લે ! ઊભો થા, બન્ને ગળે વળગી ગયા.

— પ્રફુલ્લા એસ. ભદ્ર (સંદેશ)

સમેત શિખર તીર્થ વર્તમાન પરિસ્થિતિ

(જસ્ટિસ શ્રી ગુમાનમલજી લોઢા દ્વારા શ્રી પ્રકાશ ઝવેરીને લખાયેલ મૂળ અંગ્રેજી પત્રનું ગુજરાતી ભાષાંતર)

કેશની ચોકખાઇ જરૂરી - ઉપેક્ષા હાનીકારક

પ્રિય પ્રકાશ ઝવેરીજી, ૧૫ ઓકટોબર, ૨૦૦૦

કોઈ પણ વ્યક્તિ પ્રત્યે કોઈ પણ જાતના દુર્ભાવ કે દ્વેષ વિના- કેટલાક પ્રશ્નો

તમારો તા. ૧૫-૯-૨૦૦૦નો પત્ર ક્રમાંક ૨૧૮/૦૧ મળ્યો. તેની સાથે રાંચી હાઇ કોર્ટના માનનીય ન્યાયાધીશ ચૌધરી અને ન્યાયાધીશ એસ. એન. મિશ્રાનો ૧૯૯૭ ની લેટર પેટેન્ટ અપીલ ક્રમાંક ૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૩૬ અને ૩૪૬ ના સંદર્ભે અપાયેલ અભિપ્રાય (ચુકાદો નહીં) પણ મળ્યો. હું (જો કે બહુ કાળજીપૂર્વક નહીં છતાય) એક વાર તે વાંચી ગયો છું. આ આદેશ ૯૨ ફુલસ્કેપ પાના ભરીને છે.

આ એક આઘાતજનક, આશ્ચર્યજનક, કરૂણાજનક અને દુઃખદ બાબત છે કે શ્વેતામ્બરો લગાતાર કાયદાકીય લડતોમાં, કે જે નીચલી અદાલતમાં આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ દ્વારા ટાઇટલ સૂટ ક્રમાંક ૧૦/૬૭ થી શરૂ થઇ, એક પછી એક આધાર ગુમાવતા ગયા છે.

પારસનાથ પહાડની માલિકી બિહાર લેંડ રિફોર્મ્સ એકટ હેઠળ બિહાર રાજ્યની છે, તે આધાર લઇ નીચલી અદાલતના ન્યાયાધીશે ૩ માર્ચ ૧૯૯૦ ના રોજ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટને પહાડની માલિકીમાંથી બેદખલ કર્યો.

પરંતુ ટ્રસ્ટને પહાડની ટોચના અડધા માઇલના વિસ્તારમાં વહીવટી નિયંત્રણનો અધિકાર આપ્યો અને દિગમ્બરોને એ વિસ્તારમાં કોઇ પણ જાતનું બાંધકામ કરવાની મનાઇ ફરમાવી.

જોકે દિગમ્બરોને આ કરારને પડકારવાનો હક આપવામાં ન આવ્યો, પરંતુ તેમને એક આનુષંગિક અધિકાર રૂપે આણંદજી કલ્યાણજી ટ્રસ્ટની મંજૂરી મેળવી ધરમશાળા બનાવવાની છૂટ આપી.

બધી રીતે મૂલવતા- આ એક સમતોલ ચુકાદો હતો.

શ્વેતામ્બરોને જે કાંઇ થોડો લાભ નીચલી અદાલતમાં મળ્યો હતો તે હાઇ કોર્ટની સિંગલ જજની બેંચ સામે મોટે ભાગે ગુમાવી દેવામાં આવ્યો. સિંગલ જજે પમી ફેબ્રુઆરી ૧૯૬૫ ના કરારનામાને રદ બાતલ અને ગેરકાનૂની જાહેર કર્યો. અગાઉના પ્રિવિ કાઉન્સિલના ચુકાદાઓનું પણ ધોવાણ થઇ ગયું. સિંગલ જજે ટ્રસ્ટની (ટ્રસ્ટ તરીકેની) ઓળખ પણ રદ કરી. સાર રૂપે કહી શકાય કે સિંગલ જજે આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ કે જે શ્વેતાંબરોમાં ખૂબ જ ઉચ્ચ મિનારા જેવું સ્થાન ધરાવતું હતું, તેને લગભગ ભૂંસી નાખ્યું; અને કસ્તુરભાઇના વખતના ઇતિહાસ, પારસનાથ પહાડની ખરીદી વિગેરે કારણોથી આ પગલું વ્યાજબી પણ હતું. સાથે જ પ્રિવિ કાઉન્સિલ તરફથી મળેલ સફળ ચુકાદાઓ અને હક્કો પણ ધોવાઇ ગયા.

દાઝયા પર ડામની જેમ જ્યારે ડિવિઝન બેંચની સામે અપીલ ફાઇલ કરવામાં આવી ત્યારે ડિવિઝન બેંચે શ્વેતાંબરોની 'સ્ટે'ની અરજી પણ નામંજૂર કરી અને જ્યારે પ્રબંધક સમિતિની રચના થઇ ત્યારે શ્વેતાંબરો હાંશિયા પર ધકેલાઇ ગયા - સંપૂર્ણ વહીવટી નિયંત્રણમાંથી તેઓ (કમિટિમાં) લઘુમતિમાં આવી ગયા. આ તો છેક દરિયાના તળિયે ડૂબી જવા જેવું થયું. અબજો ડોલરનો પ્રશ્ન એ છે કે શું આ બધું સિંગલ બેંચ અને ડિવિઝન બેંચ સમક્ષ કરાયેલ રજુઆતો બાબત સદંતર ગેરસમવસ્થાને કારણે થયું-અને વળી સુપ્રિમ કોર્ટમાં દોડી જઇ ત્યાં પણ વિરુદ્ધ ચુકાદો મળ્યો ?

શરૂઆતથી જ જ્યારે આ મામલો સિંગલ બેંચ સમક્ષ હતો ત્યારે મેં સલાહ આપી હતી કે સુપ્રિમ કોર્ટના કોઇ વરિષ્ઠ વકીલને આ કેસ માટે રોકવા જોઇએ. પરંતુ તે વખતે જે કોઇ આ

કેસ સંભાળતા હતા તેમણે તેઓ જ જાણે છે તેવા કારણસર આ મામલો એક જુનિયર વ્યક્તિને સોંપ્યો જેણે કોઈ અન્યને સલાહ આપવ ની છુટ પણ ન આપી. મેં કેટલીય વાર તેમની સાથે કોન્ફરન્સ (કાનૂની ચર્ચા) કરવાની તૈયારી દર્શાવી પણ તેનો પણ તેમણે અસ્વીકાર કર્યો. સિંગલ બેંચની સામે જે સંપૂર્ણ રકાસ થયો તેના કારણે શ્વેતાંબરોનો કેસ આજ સુધીની છેક નીચલી પાયરી એ પહોંચી ગયો અને સિંગલ બેંચના ચુકાદા પછી પણ જે કાંઈ બચ્યું હતું તે કમિટિની રચના સાથે સાવ ધોવાઈ ગયું.

આમ છતાંય, ડિવિઝન બેંચની સામે ચાલતી કાર્યવાહીનું અંતે જ્યાંએ જે જ રીતે ચિત્ર અપાતું રહ્યું કે બધું શ્વેતાંબરોના પક્ષમાં જઈ રહ્યું છે. એક અવ્યવહારૂ, સ્વર્ણિમ આશાવાદનું ચિત્ર ખડું કરાઈ રહ્યું હતું જે અવાસ્તવિક હતું અને કોર્ટમાં થતી દરેક સુનાવણીઓના ઘટના ક્રમના સત્ય તથ્યો વિરુદ્ધ હતું. અંતે કોથળામાંથી બિલાડું બહાર આવ્યું અને ચુકાદો આપવાની નિશ્ચિત તારીખ રકાસ થયો, જ્યારે બેમાંથી એક જજે ૯૨ પાનાનું જજમેન્ટ બહાર પાડ્યું, જેના દ્વારા શ્વેતાંબરોના કેસમાં જે કાંઈ બચ્યું હતું તે સઘળું ધોવાઈ ગયું. બીજા જજ કોઈ ચુકાદો ન આપી શક્યા કારણ કે ન્યાયમૂર્તિ મિશ્રાના અભિપ્રાયના સમર્થન કે વિરોધમાં કોઈ પણ આદેશ કે નિર્ણય આપવાની એમણે ના પાડી.

આ બાબતે જે બન્યું તેના દોષી આપણે જ છીએ.

હવે કેટલાક મહત્ત્વના પ્રશ્નો ઉદ્ભવે છે જેના ગંભીરતાપૂર્ણ જવાબો તેમની પાસેથી અપેક્ષિત છે, જેમની ઉપર ડિવિઝન બેંચની સામે આ કેસ ચલાવવાની જવાબદારી નંખાયેલી હતી. તે પ્રશ્નો આ પ્રમાણે છે :

(૧) જસ્ટીસ મિશ્રાએ એવું શા આધારે નોંધ્યું કે શ્રી જૈન (દિગંબરોના એડવોકેટ) ની દલીલ પ્રમાણે આ એક સ્વીકાર કરેલ તથ્ય છે કે જૈનોની કુલ સંખ્યાના ૮૦ % દિગમ્બરો છે ? આ સંદર્ભે જે પ્રશ્નોના જવાબ જરૂરી છે તે છે;

અ) શ્વેતાંબરો તરફથી લેખિત કે મૌખિક દલીલોમાં કોણે આ વાત સ્વીકારી ? જો ન સ્વીકારી હોય તો લેખિત કે મૌખિક દલીલોમાં તેને જોરદાર રીતે રદિયો શા માટે ન અપાયો ?

બ) જો આ રીતે રદિયો ન અપાયો હોય તો નિયત પદ્ધતિ મુજબ રિવ્યૂની અરજી અને એફિડેવિટ શા માટે ફાઈલ કરવામાં ન આવ્યાં જેમાં આ વાત તથા કથિત રૂપે શ્વેતાંબરો દ્વારા સ્વીકાર થયાની વાતને રદિયો અપાયો હોય ?

ક) શ્વેતાંબરો વતી આ કેસ સંભાળનારાઓ શું આ તબક્કે પણ એવું એફિડેવિટ ફાઈલ કરશે જેમાં દિગમ્બરો ૮૦ % અને શ્વેતાંબરો માત્ર ૧૦ % હોવાની વાત ખોટી અને જુઠાણાપૂર્વકની હોવાની કહેવાય ?

૨) જસ્ટીસ મિશ્રાના અભિપ્રાયમાં નોંધવામાં આવ્યું છે કે ટોંક પર આવેલ તીર્થંકરોના પગલાનું નિર્માણ દિગંબરો દ્વારા થયું છે (સંદર્ભ- અભિપ્રાયના પાના ૮૫ અને ૮૭ પર પેરાગ્રાફ ક્રમાંક ૫૪ અને ૫૯). આ બાબતે પ્રશ્નો છે ;

અ) (શ્વેતાંબરો તરફથી) આ વાતનો સ્વીકાર લેખિત રીતે કે મૌખિક દલીલોમાં કોણે કર્યો ?

બ) જો સ્વીકાર ન કર્યો હોય તો જે વકીલ આ કેસની સુનવણી દરમ્યાન સતત હાજર હતા અને કેસના ઈન્ચાર્જ હતા તેમણે એફિડેવિટ ફાઈલ કરી આ બાબતને પડકારી શા માટે નહીં ?

ક) આ તથ્યને રેકર્ડ પર સુધરાવવા માટે રિવ્યુ અરજી શા માટે ફાઈલ કરવામાં ન આવી ?

ડ) આ બાબતને પડકારવા માટે કોઈ સંદર્ભો વિગેરે કોર્ટની સમક્ષ ધરવામાં આવ્યા ? નહીં, તો શા માટે ?

૩) જસ્ટીસ મિશ્રાએ શ્રી જૈનની દલીલોને આધારે નોંધ્યું છે કે ઠરાવિક સ્થિતિ એ છે કે દિગંબરો મૂળ જૈનો છે, અને શ્વેતાંબરો પાછળથી અસ્તિત્વમાં આવ્યા છે. આ વાતને કયારેય પડકારવામાં આવી નથી. શા માટે ?

આ બાબતે પણ ઉપર પ્રમાણેના જ પ્રશ્નોના જવાબ અપેક્ષિત છે.

મારી ભલામણ છે કે આ અભિપ્રાય (જસ્ટીસ મિશ્રાનો ૯૨ પાનાનો અભિપ્રાય) ટ્રસ્ટની કાનૂની સલાહકાર સમિતિના સભ્યોની સામે મુકાવો જોઈએ, જેમાં ઉપર જણાવેલ મુદ્દાઓ આંશિક કે પૂર્ણ રીતે કેટલા સાચા છે તે ચર્ચાવું જોઈએ અને જો સાચા હોય તો પરિસ્થિતિ સુધારવા શું પગલાં લેવા તેની વિચારણા થવી જોઈએ.

૪) જસ્ટીસ મિશ્રાના અભિપ્રાયમાં જ્યાં વકીલોની દલીલોનો ઉલ્લેખ થયો છે, ત્યાં અડધા કરતા પણ ઓછી દલીલોમાં સિદ્ધાર્થ શંકર રેના નામનો ઉલ્લેખ છે અને એવું જણાય છે કે કાં તો એમણે પોતે બધા જ મુદ્દા પર દલીલો નથી કરી અથવા તો જજની સમજફેરને કારણે શ્વેતાંબરોના અન્ય

વકીલોનું નામ તેમના સ્થાને લેવાઈ ગયું હોય. આ સંદર્ભે નીચે પ્રમાણે પ્રશ્નો ઉઠે છે;

અ) શું સિદ્ધાર્થ શંકર રે બધા મુદ્દાઓ પર દલીલો કરવા માટે ઉપલબ્ધ ન હતાં ?

બ) કે પછી શ્વેતાંબરોના વકીલો વચ્ચે દલીલો કરવા માટે મુદ્દાઓની વહેંચણી થઈ હતી ?

ક) કે પછી અન્ય વકીલો દ્વારા એમને માટે નિયુક્ત સમય ક્ષેત્ર કરતાં વધુ સમય વધુ મુદ્દાઓ આવરવામાં આવ્યાં, જેના કારણે એસ. એસ. રે પોતે બધાં જ મુદ્દાઓ પર દલીલ ન કરી શક્યા ?

ડ) એસ.એસ. રે અમુક મુદ્દાઓ પર દલીલ કરી શકવા માટે હાજર રહે તે માટે સુનવણી મોકૂફ રાખવાની કોઈ અરજી કરાઈ હતી, જેના કોર્ટ દ્વારા લેખિત રૂપે ઈન્કાર કરવામાં આવ્યો હોય ?

૬) જસ્ટીસ મિશ્રાનો અભિપ્રાય વાંચતા એવી છાપ ઉપસે છે કે દિગંબરોની સરખામણીમાં આપણી દલીલો ખૂબ જ પ્રભાવહીન, બિન અસરકારક હતી. આ સંદર્ભે પ્રશ્ન ઉઠે છે કે આવી છાપ શું આપણા વકીલોની અપૂરતી તૈયારી અને આપણા કેસમાં અપેક્ષાકૃત ઓછું વજૂદ હોવાને કારણે છે કે પછી જજ દ્વારા ખોટી સ્પષ્ટ અભિવ્યક્તિને કારણે એવી છાપ ઉપસે છે ?

૬) ડિવિઝન બેંચ સમક્ષ થતી સુનવણીઓ દરમ્યાન અને સિંગલ જજ સમક્ષની સુનવણી દરમ્યાન પણ સતત એવી છાપ ઉભી કરવામાં આવતી હતી કે કોર્ટ શ્વેતાંબરોની સાથે છે અને ટૂંકા સમયમાં જ શ્વેતાંબરોના પક્ષે ફેંસલો આવી રહ્યો છે. આ કેસ સંભાળનારા પૈકી એક જજ શ્વેતાંબર સાધુ ભગવંતો વચ્ચે અંદાજનો પ્રચાર કરતા ફરતા હતા કે કોર્ટની કાર્યવાહી શ્વેતાંબરોના પક્ષે જ જઈ રહી છે અને ટૂંકમાં ચુકાદો આવી જશે. વારંવાર આ વાત દોહરાવવામાં આવતી હતી કે આપણે કેસ હારી જવાના છીએ. આ સંદર્ભે પ્રશ્નો ઉઠે છે કે;

અ) શું વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ શંકર રે દ્વારા મૌખિક કે લેખિત આવી આશા આપવામાં આવી હતી અને જો હા, તો કોને ?

બ) આ કેસ ચલાવનારાઓ સ્વભાવથી જ ખૂબ આશાવાદી દેખાય છે અને તેમણે કોઈક વ્યૂહરચના અંતર્ગત આખા કેસ દરમ્યાન ખોટું જ ચિત્ર રજૂ કર્યું. -શું તેમના સિવાય કોઈ ત્રાહિત કે તટસ્થ વ્યક્તિએ આવી આશા આપી હતી ?

ક) જો ના, તો પછી શ્વેતાંબર સમાજને આ ખોટા સમય સટ્ટાના મંડાવાના ભ્રમ હેઠળ શા માટે રાખવામાં આવ્યો ?

૭) જ્યારે એક જજ સંપૂર્ણતયા શ્વેતાંબરોની વિરુદ્ધમાં ગયા છે, ત્યારે બીજા જજ ચૂપ જ રહ્યા છે અને શ્વેતાંબરોની તરફેણમાં ચુકાદો ન આપવા દ્વારા પહેલા જજના અભિપ્રાયને રેકર્ડ ઉપર વાદ-પડકારાયેલ રહેવા દીધો છે. આમાં નીચે પ્રમાણે પ્રશ્નો ઉદ્ભવે છે;

અ) આ કેસ ચલાવનારાઓ બીજા જજને કયા કારણસર તેમનો અભિપ્રાય આપવાની વિનંતી શા માટે ન કરી શક્યા. પછી ભલે ને તે અભિપ્રાયની કોઈ પણ કાયદાકીય અસર રહી હોત ?

બ) શું આ પરિસ્થિતિ બાબત સિદ્ધાર્થ શંકર રે સાથે કોઈ મસલત કરવામાં આવી અને તેમનો લેખિત અભિપ્રાય શું હતો ?

ક) જ્યારે એક જજે પોતાનો અભિપ્રાય આપી દીધો અને બીજા જજ એમનો અભિપ્રાય પાછળથી અપાશે એવું જણાવ્યું, કારણ કે આ બાબતનો અભ્યાસ કરવાનો એમને પૂરતો સમય ન હતો, તો આ પરિસ્થિતિ બાબત સુપ્રિમ કોર્ટના કોઈ વરિષ્ઠ વકીલની સલાહ લેવામાં આવી હતી ?

૮) આ બધા કડવા અનુભવો સંદર્ભમાં મેં સલાહ આપી હતી કે સુપ્રિમ કોર્ટમાં અરજી કરીને આ કેસ પટના હાઈકોર્ટમાંથી સુપ્રિમ કોર્ટમાં લઈ જવો જોઈએ અને તે માટેના રસ્તા અને રીત પણ સૂચવ્યા હતા. શું આ સલાહ પર સુપ્રિમ કોર્ટના કોઈ વરિષ્ઠ વકીલ સાથે ચર્ચા કરી એમનો અભિપ્રાય મેળવવામાં આવ્યો હતો. ?

૯) શું આ બાબત ટ્રસ્ટની કાયદા વિષયક કમિટિ સમક્ષ મૂકવામાં આવી હતી, અને જો હા, તો સમિતિના બધાં જ સભ્યોને શા માટે મિટિંગમાં બોલાવવામાં આવ્યા ન હતાં ?

મારા મસ્તિષ્કમાં ઉઠતા આ બધા પ્રશ્નો (કે જે લાખો શ્વેતાંબરોનાં મગજને પણ આંદોલિત કરી રહ્યા હશે) છતાં આ કાયદાકીય લડતને મોટી બેંચ પાસે લઈ જવાની વાત શ્વેતાંબરો હજી એક યા બીજા કારણે લંબાવી રહ્યા છે. જેને લીધે જંગી ખર્ચ થઈ રહ્યો છે, જે ખર્ચ સુપ્રિમ કોર્ટ સમક્ષ આ મામલો લઈ જઈ હજુ પણ ઘટાડી શકાય છે.

મારું દ્રઢપણે માનવું છે કે બંધારણની કલમો પર આધારિત આ ગંભીર મામલામાં એક અથવા તો બીજા પક્ષ અંતે તો સુપ્રિમ કોર્ટમાં જશે જ, જેમાં બે કે ચાર વર્ષ લાગશે

અને ત્યારે બાદ બે - પાંચ વરસે સુપ્રિમ કોર્ટમાં તેનો ચુકાદો આવે.

હવે ટ્રસ્ટ અને એની કાયદા વિષયક સમિતિ સામે પ્રશ્ન એ છે કે શું તે તાંબર સમાજે ચુનવાગીની દરેક તારીખે ખૂબ મોટો ખર્ચ કર્યે જવો કે જ્યારે દરેક તારીખે કોઈક ને કોઈક કારણસર કેસ મુલતવી જ થવા કરે અને ત્યાર બાદ પટણા હાઈ કોર્ટની મોટી બેંચ કે ઈ પણ પક્ષે ચુકાદો આપે અને અંતે મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચે અને આ બધી પ્રક્રિયામાં ઓછામાં ઓછા બીજા ૨૦ વર્ષ કે જ વધીને ૨૦ કે ૩૦ વર્ષ પાછા થાય, એટલો સમય વીતે ?

શું બિહાર સરકાર કે હવે પછી ઝારખંડની સરકાર અને તેના રાજકારણીઓ અને અધિકારીઓને ખુશ રાખવા પાછળ જબ્બર ખર્ચ માત્ર એટલા માટે કર્યે રાખવો કે કોર્ટ દ્વારા નિમાયેલ કમિટિ નિષ્ક્રિય રહે અથવા તો જ્યારે પાછી એ કમિટિ મળે ત્યારે તેની પાસેથી આપણી તરફેણના આદેશો મળતા રહે અને આ કેસનો અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી તે કમિટિ ન્યાયિક ચુકાદાઓને અવગણતી રહે ?

મેં બીજી ત્રેવીસને સુપ્રિમ બોર્ડના મુજબ આ કેસને અધ્ધર જ પ્રશ્નો કરી છૂટી સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરી લેવો જોઈએ, જ્યાંથી એક જ અંતિમ ચુકાદો મળી જાય, જેથી સમસ્ત શ્વેતાંબર સમાજ અનિશ્ચિતતા, વારંવારના વધતા ખર્ચ, અપમાન અને કેસમાં હારવાની હારમાળામાંથી બચી જાય. શું આ ઉચિત નથી ?

શું બિહાર સાથે સમાધાનના બધા જ પ્રયત્નો કરી છૂટવા જોઈએ ? જો, જો સમાધાન મારે મત, આ કમિટિ નીમાવા કરતાં વધારે ? શક્ય તો નહીં જ હોઈ શકે, જેમાં શ્વેતાંબરોની અપેક્ષાકૃત તાકાત સાવ ઘટી જાય છે ?

છેલ્લે એ ન ભૂલવું જોઈએ કે દસેક વર્ષ પહેલાં કે તેથી જરા થોડો સમય પહેલા, જ્યારે કસ્તૂરભાઈ હયાત હતા અને તેમની હયાતી બાદ પણ થોડાક સમય સુધી દિગંબરો સમાધાન માટે તૈયાર હતા, જેમાં સમપ્રમાણમાં વારાફરતી મેનેજરો અને ટ્રસ્ટી બદલાતા રહેવા ની વાત હતી. પરંતુ શ્વેતાંબરો આ સમાધાન માટે તૈયાર ન હતા. જોકે શ્રાવકો કોઈક અંશે તૈયાર હતા પરંતુ મોટા ભાગે સાધુ- ભગવંતો તૈયાર ન હતાં.

દરેક વર્ષ વીતતા વર્ષ સાથે અને કેસના દરેક ચુકાદા સાથે પરિસ્થિતિ વધુ કથળતી જ રહી છે. એક વાર તો અશોક જૈન **પોતે મારા ઘરે આવ્યા અને પ્રતીક્ષા કક્ષમાં અડધા કલાક સુધી બેસી પ્રતીક્ષા કરી, કારણ કે કોઈક કારણસર મારા કક્ષમાં મને સૂચના પહોંચાડવામાં ન આવી શકી.** પછી જ્યારે હું તરત જ એમના ઘરે ક્ષમા-યાચના માટે ગયો કે મારો સ્ટાફ એમને ઓળખતો ન હોવાથી આ ગડબડ થઈ, ત્યારે પણ તેઓ બાબતે શરતોએ સમાધાન માટે તૈયાર હતા.

પરંતુ, દુર્ભાગ્યવશ શ્વેતાંબરોમાં રોચના વહીવટકારો તેમની પોતાની અવાસ્તવિક બુલેટ અને કેસમાં આપણી તરફેણનો જ ચુકાદો આવશે તેવી માન્યતાથી ઘેરાયેલા રહ્યા, જેને કારણે તેમના દિવાસ્વપ્નો ચકનાચૂર થઈ ગયા.

આ બધું થવા છતાં, જો હજુ પણ આત્મનિરીક્ષણ કરતા પરિસ્થિતિની કંઈક સમજણ આવી હોય તો ટ્રસ્ટે તેની કાયદા વિષયક સમિતિની અથવા તો આખી કારોબારીની મિટિંગ બોલાવવી જોઈએ, જેમાં આ બાબતે ગંભીર અને પ્રમાણિક ચર્ચા વિચારણા થવી જોઈએ કે શ્વેતાંબરોના શુભેચ્છક હોય તેવા કુશળ અને સંચાલન શક્તિથી ભરપૂર વ્યક્તિઓની મદદ આ વિષયો પર નિર્ણય લેવાની પ્રક્રિયા માટે જરૂર છે કે કેમ ? જો આવું ન કરાય તો જેમ લંડનમાં "ચેંજ ઓફ ગાર્ડ" (રક્ષકો બદલવા) નો વિધિ થાય છે તેમ સંપૂર્ણ કે આંશિક રૂપે રક્ષકો બદલવાનો વિધિ કરવો જરૂરી છે, પછી ભલે તે વિધિ ચુપચાપ ન કરાય કે અવિનયી કરાય. પણ આવું કરવું હવે અનિવાર્ય બની ગયું છે.

મારો કાળજીપૂર્વકનો વિચાર અને એવો મત છે કે સમાધાન અને માત્ર સમાધાન જ શ્વેતાંબરોને એવી તારાજીમાંથી બચાવી શકશે, જ્યાં હવે તેઓ પહોંચી ચુકયા છે કે હવે પછીનું વધુ તારાજીમાં પહોંચવાનું છે. ચૂલ્હેચ્યાને નામે જેનાતું દરેક પગલું વધુ ને વધુ આત્મઘાતી નિવડવાનું છે.

વ્યક્તિઓ અને સમાજના જીવન-ઈતિહાસમાં એવી ક્ષણો આવે છે કે તેમને રાહમાં અટકી જઈ હૃદયને ઢંઢોળવું પડે છે, કરેલા અને અવગણેલા કાર્યો બાબત આત્મ-નિરીક્ષણ કરવું પડે છે. ત્યાર બાદ તેઓ જૂના અનુભવો થકી વધુ ડાહ્યા અને સમજુ બને છે અને વણસેલી પરિસ્થિતિને સુધારી લેવા પ્રવૃત્ત બને છે, નહીં કે આખા માળખાને એવી રીતે ભોંયભેગું થવા દઈ જેમાં બચાવની કોઈ આશા ન રહે.

લાલુ પ્રસાદના અધ્યાદેશની વેળાએ સંસદમાં મેં કરેલ સમયસરના હસ્તક્ષેપને કારણે આપણે જે કોઈ મેળવ્યું તે ગિરિ

...ય અને ત્યાર બાદ ડિવિઝન બેંચના ચુકાદામાં ખોઈ નાખ્યું. ...હીરો'' માંથી આજે આપણે ''ઝીરો'' છીએ.

ઉપરોક્ત પ્રશ્નો ઉઠાવવા માટેની મારી નિખાલસતા, મારી સ્પષ્ટ નિડરતા અને નિષ્કપટતા માટે મને દરગુજર કરવામાં આવે. આ પ્રશ્નો કોઈના પ્રત્યે દુર્ભાવ અને દ્વેષ પ્રેરિત નથી અને તે રીતે જ લેવાવા જોઈએ. જોકે આ વિષયે ઘણું મોડું થયું છે, પરંતુ સર્વથા નહીં જાગવા કરતા મોડું જાગવું પણ સારું છે.

સહુ પ્રત્યે પૂર્ણ આદરભાવ સાથે, કોઈના પ્રત્યે પણ દ્વેષ ...લત અને ખૂબ ઉંડાણપૂર્વકના મિચ્છામિ દુક્કડમ સાથે,

અંત: કરણપૂર્વક આપનો

(સહી)

(જસ્ટીસ ગુમાનમલ લોઢા)

શ્રી પ્રકાશ ઝવેરીજી
કાર્યકારી નિર્દેશક
એસ. એમ. જ. તીર્થરક્ષા ટ્રસ્ટ
૧૦૦૧, મેજેસ્ટિક શોપિંગ સેન્ટર, ૧૦ મે મા ૧,
૧૪૪, જે. એસ. એસ. રોડ, ગિરગામ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.

સમાચાર સાર

...ડારમાં શાશ્વતી ચૈત્રી ઓળી : અત્રે પ. પૂ. આ. ભ. શ્રી વિજય ...ચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી જિનદર્શન વિજયજી મ. ...નિશ્રામાં સમરથમલજી સુરજમલજી ચોવટીયા પરિવાર તરફથી શાશ્વત ...ી ઓળીનું મંગલ આરાધન નક્કી થયું છે. ૪૫ આગમ વરઘોડો શ્રી ...વીર જન્મ કલ્યાણક વરઘોડો ચૈ. સુ. ૧૩ ચડશે. ૪૫ આગમ મહાપૂજા ...છોડ ભરાવવા સાથે થશે.

...જમખંડી (કર્ણાટક): પૂ. મુ. શ્રી પુન્યરક્ષિત વિ. મ., પૂ. મુ. શ્રી ...યબોધિ વિ. મ., પૂ. મુ. શ્રી આત્મ રક્ષિત વિ. મ. ની નિશ્રામાં ચૈ. વદ ...વિવારથી તા. ૧૧-૩-૨૦૦૧ અઢાર અભિષેક, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ...પંચાલિનકા મહોત્સવ ઉજવાયો.

વડાલા ખાતે ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા સંયમ અનુમોદના - સ્વર્ગતિથિ અને જીવિત મહોત્સવની ઉજવણી

વડાલા કાત્રક રોડ, શ્રી મહાવીર સ્વામી જૈ. શ્વે. મૂ. પૂ. જ્ઞાનમંદિર ટ્રસ્ટના જિનાલયમાં તા. ૧૮ થી ૨૩ સુધીમાં એક પ્રભાવક મહોત્સવ ...વાયો. મહોત્સવ માટે નિમિત્ત બન્યાં. (૧) તપાગચ્છાધિપતિ પૂ. ...શ્રી. વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની મનોહર મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા (૨) પ્રસ્તુત સંઘના સ્થાપક પ્રેરક પૂજ્ય મુનિશ્રી કૈલાશપ્રભવિજયજી મ. ...૨૫ મી સ્વર્ગારોહણ તિથિ (૩) ટ્રસ્ટના સેટલર શ્રી ચંપકલાલ ...વાણીની ૨૫ મી સ્વર્ગતિથિ અને (૪) શ્રીમતી રંભાબેન સી. ...વાણીના ધર્મસુકૃત્યોની અનુમોદનાર્થે જીવિત મહોત્સવ. આ ચાર ...થી જૈનાચાર્ય પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મ. ના શિષ્યો પૂ. ...ચાર્ય શ્રી વિ. ગુણયશસૂરિજી મહારાજ તથા પૂ. આચાર્ય શ્રી વિ. ...ર્તિયશસૂરિજી મહારાજની સંઘે અત્રે પધરામણી કરાવી. તા. ૧૮ ના ...દર સામૈયાં બાદ પ્રવચન થયેલ અને ૫૦ રૂા. તથા શ્રીફળની પ્રભાવના થયેલ. રોજ રોજ સુંદર પ્રવચનમાં હોલ ચકોરોથી ભરા ...જતો. રોજ રૂા. ૧૦-૧૩-૧૩ એમ પ્રભાવના થઈ છેલ્લાં દિવસે રૂા. ૩ તેમજ શ્રીફળની પ્રભાવના થયેલ. રોજ પૂજા પૂજનો વિવિધ સંગીતકારો ...રા ભણાવાયેલ. નવાણું પ્રકારી પૂજા બહેનોના મંડળે શાસ્ત્રીય રાગોમાં ભ ...ણાવેલ. કાર્તક વદ ૧૩ ગુરુવાર તા. ૨૩-૧૧-૨૦૦૦ ના સવારે ૯ કલાકે ...આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની મનોહર ગુરુમૂર્તિના પાંચ અભિષેકની વિધી થયેલ. બે અભિષેક લલવાણી પરિવારે કરેલ. ...ારે અન્ય માટે ઉછામણીઓ થતાં સુંદર ઉપજ થવા પામેલ. શુભમુ ...ર્તે જિનાલયની ઓસેરીમાં બનાવેલ કમલાકાર આરસની દેરીમાં ગુ ...મૂર્તિની પ્રતિષ્ઠા લલવાણી પરિવારે કરેલ. આબેહૂબ ગુરુમૂર્તિ જોતાં ...પૂજ્ય શ્રીની યાદ સતેજ થવા પામે છે. પ્રતિષ્ઠા બાદ વ્યાખ્યાનમાં શ્રીમતી રંભ ...બેન લલવાણીનું એમના પીયરના પરિવારે તેમજ શ્રી સંઘે બહુમાન કરેલ. ...પધારેલ તમામની સાધર્મિક ભક્તિ પણ લલવાણી પરિવારે યોજેલ. મ ...ોત્સવ દરમ્યાન સમગ્ર વસ્તુને ખૂબ જ સુંદર રીતે સજાવવામાં આવેલ. ...લબાગ તેમજ મુલુંડથી સ્પેશ્યલ બસોમાં ભાવિકો પધારતા અન્ય સ્થ ...ોથી પણ સારી સંખ્યામાં ભાવિકો આવેલ. મહોત્સવ દરમ્યાન પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિ. કીર્તિયશસૂરીશ્વરજી મહારાજના પ્રભાવક પ્રવચ ...ો થતાં અને રાત્રે પૂ. મુ. શ્રી મતિરત્ન વિજયજી મ. ના પ્રવચનો થતાં. ...ત્ર પ્રવચન તેમજ પૂજા પૂજનોમાં વિશિષ્ટ પ્રભાવનાઓ રહેતી. પાંચે દિ ...સ ત્રણ ટંક માટે બહારગામના સાધર્મિકો માટે ભક્તિની વ્યવસ્થા લ ...વાણી પરિવારે યોજેલ. અંતિમ દિવસે સંઘ પૂ. આચાર્યદેવશ્રીનો પ્રતિ ...પ્રસંગ સાનિધ્ય પ્રદાન કરવા બદલ આભાર માન્યો હતો. આ પ્રસંગે જી ...દયાની ટીપ પણ થવા પામેલ.

પૂજ્યશ્રીની પ્રતિમાની પ્રતિષ્ઠા સાથે અત્રે જિનભક્તિની જેમ ગુરુભક્તિની સુંદર તક પ્રાપ્ત થવા પામી છે.

દોમદોમ સાહ્યબી અને ફાટફાટ થતી સંપત્તિ એ પિશાચકર્મથી જ મળે છે

પ્રોફેસર : હંસાબેન ડી. શાહ - અઠવા લાઈન્સ- સુરત

લક્ષ્મ પાપનાં હેતુભૂત છે. અને સંસાર ભ્રમણ આપનારી છે. મમ્મણ શેઠનું દ્રષ્ટાંત, જુલીયર સીઝર, નેપોલીયન બોનાપાર્ટ, સિકંદરના ચારિત્રો આજ બતાવે છે, સુખ મેળવવા ખાતર ધન મેળવવાની પ્રવૃત્તિ આજે જૈનોમાં વધ રહી છે, ધનની ધમાધમ જે ચાલી રહી છે તે અતિ ખેદ ો અને વિચારવાનો વિષય છે. ધન - પરભવમાં ુર્ગતિ, આ ભવમાં ભય અને ધર્મ વિમુખતા આપે છે. ર ને કેટલીકવાર તો પોતે પેદા કરેલા પૈસા ઘણે ભાગે બીજા ાં જ ઉપયોગમાં આવે છે.

પૈસો પેદા કરવા આખી જિંદગી વેઠ કરે છે. પરદેશ ગમન કરે છે. આર્યસંસ્કૃતિ અને શ્રાવકપણાને ન છાજે એવી રીતે ીચની સેવા, નીચનો સંગ, ખુશામત અને ૧૮ પાપસ્થાનકે કરાવે એવા કાર્યમાં નાણાંનું રોકાણ, અનેક દોષોથી ભ પૂર એવી ખટપટ, એકાંતે ઉપાધિ, મનની અશાંતિ આ નારા કાળા કર્મ કરે છે. હજાર મળે - લાખની અને લાખ ળે તો કરોડની ઉત્તરોત્તર ઈચ્છા વધતી જાય છે. પૈસા ાવવાનું કાર્ય કદી પૂરૂં થતું નથી. પૈસાના વિચારમાં ાણી એટલો બધો લુબ્ધ થઈ જાય છે કે, પોતાના પિ ધર્મ, માતૃધર્મ, પતિધર્મ, ભકત - સાધર્મિક ધર્મ વિગેરે ર્મો ભૂલી જાય છે. એને પૈસાના વિચારમાંજ મઝા આવે . ધર્મનું નામપણ એને યાદ આવતું નથી.

જૈન ગત પાસે તો દેવતાઈ સામગ્રી સાગરને ઠોકર મારનારા શાલીભદ્રજીનાં જીવનનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત છે એક માત્ર શ્રેણિક રાય એના ઘરે જાય છે ને એને કેટલું દુઃખ લાગી જાય છે કે મારે માથે રાજા છે અને આજે તો ઘરે પોલીશ, અ ઈટી ઓફીસરો, સમન્સ, કેદ, સજા આ બધું છતાં અનાદિ થી જીવ દ્રવ્ય લોભમાં તણાતો જાય છે. આની સામે કેટલા ની દલીલ છે કે, 'ધર્મ માર્ગે પણ ધન વપરાય છે ને ? શાસ કાર તો કહે છે કે, ધર્મ માટે પૈસા મેળવવાની ઈચ્છાથી ધ મેળવવું તેના કરતાં ઈચ્છા ન કરવી સારી છે, પગને કાદવ માં મૂકવો અને પછી ધોવા જવું એના કરતા કાદવનો સ ર્શ ન કરવો એ વધારે સારૂં છે. ધનની લોલુપતાના લોક પ્રવાહમાં તણાઈ જવું યોગ્ય નથી. દુનિયા જે દ્રવ્યવાનોને સુખી ધારતી હોય છે. તેનાં અતઃકરણને પૂછો ! કેટકેટલા ષટકાય (સંજ્ઞ પંચેશ્રીય) જીવોનાં પ્રા ો લઈને સુખ ભોગવતા હોય છે. ભૌતિકસુખ અને ભૌતિક સામગ્રીની રેલમછેલ કયાં સુધી ચાલે ? પૂન્યાઈ હોય ત્યાં સુધી ! પૂન્ય પાતળુ પડે એટલે 'સ્વપ્નલોક'ની ઉભી કરેલી સૃષ્ટિ પણ છોડવી પડે અને એકાંતે ઉપાધિના શરણે જવું પડે છે. દોમદોમ સાહ્યબી અને ફાટફાટ થતી સંપતિ ભેગી કરવામાં પિશાચકર્મ જ કરવું પડે છે. ચાણકયે વર્ષો પહેલા લખેલી આ વાત આજે જૈનો માલેતુજાર બનવા કેવા કેવા અખતરા કરે છે તે આપણે જોઈ રહ્યા છીએ. ખૂબજ નજીકનાં ભૂતકાળમાં થઈ ગયેલા શાસન હિત ચિંતક હિત રક્ષક પૂ. આ. દેવેશ ગચ્છાધિપતિજી વિજય રામચંદ્ર સૂ. મહારાજા હંમેશા કહેતા કે, તાવેલા ઘીથી ચોપડેલી રોટલી અને થીંગડા વિનાના વસ્ત્રો મળી રહે પછી શ્રાવકે બજારમાં જવાની શી જરૂર છે ? આ વાત ઘણુ કહી જાય છે. આહારસંજ્ઞા કેવી હોવી જોઈએ ? ધનની મૂર્છા એજ પરિગ્રહ છે. પણ આજે તો આંતરિક બજાર તો શું ? આંતરરાષ્ટ્રીય બજારમાં જૈનો જે રીતે ફરી રહ્યા છે. તે કહેવાય એવું નથી. વેપારનાં સોદા ફાઈવસ્ટાર હોટલમાં થાય છે. અને આવી હોટલોમાં ''જૈન આઈટેમન્સ''ના બોર્ડ લટકે છે. ફાઈવસ્ટાર હોટલોમાં માંસાહારી પદાર્થો અને મદિરા પીરસવાની હોય છે. એટલું જ નહીં પણ પાંચે ઈન્દ્રીયોને બહેકાવે એવા નગ્ન, અર્ધનગ્ન નાચ ગાન થાય છે પરદેશ જનારા જૈનો પણ એવી હોટલોમાં ઉતરે છે ટી.વી. અને વિડીયો જે પશ્ચિમનો એઠવાડ છે તેણે તો આર્ય સંસ્કૃતિના આદર્શને પલિતો ચાંપ્યો છે જે સંસ્કૃતિ ત્યાગની આધાર શીલા પર ઉભેલી છે ત્યાં એક રાતમાં કરોડપતિ બનવાની જાહેરાતોએ ધનલોલુપતા વધારી નથી. પણ યુવાવર્ગમાં આ લોલુપતા બ્હેંકાવી છે. અને તેથી જ ન કરવાના કામો થાય છે. આ લોલુપતા તૃષ્ણા બની ગઈ છે અને એ તૃષ્ણાનો અંત નથી તે દુર્ગતિના દ્વાર ખોલી રહી છે કહેવાયું છે કે :

महारंभाओ महा पररिग्गहए कुणिमहारेणं ।
पचिंदिवहेण जीवा निरयाउअंअज्जई ।।

અર્થાત્

મહા આરંભથી મહા પરિગ્રહથી, માંસાદિ અભક્ષ્ય આહારથી અને પંચેન્દ્રિયજીવોનાં વધ કરવાથી જીવો નારકીનું આયુષ્ય બાંધે છે.

- અનુ

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.



■ આખું જગત અનાચારમાં રમે છે, અનાચાર સંસારમાં રખડાવનાર છે. જીવનમાં ન કરવા યોગ્ય જે કાંઈ કરો તે બધું અનાચારમાં આવે, કરવા યોગ્ય કરવું તે આચારમાં આવે.

■ સમ્યગ્જ્ઞાન - સમ્યગ્દર્શન - સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ તે ચાર શ્રી વીતરાગદેવના શાસનની મૂડી છે. તે જ શાસન છે.

■ જે સુખ આત્મહિતને હણે તે સુખની જૈન શાસનમાં કૂટી કોડીની પણ કિંમત નથી ?

■ વંદણા એટલે તેના જેવો ઊંચી કોટિનો વિનય કોઈ જ નથી. દુનિયામાં ઘણા વિનય ચાલે છે પણ તે નિષ્ટના છે આપણે ત્યાં આત્મકલ્યાણનો વિનય છે.

■ કોયાથી સુખી થવાની કળા શ્રી જૈનશાસન શીખવે છે !

■ સાધુપણું અને સિદ્ધપણું એ જ આત્માનો સાચો વકરો છે.

■ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સારા હોવા જોઈએ. સારા એટલે માર્ગસ્થ !

■ ભણવાનું વિદ્વાન થવા માટે નહિ, વાતો કરવા માટે નહિ પણ વસ્તુતત્ત્વ સમજવા માટે અને જીવનમાં આચરવા માટે છે.

■ તમને મૂરખ રાખવામાં અમને મજા હોય તો અમારા જેવા મૂરખ કોઈ નથી.

■ અહીં - ધર્મસ્થાનમાં - જો બધા મોક્ષ માટે જ આવતા હોય તો કોઈ સાધુની દેન છે કે, સંસારની વાત કરી શકે.

■ શ્રાવક - શ્રાવિક વર્ગ જો મોક્ષનો જ અર્થી થઈ જાય તો ધર્મસ્થાનો - મંદિર - ઉપાશ્રયમાં ધર્મ વિના બીજી વાત શેની થાય ?

■ જે માત્ર આલોકના સુખના, માન - પાનના જ અર્થી હોય અને મોક્ષના સાચા અર્થી ન હોય તેવા બહુ ભણેલા, વિદ્વાન ગણાતા આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ હોય તો ય ગરબડ ચલાવે, વખતે ઊંધે માર્ગે પણ ચઢાવે. દુનિયામાં પણ તમારે એકલા હોંશિયારની કિંમત કે પ્રામાણિકની પણ ?

■ સમ્યગ્જ્ઞાન ને કહેવાય જે મોક્ષની અભિરૂચિ કરાવે, જીવાદિ નવ તત્ત્વો ભણાવે, ત્યાગમય જીવન જીવાડે અને ચારિત્રને પણ પમાડે અને સારું પળાવે.

■ જે સાધુ તમારી આગતા - સ્વાગતામાં પડે તો શાસ્ત્રની આગતા - સ્વાગતા ઊડી જાય. પછી ક્યાં જવું પડે !! સાધુથી ગૃહસ્થનો વિનય - વૈયાવચ્ચ કરાય નહિ તે સમજો છો ને ?

■ મરજી મુજબ સ્વચ્છંદીપણે ચાલનારા આત્માનું કાંઈ ભલું થવાનું નથી. તેના તપ - જપની કાંઈ કિંમત નથી. આપણે ત્યાં આજ્ઞાંકિતની કિંમત છે.

■ સ્વચ્છંદતા સારી કે આજ્ઞાંકિતતા સારી ? દુનિયામાં પોતાની મરજી મુજબ જીવાય ? જો ઘરમાં પણ મરજી મુજબ ન જીવાય. દુનિયામાં પણ મરજી મુજબ ન જીવાય તો સાધુપણામાં તો મરજી મુજબ જીવાય જ કેમ ?

■ સાધુની ઓઘો ચોકી ન કરે તો બીજાું કોણ કરે ? માણસ પોતાની ચોકી ન કરે તો બીજો કોણ તેની ચોકી કરે ?

■ સુદેવ - ગુરુ - ધર્મની આજ્ઞા નહિ માનનારાને નઠોરમાં નઠોર અનેકની આજ્ઞા માનવી પડશે, અનેકના દાસ થવું પડશે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
c/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
6020

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર
નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

વર્ષ ૧૩ અંક ૩૫

વિનય અને અવિનયનું ફળ

दोसा वि गुणा विणयाउ,
होंति दोसा गुणा वि अविणीए ।
सज्जणजणमणरंजण -
जणणी मेत्री वि विणयाओ ॥
(શ્રી સંવેગરંગશાળા, ગા. ૧૬૦૯)

વિનયના કારણે દોષો પણ ગુણરૂપ બને છે જ્યારે અવિનીત આત્માના ગુણો પણ દોષરૂપ બને છે. સજ્જન પુરૂષોના મનનાં રંજનને ઉત્પન્ન કરનારી મૈત્રી પણ વિનયથી પ્રાપ્ત થાય છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રન્થમાલા

શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) ગુજરાત.

શ્રી શ્વે. મૂ. જૈન સંઘો તથા ભાવિકોને વિનંતિ

પ્રભાવના માટે ઉપયોગી પુસ્તકો મંગાવો

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન ગુજરાત-હિન્દીમાં તૈયાર છે

ગુજરાતી ભાગ-૧ મૂલ્ય રૂા. ૬૫૦ ✻ ગુજરાતી ભાગ-૨ મૂલ્ય રૂા. ૮૦૦

હિંદી ભાગ-૧ મૂલ્ય રૂા. ૬૫૦ ✻ હિંદી ભાગ-૨ મૂલ્ય રૂા. ૬૫૦

અંગ્રેજીમાં છપાય છે

બંનેમાં ભારતભરના તીર્થો, મોટા શહેરો અને તીર્થોની પંચતીર્થી વિગેરેના ચાર કલરના ફોટા, રસ્તા સહિતના નકશા, ઇતિહાસ અને બીજી માહિતી છે. ભારત ઉપરાંત કેન્યા, લંડન, જાપાન, અમેરિકાના મંદિરોના ફોટાઓ અને ઇતિહાસ પણ છે. આપની નકલ જલદી મેળવી લો. પ્રસંગોમાં અને પારણામાં આ મહાન ગ્રંથ પ્રભાવના તરીકે આપી શકશો.

ઘરનો ભંડાર : ભંડારનો શણગાર

ક્રમ	ગ્રંથનું નામ	મૂલ્ય રૂા.
૦૧	જૈન રામાયણ ૧૦૦૦ પેજ (પૂ. રામચંદ્રસૂ. મ.)	૩૦૦/-
૦૨	ઉપમિતિભવ પ્રપંચા ભાષાંતર ભાગ ૧-૨-૩ (૧૪૦૦ પેજ)	૩૦૦/-
૦૩	પંચ પ્રતિક્રમણ વિવરણ (૧૦૦૦ પેજ) (પૂ. પ્રભુદાસભાઈનું વિવરણ)	૩૦૦/-
૦૪	કલ્પ બારસા સૂત્ર સચિત્ર હિંદી લીપી	૧૫૦/-
	ગુજરાતી લીપી	૧૫૦/-
૦૫	કલ્પસૂત્ર પૂજા વ્યાખ્યાન સચિત્ર, આઠ દિવસના વ્યાખ્યાન	૩૦/-
૦૬	વિવિધ પૂજા સંગ્રહ (૪૦ પૂજા)	૭૦/-
૦૭	લઘુ પૂજામૃત સંગ્રહ (૨૦ પૂજા)	૨૦/-
૦૮	કલ્પસૂત્ર ચિત્રાવલી	૧૦૦/-
૦૯	વિધિયુક્ત પૌષધ વિધિ	૨૦/-
૧૦	સઝાય માલા	૧૫/-
૧૧	શત્રુંજય ઉદ્ધાર રાસ	૫/-
૧૨	જિનેન્દ્ર ભક્તિ સુધા	૫૦/-
૧૩	બે પ્રતિક્રમણ સૂત્રો	૨૫/-.
૧૪	બે પ્રતિક્રમણ અંગ્રેજી	૨૫/-
૧૫	બે પ્રતિક્રમણ વિધિ સહિત	૨૦/-
૧૬	સામાયિક ચૈત્યવંદન સૂત્રો	૪/-
૧૭	સામાયિક સૂત્રો (અંગ્રેજી)	૬/-
૧૮	સામાયિક વિધિસહિત	૨૦/-
૧૯	સામાયિક વિધિસહિત (અંગ્રેજી)	૨૫/-
૨૦	ગહુંલી ગુંજન (અંગ્રેજી-ગુજરાતી)	૨૫/-
૨૧	નવાણુંની ચિત્રાવલી (ગુજરાતી)	૪૦/-
૨૨	નવાણુંની ચિત્રાવલી (અંગ્રેજી)	૫૦/-
૨૩	સત્કર્મ ચિત્રાવલી (અંગ્રેજી)	૩૦/-
૨૪	સત્કર્મ ચિત્રાવલી (હિંદી)	૩૦/-
૨૫	યોગશાસ્ત્ર ભાષાંતર	૨૫/-
૨૬	અનેકાર્થ સંગ્રહ ટીકા ભાગ-૧	૧૦/-
૨૭	અનેકાર્થ સંગ્રહ ટીકા ભાગ-૨	૩૦/-
૨૮	અનેકાર્થ સંગ્રહ મૂળ ભાષાંતર	૩૦/-
૨૯	ધનંજય નામમાલા	૩/-
૩૦	જિનેન્દ્ર સ્તવનાદિ સમુચ્ચય (પ્રાચીન સ્તવનો)	૩૬/-
૩૧	તપોરત્નમહોદધિ	૧૬/-
૩૨	પ્રભુદાસભાઈ અભિનંદન ગ્રંથ	૧૫/-
૩૩	જિનેન્દ્ર સ્તવનાવલી (પોકેટ)	૨૫/-
૩૪	મન્દજિનાણા કર્તવ્યો	૧૦/-
૩૫	ભરહેસર ચરિત્રો	૨૦/-
૩૬	લેખામૃત સંગ્રહ	૪/-
૩૭	દીવાળી વ્યાખ્યાન	૧૦/-
૩૮	મહા સતી સુલસા	૮/-
૩૯	Rals Here and there	૨૦/-
૪૦	પ્રતિક્રમણ હેતુ	૨૪/-
૪૧	પૃથ્વીમાલ કાકજંધ કથા	૧૦/-
૪૨	આત્મારામજી ગુણાનુવાદ રામરાજ્ય	૧૨/-
૪૩	પારસમણી	૧૦/-
૪૪	સ્નાત્ર પૂજા	૩/-
૪૫	જ્ઞાનપદ પૂજા	૩/-
૪૬	બારવ્રતની નોટ	૨/-
૪૭	પંચકલ્યાણક ઉજવણી સંવાદ	૧૫/-
૪૮	દર્શનાચાર અતિચાર વ્યવસ્થા	૨૫/-
૪૯	જિનેન્દ્ર ભક્તિ ભાવના (ગીતો)	૨૦/-
૫૦	ભક્તિ રસ પ્યાલા	૫/-
૫૧	અક્ષય તૃતીયા	૭/-
૫૨	પ્રભુ મહાવીર દેવ	૭/-
૫૩	મંગલ કલશ કથા	૩/-
૫૪	મહામંત્ર પ્રભાવ	૮/-
૫૫	નમસ્કાર પદ સ્તવન	૪/-
૫૬	કુલભૂષણ (કથા)	૧૦/-
૫૭	પરોપકારી ચક્રવર્તી	૫/-
૫૮	હોલીકા વ્યાખ્યાન	૫/-
૫૯	જિન પૂજાના અધિકારી	૧૫/-
૬૦	શ્રીપાલ રાસ (મૂલ)	૮/-
૬૧	ગજસિંહ કથા	૬/-
૬૨	ધર્મ સર્વસ્વ અધિકાર	૬/-
૬૩	સુબોધ લેખામૃત સંગ્રહ	૪/-
૬૪	શત્રુંજય ઉદ્ધાર રાસાદિ	૫/-
૬૫	અઢાર અભિષેક વિધિ	૬/-
૬૬	સંખ્યા વાચક શબ્દ કોષ	૫/-
૬૭	નવયુગ સર્જક આત્મારામજી	૬/-
૬૮	Mahatma Matsyodar	૬/-
૬૯	શોભન મૂર્તિ અને કૃતિ	૬/-
૭૦	ગણધર ત્રય ચરિત્ર	૨/-
૭૧	આત્મારામજી વિહાર	૬/-
૭૨	કલ્પદ્રુમ (૫૪ કથાઓ)	૮/-
૭૩	કલ્પદ્રુમ (અંગ્રેજી)	૮/-
૭૪	આત્મારામજી પાદપૂર્તિ દયાનંદ સમીક્ષા	૬/-
૭૫	પ્રાણી કથાઓ	૨૦/-
૭૬	પૂજ્ય લબ્ધિસૂરી ગુણાનુવાદ	૮/-
૭૭	ભક્તામર કથાઓ	૧૬/-
૭૮	Sonl rent ligtaning surn am (P. Ramchandra Suri)	૨૦/-

પ્રભાવના માટેના ભેટ પુસ્તકો તીર્થોમાં મૂકવાથી દેશ અને દુનિયામાં તે પહોંચી શકશે.

પ્રભાવના માટે નામ છપાવીને કે ફોટો અને જીવન સંક્ષેપ છપાવીને પુસ્તક તૈયાર કરાવી આપીશું.

▲ અમારા પ્રકાશિત ૩૮૦ ગ્રંથોનું સૂચિપત્ર મંગાવો ▲

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (વાનગઢ)

વર્ષ : ૧૩ | સંવત ૨૦૫૭ ચૈત્ર વદ ૯ | મંગળવાર તા. ૧૭-૪-૨૦૦૧ | (અંક : ૩૪/૩૫

વાર્ષિક રૂા. ૧૦૦ | આજીવન રૂા. ૧૦૦૦ | પરદેશ વાર્ષિક રૂા. ૧૮૦ | પરદેશ આજીવન રૂા. ૬૦૦૦

રાષ્ટ્રીય ૨૬૦૦ માં મહાવીર જન્મ કલ્યાણક ઉજવણીમાં જૈનાચાર્યો સંમત નથી તે પૂરવાર થયું

તા. ૨-૪-૨૦૦૧ સંદેશમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવમાં તા. ૬-૪-૨૦૦૧ ના યુનિવરસીટી ગ્રાઉન દાદા સાહેબના પગલા નવરંગપુરા યોજાયા છે. તે ગવર્નર દીવ પ્રગટાવીને ઉદ્‌ઘાટન કરશે.

આ રાષ્ટ્રીય ઉજવણી એ જૈન ધર્મના સિદ્ધાંતોને અનુરૂપ થી તે સુચારૂ પ્રગટ થઈ ગયું છે. સરકાર, પ્રધાન, સરકારી અધિકારીઓ ની તો રુટીંગ પ્રમાણે બધે જતા હોય છે.

આ જાહેરાતમાં અમદાવાદમાં ઘણા આચાર્યો આદિ હોવા છતા તપગચ્છના માત્ર પં. અજયસાગરજી જ છે તમનાથી મોટા ઘણા આચાર્યો હોવા છતાં કોઈની હાજરી નથી.

વડ પ્રધાન કે મુખ્ય પ્રધાનો તેમાં એક પ્રજાની દૃષ્ટિએ સદ્‌ભાવથી ભાગ લે તે સહજ છે. પરંતુ જૈન ધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન તેમને ન હોય અને દોરવણી આપનારા પણ જાહેરમાં આવવાની બુદ્ધિવાળા હોય.

આપણે રાષ્ટ્રીય ઉજવણીનો જે વિરોધ કરીએ છીએ સાર્થક થયો છે. નબળા મનના કે વિરોધમાં દેખાઈ આવીએ વિચારવાળા પણ સાવધ થઈ જાય. આપણો વિરોધ થયો છે તેથી સાબીત થયું છે કે તપાગચ્છ સંઘ તેના ટેકામાં નથી.

હજી એવા ચાળા કે પ્રસંગો આવશે ત્યારે આપણા સિદ્ધાંતોને તે રાષ્ટ્રીય ઉજવણી નથી એ નક્કી થયા જ કરશે.

૨૬૦૦ ને જન કાર્યક્રમ જાહેર કરનારા બાવો નાચે ત્યારે બાવી નાચે તેવા તાલને બતાવનારા છે. જૈન શાસનની વિધિ મુજબ થતું જ રહે છે. તેમાં શંકા નથી. ૨૬૦૦ માં પ્રયોગ કરવો તે અત્યાર સુધી ઉજવણી ઉપર કુહાડો મારવા તુલ્ય છે. માટે ૨૬૦૦ નો રવાડે ચડતા નહિ. તમો ૨૫૯૮, ૨૫૯૯ એમ ક્યારેય લખ્યું છે ખરા ?

મનના સંકલ્પવિકલ્પનું શું કહેવું ?

એક અકળાયેલા માણસે સંકલ્પ કર્યો : 'જો આ મુસીબતોમાંથી બચી જઈશ તો મારું ઘર વેચીને એના પૈસા ગરીબોને હું આપી દઈશ.' પછી મુસીબતો દૂર થઈ ગઈ અને સંકલ્પ પૂરો કરવાનો સમય આવ્યો. પણ આટલા બધા પૈસા આપી દેવા માટે તેનું મન માનતું નહોતું. આથી તેણે એક યુક્તિ કરી.

તેણે ઘર ની કિંમત એક રૂપિયો જાહેર કરી અને સાથે એક બિલાડીની કિંમત દસ હજાર રૂપિયા રાખી. સાથે આવી પાકી શરત રાખી કે, ખરીદનારે ઘર અને બિલાડી બંને એ કમાથે ખરીદવાં પડશે. એક ગ્રાહકે કિંમત ચૂકવી આપીને ઘર અને બિલાડી બંને ખરીદી લીધાં ને એ માણસે કોઈ ભિખારીને એક રૂપિયો દાનમાં આપી દઈ પ્રતિજ્ઞા પાળ્યાનો સંતોષ લીધો. મોટા ભાગના લોકોના મન આ રીતે જ કામ કરે છે. તેઓ ગુરુની સલાહનું પાલન કરવાનું નક્કી તો કરે છે પણ એ સલાહનો પોતાનો લાભ થાય એ રીતે મનફાવતો અર્થ ઘટાવે છે. જ્યાં સુધી તેઓ ખાસ સાધના દ્વારા આ ટેવમાંથી છૂટી ન જાય ત્યાં સુધી તેઓ કશું શીખી નથી શકતા.

-ઈદરીશ શાહ (સંદેશ)

રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.

પ્રવચન પાંચમું - ગતાંકથી ચાલુ

(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)

નિર્વાણનો અર્થ મરણ થાય છે, પરંતુ શ્રી તીર્થંકરદેવ સાથે જોડાયેલ એ શબ્દનો અર્થ મોક્ષ જ કરવાનો હોય છે. અને કલ્યાણક એટલે જે અવસરે અથવા જેના દ્વારા જગતના સર્વ જીવોનું કલ્યાણ થાય તે. ભગવાન શ્રી અરિહંત પરમાત્માઓના ચ્યવન - જન્મ - દીક્ષા - કેવળજ્ઞાન અને નિર્વાણ વખતે અતિદુઃખી એવા નારકોના જીવોને પણ ક્ષણવાર આનંદ થાય છે, અથવા ભગવાનના ચ્યવન - જન્મ - દિક્ષા આદિ જગતના કલ્યાણ માટે છે. આખા જગતના જીવોને શાસન રસી બનાવવાની ઉત્કૃષ્ટ ભાવના ભાવીને શ્રી તીર્થંકરોના આત્મા છેલ્લા ભવમાં આવે છે માટે ભગવાનના ચ્યવન આદિ કલ્યાણકો કહેવાય છે. આવા નિર્વાણ કલ્યાણકનો મહોત્સવ ઉજવવાનો છે... શ્રી તીર્થંકરદેવના કાલધર્મને જ નિર્વાણ કલ્યાણક કહેવાય છે બીજા કોઈપણ કેવલજ્ઞાની ભગવંતના પણ કાલધર્મને નિર્વાણ કલ્યાણક નથી કહેવાતું. ત્યારે આવો કલ્યાણકારી નિર્વાણ કલ્યાણકનો ઉત્સવ નિર્વાણ - મોક્ષને - ઉદ્દેશીને ભગવાનની આજ્ઞા મુજબ ઉજવાય કે- આપણને અનુકૂળ પડે તેવી રીતે ? નિર્વાણ કલ્યાણકનો સાચો અર્થ તે લોકો જો સમજી જાય તો બેડો પાર થઈ જાય.

ભગવાનની આજ્ઞામાં જ ધર્મ છે; આજ્ઞા વિપરીત અહિંસાદિમાં પણ ધર્મ નહિ. :

ભગવાનના શાસનમાં માત્ર અહિંસા - સત્ય અચૌર્ય - બ્રહ્મચર્ય કે અપરિગ્રહમાં ધર્મ નથી કહ્યો પરંતુ શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબના અહિંસાદિમાં ધર્મ કહ્યો છે. શાસન રક્ષાદિના મહત્ત્વના પ્રસંગે કોઈવાર દેખીતી અહિંસાદિને દૂર પણ મૂકવા પડે અને ભગવાનની આજ્ઞાને જ પ્રધાન રાખી અવસરોચિત કરવું પડે. ધર્મની રક્ષા આદિના પ્રસંગે જરૂર પડી હોય ને જો ક્રોધ આદિ ન કરે, ક્ષમાદિ રાખે, તો અધર્મ; એવા અવસરે ક્રોધાદિ કરવા એ ધર્મ બને છે. ધર્મ ભગવાનની આજ્ઞામાં જ છે. બીજા કોઈમાં નહિ. આજે આપણા જૈન સંઘમાં ભારે અવ્યવસ્થા ઉભી થઈ ગઈ છે. આજે મોટાભાગને ભગવાનની આજ્ઞાની પડી નથી. આજ્ઞા સમજવાની પડી નથી. આવા જીવો બહારથી ધર્મ આચરતાં દેખાતા હોવા છતાં અધર્મ આચરનાર બની જાય છે. આજે વાત એ સમજાવવાની છે કે - ભગવાન શ્રી મહાવીર પરમાત્માના ૨૫૦૦માં નિર્વાણ કલ્યાણકની જે તિથિ અમલમાં ચાલવાની છે તેની ઉજવણી અંગે શું કરી શકાય અને શું ન કરી શકાય, પ્રથમ વાત તો એ છે કે- ''ભગવાનની આવી ૨૫૦૦મી તિથિ ઉજવવી'' એવું કોઈ વિધાન શાસ્ત્રમાં દેખાયું નથી. આ તો ઉભું કરાયું છે માટે તેની વાત કરવી પડે છે. બાકી તો આપણે સઘળાંય શ્રી અરિહંત ભગવંતોના સેવક છીએ. સઘળાંય શ્રી અરિહંત ભગવંતોના ચ્યવન આદિ કલ્યાણકો આપણે આરાધવા જોઈએ એવું શાસ્ત્ર વિધાન છે અને આપણા આસન્ન ઉપકારી ભગવાન શ્રી મહાવીર પરમાત્મા છે તો તેમના પાંચે કલ્યાણકો વિશિષ્ટ પ્રકારે ઉજવીએ. પરંતુ તેમાં કંઈ ૨૫૦૦મી તિથિ જ વિશિષ્ટ રીતે ઉજવવી એવું કંઈ નથી. હકીકતમાં આ ક્યાંથી ઉભું થયું, એની ચર્ચા કરવાનો આ અવસર નથી.

તમને સાચું અને ખોટું જાણવાની કયાં ફૂરસદ છે ?

આજે જગતમાં આવો પણ એક મત ચાલે છે કે- ''ધર્મ, જગતના હિત માટે કરવાનો, સ્વહિત માટે નહિ, સ્વહિત માટે ધર્મ કરવો તે મિથ્યાત્ત્વ છે.''

''હું પરણ્યો - મેં ખાધું - મારા છોકરાં'' એમ બોલવામાં એમને વાંધો નથી પરંતુ ''મેં સામાયિક કરી, મેં ધર્મ કર્યો'' વિગેરે ન બોલાય.

આવું તો આજે ઘણું ઉંધુ ચાલે છે. તમારે એ બધું જાણવાની કયાં ફૂરસદ છે ? તમે તો વાજા વાગે ત્યારે ભેગાં થાઓ અને કંઈ ધોંધાટ થાય એટલે ભાગી જાઓ એવા છો. અમને કાંઈ વિરોધ કરવાનો શોખ નથી. વિરોધ કરવાનું મન થાય છે એવું નથી, પરંતુ આપણે ભગવાનના સેવક કહેવાઈએ અને ભગવાનના નામે ભગવાનના માર્ગથી વિપરીત થતું હોય તે કેમ ચલાવી શકીએ ?

જે જીવ સ્વહિત ન સાધી શકે તે સાચું પરહિત ન કરી શકે. :

બીજ જીવોના ચ્યવન - જન્મ - દિક્ષા આદિ કલ્યાણકો ·હિ અને શ્રી અરિહંત પરમાત્માના ચ્યવન આદિ, કલ્ યાણકો શા માટે ? તેનો સાદો ઉત્તર એ છે કે- ''સવિ જી ! કરું શાસનરસી''ની ઉચ્ચત્તમ ભાવનાથી ભાવિત બ ાલા જીવોનું શ્રી તીર્થંકર તરીકેનું ચ્યવન - જન્મ - દિ ા આદિ કલ્યાણક બને છે. આવા જગતના સાચા હિત ી ભાવના કરનારા શ્રી અરિહંત ભગવંતો પણ સમજે જ છે કે- ''જ્યાં સુધી હું મારા આત્માનું કલ્યાણ ન સાધુ ત્યાં સુધી હું જગતનું કલ્યાણ કરી શકું નહિ. એટ ભગવાને પ્રથમ સ્વ કલ્યાણાર્થે જ રાજઋધ્ધિ - સુખ - ર ાવ્યબી આદિ બધું ફેંકી દીધું અને પછી જે જે ઉપસર્ગો પ રેષહો આવ્યા-ઉભા-કર્યા તે બધાને ખૂબ જ સમાધિપૂર્વ સહન કર્યા. જે જીવ સ્વહિત ન સાધી શકે તે જીવ સ ચું પરહિત ન જ સાધી શકે. દીક્ષામાં દુઃખ આનંદ પૂ ક વેઠવાનું - સુખને લાત મારવાની શ્રી તીર્થંકર દે ા દીક્ષા ગ્રહણ કર્યા બાદ કેવલજ્ઞાન ન પામે ત્યાં સુધી જમીન ઉપર બેસતા પણ નથી, અને આરામથી ઉંઘતા પણ નથી. શ્રી ઋષભદેવ સ્વામીના, ૧૦૦૦ ર્ષના છદ્મસ્થકાળમાં માત્ર એક (૧) અહોરાત્રનં નિદ્રાકાળ અને ભગવાન શ્રી મહાવીર પરમાત્મા ., ૧૨॥ વર્ષમાં માત્ર બે ઘડીનો જ નિદ્રાકાળ. આવા ઉચ્ચ આરાધક જીવ શ્રી તીર્થંકર દેવ સિવાય કો ઈ પાક્યા નથી અને પાકશે પણ નહિ. આ બધી વાત ી ખબર, આવા ભગવાન મલ્યાની સમજ, તેનો આ દ જેને ન હોય તે ભગવાનના નિર્વાણ કલ્યાણકનં ઉજવણી નિર્વાણ પ્રાપ્ત કરવા માટે કઈ રીતે કરવાના ' આ રીતે સ્વહિત માટે દીક્ષા ગ્રહણ કર્યા બાદ, ઉપ ર્ગો - પરિષહો સહી, ઘાતી કર્મ ખપાવી, જ્યારે ભ વાન કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને ત્યારબાદ તીર્થ સ્થ પે છે, ત્યારે સર્વ જીવોને શાસનરસી બનાવવા ા ભાવનાવાળા પણ એ ભગવાન તીર્થમાં - સંઘમાં યો ય જીવોને વીણી વીણીને જ લે છે. બધાને સંઘમાં ન ી લેતા, કચરો ભેગો નથી કરતાં. મારું આત્મહિત સાધી જગતના સર્વ જીવોના હિતને સાધું એવી ભા નાના સ્વામી શ્રી તીર્થંકર દેવો પણ, તીર્થ સ્થાપના ખતે માનવમાત્રને સંઘમાં નથી લેતા પરંતુ યોગ્ય જી ને જ લે એ જ કારણે શ્રી અરિહંત ભગવંતો અભવી - દુર્ભવી - દુર્લભબોધિ, પણ અને ભારે કર્મી ભવી જીવોને ઉદ્દેશીને દેશના પણ આપતા નથી. સર્વ જીવને શાસનરસી બનાવવાની ઉચ્ચત્તમ ભાવનાથી બંધાયેલા ઉત્કૃષ્ટ પુન્યના કારણે શ્રી તીર્થંકર દેવોના કલ્યાણકો વખતે નરકાદિમાં પણ અજવાળા થાય છે. આવા શ્રી અરિહંત પરમાત્માની સરખામણીમાં શ્રી અરિહંત ભગવંત સિવાય બીજા કોઈ આવે નહિ. શ્રી અરિહંત ભગવંતોની સરખામણી શ્રી અરિહંત ભગવંત સાથે જ થાય. બીજો કોઈ સાથે કરીએ તો મહાપાપ લાગે. કોઈપણ માણસ શ્રી અરિહંત ભગવંતને બીજા સાથે સરખાવે તો તમને દુઃખ થાય ? ભગવાન શ્રી મહાવીર પરમાત્માના જન્મકલ્યાણકની ઉજવણી આજે ગામેગામ લગભગ થાય છે. ત્યારે આજના દેશનેતાઓ વગેરે જે ભાષણો આપે છે, આજના બુદ્ધિજીવીઓ જે લેખો લખે છે, તેમાં કેવું બોલાય છે અને કેવું લખાય છે, તેની તમને ખબર છે ?

૨૫૦૦ની ઉજવણીમાં સરકાર શું સહાય આપી શકે ? :

૨૫૦૦ની ઉજવણી અંગે અત્યાર સુધીમાં જે બની ગયું છે એ ખૂબ જ આઘાત પેદા કરે તેવું છે. આપણે સારું પરિણામ લાવવા માટે મહેનત કરીએ છીએ. પ્રથમ તો ઉજવણીમાંથી સરકારી - અધિકારીઓ - વર્ગ બસી જાય અને ભગવાનના સાચા અનુયાયીઓ (શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘ) ને ઉજવણી ઉજવવાનું સોંપે તો જ આપણે ઉજવણીમાં ભળી શકીએ. સરકારને જો ખરેખર ભગવાનનો નિર્વાણ મહોત્સવ ઉજવવો હોય તો સરકારને યોગ્ય કરવાના ઘણા કાર્યો છે.

જગદ્‌ગુરુ શ્રી હરિસૂરીશ્વરજી મહારાજાએ અકબર બાદશાહ પાસે શું કરાવ્યું ? મુખ્યતયા અમારી પ્રવર્તન. તીર્થો પરના વેરાઓ (ટેક્ષો) બંધ અને બાદશાહમાં રહેલા અપલક્ષણો દૂર કરાવ્યા. બાકી તો બાદશાહે પુસ્તક ભંડાર સ્વીકારવાની વિનંતી કરી તો તેમાં પણ પોતાની માલિકીથી રાખવાની ના પાડી દીધી અને ભંડાર શ્રી સંઘને સુપ્રત કરાવ્યો. આપણે ભગવાનની આજ્ઞા મુજબ ઉત્સવ ઉજવીએ અને સરકાર તેને યોગ્ય કરવાના ઘણા કામો છે, તે કરે. જેવા કે- વધતી જતી ભયંકર હિંસા, કતલખાના, હુંડિયામણ માટે લાખ્ખો કરોડો જીવોના પગ વિગેરેની અને વાંદરાઓની નિકાશ, કારખાનાઓમાંથી માંસની નિકાસ, મત્સ્ય ઉદ્યોગ વિગેરે થઈ શકે તો કાયમ માટે બંધ કરે. એ શકય ન હોય તો એક વર્ષ માટે પણ

બંધ કરે, શકય હિંસા ઘટાડે. અને તીર્થો - મંદિરો - ધાર્મિક ખાતાઓ ઉપરના કરવેરા વગેરે માફ કરે. અને આપણે ભગવાનની આજ્ઞા મુજબ ઉજવીએ તેમાં શકય તેટલી સહાય આપે.

કોલ્હાપુરના ઉત્સવના પ્રસંગની યાદી :

વિ. સં. ૧૯૯૭માં કોલ્હાપુરમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. તે સમયે ત્યાંના રાજા થોડા સમય પૂર્વે જ મૃત્યુ પામેલા. રાણી વડોદરામાં હતા. આપણા જૈન આગેવાનોએ ત્યાંના દિવાનસાહેબ પાસે ઉત્સવ માટે રાજ્યની સામગ્રીની માંગણી કરી. દિવાને રાણીને પૂછાવ્યું. રાણીએ જણાવ્યું કે- આપણા રાજ્યમાંથી જે સામગ્રી જોઈએ તે આપો. એવી સહાય કરજો કે, જેથી આપણા રાજ્યનું ગૌરવ વધે. તમને ખબર છે કેટલી સહાય કરી ? ઉત્સવના સ્થાનની ચારે બાજુ રોજ રાત્રે ૧૪ ઘોડેશ્વારો ચોકી ભરતા. વરઘોડા નીકળવાના સમય પહેલા નગરના માર્ગો ૨-૪ વાર પાણીથી સિંચાતા. વરઘોડામાં ગરમી ન લાગે, ઠંડક રહે એ માટે. ધ્વજાવાળા ૩૬ ઘોડાઓ આપ્યા, સોનાની અંબાડીવાળી હાથીની ગાડી વિગેરે વિગેરે ઘણી સામગ્રી આપી. ઉત્સવ ખૂબ દીપાવ્યો પણ ખબર છે તમને ? એક પૈસો પણ લીધો નથી.

આ રીતે સરકાર આપણી ઉજવણીમાં સહાય કરી શકે. પરંતુ આજની સરકાર પાસે શું છે ? હાથી - ઘોડા છે ? છતાં જે શકય હોય તે કરે. આવું કાંઈ થવાને બદલે અહીં જુદુ જ થયું છે. આપણા કહેવાતા આગેવાનો શ્રમણ પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘને પૂછયા વિના સમિતિમાં બેસી ગયા. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ સમિતિમાં બેસવા કહ્યું હોય તો તેમને પણ તે આગેવાનોએ કહેવું જોઈએ કે અમારી ધાર્મિક બાબતમાં મુખ્યઅધિકારી પૂ. સુવિહિત ગીતાર્થ આચાર્ય ભગવંતો છે, તેમને અમારે પૂછવું પડે. આમ કરવાને બદલે આગેવાનો એમને એમ સમિતિમાં ગોઠવાઈ ગયા. અને તે આગેવાનો કહે છે કે- સરકારે કાર્યક્રમ ઘડવા જૈનોને આપ્યો હતો, ને જૈનોએ આ કાર્યક્રમ ઘડયો છે. જાુઓ ! તે આગેવાનોના નિવેદનના શબ્દો :

'ભારત સરકારે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના ૨૫૦૦ માં નિર્વાણ કલ્યાણકની ઉજવણી કરવા માટે એક રાષ્ટ્રીય સમિતિ નીમી છે. આ સમિતિમાં અનેક સભ્યો જૈન ધર્મના જાણકાર અને શ્રદ્ધાળું છે. ઉજવણી અંગેનો જે સત્તાવાર કાર્યક્રમ બહાર પડયો છે તે પ્રથમ ચારે ય ફિરકાઓની મળેલ સંયુક્ત કમિટિએ ચર્ચા વિચારણા કરી લીધા બાદ નક્કી કરેલો છે. આ પછી તે કાર્યક્રમને ભારત સરકારે મંજુર રાખ્યો છે.

ભારત સરકારે તો પ્રથમથી જ સમિતિને સ્પષ્ટ જણાવ્યું છે કે - તમારી ધાર્મિક મર્યાદાઓ મુજબ ઉજવણી કેમ કરવી તેના નિર્ણયો તમારે (જૈનોએજ) કરવાના છે અને એથી એનો તમામ કાર્યક્રમ જૈનોએ નક્કી કરેલો છે.''

કહેવાતા શ્રદ્ધાળુ અને જૈનધર્મના જાણકાર આવો હિંસામય અને અજ્ઞાન પોષક કાર્યક્રમ ઘડે કે નિર્વાણ માર્ગ સાધક ? :

શ્રદ્ધાળુ અને જૈન ધર્મના જાણકાર શ્રાવકો આવો હિંસામય અને અજ્ઞાન પોષક કાર્યક્રમ ઘડે આવા લોકોને શ્રદ્ધાસંપન્ન અને જ્ઞાની કહેવાય ? નેશનલ પાર્ક જેવો પાર્ક બને તે માટે વનસ્થલી ઉભી કરવી - બાલ કેન્દ્રો ખોલવા - પાણીની ટાંકી નાંખવી વિગેરે વિગેરે. જેમાં નિર્વાણના માર્ગ તરીકે સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર કે તેની આરાધનાનો એક શબ્દ પણ નથી. આવો કાર્યક્રમ નિર્વાણ કલ્યાણક મહોત્સવનો હોઈ શકે ? અને શ્રદ્ધાળું જૈનો આવો કાર્યક્રમ ઘડી શકે ? સરકારને તો આ કાર્યો કરવાના જ હતા, ૫૦ લાખ રૂા. ખર્ચવાના હતા. તેમાં જૈનો ખુશ થાય તે માટે તેમના ઉત્સવમાં ભાગ લેવાના નામે જાહેરાત કરીને કાર્ય તો પોતાના જ કરાવ્યા. એ માટે તમને એક વાત જણાવું કે - વિ. સં. ૨૦૨૫ ની સાલમાં મેં પાલીતાણા મુકામે દિવાળીના દિવસે નિર્વાણ કલ્યાણકનો વરઘોડો પુર્ણ થયા પછી સભામાં કહેલું કે- ''એ ઉજવણીની વાતો કરનારા અને યોજના ઘડનારા ખરેખર નિર્વાણમાં માને છે ખરા ? એમને નિર્વાણ પામવાનું મન છે ખરું ? ભગવાને ફરમાવેલા માર્ગને નિર્વાણ માર્ગ તરીકે તેઓ માને છે ખરા ? અને જગતમાં શ્રી તીર્થંકરદેવો જેવા શ્રી તીર્થંકર દેવ જ હોઈ શકે પણ અન્ય કોઈની સરખામણી એ પરમ તારકો સાથે થઈ શકે નહિ એ - એ સમજે ખરા ? જેને નથી ખપ નિર્વાણનો અને નિર્વાણ માર્ગના સ્થાપક તરીકે ભગવાનની ઓળખ નથી, તે ભગવાનને નમે અને ભગવાનના માર્ગને નામે શું કરે ? એવું કરે - જેમાં ભગવાનની અને ભગવાનના માર્ગની આશાતના હોય. આથી એવી ઉજવણીમાં ભાગ લઈ શકાય નહિ. '

ક્રમશ :

જાગો જૈનો ! જાગો જૈનો !

૨૬૦૦ ની રાષ્ટ્રીય ઉજવણી એટલે

જૈન સિદ્ધાંત ઉપર વજ્રપાત

આ ઉજવણી એક રાષ્ટ્રીય ઘાત છે. જે ભગવાન મહાવીર કે તેમના સિદ્ધાંતો માટે વજ્રઘાત છે. તેમાં જોડાવું તે જૈન શાસન ઉપર અત્યાચાર છે. નેતાઓને તો કોઇ કહે તો આવે અને પ્રચારનું માધ્યમ મળે.

— પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.

શ્રમણ ભગવાન્ મહાવીરદેવના ૨૬૦૦ માં જન્મકલ્યાણક પ્રસંગે ભારત સરકાર શું શું કરવા માંગે છે ?

૦૧. પોસ્ટ ટિકિટોમાં ભગવાન્ મહાવીરદેવની છબિ મૂકાવશે.
૦૨. જૈનોના આગમસૂત્રોનો અનુવાદ કરાવશે.
૦૩. ભગવાન મહાવીરદેવના જીવનનું હરતું ફરતું પ્રદર્શન યોજશે.
૦૪. તીર્થંકરોના જીવન પર નાટક યોજશે.
૦૫. ચલણી સિક્કાઓમાં ભગવાન્ મહાવીરદેવની પ્રતિકૃતિ દાખલ કરશે.
૦૬. જૈનોના ચારે ય ફિરકાઓનો શંભુમેળો રચશે.
૦૭. જૈનત્વના અભ્યાસ માટે રાષ્ટ્રિય કાઉન્સિલની સ્થાપના કરશે.
૦૮. ભગવાન્ મહાવીરદેવના જીવન પર ફિલ્મ બનાવશે.
૦૯. પરાદગીના ૨૬૦૦ કેદીઓને મુક્તિ આપશે.
૧૦. વન સ્થલીઓનો વિકાસ કરાવશે.
૧૧. ૧૮૦ કરોડ રૂપીયાની ફાળવણી કરશે.
૧૨. ફાઈવસ્ટાર હોટેલોમાં નોનવેજ સાથે જૈન વેજ પીરસશે.
૧૩. ભગવાન્ મહાવીરના નામે એક નવી યુનિવર્સિટી સ્થાપશે.
૧૪. જૈનત્વના અભ્યાસ માટે દેશી-વિદેશી સ્કોલરોનું આદાન-પ્રદાન કરશે.
૧૫. પાઠ્ય પુસ્તકોમાં ભગવાન્ મહાવીર વિષયક પાઠો દાખલ કરશે.
૧૬. એક યુનિવર્સિટી પર ભગવાન્ મહાવીરનું નામકરણ કરશે.
૧૭. કેટલાક તીર્થોને **'પવિત્રક્ષેત્ર'** જાહેર કરશે.
૧૮. કેટલાક તીર્થોના વિકાસ માટે સરકારી બોર્ડોની સ્થાપના કરશે.
૧૯. જૈનોના જ પૈસે સ્પેશ્યલ ટ્રેન દોડાવશે.
૨૦. ભગવાન્ મહાવીરને **'વિશ્વપુરૂષ'** જાહેરાની આજીજી કરવા **'યુનેસ્કો'** પાસે ધૂંટણિયા ટેકવશે.

(માહિતી : 'આજકાલ' તા. ૯-૮-૨૦૦૦)

૧— શું પોસ્ટ ટિકિટોમાં ભગવાન્ મહાવીરની છબી મૂકાવી શકાય ખરી ?

૧. નહિ જ નહિ. પોસ્ટની ટિકિટો એક પ્રકારનો પરિગ્રહ છે. જ્યારે પરમાત્મા પૂર્ણતઃ નિષ્પરિગ્રહી હતા. પૂર્ણ અકિંચન પરમાત્માની છબિ પરિગ્રહના પ્રતીક જેવી પોસ્ટ ટિકિટોમાં અંકિત કરવી એ નરી મૂર્ખતા છે.

૨. પોસ્ટની ટિકિટો ગુંદર કે થૂંક દ્વારા ભીની કરીને લગાડાતી જોવા મળે છે. શું પરમાત્મા મહાવીરદેવની છબીને થૂંક લગાડી શકાય ? કોઇ તેને થૂંક લગાડે તે તમને મંજૂર રહેશે ખરુ ? નહિ જ. માટે જ પોસ્ટ ટિકિટોમાં પરમાત્માની આકૃતિનું મુદ્રણ યોગ્ય નથી.

૩. ટિકિટને ચોંટાડવા માટે જે પદાર્થનો-ઉપયોગ થાય છે. સાંભળ્યું છે; કે તેની ઉત્પત્તિમાં **'મટન ટેલો'** નામના અભક્ષ્ય-ખાદ્ય ચીજનો પણ વપરાશ થાય છે.

૪. પોસ્ટ - કવરો મેલી થેલીઓમાં, ગંદા હાથોમાં, અશુદ્ધ ભૂમિમાં પણ પડ્યા હોય છે. શું પરમાત્માની છબીને તમે ગંદા હાથો દ્વારા લઇ શકશો ? અશુદ્ધ ભૂમિમાં મૂકી શકશો ? મેલી થેલીમાં નાંખી શકશો ? ના. કોઇની તેવી પ્રવૃત્તિને તમે નિહાળી શકશો ? નહિ. તો પોસ્ટની ટિકિટોમાં ભગવાનને પધરાવી દેવાની કલ્પના પણ ન કરાય.

૫. પોસ્ટની ટિકિટોને - કામ પતી ગયા પછી, ચીરવામાં આવે છે. ફેંકી દેવામાં આવે છે. કચરા ટોપલીને સ્વાધીન કરી દેવામાં આવે છે. શું તમારા પિતાજીનો ફોટો કોઇ ચીરી નાંખે, ટૂકડે ટૂકડા કરી દે અને ફેંકી દે, એને તમે માફ કરી દેશો ? નહિ. શું પરમાત્મા તમારા પરમ પિતા નથી ?
એનું આવું અવમૂલ્યન ચલાવી લેવાય ? નહિ જ નહિ.

શું આજ સુધીમાં લૌકિક દેવો રામચન્દ્રજી, કૃષ્ણ કે શંકરની છબીઓ ટિકિટમાં પ્રસિદ્ધ થઈ છે ખરી ?
જો લૌકિક દેવોની છબી પણ ટિકિટોમાં પ્રસિદ્ધ થઈ ન શકે કદાચ થઈ હોય તો પણ આપણા લોકોત્તર દેવોની છબી ટિકિટોમાં કેવી રીતે પ્રસિદ્ધ કરી શકાય ?

૨— શું જૈન આગમોનો અનુવાદ થઈ શકે ?

૧. ના, જૈનોના આગમસૂત્રોની એક કણિકાનો પણ અનુવાદ ન કરી શકાય. કારણ કે જૈન શાસ્ત્રકારોએ એ આગમોનું ભાષાન્તર કરવાની **સખ્ત મનાઈ ફરમાવી છે.**

૨. જૈન જગતના આદ્ય કવિ પૂજ્યપાદ શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી મહારાજે માત્ર નવકારના પહેલા પાંચ પદોનો સંસ્કૃત અનુવાદ કર્યો - નમોઽર્હત્ સિદ્ધચાર્યોપાધ્યાય સર્વ સાધુમ્યઃ ।
આ અનુવાદથી ખિન્ન થયેલા તેમના ગુરૂદેવે તેમને ૧૨ વર્ષની ઉત્કૃષ્ટ મર્યાદાનું **પારાંચિત્ નામનું પ્રાયશ્ચિત આપ્યું.**

૩. જૈનાગમોના એકેકા અક્ષરો મન્ત્રાક્ષરો જેવા શક્તિશાળી મનાયા છે. તેનું ભાષાન્તર કરવું એટલે તેની **અચિન્ત્ય શક્તિનો નાશ કરી નાંખવો.**

૪. ના, આગમોનો અનુવાદ ન જ થાય.
કારણ ? આ રહ્યું :
જૈન આગમોનું વાંચન કરવાનો અધિકાર કેવળ અર્પિકૃત શ્રમણોને જ અપાયો છે. એ આગમો તરફ ગૃહસ્થ દૃષ્ટિપાત પણ ન કરી શકે. અર્થાત્ ગૃહસ્થ આગમ વાંચવાના અધિકારી નથી. જો ગૃહસ્થ આગમો વાંચશે તો તે એક **અનધિકાર ચેષ્ટા** ગણાશે.
પવિત્રતા વિના આગમો વાંચવાનો અધિકાર સાધુનેય નથી. આગમોની ગંભીરતા અને પવિત્રતાના રક્ષણ માટે શાસ્ત્રકારો આવી મર્યાદા બાંધી છે.

૫. જૈનાગમો અત્યન્ત **રહસ્યમય છે. અર્થગંભીર છે.** આવા આગમોના ભાષાન્તર કરી સાર્વજનિક વાંચનાલયોમાં, કચરા જેવા ગંદા સમાચારો છાપનારા આજના માધ્યમોની પંક્તિમાં તેને ગોઠવવા એ તેની **શ્રેષ્ઠતાના ચીરહરણ** સમું કૃત્ય બની જશે.

૩— શું તીર્થંકરોના જીવનનું હરતું ફરતું પ્રદર્શન યોજી શકાય ?

૧. ના, હરગીજ નહિ. કારણ કે **જૈનધર્મ** પ્રચાર પ્રધાન નથી, એ છે **આચારપ્રધાન ?** જૈન ધર્મ માહિતીનિષ્ઠ નથી, એ છે **મર્યાદાનિષ્ઠ ?**

૨. તીર્થંકરોના જીવનચરિત્રો પર રચનાઓ તૈયાર કરાવી બસ સ્ટેશનો પર કે રેલ્વેટ્રેનોમાં તે ન જ ફેરવી શકાય. કારણ કે તેમાં તીર્થંકરોનું **ઘોરાતિઘોર અપમાન** અને **અવગણના** થવાની દહેશત રહી છે.

૩. જૈન શાસ્ત્રકારોએ કહ્યું છે : તીર્થંકર દેવો - **નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ** - એ ચારે ય પ્રકારે **પૂજ્ય** છે. તેમના આ ચારે ય સ્વરૂપોની આમન્યા જાળવવી જ પડે. ફરતા-ફરતા પ્રદર્શનમાં જે આમન્યા જાળવવી શક્ય નથી. ફરતા-ફરતા પ્રદર્શનમાં જે **આમન્યા જળશરણ** થઈ જશે.

૪. તીર્થંકરોના જીવનને જો હરતા ફરતા પ્રદર્શન દ્વારા જાહેરાતનો વિષય બનાવશો તો તેમના એ પ્રદર્શન પાસે વ્યસનોનું સેવન થશે. પાન મસાલા, બીડી, સિગારેટ અને ચા ગળ વધી દારૂ જેવા વ્યસનો પણ તેમની સામે જ સેવાતા રહેશે. જે તીર્થંકરોની એક અક્ષમ્ય આશાતના ગણાશે. કોઈ દારૂડિયો તમારી બાજુમાં બેસે એ તમને ગમતું નથી, તો પણ લોકના નાથની સામે વ્યસનીઓ ઝુમશે, એ શું ભયાનક નહિ બની જાય ?

૫. તીર્થંકરો એ મેમુ ટ્રેન નથી, શટલ નથી, એસ.ટી. બસ નથી કે તેને સાર્વજનિક સેવાનું માધ્યમ ગણી જેમ તેમ ફેરવી શકાય નહિ.
અને જો પરમાત્માના જીવનનું હરતું-ફરતું પ્રદર્શન યોજશો, તો એ પ્રદર્શન માફ ન કરી શકાય એવો અપરાધ ગણાશે.
આમન્યાનો ભંગ લેખાશે.

૪— શું તીર્થંકરોના જીવન પર નાટકો યોજી શકાય ?

૧. ના, પરમ પૂજ્ય શ્રી તીર્થંકર દેવોએ નાટકો જોવાની પ્રવૃત્તિ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. તેને અનર્થદંડ નામનું કાતિલ પાપ કહ્યું છે. જો કોઈ પણ રીતના નાટકો જોઈ જ નથી શકાતા તો ભજવી શી રીતે શકાય ? એ પણ નાટક જોવાની પ્રવૃત્તિ પર પ્રતિબંધ ફરમાવનારા પરમાત્માના જીવન પર

જ ? આહ ? કરૂણતા ?

૨. આજના તુચ્છ મનુષ્યોની શી વિષાત્ ? કે તેઓ ભગવાન મહાવીર અને આર્યા ચન્દનાનું પાત્ર ભજવી શકે ? એ પવિત્ર પુરૂષોના પડછાયામાં ઉભા રહેવાની ય તેની હેસિયત નથી. યાદ રહે ? સૂર્ય અને ચંદ્રનું કોઈ પ્રતિબિંબ નથી બનાવી શકાતું. મહાપુરૂષોના જીવનનું કોઈ નાટક નથી ભજવી શકાતું ?

૩. પરમાત્માના જીવન પરના સૂચિત નાટકોમાં તીર્થંકરનો આ મનય કરનારી વ્યક્તિ ત્યાર પછી અનાચાર નહિ જ આચરે એની કોઈ બાંહેધરી ખરી ? અનાચાર કરનાર જ મોટે ભાગે પાત્રો બને છે.

૪. મૂઢ મનુષ્યો, તીર્થંકરનો અભિનય કરનારા પાત્રો જ્યારે અનુચિત પ્રવૃત્તિ કરશે, ત્યારે પરમાત્માના નામોલ્લેખ સાથે તેની નિંદા કરશે. શું આ દ્વારા તેઓ કર્મો નહિ બાંધે ? અને એમના સંભવિત કર્મબંધમાં જૈનોની પણ ભાગીદારી નહિ રહે ? મૂઢ મનુષ્યો તો તેમાં કર્મ બાંધે પણ તેમને આમાં જોનારા અમૂઢ માણસો મહામૂઢ બની જશે.

૫. મહાપુરુષોના જીવન પર નાટકો યોજવાની પ્રવૃત્તિ ૨૫૨૭ વર્ષથી અવિચ્છિન્નપણે થતા એવી વાત જૈનશાસનના ઈતિહાસમાં ક્યાંય દૃષ્ટિગોચર નથી બનતી.
ઈતિહાસ તેનું સમર્થન નહિ કરે.
આ પ્રવૃત્તિ જૈનશાસ્ત્રોની પરીક્ષામાં ક્યારે ય પાસ નહિ થાય.
ક્યાંય માન્ય નહિ બને.

૫— શું ચલણી સિક્કામાં પરમાત્માની પ્રતિકૃતિ દાખલ કરાવાય ?

૧. જે પરમાત્માએ સુવર્ણના કરોડો સિક્કાઓને ધૂળની જેમ ફગાવી દઈ પરિગ્રહને સંક્લેશનું મૂળ કહ્યો.
પરિગ્રહના પ્રતીક જેવા તે સિક્કાઓમાં પૂર્ણનિષ્પરિગ્રહી એવા પરમાત્માને બિરાજમાન કરવા એટલે અમૃતથી ભરેલા કળશાને ગટરમાં સ્થાપિત કરવો.

૨. ભ્રષ્ટાચારની ગંગોત્રી જેવા આજના અર્થકારણમાં સંપૂર્ણ પણે શુદ્ધ અને નિર્લેપ રહેનારા પરમાત્માને ઢસડી જવાય ખરા ? નહિ જ.

૩. શું પરમાત્મા દેશનેતા છે ? ગાંધીજી છે ? વિનોબાજી છે ? પંડિત નહેરૂ છે ? દેશના અર્થકારણ સાથે જે પરમાત્માને કશો જ સંબંધ નથી, તે પરમાત્માને અર્થકારણથી ખરડવા, એ શું ઘોર અન્યાય અને દારૂણ અજ્ઞાનની ચેષ્ટા નથી ?

૪. આજ સુધીમાં રામનવમીઓ ઘણીય વીતી ગઈ. ગણેશ ચતુર્થીઓ અને જન્માષ્ટમીઓ ઘણી ય પસાર થઈ ગઈ. શું જૈનેતરોને તેમના ભગવાનની છબિ ચલણી સિક્કામાં મૂકાવવાનું મન થયું ? ના. શું આપણે તેમના જેવી પાકટ પરિપક્વતા ન કેળવી શકીએ ?

૫. જે ચલણી સિક્કાઓ દ્વારા દારુ પીવાય છે, સિગરેટ અને બીડી ફૂંકાય છે, સાતે ય વ્યસનોના સેવન થાય છે, અઢારે ય પ્રકારના પાપો થાય છે, તે ચલણી સિક્કાઓમાં પૂર્ણ નિષ્પાપ એવા પરમાત્માને પધરાવી દેવા એ તેમની ઘોર આશાતના નથી ? આવું અજુગતું કાર્ય કરવાનું મન યોગ્ય આત્માને થાય જ નહિ.

૬— શું જૈનોના ચારેય ફિરકાઓનો શંભુમેળો રચી શકાય ?

૧. નહિ જ નહિ. આ પ્રવૃત્તિ તસુમાત્ર યોગ્ય નથી. જો દિગંબરો આપણા તરણ તારણહાર તીર્થંકરોને નગ્ન સ્વરૂપે બિભત્સ અને જુગુપ્સનીય હાલતમાં ચીતરતા હોય, તેમની સંગાથ શ્વેતામ્બરોને ઘણો મોંઘો પડશે.

૨. અનાદિકાળથી શ્વેતાંબર જૈનોના હાથમાં સુરક્ષિત રહેલા તીર્થો પર અતિક્રમણ કરનારા, એ માટે ૧૧૦-૧૧૫ વર્ષોથી વારંવાર ધોબી પછડાટ ખાવા છતાં કોર્ટના રાષ્ટ્રાંગણમાં ઝઝૂમતા રહેનારા અને સરકારને લાખ્ખો રૂપીયાની લાંચ આપીને પવિત્ર જૈન તીર્થોમાં તેમનો અનધિકૃત પ્રવેશ કરાવનારા દિગંબરો સાથેનું હસ્તધૂનન શ્વેતાંબરો માટે સરભર કરી ન શકાય એટલું નુકસાન નહિ લઈ આવે ?

૩. ચારેય ફિરકાઓના શંભુમેળા ભેગા કરાવીને દિગંબરો, તીર્થભૂમિઓની માલિકીનો ૫૦ ટકા હિસ્સો દિગંબરોને આપી દેવા શ્વેતાંબરો પર રાજકીય દબાણ નહિ આણે ? જેવું અમેરિકાએ અટલજી પર કાશ્મીર મુદ્દે આણ્યું છે એવું ? હા, આ માટેની જ આ ભેદી રમત છે.

૪. જે જૈન સમુદાય મૂર્તિને જ નથી માનતા, તેમની સાથેનો સંવાદ પણ વ્યર્થ નહિ બની રહે ?

૫. જે જૈન સંપ્રદાયના સાધુઓ માઈક - સંડાસ - બાથરૂમ બધુ જ વાપરે છે. નવકારના નવ પદમાં પણ પૂરા નથી માનતા, પાંચ જ પદ માને છે, આગમોના અનુવાદ કરાવે છે. તેમની સાથે બેસીને શી ફળશ્રુતિ હાંસલ કરીશું ?

૭— જૈનત્વના અભ્યાસ માટે રાષ્ટ્રિય કાઉન્સિલની સ્થાપના જરૂરી ખરી ?

૧. લેશમાત્ર નહિ. જૈનત્વનું ક્યું અવયવ અભ્યાસપૂર્ણ નથી ? કે જૈનત્વનો પૂનઃ અભ્યાસ કરવો પડે. એ માટે ભાડૂતી માનવીઓની કાઉન્સિલ રચવી પડે.

૨. યાદ રાખજો ? પરમાત્માના સિદ્ધાંતો ત્રિકાલાબાધિત હોય છે. એ સિદ્ધાંતોનું અમલીકરણ એટલે જ જૈનત્વ ! એ જૈનત્વનું એકાદું ય અંગ અપૂર્ણ નથી હોઈ શકતું. ભૂતકાળમાં તેની સમીક્ષા થઈ નથી, ભવિષ્યમાં થવાની નથી કે વર્તમાનમાં થઈ શકવાની નથી. કારણ કે તે સ્વયમ્ જ સમીક્ષાપૂર્ણ છે.

૩. સાવધાન ! જૈનત્વનો 'અભ્યાસ કરીશું' આ શબ્દ એક બહુ મોટી ઈન્દ્રજાળ છે. અભ્યાસના નામે કાઉન્સિલની સ્થાપના માટે જૈનોને તૈયાર કરાશે. ત્યારબાદ આ કાઉન્સિલ જૈનત્વનું હાનિકારક ઓપરેશન કરશે અને જૈન સિદ્ધાંતોનું પોતાની મનમાની રીતે અર્થઘટન જૈનોનાં મનમાં ઠોકી બેસાડશે.

૪. સબૂર ! જૈનત્વનો પ્રચાર અને તે અંગેની સર્વ પ્રવૃત્તિ કરવાનો કરાવવાનો અધિકાર માત્ર જૈન શ્રમણોને જ છે. ધર્મગુરુ નિરપેક્ષપણે આવી કોઈ પ્રવૃત્તિ થઈ શકે નહિ ! કાઉન્સિલની સ્થાપના શ્રમણસંઘના સાર્વભૌમત્વ સામેનું એક અઘોષિત યુદ્ધ બની રહેશે.

૫. જો દેશના બંધારણની સમીક્ષા સામે વિવાદનો વંટોળ જાગતો હોય તો જૈનત્વની આવી સમીક્ષા સામે પણ જોરદાર વાત જગવવો જ પડે.

૮— શું ભગવાન્ મહાવીરદેવના જીવન પર ફિલ્મ બનાવી શકાય ?

૧. કોઈ કાળમાં નહિ. ટી.વી.ના પડદે, વસ્ત્ર ન પહેરવા છતાં વસ્ત્રહીન ન જ દેખાય, તેવી અચેલક લબ્ધિના સ્વામી તીર્થંકરોને શું નગ્ન નહિ બતાવાય ? શું તીર્થંકરોને નિર્વસ્ત્ર કે અપૂર્ણ વસ્ત્રમાં રજૂ કરવા એ તેમની અસહ્ય આશાતના નથી ?

૨. ટી. વી. ના સમવસરણમાં આજના અનાચારી અભિનેતાઓ ભગવાન્ મહાવીરનો ખ્વાબ રચીને વાણી (!) દેશના આપશે. શું ૩૫ અતિશયોથી અતિશાયી બનનારી તીર્થંકરોની દેશનાનું આ અતિગંભીર અવમૂલ્યન નહિ બને ?
ક્યાં સૂર્ય, ક્યાં ખજૂઓ ? ક્યાં સિંહ, ક્યાં શ્વાન ?

૩. ચારિત્રજીવનમાં સ્વપ્ને પણ ઈલેકટ્રીકનો સ્પર્શ કે ઉપયોગ ન કરનારા તીર્થંકરો કે તેમના શિલ્પ સાધુઓને ઈલેકટ્રોનિક્સ પધ્ધતિની ફિલ્મમાં રજૂ કરવા ! શું આ તેમનાં અત્યુત્તમ જીવન સંહિતાનું અપમાન નથી ? એક ઉર્ધ્વમુખી સંહિતાનું અધોમુખીકરણની આ એક કુચેષ્ટા છે.

૪. ટી.વી., સિનેમાને જૈનશાસને અનર્થદંડ નામનું પાપ કહ્યું છે. સબૂર ! ટી.વી. જોવાનો પણ નિષેધ કરનારા પરમાત્માને ટી.વી.માં પૂરી શકાય ખરા ?

૫. ટી.વી. ને માનવતાનું ભક્ષણ કરનારો દાનવ લેખનારા ધર્મીઓ, ભગવાન્ મહાવીરની ફિલ્મ બન વ્યા પછી ટી.વી.નો વિરોધ કરી શકશે ખરા ?
કે પછી જૈનોનાં ટી.વી. સામેના વિરોધને મૂંગો અને પાંગળો બનાવી દેવા માટેનું આ એક આંતરરાષ્ટ્રિય ષડ્યંત્ર છે ?

૯— શું પસંદગીના ૨૬૦૦ કેદીઓને મુક્તિ અપાય ખરી ?

૧. પસંદગીના જ શા માટે ? દેશના ગામડાની જેલ થી માંડીને તિહાર જેલ સુધીના સર્વ કેદીઓને કેમ મુક્તિ નહિ ?
શું ભગવાન્ મહાવીરની કરૂણાએ ના પસંદ કે પસંદના કોઈ ભેદ ધર્યા હતા ખરા ? શું પરમાત્માની કરૂણા-અનુકંપા સાર્વજનિક ન હતી ? તેણે કોઈ પક્ષપાત રાખ્યો હતો ?
કે પછી પસંદગીના કેદીઓની મુક્તિની વાતો ગાછળ પણ કોઈ રાજકારણ છૂપાયું છે.

૨. અગત્યની વાત તો એ છે કે, કેદીઓને કેદ થી મુક્તિ અપાવવી એ ધાર્મિક કૃત્ય નથી.
સબૂર ! કેદમાં પહોંચવું પડે એવા કુકર્મોથી મુક્તિ અપાવવી તે ધાર્મિક કૃત્ય છે.
જૈનોએ એ માટે જ પરિશ્રમ ઉઠાવવો રહ્યો.

૩. ૨૬૦૦ માં જન્મ કલ્યાણકની ઉજવણીના એક અવયવ તરીકે મુક્તિ મેળવનારા ૨૬૦૦ કેદીઓ, સજ્જન બન્યા વિના બહાર નીકળ્યા પછી બેફામ બની જશે, હિંસા આચરશે, તો તેનું પાપ જૈનોના શિરે નહિ ઝીંકાય ?

૪. પસંદગીના જ કેદીઓને મુક્તિ અપાવવાથી એ સિવાયના રહી ગયેલા કેદીઓના દિલમાં જૈનો માટે ઈર્ષ્યા અને

દુર્ભાવનો જ્વાળામુખી શું નહિ જાગી જાય ? પૂરી સંભાવના છે એની, એમ થતાં જૈનો એક વિશાળવર્ગની વૈરભાવનાના શિકાર બની જશે.

૫. કેદીઓને મુક્તિ અપાવવાની ચેષ્ટાના જો વિપરીત પ્રત્યાઘાતો પડ્યા તો જૈનોના મિત્ર જેવી દેશની વિરાટ હિન્દુ કોમને જૈના માટે દ્વેષ નહિ જાગે ? વિચારજો.

૧૦— શું વનસ્થલીઓના વિકાસનો કાર્યક્રમ યોગ્ય છે ?

૧. ના યાદ રહે ! શ્રમણ ભગવાન્ મહાવીર દેવે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વિશ્વના આ પાંચે ય સુક્ષ્મ તત્વોમાં જીવતત્ત્વનું પ્રતિપાદન કર્યું છે. ભગવાને વિના કારણે વનસ્પતિને સ્પર્શવાની પણ ના કહી છે. ત્યારે વનો વિકસાવવાની વાત, એય ભગવાનના જન્મકલ્યાણકની ઉજવણીના પ્રસંગ પર, શેં વ્યાજબી કહેવાય ?

૨. યાદ રહે ! ભગવાન મહાવીરદેવ પર્યાવરણવાદી ન હતા. તેઓ હતા પરમપદવાદી ! તેમને અંજલિ આપવાના નામે વૃક્ષો રોપવા, પર્યાવરણ રક્ષાની વાતો કરવી એ અતિશય અનુચિત વસ્તુ છે. પરમાત્માના ધર્મને ભારે અન્યાય ગુજારનારૂ આ કૃત્ય છે.

૩. વનસ્થળીઓના વિકાસ કાર્યક્રમ દ્વારા વનસ્પતિકાયના અસંખ્ય જીવોનું નિકંદન નીકળી જશે.
રડતી આંખે શાકભાજી સમારનારો જૈન, જે હરગીજ ચલાવી નહિ લે.

૪. વનસ્થળીઓનો વિકાસ કરીને એના મળી શકનારા લાડાની ય કેટલાંય લાંચિયા માનવો દાણચોરી કરશે. જેનું કલંક વનસ્થળી વિકાસને સમર્થન આપનારા જૈનોનાં કપાળે ચોંટશે.

૫. વનસ્થળીઓને વિકસાવવી, એ દેશરક્ષાનું અને સમાજરક્ષાનું કૃત્ય હોઈ શકે. અલબત્ત એ ધર્મનું કૃત્ય તો નથી જ. સામાજિક કાર્યોને ધાર્મિક કૃત્યો સાથે ક્યારે ય ભેળવી દેવાય નહિ. આથી ભગવાન્ મહાવીર દેવના જન્મ કલ્યાણકની ઉજવણીના ઉપલક્ષ્યમાં વનસ્થળીઓ વિકસાવવાની ઉક્ત યોજના ભગવાનના નામે હોય નહિ.

૧૧— શું સરકાર ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચશે ખરી ?

૧. ના, સ્વતંત્ર ભારત વર્ષના ૫૦ વર્ષનો ઈતિહાસ પહેલી આંખે જોનારો માનવી હૃદય પર હાથ મૂકીને કહી દેશે ભગવાન મહાવીરના ૨૬૦૦ માં જન્મ કલ્યાણકની ઉજવણી માટે સરકારે ૧૦૦ કરોડના ખર્ચની કરેલી જાહેરાત એ નર્યો દંભ છે.
રાજકીય લાભ ખાટવા માટેની ફક્ત આ જાહેરાત છે.

૨. આ ૧૦૦ કરોડની મુડીમાંથી કેટલાય ભ્રષ્ટાચારીઓના ખિસ્સા ભરાશે. ન જાણે ? મૂળ રકમના કેટલામાં ભાગનો પણ સદ્વ્યય થશે ?

૩. ભૂકંપ, ચક્રવાત અને દુષ્કાળ જેવા આપત્તિના સમયમાં ગાંઠના કરોડો રૂપીયા ખરચીને દાનેશ્વરીઓમાં અગ્રેસર રહેનારો જૈન સમાજ એકાએક શું દીનહીન બની ગયો ? કે સરકાર પાસે તે ૧૦૦ કરોડની માંગણી કરે ? સરકારી રકમમાં તે લલચાય જાય ?

૪. આઝાદ ભારતના ૫૦ વર્ષમાં જૈન સમાજે સરકારને ચૂકવેલા કરવેરાનો ૧૦૦૦ મો હિસ્સો પણ થાય ખરો ? આ ૧૦૦ કરોડ રૂપિયા ? વિચારજો ?
સરકારે જૈનોનું સન્માન કર્યું કે જૈનો સામે ટૂકડો ફેંક્યો ?

૫. वित्तं भवे सर्व विपत्ति मूल
આ ૧૦૦ કરોડ રૂપિયા ભગવાન્ મહાવીરના ધર્મ પ્રચાર પાછળ નહિ ખરચાય. જૈનોના પણ અનેક સંપ્રદાયો અને ગચ્છોના સાધુઓને તેમના પ્રોજેક્ટ્સમાં નાના નાના ટૂકડા જેવી રકમો આપીને તેમના મોં સીલ કરી દેવાશે. પરિણામે સાધુસંઘનો એક વર્ગ સત્વહીન અને વધુને વધુ શિથિલાચારી બનતો જશે.

૧૨— શું ફાઈવ સ્ટાર હોટેલોમાં નોનવેજ સાથે જૈનવેજ પીરસાય ?

૧. ના. આ કલ્પના જ ધરાર જૂઠી છે.
પહેલા નંબરની વાત તો એ કે જૈનો હોટેલો કે રેસ્ટોરન્ટોના પગથીયા પણ ચડી શકતા નથી. ત્યાં પંચતારક હોટેલોમાં જવાની વાત જ ક્યાં આવી ? मूलं नास्ति कुतः शाखा ।

૨. પંચતારક હોટલોમાં નોનવેજ ની વાનગીઓ બનાવનારા રસોઈઆઓ જ જૈનવેજની વાનગીઓ બનાવશે શું તેઓ

કોઈ જાતની ભેળસેળ નહિ જ કરે ? ખાત્રી ખરી ?
ક્રોસ કરવાના ! શાકાહારના નામે ભેદી માંસાહાર પધરાવવાની આ એક કુટિલ ચાલ છે. બીજું કશું જ નહિ.

૩. ફાઈવ સ્ટાર હોટેલોમાં પીરસાનારા જૈન વેજનું જૈનત્વ તેના નામ પૂરતું જ સીમિત રહેશે. વાસ્તવમાં તો જૈન વેજના પ્રલોભન આપીને અભક્ષ્ય નહિ ખાનારા જૈનોને પણ અભક્ષ્યની ખીણમાં ગબડાવી દેવાનું આ તરકટ છે.

૪. સરકાર જાણે છે. જૈન સમાજ સંપન્ન અને વૈભવશાળી છે. જૈનોમાં અભક્ષ્ય ખાનપાન પ્રત્યે બચેલી રહી-સહી સૂગનેય નામોવી દઈ. તેની પણ હોટલોના પગથીયા ચડાવી કરી તેમાંથી અને તે દ્વારા વિપુલ ધન કમાવવાની આ એક અધમ ચેષ્ટા છે.

૫. હોટેલોમાં જૈનવેજ પીરસાવાની શરૂઆત થતાં તેના દૂરોગામી પરિણામો બહુ જ ખૂંખાર આવશે. શ્રાવકસંઘ નિઃશૂકપાણે હોટલોમાં ફરતો થતા તેનું ધાર્મિક અધઃપતન થશે. સાધુઓની ભિક્ષા દુર્લભ બનશે.

૧૩— શું એક નવી યુનિવર્સિટી સ્થાપી શકાય ખરી ?

૧. ના, કારણ કે સરકારે સ્થાપેલી આ લૌકિક અને વ્યાવહારીક જ્ઞાન આપનારી યુનિવર્સિટીઓમાં મોક્ષ, આત્મા કે પરભવનો એકડો પણ ઘૂંટાવાશે નહિ.
એ યુનિવર્સિટીઓ તો મેકોલોની પધ્ધતિનું ગધેડાનો 'ગ' ઘૂંટાવતું શિક્ષણ પીરસશે !

૨. ના, આવી યુનિવર્સિટીઓ સ્થાપવાનો કોઈ અર્થ નથી. કારણ કે આ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ દેડકાઓ ચીરશે. પ્રાણિવધ કરશે. અને એ દ્વારા વૈજ્ઞાનિક પ્રયોગો કરશે.
આવું અઘોરી વિજ્ઞાન પરમાત્માના શાસનને ક્યારે ય માન્ય નથી બનવાનું.

૩. ના, પરમાત્માના નામે યુનિવર્સિટી ન સ્થપાય.
યુનિવર્સિટીના શિક્ષણમાં પૃથ્વી પરિભ્રમણ કરે છે. માનવી ચન્દ્ર અને બુધ પર પહોંચી ગયો છે. સૂર્ય હાઈડ્રોજનનો પુંજ છે. એવું બેબુનિયાદ અને નિરધાર શિક્ષણ પીરસાય છે.
જ્યારે પરમાત્મા મહાવીરે કહ્યું છે પૃથ્વી સ્થિર છે. તે પરિભ્રમણ નથી કરતી. માનવ ચંદ્ર પર કોઈ કાળે નથી પહોંચવાનો. સૂર્ય એ અગ્નિનો પુંજ નથી. તે દેવેન્દ્ર છે.

૪. ના, પરમાત્મા મહાવીરનું નામ જોડીને કોઈ યુનિવર્સિટી ન સ્થપાય. કારણ કે યુનિવર્સિટીઓનું ક્રુર શિક્ષણ વિદ્યાર્થીને શિખવે છે-
ઈંડા એ માંસાહાર નથી - પ્રોટીનયુક્ત આહાર છે. જ્યારે પરમાત્માએ ઈંડાને પંચેન્દ્રિયનો ગર્ભ કહ્યો છે. પંચેન્દ્રિય જીવોને ખાઈ જવાની વાત શીખવનારી યુનિવર્સિટીઓ પર જગન્માતાના હિતૈષી તથા સર્વોચ્ચ અહિંસાના ઉદ્‌ગાતા પરમાત્માનું નામકરણ કદા પે ન કરાય.

૫. ના, પરમાત્માના નામે યુનિવર્સિટી ન સ્થપાય. કારણ કે યુનિવર્સિટીઓનું પાશવી શિક્ષણ વિદ્યાર્થીઓને દાનવ બનવા ઉત્તેજિત કરે છે. તે કહે છે કે વસતિ નિયંત્રણ માટે ગર્ભપાત કરાવવા ખૂબ જરૂરી છે. તે પાપ નથી.

૧૪— શું દેશી-વિદેશી સ્કોલરોનું આદાન-પ્રદાન જરૂરી છે ?

૧. આ મુદો જ આખો તદ્દલખી છે.. સ્કોલરની જરૂર જૈનશાસનને છે જ ક્યાં ? એવી કઈ આંતરિક કટોકટી ઉભી થઈ કે જૈનધર્મના અભ્યાસ માટે દેશી-વિદેશી સ્કોલરોને ખરીદવા પડે !

૨. યાદ રહે ! સ્કોલરોની જરૂર કોઈપણ સંસ્થાના સંચાલન માટે રહે છે. જૈનશાસનનું સંચાલન કરવાનો અધિકાર સિવાય આચાર્ય ભગવંતો, અન્ય કોઈનોય નથી. જૈનશાસનના અભ્યાસ માટેનું સ્કોલરોનું આ સંભવિત આદાન-પ્રદાન જૈનશાસનનો મૃત્યુ ઘંટ વગાડી દેશે !

૩. શ્રમણસંઘની સર્વોપરિતા સામેનું આ બિભત્સ અટ્ટહાસ્ય છે. જૈન ધર્મની રક્ષા માટે જરૂરત છે સુવિહિત શ્રમણોની, નહિ કે સ્કોલરોની.

૪. શું આ સ્કોલરો માંસાહારી નહિ જ હોય ? સદાચારી જ હશે ? જૈન ધર્મ માટે પૂર્ણ શ્રદ્ધાળુ હશે ?

૫. શું દેશીની સાથે વિદેશી સ્કોલરો આણવાથી જૈનશાસનની ત્યાગમયતા સામે ખતરો નહિ ઉભો થાય ?
આ આખી યોજના જ બુધ્ધિના દેવાળાનું સૂચન કરે છે. જૈનોને સ્કોલરોની જરૂર નથી, જરૂર છે શ્રમણોની, શ્રધ્ધાળુઓની. ધર્મના મૂળ ઉખેડી નાખવાની આ યોજના છે.

૧૫— શું પાઠ્યપુસ્તકોમાં ભગવાન્ મહાવીર વિષયક સાચા પાઠો દાખલ થઈ શક્શે ખરા ?

૧. ચિંતાની ખાણમાં ગબડાવી દે, એવો આ પ્રશ્ન છે. આજના પાઠ્યપુસ્તકોમાં ભગવાન્ મહાવીરદેવના જીવનનો પરિચય દાખલ કરાવવો તો કઠીન નથી. અલબત્ત ! એ પાઠો જૈન ઈતિહાસને પૂર્ણતઃ વફાદાર બનીને જ પ્રકાશિત થાય એ સાવ જ કઠીન છે.

૨. જૈનશાસનના અધિકૃત ગીતાર્થો પાસે તે પાઠોનું પરિમાર્જન કરાવાશે ખરૂ ?

૩. જૈન ધાર્મિક પાઠોની પસંદગી પણ સરકારનું શિક્ષણ બોર્ડ કરશે ? શું સરકારી શિક્ષણબોર્ડો પરમાત્માના જીવનને ન્યાય આપે તેવા જ પાઠોને ચૂંટશે ? કે પછી પરમાત્માના જીવનની વાસ્તવિકતા સાથે સમાધાન કરનારા લેખકોના લેખો પણ સ્વીકારી લેશે ?

૪. પાઠ્યપુસ્તકો માટે તૈયાર થનારા જૈન ધાર્મિક પાઠોનું સંપાદક કોણ ? નિયામક કોણ ? શું તેની અવાસ્તવિકતા કે અશાસ્ત્રીયતા તરફ ધર્મગુરૂઓ ધ્યાન દોરશે તો તે સ્વીકારવા સરકાર બંધનકર્તા બનશે ખરી ?

૫. પાઠ્યપુસ્તકના બહુ સંખ્યક પાઠોમાં લૌકિક નેતાઓ અને રાજ નેતાઓના જીવન પણ લખાયા હશે. શું તેમના જેવી જ છાપ પાડે કે તેથી ય ઓછી પ્રતિભા ઉપસાવે, એવા પરમાત્માના ચરિત્રો તો પાઠ્યપુસ્તકોમાં નહિ છપાય ને ?

૧૬— એક યુનિવર્સિટીને ભગવાન્ મહાવીરનું નામ આપી શકાય ખરૂ ?

૧. ના, ન આપી શકાય. જે યુનિવર્સિટી તેના વિદ્યાર્થીઓને મિથ્યાજ્ઞાનના જામ પીરસે છે, તે યુનિવર્સિટી સાથે સમ્યગ્જ્ઞાનના મસીહા તીર્થંકરોનું નામ-જોડાણ એક અપવિત્ર ક્રિયા બની જશે.

૨. યાદ રહે, પરમાત્મા મહાવીર દેવે સ્થાપેલો ધર્મ જ એક જંગી યુનિવર્સિટી છે. જે યુનિવર્સિટીમાં ત્રણે કાળનું અને ત્રણે લોકનું તત્ત્વજ્ઞાન સર્વાંગ સુન્દર રીતે રજુ થયું છે. ત્યારે વિશ્વની વામણી યુનિવર્સિટી સાથે ભગવાનનું નામ જોડવાનો શો અર્થ ? એક સો ટચના સોના પર પીત્તળનો ઢોળ જરૂરી ખરો ?

૩. આવી યુનિવર્સિટી પર ભગવાનના નામકરણની અનુમતિ આપશો તો કાલે એ રેલો ક્યાં જઈ પહોંચશે, એ કલ્પી નથી શકાતું. કદાચ આવતીકાલે સિનેમા થિયેટરો પર પણ **"ભગવાન મહાવીર સિનેમા ગૃહ"** ના પાટીયા વાંચવાની નોબત વાગી ઉઠશે ?
આ દહેશત અસ્થાને નથી... ! સાવધાન... ! જોનો... !

૪. જે યુનિવર્સિટીના વિદ્યાગુરૂઓને કે વિદ્યાર્થીઓને ભગવાન્ મહાવીર સાથે કોઈ સંબન્ધ નથી, ભગવાન્ માટે બહુમાન નથી, સન્માન નથી. તે યુનિવર્સિટી પર ભગવાનનું નામ મુકાવવું શું શેખચલ્લીની ચેષ્ટા નહિ ગણાય ?

૫. સરકારી અને મિથ્યાજ્ઞાન પીરસનારી યુનિવર્સિટીઓ પર ભગવાન્ મહાવીરનું નામકરણ કરાવવાનો સાન્નિધ્ય વાસ્તવમાં **"વિનય"** નામના બીજા નંબરના જ્ઞાનાચારનું અતિક્રમણ છે.

૧૭— શું કેટલાક તીર્થોને પવિત્ર જાહેર કરવા જરૂરી છે ?

૧. ના, કોઈ જ નહિ.
કારણ કે જૈનોના તમામ તીર્થો સરકાર ઘોષિત કરે કે ન કરે, વિશ્વમાં પ્રસિદ્ધિ મળે કે ન મળે, અલબત્ત પવિત્ર જ છે. અત્યંત પવિત્ર છે.
અરે જૈનોના પ્રત્યેક ધર્મસ્થળો પવિત્ર છે.

૨. જો તીર્થક્ષેત્રોને પવિત્ર જાહેર કરવાં જ હોય તો 'કેટલાક' ના ભેદ શા માટે ?
તીર્થક્ષેત્રોને પવિત્ર જાહેર કરવાથી, તીર્થક્ષેત્રોની આમન્યા નહિ જળવાય. જરૂરીયાત તીર્થક્ષેત્રોને પવિત્ર જાહેર કરવાની નથી.
જરૂરીયાત તીર્થક્ષેત્રોની આમન્યાઓનું પાલન કરાવવાની છે !

૩. શું તીર્થક્ષેત્રોને માત્ર પવિત્રક્ષેત્ર જાહેર કરાવવાથી ત્યાં માંસાહાર, મદિરા સેવન, વ્યસનો જેવા પાપ પર પાબંધી લાગી જશે ખરી ? અશક્ય છે ! પવિત્રક્ષેત્ર શ્રી શત્રુંજ્ય તેનું જીવંત ઉદાહરણ બનશે. શત્રુંજ્ય આસપાસનો વિસ્તાર **'પવિત્રક્ષેત્ર'** જાહેર થયો હોવા છતાં ત્યાં **'જય પાલાટી'** થી ૧૦૦ મીટરના વિસ્તારમાં જ દારૂના અડ્ડાઓ ધમધમે છે.

૪. તીર્થક્ષેત્રોને પવિત્રક્ષેત્ર જાહેર કરવાથી તે એક પર્યટનક્ષેત્ર તરીકે પણ પ્રખ્યાત બનતા જશે. જેનું પરિણામ ખતરનાક

નીવડશે. દેશી-વિદેશી સહેલાણીઓ આ ક્ષેત્રોમાં ખેંચાઈ આવશે. તે તીર્થોને સાધનાનું સ્થળ નહિ રહેવા દે. અફસોસ ! સહેલગાહનું સ્થળ બનાવી દેશે.

૫. તીર્થક્ષેત્રોને 'પવિત્રક્ષેત્ર' જાહેર કરાવવા માત્રથી સંતોષ અનુભવનારો વર્ગ ઝાંઝવાના નીરની ઝંખનામાં રાચે છે. વસ્તુત: તીર્થોની આધ્યાત્મિકતાના જતન માટે - જૈન શ્રમણો સાથે પરામર્શ કરીને એક પારદર્શી કાર્યક્રમ અમલમાં મૂકવો જોઈએ.

૧૮— શું કેટલાક તીર્થોના વિકાસ માટે સરકારી બોર્ડોની આવશ્યકતા ખરી ?

૧. કોઈ કરતાં કોઈ જ નહિ. કશી જ નહિ.
જૈનો શું કાયર બની ગયા ? નિર્બળ - નિર્ધન બની ગયા ? શું તેઓને પોતાના તીર્થોના વિકાસ માટે ય પરાવલંબી બનવું પડશે ? કે સરકારી બોર્ડોની સ્થાપનાની માંગણી કરવી પડે !

૨. જૈન તીર્થોના વિકાસ માટે સરકારી બોર્ડોની સ્થાપના કરાવવી એટલે તીર્થોની માલિકીમાં સરકારના હસ્તક્ષેપને આમંત્રણ પત્રિકા લખવી ! શું સરકારના હસ્તક્ષેપને નોંતરવા તીર્થ વિકાસના બોર્ડો બનાવવાના ?

૩. સરકારી બોર્ડોના સભ્યો અને અધ્યક્ષો એવા માનવો બનશે, જે માનવો નાસ્તિક હશે ! અનાત્મવાદી હશે ! તેઓ તીર્થોનો વિકાસ કરશે કે વેપાર ?
શું તીર્થભૂમિઓનો વેપાર કરવા માટે તીર્થ વિકાસના બોર્ડો સ્થાપાવવા ?

૪. જૈન તીર્થોના વિકાસ માટે જો સરકારી બોર્ડોની સ્થાપનાને સ્વીકારી લેશો, તો તીર્થની એકે ક ધાર્મિક બાબતમાં સરકારની દખલગીરી પ્રવેશતી જશે. જૈન તીર્થોની કરોડોની દેવદ્રવ્યની અકસ્માયતો તરફ આ બોર્ડની નજર બગડશે.
શું આ માટે તીર્થના વિકાસ બોર્ડો બનાવવાના ?

૫. સરકારની નજર દેવદ્રવ્યના કરોડો રૂપીયા પર પડી છે. ટ્રસ્ટ એક્ટનો કાયદો ઘડીને એક ઝાટકે એ રકમ જપ્ત કરી લેશે. તીર્થના વિકાસ માટેના બોર્ડો બનાવવાની જાહેરાત આ માટેની જ એક ભેદી ચાલ છે.
આ દિશામાં સરકારે પા-પા પગલી ભરવાની શરૂઆત કરી દીધી છે. ભારત સરકારના વિત્ત મંત્રી શ્રી યશવંત સિંહાએ ૨૦૦૧-૨૦૦૨ ના બજેટમાં આનું સૂચન કરે તેવા પ્રસ્તાવો દાખલ કરી દીધાં છે.

(અ) ૧૦ લાખથી વધુ ઈન્કમ ધરાવનારા ધાર્મિક કે અધાર્મિક તમામ ટ્રસ્ટોએ તેમના હિસાબ દૈનિક પત્રોમાં જાહેર કરવા પડશે.

(બ) જમા થયેલી રકમ પર પણ ૧૦ વર્ષ સુધી જે ટેક્ષ નહતો લાગતો તે હવે ૫ વર્ષથી લાગુ પડશે.

૧૯— સ્પેશ્યલ ટ્રેનો દોડાવાશે - પણ જૈનોના જ પૈસે !

૧. ટિકિટભાડું જૈનોનું તમામ ખર્ચા જૈનોના અને છતાં જૈનો માટે સ્પેશ્યલ ટ્રેનો દોડશે. તો ગર્વ અનુભવશે આ ૨૬૦૦ ની ઉજવણીના જૈન ફિરસ્તાઓ ! ધન્યવાદ છે તેમની બુધ્ધિને !

૨. શું જૈન તીર્થો ભણીની સ્પેશ્યલ ટ્રેનો સરકાર મફતમાં દોડાવશે ? કે તેમાં ય ખિસ્સા ભરતી જશે !

૩. શું દોડનારી સ્પેશ્યલ ટ્રેનોમાં અભક્ષ્ય ખાનપાન નહિ જ પીરસાય ? રાત્રિભોજન નહિ કરવા દેવાય ? કોઈ ખાત્રી મળી છે ખરી ?

૪. આવી સ્પેશ્યલ ટ્રેનો પર પણ 'ભગવાન મહાવીર એક્ષપ્રેસ' જેવા નામો લખાશે !
છ એ જીવનિકાયોની ઘોર હિંસા દ્વારા ચાલી શકતી ટ્રેનો પર પરમાત્માનું નામકરણ કરવું તસુભાર પણ યોગ્ય નથી.

૫. આવી સ્પેશ્યલ ટ્રેનો શું માત્ર જૈન તીર્થભૂમિઓની જ યાત્રા કરાવશે ? કે પછી પર્યટન સ્થળોની પણ મુસાફરી કરાવશે ? આમાં યાત્રિકોની આધ્યાત્મિક ભાવનાઓનો મૃત્યુઘંટ વાગી જશે.
જૈનો, પોતાના લોકોત્તર ધર્મ માટે આત્મ ગૌરવની ભાવના ખોઈ બેઠા છે. જૈનોનું આત્મ ગૌરવ જલ્દીથી જાગર થાય એ માટે ભગીરથ પુરૂષાર્થ જરૂરી છે. બાકી આગેવાનો પણ શેહ શરમ માનપાન અને લાઈટમાં આવવા શું કરશે તે પ્રશ્ન છે. તેમને જો શ્રધ્ધા થઈ જાય તો આ જૈન સંઘ અને જૈન સિદ્ધાંત ઉપર આક્રમણ ન આવે.

૨૦ - ભગવાન્ મહાવીરને 'વિશ્વપુરુષ' ગણાવાની આજીજી કરવા શું યુનેસ્કો પાસે ઘૂંટણિયા ટેકવવા જરૂરી છે ?

૧. માનો યા ના માનો. પરમાત્મા વિશ્વમાત્રના નાયક છે. સ્વામી છે. પરમ ગુરુ છે. વિશ્વપુરુષ નહિ, બ્રહ્માંડપુરુષ છે.

આવા બ્રહ્માંડપુરુષને વિશ્વપુરુષની માન્યતા શેં અપાવવાની ? એ ય વિશ્વના વામણા મનુષ્યો દ્વારા ?
રે અજ્ઞાનતા ! ધિક્કાર છે આવી મૂઢ ચેષ્ટાને !

૨. કલ્પના કરો ! યુનેસ્કોએ ભગવાન્ મહાવીરને વિશ્વપુરુષ ગણવાની ના પાડી. શું એમાં વિશ્વવત્સલ પરમાત્મા મહાવીરનું અવમૂલ્યન નહિ થાય ? જૈનોની નાલેશી નહિ થાય ?

૩. તમામ ક્ષેત્રોમાં અને હંમેશા જેમનું દાયિત્વ સહુથીય શ્રેષ્ઠ રહ્યું છે, તે જૈનોએ સરકાર પાસે ઘૂંટણિયા ટેકવવા જરૂર ખરા ?

૪. આનંદો ! યુનેસ્કોએ ભગવાન્ મહાવીરને વિશ્વપુરુષ ગણી લીધા. ત્યાર પછી પરમાત્માની ગણતરી વિશ્વપુરુષ તરીકે પ્રસિદ્ધ બનનારી ઈશુ ખ્રિસ્ત જેવી લૌકિક હસ્તિ સાથે થશે. શું વિશ્વના લોકોત્તર તત્ત્વની આવી લૌકિક સરખામણીઓ આપણા અંતરને કરડી નહિ ખાય ?

૫. ભગવાન મહાવીરને વિશ્વપુરુષ ગણવાની માંગણી એટલે જગતના લોકત્તર તત્ત્વની લોકોત્તરતા સામે યુદ્ધની જાહેરાત ?

.....

આના સાથે, ૨૬૦૦ ની અશાસ્ત્રીય ઉજવણીનો વિરોધ જેમના કાન સુધી પહોંચાડવો જરૂરી છે, તેવી પાંચ હસ્તીઓના એડ્રેસ, ફોન નંબર, ફેક્સ નંબર મૂક્યાં છે.

વધુમાં, તેમની પરના પત્રોનું સ્વરૂપ કેવું હોવું જોઈએ, એ દર્શાવતાં પત્રો પણ મૂક્યાં છે.

સુજ્ઞ વાંચકો પાંચેય સ્થળે યેન કેન પ્રકારેણ પોતાનો વિરોધનો ધ્વનિ પહોંચાડે; એજ એક અભિલાષા.

.....

माननीय प्रधानमंत्री, श्री अटलजी
प्राइम मीनीस्टर ओफ इन्डिया,
न्यु दिल्ली, फेक्स नं. ०११ - ३०१६८५७

विक्रम संवत् २०५७ चै. सु. १३
शुक्रवार, ता. ६-४-२००१

विषय : भगवान महावीरदेव की २६ वी जन्मशताब्दी का राष्ट्रीय महोत्सव।

श्रमण भगवान महावीरदेव के २६०० वा जन्मकल्याणक वर्ष के उपलक्ष्य में भारत सरकारने जो कार्यक्रम घोषित किये है, वह जैनधर्म के मूलभूत सिद्धांतो को नष्ट-भ्रष्ट करने वाला है।

भगवान महावीर के एक संनिष्ठ अनुयायी की हैसियत से मैं निम्नांकित योजनाओ का विरोध कर रहा हुं।

पाँव से मस्तक तक यह कार्यक्रम अनिष्टो से भरा हुआ है।

उनके कुछ नमुने नीचे लिख रहा हुं।

१. भगवान महावीर देव की छबि पोस्टकार्ड एवम् टिकिट में अंकित करना।
२. भगवान महावीर देव के जीवन पर नाटक बनाना।
३. भगवान महावीर देव के जीवन पर फिल्म बनाना।
४. सार्वजनिक स्थलों पर भगवान महावीर का नामकरण करना।
५. भगवान महावीर की स्मृति में वनस्थलीओंका विकासकरना।
६. जैन आगम ग्रन्थोका भाषान्तर करवाना।

उक्त योजनाओ जैनशास्त्रोकी दृष्टि सें सर्वथा अमान्य है।

हमारे मन को व्यथित करनेवाला एवम् जैन सिध्धांतो की मौलिकता का खूनकरनेवाला यह कार्यक्रम शीघ्र ही बन्द करे।

अंत मे जैन समाज अपने धर्मसिध्धांतो की रक्षा के लिए आंन्दोलन का मार्ग अखत्यार करे, उसके पहले जैनसिध्धांतो से विपरीत ऐसा सरकार का यह कार्यक्रम रद किया जाय ऐसी आशा व्यक्त कर रहां हुं।

पत्ता :

लिखितम्..

લોકમાડીલા माननीय मन्त्रीवर्य श्रीमती जयवंतीबहेन महेता

Y.T.C. ત્રીજે માળે, ૩૭, મેકર ટાવર, F - વિંગ, કફ પરેડ, વિક્રમ સંવત ૨૦૫૭ ચૈત્ર સુદ - ૧૩
કોલાબા, મુંબઈ-૫. Fax : 022 - 3714168 શુક્રવાર, તા. ૬-૪-૨૦૦૧

સવિનય પ્રણામ સહ...

વિષય : ભગવાન મહાવીરના ૨૬૦૦ માં જન્મકલ્યાણકની રાષ્ટ્રીય ઉજવણીનો વિરોધ

આપની સમક્ષ અમે અમારી હૃદયની વ્યથા ઠાલવવા ઉપસ્થિત થયા છીએ. અમારા હૃદયના શત-શત ખંડ થઈ રહ્યા છે. આશા વ્યક્ત કરીએ છીએ કે આપ અમારી ધાર્મિક વ્યથાઓ સમજી શકશો.

ભગવાન મહાવીરદેવના જન્મ કલ્યાણકનું ૨૬૦૦ મું વર્ષ આગામી ૬ એપ્રિલથી શરૂ થશે. આ પ્રસંગને પામીને સરકારે એક વર્ષ સુધીના લાંબા જે કાર્યક્રમો યોજ્યા છે, તેના બહુધા વિષયો જૈનધર્મના મૂળભુત ઢાંચા સાથે અસંગત બનતા હોવાથી અમે તેનો વિરોધ કરીએ છીએ.

૧. પોસ્ટ ટીકિટોમાં ભગવાન શ્રી મહાવીરની છબિઓ ઉપસાવવી.
૨. ચલણી સિક્કાઓમાં ભગવાન મહાવીરનાં ચિત્રો મૂકાવવા.
૩. ભગવાન મહાવીરનું નામ જોડીને ગાર્ડનો-પાર્કો બનાવવા.
૪. જાહેર સ્થળો પર ભગવાન મહાવીરનું નામકરણ કરવું.
૫. જૈન આગમોનું ભાષાંતર કરવું.
૬. ભગવાન મહાવીરના જીવન પર ફિલ્મ બનાવવી.
૭. ભગવાન મહાવીરના જીવન પર નાટકો યોજવા.
૮. માંસાહારી હોટેલોમાં જૈનવેજનો નવો સ્ટોલ ઉભો કરાવવો.
૯. વનસ્થલીઓ વિકસાવવી.

આ બધાય મુદ્દાઓ જૈનસિદ્ધાંતોની કતલ કરી નાંખે તેવા છે. આ ઉજવણી અમારા હૃદયનાયક ભગવાન શ્રી મહાવીરનું સન્માન નહિ કરે અલબત્ત, તેમનું ઘોરોતિઘોર અપમાન કરશે. તેમનું અવમૂલ્યન કરશે. તેમની સર્વશ્રેષ્ઠતાને બજારૂ ચીજ બનાવી દેશે.

સરકારની ઉક્ત યોજનાઓ જૈનશાસ્ત્રોથી સર્વથા વિપરીત હોવાથી આ યોજનાઓએ અમારૂ દિલ દુભવ્યું છે. જૈન સંઘોમાં કચ્છનાં ભૂકંપથી ય વિશાળ ખળભળાટ મચાવ્યો છે. આપ, સુજ્ઞ છો. ગુજરાતીઓના આદરણીય છો. તો જૈનોના સિદ્ધાંતોના થઈ રહેલા અવમૂલ્યનને અટકાવવા અવશ્ય પરિશ્રમ કરશો. અમારો અવાજ પ્રધાનમંત્રી સુધી પહોંચાડી ૨૬૦૦ ની ઉજવણીની કથિત યોજના રદ્ બાતલ કરાવશો. એવી અપેક્ષા સાથે.

સરનામું: લિ.....

माननीय मंत्री, **श्री अनन्तकुमारजी** विक्रम संवत् २०५७ चै. सु. १३
(पर्यटन एवम सांस्कृतिक विभाग) शुक्रवार, ता. ६-४-२००१
३०-प्रह्लादराय रोड, न्यु दिल्ली-११० ००३. Fax : 022 - 3016559

विषय : भगवान महावीरदेव की २६ वी जन्मशताब्दी का राष्ट्रीय महोत्सव।

श्रमण भगवान महावीरदेव के २६०० वी जन्मकल्याणक वर्ष के उपलक्ष्य में भारत सरकारने जो कार्यक्रम घोषित किया है, वह जैनधर्म के मूलभूत सिद्धांतो को नष्ट-भ्रष्ट करने वाला है।

भगवान महावीर के एक संनिष्ठ अनुयायी की हैसियत से मैं निम्नांकित योजनाओ का विरोध कर रहा हुं।

पैर से मस्तक तक यह कार्यक्रम अनिष्टो से भरा हुआ है।

उसके कुछ नमुने नीचे लिख रहा हुं।

१. भगवान महावीर देव की छबि पोस्टकार्ड एवम् टिकिट में अंकित करना।
२. भगवान महावीर देव के जीवन पर नाटक बनाना।
३. भगवान महावीर देव के जीवन पर फिल्म बनाना।
४. सार्वजनिक स्थलों पर भगवान महावीर का नामकरण करना।
५. भगवान महावीर की स्मृति में वनस्थलीओंका विकास करना।
६. जैन आगम ग्रन्थोका भाषान्तर करवाना।

उक्त योजनाऐ जैनशास्त्रोकी दृष्टि सें सर्वथा अमान्य है।

हजारें मन को व्यथित करनेवाला एवम् जैन सिध्धांतो की मौलिकता का खूनकरनेवाला यह कार्यक्रम शीघ्र ही बन्द करे।

अंत मे जैन समाज अपने धर्मसिध्धांतो की रक्षा के लिए आंन्दोलन का मार्ग अखत्यार करे, उसके पहले ज़ैनसिध्धांत से विपरीत ऐसा सरकार का यह कार्यक्रम रद किया जाय ऐसी आशा व्यक्त कर रहां हुं।

पत्ता :

लिखित म्...

આદરણીય સાધર્મિક બંધુ **શ્રીમાન દીપચંદ ભાઈ ગાર્ડી**
ઉષા કિરણ, ૨ જે માળે, કરમાઈકલ રોડ, મુંબઈ-૨૬.
Fax : 022-4962638, Phone : 4952270

વિક્રમ સંવત ૨૦૫૭ ચૈત્ર સુદ - ૧૩
શુક્રવાર, તા. ૬-૪-૨૦૦૧

સવિનય પ્રણામ

આપણે જાણીએ જ છીએ કે શ્રમણ ભગવાન મહાવીર દેવે સ્થાપેલો ધર્મ શ્રમણ પ્રધાન ધર્મ છે. જૈનશાસનના કોઈપણ નિર્ણયોમાં આખરી અવાજ શ્રમણોનો જ હોઈ શકે. શ્રમણ સંઘની આજ્ઞાનું અતિક્રમણ કરવાનો અધિકાર શ્રાવકોને નથી જ નથી.

વર્તમાનમાં શ્રમણ ભગવાન મહાવીર દેવના જન્મકલ્યાણકનું ૨૬૦૦ મું વર્ષ પ્રસ્તુત બન્યું છે. આ પ્રસંગને પામીને રાષ્ટ્રીય કક્ષાએ એક મહોત્સવનો કાર્યક્રમ ઘડાયો છે. જેમાં આપની પણ મુખ્ય ભૂમિકા રહી છે, એવું આપના **'નમો તિત્થસ્સ'** મુખપત્ર દ્વારા જાણવા મળ્યું.

હવે, આશ્ચર્યની વાત એ કરવી રહી, કે રાષ્ટ્રીય કક્ષાના સૂચિત મહોત્સવમાં ભગવાન્ મહાવીરના સિદ્ધાંતોનો ક્રૂર પરિહાસ થશે એવું સુસ્પષ્ટ પણે વંચાઈ રહ્યું છે.

આપણા પરમ પૂજ્ય શ્રમણોએ આ સૂચિત મહોત્સવનો ઉગ્ર વિરોધ કર્યો છે. આમ છતાં એક શ્રાવક તરીકે શ્રમણ સંઘની આજ્ઞાનું અને શાસ્ત્રીય મર્યાદાનું પાલન કરવાના સ્થાને આપ જૈનધર્મના મૂળભુત માળખાને જ જમીનદોસ્ત બનાવી દે, તેવા આયોજનમાં શા માટે અગ્રેસર બનો છો ? સમજાતું નથી.

સાચ્ચે જ અમારૂ મસ્તક શરમથી ઝૂકી જાય છે. આંખો આંસુથી છલકાઈ જાય છે. શું ભગવાન મહાવીરનો જ અનુયાયી, તેમના સિધ્ધાંતોથી વિરૂદ્ધ જઈ શકે ?

૧. વનસ્થલીઓ વિકસાવવી...
૨. ટિકીટોમાં પ્રભુજીની છબિ ઉપસાવવી.
૩. ભગવાનના જીવન પર ફિલ્મ બનાવવી.
૪. ભગવાનના જીવન પર નાટકો બનાવવા...
૫. જાહેર સ્થળો પર ભગવાનનું નામકરણ કરવું.
૬. જૈન આગમોનો અનુવાદ કરવો...

આવી-આવી કંઈક યોજનાઓ જૈન શાસ્ત્રીય દૃષ્ટિએ અમાન્ય જણાય છે. એટલું જ નહિ, જૈન સિદ્ધાંતોની લોકોત્તરતા અને જૈનધર્મના સાર્વભૌમત્વ સામે જ પ્રશ્ન ચિન્હ મૂકી દેનારી આ યોજનાઓ છે. તો, જૈન શાસ્ત્રોને તેમજ શ્રમણસંઘના નિર્ણયને શિરોમાન્ય રાખી આપ, ૨૬૦૦ ની સૂચિત ઉજવણીને સ્થગિત કરાવવા પ્રબળ પુરૂષાર્થ કરો, એટલી લાગણી વ્યક્ત કરીને વિરમું છું.

સરનામું :

લિ...

આદરણીય સાધર્મિક બંધુ **શ્રીમાન પ્રકાશભાઈ ઝવેરી**
મેનેજેસ્ટીક બિલ્ડીંગ, ૧૦ મે માળે, આણંદજી કલ્યાણજી પેઢી, ગિરગામ, મુંબઈ-૪.

વિક્રમ સંવત ૨૦૫૭ ચૈત્ર સુદ - ૧૩
શુક્રવાર, તા. ૬-૪-૨૦૦૧

સવિનય પ્રણામ

આપણે જાણીએ જ છીએ કે શ્રમણ ભગવાન મહાવીર દેવે સ્થાપેલો ધર્મ શ્રમણ પ્રધાન ધર્મ છે. જૈનશાસનનાં કોઈપણ નિર્ણયોમાં આખરી અવાજ શ્રમણોનો જ હોઈ શકે. શ્રમણ સંઘની આજ્ઞાનું અતિક્રમણ કરવાનો અધિકાર શ્રાવકોને નથી જ નથી.

વર્તમાનમાં શ્રમણ ભગવાન મહાવીર દેવના જન્મકલ્યાણકનું ૨૬૦૦ મું વર્ષ પ્રસ્તુત બન્યું છે. આ પ્રસંગને પામીને રાષ્ટ્રીય કક્ષાએ એક મહોત્સવનો કાર્યક્રમ ઘડાયો છે. જેમાં આપની પણ મુખ્ય ભૂમિકા રહી છે, એવું આપના **'નમો તિત્થસ્સ'** મુખપત્ર દ્વારા જાણવા મળ્યું.

હવે, આશ્ચર્યની વાત એ કરવી રહી, કે રાષ્ટ્રીય કક્ષાના સૂચિત મહોત્સવમાં ભગવાન્ મહાવીરના સિદ્ધાંતોનો ક્રૂર પરિહાસ થશે એવું સુસ્પષ્ટ પણે વંચાઈ રહ્યું છે.

આપણા પરમ પૂજ્ય શ્રમણોએ આ સૂચિત મહોત્સવનો ઉગ્ર વિરોધ કર્યો છે. આમ છતાં એક શ્રાવક તરીકે શ્રમણ સંઘની આજ્ઞાનું અને શાસ્ત્રીય મર્યાદાનું પાલન કરવાના સ્થાને આપ જૈનધર્મના મૂળભુત માળખાને જ જમીનદોસ્ત બનાવી દે, તેવા આયોજનમાં શા માટે અગ્રેસર બનો છો ? સમજાતું નથી.

સાચ્ચે જ અમારૂ મસ્તક શરમથી ઝૂકી જાય છે. આંખો આંસુથી છલકાઈ જાય છે. શું ભગવાન મહાવીરનો જ અનુયાયી, તેમના સિધ્ધાંતોથી વિરૂદ્ધ જઈ શકે ?

૧. વનસ્થલીઓ વિકસાવવી...
૨. ટિકીટોમાં પ્રભુજીની છબિ ઉપસાવવી.
૩. ભગવાનના જીવન પર ફિલ્મ બનાવવી.
૪. ભગવાનના જીવન પર નાટકો બનાવવા...
૫. જાહેર સ્થળો પર ભગવાનનું નામકરણ કરવું..
૬. જૈન આગમોનો અનુવાદ કરવો...

આવી-આવી કંઈક યોજનાઓ જૈન શાસ્ત્રીય દૃષ્ટિએ અમાન્ય જણાય છે. એટલું જ નહિ, જૈન સિદ્ધાંતોની લોકોત્તરતા અને જૈનધર્મના સાર્વભૌમત્વ સામે જ પ્રશ્નચિન્હ મૂકી દેનારી આ યોજનાઓ છે. તો, જૈન શાસ્ત્રોને તેમજ શ્રમણસંઘના નિર્ણયને શિરોમાન્ય રાખી આપ, ૨૬૦૦ ની સૂચિત ઉજવણીને સ્થગિત કરાવવા પ્રબળ પુરૂષાર્થ કરો, એટલી લાગણી વ્યક્ત કરીને વિરમું છું.

સરનામું :

લિ....

*** આ પાંચેય સ્થળોએ ઉપર મુજબના પત્રો લખી વિરોધ નોંધાવવો અતિશય આવશ્યક છે.**

પ્રવચન - સુડતાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
૨૦૪૩ ભાદરવા સુદિ -૧૫, સોમવાર, તા. ૭-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦૦૬.

ગતાંકથી ચાલુ

તમે બધા અહીં મઝામાં છો તે શાથી છો ? તમારી હોંશિયારીથી કે ભૂતકાળમાં ધર્મ કરીને પુણ્ય કર્યું તેથી ? અહીં ધર્મ વધારે કરો છો કે પાપ વધારે કરો છો ? અહીં ધર્મ કરવો છે કે પૈસા જ મેળવવા છે અને મોજમઝાદિ કરવા છે ? સાચા સુખી થવું હોય તો ય ધર્મ જ કરવો જોઈએ. તમે કહો કે- મારે ય ધર્મી થવું છે અને મારા પરિવારને પણ ધર્મી બનાવવો છે. ખરો ધર્મી કોણ ? સાધુ. સાધુ થવાની શકિત મેળવવા માટે શ્રાવક ધર્મ કરવાનો છે. માટે તમારે તમારા પરિવારને સુખી બનાવવો છે કે ધર્મી બનાવવો છે ?

સભા : આપ સંસારના સુખીને દુઃખી માનો છો, અમે સંસારના સુખીને સુખી માનીએ છીએ.

ઉ.- તે મૂર્ખાઈ છે કે ડહાપણ છે ? સંસારના સુખને સુખ માનવું તે જ મોટી બેવકૂફી છે. તે સુખ મેળવવા પાપ કર્યા વિના તમારા બાપને ય ચાલે નહિ ! આજે તો એક નીતિમાન, પ્રામાણિક માણસ જડતો નથી ! લાખોની પેઢી ચલાવનારો આ, મરી જાય તો પણ જૂઠ ન બોલે તેવી આબરૂ નથી ! આજે જે માલ તપાસીને ન લે તો તે ઠગાયા વિના રહે નહિ. આજે તો એવી ભેળસેળ કરે છે કે જેનું વર્ણન ન થાય. આજે સારામાં સારો વેપારી પણ સાચો મળે ખરો ? કોઈ મોટો વેપારી જૂઠ ન બોલે તેવી ખાત્રી આપો ખરા ? આ બધાનું કારણ એક જ છે કે સંસારના સુખને જ સુખ માન્યું છે, સારું માન્યું છે. તમારી પાસે કેટલા પૈસા છે તે બોલી શકો ખરા ?

સભા : ભય છે. સાચું બોલીએ તો ધાડ આવે.

ઉ.- ધાડ આવે છે, તે તેના ઘરમાં ચોરીના પૈસા છે માટે ને ? ગરીબને ઘેર ધાડ નથી ગઈ. જે શ્રીમંતને ઘેર ધાડ આવે છે તે શ્રીમંત ચોર છે કે શાહુકાર છે ? શાહુકારને ઘેર ધાડ આવે તો ગભરામણ થાય ?

શાહુકાર કોનું નામ ? જે કહે કે- મારા ઘરમાં કે મારી પેઢીમાં, જે મારા ચોપડામાં હોય નહિ તે હોય નહિ. આગળ વેપારીનો ચોપડો પ્રમાણભૂત મનાતો. તે ચોપડામાં કદી ખોટું લખે નહિ કે લખાવે નહિ. શેઠ જૂઠું લખવાનું કહે તો નોકર, નોકરી છોડી દેતો હતો પણ જૂઠ લખતો ન હતો. આજે તમે તમારો ખર્ચો ઉમલક લખી શકો છો, કયાં વાપર્યા તે લખી શકો નહિ, જ્યારે આગળ તો શેઠ પણ પોતાનો ખર્ચો આઈટમવાર લખતો હતો. આજે તો તમારો ખર્ચો પણ એવો કે કહી ન શકાય. તેને તો ઢાંકી જ રાખવો પડે. માટે આ બધું સુખ સારું નથી ને ?

તમારે કેવું સુખ જોઈએ છે ? જેમાં દુઃખનો લેશ ન હોય, જે પરિપૂર્ણ હોય અને આવ્યા પછી કદી નાશ ન પામે તેવું હોય. આવું સુખ સંસારમાં નથી, મોક્ષમાં જ છે. માટે તમારે બધાને મોક્ષમાં જ જવું છે ને ? રોજ મોક્ષ યાદ આવે છે ? અત્યારે અહીંથી મોક્ષે જઈ શકાય તેમ નથી તો આવતા ભવે કે ત્રીજે ભવે તો મોક્ષે જ જવું છે ને ? જેને મોક્ષમાં જ જવું હોય તેને માટે દુર્ગતિ છે નહિ, સદ્‌ગતિ નક્કી છે. તેને મરવાનો ભય હોય ખરો ? તે તો કહે કે- 'મેં મારા જીવનમાં મારા માલિકને મિત્રને, સ્નેહી - સ્વજનને અને જે કોઈ વિશ્વાસ મૂકે તેને ઠગ્યો નથી, કોઈનું ભૂંડું કર્યું નથી કે કોઈના ભૂંડામાં ભાગ લીધો નથી, શકિત તેટલું સારું કર્યું છે. પછી મને મરવાનો ભય શું કામ હોય ? હું તો સદ્‌ગતિમાં જ જવાનો છું' આમ જે બોલે તે જ શાહુકાર કહેવાય ને ? શેઠ કોને કહેવાય ? જે સારાં કામ કર્યા કરે તે. આજે મોટેભાગે ખરાબમાં ખરાબ કામ શેઠ કહેવરાવનારા કરે છે, સારામાં સારી ચોરી હોંશિયારીથી શાહ લોકો કરે છે અને સાહેબો શેતાનિયત કરે છે.

મારે તમને બધાને મોક્ષના અર્થી બનાવવા છે. મોક્ષનો અર્થી બને તેને આખો સંસાર ભયરૂપ લાગે. સંસારમાં જોડાનારાં મા-બાપ - ભાઈ-ભાડું વગેરે બધા ભયરૂપ લાગે. તમારા માબાપ તમને કેવા બનાવા માગે છે? સંસારમાં રાખવા માગે છે કે મોક્ષે મોકલવા માગે છે ? તમે આજે શાહુકાર પણ છો ?

સભા : - આજથી પચાસ (૫૦) વર્ષ પહેલા ધંધા - ધાપાદિ સીધા હતા.

ઉ.- ક્યારથી આ પ્લેગ ફાટી નીકળ્યો !!

સભા :- તે વખતે એક રૂપિયામાં ય મઝેથી જીવતા આજે સો રૂ. પણ ઓછા પડે છે.

ઉ.- જે મોટા બંગલામાં રહે તે મોટો જૂઠ્ઠો અને મોટો ચોર આમ નક્કી થયું ને ?

સભા :- તે બધું મળ્યું તો પુણ્યથી હોય ને ?

ઉ.- તે બધું પુણ્યથી મળ્યું તેની ના નથી પણ તે પુણ્ય ઘણાં ઘણાં પાપ કરો ત્યારે જ ફળે માટે તે પુણ્ય પણ ખરાબ કહેવાય. તમે ભૂતકાળમાં ધર્મ કરેલો પણ ખોટો કરેલો અર્થાત્ ખોટા ભાવથી કરેલો, દુનિયાનું સુખ - પૈસા - મોજમઝા દિ. માટે ધર્મ કરેલો. તેથી તે પુણ્ય અહીં આવીને પાપ જ વધારે કરાવે.

શાસ્ત્ર કહ્યું છે કે- દુનિયાની સુખ સાહ્યબી માટે ધર્મ કરનાર જીવ, કદાચ તે સુખસાહ્યબી પામે પણ પછી એવો પાપી થાય કે જેનું વર્ણન ન થાય. અને પછી પાપ કરી કરીને દુર્ગતિમાં જ જાય. માટે જ જ્ઞાનિઓ ભારપૂર્વક કહે છે કે- આ દુનિયાનું સુખ જ ભૂંડામાં ભૂંડું છે. તેની ઈચ્છા પણ પાપના ઉદયથી થાય અને તેનો ભોગવટો પણ પાપના ઉદયથી થાય અને તે મઝેથી ભોગવો એટલે નવાંને નવાં પાપ જ બંધાય : આ જાણ્યા પછી હવે તમે ધર્મ વધારે કરો છો કે પાપ જ વધારે કરો છો ?

ઘરમ કોને રહેવું પડે ? અવિરતિનો ઉદય હોય તેને. ઘરમાં રહેવું સારું કોણ માને ? મિથ્યાત્વનો ઉદય હોય તે. તમે બધા ઘરમાં રહ્યા છો તે મઝેથી રહ્યા છો કે રહેવું પડે માટે રહ્યા છો ? કર્મયોગે તમે ઘરમાં રહ્યા છો તો જીવવા માટે જે ચીજની જરૂર પડે તે પ્રામાણિકપણે સીધી રીતે મળે તો લેવી છે, વાંકી રીતે મળે તો લેવી નથી - આવો પણ નેયમ કરવો છે ? આજે હું નીતિની વાત કરું છું તો સારા સારા લોકો આવીને કહી જાય છે કે- આ કાળમાં નીતિ પાળીએ તો જીવી શકાય જ નહિ. તમની આ વાત હું માની લઉં ? તમારો શું મત છે ?

સભા :- જીવી શકાય પણ શ્રીમંત ન થઈ શકાય.

હવે તમે સાચું બોલ્યા.

તમે કહો કે- નીતિપૂર્વક જીવી શકાય તેમ છે પણ અમારે બહુ મોટી દુર્ગતિમાં જવું છે માટે અહીં ખૂબ લહેર કરાય તે માટે ખૂબ ખૂબ પૈસા જોઈએ છે. તેથી અમે ગોઠવી ગોઠવીને અનીતિ મઝેથી કરીએ છીએ. અને અમારાં સંતાનોમાં વધારે અનીતિની આવડત આવે તે માટે તેમને ભણાવીએ છીએ. પણ ધર્મનું કાંઈ ભણાવતા નથી ! તમે જો નીતિપૂર્વક મઝેથી સારી રીતે શાંતિથી જીવી શકાય તેમ માનતા હોત તો તમારા છોકરાઓને શું ભણાવ્યું હોત ! છોકરાઓને પુણ્ય શું - પાપ શું તે ભણાવ્યું છે ? પુણ્ય કરીએ તો સારી ગતિ મળે અને પાપ કરીએ તો ખરાબ ગતિ મળે તેમ કહ્યું છે ? આ કાળ બહુ વિષમ છે માટે સમજુ બનશો તો સારું થશે.

જેને સારું કરવું હોય તેને મોક્ષમાં જ જવું પડે. અને જેને મોક્ષની ઈચ્છા થાય તેને સાધુપણાનું જ મન હોય. તે સાધુ ન થઈ શકે તો સાચો શ્રાવક તો થાય જ. એટલે તેને ધર્મ નહિ સમજેલા અને ધર્મ માર્ગે નહિ જોડનારા માતા-પિતા ભાઈ - ભગિની - ભાર્યાદિ બધા ભૂતરૂપ લાગે. તે બધાની વાત જો માનું તો મારે નરક - તિર્યંચગતિમાં જવું પડે અને આ જન્મ હારી જાઉં તો ફરી ક્યારે મળે તે જ્ઞાની જાણે આવું તે માને. એટલે 'તે બધાથી સાવચેત રહી રહીને ધર્મ કરે અને ક્યારે સાધુ થઈને, સાધુપણું પાળીને ઝટ મોક્ષમાં જાઉં' તેવી ઈચ્છામાં રમે. મારે તમને બધાને આવી ઈચ્છામાં રમતા કરવા છે. તે માટે શું કરવું તે વિશેષ અવસરે.

---

* RESPECT a man, he will do the more.
* Rule your PASSIONS, or they will rule you.
* READING maketh a full man, CONFERENCE a ready man and WRITING a exact man.
* Resist the DEVIL and he will flee from you
* Rate is true love, true FRIENDDHIP is still rarer.
* RELIGION (Dharma) is the highest bless; It consists of noninjury, self-restraint and penance.
* Some men are born great, some achieve greatness and some have greatness thrus upon them.
  - Shakespeare
* Strong reasons make strong ACTIONS.
  - Shakespeare King John
* Some BOOKS are to be tasted, other to be swallowed and some few to be chewed and digested.
  - Bacon
* SILENCE is one great art of conversation.
  - Hazlitt
* SADNESS and gladness succeed each other.
* Seeing is BELIEVING.
* SEEK till you find and you will not lose your labour
* SELF-PRAISE is no recommendation.
* Set a thief to catch a thief.

આત્મપરિણતિ આદરો, પરપરિણતિ ટાળો'

- પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.

લેખાંક - ૭

નિસ્વાર્થપણે સાચો સમર્પણભાવ એ જ આત્માનું કલ્યાણ કરનારો છે. દુનિયામાં સ્નેહના કારણે સમર્પણ કરનારા દેખાય છે, પૂજાય પણ છે. તો આત્માને માટે સર્વનું સમર્પણ કરનારો પૂજાય, સાચો ભક્ત બને તેમાં નવાઈ નથી. આત્મા તો અદ્‌ભૂત ગુણોનો ખજાનો છે. વીણી વીણીને હિતૈષીઓ આપણને તે ભેટ ધરે છે. તેને માટેની પાત્રતા પણ આપણે કેળવીએ તો જ આપણું કલ્યાણ નક્કી છે.

હવે આગળ આત્માના સાચા નિવાસની વાત કરતાં કહે છે કે-

(૧૮) ક્વ વાસઃ ? શિવ સદ્મનિ

ક્યાં વસવું ? મોક્ષ મહેલમાં.

જ્યાં કાયમ માટે એક જ સ્થિતિમાં રહેવાનું હોય તેનું નામ સાચો વાસ કહેવાય. જ્યાં તમે થોડા ઘણા સ્થિર થયા ન થયા અને જવું પડે તે વાસ કેમ કહેવાય ? આ ચાર ગતિરૂપ અને ચોર્યાશીલાખ જીવા યોનિરૂપ સંસારમાં વારંવાર એક ગતિમાંથી બીજીમાં, એક યોનિમાંથી બીજીમાં જવું આવવું પડે તે વાસ કેમ કહેવાય ? માટે જ જ્ઞાનિઓ આ સંસારને જેલખાનું કહે છે. મહેલ કરતાં પણ વિશિષ્ટ સગવડ ધરાવતી જેલ એ 'જેલ' જ કહેવાય તેમ આ સંસાર એ કાંઈ આત્માને વસવાની જગ્યા નથી પણ આત્માનો સાચો વાસ તો મોક્ષ છે. જ્યાં ગયા પછી જન્મવાનું નહિ, મરવાનું નહિ, સદા જીવવાનું અને જીવવા માટે કોઈ જ ચીજની જરૂર નહિ. માત્ર આત્મગુણોમાં રમણવાનું, આત્મસુખમાં લીન બનવાનું જે દુઃખના લેશ વિનાનું, પરિપૂર્ણ અને આવ્યા પછી કયારે ય નાશ ન પામે તેવું છે. આ જન્માદિ રૂપ બાહ્ય સંસારમાં રાગાદિરૂપ અભ્યંતર સંસારની ઉપાધિનો પાર નથી.

દરેક વસ્તુ પોતાના સ્વરૂપમાં શોભે, તેમ આત્મા આત્મ સ્વરૂપમાં શોભે. આત્મ સ્વરૂપની સંપૂર્ણ પ્રાપ્તિ થયા પછી તે સ્થળે એવું અદ્‌ભૂત છે કે જ્યાં પ્રવેશ કરવા કાલ જેવો કાલ પણ કંગાલ છે, દુઃખો પણ પ્રવેશવા અસમર્થ છે અને અનાદિથી આત્મા ઉપર એકચક્રી સત્તા ભોગવનાર કર્મ પણ લાચાર છે. સંસારમાં ચારે ગતિ અને ચોર્યાશીલાખ જીવા યોનિ તો વિસામા જેવા છે પણ આવાસ નથી. કારણ કાલ ત્યાં સર્વ વ્યાપ્ત છે. જ્યારે મોક્ષ મહેલ એ જ આત્માનો સાચો આવાસ છે. જ્યાં ગયેલો આત્મા સદૈવનો સર્વથા સઘળી રીતે સાચા વાસ્તવિક સુખનો જ ભોકતા. મારે મુક્તિનગરમાં જ વસવું છે આવો જો અંતરનાદ નીકળે - રોમેરોમમાં ગુંજતો થાય તો જ કામ થાય. આવો પ્રયત્ન કરવો જ હિતાવહ છે.

(૧૯) 'ભગવન્ ! કસ્ય ચાન્તો ન ? તૃષ્ણાયા : મન્યતાં શિશો : ।'

હે ભગવાન્ ! કોનો અંત નથી ? હે શિશો !
તૃષ્ણાનો તેમ માન.

વાસ્તવિક હિતકર આ વાત સત્ય હોવા છતાં, જીવનમાં અનેકવાર અનુભવવા છતાં ય જીવ આપણે તેને જ આધીન બનીએ છીએ. તૃષ્ણા - ઈચ્છા - લાલસા - કામના આદિ એકાર્થવાસી શબ્દો છે. માટે ઈચ્છાને આકાશ જેવી અનંત કહી છે. એક ઈચ્છા પૂરી થઈ ન થઈ ત્યાં તો બીજી ટાંપીને બેઠી છે અને આવી જ ગઈ સમજો જન્મે તે મરે, ઉત્પન્ન થાય તે નાશ પામે, નામ તેનો નાશ, આદિ તેનો અંત - આ બધું પ્રત્યક્ષ દેખાય - અનુભવાય છે પણ તૃષ્ણાનો કયારે ય અંત આવતો નથી. આ લોભ નામનો એવો ખાડો છે અને મનોરથ નામનો બ્રાહ્મણ બટુક એવી આજીજી કરે છે કે તેમાં ફસાયેલો - અટવાયેલો જીવ બહાર નીકળી શકતો જ નથી, જેટલું નાખો તે ઓછું જ લાગે. ઈચ્છાની પ્રજનન શકિત અદ્‌ભૂત છે જે અનેક રૂપને લઈ હાજર થાય છે પણ આપણને ખબર પડતી નથી. અગ્નિને દાહ્ય પદાર્થ મળે તો તેની શકિત વધે અને દાહ્ય પદાર્થ ન મળે તો ધીમે ધીમે પણ શાંત થઈ જાય. જ્યારે આ તૃષ્ણા તો એવી છે કે તેની તૃપ્તિનો જેમ જેમ પ્રયત્ન કરાય તેમ તેમ અતૃપ્તિનો દાવાનલ વધુને વધુ પ્રજ્વલિત થાય. જે ત્રણે લોકના સામ્રાજ્યથી ન પૂરાય. માટે જ આગમ વચન છે કે- 'જહા લાહો તહા લોહો' તૃષ્ણાના કારણે જ જીવો દુઃખી દુઃખી છે. તૃષ્ણાના ઘોડાપુરને જે ખાળે તે જ તેનાથી બચે. માટે સંસ્કૃતમાં એક સુંદર સુભાષિત છે કે, 'મને

આપો' આવું વચન તે વચનોમાં કનિષ્ઠ છે, હોવા છતાં 'મારી પાસે નથી' તે વચન તો તેના કરતાં વધુ અનિષ્ટ છે. 'મારી પાસેથી આ લો' આવું વચન તે વચનોમાં રાજા છે, આપવા છતાં 'મારે જોઈતું નથી' 'મારે જરૂર નથી' 'તેની ઈચ્છા નથી' તેને વચનોમાં રાજાધિરાજ કહેવાયું છે. ઈચ્છા - તૃષ્ણાને જીતવાનો આ જ ઉપાય છે. 'લો લો છતા લેતા નથી' આવી જો ભાવના આત્મસાત્ થાય તો શ્રી ઈલાચીકુમારની જેમ તૃષ્ણાની મરણ પથારી પડે. સઘળીય મોહજન્ય તૃષ્ણાઓ ઉપર વિજય મેળવે તે જ સાચો વિજેતા છે. આવા વિજેતા બનવા પ્રયત્ન કરવો તે જ આપણા માટે જરૂરી છે તો જ ભવનો અંત આવશે.

(૨૦) 'કો દાતા ? ધર્મદાતા યઃ ।'

દાતા કોણ ? જે ધર્મ આપે તે.

દુન્યવી ચીજ વસ્તુઓનું દાન કરનારા હજી ઘણા મળશે પણ વાસ્તવમાં દાતા કોણ કહેવાય તે વિચારણીય છે. બાહ્ય ચીજવસ્તુઓનું દાન તો કાલાંતરે પણ ક્ષીણ થાય પણ એવી વસ્તુનું દાન કરવું જરૂરી તે જેમ જેમ આપે તેમ તેમ વધે અને અક્ષયનિધિરૂપે બની જાય. કીડીથી કુંજર કે માનવથી દેવ સુધી સૌને ભેગું કરવાની, કોઈપણ ચીજ - વસ્તુ કે વ્યક્તિ પર મારાપણું પેદા કરવાની વૃત્તિ સહજ દેખાય છે. સંચિત વસ્તુ પર પિપાસા પણ પેદા થાય છે જેમાં મુખ્યતા ભય કારણ બને છે અને મૂર્છા વધે છે જેં વિવેકને દૂર કરે છે. આવી રીતે એકઠી કે ભેગી કરેલ ચીજ વસ્તુનું વિતરણ કરવું, બીજાને આપવી તે દાન કહેવાય અને તે આપનારો દાતા કહેવાય.

જેનાથી આત્માનું એકાંતે હિત - કલ્યાણ થાય તેવી વસ્તુનું દાન કરવું તે જ સાચો દાતા અને ધર્મના દાન જેવું શ્રેષ્ઠદાન બીજું એક નથી. જેને સ્વપરના આત્માને આ લોક - પરલોકથી ઉગાર્યો અને આત્માને એકાંતિક, આત્યંતિક સુખના માર્ગ રૂપ ધર્મ બતાવ્યો - આપ્યો તે જ સાચો દાતા છે. આત્મ ગુણોને પેદા કરવા આત્માનું જ્ઞાન કરાવી તેને પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવવો તે જ સાચું દાન છે. ચોરને પકડનાર કાંઈ ચોરને પેદા ન કરે છતાં ય ઈનામને પાત્ર બને છે. શિક્ષક પોતાનું મગજ કાંઈ વિદ્યાર્થીના ઘડ પૂંર ન મૂકે છતાં ય વિદ્યાદાતા કહેવાય છે તેમ આત્મિક ગુણોને માટે જે ધર્મ આપે તે જ સારો દાતા કહેવાય. સદ્ધર્મોપદેશક વિના સદ્ધર્મ પામવો કઠીન છે. જેનું દાન અનાદિકાળના કર્મ લીન આત્માને સ્ફટિકની જેમ નિર્મલ બનાવનાર છે, આત્માની સર્વ દરિદ્રતાને દૂર કરી સાચી શ્રમંતાઈ, સાચી ઠકુરાઈ પેદા કરનાર છે અને આવો દાતા જ સાચો દાતાર ગણાય તેમાં કોઈ પણ વિરોધ કરી શકે તેમ છે ? આવા દાતાને પામીને આપણે પણ તેવા બનીએ તેમાં જ આ ભવની સાર્થકતા છે.

(૨૧) 'કો ભ્રાતા ? ય : શુભંકરઃ'

ભાઈ કોણ ? જે શુભ કરે તે.

'ભાઈ' શબ્દ બોલતા પણ આનંદ આવે છે. આ મારો ભાઈ છે, ભાઈ જેવો છે. આમ ઉચ્ચાર પણ હૈયાના ઉલ્લાસને જણાવે છે. પરમહિતૈષી પુરૂષો કહે છે કે, જે આત્માનું શુભ કરે તે સાચો ભાઈ છે. જે કાળમાં પૈસા અને સુખ ખાતર સગાભાઈઓ વચ્ચે પણ વૈર - વિરોધ - વૈમનસ્ય વધતું હોય તેવા કાળમાં આ વાત પચાવવી પણ કઠીન છે. પણ આત્મહિતૈષીને માટે તો સહજ છે. જે સાચો બંધુ હોય તેને દુન્યવી પૈસા - ટકાદિની કિંમત નથી તેને તો આત્મિક ગુણોની મહત્તા વધારે છે. આત્મગુણોનું આદાન - પ્રદાન અને રક્ષણ કરનાર જીવ સ્નેહી - સંબંધી - કુટુંબીના દુઃખ, શોકને દૂર કરનાર છે. અહિતકર - અનુચિત - અકાર્યથી રોકી હિતકર - ઉચિત - કાર્યમાં પ્રવૃત્તિ કરાવનાર જ સાચો ભાઈ - બંધુ છે. જે આપત્તિમાં પડખે ઊભો રહે છે અને સંપત્તિની સામું પણ જોતો નથી. વિપત્તિમાં બોલાવે દોડયા આવી વળગે છે, હિંમત આપે છે. 'જડક' થઈને પણ 'હિતકર' માર્ગે જોડે તે સાચો ભાઈ ! જબ્બા પોલીશી કરી અધઃપાત અને અહિતકર માર્ગે લઈ જાય તે જ દુશ્મન ! સાચો ભાઈ - બંધુ બનવા પ્રયત્ન કરવો હિતકર છે.

(૨૨) 'કા માતા ? સંયમી વૃત્તિઃ,

માતા કોણ ? સંયમીવૃત્તિ

જન્મેલા બાળકની પહેલી ઓળખાણ પીછાન માં છે. માત્ર જન્મ આપે તેટલા માત્રથી 'મા' કહેવાય નહિ. પણ જન્મ આપ્યા પછી સંતાનને સંસ્કાર સ્નેહથી સીંચી સંયમી બનાવે તે સાચી માતા કહેવાય.

પોતાની વૃત્તિ પ્રવૃત્તિને સંયમમાં રાખવાનું સમજાવે તે જ સાચી મા છે. 'મા' શબ્દ બોલવો પણ મીઠો મધુરો છે. વાત્સલ્ય - મમતા - સહનશીલતાની

મૂર્તિ એનું નામ જ મા છે. આવી જે 'મા' હોય તે સ્વ-પર અનેકના સંયમમાં પ્રેરક બને જ. દુનિયામાં પુત્રની જનેતા માત્ર એક જ હોય જ્યારે સંયમ ઘરની આઠ આઠ જનેતા કહેવાઈ.

જેમ મા સંતાનના સુખને માટે સઘળા દુઃખો મજેથી સહન કરે છે અને સંતાન પર હૈયાનું જે હેત, જે વાત્સલ્ય - મમતા વહેવાવે છે જેથી નાનું બાળક હંમેશા માતાનું જ મુખ જુએ છે. તેમ આ સંયમવૃત્તિની ઉપમા પણ સહેતુક છે. સંયમીવૃત્તિ વિના આત્માનું પાલન-પોષણ કે રટણ શક્ય નથી. લોકમાં પણ સંયમી વૃત્તિવાળા સજ્જન ગણાય છે અને અસંયમી દુર્જન ગણાય છે. લોકો તેનાથી દૂર રહે છે. તો આત્મકલ્યાણ માટે સંયમીવૃત્તિ ખૂબ જ જરૂરી છે. નાના બાળકને રેશમી સુકોમલ શય્યા કરતાં પણ માતાનો ખોળો વધુ સલામતીવાળો દેખાય છે. માની ગોદમાં બાળક કેવી નિરાંત અનુભવે છે તે સૌના ખ્યાલમાં છે. તેમ આ સંયમી વૃત્તિ માતાની ગોદમાં મુમુક્ષુને જે શીતલતા - શાતા - સલામતીનો અનુભવ થાય તે તેજ જાણે. આવી માતાની ગોદમાં સાચી શીતલતા - ઠંડકની લહેરનો અનુભવ કરી આત્માના સ્વ સ્વરૂપને પામનારા બનીએ તે જ મંગલ કામના.

(૨૩) 'કः પિતા ? ભવપારદः'

પિતા કોણ ? ભવ પાર પમાડે તે.

સંસારમાં પિતા બનેલા મોટે ભાગે સંસારને વધારનાર બન્યા છે. સંસારથી પાર પમાડે તે જ સાચો પિતા કહેવાય અને આવા જો પિતા હોય તો શ્રી તીર્થંકર પરમાત્મા જ આપણા સૌના સાચા પિતા છે જેમણે આપણને આ ભવનો પાર કરવાનો માર્ગ બતાવ્યો. તે માર્ગે તેમના કહ્યા મુજબ જે ચાલ્યા તે બધા તરી ગયા અને માર્ગને જેમને ઠહોળ્યો તે બધા રઝળી ગયા. આપણને પણ તેવા પિતા જરૂર મળેલા પણ આપણા દોઢ ડહાપણના કારણે આપણે રઝળી રહ્યા છીએ. હજી પણ તેમના પ્રત્યે હૈયાનો સાચો સદ્‌ભાવ અને સમર્પણભાવ પેદા થાય તો આપણે પણ જરૂર ભવપાર પામી શકીએ. સંસારમાં જોડનાર તો ઘણા બધા - મોટો ભાગ છે. પણ સંસારથી પાર પમાડનાર તો 'વિરલ' જ હોય છે. સંસારનો માર્ગ દેખીતો સોહામણો - લોભામણો - લલચામણો છે પણ પરિણામે બિહામણો - દુઃખદ છે. જ્યારે સંસારથી પાર ઉતારનારો માર્ગ દેખીતો કઠાળો - દુઃખદ છે પણ પરિણામે સોહામણો - મનોહર - ગુણકર છે. શરીરના સુખ માટે કડવા ઔષધ લેનારા પરિણામે જો નિરોગી થાય છે તો આત્માના સાચા સુખ માટે પણ તે જ ન્યાય વિચારવો જરૂરી છે ! સાચો બુદ્ધિશાળી તે જ કહેવાય જે હિતકર પરિણામદર્શી હોય. તો શ્રી તીર્થંકર પરમાત્માએ કહેલા માર્ગે તેમના કહ્યા પ્રમાણે ચાલી આપણે પણ ભવને પાર પામનાર બનીએ. આવા પરમ પિતાને પામી કોણ એવો નિર્ગુણી હોય જે તેમના માને નહિ ! આપણી નિર્ગુણતાને પણ દૂર કરનારા બનીએ તે જ ભાવના.

(ક્રમશः)

આ કેવું પ્રદર્શન

રસ્તા પરથી લગ્નનો વરઘોડો પસાર થઈ રહ્યો હતો. બેન્ડવાજા વાગી રહ્યા હતાં. તેની ધૂન પર યુવાનો અને સ્ત્રીઓ નૃત્ય કરી રહ્યાં હતાં. બરાબરનો રંગ જામ્યો હતો. એટલે થોડું ચાલ્યા બાદ વચ્ચે ઉભા રહીને નૃત્ય કરતાં યુવક અને યુવતીઓના ઉત્સાહની સીમા ન હતી અને વડીલો એમને ખૂબ જ પ્રોત્સાહન આપતાં હતાં. રસ્તો રોકાઈ ગયો. વાહનોની હાર જામી ગઈ પણ એની કોઈને પડી ન હતી. બસ, બધાં નાચવના મૂડમાં હતાં. આ વાતાવરણમાં એક યુવાન ફિલ્મી હીરોની સ્ટાઈલમાં બેફામ અલ્લડ નૃત્ય કરી રહ્યો હતો. સૌ જાનૈયા એનો ઉત્સાહ વધારવા પ્રોત્સાહન આપતા હતા અને વધુ પડતી વાહ વાહ મળવાથી એ યુવાન જાણે છકી ગયો હતો.

'કહો ના પ્યાર હૈ...'' ગીતની ધૂન પર એ યુવાન જાણે પાગલ બની નાચવા મંડયો અને પછી તો એણે ફિલ્મી હીરોની સ્ટાઈલથી પોતાનું શર્ટ કાઢી ઉપર ફેંકવામાં ફેકયું. શર્ટ ઝીલી લેવા જાનૈયાઓએ પડાપડી કરી.

જાણે આ યુવાને યુવાન પેઢી માટે કોઈ પ્રેરણાદાયી કાર્ય કર્યું હોય કે સમાજ માટે મહાઉપયોગી કાર્ય કર્યું હોય તેમ જાનૈયાઓએ તાળીઓના ગડગડાટ અને વાહ વાહ ના અવાજોથી તેના આ નવા પરાક્રમને વધાવી લીધું તેમ યુવાન વિજયી બન્યો હોય એમ શર્ટ વિના ઉઘાડા શરીરે બેફામ નૃત્ય કરી રહ્યો.

યુવાન પેઢીનું આ પાગલપન ભાવિના કેવા વિકૃત સમાજ અને સંસ્કૃતિનું નિર્માણ કરશે ?

(જન્મભુમિ) અમૃત મંગરજી

ઉ. - ક્યારથી આ પ્લેગ ફાટી નીકળ્યો !!

સભા :- તે વખતે એક રૂપિયામાં ય મઝેથી જીવતા આજે સો રૂા. પણ ઓછા પડે છે.

ઉ. - જે મોટા બંગલામાં રહે તે મોટો જૂઠ્ઠો અને મોટો ચોર તેમ નક્કી થયું ને ?

સભા :- તે બધું મળ્યું તો પુણ્યથી હોય ને ?

ઉ. - તે બધું પુણ્યથી મળ્યું તેની ના નથી પણ તે પુણ્ય ઘણ ઘણાં પાપ કરો ત્યારે જ ફળે માટે તે પુણ્ય પણ ખરાબ કહેવાય. તમે ભૂતકાળમાં ધર્મ કરેલો પણ ખોટો કરેલો અર્થાત્ ખોટા ભાવથી કરેલો, દુનિયાનું સુખ - પૈસા - મોજમઝાદિ માટે ધર્મ કરેલો. તેથી તે પુણ્ય અહીં આવીને પ પ જ વધારે કરાવે.

શાસ્ત્રે કહ્યું છે કે- દુનિયાની સુખ સાહ્યબી માટે ધર્મ કરનાર જીવ, કદાચ તે સુખસાહ્યબી પામે પણ પછી એવો પાપી થાય કે જેનું વર્ણન ન થાય. અને પછી પાપ કરી કરીને દુર્ગતિમાં જ જાય. માટે જ જ્ઞાનિઓ ભારપૂર્વક કહે છે કે- આ દુનિયાનું સુખ જ ભૂંડામાં ભૂંડું છે. તેની ઈચ્છા પણ પાપના ઉદયથી થાય અને તેનો ભોગવટો પણ પાપના ઉદયથી થાય અને તે મઝેથી ભોગવો એટલે નવાંને નવ પાપ જ બંધાય : આ જાણ્યા પછી હવે તમે ધર્મ વધારે કરો છો કે પાપ જ વધારે કરો છો ?

ઘરમાં કોને રહેવું પડે ? અવિરતિનો ઉદય હોય તેને. ઘરમ રહેવું સારું કોણ માને ? મિથ્યાત્વનો ઉદય હોય તે. તમે બધા ઘરમાં રહ્યા છો તે મઝેથી રહ્યા છો કે રહેવું પડે માટે રહ્યા છો ? કર્મયોગે તમે ઘરમાં રહ્યા છો તો જીવવા માટે જે ચીજની જરૂર પડે તે પ્રામાણિકપણે સીધી રીતે મળે તો લેવી છે, વાંકી રીતે મળે તો લેવી નથી - આવો પણ નિયમ કરવો છે ? આજે હું નીતિની વાત કરું છું તો સાર સારા લોકો આવીને કહી જાય છે કે- આ કાળમાં નીતિ પાળીએ તો જીવી શકાય જ નહિ. તેમની આ વાત હું માની લઉં ? તમારો શું મત છે ?

સભા :- જીવી શકાય પણ શ્રીમંત ન થઈ શકાય.

હવે તમે સાચું બોલ્યા.

તમે કહો કે- નીતિપૂર્વક જીવી શકાય તેમ છે પણ અમારે બહુ મોટી દુર્ગતિમાં જવું છે માટે અહીં ખૂબ લહેર કરાય તે માટે ખૂબ ખૂબ પૈસા જોઈએ છે. તેથી અમે ગોઠવી ગોઠવીને અનીતિ મઝેથી કરીએ છીએ અને અમારાં સંતાનોમાં વધારે અનીતિની આવડત આવે તે માટે તેમને ભણાવીએ છીએ. પણ ધર્મનું કાંઈ ભણાવતા નથી ! તમે જો નીતિપૂર્વક મઝેથી સારી રીતે શાંતિથી જીવી શકાય તેમ માનતા હોત તો તમારા છોકરાઓને શું ભણાવ્યું હોત ! છોકરાઓને પુણ્ય શું - પાપ શું તે ભણાવ્યું છે ? પુણ્ય કરીએ તો સારી ગતિ મળે અને પાપ કરીએ તો ખરાબ ગતિ મળે તેમ કહ્યું છે ? આ કાળ બહુ વિષમ છે માટે સમજી બનશો તો સારું થશે.

જેને સારું કરવું હોય તેને મોક્ષમાં જ જવું પડે અને જેને મોક્ષની ઈચ્છા થાય તેને સાધુપણાનું જ મન હોય. તે સાધુ ન થઈ શકે તો સાચો શ્રાવક તો થાય જ. એટલે તેને ધર્મ નહિ સમજેલા અને ધર્મ માર્ગે નહિ જોડનારા માતા-પિતા ભાઈ - ભગિની - ભાર્યાદિ બધા ભયરૂપ લાગે. તે બધાની વાત જો માનું તો મારે નરક - તિર્યંચગતિમાં જવું પડે અને આ જન્મ હારી જાઉં તો ફરી ક્યારે મળે તે જ્ઞાની જાણે આવું તે માને. એટલે 'તે બધાથી સાવચેત રહી રહીને ધર્મ કરે અને ક્યારે સાધુ થઈને, સાધુપણું પાળીને ઝટ મોક્ષમાં જાઉં' તેવી ઈચ્છામાં રમે. મારે તમને બધાને આવી ઈચ્છામાં રમતા કરવા છે. તે માટે શું કરવું તે વિશેષ અવસરે.

* RESPECT a man, he will do the more.
* Rule your PASSIONS, or they will rule you.
* READING maketh a full man, CONFERENCE a ready man and WRITING a exact man.
* Resist the DEVIL and he will flee from you
* Rate is true love, true FRIENDDHIP is still rarer.
* RELIGION (Dharma) is the highest bless; It consists of noninjury, self-restraint and penance.
* Some men are born great, some achieve greatness and some have greatness thrus upon them.
  - Shakespeare
* Strong reasons make strong ACTIONS.
  - Shakespeare King John
* Some BOOKS are to be tasted, other to be swallowed and some few to be chewed and digested.
  - Bacon
* SILENCE is one great art of conversation.
  - Hazlitt
* SADNESS and gladness succeed each other.
* Seeing is BELIEVING.
* SEEK till you find and you will not lose your labour.
* SELF-PRAISE is no recommendation.
* Set a thief to catch a thief.

''જૈન ધર્મનું લાબું પાલન એજ મોક્ષાભિલાષી જીવન જીવવાની શ્રેષ્ઠ કળા''

જૈન ધર્મ એ કોઈ જ્ઞાતિ કે સમૂહનો ધર્મ ગણાતો નથી. જેઓ જૈન કૂળમાં જ જન્મ્યા છે તેઓ જન્મે જૈન કહેવાય છે જ્યારે જેઓ જૈન ધર્મ અનુસરે છે. તેને કર્મે જૈન કહેવાય છે.

જો કોઈ પણ મનુષ્યને જીવન જીવતા શીખવું હોય તો તેને જૈન ધર્મના સિદ્ધાંતોને સ્વીકારવા પડશે અને જીવનમાં ઉતારવા પણ પડશે.

જૈન ધર્મમાં સુખ અને દુઃખની સુંદર' વ્યાખ્યા આપવામાં આવેલ છે. જૈન ધર્મ મુજબ દેહ અને આત્મા બન્ને અલગ છે અને મનુષ્યને પડતા સુખ અને દુઃખ તે ફકત શારીરિક દુઃખો છે. આટલી સમજ આવી જાય તો કોઈ પણ માણસ આર્દ્રધ્યાન અને રૌદ્રધ્યાનમાંથી બચી જશે એટલે તેનો આ ભવ જ નહિ પરંતુ પરભવ પણ સુધરી જશે કારણ કે જે માણસ સમાધિપૂર્વક મરણ પામે છે તેની ગતિ અવશ્ય સુધરી જાય છે. જૈન ધર્મ મુજબ કોઈ પણ મનુષ્યના આયુષ્યનો બંધ આયુષ્યના ત્રીજા ભાગે અને પ્રાયઃ કરીને પર્વ તિથિએ એટલે કે બીજ, પાંચમ, આઠમ, ચૌદસ અને અમાવાસ્યા એ પડતો હોય છે માટે જ જૈન ધર્મમાં પર્વ તિથિએ પૌષધ વિગેરે કરવાનું વધુ મહત્ત્વ ગણાય છે.

હવે આપણે આપણા શરીર તથા મનને સ્વસ્થ રાખવાની વાત લઈએ તો જૈન ધર્મમાં તન-મનની સ્વસ્થતા માટે મહત્વ હોય છે. રોજ સવારે નવકારશી એટલે કે સૂર્યોદય બાદ બે ઘડી પછીથી પોતાના આહાર-પાણી લઈ શકે છે કારણ કે, સૂર્યોદય થતાં જ તમારા નાભિકમળ ખુલી જાય છે અને સાંજે ચઉવિહાર એટલે કે સૂર્યાસ્ત પહેલાં આહાર પાણી બંધ કરવાના હોય છે કારણ કે આ વખતે તમારી હાજરી એટલે કે નાભિકમળ સંકોચાઈ જાય છે. અને રાત્રે ખોરાકમાં સૂક્ષ્મ જીવાણુંઓ પણ તમારા પેટમાં જાય છે આ માટે જ જૈન ધર્મમાં દયાના લક્ષથી રાત્રિ ભોજનનો નિષેધ કરવામાં આવેલ છે. રાત્રિ ભોજન કરવાથી નારકીમાં જ ગતિ થાય છે અને નરકના અસહ્ય દુઃખો સહન કરવા પડે છે. માટે આરોગ્યની દૃષ્ટિએ જ નહિ પરંતુ ધર્મની દ્રષ્ટિએ પણ રાત્રિભોજન ન કરવું જોઈએ.

આ ઉપરાંત જૈન ધર્મમાં આહાર સંજ્ઞા ઉપર કાબૂ મેળવવા માટે આદેશ આપવામાં આવેલ છે. રોજ અમુક સંખ્યામાં દ્રવ્ય વાપરી શકાય તેમજ ઉણોદરી વ્રત એટલે ભૂખ કરતાં એક બે કોળિયા ઓછા જમવા જોઈએ. આનાથી તમારું સુંદર સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. આ ઉપરાંત હર હંમેશ અચિત પાણી એટલે કે ઉકાળેલું પાણી જ વાપરવા માટે આદેશ આપવામાં આવેલ છે આનાથી તમારું આરોગ્ય ખૂબ સારી રીતે જળવાઈ રહે છે અને ધાર્મિક દ્રષ્ટિએ પાણીમાં અસંખ્ય જીવાણુંઓ વારંવાર જન્મતા હોય છે તે ઉકાળવાથી બંધ થઈ જાય છે. આ રીતે રોગના જંતુઓમાંથી બચી જવાય છે. તેમજ આરોગ્ય તથા ધર્મ જળવાઈ રહે છે.

જૈન ધર્મમાં આયંબીલ તેમજ ઉપવાસની તપશ્ચર્યા કરવામા આવે છે. સારાયે દિવસ દરમ્યાન ફકત ઉકાળેલું પાણી પીવાનુ હોય છે. લંઘન એ આયુર્વેદની દ્રષ્ટિએ સુંદર ઉપાય છે. ઉપવાસ (ઉપ-પાસે) વાસ એટલે (આત્મા પાસે રહેવાનું) આ રીતે આત્માની પાસે જવાનો સુંદર ઉપાય ગણાય છે. જો કદાચ તમે આહાર વગર રહી શકો તેમ ન હોય તો આયંબીલ એટલે કે છ વિગય-દૂધ-દહીં-ઘી-કડા-તેલ તથા ગોળ વગર બાફેલું અનાજ કઠોળ તથા કોરા રોટલા રોટલી એક વાર બેસીને ખાઈ શકાય છે આનાથી પણ તમારું સુંદર સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. તમે સ્વાદિષ્ટ આહાર ન લેવાથી તમારી ઈન્દ્રિયો ઉપર કાબુ મેળવી શકાય છે અને વિષય વાસના પણ પોસાતી નથી. આ રીતે તન મનની સ્વસ્થતા જાળવી શકાય છે. અને લાબું તંદુરસ્તી ભર્યું જીવન જીવી શકાય છે.

જૈન ધર્મમાં ઈંડા - માંસાહાર તથા કંદમૂળનો નિષેધ કરવામા આવેલ છે. આ રીતે માંસાહારથી થતાં અનેક રોગોમાંથી તમે બચી શકો છો અને સાથે અહિંસા પાળીને ધર્મનું પાલન થઈ શકે છે કારણ કે જૈન ધર્મ - અહિંસા એટલે કે જયણા પાળવાનો ધર્મ ગણાય છે. મન-વચન-કાયાથી જયણા પાળવાની હોય છે. મૌન પાળવું એ પણ ધર્મ ગણાય છે. આ રીતે તમારી શકિતનો વ્યય થતો બચી જાય છે અને કોઈ પણ જીવને મન - વચન - કાયાથી દુઃખ લગાડવાનું પણ પાપ થતું નથી.

આધુનિક જીવનમાં દરેક માણસ સદાયે કોઈપણ પ્રકારના તણાવ એટલે ટેન્શનમાં જ જીવતો હોય છે. આ માટે જૈન ધર્મમા કષાયો એટલે કે રાગ - દ્વેષ - ક્રોધ - માન - માયા - લોભને છોડવાનો આદેશ આપવામાં આવે છે. પ્રાણી માત્ર તરફ પ્રેમ કરૂણા વરસાવવી એટલે કે રાગ અને દ્વેષ નહિ રાખવાથી ભગવાન મહાવીર મોક્ષ ગતિ પામી શકયા જ્યાં સુધી તેમના શિષ્ય ગૌતમ સ્વામીને પણ પ્રભુ પ્રત્યેનો રાગ હતો ત્યાં સુધી તેમનો મોક્ષ થતો ન હતો માટે જ પ્રભુ મહાવીરે ગૌતમને એમના

અંતિમ ઘડીએ દૂર મોકલી આપ્યા અને ગૌતમ સ્વામી પણ કેવળ જ્ઞાન પામી શકયા.

જો તમારામાં પણ રાગ - દ્વેષ ઓછા થઈ જાય તો ક્રોધ સ્વાભાવિક રીતે ઓછો થઈ જશે. ક્રોધ ન કરવાથી - બ્લડ પ્રેસર - હાર્ટ એટેકમાંથી તમો પોતે બચી શકશો. ક્રોધ ન કરવાથી બ્રેઈન હેમરેજના કિસ્સા અટકી શકે છે તેમજ આત્મ હત્યાના કિસ્સા પણ અટકી શકે છે. આ ઉપરાંત આપણાં અંગત જીવનમાં સાસુવહુ - ભાઈ ભાઈ - પિતાપુત્ર વગેરેમાં ઝગડા પણ ઓછા થઈ શકે છે. Let go કરવાની વૃતિ કેળવવાથી ક્રોધમાંથી બચી શકાય છે. આટલા માટે જ જૈન ધર્મમાં ક્રોધને આંતરશત્રુ કહેવામાં આવે છે. આ રીતે તમારા જીવનમાં નવા કર્મોમાંથી બચી શકાય છે.

તમારા જીવનમાં માન એટલે અહં અહંકારને તિલાંજલિ આપી શકો તો ભવોભવની વેરવૃતિના કર્મોમાંથી બચી શકાય છે. ભગવાન મહાવીરે ચંડકૌશિક નાગને એટલે કે પોતાના વેરીને પણ ક્ષમા આપીને ઉગારી લીધો. આ છે દુશ્મનને પણ ક્ષમા આપીને તેના પ્રત્યે પરોપકારી બનવાની જૈન ધર્મની ઉદાત ભાવના. આવી ભાવના જીવનમાં કેળવીએ તો જ આપણો ઉધ્ધાર થઈ શકે.

માયા એટલે મોહને કારણે આપણે દુઃખી થઈએ છીએ કારણ કે આપણા કુટુંબ પરિવાર - સગાઓ માટે મોહ હોય છે. જૈન ધર્મ મુજબ કુટુંબમાં દરેક સભ્ય ઋણાનુબંધ મુજબ ભેગા થાય છે અને ઋણાનુબંધ પૂરો થતાં છૂટા પડે છે. આ રીતે જીવનમાં મોહનીય કર્મનો નાશ કરી શકીએ અને આપણને કોઈ પણ કુદરતી આપત્તિમાં દુઃખ સહન કરવાની શકિત મળી રહે છે અને જીવનમાંથી હતાશા - નિરાશા દૂર કરી શકવાથી જીવનમાં પડેલ દુઃખને સહજ ભાવે વેઠી શકીએ છીએ.

જૈન ધર્મમાં નવકાર મહામંત્રના સ્મરણ માત્રથી સંસાર રૂપી સમુદ્રને તરી શકાય છે. પંચ પરમેષ્ઠીનું ધ્યાન તેમજ ૪ શરણા સાથે દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના એટલે આપણે કરેલ પાપોની નિંદા તથા આપણે અગર બીજાએ કરેલા સુકૃતની અનુમોદના કરવાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે અને આ રીતે ચાર ઘાતી તથા ચાર અઘાતી કર્મનો નાશ કરીને આપણે મોક્ષ પદને પામી શકીએ છીએ. આ છે જૈન ધર્મની મહત્તા.

હવે જૈન ધર્મ મુજબ દુઃખ અને સુખ વિશેની થોડી વધુ સમજ જાણીએ એટલે કે દુઃખને વહાલું કરવાથી દુઃખ જાય અને સુખને વહાલું કરવાથી સુખ જાય. પરંતુ દુઃખને કાઢવાની મહેનત કરવાથી દુઃખ વધે છે. કોઈ પણ દુઃખ સહન કરવાથી જ તે જાય છે. તેનો પ્રતિકાર કરવાથી વધારે કર્મો બંધાય છે. સુખને સન્માન ગમતું નથી. દુઃખને અપમાન ગમતું નથી. એટલે સુખનું સન્માન કરે તેની પાસેથી સુખ જતું રહે છે અને દુઃખનું અપમાન કરે તેને દુઃખ પીડે છે. આપણને જે દુઃખ દેખાય છે તે સુખી બનાવવા માટેની યોગ્ય દવા છે.

સંસારનું એક દુઃખ બાકીના બધા સુખોનો નાશ કરે છે. મનુષ્ય માંદો પડે તો પોતાની અઢળક સંપત્તિ અગર સુખ ભોગવી શકતો નથી. માટે દુઃખી થાય છે. સંસારના બધા દુઃખોના મૂળથી નાશ કરે એજ સાચું સુખ અને એજ મુકિતનું સુખ-

''શરીરનું સુખ એ આત્માનું દુઃખ છે
શરીરનું દુઃખ એ આત્માનું સુખ છે.''

આપણા સુખ માટે ઉધમ એટલે બીજાને દુઃખી કરવાનો ઉધમ. બીજાને સુખી કરવાનો ઉધમ તે જ આપણને સુખી કરવાનો ઉધમ.

દુઃખ વેઠીને સુખી થાય - સુખી થઈને બીજાને સુખ આપો. મોહને હટાવવો હોય તો બીજાના સુખમાં હસો અને બીજાના દુઃખમાં રડો. દુઃખ ભગવાનની નજીક લઈ જાય છે. સુખ ભગવાનથી દુર લઈ જાય છે. જેના મનમાં પ્રભુ વસ્યા હોય તેને સુખ અને આનંદ હોય જેના મનમાં ધર-પૈસો પરિવાર વસ્યા હોય તેને દુઃખ જ હોય. તમારી સંપત્તિ તમને સુખી બનાવવા સમર્થ નથી. તમારી નિર્મળતા તમને સુખી બનાવી શકશે.

આજના યુગમાં લોભ એટલે સંપત્તિ ઉપરનો રાગ માણસને પૈસા પાછળ ગાંડો બનાવી દે છે. મારા કરતાં મારો ભાઈ - મારા પાડોશી પાસે અઢળક સંપત્તિ છે. હું પણ આવી સંપત્તિ મેળવું એવી ઘેલછા રાખતો હોય છે માટે જ જીવનમાં ગમે તેટલું મેળવ્યા છતાં સદાયે દુઃખી રહે છે. આ બધી સંપત્તિ મૂકીને મારે ગમે ત્યારે ચાલ્યા જવાનું છે. આમાંનું કશું મારી સાથે નથી આવવાનું. મારી સાથે આવશે મારા કરેલા સારા બુરા કર્મો માટે આ સંપત્તિનો મોહ મારે શા માટે કરવો જોઈએ ? જૈન ધર્મમાં એટલા માટે મોક્ષમાં ઓછા પરિગ્રહ રાખવા માટે આદેશ આપેલ છે. લક્ષ્મી પ્રત્યેની મૂર્છા ઉતારીને તેનો ત્યાગ અગર સદ્‌ઉપયોગ કરવા માટે જૈન ધર્મમાં આદેશ અપાયેલ છે.

જૈન ધર્મમાં જે સ્થિતિ મળી હોય તેમાં પ્રસન્નતાથી જીવવું એમ કહેવામાં આવેલ છે અને એજ જીવનનો સાર ગણાય છે. આવા મહાન જૈન ધર્મથી પ્રભાવિત થઈને જ ''મહાન તત્ત્વ ચિંતક જ્યોર્જ બર્નાડ શો એ કહેલ છે કે મારો પુર્નજન્મ જૈન ધર્મમાં થાય એવું ઈચ્છું છું.''

આ રીતે જૈન ધર્મના સિધ્ધાંતોને જીવનમાં અપનાવો એજ મોક્ષાભિલાષી જીવન જીવવાની ઉત્તમ કળા કહી શકાય.

તા.ક. જૈન શાસનની આજ્ઞા વિરૂધ્ધ જે કાંઈ લખાઈ ગયું હોય તે બદલ ''મિચ્છામિ દુક્કડમ્'' ક્ષમાપના સહ.

આર. ટી. શાહ - વડોદરા

પર્યટકો આવશે, તીર્થોની પવિત્રતા લૂંટાશે

પાશ્ચાત્ય પ્રજા આખી દુનિયાના બધા દેશોની ઉન્નતિ કરવા તથા કરવા બહાર નીકળેલી છે. કેમ કે જેમ જેમ તેની વસતિ વધતી જાય, તેમ તેમ દરેક દેશોમાં વસવાટ કરી સ્વરાજ્યો ભોગવવાનું તેઓનું લક્ષ્ય છે અને તે માટે જેમ બને તેમ રંગીન પ્રજાઓ ઘટાડાયા વિના તેઓનો છુટકો નથી. ભારતમાં પણ વસવાટ કરવા આવવાની શરૂઆત કરી દેવાઈ છે. તેના પહેલા તબક્કારૂપ મુસાફર અને પર્યટક રૂપે આવવાની તેઓની યોજના છે.

સંશોધક રૂપે, અભ્યાસુ રૂપે, વિદ્યાર્થી રૂપે, ધર્મોમાં દાખલ થવા માટે મિશનરી વિગેરે સલાહકારો તરીકે, સંસ્કૃતિના પ્રશંસકો તરીકે, આરોગ્યદાયક પૌષ્ટિક ખોરાક કેમ મળે તે માટે માર્ગદર્શક તરીકે, તથા બીજી અનેક રીતે પાશ્ચાત્યોને મોકલાય છે અને તે પ્રજા ભારતમાં આવતી રહે છે. છેવટે પર્યટકો તરીકે આવે છે અને તે સંખ્યા વધતી જાય છે.

તેઓનો હેતુ ભારતમાં વસવાટ કરવા આવતા પહેલાં ભારતનું જે સ્વરૂપ કરવાનું છે તે થતું રહે એ જોવાનો મુખ્ય હેતુ છે. એટલા માટે તેઓને માટે હોટલો, આરામગૃહો, વસવાટ માટે રહેવાના મકાનો કરાતા રહે તેવી હવા ઊભી કરી છે. સાંસારિક ઘટાથી નિરાળા રહી શકે તેવાં તીર્થસ્થાનો, યાત્રા સ્થાનો, ધર્મસ્થાનો વિગેરેમાં પણ જુદા જુદા બહાના નીચે તેઓને માટે મકાનો વિગેરે બંધાતા રહે છે, કે જેથી ભવિષ્યમાં પવિત્ર તીર્થસ્થાનો વિગેરેનું તેના મૂળરૂપમાં અસ્તિત્વ જ નહિ મળે. કેમ કે ભારતમાં પણ એક ધર્મ રાખ્યા પછી બીજા કોઈ ધર્મની કોઈ પણ વસ્તુ જોવામાં આવવી ન જોઈએ, જેથી તેઓની તરફ તે ધર્મના લોકો ખેંચાય. પ્રાચીન પુસ્તકો વિગેરેના સંગ્રહ કરાતા રહે છે. તથા પ્રાચીન મૂર્તિઓ માટે મોટી કિંમતો આપીને તેઓ લઈ ગયા છે. બીજા ભારી હેતુથી સારી કિંમત આપી કળાના શોખીનો લઈ જાય. આ બધું કરવા પાછળનો મુખ્ય હેતુ એ છે કે ભારતમાં એક ધર્મ થતા પહેલાં, બીજા કોઈપણ ધર્મનું કાંઈ પણ પ્રતીક રહેવું ન જોઈએ કે દેખાવું ન જોઈએ. જેથી ફરીથી કરીને કોઈનું મન તે ધર્મ તરફ ન ખેંચાય ને તેનું ઉત્થાન વિગેરે ન થઈ શકે. માટે જગતના પૃષ્ઠ ઉપરથી તેને અદશ્ય કરવાનું દૂરગામી લક્ષ્ય તે પ્રજાની દીર્ઘદૃષ્ટિભરી કાર્ય કરવાની રીત-ભાત ઉપરથી સમજી શકાય છે.

"તામિળનાડુમાં શ્રી કે. કે. શાહ ગવર્નર નિમાયા છે. પછી એમણે ભારતીય પુરાતત્ત્વ ખાતાને પત્ર લખ્યો કે આ મંદિરમાં પરદેશના સહેલાણીઓને પ્રવેશ માટે પરવાનગી આપવી જોઈએ. એ સ્થળે કોને જવું અને કોને ન જવું એ વિશે પરાપૂર્વથી નિયમો ઘડાયેલા છે. હિંદુઓ જેને જેને પવિત્ર માનતા હોય તે બધું વિદેશના સહેલાણી આગળ ખુલ્લું કરી શકાય નહિ. ગવર્નરની આવી માન્યતા સ્વીકારવી ન ઘટે."

(ઈન્ડિયન એક્સપ્રેસ)

પાશ્ચાત્યોએ પોતાની કેળવણી આપીને તૈયાર કરેલો વર્ગ બહારના દેખાવથી દેશીઓ જ છે. પરંતુ ખરી રીતે તો તેઓ રંગીન પાશ્ચાત્યો જ હોય છે. માટે જ તેઓ મોટા સ્થાનો ઉપર બિરાજી શકે છે.

ધર્મ ક્ષેત્રમાં પ્રવેશવા માટે મોટા ખર્ચે જિર્ણોધ્ધારો સરકાર મારફત કરાવાતા હોય છે. પ્રજા પોતાની સરકાર માનીને ફરતી હોય છે. ખરી રીતે સ્વરાજ્યની સરકારો પાશ્ચાત્યોની કેન્દ્રસ્થ મુખ્ય ગવર્મેન્ટની શાખાઓ રૂપે હોય છે. તેની ગુંચ પ્રજાના ખ્યાલોમાં આવી શકતી નથી હોતી. શ્રી સોમનાથ મહાદેવ, શ્રી પાવાપુરી વિગેરે સ્થળોએ જુદા જુદા બહાના નીચે જિર્ણોધ્ધાર આદિના કાર્યો શરૂ છે. શ્રી શંત્રુજ્ય જેવા તીર્થ ઉપર પણ પર્યટકો માટે આરામગૃહો, હોટલો વિગેરે કરવા માટે જિલ્લાને તૈયાર કરવાની સૂચના ગુજરાત રાજ્ય તરફથી થયાની હકીકત વાચવામાં આવી હતી. હાલમાં જ બહાર પડેલી નીચેની હકીકત તરફ નજર કરવી જરૂરી છે.

" શંત્રુજ્યને તીર્થધામ તરીકે સ્વીકારવા માંગણી"

સમગ્ર ભારતમાં જૈન તીર્થસ્થળ તરીકે જાણીતા પાલિતાણા માટેના શંત્રુજ્ય તીર્થસ્થળને ભારત સરકાર ભારતના અન્ય તીર્થધામ અને પર્યટન સ્થાનની જેમ સ્વીકારીને, તેઓ તેની જરૂરી જાહેરાત કરે તેવી માંગ ભાવનગરની અગ્રણી જૈન સંસ્થા દ્વારા થઈ હોવાનું જાણવા મળે છે.

દર વર્ષે પરદેશમાંથી મોટી સંખ્યામાં શંત્રુજ્ય પર્વતના દર્શને અને પ્રવાસે પરદેશીઓ આવતા હોય છે. પણ મોટા ભાગના જુદા જુદા દેશના પ્રવાસીઓ આ મહાન તીર્થસ્થળના મહિમાથી વંચિત રહેતા હોય છે. તેથી ભારત સરકારના પર્યટન ખાતા તરફથી આ અંગેની સત્વરે વિચારણા થાય તે ઉપર ભાર મુકાય છે. તેમ વધુમાં જાણવા મળેલ છે.

(જનસત્તા - તા. ૨-૪-૭૨, પૃ. ૨ ઉપરથી)

આ સમાચાર આપનાર કોણ ? તેનું નામ, ઠામ નથી. ભાવનગરની અગ્રણી જૈન સંસ્થાનું નામ પણ જણાયું નથી. મથાળે શંત્રુજ્યને તીર્થધામ તરીકે સ્વીકારવાની માંગણી એમ

છપાયું છે. શત્રુંજય તીર્થ તીર્થધામ તરીકે જાહેરમાં છે જ. ખરી રીતે આમાં પર્યટકો માટે છૂટની માંગણી છે. લેખ ભારતમાં રહેતા કોઈ બહારવાળાએ લખ્યો હોય તેમ શંકા જાય છે. કેમ કે તેઓ છુપાતા રહેતા હોય છે.

આ રીતે પર્યટકો આંગળી દેતા પોંચો પકડતા હોય છે.

આ. ક. ની પેઢી મુદ્દાના રક્ષણ તરીકેના કોઈ પણ કામ કરી શકે તેવી સંભાવના નથી. કળા કારીગરી ખુલ્લી કરવા વિગેરે બહાનાથી પ્રભુ પ્રતિમાજીઓનું ઉત્થાન કરીને એક સ્થાનમાં રખાવી દીધેલ છે. તેઓને યોગ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરી સ્થાપિત કરવાની બાબત તરફ અખાડા કરાઈ રહ્યા છે. ત્યારથી જ આ સ્થિતિ થવાના બીજ પોતાને હાથે જ રોપાઈ ગયા છે. કાર્યકરો કમિટિઓની મિટિંગો ભર્યા કરે અને ભાષણો કર્યા કરે. આગેવાન કાર્યકરો મોટે ભાગે સરકારી અને ભૌતિકવાદી માનસ સાથે સંગત માનસ ધરાવતા હોય છે. શરૂઆતમાં લોકોને લલચાવવા માટે ખૂબ ઉંચા પ્રકારે તેઓ કામ કરતા હોય છે. પછી વિશ્વાસમાં પડેલા લોકોની ઉપેક્ષા વૃત્તિથી બીજાં મનફાવે તેવાં કામ કરવા તરફ ઢળતા જવાતું હોય છે. અને કોઈક થોડા ઘણા કામ કરતા હોય તેને માટે માનપાન મેળવવાની વૃત્તિઓ થતી જતી હોય છે. પર્યટકો માટે હોટલો ઉઘડી ગયા પછી ૨૫-૫૦ વર્ષ મહાતીર્થની શી સ્થિતિ કરાશે ? તેની આજથી જ ચિંતા થાય તેમ ચાલી રહ્યું છે. મુદ્દા મહાત્મા વર્ગનું શાસનની મુદ્દાઓની બાબતોના રક્ષણ તરફથી ચિત્ત ખસતું જઈ બીજી બાબતો તરફ દોરવાતું ગયું છે. શ્રીમંત આગેવાન વર્ગ એકબીજાની ખુશામત અને રાજી રાખવા માટે હાજી હામાંના કિલ્લામાંથી બહાર આવી શકતો નથી, અને હાર્દિક સમજ અને લાગણી ધરાવતા ઓછા થતા જાય છે. જ્યાં સુધી શ્રી સંઘમાં ખરા કાર્યકરો બહાર ન આવે ત્યાં સુધી જેમ થાય તેનાથી સંતોષ માનીને ચલાવવાનું રહે એ સ્વાભાવિક છે.

પર્યટકોને સગવડ આપી તીર્થસ્થાન તરીકેની પ્રશંસા મેળવવા જતાં, તીર્થસ્થાનોની તીર્થ તરીકેની પવિત્રતા-પ્રભાવકતા ગુમાવવાનો વારો આવશે.

— પ્રભુદાસ બેચરદાસ પારેખ

પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ
મેમોરિયલ ફાઉન્ડેશન
લક્ષ્મી નિવાસ, પાઈ નગર, એસ.વી.પી.રોડ,
બોરીવલી (પશ્ચિમ),
મુંબઈ - ૪૦૦ ૦૯૨. ટે. નં. ૮૯૩૫૪૪૫

અસહ્ય પીડામાં સમાધિ સાધી

વંદના, કચ્છવાગડદેશોદ્ધારક, પ્રશમપયોનિધિ આ. ભ. શ્રી કનકસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના હાલ તપાગચ્છાધિપતિ, શાસનસંરક્ષક, જિનશાસનના મહાન જ્યોતિર્ધર આ. દેવેશશ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક સુવિશાલગચ્છા- ધિપતિ આ. દેવ શ્રી મહોદય સૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની, પ્રવર્તિની, સાધ્વીશ્રી હેમશ્રીજી મ. ના નિશ્રાવર્તી સ્વ. સા. વાત્સલ્યમૂર્તિ પૂ. પુન્યપ્રભાશ્રીજી મ. સા. ના શિષ્યરત્ના સા. શ્રી પ્રભવતીશ્રીજી ૧૧૧૧ વર્ષથી કેન્સરની ભયંકર વ્યાધિ છતાંય ગજબની સમતા સાથે ૨૦૫૭ ફાગણ વદ ૮ શનિવારનાં સાંજે ૫-૨૦ કલાકે ચતુર્વિધ શ્રી સંઘના મુખે અરિહંત-અરિહંત સાંભળતાં સમાધિપૂર્વક કાળધર્મને પામ્યા છે.

ધર્મભૂમિ રાધનપુર નગરમાં રમણિકભાઈ આંગીવાળાથી પ્રસિધ્ધ શ્રધ્ધા સંપન્ન શ્રાવકનાં ઘરમાં જન્મ પામી નિર્મળાબેન તરીકે ૧૯ વર્ષનું જીવન વિતાવી દીક્ષાના દાનેશ્વરી આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની સંસાર નિસ્તારણી દેશનાના શ્રવણે ૨૦૧૫ વૈશાખ સુદ બીજનાં ધર્મથી ઝબોળતી પાટણની પવિત્રતમ ધરાં પર પ. પૂ. આ. દેવ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી દીપ વિ. મ. ના હસ્તે દીક્ષા સ્વીકારી...

સંયમજીવનને પામી સાધનાની ધુણી ધખાવી, સ્વાધ્યાય નિરતતા, ક્રિયા અપ્રમત્તતા, સહનશીલતા, તપરસિકતા વિ. ગુણોથી જીવન સુવાસિત બન્યું. તપધર્મના પ્રેમે વર્ધમાન તપની ૧૦૦ + ૩૩ ઓળી, ૩૦ ઉપવાસ, ૩૧ ઉપવાસ, બે વર્ષીતપ, સિધ્ધિતપ, ચત્તારિ-અઠ-દસ-દોય વિ. તપધર્મની આરાધના કરી, વીશસ્થાનક તપની આરાધના તો પાંચ વર્ષ જેવા અલ્પ સમયમાં પૂર્ણ કરી...

છેલ્લા ૧૧૧૧ વર્ષથી કેન્સર જેવો ભયંકર વ્યાધિ-અંગાર વેદના છતાંય આટલી વેદનામાં હંમેશ માટે સૂત્રોનું રટણ સતત ચાલુ... છેલ્લે તો વ્યાધિએ મગજ ઉપર કબજો જમાવ્યો ડોકટરોના અભિપ્રાય મુજબ બ્રેઈન ટ્યુમર જેવો મહાવ્યાધિ તો સામે સમતા પણ મહાન હતી છેલ્લા ૨૦ દિવસમાં તો વ્યાધિએ માઝા મૂકી સાથે સમાધિ પણ વધતી રહી...

સહવર્તી સાધ્વીજીઓએ તથા પૂજ્યશ્રીજીનાં આજ્ઞાવર્તિની સાધ્વીવૃંદની તેમજ અન્ય સાધ્વીજી મ. ની સહાયતાર્થ તેઓની સમાધિ જીવંત અને જવલંત બની. તેમનો જીવન દીપ બૂઝાયો પણ સમાધિ દીપ અખંડ રહ્યો. પૂ. હિતદર્શન વિ. મ. પધાર્યા તેનો ૩-આ મહીના સુધી સતત ભગિની સાધ્વીજીને સમાધિમાં ઝુલાવવામાં સફળ બન્યા હતા...

આગમ પંચાંગી પ્રકાશન યોજના

છેદ સૂત્ર સિવાયની આગમ પંચાંગી પ્રકાશન યોજનામાં ૪૭ પ્રતો થઇ છે. આગમ પંચાંગી સેટનો નકરો રૂા. ૧૫/- હજાર છે.

દરેક સંઘોને તે સેટ ભંડારમાં વસાવી લેવા વિનંતિ છે.

રૂા. ૧૫/- હજાર મોકલી સેટ નકી કરી કરો. ૪૭ પ્રતો તરત મળી જશે. બીજું કામ ચાલુ છે.

આગમ પંચાંગી યોજનામાં પ્રગટ થયેલા ગ્રંથો

(૧-૨-૩) સૂત્ર કૃતાંગ સૂત્ર ત્રણ ટીકા ભા. ૧-૨-૩
(૪) પિંડ નિર્યુક્તિ (૪ ટીકા)
(૫) ગચ્છાચાર સૂત્ર (૨ ટીકા)
(૬) ગણિ વિદ્યા પ્રકીર્ણક મૂલ
(૭) દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક મૂલ
(૮) મરણ સમાધિ પ્રકીર્ણક મૂલ
(૯) ચંદ્ર વેધ્યક પ્રકીર્ણક મૂલ
(૧૦) ઔપપાતિક સૂત્ર સટીક
(૧૧) અંતકૃદ્દશા સૂત્ર સટીક
(૧૨) કલ્પ (બારસો) સૂત્ર મૂલ
(૧૩) ઉત્તરાધ્યયન સૂત્રભાગ-૧ ત્રણ અધ્યયન (પાંચ ટીકા)
(૧૪) ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ-૨, ૪ થી ૬ અધ્યયન (પાંચ ટીકા)
(૧૫) ઉત્તરાધ્યયન સૂત્ર ભા. ૩ (પાંચ ટીકા)
(૧૬) ઉત્તરાધ્યયન સૂત્ર ભા. ૪ (પાંચ ટીકા)
(૧૭) ઉત્તરાધ્યયન સૂત્ર ભા. ૫ (પાંચ ટીકા)
(૧૮) નિરયાવલિકા કલ્પિકા સૂત્ર ટીકા
(૧૯) નિરયાવલિકા કલ્પાવતંસિકા સૂત્ર ટીકા
(૨૦) નિરયાવલિકા પુષ્પિકા સૂત્ર ટીકા
(૨૧) નિરયાવલિકા પુષ્પચૂલિકા સૂત્ર ટીકા
(૨૨) નિરયાવલિકા વહ્નિદશા સૂત્ર ટીકા
(૨૩) જ્ઞાતા ધર્મ કથા સૂત્ર સટીક
(૨૪) તંદુલ વૈચારિક સૂત્ર ટીકા
(૨૫) મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક
(૨૬) ભક્ત પરીજ્ઞા પ્રકીર્ણક
(૨૭) ચતુઃશરણ પ્રકીર્ણક અવચૂર્ણિ
(૨૮) જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ સૂત્ર ટીકા પૂર્વ ભાગ
(૨૯) પ્રશ્ન વ્યાકરણ સૂત્ર ટીકા
(૩૦) અનુત્તરોપપાતિક સૂત્ર ટીકા
(૩૧) રાજપ્રશ્નીય સૂત્ર ટીકા
(૩૨) નંદીસૂત્ર (બે ટીકા)
(૩૩) વિપાક સૂત્ર (છાયા તથા ટીકા)
(૩૪) જંબૂદ્વિપ-પ્રજ્ઞપ્તિ સૂત્ર ટીકા ઉત્તર ભાગ
(૩૫) સમવાયાંગ સૂત્ર ટીકા
(૩૬) સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર ટીકા
(૩૭) ભગવતી સૂત્ર ટીકા ભા. ૧
(૩૮) ભગવતી સૂત્ર ટીકા ભા. ૨
(૩૯) ભગવતી સૂત્ર ટીકા ભા. ૩
(૪૦) ભગવતી સૂત્ર (દાન શેખર સૂ. અવચૂરિ)
(૪૧) ઓઘનિર્યુક્તિ ટીકા
(૪૨) સ્થાનાંગ સૂત્ર ટીકા ભા. ૧
(૪૩) સ્થાનાંગ સૂત્ર ટીકા ભા. ૨
(૪૪) પ્રજ્ઞાપના સૂત્ર ભા. ૧
(૪૫) પ્રજ્ઞાપના સૂત્ર ભા. ૨
(૪૬) દશવૈકાલિક સૂત્ર ભા. ૧
(૪૭) દશવૈકાલિક સૂત્ર ભા. ૨

ગ્રંથો મેળવવા તથા રકમ મોકલવાનું સરનામું

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ,
જામનગર- ૩૬૦ ૦૦૫. ફોન નં. : ૭૦૯૬૩

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- આજે પાપાત્માઓનું, ઉન્માર્ગે ચાલનારાઓનું, કુસૂત્રભાષીઓનું પુણ્ય સારું કેમ છે ? તેમને અહીંથી પકડીને મોટી દુર્ગતિમાં મોકલવા છે માટે. તે બધા અહીં નાચે તેમ નાચવા દો, કુદે તેમ કુદવા દો, સ્વચ્છંદપણે જીવવા દો. પછી કર્મ તેમને પકડીને ભયાનક દુર્ગતિમાં ધકેલશે.
- સંસારના કે સંસારના જ સુખના રસિયા જીવો પહેલે ગુણઠાણે પણ નથી હોતા.
- 'હું ધારું તે જ થાય' 'હું કહું તેમ જ કરવાનું' આવું માનનારા - બોલનારા પણ પહેલા ગુણઠાણે નથી હોતા.
- સાધુપણું લહેર માટે નથી. લહેર - મોજમજા માટે સાધુ થાય તે તો ભયંકર સ્વચ્છંદપણુ છે.
- જેને ભગવાનની, પોતાના ગુર્વાદિ વડિલોની આજ્ઞા પસંદ ન હોય, મરજી મુજબ જીવવું હોય, પોતાની જ અનુકૂળતા જુએ તે એટલા માટે સાધુ થયો છે કે તેને ભયાનક મોટી દુર્ગતિમાં જવાનું છે માટે.
- 'સંસાર આંખ સામેથી ખસે, મોક્ષ આંખ સામે આવે ધર્મ મોક્ષ માટે જ કરાય' - આ ભાવના આવે તેનો બેડો પાર.
- 'સંસાર બિલકુલ ગમતો નથી અને મોક્ષ જ ગમે છે' એ ધર્મ પામેલો જીવ કહેવાય.
- સાધુ જ તેનું નામ દુનિયા જેની પાછળ મરે તેની સામે ય ન જૂએ અને દુનિયા જેનાથી ભાગાભાગ કરે એ તરફ અભાવ પણ નહિ.
- આજે મોટાભાગમાં બીજાના દોષ જોવાની આવડત છે. પોતાના દોષ જોવાની તાકાત નથી. બીજાના ગુણ જોવાની દ્રષ્ટિ નથી. પોતામાં ગુણ કલ્પી લેવા છે. તેવા જીવો કદી ગુણ પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહિ.
- વિષયોથી નિવૃત્ત એટલે અનુકૂળ વિષયો પ્રત્યે આકર્ષણ નહિ અને પ્રતિકૂળ વિષયો પ્રત્યે નોહું બગડે નહિ - હૈયું બગડે નહિ.
- દુનિયાએ જેને સારું માન્યું તેના પર જેને રાગ નથી અને દુનિયાએ જેને ખરાબ માન્યું તેના પર જેને અભાવ નથી તે વિષય સુખથી નિવૃત્ત કહેવાય.
- સાધુ તો મૂર્તિમંત ત્યાગ છે, મૂર્તિમંત ધર્મ છે.
- પાંચે ઈન્દ્રિયોના વિષયની સારી ચીજ પર આકર્ષણ નથી, ખરાબ વિષયની ચીજ પર દુર્ભાવ નથી - તેના જેવો જગતમાં સુખી કોણ ? સાધુ સૌથી સુખી કહ્યા તે આ કારણે.
- ગમે તે રીતે પૈસા મેળવે અને મોજમજા કરે તે તો લુંટારા કહેવાય અને નીતિની રીતે મેળવે તે ધંધો કરનારા છે. આજે લુંટારા વધારે છે કે ધંધો કરનારા ?
- દુનિયાના માણસો જે દોડાદોડ કરે છે તે જોઈને જે સાધુ એમ કહે કે- ''આ ઉદ્યમી છે, ગણેલો છે, હોંશિયાર છે, એટલા ઝડપી કામ કરે છે કે વર્ણન નહિ'' તો તે સાધુ માત્ર વેષમાં છે. તમારા સંસારના કામનું, સંસારની પ્રગતિનું સાધુથી અનુમોદન થાય ? વખાણ થાય ? કરે તો સાધુપણું રહે કે ભાગી જાય ? તમે જે કામમાં જાવ છો તે કામમાં સફળ થાવ તે માટે જો અમે વાસક્ષેપ નાખીએ તો અમારો સંસાર પણ વધી જાય. અમે તો તમે પાગલ ન થાવ તે માટે વાસક્ષેપ નાખીએ છીએ તે પણ 'સંસારથી વહેલા પાર પામો' તેમ કહીને.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
c/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

6175

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર
નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

વિકથાની વિરૂપતા

विगहा परो पमाओ, विगहा सद्धम्मझाण विग्घयरी ।
विगहा अबोहिबीयं, विगहा सज्झाय-पलिमंथो ॥७४१७॥
विगहा अणत्थजणणी, परममऽसंभवणावयं विगहा ।
विगहा असिट्ठपयवी, लहुयत्तणकारिया विगहा ॥७४१८॥
विगहा य समिइमहणी, विगहा संजमगुणाण हाणिकरी ।
विगहा गुत्तिविवत्ती, कुवासणा कारणं विगहा ॥७४१९॥
(શ્રી સંવેગ રંગશાળા)

વિકથા પણ મોટો પ્રમાદ - ધર્મમાં જે પ્રમાદ - આળસ કરે છે તે કારણે તેને પ્રમાદ કહેવાય છે. વિકથા સદ્ધર્મધ્યાનમાં વિઘ્ન કરનારી છે, અબોધિ - મિથ્યાત્વનું બીજ છે, સજ્ઝાયનો મોટો શત્રુ છે, અનર્થોની માતા છે, અસંભવિત - અચિન્ત્ય આપત્તિને આપનારી છે, દુર્જનતાને લાવનારી છે, હલકાઈ કરનારી છે, પાંચે સમિતિનું મંથન - નાશ કરનારી છે, સયંમના ગુણોની હાનિ કરનારી છે, ગુપ્તિનો નાશ કરનારી છે, કુવાસનાનું કારણ પણ વિકથા છે માટે તેનાથી દૂર રહેવું તેજ આત્મહિતકર માર્ગ છે.

વર્ષ ૧૩ અંક ૩૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361 005

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

જૈન શાસન

અઠવાડિક

જ્ઞાનગુણ ગંગા

- પ્રજ્ઞાંગ

શ્રી જિનેશ્વરદેવના 'મહામાહન' આદિ વિશેષણો અંગે ('શ્રી વર્ધમાન દેશના' - સાતમો વિલ્લાસ, શ્રી સદ્દાલપુત્ર અને ગોશાલાના વાર્તાલાપમાંથી શ્લો. ૧૩૦ થી ૧૪૨ ના આધારે)

(૧) મહામાહન :- ××× उत्पन्नज्ञानस्त्रि-लोकार्चनीयो जिनाऽर्हन् स महामाहनस्ततः ।

મહાબ્રાહ્મણ :- ઉત્પન્ન થયું છે કેવલજ્ઞાન, ત્રણે જગતના જીવોથી પૂજનીય, જિન, અર્હન્ તેથી તે 'મહામાહણ - મહાબ્રાહ્મણ' કહેવાય છે.

(૨) મહાગોપ :- **મહાગોપ**

गोपो यथा गोनिकरं वने चारयति गच्छन्तमितस्ततश्च । वारयति क्षिप्रं तथा श्वापदैः सन्ध्यायां क्षिपति च वाटके ॥१॥ जिनस्तथा भव्यजीवान् दुःखार्तान् भवाटव्यां शुभमार्गभ्रस्टान् । क्षिपति क्षिप्रं शिववाटके सुधर्म दण्डेन ततः स गोपः ॥२॥

ગોવાળ જેમ દિવસમાં ગાયોના ધણને વનમાં ચરાવે છે, આમ તેમ જતી ગાયોનું શિકારી પશુઓથી જલ્દી રક્ષણ કરે છે અને સાંજના સમયે પાછો લાવી વાડામાં પૂરી દે છે. તે જ રીતના શ્રી જિનેશ્વરદેવ ભવ રૂપી અટવીમાં સન્માર્ગથી ભ્રષ્ટ અને દુઃખથી પીડિત એવા ભવ્યજીવોને, સદ્ધર્મરૂપી દંડથી રક્ષણ કરી જલ્દીથી શિવરૂપી વાડામાં મોકલી આપે છે તેના કારણે તેઓ 'મહાગોપ' કહેવાય છે.

(૩) મહાસાર્થવાહ :- મહાસાર્થવાહ

"सर्वं जनौघं निजसार्थलग्नं चौरारिघाटीभयभञ्जनेन । मार्गं दिशन् यथा सार्थवाहः प्रापयतीष्टं नगरं सुखेन ॥१॥ तथा महावीर जिनो जनौघं मिथ्यात्वमोहेन विलुप्तबोधम । सुधर्ममार्गेण प्रणष्टमार्गं प्रापयति निर्वाणपुरं दुःखार्तम् ॥२॥"

જેમ સાર્થવાહ પોતાના સાર્થમાં આવેલા સઘળાય લોકોનું ચોર - લુંટારા - ઘાડપાડુ આદિના ભયથી રક્ષણ કરતો અને માર્ગને બતાવતો સુખપૂર્વક - સારી રીતે ઈષ્ટ નગરે પહોંચાડે છે. તેમ શ્રી મહાવીર જિનેશ્વર પણ મિથ્યાત્વ મોહથી નાશ પામ્યો છે બોધ - સમ્યગ્જ્ઞાન જેમનું, તેથી દુઃખથી પીડિત અને સન્માર્ગથી ભ્રષ્ટ એવા ભવ્ય જીવોને સુધર્મન માર્ગ વડે નિર્વાણનગરમાં પહોંચાડે છે માટે તે 'મહા સાર્થવાહ' કહેવાય છે.

(૪) **મહાનિર્યામક**

"निर्यामकः सर्वजनं समुद्रे भक्ष्यमाणं नकरादिकैः । मज्जन्त मध्यसि यथा वाहनेन प्रापयति कूलमनुकूलवातैः ॥१॥ लोलोठतो मरणादिलोलकल्लोलमालभिर्जीवान् दुःखार्तान । स धर्मपोतेन शिवैककूलं प्रापयति ततो भणितस्तथैव ः ॥२॥"

જેમ નિર્યામક - નાવિક સમુદ્રમ મગરાદિથી ભક્ષણ કરાતા ત્રાસ પમાડાતા અને પાણીમાં ડૂબતા લોકોને જહાજ વડે અનુકૂળ ઈચ્છિત સ્થાને પહોંચાડે છે. તેમ શ્રી જિનેશ્વરદેવ સંસાર રૂપી સાગરમાં જન્મ મરણાદિ ચપળ કલ્લોલો-તરંગોની માળા વડે આમતેમ અથડાતા અને તેથી દુઃખોથી પીડિત એવા ભવ્ય જીવોને સદ્ધર્મરૂપી જહાજ વડે શિવનગરના કિનારે પહોંચાડે છે માટે તેઓ 'મહાનિર્યામક' કહેવાય છે.

(૪) **મહાધર્મકથી**

"कदाग्रहग्रस्त समस्तसार्थमतीव दुष्टं महापापरक्तम् । प्रशान्तचित्तं जिनधर्मरक्तं जीवं यथा धर्मकथं करोति ॥१॥ उन्मार्गलग्नं जिनधर्मभग्नमतुच्छु मिथ्यात्व वलुप्तमार्गम् । निस्तारयति भव्यजनं भवात्ततो महाधर्मकथी जनः सः ॥२॥

કદાગ્રહથી ગ્રસ્ત, અત્યંત દુષ્ટ અને મહાપાપોમાં આસકત એવા સમુદાયને પણ ધર્મ ધર્મકથી પ્રશાન્તચિત્ત અને જિનધર્મમાં રકત કરે છે. તેની જેમ ઉન્માર્ગે લાગેલા, જિનધર્મથી ભ્રષ્ટ, અત્યંત મિથ્યાત્વના ઉદયે માર્ગથી રહિત એવા પણ ભવ્ય જીવોને જેઓ ધર્મ દેશના દ્વારા આ ભવોથી પાર પમાડે છે તેથી તે શ્રી જિનેશ્વર દેવોને મહાધર્મકથી' કહેવાય છે.

હાલાર દેશોદ્ધાર પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રા કોટ)
નરેન્દ્રકુમાર મનસુખલાલ શા (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થા ર)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ વૈશાખ વદ ૧ મંગળવાર તા. ૮-૫-૨૦૦૧ (અંક : ૩૬/૩૭

વાર્ષિક રૂા. ૧૮૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

નેતાઓની સ્થિતિ જ્યાં જાય ત્યાં વળગાણ ભેળું

મુંબઈમાં ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક મહોત્સવમાં શિવસેના ઉપર પ્રહારો

'વિજ્ઞાન ગમે તેટલી પ્રગતિ કરે તો પણ વિજ્ઞાન મનુષ્યના આત્મ માં પ્રવેશી શકતું નથી મહાપુરૂષોની જીવન ગાથાની પ્રેરણા આત્માને નવ ચેતન બક્ષે છે. ભગવાન મહાવીર, બુદ્ધ અને મહાત્મા ગાંધીએ અહિંસાનો આપેલો ઉપદેશ આજના ણુયુગમાં રક્ષા માટેનો માર્ગ છે.

એમ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ ભગવાન મહાવીરના ૨૬૦૦ નિર્વાણ મહોત્સવ નિમિત્તે શહેરમાં યોજાયેલા કાર્યક્ર માં આમંત્રિતોને સંબોધતાં જણાવ્યું હતું.

'જૈન ધ ના તત્ત્વ જ્ઞાનનો મર્મ સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે ૩ સિ, મસિ અને કૃષિ પર જૈન તીર્થંકરોએ ભાર મૂક્યો છે. અસિ એટલે તલવાર પોતાની રક્ષા માટે આની ખૂબ જ જરૂર હોય છે તલવાર ન હોય તો કોઈ શાંતિથી ઈશ્વરની આરાધના કરવા ન દે. મસિ એટલે શાહી સંસ્કૃતિના વિકાસ માટે શાહી ખૂબજ આવશ્યક છે.

એજ રીતે 'કૃષિ એ જીવનનો પર્યાય છે તે આધાર છે. આ પ્રકારના ચિ નવાળા જૈન ધર્મનું પઠન કરવાથી આ ધર્મ પ્રત્યે મારી આ યા વધી રહી છે. કાશ્મિર સમસ્યા બાબતે (શિવસેના પર ૩ ડકતરો પ્રહાર કરતાં) અને શહેરમાં પોતાના આગમ ટાણે વિ ધ નોંધાવનારોઓને ક્ષમા આપતાં વાજપેયીએ કટાક્ષ કર્યો હતો. (મુંબઈ સમાચાર તા. ૯-૪-૨૦૦૧)

જૈન ધર્મ ા સિદ્ધાંતો વિગેરે તાત્ત્વિક વાતની સાથે આ મહોત્સવના ભા ણકારોને કંઈ લેવા દેવા નથી એક આમંત્રણને માન આપી અ જાય અન્તે જે પ્રાસંગિક હોય તે બોલે તેમાં રાજકીય પક્ષા પ ીનો પણ બોલવામાં સમાવેશ થઈ જાય.

પરંતુ લો માં કહેવાય છે 'વાણીયા વિના રાવણનું રાજ ગયું.' આજે વ ીયા વાણીયા કે જૈન તરીકે હોત તો આ રાષ્ટ્રીય ઉજવણી ; આયોજન થયું છે તે ન થાત અને ભગવાન અને ભગવાનના સિદ્ધાંતો અને અઘટિત કે અતાત્ત્વિક બોલાત.

શ્વેતાંબર જૈન સંઘ તો આમાં મૂર્ખ બન્યો છે એક જૈન આચાર્યો તેમાં કયાય ભળ્યા નથી અને જે ભળ્યા છે તે જૈન આચાર અને વિચાર દ્રષ્ટિ સાધુ છે કે નહિ તે સવાલ છે

દિગંબરો પાછળ ઢસડાઈને જનારા જૈન આગેવાનો જૈન ધર્મ તપાગચ્છ જૈન સિદ્ધાંતો એકે મન ઘડંત કલ્પનાઓ અને તેથી જૈન ધર્મનું નાક કપાવવાનું તેમણે કરવાનું બન્યું છે

'અમે ન જાત તો દિગંબરો આમ તેમ કરી નાખત' એવી તેમની વાતો સત્ત્વ વગરની છે. દિગંબરોએ તેમને લૂંટાવામાં અને હેરાન કરવામાં તીર્થોના વિષયમાં કંઈ બાકી રાખ્યુ નથી. અંતરીક્ષમાં શિલ મારેલા છે. સમેત શિખરમાં ભયંકર આક્રમણ છે. મક્ષીમાં ઘરાર આવીને પૂજારી બેસી જાય છે. તે અહીં બેસે તે માટે દિગંબર મંદિરનો હક્ક આપણો છે પણ કોઈ જતું નથી. એવા તો કેટલાક આક્રમણો આપણી ઉપર છે. આપણે નપુસંક બનીને બેસી ગયા છીએ અને ઉદારતાની વાતો કરીએ જાતને મહાન બતાવીએ છીએ

રાષ્ટ્રીય ઉજવણીમાં શ્વે. મૂ. જૈન નથી એવી છાપ જો શેઠીયાએ પાડી હોત તો શ્વે. મૂ. સંઘ, તપાગચ્છની ઓર શાન બઢત અને દિગંબરોએ શ્વેતાંબર તીર્થો ઉપર આક્રમણ અને અત્યાચાર કર્યા છે અને કરી રહ્યા છે તેની વાસ્તવિક રજુઆત થાત શ્વે. જૈન સંઘમાં આગેવાન ગણાવી પૂ. આચાર્ય દેવો પણ શ્રી મૂ. સંઘની આ નાલેશી જોઈ રહ્યા છે અને માત્ર નામનું સંઘનું મુરબ્બીપણુ ટકાવી રહ્યા છે.

આમ રહેશો તો એવો કાળ આવશે કે આપણે તીર્થો આદિ તો નહી બચાવી શકીએ પણ આપણા સંસ્કાર, સંયમ, સદાચાર અને શીલના ધજાગરાના ચીંથરા જોવાનો વારો આવશે. સુજ્ઞેશું કિં બહુના !

રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.

પ્રવચન પાંચમું - ગતાંકથી ચાલુ

(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)

'ઉજવણીની ધાર્મિક બાજુમાં સરકાર જોડાયેલ નથી. સમિતિએ જે કાર્યક્રમ ઘડેલો છે તેમાં કોઈ ધાર્મિક તત્ત્વ સામેલ નથી !'' સરકારનો એક સંસદ સભ્ય ઉપર પત્ર :

મુનિશ્રી ચંદ્રશેખર વિજયજી પણ વર્ષોથી આ શાસનઘાતક પ્રવૃત્તિનો વિરોધ કરે છે. તેમણે આ અંગે પુસ્તિકાઓ - પત્રિકાઓ વગેરે ઘણું બહાર પાડયું છે. તેવી જ રીતે ઉપા. શ્રી ધર્મસાગરજી મ. પણ વર્ષોથી વિરોધ કરે છે એમણે તો હાઈકોર્ટમાં રીટ પણ કરાવી છે. સરકારને કોઈના પણ ધર્મમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર નથી વિગેરે વિગેરે જણાવીને. આટલો વિરોધ ચાલુ હોવા છતાં આપણા કહેવાતા આગેવાનો સમિતિમાં જઈને બેઠવાઈ ગયા. મુનિશ્રી ચંદ્રશેખર વિજયજીના પત્રવ્યવહારના અનુસંધાનમાં સ્વતંત્ર પક્ષના નેતા અને સંસદ સભ્ય શ્રી પીલુ મોદીએ સરકારને પત્ર લખેલ કે - 'બિન સાંપ્રદાયિક સરકાર જૈન ધર્મની ઉજવણીમાં ૫૦ લાખ રૂ. કઈ રીતે આપી શકે વિગેરે વિગેરે ભાવનો.

સરકાર શ્રી પીલુ મોદીને જવાબ આપેલ કે- **'ઉજવણીની ધાર્મિક બાજુ ખાનગી - સ્વૈચ્છિક પ્રવૃત્તિ પર છોડી દેવામાં આવી છે અને તે સાથે સરકાર જોડાયેલા નથી..... આ સમિતિએ જે કાર્યક્રમ ઘડેલો છે તેમાં કોઈ ધાર્મિક તત્ત્વ સામેલ નથી.....** વિગેરે વિગેરે !!

છતાં જૈન સંઘના કહેવાતા આગેવાનો આ ઉજવણી અને આ કાર્યક્રમની તરફેણ કરે છે અને શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ ઉજવણી કરવાનું કહેતા અને વિપરીત રીતે ન કરવાનું કહેતા સાધુઓને વગોવે છે તેની એમને કંઈ ખબર છે ? ચિંતા છે ? આ વસ્તુની ચિંતા કોને હોય ? જેનું ઘર જતું હોય તેને. જેનું પોતાનું જતું હોય તે ઝઘડો કરે, જેને કપડાં જતાં ન હોય તેને શું જવાનું છે ? ધર્મ માટે કોણ ઝઘડે ? ધર્મને જે પોતાનો માનતો હોય, ધર્મ માટે જેણે સર્વસ્વનું સમર્પણ કર્યું હોય તે. ધર્મ માટે સર્વસ્વ સમર્પણ કરનારા સાધુઓ ધર્મ માટે ઝઘડે, કારણ - ધર્મ એમનો પોતાનો છે અને ધર્મને પોતાનો માનનારા શ્રાવકો પણ ધર્મના ઝઘડામાં સાધુઓને સહાય કરે. બાકી સંસારના રસીયા જીવો તો પૈસા - સ્ત્રી - જમીન આદિ માટે ઝઘડે. એને ધર્મ સાથે શું લાગેવળગે ?

સભામાંથી : સાહેબ ! એક આચાર્ય મહારાજે આજે કહ્યું કે- ''જો અમે સાધુઓ ભેગા થઈએ, પાંચેક આચાર્યો ભેગા મળીને વિચારણા કરીએ તો આ વાત પતી જાય એમ છે.'' અને એ આચાર્ય મહારાજ આપનું નામ ખાસ આપે છે તો તે સંદર્ભમાં આપને શું જણાવવું છે ?

ઉત્તર : હું કોઈપણ સ્થાને કોઈપણ સમયે વિચારણા કરવા તૈયાર છું. મને જણાવે તો હું મળવા જવા તૈયાર છું. તમે એમની પાસે જાઓ અને નક્કી કરીને આવો. એઓ પોતાના શ્રાવકોને મોકલે તો હું આપણા શ્રાવકોને પણ મોકલીશ. જો પહેલેથી જ ભેગા થઈને વિચારણા કરી હોત તો આ ગરબડ ઉભી થવાનો સંભવ ન રહેત. પરંતુ ખાસ વાત એ યાદ રાખો કે- અમે ભેગા થઈએ ત્યારે શાસ્ત્ર આગળ રાખીને વિચારણા કરવાની. વેપારીઓ હિસાબ પતાવવા બેસે ત્યારે તેમને જેમ ચોપડા જોઈએ તેમ અમે ભગવાનના શાસનની કોઈપણ વાતની વિચારણા કરવા બેસીએ ત્યારે શાસ્ત્રો જોઈએ જ. ''साधवः शास्त्र चक्षुषः'' આજે સર્વજ્ઞ ભગવંતો, પૂર્વધરો કે તેવા વિશિષ્ટ જ્ઞાની પુરુષો વિદ્યમાન નથી. પરંતુ સર્વજ્ઞ ભગવાનના શાસ્ત્રો તો વિદ્યમાન છે. શાસ્ત્રોનો અર્થ જાુદો જાુદો થાય નહિ. જે જે અર્થ કરવો હોય તેની અપેક્ષા તો આપવી જ પડે. પછી એક શાસ્ત્રના જાુદા જાુદા અર્થ થવાનો સંભવ જ નથી.

જૈન સંઘ રાજ્યની સહાય સ્વીકારે પણ રાજ્યનો પૈસો તો ન જ સ્વીકારે:

આપણા ભગવાનનો ઉત્સવ. તે વળી સરકાર ઉજવે અને આપણે વળી તેમાં અતિથિ, કેવી વાત છે ? સરકારને એમ કહેવું જોઈએ કે- આના લોકશાહી

રાજ્ય આવ્યા પ ી હિંસા ઘમઘોકાર વધી ગઈ છે. જૂઠ - ચોરી આદિ ફા ીફૂલી ગયા છે. જો આપને અમારા ભગવાન ઉપર ાહુમાન પેદા થયું હોય તો હિંસા ઘટાડો, જૂઠ - ચોરી ાદિ ઓછા થાય તેમ કરાવો. પણ આગેવાનો સર ારને આ પ્રમાણે ન કહે. હું હોઉં તો કહું. ભગવાન ા નિર્વાણ કલ્યાણકના ઉત્સવના નામે પાર્ક આદિ બને ગમે તે લોકો ગમે તે રીતે ફરવા આદિ માટે આવે. અ પણે આવો કાર્યક્રમ નથી જોઈતો અને સરકારના પૈસા પણ આપણે નથી જોઈતા. ૫૦ લાખ રૂા. શું ? આપણ ો શ્રી સંઘ ઘણો મોટો અને ઉદાર છે. ૫ કરોડ રૂા. ભેગ કરવા હોય તો પણ વાર લાગે તેમ નથી. મધ્યમ લોકો પણ પોતાની શક્તિ મુજબ ૧૦૦-૨૦૦-૫ ૦૦ રૂા. આપવા તૈયાર જ છે. સાંભળવા મુજબ એક પ્રસં ા જણાવું. સુ. કસ્તુરભાઈના પિતા સુ. લાલભાઈ દલપ ાભાઈ. તેમનો એ પ્રસંગ છે ગિરનારજી ઉપર સુ. લાલ ભાઈ અને તે વખતના ગવર્નર સાથે ચડતા હતા. તે વખતે ત્યાં પગથીયા ન હતા. ગવર્નરે સુ. લાલભાઈને કહ્યું કે- સરકાર પૈસા આપે તમે આ પર્વત ઉપર પ ાથીયા કરાવો. ત્યારે લાલભાઈએ શું જવાબ આપ્યો તે ખબર છે ? તેઓ કહે સાહેબ ! અમારા ૧૧ લા ા જૈનો એક - એક રૂા. આપશે તો પણ ૧૧ લાખ રૂા. ભેગા થઈ જશે. અમારે આપના પૈસાની જરૂર નથી. અ વા ઉદાર આપણે ત્યાં આગેવાનો થઈ ગયા છે. આજે પ જૈન સંઘમાં શ્રીમંતો કયાં ઓછા છે ? પૈસા ખર્ચવા ત મારું કામ - માર્ગદર્શન આપવું અમારું કામ પછી જુઓ કેવી રંગત જામે ! ગામે ગામ પાંચે ય કલ્યાણકના ઉ સવો વિશિષ્ટ પ્રકારે ઉજવાય. મુંબઈ શહેરના દરેક મ દિરોમાં ઉત્સવ યોજાય. બધાની ભાવના થાય તો કલ્યાણ કના વરઘોડા બધાના ભેગા નીકળે પછી ૧-૨ માઈલ ન હે પાંચ માઈલ લાંબો વરઘોડો નીકળે. આખું મુંબઈ જોવા ઉભરાય. આગળ - પાછળ મીઠાઈઓ વહેં ાતી હોય બધાના હૈયામાં ભગવાન મહાવીર પ્રવેશ જાય. બધાને ખબર પડે કે જૈનોના મહાન ભગવાન મહાવીર સ્વામી નામના થઈ ગયા છે.

સભામાં ા : સાહેબ ! શાસ્ત્રીય રીતનો ઉત્સવ ઉજવાય તે ાટે આપની પાસે આપણો કાર્યક્રમ તૈયાર છે ?

ઉત્તર : આપણો કાર્યક્રમ ભગવાનના શાસ્ત્રોમાં લખેલો તૈયાર ા છે. પૂ. પા. આ. ભ. શ્રી હરિભદ્ર સૂ. મ. આદિ લખી ગયા છે. આપણે સારા માબાપના સંતાનો છીએ. આપણે કાંઈ નવો કાર્યક્રમ ઘડવો પડે તેમ નથી. પરંતુ પ્રથમ જે આ ભગવાનની આજ્ઞાથી વિપરીત ઉજવણી થવાની છે તેને રોકીએ પછી આપણા કાર્યક્રમની વાત.

સરકારને આપણો વિરોધ જણાવવા વિરોધના તારો - ઠરાવો અને સહીઓ કરીને મોકલો :

રાષ્ટ્રીય ધોરણની ઉજવણી અટકાવવા માટે પ્રથમ તો સરકારને આપણો વિરોધ બરાબર સમજાય તે માટે ગામે ગામથી વિરોધના ઠરાવો મોકલવાના છે. વિરોધના તારો કરવાના છે અને ૧૮ વર્ષથી ઉપરના પ્રત્યેક જૈનો વિરોધની સહીઓ કરીને મોકલે. જૈનોની કુલ વસ્તીના ૧૦% લોકોની સહીઓ જાય તો કાયદેસર તે ઉજવણી અટકે એમ લોકો કહે છે તો આપણે એટલી સહીઓ મોકલી આપીએ. કોઈપણ રીતે વિરોધ કરીને આપણે એમને રોકવા છે. આવા પ્રકારના વિરોધ આદિથી પણ એ લોકો નહિ અટકે તો આગળ જરૂરી બધા પગલાં લઈશું. તમો મુંઝાશો નહિ. આપણી સમગ્ર શક્તિથી છેવટ સુધી લડીશું. પરિણામ તો જ્ઞાનીએ જે દીઠું હશે તે આવશે, પણ આપણા કર્મની નિર્જરા તો અવશ્ય થશે. ગભરાઈને કાંઈ અવિધિમાં સાથ ન અપાય. સાંભળવા મુજબ સુ. કસ્તુરભાઈના પિતાશ્રી સુ. લાલભાઈનો બીજો પ્રસંગ જણાવું. એકવાર આબુના મંદિરમાં તે વખતના રાજ્યના મોટા અધિકારી બૂટ સાથે પ્રવેશ્યા. બૂટ સાથે ન જવા જણાવ્યું છતાં ન માન્યું એટલે એ અંગે કોર્ટમાં કેસ થયો જે બુટકેશ તરીકે જાહેર થયો. જજે જજમેન્ટ આપણા તરફી લખી દીધેલ. પરંતુ લાલભાઈની કસોટી કરવા જજે જણાવ્યું કે લાલભાઈ ! જજમેન્ટ તમારી વિરુદ્ધમાં આવશે તો તમે શું કરશો ? ત્યારે લાલભાઈ કહે કે- સાહેબ ! ઉપરની કોર્ટમાં જઈશું.

જજે : ત્યાં પણ હારશો તો ?

લાલભાઈ : પ્રીવી કાઉન્સીલ હતી.

જજ કહે : ત્યાં પણ હારશો તો ?

ત્યારે લાલભાઈએ શું જવાબ આપ્યો ખબર છે ? સાહેબ ! તો જગતમાં જાહેર કરીશું કે આજે જગતમાં ન્યાય જેવી વસ્તુ નથી. સાચી વાતમાં પણ ન્યાય નથી મલતો ! કેવા બહાદૂર અને શાસનરાગી સુશ્રાવક થઈ

ગયા ! સામે રાજ છે એટલે ગભરાઈને કંઈ આપણા ભગવાનની આશાતના થવા ન દેવાય.

જુઓ ! આજે તો સરકાર કતલખાના ચલાવવા તેને લોક કલ્યાણના કાર્ય તરીકે ગણાવે છે.. આપણાથી તેમાં સંમતિ અપાય ? વર્તમાન રાજ્યની સ્થિતિ બહુ વિચિત્ર છે. આપણે તો આપણી સાચી વાત કોઈપણ રીતે વિરોધની સહીઓ - ઠરાવો આદિથી તેમને જણાવવી છે. કોઈપણ વિરોધીઓ જો મારી પાસે સમજવા આવે તો તેને સમજાવવા હું તૈયાર છું.

શાસ્ત્રદ્રષ્ટિનો સ્વીકાર - લૌકિકદ્રષ્ટિનો ત્યાગ અને સરકારથી ડરવાનું નહિ :

એક ભાઈ થોડાં સમય પહેલાં મારી પાસે આવેલ. તે મને કહે સાહેબ ! આપ અને અન્ય આચાર્યો ભેગા મલી આપણી રીત મુજબ ઉજવણી કરવા અંગે નિર્ણય કરીને તે મુજબ કરો અને તે માટે આપ બધા ભેગા થાઓ !

મેં કહ્યું જુઓ ! ભેગા મલીએ પણ આ ત્રણ વાતો ધ્યાનમાં રાખવાની. **સરકારે નીમેલ રાષ્ટ્રીય સમિતિ, ભારત જૈન મહા. મંડળના આશ્રયે રચાયેલ નિર્વાણ સમિતિ** અને **પૂ. કસ્તુરભાઈ** આ ત્રણનો અવસર આવે વિરોધ કરવાની તૈયારી હોય તો હું બધા સાથે ભેગો બેસવા તૈયાર છું. ત્યારે તે ભાઈ મને કહે- સાહેબ ! આપે તો તલસ્પર્શી વાત કહી. હું બધાને મળી આપની વાત જણાવું છું. એમ કહીને તે ભાઈ ગયા. લગભગ ૧૦ માસ થઈ ગયા તે વાતને ફરી એ ભાઈ મારી પાસે આવ્યા નથી.

અમારી તો એક જ વાત છે. કોઈ સાથે ભળવા - મળવા - વિચારણા કરવા કોઈપણ સમયે અમે તૈયાર જ છીએ. માત્ર એક જ વાત ધ્યાનમાં રાખવાની કે- બધું શાસ્ત્રને આગળ રાખીને કરવાનું છે. **શાસ્ત્ર દ્રષ્ટિએ વિચારણા કરવાની - લૌકિક દ્રષ્ટિએ નહિ અને સરકારથી ગભરાઈને પણ નહિ.** આ વાત ન ભૂલાવી જોઈએ.

સભા : સાહેબ ! ભગવાનની ફીલ્મ ઉતરવાની છે એમાંથી અમુક ભાગ તો ઉતરી પણ ગયો છે.

ઉત્તર : મને બધી ખબર છે. હમણાં આપણે આપણો વિરોધ જોરદાર બનાવીએ. એ બધું અટકાવશું.

સાંભળવા મુજબ કેટલાંક સમય પહેલાં ગોડીજી ઉપાશ્રયમાં સ્લાઈડો બતાવવાના હતા અને નાટકો ભજવવાના હતા. પરંતુ ત્યાં ચાતુર્માસ સ્થિત ડહેલાવાળા આચાર્ય શ્રી રામસૂરિજીએ જોરદાર વિરોધ કર્યો એટલે બધું અટકી ગયું. તે વખતે મેં આ. શ્રી. રામસૂરિજીને હૈયાથી ધન્યવાદ અને અંતરથી અભિનંદન આપ્યા હતા અને એક ભાઈ સાથે મોઢેથી પણ અનુમોદના જણાવેલ.

બુધ્ધની ફીલ્મ ઉતારવા સામે બૌધ્ધો વિરોધ કરે. મહમદ પયગમ્બરની ફીલ્મ ઉતારવા સમે મુસલમાનો વિરોધ કરે. ગાંધીજીની ફીલ્મ ઉતારવા સામે નહેરૂએ પણ વિરોધ કરેલ અને એ બધી ફીલ્મો અટકી જાય અને જૈનોને ભગવાનની ફીલ્મ ઉતરે તેમાં કરાયે દુઃખ કે આઘાત ન થાય ? જો અમે બધા સાધુ-ઓએ એક થઈ શાસ્ત્ર ચક્ષુને સ્વીકારી લીધી હોત તો આ ગરબડ ઉભી જ ન થાત ! બાકી ઘોર હિંસા કરનારી કતલખાનાને પણ લોકકલ્યાણનું કારણ ગણાવનારી અને લોકકલ્યાણને નામે લોકોનો નાશ થાય તેવા કાર્યો કરનારી આ સરકાર તો ભગવાનનું નામ લેવા માટે પણ કઈ રીતે લાયક ગણાય ? માંસ ખાનાર પણ માંસ ખાવું એ પાપ છે એમ માનતો હોય તો તે પણ ભગવાનનું નામ લેવા લાયક છે. જો સરકારને ખરેખર ભગવાન ઉપર બહુમાન જાગ્યું હોય તો પાપના કાર્યોને પાપ માની હિંસામાં શકય ઘટાડો કરી ભગવાન પ્રત્યે બહુમાન પ્રગટ કરે. બાકી અત્યારે જે રીતે ઉજવણીની તૈયારી થઈ રહી છે તેનો તો જોરદાર વિરોધ કરવો જ પડે તેમ છે.

કાઠીયાવાડમાંથી રાજકોટ - જામનગર આદિ મોટા ગામોના સ્થાનકવાસી, સંઘોએ પણ વિરોધના ઠરાવો કરીને સરકારને મોકલેલ છે. અમારા બધા સાધુ - સાધ્વીઓની પણ વિરોધની સહીઓ કરાવીને અમે મોકલવાના છીએ. તમો પણ બધા વિરોધની સહીઓ કરીને મોકલો. આ લડત છેવટના પરિણામ સુધી ચાલુ રહેવાની છે. ભગવાનના શાસનની આશાતના રોકવા અને ભગવાનના શાસનની શકય પ્રભાવનાદિ કરવા આપણે જે કાંઈપણ કરીશું તેમાં આપણ આત્માને તો એકાંતે લાભ જ છે. તમો સૌ સાચી હકીકત સમજી સત્યનો સ્વીકાર અને વિપરીતનો ત્યાગ કરનારા બની આત્મકલ્યાણ સાધો એ જ શુભાભિલાષા.

■ ■ ■

પ્રવચન - અડતાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩ ભાદરવા વદિ -૧, સોમવાર, તા. ૮-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

(શ્રી જિનાજ્ઞા કે પૂ. સ્વ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. અ. વ.)

माया य पिया ण लुप्पइ, नो सुलहा सुगई विपिच्चओ ।
एयाइं भयाइं पेहिया आरंभा विरमिज्ज सुव्वए ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલ શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા - જીવને જે સુખ જોઈએ છે તે મોક્ષમાં જ છે. સંસારમાં નથી તે વાત સમજાવી આવ્યા પછી તે મોક્ષ સુખને નહિ પામવા દેનાર કઈ કઈ ચીજો છે, તે કેવી ભયરૂપ છે તે વાત સમજાવી રહ્યા છે.

સંસારના બધા જ જીવો સુખના અર્થી હોવા છતાં ય દુઃખી કેમ છે ? જે સુખ જોઈએ છે તે હજી કેમ નથી મળતું ? સઘળા જીવોને કયું સુખ જોઈએ છે તે આપણે નક્કી કરવાનું છે ભગવાન તો આપણને માર્ગ બતાવે, તે માર્ગે તેમના કહ્યા મુજબ જે ચાલે તેનું ઠેકાણું પડે. આપણે બધા ભગવાને બતાવેલા માર્ગે ચાલીએ છીએ ખરા ? ભગવાનના માર્ગે ચાલે તેને આ દુનિયાનું સુખ ગમે કે ન ગમે ? તમે બધા આ દુનિયાના સુખના જ રાગી છો કે વિરાગી છો ? ભગવાનના સંઘમાં કોણ આવે ? વિરાગપૂર્વકના ત્યાગી અને જેનાથી સંસારનો - સંસારના સુખ માત્રનો ત્યાગ ન થઈ શકે પણ જેનનો વિરાગ જીવતો હોય તે બધા ભગવાનના સંઘમાં આવે. ભગવાન શાસન સ્થાપે છે તેમાં સાધુ - સાધ્વી, શ્રાવક - શ્રાવિકાનો જ નંબર છે. સાધુ - સાધ્વી વિરાગપૂર્વકના ત્યાગી છે જ્યારે શ્રાવક - શ્રાવિકા, સાધુ - સાધ્વી થવાની ઈચ્છાવાળા હોવા છતાં ય સાધુ - સાધ્વી થઈ શકતા નથી પણ ઝટ સાધુપણું ઉદયમાં આવે તેની જ મહેનતમાં હોય છે, માટે વિરાગપૂર્વક સંસારમાં રહે છે. અને સુંદર શ્રાવકપણું શક્તિ મુજબ પાળે છે.

તમને બધાને તમારાં પુણ્ય મુજબ વર્તમાનમાં સંસારનું જે સુખ મળ્યું છે તે ઊંડે ઊંડે ગમતું નથી ને ? તે સુખ છોડવાનું મન છે પણ હજી તે સુખ છોડી શકતા નથી તેનું પણ દુઃખ છે. આ વાત કબૂલ છે ને ? શ્રાવક - શ્રાવિકા સંસારમાં જ રહે કર્મયોગે સંસારનું સુખ પણ મેળવતાં હોય અને ભોગવતાં પણ હોય પણ તે સુખ તેમને જરાપણ ગમે નહિ. તેઓ તો માને કે - જરાપણ જો આ સુખથી સાવચેત ન રહીએ તો મર્યા સમજો. તમારી શી હાલત છે ? તમે બધા સંસારમાં બેઠા છો, સંસારનું સુખ પણ ભોગવો છો અને તમને જો આ સુખ જ ગમતું હોય, સુખમાં જ મઝા આવતી હોય તો તમે બધા ભગવાનના સંઘમાં પણ રહેવા લાયક નથી. કેમ કે, હજી સુધી ભગવાનની આજ્ઞા હૈયામાં ઊતરી નથી - ગમી નથી.

આ સંસાર બહુ ભયંકર છે. આ સંસાર તો એવો છે કે મોટા મોટા જ્ઞાનિઓને પણ ભૂલાવે અને સંસારમાં રૂલાવે, મોક્ષમાં જવા દે જ નહિ. ઘણા ઘણા સાધુઓ ય સંસારમાં રૂલી ગયા તેમ ઘણા ઘણા શ્રાવકો પણ સંસારમાં રૂલી ગયા. સંસારમાં રહે અને જે આત્મા સાવચેત ન થાય તે રૂલી જાય. સંસારમાં રૂલાવનાર સંસારના સુખનો રાગ જ છે માટે જ્યાં સુધી સંસારના સુખ પ્રત્યે ભારોભાર દ્વેષ ન થાય ત્યાં સુધી તેનું ઠેકાણું પડે નહિ. સંસારના બધા જીવોને દુઃખ ઉપર અતિ દ્વેષ છે અને સંસારના પૌદ્ગલિક સુખો ઉપર અતિરાગ છે, તેને લઈને સંસારમાં ભટકે છે.

ધર્મ પામવાની આડે આવનાર પણ આ બે જ છે. દુનિયાના સુખ ઉપર જે અતિરાગ છે તેના ઉપર દ્વેષ થાય અને પોતાના જ પાપથી આવતાં દુઃખ ઉપર જે દ્વેષ છે તેના ઉપર દ્વેષ થાય તો જીવ ધર્મ પામે, ગ્રન્થિભેદે અને સમ્યક્ત્વ પામે. ગ્રન્થિ શું છે ? ગ્રન્થિભેદ શું છે ? રાગ-દ્વેષનો ગાઢ જે પરિણામ તેનું નામ ગ્રન્થિ છે. કયા રાગ - દ્વેષ ? સંસારના સુખ અને સુખના સાધનો ઉપરનો ગાઢ રાગ અને દુઃખ અને દુઃખનાં સાધનો ઉપરનો ગાઢ દ્વેષ તેનું નામ ગ્રન્થિ છે. સંસારના સુખના રાગ ઉપર અને દુઃખના દ્વેષ ઉપર ગાઢ દ્વેષ જન્મે ત્યારે ગ્રન્થિ ભેદાય. તમારી ગ્રન્થિ ભેદાઈ છે કે મજબૂત છે ?

તમને બધાને સંસારનાં સુખ અને સુખનાં સાધનો ઉપર જ્યારે જ્યારે રાગ થાય તો તરત જ દુઃખ થાય છે ?

તે ભૂંડા લાગે છે ? તે જ રીતે તમારા જ પાપથી આવતાં દુઃખ ઉપર દ્વેષ થાય છે ત્યારે દુઃખ થાય છે ? ધર્મ કરનારા દરેકે દરેકે પોત-પોતાના આત્માને પૂછવાનું છે. આ જ ધર્મ પામ્યાનું સાચું માપકયંત્ર છે. દુનિયાનું સુખ પુણ્ય હોય તેને જ મળે, જ્યારે તે ગમે ત્યારે દુઃખ થાય છે ખરું ? અમને પણ માન-પાનાદિ મળે, સારી સારી ચીજ - વસ્તુઓ મલે અને તે ગમી જાય અને તેમાં જ મઝા આવી જાય તો અમારો નંબર પણ મહામિથ્યાદ્રષ્ટિમાં આવે.

સંસારમાં સારામાં સારૂં ખાવા - પિવામાં અને પહેરવા - ઓઢવામાં મઝા આવે છે ? મોજ - મઝા અને આરામાદિના જે સુખ છે તે બધાં તમને મલે તો ગમે છે કે તેના ઉપર દ્વેષ થાય છે ? તે રીતે જે કાંઈ દુઃખ આવે છે તે પણ ખૂબ ગમે છે કે નથી ગમતાં ? દુઃખ શાથી આવે ? પાપ કરેલું માટે તે દુઃખ આવે છે. તે દુઃખ મઝેથી વેઠો તો પાપ ખપે અને તેમાં હાયવોય કરો તો પાપ વધે તે ખબર છે ? તે પાપ કેમ બંધાયુ ? સુખમાં મઝા કરી માટે. તો પાપ ખરાબ કહેવાય કે સુખની મઝા ખરાબ કહેવાય ? દુનિયાના સુખ ઉપર દ્વેષ કેમ કરવાનો ? તે સુખ પાપના માર્ગે જોડે નહિ અને પાપના માર્ગે જવા દે નહિ માટે. સુખ લાગી હોય ત્યારે સારામાં સારૂં ખાવા મળે, તરસ લાગી હોય ત્યારે ઠંડામાં ઠંડું પાણી મળે તો આનંદ આવે કે ? તે આનંદ આવે તો પુણ્ય બંધાય કે પાપ બંધાય ? વિરાગ સામાન્ય ચીજ છે એમ માનો છો ? જેના ઉપર મારોમાર દ્વેષ હોય તે વસ્તુ કે વ્યકિત સામે મળે તો આંખ મળે છે, આ પાપી સામે ન મળે તો સારું તેમ પણ મનમાં થાય છે ને ? તે જ રીતે દુનિયાના સુખ ઉપર દ્વેષ છે ? પાપના ઉદયથી આવતા દુઃખ ઉપર સદ્‌ભાવ છે ?

. ધર્મ કરવો એટલે પુણ્યથી મળેલું સુખ ફેંકી દેવું અને દુઃખ મઝેથી વેઠવું, કદાચ દુઃખ ન આવે તો જ્ઞાનિની આજ્ઞા મુજબ ઊભાં કરી કરીને વેઠવા. જગત સુખને શોધે છે અને દુઃખથી ભાગે છે. જ્યારે ધર્મી સુખથી ભાગે છે અને દુઃખને ભેટે છે. જેનામાં વિરાગ ન હોય તો સાધુપણું પણ નથી આવતું પણ સમ્યક્‌ત્વ પણ નથી આવતું. તે તો મિથ્યાત્વને વશ છે. જેને સમ્યક્‌ત્વનો ખપ ન હોય તે જીવ ગમે તેટલો ધર્મ કરે તો પણ તેને જે લાભ થવો જોઈએ તે લાભ થતો નથી. તેને ધર્મ યોગે પુણ્ય બંધાય અને દુનિયાનું સુખ પણ મળે, પણ તે સુખ મળ્યા પછી તે માદમી મહાપાપી થાય અને સુખમાં મોજમઝાદિ કરી, તેને મેળવવા - ભોગવવા પાપ કરીને દુર્ગતિમાં જાય. તમને આ જે મનુષ્યભવ મળ્યો છે તેને દુર્લભ બનાવવો છે કે સુલભ બનાવવો છે ? મનુષ્યપણા વિના મોક્ષ પણ નહિ અને ધર્મ પણ નહિ. ધર્મ શું છે ? સાધુપણું જ. તે સાધુપણું મનુષ્યપણામાં જ મળે અને ત્યાં જ પળાય. અહીં જે ભૂલે અને આ જન્મ હારી જાય તે કયાં જાય ?

તમને બધાને મોક્ષમાં જ સાચું સુખ છે, તે સિવાયનું બીજું જે સુખ કહેવાય તે વાસ્તવિક સુખ જ નથી તેવી પ્રતીતિ થઈ ગઈ છે ? આપણને બધાને જો તેવી પ્રતીતિ ન થાય તો અમારામાં સાધુપણું નથી, તમારામાં શ્રાવકપણું ય નથી અને સમ્યક્‌ત્વ પણ નથી. સમ્યક્‌ત્વ નથી એટલે મિથ્યાત્ત્વ બેઠું જ છે. મિથ્યાદ્રષ્ટિ જીવ જે ધર્મ કરે તે દુનિયાનું સુખ મેળવવા અને દુઃખથી બચવા માટે કરે. તે સુખ મળે એટલે પાગલ થયા વિના રહે નહિ. તેનું દ્રષ્ટાંત આજના સુખી લોકો છે.

આજના સુખીને ધર્મ કરવાનું મન છે ? તમને પણ સારી રીતે ધર્મ કરવાનું મન છે ? તમે સામાયિક કરો તો હવા વાળી જગ્યા જોઈએ ને ? આજે આપણે બધા બને ત્યાં સુધી કેવી રીતે ધર્મક્રિયા કરીએ છીએ ? જરાપણ તકલીફ પડે તે રીતે ધર્મક્રિયા કરીએ ? ભગવાનને ખમાસમણું પણ કેવી રીતે દઈએ ? પંચાંગ પ્રણિપાત પણ કેટલાને આવડે છે ? ધર્મ ફાવતી રીતે કરવાનો કે વિધિમુજબ કરવાનો છે ? વિધિમુજબ ધર્મક્રિયા કરનારા કેટલા મળે ?

પ્ર- ઈતરોમાં સાષ્ટાંગ પ્રણામ છે અને આપણે ત્યાં પંચાંગ પ્રણિપાત છે તેનું કારણ શું છે ?

ઉ.- કોઈ પણ જીવની વિરાધના ન થાય તે વિધિ સાષ્ટાંગ પ્રણામમાં જળવાતી નથી. જ્યારે પંચાંગપ્રણિપાત ભૂમિને, બે હાથની કોણી, બે પગનાં ઢીંચણ આદિને પૂંજીને પ્રમાર્જીને પછી કરવાનો છે. કોઈપણ જીવને તકલીફ ન થાય, કોઈપણ જીવ હણાય નહિ તે વિધિ પંચાંગ પ્રણિપાતમાં બરાબર કરે તો જળવાય છે. સાષ્ટાંગમાં તો લાંબા થઈને ૪ સીધા પડે તો કેટલા જીવો દબાય તેની શી ખબર પડે ? આપણી દરેક ક્રિયામાં જયણાની પ્રધાનતા છે. કેમકે શાસ્ત્રે જયણાને જ ધર્મની જનની કહેલી છે. જ્યાં જયણા નથી ત્યાં ધર્મ જ નથી.

ક્રમશ :

શ્રી પટેલ સાહેબ, **તારીખ : ૧૮-૧-૨૦૦૧**

કલેકટર,

ભાવનગર જિલ્લા , ભાવનગર.

ધર્મપ્રિય માનનીય શ્રી પટેલ સાહેબ,

સાદર પ્રણામ, કુશળ હશો.

ભાવનગર જિલ્લામાં આવેલું શ્રી શત્રુંજ્ય તીર્થ જૈનોનું પવિત્રતમ **તીર્થ છે** અને યાત્રાળુઓના આધ્યાત્મિક વિકાસમાં વિશેષ પથી સહાયક થનારૂં બળવત્તર નિમિત્ત છે. પ્રજાને ભૌતિકતા તરફ દોરી જનારૂં એ **પર્યટન સ્થળ નથી.**

આમ તો તીર્થના વહીવટો તે તે ધર્મના અનુયાયીઓ પોતાનું ધાર્મિક કૃત્ય સમજીને કરતા જ હોય છે. તેમ છતાં તીર્થસ્થાને પધારતા યાત્રિકોના આધ્યાત્મિક વિકાસમાં ગુજરાત રાજ્ય સહાયક થવા ઈચ્છતું હોય અને તીર્થના વહીવટદારો તેવું સહાય ઈચ્છતા હોય, તો તીર્થસ્થળ અને પર્યટન સ્થળ વચ્ચે આટલો પાયાનો ભેદ નજર સમક્ષ રાખીને તીર્થના વિકાસની યોજનાઓની વિચારણા કરવા નમ્ર વિજ્ઞપ્તિ છે. તે તે ધર્મસંઘની બંધારણીય શિસ્ત અને શાસ્ત્રાજ્ઞાઓથી વિરુધ્ધ તીર્થના વહીવટદારોની ઈચ્છા વિરુધ્ધ તીર્થના વિકાસની યોજનાઓ હાથ ધરવા રાજ્ય ઈચ્છતું હોય, તો તે ધર્મસંઘ ઉપર રાજ્યનો બળાત્કાર ગણાય. સુરાજ્ય તેના પ્રજાજનો ઉપર આવો બળાત્કાર ન જ કરે. કુદરતી પદાર્થો ઉપર પોતાની મલિકી માનીને બ્રિટીશ સત્તાએ જે અન્યાયી કાયદાઓ કર્યા છે તે કાયદાઓના આધારે ગુજરાત રાજ્ય તીર્થભૂમિઓ પર પોતાની માલિકી માનીને તેનો વિકાસ કરવાની ઈચ્છા નહીં ધરાવતું હોય, પણ ધર્મમહાસત્તાના સેવક તરીકેની ફરજ બજાવવાની હાર્દિક ઈચ્છાથી સહાયક બનવા ઈચ્છતું હશે. શત્રુંજ્ય આદિ તીર્થોના વહીવટદારો અને ત્યાં આવનારા યાત્રાળુઓ નીચેની મુદ્દાઓની બાબતમાં રાજ્યની સહાય ઈચ્છે છે

૧. ગુજરાત રાજ્યના ટુરીઝમના નકશા ઉપરથી શ્રી શત્રુંજ્ય, શ્રી ગિરનાર વિગેરે તીર્થોનાં નામો રદ કરવા.

૨. કોઈ શત્રુંજ્ય તીર્થ આદિ પવિત્ર યાત્રાધામો છે. એ પર્યટન સ્થળો નથી. તેથી તીર્થોમાં પર્યટકોનો પ્રવેશ નિષિધ્ધ કરવો. હલાય પર્યટકો તીર્થોના પવિત્ર વાતાવરણને પોતાના સ્વચ્છંદી વર્તનથી દુષિત કરે છે. પર્યટકો જે યાત્રા કરવાની શુભ ભાવનાથી યાત્રાળુઓ તરીકે તીર્થભૂમિમાં પધારતા હોય, તો તે તે ધર્મની શાસ્ત્રાજ્ઞાઓ મુજબ તીર્થની યાત્રા કરવી જોઈએ. તીર્થસ્થળમાં પર્યટક તરીકેનું વર્તન થઈ શકે નહીં. આવું વર્તન યાત્રિકોની ધાર્મિક લાગણી દુભવે છે. દા. ત. શ્રી શત્રુંજ્ય તીર્થ ઉપરના દહેરાસરોમાં પર્યટકોને ઘણીવાર બિભત્સ વર્તન કરતા જોવામાં આવ્યા છે. પર્યટકોનું આવું અશોભનીય વર્તન હોવા છતાં, રાજ્યના કાયદાઓની અદબ જાળવીને યાત્રાળુઓ કાયદો હાથમાં લેવા ઈચ્છતા નથી હોતા, અને તેથી આવા પ્રસંગે પણ સંયમ જાળવતા હોય છે.

૩. નૈસર્ગિક વાતાવરણ યાત્રાળુઓની ભાવવૃધ્ધિનું કારણ બને છે. તેથી તીર્થના નૈસર્ગિક વાતવરણને દુષિત કરનારી તમામ પ્રવૃત્તિઓ રાજ્ય દ્વારા નિષિધ્ધ થવી જોઈએ. દા. ત. યાંત્રિક વાહનોના પ્રવેશથી કાર્બન મોનોક્ષાઈડ આદિ ઝેરોથી તીર્થોની હવા પ્રદૂષિત બને છે, અવાજનું પ્રદૂષણ વધે છે. માટે યાંત્રિક વાહનોનો પ્રવેશ શ્રી શત્રુંજ્ય તીર્થની બાબતમાં તળેટીથી ૩૦૦ મીટર દૂરથી રોકી દેવા જોઈએ.

ટૂંકમાં શ્રી શત્રુંજ્ય આદિ તીર્થો આત્મવાદના પોષક છે. તેથી અનાત્મવાદ પોષક આધુનિકતાના વાઘા તીર્થોને પહેરાવવાની યોજનાઓ ન વિચારવી કે ન અમલમાં મૂકવી.

'તીર્થસ્થળોને પર્યટન સ્થળોમાં ફેરવવા પાછળ આંતરરાષ્ટ્રીય બળોનો કયો ગર્ભિત હેતુ સમાયેલો છે. તેની જાણકારી માટે એક આર્ટિકલ આ સાથે મોકલ્યો છે. આંતરરાષ્ટ્રીય બળોના આ મલિન ઈરાદાને સફળ ન થવા દેવો જોઈએ.

લી. અમે છીએ શત્રુંજ્ય તીર્થની યાત્રાએ આવનારા યાત્રાળુઓ

૧. અરવિંદભાઈ પારેખ (ટ્રસ્ટી વિનિયોગ પરિવાર)

૨. મણીલાલ શાહ (ટ્રસ્ટી શાંતોલી ગ્રેમ સંઘ)

૩. [illegible] ટ્રસ્ટી

૪. [illegible] કા. મહોદય વર્ધમાન ૭૨ વિકાસગૃહ ભાવનગર-૩૬૪૦૦૨.

૫. શ્રી કુરબોગાણી મહેમાનગૃહ જૈન ધર્મશાળા ટ્રસ્ટ. ૩૨૪૨૨૬ ૬.નં.૪, બોરીવલી(વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૯૨.

૬) દિપકભાઈ શાહ [illegible] જૈન ચો.મુ. [illegible]

શાહ રતિલાલ ડી. ગુઢકા (લંડન) યુ. કે.
SHAH RATILAL D. GUDKA
16, WINCHFIELD CLOSE, KENTON HARROW
HA3-ODT-MIDDLESEX (U.K.). TEL/FAX 020 8907 2009
E MAIL: RATILAL GUDKA @ HOTMAIL. COM

परम आदरणीय माननीय　　दिनांक : ९-१-२००१

श्री अशोक सिंहलजी

सादर प्रणाम

आप कुशल होंगे।

यूरोप के तथाकथित विद्वानों ने भारत की प्रजा के सांस्कृतिक जीवन के बारे में अनेक झूठ प्रचलित किये हैं। उसी तरह भारतीय प्रजा की सांस्कृतिक उत्पत्ति के बारे में भी कई झूठ फैलाये हैं।

उसका एक दृष्टांत यह है - भारतीय संस्कृति मात्र ५००० वर्ष पुरानी है!

क्या जैनों के प्रथम तीर्थंकर श्री ऋषभदेव भगवान और उन्होंने जगत को भेंट दी वह जीवन-व्यवस्था मात्र ५००० वर्ष पुरानी है? क्या मनुस्मृति के द्वारा जगत को भेंट दी गयी संस्कृति मात्र ५००० वर्ष पुरानी है?

आर्य हिन्दू प्रजा के महासंतो द्वारा जगत को भेंट दी गयी चार पुरुषार्थों की संस्कृति और जीवन-व्यवस्था तो लाखों वर्ष प्राचीन है और इसी लिये उसकी जड़ें प्रजा के जीवन में गहराई तक फैली हैं।

''ईसा मसीह की बतायी जीवन व्यवस्था दो हजार वर्ष पुरानी है, तो आर्य संतों द्वारा बतायी जीवन व्यवस्था मात्र पाँच हजार वर्ष पुरानी है'' एसा मनवाकर आर्य महासंतों की अद्‌भुत जीवन व्यवस्था का अवमूल्यन करने के लिये यूरोप के, और विशेषतया जर्मनी के विद्वानों की पुस्तकों में, भाषणों में यह झूठ फैलाया गया है। अपने संतों तथा विद्वानों के वक्तव्यों में भी इस झूठ की असर कहीं कहीं देखने को मिलती है। यह भूल सुधारने की आवश्यक्ता है।

वह कथा तो आप जानतें ही हैं - एक आदमी अपना घोड़ा लेकर बाजार में बेचने जा रहा था। मार्ग में चार धूर्तों ने उसे बारी बारी से - '' गधा लेकर कहाँ जा रहे हो?'' पूछा और अन्ततः वह भी अपने घोड़े को गधा समझने लगा। यही चाल इसमें भी है।

जैन शास्त्रों के अनुसार महाभारत का युद्ध जैनों के बाइसवें तीर्थंकर श्री अरिष्टनेमी के समय में अर्थात् आज से लगभग ८७,५०० वर्ष पूर्व लड़ा गया था। भगवान श्री रामचन्द्रजी आदि तो उनसे भी हजारों वर्ष पूर्व जैनों के बीसवें तीर्थंकर श्री मुनिसुव्रत स्वामी के समय में हुए। सगर चक्रवर्ती वगैरह का समय तो लाखों वर्ष पूर्व का है। जैन-शास्त्रों में इनका उल्लेख मिलता है। यह तो पीछे के तीर्थंकरों की बात हुई जिनकी आयु क्रमशः कम होती मानी जाती है। शुरुआत के तीर्थंकरों की आयु तो अंकगणित की सीमा से भी परे थी।

यही बात वैदिक धर्म के अनुसार माने गये युगों के बारे में है - सतयुग, त्रेता, द्वापर युगों का काल भी असंख्य वर्षों का है।

अतः हमारी संस्कृति मात्र ५००० वर्ष पुरानी है ऐसी यूरोपियन झूठी हवा को सत्य मानने की भूल नहीं होनी चाहिये और हमारे जो वर्तमान संत और विद्वान इस झूठ को अभानता से अपनाने लगे हैं, उनका ध्यान इस और आकर्षित करके हमारी संस्कृति लाखों वर्ष पुरानी होने की बात सुयोग्य अवसरों पर ठोक-बजाकर करनी चाहिये।

आपसे निवेदन है कि इस बारे में आप यथायोग्य ''करेक्टिव'' कदम उठायेंगे।

भवदीय

अरविंदभाई पारेख

(पान नं. ५६९ थी चालु)

अनिष्ट-अनुकूळ के अनिष्ट - प्रतिकूळ प्रसंगो असर करनारा नहि बने. आवो मनोभाव केळववो खूब ज जरूरी छे. कदाच पोतानी पामरता - निर्बलता - कमनशीबीना योगे ईष्टानिष्ट प्रसंगनी असर थई जाय तो पण ते पुण्यात्मा तरत ज तेने भूंसी नाखवा कामयाब बने छे, तेने ते सारी मानतो ज नथी. कर्मजन्य कोईपण प्रसंग आत्मानी स्थिरता-स्वस्थता-प्रसन्नताने हरनारो न ज थवो जोईए. आ वात सहेली नथी पण संभवितशक्य - अगत्यनी पण तेटली ज छे. आवी रीतना ज्ञानिओना वचनोनो परमार्थ विचारी - समजी आपणे पण आ शरीरना वळगाडमांथी मुक्त थवा प्रयत्न करीए, शरीरनी माया-मोह-ममताने मारनारा बनीए. आवुं सौभाग्य - सामर्थ्य पामी आपणे सौ परंपराए अशरीरी बनीए ते ज हार्दिक मंगल कामना.

मोडपर तीर्थ (जामनगर)

भूकंपथी अहिं जुना देरासरने घणुं नुकशान थयुं छे. शिखर अने गभारानी हिमालोमां तिराडो पडी छे. पाटीमां पण तिराडो पडी छे. जेथी तेनुं समारकाम करतां कदाच शिखर उतारवुं पडशे.

શ્રી શંખેશ્વર મહાતીર્થ મધ્યે શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન ધર્મશાળામાં

પ્રાચીન જિન પ્રતિમાજી તથા નૂતન જિન પ્રતિમાજી

સંગ્રહ યોજના

પ્રેરક : પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

પ્રાચીન જિન પ્રતિમાજી વિનીમય યોજના

* પ્રાચીન જિન પ્રતિમાજી યોજના *

ગામો ગામમાં વસતિ ઘટવાથી મંદિરોમાં પૂજા કરનાર ઓછા છે કે ના હી. ત્યાંથી આરસની પ્રતિમાજી ને અન્યે એકત્ર કરવામાં આવશે તે જેમને જોતા હશે તેમને આપી શકાશે. માટે જે ગામોમાં આવા શ્રી સંઘોમાં વધુ પ્રતિમાજી હોય તે અમોને મોકલવા તેવી વિનંતી છે.

* નૂતન જિન પ્રતિમાજી યોજના *

વર્તમાનમાં ઘણા ભાવિકોને પ્રતિમાજી ભરાવવાની ઈચ્છા હોય છે પણ ભરાવવાની જગ્યા ન મળતાં પ્રતિમાજી ભરાવી શકતા નથી. તે સાથે જેમને પ્રતિમાજી જોઈએ તેમને મળી પણ શકતા નથી. જેથી અમોએ પ્રતિમાજી ભરાવીને રાખવાની વ્યવસ્થા કરી છે અને તે સંગ્રહમાંથી ભરાવનારને પણ પ્રતિમાજી જોઈશે તેમને પસંદગી બતાવી કાઢી કાઢી શકશે અને બીજા જે સંઘો કે ગામો કે શહેરો કે દેરાસરોમાં જોશે તેમને આપી શકાશે.

* પ્રતિમાજી ભરાવવા અંગે વિગતો *

જેમને પ્રતિમાજી ભરાવવા હોય તેમને પોતાને જોઈતા પ્રતિમાજીની ઉંચાઈ વિ. જણાવી કયા પ્રતિમાજી ભરાવવા છે. વિગત સાથે નામ-સરનામા, ફોન નંબર સાથે જણાવવું. જેથી તેમને વિગતો મોકલી શકાય.

શ્રી શંખેશ્વર મહાતીર્થના વિ.સં. ૨૦૫૪માં પ્રતિમા નિર્માણ યોજનામાં ભરાવેલ પ્રતિમાજીમાંથી વિદ્યમાન પ્રતિમાજી

ક્રમ	પ્રતિમા ભરાવનારનું નામ	ગામ	પ્રતિમાજીનું નામ	ઉંચાઈ
૧.	પ્રેમચંદ ઝવેરચંદ જવેરાજ	નાઈરોબી	સંભવનાથજી	૧૫
૨.	શાહ મોસર ચીમા ઢારા	દાદર	અજિતનાથજી	૨૧
૩.	પ્રવીણભાઈ ત્રિકમલાલ	મુંબઈ	શીતલનાથજી	૧૫
૪.	નિર્મીષાબેન	રાધનપુર	શાંતિનાથજી	૧૫
૫.	મહેન્દ્રભાઈ નાનાલાલ	આમોદ	શાંતિનાથજી	૧૫
૬.	રાહુલભાઈ ઝવેરી	મુંબઈ	સુવિધિનાથજી	૨૧
૭.	સેવંતીલાલ નાગીલાલ	રાધનપુર	વાસુપૂજ્યસ્વામી	૧૩
૮.	પ્રમિલાબેન વસંતલાલ	રાધનપુર	શીતલનાથજી	૧૩
૯.	વિમળાબેન મોતીલાલ	—	વિમલનાથજી	૧૩
૧૦.	સવિતાબેન નટવરલાલ	રાધનપુર	કુંથુનાથજી	૧૫

ક્રમ	પ્રતિમા ભરાવનારનું નામ	ગામ	પ્રતિમાજીનું નામ	ઉંચાઈ
૧૧.	હસમુખભાઈ સુરેન્દ્રલાલ	બોરીવલી	શાંતિનાથજી	૨૧
૧૨.	હસમુખભાઈ	બોરીવલી	આદિનાથજી	૨૧
૧૩.	ભાનુમતિબેન પ્રકાશકુમાર	પુના	પાર્શ્વનાથજી	૧૫
૧૪.	તેજપાલભાઈ પ્રસન્નચંદ ઝવેરી	સુરત	પાર્શ્વનાથજી ફણાવાળા	૧૫
૧૫.	અમરચંદભાઈ રસિકલાલ	દહેગામ	ચંદ્રપ્રભસ્વામી	૨૧
૧૬.	ગોવિંદલાલ નગીનભાઈ	રાધનપુર	શાંતિનાથજી	૧૫
૧૭.	કિર્તીભાઈ મફતલાલ (બાબુભાઈ)	રાધનપુર	પાર્શ્વનાથજી ફણાવાળા	૨૫
૧૮.	જીતેન્દ્રભાઈ કાંતિલાલ ઝવેરી	મુંબઈ	પાર્શ્વનાથજી ફણાવાળા	૨૧
૧૯.	જયોત્સનાબેન વસંતલાલ	રાધનપુર	મલ્લિનાથજી	૧૩
૨૦.	પુષ્પાબેન પ્રવિણચંદ્ર	બોરીવલી	સીમંધરસ્વામી	૧૩
૨૧.	રસિલાબેન નવીનચંદ્ર	બોરીવલી	શંખેશ્વર પાર્શ્વનાથજી	૧૫
૨૨.	રાજેન્દ્રભાઈ કેશરીચંદજી	મુંબઈ	શાંતિનાથજી	૨૫
૨૩.	ભાંતિલાલ દેવચંદ	દાણા	સંભવનાથજી	૧૫
૨૪.	સુભદ્રાબેન હિંમતલાલ	રાધનપુર	આદિનાથજી	૧૩
૨૫.	અમીચંદભાઈ હ. મંજુલાબેન	પાદરા	વાસુપૂજ્ય સ્વામી	૨૧
૨૬.	પ્રભાબેન રમણલાલ	રાધનપુર	વર્ધમાનસ્વામી	૧૫
૨૭.	નીતાબેન જયેશભાઈ	મુંબઈ	મુનિસુવ્રતસ્વામી	૧૫
૨૮.	ઉષાબેન મનુભાઈ	વડોદરા	પાર્શ્વનાથજી ફણાવાળા	૨૭
૨૯.	પ્રવિણચંદ્ર નાથાલાલ	વડોદરા	પાર્શ્વનાથજી ફણાવાળા	૨૭
૩૦.				
૩૧.	શાંતિલાલ મંગળજી	મુંબઈ	આદીશ્વરજી	૨૫
૩૨.	કીર્તિલાલ રસિકલાલ	રાધનપુર	શાંતિનાથજી	૨૧
૩૩.	પ્રમિલાબેન લાલભાઈ	બોરીવલી	સંભવનાથજી	૧૫
૩૪.	સુશીલાબેન હ. મહેશભાઈ	બોરીવલી	નેમિનાથજી	૧૫
૩૫.	ભૂરીબેન સુખલાલ ગાંધી	ધ્રાંગધ્રા	મલ્લિનાથજી	૧૫
૩૬.	મનસુખલાલ પ્રભુલાલ	અમેરીકા	શાંતિનાથજી	૧૫
૩૭.	પ્રાણલાલ કીરચંદ	જામનગર	વિમલનાથજી	૧૫
૩૮.	જવેર કનકચંદ	ખંભાત	પાર્શ્વનાથજી ફણાવાળા	૨૭
૩૯.	કાંતાબેન જયંતિલાલ	ગોરેગાંવ	નમિનાથજી	૧૫
૪૦.	કાંતાબેન મનસુખલાલ	વઢવાણ	આદીશ્વરજી	૧૫
૪૧.	કાંતિલાલ રમણલાલ હ. કુસુમબેન	રાધનપુર	પાર્શ્વનાથજી	૧૩
૪૨.	રમણલાલ પ્રેમચંદ	પાદરા	સંભવનાથજી	૧૫
૪૩.	ચંદનબેન રમણલાલ	પાદરા	મહાવીરસ્વામી	૧૫
૪૪.	રેણુકાબેન રાજેન્દ્રકુમાર	પાદરા	શાંતિનાથજી	૧૫

ક્રમ	પ્રતિમા ભરાવનારનું નામ	ગામ	પ્રતિમાજીનું નામ	ઇંચ
૭૧.	રમેશભાઈ પરમાણંદ	પાદરા	સુમતિનાથજી	૧૧
૭૨.	કંચનબેન હિરાચંદ	ખંભાત	મુનિસુવ્રતસ્વામી	૧૫
૭૩.	નિલેશ સેવંતીલાલ	ભાયખલ્લા	શાંતિનાથજી	૧૫
૭૪.	શારદાબેન ભોગીલાલ	પાદરા	આદીશ્વરજી	૧૧
૭૫.	રમણલાલ મફતલાલ	મુંબઈ	સુપાર્શ્વનાથજી	૧૩
૭૬.	જતીન ચીમનલાલ	લાડોલ	મહાવીર સ્વામી	૧૧
* ૭૭.	ધીરેન ચીમનલાલ	બોરીવલી	મહાવીરસ્વામી	૧૧
* ૭૮.	હઠીચંદ હીરાચંદ	ઘાટકોપર	આદીશ્વરજી	૧૫
૭૯.	લલિતાબેન હઠીચંદ	ઘાટકોપર	ચંદ્રપ્રભુજી	૧૫
૮૦.	જનકબેન હીરાચંદ	ઘાટકોપર	શાંતિનાથજી	૧૫
૮૧.	ચંપાબેન અમૃતલાલ	ભાડોદ	મહાવીરસ્વામી	૧૫
* ૮૨.	ગુલાબબેન મનસુખલાલ	તળાજા	સુમતિનાથજી	૧૧
૮૩.	અમીચંદ મણિલાલ	મુંબઈ	શાંતિનાથજી	૧૧
* ૮૪.	કંચનબેન મોતીચંદ	લંડન	અમૃતેશ્વર પાર્શ્વનાથજી	૧૧
૮૫.	ભૂપેન્દ્રભાઈ ગભરૂચંદ	નવસારી	કુંથુનાથજી	૧૧
* ૮૬.	પ્રફુલ્લકુમાર મનસુખલાલ	સુરેન્દ્રનગર	મુનિસુવ્રતસ્વામી	૧૭
૮૭.	પ્રવિણચંદ્ર પરખાજી	ભાંડોત્રા	વિમલનાથજી	૧૧
૮૮.	અજીતકુમાર પરખાજી	ભાંડોત્રા	મુનિસુવ્રતસ્વામી	૧૧
૮૯.	વિમળાબેન ડાયાલાલ	ભાંડોત્રા	સંભવનાથજી	૧૧
૯૦.	લાભુબેન રમણિકલાલ	હળવદ	પાર્શ્વનાથજી ફણાવાળા	૧૧
૯૧.	ભરતભાઈ મફતલાલ	નવસારી	મુનિસુવ્રતસ્વામીજી	૩૧
૯૨.	કમળાબેન દિનકરપ્રસાદ	વિરાર	મુનિસુવ્રતસ્વામીજી	૧૧
૯૩.	જયેશકુમાર બાબુલાલ	લાડોલ	આદિનાથજી	૧૩
૯૪.	હસ્તિ શ્રેયા જયેશકુમાર	લાડોલ	વિમલનાથજી	૧૧
૯૫.	ચીમનલાલ દીપચંદ	સુરેન્દ્રનગર	પાર્શ્વનાથજી ફણાવાળા	૧૧
૯૬.				
૯૭.				
૯૮.				
૯૯.	મદનલાલ શિવલાલ	અમદાવાદ	પાર્શ્વનાથજી ફણાવાળા	૧૩
૧૦૦.				
૧૦૧.	ત્રિભોવનદાસ પોપટલાલ	અમદાવાદ	શાંતિનાથજી	૧૫
૧૦૨.				
૧૦૩.				
૧૦૪.	જયાબેન રાજેન્દ્રકુમાર	પાટણ	નમિનાથજી	૧૧
* ૧૦૫.	વિનયચંદ્ર હરિલાલ	મુંબઈ	મહાવીરસ્વામી	૧૭
* ૧૦૬.	હસમુખભાઈ સુમતિલાલ	મુંબઈ	શાંતિનાથજી	૧૭
* ૧૦૭.	પ્રકાશચંદ્ર મોતીલાલ	સોલાપુર	વિમલનાથજી	૨૧
* ૧૦૮.	લીલાધર રામજી	બીડ	સંભવનાથજી	૧૭
* ૧૦૯.	પ્રકાશચંદ્ર મોતીલાલ	સોલાપુર	વર્ધમાન સ્વામી	૧૭
૧૧૦.				
૧૧૧.	ભરતભાઈ પટેલ	જામનગર	પાર્શ્વનાથજી	૧૭
૧૧૨.	હીનાબેન ભરતભાઈ	જામનગર	શાંતિનાથજી	૧૩

ક્રમ	પ્રતિમા ભરાવનારનું નામ	ગામ	પ્રતિમાજીનું નામ	ઇંચ
૧૧૩.	સિદ્ધાર્થ પટેલ	જામનગર	ઋષભદેવજી	૧૩
૧૧૪.	ધારા પટેલ	જામનગર	મહાવીર સ્વામી	૧૧
૧૧૫.	હેમેન્દ્રભાઈ ચંપકલાલ	સુરેન્દ્રનગર	મલ્લિનાથજી	૨૧
૧૧૬.	રજનીકાંત ટી. શાહ	વડોદરા	પાર્શ્વનાથજી ફણાવાળા	૨૧
૧૧૭.	જયંતિલાલ વનમાળીદાસ	ઘાટકોપર	વિમલનાથજી	૧૫
૧૧૮.				
૧૧૯.	ધીરજબેન નટવરલાલ	મલાડ	શીતલનાથજી	૧૧
૧૨૦.	જશવંતલાલ જેઠાલાલ	પાદરા	ધર્મનાથજી	૧૧
૧૨૧.	મધુર હરેશ	જામનગર	શ્રેયાંસનાથજી	૧૩
૧૨૨.				
* ૧૨૩.	જીતેશ સુરેશચંદ્ર	જામનગર	પાર્શ્વનાથજી ફણાવાળા	૨૧
૧૨૪.	હેમેન્દ્રભાઈ અમૃતલાલ	બોરીવલી	અજીતનાથજી	૧૧
૧૨૫.	મુક્તિભાઈ કુલભાઈ	બોરીવલી	શાંતિનાથજી	૧૧
૧૨૬.	બાબુભાઈ જીવાભાઈ	દીયોદર	વર્ધમાનસ્વામી	૧૧
* ૧૨૭.	સોમચંદ રાયચંદ	જામનગર	અજીતનાથજી	૧૧
૧૨૮.	બિપિનચંદ્ર માધવદાસ	પોરબંદર	પાર્શ્વનાથજી	૧૧
* ૧૨૯.	જયાબેન ઝવેરચંદ	લંડન	સીમંધરસ્વામી	૧૧
૧૩૦.				
૧૩૧.				
૧૩૨.	ચંચીબેન પરખાજી	ભાંડોત્રા	મહાવીરસ્વામી	૨૧
* ૧૩૩.	ડાયાલાલ મુળચંદ	ભાંડોત્રા	અજીતનાથજી	૨૭
૧૩૪.	વસ્તુપાલ કાંતિલાલ	સાબરમતી	સંભવનાથજી	૧૧
૧૩૫.	રંભાબેન મગનલાલ	જામનગર	સુપાર્શ્વનાથજી	૧૧
૧૩૬.	સવિતાબેન અમૃતલાલ	સુરેન્દ્રનગર	સુમતિનાથજી	૧૩
૧૩૭.	મણિલાલ મલુકચંદ	સમી	કુંથુનાથજી	૧૭
* ૧૩૮.	મુકેશ ગોશલીઆ	મુંબઈ	કુંથુનાથજી	૧૭
૧૩૯.	કમલેશ રતિલાલ	માંગરોળ	વાસુપૂજ્ય સ્વામી	૧૩
૧૪૦.	કલાવતીબેન હેમતલાલ	મુંબઈ	મુનિસુવ્રતસ્વામી	૧૩
૧૪૧.	રસીકલાલ પોપટલાલ	પાટડી	આદિનાથજી	૧૧
૧૪૨.	પ્રભાબેન છબીલદાસ	સુરેન્દ્રનગર	વિમલનાથજી	૧૭
૧૪૩.	નિરંજનભાઈ શાંતિલાલ	મલાડ	મુનિસુવ્રતસ્વામી	૧૧
૧૪૪.	નિરંજન જયંતિલાલ	ગોરેગાંવ	મુનિસુવ્રતસ્વામી	૧૧
૧૪૫.	કમલાબેન હ. હીનાબેન	ભોજાય	મુનિસુવ્રતસ્વામી	૧૭
૧૪૬.	છાયાબેન અશોકભાઈ	રાધનપુર	મુનિસુવ્રતસ્વામી	૧૧
૧૪૭.	શારદાબેન વસંતલાલ	રાધનપુર	આદિનાથજી	૧૧
૧૪૮.	યશોમતીબેન હિંમતલાલ	સુરેન્દ્રનગર	શાંતિનાથજી	૧૭
૧૪૯.	રમણિકલાલ મુળચંદ	ભાંડોત્રા	સુવિધિનાથજી	૨૧
૧૫૦.	રાજમલ ધર્મીજી	ભાંડોત્રા	સુમતિનાથજી	૨૧
૧૫૧.	સુરેશભાઈ કાંતિલાલ	મુંબઈ	પાર્શ્વનાથજી ફણાવાળા	૨૧
૧૫૨.	નરેશભાઈ રતિલાલ	બોરીવલી	મુનિસુવ્રતસ્વામી	૧૧
૧૫૩.	કંચનબેન ભીખાભાઈ	થરાદ	મલ્લિનાથજી	૧૧
૧૫૪.	અંજનાબેન શાંતિલાલ	કોલ્હાપુર	મુનિસુવ્રતસ્વામી	૧૧
૧૫૫.	ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ	અંધેરી	વાસુપૂજ્યસ્વામી	૧૧

ક્રમ	પ્રતિમા ભરાવનારનું નામ	ગામ	પ્રતિમાજીનું નામ	ઈંચ
૧૨૯.	મધુબેન ભગવાન ઠ	બોરીવલી	શાંતિનાથજી	૧૭
૧૩૦.	હિમાંશુભેન ભગવાનજી	બોરીવલી	આદીશ્વરજી	૧૭
૧૩૧.	સેવંતીલાલ હિંમતલાલ	રાધનપુર	આદિનાથજી	૧૧
૧૩૨.	વાસંતીબેન જ્ઞાનચંદ	કોલ્હાપુર	વાસુપૂજ્યસ્વામી	૧૫
૧૩૩.	દીપુબેન સાકરચંદ	કોલ્હાપુર	વાસુપૂજ્યસ્વામી	૧૧
૧૩૪.	ખાંતિભાઈ નરોત્તમદાસ	કાંદીવલી	પાર્શ્વનાથજી ફણાવાળા	૧૭
*૧૩૫.	કંચનબેન પ્રભુલાલ	લંડન	વર્ધમાનસ્વામી	૧૭
૧૩૬.	સેવંતીલાલ કાંતિલાલ	અંધેરી	શીતલનાથજી	૨૧
૧૩૭.	વંદનાબેન મુકેશભાઈ	રાધનપુર	સંભવનાથજી	૦૮
૧૩૮.	હસુમતીબેન શાંતિભાઈ	રાધનપુર	આદિનાથજી	૦૮
૧૩૯.	રાહુલ મોતીલાલ	—	પાર્શ્વનાથજી ફણાવાળા	૧૫
૧૪૦.	જયંતિલાલ વખતચંદ	બોરીવલી	શાંતિનાથજી	૦૮
*૧૪૧.	જસુમતીબેન ઝવેરીલાલ	બોરીવલી	પાર્શ્વનાથજી	૧૩
૧૪૨.	વસ્તુપાલ પ્રસન્નચંદ્રભાઈ	સુરત	શાંતિનાથજી	૧૫
૧૪૩.	જડાવબેન રતિલાલ	થીકા	પાર્શ્વનાથજી	૧૫
૧૪૪.	જયેન્દ્રભાઈ ખંભાર	અંજાર	સીમંધરસ્વામી	૦૮
૧૪૫.	લીલાવંતીબેન નારાણલાલ	અંજાર	શાંતિનાથજી	૦૮
૧૪૬.	સંઘવી વિરચંદ મુનીલાલ	માટુંગા	શ્રેયાંસનાથજી	૨૧
૧૪૭.	સંઘવી વિરચંદ મુનીલાલ	માટુંગા	શાંતિનાથજી	૧૯
૧૪૮.	સંઘવી વિરચંદ મુનીલાલ	માટુંગા	નેમિનાથજી	૧૯
૧૪૯.	શ્રીમતી જયાબેન વ્રજલાલ પદમશી	જામનગર	ધર્મનાથજી	૧૭

શ્રી શંખેશ્વર મહાતીર્થના વિ.સં. ૨૦૫૭માં પ્રતિમા નિર્માણ યોજનામાં ભરાવેલ પ્રતિમાજીમાંથી વિદ્યમાન પ્રતિમાજી

ક્રમ	પ્રતિમા ભરાવનારનું નામ	ગામ	પ્રતિમાજીનું નામ	ઈંચ
૧૫૦.	એક સદ્ગૃહસ્થ	જામનગર	સંભવનાથજી	૧૩
૧૫૧.	સંઘવી શાંતાબેન ત્રિભોવનદાસ	સુરેન્દ્રનગર	શાંતિનાથજી	૨૧
૧૫૨.	સવાઈલાલ ચુનીલાલ પારેખ	જામનગર	સુમતિનાથજી	૨૭
૧૫૩.	ચિરાગકુમાર રમેશકુમાર પારેખ	જામનગર	મહાવીર સ્વામી	૧૧
૧૫૪.				
*૧૫૫.	ચિરાગ સતીશકુમાર કેશવલાલ	મોમ્બાસા	શાંતિનાથજી	૧૧
૧૫૬.				
૧૫૭.	શ્રીમતી સુભદ્રાબેન નંદલાલ શાહ	અમદાવાદ	કુંથુનાથજી	૧૩
૧૫૮.	ગિરિશ સેવંતિલાલ શાહ	મુંબઈ	પાર્શ્વનાથજી	૧૩
૧૫૯.				
૧૬૦.	અતુલકુમાર અમૃતલાલ દલાલ	કાંદીવલી	શાંતિનાથજી	૧૭
૧૬૧.	મનુભાઈ મફતલાલ શાહ	મહેસાણા	શાંતિનાથજી	૧૩
૧૬૨.	શૈલેશભાઈ અચરતલાલ દલાલ	બોરીવલી	શંખેશ્વર પાર્શ્વનાથજી ફણાવાળા	૭
૧૬૩.	દિનેશભાઈ પન્નાલાલ મશાલીઆ	બોરીવલી	સંભવનાથજી	૭
૧૬૪.	શ્રીમતી ભારતીબેન દિનેશભાઈ મશાલીઆ	બોરીવલી	પાર્શ્વનાથજી	૭
૧૬૫.	શાંતિલાલ નાનચંદ વસા	ઘાટકોપર	વર્ધમાન સ્વામી	૧
૧૬૬.	સતીષકુમાર છોટાલાલ દોશી	બોરીવલી	શંખેશ્વર પાર્શ્વનાથજી	૧૭
૧૬૭.	સુરેશભાઈ હીરાલાલ દસાડીઆ	અંધેરી	પાર્શ્વનાથજી ફણાવાળા	૧૩
૧૬૮.	સૌ. કમલાબેન પ્રમોદચંદજી	શીવની	મુનિસુવ્રત સ્વામી	૧
૧૬૯.	શ્રીમતી હંસાબેન ઝવેરચંદ	પાંચોરા	અજીતનાથજી	૧૫
૧૭૦.	શ્રીમતી કાલુબેન કાંતિલાલજી	પાંચોરા	મહાવીર સ્વામી	૧૫
૧૭૧.	ભાવીન જયેશભાઈ શાહ	મુંબઈ	પાર્શ્વનાથજી	૩૧
૧૭૨.	શ્રીમતી મીતાબેન દિનેશભાઈ શાહ	મુંબઈ	સુમતિનાથજી	૨૭
૧૭૩.	શ્રીમતી જયવંતીબેન મનસુખલાલ શાહ	મુંબઈ	મલ્લિનાથજી	૨૭
૧૭૪.	શ્રીમતી સવિતાબેન શશીભાઈ સંઘવી	મલાડ	શાંતિનાથજી	૨૧
૧૭૫.	ચિરાગભાઈ સતીષકુમાર	મોમ્બાસા	સુમતિનાથજી	૨૧
૧૭૬.	ચિરાગભાઈ સતીષકુમાર	મોમ્બાસા	મહાવીર સ્વામી	૨૧
૧૭૭.				
૧૭૮.	ધીરેન્દ્ર રસીકલાલ સફરી	ગોરેગાંવ	મુનિસુવ્રત સ્વામી	૧૫
૧૭૯.	શાહ કનકુમાર કાંતિલાલ	સાબરમતી	શંખેશ્વર પાર્શ્વનાથજી ફણાવાળા	૨૧
૧૮૦.				
૧૮૧.				
૧૮૨.	શ્રીમતી ધરમીબેન ખેમચંદજી	કોલ્હાપુર	આદિનાથજી	૨૧
૧૮૩.		કોલ્હાપુર	આદિનાથજી	૨૧
૧૮૪.	દિલિપકુમાર બાબુલાલ ચોકસી	ખંભાત	શ્રેયાંસનાથજી	૨૧
૧૮૫.	હસમુખલાલ હિંમતલાલ સંઘવી	બોરીવલી	શંખેશ્વર પાર્શ્વનાથજી	૨૧
૧૮૬.	ચંદુલાલ જેસંગભાઈ	વાલકેશ્વર	મહાવીરસ્વામી	૨૭
૧૮૭.	અનંતરાય મોહનલાલ મહેતા	મલાડ	વાસુપૂજ્ય સ્વામી	૧૫
૧૮૮.	રાજેન્દ્રકુમાર સેતાનમલજી	ધાર	સુમતિનાથજી	૨૭
૧૮૯.	શ્રીમતી મોહનબાઈ સેતાનમલજી	ધાર	વર્ધમાન સ્વામી	૨૧

ક્રમ	પ્રતિમા ભરાવનારનું નામ	ગામ	પ્રતિમાજીનું નામ	ઉંચ
૨૦.	શ્રીમતી શકુંતલાબેન રાજેન્દ્રકુમાર	ધારે	આદિનાથજી	૨૧
૨૧.				
૨૨.	ચંદ્રકાન્ત ખરચોનમદાસ સફરી	ગોરેગાંવ	મહાવીર સ્વામી	૧૩
૨૩.	શ્રીમતી વીણાબેન ચંદ્રકાન્ત દેસાઈ	વીલેપાર્લે	મલ્લિનાથજી	૧૩
૨૪.				
૨૫.	શાંતિલાલ અંદરજી કોરડીઆ	ઓરીવલી	શંખેશ્વર પાર્શ્વનાથજી	૨૧
૨૬.				
૨૭.				
૨૮.	શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ્ર	જામનગર	વિમલનાથજી	૧૫
૨૯.				
૩૦.				
૩૧.	મીનાબેન શામજીભાઈ ખીરા	મનફરા	વાસુપૂજ્ય સ્વામી	૧૩
૩૨.	શ્રીમતી ચંદ્રમણિબેન રાયચંદભાઈ	મોમ્બાસા	પાર્શ્વનાથજી	૧૧
૩૩.	મૃગિબેન મે�કાણભાઈ રવજીભાઈ	મનફરા	પાર્શ્વનાથજી કુણાવાળા	૧૧
૩૪.	સૂર્યકાંતભાઈ તથા હસુભાઈ	ગોરેગાંવ	વાસુપૂજ્ય સ્વામી	૧૩
૩૫.	કાનજીભાઈ હંસરાજ મુંદડા	મુલુંડ	પાર્શ્વનાથજી	૦૫
૩૬.				
૩૭.				
૩૮.	ખીમજીભાઈ ડુંગરાભાઈ મુંદડા	જામનગર	ચંદ્રપ્રભુસ્વામી	૧૩
૩૯.	શ્રીમતી રસ્તુબેન દેવરાજ	પાર્લા	પાર્શ્વનાથ ફુલાવાળા	૨૬
૪૦.	કુ. વિશાળ ભરતભાઈ દલાલ	રાધનપુર	પાર્શ્વનાથ ફુલાવાળા	૧૧
૪૧.	નીલેશ ભરતભાઈ દલાલ	રાધનપુર	શ્રેયાંસનાથજી	૧૧
૪૨.	પદમાબેન ચંપાલાલ	ચંદીસરા	૬ ચકુંડ પાર્શ્વનાથજી	૧૩
૪૩.	ભદ્રકુમાર મોહનલાલ	વડોદરા	૬ ચકુંડ પાર્શ્વનાથજી	૧૧
૪૪.	મોતિલાલ હિંમતલાલ	વડોદરા	૬ ચકુંડ પાર્શ્વનાથજી	૧૧
૪૫.				
૪૬.	ભારતીબેન દેવચંદ માલદે	મુલુન્ડ	પાર્શ્વનાથજી કુણાવાળા	૧૫
૪૭.	શ્રીમતી મોતીબેન મેઘજીભાઈ	લેઉવા	૭ વિમાન સ્વામી	
૪૮				

* ફુલ કરેલા પ્રતિમાજી બપાઈ ગયા છે.

આયોજક

શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા

પંચાસર રોડ, વાયા વિરમગામ, મુ. શંખેશ્વર મહાતીર્થ

(ગુજરાત)

ફોન નં. : (૦૨૭૩૩) ૭૩૩૧૦

પત્ર વ્યવહાર

શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ,

જામનગર-૩૬૧ ૦૦૫. (સૌરાષ્ટ્ર - ગુજરાત)

ફોન : ૭૭૦૯૬૩

પ્રભુતાં દશ સ્વપ્ન

- શ્રી વિપુલ કોઠારી

સ્વપ્ન :

૧. વૃધ્ધિ પામતા તાલ-પિશાચને પ્રભુ પોતે હણ્યો.
૨. શ્વેત કોકિલ જોયો.
૩. પોતાની સેવા કરતો વિચિત્ર કોકિલ જોયો.
૪. સુગંધી પુષ્પની બે માળા જોઈ.
૫. પોતાની સેવા કરવા ઉત્સુક ગોવર્ગ જોયો.
૬. પદ્મ કમળોથી વ્યાપ્ત પદ્મસરોવર જોયું.
૭. બે ભુજાથી સમુદ્ર પોતે તરી ગયા તેમ જોયું.
૮. તેજસ્વી સૂર્ય જોયો.
૯. પોતાના આંતરડામાથી વીંટળાયેલો માનુષોત્તર પર્વત જોયો.
૧૦. મેરૂ પર્વત ઉપર પોતાને આરૂઢ થયેલ જોયા.

સ્વપ્નનું ફળ :

૧. પ્રભુ મોહને હણશે.
૨. શુકલ ધ્યાન પર આરૂઢ થશે.
૩. પ્રભુ દ્વાદશાંગી પ્રવર્તાવશે.
૪. સાધુધર્મ-શ્રાવકધર્મની પ્રરૂપણા કરશે.
૫. ચતુર્વિધ સંઘ સેવા કરશે.
૬. દેવો સેવક બનશે.
૭. ભવ સમુદ્રને તરી જશે.
૮. કેવળજ્ઞાનને પ્રાપ્ત કરશે.
૯. પ્રભુનો યશ અને પ્રતાપ ત્રણેલોકમાં વ્યાપ્ત થશે.
૧૦. સિંહા સનારૂઢ થઈ પ્રભુ દેશના આપશે.

'આત્મપરિણતિ આદરો, પરપરિણતિ ટાળો'

- પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.

લેખાંક - ૮

સર્વજીવ વત્સલ શ્રી જિનેશ્વરદેવોએ આત્માના એકાંતે હિતને માટે ધર્મશાસ્ત્રનની સ્થાપના કરી છે અને કર્મથી મલિન અને કર્મથી રહિત નિર્મળ એવા આત્મતત્ત્વની જે સાચી અને યથાર્થ ઓળખ આપી છે તેનું વાસ્તવિક જો આપણને ભાન થાય તો કર્મમલિન આપણો આત્મા, આત્માની ખરાબી આપણને ઓળખાઈ જાય. દુનિયામાં પણ ખરાબી કોઈને ગમતી નથી. વસન, મકાન અને ખાન - દાનમાં પણ શુદ્ધિની ઉપર જેવો ભાર મૂકાય છે તેવો જ જો આત્માની ખરાબીને જાણી તેને દૂર કરવાનો સચિત પ્રયત્ન કરાય તો આત્મા જરૂર આત્માસ્વરૂપ પામી શકે. તેને માટે જ આ બધી વિચારણા છે. જે આત્મપરિણતિને આદરવામાં અને પર પરિણતિને રાખવામાં ખૂબ જ સહાયક બનનારી છે.

હવે આગળ કહે છે કે-

(૨૪) 'अन्धः को ? ज्ञानहीनो यः,
(૨૫) को द्रष्टा ? मुक्ति मार्गगः ।'

આંધળો કોણ ? જ્ઞાનવિનાનો,
દેખતો કોણ ? મુક્તિ માર્ગમાં રહેલો-ચાલનારો.

સામાન્યથી આંખ ન હોય તેને આંધળો કહેવાય છે. જન્માંધ તો દેખતો નથી પણ રાગાંધ અને કામાંધને મારે લોક પણ કહે છે કે, દેખવા છતાં જે દેખવાનું દેખતો નથી અને નહિ દેખવાનું જ દેખે છે. જે આંખવાળો હોવા છતાં પણ સન્માર્ગે - યોગ્યમાર્ગે ન ચાલે અને ઉન્માર્ગ - અયોગ્ય માર્ગનો ત્યાગ ન કરે તો તે દેખતા અને આંધળામાં કાંઈ ફેર છે ? જ્ઞાનિ તો આંધળા કરતાં પેલા દેખતાને વધારે ગુનેગાર કહે. જેમ રાગાંધ જેની પર રાગ હોય તેના દોષને પણ ગુણ જ જૂએ તો લોકમાં પણ તે નિંદાય છે ને ?

જેમ વ્યવહારમાં વાત આવે છે કે, એક આંધળો રાતના સમયે લાલટેન લઈને જઈ રહ્યો છે. સામેથી ઉતાવળે આવતો એક દેખતો તેને અથડાયો અને ગુસ્સામાં આવી તે કહે આંધળો છે ? ત્યારે તે સુરદાસ - વિનયપૂર્વક તેને કહે કે ભાઈ માફ કરજો ! આપ પણ મારા જેવા સુરદાસ લાગો છો ! હું તો ભાઈ આંધળો જ છું. પણ કોઈ દેખતો અથડાઈ ન જાય માટે આ લાલટેન લઈને જાઉં છું. ત્યારે તે દેખતાની હાલત કાપો તો લોહી ન નીકળે તેવી થઈ.

આજની હાલત પણ આજ છે. આજે જ્ઞાન વધ્યું છે, ભણતર વધ્યું છે પણ જ્ઞાન જે રીતના પરિણામ પામવું તે ન પામે તો શું થાય ? લોક પણ કહે કે- 'ભણ્યો પણ ગણ્યો નહિ ! જે જ્ઞાન વિનય - વિવેક - વિરતિ આદિને વિદાય આપે અને અવિનય - અવિવેક અને રાગાદિની માત્રાને, વિલાસ - વિકારને વધારે તો આંધળા અને તે જ્ઞાનીમાં ફેર ખરો ? જ્ઞાન આવે તેમ નમ્રતા વધે, જીવનમાં સદાચાર - સંતોષ - સાદાઈ વધવા માંડે તો તે જ્ઞાન પરિણામ પામ્યું કહેવાય. જે જ્ઞાન મદજનક, અહંકારજનક બને તો તે જ્ઞાની અને આંધળામાં કાંઈ ફેર નથી. તેવા જ્ઞાની કરતાં તે આંધળો સારો જે કદાચ ઓછા પાપ કરતો હશે. પાપને પાપ ન માને, પાપને મજેથી ગોઠવીને કરે. પાપનો બચાવ કરે તો જ્ઞાનીને કેવો કહેવાય ! માટે જ્ઞાનિઓ આપણને હૈયાનો અંધાપો દૂર કરવા જણાવે છે.

માટે જ કહે છે કે- દેખતો કોણ ! જે મુક્તિ માર્ગમાં રહ્યો - ગમન કરતો હોય તે. પગ ચાલે છે અને આંખ જૂએ છે. સાચું જૂએ - જાણે - પરિણમાવે તે ગતિ કર્યા વિના ન રહે. જે આત્માને અહિતકર પ્રવૃત્તિથી દૂર કરાવે એ હિતકર પ્રવૃત્તિની સંમુખ કરાવે, તે માર્ગે જ બળાત્કારે પણ ચલાવે તે સાચો જ્ઞાની કહેવાય. આત્મામાં સમ્યગ્જ્ઞાન પ્રગટે એટલે હેય - ઉપાદેયનો વિવેક પેદા થાય. તેને આખો સંસાર હેય જ લાગે અને મોક્ષ - મોક્ષમાર્ગ જ ઉપાદેય લાગે. સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વરૂપ જે રત્નત્રયી તે સ્વરૂપ મોક્ષ માર્ગ, તે માર્ગે જ ચાલવાનું મન થાય. કદાચ અશક્તિ કે આસક્તિના કારણે ચાલી ન શકે તો, મોક્ષમાં નહિ કમાનારા વેપારીને જે દુઃખ થાય તેના કરતાં કઈ ગણું વધારે દુઃખ તેને થાય. 'શીતલનહિ છાયા રે આ સંસારની, કુડી છે માયા રે આ સંસારજા! આ વાત તેના હૈયામાં અસ્થિમજ્જાની

હોય. મોક્ષ એ કાંઈ મહેલાત નથી પણ આત્માનું સાચું - વાસ્તવિક સ્થાન છે, જ્યાં સુવિશુદ્ધ બનીને ગયેલ આત્મા, સદૈવ આત્મગુણોમાં રમણતા કરે છે. જ્યાં જીવવાનું સદા અને જીવવા માટે એકપણ ચીજની જરૂર જ નહિ. મુક્તિ એટલે જ સ્વરૂપ રમણતા - શરીર - ઈન્દ્રિય અને ઈન્દ્રિયોના વાસના વિલાસના બંધનોથી સર્વથા દૂર થવાનું છે. તે બંધનો છૂટે નહિ ત્યાં સુધી મુક્તિ મળે જ નહિ. તેમાં જ મજા આવે ત્યાં સુધી ત્યાગ - વિરાગ આવે પણ નહિ. 'વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણનો અનુરાગ અને તેને માટેની જરૂરી ક્રિયામાં અપ્રમત્ત ભાવ ન આવે ત્યાં સુધી મુક્તિ થાય નહિ. મુક્તિ માર્ગે ગમન પણ થાય નહિ. માટે કહે છે કે દુઃખના મૂળો ને જાણી તેનો સર્વથા સર્વ રીતે ત્યાગ કરે તે જ્ઞાની અને સ્વરૂપ રમણતાને પામવા મુક્તિમાર્ગે ચાલે તે જ દેખતો. આવી દશા પામવી તો દિશા બદલવી જરૂરી છે.

(૨૬-૨૭) 'કસ્તીર્ણો ? યો વિરક્તોઽસ્તિ,
કો નિમગ્નો ? વિલાસવાન્ યઃ'

કોણ તર્યો ? જે વિરક્ત - વિરાગી છે,
કોણ ડૂબ્યો ? જે વિલાસી છે.

કારૂણ્યનિધાન શ્રી તીર્થંકર પરમાત્માની કરૂણાનો પાર નથી. સંસાર અને મુક્તિનું સચોટ કારણ બતાવે છે. તે પણ જો આપણી બુદ્ધિમાં બેસે તો માનવું કે આપણામાં કાંઈક યોગ્યતા પણ ખીલી છે. બાકી દંભી દુનિયામાં માત્ર બુદ્ધિવાદના નામે ચરી ખાનારાઓએ આજે બધાનું એવું 'બ્રેઈન વોશીંગ' કર્યું છે કે આપ્તપુરૂષોની સાચી વાત પણ 'હંબગ' 'કપોલ કલ્પિત' 'સુખથી ઠગનારી' 'દુઃખદાયી' લાગે છે.

મોટા સમુદ્રો કે ખાઈઓને તરી જનારાનું બહુમાન કરીએ છીએ, 'ગોલ્ડ મેડલો' આપી નવાજીએ છીએ, છાપાઓમાં ચમકાવીએ છીએ. પણ અનાદિ કાળની હૈયાની હોળી સળગાવનાર વાસનાના સમુદ્રનું કે વાસનાના ખાબોચિયાને તરનારા કેટલા ? યુધ્ધોમાં શૂરવીરતા બતાવનારો સ્ત્રીઓના કટાક્ષબાણ આગળ લાચાર થાય છે, ઘાયલ થાય છે, હારી જાય છે. સમુદ્રના તોફાની જળોને તરનારો સ્ત્રીની મોહકતા અને માદકતા આગળ મીણની જેમ ઓગળી જાય છે. વિલાસ - વિકાર - વાસનાથી વ્યાપ્ત થઈ જાય છે. બહાદૂરીના ચંદ્રક જીતનાર પણ સુકોમળ સ્પર્શાદિના એવા ઘેલા આકર્ષણમાં ખેંચાય છે કે મનોહર વિવિધ વિષયોથી ક્ષણવાર દૂર પણ રહી શકતા નથી. વિકાર-વાસનાનું પૂર ભલભલા સબળાને પણ અબળા આગળ અબળા બનાવે છે. તે જ સમુદ્ર અગાધ અને ભયાનક છે એટલું જ નહિ પણ તરવો દુઃશકય છે. પાંચે ઈન્દ્રિયોના ઈષ્ટ - મનોહર વિષયો મેળવવા અને અનિષ્ટ - અમનોહરના ભયથી તેનાથી દૂર રહેવા બાહોશ પણ બેહોશ બને છે, પામર અને વિવશ બને છે. ઉપકારીઓએ સ્ત્રીના લલના, માનુની, મોહીની, પ્રમદા આદિ સ્ત્રી વાચક શબ્દો અમથા નથી સમજાવ્યા. ભલભલાના માન ઉતારનારી છે, પહેલા પુરૂષોને વશ કરે અને પછી વિવશ બનાવનારી નારી છે. તેમાં ય મોહક - રૂપાળી લલનાના સ્પર્શની લાલસા પણ આત્માની કેવી બરબાદી - પાયમાલી કરે છે તે કોણ નથી જાણતું ? રાવણ જેવા મહાતત્ત્વજ્ઞાનીનું પતન પણ કેમ થયું ? વાસનાના સમુદ્રને તે જ તરે જે ખરેખર વિરકત હોય. સ્ત્રીના અંગોપાંગના ચન્દ્રમા, કળશ આદિની ઉપમાથી રાજી ન થાય પણ તેની વાસ્તવિકતાને વિચારી તેનાથી દૂર રહે. વિરકત તે જ બને જે હૈયાથી સ્ત્રીને માટે પુરૂષ અને પુરૂષને માટે સ્ત્રીને વિષ સમાન માને વિષયોના ભોગવટાને પણ રોગની જેમ માને પણ રાગથી ન ભોગવે તે જ વિરાગી રહી શકે. હૈયાથી સાચો વિરાગી કમલની જેમ રાગના કારણો - બંધનોમાં પણ નિર્લેપ જ રહે, અનાસકત જ રહે. આવો વિરાગી જ મહાવિરાગી બની સંસાર સાગરને તરી જાય. જે વાસનાના સમુદ્રમાં મૂંઝાયો તે બિચારો તેમાં ગુંગળાઈને મરી - ડૂબી જાય. વાસનાનું મૂળ બીજ મારા - તારાની ભાવના છે. વિષયોનો ગુલામ બનેલો સંસાર સમુદ્રમાં ડૂબેલો જ છે. તેમાં નવાઈ કે બે મત નથી. વિરાગી બનેલા જ તરે છે પણ સત્ય જ વાત છે. વિલાસ - વિકારની વાતોથી પણ દૂર રહી, વિરાગની મસ્તી માની સંસાર સાગરને તરી જાય - તેવો પ્રયત્ન કરવો જરૂરી છે.

(૨૬-૨૭) 'કો દેવો ? વીતરાગો યઃ

દેવ કોણ ? જે વીતરાગ હોય તે.

દુનિયામાં દેવ તરીકે ઓળખાતા કોણ દેવની કોટિમાં આવી શકે તેમ નથી. સામાન્ય રીતે વિચારો કે માનવથી જે કાંઈક ઊંચો હોય તે પણ ગુણસંપત્તિથી તે

દેવ ગણાય. ેમ માનવ પણ રાગી - દ્વેષી - ક્રોધી - માની - માય ી - લોભી - મોહી - કામી - અજ્ઞાની તેમ દેવ પણ રાગી - દ્વેષી - અજ્ઞાની હોય તો માનવ અને દેવમાં વેશેષતા શું રહી ? માનવની જેમ જે 'ભક્તિથી રં જે અને અભક્તિથી ખીજે' તે દેવની કોટિમાં આવે ખરો ? ભક્તને માલ કરે અને દુશ્મનનો નાશ કરે તે દે ચ બને ખરા ? 'દુષ્ટોને દંડ અને શિષ્ટોને સહાય' જો । રાજધર્મ ગણાતો હોય અને દેવ પણ તેમજ કરે તો તેનામાં અને રાજામાં ફેર ખરો ? જે રાગ અને મોહના ચિહ્ન સ્વરૂપ સ્ત્રીને ખોળામાં રાખે, ભય-દ્વેષજનક શસ્ત્ર - હવિહારને હાથમાં રાખે, અજ્ઞાનને જ ાવનાર જપમાળાને રાખે, અપવિત્રતાને જણાવનાર ક ાડલુને રાખે તેને દેવ કઈ રીતના કહેવાય ?

જે રા ાદિ અઢારે દોષોથી રહિત હોય તે જ વાસ્તવમાં સ ચા દેવ છે અને જે શ્રી વીતરાગ પરમાત્મા જ છે. માટે ાનિઓ કહે કે આ હોય તે દેવ નહિ પણ આવા આવા ગુણસંપન્ન હોય તે જ દેવ. માટે સ્તુતિકારે પણ જગતમ આહ્વાન - ચેલેન્જ આપીને કહ્યું કે- ''ભવરૂપી ીજના અંકુરા સમાન રાગાદિ જેના મૂળમાંથી ક્ષય પામ્યા તે જ સાચા વીતરાગ દેવ છે પછી નામથી ચાહે તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહાદેવ હોય કે મહાવીર ોય.'' આવા શ્રી વીતરાગ દેવની પૂજા પણ વીતરાગ બનવા કરવી તે જ સાચી પૂજા છે. માટે જ તેમણે કહ્યું કે - શ્રી જિનેશ્વર દેવની બાહ્ય પૂજા ભક્તિ કરતાં તેમની આજ્ઞાનું પાલન તે જ સાચી પૂજા છે.'' કેમ કે, આ ાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે અને વિરાધેલી અ જ્ઞા સંસાર માટે થાય છે. માટે પૂજક મટી પૂજ્ય બનવા આજ્ઞાપાલનનો પ્રેમ કેળવવો જરૂરી છે. તેવી દશાને ામનારા બની પ્રાપ્ત દેવના સાચા સ્વરૂપને ઓળખી-સમ જી સાચા આરાધક બનીએ તે જ ભાવના.

(૨૯) 'को गुरुः ? यो महाव्रती',
ગુરૂ કોણ ? જે મહાવ્રતધારી છે તે.

શ્રી વ તરાગદેવના **યથાર્થ સ્વરૂપને સમજાવનારા ગુરૂ છે. માં જ મુહપત્તિના પચાસ બોલમાં 'સુદેવ - સુગુરૂ - સુધ ' આદરૂં' તેમ કહ્યું. ત્યાં ગુરૂ આગળ 'સુ'** વિશેષણ લ ાડયું કારણ સદ્ગુરૂ જ સુદેવની યથાર્થ ઓળખ કરા . ત્રાજવાના મધ્યભાગ તુલાના સ્થાને ગુરૂ કહ્યા. મધ્યભ ાગમાં જરાપણ ગોટાળો કરે તો પરિણામ શું આવે તે ખબર છે. તેમ સુદેવ - સુધર્મને ઓળખાવવાની જેમની જવાબદારી છે તે જ જો 'સુ' પદનો ત્યાગ કરે તો શું થાય તે નજરે દેખાય છે.

'ગુરૂ' શબ્દની વ્યુત્પત્તિ કરતાં પણ કહ્યું કે 'ગુ' શબ્દ અંધકારવાચી છે અને 'રુ' શબ્દ પ્રકાશવાચી છે. તો જે અનાદિથી મિથ્યાત્વરૂપી અંધકારમાં અટવાયેલા જીવોને સમ્યગ્જ્ઞાનરૂપી સમ્યક્ત્વ પ્રકાશનું પ્રદાન કરે તે જ ગુરૂ છે.

ગુરૂ એ દુનિયામાં જ્ઞાનવાચી તરીકે પણ ઓળખાય છે. દુન્યવી જ્ઞાન પ્રદાતા પણ 'ગુરૂ' શબ્દથી ઓળખાવાય છે. દુનિયા જ્ઞાનદાતાને ગુરૂ કહે છે, ત્યાં જ્ઞાનની પ્રધાનતા માને છે. જ્યારે લોકોત્તર શાસન ગુરૂમાં જ્ઞાન કરતાં 'આચાર'ની મહત્તા માને છે. માટે જ મહાવ્રતને જે ધારણ કરે તેજ સદ્ગુરૂ કહેવાય. જ્ઞાનનું સાચુ ફળ આચાર નામ વિરતિ છે. જ્ઞાન ગમે તેટલું હોય પણ તે અમલી - આચારમય ન દેખાય તો તેની કિંમત એકડા વિનાના મીંડા જેવી જ છે. જેમ આજના ડોકટરો, વકીલો, બેરીસ્ટરો, સ્કોલરો જ્ઞાની છે. આ કરાય, આ ન કરાય જાણે છે પણ તેનો અમલ કેવો કરે છે અને કરાય છે તે અનુભવમાં છે. વ્યસન શરીરની પણ બરબાદી કરે છે તો વ્યસનીની દવા નહિ કરનારા કેટલા ડોકટર મળે ? એકવાર દવા કરી હવે જો આવી ભૂલ કરશો તો દવા નહિ કરૂં તેમ કહેનારા કેટલા મળે ? જ્ઞાન હોય પણ પાપનો ડર ન હોય, પાપનો પ્રેમ હોય, પાપનો બચાવ હોય તો તે જ્ઞાન કેવું કહેવાય ? સૂર્યના પ્રકાશમાં અંધકાર રહી ન શકે તો જ્ઞાન હોય અને અમલ ન હોય, અમલ ન થાય તે જ્ઞાન સાચું દુઃખ પણ ન હોય તે સંભવિત છે ? તે જ્ઞાન પણ વાતોડિયું ગણાય પણ અમલી ન ગણાય. આજનું જ્ઞાન 'જંહા ખરો ચંદનભારવાહી'ની જેમ માત્ર મગજના 'બોજા' રૂપ દેખાય છે પણ આત્માના પ્રકાશરૂપ - વિકાસરૂપ દેખાતું નથી.

માટે જ જ્ઞાનિઓએ સદ્ગુરૂનું લક્ષણ બાંધતા **'મહાવ્રત धरा धीरा ' કહ્યું. જેઓ પાંચે મહાવ્રતોને ધારણ કરે છે, તેના નિરતિચાર પાલનમાં ધીર છે, ભીક્ષા માત્રથી જ - મળે તો સંયમપુષ્ટિ, ન મળે તો તપોવૃદ્ધિ'** ભાવનાથી બેંતાલીશ દોષથી રહિત અને વાપરવાના પાંચે દોષથી રહિત અને છ કારણ ઉપસ્થિત થયે આહારને કરે છે અને પોતાની પાસે જે યોગ્ય - અર્થી -

જિજ્ઞાસુ જીવ આવે તેને ધર્મનો જ સાધુધર્મનો જ, તેની શક્તિ ન હોય તો તેની શક્તિ માટે તેની કક્ષા પ્રમાણેના ધર્મનો જ ઉપદેશ આપે છે તેને જ ગુરૂ કહેવાય છે. આ લક્ષણોથી નિર્દોષ હોય તે જ ગુરૂ બને તેમાં કોઈનો ઇન્કાર છે ખરો ? 'હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મસેવન અને પરિગ્રહ' આ પાંચે મહાપાપોનો મન - વચન - કાયાથી, કરવા - કરાવવા અને અનુમોદવા રૂપે ત્યાગ કરે તેનો કોઈ વિરોધ કરે તેવો કોઈ માડી જાયો જગતમાં પાકયો છે ખરો ? જે વેપારી પાસે જે માલ હોય તે વેચે, રત્નના પારખુ અને વેપારી ઓછા તેમ સદ્‌ગુરૂ પાસે જે ધર્મ છે તેને જ સમજાવે તેમાં ખોટું પણ છે ?

જ્ઞાન જો જીવનનો સાચો પ્રકાશ બની જાય તો જીવનમાં અમલી બનાવ્યા વિના રહે જ નહિ. સાચો વિરાગ ભાવ વિરતિ વિના રહી શકે જ નહી વિરાગ અને વિરતિ તો સગા જોડીયા ભાઈ - બેન છે. 'જ્ઞાનસ્ય ફલં વિરતિ' નો પરમાર્થ પણ આ છે. ધનને ગણ્યા કરવાથી ધનવાન ન ગણાય નહિ તો બેંકનો કેશિયર જ પહેલા નંબરનો ધનવાન ગણાય. કેશિયરને ધન સાથે સંબંધ છે પણ સ્વામિત્વ ભાવ નથી. તેમ ગુરૂ માત્ર જ્ઞાનના સંબંધી નહિ પણ જ્ઞાનના સ્વામી જોઈએ. સ્વામી એટલે જ્ઞાનને પચાવનાર પરિણત બનાવનાર અમલી બનાવનારા. માટે જ્ઞાનના ત્રણ પ્રકારમાં 'શ્રી અષ્ટક પ્રકરણ'માં 'તત્ત્વસંવેદન જ્ઞાન' પર ભાર મૂકયો. પરિણત જ્ઞાન થાય તો આવે માત્ર પ્રતિમાસ જ્ઞાનથી કામ ન ચાલે. માટે મહાવ્રતીને ગુરૂ કહ્યા. પહેલું મહાવ્રત જીવ માત્રને અભય, પોતા પ્રત્યે કઠોર બની પાછા કરૂણામય બનાવે, બીજું મહાવ્રત પરને શાંતિ અને વિશ્વાસ જન્માવવા સાથે પોતાને નિર્ભય બનાવે, ત્રીજું પરને નિર્ભય અને સ્વને સ્વાવલંબી બનાવે ચોથું પરમાં ઈજ્જત - આબરૂ અને સ્વમાં સાચી આત્માશક્તિનું સીંચન કરે, પાંચમું જીવ માત્રને નિશ્ચિંત અને પોતાને આત્મગુણ સમૃદ્ધિથી સમૃદ્ધ બનાવે. માટે 'સ્વ - પર કાર્યા ણિ સાધ્નો તિ ઈતિ સાધુઃ' આ વાત પણ અહીં જ ઘટે છે. માટે આવા સદ્‌ગુરૂનો સાથ પામ્યા પછી તેમની પ્રત્યે સાચો સમર્પણભાવ કેળવી પોતાના આત્મામાં તે ભાવ પેદા થાય તેવો પ્રયત્ન કરવો હિતકર છે.

ક્રમશઃ

✻ મનન મોતી ✻

સંગ્રાહિકા : અ.સૌ. અનિતા આર. પટણી - માલેગાંવ

- સંપત્તિનો મજેથી ભોગવટો વિપત્તિને લાવનાર છે.
- સંપત્તિને વિપત્તિનું કારણ સમજી રોગની માફક ભોગવે તો તે સંપત્તિ વિપત્તિનું કારણ ન બનતા આત્મિક ગુણસંપત્તિનું કારણ બને.
- સંપત્તિમાં મદ નહિ અને વિપત્તિમાં વિષાદ નહિ તેનું નામ ધર્માત્મા !
- વિચાર પણ સ્વ-પરને હિતકારી બોલય.
- મયણાએ કોઢિયાનો હાથ પકડયો ત્યારે શ્રી ગૌતમ મહારાજા કહે કે- ''રાજા પોતાના કોપથી પાછો ન પડયો, તત્ત્વની જાણ એવી મયણા પોતાના સત્ત્વથી પાછી ન પડી.'' શાસનના શિરતાજ શ્રી ગૌતમ મહારાજાએ આને સત્ત્વશાલિની કહી પણ આગ્રહી ન કહી, જીદ્દી ન કહી. ભગવાનના સિદ્ધાન્તને પકડી રાખે તે તમારા મતે જીદ્દીને ! ઝઘડાળુને ! કજીયાખોરને ! કદાગ્રહીને ! નવામતીને !
- સંસાર ઝેર જેવો ન લાગે, ધર્મ અમૃત જેવો ન લાગે ત્યાં સુધી સાચા ભાવે ધર્મ આવે જ નહિ.
- જે વખતે કર્મ જેવી સ્થિતિ આપે તેમાં મજેથી રહેવું છે, સુખમાં લીન નથી થવું, દુઃખમાં દીન નથી થવું - આ દશા સુખી થવાનો સાચો રાજમાર્ગ છે.
- ભગવાનની પાસે સંસાર પોષક અને વિરાગ શોષક એક પણ વસ્તુ મંગાય જ નહિ. માગે તો ધર્મ ભાગી જાય. અધર્મ આવી જાય.
- દેવ - ગુરૂ - ધર્મ પાસે સંસાર સુખની માગણી કરવાથી સમ્યક્‌ત્વ ભાગે અને મિથ્યાત્વ લાગે.
- 'ધર્મના અર્થીએ અર્થકામની વાસનાથી - આસક્તિથી અલિપ્ત રહી મોક્ષ માર્ગની શુદ્ધ આરાધનામાં જ આસકત બનવું જરૂરી છે.
- સાધુ વૈદ્ય છે પણ શરીરના રોગોના વૈદ્ય નથી પણ આત્માના રોગોના વૈદ્ય છે માટે સાધુ સાચા ભાવ વૈદ્ય છે.
- માનવધર્મ શું ? પોતાની લાયકાત ન હોય તેવું સુખ જોઈએ નહિ. મારાથી બીજાને દુઃખ થાય તેવું પણ સુખ જોઈએ નહિ.

[illegible]

□ મુનિદર્શી

અનાદિકાળથી કર્મસંયોગે આત્માને વળગેલું આ શરીર એ જ મોટામાં મોટું બંધન છે. શરીરની સારસંભાળ-સારું-રાખવા જે કરવું પડે તે બ[illegible] કરવાની તૈયારી છે. પણ આત્માને સારો બનાવવા કેટલી મ[illegible]હનત ચાલુ છે ? આ શરીર તો આત્માને વળગેલો પુદ્ગલન[illegible]વળગાડ છે. ભૂતના વળગાડ જેવું છે. ભૂતાદિના ઉપદ્રવથ[illegible] ઘેરાયેલ આત્મા, જેવી ચેષ્ટા કરે તેના કરતાં પણ વધુ કનિષ્ટ-અ[illegible]નેષ્ટ ચેષ્ટા આ શરીરના રાગના-પ્રેમના કારણે થાય છે. જે શરીર [illegible]નાપણી સાથે આવવાનું નથી, આપણું બન્યું નથી-બનવાનું નથ[illegible] કે બનશે પણ નહિ, જે અહીં માના પેટમાં પેદા થયું અને અહીં જ નાશ પામવાનું છે - તે આગવા છતાં હજી આપણો શરીર પર[illegible]તો મોહ ઉતરતો નથી તે કેટલું મોટું આશ્ચર્ય છે ! શરીરને હું - મારું માનવાથી કેવી વિટંબણાઓ થઈ છે, કેટલી ઉપાધિ આ[illegible]ને પેદા કરી છે તે વિચારવું જરૂરી છે.

શરીર પરના મોહને દૂર કરવા માટે જ્ઞાનિઓ કહે છે કે - આ શરીરનો પણ [illegible]રોસો કરવા જેવો નથી. ગમે તેટલું સાચવો છતાં પણ ક્યારે દગ[illegible]દે, વાંકું ચાલે તે કહેવાય નહિ. માટે શરીરની આળપંપાળ, લાલ[illegible]- પાલન ઓછા કરી, શરીરથી ધર્મની વધુને વધુ સુંદર આરાધન[illegible]થાય તેવો પ્રયત્ન કરવો જરૂરી છે. **'શરીર મારું નથી અને હું એ શરીર નથી. શરીર તો મારાથી અન્ય છે.'** મોક્ષ માર્ગની સાધના-આરાધના-ઉપાસના આ શરીરથી જ કરવાની છે માટે [illegible]શરીરને મંગલ ઘોડો બનાવ્યા વિના ગધેડાની જેમ કામ લેવાનું [illegible]. શરીર સારું હોય, ઈન્દ્રિયો પોત પોતાનો વિષય ગ્રહણ કરવા[illegible]પટુ હોય ત્યારે મોજ-મજા, એશ-આરામ, આનંદ-પ્રમોદ, [illegible]ગ-રાગ કરવાના બદલે, આત્મહિતકર પ્રવૃત્તિ-સાધના કર[illegible]જરૂરી છે. શરીર ભલે કદાચ માંદું-અસક્ત બને પણ મન સાજુ [illegible]- સશક્ત રહે એટલે ઘણું. શરીરની બિમારી માંદગી કરતાં મનનં[illegible]બિમારી - માંદગી જીવલેણ છે. મન સાજું એટલે ધાર્યું ધર્મનું કામ થઈ શકે. શરીરની બિમારીમાં કદાચ પ્રવૃત્તિરૂપ ઓછો [illegible]ય તે બને પણ પરિણતિ રૂપ ધર્મ તો ધાર્યો કરી શકાય છે. શક્ય ધર્મ કરવાનો પ્રયત્ન - મનોરથ, ન થઈ શકે તેનું ભારોભાર દુ:[illegible], અકરણીય નિરૂપાયે કરવું પડે તેનું ય દુ:ખ તેનાથી બચવાના [illegible]યત્નો - એ પરિણતિ રૂપ ધર્મ છે. આવો ધર્મ તો ગમે ત્યાં, ગમે [illegible]યારે, ગમે તે અવસ્થામાં શક્ય છે. જેટલો પરિણતિ રૂપ ધર્મ નિર્મલ, તેટલો પ્રવૃત્તિ ધર્મમાં આનંદ અને સ્થિરતાની પ્રાપ્તિ. ધર્મ પ્રવૃત્તિમાં થતી અસ્થિરતાનું દુ:ખ, તેનું ભાન, તેનાથી બચવાની મહેનત પણ સ્થિરતા ગુણને લાવનાર છે. મન અસ્થિર બને છે માટે પ્રવૃત્તિ કરવી નહિ - આવી વાત વ્યવહારમાં કોઈ કરતું નથી તો સમજુ જીવ ધર્મમાં કરે નહિ પણ અસ્થિરતાને જાણી તેને દૂર કરવા પ્રવૃત્તિ ચાલુ રાખે પણ પ્રવૃત્તિ મૂકી ન દે તો જરૂર સ્થિરતા આવે જ. બજારમાં - વેપારમાં કમાણી નથી, નુકશાન થાય છે તો બજારમાં જવાનું કે વેપાર કરવાનું બંધ કોણ કરે ? બધા તેને પ્રોત્સાહિત કરે કે - ચઢતી - પડતી ચાલ્યા કરે, પુરૂષાર્થ મૂકવો નહિ. તે જ ન્યાય જો અહીં ધર્મમાં લગાડે તો સ્થિરતાની પ્રાપ્તિ થવી સહજ છે. આ કામ આપણે ધારીએ તેટલું સરળ-સહેલું નથી તેમ અશક્ય - અસંભવ પણ નથી.

આ શરીરની મમતા છોડવી છે. શરીર સારું હશે તો ધર્મ થશે તેમ નહિ પણ શરીર સારું-વહાલું નહિ લાગે તો જરૂર ધર્મ થશે. વાર-તહેવારે, અવસરે આ શરીર જેમ પોતાની જાત પોતાનો સ્વભાવ બતાવે છે. તેમ આત્માએ પણ પોતાનો સ્વભાવ કેળવવો કે- **" આ શરીર મારું નથી. કર્મયોગે હજી શરીરનો સંગ કરવો પડે તો પણ શરીર પર મોહ તો કરવો જ નથી, શરીરના સુખમાં રાચવું - નાચવું નથી પણ અનાદિકાળથી વળગેલ આ શરીરના નાશનો જ પ્રયત્ન કરવો છે. શરીરના રંગમાં રંગાવું નથી પણ શાસનના રંગમાં જ રંગાવું છે. શરીર જે કહે તે કરવું નથી, જે માગે તે આપવું નથી પણ જ્ઞાનિએ શરીરના નાશ માટે જે કહ્યું તે શરીર પાસે કરાવવું છે. "** આ ભાવના આત્મસાત્ કરવાથી શરીર હાનિ નહિ કરે, આત્માનું બગાડી નહિ શકે, આત્માની પાયમાલી પણ નહિ કરી શકે. પછી તો અશાતના કે રોગાદિના ઉદયને સહન કરવાની શક્તિ મળશે. સ્થિરતા ગુણ પ્રાપ્ત થશે. ગમે તે પ્રસંગોમાં સમાધિ-સમતા સહજ બનશે. સાચા આરાધક ભાવને પામનારા પુણ્યાત્માઓને સહન શીલતા પ્રાપ્ત થવી સહજ છે. પછી તેનું શરીર સળગે, શરીરની ખાલ છોલે કે શરીરમાં ડામ દે તો પણ તેને કશી અસર ન થાય. તે તો **' દેહે કષ્ટં, મહાસુખમ્ '** ભાવનામાં રમે. **' શરીરને દુ:ખ તે આત્માને સુખ '**. આવું માનનારને સંસારના કોઈપણ

(અનુસંધાન પાના નં. ૫૬૦)

પુદ્‌ગલ વોસિરાવવા અને બારવ્રતાદિના ઉચ્ચરણ માટે લાલબાગમાં નાણનું મંડાણ

કાર્તક સુદ ૧૦ ના દિને માધવબાગના વિશાળ પટાંગણમાં જ્યારે નાણનું મંડાણ થયું ત્યારે વાતાવરણ વિરતિ ધર્મના જયનાદવાળું બનવા પામ્યું. એવા અદ્‌ભુત માહોલમાં ૫૫૦ થીય વધુ ભાઈ-બહેનો-બાળકોએ ચાર કલાક ચાલેલ આ આત્માને પવિત્ર કરનાર ક્રિયામાં ભાગ લીધો હતો. આ આરાધના માટે મિનિમમ એકાસણું ફરજિયાત હતું છતાં ઘણા ભાવિકોએ આયંબીલ- ઉપવાસ આદિ તપ કર્યો હતો.

ઘણાં નાનાં બાળકો સમજણપુર્વક ક્રિયા કરતાં જોવાયાં હતા.

શરૂઆતમાં સવા સેર ચોખા અને રૂપાનાણાનું ચતુર્મુખ પ્રભુજી સમક્ષ સમર્પણ કરી ત્રણ પ્રદક્ષિણા આપ્યા બાદ શ્રીફળ અપર્ણ કરી આ ક્રિયા પ્રારંભ કરાય છે. સામાયિકનાં શુદ્ધ વસ્ત્રો અને ચરવળો મુહપત્તીનો ઉપયોગ થાય છે. બહેનોને માટે મર્યાદા સચવાય એવી રીતે સાડી પહેરીને ક્રિયા કરવાની મખ્ત સૂચના હતી જેનો સુંદર અમલ થયો હતો.

આ ક્રિયા માટે ગોડીજી દહેરાસરની નાણ (ચાંદીનું ભવ્ય ત્રિગડું) લાવવામાં આવેલ. જેને સુંદર પુષ્પોથી સજાવવામાં આવેલ.

દરેક ક્રિયા પૂ. આ. શ્રી વિજય કીર્તિ શ સૂ. મહારાજ, પૂજ્ય આ. શ્રી વિ. ગુણયશ સૂ. મ. સા. ની નિશ્રામાં બુલંદ અવાજમાં સમજાવટપૂર્વક કરાવેલ, અપ્રતીમ ભાવો પ્રગટેલ.

પુણ્યપ્રકાશના સ્તવનો દ્વારા આરાધનાનો માહોલ ઉભો કરાયો જેમાં કોકિલકંઠી દક્ષેશભાઈએ જબરો સૂર પૂર્યો હતો. સાડા આઠ વાગે શરૂ થયેલ ક્રિયા ૧૦ક એક વાગ્યા આસપાસ પૂર્ણ થવા છતાં સૌનો ઉલ્લાસ વંધતો જ રહ્યો હતો. સૌને સંઘના વિવિધ ભાઈઓ તરફથી ૨. ૧૦૦/- ની પ્રભાવના કરાઈ હતી. આ પ્રસંગ સુન્દર જીવક યાની ટીપ પણ થયેલ. ક્રિયા બાદ એકાસણા કરનાર ૪૦૦ થી વધુ ભાવિકોને લાલ બાગની વાડીમાં ખૂબ જ ભાવભક્તિ પૂર્વક એકાસાગું કરાવાયેલ. શ્રી બાબુભાઈ આદિ શ્રાવકોએ ખૂબ જહેમત લીધી હતી.

ઘણા નવા ભાવિકોએ ભવોભવનાં પા૫ પુદ્‌ગલોને વોસિરાવી આત્માને હળવો કર્યો હતો ત્યારે બીજા અનેક ભાવિકોએ બાર વ્રતો તેમજ વિવિધ તપોનું ઉચ્ચરાણ કરી જીવનને વિરતિમય બનાવ્યું હતું. આ ક્રિયા માટે માધવબાગમાં ખૂબ જ સારો મંડપ બનાવાયેલ.

ધર્મની વાતોને ગોરખધંધા કહેનાર

તેલના મિલમાલિકની કુદરતે અડધી મિનિટમાં સાન ઠેકાણે લાવી દીધી

ભૂજમાં એક પ્રતિષ્ઠિત તેલના વેપારી છે. તેમના કહેવા પ્રમાણે તે નાસ્તિક છે ને દાન-ધર્મમાં માનતા નહોતા. ભૂજના સાવ જમીનદોસ્ત થઈ ગયેલ ભીંજાજરની બહાર ધૂળ તેમજ શબને કારણે જીવાણુઓથી બચવા મોં પર રૂમાલ બાંધીને તે લાચાર આંખો સાથે ફરતા હતા. તેના ગોડાઉનમાંથી-૨૬ જાન્યુઆરીએ જ રૂા. ૧૬ લાખના તેલના ડબ્બાઓ લૂંટાઈ ગયા. એક ઓઈલ મીલ સાફ થઈ ગઈ ને આપ્તજનો પણ ગુમાવ્યા છે. તેની નુકશાનીનો કુલ આંક પચ્ચીસેક લાખ રૂપિયા છે. સદ્‌નસીબે એક નાની ઓઈલ મિલ ને ગોડાઉન અકબંધ છે. જ્યારે તેઓ તેલના લાખોના સોદા કરી રાજપાઠમાં હતા ત્યારે એક પાઈનું પણ દાન કરે નહીં. કેટલાક વર્ષોથી દર ૧૩ જાન્યુઆરીએ આ રીતે સંતો ઝોળી લેવા જાય ત્યારે આ તેલના માલિક "માફ કરશો" કહી વિદાય આપતા. બીજે વર્ષે તેના પુત્રએ મઝાક કરતા હોય તેમ રૂા. ૧૦૧ આપ્યા હતા. તેમની જ્ઞાતિ કે અન્ય નાની-મોટી ચેરીટી પણ કરે નહીં. સંતોને ધર્મની વાતોની તેઓ બધા ગોરખધંધાવાળા છે તેમ કહીને મઝાક ઉડાવતા હતા. પણ કુદરતે તેમને દોઢ જ મિનિટમાં પાયમાલ કરી દીધા. તેઓને પણ રાહત કેમ્પમાં ખીચડી-કઢી ખાવ જવું પડયું.

આ તેલ મિલના શેઠની શરમીંદગી બેવડાઈ કેમ કે ૨ વર્ષે તે ઝોળી લેવા આવતા સંતોને લગભગ ઉતારી પાડતા હોય તેમ ૦ કારો આપતા રહેતા હતા.

પણ તેણે તરત જ તેની આત્મ સુધારણાની તક ઝડપી લેતા કહ્યું કે "તમે જેટલા ને રાહત કેમ્પમાં ભોજન આપવું હોય એટલું આપો. નિયમિત રીતે હું ૧૨૫ તેલના ડબ્બાઓ મોકલતો રહીશ." આજે પણ તે તેલનો પૂરવઠો પૂરો પાડે છે ને બીજી શકય તેટલી મદદ મેળવવા અન્ય મિત્ર વેપારીઓ પાસે ઝોળી ફેલાવવા કળે છે.

ધરતીકંપથી તમામ રીતે નંખાઈ ગયેલા આ શેઠ કહે છે કે હવે કમાઉ તો પણ કોના માટે? (ગુજરાત સમાચાર)

શ્રમણ સંમેલનના ઠેકેદારોને સાદર સમર્પણ

સંવત ૨૦૪૪ માં શ્રમણ સંમેલન થયું જૈનસંઘના મોટાભાગના આચાર્યોએ ભેગા મળીને જૈનસંઘને ભયંકર હાનિકારક એવા ઠરાવો કર્યા. એમાંનો એક ઠરાવ દેવદ્રવ્ય અંગેનો હતો. એ ઠરાવ કેટલો બધો નુકશાનકારક હતો તેનો એ વખતે સુવિહિત સિધ્ધાંતપ્રેમી ઘણા આચાર્યભગવંતોએ અને શાસનપ્રેમ ગૃહસ્થોએ વિરોધ કર્યો હતો પણ એ વિરોધને કોઈ કાન ધરવા તૈયાર નહોતું જો કે એ ઠરાવનો ક્યાંય ખાસ અમલ થયો ન હોવાથી આજે તકલીફ નથી પડી. જો કદાચ વિરોધીઓના વિરોધને દબાવવા તેનો અમલ કરવા માટે કમર કસીને ફરજીયાત અમલ કરાવ્યો હોત તો આજે લમણે હાથ દેવાનો વારો આવ્યો હોત એમાં બે મત નથી. અને હવે મોડે મોડે પણ આંખ ઉઘડતી હોય તો એવા ઠરાવોને રદ કરવાનો ઐતિહાસિક નિર્ણય સંમેલનના હયાત વકીલો લે તે અતિ અતિ આવશ્યક અને જરૂરી છે.

એ ઠરાવમાં દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાને અર્થે ઘણી જાતની બોલીઓનો સમાવેશ કલ્પિત દેવદ્રવ્યમાં કરીને દેવદ્રવ્ય કે જે જિર્ણોધ્ધારાદિમાંજ વાપરવાની શાસ્ત્રીય મર્યાદા હતી તેના મૂળ પર ઘા મારવા સમાન હતો. પૂ. પં. ચન્દ્રશેખર વિ. મહારાજે અને તેમના સમુદાયવર્તીઓ તે આ ઠરાવ અમલ કરાવવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા. પુસ્તકો સ્પેશ્યલ બહાર પાડયા. ભગવાનનું દ્રવ્ય ભગવનાની આંગી – પૂજા વગેરેમાં છુટથી વાપરવા ના, મહાપૂજાઓ વગે રચાવીને દેવદ્રવ્યને પુરૂજ કરી નાખવા જાણે વટનો પ્રશ્ન બનાવી દીધો હતો. એક બાજુ આવા વિચારો જોરશોથી પ્રચારીત કરાયા. બીજી બાજુ, વીસમી સદીના અજોડ શાસન મહાપ્રભાવક સિધ્ધાંત-દેવદ્રવ્યના રક્ષક એવા અણનમ સેનાનીએ આ ઠરાવ સામે લાલબત્તી ધરી હતી. આવા વિચારોનું શાસ્ત્રીય રીતે ખંડન કર્યું હતું. જૈનસંઘને જાગૃત કર્યો હતો. દેવદ્રવ્યનું તો રક્ષણ કરી આ નિધિના રોજ દર્શન કરવાનું કહેતા. અને આપદ્ સંજોગોમાં જ તેનો ઉપયોગ કરવાનું કહેતા એ મહાપુરૂષના આવા શાસ્ત્રસંમત વિચારોને આજે કેટલા બીરદાવીએ તેટલા ઓછા છે.

૨૬મી જાન્યુઆરીએ કચ્છ તથા સૌરાષ્ટ્ર વિસ્તારોમાં આવેલા ભયંકર ભૂકંપે વેરેલી તારાજીથી સૌ માહિતગાર છે. સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી નાસ્તિકોના પણ હૈયા હચમચી જાય તેવો વેરેલો વિનાશ જેણે જોયો કે સાંભળ્યો છે તે સૌ બોલી ચૂકયા છે કે આવો ભૂકંપ અમારી જીંદગીમાં કયારેય જોયો નથી જો કે આપણા જૈન સંઘે તો કચ્છના ભૂકંપને પણ ટપી જાય તેવો ભૂકંપ ૨૦૪૪ માં વૈશાખ સુદ ૬ ના રાજનગરની ભૂમિ પર જોયો છે જેના કારણે સમગ્ર જૈનસંઘોની ઈમારતો હલબલી ઉઠી હતી.

કચ્છના ભૂકંપે કેટલી માનવ ખુવારી કરી, કેટલું આર્થિક નુકશાન થયું, કેટલા અનાથ થયા, કેટલા ઘરવિહોણા બેઘર બની ગયા તેથી તો સમગ્ર ગુજરાત - હિન્દુસ્તાનના લોકો માહિતગાર છે. પણ કેટલા દેરાસરો જમીનદોસ્ત થયા, કેટલી મૂર્તિઓને નુકશાન થયું વગેરે નુકશાનની જાણકારી તો હવે બહાર આવશે ત્યારે ખબર પડશે. સૌરાષ્ટ્રમાં પણ સંખ્યા બંધ જિનમંદિરો, ઉપાશ્રયો અને શ્રાવકોના ઘરો તૂટી ગયા છે.

આશરે સોએક જિનમંદિરોમાંથી મોટોભાગના જિનમંદિરોને ઘણું નુકશાન થયું છે. અમુક જ દેરાસરો એવા હશે જેને સામાન્ય મરામત કરાવવાથી ઉપયોગમાં લઈ શકાશે. બાકી ઘણા દેરાસરો એવા છે કે જેને ફરી પાયામાંથી જ જિર્ણોધ્ધાર કરવો પડશે. આ બધા જિનમંદિરોનું કોણ ? જે જૈન સંઘ પાસે કરોડો રૂપિયા દેવદ્રવ્યના છે તે કોઈએ વ્યકિતગત આપેલી બક્ષીશ નથી. પરાપૂર્વથી ચાલી આવતી સુંદર પ્રણાલિકા - ચઢાવા બોલાવાની પ્રથા છે તે છે. આપણા પૂર્વકાલીન - દીર્ઘદ્રષ્ટા એવા જિનશાસનને વરેલા જૈનાચાર્યોએ જે પ્રથા શરૂ કરી તે કેટલી યર્થાથ છે અને ટંકશાળી છે તે આજના સંજોગોમાં દેખાય છે.

જો પ્રભુભકિતના નામે મહાપૂજાઓ રચાવી રચાવીને એ નિધિને ખલાસ કરી નાખી હોત તો આજે એવો કયો જગડુશા જેવો દેનવીર અને ભડવીર છે કે કચ્છના સીત્તેર જેટલા મંદિરોને ઉપ કરોડ ખર્ચીને ઉભા

શકે ? કયા એવા પરમાત્માના રાગી છે કે પેથડમંત્રી કુમારપાળ - ધરલાશા જેવી ઉદારતા બતાવીને સ્વદ્રવ્યથી આબુ - દેલવાડા કે રાણકપુર જેવા મંદિરોનું નિર્માણ કરાવી શકે ? એક દેરાસર બનાવવા કરોડો રૂપિયા જોઈએ. કચ્છ માટે કેટલા રૂપિયા જોઈશે તેનો અંદાજ આવીએ તો વિચાર થાય છે કે દેવદ્રવ્ય સિવાય કઈ રીતે જીર્ણોદ્ધાર કરાવી શકાય ?

સરકાર વીસ હજાર કરોડ રૂપિયા પ્રજા માટે ખર્ચવાની છે. એમાંય કેટલો ભ્રષ્ટાચાર થશે, કોણ કેટલા રૂપિયા ચાઉ કરી જશે અને ખરેખર પ્રજા પાસે કેટલી રકમ પહોંચશે તે મોટો સવાલ છે. છતાં એટલું તો ખરું કે સરકાર પ્રજા માટે કંઈક કરશે પણ આપણા ધર્મસ્થાનકોનું ? હિન્દુમંદિરો કે જેમાં દ્વારકાનું કૃષ્ણનું મંદિર પણ બની જાય છે તે બધા મંદિરોના માટે આજે ચિંતાનો વિષય છે. જ્યારે જૈનસંઘ માટે આશ્વાસનરૂપ દેવદ્રવ્ય છે. અને દેવદ્રવ્યનું વરસો વરસ વધારો થાય તેવી બોલીરૂપ પ્રથા છે.

ધર્મદ્રવ્ય વહિવટના લેખકોએ ફરી પોતાના વિચારોનું પરિમાર્જન કરી શાસ્ત્રીય પ્રશ્નને આવકારે - સ્વીકારે અને તેમના આશ્રિતોને શ્રધ્ધાપૂર્વક સમજાવે તે ખૂબ જરૂરી છે. તેમને રોજ નવું નવું સત્ય લાધે તેમ તેમ કોઈપણ જાતની પક્કડ રાખ્યા સિવાય સ્વીકારી લે છે તેટલી સરળતાની જેઓ વારંવાર વાતો કરે છે તેમના માટે આ સુંદર અવસર - તક આવી છે. જે સત્ય લાગે તે તરત જ સ્વિકારનારશ્રીને આજે જો દેવદ્રવ્યના રક્ષણની જરૂરીયાત સમજાતી હોત તો ક્ષણનો પણ વિલંબ કરવા જેવો નથી. ધરતીકંપ ઘણી ઘણી મોટી ઈમારતોને ડોલાવી ગયો, જો આપના મગજને ડોલાવવા જેટલો રીક્ટર સ્કેલ પર નોંધાયો હોય તો અવશ્ય એક એવા નિવેદનની જૈન સંઘ અપેક્ષા રાખીને બેઠો છે. શુભમ્ ભિયાત્ ।

- શ્રી સંજય

આત્માર્થીને હિતશિક્ષા

- પૂ. આ. શ્રી વિ. રામચં. સૂ. મ. સા.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્મા, ચરમ તીર્થપતિ, શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનું વર્તમાનમાં શાસન ચાલે છે. આપણે સૌ કોઈ તેમાં આરાધના કરીએ છીએ.

આરાધનાનો ઊંચામાં ઊંચો પ્રકાર સર્વવિરતિનો સ્વીકાર કરી જીવનભર પાલન કરવું તે જ પ્રશસ્ત કોટિનો ઉપાય છે. જે કોઈ જીવને મોક્ષમાં જવું હશે તેને સર્વવિરતિનો સ્પર્શ કર્યા વગર ચાલવાનું નથી. જે કોઈ જીવો અનુત્તરવિમાનમાં કે મુક્તસ્થિતિમાં બીજે ગયા છે તે સઘળાય સર્વવિરતિને સ્પર્શીને ગયા છે. જે જીવોને સર્વવિરતિનો સંબંધ જ નથી તેઓ વીતરાગના ધર્મને પામ્યા જ નથી.

સર્વવિરતિનો પ્રાપ્તિ સહેલો નથી. જે જીવોને મનુષ્યના ઉદયે મળેલ મનુષ્ય જન્મની કિંમત સમજાય તે માટે જિનવાણીનું શ્રવણ કરે છતાં પણ દર્શન મોહનીય કર્મને ક્ષય ન લાગે ત્યાં સુધી તેને ભવચક્રની ચાત ચૂકતી નથી. તે રૂપે ત્યાં સુધી સાધુપણું પામવું મુશ્કેલ છે અને સાધુ થયે પણ સાધુપણું જેલ લાગે.

કર્મના યોગે આવતા દુઃખ ગમે નહિ, સંસારના સુખ ગમે સુખ ગમે છે તે પણ જૂઠું ન લાગે, દુઃખ પાપના યોગે આવે છે તે વેઠવું જોઈએ તેમ ન થાય, તો દર્શન મોહનીયનો ક્ષય ન થાય. જેઓને દુઃખ કડવું જેવું અને સુખ છોડવા જેવું છે તેમ લાગે તેને માટે સર્વવિરતિ સુલભ છે. જેઓ સર્વવિરતિ પામ્યા છે તેઓએ આવી પડતા દુઃખોને વેઠવા બહાદુર થવું અને મળતા સુખોને લાત મારવા તૈયાર થવું. આ ન બને તો અનંતીવાર સર્વવિરતિની ક્રિયાને પામે પણ જેવી જોઈએ તેવી આરાધના અને સ્પર્શના ન થાય.

આપણે અનંતા જન્મ - મરણ કર્યા અનેકવાર નરકાદિના દુઃખો વેઠ્યા. હજારો, લાખો, કરોડો જીવોને નજરે સમક્ષ દુઃખ વેઠતા જોઈ રહ્યા છીએ દુઃખ કોઈને વેઠવું નથી પણ સંસારમાં દુઃખ વેઠવું જ પડે. આપણે પણ ઘણું દુઃખ વેઠીને આવ્યા છીએ. હવે જો નહી મામૂલી દુઃખમાં ગભરાઈ જઈએ તો અનંતીવાર ભગવાનનું શાસન મલે, સર્વવિરતિની ક્રિયામાં ઊંચી ક્રિયા કરે તો પણ તેનું કલ્યાણ ન થાય. કેમકે, વિરાગ વિના ધર્મ નથી અને વિરાગનો અર્થ આ જ છે, દુઃખમાં આનંદ અને સુખમાં વિરાગ.

સૌ સર્વવિરતિના પરિણામ જીવવાનો પ્રયત્ન કરે અને વહેલું કલ્યાણ સાધે તે જ શુભેચ્છા.

'સાવઝના ભરખમાં શિકાર હોય, તણખલું નો હોય...'

તે દિવસે માણાવદરના ધણી કમાલુદીન બાબીનો મુકામ ચકલીના માળા જેવા થાનીયાણા ગામમાં થયેલો. થાનીયાણાના ગરાસના ગરાસદાર હીરા મૈયાને ઊતારે બોલાંવવામાં આવ્યા અને બાબીને શું સોલો ચડયો તે હીરા મૈયાને સામે ઊભો રાખીને કીધું: હીરા મૈયા, એક દફે તુમ હમકો સલામ કર તો હમ તુમકો ગરાસ ઓર થાનીયાના ભી દે... દે...!

કમાલુદીન ના સ્વરમાં ઘોળાતું અભિમાન અને આપ વડાઈની ઝાળ હીરા મૈયાના રોમે રોમ લાગી ગઈ... છતાં ય ગરવાઈથી જવાબ વાળતા કીધું: બાપુ ! સલામ તો હું એક શામળાને જ કરું છું...

'હે !!'

'હા બાપુ, આપડે તો સામી છાતીએ મળીએ. હાથો હાથ મળીએ ને રામ... રામ... ભણીએ...'

કમાલુદીન હીરા મૈયાની સામું જોઈ રહ્યા.

'આ માથુ નમે તો હજારા હાથવાળાને નમે. આપડે તો સૌ કાળા માથાના માનવી કે'વાઈ...' અને પછી ઉમેર્યું: આપડે તો ઉપરવાળાના - કાળીયા ઠાકુરના હજુરીયા... ગામ - ગરાસ તો ઈ મારો વા'લો આપે...!'

કમાલુદીન ના કાનમાં કીડા ખર્યા હોય એમ થયું. તેણે ભડભડતા અવાજે કહ્યું: ઈતના બડા અભિમાન !?'

'અભેમાન નૈ બાપુ...' હીરા મૈયાએ વાતને વાળતા કીધું: 'ઈ નો રાજા અંગ્રેજને ન નમે એની રૈયત પણ.... એ કાં ર્ભૂલી ગયા ?'

- ઘડીક તો બાબીને થયું કે, ભલો ! મારી રૈયત ભલો ! આવો ભડકારો ગળા લગણ આવીને અટકી ગયો. એમાં એક રાજવંશનું અભિમાન ઘવાતું હતું. એક નાનકડી ગામડીનો ગરાસદાર આવી નપલાય કરે ઈ કેમ પોસાય ? એટલે ટોળો મા રતા બાબીએ કીધું: એસી આડોડાઈ મેં તુમારે મૈયા કો કારે ડુંગરે માથા વઢાણા થાને ?

હીરો મૈયા ઘવાયેલા નાગની જેમ વળ ખાઈને બોલ્યો: છેતરીને માર્યા'તાને બાપુ ! એમા શી વશેકાય ? જો સામી છાતીએ આવ્યા હોત તો ખબર્ય પડત... કે કેટલી વીસે સો થાય ? મરદની મરદાય તો પડકારે હોય !'

મૈયા... મૈયા ઓ ભી એક કરામતથી જૈસે ... ' કહીને કમાલુદીને તાળી પાડી અને એ સાથે જ અગાઉથી નક્કી થયા પ્રમાણે હીરા મૈયાને પકડી લેવામાં આવ્યો. ગળામાં નેવર નાંખી બંદીવાન બનાવવામાં આવ્યો.

'ફટય છે બાબી તુંને ફટય છે... કાંય નો થ્યું તે દગો કર્યો ! ?' હીરા મૈયા દુભાતા સ્વરે બોલ્યો.

'ઈસ્કુ રાજ રમત કહતે હે હીરા મૈયા !' કહીને બાબી નફટાઈ ભર્યો હસવા લાગ્યો.

હીરા મૈયાને માણાવદર લઈ આવ્યા. ગળામાં નાખેલી સાડા ત્રણ મણની સાંકળ ફૂલના હાર જેવી લાગી...ને તે સાંકળની કડીયું ખખડાવતો ઊભો રહ્યો...

- સોરઠના સાવઝને પીંજરે પુર્યાના પડઘા કમાલુદીનને કયાંય જંપવા દેતા નો'તા એમાંય તો બા'રવટીયા ગીગા મૈયાને ખબર પડે તો બનેવીના નાતે, માણાવદરના ચોવીસેય ગામડાંને ધમરોળી નાંખે ને રાંકડી રૈયતનું લોહી વહે ! આ વાત બાબી પેટ ભરીને સમજતો હતો પણ હવે શું ? મણિધરને પૂંછડે ઝાલ્યો તો છોડવા કેમ ? ઉપાય સૂઝતો નો'તો .

પણ વખતને વાતું રાખવી હોય એમ અંગ્રેજ અમલદાર એજન્ટ ટુ ધ ગવર્નર ફિલિપ્સ માણાવદરની ઉડતી મુલાકાતે આવ્યો. તેણે આખી બીના જાણી અને હીરા મૈયાને છોડી દેવા કીધું: હીરા મૈયાને છોડી દો. પ્રજામાં અસંતોષની ચીનગારી પ્રગટશે... ને રાજ રસમથી કામ લ્યો, થોડો ઠપકો આપીને છોડી દો.... કમાલુદીનને તો ભાવતું' તુંને વૈદ્યે કીધાં જેવું થયું... હીરા મૈયાને મુકત કર્યો અને સામેથી તેની સાથે મિત્રતાનો હાથ લંબાવ્યો. એ વખતે માણાવદર અને સરદારગઢના સીમાડા વચ્ચે ભારે તકરાર ચાલતી હતી એટલે બાબીએ સીમાડાની તકરારના નિવારણ માટે હીરા મૈયાને નિર્ણાયક તરીકે નીમ્યો. સીમાડાની માપણી વેળાએ પંચ અને સામાવાળાને બાબીએ કહી દીધું: 'હીરા મૈયા જો કહે વો સીમાડા હમકું મંજુર હૈ !'

કમાલુદીન બાબીએ સીમાડાનો નિર્ણય હીરા મૈયાના માથે નાખ્યો. હીરા મૈયા જે કહે તે બાબીને મંજૂર છે એવું સામાવાળાએ જાણ્યું એટલે તેણે હીરા મૈયાને એક

બાજુ બોલાવ્યો અને કોઈ સાંભળે નહી એમ કાનમાં કીધું: 'હીરા મૈયા ! આા બાબી દરબારે તારા પર વીતાડવામાં કાંય બાકી રાખી નથી. માથે માછલા ધોયા છે... અટાણે મોકો છે સોય ઝાટકીને ઘા કરી લે !'

-'ઈ વખત ગ્યો.... અટાણે તો મારા પર્ય વિશ્વાહ મુક્યો છે... વિશ્વાહે તો વા'ણ હાલે., મૈયા બોલ્યો.

'હવે એવું કાલું બોલવા રેવા... દે... ને અમારી વાત હમજી જા !'

. ત્યાં બીજો જણ બોલ્યોઃ 'તારૂં વેણ નંઈ ઉથાપી ઈ.. પછી કાંય...' ને પછી હીરા મૈયાનો હાથ દબાવ્યો. હાથના દબામણામાં ખણખણતા રાણી સિક્કાની કોથળી આપવાનો સંકેત હતો.

'સાવઝના ભરખમાં શિકાર હોય, તણખલું નો હોય ...' હીરા મૈયા છાતી ફુલાવીને બોલ્યો.

'પણ આ હામેથી આવેલા ભાણાને હડસેલવામાં માલ નથી મૈયા !'

'માલ હોય કે નો હોય બાકી મારાથી ગણચોર નંઈ થવાય.. એવું થાય તો આ ધરતી રસાતાળ જાય...' ને પછી ઉમેર્યું: 'હું મૈયાણીનું દૂધ છંવ... અણહકનું મને ઓંદરે નંઈ...

'મૈયા... મૈયા...' એક જણ દાંત ભીસીને બોલ્યોઃ હવે બોવ સાવકારી રેવા દે અને ભલો થૈ હમજી જા...'

'વિશ્વાહઘાત કરીને ખાયકી ખાય ઈ આ હીરા મૈયા નંઈ.'

'આને તું ખાયકી કે' છો !?'

'હા એક વાર ની સાડી સત્તરવાર. .'

હીરા મૈયાની અડગતામાં કાંકરી નંઈ ખરે એવું સામાવાળા પામી ગયા એટલે આડોડાઈ કરતા બોલ્યાઃ 'તો પછી તારી મરજી બાકી અમે તો અમારી મરજી મુજબ જ...' ને આડોડાઈ ઉલાળા લેવા લાગી. સમાધાન એક બાજુ રહ્યુંને ચડસા ચડસી થાવા લાગી. વાતું વળ લેવા લાગીને જીવના લબકારા તલવાર્યુના ખણખણાટમાં દબાવા લાગ્યા. લાકડિયું હાથ વગી થાવા લાગી ને હીરા મૈયાથી સહેવાયું નહી એટલે હાથ પૂટ્ટો મેલ્યો.. તલવાર્યની સબાસબી બોલવા લાગી... એક બે જણાં ઘાયલ થયા. તેમાં પાછળથી કો'કે મૈયાના માથે તલવાર્યનો ઘા કર્યો... પણ મૈયો માથે ૩ લોખા મેલીને બાવન ગજની પાઘડી બાંધતો હતો તે તલવાર્યના ઘાએ પાઘડીના માંડ બે આંટા વઢાણા.....

-પંચ આડું પડયું. મામલો થાળે પાડયો પણ સીમાડાના ખૂંટા તો હીરાની મરજી મુજબ ન્યાયનીતિના ધોરણે જ ખોડાણા...

નોંધ : હીરા મૈયાએ સત્ય, નીતિ અને ટેક ખાતર સગા દીકરાને વધેરી નાંખ્યો હતો. એ વિગત અગાઉ આ કોલમમાં આવી ગઈ છે.

વિગત : બાબુભાઈ પેથાણી (માણાવદર)

(તા. ૨૮ જાન્યુઆરી ૨૦૦૧, સંદેશ)

જૈન સંઘ के अग्रणी ऐसा सत्व प्रदर्शित करेंगे ?

तीर्थंकर प्रभु महावीर के २६०० वें जन्म कल्याणक का उत्सव मनाने के लिये ५९ सदस्यों की राष्ट्रीय समिति नियुक्त हो गई है, जिसकी सूचि पूर्व में प्रकाशित की गई है । इस समिति में जहाँ एक तरफ श्रीमति राबडीदेवी का नाम है वहीं दूसरी ओर श्री रामविलास पासवान का नाम भी उड़कर आँखों के सामने आता है ।

डॉ. रफीक झकरिया मौलाना साहेब वाहीदीन जिमिया तथा दिल्ली के आर्क-बिशप का नाम भी पढ़ने में आता है ।

ये महानुभाव इन्द्र महाराजा द्वारा रचित शक्रस्तव के आधार पर तीर्थंकर प्रभू के अलौकिक व्यक्तित्व, गुण और कार्यो को जगत के समक्ष प्रस्तुत करेंगे ? या फिर उनके सचिवों द्वारा लिख कर दिये गये स्तवों के अनुसार प्रभु के गुणगान करेंगे ? या फिर भगवान महावीर कल्याणक महोत्सव समिति के नाम पर जिस समानान्तर जैनसंघ की रचना हुई है उसके होदेदारों द्वारा रचित स्तव के अनुसार प्रभु के गुणगान करेंगे ? इस प्रसंग के निमित आयोजित जाहिर सभाओं में मंच पर हाजिर रहने वाले जैनश्रेष्ठि गण प्रभू के गुणों व कर्तव्यों के साथ सर्वथा सुसंगत नहीं वैसे गुणगान जब राष्ट्रीय समिति के महानुभावों द्वारा किये जा रहे होंगे, तब क्या वे सभा का त्याग करेंगे ? या अपने आसन पर चुपचाप बैठे रहकर महानुभाव वक्ताओं की वामन बुद्धि से होने वाले अशातानारूप गुणगान सुनतें रहेंगे ? अंदर जाकर विरोध कर सकने की दलील देकर इस सरकारी तमाशे में शामिल होने वाले माननीय जैन गृहस्थ ऐसा सत्व और अस्मिता प्रदर्शित कर सकेंगे ?

५९ सदस्यों की बनी इस समिति का कोई भी सदस्य पशुओं के शरीर (माँस) से बने अभक्ष्य पदार्थो को रसपूर्वक खाने वाला तो नहीं ही होगा ? ! या मद्य - पान व अभक्ष्य पेय पीने वाला तो नहीं ही होगा ? ! श्री जैनसंघ के अग्रगण्यों के लिये उत्सव के नाम पर ऐसे व्यक्तियों के साथ एक पंक्ति, एक मंच पर बैठना ही शोभास्पद व गरिमामय होगा ? !

(आर्य रक्षित संदेश)

સમાચાર સાર

વી. વી. ;રમ્ (બેંગલોર) - પૂ. આ. શ્રી વિજય સ્થૂલભદ્ર સૂરીશ્વ :જી મ. ની નિશ્રામાં પૂ. સા. શ્રી સુભદ્રાશ્રીજી મ. ા સંયમવ્રતના ૬૬ વર્ષની અનુમોદનાર્થે ૧૭૦ જિનપૂજન આદિ તથા પૂ. આ. શ્રી ના ૫૦ વર્ષના સંયમ સુવર્ણ મહો સવ રૂપ પચાસ લાખ ચિંતામણિ શંખેશ્વર પાર્શ્વનાથનો જાપ ફાગણ વદ ૧ થી ૩ યોજાયો.

કોરટાજી ત ર્થ (જી. પાલી) - અત્રે ચૈત્ર સુદ ૧૩ ના તીર્થયાત્રા મેળો ૂ. મુ. શ્રી રૈવતવિજયજી મ. આદિની નિશ્રામાં યોજાયો.

અમદાવાદ - માણેકબાગ સોસાયટીમાં પૂ. મુ. શ્રી પ્રભાકર સૂ. મ. ી નિશ્રામાં તા. ૨૫-૩-૨૦૦૧ના શાહ ચીનુભાઈ શાંતિલ લ પરિવાર તરફથી કમલેષભાઈ તથા અ.સૌ. ભારતી ન તથા કમલેશભાઈ તથા અ.સૌ. રંજનબેન વિનોદ માઈના ઉપધાન હસ્તગિરિમાં કર્યા તે નિમિતે શાંતિસ્નાત્ર મહોત્સવ રાખ્યો હતો.

પાટણ - ા. પૂ. સુવિશાલગચ્છાધિપતિ આ. દે. શ્રીમદ્ વિજય રા ચંદ્રસૂરિશ્વરજી મ. સા. ના સમુદાયના પૂ. આ. દે શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. આદિ પૂ. આ. દેવભદ્ર સૂરિશ્વરજી મ. સા. આદિ ઠાણા-૨ની નિશ્રામાં કુમારપા ા સોસાયટી પાટણમાં ફાગણ વદ ૩ દિ. ૧૨-૩-૨૦૦૧ ર વેવારને દેરાસરની ત્રીજી વર્ષગાંઠ નિમિત્તે અઢાર અભિષેક, સત્તરભેદી પૂજા, સ્વામિવાત્સલ્ય પૂર્વક ધ્વજારોપણ ખૂબ ઉત્સાહપૂર્વક થયેલ આચાર્ય ભગવંત આદિનું ગહુંલી પૂર્વક સામૈયું પણ ભવ્ય થયેલ, પ્રતિષ્ઠા પછી ત્રણ વર્ષ સુધી ભાગ્યોદયે વર્ષગાંઠના દિવસે પૂ. આચાર્યનો યોગ ભાગ્યોદયે મલે છે એમ બધા આનંદથી બોલતા હતાં.

ઊંઝા - પૂ આ. શ્રી અશોક સાગર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં બ્રાહ્ ા વાળામાં પ્રભુ પ્રવેશ તથા શ્રી વસંતબેન સુમનભાઈ મા ણવાળાના મુખ્ય સહયોગથી બનેલ જિનાલયમાં પ્રતિ ઠા ફા. વ. - ૨ ના ઠાઠથી થઈ

પૂ. શ્રી ;, ચાતુર્માસ સાબરમતી ચિંતામણિ જૈન દેરાસર મોટા ઉપ શ્રય રામનગર નક્કી થયુ છે. અષાડ સુદ ૧૧ ના પ્રવેશ થ .

મુંબઈ ભાયન્દર - અત્રે શ્રીમતી દીવાળીબેન શાંતિલાલજીના ૧ રસીતપ પૂર્ણાહૂતિ નિમિત્તે ચૈત્ર વદ ૧૪ થી વૈશાખ સુદ ૧૪ પૂજા વૈશાખ સુદ ૩ પારણા અને વૈશાખ સુદ ૪ ભીલડીયાજી દર્શન કરી દાંતરાઈ પ્રવેશ પૂ. સા. શ્રી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી મ. ના ઉપદેશથી વરસીતપ કર્યો હતો.

શંખેશ્વર હાલારી ધર્મશાળા - અત્રે પ. પૂ. હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. ની ફા. સુ. ૧૦ ની પુણ્યતિથિ નિમિત્તે સવારે ગુણાનુવાદ થયા અને બપોરે શ્રીમતી દેવકુંવરબેન ફૂલચંદ લાલજી નગરીયા લંડન તરફથી હ. શાંતાબેન મહેન્દ્રભાઈ ઠાઠથી અષ્ટ પ્રકારી પૂજા ભણાવાઈ. ભવ્ય આંગી અને પ્રભાવના વિ. થયા.

પજુસણ પર્વની આરાધના નિમિત્તે નીકળેલ ભવ્ય વરઘોડો

શ્રી મંડાર જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, માનસરોવર ગાર્ડન, નવી દિલ્હીમાં પ. પૂ. આચાર્ય ભ. શ્રીમદ્ વિજય દર્શનરત્નસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય પ. પૂ. મુનિરાજ શ્રી ભાવેશરત્નવિજયજીના શિષ્ય પ. પૂ. મુનિરાજશ્રી પ્રશમરત્ન વિજયજી મ. તથા પ. પૂ. બાળ મુનિરાજ શ્રી રત્નેશરત્નવિજયજી મ. ઠાણા - ૨ ની નિશ્રામાં હાથી ઘોડા - બેન્ડ - રથ સહિત ભવ્ય વરઘોડો વિ. સં. ૨૦૫૬ ના ભાદરવા સુદ -૫ ને રવિવારના દિવસે ૧૦ વાગે નીકળ્યો, વરઘોડો પૂરા થયા પછી બધા વ્યાખ્યાન મંડપમાં આવ્યા. મુનિ શ્રી પ્રશમરત્ન વિ. એ તપધર્મને અનુલક્ષીને પ્રવચન ફરમાવ્યું પછી ભંવરભાઈ દોશી તથા મંડાર જૈન સંઘના ભાઈઓએ બહારથી પધારેલા મહેમાનોનું તથા અઠ્ઠમ તપ ઉપરના તપસ્વીઓનું બહુમાન કર્યું. પજુસણમાં રાજસ્થાનથી સંગીતકાર મંડળી પધારેલ. ૧૪ સપનાના ચડાવા વખતે તથા રાત્રે આઠે દિવસ ભાવનામાં રમઝટ મચાવેલ. બોલીઓ સારા પ્રમાણમાં ગઈ. તથા સંવત્સરી પ્રતિક્રમણમાં શ્રીફળ તથા ૧૦૦ રૂપિયાની પ્રભાવના પુરૂષોમાં અને બહેનોમાં બન્ને જગ્યાએ થઈ.

મંડાર જૈન સંઘના ભાઈઓએ પ. પૂ. આચાર્ય ભ. ને વિનંતી કરેલ કે અમારા સંઘમાં મુનિશ્રી ભાવેશરત્ન વિ. આદી ઠાણા-૨ ને પજુસણ કરાવવા મોકલો. પરંતુ ચાંદની ચોકના એકતા સંઘના અતિ આગ્રહના કારણે મુનિશ્રી ભાવેશરત્ન વિ. જઈ શકયા નહિ તેથી મુનિશ્રી પ્રશમ રત્ન વિ. આદી ઠાણા-૨ ને મોકલેલ જેથી મુનિશ્રીના ઉપદેશથી ભવ્ય વરઘોડો નીકળ્યો. કેટલાક મહાનુભાવો કહેતા હતા કે અમારા સંઘમાં પ્રતિષ્ઠા વખતે આવો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો એ પછી આજે નીકળ્યો છે.

મુંડારા (રાજ.) - અત્રે પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય જિનોત્તમસૂરીશ્વરજી

મ. ની નિશ્રામાં પૂ. માતુશ્રી કમલબેન દાતમલજી સોનીગરાના જીવિત મહોત્સવ નિમિત્તે ૫ છોડ સહીત પ્રથમ્નિકા મહોત્સવ ચૈત્ર વદ ૬ થી ચૈત્ર વદ ૧૦ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

અંતરિક્ષજી તીર્થ - પૂ. આ. વારિષેણસૂરિજી મહારાજ પાંચ પાંડવ મુનિવરો **માસર રોડમાં ઉપધાન તથા માલારોપણ પરિકર - પ્રતિષ્ઠા, ૨૫૦૦ આયંબિલ સાધક મુનિવજસેનવિજયજી પ્રવર્તક પદવી સમારોહ ૧૮ છોડ ઉજમણું, છપ્પનદિક્કુમારી સ્નાત્ર ૬૪ ઈન્દ્ર અભિષેક સિધ્ધચક્ર શાંતિસ્નાત્ર ૧૦૮ પાર્શ્વનાથ પૂજનો સમુહ ૩૦૦ એકાસણા ૨૫૦ આયંબિલો ૪૦ ચંદનબાળા પાર્શ્વનાથ અઠ્ઠમો** અભિનંદન સ્વામિ અમીઝરણા, ઘંટાભ્રમણ ચમત્કારી વણછરા તીર્થ ચિંતામણી પાર્શ્વ સંઘ યાત્રા, સ્પર્ધાઓ નંદુરબાર અલકાપુરમાં સમુહ સામાયિક આયંબિલો એકાસણા વિવિધ સ્પર્ધાઓ, સંધ્યાભક્તિ, પ્રાચીનો સંઘપૂજનો ભાગ્ય ભક્તિ ડ્રો, તપસ્વી બહુમાન, ભૂકંપ વિશ્વ શાંતિ નિમિત્તે વ્રત તપ જપ અખંડ પાઠ કરાવવા ખામગાંવ પધારેલ જેમાં સમુહ નવપદ આયંબિલ ઓળી, કર્ણાટક કેશરિ આ. ભદ્રંકર સૂ. મ. પુણ્યતિથિ વિર વિભુ જન્મકલ્યાણક પ્રસંગે સિધ્ધચક્ર મહાપૂજન સામાયિક આયંબિલો પારણા બહુમાંન થશે. શિરપુર અંતરિક્ષજી તીર્થે વર્ષી તપ પારણા તથા સાધ્વી આત્મપ્રભાશ્રીજીની વર્ધમાન તપ ૧૦૦ મી ઓળી પારણા ઉત્સવ શાંતિસ્નાત્ર અઠ્ઠાઈ ઉત્સવ પાર્શ્વનાથ પૂજન સ્વામિવાત્સલ્ય સાથે ઉજવાશે. વિશ્વ શાંતિ તપ જપ અખંડ પાઠ અભિષેક થશે સિરોલીમાં શાંતિનાથ જિનાલયે પ્રતિષ્ઠા ઉત્સવ ૧૧-૫-૨૦૦૧ના નવ મહાપૂજનો ત્રણે સમયની નવકારશી ઓ સાથે ભક્તિ ભાવથી ઉજવાશે. હાથી, ઘોડા, રથ, અશોક બેન્ડ રાજસ્થાનથી આવશે સંગીતકાર મીઠ્ઠીલાલ પાર્ટી, વિધિકાર હર્ષદભાઈ રાજુભાઈ, પંડિતજી શાંતિભાઈ માલેગાંવ પધારશે સંપૂર્ણ આયોજન મનોજકુમાર શાંતિભાઈ માલેગાંવ પધારશે સંપૂર્ણ આયોજન મનોજકુમાર બાબુલાલ હરણ ગોવાવાલાના પ્રયત્નથી થશે અંતરિક્ષજી તીર્થ મરાઠાવાળા પ્રદેશમાં વક્તા, પ્રભાવકો, પૂજ્યોએ ખાસ વિચરણ કરવું જરૂરી છે. કષ્ટ સહીને ઈષ્ટ મેળવવું સાધુધર્મ છે.

અમદાવાદ, લક્ષ્મીવર્ધક - શ્રી જિનશાસન શણગાર સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ. ની નિશ્રામાં ચૈત્રી ઓળીની આરાધના શ્રી સંઘમાં ઉલ્લાસપૂર્વક થયેલ. ચૈત્ર સુદ ૧૧ ના સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. **શ્રી વિ. મહોદયસૂરીશ્વરજી મ.** ના આજ્ઞાવર્ત્તિની પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી ભક્તિદર્શિતાશ્રીજી મ. ના વર્ષીતપની અનુમોદના સૌ. રેખાબેન તથા પ્રજ્ઞા તરફથી ગુરૂપૂજન તથા ૨-૨ રૂા. નું સંઘપૂજન કરાયેલ. પ્રતિક્રમણમાં પણ ૧-૧ રૂા. ની પ્રભાવના થયેલ.

તેમજ પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ. ના સંસારી માતુશ્રી મંજુલાબેન રમણલાલની વર્ધમાન તપની ૮૯મી ઓળીની મંગલ પૂર્ણાહુતિની અનુમોદનાર્થે સુ. ૧૩ ના વ્યાખ્યાન બાદ ૧-૧ રૂા. સંઘપૂજન તથા ભાઈ - બેનોના પ્રતિક્રમણમાં પણ ૧-૧ રૂા. પ્રભાવના કરાયેલ તથા ચરમતીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માના બિંબને સુંદર અંગરચના કરાયેલ.

જામનગર જીલ્લાનું પ્રાચીન તીર્થ

શ્રી મોડપર તીર્થ

અવશ્ય યાત્રાએ પધારો

જામનગરથી રોડ દ્વારા ૩૫ કિ.મી. પછી ડાબે હાથ ૯ કિ.મી. કુલ ૪૪ કિ. મી. રોડ રસ્તે અને રેલ્વે સ્ટેશન મોડપર છે ત્યાંથી ૧ કિ.મી. આ તીર્થ છે

શેઠ વર્ધમાન શાહે બંધાવેલું શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનું પ્રાચીન જિન મંદિર છે તેની પાછળ ભવ્ય રંગ મંડપ બનાવી ત્યાં ૯૯ ઈંચના શ્યામ શત્રુંજય કેશરીયા આદિનાથજીની પ્રતિમાજી છે.

જામનગર ન્યુ જેલ રોડ દિગ્વિજય પ્લોટમાં શ્રી કુંવરબાઈ જૈન ધર્મશાળામાં ઉતરવાની અને ભોજનની સુંદર વ્યવસ્થા છે. (ફોન નં. ૬૭૯૯૧૬)

મોડપર તીર્થમાં ઉપાશ્રયો ધર્મશાળા નવા થયા છે ભોજનશાળા વાવાઝોડામાં ઉડી ગઈ છે તેનું બાંધકામ ચાલુ છે ભોજન શાળાનું દાન ટાઈટલનું દાન ટાઈટલનું મળી ગયું છે.

પગારીના ૪ ભાગ છે ૨૫ હજાર નકલ છે તેમાં એક નામ આવી ગયું છે. રસોઈઘરના ૫૧ હજાર અને બે સ્ટોર રૂમના ૨૫-૨૫ હજારનો નકરો છે.

હાઈવે ઉપર આગળ ૧૪ કિ.મી. હાલાર તીર્થ ભવ્ય તીર્થ છે તેની પણ યાત્રાનો લાભ મળે છે.

શ્રી સુપાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ

C/o. શ્રી વિમલનાથ જૈન દેરાસર,
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
ફોન : ૫૫૨૩૨૪

લઘુ કથા

મારક શું ?

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

અનં . ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોએ આ સંસારનું યા ર્થ સ્વરૂપ જે સમજાવ્યું છે. તે પણ આપણને સમજાય તં આપણું કામ થાય. જ્ઞાનિઓ કહે છે કે આ સંસારનું સ ર્જન આસકિતના કારણે છે. પ્રવૃત્તિ જેટલી જીવને મા ી નથી તેથી વિશેષ આસકિત જીવને મારે છે. આસકિ ત - રાગ - તૃષ્ણા આદિ પર્યાય વાચી શબ્દો છે. સંસાર ા સુખ માટે લાતો ખવરાવવાનાર, ભુખ - તરસ - તા ો - ઠંડી - અપમાન - તિરસ્કાર વેઠાવનાર હોય તો અ આસકિત જ છે. આપણા સૌના અનુભવમાં પણ આ ત છે પણ આસકિતનો અંધાપો આપણને સાચો વિવે પેદા થવા દેતો નથી.

એક ાર એક મહાત્મા પાસે એક જિજ્ઞાસુ આવ્યો અને અવ ર પામી આસકિતનું સ્વરૂપ સમજાવવા વિનંતિ કરં . મહાત્મા પણ સમયજ્ઞ હતા. તેથી તેમણે કહ્યું કે- ભ ! કાલે તું થોડા ફળ અને એક પાંજરૂં લઈને આવજ. ત રી જિજ્ઞાસાની તૃપ્તિ થશે. સાચો જિજ્ઞાસુ કયારે પણ મોટી દલીલો કરે નહિ. જિજ્ઞાસુનું હૃદય જાદું હોય અને ાત દોઢડાહ્યાનું મન જાદુ હોય તે તો દરેકને તર્ક બુદ્ધિ ો વિચારે પણ શ્રદ્ધાની આંખે ન જાુએ.

બીજે દિવસે તે જિજ્ઞાસુ મહાત્માએ કહેલ ચીજો લઈ તમની પાસે ગયો. તે બન્ને એક મોટા વૃક્ષની નીચે ગયા. ત્યા પછી મહાત્માએ તે જિજ્ઞાસુને કહ્યું કે- આ પાંજરૂ અને એક ફળ તેમાં મૂકી આગળના વૃક્ષની નીચે મૂકી આવ પાંજરાનો દરવાજો ખુલ્લો રાખજે. તેણે મહાત્માના આદેશનું પાલન કર્યું પાછો આવ્યો તેના ગયા પછી એક વાનર વૃક્ષ પરથી નીચે આવ્યો ફળ લેવા પાંજરામાં હાથ નાખ્યો ને પાંજરૂ બંધ થઈ ગયું. જો તે ફળ મૂકી દે તો હાથ બહાર કાઢી શકે તેમ હતો ણ ફળની લાલચે વાનરે તેમ ન કર્યું તે જોઈ મહાત્માએ તે જિજ્ઞાસુને કહ્યું કે જા પાંજરૂં ખોલી આવ. તેણે તેમ ર્યું. વાનર ફળ લઈ ઝાડ ઉપર જઈ ખાવા લા ો. મહાત્માએ બીજી વાર ફલ મૂકવા કહ્યું. તેમાં પણ તે જ બન્યું. ત્રીજી વાર પણ ફલ મૂકાવ્યું અને તેનું પરિ ામ પણ તે આવ્યું તે પછી મહાત્માએ જિજ્ઞાસુને પૂછયું કે- આસકિતનું સ્વરૂપ સમજાઈ ગયું ને ? જો આ વાન રને ફળની આસકિત ન હોત તો આવી રીતના ફળને ાટે કષ્ટ ન વેઠત. પણ આસકિતએ તેને ભૂલાવ્યો. મ જગતના દરેક પદાર્થોની આસકિત જીવોને મારનાર છે એટલું જ નહિ પણ વિવેકહીન બનાવનારી છે. સમ ુને પણ ભાન ભૂલાવનાર આ આસકિત છે.

માટે જ્ઞાનિઓએ કહ્યું કે- 'को अन्धः ?' તો ના ઉત્તરમાં કહ્યું કે- 'यो विसयानुरागी' ! આંધળો કોણ ? જે આંખે દેખતો નથી તે તો અંધ છે પણ આંખ હોવા તાં પણ જે વિષયોની આસકિત મૂર્છાવાળો છે, રાગી છે તે જ ખરેખર આંધળો છે.

આસકિત મારનારી છે, અનાસકિત તારનારી છે. તો મારનારી આસક્તિના મૂળિયાને જ મ ી, જીવાડનારી અનાસકિતના મૂળનું સીંચન કરનારા બનીએ તે જ અપેક્ષા.

■ ■ ■

■ જૈન શાસનમાં મળેલો નવો સહકાર ■

રૂા. ૨૫૦૦/-	સૌ. પ્રજ્ઞાબેન તથા રેખાબેન તરફથી પૂ.સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ના તપસ્વી શિષ્યારત્ના પૂ. સા. શ્રી રાજદર્શિતાશ્રીજી મ. ની વર્ધ ાન તપની પ૦મી ઓળીની તથા સંયમ જીવનના ૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશની અનુમોદનાર્થે પૂ. સા. શ્રી ભકિતદર્શિતાશ્રીજી મ. ની પ્રેરણાથી ભેટ
રૂા. ૨૫૦૦/-	પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી ભકિતદર્શિતાશ્રીજી મ. ના વર્ષીતપ ની અનુમોદનાર્થે પૂ. સા. શ્રી રાજદર્શિતાશ્રીજી મ. ની પ્રેરણાથી ભેટ સૌ. રેખાબેન તથા પ્રજ્ઞાબેન તરફથી ભેટ - મુંબઈ
રૂા. ૨૫૦૦/-	મંજુલાબેન રમણલાલ ૮૯ મી ઓળીની પૂર્ણાહુતીની અનુમોદનાર્થે પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શનવિજયજી મ. ની પ્રેરણાથી શ્રી હિમાંશુ રમણ ાલ તરફથી ભેટ - અમદાવાદ.
રૂા. ૨૫૦૦/-	પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ના વૈ. સુ. ૩ ના ૨૩ માં વર્ષમાં સંયમજીવનના મંગલ પ્રવેશની અનુમોદનાર્થે પૂ. સા. શ્રી રાજદર્શિતાશ્રીજી ... ની પ્રેરણાથી સૌ. રેખાબેન તથા પ્રજ્ઞાબેન તરફથી ભેટ મુંબઈ.
રૂા. ૨૫૦૦/-	પ. પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ. ના વૈ. વ. ૬ ના સંયમ જીવનના ૨૯માં વર્ષમાં મંગલ પ્રવેશની અનુમોદનાર્થે સૌ. રેખાબેન તથા પ્રજ્ઞાબેન તરફથી ભેટ - મુંબઈ.
રૂા. ૨૫૦૦/-	સુ. અમૃતબેનનું માગસર સુદિ ૫ તા. ૧-૧૨-૨૦૦૦ના વિરારમાં થયેલ દીક્ષાની અનુમોદનાર્થે પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ની પ્રેરણાથી અમૃતબેનનું શુભનામ અમિદર્શિતાશ્રી મ. પાડેલ છે. અમૃતબેન ખીમજી ગડા પરીવાર તરફથી ભેટ - મુંબઈ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

■ ચાર્યદેશના સંસ્કાર જીવતા હોત તો આજે મોંઘવારી જીવંત ન હોત. આજની મોંઘવારી સાચી નથી પણ કૃત્રિમ છે. તપ - જપ કરનારા આ દેશના લોકોને લુખ્ખું ખાવું કઠીન છે ? એક અનાજથી ચલાવવું કઠીન છે ? વિશ્વની શાંતિ કરવી છે તો બધા આયંબિલ કરો ! જો બધા સમજીને જીવવા માંડે, જે ચીજ મોંઘી છે તે વાપરવી જ નથી તેવો નિર્ણય કરે તો મોંઘવારી કાલે જતી રહે. હોટલમાં જવું નથી, મોજશોખ કરવા નથી તો મોંઘવારી કયાં ઊભી રહે ? આમ કરો તો બેકારી પણ ભાગી જાય. બેકારી તો તમે વધારી છે. ઘરમાં રેડીયો, ટેલીવીઝન વાલી, સીનેમા - નાટક - ચેટક જોઈ, મોજશોખ કરી બેકારી વધારી દીધી છે. આજનો પરોપકાર પણ જૂઠો છે, લુચ્ચાઈ અને હરામખોરીથી ભરેલો છે. આજના પરોપકારની વાત કરનારા મોટેભાગે સ્વાર્થના પૂજારી છે. મને ખબર છે કે, મારી આ વાત જંગલમાં રૂદન છે. તમારે સાંભળવું જ નથી તમે જે રીતે દેશને સુધારવા માંગો છો તે સુધરે જ નહિ. સુધારાના નામે બગાડો થઈ રહ્યો છે. જે રીતના જીવી રહ્યા છો, જે રીતના વિશ્વશાંતિની બાંગો પોકારો છો તો પણ વિશ્વશાંતિ આવે જ - થાય જ નહિ.

■ આજે બધા ખાતા નહિ પણ બીજાને ખવરાવતા શીખ્યા હોત તો ય કામ થાત. આજે ખવરાવવું તે ય દુઃખે ! લાખો મણ મીઠાઈ વેચાય પણ વહેંચવી તે ગુનો ! આ કેવો કાયદો કહેવાય ? જમાડવામાં આજનો દુર્વ્યય થાય છે. તેવું કોને કહ્યું ?

■ ચારિત્ર એ આત્માનો પરિણામ છે દુઃખની ઝરમર ન થાય, સુખની સૂગ જીવતી રહે તેનું નામ ચારિત્ર !

■ આજના ભણતરે તમને બધું ઊંધું શીખવ્યું છે. ખોટી ભૂખ જગાડી છે કે, ગમે તે રીતે સારું સ્થાન મેળવવું છે, પૈસા મેળવવા છે, મોજશોખ - મજા કરવી છે. ગમે તે રીતે પૈસા મેળવે, મોજમજા કરે તે લુંટારા કહેવાય ને ?

■ આપણા આયંબિલમાં જે તમને ખાવા મળે છે તે દુનિયામાં ઘણા માણસોને નથી મલતું. જે લોકોને નથી મલતું તે ચલાવે છે ને ? તમે બધા સુધારી જાવ તો ઘણા બધા સુધરી જાય. આ મોંઘવારી ઘટી જાય. આજે કોઈ ચીજની સાચી અછત છે જ નહિ, બધી કૃત્રિમ છે. કાળા બજારમાં શું શું નથી મળતું ? બધું જ મળે છે ને ? અનાજની કૃત્રિમ તંગી કરી આ દેશને માંસાહારી બનાવવો છે. પણ તમને મારી વાત તો ગાંડા જેવી લાગે છે ને ?

■ સાધુ સહાયક ખરા પણ શેમાં ? સંયમમ તમારી અસંયમની કારવાઈમાં સહાયક નહિ જ. સંસારની બધી પ્રવૃત્તિ અસંયમની જ છે. તેમાં સહાય સાધુની ન જ મળે. કદાચ કોઈ સાધુ તમારો 'ભગત' બની આપે તો શ્રાવક જ કહે કે 'અમારે જોઈએ જ નહિ.'

■ શ્રી નવકાર મહામંત્ર પાપના ક્ષય માટે જ ગણવાનો છે નહિ કે દુઃખના ક્ષય માટે, નહિ કે દુન્યવ સુખની પ્રાપ્તિ માટે.

■ લોભ ગમે તે અવિરતિ છે અને લોભાદિ ગમે તે પણ ગમે તે મહામિથ્યાત્વ છે.

■ સાધુથી, સંસારી જીવ સંસારમાં દોડ દોડ કરે તેના માનપત્ર ન થાય, વખાણ ન થાય, ફૂલનો હાર ન પહેરાવાય ! સારામાં સારી દુનિયાદારીને શ્રીમંત સાધુને મન કેવો ?

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (ડાભાસાવળ)
ઠે. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 2001

કષાયની પ્રબળતાનું ફળ

જીવો કસાય કલુસો,
ચઉગઇ સંસાર સાયરે ઘોરે ।
ભિન્નં વ જાણવત્તં,
પૂરિજ્જઇ વાવ સલિલેણ ॥
(શ્રી સંવેગ રંગશાળા, ૭૨૭૭)

કષાયથી કલુષિત - વ્યાપ્ત બનેલો જીવ, ચાર ગતિ રૂપી ભયાનક સંસાર - સાગરમાં ભાંગી ગયેલા જહાજની જેમ પાપરૂપી પાણીથી પૂરાય છે. અર્થાત્ સંસાર સમુદ્રમાં ડૂબી જાય છે. તેનું કારણ કષાયની આધીનતા છે.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाए

વર્ષ ૧૩ અંક ૩૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

આત્મ સંવેદના

પ્રેષિકા : અ.સૌ. અનિતા આર. પટ્ટણી - મ લેગાંવ

o હે આત્મન્ ! દશ દશ દ્રષ્ટાન્તે દુર્લભ અને દેવોને પણ દોહિલો એવો આ મનુષ્ય જન્મ મલ્યો, તે પણ આર્યદેશ, આર્યજાતિમાં, તેમાંય જૈનકુલ અને જૈન જાતિમાં તે પણ એવા ક્ષેત્રમાં જ્યાં મનોહર શ્રી જિનમંદિરો છે, સુસાધુઓનું આગમન છે, સાધર્મિકોનો સહવાસ છે, પુણ્યયોગે પાંચે ઈન્દ્રિયો પરિપૂર્ણ અને પોતપોતાનો વિષય ગ્રહણ કરવામાં પટુ મલી છે, શરીર પણ રોગરહિત મલ્યું છે, સદ્‌ગુર્વાદિનો સુયોગ સાંપડ્યો છે, જિનવાણી શ્રવણની તક મળી છે, થોડી ઘણી શ્રદ્ધાનો દાવો કરે છે, જીવનમાં શકય વ્રત - નિયમાદિનું આચરણ પણ કરે છે પણ જો સ્વાભાવ સંમુખ નહિ બને અને વિભાવ વિમુખ નહિ બને, આત્મ સ્વભાવને પેદા કરવા આપ્તસુ અને બેદરકાર બનીશ તો નુકશાન તને થશે. દુનિયાનું નુકશાન કદાચ ભરપાઈ કરીશ પણ આત્માને જે નુકશાન થશે તે ભરપાઈ કરી શકીશ ખરો ? તો આત્મિક નુકશાનથી બચવા તારા જીવનને તું સદ્‌ગુણોથી નંદનવન સમાન બનાવ. જેથી તારી ભાવિ ગતિ ભદ્રંકર બને !

o હે આત્મન્ ! આ જીવન માત્ર વન નથી પણ ઉપવન અને નંદનવન પણ બની શકે છે. તું જ તારા જીવનનો માલી બન. તું જ સર્જનહાર છે, તું જ સંહારક છે. અનાદિકાળથી વાસનાનું જે વળગણ વળગ્યું છે, તને વિકારી - વિલાસી બનાવે છે તેને શમાવવા જિનવાણી શ્રવણ જરૂરી છે જે વિરાગી બનાવી, વાસનાના ઘોડાપુરને ખામશે. ઓ મારા પ્રાણપ્યારા પ્રિતમજી આતમ રાજા ! અનાદિની વિષય - કષાયની આગ, જીવન બાગને રાખ ન બનાવે, વેર - વાસનાના તોફાન જીવનબાગને અસ્તવ્યસ્ત કે વેર વિખેર ન કરે માટે તમે સાવધ બનજો. મહાપુણ્યોદયે પ્રાપ્ત સુદેવ - સુગુરુ - સુધર્મના સાન્નિધ્યે સદાચાર - સહનશીલતાદિ સદ્‌ગુણોનો વિકાસ સાધી જીવનને નંદનવન બનાવજો.

o હે આત્મન્ ! આજ સુધી તે પારકી પંચાત કરી કરીને, પુદ્‌ગલના મોહમાં મૂંઝાઈને, પુદ્‌ગલની આસકિત વધારીને તે તારી જાતનું ઘણું જ નુકશાન કર્યું. પુદ્‌ગલના સંગે સંગી અને રંગે રંગી બની તું સ્વાર્થી બની ગયો. પરમાર્થની વાતો કરવા છતાં પણ પરમાર્થી બન્યો નહિ. તે માત્ર તારા જ સુખ - દુઃખનું સ્વપ્ન પણ તને ન આવ્યું. તે માત્ર તારી જ અનુકૂળતા વિચારી. પણ હું બધાને અનુકૂળ બનું તેવો વિચાર હૈયાના કોઈ ખુણામાં પણ ન આવ્યો. તે જ આવી વૃત્તિથી જીવનમાં હાથે કરીને અસમાધિ - અશાંતિ ખરીદી તેમાં કોનો વાંક ! જો તારે હવે જીવનમાં સાચાં સુખ - શાંતિ અને સમાધિનો અનુભવ કરવો હોય તો બીજાના દુઃખને દૂર કરવા અને દુઃખને સુખમાં પલટાવવા તારા સુખનો ત્યાગ કર, સમર્પણની ભાવના કેળવ અને દુઃખનો સ્વીકા કર. તારા જીવનમાં સદૈવ સુખનો સોનેરી સૂરજ ઉગશે ાવી દશાને પામવા અંતરમાં ઉદારતા, હૈયામાં હામ - હિમત અને દિલમાં દિલાવરતા કેળવ. જીવન સુખસમાધિથી છલકાઈ ઠશે.

o આજના ટી.વી. અને ઈન્ટરનેટન જમાનામાં દુનિયાના કોઈપણ ખૂણે ખાંચરે બનેલા સમાચાર ણવારમાં તું જાણી લે છે પણ તારા અંતરમાં શું છે તે જાણે છે ખરો ? દુર્વાસનાઓ આસુરીવૃત્તિનો રાવણ તારા હૈ ામાં છે કે સદાચારનો રક્ષક દૈવીવૃત્તિનો રખેવાળ રામ તારા હૈયામાં વસે છે ? તું તારી જાતને જો. સદાચારની સુવાસ છે દુરાચારની દુર્ગંધ છે ? જગતને જાણે તે જ્ઞાની નથી પણ જાત ે જાણે તે જ સાચો જ્ઞાની છે ?

o ઓ મારા પ્યારા પ્રીતમજી ! આજ ા વૈજ્ઞાનિક સાધનોથી બધાના અંતર ઘટયા, બધા નજીક આ યા તેમ કહે છે. પણ દિલ અને હ્રદયથી નજીક આવ્યા છીએ ? અંતર ઘટયું છે કે વધ્યું છે ? દિલ અને હ્રદયની નિકટતા જ ંતરને ઘટાડે છે. આત્માને સારો બનાવે છે.

o ઓ મારા કામણગારા કાનુડા ચેતનરાજ આ સંસાર તો દુઃખ અને દર્દનું સ્થાન છે. ડગલે પગલે વેદના ી વ્યથા છે. દુઃખ - દર્દ દુનિયામાં છે. તો ડોકટર અને દવા પણ છે. જે માણસ પરિસ્થિતિની વાસ્તવિકતા વિચારતો - સ્વ કારતો નથી તે દુઃખી જ થવા સર્જાયો છે. કર્માધીન જીવનમાં ર ાવતી નાની - નાની વિપત્તિઓ, ગેરસમજો, ખોટી મોહજન્ય ઈચ્છાઓ, પરસ્પરને સમજવાની વૃત્તિનો અભાવઃ ભયાનક રૂપ ધારણ કરી જીવનને ચિનગારી ચાંપે છે. જે જીવન જ્યોતિરૂપ બનાવવાનું તેમાં જ્વાલાઓ પ્રગટાવે છે. જે ર ા - પરની શાંતિને હણી નાખે છે. માટે ચેતનરાજ ! ાવધ બનો પરિસ્થિતિને પલટાવવાની તાકાત નથી પણ અ ણા મનને ફેરવવાની તાકાત આપણામાં જરૂર છે. માટે મ નને મક્કમ બનાવી, પરિસ્થિતિનો સામનો કરવાને બદલે સ ન કરવાનું શાણપણ વાપરો, જીવનમાં સત્ - સત્ત્વ ફોરવો થી દુઃખનાં દરિયામાં કે વિપત્તિઓની વણઝારમાં પણ અચલત - સ્થિરતા આવે સ્થિરતા કદાચ મેરૂ જેવી ન આવે તો પણ હિ ાલય જેવી તો પામવી જ છે. વિપત્તિને - પરિસ્થિતિને સહ સ્વીકારી, મજેથી સહન કરવાની કળા હસ્તગત કરવી છે થી વિપત્તિ સંપત્તિની સ્વયંવરમાળા બની જાય. તે માટે સુદેવ સુગુરુ અને સુધર્મનું સાચા ભાવે શરણું સ્વીકારવું છે. અનાથ એ ા આપણા

અનુસંધાન ટાઈટલ - ૩

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા રૂજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ વાય ચ

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢક (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ હેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખ લાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુ કા (થાનગઢ)

વર્ષ : ૧૪) સંવત ૨૦૫૭ વૈશાખ વદ ૧૪ મંગળવાર તારીખ ૨૨-૫-૨૦૦૧ (અંક ૩૮ / ૩૯

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦ પરદેશ વાર્ષિક રૂા. ૧૦૦ પરદેશ આજીવન રૂ. ૬૦૦૦

પર્યાવરણવાદીઓમાં છાણની ઘેલછા

- લેખક : અકલંકી

પરમતારક શ્રી અરિહંત પરમાત્માનું શાસન લોકોત્તર શાસન છે. આવા શાસનની પ્રાપ્તિ જેને થઈ તે ધન્યાત્મા છે એ શાસનની આરાધના - પ્રભાવના - રક્ષા કરનારની ધન્યતા તો વિશાળ એવા આકાશને પણ આંબી જાય તેવી છે. આવા ગૌરવવંતા પુણ્યાત્માઓથી જ જૈન શાસન ચાલવાનું છે ચમકતુ રહેવાનું છે.

લોકોત્તર શાસનના સિદ્ધાંતો અને માન્યતાઓ અબાધ્ય અને અનુપમ કોટીની છે એને અનુસરીને જ જેઓ શાસનની આરાધના પ્રભાવના - અને રક્ષા કરે છે તેઓ અનેકાનેક આત્માઓને સંસાર સાગરથી તારવા સાથે પોતે પણ તરી જાય છે.

લોકોત્તર શાસનના સિદ્ધાંત અને માન્યતાઓ અલગ હોય છે અને લૌકિક માન્યતાઓ જુદી કોટીની હોય છે એ બન્નેની ભેદ રેખા સમજી શકે તેજ જૈન શાસનની સાચી આરાધના - પ્રભાવના અને રક્ષા કરી શકે છે. એ બન્નેની ભેદ રેખા જુદા સમજનારા જૈન શાસનમાં મોટા વિષમવાદ ઉભો કરનારા બને છે અને એના જ કારણે જૈન શાસનમાં વિવાદો-વિષમવાદો અને સંઘર્ષો પૈદા થાય છે.

ગ્રહણ - સૂતક વગેરેના વિવાદો એના જ કારણે વર્ષોથી થયેલા જૈન શાસનમાં ચાલી રહ્યા છે. સૂર્ય - ચંદ્રના ગ્રહણ વખતે શું કરવાનું શાસ્ત્રમાં વિધાન કર્યું છે. એમાં જિનમંદિર ગ્રહણ વખતે બંધ રાખવાનું વિધાન કર્યું નથી છતા કેટલાકો જિનમંદિર ગ્રહણ વખતે બંધ રાખવાના આગ્રહી બન્યા છે. અને કેટલેક ઠેકાણે જિનમંદિરો બંધ રાખવાની પ્રવૃત્તિઓ ચાલી પડી છે. તેનું કારણ એ જ છે કે ઈતરોને ત્યાં પોતાના મંદિરો બંધ રાખે છે એ લૌકિક માન્યતા આપણે ત્યાં કેટલાકો દ્વારા અપનાવાઈ છે. જે લોકોત્તર શાસનમાં શાસ્ત્ર માન્ય નથી એને જ કારણે જૈન શાસનમાં વિવાદ અને વિખવાદ કેટલાક વર્ષોથી ચાલી રહ્યા છે. વર્તમાનમાં પણ પર્યાવરણવાદીઓ જૈન શાસનમાં છાણની બાબત માં લૌકિક માન્યતા અપનાવીને જિનમંદિરમાં પણ છાણના લીંપણ કરાવવા સુધી પહોંચી ગયા છે. કોઈ કોઈ કે વિષયમાં જૈન શાસને પણ લૌકિક માન્યતાને અપનાવી છે પણ તે કયાં સુધીની ? તે પણ સમજવાની અત્યન્ત આવશ્યક છે.

જેમ ગોમૂત્રને લોકો પવિત્ર માને છે જૈન શાસનમાં તેની પવિત્રતા અપનાવી તે એટલા જ પુરતી કે કોઈ સાધુ-સાધ્વી કાલ કરે ત્યારે ઉપાશ્રયમાં પવિત્રતાનું સમ્પાદન કરવા માટે શબને લઈ ગયા બાદ ગો મૂત્રના છાટણા વગેરે કરાય છે બાકી ગોમૂત્ર લૌકિક દૃષ્ટિએ પવિત્ર મનાતું હોવા છતા મંદિરાદિની શુદ્ધિ પાણી દુધાદિથી જ કરાય છે. પણ ગોમૂત્રથી નહીં. પ્રભુજીનાં પ્રક્ષાલાદિમાં પણ ગોમૂત્રનો ઉપયોગ કરાતો નથી. પરંતુ દુધ-પાણીનો ઉપયોગ કરાય છે.

૩૩ કરોડ દેવોનો વાસ ગાયના પુછડામાં હોય છે એવી લોકોની માન્યતા હોવાના કારણે લોકો ગાયને પવિત્ર માને છે અને એનું મૂત્ર - છાણ ને પવિત્ર માને છે જૈન શાસનની એવી માન્યતા નથી જૈન શાસનની દૃષ્ટિએ ભેંસ વગેરેને પવિત્ર માની નથી જૈન ગાય કે ગોવંશ પણ પવિત્ર મનાયા નથી. બધા પોતપોતાના કર્મોથી જન્મ્યા છે અને જીવે છે તેથી તેના ગોમૂત્ર પણ પેશાબ રૂપ દુર્ગન્ધમય પદાર્થ જ છે અને છાણ પણ વિષ્ટા રૂપ દુર્ગન્ધમય પદાર્થ જ છે તેથી એ પવિત્ર મનાતા નથી દુધ પવિત્ર મનાય છે માટે અરિહંતપરમાત્માના પ્રક્ષાલ આદિમાં તેનો ઉપયોગ થાય છે લોકો પણ તેના પીવાદિમાં ઉપયોગ કર છે એ તો પેલી મેનકા ગાંધી કે જેનું ભેજુ સુધારકતાવાદના વિચારોથી સડી ગયું છે તે જ દુધ અને દુધથી બનતી વસ્તુઓને માંસ જેવા બરોબર માને છે અને સેમીનારના શંભુમેળામાં પ્રખર પર્યાવરણવાદી મુ. હિતરૂચિ વિ. મ. મૂક બનીને સાંભળી લે છે એના કરતા તો એમની માન્યતાના ગુરૂ પંન્યાસશ્રી ચંદ્રશેખર વિ. મ. મેનકા ગાંધીની વાતનો સખત વિરોધ કરી સભાનો ત્યાગ કરનારા સારા એમ માનવુ રહ્યું.

લોકોમાં ગાયનુ દુધ પીવાની પ્રવૃત્તિ ચાલે છે એ ગંદો પદાર્થ હોવાથી ત્યારે ગોમૂત્ર ગંધો પદાર્થ હોવાથી દુધની માફક પીવાતુ નથી કોઈ બીમાર વ્યક્તિ પોતાની બીમારીને દૂર કરવા ઉપયોગ કરે એટલા માત્રથી પવિત્ર ન કહેવાય. એ તો માનવમૂત્રની માફક ગન્દુ જ હોય છે.

એમ છાણ પણ ગાયનુ લોકોની દૃષ્ટિએ ભલે પવિત્ર ગણાતુ હોય પણ જૈનશાસનની દૃષ્ટિએ ગાયની વિષ્ટા રૂપ હોવાથી ગન્દુ જ ગણાય છે પછી ભલે લોકો સુખ સગવડતા આદિ માટે ઘરાદિમાં લીપણાદિ રૂપે છાણનો ઉપયોગ કરતા હોય પણ છાણનો ઉપયોગ જિનમંદિરમાં કયારે પણ કરાતો ન હતો અને કરાય પણ નહી જ કરવામાં અરિહંત પરમાત્માની આશાતનાનું પોષ જ થાય છે. કેમ કે છાણ એ ગાયાદિની વિષ્ટા જ હોવાથી અપવિત્ર જ છે.

હાલમાં છાણની ઘેલછાવાળા પર્યાવરણવાદી એવા સાધુઓ પાકયા છે કે જિનમંદિરમાં પણ છાણનું લીપણ કરવાનો ઉપદેશ અને પ્રેરણા કરે છે. એક ગામમાં એક પર્યાવરણવાદી સાધુએ જિનમંદિરમાં છાણનું લીપણ કરાવ્યું હતું એને લોકોત્તર શાસનની માન્યતા ધરાવનારા શ્રાવકોએ સંઘના આગેવાનોને સમજાવીને એ છાણનું લીંપણ મંદિરમાંથી દૂર કરાવ્યું.

લૌકિક માન્યતાના રવાડે ચડી છાણને પવિત્ર માની અરિહંત પરમાત્માના મંદિરમાં છાણનું લીંપણ કરાવ્યું એથી એમ જણાઈ આવે છે કે પર્યાવરણવાદી સાધુઓને ખરેખર શાસ્ત્રોની સાચી જાણકારી નથી અને વ્યવહારની પણ જાણકારી નથી. જૈન શાસનમાં - શાસ્ત્રોની અંદર હીરા માણેક રતન - સોના ચાંદીના મંદિરો બંધાવવાનું વિધાન છે એ શક્તિ કે સંયોગ ન પહોચતા હોય તો નકરાણા આદિના પથ્થરના જિન મંદિરોના નિર્માણનું વિધાન છે પણ છાણના જિનમંદિરના નિર્માણનું કે એમાં લીંપણ વગેરે કરવાનું વિધાન નથી શક્તિ ન હોય તો ઝૂંપડીમાં મંદિર કરવું પણ શું થાય ? પર્યાવરણવાદીઓને ખરે જ અનેક ઘેલછાઓ વળગી છે એમાંની એક છાણની પણ ઘેલછા વળગી છે. એથી જ શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણાઓ- લીંપણ કરવા જેવી પ્રવૃત્તિઓ કરાવે છે અરિહંત પરમાત્મની ઘોર આશાતના કરાવનાર ''આર્યસંસ્કૃતિ રક્ષક જિનરત્ન'' નો એવોર્ડ સ્વીકારનાર અને મુ. હિત વિ. મ. જેને ખોટી મોટી રૂપ કર્મદાન ના પાપ કરવાનું ઘેલુ લગાડયું, તેમજ છાણનું ઘેલું પણ જેને લગાડયું એવા મુ. હિતરૂચિ વિ. મ. ના કટ્ટર ફોલર્સ ઉત્તમભાઈએ પણ પોતાના ઘર મંદિરમાં છાણનું સિંહાસન બનાવ્યું છે એના પર કાંસાની થાળીમાં ભગવાન અરિહંત પરમાત્માને બિરાજમાન કર્યા છે ઘેલછા કોઈક વાતની માનવને લાગી જાય છે ત્યારે તેના મગજમાંથી આશાતનાદિ ની વાતો અલોપ થઈ જાય છે જિનમંદિરની અને શાસનની શોભા શેમાં છે. એનો પણ ખ્યાલ આવતો નથી એઓ તો આર્યસંસ્કૃતિની રક્ષા કર્યાનો ગૌરવ હૈયે અનુભવતા હોય છે. આર્યસંસ્કૃતિની રક્ષામાં જ ઈતિ કર્તવ્યા માનતા હોય છે એમાં જ સંતોષ માનીને ચાલતા હોય છે.

કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના પિતા સિદ્ધાર્થ મહારાજાએ ''બાહ્ય કચેરી છાણાદિથી લિંપાવો'' એ પ્રમાણે પોતાના સેવકોને આજ્ઞા કરી અને સેવકોએ એ પ્રમાણે કર્યુ એ

રીતની કલ્પ સૂત્રમાં આવતી વાત ઉપર પર્યાવરણવાદી સાધુઓ કુદા કુદ કરે છે બસ બધે છાંણ લીંપાવો મંદિરમાં પણ છાણનું લીંપણ કર તો દીક્ષામંડપને પણ છાણથી લીંપાવો. ઉપધાન મંડપને પા। છાંણથી લીંપાવો ઉપાશ્રયોને પણ છાંણથી લીંપાવો જ પ કરવાની રૂમને પણ છાંણથી લીંપાવો. છાણનું ભૂત ખરેખર પર્યાવરણવાદીઓના દિમાગમાં નૃત્ય કરી રહ્યું છે. છાણ। ઘેલું લાગી ગયું છે. છાણ પવિત્ર છે બધે જ છાણનો ઉપયોગ લીંપવાદિમાં કરો-કરો ! બસ કરો જ કરો.

આના કારણે જ કલ્પસૂત્રના પાઠનો અર્થ કયા સંદર્ભમાં છે એની સમજ ''ઘણા શાસ્ત્રો ભાણી ગયા ! છતા પર્યાવરણ દીઓને નથી''. શાસ્ત્રોમાં તો ઘણી ઘણી વાતો આવે એ વાતો કયા સંદર્ભમાં છે અને કઈ વાત કયાં લગાડવી એની સા। જાણકારી હોય તોજ શાસ્ત્રોનું ભાણતર ભાણતર છે. નહિ ાર એ ભાણતર નથી. પણ જૈન શાસનમાં વિવાદજન્ય કવાયડા પાણું છે.

સિ ાર્થ રાજા ભગવાન મહાવીરના પિતા હોવા છતા રાજા છે ગ્રહસ્થ છે એઓ પોતાના વ્યવહારમાં જે કાર્યો કરાવે - કે કરે તેથી એ બધા જ કાર્યો ધર્મના કે ધર્મસ્થાનના વિષયમાં વિહિત થઈ જતા નથી.

અ તો ભગવાન મહાવીરનો જન્મ થયો એ નિમિત્તે નગરમહો ચવ કરાવવા માટે રસ્તામાં કચરાઓ સાફ કરાવો, પાણી છં ાવો તોરણ બંધાવો છાણથી બાહ્ય કચેરી લીંપાવો વગેરેની વકોને આજ્ઞા કરી એમાં બાહ્ય કચેરીને છાંણથી લીંપાવવ ની આજ્ઞા કરી છે. પરંતુ અભ્યન્તર રાજસભાને છાણથી લીંપાવવાની આજ્ઞા નથી કરી. રાજમહેલ વગેરેને પણ છા ણથી લીંપાવવાની આજ્ઞા નથી કરી કે કોઈ જિનમંદિરાદિ ધર્મસ્થાનોને પણ છાણથી લીંપાવવાની આજ્ઞા ન કરી એ તો લોક વ્યવહારની દૃષ્ટિએ બાહ્ય કચેરીને છાણથી લીંપવાનું કહ્યું છે એટલા માત્રથી ધર્મસ્થાનોમાં કે લોકોના ારો વગેરેમાં છાણથી લીંપવાનું કલ્પસૂત્રના પાઠથી વિહિત થઈ જતું નથી.

લોકોમાં છાણથી પોતાના ઘરાદિ છાણથી લીંપવાનો આગ્રહ પોતાની સગવડ ખાતર કે વિશિષ્ટ ધન ખર્ચવાની અશક્તિના કારણે કે કૃપણતાના કારણે કરતા હોય એટલા માત્રથી છાણથી લીંપણ કરવાનું શાસ્ત્રીય વિધાન થઈ જતું નથી કે ઉપાશ્રય મંદિરાદિ ધર્મ સ્થાનોમાં છાણનું લીંપણ કરો. જે કાર્ય શાસ્ત્ર હિત નથી એ કાર્યને શાસ્ત્રપાઠના ઉટપટાંગ અર્થ કરીને પ્રરૂપણા - પ્રચાર અને પ્રવૃત્તિઓ કરવી એ ખરેખર લોકોને ખોટે માર્ગે દોરનારો ઉન્માર્ગ છે. ઉત્સૂત્ર પ્રરૂપણા અને ઉત્સૂત્ર પ્રવૃત્તિઓ છે, જે સંસારમાં દુરંત દુર્ગતિઓમાં પરિભ્રમણ કરાવનાર છે. આવી પ્રરૂપણાઓ અને પ્રવૃત્તિઓથી ધર્મી આત્માઓએ છેટાને છેટા રહેવા જેવું છે. એમાં ફસાવાનું ન થાય તેની કાળજી રાખવા જેવી છે નહિતર ભવભ્રમણની પરંપરા વધી જશે.

સાધુએ પણ ગીતાર્થ બનવાની જરૂર છે. શાસ્ત્રો ભાંચી જવાનો અને શાસ્ત્રના મન માન્યા અર્થ કરવાનો કોઈ અર્થ નથી ગીતાર્થ તો તે જ થયો ગણાય કે શાસ્ત્રો ના અર્થો એદંપર્યાથ સુધી સમજીને અરિહંતપરમાત્માની આજ્ઞાને સંગત અર્થ કરતો હોય.

ગીતાર્થ બનેલો સાધુ તો ખરેખર એવો હોય કે કદાચ એનાથી શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા કે પ્રવૃત્તિ થઈ જાય, પરંતુ એને સમજાવનાર મળે તો તેની પાસે સાચુ સમજવાની તૈયારી હોય છે અને સાચુ સમજાયા પછી મિચ્છામિ દુક્કડં' દેવા પૂર્વક પોતાની મતિકલ્પનાથી થયેલ ખોટી માન્યતાનો ત્યાગ કરી જ દે. પોતાની ખોટી માન્યતાને સમજવા છતા છોડવા તૈયાર ન થાય તે ગીતાર્થ ન કહેવાય. એને તો શાસ્ત્રો મૂઢ કહે છે મૂઢ માણસ ખરે જ મિથ્યાદૃષ્ટિ હોય છે.

છાણના લીંપણ વગેરે કરવા એ શાસ્ત્ર વિહિત કાર્યો નથી જે શાસ્ત્રવિહિત કાર્ય નથી તેનો ઉપદેશ અપાય તો એમાં સાધુને પણ આરંભ સમારંભના પાપમાં પડવાનું થાય. છાણના લીંપણ વગેરે કરવામાં જે જીવોની હિંસા થાય તેનું બધુ પાપ સાધુને લાગે.

સાચુ સમજો - સાચુ સાધો
સિદ્ધિ સૌધમાં સીધાવો.

એ જ શુભ મનોકામના.

રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચન છઠ્ઠું

(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)

વિષય : ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો રાષ્ટ્રીય સ્તરે ઉજનારા ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણક મહોત્સવનો વિરોધ શા માટે ?

સ્થળ : મહા સુદ ૩ શનિવાર તા. ૨૬-૫-૧૯૭૪ બપોરના ૨-૩૦ કલાકે

પ્રવચનકાર : પ. પૂ. પરમોપકારી પરમ શાસન પ્રભાવક પરમ પ્રવચન પ્રભાવક, પરમ ગીતાર્થ, વ્યાખ્યાન વાચસ્પતિ, અવિરચ્છિન્ન તપાગચ્છ સામાચારી સંરક્ષક, સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા.**

અનંત ઉપકારી શ્રમણ ભગવાન મહાવીર મહારાજા આપણા આ અવસર્પિણીકાલના છેલ્લા શ્રી તીર્થંકર પરમાત્મા થયા. આવી અવસર્પિણી ઉત્સર્પિણી આજ સુધીમાં અનંતી થઈ અને આવી અવસર્પિણી - ઉત્સર્પિણી ભવિષમાં પણ અનંતી થવાની છે.

આ સંસારમાં એક સારી ચીજ કોઈ હોય તો શ્રી અરિહંતો અને શ્રી અરિહંત ભગવંતોનું શાસન છે. તેમની આરાધના કરનારા જે કોઈ જીવો તેની પણ સારા તરીકેની ગણત્રી થાય છે. જો આ જગતમાં શ્રી અરિહંત ભગવંતો થતા ન હોત તો જંગતનું શું થાત તેની કલ્પના કરી શકતા નથી !

આ જગતમાં શ્રી અરિહંત પરમાત્માઓ થવા છતાં, શ્રી અરિહંત ભગવંતોનું શાસન વિદ્યમાન છતાં તે શ્રી અરિહંત ભગવંતો અને શ્રી અરિહંત ભગવંતોના શાસનને ઓળખતા નથી તે જીવો અનાદિ કાલથી ભટકે છે અને અનંત કાળ પર્યંત ભટકવાના છે. જો જંગતના જીવોને પોતાની ભટકવાની હાલત સમજાય તો ભટકવા ઈચ્છે નહિ. અત્યારે આપણે જન્મ્યા તે આપણી પસંદગી મુજબને ? આપણી પસંદગી મુજબ જનમવાનું હોત, કોઈ પૂછવા આવે કયાં જનમવું છે તો જનમવાનું સ્થાન શોધી શકત ? તમને પૂછવામાં આવે તો તમે ક્યાં જનમ માંગો ? તમો કહો ને કે- મારો જનમ એવી જગ્યાએ થવો જોઈએ જ્યાં દુઃખનું નામનિશાન ન હોય, કેમકે મારાથી દુઃખ બીલકુલ ખમાતું નથી; મારે સુખ જોઈએ છે, સુખ પણ દુઃખના લેશ વિનાનું જોઈએ છે, સુખ કોઈનાથી પણ ઓછું નહિ અને મારાથી અધિક કોઈનું ન હોય તેવું જોઈએ છે; તે સુખ પણ કાયમી જોઈએ... સુખ પણ કાયમી ! અને પાછું તે સુખને મૂકીને મારે મરવાનું ન હોય.

જગતમાં આવું કોઈ સ્થાન જડત ! આજ સુધીમાં તમે આ વસ્તુનો વિચાર જ કર્યો નથી.

જેટલા સમજતા ન હોય તે કાંઈ બોલી શકે નહિ. અભવી અને દુર્ભવી જીવો, ભવી પણ જ્યાં સુધી ભારે કર્મી હોય, સમ્યક્ત્વ વમી દુર્લભબોધી બની ગયો હોય તેના હૈયામાં આ વસ્તુ જ નથી. આવું સુખ હોઈ શકે ? ના.

જે કોઈ સમજદાર હોય, વિચારશીલ હોય તે એમ જ કહેવાનો મારે દુઃખ ન જોઈએ, સુખ પણ દુઃખના લેશ વિનાનું જોઈએ, મારી પાસેનું સુખ મારાથી અધિક કોઈનું ન હોય, તે સુખ ચાલી જવાના સ્વભાવવાળું ન હોય, પાછું તે સુખ મૂકીને મારે જવાનું ન હોય.

તમારે દુઃખ જોઈએ ? જેને સમજાવીએ તો આ જ માંગે ને ? જગતમાં જન્મેલો મરે નહિ તેવું છે ? આ બધું સમજાવનાર જગતમાં શ્રી અરહિંત સિવાય કોઈ થયા નથી, થવાના નથી અને થશે પણ નહિ. આ સમજાવનાર થયા એક માત્ર શ્રી અરિહંત. અરિહંત સિવાય આ વસ્તુ જગતમાં કોઈએ કહી નથી. બીજા બધા બોલ્યા હોય તો શ્રી અરિહંતોએ કહ્યા મુજબ.

શ્રી અરિહંતો જગતમાં ન હોત તો ભવ્ય જીવોની મુશીબતો ઘણી હતી. જેમ અભવી જીવો અનાદિકાળથી જગતમાં ભટકતાં છે તેમ ભવી જીવો પણ ભટકતા હોત. સંસારમાં ભટકવામાં મઝા નથી સુખનું નામ નથી, દુઃખનો પાર નથી અને કદાચ થોડું સુખ હોય તો ભવિષ્યમાં વધારે દુઃખને માટે છે. આ વાત સમજાય તો જ શ્રી અરિહંત ભગવંતોને ઓળખવાનું મન થાય, તે પરમ તારકો એ શું ફરમાવ્યું છે તે સમજવાનું મન થાય. આવા કોઈપણ અરિહંત હોય તેમને આપણે માનનારા.

આપણે ના અવસર્પિણી કાલના અંતિમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના શાસનમાં છીએ. શાસ્ત્રકા ફરમાવે છે કે હૈયાપૂર્વક એક શ્રી અરિહંતને માને તે ાનંતા શ્રી અરિહંતોને માનનારા છે.

શ્ર. અરિહંત પરમાત્માઓએ જગતના સાચા સુખ માટે દિવાદાંડી રજૂ કરી. જેને દિવાદાંડી દેખાય તેનું જહાંજ રાધે માર્ગે જાય. સંસાર તે સાગર છે. સાગરમાં જેમ દિવાદાંડી ન હોય તો જહાજને કયી દિશામાં લઈ જવું કયાં લઈ જવું વિ. વિચાર કપ્તાન કરી શકે નહિ. દિવાદાંડી વગરનો દરિયો હોય નહિ. દિવાદાંડી વગરનો દરિયો હોય તો રાતે પણ નીકળેલા જહાજ કયાં જાય ? જહાજ પાસે હોકાયંત્ર પણ હોય. આ બધું ન હોય તો જહાજ ડૂબી જાય. તેમ આ સંસાર સમુદ્ર છે. તેમાં જેઓ શ્રી અરિહંત પરમાત્મા રૂપી દિવાદાંડી જોઈ શકે, તેમને બતાવેલા માર્ગે ચાલવા માંડે તો આ શરીરરૂપી નાવ દ્વારા સંસાર રૂપી સાગર પાર પામે. આ શરીર ડૂબાડે પણ, અને આ શરીર તારે પણ જો તેનો ઉપયોગ કરતાં આવડે તો. શરીરનો દૂરપયોગ કરી સંસાર સાગરમાં ડૂબી જાય અને સંસારમાં ભટકતો રહે તેની હાલત શી થાય ? જન્મવાનું કયાં ? જ્યાં આપણે જનમવાનું ત્યાં આપણી પસંદગી ચાલે નહિ જનમવામાં જીવ સ્વાધીન નહિ.

જીવવામાં જીવ સ્વાધીન..... (!)

સભા : જીવ ન સમજે તો સ્વાધીન થાય.

ઉત્તર : સ્વાધીન જીવન કયું ? જેને સુખમાં આનંદ નહિ, દુઃખમાં દુઃખ નહિ. સુખમાં જેને હર્ષ નહિ, દુઃખમાં જેને રોષ નહિ. આવા જીવો કેટલા મલે ?

સભામાંથી : ભગવાનના શાસનમાં બધા જ મલે, શાસનમાં આવ્યા તે જ કે બહારના પણ ? તે જ પછી શાસનમાં આવી બહારનું જીવન જીવલા માંગે તેય નહિ ને ? ના.

હું શાશ્વત જીવવાનો છું. ઘરબાર વિ. મારા માની જીવનભર તેની સજાવટ કરે તો. તમે ઘર બંગલા આદિની શું કામ સજાવટ કરો છો ? પછી નિરાંતે રહીશું એટલા માટે. નિરાંતે રહેવાની તૈયારી થાય અને મરણ આવે તો જવું પડે રમ પણ બને ને ? પછી સ્નેહીના હાથમાં ન જાય અને દુશ્મનના હાથમાં જાય તેમ પણ બને ને ?

અનંતા અરિહંતોએ કહ્યું કે- **સંસાર રહેવા જેવો નહિ, મોક્ષે જ જવા જેવું, તેનો ઉપાય સમ્યગ્દર્શન, જ્ઞાન-ચારિત્ર.**

સમજુ માણસો કહે કે - ''હે ભગવંત ! હું તા'રા શરણે છું, તારા ફળભૂત શ્રી સિદ્ધ ભગવંતોના શરણે છું, તા'રા શાસનના શરણે છું. તા'રા શાસનને સમર્પિત મહાપુરૂષોના શરણે છું. જગતમાં મારું કોઈ શરણ નથી.'' આ રીતે જગતમાં ભગવાન મહાવીર ઓળખાતા હોય, ભગવાન મહાવીર પ્રરૂપિત મોક્ષ માર્ગ જાહેર થતો હોય તો તેનો આનંદ ધર્મ પામેલાને હોય કે બીજાને ?

આ સંસાર રહેવા જેવો નથી તેમ હું જાહેરમાં બોલવા માંડુ તો બધા મારો પ્રતિકાર જ કરે ને ? જગતમાં ભગવાન મહાવીરની દાંડી પીટાવવી છે. અત્યારે નિર્વાણ મહોત્સવની વાત ચાલે છે. આપણે 'નિર્વાણ કલ્યાણક'ની વાત કરીએ છીએ. અણસમજુ જૈનો તો નિર્વાણ મહોત્સવ કહે છે.અને નિર્વાણ એટલે મરણ એવો અર્થ કરે છે.

ભગવાન મહાવીરનું શાસન ઉપર કહ્યું તેમ જાહેર થતું હોય, તેમાં સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપની વાત જાહેર થતી હોય તો તેનો આનંદ આપણને વધારે હોય કે જેને જૈન ધર્મ સાથે કાંઈ જ લાગતું વળગતું નથી તેને હોય ? ખાલી ભગવાનનું નામ જ જગતમાં ગવડાવવું છે કે ભગવાન શ્રી મહાવીર પરમાત્મા કોણ હતા તે જગતને ઓળખાવવું છે ?

આ હિન્દુસ્તાનમાં હમણાં સ્વરાજ આવ્યું. પરદેશીઓ એવી સ્થિતિ ઉભી કરીને ગયા જેનું વર્ણન ન થાય. આજે સારા માણસો મલે નહિ. આજે દુનિયાનો કોઈપણ સારો માણસ મોટી ખુરશી પર બેઠો હોય તોય તેને ચિંતા શેની ?

ભગવાન મહાવીર અને ભગવાન મહાવીરનું શાસન સમજે તેને ખુરશી છોડી દેવાનું મન થાય. તમને (શ્રાવકોને) બજારમાં જવાનું મન ન થાય. તમે જે રીતે કમાવ છો અને સુખ ભોગવો છો તેનો તમને તિરસ્કાર જાગે ! તમારા ઘરની સામગ્રી જોઈ તમને થાય અપણા જેવા મૂરખા જગતમાં કોઈ નથી.

સભા : મૂરખા બોલીને બચાવ કરવો.

ઉત્તર : સમજી ગયા..

હજી સમજ્યા નથી તેમ બોલો તો કિંમત વધી જાય.

સભા : સંસારમાં રહ્યા તો વસાવવું પડે ને ?

ઉત્તર : આ સંસારમાં જેમ બને તેમ ઓછાં જનમ કરવા પડે તેવું વસાવવું ને ? તમે તો એવું વસાવો છો કે સંસાર વધી જાય.

તમે આર્યદેશનો ઇતિહાસ જાણતા નથી. જે જે ચક્રવર્તીઓ, રાજા-મહારાજા, વાસુદેવો-પ્રતિવાસુદેવો આદિ ડાહ્યા હતા. એમાં જે પાગલ થયા તેની કિંમત નથી. તે બધા માનતા રાજ પાપ છે, પૈસો પાપ છે, સુખ પાપ છે, કમનશીબે રહેવું પડે છે. માટે જ અવસર આવે તે બધી સુખ સામગ્રીને લાત મારી અનંતજ્ઞાનીઓએ ફરમાવેલા સંયમ માર્ગે પ્રયાણ કરી પોતાનું આત્મકલ્યાણ સાધી ગયા. અને સંસારમાં ઉદાસીન ભાવે રહેવાથી પોતાની પ્રજાનું પણ ભલું કરી ગયા. જગતના જીવોનું ભલું કરવામાં સહાયક થયા. તે બધો પ્રભાવ શ્રી અરિહંત પરમાત્માઓના શાસનનો અને શાસનની જ્યાં જ્યાં છાયા પડી હોય તેનો.

આર્યદેશના મોક્ષ પ્રતિપાદી જેટલા દર્શનો તે બધા 'સુખ છોડવાનું અને દુઃખ વેઠવાનું' જ કહે છે. બધા આધ્યાત્મિક દર્શનોની આ જ મુખ્ય વાત. સૌ દર્શનો વાળા પોતપોતાની સમજ મુજબ લખે. વીતરાગના શાસનમાં તો શ્રી તીર્થંકર ભગવંતોએ પોતાના જીવનમાં જીવી, સર્વજ્ઞ સર્વદર્શી બની અને પછી જગતને મોક્ષમાર્ગ બતાવ્યો એટલે વીતરાગના શાસનની વાત જ અનોખી **''ભગવાન શ્રી મહાવીર પરમાત્મા અને તેમનો મોક્ષ માર્ગ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ જગતમાં ફેલાવે તેના જેવી અદ્‌ભૂત એકે વસ્તુ નથી.''**

જે જીવો શ્રી અરિહંત પરમાત્માના શાસનને હૈયાપૂર્વક સમજ્યા છે તેમાંના કેટલાંક ભાગ્યશાળીઓ આ અવસર્પિણીના શ્રી ઋષભદેવ સ્વામી આદિ ૨૪ શ્રી તીર્થંકર ભગવંતોના દરેક કલ્યાણકોના તપ - જપ આદિ કરવા પૂર્વક કલ્યાણકની આરાધના કરે છે. જે જીવો તે પણ નથી કરી શકતા એ લોકો વર્તમાન શાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીર સ્વામી ભગવંતના પાંચે કલ્યાણકની ઉજવણી કરે છે. અને જે જીવો આટલું નથી કરી શકતા તે ભગવાનના નિર્વાણ કલ્યાણકની આરાધના છઠ્ઠ કરી, દેવવંદન ગણવું આદિ કરવા પૂર્વક આરાધના કરે છે. પાંચ ભરત અને પાંચ ઐરાવતમાં અવસર્પિણી - ઉત્સર્પિણીનો ક્રમ છે. પાંચ મહાવિદેહમાંની ૧૬૦ વિજયોમાં કોઈને કોઈ વિજયમાં શ્રી તીર્થંકર ભગવંતો વિચરતાં હોય છે જેમ કે વર્તમાનમાં શ્રી સીમંધર પરમાત્મા આદિ વીશ શ્રી તીર્થંકરો વિચરી રહ્યા છે.

પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રમાં દરેકે દરેકે અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં ૨૪ - ૨૪ શ્રી તીર્થંકર પરમાત્માઓ થાય છે અને ખૂબી એ છે કે દરેક શ્રી તીર્થંકરના કલ્યાણક એક દહાડે આવે છે. દાખલા તરીકે આ દક્ષિણાર્ધ ભરતમાં આ અવસર્પિણીમાં શ્રી મહાવીર પરમાત્મા વિચરતા હતા તે જ વખતે બાકીના ચાર ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રોમાં પણ શ્રી તીર્થંકર પરમાત્માઓ વિચરતા હતા અને જે જે દિવસે શ્રી મહાવીર પરમાત્માના ચ્યવન - જન્મ - દીક્ષા - કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક થયા તે તે દિવસે બીજા ક્ષેત્રોમાં પણ વિચરતા શ્રી જિનેશ્વરોના કલ્યાણક થયા. એટલે એક કલ્યાણકની આરાધના કરવાથી અનંતા શ્રી અરિહંત ભગવંતોની ભક્તિ થાય. આ બધાના કલ્યાણક જગત ઉજવે તો દુઃખ હોય કે આનંદ થાય ?

આપણો ભાગ્યોદય ઘણો ઉંચો છે. બધાને શાસનના રસીયા બનાવવા જોઈએ એ વાત ખરી પણ આ કયારે બને ? ભગવાન શ્રી મહાવીર પરમાત્મા અને તેમનો મોક્ષમાર્ગ જગતમાં સાચી રીતે બતાવાય તો ને ? જે રીતે ઉજવણીકારો રજૂ કરી રહ્યા છે તેથી શાસનની પ્રભાવના થાય કે અપભ્રાજના ? શાસનની થતી અપભ્રાજના રોકવા વિરોધ કરવો પડે ને ? અમે વિરોધ કરીએ છીએ તો અમને કાંઈ વિરોધ કરવાનો શોખ નથી, વિરોધની ચળ નથી, વિરોધ કરવાથી બિલ્લો મલવાનો છે તેવું નથી. આ દુનિયાના ડાહ્યા ગણાતા અમને વિરોધ કરનારના પાગલ, ચક્રમ, મૂરખ કહે છે. વિરોધ કરનારને કેવી રીતે ઓળખાવે તેનું વર્ણન ન થાય.

આજે અમારામાંના જે લોકોને અતિથિ બનાવ્યા છે તેના કરતાં સારાને શોધ્યા હોત તો ગાડી આગળ ચાલત.

આજની સરકારને તમે ઓળખો છો. આ સરકાર પાસે ધર્મનું કામ કરાવાય એવું છે ? આજની વર્તમાન સરકારે ધર્મનું કોઈ કામ કર્યું નથી અને સઘળાંય ધર્મોમાં ડખલ કરવાની શરૂઆત કરી છે. સરકારી તંત્રના વહીવટની તપાસ માટે આજ સુધીમાં સંખ્યાબંધ તપાસ કમિટિઓ નીમાઈ અને તેના રિપોર્ટ પણ આવી ગયા. દરેકનો અહેવાલ એવો છે કે આજના રાજતંત્રનો વહીવટ દેવાળિયો છે. એ રાજતંત્રે આપણા બધાનો વહિવટ ચોકખો કરવાની મહેનત આરંભી છે. તેના માટે કાયદા ઘડયા છે. કાયદા ઘડવાથી વહીવટ ચોકખો થઈ જવાનો છે ?

પ્રવચન - અડતાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
૨૦૪૩ ભાદરવા વદિ -૧, સોમવાર, તા. ૮-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલુ

તમને બધાને પંચાંગ પ્રણિપાત કરતાં આવડે છે ? આજે મોટાભાગને પંચાંગ પ્રણિપાત કરતાં પણ આવડતું નથી અને જેને આવડે છે તે લગભગ કરતા નથી. કારણ કે, ધર્મ કરતા વખતે જરાય તકલીફ પડવી જોઈએ નહિ આવી દશાવાળા તે બધા અજ્ઞાન કોટિના જીવો કહેવાય કેમ કે તે ધર્મ કરીને પણ ઘણીવાર પાપ બાંધે છે. વિધિ કરતાં અવિધિ થઈ હોય તેની માફી માગવાની છે, પણ જે વિધિપૂર્વક કરે નહિ, વિધિ સમજાવવા છતાં ય વિધિનો આદર કરે નહિ અને અવિધિ ચાલુને ચાલુ રાખે તેને પુણ્ય બંધાય કે પાપ બંધાય ? જેને વિધિનો પ્રેમ નહિ અને અવિધિનો ડર નહિ તેનામાં ધર્મ આવે જ નહિ, તેવા જીવો તો ધર્મ પામવા પણ લાયક નથી.

ધર્મ મોક્ષ માટે જ કરવાનો છે. પણ જે જીવો સુખ પણ જળવાઈ રહે અને ધર્મ પણ થાય તેમ માને તે કદી મોક્ષના પ્રેમી બને નહિ. ધર્મ કરવા - પામવા મોક્ષની તીવ્ર ઈચ્છા જોઈએ. તેવી ઈચ્છા ન જન્મે ત્યાં સુધી તેવા જીવો ધર્મ પામવા પણ લાયક નથી. અચરમાવર્ત્ત કાળમાં અભવ્ય અને દુર્ભવ્ય જીવો તથા ભારે કર્મી એવા ભવ્ય જીવો કેટલીવાર ચારિત્ર લે છે ? નિરતિચાર રીતે પાળે છે છતાં ય ધર્મ પામી શકતા નથી. તો પછી તે બધા જીવો ધર્મ શા માટે કરે છે ? દુનિયાની સુખ-સાહ્યબી મેળવવા માટે. તેમને જેવી શ્રદ્ધા છે તેવી આજના ધર્મીને હશે કે કેમ તે શંકા છે ! તેમને ખબર છે કે- ભગવાનનો ધર્મ ભગવાનના કહ્યા મુજબ કરીએ તો જ નવમા ગ્રૈવેયક સુધીનું સુખ મળે. આજે પણ દેવ - દેવીને માનનારા દોઢ દોઢ પગે દોઢ કલાક ઊભા રહે છે ને ? તે બધા ભગવાન પાસે કેવી રીતે ઉભી રહે છે ? સંસારના સુખાદિ માટે પણ મંત્રસાધકો જે ક્રિયાઓ કરે છે તે કહ્યા મુજબ બરાબર કરે તો તેમને મંત્રાદિ સિધ્ધ થાય છે. તેમાં જો ભૂલ થાય તો મંત્રાદિ સિધ્ધ તો ન થાય પણ ઉપરથી અનર્થને પણ કરે, વખતે પ્રાણ પણ લે. તે લોકો શિયાળાની કડકડતી ઠંડીમાં સરોવરમાં ગળાબૂડ પાણીમાં ઊભા રહીને જાપ કરે છે ત્યારે મંત્રાદિ સિધ્ધ થાય છે.

આજે ઘણા જીવો ધર્મક્રિયા કેવી રીતે કરે છે ? સામાયિક કરો તો કટાસણું ન જોઈએ તો ચાલે તે વાત માનો ? ચરવળો ન હોય તો ન જ ચાલે તે વાત માનો ? આજે સામાયિક કરનારો મોટોભાગ કટાસણાવાળો તો હોય પણ ચરવળાવાળો ન હોય. આજે વિધિ - બહુમાનપૂર્વક ધર્મક્રિયા કરનારા શોધવા પડે તેમ છે. તે બધાનું મૂળ કારણ એક જ છે કે આપણને બધાને મોક્ષના સુખની જોઈએ તેવી ઈચ્છા જ થઈ નથી અને સંસારના સુખની ઈચ્છા જીવતીને જાગતી બેઠી છે ! અને સંસારના સુખ માટે જે કષ્ટો આવે તે ભોગવવાં છે પણ ધર્મ માટે જરા ય તકલીફ વેઠવી નથી તેવી મનોવૃત્તિ છે. અભવ્યાદિ જીવોને સંસારના સુખનો ઉત્કૃષ્ટ રાગ હોય છે માટે તેઓ ધર્મ સારી રીતે કરે છે. તેમ મોક્ષે જવા માટે જેનામાં ઊંચો વિરાગ હોય તે જીવ ધર્મ સારો કરે. ધર્મને સારો કરવા માટે જેટલાં કષ્ટો સહન કરવાં પડે તેટલાં કરે. આજે ઐહિક કામનાથી દેવ-દેવીઓની જેવી ભક્તિ થાય છે તેવી શ્રી વીતરાગદેવના ભક્તો પણ શ્રી વીતરાગદેવની ભક્તિ નહિ કરતા હોય !

પ્ર.- સંસારનો રાગ મોક્ષના રાગ કરતાં ચઢી જાય ?

ઉ.- હા.

આજના ઘણા બધાની શી હાલત છે ? આપણને મોક્ષ કયારે યાદ આવે છે ? નવકારવાળી ગણતાં ગણતાં નવકારવાળી પડી જાય તેમ બને ને ? આવું કેમ બને ? મોક્ષનો રાગ ત્યારે જ જાગે જ્યારે સંસારના સુખનો રાગ ભૂંડો લાગે. સંસારના સુખનો રાગ ભૂંડો લગાડવા રોજ આત્માને પૂછવું પડે કે - આ સંસારનું જે સુખ છે ખાવા - પીવા, પહેરવા, ઓઢવાનું તે કેવું છે ? આત્માનું નિકંદન કાઢી નાખનારું છે તેમ લાગે છે ? સંસારના સુખના રાગી જીવો જેટલાં પાપ કરે છે તેટલાં પાપ બીજા નથી કરતા ! મારે તમને આ સંસારનું સુખ ભૂંડામાં ભૂંડું સમજાવવું છે. જ્યાં સુધી આ સુખ ભૂંડું લાગે નહિ તો વિરાગ આવે શી રીતે ? વિરાગ હોય નહિ તો ધર્મ આવે નહિ અને આવેલો ધર્મ ટકે પણ નહિ. ધર્મમાં વૈરાગ્ય પહેલો જોઈએ.

જે જીવોને ઊંડે ઊંડે પણ ધર્મ જ ગમે છે તે જીવો ગમે તેટલું દુઃખ આવે તો પણ પોતાનો ધર્મ છોડતા નથી. મેં એવા જીવો જોયા છે જે ઘરડા થવા છતાં ય શક્તિ હોય ત્યાં સુધી બેઠા બેઠા પ્રતિક્રમણ કરતાં નથી પણ ઊભા ઊભા જ કરે છે, ખમાસમણ પણ વિધિપૂર્વક દે છે, તપ પણ છોડતા નથી, તિથિના ઉપવાસ પણ ચાલુ હોય. જ્યારે આજે તો અનુકૂળતાના જ અર્થી જીવો કામ પડે તો શ્રી સંવત્સરીના દિવસે પણ નવકારશી કરે, બીજો તપ ન થાય તેનું દુઃખ પણ નથી થતું. ઘણાને તો તિથિ પણ નથી ગમતી. બે દિ થયાને તિથિ આવી. આજે મોટાભાગના ધર્મીને તારીખ યાદ હશે પણ તિથિ યાદ નહિ હોય. તિથિ યાદ આવે તો તપ કરવો પડે અને અમારે તપ કરવો નથી તે નક્કી છે. વેપારીની જેમ જેમ શક્તિ વધે તેમ તેમ તેનો વેપાર વધતો જાય છે. તેમ આજના ધર્મ કરનારાઓનો ધર્મ દા'ડે દા'ડે વધતો જાય છે કે ઘટતો જાય છે ? જ્યારથી મુક્તિ સુખનો રાગ પેદા થાય ત્યારથી ધર્મ સાંભળવાની લાયકાત જીવમાં આવે છે.

આ સંસાર અસાર છે તેમ દરેકે દરેક ભગવાન કહી ગયા છે. ઉપદેશની શરૂઆત પણ 'असारोऽयं संसारो' થી થાય છે અને તમે બધા હા પણ પાડો છો. સંસાર અસાર એટલે શું અસાર ? સંસાર અસાર એટલે સંસારનું સુખ તે સુખનું સાધન જે સંપત્તિ તે બે ય અસાર છે આ વાત તમારા હૈયામાં છે ? જેમ જેમ પૈસા વધે તેમ તેમ તમને આનંદ થાય કે દુઃખ થાય ? મહાપરિગ્રહ તે નરકનું કારણ છે તેમ શાસ્ત્રે કહ્યું છે તે ખબર છે ને ?

પ્ર.- પરિગ્રહની મૂર્ચ્છા કે પરિગ્રહ નરકનું કારણ.

ઉ.-કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહેવાય. તમને પરિગ્રહ કેવો લાગે છે ? પરિગ્રહ ભૂંડો નથી લાગતો ને ?

આજે તમે પૈસા કેવી રીતે કમાયા તે જાતવાન હોય તે પણ બોલી શકે તેમ નથી. પૈસો મેળવવા મોટોભાગ મહાપાપ કરે છે, સગાબાપને પણ ઠગે છે, માલિકને પણ ઠગે છે અને જે કોઈ વિશ્વાસ મૂકે તેને ય ઠગે છે ને ? અને અહીં વ્યવહાર અને નિશ્ચયની વાતો કરી અમને ય ઠગે છે

હવે ગ્રન્થકાર પરમર્ષિ એ વાત સમજાવી રહ્યા છે કે, ધર્મ નહિ પામેલા માતા - પિતાદિ સંબંધી છે તે આપણને સંસારમાં ભટકાવનાર છે માટે ભયરૂપ છે. જેને મોક્ષ ગમ્યો હોય, સંસારનું સુખ ભૂંડું લાગ્યું હોય તે મા - બાપ બચી શકે અને પોતાનાં સંતાનોને બચાવી શકે. બાકી જે મા-બાપાદિ સંસારના સુખના રાગી હોય તે મોક્ષે જવા દે ખરા ? તમારે ઘેર સંતાન જન્મે તો સાકર વહેંચો છો તે શા માટે ? ઘર ચલાવનાર પાક્યો, વાંઝિયાપણાનું મેણું ટળ્યું આમ જ જવાબ આપો ને ? તેને સંસારમાં જ ફસાવો ને ? ધર્મી માણસ સંતાનને ધર્મ શીખવે કે અધર્મ શીખવે ?

સભા : તેની પાસે હોય તે શીખવે.

ઉ.- તમારી પાસે શું છે ? શ્રાવકકુળમાં શું હોય ? ધર્મ કે અધર્મ ?

આર્યદેશ - આર્યજાતિ - આર્યકુળમાં અને તેમાં ય જૈનજાતિ એ જૈનકુળમાં જન્મે તેને જ્ઞાનિઓએ મહાપુણ્યશાળી કહ્યો છે તે શા માટે ? જૈનકુળાદિમાં જન્મે તે પુણ્ય કરીને આવ્યો છે, સાધુ કે શ્રાવક થવા જનાવ્યો છે માટે. પણ આજે તમે તમારા ઘરમાં આવેલાને મોટાભાગે શ્રીમંતાઈનો ભીખારી બનાવો છો પણ ધર્મના અર્થી બનાવતા નથી ! તમારા ઘરમાં જે જન્મે તે ધર્મી થાય ને ? છોકરો સાધુ થાય તો સારું, સાધુ ન થાય તો શ્રાવક થાય અને કદાચ શ્રાવક પણ ન થાય તો પાપ ન કરે, દુનિયાના સુખનો અને પૈસાનો લોભી ન બને તે ય સારું - તેવી પણ ઈચ્છા છે ખરી ? આવી ઈચ્છા ન હોય તે બધા માતા - પિતાદિ ભયરૂપ કહેવાય ને ?

આપણા બધા શ્રી અરિહંત ભગવન્તો ક્યાં ગયા છે ? મોક્ષમાં. આપણને શું કહીને ગયા છે ? મોક્ષમાં આવવાનું કહી ગયા છે કે સંસારમાં રહેવાનું કહી ગયા છે ? શ્રી અરિહંત પરમાત્મા કોણ થાય ? જેને સંસારના સઘળાય જીવોને મોક્ષે મોકલવાની ઈચ્છા થાય તે. તેમ જેને આખા કુટુંબને મોક્ષે મોકલવાની ઈચ્છા થાય તે ગણધર થાય. સંસારનું સુખ જ ગમે તેને આવી ઈચ્છા થાય ખરી ? સુખ તમને ગમે છે કે નથી ગમતું ? સુખ સમકિતીને ગમે કે મિથ્યાત્વીને ગમે ?

પ્ર.- અવિરતિવાળાને સુખ ગમે ખરું પણ ઉપાદેય ન માને.

ઉ.- આ વાત ખરી છે. સુખ ગમે તો દુઃખ થાય છે ? તેને મેળવવા અને ભોગવવાં જેવું માનો નહિ ને ?

ક્રમશ :

હીરા માણેક રતનભાઈનો ૪૧૧ ઉપવાસનો તપ જૈન શાસનની મર્યાદાનો ગણાય ખરો ?

લેખક : મુક્તિપંથ પથિક

એ સારામાં સારૂ ચિત્ર ચિતર્યા બાદ એને કાલારંગની બોર્ડર લગાડવામાં આવે તો એ ચિત્ર સુન્દર રીતે શોભી ઉઠે છે કાલારંગની બોર્ડર વગરનું ચિત્ર શોભતું નથી ઉલ્ટાનું બેહુદું લાગે છે. દરેક ધાર્મિક કે સામાજીક કાર્યોમાં તથા માનવ સમાજમાં કે ધાર્મિક સમાજમાં મર્યાદા કાલારંગની બોર્ડરનું કામ કરનારી છે મર્યાદાઓનો ભંગ કે ઉલ્લંઘન કરવામાં આવે તો એ ધર્મ અને સદાચારનો વિનાશ કરનાર થાય છે.

જૈન શાસનની પણ અનેકાનેક મર્યાદાઓ છે જૈન શાસનના જે કાર્યો કરવાના છે તે પણ મર્યાદાઓને અનુસરીને જ કરવાના છે. મર્યાદાઓ શાસ્ત્રોમાં શાસ્ત્રકારે એ તથા પૂર્વાચાર્યોએ શાસ્ત્રોનો બાધ ન થાય તે રીતે નિશ્ચિત કરેલી છે એ મર્યાદાઓનો ભંગ કરનારા જૈન શાસનને ભયંકર નુકશાન પહોંચાડનારા બને છે.

શ્રી હીરા માણેક રતન નામના એક ભાઈએ જે ૪૧૧ ઉપવાસ કર્યા છે તેમણે જૈનશાસનની મર્યાદાનો ભંગ કર્યો છે તથા પં. શ્રી ચંદ્રશેખર વિ. એ એના ઉપવાસ પારણાના પ્રસંગે નિશ્રા આપીને અને એના તપને આ શ્રી જયઘોષ સૂ. એ અનુમતિ આપીને એમણે પણ જૈન શાસનની મર્યાદાનો ભંગ કર્યો છે.

તીર્થંકર ભગવન્તોએ જેટલા ઉપવાસનો તપ કર્યો હોય તેટલા જ ઉપવાસ કરવાનું જૈન શાસનમાં વિધાન છે ઋષભદેવ ભગવન્તો ૧ વરસનો તપ કર્યો એથી એમના શાસનમાં ૧ વર્ષનો તપ કરવાનો હોય છે સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા એટલોજ તપ કરી શકે એનાથી વધારે ન કરી શકે.

શ્રી અજિતનાથ આદિ ૨૨ તીર્થંકર ભગવન્તોએ ૮ મહીનાનો તપ કર્યો એથી એમના શાસનમાં ૮ મહીનાનો જ તપ કરાય.

તેમજ ભગવાન મહાવીર દેવાધિદેવે ૬ મહીનાનો તપ કર્યો (૧૮૦ ઉપવાસ કર્યા) એથી ભગવાન મહાવીર દેવાધિદેવના શાસનમાં ૬ મહીનાનો (૧૮૦ ઉપવાસનો) તપ કરવાનું વિધાન છે તેનાથી વધારે તપ કરાય નહીં એનાથી વધારે તપ કરનારો જૈન શાસનની શાસ્ત્રીય મર્યાદાનો ભંગ કરનારો છે.

શ્રી હીરા માણેક રતનભાઈએ તથા પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. કુતર્ક દ્વારા અને આ. શ્રી જયઘોષ સૂ. મ. કરેલાં ૪૧૧ ઉપવાસને માત્ર શાસ્ત્રનું નામ અને ગાથાઓના નંબરો આપીને વ્યાજબી ઠરાવવાનો પ્રયાસ કર્યો છે જે ૪૧૧ ઉપવાસનો તપ શાસનની શાસ્ત્રીય મર્યાદા પ્રમાણેનો નથી છતા શાસ્ત્રીય મર્યાદા પ્રમાણેનો છે એવી લોકોમાં ભ્રમણા પેદા કરનારને છે.

પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. દૈનિક પેપરમાં હીરા માણેક રતનભાઈના ૪૧૧ ઉપવાસને આ. શ્રી જયઘોષ સૂ. મ. ની અનુમતિ દર્શાવતા જણાવ્યું કે આ. શ્રી જયઘોષ સૂ. મ. ની અનુમતિ મંગાવતા તેમણે જણાવ્યું કે વ્યવહારસૂત્ર ૧ ઉદ્દેશો અને નીશિથ સૂત્રની ૨૦, ગાથા ૬૬૧૪ થી ૬૬૭૨ વચ્ચેની ગાથાઓના આધારે હીરા માણેક રતનભાઈના ૪૧૧ ઉપવાસ માન્ય છે.

પરન્તુ પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. તથા આ. શ્રી જયઘોષ સૂ. મ. સ્પષ્ટ કોઈ પાઠ આપ્યો નથી માત્ર વ્યવહારસૂત્રનો ઉદેશો અને નીશીથ સૂત્રના માત્ર ગાથા નંબરો આપી ૪૧૧ ઉપવાસને માન્યતા આપી તે કોઈ રીતે ઉચિત કર્યું નથી ૬ મહિના (૧૮૦) ઉપવાસથી વધારે ઉપવાસ કરી શકાય છે. એવો સ્પષ્ટ પાઠ આવો જોઈતો હતો માત્ર શાસ્ત્રના નામ કે ગાથાઓના નંબર આપવાથી કોઈ વાતની સિદ્ધિ થઈ શકતી નથી.

ભગવાન મહાવીર દેવાધિદેવના શાસનમાં ૬ મહીનાથી વધારે તપ થઈ શકે એવુ વિધાન કરનાર કોઈ પાઠ નથી.

માટે આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મ. રચેલ પંચાશક પ્રકરણ નામના ગ્રન્થમાં -

આહ ચ "तवहेउ चउत्थाद जाव य छम्मासिओ तवो होई

આ શાસ્ત્ર પાઠથી એક ઉપવાસથી માંડી યાવત્ ૬ મહીનાના ઉપવાસ કરવાનું જણાવ્યું છે એનાથી વધારે ઉપવાસ કરવાનું જણાવ્યું નથી માટે આ. શ્રી જયઘોષ સૂ. તથા પં. ચંદ્રશેખર વિ. મ. હીરા માણેક રતનભાઈના ૪૧૧ ઉપવાસને અનુમતિ આપી એ શાસ્ત્રવિરૂધ્ધ છે અને શાસન મર્યાદા બહાર છે શાસ્ત્ર - શાસનમર્યાદાને અનુરૂપ નથી.

હીરા માણેક રતન તથા આ. શ્રી જયઘોષ સૂ. અને પં. શ્રી ચંદ્રશેખર વિ. વગેરે એવાજ તર્કમાં રાચી રહ્યા છે કે ભગવાન મહાવીરના ઉપવાસ પાણી વગરના નિદ્રા વગરના બેઠક વગરના ઈત્યાદિ રૂપે હતા આવા ઉપવાસ તીર્થંકર જ કરી શકે બીજા કોઈ ન કરી શકે. હીરા માણેક રતનભાઈના ઉપવાસ ભગવાન મહાવીર જેવા ન હતા એથી એઓના ૪૧૧ ઉપવાસ કરવામાં વાંધો નથી આવો એમનો તર્ક પણ કુતર્કમાં જ પરિણામ પામે છે પંચાશક પ્રકરણ ગ્રન્થના પાઠનો ૬ મહીના સુધીના ઉપવાસ કરવાનું જણાવ્યું છે પણ ભગવાન મહાવીર જેવો પાણી વગરના, નિદ્રા વગરના, બેઠક વગરના વગેરે વિશેષણવાળા ઉપવાસ કરવાનું જણાવ્યું નથી માત્ર એક ઉપવાસથી યાવત્ ૬ મહીના સુધીના (૧૮૦) ઉપવાસ કરવાનું જણાવ્યું છે એથી એ નિશ્ચિત થાય છે કે મહાવીરના શાસનમાં ૬ મહીનાનો જ ઉત્કૃષ્ટ તપ (૧૮૦ ઉપવાસ) જ થઈ શકે એનાથી વધારે ન કરી શકાય. પાણી પીવા પૂર્વકના કે ઉંઘ લેવા પૂર્વકના પણ ૬ મહીનાથી વધારે ઉપવાસ ન જ કરી શકાય અને જો કરે તો તે જૈન શાસનની શાસ્ત્રીય મર્યાદાનો ભંગ કરનારો છે.

મહાવીર ભગવાનના શાસનના ઈતિહાસમાં ચતુર્વિધ સંઘમાંથી કોઈએ પણ ૬ મહીના કરતા વધારે ઉપવાસ કર્યાનું કોઈ દૃષ્ટાન્ત નથી છેલ્લા આ. શ્રી હીર સૂ. મ. ના વખતમાં સુશ્રાવિકા ચંપાબાઈએ ૬ મહીનાના ઉપવાસ કર્યા હતા એનાથી ૧ ઉપવાસ પણ વધારે કર્યો ન હતો ધારત તો ૬ મહીના ઉપર એક ઉપવાસ પણ વધારે (૧૮૧) ઉપવાસ કરી શકત. ન કરી શકત એવું ન હતું પણ ભગવાન મહાવીરે ૬ મહીના (૧૮૦) ઉપવાસનો જ તપ કર્યો હતો એમના તપથી વધારે તપ ન કરાય એવી એમની શાસ્ત્રીય માન્યતા હતી ભગવાન મહાવીર કરતા વધારે તપ કરવાથી ભગવાન મહાવીર દેવાધિદેવ કરતા પોતાની જાતને ઉચ્ચ કક્ષાની દેખાડવાનું થવાથી ભગવાન મહાવીરની આશાતનાનું પાપ પણ લાગે એવું પણ માનતા હતી ૬ મહીનાના ઉપવાસને પારણે ૬ મહીનાના ઉપવાસ કરો એમાં વાંધો નથી પણ ૬ મહીના ૧૮૦ ઉપવાસથી વધારે લાગટ ઉપવાસ કરી શકાય નહી.

જૈન શાસનમાં શાસ્ત્રીય મર્યાદા છે કે કોઈ ભવ આલોચના આદિ લેવા આવે ત્યારે તેને તપનું પ્રાયશ્ચિત આપવાનું હોય ત્યારે ૬ મહીના (૧૮૦ ઉપવાસ) થી વધારે તપ પ્રાયશ્ચિત ન આપી શકાય. કેમકે ભગવાન મહાવીરના શાસનમાં ૬ મહીનાના તપનું વિધાન છે એનું પણ એજ કારણ છે કે ભગવાન મહાવીરદેવનો ૬ મહીનાનોજ તપ છે અર્થાત્ ભગવાન મહાવીરે ૬ મહીનાનો જ તપ કર્યો છે તેથી વધારે એક ઉપવાસ પણ કર્યો નથી.

તેમજ સવારના પ્રતિક્રમણમાં તપ ચિંતવણીનો કાઉસ્સગ કરવામાં આવે છે ત્યારે કાઉસ્સગ્ગનો પ્રારંભ એ પ્રમાણેજ કરાય છે કે ભગવાન મહાવીરે ૬ મહીનાનો તપ કર્યો, (હે ચેતન) તુ કરીશ ? ભગવાન મહાવીરે ૬ મહીનાનો તપ કર્યો હે ચેતન તુ કરીશ એ પ્રમાણે જ તપ ચિંતવણી કાઉસ્સગ્ગનો પ્રારંભ કરાય છે ૫૦૦ કે હજાર ઉપવાસ કરીશ એ પ્રમાણે કાઉસ્સગનો પ્રારંભ કરાતો નથી કેમકે ભગવાન મહાવીરદેવના શાસનમાં ૬ મહીનાના તપનીજ મર્યાદા છે.

માટે જ હીરા માણેક રતનભાઈના ૪૧૧ ઉપવાસના તપને જૈન શાસન માન્યતા આપતું નથી તો પછી આચાર્ય શ્રી જયઘોષ સૂ. આદિ સાધુઓથી એના તપને માન્યતા કઈ રીતે આપી શકાય ? શાસ્ત્ર વિરૂદ્ધ માન્યતા આપવાના કારણે શાસન મર્યાદાનો ભંગ કરવાના પાપના ભાગીદાર બને ખરા કે નહી ?

જૈનશાસનમાં ભગવાન મહાવીરે જેટલો તપ કર્યો એટલો તપ કરવાનું વિધાન છે પરન્તુ ભગવાન મહાવીરે જેવો તપ કર્યો એવો તપ કરવાનું કોઈ શાસ્ત્રમાં વિધાન નથી તીર્થંકર ભગવન્તો જેવો તપ તો તીર્થંકર જ કરી શકે બીજા કોઈની ગુંજાયસ હોતી નથી.

હીરા માણેક રતનભાઈના ૪૧૧ ઉપવાસની ઉજવણી પં. ચંદ્રશેખર વિ. મ. ની નિશ્રામાં થઈ તે પણ શાસ્ત્રાજ્ઞા વિરૂદ્ધ શાસન મર્યાદા બહારનુ કામ થયુ છે

અનુસંધાન પાના નં. ૬૧૪

॥ श्री प्रेम - रामचंद्र सद्गुरुभ्यो नमः ॥

प. पू. तपस्वी आचार्यदेव श्रीमद् विजय कमलरत्नसूरीश्वरजी महाराजा की शुभनिश्रा में

राजस्थान की धन्य धरा पर एक ही वर्ष में हुई पांच मुमुक्षु ओ की दीक्षा

❖ मुमुक्षु ❖

खुमचंदभाई कपूराजी सिरोडीवाला

❖ मुमुक्षु ❖

विकासकुमार प्रकाशचंदजी संघवी, पिंडवाडा

यानी ३१ वर्ष के बाद पिंडवाडा के नवयुवक की सर्व प्रथम दीक्षा

❖ मुमुक्षु ❖

कु.शालिनीबेन अमृतलालजी महेता, पिंडवाडा

❖ मुमुक्षु ❖

कु. सोनमबेन पारसमलजी, पिंडवाडा

❖ मुमुक्षु ❖

लक्ष्मीबेन संतोकचंदजी, पिंडवाडा

पांच मुमुक्षुओ की भागवती दीक्षा का संक्षिप्त परिचय

दिव्यकृपा

प. पू. सिद्धांत महोदधि आचार्य दे. श्रीमद् प्रेमसूरीश्वरजी महाराजा

प. पू. सुविशाल गच्छाधिपति आ. दे. श्रीमद् विजय रामचंद्र सूरीश्वरजी महाराजा

सौजन्य

संघवी धर्मचंदजी किस्तुरचंदजी परिवार	-	पिंडवाडा
अमृतलालजी चुनीलालजी मेहता	-	पिंडवाडा
छोटालालजी छगनलालजी सादरीया परिवार	-	पिंडवाडा
संतोकचंदजी हीराचंदजी मरडीया परिवार	-	पिंडवाडा

१. वीर सैनिक मुमुक्षु खुमचन्दजी की भागवती दीक्षा

(विक्रम संवत् २०५६ मगसर वद ९)

आबू पर्वत की तलहटी अनादरा से आठ किलोमीटर की दूरी पर सिरोडी गॉव है, वहां वीर सैनिक खुमचंदजी कपूराजी एक भद्रिक धर्मानुरागी, सदाचार संपन्न सद्गृहस्थ रहते थे। जिन्होंने अपने पांच सुपुत्रो में से बडे पुत्र अल्केशकुमार (वर्तमान में मुनि श्री दानरत्न विजयजी) को करीब सात वर्ष पूर्व अपने दीक्षा बडे धामधूम से दिलाकर स्वयं विक्रम संवत २०५६ मगसर वद ९ दिनांक १-१२-९९ को रमणीया (राजस्थान) के धन्य धरा पर दीक्षित बने।

दीक्षा महोत्सव एवं उपधान महोत्सव में मगसर वद ६ दि. २५-११-९८ को अढारह अभिषेक श्रीसंघ के तरफ से, मगसर वद ७ दि. २९-११-९९ को १०८ पार्श्वनाथ महापूजन छगनलालजी मुणोत के तरफ से, मगसर वद ८ दि. ३०-११-९९ को दलीचंदजी मुणोत के ओर से, प्रभुजी के वरघोडे (रथयात्रा) के साथ वर्षीदान यात्रा (वरघोडे) का प्रारंभ हुआ। रथ मोकलसर से मंगाया गया। दलीचंदजी के घर पर प्रवचन एवं गुरुदेव को दलीचंदजी मुणोत परिवार ने गुरुदेव को कंबल वहोराई।

मुमुक्षु खुमचंदजी को संयम के उपकरण के चढावों का लाभ लेनेवाले भाग्यशाली

(१) ओघा - शा जुगराजजी सुखराजजी - दांतेवाडिया
(२) कांबली - शा बाबुलालजी सरेमलजी - मुणोत
(३) मात्रा - चंदनमलजी चंपालालजी - बालड
(४) चोलपट्टा - नेमीचंदजी भरतकुमार - श्रीमाल जोटा
(५) दंडा - लक्ष्मीचंदजी पूनमचंदजी - मोकलसर
(६) पाथारा - भंवरलालजी गौतमकुमारजी - श्री श्रीपाल
(७) पोथी - अमीचंदजी जेरुपजी - भवरानी
(८) नाम जाहेर करने का - शा मोहनलालजी सुकराजजी पालरेचा
(९) गुरुपूजन - प्रकाशकुमार मानमलजी - पालरेचा.

प. पू. गुरुदेव आ. भ. श्रीमद् विजय कमलरत्नसूरीश्वरजी म. सा., प. पू. आ. भ. श्रीमद् विजय अजितरत्नसूरीश्वरजी म. से खेडबह्मा में दीक्षा का शुभमुहूर्त मुमुक्षु खुमचंदजीने ग्रहण किया.

प. तपस्वी आ. दे. श्रीमद् **विजय कमलरत्नसूरीश्वरजी म. सा.** की शुभाज्ञा से रमणीया (राजस्थान) की धन्य धरा पर (सिरोडी निवासी) मुमुक्षु खुमचंदजी कपूराजी की भागवती दीक्षा पर **निश्रादातादि साधु-साध्वीगण** निश्रा दाता - प. पू. आ. दे. श्रीमद् विजय दर्शनरत्नसूरीश्वरजी, प. पू. मुनिराज श्री भावेशरत्नविजयजी म., प. पू. मुनिराज श्री प्रशमरत्नविजयजी म., प. पू. बालमुनिश्री रत्नेशरत्नविजयजी म., प्रवर्तिनी साध्वीजी खान्तिश्रीजी की शिष्यरत्ना प. पू. साध्वीजी किरणप्रज्ञ श्रीजी की सुशिष्या पू. हर्षितप्रज्ञाश्रीजी पू. लक्षितप्रज्ञाश्रीजी की लघु गुरु भगिनी साध्वीजी विश्वप्रज्ञाश्रीजी, पू. मार्गदर्शिताश्री जी, पू. तत्त्वशीलाश्रीजी, पू. सम्यक्शीलाश्रीजी, पू. दर्शनशीला श्रीजी, पू. हेमन्तरत्ना श्रीजी, पू. वीतरागदर्शिताश्रीजी !

नामकरण विधि-के बाद शा मोहनलालजी सुकराजजी पालरेचाने खुमचंदजी कपूराजी का नाम मुनिराज श्री खान्तिरत्नविजयजी एवं गुरु का नाम प. पू. आचार्यदेव श्रीमद्विजय कमलरत्नसूरीश्वरजी म. सा. जाहेर किया।

मुमुक्ष खुमचंदजी कपूराजी के दीक्षा की भव्य पत्रिका छपाई गई एवं देश के विभिन्न भागों में भेजी गई, भारत के कोने कोने में हार्दिक आमंत्रण भेजा था

दीक्षा के दिन दीक्षित महात्माने अट्ठम किया, अट्ठम की पूर्णाहुति के दिन रमणीया निवासी एक सद्गृहस्थ के घर चतुर्विध संघ के साथ पदार्पण व्याख्यान, संघपूजन प्रवचन आदि हुआ।

बडी दीक्षा पू. गुरुदेव श्रीमद् विजय कमलरत्न सूरीश्वरजी म. ने दी, माह वद ३ दि. २३-१-२००० को पोरवाड जैन संघ, शिवगंज के तरफ से पू. गुरुदेव का भव्य सामैया आदि, माह वद ५ दि. २५-१-२००० को रात्रि में भावना आदि। माह वद ६ दि. २६-१-२००० (२६ जनवरी) को मुनिराज श्रीखान्तिरत्नविजयजी की बडी दीक्षा। गुरुदेव एवं नूतन दीक्षित को कामली ओढाने, नामकरण आदि की बोलीया हुई। देल्ली, सिरोही एवं शिवगंज, सिरोडी संघ से पधारे महानुभावों ने गोलियां में रंग लगाया था। बडी दीक्षा के समय पू. आ. भ. श्रीमद् विजय दर्शनरत्नसूरीश्वरजी म., पू. आ. भ. श्रीमद् विजय अजितरत्नसूरीश्वरजी म., पू. मुनिराज श्री भावेशरत्नविजयजी म., पू. मुनिराजश्री प्रशमरत्नविजयजी म., पू. दानरत्नविजयजी पू. रत्नेशरत्नविजयजी म., साध्वीजी हर्षितप्रज्ञाश्रीजी आदि विशाल संख्या में साधु-साध्वीयों तथा अन्य समुदाय की भी साध्वीयां पधारी थी। बडीदीक्षा के बाद स्वामिवात्सल्य आदि हुआ।

२. मुमुक्षु विकासकुमार ३. मुमुक्षु शालिनीकुमारी ४. मुमुक्षु सोनमकुमारी की भागवती दीक्षा

पू. सिद्धांत महोदधि आचार्यदेव श्रीमद् विजय श्री प्रेमसूरीश्वरजी म. सा. का नाम कौन नही जानता। उनकी पावन भूमि पींडवाड में ३१ वर्षो के बाद सर्वप्रथम पींडवाडा के युवान की दीक्षा = विकासकुमार की दीक्षा। ३१ वर्ष पूर्व आपके ही दादा - ने अपने पूरे परिवार के ६ सदस्यों के साथ पूरे परिवार ने पींडवाडा की धरती पर पूरे कुटुंब ने सर्व प्रथम दीक्षा ली थी। पींडवाडा में किस्तुरचंदजी हंसराजजी संघवी परिवार की यह ७ वीं दीक्षा थी। शा किस्तुरचंदजी एक भद्रिक धर्मानुरागी, सदाचारसंपन्न गृहस्थ थे उन्हीं के तीन सुपुत्र धर्मचन्दजी, कालिदासजी, पुखराजजी थे कालिदासजी के पूरे परिवार ने दीक्षा ली, जो पू. आचार्यदेव श्रीमद् विजय कमलसूरीश्वरजी म. है। धर्मचन्दजी के प्रकाशचन्दजी दूसरे पुत्र है उनका सुपुत्र मुमुक्षु विकासकुमार जो बचपन से ही प्रभुभक्त, लाखों रुपियों की सामग्री लेकर पूजा करने जाते थे, उस समय ऐसा लगता मानो इन्द्र महाराजा। आपकी पूजा - भक्ति देखकर लोग मंत्रमुग्ध बनते थे।

वर्षीदान देते हुए मुहूर्त लेने मुमुक्षु विकासकुमार गये।

खेडब्रह्मा (गुजरात) में पू. तपस्वी गु. आ. भ. श्रीमद् विजय कमलसूरीश्वरजी म. सा. विराजित थे उनके पास दीक्षा का मुहूर्त लेने के लिये पींडवाडा से टाटा सुमो आदि अनेकों वाहनों से तथा मुंबई से भिन्न भिन्न वाहनो से पधारे थे। वहां खेडब्रह्मा संघ अपूर्व साधार्मिक भक्ति की थी।

मुमुक्षु परिवारने श्रीमहावीर जिनालय से वर्षीदान देते हुए भव्य जुलूस (वरघोडे) के साथ प्रयाण किया। बाजार होते हुए आराधना भवन में उतरा। पूज्यश्री ने मांगलिक सुनाया एवं मुमुक्षु के दादाजी, पेताजी आदि परिवार ने अपने पुत्र के दीक्षा के मुहूर्त के लिये विनंति की और कहा कि - पुत्र जिता और मैं हारा हूं। हमें छोडकर संयममार्ग में न चला जाये इसलिये मैने तुम्हे नहीं कहने जैसे शब्द कहे। सब तुंने सहन किये। इस प्रसंग पर मुमुक्षु ने यह गुरुदेव की कृपा है ऐसा कहा। मुमुक्षु के परिवार ने श्री संघ को दीक्षा में पधारने का आमंत्रण दिया। यह दृश्य देखकर संघ भी भावविभोर बन गया। श्रीसंघ ने मुमुक्षु का बहुमान किया।

मुमुक्षु विकासकुमार राजस्थान के अतुलभाई थे। इनको भी आधुनिकता पसंद नहीं थी। प्राचीन पद्धति से जीवन जीना, खादी पहनना आदि का बडा शौक था। अब दीक्षा के बाद खादी आदि कुछ रहा, अब तो गुर्वाज्ञा एवं निर्देष पर जीवन है।

मुमुक्षु विकासकुमार ने मुंबई चिराबाजार में जहां रहते थे वहां मंदिर के पूरे स्टाफ का चांदी की गिनी से बहुमान किया एवं पिंडवाडा एवं पिंडवाडा के आसपास (पट्टी) के गांवों के सभी पूजारीओं का भी बहुमान किया।

मुमुक्षु विकासकुमार ने धर्मशाला में बैठकर भी वर्षीदान दिया (अनुकंपा दान किया) एवं लोगों को लक्ष्मी का असारता का भान कराया।

मुमुक्षु विकासकुमार का परिचय

पंचप्रतिक्रमण, प्रकरण, भाष्य, संस्कृत बुक, साधु क्रिया के सूत्र, एवं धर्मबिन्दु, धर्मरत्न प्रकरण, धर्मसंग्रह, उपमिति भवप्रपंचा कथा, पंचवस्तु ग्रंथ, उपदेश रहस्य, योगविंशिका, योग दृष्टिसमुच्चय, आदि ग्रंथों की वाचना सुनकर सम्यग्ज्ञान की साधना की है, एवं वैराग्य दृढ किया था। ३१ उपवास, नौ उपवास, मोक्षदण्डक तप, वर्धमान तप की १५ ओली करके सम्यक् तप की साधना करके शरीर को कठोर बनाया है यानी सहनशील बनाया है।

श्री शत्रुंजय, गिरनार, समेतशिखरजी, जैसलमेर, शंखेश्वर, अंतरीक्षजी, नागेश्वर, मक्षीजी, भोपावर, कुंभोज गिरि, कुलपाकजी (कन्याकुमारी तक) तीर्थो की पूजा, दर्शन एवं सात से अधिक छ'रीपालित यात्रा करके सम्यग्दर्शन को निर्मल बनाया है। सैकडों किलोमीटर को पदयात्रा भी गुरु के साथ की है।

- मुमुक्षु का कुटुंबीजन -

दादी-दादा, सुखवंतीबेन - धरमचंदजी
बा-बापूजी, कमलाबेन - पुखराजजी
माता-पिता, पुष्पाबेन प्रकाशचन्द
भाई-भाभी, चिराग - सारीका
भाई-भतीज, फेनील-आदित
बुआ-फुआजी, बसीबेन शिवलालजी, पवनबेन प्रकाशजी, ताराबेन रणजितमलजी
नानी-नाना, परसनबेन अचलदासजी,
मामी-मामा-सुशीलाबेन हिंमतलालजी, इन्द्राबेन जयंतिलालजी, आशाबेन निकेशकुमार
काकी-काका-बसीबेन रमेशचन्द्र, बेबीबेन महेन्द्रकुमार, शशिकला-रसिककुमार, कल्पनाबेन - अरणिककुमार
मासी-मासाजी-बेबीबेन- श्रीपालजी, विमला- उत्तमचंदजी इन्द्रा-दिनेशचंद्रजी, कल्पनाबेन-महेशकुमारजी

संयम स्वप्न देखने वाले एवं चातक की तरह संयम के प्यासे मुमुक्षु विकासकुमार के दीक्षामुहूर्त स्वीकार प्रसंग पर हुए संघपूजनादि की यादी.

(१) संघवी धर्मचंदजी किस्तुरचंदजी श्रीफल एवं रुपये की प्रभावना
(२) दिनेशकुमार चंदनमलजी हजारीमलजी रु. ५/-
(३) मोतीलालदासजी दानमलजी रु. २/-
(४) संघवी पुखराजजी किस्तुरचंदजी रु. २/-
(५) सोहनमलजी हजारीमलजी रु. २/-
(६) चंपालालजी चुनीलालजी रु. २/-
(७) सागरमलजी हजारीमलजी रु. २/-
(८) मेलापचंदजी हीराचंदजी रु. २/-
(९) राजितमलजी वीरचंदजी रु. २/-
(१०) एक सद्गृहस्थ रु. २/-
(११) सांकलचंदजी माणेकचंदजी रु. १/-
(१२) भरतकुमारजी अमृतलालजी रु. १/-
(१३) रमेशचंदजी हीराचंदजी मरडिया रु. १/-
(१४) तेजमलजी भगवानजी रु. १/-
(१५) महेशकुमार धनराजजी मांडवीवाला रु. १/-
(१६) दिनेशकुमार बाबुलालजी पालनपुरवाला रु. १/-
(१७) रमेशचंद्रजी जवानमलजी रु. १/-
(१८) शिवलालजी जवेरचंदजी रु. १/-
(१९) दिनेशकुमार वीरचंदजी रु. १/-

मुमुक्षु शालिनीकुमारी का दीक्षा का मुहूर्त पू. गुरुदेव आ. भ. श्रीमद् विजय कमलरत्नसूरीश्वरजी म. सा. की वर्धमान तप की १०० वी ओली की पूर्णाहुति के भव्य महोत्सव प्रसंग पर रेकार्ड रुप जनमेदनी की उपस्थिति मे पींडवाडा श्री संघ की उपस्थिति-पींडवाडा में मुमुक्षु परिवारने ग्रहण किया एवं शालिनीबेन ने सोने की गिन्नी आदि से नवांगी गुरुपूजन किया एवं संघवी किस्तुरचंदजी हंसराजजी एवं अमृतलालजी चुनीलालजी मेहता परिवार आदि के तरफ से अनेक संघ-पूजन हुए ऐसे सोनल बेन का भी दीक्षा मुहूर्त दिया गया । संघ-पूजन आदि हुए । मुमुक्षु विकासकुमार, शालिनीकुमारी, सोनमकुमारी की दीक्षा एक ही दिन पींडवाडा में हुई, उसकी आकर्षक पत्रिका छपाई गई । उसका विवरण भी एक साथ दिया है।

मुमुक्षु शालिनीकुमारी का परिचय

पंचप्रतिक्रमण, प्रकरण, भाष्य, सार्थ वैराग्य शतक, कर्मग्रन्थ, शत्रुंजयलघुकल्प, पंचसूत्र, संस्कृत बुक आदि सूत्रों का अध्ययन किया। श्री शत्रुंजय, गिरनार, समेतशिखर, जैसलमेर आदि अनेक तीर्थो की यात्रा एवं श्री शत्रुंजय महातीर्थ आदि की छ'री पालित पदयात्रा तथा एवं गुरुभगवंतो के साथ अन्य विहार आदि पद यात्रा करके दीक्षा की पूरी तैयारी की थी। सिद्धितप, वर्धमान तप, मोक्षदंडक तप, नवपदजी की ओली आदि अनेक तप की आराधना करके मन को दृढ बनाया है।

मुमुक्षु के कुटुंबीजन

दादी - दादा : मणिबेन, चुनीलालजी महेता.
माता - पिता : सुंदरबेन, अमृतलालजी.
नानी - नाना : समरतीबेन, ताराचंदजी.
बुआ - फुवाजी : समलाबेन, बाबुलालजी.
मामी - मामा : नीताबेन, सुभाषचंद्र.
बहेन - बनेवी : चंद्रिका, पारसमलजी.
साध्वी बहेन : साध्वीजी निवृत्ति रक्षिताश्रीजी.
भाई : शैलेष, अमिराव.
भाणेज - भाणेजी : उदय - भूमिका.
काकी - काका : लक्ष्मीबेन, शेषमलजी
प्रशनबेन, कान्तीलालजी
सुधाबेन, चंपालालजी
लताबेन, चंदनमलजी.
मासी - मासाजी : ललीता, जयचंदजी
सज्जन, अंबालालजी
शोभा, दिलीपजी
बालिका, बाबुजी
गीता, दिनेशजी
अल्का, किरणजी.

बाल मुमुक्षु सोनलकुमारी का परिचय

पंचप्रतिक्रमण, नवस्मरण, जीवविचार आदि का अध्ययन करके सम्यग्ज्ञान की उपासना की, श्री शत्रुंजय, गिरनार, समेतशिखर, जैसलमेर, शंखेश्वर, आदि तीर्थो की यात्रा करके सम्यग्दर्शन को निर्मल बनाया. सिद्धितप, १२ उपवास, नवपदजी की ओली करके काया को कठोर बनाई।

मुमुक्षु के कुटुंबीजन

दादी - दादा : पानीबेन, छोटालालजी
माता - पिता : सुमित्रा पारसमलजी
नानी - नाना : जमनीबेन, शंकरलालजी
भाई - भाभी : निल्केश, दिना

बहेन : बिंदिया,
चाचा - काची : प्रवीण, बालीया, अशोक, रसीला,
संसार पक्ष मे बुआ: साध्वीजी सूर्यप्रज्ञाश्रीजी
बुआ-फुवा जी : नयना, अशोकजी

मुमुक्षु विकासकुमार के दीक्षा के जुलूस (वरघोडे) कहां कहां हुए उनकी विगत

(१) विक्रम संवत २०५५ आसो सुद ११ रविवार दि. १२-१०-९८ को श्री श्वेतांबर जैन धर्मक्रिया भवन, खेरादियों का वास जोधपुर (राजस्थान).

निम्न लिखित वरघोडे विक्रम संवत २०५६ में हुए।

(२) विक्रम संवत २०५६ मागसर वद ८ दि. ३०-११-९९ मंगलवार श्री रमणीया जैन संघ के तरफ से जिल्ला बाडमेर।

(३) विक्रम संवत २०५६ पोष सुद ३ रविवार, दि. ९-१-२००० श्री विलेपार्ला जैन श्वेताम्बर मू. संघ एवं श्री जिनशासन आराधना ट्रस्ट (समस्त भारत के १११ दीक्षार्थियो के सन्मान समारोह, वर्षीदान के वरघोडे के साथ) के तरफ से हुआ, भव्य सामिवात्सल्य भी हुआ।

(४) विक्रम संवत २०५६ पोष सुद १० रविवार को श्री जैन श्वेतांम्बर मूर्ति पूजक संघ आकोला (महाराष्ट्र) की तरफ से।

(५) विक्रम संवत २०५६ मे श्री माधवबाग जैन श्वे. मू. संघ भूलेश्वर, मुंबई में वर्षीदान का वरघोडा, सन्मानपत्रादि।

(६) विक्रम संवत २०५६ मे दि. ३०-४-२००० रविवार को श्री नवी गाडी झावबावाडी, राजस्थान जैन संघ, मुंबई - २. में अखिल भारतीय जैन श्वेतांबर संघ के दानवीर शेठ श्री दीपचंद गार्डी द्वारा सन्मान, सामिवात्सल्य आदि।

(७) विक्रम संवत २०५६ दि. १-५-२००० को चिराबाजार जैनसंघ, विजयवाडी, मुंबई - २ के तरफ से वर्षीदान का वरघोडा अभिनंदन पत्र, सामिवात्सल्य आदि।

(८) विक्रम संवत २०५६ जेठ सुद १ शनिवार दि. ३-६-२००० जैन श्वे. मूर्तिपूजक संघ, पाटीका उपाश्रय - सादडी - राणकपुर

(९) विक्रम संवत २०५६ जेठ सुद ९ दि. १०-६-२००० रविवार को जैन संघ पींडवाडा में वर्षीदान का वरघोडा, सन्मान पत्र आदि।

(१०) वर्धमान संस्कृतिधाम घाटकोपर द्वारा वर्षीदान का वरघोडा।

(११) नासोली (पंचपादरा) जैन संघ, पिन : ३४३०२९ के तरफ से वर्षीदान का वरघोडा, सन्मान समारोह आदि।

(१२) आष्टा (म.प्र.) जिला सीहोर पिन : ४६६१०६ में वर्षीदान का वरघोडा सन्मान समारोह आदि।

(१३) भडथ (गुजरात) पिन : ३८५५३५ मे वर्षीदान का वरघोडा, सन्मान समारोह आदि।

(१४) भीवंडी (महाराष्ट्र) वर्षीदान का वरघोडा, सन्मान समारोह आदि।

(१५) पेसुआ (राजस्थान) पिन : ३०७०२१ वर्षीदान का वरघोडा, सन्मान समारोह आदि।

(१६) उदयपुर (राजस्थान) पिन : ३१३००१ वर्षीदान का वरघोडा, सन्मान समारोह आदि।

(१७) अहमदाबाद (अहमदाबाद, भोयणी छ'री पालक संघ प्रयाण के महोत्सव दरम्यान)।

(१८) दांतराई (राजस्थान) पीन : ३०७५१२ वर्षीदान का वरघोडा, सन्मान समारोह आदि।

(१९) बेडा (राजस्थान) तीनबार वर्षीदान के वरघोडे हुए।

(२०) भायंदर, थाना, नोवी (राजस्थान) में भी वर्षीदान के वरघोडे, आदि हुए।

रोहट (पाली मारवाड) आबुरोड, सुरत, पालीताणा, मुंढुंड, अहमदाबाद (मेमनगर), मोरबन डेम, नीमच (मध्य प्रदेश), साबरमती (अहमदाबाद), जूना डीसा इत्यादि स्थानों की विनंति होने पर भी विकासकुमार नहीं जा सके। इत्यादि अनेक सेंकडों संघों ने भी विकासकुमार मुमुक्षु का बहुमान किया।

पींडवाडा में तीनो ही मुमुक्षुओं के वरघोडे (जुलुस) के अन्तर्गत शा चंदनमलजी हजारीमलजी बेडा वालाने चतुर्विध संघ को घर बुलाकर गुरु भगवंत का प्रवचन, संघपूजन आदि कराया।

मुमुक्षु विकासकुमार, मुमुक्षु शालिनीकुमारी, मुमुक्षु सोनमकुमारी के सामूहिक वर्षीदान के वरघोडे १७ हुए।

(१) जैन संघ-पाटीका उपाश्रय, सादडी-राणकपुर.
(२) धर्मचंदजी किस्तुरचंदजी के तरफ से (पींडवाडा में)
(३) रसीककुमार धर्मचंदजी के तरफ से (पींडवाडा में)
(४) दिनेशचन्द्र बाबुलालजी (पालनपुर) के तरफ से
(५) महेशकुमार धनराजजी (मांडवी) के तरफ से
(६) उत्तमचंदजी ज्ञानमलजी के तरफ से (पींडवाडा में)
(७) श्रीपालकुमारजी रिखवदासजी पींडवाडा के तरफ से (पींडवाडा में)
(८) अचलदासजी दानमलजी नांदिया के तरफ से (नांदिया में)

जेठ सुद ८ दि. ९-६-२००० को श्री सिद्धचक्रमहापूजन के बाद शा चंपालालजी चुनीलालजी भाटिया एवं शा भूरमलजी हजारीमलजी बेडा वालों की तरफ से श्रीफल की प्रभावना हुई।

मुमुक्षु विकासकुमार को उपकरण अर्पणकरने आदि की बोलिये के नाम लेनेवाले भाग्यशाली


माता पिता का बहुमान - शा अचलदासजी दानमलजी
मुमुक्षु बहुमान - शा लालचंदजी छगनलालजी लांगटा
माता पिता को अभिनंदन पत्र - शा अचलदासजी दानमलजी
मुमुक्षु अभिनंदन पत्र - संघवी पुखराजजी किस्तुरचंदजी
गुरूपूजन - संघवी पुखराजजी किस्तुरचंदजी
गुरु की कांबली - शा भूरमलजी मन्नालालजी भंदरवाला
विदाय तिलक - शा उत्तमचंदजी कानमलजी
दंडासन - शा शिवलालजी जवेरचंदजी
चोलपट्टो - शा अचलदासजी दानमलजी
संथारो - शा ललितकुमार भूरमलजी
उत्तरपट्टो - शा धनराजजी पूनमचंदजी (मांडवी)
चादर - संघवी पुखराजजी किस्तुरचंदजी
आसन - शा रिखबदासजी अमीचंदजी
तरपनी - शा अचलदासजी दानमलजी
दंडा - शा पुखराजजी रायचंदजी, बेडा (साबरमतीवाले)
पात्रा - शा पुखराजजी कानाजी दांतराई
पुस्तक - शा मगनलाल भायचंदजी लांगटा
पुंजणी - शा दिनेशकुमारजी बाबुलालजी, पालनपुर
नवकारवाली - शा अचलदासजी दानमलजी
सुपडी - शा भूरमलजी मन्नालालजी
चेतना - शा सांकलचंदजी माणेकचंदजी
सापडा - के. पी. संघवी, अहमदाबाद
कांबली - शा शान्तिलालजी वालचंदजी, सादडी
नाम जाहिर करनेका - शा अचलदासजी दानमलजी

मुमुक्षु शालिनीकुमारी के उपकरण अर्पण करने आदि के बोलिये के लाभ लेने वाले भाग्यशाली


माता पिता का बहुमान - शा. ताराचंदजी हंसाजी
मुमुक्षु का बहुमान - शा लालचंदजी छगनलालजी लांगटा
माता पिता का अभिनंदन पत्र - शा कुंदनमलजी ताराचंदजी
मुमुक्षु का बहुमान - शा ताराचंदजी हंसाजी
विदाय तिलक - शा जयंतिलालजी ताराचंदजी मेहता
दंडासन - शा चुनीलालजी जवानमलजी मेहता
साडो - शा ताराचंदजी जवानमलजी
संथारो - शा मीठालालजी हजारीमलजी संघवी
उत्तरपट्टो - शा जीवराजजी धूपाजी
चादर - शा मेलापचंदजी रतनचंदजी
आसन - शा ताराचंदजी हंसाजी
तरपनी - शा चंदनमलजी भबुतमलजी
दंडा - शा बाबुलालजी मगनलालजी खुमाजी
पात्रा - शा वीरचंदजी छोगालालजी
पुस्तक - शा चंपालालजी भायचंदजी, वीरवाडा
पुंजणी - संघवी पुखराजजी किस्तुरचंदजी
नवकारवाली - शा हीराचंदजी समरथमलजी
सुपडी - शा भूरमलजी मन्नालालजी
पागरणी - शा रिखबदासजी अमीचंदजी
चेतना - शा मीठालालजी रतनचंदजी
सापडो - शा जयचंदजी मूलचंदजी
कांबली - शा लालचंदजी छगनलालजी लांगटा
नाम जाहिर करने का - शा उत्तमचंदजी कानमलजी

मुमुक्षु सोनमकुमारी के उपकरण अर्पण करने वाले आदि भाग्यवंतों की नामावली

माता पिता का बहुमान - शा दिनेशकुमारजी छगनलालजी
मुमुक्षु बहुमान - शा बाबुलालजी चुनीलालजी
माता-पिता अभिनंदन पत्र - शा बाबुलालजी चुनीलालजी
मुमुक्षु अभिनंदन पत्र - शा चंपालालजी चुनीलालजी भाटिया
विदाय तिलक - शा कुंदनमलजी ताराचंदजी
दंडासन - शा जयचंदजी जुहारमलजी
साडो - शा मीठालालजी हजारीमलजी संघवी
संथारो - शा नेनमलजी चुनीलालजी अजारी
उत्तरपट्टो - शा ललितकुमारजी भूरमलजी
चादर - शा छोटालालजी छगनलालजी
आसन - शा चंदनमलजी भायचंदजी
तरपनी - शा कुंदनमलजी मूलचंदजी तिलोकचंदजी
दंडा - शा बाबुलालजी मनरुपजी
पात्रा - शा वीरचंदजी माणेकचंदजी
पुस्तक - शा भूरमलजी मन्नालालजी
पुंजणी - शा सेवंतीलालजी भायचंदजी
नवकारवाली - शा अनराजजी भायचंदजी
सुपडी - शा दिनेशकुमारजी छगनलालजी



वीर सैनिक शा खुमचंदजी कपूराजी सिरोडीवाले
(दीक्षा के पूर्व)



दीक्षा के बाद परमपूज्य मुनिराजश्री खान्तिरत्न विजयजी म. सा.
गुरु – प. पू. आचार्यदेव श्रीमद विजयकमलरत्न सूरीश्वरजी म. सा.

पागरणी - शा जीवराजजी धूपाजी
चेतना - शा भूरमलजी मन्नालालजी
सापडो - संघवी पुखराजजी किस्तुरचंदजी
कांबली - शा शंकरलालजी शिवलालजी
नाम जाहिर करने का - संघवी पुखराजजी किस्तुरचंदजी

मुमुक्षु विकासकुमार आदि तीनो दीक्षा की पत्रिका से आमंत्रण दिया गया एवं रोहट, सादडी - राणकपुर, अहमदाबाद, मुंबई, मद्रास, आदि से अनेक स्पेश्यल बसें एवं अन्य वाहन आदि से भाग्यशाली पधारे थे।

जेठ सुद १२ दि. १३-६-२००० सोमवार को पींडवाडा समीपवर्ती नांदिया तीर्थ जो चण्डकौशिक प्रतिबोध भूमि है, एवं मुमुक्षु विकासकुमार का यहा ननिहाल है। अतिआग्रह से तीनों ही दीक्षित पुण्यात्माओं की बडी दीक्षा नांदिया तीर्थ भूमि में हुई। दीक्षा के दूसरे ही दिन जिनालय की ध्वजारोपण, (वर्षगांठ) भी थी। अतः गुरुभगवंतों के अत्याग्रह से वहां वाजते गाजते भव्य प्रवेश कराया एवं इन्ही गुरुभगवंतो की पावननिश्रा में ध्वजारोपण हुआ। प्रवचन, महापूजन, सामिवात्सल्य जिनालय निर्माता शा अचलदासजी दानमलजी के तरफ से हुआ। अत्याग्रह से बडी दीक्षा का आयोजन भी नांदिया तीर्थ में रखा गया।

बडी दीक्षा के दिन संघवी धर्मचंदजी किस्तुरचंदजी के तरफ से संघपूजन हुआ।

पू. आचार्य भगवंत को कांबली एवं नूतन दीक्षितो के कांबली वहोराने की बोली शेठ श्री अचलदासजी दानमलजी ने ली।

गुरुपूजन की बोली - संघवी धर्मचंदजी किस्तुरचंदजी पींडवाडावाले एवं आज का सामिवात्सल्य प्रकाशचंद्रजी छोगालालजी नांदिया वाले (मुमुक्षु विसालकुमार के मामाजी) के तरफ से हुआ।

५. दीक्षा लक्ष्मीबेन संतोकचंदजी मरडिया

प. पू. मेवाडदेशोद्धारक आ. दे. श्रीमद्विजय जितेन्द्रसूरीश्वरजी म. सा. के शिष्यरत्न प. पू. तपस्वी आ. दे. श्रीमद्विजय कमलरत्नसूरीश्वरजी म. सा. एवं प. पू. आ. दे. श्रीमद्विजय अजितरत्नसूरीश्वरजी म. सा. आदि की शुभनिश्रा में पींडवाडा की विकासकुमार आदि की दीक्षा देखकर भावोल्लास बढते ही लक्ष्मीबेन ने अषाढ सुद ९ दि. १०-७-२००० को दीक्षा अंगीकार की एवं नाम साध्वीजी लब्धिप्रज्ञाश्रीजी रखा गया एवं साध्वीजी हर्षितप्रज्ञाश्रीजी के शिष्या जाहिर किये गये। आपकी सुपुत्री साध्वीजी सुरक्षितदर्शिताश्रीजी १६ वर्ष से दीक्षित है। अर्धशत्रुंजय तुल्य सिरोही नगर में प्रथम चातुर्मास एवं विक्रम संवत् २०५६ के आसोज सुद १० को भागवती बडी दीक्षा हुई। उस समय पू. आ. दे. श्री नेमिसूरिजी म. के समुदाय के पू. उपाध्याय श्री विनोदविजयजी गणिवर्य भी उपस्थित थे इस प्रकार पंचपरमेष्ठि की हाजरी में बडीदीक्षा हुई। बडी दीक्षा के समय विशाल जनमेदनी



मुमुक्षु विकासकुमार प्रकाशचंदजी संघवी
(श्री कमलरत्न सूरीश्वरजी आये है;
ओघाका मुहूर्त लाये है ।)





दीक्षा के बाद एवं दीक्षा के पूर्व विकास संघवी
(श्री कमलरत्न सूरीश्वरजीनी वर्षे महेर; दीक्षा मे बरसे लीला लहेर ।
देवो भी जिसका दास है; वो दीक्षा हमारी प्यास है ।)



मुमुक्षु कुमारी शालिनी महेता
(अमृतलालजीकी दीकरी; दीक्षा लेने नीकली
संसार काला नाग है; संयम लीला बाग है;
संसार झंझावात है; संयम ज़वेरात है ;
मोक्ष की साडी पहनेगी कौन; शालिनी बेन; शालिनी बेन ।)



मुमुक्षु कुमारी सोनल सादरीया
(पारसमलजीने बडी की; गुरूजीने व्हाली की;
संसार खुद अंगारा है; साधुजीवन झगारा है;
जैनधर्म निराला है; हम सबको प्यारा है;
चारित्रकी चुंदडी ओढेगी कौन; सोनल बेन; सोनल बेन ।)

एवं पींडवाडा के अनेक वाहनों से भाग्यशाली पधारे, संघपूजन, कांबली वोहराने की बोली, गुरूपूजन की आदि का लाभ पींडवाडा वाले आपके ही संसारी सुपुत्र बिपीनकुमार मरडिया एवं वीरचंदजी मरडिया आदि ने लिया ।

इस मरडिया परिवार के दीक्षित

(१) प. पू. पंन्यासप्रवर श्री वीररत्नविजयजी गणिवर्य
(२) साध्वीजी विश्वप्रज्ञाश्रीजी (आपकी गुरुजी की लघु गुरु भगिनी)
(३) साध्वीजी विरागरत्नाश्रीजी (प्रवर्तिनी सा. रोहिताश्रीजी की प्रशिष्या) (आपकी संसारी पक्ष में नणंद)

सूरी प्रेम की जन्म भूमि पिन्ड़वाड़ा नगर मे ३१ वर्ष पश्चात् सर्वप्रथम नवयुवक मुमुक्षु विकासकुमार के दीक्षा प्रसंग पर पधारने हेतु

भाव भरा अग्रिम आमंत्रण

''साची एक माया रे जिन अणगार नी'' ऐसे शास्त्र वचन हमारे विकास के लिये सत्य हुये । कॉलेज का मस्तीभरा जीवन छोडकर परम कृपालु परमात्मा के मार्ग का पथिक बनने को तैयार होगा ऐसी कीसी की कल्पना भी नहीं थी । ३५ वर्ष की युवा अवस्था में प. पू. आ. देव श्रीमद् कमल रत्नसूरीश्वरजी म. सा. (हमारे सांसारीक भाई) ने पूरे परिवार के साथ दीक्षा ग्रहण करके जोगातर परिवार में एक आदर्श मार्ग प्रस्थापित किया था । उसी पावन मार्ग



पूज्यों के आशीर्वाद



मुमुक्षु लक्ष्मीबेन संतोकचंदजी
(दीक्षा के पूर्व)



प. पू. तपस्वी गुरुदेव श्री आ. भगवंत
श्रीमद् विजय कमलरत्न सूरीश्वरजी म. सा.
अपने परिवार के साथ



नूतन सा. श्री लब्धिप्रज्ञाश्रीजी म. सा.
उनके संसारी छोटे सुपुत्र
जितेन्द्रकुमार के परिवार के साथ



मुमुक्षु सोनमकुमारी दीक्षा के बाद
सा. विनीतप्रज्ञाश्रीजी



मुमुक्षु शालिनीकुमारी दीक्षा के बाद
साध्वीजी गिरीशप्रज्ञाश्रीजी





मुमुक्षु रेखाकुमारी दीक्षा के बाद
साध्वीजी तत्त्वेशप्रज्ञाश्रीजी म. सा.
(जै शा वर्ष १३ पेइज ४६७ का शेष
फोटो देरीसे मीलने पर यहां
प्रकाशित कीया है)

के पथिक बनने नवयुवक 'विकासकुमार' सुपुत्र प्रकाशचंद, सिंह की शूरवीरता पूर्वक आगे बढा है। उसे हमने अत्यंत भावोउल्लास से आज्ञा प्रदान की।

ऐसा अनुपम महोत्सव धन्यधरा पिन्डवाडा में ही सफल परिपूर्ण हो ऐसी हमारी मनोभावना होने से दीक्षा मुहूर्त एवं महोत्सव में अपनी निश्रा प्रदान करने हेतु पिन्डवाड़ा में बिराजमान "मेवाड देशोद्धारक" प. पू. आ. देव श्रीमद् जितेन्द्र सूरीश्वरजी के समक्ष मांगलिक आशीर्वाद ग्रहण कर २०५५ दशहरा (आसो सुद १० बुधवार ता. २०-१०-१९९९) के दिन खेड ब्रह्मा जि. साबरकांठा, विराजमान प. पू. आ. देव श्रीमद् विजय कमलरत्न सूरीश्वरजी महाराज साहेब के समक्ष संघ सहित उपस्थित हुये। हमारी भावपूर्वक विनंती को ध्यान में रखते हुये प. पू. आ. देव श्रीमद् विजय अजित रत्न सूरीश्वरजी महाराज साहेब विक्रम संवत् राजस्थानी २०५७ गुजराती २०५६ जेठ सुदी १० रविवार ता. ११-६-२००० को "दीक्षा का शुभ मुहूर्त" प्रदान कर हमारे भावो में नई चेतना जागृत की राजस्थान आदि प्रान्तो में चैत्र सुद से नया वर्ष लगता है।

पिन्डवाड़ा की धन्यधरा में अपने कर कमलों द्वारा दीक्षा प्रदान करने हेतु प. पू. आ. देव श्रीमद् कमल रत्नसूरीश्वरजी ने स्वीकृती देकर हमे अत्यंत उपकृत किया।

इसी पावन वेला में मुमुक्षु शालिनी कुमारी (अमृतलाल चुनीलालजी महेता) एवं मुमुक्षु सुन्दरकुमारी उर्फ सोनमकुमारी (पारसमलजी छोटालालजी सादरीया) की भी पुनीत प्रवज्या होगी।

ऐसे अनुपम अवसर पर आप सहकुटुम्ब हमारा भावभरा अग्रिम आमंत्रण स्वीकार कर हमारे लाडले नवयुवक एवं लाडली बालाओं की भाववृद्धि करने एवं संयम मार्ग का गुणगान एवं अभिवादन करने अवश्य पधारे ऐसी हमारी हृदय पूर्वक विनंती है।

:: महोत्सव का कार्यक्रम ::

पू. आचार्य देवश्री का नगर प्रवेश जेठ सुद २ ता. ४-६-२०००

श्री सिद्धचक्र महापूजन जेठ सुद ८, ता. ९-६-२०००

भव्य वर्षीदान का वरघोडा एवं बहुमान

जेठ सुद ९ ता. १०-६-२०००

दीक्षा प्रदान जेठ सुद १० ता. ११-६-२०००

:: संपर्क ::

ऋषभ जैन उपकारण भंडार

१९६-ए. तारा हाऊस, पहला माला, रुम नं. १५,

डॉ. विगास स्ट्रीट, कावेल क्रोस नं. ८ (चिराबाजार) मुंबई - २.

फोन (ओ) २०८०७३३ (घर) २०११०४१

निमंत्रक

संघवी धरमचंद पुखराज किस्तुरचंदजी

सदर बाजार, पिण्डवाडा, पि. ३०७०२५ (राज.),

स्टे. सिरोही रोड (वे. रेल्वे.)

.....

अभिनंदन पत्रों के कुछ नमूने यहां प्रदर्शित है

॥ श्री शांतिनाथाय नमः ॥

॥ श्री प्रेम, राम, राजतिलकसूरि सदगुरुभ्यो नमः ॥

श्री नवीवाड़ी झावबावाडी राजस्थान जैन संघ - मुंबई

दीक्षार्थी सन्मान समारोह

मुमुक्षु श्री विकास सुपुत्र श्री प्रकाशचंदजी शाह

का हार्दिक अभिनंदन

प. पू. वर्धमान तपोनिधि श्रीमद् विजय कमलरत्नसूरीश्वरजी महाराजा आदि तीन आचार्य भगवंत एवं विशाल साधु-साध्वी की निश्रा - उपस्थिति मे संयम मार्ग के पथिक का हार्दिक अभिनंदन. श्री प्रकाश के घर विकास ने धर्म की ज्योत जलाई। चि. विकास ने असार संसार का त्याग कर संयम की बंशली बजाई। कंटकों से भरे इस मार्ग में तुम सदा विजयी रहो.
उच्च आदर्शो से भरे इस पथ पर तुम सदा गंगा बन बहो।

आधुनिकता की अन्धी दौड़ में, भौतिकवादी सुखों को पाने की होड़ में, मानव मात्र निरंतर भ्रमित होता जा रहा है। युवापीढी पथभ्रष्ट होती जा रही है। चारों ओर अेक शून्य का निर्माण होता नजर आ रहा है। अंधेरे की कालिमा सूर्य को निगलने की कोशिश में लगी हुई है। दानवता के जहरीले पंजे मानवता को नौंचने में लिप्त है, ऐसे में प्रकाश के आंगन में विकास की ज्योत प्रज्ज्वलित हो रही हो और धर्म - ध्वज - संयम की बुनियाद पर निर्मित संस्कारों के मंदिर पर फहराने को उतावला हो रहा हो तो ये पूरे जैन समाज के लिए गर्व, गौरव - घमंड एवं अभिमान की बात है।

भक्त से भगवान बनने की पहली सीढी है वैराग्य। स्वयं तीर्थंकरों को भी साधु बन तपस्या में लीन होकर कर्मों की निर्जरा करनी पडी है।

पिण्ड़वाडा की धरा आज स्वयं को धन्य मानकर हल्ला रही है कि उसके आंगन का एक दीपक धर्म - मार्ग पर आलोकित होने जा रहा है।

धन्य है चि. विकास के परिजनों से की जिनके जीवन बगीचे में ऐसा सुमन खिला जो युवा पीढी के लिए प्रेरणा स्रोत बन धर्म के धुरन्धरों के बीच अपने ज्ञान बल पर अपना अनोखा मुकाम बनायेगा।

चि. विकास आज सम्पूर्ण जैन समाज तुम्हारे जीवन मार्ग के परिवर्तन की इस धार्मिक बेला पर परम पिता परमेश्वर मे ये

प्रार्थना करता है कि तुम्हारा संयम जीवन सफल हो, प्रति पल धर्म की आराधना कर मोक्ष मार्ग का सच्चा पथिक बने, "जैनम् जयति शासनम्" का शंखनाद करते रहो और स्वयं देवता तुम पर नाज करे यही अभिलाषा.

आज हम समस्त श्री नवीवाड़ी झावबावाडी राजस्थान जैन संघ मुमुक्षु विकास का हार्दिक अभिनंदन करते हुए गर्व महसूस कर रहा है. पुनः हार्दिक अभिनंदन

स्थल - मुंबई लि.

दिनांक : १०-५-२००० श्री नवीवाडी झावबावाडी राजस्थान जैन संघ - मुंबई

नोट : इसी तरह के तथा आगे के बहुमान - पत्र मुमुक्षु शालिनीकुमारी अमृतलालजी महेता तथा मुमुक्षु सोनमकुमारी पारसमलजी सादरीया को भी दीये गये उनका उतारा इसी अनुसार समझना।

.....

॥ श्री महावीर स्वामिने नमः ॥

॥ श्री प्रेम-रामचन्द्र - कमलरत्नसूरीश्वर सद्गुरुभ्यो नमः ॥

रमणिया जैन संघ की तरफ से दीक्षार्थी विकासकुमार पी. पिंडवाड़ावालों को समर्पित सन्मान - पत्र

आज जब चारों और भौतिकवाद की भयंकर आग भड़क रही है, ऐसे आधुनिक युग में आप श्री जिनेश्वर देवों के द्वारा स्वयं पालकर बताये गये मार्ग पर जाने को कटिबद्ध हुए है आपको हमारा खूब खूब अभिनन्दन है।

आज दीक्षाधर्म - अनन्त अनन्त तीर्थंकरों ने इसी साधु पद का शरण लिया, षट्खंड़ के सम्राट चक्रवतिओं ने, भरत महाराजा की पाट परम्परा में असंख्य राजाओं ने, आज वर्तमान में विचरते दो हजार व्रतोड़ साधुओं ने, धन्ना शांतिभद्र, जंबुकुमार जैसे महा श्रीमंत श्रेष्ठिओ ने भी ऋद्धि सिद्धि को एवं प्रेमाल परिवार का त्यागकर इसी परम पवित्र, परम मंगलमय साधु पद का शरण स्वीकारा है. इसका कारण वे समझते थे कि- प्रतिदिन के असंख्य जीवों का संहार, १८ पापस्थानकों का आचरण, परिवार के दाक्षिण्य से रागादिव सेवन, भगवद् भजन में अंतराय, आत्मचिंता भूलाने वाली परिचिंताएँ, इत्यादि जीव को चौराशी लाख जीवायोनि में भटकाने वाली है। ऐसा घरवास छोड़कर निष्पाप संयममार्ग स्वीकारे बिना जीव की परमकल्याणरुप मुक्ति कभी नहीं हो सकती है। आप जगत के दीपक समान एवं आपके परिवार का नाम रोशन करने से कुलदीपक बनकर भागवती दीक्षा लेने को उत्साहित बने है, उसका हम अभिनंदन करते हैं।

शुभ निश्रा - प. पू. आचार्यदेव श्रीमद् विजय **दर्शनरत्नसूरीश्वरजी म., मुनिप्रवर श्री भावेशरत्नविजयजी म., मुनिराज श्री प्रशमरत्नविजयजी म., पू. बालमुनि रत्नेशरत्नविजयजी म.**

मिति - मागसर वद ८, मंगलवार, ता. ३०-११-९९

लिखी रमणिया जैन संघ वाया - मोकलसर, जिला - बाड़मेर (राज.) पिन- ३४३०४३

श्री आत्मकमल वीर-दान प्रेमरामचन्द्र - सुदर्शन - राजतिलक - महोदय सद्गुरुभ्यो नमः

श्री जैन श्वेताम्बर मूर्तिपूजक संघ, पाटी का उपाश्रय सादडी - राणकपुर द्वारा समर्पित अभिनंदन पत्र

वंदनीय मुमुक्षु विकासकुमार प्रकाशचंद

परम तारक सुविशाल गच्छाधिपति व्याख्यान वाचस्पति आचार्य देवेश श्रीमद्विजय रामचन्द्रसूरीश्वरजी महाराज के विशेष उपदेश "छोडवा जेवो संसार लेवा जेवुं संयम, मेलववा जेवो मोक्ष, "के कथन को सहजता पूर्वक अपने जीवन में चरितार्थ करते हुए आपने परिवार, समाज, शहर, क्षेत्र आदि का नाम उज्ज्वल किया है।

संवत २०५४ में सादड़ी नगर में शांतमूर्ति एवं महान् तपस्वी प. पूज्य आचार्य देव श्रीमद् विजय कमलरत्नसूरीश्वरजी म. सा. आदि आचार्य भगवंत तथा अन्य साधु तथा साध्वी भगवंतो के सानिध्य में ऐतिहासिक चातुर्मास सम्पन्न हुआ था। चातुर्मास में आराधना हेतु आप श्री भी सादड़ी पधारे थे। उस समय आप से विशेष परिचय सादड़ी निवासियों को हुआ था। धर्म के प्रति ज्ञान, जिज्ञासा, एवं उत्कंष्ठा से आपका धर्म समर्पण झलकता था।

निश्चय ही संयम मार्ग विकट है पर मोक्ष प्राप्ति के लिए अनिवार्य है। आपने उसे सहर्ष स्वीकार कर दर्शन, ज्ञान, चारित्र एवं तप को अंगीकार करने का निर्णय लिया है इसके लिए श्री जैन श्वेताम्बर मूर्त्तिपूजक जैन संघ पाटी का उपाश्रय सादड़ी आपका हार्दिक अभिनन्दन करते हुए गौरव का अनुभव करता है।

हे मोक्ष मार्ग के पथिक। हमें आप पर पूर्ण श्रद्धा एवम् विश्वास है कि आप अपने गुरु का नाम उज्ज्वल करेंगे आप संयम प्राप्तकर धर्म की आराधना तथा ज्ञान के प्रचार में निरंतर प्रगति करते हुए मोक्ष पद प्राप्त करे इन्हीं मंगल अभिलाषा सहित -

विनीत -

जेठ सुद १, श्री श्वेताम्बर मूर्त्तिपूजक जैन संघ

शनिवा[illegible], पाटी का उपाश्रय
तारीख [illegible]-१-२००० सादड़ी के ट्रस्टी -
बाबुलाल वालचंदजी रांका

नोट : मुमुक्षु शालिनीकुमारी एवं सोनमकुमारी को भी इस तरह का सन्मान पत्र दिया गया।

.....

॥ श्री चिंतामणि पार्श्वनाथाय नमः ॥
॥ श्री सीमंधरस्वामिने नमः ॥
॥ श्री प्रेम-भुवनभानु-पद्म-जयघोषसूरि सद्गुरुभ्यो नमः ॥

सूरि प्रेम दीक्षा शताब्दी वर्ष
विलेपार्ला जैन संघना उपक्रमे
श्री जिन शासन आराधना ट्रस्ट आयोजित अखिल भारतीय
दीक्षार्थी सन्मान समारोह सन्मान - पत्र
धर्मानुरागी मुमुक्षु - विकास पी. शाह

[illegible]. पू. वैराग्य देशनादक्ष आचार्य श्री हेमचन्द्रसूरीश्वरजी महाराज अने पू. मुनि श्री कल्याणबोधिविजयजी म. सा. नी मंगलकामना तथा प्रेरक मार्गदर्शनथी अखिल भारतीय दीक्षार्थी सन्मान समारोहनुं विलेपार्लेनी पुण्य धरा उपर भव्य आयोजन करवामां आव्युं हतुं।

आ सन्मान समारोहमां भारतभरमांथी शताधिक दीक्षार्थिओं हाजर रह्या छे. जेमां आपश्री अे पण हाजरी आपी समारोहनी शानने वधारी छे।

पू. आचार्य श्री चंद्रोदयसूरीश्वरजी म. सा., पू. आचार्य श्री राजेन्द्रसूरीश्वरजी म. सा., पू. आचार्य हेमचन्द्रसूरीश्वरजी म. सा., पू. आचार्य श्री जगच्चंद्रसूरीश्वरजी म.सा. आदि विशाल साधु-साध्वीजी समुदायनी उपस्थिति आ प्रसंगने विशिष्ट रीते दीपावना बनावेल छे।

आ अनोखो संयम सन्मान समारोह अने समूह धरसीदाननां वरघोडा ऐतिहासिक आयोजन कायमी जिन्दगीनुं भारणुं बनी रहेशे। आ प्रसंगने अनुलक्षीने गामे गामनां मुमुक्षु पुण्यात्माओं संख्याबंध पू. साधु-साध्वीजी भगवंतो, साधको, श्रेष्ठिओं, साधर्मिकोअें पधारी समारोह ने भव्य बनाव्यो छे।

खोबा खोबा भरीने सुभाशिष अने शुभेच्छाओं तमोने मल्या छे, जे आशीर्वादनी मूडी तमारा संयम जीवनमां प्राण पुरनारी बनी रहेशे।

संयमनो मार्ग छे शूरानो, कायरनुं नहीं काम... प्रतिकूलताथी छलोछल भरेला साधनानां विकट पंथने हँसता-हँसता खुंदवानुं भगीरथ साहस आप करी रह्या छो। त्यारे परमात्माने अेटली ज प्रार्थना करवानुं मन थाय छे के तमारो संयम मार्ग निष्कंटक बनो निष्कलंक बनो, निर्मल बनो।

अप्रमत्तभावे विशुद्ध साधना साधी आप शीघ्रातिशीघ्र कर्मोनी जंजीरोमांथी मुक्त थई मुक्तिपद पामो. अेज अे क अंतरनी अभ्यर्थना।

लिखि
संवत् २०५६, श्री विलेपार्ला श्वे.मू.पू.जैन संघ अेन्ड चेरीटीझ
पो.सु.३ श्री जिनशासन आराधना ट्रस्ट वती
रविवार खंभात निवासी
ता. ९-१-२००० श्रीमती ताराबेन ताराचंदभाई अंबाल[illegible] शाह
परिवार ह. उपेन्द्र - दिने[illegible]

.....

॥ श्री आदिनाथाय नमः ॥

श्री भागवती दीक्षा अभिनंदन - पत्र
मोक्षमार्गना पिपासु मुमुक्षुभाई श्री विकासभ ई

परम कल्याणकारी श्री अरिहंत भगवंतनां जयवंत शासनने दीपावनार हे पुण्यवान आत्मा...

श्री आकोला जैन श्वे. मूर्तिपूजक संघ तमोने आ दिव्य पंथे जवा बदल अभिनंदनना पुष्पों अर्घांजली रुपे धरवा इच्छे छे। तमारी मुमुक्षु अवस्था अभिनंदनने पात्र छे। तमारा जेवा भ[illegible]ग्यशाली आत्माओअे जैन शासननुं गौरव वधार्युं छे। तमारी पूर्वभवनी आराधना थी तमारा आजना भावोल्लासनी अभिवृद्धि जो ई अमारा संघने आनंदनो पार नथी।

आजना विषम वातावरणमां चारित्रनी भावना थवी ज दुर्लभ छे. तेथी ज आवी युवान वयमां तमारी आत्मजागृति भ[illegible]लभलाने धर्मना पंथे दोरी जाय छे। तमारी भव्य भावना, अपूर्व उत्साह, संयमनो अगाध राग, युवान वय छतां वैराग्यनो रंग, घ[illegible]ा सुखी छतां संसार ने लात मारवानी हिम्मत आ जोई श्री संघनुं मन मानंदथी डोली रह्युं छे। भौतिक युगनी सहेज सुखानुकूलता होवा छतां तेनो सर्वथा परित्याग करी संयम जीवननी कठिन साधना ने साकार करतां तमो जीवन ने कल्याणक बनावी रह्या छो। तमारी आ उत्कृष्ट मंगल साधनाने अमारा कोटीशः नमस्कार होजो। मो[illegible] मायानी मोजीली जिंदगीना उपभोग ने आंगणे उभा रही तेनो याव[illegible] जीवन त्याग करी महाव्रतोनां महामार्गनी मंगल मनीषा पू[illegible] करी, मातापितानी कीर्तिना कलश बनी श्री जैन शासननां गौरवश[illegible]ल संत बनी रहो अे बदल अमारा श्री संघना लाख लाख अभिनंद[illegible]।

अमारा वहाला भाई श्री विकासभाई - तमारो स्वीकारतो मार्ग अति कठीन छे. छतां तमारी ऊँची भावना अेवी छे के तेना पालनमां आवतां उपसर्गो के संकटोने हँसते मुखे सहन करवामां तमे जरुर शक्तिमान थशो। तमो धर्मनो ध्वज विजयी थई फरकावजो. संयमनी अपूर्व आराधनामां उजमाल रहेजो, ज्ञानध्यानमां प्रमादरहित पणे मग्न हेजो। आ दिव्य पंथनी ज्योत समाजमां प्रसरावजो, शासनदेव तमारी महान मुक्तिनी आशाओने फलीभूत करे, तमोने महान् शक्तिओ खीलववा बल, उत्साह अने सफलता आपे, तमारी महान् साधना अने मोक्षमार्गनी आशाओनें फलीभूत करे, अेवी अमे शासनदेव ने प्रार्थना करीअे छीअे।

आजना मंगलमय अपूर्व अवसरने श्री आकोला जैन श्वेताम्बर मूर्तिपूजक संघ प्रेमपूर्वक आवकारी हार्दिक अनुमोदना करे छे। तमारो मार्ग निष्कटंक बने... तमारी साधना उजमाल बने... तमारी भावना शीघ्र कल्याण साधे... अेज भावनाओं सह

संवत २०५६, लिखी
पोष शुद १०, श्री जैन श्वे. मूर्तिपूजक संघ
रविवार, ई. १६-१-२००० आकोलाना प्रणाम

.....

॥ श्री जिनेन्द्राय नमः ॥

सवि जीव करुं शासनरसी

अभिनंदन पत्र

चरम तीर्थंकर, देवाधिदेव, श्रमण भगवान श्री महावीर प्रभु अे दर्शावेल परम पवित्र साधुपदना मार्गे महाभिनिष्क्रमण करवाना ध्रुव निर्धारवाला मुमुक्षु

विकास प्रकाशचन्द्र जैन

पुण्यवान पवित्र कुलीन श्रावक माता पिताने त्यां जन्म पामी, महान पुन्यना उदय थी अने अत्यन्त लघुकर्मिताना कारणे आपे लघुवयमां ज उत्तम प्रकारना धर्मनुं ज्ञान मेलव्युं अने संस्कार पथ आपना उत्तम ज रह्या. अेटलुज नहि पण संसारनी असारताने सारी रीते समजीने आप साधु धर्म प्रत्ये अत्यन्त अभिलाषावाला थया छो. अे जोईने अमे अंतःकरणमां अत्यन्त प्रमोद अनुभवीअे छीअे।

आपनो सर्वत्यागनो मार्ग निर्विघ्न बनो, आवेला विघ्नों पर आप जय पामनारा थाओ, अने आप पोतानां तेमज बीजा अनेक भव्यजीवोना आत्मानुं कल्याण करनारा थाओ। आपनो पवित्र आत्मा तप, त्याग, क्षमा, ध्यान, आदि अनेक गुणों थी पवित्र थाओ अने आप दर्शन, ज्ञान, चारित्रनी महान् ज्योतिने धारण करनारा थाओ।

भर युवावस्थामां मोहनां प्रलोभनोने वश न थतां आप आ पवित्र राहे प्रयाण करवा तत्पर थया छो. अे जोई दरेक भव्य आत्मा आजना मंगलमय दिवसे गौरव अने आनंद अनुभवे छे।

स्वपर उन्नतिना मार्गे आपश्री अस्खलित रीते आगळने आगळ वधता रहो, धीर वदने आराधना पताकाने गगनमां फरकावो। आपनी आ प्रव्रज्या दरेक भव्य आत्मा माटे आदर्शरुप थाओ। पूर्वना महासत्त्वशाली पुरुषोनो आ महामार्ग छे। तेओअे जे रीते महोसत्त्व द्वारा स्वपर कल्याण साध्युं ते रीते आप पण साधनारा थाओ।

गुरुकुलवास तेज साचु संयम छे. साची सर्वविरति छे अने साचो मोक्षमार्ग छे. आप गुरुभगवंतोनो उत्तम विनय अने बहुमान तथा सहवर्तिओनी उत्तमोत्तम भक्ति करनारा थाओ। मैत्र्यादि चार भावनाओं, अनित्यादि वार भावनाओं अने महाव्रतनी पचीस भावनाओं वगेरे उत्तम भावनाओनो निरन्तर अभ्यास करी आप साची समताने साधनारा थाओ। छअे जीवनिकायनां आप रक्षक थाओ। साचुं ज्ञानगर्भित वैराग्य आपनुं निरंतर विकसो। अमे इच्छीअे छीअे के उत्तमोत्तम साधना वडे आप धर्मतीर्थंकरनी उत्तम पदवी प्राप्त करनारा थाओ। आप निरंतर कर्म - निर्जरानुं लक्ष राखनारा अत्यन्त निस्पृह, बीजा अनेक जीवोने धर्ममां सहाय करनारा अने अप्रमत्त संयमनां महासाधक थाओ... अेवी अमारी अंतरनी तीव्र अभिलाषा छे।

आपनां ते माता-पितादि संबंधीओं पण धन्य छे अने भाग्यशाली छे के जेओ अे आ उत्तम मार्ग तरफ आपने प्रेरेल छे। आ मार्गे वालनारा आपना गुरु भगवंतो ने पण धन्य छे। ते बधा ना तथा अमारा बधाना आप अंगे जे उत्तम मनोरथों छे, तेने आप पूरनारा थाओ, अने अमारा जेवाओने संसारमांथी उगारनारा थाओ।

आपनां संयमनां परिणाम निरन्तर वृद्धिने पामता रहे तेमने ते माटे आप निरंतर प्रयत्न करतां रहो, अेज अमारी अंतरनी अभिलाषा छे।

लिखी
दी. १-५-२००० श्री चीराबजार जैन संघ
विजयवाडी, मुंबई-२.

नोट : मुमुक्षु शालिनीकुमारी एवं सोनमकुमारी को भी चिराबाजार, मुंबई संघ की तरफ से उपरोक्त मुजब अभिनंदन पत्र दिया गया।

॥ श्री महावीर स्वामिने नमः ॥

॥ श्री [illegible]न-प्रेम-रामचन्द्र-यशोदेव-राजतिलक-कमलरत्नसूरीश्वरेभ्यो नमः ॥

दीक्षार्थी विकासकुमार प्रकाशचन्द्रजी के कर- कमलो में समर्पित अभिनन्दन - पत्र

मुमुक्षु

अनंत पुण्योदय से आपको देव - दुर्लभ मनुष्य जन्म मिला, श्रेष्ठ और संस्कारी कुल मिला, गुरु भगवंतो के मुख से वीतरागवाणी का अ[illegible]तपान मिला। धर्म - श्रद्धा का दिव्य दीप प्रज्वलित हुआ। संसार के क्षणिक सुखों पर वैराग्य जगा, और विरतिधर्म स्वीकारने की भव्य भावना पल्लवित हुई। प. पू. वर्धमान तप की १०० ओली के महान् तपस्वी आ. श्री विजय **कमलरत्नसूरीश्वरजी** म. सा. के अपना जीवन समर्पित करने का निर्णय किया।

महाभिनिष्क्रमण के मार्ग पर आपका यह पुरुषार्थ आपके अंतर में रहे हुए वीरत्व को साबित करता है। जिस श्रद्धाबल से जिस अनंतसुख की इच्छा से आप सिंह जैसा पराक्रम कर रहे हो उस श्रद्धा को इच्छा को अन्तिम श्वास तक टिकाये रखना और वृद्धि करना।

आप अपने संयम जीवन को गुरु आज्ञामय, विनयमय, वैयावच्चमय, तपोमय, त्यागमय, तितिक्षामय और स्वाध्यायमय बनाकर आत्म रमणता का परम आस्वाद प्राप्त करना। प्रमाद शत्रु से सावधान रहना। आपके संयमधन को लुटने वाले कषाय चोरों को जरा भी घुसने मत देना।

प्रमाद शत्रु से सदा सावधान बनकर आराधना का राधावेध साधकर मुक्ति रुपी कन्या की वरमाला वरना। एवं-

पिण्डवाडा के पनोते पुत्र प. पू. आ. श्री विजयप्रेमसूरीश्वरजी म. सा. ने जिस तरह पिण्ड़वाडा का नाम रोशन किया, उसी तरह आप भी रोशन करे, यही शुभाभिलाषा।

श्री प्रकाश के घर विकासने धर्म की ज्योत जलाई
चि. विकास ने असार संसार को त्याग संयम की बंशली बजाई
कंटकों भरे इस मार्ग में, तुम सदा विजयी रहो.
उच्च आदर्शो से भरे, इस पथ पर, तुम सदा गंगा बन बहो ॥

स्थल: श्री पोरवाल जैन न्यातीनोहरा,
वि. सं. २०५६, जेठ सुद ७, शनिवार, दिनांक १०-६-२०००.

लिखी
श्री जैन संघ, पिण्ड़वाडा (राज.)
३०७०२२, जिला-सिरोही.

॥ श्री ऋषभदेवाय नमः ॥

॥ श्री मदात्म-कमल-दान-प्रेम-राम-कमलरत्नसूरि सदगुरुभ्यो नमः ॥

श्री जोधपुर (सूर्यनगरी) में मुमुक्षु विकासकुमार उम्र २२ वर्ष, पिता श्री प्रकाशचन्द्रजी माता पुष्पाबेन पिंड़वाडावालो के करकमलों में समर्पित

अभिनन्दन पत्र

दीक्षा स्थल : पिंड़वाडा (सिरोही) दीक्षा तिथि-अ[illegible]ते शीघ्र

आज जहां तहां भौतिकवाद की भयंकर आंधी में युवा पीढ़ी भटक रही है। चारों दिशाओं में भौतिकवाद की अग्नि जल रही है, इस भवसागर से पार उतरने का कोई रास्ता नहीं है, अगर है तो मात्र जिनेश्वर भाषित धर्म एवम् उसके प्रसार कर्ता गुरु भगवन्त! इस कारण ही ऐसे हुण्ड़ावसर्पिणी काल में भी ऐसी अनेक भव्यात्मा है जो अपने इस भौतिकवाद के चकाचौन्ध से परे हटकर आत्मकल्याण की तरफ आकर्षित हुए बगेर रहती नही, इस श्रेष्ठ कार्य में एक नाम आपका भी जुड गया है। आपने प. पू. आचार्य देव श्रीमद् विजय जितेन्द्रसूरीश्वरजी म. सा. के शिष्यरत्न आचार्यदेव श्रीमद विजय कमलरत्नसूरीश्वरजी म. सा. एवम् विदुषी साध्वीजी हर्षित प्रज्ञाश्रीजी आदि के वैराग्य वासित वाणी द्वारा वैराग्य को प्राप्त किया। अतः आपका बहुमान पूर्वक अभिनन्दन करते हुए हम भाव विभोर बन गये है, चारो तरफ आनन्द की लहरें हीलोरे ले रही है। श्री जैन श्वेताम्बर तपागच्छ धर्म क्रिया भवन, जोधपुर में उपरोक्त आचार्य भगवन्त के ही शिष्यरत्न प. पू. अनुयोगाचार्य श्री **दर्शनरत्नविजयजी** गणिवर्य एवम् आपके शिष्य प्रशिष्यरत्न प. पू. श्री **भावेशरत्नविजयजी** म. सा. प. पू. श्री **प्रशमरत्न विजयजी** म. सा. की शुभ निश्रा में आपका बहुमान करते हुए हमें अतिप्रसन्नता हो रही है।

१. देवदाणव गन्धवा, जक्खरक्खस किन्नरा: बंभयारिं नमंसंति दुक्करं जे करंति ते ॥ १ ॥

भावार्थ - ब्रह्मचर्य रुपी दुष्कर व्रत को जो ग्रहण करते है, उनको देव, दानव, यक्ष, राक्षस, किन्नर भी नमस्कार करते है।

२. प्रव्रज्या गृह्यते धन्यै: धन्यैश्च परिपाल्यते,
प्रवज्या कार्यते धन्यै: धन्यैश्च परिदृश्यते ॥

भावार्थ - दीक्षा लेने वाले धन्य हे, दीक्षा का पालन करने वाले धन्य है, दीक्षा दिलाने वाले एवं दीक्षा की अनुमोदना करने वाले भी धन्य है।

३. स्वर्गस्था : पितरो वीक्ष्य, दीक्षितं जिन-दीक्षय
मोक्षाभिलाषिणं पुत्रं, तृप्ता: स्यु: स्वर्गि[illegible]सदि ॥

भावार्थ - स्वर्ग में रहे हुए पूर्वज भी जिन दीक्षा से दीक्षित दीक्षाभिलाषी सन्तान को देखकर प्रसन्न होते है। धन्य माता-पिता ! आप अपनी प्रिय सन्तान जैनशासनको सौंपने जा रहे है अत: आप भी शास्त्रप्रमाणों से धन्यवाद के पात्र है।

अपने पांच प्रतिक्रमण, चार प्रकरण, तीन भाष्य साधुक्रिया, जीवविचार, नव-तत्त्व सार्थ, स्तवनादि कण्ठस्थ करके सम्यक्ज्ञान की आराधना की है।

आपने ३१ उपवास, ७ उपवास, वर्धमान तप का पाया, मोक्ष दंड़क तप, नवपद की ओली, ज्ञान पंचमी, पोष दशमी आदि तप करके आत्मा को भावित किया है।

आपने अहमदाबाद से शंखेश्वर, पिंड़वाडा से राणकपूर, उदयपुर से नामनवाडा, अहमदाबाद से पालीताणा, छ'रीपालित पदयात्रा संघ एवं गिरनार, समेतशिखर, जैसलमेर, आबू (देलवाडा) कच्छ, भद्रेश्वर, आदि दूर-सुदूर तीर्थो की यात्रा करके सम्यगदर्शन को निर्मल किया है।

हमारी शुभ कामना है कि आप दीक्षा सिंह की तरह लेकर सिंह की तरह पालते हुए एवं स्वपर का कल्याण करते हुए शासन की खूब शोभा बढ़ाये।

वि.सं. २०५४ आसोज सुद ११, दिनांक १२-१०-९७, रविवार,

लिखी

अध्यक्ष - महावीर कासिया * मंत्री - निर्मलचंद भंडारी

महावीर श्री जैन श्वे. तपागच्छ समस्त संघ

(धर्मक्रिया भवन, खेरादियों,जोधपुर (राजस्थान)

जैतिस्वामी तीर्थ (राजस्थान) नांदिया में बडीदीक्षा एवं भागवती दीक्षा

प. पू. शासनप्रभावक आचार्यदेव श्रीमद्विजय कमलरत्नसूरीश्वरजी म. सा. तथा प. पू. आ. दे. श्रीमद् विजय अजितरत्नसूरीश्वरजी म. सा. की शुभनिश्रा में नांदिया (राजस्थान) जिला, सिरोही में अषाढ सुद ६ दि. ७-७-२००० (१) मुनिराजश्री दीपकरत्न विजयजी गुरु - पू. आ. दे. श्री अजितरत्न सूरीश्वरजी म., (२) साध्वीजी गिरिशप्रज्ञाश्रीजी / गुरुणी - साध्वीजी निवृत्तिरक्षित श्रीजी (३) साध्वीजी विनीतप्रज्ञाश्रीजी / गुरुणी - साध्वीजी सूर्यप्रज्ञाश्रीजी। तीन बडी दीक्षा सानंद सपन्न हुई। पूज्यश्री का चातुर्मास प्रवेश अषाढ सुद ९ दि. १०-७-२००० को सिरोही में हुआ। आज झाडोली, वीरवाडा, सिरोही, पींडवाडा आदि सेंकडो से भाग्यवंत पधारे थे। श्री वीरचंदजीभाई ने बोली बोलकर गुरुपूजन किया। और बिपीन संतोकचंदजी (साध्वीजी लब्धिप्रज्ञाश्रीजी का संसारी सुपुत्र के तरफ से संघपूजन एवं कामली वोहराई गई। एवं साध्वीजी लब्धिप्रज्ञाश्रीजी के बडीदीक्षा पींडवाडा में रखने की आग्रह भरी विनंति की।

हिन्दी विक्रम संवत २०५८ (विक्रम संवत २०५७)

प. पू. तपस्वी आचार्यदेव श्रीमद् विजय कमलरत्नसूरीश्वरजी म. सा., प. पू. आ. दे. श्रीमद् पू. दीपकरत्नविजयजी म. का चातुर्मास जैन चारथुई क्रिया भवन, खेरादियों का वास, जोधपुर (राजस्थान) मे होगा

प. पू. सुविशालगच्छाधिपति आ. दे. श्रीमद् विजय रामचन्द्र सूरीश्वरजी म. सा. के लघुबन्धु लक्ष्मण तुल्य प. पू. तपस्वी आ. दे. श्रीमद् विजय अमृतसूरीश्वरजी म. सा. के पट्टधर प. पू. हालार देशोद्धारक आ. दे. श्रीमद् विजय जिनेन्द्र सूरीश्वरजी म. सा. की शुभ निश्रामें पू. आ. दे. श्रीमद् विजय दर्शनरत्नसूरीश्वरजी म. सा., पू. मुनिप्रवरश्री भावेशरत्नविजयजी म., पू. मुनिराज श्रीप्रशमरत्नविजयजी म., पू. रत्नेशरत्न विजयजी म. का चातुर्मास हालारी जैन धर्मशाला, पंचासर रोड, शंखेश्वर - ३८४२४६ उत्तर गुजरात में होगा। इसके सिवाय श्री अमदाबाद रामसीन, पाटण, पींडवाडा एवं २०० वर्ष के इतिहास में सर्वप्रथम तेरापंथ के गांव तारानगर (राजस्थान) में साध्वीजी मोक्षरत्नाश्रीजी, साध्वीजी सुरक्षित दर्शिताश्रीजी एवं साध्वीजी लब्धिप्रज्ञाश्रीजी का चातुर्मास विक्रम संवत, २०५७ में होगा।

यदि जीवन में शान्ति पाना हे तो जैनप्रवचन (हिन्दी) मासिक को पढे एवं प्रचार करें।

आजीवन शुल्क रु. ५०१/-

जैनप्रवचन प्रकाशन संस्थान

३३, केडिया एपार्टमेन्ट, २९ ओफ,

डोंगरशी रोड, वालकेश्वर,

मुंबई - ४०० ००६.

મનન મોતી

સંગ્રાહિકા : સૌ. અનિતા આર. શાહ - માલેગાંવ.

- આપણે ભગવાનની આજ્ઞા મુજબ શુદ્ધ ધર્મ કરીને મોક્ષને માટે મહેનત કરવી છે કે સુખને માટે ધર્મ કરીને સંસારને શણગારવો છે !
- આત્મગુણ લક્ષ્મીના પ્રેમી જીવો ધર્મ માટે યોગ્ય કહેવાય.
- પૈસા - ટકા બાહ્ય સુખ સામગ્રીના પ્રેમી બનેલા સંસારનું કાયમી ગુલામી ખત લખી આપનારા છે.
- સાધુપણામાં વસ્ત્ર-પાત્રાદિ પરની મમતા સાધુપણાને લજવી મૂકનાર છે.
- સાધુવેષનો મહિમા પણ જાતવાન આત્માને માટે છે. કજાતો તો તેને પણ લજવનારા છે.
- સાધુવેષ તો પૂજનીક છે. તેમ સાધુતા પણ તેટલી બલ્કે અધિક પૂજનીક છે.
- આત્મરમણતામાં સાધક વસ્તુ સંગ છે. જેમાં રાગાદિને પરવશ બનેલા જીવો આસક્તિને અનુભવે છે તેને સંગ કહેવાય છે. આ સંગ એ જ આત્મગુણથી પતિત કરનાર છે.
- વ્રત એ પાપના હેતુના ત્યાગ માટે છે, પાપના હેતુઓ દુનિયામાં કોઈ હોય તો તે રાગ અને દ્વેષ છે. અને સ્ત્રીઓ સિવાય અન્ય રાગ-દ્વેષનું મૂળ બીજું નથી. એથી સ્ત્રીસંગ સ્વરૂપને એનો ત્યાગ કરનારા જ સાધુપણાનું જીવનમાં સુંદર પાલન કરી શકે છે.
- 'મારે મારા આત્માને આ સંસાર સાગરથી નિસ્તાર કઈ રીતના પમાડવો' આ વિચારણા આત્મગવેષક માટે સહજ હોય.
- અલંકાર એ શરીરનો શણગાર - ભૂષણ છે. શીલ-સદાચાર એ જ આત્માનો સાચો શણગાર - ભૂષણ છે.
- ભગવાનની આજ્ઞાની દરકાર રાખ્યા વિનાની કોઈપણ પ્રવૃત્તિ સારી હોવા છતાં પણ સ્વ-પરના હિતની વ સ્તવિક સાધક બની શકતી નથી.
- પરમતારક શ્રી જિનેશ્વર દેવોની તારક આજ્ઞા પ્રમાણે વિચરવું તે જ સાચો વિહાર છે.
- પ્રજ્ઞાનો ગર્વ એ એક જાતિનો એવો વિષમ જ્વર છે કે જેના નિવારણ માટે હજી કોઈ ઔષધ શોધાયું નથી.
- પ્રજ્ઞાથી ગર્વિષ્ઠ બનેલાના અભિમાનના ઓડકાર એવા હોય છે જેથી સુરી આત્માને પણ દયાપૂર્વકનો તિરસ્કાર છૂટે.
- પ્રજ્ઞાના પ્રકર્ષનો ગર્વ તેને ઉન્માર્ગ ગામી પણ બનાવે અને તેની તોછડાઈથી અનેકને સન્માર્ગથી દૂર રાખે.
- નિંદા પચાવવી સહેલી પણ પ્રશંસા પચાવવી ઘણી કઠીન છે.
- 'આત્મવત્ સર્વભૂતેષુ' માનનારો આત્મા બીજાના આત્માને દુઃખ થાય તેમ કઈ રીતના કરે ?
- સમ્યગ્દર્શન ગુણને પામેલા પુણ્યાત્માને આ સંસાર સાગર કરતાં પણ અધિક ખારો લાગે.
- સોહમણા સુખમય પદાર્થો પરનો રાગ અને આસક્તિ છૂટે ત્યારે સમકિતને આવવાનો અવકાશ આવે.
- સુખના રાગી અને આસકત બનેલા માટે સમકિત સ્વપ્ન પણ સુલભ નથી.

વિક્રમ સંવત્ ૨૦૫૭ નું ચાતુર્માસ

પ. પૂ. હાલારદેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં શ્રી શંખેશ્વર તીર્થ જોલારી જૈન ધર્મશાળામાં પ. પૂ. તપસ્વી આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય પ્રશિષ્યરત્ન પ. પૂ. આ. દે. શ્રીમદ્ વિજય દર્શનરત્નસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. મુનિપ્રવર શ્રી ભાવેશરત્નવિજયજી મ. સા., પ. પૂ. મુનિપ્રવર શ્રી પ્રશમરત્નવિજયજી મ. સા., પ. પૂ. મુનિ શ્રી રત્નેશરત્નવિજયજી મ. સા., વિક્રમ સંવત્ ૨૦૫૭ નું ચાતુર્માસ કરશે.

મુનિરાજશ્રી દીપકરત્ન વિજયજી મહારાજ એવં સાધ્વીજી ગિરીશપ્રજ્ઞાશ્રીજી, સાધ્વીજી વિનીતપ્રજ્ઞાશ્રીજી કી બડી દીક્ષા (ઉપસ્થાપના) અષાઢ સુદ ૬ શુક્રવાર દિ. ૭-૭-૨૦૦૦ કો હુઈ। લક્ષ્મીબેન સંતોકચંદજી મરાડિયા કી દીક્ષા અષાઢ સુદ ૯ સોમવાર ૧૦-૭-૨૦૦૦ કો હુઈ। બડી દીક્ષા ઉપસ્થાપના આસોજ સુદ ૧ રવિવાર દિ. ૮-૧૦-૨૦૦૦ કો હુઈ। એવં સાધ્વીજી લબ્ધિપ્રજ્ઞાશ્રીજી નામ જાહિર હુઆ। સાધ્વીજી લબ્ધિપ્રજ્ઞાશ્રીજી કી સંસારી પક્ષ મેં નણંદ સાધ્વીજી વિરાગરત્નાશ્રીજી ભી દીક્ષિત હૈ।

'આત્મપરિણતિ આદરો, પરપરિણતિ ટાળો'

લેખાંક - ૯

-પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિજય

સુદેવ અને સુગુરુની સાચી ઓળખ આપી હવે સુધર્મની સાચી ઓળખ આપે છે. સકલસૂત્ર શિરોમણિ, શ્રુત કેવલી પૂ. શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા કૃત 'શ્રી કલ્પસૂત્ર' પર સુબોધિકા ટીકા રચનાર પ. પૂ. મહામહોપાધ્યાય શ્રી વિનય વિજયજી મહારાજાએ પણ શ્રી નમિનાથ સ્વામિ ભગવાનના સ્તવનમાં પણ ગાયું કે 'ત્રણ તત્ત્વ મનમાં અવધારી, વંદો અરિહંત દેવો રે ! દેવ-ગુરુ-ધર્મ એ ત્રણ તત્ત્વની યથાર્થ ઓળખ થયા પછી ભક્તિ કરવા કહેવું ન પડે પણ ભક્તિના તરંગો હૈયામાં ઉછળ્યા જ કરે. દુનિયામાં પણ જેના ઉપર રાગ હોય છે તે વ્યક્તિ માટે શું શું કરવાનું મન ન થાય - તે સૌના અનુભવમાં છે. તેમ સાચો ધર્મરાગ જન્મ્યા પછી જે ભાવોદધિ ઉછાળા મારે જેનું વર્ણન ન થાય. માટે હવે ધર્મતત્ત્વની ઓળખ આપતા કહે છે કે-

(૩૦) 'को धर्मः? वीतरागोक्ताऽहिंसा-यम- तवपोमयः !'
ધર્મ કયો ? શ્રી વીતરાગ દેવે પ્રરૂપેલ અહિંસા, સંયમ અને તપજ'.

જગતમાં કહેવાતા ધર્મો એ સદ્ધર્મ રૂપે બનતા નથી. જેમના રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાન નાશ પામ્યા તે શ્રી વીતરાગ દેવને ખોટું બોલવાનું કોઈ જ કારણ નથી. છદ્મસ્થ પણામાં અનુપયોગાદિના કારણે પણ વિપરીત બોલવાનો પ્રસંગ સંભવિત છે. માટે જ શ્રી તીર્થંકર પરમાત્માઓ કેવલજ્ઞાન ન પામે ત્યાં સુધી ઉપદેશની પ્રવૃત્તિ મોટે ભાગે કરતા નહિ. લાભ વિશેષે કદાચ કહે તે વાત અલગ છે. માટે જ શ્રી વીતરાગ દેવે કહેલો ધર્મ એ જ વાસ્તવમાં ધર્મ કહેવાય છે જે ધર્મ કષ-છેદ-તાપની કસોટીમાંથી પાર પામેલો છે. શ્રી વીતરાગ દેવના ધર્મમાં કોઈ જ દૂષણ કાઢવા શક્તિમાન નથી. ધર્મના આરાધકનં ખામી-દોષોના કારણે ધર્મ વગોવે કે વગોવાય તેમાં આરાધકનં ભૂલો કારણ છે, બાકી ધર્મ તો સો ટચના સુવર્ણની જેમ સર્વથા સુવિશુદ્ધ જ છે.

માટે કહે છે કે સર્વજ્ઞ એવા વીતરાગ દેવે પ્રરૂપેલો અહિંસા, સંયમ અને તપ એ જ વાસ્તવમાં ધર્મની કોટિમાં આવી શકે છે. અહિંસાના સંપૂર્ણ પાલન માટે સંયમ ખૂબ જ જરૂરી છે અને સંયમની વિશુદ્ધિને માટે તપ પણ તેટલો જ જરૂરી છે. માટે જ જ્ઞાનનું ફલ વિરતિ કહી જ્ઞાનિઓએ જ્ઞાન અને ક્રિયા, દ્રવ્ય અને ભાવ સાથે ને સાથે રાખ્યા. જ્ઞાન વિનાની ક્રિયા પાંગળી કહી અને ક્રિયા વિનાનું જ્ઞાન આંધળું કહ્યું. બન્ને સાથે ને સાથે પૂરક બનીને રહે તો જ કાર્યસિદ્ધિ થાય.

હિંસા ધર્મરૂપે બની શકે તેમ જ નથી. હિંસાની સાથે ક્રૂરતા આવી જ જાય. ક્રોધની ભગિનિ હિંસા કહી છે. હિંસામાંથી મૂઢતા જન્મે. મૂઢતા મહાપાશવતાને ખેંચી લાવે. જેને 'હું જીવ છું, મને દુઃખ પ્રિય નથી અને સુખ જ પ્રિય છે તો મારા સુખને માટે મારાથી બીજાને દુઃખ કેમ દેવાય ?' જે બધા આત્માઓને પોતાના આત્મા સમાન માને તે બીજાને દુઃખ કે પીડા કેમ દે ? માત્ર બીજાના પ્રાણ લેવા, તેને મારી નાખવો તેને હિંસા નથી કહી પણ રાગાદિ સંક્લેશના કારણે બીજાને દુઃખ પહોંચાડવું, મર્મભેદી વચનો બોલવા, અજીવ-જડ એવા થાંભલા-ભીંતને અથડાઈ 'આ વચમાં આવે છે' આમ અપ્રીતિ બતાવવી તે બધાને પણ હિંસા કહી છે. તે બધાથી બચવા અહિંસાનું પાલન જરૂરી છે અને અહિંસાના પાલન માટે પોતાથી ચૌદે રાજલોકના સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર એક પણ જીવને મન-વચન-કાયાથી મારવા, મરાવવા કે અનુમોદવા રૂપે ત્યાગ કરવો તેનું નામ અભયદાન છે. અહિંસાનું પાલન તે નિર્બળતા કે કાયરતા નથી પણ સામનો કે પ્રતિકાર કરવાની શક્તિ છતાં સહન કરવું તે ધર્મ છે. ઉત્કૃષ્ટ સત્ત્વ પ્રગટ્યા વિના આ શક્ય નથી.

આવી અહિંસાના પૂર્ણ પાલન માટે સંયમ ખૂબ જ જરૂરી છે. માટે સાધુઓ માટે સર્વસંયમ અને શ્રાવકો માટે દેશથી પણ સંયમ બતાવ્યું છે. જેના મન-વચન-કાયાના યોગો, પાંચે ઇન્દ્રિયો અને ચારે કષાયો કાબૂમાં છે તેને પાંચે અવ્રત કઈ રીતના પીડી શકે. સંસારના વિષય-કષાયજન્ય સુખ માત્ર પ્રત્યે વિરાગ અને ઉદાસીનભાવ જન્મે, પોતાના જ પાપથી આવતાં દુઃખોમાં સમાધિ રાખે તેના માટે સંયમ ધર્મ તે સહજ છે. અનુકૂળતામાં ઉદાસીનતા અને પ્રતિકૂળતામાં પ્રસન્નતા એ જ સમાધિનો રાજમાર્ગ છે. એક પણ દુન્યવી સુખની ઇચ્છા થઈ

એટલે ને મેળવવા ભોગવવા કે સાચવવા કોઈને તો દુઃખ દેવું જ પડે પછી સંયમ કે અહિંસાનું પાલન કઈ રીતના થાય. સંયમી ઇન્દ્રિયજન્ય સુખો તરફ લાલ આંખ હોય કે ભૂંડના જેવી વૃત્તિ કે પ્રવૃત્તિ ન આચરે. વાસનાના ગંદકી ભર્યા પ્રવાહને સુરસરિતાનો નિર્મલ પ્રવાહ માની તેમાં ડૂબવાનું પસંદ ન કરે. સંયમમાં શરીર પ્રત્યે કઠોરતા અને આત્મા પ્રત્યે કોમલતા છે, ઇન્દ્રિય કષાયનું દમન નથી પણ તેના ભાવિ ભયાનક વિપાકો જોઇ - વિચારી સમજણ પૂર્વક મનની મક્કમતા કેળવી તેનાથી દૂર રહેવાનું છે. માટે ઇન્દ્રિયજન્ય સુખોની અપેક્ષા નથી પણ આત્મિકગુણોની રમણતા છે. ઇન્દ્રિય જે માગે તે આપવામાં નહિ પણ તેનો નિગ્રહ કરવામાં જ આનંદ છે. તેમાં જ લાભ છે.

સંયમની વિશુદ્ધિ માટે તપ જરૂરી છે. તત્ત્વજ્ઞાનની પરિણતિ તે જ સાચો તપ છે તેથી જ મોહજન્ય ઇચ્છાઓનો નિરોધ સહજ - શક્ય બને છે. તપ દેખાવ-આચરણમાં કઠોર હશે પણ પરિણામે હિતકારી છે. કઠોરતા પણ કોમલતાની સંરક્ષક બને છે. દુનિયામાં પણ દેખાય છે કે ખીલેલા પુષ્પોની નીચે જે કઠોર કવચ ન હોય તો કોમલ પાંદડીઓનું અસ્તિત્વ કઈ રીતના ટકે ? તપ એ શરીરને શોષાવનાર કે નિર્બલ કરનાર નથી પણ કર્મોને શોષાવી આત્માને સ્ફટિક રત્નની જેમ નિર્મલ કરનાર છે. તપ એ દેહદ મન નથી મોહજન્ય ઇચ્છાઓનો મારક-વારક-નિવારક છે, રત્નત્રયી પ્રાપક છે અને મુક્તિદાયક છે.

શ્રુતકેવલી ભગવાન શ્રી શય્યંભવસૂરિજી મહારાજાએ પણ શ્રી દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયનની પહેલી ગાથામાં પણ આ જ વાત કહી કે-

'धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो !'

આ ત્રણે ધર્મોનો સંપૂર્ણ સુભગ સુયોગ આત્માને પરમાત્મા બનાવવા સમર્થ છે અને તેવો આત્મા જ નિર્મલ બની આત્મગુણોમાં સદૈવ રમણતા કરે છે. 'धार्य ते अनेन इति धर्मः' તે ધર્મની યથાર્થતાને ચરિતાર્થ કરે છે. ધર્મ એ બહારથી લાવવાની કે ખરીદવાની ચીજ નથી પણ કર્મના કારણે દબાયેલા આત્મધર્મને પ્રગટ કરવાનો છે. તે માટે આ ત્રણની પ્રાપ્તિ - ખીલવણી જરૂરી છે. ધર્મને પ્રગટ કરવાનો પ્રબલ પુણ્ય પુરૂષાર્થ કરી આપણો આત્મા સંપૂર્ણ ધર્મમય બને તે જ અભિલાષા.

(૩૧) 'भगवन्नत्र कः शत्रुः ? प्रमादं मन्यतां शिशो !!'
'હે ભગવન્ શત્રુ કોણ ? હે શિશો ! પ્રમાદ જ તારો શત્રુ માનં.'

જે આપણને હેરાન - પરેશાન કરે, જેના પ્રત્યે આપણને અણગમો હોય, જે દરેક વાતમાં આપણી સાથે વાંધ - વચકા કાઢે, આર્થિક પ્રગતિ રૂંધે, આગળ આવતાં રોકે તેને આપણે આપણા શત્રુ તરીકે માનીએ છીએ. આપણા જાની દુશ્મન કોણ તેના નામ મુખ પાઠ હશે. દુનિયાનો દુશ્મન બહુ બહુ તો કદાચ તે એક ભવ સુધી રહી શકે. સંધિ કે સમજાવટથી દુશ્મનગિરિ દૂર પણ થાય અને મિત્રતા મંડાય તે પણ સહજ છે. જેમ દુનિયાને જોનારી આંખ, સ્વયં પોતાનું સ્વરૂપ નથી જોઈ શકતી તેમ દુનિયાને જોનારા આપણે આપણી જાત જોઈએ છીએ ખરા ? આજે ટી.વી. આદિ સાધનોથી દુનિયાના ખૂણે ખાંચરે બનેલા બનાવો થોડા સમયમાં દેશ-વિદેશમાં ફેલાઈ જાય છે પણ આપણા અંતરમાં થતી ઉથલ-પાથલો, કકળાટ, એકસીડન્ટ તેનો આપણને ખ્યાલ આવે છે ખરો ? આપણું બગાડનાર ચાહે નજીકનો સ્નેહી-સંબંધી હોય તો પણ આપણને તે શત્રુરૂપ લાગે છે પણ આપણો વાસ્તવમાં શત્રુ કોણ તેનો આપણે ક્યારે ય પણ વિચાર કર્યો છે ખરો ? માટે જ આત્માની સાચી નાડ પકડનાર ધન્વતંરી એવા શ્રી તીર્થંકર દેવ કહે છે કે, 'હે શિશો ! પ્રમાદ જ તારો શત્રુ છે.' જેમ બાલકને પોતાના શત્રુ-મિત્રની ગતાગમ નથી હોતી તેમ મોહના રમકડા એવા આપણે પણ 'બાલ' જ છીએ ને ? જે આપણા આત્માની અનાદિકાળથી ખાના-ખરાબી, પાયમાલી કરી રહ્યા છે તેને હજી આપણે ઓળખતા પણ નથી, કોઈ ઓળખાવા માગે તો આળસ કરીએ, કયાં તેની વાતને સ્વીકારતા પણ નથી.

પ્રમાદ એ જ આત્માનો મોટો શત્રુ છે. વિષય-કષાયાદિ પાંચ પ્રકારના કે આઠ પ્રકારના જેમાં માતા-પિતાનો પણ સમાવેશ કર્યો છે. આત્માને વિવેકહીન બનાવનાર કોઈપણ ભાવના ને બધી પ્રમાદમાં ગણાય. મોટી ફેકટરીઓ ચલાવનાર કે રેલ્વે - વિમાન - બસ આદિ વાહનો ચલાવનાર ચાલકની એકાદ ભૂલ કે એકાદ ક્ષણની આળસ - પ્રમાદ કેવં વિનાશ સર્જે તે અનુભવમાં છે. આજનો ધર્મીવર્ગ પણ પોતાની 'ઇમેજ' માટે વાત-વાતમાં કહે છે કે, ધર્મમાં જ પ્રમાદ બહુ નડે છે - આ જ સિદ્ધ કરે છે કે પ્રમાદ એ જ આત્માનં મોટામાં મોટો શત્રુ છે. આજે આશ્ચર્ય એ છે કે પ્રમાદના નાશનો ધર્મ પ્રમાદની પુષ્ટિ માટે કરાઈ રહ્યો છે. પોતાના ઇચ્છિત

માન-પાન-સન્માન-,સુખ-સાહ્યબી માટે ધર્મ કરવો તે પ્રમાદની પુષ્ટિ જ કહેવાય ને ?

આપણને બધાને અનાદિ કાળથી આપણી જાતનો બચાવ અને બીજાના માથે દોષનો ટોપલો ચઢાવવાનો, પોતાની ભૂલે બીજને દંડવાનો બહુ મોટો શોખ છે. જેથી આપણે સર્વથા નિર્દોષ અને બીજા બધા જ દોષિત-તેનો છૂપો આનંદ માનીએ છીએ. જેમ નાનું બાળક ચાલતા ચાલતા, ધુંટણિયા ભરતા કે રમતા રમતાં પડી જાય અને રડવા માંડે તો માતા તેને કહે - દીકરા ! રડ નહિ. ઉભો થા. 'આ જમીને તને પાડી નાંખ્યો હું તેને લઢીશ - સજા કરીશ' એટલે બાળક પડવાનું બધું દુઃખ ભૂલી પાછો ચાલવા-રમવા લાગે છે. આવી જ હાલત પ્રમાદના કારણે આપણી છે.

પ્રમાદ એવા ભિન્ન ભિન્ન રૂપોએ આપણને ઘેરી વળ્યો છે જેનું વર્ણન ન થાય. તેના પંજામાંથી છટકવું ઘણું જ મુશ્કેલ છે. પણ અશકય કે અસંભવ નથી. આપણને આપણી જાતનું સાચું ભાન થાય, આપણી જાતને સુધારનાર અને બગાડનાર સાચા મિત્ર અને શત્રુવર્ગની સાચી ઓળખ થાય તો આપણામાં એવું અપૂર્વ સત્ત્વ ખીલી ઉઠે કે આત્માને હાનિ કરનાર, અહિત કરનાર, બગાડનાર એક એક શત્રુને વીણી વીણીને સાફ કર્યા વિના રહીએ નહિ. દુનિયા ઉપર તો ઠીક પણ અનંતજ્ઞાની - સ્વરૂપી એવા આત્મા ઉપર પ્રમાદે જે કાળો કેર વર્તાવ્યો છે તે જો બરાબર સમજાઈ જાય તો પ્રમાદથી બચવું સહજ છે. ભલે પ્રમાદને સેવવો પડે પણ પ્રમાદને સારો તો નથી જ માનવો - આ ભાવના પેદા થાય તો પ્રમાદને ભાગ્યા વિના છૂટકો જ નથી. પ્રમાદથી બચવા પ્રયત્ન કરવો જરૂરી છે.

(૩૨) ' કેમસ્તિ ચંચલં લોકે ? સમામ્નાતં મનો બુધૈઃ !'

'લોકમાં ચંચલ શું છે ? પંડિતો કહે છે કે - મન'.

અસ્થિર વસ્તુ કે વ્યક્તિને સામાન્યતઃ ચંચલ કહેવાય છે કે આ બહુ ચંચલ છે. સીધી રીતના શાંતિથી બેઠી શકતો નથી. દુનિયામાં વાનરની ચંચલતા પ્રસિદ્ધ છે. વાયુ પણ ચંચલ કહેવાય છે. પણ અનંતજ્ઞાનિઓ તો આપણા માટે નવી જ વાત કરે છે કે- આ દુનિયામાં ચંચલ હોય તો આપણું પોતાનું મન જ છે. ચોંકવાની વાત નથી પણ સ્વાનુભવજન્ય આ વાત છે ચપલતા એ સ્થિરતામાંથી પેદા થાય છે. માટે ચપલતા ને ગુણ કહેવાય છે. જ્યારે ચંચલતા એ અસ્થિરતામાંથી પેદા થાય છે માટે ચંચલતા તે દોષ છે. જ્યાં ગતિ હોય ત્યાં ચલન હોય અને ચલનની તીવ્રતા-લાલસા ચંચલતાને પેદા કરે છે. સમુદ્રના મોજા ગમે તેવી ગતિ કરતાં હોય પણ આવી શાંત થાય છે.

જ્યારે આપણું મન ? મનને માટે કાંઇ ઠેકાણું કાંઇ જ ગમ્યાગમ્ય નથી. બધું છતાં કશું જ નહીં. નવું ને જૂનું હોય મંદિરમાં પણ ભટકતું હોય ઘર-ગોશી-બજારમાં. ગમે તેટલું સ્થિર કરવા પ્રયત્ન કરો પણ જન્મ કયાંનું કયાં કૂદાકૂદ કરી આવે, તોડફોડ કરી આવે આપણને ખબર પણ ન પડે. માટે જ પૂ. શ્રી ઉદયરત્ન વિજયજી મહારાજે 'મૌન એકાદશી'ની સજ્ઝાયમાં પણ કહ્યું કે- ''કર પર તો માલા ફિરતી, જીવ ફિરે વનમાંહી, ચિત્તડું ચિંહુ દિશિએ ડોલે'' શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાન્ત પણ સુપ્રસિદ્ધ છે કે - મુદ્રા આતાપનાના ધ્યાનની અને મનથી યુધ્ધભૂમિમાં.

પંડા નામ સદ્‌બુદ્ધિ જેને હૈયે વસેલી-પચેલી હોય તેનું નામ પંડિત કહેવાય. આપણું મન કયાંય નથી ભટકતું કયારે નથી ભટકતું તે સવાલ. માટે જ મહા અવધૂત યોગી પૂ. શ્રી આનંદઘનજી મહારાજે પણ શ્રીકુન્થુનાથ સ્વામિ ભગવાન આગળ પોકાર કર્યો કે,

''મનડું કિમ હિ ન બાઝે, હો કુંથુજિન !
મનડું કિમ હિ ન બાઝે.''
''મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે
બીજી વાતે સમરથ છેં નાર, એહને કોઇ ન ઝેલે હો ૭''

વ્યાકરણ પ્રમાણે 'મન' શબ્દ નપુંસકલિંગમાં જણાવ્યો છે. તેથી હું માનતો કે પુરૂષાતનહીન મનમાં શો માલ હશે ? પણ તે તો મોટા મોટા મરદોને પણ ધક્કે-ઠેબે ચઢાવે છે. બીજી વાતોમાં કદાચ મનુષ્ય સમર્થ હશે પણ તે મનને જીતવા લાચાર બને છે.''

મન જીતવું અશકય કે અસંભવ નથી પણ ઘણી મહેનતે જીતી શકાય છે. મન સમજી જાય અને મનને કારણે સર્જેલા સંસારનું પૂરું ભાન થાય પણ હવે સંસારનો 'ભય' પેદા થાય તો મન જીતવું સુકર છે. માટે જ કહ્યું કે-

''મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું,
આનંદઘન પ્રભુ ! માહરું આણો, તો સાચું કરી જાણું. ૮૦૯''

દુરારાધ્ય એવા મનને આપે વશ આણ્યું તે આગમથી શ્રદ્ધા કરી મારી મતિમાં ઉતારું છું. પણ મારા મનને કાબૂમાં રાખવા આપ સહાયક બનો તો આપની વાત સાચી પ્રત્યક્ષ પણે માની શકું''.

શ્રી નવપદના ધ્યાનને પણ દુર્જય એવા મનનો જય કરવા શ્રેષ્ઠ આલંબન કહ્યું. કોઈપણ પદાર્થનું સાચું સ્વરૂપ સમજાય તો સ્થિરતા જરૂર આવે. તે માટે જ્ઞાન ખૂબ જ જરૂરી છે. જ્ઞાનના તો એટલા બધા ગુણો કહ્યા છે કે વર્ણન ન થાય. કહ્યું પણ છે કે- ''ગંગાની રેતીને માપી શકે અને હથેલી-ખોબાથી સમુદ્રને ઉલેચી શકે તે જ્ઞાનના ગુણો જાણી શકે.'' છતાં પણ જ્ઞાનના ત્રણ પ્રધાન ગુણ કહ્યા કે- ''પાપથી નિવૃત્તિ, કુશલ-આત્મહિતકર માર્ગમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રતિપત્તિ સ્વીકાર.''

''વારેઉ વિણિવત્તી, તહા પવિત્તી ય કુસલ ધમ્મસ્સ !
વિણયસ્સ ય પડિવત્તી, તિન્નિ વિ નાણસ્સ કજ્જાઈં
॥ સંવેગ રંગશાળા, ૭૮૧૭ ॥

જેમ માંકડું દોરડા વિના સ્થિર રહી શકતું નથી તેમ મન રૂપી માંકડાને સમ્યગ્જ્ઞાન રૂપી રસ્સીથી બાંધવામાં આવે તો તે સ્થિર થાય છે અર્થાત્ દુર્જય - અતિચંચલ એવું મન પણ જીતાય છે. મન જીતે તેણે સઘળું જીતી લીધું. માટે જ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં શ્રી કેશી ગૌતમીય અધ્યયનમાં પણ કહ્યું કે- ''એક મનને જીતવાથી ચાર કષાય જીતાયા. તે ચારને જીતવાથી પાંચે ઇન્દ્રિય જીતાઈ અને આમ દશને જીતવાથી બધા શત્રુઓ જીતાય.'' માટે મનને જીતવા પ્રયત્ન કરવો જરૂરી છે. દુનિયામાં જ્યાં નુકશાન દેખાય છે ત્યાં મન નથી જ જતું. સાપ ગમે તેટલો સુંવાળો-સુકોમલ પણ કોઈ સ્પર્શ કરવા નથી જતું તેમ અહીં કરીશું તો મન જીતાશે જ. તેવો પ્રયત્ન કરીએ તે જ ભાવના.

(૩૩) 'मृतिः काऽस्ति ? यशो नाश',

'મરણ શું છે ? યશનો નાશ તે.

મૃત્યુ શબ્દનો અર્થ સૌ જાણે છે. જીવન-આયુષ્ય પૂરું થાય અને શરીરમાંથી આત્મા ચાલ્યો જાય તેને સૌ મરણ કહે છે. જન્મેલાનો નાશ નિયત છે .આવા તો મરણ આપણે સૌએ અનાદિકાળમાં અનંતીવાર અનુભવ્યા છે. જ્ઞાનિઓ ગંભીર બની જે વાત આપણને સમજાવી રહ્યા છે તે પર ગંભીરતાથી વિચાર કરીશું તો આપણને તે વાત યથાર્થ લાગશે. યશનો નાશ એ જ મરણ છે. વ્યવહારમાં પણ આબરૂ ખાતર પ્રાણ આપનારા ઇતિહાસમાં અમર બની ગયા છે. જૈન માત્રને જૈન પણાનું, ધર્મી માત્ર ને ધર્મીપણાનું ગૌરવ હોય અને તેને કલંકિત-ખંડિત કરીને જીવે તો તે જીવતો પણ મૂએલો જ છે તેમ દુનિયામાં પણ કહેવાય છે. આબરૂ ખાતર શહાદતને વહોરનારાનો તોટો નથી પણ ધર્મ ખાતર ફના થનારા ! સતી સ્ત્રીઓને, મહાપુરૂષોને શા માટે આપણે 'ભરસર.' ની સજ્ઝાયમાં યાદ કરીએ ! ધર્મ ખાતર પ્રાણ આપ્યા પણ પ્રાણ બચાવવા ધર્મ ન જ છોડયો. ઇતિહાસ પણ મહારાણા પ્રતાપની ટેક - આણનમતાને આજે પણ ગૌરવથી ઉન્નતમસ્તકે કેમ યાદ કરે છે - તે સમજાય તો આ વાત સમજ્યા વી અઘરી નથી. સ્ત્રીને અલગ શૈય્યા તે તેનો અશસ્ત્ર વધ કહેવાય જે મરણ કરતાં પણ વધુ દુઃખદ લાગે. શાસનની રક્ષા ખાતર ફના થનારા મહાપુરૂષોનો યશ આજે પણ ગવાય છે. બાહ્ય આક્રમણોના સમયે પોતાના જાનની પણ પરવા કર્યા વિના જિન બિંબ અને જિનાગમનું રક્ષણ કરનારા પુણ્યવાનોથી જૈનશાસનનો જયવંતો ઉજ્વલ ઇતિહાસ ભર્યો પડયો છે. જે આપણામાં પણ સાચી શાસન દાઝ, અનેરી ખમીરી-ખુમારી પેદા કરે છે. વર્તમાન જગતમાં આવા જ મહાપુરૂષ એટલે પરમારાધ્યપાદ પરમોપકારી પરમતારક પરમગુરૂદેવેશ પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા. ! શરીરનો નાશ તે મૃત્યુ નથી તે તો જન્મે તાને માટે પરિવર્તન છે પણ યશનો નાશ તે જ વાસ્તવમાં મૃત્યુ છે. ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનો ભંગ તે જ યશનાશ છે. મરવું સારું પણ ગૃહીત વ્રત-નિયમ-પચ્ચકખાણ - પ્રતિજ્ઞાનો લોપ-ભંગ કરવો સારો નહિ. સાજે - માંજે છૂટ રાખી નિયમ લેનારા આપણને આ વાત હજી નહિ સમજાય. ધર્મ જ પ્રાણત્રાણ - આધાર - સર્વસ્વ લાગે, 'प्राणेभ्योऽपि गुरुधर्मः' આ ભાવના રોમ રોમમાં પરિણામ પામે તો જ આ વાત આપણા જીવનમાં આવે. યશ નાશ પછી માત્ર માણસ નહિ શબ જીવે છે. જૈન થઈને 'હું રાતે ખાઉં જ નહિ, અભક્ષ્યભક્ષણ, અપેયપાન તો કરું જ નહિ, જીવનમાં અનીતિ-અન્યાય-બેઈમાની કરું નહિ, ઈંકમટેક્ષ આદિની ચોરી કરું જ નહિ'. 'જે ભગવાનની આજ્ઞા માથે ચઢાવું, જે ભગવાનના-સદ્ગુર્વાદિના ગુણગાન જે મોંએ ગાઉં, જે હાથે ભગવાનની પૂજા કરું તો જીવનમાં અનીતિ આદિ કાળાં કામો કઈ રીતના થાય ?' આવી જો ખુમારી આવે તો જ જૈનત્વ પ્રગટે, ટકે અને ખીલે. ધર્મીપણું પણ તો જ દેદીપ્યમાન બને આવું ધર્મીપણું પેદા કરી સાચા યશના ભાજન રૂપ આપણો આત્મા 'નમોસિધ્ધાણં' પદને પ્રાપ્ત કરનારો થાય અને સૌને આવું સૌભાગ્ય - સામર્થ્ય મળો તે જ મંગલ કામના.

(૩૪) 'कः शोकः ? स्पृहयालुता'.

શોક શું ? સ્પૃહયાલુપણું'

મહામહોપાધ્યાય પૂ. શ્રી યશોવિજયજી ગણીવરે જગતના જીવોને સાચા સુખ-દુઃખનો માર્ગ બતાવતાં

'જ્ઞાનસાર' માં કહ્યું કે- 'પરસ્પૃહા મહાદુઃખમ્', નિસ્પૃહત્વં મહાસુખમ્' સ્પૃહા પેદા થઈ એટલે આત્માએ દુઃખને આમંત્રણ પાઠવી દીધા. પછી તે ગમે તે રૂપે પેદા થાય. ખાવા-પીવા, પહેરવા, ઓઢવા, અનુકૂળતા, મોજ-મજા આદિ અનેક કૃપાળા નામે તે આપણને વશ કરી જાય. રોગનું મૂળ ન પકડાય ત્યાં સુધીના બધા જ 'અખતરા' તે 'ખતરા' રૂપ જ બને. આજ આટલા આટલા દવાખાના-ડૉક્ટર-દવા વધવા છતાં રોગો વધે છે કેમ અને નિર્મૂળ કેમ થતા નથી ? રોગનું જ્ઞાન થયું પણ તે કેમ થાય છે તે અજ્ઞાન પણ સાથે જ વધ્યું છે. જો મૂળ જ નિર્મૂળ કરાય તો પછી વસ્તુની ઉત્પત્તિ ક્યાંથી થાય ? જેમ બાગકર્યે કાંટાના વૃક્ષને મૂળ સાથે જ ઉખેડી નાંખ્યું તો પછી કાંટાની ઉત્પત્તિ ક્યાંથી થાય ? આપણે ત્યાં 'મંડૂકભસ્મ' અને 'મંડૂક ભસ્મ' ની વાત સુપ્રસિદ્ધ છે. દેડકા સાંકોના પગ - વાહન આદિ નીચે ચગદાઈને મરી જાય પણ પાછા તેને ઉત્પત્તિ યોગ્ય સહકારી સામગ્રી મલી જાય તો પાછા તેમાંથી દેડક ઉત્પન્ન થઈ જાય. પણ જો તે અગ્નિથી બળી જાય તો તેને ગમે તેટલી સહકારી સામગ્રી મળે તો પણ ફરીથી તેમાંથી દેડક ની ઉત્પત્તિ ન થાય.

તેમ શોક કોને કહેવાય તે આપણે બધા જાણીએ અને અનુભવીએ છીએ પણ શોક કેમ થાય છે તેનું આપણને વાસ્તવિક જ્ઞાન-ભાન નથી. ભુખના દુઃખનો અનુભવ છે. પણ કાયમની ભુખનું દુઃખ મટે તે માટે ભગવાને કહેલ તપનો અનુભવ નથી. સારી રીતે ખવાય-પીવાય, મોજ-મજાદિ થાય તે માટે તપ કરનારો વર્ગ હશે પણ કાયમની ભુખને દૂર કરવા માટે તપ કરનારા વિરલા હશે !

દુઃખ, પીડા, પ્રતિકૂળ લાગણી તે બધા શોકને પેદા કરનારા છે. મને કંટાળો આવે છે, મારો મુડ નથી, મને કશું ગમતું નથી' આ બધા શોક જનક વાક્યો છે. પણ આ કંટાળો કેમ થાય તેનું મૂળ ન તપાસે તો પછી કંટાળાથી શી રીતે બચે ? માટે જ્ઞાની કહે કે શોકની ઉત્પત્તિ આ સ્પૃહયાલુતામાંથી થાય. કોઈપણ ચીજ-વસ્તુ-વ્યક્તિની ઇચ્છા થઈ, તેની પ્રાપ્તિ ન થાય એટલે ખેદની અનુભવાય, પછી ખેદ જન્મે, તેમાંથી કંટાળો આવે અને તે શોકરૂપ બની જાય. શોકને દૂર કરવો તો ચીજ-વસ્તુની આસક્તિ દૂર કરો. આસક્તિ જ બધાનું મૂળ છે. તેની પ્રાપ્તિ ન થાય એટલે કશું - કશે પણ ગમે જ નહિ. ઇચ્છિત ચીજ-વસ્તુ - વ્યક્તિ આપણને આધીન હોય, આપણી માલીકીની હોય તો પણ તે આપણું બધું જ માને તેવું નથી. તે ન માને એટલે શોક આવી ગયો. બધાએ બધું જ મારું માનવું આ આગ્રહ આપ્યો, તેમાં પાછી અપેક્ષા ભળે અને અધિકારપણાનો અજગર ફૂંફાડા મારે પછી દુઃખ-પીડા-શોક ન થાય તો શું થાય ? સંયોગો અને પરિસ્થિતિ બદલવી આપણને આધીન નથી પણ આપણા મનને ગમે તેવા સંયોગો-પરિસ્થિતિને આધીન ન બનાવવું તે આપણા હાથની વાત છે.

જેમ કેટલાક લોકો તીર્થયાત્રાએ જાય અને ત્યાં ભોજનશાળામાં સાંજના સમયે ગરમાગરમ દાળ-ભાત-શાક-રોટલીનું સાદું જમાણ મળે તો તે કેવું ઈષ્ટ-મિષ્ટ લાગે છે. તે જ ભાઈઓ જમાઈ રૂપે પોતાના સાસરે જાય અને ત્યાં આવી ગરમાગરમ રસોઈ મલે તો મોં કેમ ચઢી જાય છે ? 'હું અહીંનો જમાઈ ! અહીં મારું માન-સન્માન આમ સચવાવું જ જોઈએ' આ જે સ્પૃહા આવી તેને જ શોક પેદા કર્યો ને ?

સ્પૃહા કોને કહેવાય તે આપણે બધા સારી રીતના જાણીએ છીએ પણ આસક્તિના કારણે તેના પંજામાંથી મુક્ત થઈ શકતા નથી. પરાધીન પદાર્થોની પ્રાપ્તિની તીવ્રલાલસા-કામના તેનું નામ જ સ્પૃહા. સંસારના સુખોની તીવ્ર આસક્તિ કેવા કેવા દુઃખો, તિરસ્કાર, અપમાન સહન કરાવે છે તે કયા સંસારી જીવના અનુભવમાં નથી ? કામી માણસોની હાલત કેવી છે કે, કામના સાધનની લાત ખાઈને પાછી લાતને પંપાળે છે, તેની માવજત કરે છે. પરાધીન વસ્તુ કયારે દગો દે, વિશ્વાસઘાત કરે, બેવફા-બેવચની બને, સાથ પણ છોડે તે કહેવાય નહિ.

આ શરીર તે રોગનું ઘર છે, ઇન્દ્રિયો શિથિલ થનારી છે, ધનની સાથે ભય જોડાયો છે, સ્વજન-સ્નેહી- કુટુંબી સ્વાર્થનાં સગા છે, મોજ-શોખ, કામ-ભોગ- વિલાસના સાધનો પણ પરિવર્તનશીલ છે. જે આજે ગમે તે કાલે ન ગમે, જે ન ગમે તે ગમતું પણ થાય. પરાધીન સંગનો નાશ પામે એને સંગનો રંગ નાશ પામ્યો તેનું-નામ જ શોક ! માટે જ જ્ઞાનીઓ પોકારે છે કે શોકથી બચવું છે તો જડ કે ચેતનપદાર્થો માત્રની સ્પૃહાથી દૂર રહો. જો સ્પૃહા, આકાંક્ષા, અપેક્ષા પેદા થઈ એટલે શોકને આમંત્રણ આપ્યું. જેમ કામ-ભોગના વિલાસી જીવો સ્ત્રીની સ્પૃહામાં જ જીવનભર સળગતા સેકાય છે. પછી જેને જેની સ્પૃહા તેમાં બિચારો સળગ્યા કરે છે. શોકાગ્નિથી સંતપ્ત જ રહે છે.

સ્પૃહાને જીતી લીધી તે જ સાચો સુખી છે. તે જંગલમાં

એકલો હોય તો ય સુખી-નિસ્પૃહને તો આખું જગત તૃણમાત્ર લાગે છે. તેને શોક કયારે ય હેરાન કરી શકતો નથી. જેને પોતાના શરીરની ય મમતા પણ સળગી ગઈ, તેને કોઈ સળગાવી મૂકે તોય શોક થાય નહિ. ઘાણીમાં પીલાતા, માથા પર ખેરના અંગારા ભરતા કે શરીરની ચામડી છોલાતા મહાત્માઓ મુક્તિ મહેલમાં ગયા કેમ કે શરીરની પણ સ્પૃહા ન હતી તેથી કોઈ જ શોક ન હતો. નિસ્પૃહને કોઈ બોલાવે કે ન બોલાવે, આદર-સત્કાર આપે કે ન આપે તે તો મજામાં જ હોય. સંસારના પદાર્થોની સ્પૃહા મટે અને આત્માના ગુણોની સ્પૃહા પેદા થાય ને આત્માને શોકરૂપી કલિ કે રાહુ કયારે ય ગ્રસ્ત કરી શકતો નથી. સ્પૃહાલુ શોકથી સળગ્યા કરે છે. તો હે આત્મન્ ! તું જ તારો માર્ગ નક્કી કરી લે. તારે સાચા સુખી થવું છે કે દુઃખમાં જ રિબાયા કરવું છે ?

(૩૫) 'बधिरो को भवेदत्र ? हितवाक्यं शृणोति न यः ।'

'બહેરો કોણ ? જે હિતવાકયને નથી સાંભળતો તે !

જ્ઞાનિઓએ મોક્ષપ્રાપ્તિના અંગોમાં મનુષ્યભવ, પંચેન્દ્રિયની પરિપૂર્ણતા-પટુતા આદિ જે કહ્યા તે સહેતુક છે. કર્ણેન્દ્રિયની ન્યૂનતા અને ખામીના કારણે-ભાવથી લબ્ધિની પ્રાપ્તિના અભાવથી - કાન હોવા છતાં બહેરાપણું આવી શકે છે. કદાચ સાધન આદિના કારણે તે બહેરાશ દૂર પણ થઈ શકે. પણ જ્ઞાનિઓ 'બહેરો' બીજાને જ કહે છે. જેની પાસે કાન હોવા છતાં, સાંભળતો હોવા છતાંય પણ આત્માના હિતવાકયોને સાંભળતો નથી તે બહેરો છે. કદાચ સ્વામી-પ્રભુતા - માલિકીના કારણે હિતવાકય સાંભળવું પડે તો સાંભળે પણ સાંભળ્યા ન સાંભળ્યા જેવું કરે, એક કાનેથી સાંભળે, બીજા કાનેથી બહાર કાઢે, જીવનમાં અમલી કરવાનો કોઈ વિચાર-પ્રયત્ન જ નહિ તે બધા બહેરા છે. આજે તો દુનિયામાં પણ તેતલબી બહેરા ઘણા છે, સ્વાર્થની વાત ધ્યાનપૂર્વક સંભળાઈ-સમજાઈ જાય. 'કાન છે પણ શાન નથી' તે પણ આજ અર્થને દ્યોતક કરનાર છે. આત્મહિતકર વાકયો કદાચ કર્કશ-કઠોર લાગતા હશે પણ પરિણામે સુંદરતાને સર્જનારા છે. જ્યારે અહિતકર વાકયો પહેલા મીઠા-મધુરા-સુંવાળા લાગે અને પરિણામે કટુવિપાકને આપનારા છે. બુદ્ધિશાલી પણ તે જ કહેવાય જે માત્ર પ્રત્યક્ષ સુખ કે પરિણામનો વિચાર કરી તેમાં મૂંઝાય નહિ પણ પરિણામે જે હિતકર હોય તેવી પ્રવૃત્તિ કરે. દુનિયામાં મંદીના સમયમાં પોતાના માલનું લીલામ કોઈ કરતું નથી પણ મોસમની રાહ જોએ છે. સંસારના સુખ માત્ર દેખાવે મનોહર-સુંદર છે પણ પરિણામે ભયાનક વિપાકને આપનારા છે. સંસારના ભોગસુખોનો પ્રારંભ કેવો અને પૂર્ણાહુતિ કેવી તે સંસારી જીવોના અનુભવની વાત છે. કિંપાકના ફલ દેખાવે-સ્વાદમાં સુંદર અને પરિણામે પ્રાણ હરનારા તેવા જ આ સંસારના સુખ માત્ર છે. જેનાથી આત્માની મોક્ષમાર્ગની પ્રવૃત્તિ રૂંધાય નહિ અને નિર્વિઘ્નપણે તે તરફ આગે કૂચ જારી રાખે તે બધી વૃત્તિ-પ્રવૃત્તિ હિતકર કહેવાય અને જેનાથી ચાર ગતિ-ચોર્યાશી લાખના ફેરાની સફર વધ્યા કરે તે બધી અહિતકર પ્રવૃત્તિ કહેવાય. હિતકર માર્ગે જોડનારા થોડા છે, અહિતકર માર્ગે જોડનારો મોટોભાગ છે. આજે મોજ શોખના, રંગરાગના સાધનો પ્રત્યે જોડનારો વર્ગ કેટલો અને મંદિર - ઉપાશ્રય આદિ વૈરાગની વૃત્તિ-પ્રવૃત્તિ પ્રત્યે જોડનારો વર્ગ કેટલો ! જેને અનાદિક ળથી આ સંસારમાં હું ભટકી રહ્યો છું તેનું સાચું 'ભાન' થાય અને હવે મારે વધુ ભટકવું નથી તેવો 'ભય' પેદા થાય તે જ આત્માને હિતકર વાત રૂચિકર-પ્રીતિકર-આદરનીય બને. તે સિવાયનો વર્ગ જ્ઞાનિએ કરેલા નિદાનને પામનારો છે. જે મારા આત્માને આત્માના કલ્યાણ-હિતના માર્ગે જ જોડે તે જ 'મારા' સાચા સંબંધી-સ્નેહી-મિત્ર-હિતૈષી. તે સિવાયના મને સંસારમાં ખેંચવા - જોડવા પ્રયત્ન કરે તે મારા કહેવાતા હોય તો ય મારા નહિ જ પણ પારકા જ. આવો વિવેક પેદા થાય તો હિતકર માર્ગથી ખસેડવાની કોઈની તાકાત નથી. આવું વીર્ય ફોરવીએ, હિતના માર્ગે સુસ્થિર થઈએ, કોઈની પણ શેહશરમ-દાક્ષિણ્ય આદિમાં ફસાયા વિના, જ્ઞાનિના આ નિદાનથી આપણા આત્માની બાદબાકી કરી, સંપૂર્ણ હિત અવસ્થાને પ્રાપ્ત કરનારા બનીએ તે જ ભાવના. થવાય તો પરસ્પરના હિતમાં સહાયક બનવું છે પણ કોઈના અહિતના નિમિત્ત તો બનવું જ નથી. આવો પણ અડગ નિર્ણય કરીશું તો આપણે 'કાનની શાન'ને જાળવનારા ખીલવનારા બનીશું.

જેને ખરેખર મોક્ષની સાચી પ્રીતિ પેદા થઈ છે અને સંસારની વાસ્તવિક ભીતિ જાગી છે તેવા જ પુણ્યાત્માઓ પરપરિણતિથી, પુદ્ગલના સંગમાત્રથી બચી, આત્મપરિણતિને કેળવી- આદરી આત્માના સુવિશુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરનારા બને છે. આપણે સૌ પણ આત્મિકગુણોને પામનારા બનીએ, તેવો પ્રબલ પુરૂષાર્થ કરી આત્માના ભગવદ્ભાવને પેદા કરે., આત્મ જ્યોતિમાં વિલ ન બનીએ તે જ મંગલ કામના.

સદ્ગુર્વાદિના સુમુખેથી સાંભળી, વિવિધ વાંચનથી જે આનંદ થયો તેની અનુભૂતિ સૌ વાચકોને થાય તે જ મંગલ ભાવનાથી આ લેખમાળા લખી છે. તેમાં છદ્મસ્થપણાથી પ્રમાદ કે અનુપયોગથી શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે તે તે શ્રી શાસ્ત્રકાર પરમર્ષિઓના આશય વિરુદ્ધ કાંઈ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના સહ, ગુણગ્રાહી તજ્જ્ઞો શબ્દ ન પકડતા, આશય-ભાવને વિચારી મને માફ કરે તે ભાવના સહ વિરમું છું. ■ ■ ■

સાધુ જીવન એ નંદનવન જીવન છે

-પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.

સંસાર એ અઢાર પાપનું કારખાનું છે. અને ધર્મ એ મોહને મારવાનું કારખાનું છે. દુ:ખ એ પાપથી આવે છે. દુ:ખ તો ઠીક, પરંતુ પાપથી પોતાનો અને પરનો જીવ દુ:ખ પામે છે. સુખથી તમને કામ ચલાવ શાંતિ મળે છે. પરંતુ તે સુખ તમને પાગલ બનાવ્યા વગર રહી શકતા નથી. સુખ નમાલો બનાવે છે અને દુ:ખ નમ્ર બનાવે છે. દુ:ખ જાય ત્યારે આનંદ આવે છે. દુ:ખ આવે કર્મ ખપે છે. સુખ આવે ત્યારે પુણ્ય ખપે છે. માટે સુખ કરતાં દુ:ખ સારું છે. પાપને ખપાવવા દુ:ખ ભોગવવા જેવું છે.

છ એ કાયના જીવોને દુ:ખી કરીને સંસારમાં રહેતાં જીવને શાંતિ હોય તે આશ્ચર્ય છે. સંસારમાં જીવને ધર્મ કરતાં સત્તર વિચાર થાય અને સાધુપણામાં પાપ કરતાં સત્તર વિચાર આવે તેજ ભગવાનનો સાચો સાધુ છે. સાધુ ને વંદના કરવાથી પૂજન કરવાની તમની આરાધનામાં આપણો ભાગ પડે છે રાહ મળે છે. તેની સાધુતાની આરાધનામાં આત્માં ખેંચાય છે. પરંતુ તોએ સાધુને આરાધનાનો લાભ ઘટતો નથી પરંતુ વધે છે. દુનિયાના વેપારમાં ભાગ નાખવાથી ઘટે છે.

સાધુને વંદના એટલે પાપ નિકંદના.

લોકો વિવિધ ધર્મ કરે છે. પરંતુ હથોડો કયાં મારવો તે ખબર નથી. સાધુ ભગવંત કહે છે. રાગ દ્વેષને દૂર કરવા હથોડો મારવાની જરૂર છે. અને તેવો આરાધેલો ધર્મ લાખ ક્રોડ ગણો લાભ કરી આપે છે.

અઈમુત્તા મુનિવર ગૌતમ સ્વામિ પાસે પાપ સાંભળી ગભરાઈ ગયા. અને માત-પિતાની અનુજ્ઞા લઈ દીક્ષા લીધી. બાળ બુધ્ધિ અને અનાદિના સ્વભાવથી પાણીમાં પાતરાનું નાવડું કરી તરાવ્યું. સહવર્તી સાધુ ભગવંતે કહ્યું હે મહામુનિ આ તમારાથી મોટું પાપ થઈ ગયું. હૈયાની સરળતા હતી. પાપ પ્રત્યેનો ભય હતો. ઉપાશ્રયે આવ્યા પ્રતિક્રમણ વેળાએ ઈરિયાવહિ બોલતાં બોલતાં પણગ-દગ-શબ્દે હૈયું વલોવાઈ ગયું. મારાથી પાણીના જીવોની કિલામણા થઈ ગઈ. ચિંતનની ચેતના આકાશને આંબી ગઈ. સત્તામાં રહેલી કર્મસત્તાની ધરતી ધ્રુજી ઉઠી. અઈમુત્તામુનિવર કેવળજ્ઞાન પામી ગયા. આપણે સૌ તેજ શબ્દો ઈરિયાવહિના બોલીએ છીએ પરંતુ રોજ દયાકરુણા-યતના-જીવદયાની ભાવના વૃધ્ધિ પામે છે કે મંદ બનતી જાય છે. અંતર નિરિક્ષણ કરવાનું છે.

સંસાર એ ગુલામીનો અને પાપોનો અખાડો છે. વ્યાયામ શાળામાં પહેલવાનો કસરત કરી શરીરને ખડતલ બનાવે છે. સંસારમાં જીવો અઢાર પાપોના સેવન કરી આત્માને ભારે કર્મોબાંધી મજબૂત બનાવે છે.

આજે તો બાપ એ દિકરાનો ગુલામ, મા દિકરીની ગુલામ, વેપારી ઈન્કમટેક્ષ ઓફિસરનો ગુલામ, શિક્ષક વિદ્યાર્થીનો ગુલામ, સાસુ એ વહુની ગુલામ, પહેલા દિકરો બાપની ગુલામી કરતો. પરંતુ આજે બધા ક્ષેત્રોમાં શીર્ષાસન થઈ ગયું છે. પુણ્યાયથી મળેલી બુધ્ધિ અને શક્તિ જિનાજ્ઞા સમજવા માટે કરીશું તેમાં સાચી કમાણી છે. દીક્ષા એટલે ! न च राज्यभयं, न च शोकभयं, न च वृत्तिभयं, नवियोगभयं ईह लोक सुख परलोक सुखं साधुत्वं रमणीयं तरम.

સાધુને રાજ્યભય, શોકભય, આજીવિકાભય, આલોક કે પરલોકના સુખનો ભય નથી. જો તે સાધુપણામાં બરાબર ગુંથાઈ ગયો હોય તો.

સંસારી આત્માને જીવનભર અઢારે નાતોની જાતો સાથે જરૂર રહે છે. સાધુને કોઈની જરૂર નહિ.

સાધુ ભગવંતે ગૃહસ્થનો પરિચય કરતાં ખૂબ જ સાવધ રહેવાનું છે. જેવી રીતે કોલેરાના દર્દીથી સાવધ રહીએ છીએ તેમ ગૃહસ્થને સાધુ પાસે જવામાં કોલેરાનો ભય નથી. પરંતુ કોલેરા બચવાની સંપૂર્ણ આશા છે.

અકબર અને બીરબલની વાત આવે છે. અકબરે બીરબલને કહ્યું, મને આજે રાત્રે સ્વપ્નું આવ્યું કે અત્તરના કુંડમાં પડયો અને તું વિષ્ઠના ખાડામાં પડયો. બીરબલ કહે છે મને પણ એવું જ સ્વપ્ન આવ્યું હતું. પરંતુ થોડું આગળ ચાલ્યું અને રાજાને કહ્યું તેમાં એવું મેં જોયું કે પછી હું તમને ચાટતો હતો અને તમે મને ચાટતા હતા.

સાધુ એ ગૃહસ્થની સેવા કરે તો ખોટું પરંતું ગૃહસ્થ સાધુની સેવા કરે તે સાચું ભાથું છે. માટે સાધુએ ગૃહસ્થની કોઈ પ્રવૃત્તિ કરવાની નથી. પરંતુ ગૃહસ્થને બેસવાનું કહેવામાં પણ દોષ છે. કેમ કે પૂંજ્યા વગર ગૃહસ્થ બેસે તો શું થાય તેનું પાપ સાધુને લાગે છે.

ભલા કરણ કરે. માટે સાધુપણામાં ઇચ્છકાર આદિ દસ સામાચારી છે.

(૧) ઇચ્છકાર (૨) મિચ્છકાર (૩) પૃચ્છના (૪) તથાકાર (૫) આવસ્સહિ (૬) નિસ્સહિ (૭) (૮) છંદના (૯) પ્રતિ છંદના (૧૦) ઉપછંદના

આ સામાચારી બધા સારી રીતે પાળે તો કેટલું બધું સરસ થાય. કોઈ ઝઘડા ટંટા રહે નહિ.

સાધુ ભગવંતની પાંચ સમિતિ અનુક્રમે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહતામાં સહાયક છે.

સાધુ ભગવંત સાધના કરે, સેવા કરે, સહન કરે, સમતા ધરે સ્વાધ્યાય કરે, સ્વયં સંયમની સુવાસ મેળવે અને આપે. ૨૪ કલાક ઉપયોગવંત જીવન એટલે સાધુ જીવન.

ડોકટરો કોઈ દર્દીને તપાસ્યા પછી, કોઈનું ડ્રેસીંગ કર્યા પછી વારેવારે હાથ ધુવે છે. તેમ સાધુ ભગવંત વારેવારે જીવ કર્મ રૂપના જંતુથી ખરડાય નહિ એટલે વારંવાર ઈરિયાવહી કરે છે.

એક ઈરિયાવહિ સૂત્રમાં અઢાર લાખ ચોવીસ હજાર એકસો વીસ મિચ્છામિ દુક્કડમ્ આવે છે. સાધુ ભગવંત આ જગતમાં જેટલું આપે છે તેટલું આ જગતમાં કોઈ આપતું નથી. પૈસા કોઈ આપે છે પરંતુ સારી બુધ્ધિ સાધુ આપે છે. લે થોડું અને આપે ઘણું એવી કોઈ જગ્યા હોય તો તે સાધુ જીવન છે. પૈસાથી ચશ્મા મળે પરંતુ દિવ્ય દૃષ્ટિ તો સાધુ ભગવંત આપે છે. પાંચમા આરાના છેડે જ્યાં સાધુનો નાશ ત્યાં અગ્નિનો વરસાદ. અને આથી મારવાડમાં કેટલાંક સાધુભગવંતને અન્નદાતા કહે છે.

દરેક દેશનું લશ્કર કોઈ લડાઈ કરવા કાયમ કામમાં આવતું નથી. પરંતુ લશ્કરની બધી સગવડ રાજ્ય કાયમ માટે સાચવે છે. સરકાર જાણે છે ગમે તેવી આપત્તિમાં લશ્કર વિના રક્ષણ નહિ થઈ શકે. અબજો રૂપિયાનું બજેટ તેના માટે ફાળવે છે. તેવી રીતે જિનાજ્ઞાને માથે રાખનારા શ્રી સંઘ એમ કહે છે સાધુ ભગવંત છીએ તો અમે છીએ અમારાથી સાધુ ભગવંત નથી. દેવ ગુરુ અને ધર્મનું ક્ષેત્ર જેટલું લીલુછમ તેટલું જગતના સર્વજીવોનું સાચુ શ્રેય થાય.

જેઓ સાધુ પણામાં ધર્મથી વિપરીત ગયા છે. તેનું કોઈ દુઃખ જાણ નથી. તેવાનો ભાવિકાળ ભયંકર બન્યા વગર રહેતો નથી. વિમાન ઝડપથી પહોંચાડે પરંતુ ગાફેલ બને તો કયાં પટકે તે કહી શકાય નહિ. તેમ સાધુપણું અત્યંત કિંમતી ચીજ છે.

રુકમિણિ રાજા અને અજ્જા સાદ્વી

સાધુપણું લેવા માત્રથી દેકારું પડતું નથી. ભોજનનો થાળ પાંચ પકવાનનો હાથમાં આવે તેથી કામ પાર ન પડે. ભોજન લઈ પચાવે અને સાચી શક્તિ આવે તો કામનું. તેમ સાધુપણામાંથી સાધુતા પ્રગટે દ્રવ્ય ચારિત્રનું પ્રાપ્તિ-ભાવચારિત્રના પરિણામ સુધી પહોંચાડે ત્યારે પૂર્ણતા થાય. આવી આત્માની સ્થિતિ ન આવે ત્યાં સુધી આત્મજાગૃતિ માટે ક્ષણે ક્ષણે જાગૃત રહેવું પડે.

આનંદઘનજી મહારાજની મસ્તી કોઈ જુદી હતી. રાજાની રાણીને દિકરો થાય કે દિકરી તેમાં આનંદઘનજીને શું ? સોનાની ખાણ કે પથ્થરના ઢેફા હોય, મિષ્ટાન્ન હોય કે વિષ્ટા હોય, માન મળો કે અપમાન મળો, મહેલ મળો કે જંગલ મળો. કોઈપણ પ્રસંગે આત્માને જિરવવાની અને જીવવાની કળા આત્મસાત્ કરવાની છે. દુઃખના પ્રસંગે સાત્ત્વિક બનવાનું છે. સુખના પ્રસંગમાં સાધનાને વધારવાની છે. ખિલવવાની છે.

સાચો સાધુ ગમે તેવા ભક્તની લેવાય કે લેવાય નહિ. એકવાર એક સન્યાસીને તેના ભક્ત વર્ગે ખુબ ઊંચા પ્રકારના દ્રવ્યોથી ઊંચામાં ઊંચી ભક્તિ કરી. પછી બધાએ મેળા થઈ કહ્યું આ કાગળમાં કોઈ સુવાકય લખી આપો તો આ સન્યાસીએ લખી દીધું. 'મારા ભગતોથી સદા ચેતતા રહેજો.' પછી ભગતની વ્યાખ્યા કરી ભ= ભાંગેલો, ગ = ગયેલો, ત= તૂટેલો. ભાંગેલો, ગયેલો અને તૂટેલો. પછી કહ્યું ભક્ત કોને કહેવાય ? ભગવાન બનવાં કર્મ બાળવા જે પરાક્રમ કરે તે ભક્ત.

સાધુ જીવનની સફળતા પામવા માટે જીભની રસના ઇન્દ્રિય ઉપર વિજય મેળવવા ધરખમ પુરુષાર્થ અનિવાર્ય છે. બોલવામાં બગાડે છે. અને ખાવામાં બગાડે છે. જેમ તેમ ખાવાથી રોગોને વગર બોલાવે આમંત્રણ મળે છે. જેમ તેમ બોલવાથી કજિઆ - કંકાસ - ચર્ચા - મર્ચા, ખર્ચા કલેશ વધે છે. આ ભવમાં હું બધાનું સાંભળી લઉ. મેં ઘણા ભવોમાં બધાને ઘણું સંભળાવ્યું. બાકી આ રસનાના પાપમાં ફસાઈ મંગુ આચાર્ય, અષાઢા ભૂતિ વિગેરે કંઈકના ઘોર પતના થયા છે. માટે સાવધ બનવા જેવું છે.

ભવસાગર તરી જવા માટે શ્રી જિનશાસનમાં અનેક ગ્રંથો - શાસ્ત્રોમાં ઘણું બધું માર્ગદર્શન આપેલું છે. તેમાં ચાર અનુયોગની ખૂબ ખૂબ મહત્તા છે. તેમાં એક છે દ્રવ્યોનું યોગ તેનો વિચાર કરી પુદ્ગલ પ્રત્યેની આસક્તિથી અરક્ત બની

જવું. રુપ-રંગ-ગંધ-સ્પર્શ-સડન-પડન-વિધ્વંસના સ્વભાવ વાળું આ પુદ્ગલ દ્રવ્ય છે. ચર્મ ચક્ષુથી દેખાતા વિશ્વના જે ચેતન પદાર્થોનો નાનામાં નાનો અણુ કે આંખને આંજી દેતા આકર્ષક દ્રવ્યો, નાશવંત પદાર્થો, તેમાં અબજો રૂપિયાની કિંમતનો હીરો હોય પાંચ લાખ રૂપિયાની કિંમતી સાડી હોય. આ બધું એકેન્દ્રિય જીવોના મૃત કલેવરની પેદાશ છે. તેમાં શાન-ભાન ગુમાવવા જેવું નથી. જગતમાં પણ કહેવત છે. 'જર-જમીન અને જોરુ કજિયાના છોરું' આજ શબ્દોને મહાન પુરુષોએ 'તારા હે સો તેરે પાસ, અવર સબહી ન્યારા', એમ કહી બોધના બોધ વરસાવ્યો છે. તે આપણાં કાનમાં સદા માટે શંખનાદ કરે છે. હે જી સાવધ બનજે આ નાશવંત પદાર્થોની પ્રિતિથી ન હે તો તે તારા દ્રવ્યપ્રાણ અને ભાવ પ્રાણોને લૂંટી તારા ચારિત્રને માટીમાં મિલાવી દેશે.

ગીતાનું યોગમાં તે વાત ઉપર ભાર મૂક્યો છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગણિતની રીતો બતાવી છે. એ ભાવોમાં ઊંડા ઉતરી જગતથી શૂન્ય બની જવું.

ચરણ કરણાનું યોગ જીવનભર જે આચારોનું પાલન કરવાનું છે જે ધર્મક્રિયાઓ કરવાની છે તેનું આલંબન લઈ સ્વ-સ્વરૂપની પ્રાપ્તિના લક્ષ પૂર્વક વ્યવહાર માર્ગે મન-વચન કાયાને અપવાદ માર્ગે પ્રવર્તાવવું તેનું નામ છે ચરણ કરણાનું યોગ. આ ક્રિયાઓ અને આચારોનું પાલન જે રીતે બતાવવામાં આવ્યું છે. તે શક્તિ મુજબ આરાધાય તો સ્વ પર હિતકારી છે. અનંત જ્ઞાનીઓ દ્વારા બતાવાયેલા આ બધા માર્ગો એકાંતે શ્રેયસ્કર છે.

ચોથો યોગ છે ધર્મ કથાનુયોગ લાખો દૃષ્ટાંતોથી ભરપુર આ કથાનુયોગ છે. નાના મોટા સૌને કથા પ્રિય હોય છે. કથાનો ઊંધો અક્ષર થાક થાય છે. જે ભવનો થાક ઉતારે છે. કથા કરનાર જો બરાબર ન હોય તો વક્તા અને શ્રોતા બેનું અહિત પણ થવા સંભવ છે. મનોરંજન માટે આ કથાઓ નથી. મનના મંજન માટે છે. અનાદિ કાલથી મલિન બની ગયેલા મનને માંજી ચંદન કરતાં વધુ શિતલ બનાવવાનું છે. કથાનુ યોગના સહારે શ્રી જૈનશાસનને મહાનપુરુષોની ભેટ આપી છે. આરાધક પ્રભાવક અને શાસન રક્ષક પુણ્યવાનો શાસનને ચરણે ધર્યા છે. સુયોગ્ય આત્માઓને કથા સાંભળતા થાય છે અહો ! આ એક સમયનો પાપી આત્મા ધર્મ સંયોગ પામી પરમાત્મા બની ગયા: મહાભયંકર ચોર, લુંટારા, લોભી, માયાવી, અજ્ઞાની, ક્ષણ પ્રભુ પંથે પલટાઈ ગયા. લાવ હું પણ જીવન પરિવર્તનની દિશામાં જઈ જીવનની દશા બદલી કાઢું હું ક્યારે પરમાત્મા બનીશ ? આવા ભાવો કથાનુયોગમાંથી ઉત્પન્ન થાય છે. આ કથાનુયોગથી જીવનનો ઉપનેય કરી ખોટી વસ્તુને ઉપશમાવી પરમાત્મા સ્વરૂપે બનવા માટે છે.

નૂતન વર્ષની યાચના

- સૌ. અનિતા પટણી

મહાવીર જિન નમું બહુ ભાવ ધરી,
નૂતન વર્ષે આવી હું બહુ આશ ધરી;
હૃદય કમલ માં મુખ પદ્મમાં
પ્રભુ નામ જપી, ભાવ ભરું અંતરમાં. મહા૦...૧
તુમ દરિશને નયન વિકસે,
તુમ સ્તવને મુજ ભ્રમણ ટળે,
સદાચાર સન્માર્ગે હું ચાલું,
બને શાસન રસીની હું ભાવના ભાવું. મહા૦... ૨
હરતાં ફરતાં જગમાં વિચરતાં,
મુજ નેત્રો હોજો સમતા ભરેલાં,
મુજ કાય કૃત્યે ભરતી કરૂણા,
સંસારના ભયને હરનારા.. મહા૦...૩
તુમ જ્ઞાન ઝરો મુજ અંતરમાં,
આપ વ્યાપી રહો મનમંદિરમાં,
તુમ ગુણ હોજો મુજ ભીતરમાં,
આપ વસો મુજ અંતરમાં. મહા...૪
હૃદયમાં વિકસો શુભ ભાવવિધિ,
મળજો મુજને તુજ નામનિધિ
કરું પ્રભુ હું એક જ વિનંતિ,
પ્રગટો ગુણ મુજમાં વિરતિ. મહા...૫
ગુણનિધિ છબી ધ્યાવું મનમાં,
આત્મ દેશ પ્રદેશ ભરી તનમાં,
દિલડાં બનજો દયાર્દ્ર ભર્યાં,
તરવા ભવસાયર દુઃખ ભર્યા. મહા...૬
આત્મગુણ રંજન કરવા,
સમકિત સંવેગ વિરાગ પામવા,
ભક્તિ રહો સદૈવ જિનપદ કેરી,
થાયે નવલ પ્રભાતે 'અનિતા' અનેરી. મહા૦...૭

.....

પાના નં. ૫૮૬ થી ચાલુ

હીરા માણેક રતનભાઈએ ૪૧૧ ઉપવાસ કર્યા એથી એમના દ્વારા ભગવાન મહાવીર દેવાદેવાધિદેવની આશાતના કરાઈ છે કેમકે ભગવાન મહાવીર દેવાધિદેવ કરતા વધારે ઉપવાસો કરવા દ્વારા ભગવાન મહાવીરદેવ કરતા પોતાની જાતને ઉચ્ચકક્ષામાં દેખાડવાનું થયું છે સર્વોત્કૃષ્ટ કક્ષામાં રહેલા અરિહંત પરમાત્માને એકદમ નીચલી કક્ષામાં લાવી મૂકવા એ પણ એક અરિહંત પરમાત્માની આશાતના જ છે મહાવીર જન્મ કલ્યાણક ને બદલે મહાવીર જન્મ જયન્તી બોલવામાં જેમ ભગવાન મહાવીર દેવની આશાતના થાય છે કેમકે મહાવીર જયન્તી બોલવા દ્વારા મહાવીર પરમાત્માને એક સામાન્ય કોટીના માણસની કક્ષામાં મૂકી દીધા જયન્તી તો ગાંધીજી જેવા સામાન્ય માણસની પણ બોલાય છે.

બીજુ હીરા માણેક રતનભાઈએ જે ૪૧૧ ઉપવાસનો તપ કર્યો એ સૂર્યની ઉર્જાથી તપ કર્યો છે એવું છાપાઓમાં અને પોતાની પાસે જે આવે તેને સમજાવે છે ખાવાની લાલસાને કાપવા - કર્મનો ક્ષય કરવા કે મોક્ષ મેળવવા તપ કર્યો છે એવી વાત કરતા નથી એ તો આગળ વધીને સૂર્યની ઉર્જા શક્તિનું વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રભાવ સમજાવીને ઈતર ધર્મમાં લોકો જે સૂર્યને દેવ માનીને નમસ્કાર કરે છે એ સૂર્ય નમસ્કારનું મહત્વ સમજાવે છે અને એથી તો એમણે લોકોમાં મિથ્યાત્વનું પોષણ જ કર્યુ છે મિથ્યાત્વનું પોષણ કરનારના તપને અનુમોદન આપનારા સાધુ આદિને પણ મિથ્યાત્વનું પોષ બંધાયા વગર રહે ખરૂ ?

જૈન શાસનમાં તપ કર્મક્ષય કરવા માટે કરવાનો છે કર્મ ક્ષય માટે કરેલો તપ સકામ નિર્જરા કરાવનાર બને છે બાકીનો તપ અજ્ઞાન કષ્ટ (અકામ નિર્જરા) રૂપ બને છે ઉર્જાશક્તિનું મહત્વ બતાવવા માટે કરેલો હીરા માણેક રતનભાઈનો તપ પણ અજ્ઞાન કષ્ટમાંજ પરિણામ પામે છે એના તપની ઉજવણી જૈન શાસનના સાધુ આદિથી કરાય જ નહી એની ઉજવણીમાં ભાગ લેનારા મિથ્યાત્વનું પોષણ કરનારા છે ઉન્માર્ગને ઉત્તેજન આપનારા છે.

પં. ચંદ્રશેખર વિ. મ. હીરા માણેક રતનભાઈના ૪૧૧ ઉપવાસ તપની ઉજવણીમાં ભાગ લેવા તથા અનુમતિ આપવા આ. જયઘોષ સૂ. મ. ની જ અનુમતિ લીધી એમાં કેટલાકનું એવું માનવું છે કે આ. જયઘોષ સૂ. મ. ને તપગચ્છના તાજ સંઘાચાર્ય બનાવવાની ભેદી ચાલ રમાઈ રહી છે આ. જયઘોષ સૂ. મ. કરતા મોટા પર્યાયવાળા અને ચીતાર્થ - શાસ્ત્રના જાણકાર બીજા અનેક આચાર્યો છે તેમની તથા ૨૦૪૪ ના સંમ્મેલનની પ્રવર સમિતિના પ્રમુખ પૂ. આ. ભ. શ્રી રામસૂરિ મ. (ડહેલવાલા) નો ૪૧૧ ઉપવાસ તપની ઉજવણીમાં ભાગ લેવા માટેની અનુમતિ કેમ ન લીધી ઉપવાસને ટેકો આપવા માટે પણ અનુમતિ કેમ ન લેવાઈ ? વર્તમાનમાં જૈન શાસનની અંદર આ. ભ. શ્રી રામસૂરિ મ. (ડહેલવાલા) મુખ્ય સ્થાને બીરાજમાન છે એમની અનુમતિ કેમ ન લીધી ? ખરેખર આ. જયઘોષ સૂ. મ. ના સાધુઓ તથા ભકતવર્ગ એમને સંઘાચાર્ય બનાવવાની ભેદી ચાલ રમી રહ્યા હોય એવુ કેટલાકને લાગે છે. એ ભેદી ચાલને ચતુર્વિધ સંઘે જાણવાની તાતી જરૂરીયાત છે.

પં. ચંદ્રશેખર વિ. મ. તથા આચાર્ય જયઘોષ સૂ. મ. આવી શાસ્ત્રવિરૂદ્ધ અને શાસન મર્યાદા બહારની અનેક પ્રવૃત્તિઓ અને પ્રરૂપણાઓ કરી રહ્યા છે જેના પરિણામે જૈનશાસનને કેવા વિનાશના ખાડા માં ધકેલી દેશે એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. માટે એઓ જે પ્રવૃત્તિ કરે છે. એમાં એમના ઉપર જ વિશ્વાસ રાખવા જેવો નથી જૈનશાસનમાં રહેલા બીજા ગીતાર્થ આચાર્ય ભગવંન્તો પાસે શાસ્ત્રીય માન્યતાને જણાવી જોઈએ.

શાસનદેવ સદ્‌બુદ્ધિ અર્પે અને શાસ્ત્ર અને શાસન મર્યાદામાં રહી પ્રવૃત્તિ કરે એજ શુભકામના.

■ પ્રસંગ પરાગ ■

લાલા લજપતરાયને પકડી રંગૂનની જેલમાં ધક્કેલવા સામે દિલ્હીની સેન્ટ સ્ટીવન્સ કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના અંગ્રેજ પ્રિન્સિપાલની રજ માંગી. તેમણે તે આપી અને સાથે કોલેજમાં સભા પણ ભરવા દીધી. સરકારે ખુલાસો પૂછતાં, 'લાલાજીને પકડવામાં સરકારે કરેલા અન્યાય સામે વિરોધ પ્રગટ કરવાનો વિદ્યાર્થીઓને પૂરો અધિકાર છે એમ મારા આત્માને લાગ્યું માટે મેં પરવાનગી આપી. મારા જેવે શિક્ષક સરકારને ન રુચતો હોય તો આ સાથે મારું રાજીનામું છે.' આવા જવાબ સાથે રાજીનામું મોકલી તરત એ હોદ્દાનો અંચળો ઉતારી હિંદનાં દીન જનોની સેવાનો અંચળો ઓઢનાર એ અંગ્રેજ તે દીનબંધુ એન્ડ્રુઝ.

સમાચાર સાર

મુંબઈ વા કેશ્વર શ્રીપાલનગર - અત્રે મુ. શ્રી જીવમિત્ર વિજયજી ., પૂ. મુ. શ્રી આત્મરતિવિજયજી મ., પૂ. મુ. શ્રી હિતરતિવિ યજી મ. ની નિશ્રામાં પિંડવાડા નિવાસી પિતાશ્રી વેલચંદજી સુરચંદજી તથા માતુશ્રી ભાગ્યવતી બેન વેલચંદ જૈનના અ ત્રેયાર્થે તથા શાશ્વતી નવપદ ઓળી નિમિત્તે ૧૦ દિવસનો ોત્સવ ચૈત્ર સુ. ૭ થી ચૈત્ર વદ ૧+ ૨ સોમવારે સુધી સિદ્ધ ક મહાપૂજા સહિત ભવ્ય રીતે ઉજવાયો.

અ દાવાદ રંગસાગર - અત્રે પૂ. મુ. શ્રી પ્રશાંત દર્શન વિજયજી ા. ની નિશ્રામાં પૂ. સા. શ્રી અરુણાશ્રીજી મ., પરિવારના પૂ. સા. શ્રી અર્હદ્ જ્યોતિશ્રીજી મ., પૂ. સા. શ્રી અર્હદ્ યશા ીજી મ., પૂ. સા. શ્રી અર્હદ્ કલ્પાશ્રીજી, પૂ. સા. શ્રી વિનય ણાશ્રીજી, પૂ. સા. શ્રી ભક્તિગુણાશ્રીજી મ. ના વરસીતપ અનુમોદનાર્થે તેમના સંસારી સંબંધી આદી તરફથી વે. સુ. ૪ નવાણુ અભિષેક પૂજા વિ. ઉત્સવ ઉજવાયો.

જગડીયા તીર્થ - અત્રે આત્માનંદ ગુરુકુળમાં શ્રી મહાવીર સ્વામી જિ નાલયની સાલગિરીની ઉજવાણી પૂ. મુ. શ્રી માર્ગદર્શન વ. મ. આદિની નિશ્રામાં થઈ. હાલ ૧૮ અભિષેક બાદ પ્રભા નું આરોપણ થયું હતું.

પાલીતાણા - અરીસા ભવન જિનમંદિરમાં દેવકુલિકામાં શ્રી સુમતિના પ્રભુની પ્રતિષ્ઠા તથા તે નિમિત્તે અષ્ટોત્તરી શાંતિસ્ના સહિત ત્રણ દિવસનો મહોત્સવ પૂ. આ. શ્રી વિજય ન ચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શેઠ ત્રિભોવનદ સ તારાચંદભાઈ પરિવાર રાણનીટીફરવાળા હાલ હળવદ તર થી આયોજીત થયો. આ ઉત્સવમાં તેમને ત્યાં થયેલા (૧) શેઠ ી પ્રેમચંદ મગનલાલ બીજો વર્ષીતપ (૨) ફુ. અનીતાબેન દેવકરાણ શેઠ બીજો વર્ષીતપ (૩) ફુ. ીત ન દેવકરાણ ાઈ (૪) અ.સૌ. શ્રી ભાવનાબેન ખોડીદાસ (જામનગર) એમ ચાર વર્ષીતપ ા ત્સવ યોજાયો.

કરજણ (સુરત) - અત્રે શાહ તલકચંદ જ્યાજી ચો રૂમાલવાળા પરિવાર તરફથી પૂ. આ. શ્રી વિજય ગુણશીલ - મ., પૂ. અ . શ્રી વિજય ગુણયશ સૂરીશ્વરજી મ., પૂ. આ. વિજય કી યશ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સ્વ દ્રવ્ય નિર્મિત શિખરબ જિન મંદિરમાં શ્રી શાંતિનાથજી તથા શ્રી સંભવનાથજીના જિન બિંબોની અંજન શલાકા પ્રતિષ્ઠા તથા દીક્ષાર્થી કુમારી કલ્પનાબેનની દીક્ષા થશે. અ.સૌ. જ્યો બેન જયંતિલાલના વરસીતપનું પારણું વૈશાખ સુદ ૩ ના થ

રાણકપુર - અત્રે પૂ. ઉ. શ્રી ભુવનાનંદ વિજયજી ના વરસીતપના પારણા પ્રસંગે પંચહ્નિકા મહોત્સવ આ શ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. આ. શ્રી વિજય આનંદઘન સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ચૈત્ર વ ૧૪ થી વૈશાખ સુદ ૩ સુધી યોજાયો.

પાંચોટ (મહેસાણા) - અત્રે સ્વ. શ્રીમતી પ્રભાવ બેન ઉમેદચંદ શાહના ભુવન મહોત્સવ નિમિત્તે શ્રી શાં. ત્રિ નામ આદિ ત્રણ દિવસનો મહોત્સવ પૂ. ગણિવર શ્રી ન વર્ધન વિજયજી મ. ની નિશ્રામાં છે. વૈશાખ સુદ ૧ થી ૭ સુધી યોજાયો.

રાજકોટ - વર્ધમાનનગરમાં શ્રી નરેન્દ્રભાઈ હલીચંદ ન મચંદ તથા તેમના ધર્મપત્ની સરોજબેનના વરસીતપની પૂ ુતિ પ્રસંગે નવાણુ અભિષેક પૂજા પૂ. મુ. શ્રી લાભ વિજયજી ની નિશ્રામાં ભાણવાઈ. પારણા વીશા શ્રીમાળી વાડીમાં યો ્યા.

શેરીશા તીર્થ - અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય મહોદય સૂરી શ્વરજી મ. આદિની નિશ્રામાં કલ્યાણભાઈ માણેકભાઈ રાવ હ: શૈલેશભાઈ રાવ તરફથી શ્રીમતી સોનલબેન જીતેન્દ્રભાઈ વના વરસીતપના પારણા નિમિત્તે વૈ. સુ. ૧ થી સુદ ૩ સુધી ત્સવ યોજાયો હતો. અત્રે આ પ્રસંગે પૂ. મુ. શ્રી યશોવર્ધનવિજયજી, પૂ. મુ. શ્રી ધર્મરતિવિજયજી મ., પૂ. મુ. શ્રી ભાગ્યરતિવિ યજી મ., પૂ. મુ. શ્રી જ્ઞાનભૂષણવિજયજી મ., પૂ. મુ શ્રી વિનયભૂષણ વિજયજી મ. ને વરસીતપ તથા પૂ. મુ શ્રી વિનયબલવિજયજી મ. ને ૮૫ મી પૂર્ણ થાય છે. તથા પૂજ્યશ્રીજીના સમુદાયના વરસીતપના તપસ્વી પૂ. સા. શ્રી જ્યોતિમાલાશ્રીજી મ., પૂ. સા. શ્રી જીર્વાણસુધાશ્રીજી મ., સા. શ્રી કાસજ્ઞાણસુધાશ્રીજી મ., પૂ. સા શ્રી દર્શિતાશ્રીજી મ., પૂ. સા. શ્રી કુવલયમાલાશ્રીજી મ., સા. શ્રી નમ્ર ગિરાશ્રીજી મ., પૂ. શ્રી વિરાગહંસાશ્રીજી મ., પૂ. સા. શ્રી સંવેગપૂર્ણાશ્રીજી મ., પૂ. સા. શ્રી હિતરક્ષિતાશ્રીજી મ., પૂ. સા. શ્રી અધ્યાત્મહર્ષાશ્રીજી મ. પૂ. સા શ્રી સંવેગવર્ધનાશ્રીજી મ., પૂ. સા. શ્રી પદ્મનંદિતાશ્રીજી મ., પૂ.

સા. શ્રી મુક્તિસુધાશ્રીજી મ., પૂ. સા. શ્રી સંયમપ્રિયાશ્રીજી મ. ને પણ વરસીતપ પૂર્ણ થાય છે.

સુરત - ગોપીપુરા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય પાંચમી વર્ષગાંઠ નિમિત્તે શ્રી નવીનચંદ્ર સુરચંદ ડાયાભાઈ બંગડીવાલા રીલીજીયસ ટ્રસ્ટ આયોજિત પંચાહ્નિકા મહોત્સવ પૂ. આ. શ્રી વિજય રાજયશ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં તા. ૧૧ થી તા. ૧૫ સુધી ઉજવાયો.

તા. ૧૨ ના ઓંકારસૂરીશ્વર આરાધના ભવનમાં પૂ. આચાર્યદેવ શ્રી તથા પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. ના પ્રવચનો થયેલ. શ્રી સેવંતિભાઈ શાહે ભાવભર્યું સ્વાગત કરેલ.

જાવાલ (રાજસ્થાન) - પિતાશ્રી કપૂરચંદજી ચીમનજી પૂ. માતુશ્રી બબલીબેન કપૂરચંદજી ના જીવનની આરાધના અનુમોદનાર્થે તથા જાવાલ થી નાકોડા, જેસલમર, શંખેશ્વર, પાલીતાણા બસ દ્વારા યાત્રા તથા પાંચ છોડના ઉજવણા નિમિત્તે બે પૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ પૂ. આ. શ્રી વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી અજીતરત્ન સૂરીશ્વરજી મ., આદિની નિશ્રામાં તા. ૨૮ થી તા. ૬-૫-૨૦૦૧ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

ભાભર - અત્રે પૂ. આ. શ્રી વિજય જિનચંદ સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં મુમુક્ષુ પ્રવીણચંદ્ર સોહનલાલ તથા તેમના ધર્મપત્ની તારાબેન તથા સુપુત્રી કોમલકુમારીની દીક્ષા વૈ. સુ. ૬ રવિવારના ભવ્ય મહોત્સવ સાથે અત્રે થઈ ઉત્સાહ ઘણો હતો. તેમના પિતાશ્રી-ભાઈ વિ. પાંચ પુણ્યાત્માઓ દીક્ષા ગ્રહણ કરેલ આ ત્રણ દીક્ષા થતાં આઠ સંયમી બન્યા છે.

વરસડા - પીયૂષ પાણિતીર્થમાં છઠ્ઠી વર્ષગાંઠ તથા સાત જિનબિંબોની પ્રતિષ્ઠા આ. ભ. શ્રી વિજય વિશાલસેન સૂ. મ. નિશ્રામાં તેમજ ૪૯ દીક્ષા દિન વૈ. વદ ૧૪ થી વૈ. સુ. ૭ સુધી ઉજવાયો.

અમદાવાદ - સાબરમતી માણિભદ્ર સોસાયટીમાં પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં શ્રી વાસુપૂજ્ય ગૃહ મંદિરમાં આ. અમીચંદજી પુનમચંદજી કાશ્યપ ગોત્ર ભારજાવાળા તરફથી વૈ. સુ. ૧૧ થી વૈ. વદ - ૩ સુધી ભવ્ય અંજન શલાકા મહોત્સવનું આયોજન થયું છે. આ પ્રસંગે મુમુક્ષુ જ્યોત્સનાબેન જીવરાજભાઈ લુણાવાળા તથા મુમુક્ષુ મોનીકાબેન ચંપકલાલ અમદાવાદવાળાની દીક્ષા થશે. પૂ. સા. શ્રી નયપ્રભાશ્રીજી મ. ની તેમજ શ્રી શેષમલ સૂરીશ્વરજીની વર્ધમાન તપની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ વૈ. વદ-૩ ના થશે.

પાંથાવાડા (બનાસકાંઠા)- અત્રે જિનમંદિરમાં બાજુના મંદિરમાં શ્રી શાંતિનાથજી, શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી પુંડરીક સ્વામી, ગૌતમ સ્વામીની પ્રતિમાઓની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય પ્રબોધચંદ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં વૈ. સુ. ૧ થી વૈ. સુ. ૧૪ સુધી ભવ્ય મહોત્સવ ઉજવાયો. ખૂબ ઉત્સાહ હતો.

શિવગંજ - અત્રે મલુકચંદ જૈનમલજી શાહ તથા તેમના ધર્મપત્ની ચંપાબાઈના જીવનમાં થયેલ ધર્મ આરાધનાના અનુમોદનાર્થે પૂ. મુ. શ્રી યશોહીરવિજયજી મ. આદિની નિશ્રામાં વૈ. સુ. ૧૦ થી વૈ. વદ ૨ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત અઠ્ઠાઈ મહોત્સવ સારી રીતે ઉજવાયો.

હસ્તગિરિ તીર્થ - અત્રે સિદ્ધાયતન ચૈત્યમધ્યે દેરાં નં. ૪૫ - ૪૫ માં શ્રી પદ્મપ્રભસ્વામી, શ્રી સુપાર્શ્વનાથસ્વામી આદિ જિનબિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય રવિપ્રભસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય નરચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય અજીતસેન સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મલ્લિષેણ સૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી વજ્રસેન વિજયજી મ., પૂ. પં. શ્રી જિનસેન વિજયજી મ. આદિની નિશ્રામાં ચૈત્ર વદ ૧૪ થી વૈ. સુ. ૭ સુધી ભવ્ય રીતે ઉજવાઈ ઉત્સાહ પણ સારો હતો.

સોલારોડ - પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી ધર્મદાસ ગણિવરની નિશ્રામાં અત્રે વરસીતપ પારણાનો મહોત્સવ વૈ. સુ. ૧ થી વૈ. સુ. ૩ સુધી ઠાઠથી ઉજવાયો.

સરસપુર અમદાવાદ - અત્રે ત્રણ વર્ષીતપની આરાધના નિમિત્તે નવીનચંદ્ર કાંતિલાલ તરફથી વૈ. સુ. ૬ ના ૧૮૮ અભિષેક મહાપૂજન પૂ. સા. જયસેનાશ્રીજી. મ. આદિ તથા પૂ. સા. શ્રી નલિનીયશાશ્રીજી મ. આદિની નિશ્રામાં ભણાયું

બોરીવલી - ચંદાવરકર : લેન-અત્રે મુમુક્ષુ ૨ ખીબેન જયંતિલાલ કચરા સાવલા ઉ. વ. ૧૫ (હાલાર નવાનામ) ની દીક્ષા પૂ. આ. વિજય લલિત શેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં વૈ. સુ. ૬ ના દીક્ષા નિમિત્તે વૈ. સુ. ૪ થી ૬ સુધી ઉજવાયો. વૈ. સુ. ૬ ના હાલારી વીશા ઓસવાળ સમાજ બોરીવલી તરફથી સાધર્મિક વાત્સલ્ય યોજાયું હતું. વૈ. સુદ ૪, લંડન બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળ તરફથી પંચકલ્યાણક પૂજા ભણાવાઈ હતી.

P.P. Gunratnasuri Jnanmandir

માટે તે જ સાચો નાથ છે, આધાર છે, પ્રેરક છે. જેમનું નામ સ્મરણ આપણને અશાંતિમાંથી શાંતિમાં, ઝેરથી અમૃતમાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, ક્ષણિકમાંથી શાશ્વતમાં લઈ જશે. આવી આપણી દશા થાય એટલે આપણે ગંગા નાહ્યા આપણો બેડો પાર !

○ હે આત્મન્ ! જ્ઞાનિઓ કહે છે કે - અપેક્ષા તે જ મોટું દુઃખ તે વાત સ્વાનુભવે પણ તેટલી જ સાચી છે. અપેક્ષા આવી એટલે દુઃખને આમંત્રણ આપ્યું પરની અપેક્ષા રાખ્યા વિના પરમાત્મા પ્રત્યે સાચું સમર્પણ કેળવ તો કોઈની જરૂર પડશે નહિ. આ જીવન નકામું વેડફી દેવા માટે નથી અજ્ઞાનના અંધકારમાં અથડાવા કે અટવાવા માટે નથી પણ સમ્યગ્દર્શનનો સૂર્ય સોળે કલાએ ખીલવવા, સમ્યગ્જ્ઞાનની જ્યોતિને પામવા અને સમ્યક્ચારિત્રની આરાધના માટે છે. આ વાત જો હૈયામાં અંકિત થશે તો મૂર્ચ્છાનો નાશ થશે, જીવન જીવવા જેવું લાગશે.

○ આજે આપણે સંસારમાં કેમ છીએ ? ભૂતકાળની ભ્રમણાનાં અટવાયા, ભવિષ્યની કલ્પનામાં રાચ્યા માટે હવે જો વર્તમાનની વાસ્તવિકતાનો વિચાર કરીશું તો આપણી ભૂલ સમજાશે. આ શરીર પણ છોડવાનું છે, બધા પરના મમત્વ અને મૂર્ચ્છાને દૂર કરવાના છે. જગતને ભૂલી જાતનો વિચાર કરવાનો છે. જ્ઞાનીઓ આપણી મોહનિદ્રાને દૂર કરવા સારા વિચારને Supply કરે છે પણ આપણે No Vacancy - જગ્યા નથી ' કહી પાછા હડસેલીએ છીએ તો આપણો છૂટકારો કેમ થાય ?

○ હે ચેતન ! જાગ, ઊઠ, વિચાર કે - આ જીવન નાશવંત છે. હજી ચેતી જા. હજી બાજી હાથમાં છે. સારભૂત ધર્મની સારાભાવે આરાધના કરી લે, પાપથી પાછો ફર, પુણ્યમાં આગેકૂચ કર... આયુષ્ય અલ્પ છે, ક્યારે મરવાનું તે ખબર નથી. મરણ એ વાસ્તવિક હકીકત છે. આત્મહિત કાલે ન કરતાં આજે જ કરી લે - આ વિવેક કેળવીશ તો બાકી રહેલા સમયમાં પણ સાધી લઈશ ચૂક્યો તો ચોર્યાશીના ચક્કરમાં અટવાઈ જઈશ.

○ આજે આપણા બધાની સહનશીલતા ખૂબ ઘટી ગઈ છે. ઉપવાસ - છઠ્ઠ - અઠ્ઠમ આદિ તપ કરનાર પણ કોઈનું અપમાન સહન કરી શકતો નથી. પણ જ્ઞાનિઓએ સહનશીલતાને સાચો તપ પણ કહ્યો છે. જે મજેથી સહન કરે છે તે દુઃખોને દેશવટો આપે છે. અપેક્ષાએ વિચારીએ તો દુઃખ દેનાર કરતાં સહન કરનાર મહાન છે, સહનશીલતાને જો દેશ કે સર્વ સંયમનો સથવારો મલે તો સોનામાં સુગંધ મળે. પછી જીવનમાં સાચી શાંતિ - સમાધિ - સમતાનો અનુભવ થાય. જેમ જેમ સંયમ પરિણામ પામે તેમ તેમ આત્મશક્તિ ખીલે, સહનશીલતા વધે તેમ સંયમનો પરિણામ વૃદ્ધિ પામે. જીવન સંવાદિત બની જાય. પછી જીવનમાં એકાગ્રતા અને આનંદનો અનુભવ થાય નાનું છિદ્ર નાવ ડુબાડે છે, નાનો તણખો ગંજીના ગોડાઉનો બાળે છે તમે નાની અસહનશીલતાની આગ વિરાટને પણ વામન બનાવે છે. ખરેખર તો સહિષ્ણુતા - સહનશીલતા અને સંયમ જીવનરથના બે પૈડાં છે જે ચાલકને મુક્તિપુરીમાં પહોચાડી દે છે.

○ હે આત્મન્ ! તું જ તારા જીવન શિલ્પનો શિલ્પી છે, ઘડવૈયો છે. કોઈના નિસાસા - આહ પર ઊભેલા મહેલમાં ક્યારેય સુખ - શાંતિ મલી શકતા નથી, ચેનથી જીવી શકતા નથી. તેનું જીવન કલેશ - કંકાશ - સંતાપમાં જ સળગી ઊઠે છે. ખરેખર સહુના સુખમાં સુખ માને, બીજાના દુઃખો દૂર કરે તે જ સાચો સુખી છે. આવી દશાને પામવા માટે હૈયામાં હેત, આંખમાં કરૂણાનું અમી, મનમાં મહાનતા, દિલમાં દિલાવરતા - ઉદારતા, સહુનું ભલું કરવાની સદ્ભાવનાની ગંગા જીવનને પાવન બનાવશે. સદ્ગુણો રૂપી પુષ્પોની પ્રસન્નતા ચોમેર ખીલી ઊઠશે, જીવન મઘમઘાયમાન બની જશે.

○ 'વાવશો તેવું લણશો - મળશે' 'નિસ્વાર્થભાવે બીજાને ચાહશો તો તે તમને ચાહશે' આવી બધી કહેવતોનો આપણા સ્વાર્થ માટે આપણે બધા ઉપયોગ કરીએ છીએ. પણ પરમાર્થ માટે જીવનમાં અમલ કરીએ છીએ ખરા ? જીવનમાં સાચી શીતલતા પામવી તો જાતને સુધાર. 'પરોપદેશે પાંડિત્ય' ન કર. કલેશ - કષાયની બળતી હોલીને બુઝવી, દિલમાં દિલાવર દીવા પ્રગટાવ. જીવનના કોયડાને ઉકેલવા દ્રષ્ટિ બદલ - વૃત્તિ બદલ - પ્રવૃત્તિ બદલ. જાતને જો દરેક પ્રસંગમાં મારી ભૂલ નથી ને વિચાર. એકબીજાને સમજવાનો વિચાર કર. પોતાની જ વાતનું મમત્વ ન પકડ. સામી વ્યક્તિના દ્રષ્ટિકોણને પણ વિચાર. પરસ્પરની વાતનો પરમાર્થ સમજાય તો જીવનની બધી સમસ્યાઓનું સમાધાન મલી જશે. તે માટે જરૂર છે 'અહં' ને ઓગાળવાની અને 'મમ' ને મારવાની.

○ આજનો મોટો વર્ગ શાંતિ મેળવવા, મુડ ચેન્જ કરવા, શ્રીમંતાઈનું વરવું - નરવું પ્રદર્શન કરવા, હરવા - ફરવા કે મોજમજાદિ માટે હીલસ્ટેશનો પર ફરવા જાય છે. પણ હૈયામાં અશાંતિની આગ કે આધિ - વ્યાધિનો સંતાપ હોય તો હીલસ્ટેશન પણ કઈ રીતના સાચી શાંતિ - સમાધી આપે.

○ હે આત્મન્ ! તારે જીવનમાં સુખ - શાંતિ - સમાધિનું અમૃત આરોગવું હોય તો તારા મનને જ સાથેરાન બનાવ, કાળજાને કાશ્મીર, અંતઃકરણને આબુ, હૈયાને હિમાલય બનાવ બાકી અંતરમાં અસંતોષના અંગારા હોય, વાણીમાં વક્રતા - કટુતા - કડવાશ હોય, મનમાં મલીનતા હોય, કાળજામાં કામુકતા હોય, આંખમાં અવિશ્વાસની લાલાશ હોય, ચહેરા પર ચિંતાની ઉગ્રતા હોય તો જીવનમાં સાચા સુખ - શાંતિ - સમાધિ કયાંથી મળે ? પછી માથેરાનાદિ હીલસ્ટેશન પણ ઠારક નહિ દાહક જ બનશે. ■■

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- અનાદિની કુટેવને કારણે દુનિયાના સુખનું અર્થીપણું કૂતરાની જેમ પેસી જાય તો તેને હડે... હડે... કરી કાઢવાનું છે. આત્મસુખના અર્થીના ઘરમાં દુન્યવી સુખની કુમતિ રૂપી કૂતરી પેસી જાય તો તેને હડે... હડે... કરી કાઢવાની છે. કુમતિ નામની કૂતરીને સુમતિ નામની લાકડી મારવાની છે એટલે તે ઊભી પૂંછડીએ ભાગી જ જાય, તે તરફ મોં પણ ન જૂએ. સુમતિ નામની લાકડી તમારા હાથમાં છે ને ? ભગવાનની આજ્ઞા ઉપર પ્રેમ થાય એટલે સુમતિ નામની લાકડી આવી જાય.
- ક્રોધાદિ સારા લાગે, કરવા જેવા જ લાગે, કરે તે પણ માને, 'ન કરીએ તો બધા માથે ચઢી જાય, પહેલેથી દાબમાં જ રાખવા' આવું માને તે બધા અનંતાનુબંધી ક્રોધ - માન - માયા - લોભના ઉદયવાળા કહેવાય. અનંતાનુબંધીનો ઉદય હોય તેને મિથ્યાત્વનો પણ ઉદય હોય.
- મોહનીય કર્મ જ આત્માનો મોટામાં મોટો ભય છે. તે ભય ન લાગે તેવો જીવ ધર્મ કરે તે ય વધુ અધર્મ કરવા માટે જ કરે.
- જેને ધર્મનો ખપ ન હોય અને અધર્મનો ડર ન હોય તે આત્મા પોતાના જ ધર્મ માટે અંતરાયરૂપ બને.
- વિરાગ એટલે શું ? દુનિયાની સુખ સામગ્રી ઉપર મારોમાર દ્વેષ થાય તો વિરાગ આવે. તમારા કોઈ દ્વેષીને મળવું પડે તો મળો પણ કેવી રીતે મળો ? પ્રેમથી ! જેનું મોં ય જોવાલાયક ન હોય તેને ઘેર જવું પડે તો કેવી રીતે જાવ ? રાજી થઈને ? તેને પ્રેમથી સલામ ભરો ! ખરાંબ શબ્દો બોલે તે પણ સાંભળી લો ને ! મોં હસતું રાખો તો પણ તમારા હૈયામાં શું હોય ? મારું ચાલે તો આનું નામ પણ ન દઉં. પણ શું કરું - પરાધીન છું. તેવી રીતે સમકિતી જીવ ભોગ કર્મ કરીને નિર્જરા સાધે છે કેમકે સુખમાં 'વિરાગ' અને દુઃખમાં 'સમાધિ' વાળો છે માટે.
- બીજા જીવોનું ભલું ન થાય તો કાંઈ નહિ, પણ કોઈનું ય ભૂંડું તો ન જ ઈચ્છવું.
- પ્રતિકૂળ સંયોગોને સમભાવે સહન કરવાની શક્તિ કેળવવી અને માનવું કે આપણી આફત આપણે ઉભી કરેલી છે, માટે હસીને ભોગવીએ કે રડીને ભોગવીએ, પણ ભોગવ્યે જ છૂટકો છે.
- સદ્વિચાર અને સહનશીલતા ટકાવવા માટે પણ સદાચારી બનવું જોઈએ અને દુરાચારનો ત્યાગ કરવો જોઈએ.
- જ્ઞાનિઓની તો એક જ ભલામણ છે કે- 'પાપના ત્યાગમાં અને ધર્મની આરાધનામાં સઘળી શક્તિનો અને સઘળી ય સામગ્રીનો સદ્વ્યય કરવામાં લેશ પણ પ્રમાદી ન બનો !'
- સર્વ ત્યાગ ન બને તો પણ પાપનો ભય, અનીતિનો ત્યાગ અને ઈન્દ્રિયોનો નિગ્રહ - આ ત્રણ ગુણ ... જરૂર કેળવવા જોઈએ.
- ભણવાનું વિદ્વાન થવા માટે નહિ, વાતો કરવા માટે નહિ પણ વસ્તુતત્ત્વ સમજવા માટે અને જીવનમાં આચરવા માટે છે.
- આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સારા હોવા જોઈએ સારા એટલે માર્ગસ્થ !
- હૈયાથી સુખી થવાની કળા શ્રી જૈનશાસન શીખવે છે !
- જે સુખ, આત્મહિતને હણે તે સુખની જૈન શાસનમાં ફૂટી કોડીની પણ કિંમત નથી !

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
c/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 4/06/2007

ઇન્દ્રિયજયી કોણ ?

જો એતેસુ ન વટ્ટતિ, કોધે
દોસે તધેવ કંખાએ ।
સો હોતિ સુપ્પણિહિતો,
સોભણપણિ ધાણજુત્તો વા ॥
(શ્રી વ્યવહાર ભાષ્ય ગા. ૪૧૫૫)

જે ક્રોધ, દ્વેષ તથા કાંક્ષામાં પ્રવર્ત્તમાન નથી તે જ ઇન્દ્રિયજયી અને આત્મ પ્રણિધાન વાળો બને છે.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

વર્ષ ૧૩ અંક ૪૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

જમખંડી (કર્ણાટક) નગરે શાશ્વતની ઓળીની અવિસ્મરણીય આરાધના

કર્ણાટક રાજ્યની ધન્ય ધરા જમખંડી નગરે

સુવિશાલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રીમદ્ **વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા**ની આજ્ઞા - આશિર્વાદથી શાસનપ્રભાવક પૂ. આ. ભ. શ્રીમદ્ **વિજય જયકુંજર સૂરીશ્વરજી મ.** તથા પ્રવચનપ્રભાવક પૂ. આ. ભ. શ્રી **મુક્તિપ્રભ સૂરીશ્વરજી મ.** ના શિષ્ય - પ્રશિષ્યરત્નો પૂ. મુનિરાજ **શ્રી પુણ્યરક્ષિતવિજયજી મ.**, પૂ. મુનિરાજ શ્રી **અક્ષયબોધિવિજયજી મ.** તથા પૂ. મુનિરાજ શ્રી **આત્મરક્ષિતવિજયજી મ.** ની પાવન નિશ્રામાં શાશ્વતી ઓળીની આરાધના ખૂબજ સુંદર અને અવિસ્મરણીય થવા પામી.

શ્રી ધર્મનાથ જૈન શ્વે. મૂ. સંઘના આદેશથી શાશ્વતી ઓળી કરાવવાનો સંપૂર્ણ લાભ શા. રણજીતમલ ધર્મચંદજી ગાંધી પરિવારે લીધેલ. ઓળીના પૂર્વ દિને ચૈ. સુ. ૫/૬ ના રોજ ઉત્તર પારણા થયેલ. ચૈત્ર સુદ ૭ થી શ્રીપાળ - મયણાના ઐતિહાસિક - માર્મિક જીવન પ્રસંગો સમેત નવપદ પ્રવચન શ્રેણીનો મંગલ પ્રારંભ થયેલ. માત્ર ૫૫/૬૦ ઘરોની વસ્તી ધરાવતા જમખંડી સંઘમાં ઓળીના પ્રથમ દિને ૧૯૫ પુણ્યાત્માઓએ આયંબિલતપ કરેલ... પૂજ્યશ્રીના ''નવપદ - મહિમા'' વિષયક પ્રવચનોથી સંઘમાં ખૂબજ ધર્મજાગૃતિનું વાતાવરણ સર્જાયેલ અને માત્ર ૫૫/૬૦ ઘરોના જમખંડી સંઘમાંથી ૧૨૧ જેટલા પુણ્યાત્માઓ શાશ્વતી ઓળીની આરાધના જોડાયા હતા.

ચૈત્ર સુદ ૧૩ મહાવીર પરમાત્માના જન્મકલ્યાણ નિમિત્તે શ્રી સકલ સંઘ તરફથી વરઘોડાનું આયોજન થયેલ... હાથી - ઘોડા - ૩ બેન્ડો"- લેઝીમ બેન્ડ - શણગારયુકત બે ભગવાનના ફોટાઓની ગાડીઓ તેમજ પ્રભુજીની સુશોભિત ગાડીએ વરઘોડામાં ખૂબજ આકર્ષણ જમાવેલ અને પૂ. મુનિશ્રીની પાવન પ્રેરણાને ઝીલીને શ્રી સંઘે વરઘોડામાં અનુકંપાદાનરૂપે બુંદીના પેકેટ આપવાનું નક્કી કરતાં ૭ હજાર બુંદીના પેકેટો વરઘોડામાં વહેંચાયેલ જે દ્વારા જૈનતર સમાજમાં ખૂબજ અનુમોદના થયેલ.

ચૈત્ર સુદ ૧૫ ના રોજ ''ચૈત્રી પૂર્ણિમાના મહિમા'' પર પ્રેરણાદાયી પ્રવચન થયેલ. તેમજ વ્યાખ્યાન દરમ્યાન ઓળી આયોજક પરિવારનું શ્રી સંઘ તરફથી સન્માન થયેલ તેમજ ''શ્રી ધર્મનાથ જૈન ધાર્મિક પાઠશાળા''માં દાન આપનારા દાતાઓનું તેમજ ચૈત્રી પૂર્ણિમાના પટ જુહારવાનો શ્રી સંઘ પાસેથી લાભ મેળવનાર **શા. કાનરાજજી સરેમલજી રાયગાંધી** પરિવારનું પણ સંઘ તરફથી સન્માન થયેલ. સન્માન સમારંભના કાર્યક્રમનું **શ્રી મદનલાલજી સી. ભંડારી** (એડવોકેટ) એ સુંદર સંચાલન કરેલ. શ્રી સંઘ તરફથી સન્માન કરાવવાનો ચઢાવો બોલાતા - **શા. કિશનલાલ વસ્તીચંદજી ઓસવાળે** બોલી બોલીને લાભ લીધેલ. આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શ્રી સંઘ સાથે વાજતે - ગાજતે ગિરીશનગરમાં પૂ. ગુરૂદેવોની પધરામણી થયેલ. પટ જુહારવાનો કાર્યક્રમ ખૂબ જ સુંદર થયેલ. **શા. કાનરાજજી સરેમલજી રાયગાંધી** તરફથી શ્રી સંઘને ભાવનો કાર્યક્રમ થયેલ. બપોરે ૩-૦૦ વાગ્યે ઓળી આયોજક પરિવાર તરફથી ''શ્રી નવપદજીની પૂજા'' ખૂબ જ ઠાઠમાઠથી ભણાવાયેલ.

ચૈત્ર વદ ૧/૨ સોમવારના રોજ નવ દિની ઓળી કરનારા પુણ્યશાળીઓના પારણા ઓળી આયોજક **શા. રણજીતમલ ધર્મચંદજી ગાંધી** પરિવારે ખૂબ જ ઉદારતાપૂર્વક કરાવેલ. તેમજ તેમના તરફથી તપસ્વીઓને ૨ દીની ઘંટડી અને ધૂપિયાની પ્રભાવના થયેલ. સંઘના જુદા જુદા આરાધકો તરફથી પણ ઓળી દરમ્યાન કુલ ૧૬૦ રૂા. ઉપર રોકડા તેમજ જુદી જુદી લ્હાણી આદિની સુંદર પ્રભાવના થયેલ.

જમખંડી સંઘના જૈન ઈતિહાસમાં સૌ પ્રથમવાર જ ૧૨૦ પુણ્યાત્મા નવપદજીની ઓળીમાં જોડાઈ શાશ્વતી ઓળીની આરાધના અવિસ્મરણીય બની જવા પામેલ... આ અંગે શ્રી સંઘે તેમજ ઓળી આયોજક પરિવારે પૂ. ગુરૂભગવંતોનો ખૂબ ખૂબ ઉપકાર માનેલ.

સોનામાં સુંગધ..... ચાતુર્માસાર્થે પુનઃ પધરામણી...

જે પૂ. મુનિભગવંતોની પાવન પધરામણી થી જમખંડી નગરમાં અપૂર્વ ધર્મજાગૃતિનું વાતાવરણ સર્જાયું તેને શ્રી સંઘે ભવ્ય પંચાન્હિકા મહોત્સવ તથા શાશ્વતી ઓળી આરાધના કરી તે પૂ. ગુરૂવરોમાં ચાતુર્માસ માટે સંઘે કડા (વિસનગર) ગામે જઈને પૂ. ગચ્છાધિપતિશ્રીને આગ્રહપૂર્ણ વિનંતી કરતાં પૂજ્યપાદશ્રીએ શ્રી સંઘની વિનંતીનો સ્વીકાર કર્યો છે એ સમાચાર ઓળીના અંતિમ દિવસે ચૈત્રી સુદ ૫ ના રોજ વ્યાખ્યાન દરમ્યાન જ આવતાં તેની સકલ શ્રી સંઘમાં સંઘના વડીલ શ્રી સુખરાજજી કોઠારીએ જાહેર કરતાં જ અપૂર્વ હર્ષોલ્લાસનું વાતાવરણ છવાઈ ગયેલ.

પૂ. મુનિભગવંતોએ ચૈત્ર વદ ૩ ના જમખંડીથી ગોઠાક તરફ વિહાર કર્યો છે. અષાડ સુદમાં પુનઃ જમખંડી નગરે ચાતુર્માસાર્થે મંગલ પ્રવેશ કરશે.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ જેઠ વદ ૬ મંગળવાર તા. ૧૨-૬-૨૦૦૧ (અંક : ૪૦/૪૧

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

સંડાસ એઢલે સંયમ જીવનની સ્મશાન યાત્રા

લેખક : મુકિતપંથ પથિક

પરમત ારક અરિહંત પરમાત્માના શાસનમાં સંયમ ધર્મ સર્વ શ્રેષ્ઠ છે આ સંયમ ધર્મની સાધના કરીને અનંતા આત્માઓ ારિહંત બન્યા તેમજ આજ સંયમ ધર્મને પાળીને - પ મીને અન્ય અનંતાઅનંત આત્માઓ સિદ્ધ બન્યા, સિદ્ધિ પદમાં બીરાજમાન થયા અને ભવિષ્યમાં અનંતાનન્ત વાના છે. આવા સર્વશ્રેષ્ઠ સંયમ ધર્મની સાધના વર્તમ નકાળમાં પણ અનેકાનેક પુણ્યાત્માઓ કરી રહ્યા છે.

ભૂતકા ળમાં જતિઓ - ગોરજીઓ - શ્રી પુજજીઓના જોરના કારણે સંયમ ધર્મ વિનાશના આરે આવીને ઉભો રહ્યો હતો ત્ યારે લગભગ ૩૫૦ વર્ષ પૂર્વે પૂ. પન્યાસ શ્રી સત્યવિજયજી મહારાજે ક્રિયોદ્ધાર કરવા દ્વારા સંયમ ધર્મને જીવન્ત અને જવલંત બનાવ્યો હતો અને એજ રીતે એ સંયમ ધર્મ ળાતો આવ્યો છે એનો પ્રતાવે જૈન શાસન જગતમાં ઝ હળી રહ્યું છે એનો પ્રભાવ ચારેકોર સુંદર અસર કરી રહ્યો છે એના કારણે વર્તમાનમાં પણ અનેકાઅનેક પુણ્યાત્માઓ સંસારનો ત્યાગ કરી સંયમ જીવન સ્વીક રી રહ્યા છે જૈન જૈનેત્તર વર્ગમાં જૈન શાસનના સંયમ ધર્મ ત્યે અનેરૂ માન-બહુમાન છે. સંયમ ધર્મનું સુંદર પાલન કરે એના પ્રભાવે શ્રાવકોમાં શ્રાવક ધર્મનું પાલન સુદ્રઢ થાય અને જૈનેત્તર વર્ગ પણ સંયમ ધર્મની અનુમોદનાર્હ કરવા દ્વારા બોધિ બીજ આદિ પામી જાય.

આજ ાલમાં કેટલાક સાધુઓ જોરશોરથી બોલે છે અને માસિ ાદિમાં લખે છે કે ઈસાઈઓનું વિશ્વના સર્વે ધર્મો - જૈન ધર્મ પર ભારે આક્રમણ છે. ઈસાઈઓના મુખ્ય ધર્મગુરૂ પોપના નિર્દેશ મુજબ ઈસાઈ ધર્મગુરૂઓ વગેરે બધા માણસોને ઈસાઈ (ઈસુખ્રીસ્તના અનુયાયી) બનાવી દેશે એના કારણે જૈન ધર્મનો પણ નાશ થઈ જશે.

દીર્ઘ દ્રષ્ટિએ વિચાર કરતા મને તો એમ લાગે છે કે ઈસાઈઓ જૈનધર્મનો નાશ કરતા કરશે પણ જૈનશાસનમાં નવા જે સુધારક સાધુઓ કેટલાક પાકયા છે એજ જૈનશાસનના નાશને નોતરશે.

નજીકમાં ભૂતકાળમાં કેટલાક (અલ્પસંખ્યક) સુધારક સાધુઓ પાકયા હતા પરન્તુ એ વખતે મોટા ભાગના આચાર્યાદિ સાધુ ભગવન્તો સજાગ હતા ધર્મનાશક સુધારક સાધુઓની સુધારક માન્યતાઓનું જોરશોરથી વિરોધ કરવા દ્વારા એમના પ્રભાવને નેસ્તનાબુદ કર્યો હતો જૈન સમાજના મોટાભાગના વર્ગને એમની સુધારકતાના પાપથી બચાવી લીધો હતો હવે તો જૈનશાસનમાં સુધારક સાધુઓનો કાફલો ઉભો થઈ ગયો છે એમાના કેટલાક ધારદાર વકતૃત્વ ધરાવી રહ્યા છે. હજારો માણસોને ભેગા કરે છે કેટલાકો થોકબંધ શાસ્ત્રોનો ઉપરછલ્લો અભ્યાસ કર્યો છે ઉત્સર્ગ - અપવાદનું જ્ઞાન પણ મેળવ્યું છે પણ ઉત્સર્ગ અપવાદને કયાં અને કઈ રીતે લગાડવા જેથી સંયમાદિ ધર્મ ટકી રહે એનું જ્ઞાનભાન લગભગ ભૂલી ગયા છે એમ આની કેટલીક થતી પ્રરૂપણા અને પ્રવૃતિઓથી જણાય છે.

ઈસાઈ ધર્મના મુખ્ય ધર્મગુરૂ પોપ જે રીતે ભારતની ધર્મ અને સંસ્કૃતિનો નાશ કરવા માટે ફતવાઓ

બહાર પાડે છે. તેમ જૈનશાસનમાં સુધારક સાધુઓ સાધુ ધર્મ અને શ્રાવક ધર્મનો વિનાશ નોતરાય તે રીતે સ્થંડીલ માટે સંડાસ અને માતરૂ જવા માટે બાથરૂમ આદિ વાપરવાના તેમજ વિલચેર વાપરવાના ફતવાઓ જૈન સંઘમાં અને પોતાના સમુદાયમાં બહાર પાડી રહ્યા છે. સાધુ - સાધ્વીઓએ સ્થંડીલ સંડાસમાં જવું માતરૂ બાથરૂમ વગેરેમાં જવું વીલચેર વાપરવી વગરે ઠરાવો કરવા રૂપ કાયદાઓના ફતવાઓ બહાર પાડવા માટેની પ્રવૃત્તિઓ કરવાની પેરવી કરી રહ્યા છે.

સાધુ-સાધ્વીઓ સંડાસ - બાથરૂમમાં સ્થંડીલ - માતરૂ કરતા થશે એટલે સંયમ જીવનની સ્મશાન યાત્રા નીકળશે અને સંડાસ - બાથરૂમ રૂપ સ્મશાનમાં સંયમ જીવન સળગીને ભસ્મીભૂત થઈ જશે જેના પરિણામે જૈનશાસનનો નાશ પાંચમા આરાના અંતે થવાના બદલે નજીકનાજ ભવિષ્યમાં થઈ જશે વિશેષતા એટલીજ ઉભી રહેવાની કે પાંચમા આરાના અંતે સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકાનું મૃત્યુ થવાથી જૈનશાસનનો નાશ થશે જ્યારે સંડાસ - બાથરૂમ આદિનો ઉપયોગ સ્થંડીલ - માતરૂ કરવા માટે કરશે ત્યારે સાધુ - સાધ્વી વગેરે સાધુ આદિના વેષમાં રહેશે અને અંદરથી સંયમ જીવનનો નાશ થવાથી શાસનનો નાશ પાંચમા આરાનો અંત આવતા ઘણા પહેલા થઈ જશે નજીકનાજ ભવિષ્યકાલમાં થઈ જશે.

આચાર્ય શ્રી અશોકસાગરજી મ. ની ભાષામાં કહીએ તો (કેમ કે એમણે વીલચેરની વીસ વ્યથા નામની પુસ્તિકામાં લખ્યું છે કે ડોલી વાપરવી એ અતિચાર છે અને વીલચેર વાપરી અનાચાર છે) સાધુને વાડામાં સ્થંડીલ જવું અતિચાર છે અને સંડાસમાં સ્થંડીલ જવું અનાચાર છે બાથરૂમ આદિમાં માતરૂ વગેરે જવું એ પણ અનાચાર છે. અતિચાર એ પાપ છે. અનાચાર એ મહાપાપ છે. પાપ કે મહાપાપને ઠરાવો કરવા દ્વારા કાયદેસર ન કરાય. પાપ અને મહાપાપને કાયદેસર કરવામાં આવે તો તેના પરિણામ ઘણાજ ભયંકર આવીને ઉભા રહે.

હિન્દુસ્તાનમાં પહેલા ગર્ભાપાતનો કાયદો ન હતો ત્યારે ગર્ભાપાત એ માનવ હત્યાનો ગુનો ગણાતો હતો ગર્ભાપાત કરનારો કે કરાવનારો ખુની ગણાતું હતો એને રાજસત્તા ગુનેગાર ગણીને દંડ - શિક્ષા કરતી હતી એની કારણે લોકો ગર્ભાપાત કરતા ખચકાતા હતા પરન્તુ જ્યારે આ હિન્દુસ્તાનમાં ગર્ભાપાત કાયદેસર થઈ ગયો અર્થાત્ ગર્ભાપાત કરી શકાય ગર્ભાપાત કરવો ગુનો નથી. એનું પરિણામ એ આવ્યું કે આજે હિન્દુસ્તાનમાં ગર્ભાપાતના પાપો ધમધોકાર થઈ રહ્યા છે ઈનામો અપાવ અપાવીને કરાવી રહ્યા છે ગર્ભમાં આવતા માસુમ બાળકોની હત્યાઓ થવા લાગી અને અનાચારના - વ્યભિચારના પાપો બેધડક અને બેસુમાર થવા લાગ્યા. ગર્ભાપાતનો કાયદો થવાથી લોકો ગર્ભાપાતને તથા તેની પાછળ થતાં વ્યભિચારોના પાપોને ગુનો માનતા મટી ગયા.

એમ સાધુ - સાધ્વીજીઓને સંડાસમાં જવાનો ઠરાવ કરીને સંડાસમાં સ્થંડીલ જવાનું કાયદેસર કરવામાં આવશે તો એનું પરિણામ એ આવશે કે સાધુ - સાધ્વીઓ છૂટથી - બેધડક સંડાસમાં જતા થઈ જશે.

સાધુ - સાધ્વીની વિષ્ટા સંડાસમાં જવાથી પાર વગરના સમુર્છિમ મનુષ્યો - મજુર - કીડા વગેરે જીવોની ઘોર હિંસા થશે અને એજ રીતે સાફ સફાઈ કરવા માટે ઉપયોગમાં લેવાતા પાણી સંડાસમાં જવાથી ઘોર જીવોની હિંસા થશે વિપુલ પ્રમાણમાં એ જીવોની હિંસાની પરંપરા આવશે.

એમા વળી કોઈ સાધુ - સાધ્વી ને એવો પણ વિકલ્પ હૈયામાં ઉઠશે કે જેમ નહાવા માટે કાચા પાણીમાં પાકુ પાણી ન નખાય. એમ સંડાસમાં રહેલા-ગયેલા કાચા પાણીમાં પાકુ ઉકાળેલું પાણી ભેગુ ન કરાય કાચું પાકુ પાણી ભેગુ ન કરાય. કેમ કે એમાં વિરાધના થાય છે. માટે સાધુ - સાધ્વીઓ કાચા પાણીનો પણ ઉપયોગ કરતા થઈ જશે કેટલા પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવો તેનો નિયમ નહી રહે સંડાસમાંથી આવ્યા બાદ હાથ પગ ધોવામાં પણ કાચા પાણીનો ઉપયોગ પણ કદાગ્રહ કરાય.

ગર્ભાપાતનો કાયદો થવાથી જેમ માસુમ બાળક હત્યાના પાપ થાય છે તેમ એની પાછળ અનાચારાદિના પાપો પણ પાર વિનાના થવા લાગ્યા. લોકોના હૈયામાંથી દયા નષ્ટ થઈ ગઈ તેમ શીલ - સદાચારના ધર્મનો પણ ખાત્મો બોલાઈ ગયો એમ સંડાસમાં સ્થંડીલ જનારા સાધુ - સાધ્વીઓની વિષ્ટા સંડાસમાં જવાથી સમુર્છિમ મનુષ્યો

કીડા - મચ્છરાદિ અનેકા અનેક જીવોની અઘોર હત્યા થશે તેમજ પાણી આદિના જીવોની પણ હિંસા થશે અને ભંગીયાઓ સંડાસ સાફ કરવામાં પાણીની બાલ્ડીઓની બાલ્ડીયો રેડ નાખશે કાચા પાણીથી ભીના સંડાસમાં પણ પગ મૂકીને જતા પણ કાચા પાણીના જીવોની વિરાધના થશે બહાર યોગ્ય જગ્યામાં સ્થંડીલ જનારા સાધુ - સાધ્વીઓ ખાવાપીવા વગેરેમાં કંટ્રોલ રાખનારા હોય છે જો કંટ્રોલ ન રહે તો વારે વારે સ્થંડીલ બહાર જવાની તકલીફ વેઠવી પડે જ્યારે ઉપાશ્રયમાં જ સંડાસમાં જવાનું હોય તો સાધુ - સાધ્વીઓને ખાવાપીવા પરનો પણ કંટ્રોલ નહી રહે કેમ કે ખાધા પછી બાજુમાંજ સંડાસ છે ચિંતા કરવા જેવું નથી.

થુકવાનું - કફ વગેરે પણ સંડાસમાં નાખવાનું પણ થવાની શકયતા છે સંડાસમાંજ નળો નખાઈ જશે, સાધુ - સાધ્વીઓ નળના પાણીનો પણ છૂટથી ઉપયોગ કરતા થઈ જશે.

સાધુ - સાધ્વીજીઓની સંખ્યા વધારે હશે તો એક સંડાસથી નહી ચાલે અનેક સંડાસ બનાવવા પડશે એમાં ઉભા સંડાસ બનશે બેઠા સંડાસ બનશે ઉઘાડા સંડાસ બનશે અને ઢાકણાવાળા પણ બનશે.

તેમજ મુખ્ય આચાર્યાદિ માટે સ્પેશ્યલ અલ્ટ્રામોડર્ન - સંડાસ બનાવડાવશે જેમ વીલચેર વપરાતી થઈ તો કેટલાકની જોવા જેવી અફલાતુન વીલચેર બનાવેલી હોય છે કેવળ સગવડનાં અને અનુકુળતાનો રાગ જ સાધુ આદિને પોષવાનું પાપ થવાનું છે.

જ્યાં સંડાસની સગવડ નહિ હોય ત્યાં લોકો જતા જનરલ સંડાસોમાં પણ સાધુ - સાધ્વી જતા થઈ જવાની શકયતા પણ બની શકે.

સંડાસમાં સ્થંડીલ જવાની આદત પડી ગયા પછી બહાર યોગ્ય જગ્યા સ્થંડીલ જવા માટેની મળવા છતા સાધુ - સાધ્વીઓ બહાર સ્થંડીલ નહી જાય સાધુ - સાધ્વીઓ એકદમ શીથીલ બની જશે.

આજે પણ એવું જોવા મળ્યું છે કે માતરૂ પરઠવવા માટે બેઘડીમાં સૂકાઈ જાય એવી જગ્યા કે વ્યવસ્થા હોવા છતા સાધુ - આદિ બાથરૂમ કે ગેલેરીમાં જ્યાં નીકાલનો રસ્તો હોય ત્યાજ જાય છે એક દાદરો પણ ઉતરવાની તસ્દી લેતા નથી. સાધુ - સાધ્વીને સ્થંડીલ જવા માટે બહાર જગ્યા ન મળે - ઉતાવલ થઈ જાય અથવા રોગાદિના કારણે વાડામાં સ્થંડીલ જવું એ અપવાદ છે એમાં અતિચાર દોષ લાગે છે એનું પ્રાયશ્ચિત લેવાનુ હોય છે સંડાસમાં સ્થંડીલ જવું એ તો અનાચારનું મહાપાપ છે એ તો મહાવ્રતનો ભંગ કરાવનાર છે કેમ કે સંડાસમાં વિષ્ટા-પેશાબ અને પાણી વગેરે જવાથી સીધીજ જીવોની હિંસા થાય છે વાડામાં સ્થંડીલ જવાથી સીધીજ જીવોની હિંસા થતી નથી વાડામાં પ્યાલા - વાટકા ઢાકણા અને રાખ વગેરેની સગવડ હોવાથી જયણા પળાય છે જયણાના ભાવ ટકી રહે છે અને એના માટે દરેક સ્થળે આવી વ્યવસ્થાની ગોઠવણ જરૂરી હોય છે રાખવીજ જોઈએ અપવાદના સેવનમાં અનુતાપ-પાશ્ચાતાપ હોવોજ જોઈએ એમ નીશિથચૂર્ણી નામના અપવાદ ગ્રન્થમાં જણાવ્યું છે ''શું કરૂ, શારીરિક પરિસ્થિતિ કેવી ઉપસ્થિત થઈ છે કે જેના કારણે મારે વાડાદિનો દોષ સેવવાનો અવસર આવ્યો છે.''

આ રીતનો અનુતાપ - પશ્ચાતાપ દોષ સેવન વખતે હોવા જોઈએ જો અનુતાપ - પશ્ચાતાપ ન થાય તો એ દોષ સેવન અતિચાર ન બનતા અનાચાર બની જાય છે જેના પરિણામ સાધુ સાધ્વી નિર્ધ્વંસ પરિણામી બની જાય છે એના હૈયામાંથી જીવદયાદિના પરિણામ ખતમ થઈ જાય છે જીવદયાનો પરિણામ ખતમ થઈ ગયો પછી સાધુપણામાં શું રહ્યું. સંયમ સળગીને સાફ જ થઈ ગયું ને ?

વાડામાં જતા સાધુ સાધ્વીને સીધીજ જીવોની હિંસા ન થતી હોવાના કારણે એના જયણાના - જીવદયાના પરિણામ ટકી રહે છે પણ સંડાસમાં સ્થંડીલ જવાથી સીધીજ ત્રસાદિ જીવોની ઘોર હિંસા થવાથી જીવદયાના જયણાના પરિણામ ખતમ થઈ જાય છે. અને સંડાસમાં જવાનો ઠરાવ કરી દેવાથી તો જીવદયા - જયણાના પરિણામ ખતમ થવાની સાથે સંડાસમાં સ્થંડીલ જતી વખતે કે ગયા પછી પણ અનુતાપ - પશ્ચાતાપ પણ થવાનો નહી. સંડાસમાં સ્થંડીલ ગયો એ બરોબર નથી કર્યુ મને મહાદોષ લાગ્યો છે એવો ભાવ પૈદા થવાનો જ નથી ઉલટાનુ વિપરિત જ પરિણામ પૈદા થવાનો કે સંડાસમાં સ્થંડીલ જવામાં વાંધો નથી - દોષ નથી જેમ ગર્ભપાતનો કાયદો થવાથી ગર્ભપાત એ ગુનો લોકોને લાગતો નથી લોકોનાં મનમાં એમજ થઈ ગયું છે કે ગર્ભપાત કરાવવામાં કાંઈ જ વાંધો નથી.

ગર્ભપાતનો કાયદો એ જેમ ગર્ભપાતના પાપ પર સીક્કો મારી આપે છે કે ગર્ભપાત કરવામાં વાંધો નથી તેમ સંડાસમાં જવાનો ઠરાવ પણ સંડાસમાં સ્થંડીલ જવાના મહાપાપ - અનાચાર ઉપર સીક્કો મારી આપે છે કે સંડાસમાં જવામાં કોઈ બાધ કે વાંધો નથી આવી પરિસ્થિતિમાં સંડાસમાં સ્થંડીલ જનારા સાધુ - સાધ્વીને તેનો અનુતાપ-પશ્ચાતાપ થવાની તો વાત જ કયાં ઉભી રહેવાની !

જેઓ સંડાસમાં સ્થંડીલ જાય છે એવા સાધુ - સાધ્વીને સંડાસમાં સ્થંડીલ જવાના મહાપાપનો કોઈ અનુતાપ - પશ્ચાતાપ નથી પ્રાયશ્ચિત લેવાની કોઈ વાત નથી એમના જીવદયાના પરિણામ વિનષ્ટ થઈ જ ગયા છે પણ જેઓ બહાર સ્થંડીલ જાય છે એને કારણે વાડામાં સ્થંડીલ જાય છે એવા સાધુ - સાધ્વીઓમાં પણ નિર્ઘૃણતા આવવાના કારણે જયણા - જીવદયાના પરિણામ નો ખાતમો બોલાઈ જશે કેમ કે ઠરાવે સંડાસમાં સ્થંડીલ જવાની છૂટ આપી દીધી છે સાધુ-સાધ્વીઓમાં નિર્ઘૃણતા ઉત્તરોત્તર પુષ્ટજ થતી જવાની છે.

સાધુ - સાધ્વીઓ સંડાસમાં સ્થંડીલ અને બાથરૂમમાં કે ગેલેરીમાં માતરૂ જતા થશે તો ટ્રસ્ટી આગેવાનો વાડા હશે તો પણ કઢાવી નાખશે માતરૂ પરઠવવા માટેની કુંડી આદિની વ્યવસ્થા હશે તો તે કુંડી આદિ પણ કઢાવી નાખશે અને સંડાસ અને બાથરૂમ આદિ જ ઉપાશ્રયોમાં ઉભા કરી દેશે. એનાથી મુશીબત તો જેને સારૂ સંયમ પાળવું છે તેને પડવાની છે જેને સંયમ પાલન પ્રત્યે બેપરવાહા છે તેને તો લીલા લહેર થઈ જવાની.

પૂર્વકાલમાં ધર્મસ્થાનોની અંદર સંડાસ - બાથરૂમ આદિ બનાવતા ન હતા બહુ તો વાડાની વ્યવસ્થા રાખતા માતરાદિ પરઠવવા માટે હતા કુંડી આદિ આદિની વ્યવસ્થા રાખતા જેથી સાધુ - સાધ્વીઓ બહાર સ્થંડીલ આદિ જતા અને ઉતાવળાદિના અનિવાર્ય સંયોગમાં વાડામાં સ્થંડીલ જતાં અને પોતાનું સંયમ નિર્મલ રીતે પાળતા અને કોઈ આળસુ સાધુ - સાધ્વી હતા તેને ઝખ મારીને બહાર સ્થંડીલ જવું પડતું અને જતા હતા.

આજે રાજસ્થાનાદિના કેટલાક ગામોમાં વાડા કે સંડાસાદિની સગવડતા નથી હોતી એથી સંડાસમાં જનારા કે વાડામાં જવાના ટેવાયેલા સાધુ - સાધ્વીઓને બહાર જવું પડે છે અને જાય છે.

ખેદની વાત તો એ છે કે આજના વડ અને જડ એવા આગેવાન ટ્રસ્ટીઓએ ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં સંડાસ બાથરૂમ વગેરે બનાવવાના મોટા પાપ ઘુસાડી દીધા છે.

પહેલાનાં કાળમાં ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં આગેવાનો સંડાસ બાથરૂમ વગેરે બનાવતા તો તેની શ્રાવકો જોરદાર ટીકા કરતા હતા આજે મોટા ભાગનો શ્રાવક શ્રાવિકા વર્ગ સંયમાદિ ધર્મની સમજ વગરનો થઈ ગયેલો છે એના કારણે એ પણ બોલતો થઈ ગયો કે ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં સંડાસાદિ હોવા જોઈએ સાધુ - સાધ્વી સંડાસ બાથરૂમ આદિમાં સ્થંડીલ માતરૂ આદિ જાય તો એમાં શું વાંધો છે ?

પરમતારક ભગવાન મહાવીર પરમાત્માનું નિર્વાણ થયા બાદ શાસ્ત્રકારોને કહેવું પડયું કે "अज्जपभई संजमो दुराराहो भविस्सर" પડતા કાળના કારણે સંયમ દુરારાધ્ય બનશે. આ વાકયથી શાસ્ત્રકારનું કહેવાનું તાત્પર્ય એ છે કે સંયમના પાલન માટે સજાગ અને સમર્થ બનવું પડશે

આ વાકય કહીને શાસ્ત્રકારો સંયમ સાધકોમાં સજાગતા અને સામર્થ્ય કેળવવાનું જણાવે છે જ્યારે આજના ભણેલા ગીતાર્થ ગણાતા અને વ્યાખ્યાનની પાટ ગજવનારા સાધુઓની સંયમ સાધના નષ્ટ ભ્રષ્ટ થઈ જાય. એ માટે સાધુ - સાધ્વીઓને સંડાસ - બાથરૂમાદિમાં સ્થંડીલ માતરૂ જવાના ઠરાવોના ફતવાઓ બહાર પડાવવા માટે કુદાકુદ કરી રહ્યા છે એ એમની બુદ્ધિની નરી કુટિલતા છે.

ખરેખર સાચા ગીતાર્થ 'આચાર્ય' ભગવન્તો વગેરે સાધુ - સાધ્વી સંઘમાં જરા પણ સંયમની શીથીલતા પગ પેસારો ન કરે તેની કાળજી અને પ્રયત્ન કરવાવાળા હોય.

સાધુ - સાધ્વીમાં શીથિલાચાર પેસી ગયો હોય તેને પણ કાઢવા માટેના પ્રયત્ન કરતા હોય ગમે તેવા બાના બતાવીને શીથીલાચાર સાધુ - સાધ્વીમાં પાંગરી

જાય એવા કોઈ પણ ઠરાવો કરનારા કે કરાવનારા ન હોય, કોઈ એવા ઠરાવો કરવાની વાતો કરતા હોય તેનો પોતાની બધી જ શક્તિનો ઉપયોગ કરીને સખતમાં સખત વિરોધ કરીને એ ઠરાવોને ઉડાડી દેનારા હોય.

સંડાસમાં સ્થંડીલ" - માતરૂ જવાનો ઠરાવ કરી દેવામાં આવશે તો અને સાધુ - સાધ્વીઓ (જે જતા ન હતા) સંડાસમાં સ્થંડીલાદિ જતા થશે અને એમને એમ પણ વિચાર આવશે કે ઠરાવ કર્યો છે એટલે સંડાસમાં સ્થંડીલાદિ જવામાં વાંધો નથી જેમ ગર્ભપાતનો કાયદો થયો એટલે લોકોને થયુ કે હવે ગર્ભપાત કરવામાં વાંધો નથી એથી માસુમ બાળકો પ્રત્યે નિર્દયતા આવી તેમ સંડાસમાં સ્થંડીલાદિ જનારા સાધુ - સાધ્વીઓને જીવો પ્રત્યે નિર્દયતા આવી જશે નિર્ધ્વંસ પરિણામી થઈ જશે એમને અનુતાપ - પશ્ચાતાપ થવાનો નહી અને પ્રાયશ્ચિત પણ લેવાના નહી કેમ કે ઠરાવે સંડાસમાં સ્થંડીલાદિ જવાની છૂટ આપી દીધી છે.

સ્થાનકવાસી તેરાપંથી વગેરે જે સાધુઓ કાંદા - બટાટા આદિ કંદમૂલ ખાય છે એવી એમના અનુયાયીઓ પણ છૂટથી કંદમૂલ ખાય છે મજેથી ખાય છે એમાં એમને કોઈ દોષ જેવું જણાતુ નથી. તેમ સાધુ - સાધ્વીઓ સંડાસમાં સ્થંડીલ જતા થઈ જશે ત્યારે સંડાસમાં જવામાં સંકોચ અનુભવનારા શ્રાવક શ્રાવિકા વર્ગ છૂટથી સંડાસમાં જતો થઈ જશે.

જૈન સંઘમાં કેટલાએ એવા શ્રાવક - શ્રાવિકાઓ છે જેને સંડાસમાં જવું નથી ગમતું ગામડાઓમાં રહેનારા શ્રાવક - શ્રાવિકાઓને એમના દિકરાઓ મુંબઈ - અમદાવાદ - સુરત જેવા મોટા શહેરોમાં લાવે છે ત્યારે એઓ સંડાસમાં જવાથી ત્રાસી ઉઠે છે અને પાછા પોતાના વતન ગામડામાં આવી જાય છે.

પહેલા મોટા ભાગે ગૃહસ્થો વિરાધનાના ભયે સંડાસમાં જવામાં સંકોચ અનુભવતા હતા પણ શહેરોમાં વસવાના કારણે રોજ સંડાસમાં જવાથી વિરાધનાનો ભય અને સંકોચ ઉડી ગયાં અને લગભગ નિર્ધ્વંસ પરિણામવાળા બની ગયા.

એટલે સાધુ - સાધ્વી સંયમના આચારો પાળવામા જેટલા દ્રઢ રહેશે તેટલાજ શ્રાવક શ્રાવિકોઓ શ્રાવક ધર્મના આચારો પાળવામાં વધુ દ્રઢ રહેવાના જો સાધુ - સાધ્વી સંયમના આચારો પાળવામાં ઢીલા બનશે તો શ્રાવક - શ્રાવિકાઓ વધુને વધુ શ્રાવકપણાના આચારો પાળવામાં ઢીલા બનશે માટે શ્રાવકચારોના પાલનમાં શ્રાવકોને દ્રઢ રાખવાની જવાબદારી સાધુઓના માથે છે. આ વાત દરેક સાધુ - સાધ્વીઓએ સમજી રાખવાની છે.

આજે કેટલાક આચાર્યાદિ સાધુઓ કાગારોળ મચાવે છે કે બહાર સ્થંડીલ જવામાં સાધ્વીઓના શીલ લુંટાઈ જાય છે. સાધુઓ બહાર સ્થંડીલ જાય તેમાં શાસનની હીલના થાય છે માટે સાધુ - સાધ્વીઓએ સંડાસ બાથરૂમાદિમાંજ માતરૂ - સ્થંડીલ જવું જોઈએ એનો ઠરાવજ કરી દેવો જોઈએ.

આવો કાગારોળ મચાવનારા આચાર્ય આદિને શાસ્ત્ર મર્યાદાઓનું ખરેજ ભાન નથી એમ લાગે છે. શાસ્ત્રમાં બતાવેલી વિધિપૂર્વક સ્થંડીલ - માતરૂ વગેરે જાય પરઠવે એમાં કોઈ શાસન હીલના કે શીલ જોખમમાં મૂકાવાની કોઈ શકયતા જ રહેતી નથી બહાર સ્થંડીલ જવાથી સાધ્વીઓના શીલ જોખમાય છે માટે બહાર સ્થંડીલ જવાનું બંધ કરી સંડાસમાં જ જવું આવી જો એમની માન્યતા હોય તો સાધ્વીઓને વિહાર પણ બંધ કરાવી દેવા જોઈએ કેમ કે વિહારમાં જંગલની અંદર પણ સાધ્વીઓનું શીલ જોખમમાં મૂકાવાની શકયતા રહેજ છે.

તેમજ સાધુઓ બપોરના ટાઈમે ગૃહસ્થના ઘરમાં ગૌચરી જાય ત્યારે મોટા ભાગે ભાઈઓ વગેરે દુકાન, ઓફીસ વગેરેમાં ગયા હોય છે. કેટલીક વાર ઘરમાં એકલી બહેનોજ વહોરાવનાર તરીકે હોય છે એ વખતે પણ સાધુનું શીલ જોખમમાં મૂકાવાની શકયતા હોય છે માટે સાધુએ ગૃહસ્થોના ઘરમાં ગૌચરી જવાનું બંધ કરી દેવું જોઈએ અને ઉપાશ્રયમાં જ ગૌચરીના ટીફીનો મંગાવી લેવા જોઈએ પરન્તુ આવું તો કોઈ કરતું નથી અને આવુ કરવું ઉચિત નથી તો પછી સાધ્વીઓના શીલ લુંટાઈ જવાની અને શાસન હીલનાના તદ્દન પોકટા નિમિત્તોને આગળ કરી સંડાસ બાથરૂમમાં સ્થંડીલ - માતરૂ જવાની વાતો કરવી અને એના ઠરાવો કરવાની પેરવીઓ કરવી એ કઈ રીતે ઉચિત ગણાય ખરેખર એ તો સાધુ - સાધ્વીઓના સંયમ જીવનને નષ્ટ ભ્રષ્ટ કરવા બરોબર છે.

સ્થંડીલ માતરૂ જવામાં શીલ જોખમમાં મૂકાઈ જવું અને શાસનની હીલના થવી તે તો શાસ્ત્રમાં જણાવેલી વિધિને છોડી અવિધિપૂર્વક સ્થંડીલાદિ જવાને આભારી છે વિધિપૂર્વક સ્થંડીલાદિ જવામાં કોઈ શીલ જોખમાતું નથી અને શાસન હીલના થતી નથી કોઈ પણ આરાધનાદિનું કાર્ય અરિહંત પરમાત્માની આજ્ઞાનુસારે કરવામાં આવે તો શાસન હીલનાદિનો કે સંયમ શીલ લુટાવવાનો પ્રશ્નજ ઉપસ્થિત થતો નથી.

બહાર સ્થંડીલાદિ જવાથી સાધ્વીઓના શીલ સંયમ જોખમાય છે શાસનની હીલના થાય છે આવો કાગારોળ મચાવી સંડાસ આદિમાં સ્થંડીલ આદિ જવાની વાતો કરવી અને ઠરાવો કરાવવા એના કરતા તો ગચ્છના નાયકોએ કે વડીલોએ પોતપોતાના સાધુ - સાધ્વીઓને સ્થંડીલાદિ જવા માટેનો શાસ્ત્રમાં જણાવેલો વિધિ માર્ગ સમજાવવો જોઈએ સાધુ - સાધ્વીઓએ એ વિધિ માર્ગને અનુસરવો જોઈએ અને જે સાધુ - સાધ્વી વિધિ માર્ગને ન અનુસરે એની સામે કડક પગલા લેવા જોઈએ અને વિધિ સચવાય તેવા ક્ષેત્રમાં ચોમાસુ વિહાર કરવા જોઈએ, આવું કાંઈ કરવું નથી અને સંડાસમાં સ્થંડીલાદિ જવાની આડી અવળી વાતો કરવી અને ઠરાવ કરાવવા માટે જેહાદ જગાવવી એ બધુ ખરેખર તદ્દન શાસ્ત્ર વિરૂદ્ધ છે અને સાધુ - સાધ્વીઓના સંયમને નષ્ટ ભ્રષ્ટ કરી શિથીલાચારી બનાવનાર છે એના કારણે જૈન શાસન પારાવાર નુકસાનના ખાડામાં ફેંકાઈ જવાનું.

આજે કેટલાક આચાર્યાદિ આવું પણ બોલતા જણાય છે કે વાડામાં સ્થંડીલ જવું એ લોક વિરૂદ્ધ કાર્ય છે માટે વાડામાં સ્થંડીલ જવાનું બંધ કરીને સંડાસમાં જવાનું સાધુ - સાધ્વીઓ માટે કરવું જોઈએ આવું બોલાયેલું ખરેખર સાચું હોય તો એમ લાગે છે કે એ આચાર્યાદિ શાસ્ત્ર શું ભણ્યા ? લોક વિરૂદ્ધ કાર્ય કોને કહેવાય એનીજ એમને ગતાગમ નથી એમના મગજમાં એવી ભ્રમણા ઉભી થઈ છે અથવા બીજી કોઈ અગમ્ય કારણ ના કારણે એમણે એવી વાત ઉભી કરી કે જે કાર્યનો લોકો વિરોધ કરે તે કાર્ય લોક વિરૂદ્ધ કહેવાય. વાડાનો લોકો વિરોધ કરે છે માટે વાડામાં સ્થંડીલ જવું લોક વિરૂદ્ધ છે કોઈક ઠેકાણે લોકોએ વાડાનો વિરોધ કર્યો હશે એવી એમ એમણે વાડામાં ઠલ્લે જવાના કાર્યને લોકવિરૂદ્ધ કાર્ય કહી દીધું વાડામાં ઠલ્લે જવું લોક વિરૂદ્ધ છે માટે સાધુ - સાધ્વીઓએ સંડાસમાં સ્થંડીલ જવાનો જોરશોરથી પ્રચાર કરવા લાગ્યા ખરેખર અર્ધદગ્ધ પંડીતો કેટલીકવાર કેવું નુકશાન કરી બેસે છે એનો આ એક દાખલો છે.

જૈન શાસનમાં લોકો જે કાર્યનો વિરોધ કરે તેને લોક વિરૂદ્ધ કાર્ય તરીકે કહેવામાં આવ્યું નથી.

લોકો વિરોધ કરે એ કાર્યને લોક વિરૂદ્ધ કહેવાતું હોય તો દીક્ષાનો લોક વિરૂદ્ધ કાર્ય કહેવાય ખરૂ ! નહી જ, તેમ પણ લોકો વિરોધ કરનારા હોય છે તો શું દીક્ષાને લોકો વિરોધ કરે એટલા માત્રથી વાડામાં સ્થંડીલ જવાના કાર્યને લોક વિરૂદ્ધ કઈ રીતે કહેવાય ?

શિષ્ટ લોકો જે કાર્યનો વિરોધ કરે તે કાર્યને લોકવિરૂદ્ધ કાર્ય કહેવાય. એવા કાર્ય શાસ્ત્રમાં જુગાર રમવો, દારૂ પીવો, નિંદા કરવી વગેરે કાર્યને લોક વિરૂદ્ધ તરીકે જણાવ્યા છે. દીક્ષાને કે વાડામાં સ્થંડીલ જવાના કાર્યને લોક વિરૂદ્ધ તરીકે નથી જણાવ્યા.

દીક્ષાનો વિરોધ શિષ્ટ લોકો કરતા નથી તેમ વાડામાં સ્થંડીલ જવાના કાર્યનો પણ શિષ્ટ લોકો વિરોધ કરતા નથી. વિરોધ કરે છે માત્ર અશિષ્ટ લોકો જ અર્થાત્ અજ્ઞાન અને અજઝટ માણસોજ વાડામાં સ્થંડીલ જવાનો વિરોધ કરે છે માટે વાડામાં સ્થંડીલ જવું એ લોક વિરૂદ્ધ કાર્ય નથી વાડાની વ્યવસ્થા વ્યવસ્થિત હોય તે એટલે કે રાખ - પ્યાલા-ઢાંકણા આદિની વ્યવસ્થા વ્યવસ્થિત હોય અને સાધુ - સાધ્વી એનો ઉપયોગ બરોબર કરતા હોય તો લોકોને વિરોધ કરવાનો અવસર જ ઉપસ્થિતિ થતો નથી કેમ કે વિષ્ટાની દુર્ગન્ધ જરા પણ ફેલાતી નથી.

વાડામાં સાધુ - સાધ્વીઓ સ્થંડીલ જાય છે એ લોક વિરૂદ્ધ કાર્ય છે. એમ પ્રચાર કરીને અને ઠરાવ કરાવવા માટેની જહેમત ઉઠાવીને સાધુ - સાધ્વીઓને સંડાસમાં સ્થંડીલ જતાં કરનારા આચાર્યાદિ સાધુ - સાધ્વીઓના સંયમની સ્મશાન યાત્રા કાઢીને ભસ્મીભૂત કરનારા છે.

કેટલાક વળી એવી પણ દલીલ કરે છે કે વાડામાં સ્થંડીલ ગયા પછી ભંગી એ વિષ્ટાને સંડાસમાં જ નાખે તો સીધાજ સંડાસમાં સાધુ - સાધ્વીઓ સ્થંડીલ જાય તો એમાં શું વાંધો છે ? આવી દલીલ કરનાર બીચારા

અજ્ઞાનતા એમને આત્માના પરિણામ જેવા તત્ત્વની તન્તની ગમજ નથી.

કોઈ સાધુ આગાઢ બીમારીમાં છે એને બપોરના ટાઈમે ચા - દુધની જરૂર પડી ગામમાં શ્રાવકોના ઘરોમાં શોધ કરી ન મળ્યું એ વખતે સાધુ પોતે પ્રાઈમસાદિ સળગાવી ચા - દુધ બનાવવા નથી બેસતો પરન્તુ શ્રાવક ને દુધ - ચા બનાવા માટે ઉપયોગ કરવાનું જણાવે અને શ્રાવક સાધુને ચા દુધ બનાવીને વહોરાવે અને સાધુ વહોરે છે શ્રાવક પ્રાયમસાદિ સળગાવીને ચા - દુધ બનાવી સાધુને આપે એના કરતા સાધુ પોતેજ પ્રાયમસ આદિ સળગાવી ચા-દુધ બનાવી ને બીમાર સાધુના ઉપયોગમાં લતો શું વાંધો ? પણ સાધુ પોતે ચા - દુધ બનાવતા નથી પણ શ્રાવક દ્વારા બનાવરાવીને બીમાર સાધુ માટે દુધ - ચા વહોરે છે.

એનું કારણ એજ છે કે સાધુ બીમાર સાધુ માટે પ્રાયમસ સળગાવી ચા - દુધ બનાવે એમાં સાધુના પરિણામ નિર્ધ્વંસ થાય છે જ્યારે શ્રાવક પ્રાઈમસ સળગાવી ચા-દુધ બનાવી આપે એમાં સાધુના પરિણામ નિર્ધ્વંસ થતા નથી.

એમ સાધુ સંડાસમાં સ્થંડીલ જાય તો સાક્ષાત્ ત્રસાદિ જીવોની હિંસા થતી હોવાથી સાધુના પરિણામ નિર્ધ્વંસ થાય છે ત્યારે વાડામાં સ્થંડીલ જવાથી રાખ પ્યાલાદિનો ઉપયોગ કરવાની જયણાનું પાલન કરાતું હોવાથી સાક્ષાત્ જીવોની હિંસા ન થતી હોવાના કારણે વાડામાં સ્થંડીલ જનારા સાધુના પરિણામ નિર્ધ્વંસ બનતા નથી.

સાક્ષાત્ સાધુ જીવોની હિંસા કરે તો પરિણામ નિર્ધ્વંસ બને છે પરંપરાએ જીવોની હિંસા થતી હોય એમાં પરિણામની નિર્ધ્વંસતા સીધી થતી નથી માટે વાડામાં કારણે સ્થંડીલ જવામાં અલ્પ દોષ છે જ્યારે સંડાસમાં સ્થંડીલ જવામાં ભયંકરમાં ભયંકર દોષ છે.

માટે સંડાસમાં સ્થંડીલ જવાની હીમાયત કરનારા ઠરાવો સમ્મેલનમાં કરાવવા માટે ધમપછાડા કરનારા ખરેખર ભણ્યા પંડિત મૂર્ખ જેવા છે.

સંયમ ધર્મના સૂક્ષ્મ બળને ખતમ કરનારા છે સંડાસ બાથરૂમાદિમાં સ્થંડીલ માતરૂ વગેરે હિમાયત કરનારાજ છાસવારે છાસવારે બોલે છે ને લખે છે કે જૈન શાસન પર પરદેશના લોકોના, વર્તમાન સરકારના, દીગંબરો આદિના આક્રમણો આવી રહ્યા છે એને ખતમ કરવા માટે ધર્મનું સૂક્ષ્મ બલ ઉભું કરવું જોઈએ આવી વાતો કરનારાજ સંયમ ધર્મનું બલ ખતમ કરવા માટે વીલચેર - સંડાસ વગેરેની હિમાયત કરી રહ્યા છે ઠરાવો કરાવવા મથી રહ્યા છે આજે કેટલાએ સાધુ - સાધ્વીઓ સંડાસ બાથરૂમ આદિ સ્થંડીલ આદિ જાય છે વીલચેરમાં વીલચેર - રેકડી વગેરેનો ઉપયોગ કરી ગામો ગામમાં તીર્થોમાં મહોત્સવાદિના પ્રસંગોમાં મંદિરોની ચૈત્ય પરિપાટી કરવા માટે દોડધામ કરી રહ્યા છે આજે સારા સંયમી તરીકે પંકાયેલા આચાર્ય આદિ સંડાસમાં સ્થંડીલ આદિ જતા થયા વીલચેર વગેરે વાહનોનો ઉપયોગ ધમધોકાર કરતા થયા છે સંયમ પ્રેમી સારા સાધુ - સાધ્વીઓ સંડાસાદિનો ઉપયોગ નથી કરતા પણ જો ઠરાવ કરવામાં આવશે કે સાધુ - સાધ્વીઓએ સંડાસ - બાથરૂમાદિમાં સ્થંડીલ વગેરે જવું તો સારા સાધુ - સાધ્વીઓ પણ સંડાસાદિમાં સ્થંડીલ માતરૂ વગરે જતા થઈ જશે તો સંયમ ધર્મનું સૂક્ષ્મ બળ કયાં ઉભુ રહેવાનું ? જેના પરિણામે વર્તમાનમાં જે જૈન શાસન પર આક્રમણો આવ્યા છે અને આવી રહ્યા છે એના કરતા કંઈ ગણા આક્રમણો આવીને જૈન શાસનને રફે દફે કરી નાખશે પછી શું થશે ? રોવાનો જ વખત આવશે ને ?

માટે જૈન સંઘમાં જે શીથિલાચાર પાંગરી ગયો છે તેને દૂર કરવાની અત્યન્ત આવશ્યકતા છે નવા નવા શિથિલાચારો પ્રવેશ ન પામી જાય એના માટે કટીબદ્ધ બનવું જોઈએ તોજ શાસન - સંઘ સુરક્ષિત રહેશે નહિતર આવા ઠરાવોના ફતવાઓ બહાર પાડનારાઓના હાથે જ શાસન - સંઘનો ભારે વિનાશ થશે.

માટે જૈન શાસન ના ગીતાર્થ આચાર્યાદિ સાધુ ભગવન્તોની સંડાસ વગેરેમાં અને વીલચેર વગેરેના ઠરાવો કરનારા અને પ્રચાર કરનારાઓને સખત વિરોધ કરીને અટકાવવા માટેની ફરજ બની રહે છે ફરજથી જે ચૂકશે અને ઉપેક્ષા કરશે તો તેઓ પણ શાસન - સંઘનો વિનાશ કરવાના ભાગીદાર બનશે એ દરેક ધ્યાનમાં લેવા જેવું છે.

■ ■ ■

૨૬૦૦ ની રાષ્ટ્રીય ઉજવણીના વિરોધમાં મલાડમાં યોજાઈ ગઈ

સફળ જાહેર સભા

જૈન સિદ્ધાંતોની છાતી પર કુઠારાઘાત કરનારી ૨૬૦૦ની સૂચિત ઉજવણી સામે પડકારનો પાંચજન્ય શંખ ફૂંકતી એક જાહેર સભા ગત ચૈત્ર સુદ-૧૩ શુક્રવાર અને ૬-એપ્રિલના દિને મુંબઈ મલાડ ખાતે યોજાઈ ગઈ.

જિનશાસનના તેજસ્વી ભાગ્યનાયક સમા પરમશ્રદ્ધેયપાદ શ્રી 'સૂરિરામ'ની દિવ્યકૃપાના બળે ઉક્ત સભાને નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો હતો. પૂજ્ય મુનિરાજ શ્રી ભવ્યવર્ધન વિ. મ. ના શીતળ સાનિધ્યમાં યોજાયેલી આ સભાએ ૨૬૦૦ની ઉજવણીના બની બેઠેલા ફિરસ્તાઓનો કાન આમળી નાંખ્યો તો.

ગુજરાત સમાચાર, મિડ-ડે જેવા દૈનિક પત્રોમાં જાહેર સભામાં પધારવાનું આગોતરૂ આમંત્રણ સકળ સંઘને અપાયું તું. તદુપરાંત સિદ્ધચક્ર ભગવંતની ચૈત્રમાસીય ઓળી દરમ્યાનના દૈનિક પ્રવચનોમાં ૨૬૦૦ની ઉજવણીની ભીંતરી ક્રૂરતા રજૂ કરતાં રહી મુનિ ભગવંતોએ અત્રેના આરાધક વર્ગમાં જુસ્સાનો માહોલ ઉભો કરી દીધો તો.

બ્લેક બોર્ડો પર રોજ બરોજ શૌર્યવંતી ભાષાના લખાણો લખાયે જતાં તાં. જેને વાંચવા માટે લોકો રીતસરની લાઈન લગાવતા.

સભા ૨-૩૦ વાગ્યાના નિર્ધારિત સમયે શરૂ થઈ ગઈ. પ્રારંભે શૂરીલા સંગીતકાર શ્રી કૈલાશભાઈએ નવરચિત ગીત 'ઓ વીર પ્રભુના પુત્રો, સંકલ્પ તમે દૃઢ કરજો' લલકારી સભામાં જુસ્સો રેડ્યો તો. ત્યારબાદ શ્રીવીરેન્દ્રભાઈએ 'વિરોધ સભા'ની પ્રાસંગિકતાનો ખ્યાલ આપતું પ્રવચન કર્યું. ત્યાર પછી પ્રસિદ્ધ વકતા શ્રી નરેશભાઈ-નવસારીવાળાએ હૃદયને અપીલ કરી જતું ઉદ્બોધન કર્યું. અન્તે પૂજ્ય મુનિરાજશ્રી હિતવર્ધન વિ. મ. ૨ બરાબર પોણા બે કલાક સુધી અસ્ખલિત પાણે પ્રવચનની ધારા વહાવીતી.

જે પ્રવચનમાં તેમાણે સરકારી ઉજવણીનો ઘોર પરિહાસ કરી તેના ૨૦ મુદ્દાની અનુચિતતા વર્ણવવાની સાથે ૨૫૦૦ની ઉજવણી વખતના જાજરમાન ઇતિહાસની સીલસીલાબંધ માહિતી પૂરી પાડી તી.

મુદ્દાપુરસ્સરના પ્રવચનમાં તેમાણે જૈનોની કાયરતા, નિષ્ક્રિયતા અને શિથિલતા ખંખેરી નાખવાની પરાણા કરી હતી. ૨૬૦૦ની ઉજવણીના સન્દર્ભમાં અનેકવિધ આધારો પાણ તેમાણે રજૂ કર્યા હતા.

૧૦૦૦ જેટલાં ભાવિકોની ઉપસ્થિતિ ધરાવતી આ સભામાં બહોળી સંખ્યામાં વીરસૈનિકો પાણ ઉપસ્થિત રહ્યા તા. જેમાણે પાણ પૂજ્ય મુનિ ભગવંતને મળી સંતોષ વ્યક્ત કર્યો તો.

આ પ્રસંગે ''નહિ જોઈએ ૨૬૦૦ની રાષ્ટ્રીય ઉજવણી'' નામક માત્ર ત્રાણ જ કલાકમાં લખાયેલી અને છેલ્લાં ત્રાણ જ દિવસમાં છપાયેલી એક પુસ્તિકાનું વિમોચન કરાયું તું. જે પુસ્તિકાએ રંગ રાખ્યો

જડતા

પત્નિ : અરે ઉઠો ! પાડોશીની પત્નિ મરી ગઈ છે, તમારે જવું નથી, જવું પડે.

પતિ : અરે ! હું જાઉં છું, પણ એ ભાગ્યવાનને કોઈવાર આપણા ઘરે આ રીતે આવવાનો મોકો મળવો જોઈએ.

મૂર્ખતા

દિકરો : પિતાશ્રી, આપશ્રીએ આ ચકલાનો માળો કેમ બનાવો ?,

પિતાજી : દિકરા, તું શું કહે છે ?

દિકરો : આ ચકલાના માળા જેવી આટલી મોટી દાઢી કેમ વધારી ?

પિતાજી : દિકરા, પાંચ વર્ષ પહેલા તું મુંબઈ ગયો હતો. ત્યારે ભુલમાં તારી સાથે મારી દાઢીનો સમાન લઈ ગયો તો.

પ્રવચન - અડતાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
૨૦૪૩ ભાદરવા વદિ -૧, સોમવાર, તા. ૮-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

ગતાંકનો ચાલુ

પ્ર. તે ગમ્યું પણ ન ગમ્યું કહેવાય ને ?

ઉ.- ઉપાદેય ન લાગે તેની પ્રવૃત્તિ કેવી હોય ?

અનીતિ નહિ કરનારા કેટલા મળે ? અનીતિ કરો તેનું પણ દુઃખ છે ? ભગવાનની વાતો તો ચોથા આરામાં ચાલે, પાંચમા આરામાં નહિ - આવું બોલનારા જૈન છે ને ? આવું કોણ બોલાવે છે ? મિથ્યાત્વ. સંસારની સુખ - સંપત્તિ - સાહ્યબી ગમે અને તે ગમે તેનું દુઃખ પણ ન થાય તેનું નામ મિથ્યાત્વ છે. તમારામાં મિથ્યાત્વ છે કે સમ્યક્ત્વ છે ? મિથ્યાત્વથી કરેલો ધર્મ ફળે જ નહિ આવું સાંભળ્યા પછી તમને ગભરામણ થાય છે કે- મારું થશે શું ?

સભા સમજણ નથી.

ઉ. - સમજણ આપનાર છતાં ય સમજણ ન લો તો શું થાય ? સમજણ આપનારા પણ નથી તેવું તમે કહી શકો તેમ નથી. કેમ કે, આ વાત સમજાવતાં સમજાવતાં મારા વાળ પણ ધોળા થઈ ગયા છે.

જેને સાધુ થવાની તીવ્ર ઈચ્છા જન્મે નહિ તેનામાં શ્રાવકપણું આવે નહિ. શ્રાવક માત્ર દુઃખથી ઘરમાં રહેતા હોય. 'ઘર ક્યારે છૂટે - કયારે છૂટે' તે ઈચ્છામાં હોય. શ્રાવક સંસારમાં રહે તે બને પણ સંસારમાં રહેવાનું તેને ગમે છે તે કાર્ય બને નહિ. જેલમાં પડેલો બેડી તોડવાની - ભાગી છૂટવાની તાકાત હોય તો જેલમાં પડયો રહે ખરો ? તેમ શ્રાવક સંસારની કેદમાં પડયો છે. તેમાંથી ભાગી છૂટવાની તીવ્ર ઈચ્છા છે પણ બેડી મજબૂત છે માટે ભાગી શકતો નથી. તમે ઘરમાં રહ્યા છો તે આવી રીતે ને ?

સભા : હોંશથી રહ્યા છીએ

ઉ.- તો તમારો અમારો મેળ શી રીતે જામે ?

રોજ સાંભળનારને અહીંથી ઘેર જવાનું ગમે ? ઘરે તો તે ન છૂટકે જાય. તેમ મંદિર આવનારો મંદિરથી પણ ઘરે ન છૂટકે જાય. તમારે મંદિરમાં પેસતાં નિઃસિહિ બોલવાનું જરૂરી પણ નીકળતાં આવસ્સહી બોલવાનું જરૂરી નથી. કેમ કે પાપના કામમાં જાવ છો. તે કંઈ અવશ્ય કરવા લાયક નથી. સંસારનો અણગમો કર્યા પછી મંદિરમાં પેસવાનું છે. શ્રાવક ઘર ચલાવે તે આનંદથી કે દુઃખથી ? પેઢી કરે તે પણ આનંદથી કે દુઃખથી ? પૈસો કમાય તે કમાવા જેવો માનીને કે કમાવો પડે માટે ? ઘર મઝેથી ચલાવો છો તે પાપ કરો છો ને ? સુખી શ્રાવક પેઢી ખોલે ? જેને ખાવા - પીવા હોય તેવો શ્રાવક વેપાર પણ કરે ?

સભા : સુખી જ પેઢી ખોલે ને ?

ઉત્તર : આજે ઊંધો ન્યાય ચાલી રહ્યો છે. સુખી લોકો પેઢી ખોલે, વધારે અને મરતા સુધી ન છોડે તેમાંના પાકયા છે. તમે બધા વાણીયા છો કે શ્રાવક છો ?

આપણી મૂળ વાત એ છે કે- 'દુનિયાનું સુખ જેને ગમે, મઝેનું લાગે, સારું લાગે તે બધા ભગવાનનો ધર્મ પામવા લાયક જ નથી' આ વાત બરાબર સમજાઈ ગઈ છે ? જેને દુનિયાના સુખની ઈચ્છા થાય, તે સુખ મેળવવા જેવું લાગે, સુખ મળે તો આનંદ થાય, તે સુખ મઝેથી ભોગવે, તે સુખ ચાલ્યું જાય તો દુઃખ થાય - રોવું આવે, તે સુખ મૂકીને જવાનો વખત આવે તો રોતાં રોતાં દુઃખપૂર્વક મૂકો - તો આ બધા ધર્મીપણાનાં લક્ષણ છે ? આપણે બધા જન્મ્યા છીએ રોઈ રોઈને પણ હવે મરવું છે હસતાં હસતાં. તે કયારે બને ? ધર્મ પામીએ તો. ધર્મી જીવને મરવાનો ભય હોય નહિ. જીવવાનો ઝાઝો લોભ પણ હોય નહિ. મરણને તે મહોત્સવ માને. સાધુ - સાધ્વી, શ્રાવક-શ્રાવિકા અનશન કરીને મરે. તે બધાને ખબર છે કે- અમારો મોક્ષ ન થાય ત્યાં સુધી અમારી દુર્ગતિ થવાની નથી પણ સદ્ગતિ જ થવાની છે. કેમ કે, અમે જીવનમાં શકિત મુજબ ભગવાનના ધર્મની સારા ભાવે આરાધના કરી છે, વિરાધના થઈ હોય તો ગુરુ પાસે આલોચના લઈને વિશુદ્ધિ કરી છે, અમે કોઈનું ખોટું કર્યું નથી કોઈના ભૂંડામાં ભાગ લીધો નથી, અવસરે કોઈનું ય ભલું કર્યા વિના રહ્યા નથી.

પ્ર. મરણ શબ્દ જ એવો છે કે જેથી ભય લાગે છે

ઉ.- આપણા બધા જ શ્રી અરિહન્ત પરમાત્માદિ મહાપુરુષો મઝેથી મર્યા છે. મરવાની ખબર પડી છે તો શક્તિ મુજબ અનશન જ કર્યું છે.

પ્ર.- તેમને ખાત્રી હતી કે મોક્ષમાં જ જવાના છીએ.

ઉ.- તમને શું ખાત્રી છે ? દુર્ગતિમાં જવાના છો ? માટે મરણથી ગભરાવ છો ને ?

જીવતાં મઝેથી થાય તેટલાં પાપ કર્યા કરે તેવાને તો ભગવાન પણ સુખી કરી શકે નહિ, તેવા તો દુઃખી છે અને દુઃખી જ રહેવાના છે. કદાચ બહારથી સુખી દેખાતા હશે તો પણ અંતરથી દુઃખી, દુઃખીને દુઃખી છે. જે ધર્મ પામેલા હશે તે આલોકમાં પણ સુખી, જીવતા પણ સુખી, મરતાય સુખી, પરલોકમાં ય સુખી, મોક્ષે જાય ત્યારે ય સુખી અને મોક્ષમાં ગયા પછી તો સદાય સાચા સુખી, સુખીને સુખી જ છે ધર્મ પામ્યો એટલે દુઃખ ગયું. આ લોકનાં બાહ્ય જે દુઃખો આવે તેને પણ સુખ જ માને. ધર્મ પામેલા જીવોએ કેવા કેવા ઘોર પરિષહો વેઠયા છે, કેવા કેવા ભયંકર, ઉપસર્ગોને પણ મઝેથી સહ્યા છે. **પોતાના પાપથી જ આવતું દુઃખ મઝેથી વેઠે અને દુનિયાનાં સુખ છોડવાની તાકાત હોય તો સુખ ભોગવે જ નહિ તેનું નામ ધર્માત્મા !**

આ સમજ્યા પછી પણ દુનિયાનું સુખ ઈચ્છવા જેવું લાગે છે ખરું ? સંસારના સુખની ઈચ્છા પાપના ઉદયથી થાય કે પુણ્યના ઉદયથી થાય ? જ્ઞાનિઓ કહે છે કે- સંસારના સુખની જરૂર પડે છે તે ય પાપનો ઉદય છે. તે સુખ મેળવવાની ઈચ્છા થાય - મન થાય તે પણ પાપના ઉદયથી જ. તે સુખ મળે પુણ્યથી પણ તે સુખ મળે અને આનંદ થાય તે પાપના ઉદયથી. તે સુખ ભોગવાય પુણ્યોદયથી પણ તે સુખ ભોગવવામાં આનંદ થાય તે પાપોદયથી. તે સુખ ચાલ્યું જાય અને રડવું આવે - દુઃખ થાય તે ય પાપોદય છે અને તે સુખ મૂકીને મરવું પડે ત્યારે ય દુઃખ થાય તે ય પાપોદય છે. મરતી વખતે તમને દુઃખ શેનું હોય ? આ ઘર - બાર કુટુંબ પરિવાર, પૈસા - ટકાદિ મૂકીને જવું પડે છે તેનું કે આ મનુષ્ય જન્મમાં કરવા જેવું - પામવા જેવું ન પામી શક્યા તેનું ?

આ મનુષ્યજન્મમાં પામવા જેવું શું છે ? સાધુપણું જ. એ સાધુપણું મરતા સુધી પણ ન પામે, નથી પામ્યા તેનું દુઃખ પણ ન હોય તે આ મનુષ્યજન્મ હારી ગયો કહેવાય ને ? તમારું કુટુંબ તો મરતા સુધી તમારી પાસે મજુરી કરાવે છે. ઘરડી ઉંમરે પણ વેપારાદિ કરાવે છે. 'કયાં સુધી આ પાપ કરવું છે, ધર્મ કરો' તેમ પણ કહેનાર કોઈ છે ? જેનું કુટુંબ આવું કહેતું ન હોય તે કુટુંબ પણ ભયરૂપ થયું ને ? સંસારમાં જ ભટકાવનાર કહેવાય ને ? તમે બધા સંસારની પ્રવૃત્તિ સારામાં સારી રીતે કરો છો તેમાં મજુરી કરીએ તેવું પણ લાગતું નથી. જ્યારે ધર્મ તો જેમ તેમ કરો છો, વેઠ ઉતારીને કરો છો. તમારો રસ શેમાં છે ? સંસારમાં કે ધર્મમાં ? મારે તમને દુનિયાનું સુખ અને તેનું સાધન જે સંપત્તિ છે તે બેને ભૂંડાં લગાડવાં છે પણ તમે બીજી બાજુ ભાગં ભાગ કરો છો તો શું કરવું ?

સભા : ઉપદેશ તો આપો છો.

ઉ. - ફળ નથી દેખાતું.

આજના મોટાભાગને જે ફેંકી દેવા જેવી ચીજ છે તેના ઉપર એટલો બધો ગાઢ રાગ છે કે કોઈ તેને ફેરવી ન શકે, ખુદ ભગવાન પણ નહિ. ભગવાનની દેશનામાં પણ તેવા જીવો આવતા હતા અને ખુદ ભગવાનની વાતની પણ મશ્કરી કરતા હતા કે- 'પોતે સિંહાસન ઉપર બેસે છે, ચામર વીંઝાવે છે, છત્ર ધરાવે છે માને સુખને ખરાબ કહે છે.' આવા જીવો અભવ્ય હોય, દુર્ભવ્ય હોય કાં ભારે કર્મી ભવ્ય પણ હોય. જે જીવનો એક પુદ્ગલ પરાવર્ત્ત કાળથી અધિક સંસાર બાકી ન હોય તે ભવ્ય જીવ કહેવાય અને જેનો એક પુદ્ગલ પરાવર્ત્તકાળથી અધિક સંસાર બાકી હોય તે દુર્ભવ્ય કહેવાય તે ભવ્ય પણ ભારેકર્મી હોય ત્યાં સુધી અભવ્ય અને દુર્ભવ્યના ભાઈ જેવો કહેવાય !


પ્ર.- અમારો નંબર શેમાં છે ?

ઉ.- મારી ઈચ્છા તમે બધા લઘુકર્મી ભવ્ય બની જાવ તેવી છે.

આ બધા સંસારમાં રહ્યા છે તે ન ગમે, મન વગર. સંસારથી ભાગી છૂટવાની ઈચ્છા છે પણ ભગાતું નથી માટે નથી ભાગતા સંસારનો ડર લાગે છે ? સમજવાની શક્તિ હોવા છતાં ય હજી સુધી આ સંસારનું સુખ અને સંપત્તિ મને કેમ ભૂંડા નથી લાગતા તેનું દુઃખ થાય છે ખરૂ ?

ક્રમશ :

(જૈન શાસનમાં પ્રારંભાતી રસભરપૂર કથા)



મહાસતી - સુલસા



લેખાંક : ૧

❖ પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિજયજી મ.

નાગ સારથીની તે પ્રાણેશ્વરી.

તે સતી શિરોમણિનું નામ 'સુલસા' જેવા શબ્દમાં ગોઠવાઈ ગયું.

તેના શરીરની સાતે - સાત ધાતુઓમાં સમ્યક્ત્વની ચિરન્તન પ્રતિષ્ઠા થઈ ગઈ તી. તેની રગોમાં વહે જતું લાલ-લાલ લોહી સત્ત્વના સંસ્કારોથી સંસ્કારિત બન્યુ તું. ભરી બાર પર્ષદામાં, કરોડો દેવો અને દેવીઓ, દાનવો અને દાનવીઓ, મનુષ્યો અને માનુષીઓ તેમજ તિર્યંચો અને તિર્યંચિણીઓના મહેરામણથી છલકાતી દેશના ભૂમિમાં કરુણાનિધિ પ્રભુએ તેની પ્રશંસા કરી તી.

શ્રમણાર્ય મહાવીર દેવે અંબડ પરિવ્રાજકને સમ્યક્ત્વમાં સુસ્થિર કરવા માટે તે મહાસતીને જ તો સંભારી તી. તે હતી, મહાશ્રાવિકા.

સુલસાના દર્શન માત્રથી પણ અંબડ પરિવ્રાજકના મિથ્યાત્વનો ધ્વંસ થઈ ગયો. સમ્યક્ત્વની દીપમાળા તેના અન્તરમાં પ્રગટી ઉઠી. અન્ધકારો વિદારાઈ ગયા. અંબડે કરેલી તેવી પરીક્ષામાં તે સુલસા નખશિખ ઉત્તીર્ણ બની તી.

સુલસાના અફાટ-સત્ત્વપર અને અપરંપાર સમ્યક્ત્વ પર તો હરિણૈગમેષી દેવ પણ સુપ્રસન્ન બન્યો તો. ઈન્દ્રનો તે સેનાની. પ્રસન્ન બનેલા હરિણૈગમેષીએ સુલસા-મહાસતીનું વન્ધ્યત્વ પણ દૂર કરી દીધુ. બત્રીશ લક્ષણવન્તા ૩૨-૩૨ પુત્રોની તે માતા બની. તેના બધા જ સન્તાનો દેવે દીધા તા. ભાગ્યવન્તા, લક્ષણવન્તા, ધર્મશીલ તો ખરા જ.

પતિના ચિત્તને તે સતત અનુસરતી રહી. તે મહાસતી હતી.

પતિના ચિત્તની સમાધિ માટે જ માત્ર તેણે જીવનભર પુરુષાર્થ કર્યો. જાતની વાંછાઓથી તે પર હતી.

પતિના મનને પીડતી રહેતી પુત્રસુખની ઉત્કંઠાની પૂર્તિ માટે ય તેણે મિથ્યાત્વનો આશ્રય તો સ્વપ્નેય ન લીધો. અલબત્ત, અન્ય કોઈ કુમારિકા સાથે વિવાહ કરી લઈ પુત્રસુખની ઝંખના સાકાર કરવા તે સતીમાએ પતિને સામેથી પ્રાર્થના કરી. કેવી પણ અનૂઠી ઉદારતાં ?

પણ, સુલસા જેવા જ સત્ત્વશાળી નાગે પણ તે વિચારને નકારી કાઢ્યો. ત્યારે પતિના મનની માત્ર સમાધિ માટે જ તેણે ચત્ન કર્યો. તેમાંય તેણે કેવળ અરિહન્ત પ્રભુની નિર્મળ ભક્તિ કરી. આથી જ સ્તો હરિણૈગમેષી તેની પર તુષ્ટ થયો.

વૃદ્ધત્વના ઓથાર જ્યારે તે સતી - મા આક્રમણ કરવા ધસી આવ્યા, દુર્ભાગ્ય યોગે ત્યાં જ તેના ૩૨-૩૨ ભડવીર કુમારો કાળની આગમાં લપેટાઈ ગયા. તોય તેણે વિષાદ ન ધર્યો.

દૃઢ સમ્યક્ત્વ અને પ્રકૃષ્ટ પ્રભુ ભક્તિ ને જીવનમન્ત્ર બનાવી દઈ તે મહાસતીએ તીર્થંકર નામકર્મ પણ ઉપાર્જન કરી લીધું.

વિશ્વની સર્વોચ્ચ ભેટ તેણે લૂંટી જાણી.

સૃષ્ટિનું સર્વોચ્ચ શિખર તેણે સર કરી લીધું.

આગામી ચોવીશી દરમ્યાન આ જ ભારત વર્ષની ભવ્ય ભૂમિ પર તે શ્રી નિર્મમનાથ' ના નામે ચોવીશીના પન્દરમા તીર્થંકર તરીકે અવતાર પામશે. ધરતીને ય ધન્ય બનાવશે. જગન્માત્રનો જિર્ણોદ્ધાર કરશે.

ચાલો ! તે મહાસતી સુલસાના જીવન - કવનનો પ્રવાસ કરીએ....

જંબૂદ્વીપ

દક્ષિણાવર્ત શંખ જેવો જ તે સુભગ અને શોભનવનતો દ્વીપ.

મહાસાગરના મધ્યભાગમાંથી જેમ દક્ષિણાવર્ત શંખ પ્રગટે. સમુદ્ર ત્યાં ઉછાળો ભરતો રહે. બસ ! તેમજ જંબૂદ્વીપની ચોફેર 'લવણ' નામનો મહાસાગર ઘૂ-ઘૂ ઘૂઘવાટ વેરી રહ્યો છે.

જંબૂદ્વીપની ફરતે જો સુવર્ણજડિત જગતી (ગઢ) ન હોત, તો કદાચ દ્વીપના મનુષ્યો દિ'રાત સાગરના કલ્લોલોનુ જ શ્રવણ કર્યા કરત. તે જંબૂદ્વીપ પૂર્ણચન્દ્રમા જેવો જ ગોળ મટોળ.

તેના નેત્રસ્થાને ગંગા અને સિન્ધુ નામની બે મહાસરિતાઓ વહી રહી છે. દ્વીપમાં ચોફેર પથરાયેલા 'ભદ્રશાલ' 'મહાશાલ' જેવા વનો, ઉપવનો અને ઉદ્યાનો; મનોરમ કેશપાશ બનીને દ્વીપને સુશોભિત બનાવતાં રહે છે.

જંબૂદ્વીપના મધ્ય ભાગમાં ૧ લાખ યોજન (૩૨ લાખ માઇલ) જેટલો વિરાટ્ સુમેરુ પર્વત રહ્યો છે. જેનું ઉત્તુંગ શિખર દેવલોકમાં પણ જંબૂદ્વીપની પ્રશસ્તિ કંડારતુ રહે છે.

તે જંબૂદ્વીપના દક્ષિણી તટપર રહ્યું છે, ભરતક્ષેત્ર.

તેની મધ્યમાં ઉભેલો રજતમય વૈતાઢ્ય પર્વત ભારત વર્ષને ઉત્તર અને દક્ષિણ, એમ બે ભાગમાં વિભક્ત કરે છે.

દક્ષિણાર્ધ ભારત વર્ષ, ઉત્તરાર્ધ ભારત વર્ષ.

બન્નેય ત્રણ - ત્રણ ખંડોમાં વહેંચાયા છે. ભારત વર્ષની આ સુજ્લાં સુફલાં સુકલાં ભૂમિની છ ખંડોમાં વહેંચણી કરનાર તત્ત્વ છે, ગંગા અને સિન્ધુ નામની મહાસરિતાના સતત વહેતા જળ પૂરો. દક્ષિણાર્ધ ભારત ભૂમિના ત્રણ ખંડો પૈકીનો તે મધ્ય ખંડ. જેના એક છેડે ગંગોત્રી ઘૂઘવતી રહે છે. અને સામા છેડે સિન્ધુ નદી વહેતી રહે છે. તે મધ્યખંડમાં જ વસેલો આ એક દેશ હતો.

નામ તેનું : મગધ દેશ.

ગિરિમાળાઓથી વીંટળાયેલો તે દેશ.

ઉંડી ખીણોના આરોહ-અવરોહોમાં ગૂંચવાયેલો તે દેશ.

માનવોના મહેરામણથી ઉભરાતો તે દેશ.

શત્રુઓ જેની એકાદ કાંકરીય ન ખેરવી શકે તેવા ગગનચુંબી દુર્ગો ગઢો ત્યાં ઠેર-ઠેર પથરાયેલા હતા.

ઋતુચક્ર પણ ત્યાં સમયબદ્ધ રીતે ઘૂમતું રહેતું. દુષ્કાળોની નોંધપોથીમાં મગધ દેશનું સરનામુ શોધ્યું ન જડે. ઉદ્યાનો અને ઉપવનોની શ્રેણિબદ્ધ રચનાઓ તે ભૂમિને નવપલ્લવિત બનાવતી હતી.

સરોવરો, કૂવાઓ, વાવડીઓ અને નહેરોની માનવસર્જિત જળ-વ્યવસ્થાથી તે દેશ સુરબદ્ધ અને સુસંસ્કૃત જણાતો.

તે દેશના ગામે ગામ, નગરે નગર, સુવર્ણના કળશોથી મંડિત બનેલા જિનમન્દિરોથી વિભૂષિત હતા.

પંક્તિબદ્ધ રીતે રોપાયેલા ઘટાટોપ વૃક્ષો, એ ભૂમિને નેત્રદીપક બનાવી દેતા. ગોચરનો તો ચાં અફાટ પથરાયો તો.

તે મગધ દેશની મધ્યમાં વૈભાર ગિરિ નામનો એક ઉત્તુંગ પર્વત રહ્યો છે. જેની ફરતે લઘુશિખરોની હારાવલી રચાયેલી.

મગધની તે ગિરિમાળાઓમાં ઠેર ઠેર ઝરણાઓનો કલ્લોલ ઘૂમતો રહેતો. શિખર પરથી ધરતી ભણી ધસતા તે કલ-કલ કરતાં ઝરણાઓનું દશ્ય પણ મનોહર બની જતું.

એ મગધ દેશની આવી તો સમૃદ્ધિ હતી. આ અધ્યાયથી ચડીયાતી તેની સમૃદ્ધિ તો તે બની રહેતી; કે એ ભૂમિ 'રત્નગર્ભા' હતી. હજારો માનવરત્નો - મહામાનવોની તે જન્મદાત્રી બની.

મગધ દેશની રાજધાની હતી : રાજગૃહી નગરી.

વૈભારગિરિની તળેટી પર વસેલી તે મહાનગરી.

તીર્થંકરોના કલ્યાણકોથી પાવિત બનેલી તે મહાનગરી.

તીર્થંકરોના ચરણ-સ્પર્શથી શણગાર સજનારી તે ધન્ય નગરી.

શ્રમણ ભગવાન મહાવીર દેવે જે પુનિત ધામમાં ચૌદ ચૌદ ચાતુર્માસો કર્યા તા.

રાજગૃહના નગરવાસીઓ પણ મૂંઝી ઉંચેરી પાત્રતાના સ્વામી હતા.

(ક્રમશ:)

રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચન ૬ ઠ્ઠું ગતાંકથી ચાલુ

(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વીર જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)

આપણા ભાગ્યશાળીઓ આ સરકારે ૫૦ લાખ રૂા. આપવાની કબૂલાત કરી તેમાં રાજી થઈ ગયા, નિર્વાણ મહોત્સવ ઉજવણીની કમિટિ નીમી અને કમિટિમાં ગણાતા જૈનોએ જે કાર્યક્રમ ઘડયો તેને સરકારે મંજુર રાખ્યો. એટલે એ બધા કહે આપણા જૈન ધર્મને દેશ - વિદેશમાં ફેલાવવાની તક આપી એટલે એ બધા ભાગ્યશાળીઓએ સરકારને અભિનંદન આપ્યા. આવા અભિનંદન અપાય ? જે સરકાર અમારે ભગવાન મહાવીર કે ભગવાન" મહાવીરના ધર્મ સાથે કાંઈ લેવાદેવા નથી. ભગવાન મહાવીર ભગવાન હતા માટે મહાવીરનું નામ નથી દેતા. પરંતુ આ દેશમાં જેમ અનેક સપૂતો થયા તેવા એક આ હતા. એમ અનેકવાર કહી ચૂકયા છતાં આ લોકો સરકારને અભિનંદન આપે. આ બધું ચાલે ?

સભા : આપનો દરેક બાબતમાં વિરોધ હોય છે.

ઉત્તર : દીક્ષા લે તેમાં હું વિરોધ કરું છું ! કોઈ ધર્મ કરે તેમાં વિરોધ કરું છું. મારો વિરોધ કયાં છે તે સમજો. ભગવાનના શાસ્ત્રમાર્ગથી વિરૂદ્ધ થતું હોય, શાસન આપત્તિમાં મુકતું હોય, શાસનનો નાશ કરવા વિદ્રોહીઓ યોજનાઓ ઘડી રહ્યા હોય તો શાસનને બચાવવા વિરોધ તો કરવો પડેને ?

સરકારને આપણા ધર્મ સાથે કાંઈ લાગતું વળગતું નથી. એ લોકો પોતાના નિવેદનમાં જાહેર કર્યું છે કે- સરકાર તો લોકકલ્યાણના કાર્યોને વરેલી છે એટલે તેની મર્યાદા મુજબ કરી શકે. સરકાર તો લોકકલ્યાણનાં જ કાર્યો કરે, ધર્મના કાર્યો ન કરે.'' જો આમ જ હોય તો પછી આ સરકારનું આમાં કામ શું છે ?

એ લોકો કહે છે આ સરકાર ધર્મને માનનારી નથી.

સભા : ધર્મને માનનારી નથી એ તો ચોક્કસ છે. જૈન અને જૈનેતર દરેક જણ સરકારની ધર્મમાં ડખલગિરિથી ગભરાઈ ગયા છે.

આજે છતે અનાજ, છતી સામગ્રીએ દુનિયા ભૂખી બની ગઈ છે. આજે જગતમાં કોઈ રાજ છે કે નહિ તેની ખબર નથી પડતી. આજનું રાજ એવા લોકોના હાથમાં આવ્યું છે કે કાલે શું થશે તે કહેવાય નહિ. આપણે તેની વાત મૂકી દો.

સભા : લોક કલ્યાણ તે ધર્મનું અંગ નહિ.

ઉત્તર : પહેલાં તો લોકકલ્યાણના કામ ગણાવો. જો દુઃખી જીવોને સુખી કરવા તે કલ્યાણકારી કામ છે તો સરકાર આટલા કરવેરા નાંખે ? કરવેરાના જેટલા કાયદા બનાવ્યા તે સરકાર પોતે પાળે છે.

પહેલા કહેવાતું કે બ્રિટીશ ગવર્નમેન્ટ અહીંના પૈસા ખેંચી જાય છે. આજે આ લોકો અહીંના પૈસા મૂકી આવે છે તેનું શું ?

જે પ્રજા કરના ટેક્ષથી ચોર - ઉઠાવગીર બની ગયી. ૧૫-૨૦ વર્ષમાં લોકો ઘિટ્ઠા બની ગયા. આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાં કાળું બજાર થયું કાળુ નાણું આવતું જાયું તેનાથી અમે રોતા જોયા છે. જેને અનીતિ કરવી નથી તેને અનીતિ કરવી પડે છે. જેને ચોપડા બે નથી રાખવા ગમતા તેને રાખવા પડે છે. આજે તો રોટી અને દાળ કયાંથી લાવવી તે પ્રશ્ન છે. દુખિયાનું કોઈ સાંભળતું જ નથી સરકાર પણ. સરકારમાં જે તુમારશાહી ચાલે છે. તેનાથી પ્રજાની મુશીબત વધી છે ફરીયાદ કોની આગળ કરવી. તેનું પરિણામ તમે જોઈ રહ્યા છો.

મેં તમને ઘણીવાર કહેલ કે ચોપડા લખવામાં ભણવાનું શું ? ચોપડાને હું જોખમકારક નથી માનતો. જે આવે તે જમા અને આપ્યું તે ઉધાર તેમાં ગરબડ શી ?

આજે મને કહે સાહેબ ! ચોપડા લખવામાં અભ્યાસ કરવો પડે. મેં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને પૂછેલ અને મને જવાબ આપ્યો તેથી હું તાજુબ થઈ ગયો. મને કહે ચોપડા લખવાનું શીખી લીધા પછી વેપારીને સમજાવીએ

આ લખાય અને આમ ન લખાય. એક સારા વેપારીએ મને વાત કરેલ કે એક ચોપડા તપાસવા અધિકારી આવેલ. ચોપડાને સત્ય ઠરાવવા આપવું પડે ને ? મેં ૩૦૦ રૂા. આપ્યા. બીજી વાર આવ્યા અને જોયુ કે ૩૦૦ રૂા. કૂતરાની જલેબીના, મને કહે આ શું ? તેને કહ્યું આપ જ પધારેલ. નીચું જોઈ ગયા. બીજા ૩૦૦ રૂા. લઈ ગયા.

૧૦૦ - ૨૦૦ રૂા. નો પગારદાર તમારા ચોપડા તપાસે ? તે સરકારનું ભલું કરે ? તમારી તો બુદ્ધિ બહેર મારી ગઈ લાગે છે. તમારે સરકારને કહેવું જોઈએ ચોપડા તપાસવા આવા નાલાયકોને મોકલો નહિ એવાંને મોકલો મોઢું જોઈ ચોપડા બતાવવાનું મન થાય.

આજે મંદિર ઉપાશ્રયમાં શું છે તેની તમને ખબર નથી પણ સરકારને ખબર છે. જેમ તમારા ઘરમાં રેડ પડે છે તેમ અહીં રેડ આવશે તો ટ્રસ્ટીઓ આપી દેશે. આ સરકારને અભિનંદન અપાય તેવી સ્થિતિ નથી.

ધર્મદ્રવ્ય પર ૬૫% ટેક્ષ આવ્યો તો વિધવાઓ પાઈ - પૈસો ચોરીને લાવે છે ? આ સરકારને શું થયું છે તેની ખબર પડતી નથી. જે રીતે ટેક્ષ નાંખે છે જે રીતે ટેક્ષ ઉઘરાવે છે. તેનાથી સરકારને ચાર આની મલતું નથી. લોકમાં કહેવાય કે વેપારી સારા પણ બગડયા તો તેના જેવા ભૂંડા કોઈ નહિ. ૫૦૦૦ રૂા. ૫૦ રૂા. આપવામાં બચતા હોય તો કોણ જતું કરે ? આજના અધિકારીઓના મોઢાં કેટલાં ? આવો વહીવટ જાણ્યા જોયા પછી પણ આ ગાંડા આગેવાનોને સરકારને અભિનંદન આપવાનું મન થયું. સરકારે રૂા. ૫૦ લાખ આપવાના મંજુર કર્યા તે આપણા ભલા માટે... ? આપણા ધર્મના ભલા માટે... ?

જે રીતે ઉજવણી થવાની છે તે રીતે જો થાય તો આપણા ધર્મને ભયંકર નુકશાની થવાની છે. બુદ્ધની જયંતિ ઉજવાઈ, પણ આજે બૌદ્ધના જૂના માણસો રોવે છે.

સરકાર આપણા ધર્મસ્થાનમાં આવે તો આમંત્રણ, પણ આમંત્રણથી લાવવામાં આવે તો મહાપાપ લાગે. આમંત્રણમાં તો તેને જ બોલાવાય જેને ભગવાન પર, ભગવાનના સાધુ પર અને ભગવાનના ધર્મ પર પ્રેમ હોય.

મારે તમને પૂછવું છે કે પ્રજા સુખી હોય તો રાજા સુખી કે પ્રજા દુઃખી હોય તો ય રાજા સુખી.. ? પ્રજાની ચિંતા કરે તે રાજા કે પ્રજાની મશ્કરી કરે તે રાજા...? આજે રાજા તો છે નહિ તમે કાઢી મૂક્યા, પણ આજના સત્તાધારીઓ એમ કહેવાના કે મારી પ્રજા ... (!)

આર્યદેશનો અનાડીમાં અનાડી રાજા રાજા હતો. આ દેશના રાજાને બગાડયા તે બ્રીટીશરોએ. એ બધાને કોલેજમાં ભણાવી ભણાવી આડા ચડાવી દીધા. પરંતુ તેમના બાપની ખ્યાતિ પ્રખ્યાતિ સાંભળી છે. પ્રજા માટે શું કરતા...?

જ્યારે જામનગરના રાજમાં હીલચાલ શરૂ થઈ પેપરોમાં અગ્રલેખો આવવા લાગ્યા કે રાજા બદમાશ છે, દારૂડિયો છે, વ્યભિચારી છે, વેશ્યાગામી છે, સાતે વ્યસને પુરો છે એ વખતે મેં કહેલ કે- જો આ રાજાઓ ડાહ્યા હોય તો પ્રજાના સારા આગેવાનોને બોલાવે તેમને વંચાવે અને કહે આ રાજ લો. અમે જઈએ છીએ. આ માન્યું હોત તો રાજાની હાલત આજે જે છે તે ના હોત.

અમે જામનગરમાં હતા. જામસાહેબ પાસે સરદાર પટેલ ગયા અને સહી કરવાનું કહ્યું. મૂળીના દરબારમાં ૩૦૦ માણસો પેસી ગયા અને મૂળીના દરબારને રાજ મૂકી ભાગવું પડયું. જામનગર નરેશ સરદારને પૂછે શું કરવું. સરદાર અમે તમારા નથી પ્રજાના છીએ. જામસાહેબ સમજી ગયા અને સહી કરી દીધી આ રીતે રાજમહેલમાં પેસી જતા હવે તમારા ઘરોમાં આવશે તો શું કરશો ? આ બધી ગરબડ ઘણી મોટી છે !

આજનું રાજ ધર્મ કરવા માંગતુ નથી. તેને ભગવાન મહાવીર માનવા તૈયાર નથી. દેશમાં જેમ અનેક સપૂતો પાકયા તેમાંના આ એક છે એમ છડેચોક બોલાઈ ગયું છે. **'આ ઉજવણી થવા દઈએ તો અનંતા અરિહંતોની આશાતના છે. જાણવા છતાં લોકોત્તમ પુરૂષોને હલકા પાડવા દઈએ તો ભયંકર પાપ લાગે.'**

આ સરકાર અને કમિટિમાં બેઠેલાના હાથ લાંબા છે, અમારા હાથા લાંબા નથી. તે બધા કરોડપતિ છે અને કરોડપતિ હોવાથી માથા ધડથી જુદા થયા છે. તેમની પાસે બુદ્ધિ નથી. ભગવાનને માનવા, મહાવીર પરમાત્માને માનવા, શાસ્ત્ર માનવા એ બધા તૈયાર નથી. સમજાવવામાં અમે બાકી રાખ્યુ નથી, પ્રયત્ન ઘણો કર્યો, દોઢ વર્ષ મૂંગા રહ્યા.

સભ્ય : સક્રીય વિરોધ થાય તો સરકાર છોડી ય દે.

ઉત્તર : સરકાર તો હાથ ઉંચા કરવા તૈયાર છે. પણ આ આગેવાનો કહે કે- વિરોધ કરનારા ચક્રમ છે એટલે એ દમ માની લે. તે આપણને ઓળખતી નથી પણ એ બધાને ઓળખે છે.

કમિટિ નિમાઈ કે સરકારે નીમી ઝપાટાબંધ એ બધા બેસી ગયા. પણ એમ ન કહ્યું કે- 'અમારા ધર્મની બાબતમાં ધર્મગુરૂઓને પૂછ્યા વિના કોઈ કામ થાય નહિ. સરકારના ૫૦ લાખ રૂા. ખુશ થઈ ગયા.

૫૮ લાખ રૂા. ખુશ થાય તેનું સંઘત્વ કયાં જીવે ?

સભ્ય : શ્રી સંઘ તો ઈતર પાસેથી પૈસા લે જ નહિ.

ઉત્તર : ૫૦ લાખ રૂા. લીધા તો તેનો વિરોધ કરવો જોઇએ ને ?

'આ ૫૦ લાખ રૂા. લઈ જૈન શાસનને કલંક લગાડયું દે.' આ સરકારને માથે કેટલું દેવું છે ? તેની પાસેથી રૂા. ૫૦ લાખ લઈને શું કરવાના ? તેની પાસે આવતા કરના પૈસા પ્રજાના લોકો ખુશીથી આપે છે કે રોઈ રોઈને ? જેનામાં આટલું ય સમજવાની માનવતા નથી તે માનવ કલ્યાણ કરે ? આ દેશના અર્થશાસ્ત્રીઓએ ચેતવવામાં બાકી રાખ્યું નથી. છતાં ય અર્થશાસ્ત્રીઓને ઉલ્લુ જ કહ્યા છે.

આના ભાવ વધી ગયા તે નડે કોને ? શ્રીમંતને તો નડે નહિ. સામાન્ય માનવી જ ભીંસાઈ જાય. આ સરકારની યોજના એવી ગરીબના રક્ષણના નામે ગરીબનું સત્યાનાશ નીકળી જાય. આજે તોફાન કોનું છે ? લોક કહે ગુંડાઓનું તો ગુંડા આજ સુધી કયાં ઊંઘી ગયા હતા ? ઈંદિરાજી પણ આવી શકે નહિ. આ બધાની ભાષા સાંભળી, વાંચતા કંઈ કંઈ થઈ જાય ઈન્દિરાજી આવે તો ઓળવતી ન જાય. અમદાવાદમાં કહે ઈન્દિરાજી આવે તો સળગાવી મૂકીશું અમદાવાદ શહેર તો નિર્માલ્ય ગણાતું તે કેમ સળગ્યું ? જેને આ બધું સમજવાની માનવતા નથી તે માનવ કલ્યાણ કેમ કરે ? આર્યદેશના રાજાઓ પ્રજાને એવી રીતે સાચવતા, ધર્મથી ચૂકે તો દંડ કરતા. તમે પશ્ચિમની વાત કરો છો તો ત્યાંના માણસે મને કહ્યું હતું કે- સાહેબ ત્યાં ટેક્ષ છે પણ રક્ષણ કેટલું ! કોઈ માણસ ગુનામાં પકડાય અને સજા થાય તો તેનું કુટુંબ ભુખે ન મરે.

આ રાજની વાત એવી છે કે- જેને ધર્મ સાથે સ્નાન સૂતક નથી, ભગવાન મહાવીરને મહાવીર તરીકે માનવા તૈયાર નથી તે ઉજવણી શું ઉજવશે ! એક માણસ ઉભો કરે બે થાંભલા નાંખે એટલે ધર્મનો પ્રચાર થઈ ગયો. આજે બાલમંદિરોમાં તમારા સંતાનોને દૂધ કેમ પાય છે ? સરકાર ઉદાર થઈ ગઈ છે...? આ દેશમાં માંસનો પ્રચાર કરવાનો છે તેવો નિર્ણય થયો તેની આ યોજનાઓ છે અને અનાજની તંગી છે. ઉત્તરપ્રદેશમાં ચૂંટણી છે, અહીં જે ચીજો નથી મલતી તે ત્યાં અહીં કરતાં ઓછા ભાવે મલે છે. આવું કેમ બને છે ? સરકાર કેમ કાંઈ બોલતી નથી. ચૂંટાવા કેટલા ઉભા થયા .. ૪૦૦૦ બેઠક કેટલી ? આ ભિખારીઓની જમાત ચૂંટાશે તો કાલે શું કરશે ? આ વાતને ભૂલી જાવ.

આપણે આવી ઉજવણી કરાવવી નથી. અમારે ભગવાન, ભગવાન તરીકે ઓળખાવવા છે જેથી ભગવાનના ધર્મની વાહવાહ થાય. હિન્દુસ્તાન અન્યાયના માર્ગે ગયું તેના પ્રતાપે અન્યાયનું રાજ આવ્યું. તમે ય જાવસોઈ કરવામાં ભેગા હતા, ઘણી તાલીઓ પાડી, રાજ કેવી રીતે મેળવ્યું ? અહિંસાથી... અહિંસાથી સ્વરાજ આવ્યું તેમ માનો છો... ઘરને બાળવાનો પ્રયત્ન થયો. તમે બધા ધર્મ ભૂલી જાવ, ધર્મરહિત થઈ જાવ તેની યોજના છે. તે યોજનાને સફળ કરવા આ એક અંગ છે.

જે ફસ્તુરભાઈ આગેવાન ગણાય, તેમની સાથેની વાતચીત અને પત્રવ્યવહારમાં ઘણું કહ્યું કે- તમે કહેતા જાવ, આમાં ભાગ લેવાય નહિ. જૈન સંઘના અગ્રણી તરીકે તમારું કર્તવ્ય છે. તેમને મને શું લખ્યું ખબર છે 'તમારા અને અમારા વિચારો જુદા હોઈ શકે છે. આ તો પ્રચાર માટેની પ્રવૃત્તિ છે, તેમાં ધર્મના સિદ્ધાંતને લાગેવળગે નહિ. ધર્મના સિદ્ધાંત જૈનો ભલે પાળે, જૈનેતરને ફરજ પાડી શકાય નહિ.' પછી મેં તેમને જણાવ્યું કે- 'કોઈપણ જૈન કે જૈનેતર આ ઉજવણી ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ ન કરી શકે; તેમાં તમારા અને અમારા વિચારમાં ભેદ હોય તેમ ત્રણકાલમાં બને નહિ. શ્રાવક અને સાધુના વિચારમાં ભેદ હોય ? આચારમાં હોય. તમે ઘર-પેઢી-પૈસા-જમીન રાખો, અમે ઘર-પેઢી-પૈસા-જમીન કશું ન રાખીએ. શ્રાવક-સાધુના વિચારમાં ભેદ નહિ, વિચારમાં ભેદ હોય તો શ્રાવક-શ્રાવક નહિ; સાધુ-સાધુ નહિ. ક્રમશ:

મુનિરાજ શ્રી ધ્રુવસેન વિજયજી મ.સા.નો સમાધિપૂર્વક કાળધર્મ

અમદાવાદ રંગસાગર - પરમારાધ્યાપાદ, આ. વા. સ્વ. પ. પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તી અને વર્તમાન સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિ. મહોદય સૂ. મ. સા. ના નિશ્રાવર્તી, તપસ્વી મુનિરાજ શ્રી ધ્રુવસેન વિજયજી મ. સા., ચૈત્ર વદ ૬ ના રોજ પ. પૂ. પંન્યાસશ્રી ધર્મદાસ ગણિની સાથે, અમદાવાદની ચૈત્ય પરિપાટીની ભાવનાથી રોજની જેમ ભિન્ન ભિન્ન સ્થળોના શ્રી જિનાલયોના દર્શન કરતાં, આજે આનંદધામ ગયા હતા. ત્યાં દર્શનાદિ કરી, સોમેશ્વર સેટેલાઈટના ઉપાશ્રયે જવા વિહાર કર્યો અને રસ્તામાં અચાનક એક ગાડીની ટક્કર વાગવાથી રોડ પર પડી ગયા અને સ્વસ્થતાથી જાતે ઉભા થઈ, ૧ ફર્લાંગ જેટલું ચાલી આનંદધામના ઉપાશ્રયે આવ્યા. મને છાતીમાં દુઃખાવો થાય છે તેમ જણાવતાં પંન્યાસ શ્રી ધર્મદાસ ગણિવરે શ્રી નવકાર મહામંત્ર સંભળાવવાનું ચાલુ કરી દીધું. અને ડોકટરને બોલાવવાની વ્યવસ્થા કરી. ડોકટર આવતા પૂર્વે જ તેઓશ્રી માથાનાં હેમરેજ થવાથી, શ્રી નવકારના શ્રવણપૂર્વક સમાધિથી કાળધર્મ પામી ગયા હતા.

પાલીતાણામાં પિતાશ્રી જયંતિલાલ કરશનદાસ શેઠના કુળમાં માતાશ્રી શાંતાબેનની કુક્ષિમાં જન્મેલા તેમનું શ્રી ધનસુખલાલ નામ પાડવામાં આવેલું. સુવિશાલ, ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. પાસે જ દીક્ષા લેવાની ભાવના છતાં સંયોગવત ફળીભૂત ન થઈ. ઉપધાનતપની આરાધનામાં દીક્ષા જ લેવાની ઉત્કટ ભાવનાથી સાધુવેષ પહેરી બેસી ગયા. અને કુટુંબીઓએ સમજાવી, પાંત્રીસ વર્ષની વયે કતરાસગઢ (ધનબાદ) માં સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. વિનયચંદ્ર સૂ. મ. ના શિષ્ય તરીકે પૂ. મુનિરાજ શ્રી ધ્રુવસેન વિ. મ. ના નામે દીક્ષાને અંગીકાર કરી. અને ૨૦૨૭ માં રાણકપુર તીર્થમાં શાસ્ત્રીય પ્રવૃત્તિથી મર્યાદાનુસાર બન્ને સમુદાયના પૂ. ગુર્વાદિ વડિલવર્ગની સહર્ષ સંમતિથી સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞામાં આવ્યા. તેમની નિશ્રામાં આજ્ઞાંકિતપણે સુંદર સંયમધર્મની આરાધના કરતા હતા. રોજનો નિત્ય એકાસણાનો તપ, દર ચૌદશે ઉપવાસ અને બાકીની તિથિમાં આયંબિલ તેમ જીવનમાં લગભગ પાંચ હજાર જેટલા આયંબિલ પણ કર્યા હતા.

આ રીતે લગભગ પાત્રીસ વર્ષની વયે દીક્ષાનો સ્વીકાર કરી, બત્રીસ વર્ષ સુંદર સાધુપણાને પાળી લગભગ ૬૭ વર્ષની વયે સમાધિથી કાળધર્મ પામ્યા.

તેમની પાલખી ચૈત્ર વદ ૭/૧ ના રંગસાગરથી નીકળેલ અને સમયાનુકૂલ ઉપજ પણ થયેલ.

સુંદર રીતે ધર્મની આરાધના કરીને, સમાધિને સાધ્ય બનાવી, સદ્ગતિની પરંપરાને સાધી વહેલામાં વહેલા મુક્તિપદને પામીએ એ જ એક અંતરની અભિલાષા.

ઉત્તમ અને અધમ

પ્રવચન હોલમાં ભારે ભીડ જામી હતી.

પૂજ્યશ્રીનું પ્રવચન ચાલતું હતું તેમાં એક જિજ્ઞાસુએ પ્રશ્ન પૂછયો, હે પૂજ્ય શ્રી ! આપશ્રીએ ઠમણાં જ ફરમાવ્યું કે "આ દેહ મળ્યો છે તેને અમુલ્ય સમજી ઉત્તમ કર્મો કરી લેવાના."

તો કહો કે "આ દેહમાં સવોત્તમ અંગો કયાં ?"

"જીભ અને હૃદય" પૂજ્યશ્રીએ મીઠાશથી કહ્યું.

અને હલકા અંગો કયાં ?

"જીભ અને હૃદય" પૂજ્યશ્રી એ મલકાતા ફરી એનો એ જ ઉત્તર આપ્યો.

જિજ્ઞાસુઓ નવાઈ પામ્યા, " જે અંગોને આપે હમણાં જ ઉત્તમ કહ્યાં તેને જ આપ અધમ પણ કહો છો ?

પૂજ્યશ્રીએ કહ્યું એમ જ છે. "જીભ સત્ય અને મધુર વાણી બોલે તો અમૃત સમાન છે. અને જ સત્ય કે કઠોર વાણી કાઢે તો ઝેર સદશ બને એમ, હૃદય પણ સદ્ભાવ રાખે તો ઉત્તમ અને વેર ઝેરના દુર્ભાવ રાખે તો અધમ."

- વેરાગ

ત્રિ-વેણી

* શૌર્યવાણી

વહેણ : ૧ લું એક સંવેદના

આક્રમણનો જવાબ પ્રતિ આક્રમણ નથી. પ્રતિક્રમણ છે.

પ્રતિ આક્રમણ દ્વારા તો વૈર વૃત્તિની પરંપરા સરજાઇ જશે.

આક્રમણની વૃત્તિને નષ્ટ કરનારો સાચો ઇલાજ તો છે; પ્રતિક્રમણ.

વહેણ : ૨ જુ એક ચિનગારી, ચિન્તનની

માત્રા સ્વસ્રા દુહિત્રા વા, ન વિવિક્તાસનો ભવેત્,
બલવાન્ ઇન્દ્રિય ગ્રામો વિદ્વાંસ-મપિ કર્ષતિ !!
– મહર્ષિ વ્યાસ

* સૂર્ય કે ચન્દ્રના આક્રમણને કદાચ નાથી શકાશે.
* ગ્રહમંડલના કે નક્ષત્રમંડલના આક્રમણને કદાચ ડામી દેવાશે.
* ધૂમકેતુના કે રાહુ અને કેતુના આક્રમણનો કદાચ મુકાબલો કરી શકાશે.
* જવાલામુખીના કે ધગધગતા લાવારસના આક્રમણને કદાચ ઠારી દેવાશે.
* ઘસમસતા પૂરના કે જળપ્રલયના આક્રમણને કદાચ અવરોધી શકાશે.
* ચક્રવાતના કે હિમપ્રપાતના આક્રમણને કદાચ વળાંક આપી શકાશે.
* સબૂર ! પણ નહિ રોકી શકાય, ઇન્દ્રિયોના આક્રમણને.
* નહિ ખણી શકાય, ઇન્દ્રયોના આક્રમણને.
* નહિ કચડી શકાય, ઇન્દ્રિયોના આક્રમણને.
* નહિ જીતી શકાય, ઇન્દ્રિયોના આક્રમણને.

ઇન્દ્રિયોની સેના જ્યારે આત્મા પર આક્રમણ કરે છે, ત્યારે તેની સામે પ્રતિ આક્રમણ કરવાની હેંશિયત કોઇની રહેતી નથી. આત્મા ભલે સર્વત્ર ઝઝૂમે. ઠેર ઠેર યુદ્ધ કરે. શૌર્યનું અપ્રતીમ પ્રદર્શન કરે. પરાક્રમની અનન્ય અભિવ્યક્તિ કરે ચોમેર વિજયની વરમાળા વરે. અલબત્ત, એ જ્યારે ઇન્દ્રિયોની સામે ખડકાઇ જશે, ત્યારે તેના શૌર્ય અને પરાક્રમ કયાંય ભૂંસાઇ જવાના. તેના ઓજ અને તેજ કયાંય લુપ્ત બની જવાના. ઇન્દ્રિયોની સેના વિશ્વ વિજયિની સેના છે. ઇન્દ્રિયો જેની પર કાતિલ હુમલો કરે, તેનુ આન્તર સત્ત્વ હણાઇને રહે. ચક્રવર્તી કે ચમરબન્ધી પણ ઇન્દ્રિયોની આજ્ઞા તળે સીધો જ પહોંચી જાય.

"ઇન્દ્રિયોની કાતિલતા ભલભલાની કતલ કરી નાંખે"

આથી જ કહેવું રહ્યું કે વિશ્વ આખાયને જીતી જનારો પણ ભીંતરમાં સન્તાયેલી વિષય-વાસનાને નથી જીતી શકતો. હજારો સુભટોને ચમસકાર ઘકેલનારો, હજારો સૈનિકોને અપંગ બનાવી દેનારો વીર પણ વિષયોની વાસના સામે નથી લડી શકતો. ત્યાં એ નિર્બળ, કાયર અને શિથિલ બની જાય છે.

બસ! આ તાકાત છે, ઇન્દ્રિયોની.

* ઇન્દ્રિયો જ્યાં અટ્ટહાસ વેરે, તે અન્તરમાં વિષયેચ્છાનો વાડવાગ્નિ ભડ્ભડ્ ભડકી ઉઠે.
* ઇન્દ્રિયો જ્યાં દૃષ્ટિપાત કરે, ત્યાં પશુતાના ડિંડિમ ઘણીઘણી ઉઠે.
* ઇન્દ્રિયો જ્યાં બળવાન્ બને, તેના બળ નીચે પૂરી સૃષ્ટિ પણ દબાઇ જાય-દટાઇ જાય.

ઇન્દ્રિયો જનેતા છે. વિષયેચ્છા, તેનુ ફરજંદ છે.

વિષયાગ્નિની પ્રસૂતિ જો કયાંયથી પણ થતી હોય, તો તે ઇન્દ્રિયોમાંથી.

આથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ ઉચ્ચાર્યું: ઇન્દ્રિયો જેટલી સબળ, વાસના પણ એટલી જ બળવંતી. ઇન્દ્રિયો જેટલી ચપળ, મન અને વિકારો પણ એટલા જ તરલ બની જવાના.

* વાસનાને જો જેર કરવી છે.
* વિકારોને જો મૃતપ્રાય: કરવા છે.
* કાયરતાને જો ખંખેરી નાંખવી છે.

નો સૌ પહેલા નંબરમાં કરવો પડશે; ઇન્દ્રિયોનો નિગ્રહ. મહર્ષિ વ્યાસ પણ એ જ કહી રહ્યાં છે. તેમનો સૂર ઇન્દ્રિયોને નિગ્રહ આપી દેવાની સનાતન સત્ય કથામાં સાદ પૂરાવે છે. તેઓ ઉચ્ચારે છે: સગી મા, સગી બહેન કે સગી પૌત્રી - દોહિત્રી સાથે પણ એક શય્યા પર ન બેસાય.

પરસ્ત્રી કે અન્ય લલનાઓ સામે તો ભારતીય દર્શનકારોએ દૃષ્ટિપાત કરવાની પણ પાબન્ધી ફરમાવી, તેમની સાથે હાસ્ય અને વિનોદ તો નહિ જ કરવાની આજ્ઞા આપી, તેમની સાથે સહગમન અને તેમનો સહવાસ, તેમનો પરિચય અને તેમનું નિરીક્ષણ, તેમનો સંપર્ક અને તેમની સાથે સહાધ્યયન; આ બધું તો સોંય ઝાટકીને નકારી જ દેવાયું; સબૂર ! વ્યાસમુનિ અહિ અલખ વાણી ઉચ્ચારે છે : સગી જનેતા કેમ ન હોય, જેની સાથે ધૂળમાં રમીને મોટા થયા, તેવી સગી બહેન કેમ ન હોય કે સગી દીકરીની દીકરી કેમ ન હોય, જે આસન પર તેઓ બેઠાં હોય; તે આસનનું પણ વર્જન કરવું જોઇએ.

* તેમની સામે ટીકી - ટીકીને નિરખાય પણ નહિ.
* તેમની સાથે સમાન આસન પર બેસાય પણ નહિ.
* તેમની સાથે ઉન્મુકત રીતે હાસ્ય-વિનોદ પણ કરાય નહિ.

હા ! આ નિયમ નથી માત્ર; અજ્ઞાનો માટે. વિદ્વાન, બહુશ્રુત અને સુજ્ઞ વ્યકિતિ માટે ય આજ નિયમ રચાયો છે. ઉકત નિયમનું ક્ષેત્ર સર્વત્ર પ્રસર્યું છે.

વિદ્વાન ભલે ને શાસ્ત્રોનો પારગામી રહ્યો, ઇન્દ્રિયોની ભીષણતાથી તે પરિચિત હોવા છતાં ઇન્દ્રિયોના આતંકને તે નથી ડામી શકતો. ઇન્દ્રિયોનો આંતક વિદ્વાનને ય તાણી જાય છે. ''बलवान् इन्द्रियग्रामो विद्वांसमपि कर्षति''

'' વિકારના જામ પી-પી ને ઉચ્છૃંખલ થઇ ગયેલી આજની જનતા મહર્ષિઓના ઉકત ઉપદેશને શું ચરિતાર્થ કરી શકશે ?''

વહેણ : ૩ જુ **એક પ્રેરક પ્રસંગ**

જીવનની કાયાપલટ

આપણે તેમને 'ધર્મજિત' ના નામે પહેંચાનીશું.

ધર્મ, સમાજ, વ્યવસાય અને જ્ઞાતિની દૃષ્ટિએ ધર્મજિતને મોટી પરિવારનો પરંપરાગત વારસો સાંપડ્યો. તે જૈનેત્તર હતો. પૂરો ધર્મ વિમુખ. અલબત્ત, એ તેનું સૌભાગ્ય હતું, આર્યાવર્તની મોક્ષ મૂલક સંસ્કૃતિના ખોળે તેનો ઉછેર થયો.

આથી જ માનવતાના ગુણોનું ઉપવન તેના જીવનમાં સાવ કરમાઇ ન હતું ગયું. જીવનના મધ્યવયાળે તેનો આયુષ્ય રથ આવી ઉભો, ત્યાં સુધી તો ધર્મજિતને ધર્મના જયવંતા માર્ગે ડગ ભરવાની કોઇ તમન્ના જાગી નહિ.

આ બધી ય પરિસ્થિતિના પરિઘો વચ્ચે તેનું કેન્દ્રવર્તી અહોભાગ્ય એક એ રહ્યું તું, કે જેની નોંધ આલેખવી જ પડે. એ અહોભાગ્ય હતું, જૈન મન્દિરોની સંખ્યા બદ્ધ શ્રેણિથી મંડિત બનેલી અને જૈન પરિવારોનું સામ્રાજ્ય ધરાવતી ભૂમિ પર તેને જન્મ મળ્યો તો.

એક દિવસ તેના જીવનમાંથી અધાર્મિકતાના અંધારા દૂર હટી ગયા.

ધર્મનો સહસ્રકિરણ પ્રગટી ઉઠ્યો. કોક અવળ કારણસર ધર્મજિતને જૈન સાધુઓના પરિચયમાં આવવાનું બન્યું.

જૈન સાધુઓના સત્સંગે ધર્મજિતના જીવનની કાયા પલટ કરી નાંખી. સાધુઓની કર્મઠતા, ધર્મપરાયણતા, વિનમ્ર ભાષા અને કઠિન આચાર સંહિતાના નિરીક્ષણે ધર્મજિત તેમની પર ઓવારી ગયો. મન્ત્રમુગ્ધ બની ગયો.

તેણે સાધુઓનો સત્સંગ ગાઢ બનાવી તેમની પાસેથી જીવતરની આખરી ગણાતી ધર્મવિધા શીખી લીધી.

જન્મે જૈનેત્તર હોવા છતાં તેણે જૈનોનો ધર્મ અંગીકાર કર્યો. પાછો તે ધર્મનું પાલન પણ દૃઢતા અને ટેક પૂર્વક કરતો. ધીમી પણ ધીર ગતિએ તેણે ધર્મારાધનાની વાટ પર આગેકૂચ સાધી.

આજે તે નિયમિત નોકારશીનું પચ્ચક્ખાણ કરે છે.

રાત્રિભોજનને જીવનમાંથી દેશ નિકાલ કરી દીધું છે.

પ્રતિવર્ષે પર્યુષણમાં ૬૪ પ્રહરી પૌષધ કરે છે. વચ્ચે પાછા આઠ - આઠ દિવસના ઉપવાસ સાથેના. અઠ્ઠાઇ પણ પાછી પાણીનાય સ્વીકાર વિનાની ચોવિહારી.

ઉપાશ્રયમાં જો પ્રવચન હોય, તો તે અવશ્ય હાજરી પૂરાવે જ.

વૃદ્ધ, ગ્લાન કે કોઇપણ સાધુ ભગવંતોની વેયાવચ્ચની તક સાંપડી જાય, તો તેને ઉલટ ભેર ઝડપી પાડનારા ધર્મજિતે જીવનમાં નમસ્કાર મહા મંત્ર જેવ સૂત્રોનો વિધિવત્ અધિકાર મેળવવા ૧ લું ઉપધાન તો આરાધ્યું. બીજું ઉપધાન પણ તે આચરી રહ્યો છે.

તેના જીવતરનો ઇતબાર હવે કેવળ સંયમની પ્રાપ્તિ બને છે.

આશા વ્યકત કરીએ કે તેની આશા મૂર્તિમંત બનીને રહે. અંતરાયોની દીવાલો તેમના પન્થને અવરોધે નહિ.

મલાડની ૩૯ પાઠશાળાઓનું સામૂહિક નિવેદન

પ્રતિ,
શ્રી પ્રકાશભાઇ ઝવેરી,
મેજેસ્ટીક બેલ્ડીંગ,
૧૦ મે માર્ગ, આણંદજી કલ્યાણજીની પેઢી,
ગિરગામ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪.

આદરણીય વડીલ શ્રી પ્રકાશભાઇ ઝવેરી,

સવિનય પ્રણામ...

પરમાત્મા મહાવીરદેવનું ૨૬૦૦ મું જન્મ કલ્યાણક વર્ષ ચૈ. સુ. ૧૩ તા. ૬-૪-૨૦૦૧ થી શરૂ થયેલ છે. આ પ્રસંગના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રીયસ્તર પર ઉજવાણીના જે પડઘમ ગુંજતા થયા છે, તે પરમાત્મા મહાવીર દેવના કોઇપણ સંનિષ્ઠ અનુયાયીઓના હૃદયમાં તિરાડો ઉભી કરે એવા છે.

લોકોત્તર પુરૂષ શ્રમણ ભગવાન્ શ્રી મહાવીર દેવની સર્વશ્રેષ્ઠતાના નિર્મૂલનની એક કુચેષ્ટા બની જશે, ૨૬૦૦ની સૂચિતરાષ્ટ્રીય ઉજવાણી.

પરમાત્માની ભક્તિના નામે પરમાત્માના સિદ્ધાંતોની જ હત્યા થઈ જાય, એવા આ કાર્યક્રમે અમને વધારે આઘાત તો ત્યારે પહોચાડ્યો, જ્યારે અમે આ મહોત્સવમાં આપની પણ ભાગીદારી જાણી શંકયા.

'આજકાલ' દૈનિક તા. ૯-૮-૨૦૦૦ ના અહેવાલ અનુસાર જાણી શકાયેલા નિમ્નોકત મુદાઓ જૈન સિદ્ધાંતોની નિર્મમ કતલ કરી નાંખશે.

૧) પોસ્ટ ટિકિટોમાં પરમાત્મા મહાવીર દેવની 'છબિ' મૂકાવવી. ૨) તીર્થકરોના જીવન પર નાટકો + ફિલ્મો બનાવવી. ૩) ચલણી સિક્કાઓ જેવી મામૂલી ચીજમાં પરમાત્માની પ્રતિકૃતિ દાખલ કરાવવી. ૪) વનસ્થલીઓનો વિકાસ કરાવવો. ૫) ફાઇવસ્ટાર હોટલોમાં નોનવેજ સાથે જૈનવેજ પીરસવું. ૬) એક યુનિવર્સીટી પર ભગવાન મહાવીરનું નામકરણ કરવું. ૭) કેટલાક તીર્થોમાં 'સરકારી વિકાસ બોર્ડો' સ્થાપવા. ૮) ભગવાન મહાવીરને 'વિશ્વ પુરૂષ' ગણવા યુનેસ્કોને વિનંતિ કરવી આ જૈન મતલબ કે આજીજી કરવી. ૯) ઘૂંટણિયા ટેકવવા. ૯) જૈન આગમોનું ભાષાન્તર કરાવવું.

આ બધાય મુદાઓ ૨૫૨૭ વર્ષથી અવિચ્છિન્ન પણે ચાલ્યાં આવતા જૈન શાસનનો મૃત્યુઘંટ નોતરે તેવા છે. અનર્થકારી છે. ખતરનાક છે. જૈનોના અસ્તિત્વની વિરુદ્ધ જનારી આ એક કુટિલ ચાલ છે.

અમે અતિશય ભારપૂર્વક કહેવા માંગીએ છીએ કે શામ, દામ દંડ અને ભેદ જરૂર પડે એ નીતિનો આશ્રય લઈને પણ સૂચિત ઉજવાણી ને રદ બાતલ કરાવવી જોઈએ.

ઉજવાણીનો વિરોધ, એક શ્રેયસ્કર કાર્ય બની જશે. પરમાત્માની શાસનની ઉત્કૃષ્ટ ભક્તિ બની જશે.

આશા વ્યકત કરીએ છીએ, કે આવી ઉત્કૃષ્ટ ભક્તિનો લાભ આપ લઈને જ રહેશો.

લિ. મલાડની ૩૯ પાઠશાળાઓ

આ રીતનું નિવેદનપત્ર મલાડની ૩૯ પાઠશાળાઓએ પોતાના ૨૦૦૦ આસપાસ વિદ્યાર્થીઓની સહી લઈને પ્રકાશ ઝવેરી પર રવાના કર્યું છે.

- પ્રેષક : મુ. હિતવર્ધન વિજય

તારંગા તીર્થની તળેટીમાં સતલાસણા નગરે

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની તારક નેશ્રામાં

સાત સાત મુમુક્ષુઓની ભાગવતી દીક્ષા

* અગ્યાર દિવસનો મહોત્સવ * પાંચ આચાર્યોની શુભનિશ્રા * પાંચ મહાપૂજનો
* ૩૩ સંઘ જમણો * એક જ ગામની સાત દીક્ષાઓ

❑ મહત્વના દિવસો ❑

*** ફાગણ સુદ-૯ ગુરૂવાર તા. ૧-૩-૨૦૦૧**

મહોત્સવના પ્રારંભિક દિવસોમાં નિશ્રા પ્રદાનાર્થે પૂ. ગચ્છાશ્રીજીની આજ્ઞાથી સ્વ. પૂજ્યપાદશ્રીજીના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી જિનદર્શન વિ. મહારાજ આદિ ઠાણાની સામૈયા સહ ઉપાશ્રયે પધરામણી માંગલિક પ્રવચન બાદ દીક્ષાર્થી પરિવારો તરફથી ગુરૂપૂજન - સંઘપૂજન - બપોરે શ્રી પંચકલ્યાણકની પૂજા જોધપુરના પ્રસિદ્ધ સંગીતકાર શ્રી મહેશ ભંડારી પોતાની મંડળીએ સૌને ભગવદ્ ભક્તિમાં તરબોળ બનાવ્યા હતા. ત્રણે ટાઈમ દીક્ષાર્થી પરિવાર તરફથી શ્રી સંઘ સ્વામિવાત્સલ્યનું આયોજન અગ્યારે દિવસ માટે કરાયું હતું.

*** ફાગણ સુદ-૯ રવિવાર તા. ૪-૩-૨૦૦૧**

સહસ્ત્રાધિક શ્રમણ શ્રમણી ગણનાયક પૂજ્યપાદશ્રીજી પોતાની સાથે પ્રશાન્તમૂર્તિ પૂ. આ. શ્રી વિચક્ષણસૂરિજી મ., પ્રશમરસ પયોનિધિ પૂ. આ. શ્રી જયકુંજરસૂરિજી મ., પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરિજી મ. આદિ વિશાળ પરિવાર સાથે પધારતા ભવ્યાતિભવ્ય સ્વાગત યાત્રા નીકળી હતી. જેમાં વિરમગામના શરણાઈ વાદકો, બેડાવાળી બહેનો, ભવરણ ઉતરવા, શણગારેલી ઉંટગાડીમાં સંઘસ્થવિર પૂ. આ. ભ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાની પ્રતીકૃતી શાસન શિરતાજે દીક્ષાના દાનવીર પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની પ્રતીકૃતિ પ્રશમરસ નિમગ્ન પૂ. આ. ભ. શ્રી વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજાની પ્રતીકૃતિ, હિંમતનગરનું પ્રસિદ્ધ બેન્ડ શ્રી વાસુપૂજ્ય સ્વામી સ્વયં સેવક મંડળનું બેન્ડ ત્યાર બાદ સતલાસણાની ધરતીના કણેકણ જે મહાપુરૂષને આવકારવા થનગનતા હતા તે મ. પુ. તથા તેઓનો વિશાળ પરિવાર હતો. સતલાસણા નગરની શેરીએ શેરીએ વિવિધ શણગાર અને ગહુંલીઓથી વધાવતા પૂજ્ય શ્રી સામૈયા સહ મુક્તિનગરમાં પધાર્યા. મંગલાચરણ બાદ મહેશ ભંડારીએ તેમજ સતલાસણાના તરવૈયા યુવાનોએ સ્વાગત ગીત રજુ કર્યું. ત બાદ પૂ. આ. ભ. શ્રી મુક્તિપ્રભસૂરિજી મ. નું મનનીય પ્ર વચન થયું. સાતે દીક્ષાર્થીઓએ પૂજ્યપાદશ્રીનું નવાંગી ગુ પૂજન રૌપ્ય મુદ્રાઓથી કરેલ.

બપોરે મોહનીય કર્મ નિવારણ પૂજા, ૨ તે ભાવના.

*** ફાગણ સુદ-૧૦ સોમવાર તા. ૫-૩-૨૦૦૧**

સવારે પૂ. ગચ્છાધિપતિની શુભનિશ્રામ સામુદાયિક ચૈત્યવંદન બાદ વાજતે ગાજતે પૂ. આ. શ્રી વિ. જયકુંજર સૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. શ્રી વિ. મુક્તિપ્રભ સૂરીશ્વરજી મહારાજા આદિ અ.સૌ. શ્રીમતી રસિલાબેન મેવંતિલાલે કરેલ ૫૦૦ આયંબિલ તપની આરાધના નિમિત્તે તેમના નિવાસ સ્થાને પધાર્યા બાદ પ્રાસંગિક માંગલિક પ્રવચન થયેલ. બાદ તપસ્વી પરિવારે રૌપ્ય મુદ્રા દ્વારા પૂ. ગુરૂભગવંતોનું ગુરૂપૂજન પધારેલ શ્રી સંઘનું સંઘ પૂજન આદિ કર્યા બાદ સંયમોપયોગી ઉપકરણ વહોરાવેલ. શ્રી વાસુપૂજ્ય સ્વામીજીના જિનાલયે પધાર્યા ત્યાં તપસ્વી તરફથી પ્રભુજીને સુવર્ણમય વીરવલય સ્વરૂપી બાજુ બંધ પરમાત્માને ચઢાવાયા - ૯-૦૦ કલાકે પૂ. આ. શ્રી વિ. વિચક્ષણસૂરિજી મ. પૂ. આ. શ્રી વિ. મુક્તિપ્રભ સૂરિજી મ. પૂ. મુનિપ્રવર શ્રી અક્ષય વિજયજી મ. નું પ્રવચન થયા બાદ સ્વ. પૂજ્યપાદશ્રીજીના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી જિનદર્શન વિજયજી મ., પૂ. સા. શ્રી જીતમોહાશ્રીજી મ., પૂ. સા. શ્રી પ્રશાન્તરસાશ્રીના સંયમ જીવનના ૨૨ વર્ષની પૂર્ણાહુતિ ૨૩ માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ભાગ્યશાળીઓ તરફથી રૂપિયા પાંચનું સંઘપૂજન થયેલ.

બપોરે વિજય મુહૂર્તે શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયે શ્રી નવપદ મહાપૂજન ભણાવાયેલ પૂજન ભણાવવા પ્રસિદ્ધ વિધિકાર શ્રી મનસુખલાલ રીખવચંદની મંડળી પધારેલ.

આ ૪ રોજ સવારે આબુ અનાદરાથી ઉગ્રવિહાર કરી, સિદ્ધહસ્ત લેખક પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરિજી મહારાજા વાજતે ગાજતે પધાર્યા હતા.

*** ફાગણ સુદ-૧૧ મંગળવાર તા. ૯-૩-૨૦૦૧**

શુભ મુહૂર્તે - શ્રી કુંભસ્થાપન - દીપક સ્થાપન - જવારારોપણ - નવગ્રહાદિ પાટલા પૂજન સવારે થયેલ બાદ પ્રવચન થયા પછી મુરબાડ નિવાસી રતિલાલ છનાલાલ પરિવાર તરફથી અ.સૌ. અરૂણાબેન રતિલાલે કરેલ વર્ષીતપના આરાધના નિમિત્તે સંઘપૂજન - ગુરૂપૂજન તથા સાતે દીક્ષાર્થી પરિવાર તરફથી ગુરૂપૂજન - સંઘપૂજન રૂા. ૨ નું થયેલ.

બપોરે વિજય મુહૂર્તે શ્રી વિસ્થાનક મહાપૂજન - આજથી ૬ ભુભક્તિની રમઝટ મચાવવા પ્રસિદ્ધ સંગીતકાર શ્રી મુકેશભાયકની મંડળી પધારી હતી.

*** ફાગણ સુદ-૧૫ શુક્રવાર તા. ૯-૩-૨૦૦૧**

શુભ મુહૂર્તે સાત-સાત મુમુક્ષુ પુણ્યાત્માઓની છાબ ભરવાની મંગલ વિધિ બાદ પૂજ્યપાદશ્રીજી પાસે વાસક્ષેપ - માંગલિક શ્રવણ - પ્રવચન બાદ મુમુક્ષુ પુણ્યાત્માઓના મામાઓનું ધર્મ મોસાળુ ગામમાં ફરી ઉપાશ્રયે ઉતર્યું. બાદ વિજય મુહૂર્તે શીવરમણી ઉદ્યાનમાં બંધાયેલ વિશાળ મંડપમાં અર્હદ અભિષેક મહાપૂજન ભણાવાયેલ.

રતલામ નગરના ચંદ્રવીર મંડળની અનોખી સજાવટ પૂર્વક પરમાત્માના મહા પ્રાસાદનો દૈદીપ્યમાન શણગાર અને પ્રભુજીની નયનમોહક લાખેણી અંગરચના દ્વારા ભવ્ય મહાપૂજાનું આયોજન સાંજે પૂ. ગુરૂભગવંતોની શુભનિશ્રામાં મહાપૂજાની ઉદ્ઘાટન વિધિ થઇ સામુદાયિક ચૈત્યવંદન થયેલ.

દીક્ષા મહોત્સવના પાવન પ્રસંગે ગચ્છાધિપતિ પૂ. શ્રીના આજ્ઞાવર્તિની પૂ. સાધ્વીજી શ્રી જયપ્રભાશ્રીજી મ. આદિઠાણા ૧૦, પૂ. સાધ્વીજી શ્રી મેરૂકીર્તિશ્રીજી મ., આદિઠાણા ૮, પૂ. સાધ્વીજી શ્રી હર્ષકરાશ્રીજી મ. આદિઠાણા ૨, પૂ. સાધ્વીજી શ્રી ઉષાપ્રભાશ્રીજી મ. આદિઠાણા ૫, પૂ. સાધ્વીજી દિવ્ય પૂર્ણાશ્રીજી મ. આદિઠાણા ૪, પૂ. સાધ્વીજી શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી મ. આદિઠાણા ૩ તથા પૂ. આ. ભ. શ્રી જિનચન્દ્ર સૂ. મ. ના સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી વિવેકપૂર્ણાશ્રીજી મ. આદિઠાણા ૩, આદિ પધારેલ.

*** ફાગણ વદ-૧ શનિવાર તા. ૧૦-૩-૨૦૦૧**

સવારે ૯-૩૦ કલાકે સાત સાત મુમુક્ષુ પુણ્યાત્માઓનો ભવ્યાતિ ભવ્ય વર્ષીદાનનો વરઘોડો મુક્તિનગરથી ચઢાવાયો હતો. જેમાં પ્રથમ વીરમગામના મશહૂર શરણાઇ વાદકો શણગારેલા ઘોડા ધ્વજ પતાકા લઇને ચાલતા બાળકો અષ્ટમંગલની ગાડીઓ મુમુક્ષુઓની ચાંદીની જીપકાર - ઘોડાવાળી બગીઓ પ્રસિદ્ધ હિમતનગરનું મ્યુઝિક બેન્ડ, રતલામ, મ. પ્ર. નું ચંદ્રવીર બેન્ડ, આદિ પરમાત્માના ગગનને આંબતો રજતમય રથ, પૂ. ગુરૂભગવંતો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના અનેક શહેરોથી પધારેલ સંઘના આગેવાનો તથા પુણ્યાત્માઓથી યુક્ત સજ્જન માજનથી શોભતી વર્ષીદાન યાત્રા આખાએ સતલાસણા નગરમાં ફરી શિવરમણી ઉદ્યાનમાં ઉતરેલ.

બપોરે વિજય મુહૂર્તે શ્રી લઘુશાંતિસ્નાત્ર મહાપૂજન ભણાવાયેલ, રાત્રે ભાવના બાદ સાતે દીક્ષાર્થી પુણ્યાત્માઓનો અભિનંદન સમારોહ સેલવાસવાળા શ્રીયુત માંગીલાલજીના પ્રમુખસ્થાને ખૂબ જ અદ્ભૂત રીતે ઉજવાયેલ બાલ, બાલીકાઓના સંવાદ - દીક્ષાર્થીઓના વક્તવ્યો આદિ સુંદર થયેલ અને આખુંયે શિવરમણી ઉદ્યાન તથા વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી પ્રવચન મંડપ સતલાસણા અને બહાર ગામથી પધારેલ ભાવિક જનોથી ચિક્કાર ભરાઇ ગયેલ.

*** ફાગણ વદ-૨ રવિવાર તા. ૧૧-૩-૨૦૦૧**

સતલાસણા નગરના લાડલા સાત-સાત મુમુક્ષુ પુણ્યાત્માઓ સંયમની પ્રાપ્તિ માટે થનગનતા હતા. તે સંયમ પ્રાપ્તિની નીકટની ઘડીપળોએ સૌ પોત પોતાના સ્થાનેથી વર્ષીદાન દેતા દેતા પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજી પાસે આવી વંદનાદિ કરી દીક્ષા આપવા પધારોની વિનંતિ પૂર્વક પૂજ્યપાદશ્રીજીની સાથે સાત સાત બગીઓમાં ગોઠવાઇ વાજતે ગાજતે વરઘોડા સહ શિવરમણી ઉદ્યાનમાં બંધાયેલ વિરાટ પ્રવચન મંડપમાં પધારેલ. ત્યાં ગોઠવાયેલ વ્યાસપીઠ પર પૂજ્યપાદ શ્રી આરૂઢ થયા. સિદ્ધગિરિજી મહાતીર્થની ભૂતપૂર્વ તળેટી સ્વરૂપક વડનગરથી પ્રસિદ્ધ અને કલાત્મક એવી વિરાટ નાણ સમવસરણમાં ચૌમુખજી પરમાત્મા બિરાજમાન કરાયા. સાતે દીક્ષાર્થી મહાનુભાવોના વિદાય તિલકની વિધિ થયા બાદ શુભ ઘડી અને પળ નજીક આવતાં મુમુક્ષુઓની પારમેશ્વરી પ્રવ્રજ્યા પ્રદાનની વિધિનો પ્રારંભ થયો. બાદ મુમુક્ષુઓએ પૂજ્ય ગુરૂદેવ પાસે મમ

મુંડાવેહ - મમપવ્વાવેહ - મમ વેષમ્ સમવેહની માંગણી પૂર્વક પૂજ્ય ગુરૂદેવ પાસે ભવસાગર તારક ધર્મધ્વજની માંગણી કરતાં દરેકના વડીલ માતાપિતાદિએ પૂજ્યપાદ શ્રીજીને રજોહરણ અર્પણ કર્યા બાદ પૂજ્યપાદશ્રીજીએ દરેક મુમુક્ષુ પુણ્યાત્માઓને રજોહરણ અર્પણ કરેલ બાદ મુમુક્ષુઓને વેષ પરિવર્તન કરવા લઈ જવાયેલ અને આ તરફ સાતે મુમુક્ષુ પુણ્યાત્માને સંયમોપયોગી ઉપકરણો અર્પણ કરવાની ઉછામણી થયેલ.

નૂતન દીક્ષિતો વેષ પરિધાન કરીને પધારતા આખોય મંડપ નૂતન દીક્ષિત અમર રહોના નાદથી ગાજી ઉઠ્યો હતો. નવદીક્ષિતો પ્રથમ મંડપમાં પ્રવેશીને પૂજ્યપાદશ્રીજીના ચરણે મત્થએણ વંદામિ કહેવા પૂર્વક ક્રમશ: ગોઠવાયા હતા. ત્યાર બાદ બરાબર લોચનું મુહૂર્ત આવતાં સાતેની લોચની વિધિ થઈ ત્યાર બાદ જેની કેટલાક સમયથી રાહ જોવાતી હતી તે નૂતન દીક્ષિતોની નામકરણ વિધિ અને તેની જાહેરાત થઈ.

૧) મુમુક્ષુ દર્શકકુમારનું નામ :
મુનિરાજ શ્રી દર્શનરક્ષિત વિજયજી મ. તેમના પૂ. ગુરૂદેવનું નામ પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરિજી મ.

૨) મુમુક્ષુ હાર્દિકકુમારનું નામ :
મુનિરાજ શ્રી પ્રશમરક્ષિત વિજયજી મ. તેમના પૂ. ગુરૂદેવનું નામ પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરિજી મ.

૩) મુમુક્ષુ અલ્પાકુમારીનું નામ :
પૂ. સા. શ્રી જયનિધિશ્રીજી મ. તેમના ગુરૂનું નામ પૂ. સા. શ્રી દીક્ષિતરસાશ્રીજી મ.

૪) મુમુક્ષુ જીજ્ઞાકુમારીનું નામ :
પૂ. સા. શ્રી જિનનિધિશ્રીજી મ. તેમના ગુરૂનું નામ પૂ. સા. શ્રી દર્શિતરસાશ્રીજી મ.

૫) મુમુક્ષુ કાજલકુમારીનું નામ :
પૂ. સા. શ્રી કરુણાનિધિશ્રીજી મ. તેમના ગુરૂનું નામ પૂ. સા. શ્રી ઋજુદર્શનાશ્રીજી મ.

૬) મુમુક્ષુ રીનાકુમારીનું નામ :
પૂ. સા. શ્રી તત્વનિધિશ્રીજી મ. તેમના ગુરૂનું નામ પૂ. સા. શ્રી ઋજુદર્શનાશ્રીજી મ.

૭) મુમુક્ષુ કિરણકુમારીનું નામ :
પૂ. સા. શ્રી કલ્પનિધિશ્રીજી મ. તેમના ગુરૂનું નામ પૂ. સા. શ્રી ઋજુદર્શનાશ્રીજી મ.

નૂતન દીક્ષિતોની નામકરણ વિધિ થયા બાદ નૂતન દીક્ષીતોને હિતશિક્ષાનું પ્રદાન થયેલ આજ રોજ.

- શ્રી હીરાલાલ ગણેશમલ ઘુડાજી રાઠોડ પરિવાર વડગાંમ પેડ
- શ્રી માણેકચંદજી ભબૂતમલ સંઘવી પરિવાર - કોલહાપુર
- શ્રી ગાંધીકુંવરજી મોતીલાલજી પરિવાર- રતલામ
- શ્રી વિજયકુમાર શાંતિલાલ - શુદ્ધ દહીં ભંડાર - રતલામ
- શ્રી સમસ્ત દીક્ષાર્થી પરિવાર સતલાસણા તરફથી ચાંદીના સિક્કાથી સંઘપૂજન થયેલ.

આ રીતે સાત સાત દીક્ષાર્થીઓનો આ સામુદા યેક દીક્ષા મહોત્સવ ગઢવાડાના ઈતિહાસ માટે એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરનાર બની ગયો.

■■■■■■■■ ■■■■■■■■

ઈચ્છા હોય તો

પીવાની ઈચ્છા થાય તો –સદ્‌ગુણોના અમૃતને પીજો.
ખાવાની ઈચ્છા થાય તો –ગમ ખાજો.
ખાંડવાની ઈચ્છા થાય તો –કામ ક્રોધ લોભ માનને ખાંડજો.
આપવાની ઈચ્છા થાય તો –નમ્રતાથી દાન આપજો.
બોલવાની ઈચ્છા થાય તો –મધુર બોલજો.
ગાવાની ઈચ્છા થાય તો –પ્રભુ ભક્તિનાં ગીતો ગાજો.
રમવાની ઈચ્છા થાય તો –જ્ઞાનબાજી રમજો.
પહેરવાની ઈચ્છા થાય તો –સજ્જનતાના વસ્ત્રો પહેરજો.
નાચવાની ઈચ્છા થાય તો –ભગવાનની સામે નાચજો.
સાંભળવાની ઈચ્છા થાય તો –સુગુરૂઓની વાણી સાંભળજો.
લેવાની ઈચ્છા થાય તો –રજો હરણ લેજો.
છોડવાની ઈચ્છા થાય તો –સંસાર છોડજો.
લુંટવાની ઈચ્છા થાય તો –જ્ઞાનરૂપી ધન લુંટજો.
વાંચવાની ઈચ્છા થાય તો –સદ્‌વાંચન વાંચજો.
ચાલવાની ઈચ્છા થાય તો –મોક્ષ માર્ગે ચાલજો.
પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય તો –મોક્ષ પ્રાપ્ત કરજો.

— લાડકી

સમાચાર સાર

શંખેશ્વર હાલારી ધર્મશાળામાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ચાતુર્માસ નિર્ણય

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. પ્રવર્ત્તક મુનિરાજશ્રી યોગીન્દ્ર વિજયજી મ., પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિજયજી મ., પૂ. મુ. શ્રી યશોજીત વિ. મ., પૂ મુ. શ્રી નમેન્દ્ર વિજયજી મ., પૂ. મુ. શ્રી વિશ્વેન્દ્ર વિજયજી મ., પૂ. મુ. શ્રી વીરતીન્દ્ર વિજયજી મ., પૂ. મુ. શ્રી કીર્તીન્દ્ર વિજયજી મ., ઠા-૮ તથા પ્રવર્તિની પૂ. સા. શ્રી રત્નેન્દ્રપ્રભાશ્રીજી મ. ઠા-૬, પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. ઠા-૭, પૂ. સા. શ્રી ઈન્દ્રપ્રભાશ્રીજી મ. ઠા-૫ નું ચાતુર્માસ શ્રી શંખેશ્વર હાલારી ધર્મશાળામાં નક્કી થયું છે. હાલ પાંચ સાધુ અને છ સાધ્વીજીને મહાનિશીથ, કલ્પસૂત્ર, આચારાંગ ઉત્તરાધ્યયનના મોટા જોગ ચાલુ છે ૩ કલાક વાંચના નો ચાલુ છે.

અમદાવાદ - રંગસાગર : શ્રી જિનશાસન શણગાર સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પ. પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ. ના સંયમજીવનના ૨૮ વર્ષની તથા તેમના સંસારી પૂ. માતુશ્રી મંજૂલાબેન રમણલાલની વર્ધમાન તપની ૮૯મી ઓળીની અનુમોદનાર્થે વૈશાખ સુદ - ૧ ના અત્રે શ્રી નવપદજીની પૂજા, અ. સૌ. દીપ્તિબેન હિંમાશુભાઈ રમણલાલ તરફથી ભણાવાયેલ. પૂજા ભણાવવા શ્રી જયેન્દ્રભાઈ નાયક આવેલ. પ્રભુજીને સુંદર અંગરચના થયેલ.

તેમજ વ્યાખ્યાન બાદ તે નિમિત્તે શ્રી હિંમાશુ રમણલાલ તરફથી ૧ રૂા. નું, પરમ તપસ્વી પૂ. સા. શ્રી દેવેન્દ્રશ્રીજી મ. ના સંયમ જીવનના ૬૮ વર્ષની તથા પૂ. સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ. ના ૧૭ વર્ષની અનુમોદનાર્થે તેમના સંસારી ભાઈ શ્રી દિનેશભાઈ શકરચંદ સંઘવી તરફથી ૨ રૂા., પૂ. સા. શ્રી હર્ષપ્રભાશ્રીજી મ. ના સંયમ જીવનના ૪૦ વર્ષની અનુમોદનાર્થે કલાબેન તરફથી ૧ રૂા. નું અને પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા.શ્રી ભક્તિદર્શિતાશ્રીજી મ.ના વર્ષીતપની અનુમોદનાર્થે સૌ. અનિતા તરફથી ૧ રૂા. નું એમ કુલ ૫ રૂા. નું સંઘ પૂજન કરાયેલ.

આ પાંચે તરફથી ભાઈઓ - બહેનોના પ્રતિક્રમણ બાદ ૫ - ૫ રૂા. ની પ્રભાવના કરાયેલ.

વૈશાખ સુદ ૨ ના વ્યાખ્યાન બાદ પૂ. સા. શ્રી ભક્તિદર્શિતાશ્રીજી મ. ના વર્ષીતપની અનુમોદનાર્થે સૌ. ભાવનાબેન વસ્તુપાલભાઈ તરફથી ૧-૧ રૂા. નું સંઘપૂજન કરાયેલ.


તેમજ પૂ. સા. શ્રી અરૂણશ્રીજી મ. ના પ્રશિષ્યા પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મ. ના પાંચ શિષ્યા-પ્રશિષ્યાના વર્ષીતપની મંગલપૂર્ણાહુતિ નિમિત્તે ત્રિદિવસીય ઉત્સવ ઉજવાયેલ. સુદ ૨ ના પંચકલ્યાણકની, સુદ ૩ ના ૧૦૮ પ્રકારી અને સુદ ૪ ના નવાણું અભિષેકની પૂજા, ભા. રૂપેશભાઈએ ઠાઠથી ભણાવેલ. પ્રભુજીને સુંદર અંગરચના કરાયેલ. પૂ. ગચ્છાધિપતિશ્રીજીના શિષ્ય પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ. ની નિશ્રા પ્રાપ્ત થયેલ અને સંઘના કાર્યકરોએ ઉત્સાહ પૂર્વક પ્રભુભક્તિ મહોત્સવને સાર્થક કર્યો હતો. સુ. ૩ના પ્રાસંગિક પ્રવચન બાદ ૨૦-૨૦ રૂા. નું સંઘપૂજન થયેલ.

ભાભર તીર્થ : અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં મુંબઈ નિવાસી મુ. પ્રવિણચંદ્ર સોહનલાલ તથા તેમના ધર્મપત્ની તારાબેન તથા સુપુત્રી કોમલકુમારીની દીક્ષા વૈશાખ સુદ ૬ ના અત્રે ભવ્ય ઉત્સાહથી શાહ સોહનલાલ મલુકચંદ મુનાણી પરિવાર (મુંબઈ) તરફથી ઉજવાઈ દીક્ષા નિમિત્તે વડગામના વરસીદાનનો વરઘોડો ઉતર્યા બાદ સંઘ વાત્સલ્ય તથા સંઘ વાત્સલ્ય શાહ લક્ષ્મીચંદ હંશરાજ તરફથી રાખેલ.

ભાભરમાં વૈશાખ સુદ ૫ વરસીદાનના વરઘોડા બાદ જૈન શાસનમાં દીક્ષાનું મહત્વ પ્રવચન બાદ સાધર્મિક વાત્સલ્ય અને બપોરે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, નૂતન દીક્ષાર્થીનું બહુમાન રાખેલ. વૈશાખ સુદ ૬ ના સવારે ૮-૦૦ વાગ્યે દીક્ષા. ૧૧-૩૦ કલાકે સંઘ વાત્સલ્ય રાખેલ. વિધિ માટે શ્રી રમણીકભાઈ પંડિત તથા શ્રી સુરેશભાઈ પંડિત પધારેલ તથા સંગીતકાર કિરીટભાઈ અમદાવાદ પધારેલ.

श्री महावीर जैन आराधना केन्द्र
सप्रेम भेंट सा.
कोबा (गांधीनगर) वि. ३८२००९

છોડનું રોપણ




પૂ. મુ. શ્રી હંસકિર્તી વિજયજી મ. ની નિશ્રામાં દીઓદરમાં અજયકુમાર મુકિતલાલની દીક્ષા વૈશાખ સુદ ૧૨ નાં ઠાઠથી ઉજવાઈ. પૂ. મુ. શ્રી જિનસુંદર વિજયજી મ. ના શિષ્ય પૂ. મુ. શ્રી અનંતસુંદર વિજયજી મ. નામ પાડયું.

हिन्दी विक्रम संवत २०५८ (विक्रम संवत २०५७)

प. पू. तपस्वी आचार्यदेव श्रीमद् विजय कमलरत्नसूरीश्वरजी म. सा.,

प. पू. आ. दे. श्रीमद् विजय अजितरत्नसूरीश्वरजी म., पू. दानरत्नविजयजी म., पू. खांतिरत्नविजयजी म.,

पू. दीपकरत्नविजयजी मं. का चातुर्मास जैन चारथुई क्रिया भवन खेरादियों का बास, जोधपुर (राजस्थान) में होगा ।



દાદા પોપટલાલભાઈ **દીક્ષાર્થી** દાદી સ્વ. મણીબેન

મુલુંડ સર્વોદયનગર : અત્રે સંઘવી પોપટલાલ વીરપાર દોઢીયાની પૌત્રી મુમુક્ષુ **નીરલકુમારી** (ઉ. વ. ૧૯) ની દીક્ષા પૂ. આ. શ્રી વિજય જિનચન્દ્રસાગર સૂરીશ્વરજી, પૂ. આ. શ્રી હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં વૈ. વદ ૬ ના ઠાઠથી ઉજવાઈ. વૈ. વદ ૩ થી વૈ. વદ ૭ સુધી ભવ્ય મહોત્સવ યોજાયો હતો. શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, સકલ સંઘ સ્વામિવાત્સલ્ય વિ. સારી રીતે થયા હતા. આ પ્રસંગે પૂ. આ. શ્રી વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયકુલચંદ્ર સૂરીશ્વરજી મ. તેમજ દીક્ષાર્થીના સંસારી પક્ષે મામા પૂ. પં. શ્રી અક્ષયબોધિ વિજયજી મ., પૂ. મુ. શ્રી મહાબોધિ વિજયજી મ. પધાર્યા હતા.

કર્ણાટક રાજ્યમાં ધર્મભાવનાના અજવાળા....
પૂ. ગુરુવરોની પાવન પધરામણી નિમિત્તે
ઉજવાયેલ ભવ્ય પંચાન્હિકા પરમાત્મભક્તિ મહોત્સવ

કર્ણાટક રાજ્યની ધન્ય ધરા જમખંડી નગરને આંગણે

સુવિશાલગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજા**ની આજ્ઞા - આશીર્વાદ તેમ જ શાસનપ્રભાવક પૂ. આ. ભ. **શ્રી જયકુંજરસૂરીશ્વરજી મ.** તથા પ્રવચનપ્રભાવક પૂ. આ. ભ. **શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મ.** ના શિષ્ય - પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી **પુણ્યરક્ષિતવિજયજી મ.**, પૂ. મુનિરાજશ્રી **અક્ષયબોધિવિજયજી મ.** તથા મુનિરાજ **શ્રી આત્મરક્ષિતવિજયજી મ.** આદિ ઠા-૩ની મહા વદ ૧૦ ના મંગલ દિને સસ્વાગત સહ પાવન પધરામણી થયેલ - પૂ. ગુરુદેવોના પ્રવેશ દિનથી જ પૂજ્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચનથી સંઘમાં અપૂર્વ ધર્મજાગૃતિ આવેલ. અને પૂજ્ય ગુરુભગવંતોની પાવન પધરામણી નિમિત્તે શ્રી સંઘે પંચાન્હિકા પરમાત્મ ભક્તિ મહોત્સવ ઉજવવાનો શુભ નિર્ણય કરેલ. પંચાન્હિકા મહોત્સવ પૂર્વે ફાગણ સુદ ૧૧ ના રોજ કરી ઈદ નિમિત્તે પૂજ્યશ્રીની પ્રેરણાને પામીને શ્રી સંઘમ સામુદાયિક આયંબિલતપનું આયોજન થયેલ. આયંબિલ તપ કરાવવા માટે જ પુણ્યશાળી પરિવાર તૈયાર થઈ જતાં શ્રી સંઘે ચઢાવો બોલીને આદેશ આપતા **શા. દેવીચંદજી મીઠાલાલજી ઓસવાળ** (લલિત જનરલ સ્ટોર્સ) લાભ લીધેલ. સામુદાયિક આયંબિલમાં **૨૧૬** જેટલા પુણ્યશાળીઓ જોડાયેલ અને એજ દિને બપોરે ૨-૩૦ કલાકે **શ્રી પંચકલ્યાણક પૂજા શા. પુખરાજજી હરખચંદજી ભંડારી** તરફથી ભણાવાયેલ પ્રભુજીને અંગરચના પણ સુંદર થયેલ. રાત્રે પ્રભુભક્તિ (ભાવના) **સંગીતકાર શ્રી કાંતિભાઈ મુઘોલવાલા**એ ભણાવેલ.

સંઘ તરફથી આયોજિત પંચાન્હિકા મહોત્સવમાં દરેક પૂજા - પૂજનો - સ્વામીવાત્સલ્ય તેમજ જયજિનેન્દ્રનો ચઢાવો બોલીને આદેશો અપાયેલ. ખૂબ જ સારા ચઢાવાઓ થયેલ ફા. વ. ૨ ના મહોત્સવના પ્રથમ દિને **શ્રી પંચકલ્યાણક પૂજા - શાહ અરુણકુમાર માણિકચંદજી શાહ તરફથી,** ફા. વ. ૩ ના શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા - **એક સુશ્રાવિકા બહેન** તરફથી ફા. વ. ૪ ના શ્રી નવપદજીની પૂજા - **શા. કિસનલાલજી વસ્તીમલજી** તરફથી ફા. વ. ૫ ના શ્રી અઢાર અભિષેક પૂજન **શા. સુખરાજજી માલચંદજી કોઠારી** તરફથી તથા ફા. વ. ૬ના શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન **પદમાવતી જવેલર્સ** તરફથી ભણાવાયેલ

પૂજનો ભણાવવા માટે વિધિકાર **શ્રી અરવિંદભાઈ ઈચલકરંજીવાલા**, પૂજા - ભાવનામાં ભક્તિની રમઝટ મચાવવા સંગીતકાર **શ્રી પારસભાઈ એન્ડ પાર્ટી (નાસિક)**, **શ્રી કાંતિલાલભાઈ** તથા **શ્રી હીરાલાલભાઈ (મુઘોલ)** પધારેલ. પ્રતિદિન પ્રભુજીની મનમોહક અંગરચના સુશ્રાવક રણજીતભાઈ મુઘોલવાળાએ ખૂબ જ સુંદર કરેલ.

મહોત્સવના અંતિમ ફા. વ. ૬ ના દિવસે સવાર તથા સાંજનું સ્વામીવાત્સલ્ય **શા. શાંતિલાલજી સાંકળચંદજી ઓસવાળ** તરફથી થયેલ.

મહોત્સવ દરમ્યાન જીવદયાની ટીપ પણ ખૂબ જ અનુમોદનીય થવા પામેલ.

એકંદરે પૂ. ગુરુભગવંતોની જમખંડીના આંગણે શેષકાળમાં ૧ મહિના જેટલી સ્થિરતા દરમ્યાન સંઘમાં પર્યુષણ જેવું ધર્મભાવનાનું વાતાવરણ સર્જાયેલ.. સકલ શ્રી સંઘે પૂજ્યશ્રીને ચાલુ વર્ષના ચાતુર્માસ માટે અત્યંત આગ્રહપૂર્વક વિનંતિ પણ કરેલ. પૂજ્યશ્રીના જમખંડી નગરથી વિહારનો પ્રસંગ જાણે ચાતુર્માસ - વિદાય પ્રસંગ જ ન હોય તેવું વાતાવરણ સર્જાયેલ...

●●● સુવાક્ય ●●●

જે મનુષ્યનું મન જ્ઞાનથી હૃદય સાંકળુ થાય અને મુનિ મહારાજના પધારવાથી ઘર સાંકળુ થાય તો જાણવું કે તેનું સુકૃત ગળી ગયું છે તે જાણવું.

(ચંદરાજા શ્રી ચરિત્ર)

વૈભવ જળના તરંગ જેવો ચપળ છે. અને મનુષ્ય ભવ વીજળીના જેવું ચપળ છે. જે પુરૂષ ધર્મ કરવામાં આળશું રહે છે. તે કુપુરૂષ છે. સત્પુરૂષ નથી.

કલ્યાણને ઈચ્છનારા પુરૂષે નારી, નદી, રાજા, નાગ, નીચ નોકર, નખવારા પ્રાણી એટલાનો વિશ્વાસ કરવો નહિ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- કૃપાદૃષ્ટિ

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- જૈન શાસનમાં જાણવાનું અને ભણવાનું એટલા માટે છે કે જીવને સાચા અને ખોટાનો ખ્યાલ આવે. સાચું આચરણમાં આવે નહિ અને ખોટું છૂટે નહિ તો તે નકામું છે.
- સમ્યગ્દર્શન અને સમ્યગ્ જ્ઞાનથી જીવને સાચા - મોટા પરિણામનો ખ્યાલ આવે છે. જ્ઞાની જ્ઞાનની વાતો કરે પણ અમલ કરવામાં અખાડા કરે તો તે અસલમાં જ્ઞાની નથી.
- જે દેવ - ગુરૂ - ધર્મને માનીએ છીએ તેને ઓળખવાની ઈચ્છા ન થાય તો સમજવું કે સમ્યગ્દર્શન છે જ નહિ.
- જે જીવને સારામાં સારા દેવ - ગુરૂ મળે અને તેને દેવ - ગુરૂ થવાનું મન ન થાય તો સમજી લેવું કે તે મૂરખ શિરોમણી છે તેને કોઈ દિવસ સમ્યગ્દર્શન થવાનું નથી.
- મારે અરિહંત થવું છે. અરિહંત ન થવાય તો મારે સિદ્ધ થઈને મોક્ષમાં જવું છે.
- મારે આ સંસારમાં રહેવું જ નથી. જેને આ મન ન હોય તે અસલમાં અરિહંતનો પૂજારી જ નથી. આ થવાનું મન થાય તેને સાધુ થવાનું મન છે જ. તમને સાધુ થવાનું મન થતું નથી તેનું કારણ એ છે કે તમારે અરિહંત થઈને કે સિદ્ધ થઈને મોક્ષે જવું જ નથી.
- સંસાર અસાર ભગવાન બોલે અને તે ન લાગે તો જાણવું મિથ્યાત્વ ગાઢ છે તે અસાર લગાડવાનું મન થાય તો મિથ્યાત્વ મંદ પડે. મંદ મિથ્યાદ્રષ્ટિને ભગવાનની વાત યાદ રહે છે. તેને સુખ યાદ આવે તો અંદરથી જ અવાજ આવે કે મરી જઈશ. તેને ભોગવવાની ધાંધલ કરી તો કષાય તને ખાઈ જશે.
- દુનિયાના રંગ - રાગમાં શું બળ્યું છે દુનિયાની કોઈ ચીજ જોવામાં, સાંભળવામાં, ભોગવવામાં આનંદ આવ્યો તો આત્મા બગડયો જ સમજો સંસાર તો નર્યું ગંધાતુ કીચડખાનું છે આ કીચડખાનામાં તેને જ આનંદ આવે કે જે મિથ્યાત્વ અવિરતિ અને કષાયમાં બેહોશ હોય.
- પાપ કરીને સુખી થવું તે મહા દુઃખી થવાનો રાજમાર્ગ છે. પાપ ન કરવા ખાતર દુઃખ ભોગવી લેવું અંતે સુખ ઓછું મળે તો ચલાવી લેવું તે મહાસુખી થવાનો રાજમાર્ગ છે.
- પરિગ્રહી બધા દુઃખી ! પરિગ્રહમાં બાસેલ પણ પરિગ્રહમાં સુખ નથી, સંતોષમાં છે તેમ માને તે જ સુખી !
- દુનિયાના પદાર્થોની ઈચ્છા માણસને પાગલ બનાવનારી છે.
- મોજશોખના સાધનો માટે પૈસા મળે અને ભગવાનની ભક્તિ માટે પૈસા ન મળે તો પાપોદયવાળા જ કહેવાય ને ?
- પૈસા પાપ છે તેમ માને તે જ પુણ્યશાલી ફાવે !
- મહેલ જેલ ન લાગે, પૈસો અનર્થકારી ન લાગે તે ય પાપોદય !
- બહારની આંખ ગમે તેટલી સારી હોય પણ હૈયાની આંખ ઉઘડી ન હોય તો તે બધા આંધળા જ કહેવાય ને ?
- પાપ પ્રવૃત્તિ કરતાં જેનું હૈયું ન કંપે તે આસ્તિક નથી. આસ્તિકનું હૈયું પાપ કરતાં કંપ્યા વિના રહે નહિ.
- જે સુખ પાપ કરાવનાર છે, દુર્ગતિમાં મોકલનાર છે. તે સુખને સારું લગાડનાર કર્મ છે. તે કર્મને સારું કહેવાય ? ઉપકારક કહેવાય ?

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

G715

Received
24/06/2011

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૩

અંક ૪૩

આત્માના
સુખ-દુઃખનું મૂળ

જં अइतिक्खं दुक्खं, जं च
सुहं उत्तमं तिलोईए ।
तं जाण कसायाणं,
वुड्ढिक्खय हेउयं सव्वं ।।
(શ્રી સંવેગ રંગશાળા, ગા. ૭૦૨૫)

ત્રણે લોકમાં જીવને જે અત્યંત દુઃખ કે ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે તે સઘળું કષાયોની વૃદ્ધિ અને હાનિના કારણે જ થાય છે તેમ જાણો.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

હે મહાવીર પ્રભુના પુત્રો

હે વીર પ્રભુના પુત્રો, જરા કાન દઈ સાંભળજો..
મહાવીર તણા શાસનને, બદનામ કદી ના કરજો.
જો થઈ શકે તો રોશન, એનુ નામ જગતમાં કરજો
પણ છવ્વીસોની ઉજવણીથી, તમે જોજન છેટા રહેજો.....
એક હતો યુગ એવો પણ, જ્યારે જિન શાસન જયવંતુ
આજે આવ્યો છે યુગ આ, સૌ કરવા નીકળ્યા છે આશાતના
એ ઘોર મિથાત્વનું તમે, પાપ કદી ના કરજો.....
લોકોતર તીર્થંકરને લૌકિક કરવા કાજે છે આ ઉજવણી
તમે રહેશો ના એવી ભ્રમણામાં, કે આ છે જિનશાસન પ્રભાવના
આ શાસનની રક્ષા કાજો, ઘર બાર, ત્યજી નીકળજો.....
જો અટકાવી ન શકાય, ઉજવણી આવી
તો કયારે ન ભળિયે, આ ઉજવણી માં
આ માર્ગ છે આત્મવિઘાતક, ત્યાંથી ઝટ પાછા વળજો.....
જો જગમાં ફેલાતુ હોય, પ્રભુ શાસન
તો શું દુ:ખ હોય, પ્રભુદાસને
પ્રભુદાસની આ વાતો, તમે ધ્યાન ધરી સાંભળજો.....
ખૂબ ગર્વ છે અમને એનો, અમે જિનશાસનમાં જનમ્યા
પણ દુ:ખી થયા અમે આજે, એ શાસનની રક્ષા ન કરી શકયા
આજે આંખો વરસે છે, આ શાસન હિલના જોઈ.....
સૌ ક્રોડ રૂપીઆ મેળવવા, તીર્થંકરોને વેંચો છો
માન, સન્માન ને પામવા, શાસન આશાતના કરો છો
આ માર્ગ છે દુર્ગતિ પામવાનો, ત્યાંથી ઝટ પાછા વળજો.....
સરકાર ને શું પડી છે, કયાં અહિંસા એને પાળવી છે
અતિઘોર આશાતના કરવા, વેટીકન ને સાથ આપે છે
આ ચાલ છે વેટીકન ની, તેને સુક્ષ્મ બુદ્ધિથી જાણજો.....
અમે નિર્માલ્ય પ્રજા, આ ઉજવણીને ન અટકાવી
પણ શાસન રક્ષક દેવો, હવે જવાબદારી છે તમારી
આ અવિધિ માર્ગની સ્થાપના, તમે ક્યારે પણ થવા ન દેજો.....

લેખક: હિતેશ કે. મોરબીયા "વીર સૈનિક"
- ઘાટકોપર-મુંબઈ.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1062

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૯) સંવત ૨૦૫૭ જેઠ વદ ૧૩ મંગળવાર તા. ૧૯-૬-૨૦૦૧ (અંક : ૪૨/૪૩

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

જૈન શાસનની બલીહારી

જૈન શાસન જગતમાં જોમવંતુ છે જગતમાં આજે હિંસાનું તાંડવ, ભોગની ભૂતાવળ, વિષયોની નાગચૂડ, કામાંધતાની આંધી, પરિગ્રહ અને જૂઠનો પ્રવાહ વહી રહ્યો છે. તેમાં જૈન ધર્મની આગવી પ્રણાલિકા મુજબ મહાવ્રતધારી સાધુ-સાધ્વીજીઓ વ્રત તપ આરાધના અનુષ્ઠાનો દ્વારા જીવનને ધન્ય બનાવતા શ્રાવક-શ્રાવિકાઓ જૈન જગત અને વિશ્વની પણ ત્યાગની કલગી છે.

અનેક દીક્ષાઓ પણ જૈન શાસનના ત્યાગ રૂપ મહાન ધર્મની દુંદુભિ વગાડી રહી છે. યુવાન, બાલ અને ધનપતિઓ પણ આ કાળમાં સંયમ પંથે વિચરી જગતના જૈન શાસનની સર્વોપરિતા સમજાવી રહ્યા છે. ધર્મ પ્રભાવના અને આરાધનાના કાર્યોમાં ગજબ બળ દેખાઈ રહ્યું છે.

જૈન શાસનની સિદ્ધાંતિક રક્ષામાં તથા જૈન તીર્થોની રક્ષામાં તથા જૈન આચાર્યની તાત્ત્વિક રક્ષામાં હજી વધુ બળની જરૂર જણાય છે. જૈન શાસનને વાસ્તવિક નહિ સમજેલા અને લોકમાં માન્ય ગણાતાઓ જ્યારે જૈન શાસનના પ્રતિનિધિઓ બને છે. ત્યારે જૈન શાસનને ઘણી આપત્તિ આવી જાય છે

તેઓ ગોળને ખોળ સરખુ કહે છે. અને સિદ્ધાંતો તીર્થો અને જૈનાચારના બળને નબળું પાડે છે અને પોતેજ તેમાં મુખ્ય હોવાથી સિદ્ધાંતો તીર્થો અને આચારોને તેઓજ નષ્ટ કરે છે.

સિદ્ધાંતોની વાતો આવે ત્યારે અમે સમજાવી છીએ. આ કાળમાં આવું ન ચાલે. આગમની વાત આવે ત્યારે બધા વાંચી શકે તેવા ભાષાંતર જોઈએ તેમ વાત કરે વાંચે કોણ ? આજે એક કરોડ શ્લોક પ્રમાણ જૈન સાહિત્ય છે તેમાં ૧૦) આગમ ચૂર્ણિ નિર્યુક્તિ ભાષ્ય ટીકાનું સાહિત્ય છે. જ્યારે બીજાું ૯૦ લાખ શ્લોક સાહિત્ય છે. ગુજરાતી કાવ્ય ટબા વિ. સાહિત્ય પણ ૧૫/૨૦ લાખ શ્લોક પ્રમાણ છે. પણ તે વાંચવા જેવું અને આગમ ગુજરાતી વિ. માં જોઈએ. આવી વાત કરીને જૈન આગમ શાસ્ત્રો સિદ્ધાંતોને બીન ઉપયોગી જણાવી. શાસનના મૂળનેજ હલકા પાડવાનું કરે છે. અને એ રીતે સિદ્ધાંતની બાબતમાં આપણે નિર્બળ છીએ.

તીર્થોની રક્ષાની બાબતમાં એક તો કોર્ટોમાં કેસો જાય છે. વળી દિગંબરો આક્રમણ કરીને પગ પેશારી કરે છે. ત્યારે આમાં આપણે કેટલું કરીએ તેમ બતાવી લાચારી બતાવે છે. અને તેઓ પણ જૈનો છે એમ કહી તેમના આક્રમણને આવકાર આપે છે. અને સંઘ શ્રમણ સંઘના બળને ટકરાવે છે. અને ઓછું કરે છે. તીર્થોમાં થતાં પગ પેસારાને તેઓ સહજ નજરે જુએ છે.

અને દિગંબરો દ્વારા થતા જાહેર કાર્યોમાં આપણને પાછા રહી જશું અંદર જશું તો બચાવ થશે એમ કરીને અંદર જાય છે. અને સિદ્ધાંતિક દ્રષ્ટિ એ આપણે ખોવાનું જ થાય છે. બહાર રહીને દિગંબરોના તીર્થો પરના આક્રમણ સામે બળ ઉભું કરવાનું ફાવતું નથી.

આચારની બાબતમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ચારે સંઘમાં જે બળ છે તે ઘણું છે. છતાં સાધુ સાધ્વીમાં શિથિલતા, સ્વચ્છંદતા, ગુરૂઓની અવજ્ઞા, આજ્ઞાની

નિરપેક્ષતા, જ્ઞાન ધ્યાનની ઉપેક્ષા, કાર્યક્રમોની અત્યંત અપેક્ષા, ધન સંચય, અને સ્વતંત્ર માલિકોના મકાનો તેમાં ખાનગી સંચય વિ. તેમજ વ્રતની ઉપેક્ષા, સ્વાધ્યાય આદિ શાસ્ત્ર વાંચન વિ. ના રસનો અભાવ આ બધા દોષો સાધુ સાધ્વીજીના બળને ખાઈ જાય છે.

શ્રાવકો - શ્રાવિકામાં ધર્મ આરાધના ઉપેક્ષા ભક્ષ્યાભક્ષ્ય અને ગમ્યાગમ્યના વિવેકનો હ્રાસ, નાટક, સિનેમા, ટીવી અને દુનિયામાં કહેવાતા સંસ્કૃતિ નાટકીય અને ભ્રષ્ટાચારના કાર્યક્રમોમાં મોજશોખમાં પ્રવૃત્તિ, જૈન યુવકો દ્વારા તેમજ ભણેલા ગણેલાની રહેણી કરણી, શીલ સદાચારથી નિરપેક્ષ બનતી જાય છે. જૈન છે તેવા આચારોની નિરપેક્ષતા આ બાજુ જૈન શાસનના બહાલ બળને કોરી ખાય છે.

દુઃખી, સ્વાર્થી, લાલચુ દ્વારા ગરજ બતાવી તેવાઓના હિતેચ્છુ થઈ મંત્ર તંત્ર, દોરા, પદ્માવતી પૂજન, ઘંટાકર્ણ પૂજન, માણિભદ્ર પૂજન અને તેવા અનુષ્ઠાનો બતાવી જૈન ઘરના ઉત્તમ આચાર વિચાર અને વ્યવસ્થાઓ આવા દંભી ગુરૂઓ પોતે જ તોડે છે અને જગતના તારનારા શાસનમાં ડૂબાડવાનું કામ છે.

પુત્રની લાલસા વિ. માટે ડુંટી ઉપર વાસક્ષેપ નાખો, બીજા અનુષ્ઠાન બતાવવા પૂજનો દ્વારા બીજા યંત્રો દ્વારા આ લાલસાની પૂરી દેવાની ડંફાસ મારનારાઓ તો વર્ષોથી પ્રારંભ થઈ ચૂકયો છે. સ્ત્રીઓના હાથ વિ. લક્ષણો વિ. દ્વારા સહાયક બનવાના કાર્યક્રમ ચાલુ છે જ્યોતિષ દ્વારા ઉદ્ધાર કરવાના પ્રયોગો ચાલુ છે, નાણાના ઢગલા કરીને મિલ્કતો ભેગી કરવાનાં પણ ઢગલા મંડાઈ ગયા છે. આ બધું જૈનાચારના સાધુ આચારની લઘુતાની વૃત્તિરૂપ છે.

લાલચુ અને સ્વાર્થીને આ ધૂતારા કે ફકીરોની કંઈ અસર ન થાય પણ જૈન શાસનને તો તે કલંકિત કરે છે.

તેરાપંથી સાધુઓ નારી સ્પર્શમાં પ્રવેશ પામી ગયા છે. દિગંબરોની તો વાત ન્યારી છે નગ્ન શરીરની સાફસૂફી આહાર વખતે નારીઓ કરે છે. તેવી સ્થિતિમાં તપગચ્છને ન આવવું હોય તો નાયક આચાર્યો અને મુખ્ય ગણાતા મહાત્માઓએ સજાગ થવાની જરૂર પડશે. કાલકાચાર્યને સ્વચ્છંદી શિષ્યોને તેમણે સજાગ કરવા ગચ્છ છોડીને જવાનું [illegible] સ્વચ્છંદી, શિષ્યોનો અને અનાચારી શિષ્યોના ગુલામ થઈને તેમણે જીવવાનું પસંદ ન કર્યું, કેમ કે શાસન, શ્રમણ સંઘનું તે કબર બનાવવાનું સાધન બની જતું હતું.

'સમસ્યા સમાધાન' જાન્યુઆરી ૨૦૦૦, ના અંકમાં તેના સંપાદક અશોક સહજાનંદ જે લખે છે. તે દિગંબરની વિગત છે છતાં જૈન જગતને ચકકર આવી જાય અને સજાગ બની જાય તેવી છે. તેઓ લખે છે કે-

'મેરે પાસ મરાઠી પાક્ષિક ધર્મ મંગલ પત્રિકા દ્વારા દિગમ્બર જૈન શ્રમણ સંસ્કૃતિ રક્ષક સંઘ દ્વારા એક પોસ્ટર પ્રાપ્ત હુ આ જિસે દેખકર માને મેરે શહીદ કો મેરે પ્રાણ હી અલગ હો ગયે હોં । ગણધરાચાર્ય કી ઉપાધી સે અલંકૃત મુનિ મહારાજ કો દેખકર એસા લગતા હૈ કિ હમારી વર્તમાન પીઢી વ આનેવાલી પીઢી સ્વયં હી મુનિ વિરોધી હો જાએગી. આચાર્ય ભગવતો, પાઠકો, વર્તમાનમાર્ગીઓકો મૈ એક પ્રશ્ન કરના ચાહતા હું કિ - કૃપાકર મુઝે ઉસ પ્રાચીન ગ્રન્થ કા નામ બતાએં. જિસ મેં લિખા હૈ કિ ગણધરાચાર્ય કે ગોદમેં આર્યિક માતાજી અપના સિર રખકર સો જાયેગી, માતાજી યદિ અપને ગુરૂકો નમોડસ્તુ કરે તો ગણધરાચાર્ય માતાજી કે સિર પર ચરણ કમલ કો રખકર ઉન્હે આશીર્વાદ દેંગ એક યુવા લડકી કા હાથ પકડકર ગણધરાચાર્ય વિહાર કરેંગે, યુવા લડકીકી ચોટી પકડકે આર્યિકા માતાજી ભકિત સે અપના સાડી કા પલ્લા જમીન પર બિછાએગી ઔર ગણધરાચાર્યજી ઉસ પલ્લે પર અપને ચરણ કમલ વિરાજમાન કર ઉકત માતાજી કો આશીર્વાદ દેંગે.

પત્તા નહી ઐસે આચાર્ય જૈન સંસ્કૃતિ કો કહાં પહુંચાએંગે (પેઈજ ૨-૩)

આ નિવેદન એ માટે રજુ કર્યુ છે કે મહાન જૈન ધર્મની શોભા જગતમાં જય જયવંત છે તેમાં વર્તમાન કાળમાં શ્રમણ-શ્રમણી શ્રાવક-શ્રાવિકા જો સાવધાન નહી બને તો કેવી દશા આવશે.

આ વિચારણા માટે હાલ કેટલામો ક્ષયોપશમ છે એવો કયો સંઘ છે કે ? એવા કયા આગેવાન છે કે ? એવા કયા ગચ્છાધિપતિ કે પ્રમુખ સાધુ છે ?

એક વાત સ્પષ્ટ છે સાધુ ધર્મ અને શ્રાવક ધર્મની જેટલી ઉપેક્ષા છે તે જૈન શાસનને કલંક રૂપ બને છે.

શ્રી સંઘ સાવધાન વિશેષ શું ?

પ્રવચન - અડતાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩ ભાદરવા વદિ-૧, સોમવાર, તા. ૮-૯-૧૯૮૭
ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલુ;

પ્ર. - દુઃખ થાય તો ભારેકર્મીપણું ગયું ને ?

ઉ.- તે હજી નથી ગયું ને ?

તમે સમજી ગયા કે - આને ભારે કર્મી કહેવાય અને આ બધું આખો સંસાર - છોડવા જેવું માને તો લઘુકર્મી કહેવાય તો લઘુકર્મી થવાની ઈચ્છા નથી થતી ને ? જે ચીજ નુકશાન કરે તે સારી લાગે ખરી ? સારી લાગે તો દુઃખ પણ થાય ને ? તેમ આ સંસારની સુખસંપત્તિ આત્માને નુકશાન કરનારી છે તેમ જાણ્યા પછી પણ હજી મને સારી કેમ લાગે છે- તેવું દુઃખ પણ જો હૈયાથી થાય તો ધીમે ધીમે ઠેકાણું પડી જાય ! પૈસો કમાવો પડે તો કમાવ પણ જેમ જેમ પૈસો વધે તો ભય લાગે છે કે- નવળા ય અનર્થનું મૂળ આ પૈસો જ છે.

સભા : ભય લાગે તો માત્ર સરકારનો જ.

ઉ. : બધા ચોરટા જ ભેગા થયા છે ને ? વધારેમાં વધારે પૈસાવાળા તે મોટામાં મોટો ચોર થયો ને ?

આગળ પૈસાવાળાં હજી સારા મનાતા હતા. આજે તો પૈસાવાળા ખરાબમાં ખરાબ મનાય છે. તમારી આબરૂ શી છે ?

મોહનીયની અઠ્ઠાવીસ (૨૮) પ્રકૃતિ છે તેમાંથી સોળ (૧૬) પ્રકૃતિ ક્રોધ - માન - માયા - લોભની છે. તે ક્રોધાદિ કેવ લાગે છે ? કરવા જેવા લાગે છે કે છોડવા જેવા લાગે છે ? પૈસાનો લોભ ગમે છે કે ભૂંડો લાગે છે ? આજે જીવવા માટે તમારે શું શું જોઈએ છે ? સો - બસ્સો - પાંચસોમાં પણ પૂરૂં થતું નથી આમ બોલનારા રાંકડાઓ સાચા છે ?

પ્ર.- તૃષ્ણા કેમ ઓછી થતી નથી ?

ઉ.- જેને વધારવી હોય તેની ઓછી થાય જ નહિ. તૃષ્ણા ઘટાડવી છે તેમ મન થાય તો આજે તૃષ્ણા ઘટી જાય તેમ છે. વેપાર કરનારામાંથી પણ મોટો ભાગ વેપાર ન કરે તો ય મઝેથી સારી રીતે ધર્મજીવન જીવી શકે તેમ છે.

પ્ર.- તૃષ્ણાને તરૂણી કહી છે, કદી ઘરડી ન થાય તેમ કહી છે. તેનું કારણ શું ?

ઉ.- બુઢ્ઢાને તરૂણી ન ગમે. રોગી તો તેનાથી આઘા ભાગે. સંસાર રોગ લાગે તો તૃષ્ણા તરૂણીને મારવાનું મન થાય. તૃષ્ણા તો તરૂણી છે એમ માનનારા ધર્મી ન હોય. તેની પુષ્ટિમાં ખોટાં બહાનાં ન કાઢો.

જ્યાં સુધી આ સંસારનું સુખ ખરાબ ન લાગે ત્યાં સુધી આત્મામાંથી મિથ્યાત્વ ખસે જ નહિ. શ્રી અરિહંત પરમાત્મા પાસે જાય તો ય તેનું મિથ્યાત્વ જીવતું ને જાગતું રહે. ભગવાનની દેશના સાંભળનારા ય એવા પથરા પાકયા છે કે તેમને કદી અસર ન થાય. જેને અસર નહિ થાય એમ જાણે તેને ઉદ્દેશીને ભગવાન પણ કહે નહિ. શ્રી જમાલિ બગડયા પછી ખુદ શ્રી ગૌતમ મહારાજા તેને સમજાવવા જવા ઈચ્છે છે તો ખુદ ભગવાને કહ્યું છે કે- ગૌતમ ! જવા દે. તે હવે સમજાવવા જેવો રહ્યો નથી.

સંસારનું સુખ અને તે સુખનું સાધન જે સંપત્તિ તે બેને ભૂંડા લગાડવાની તમારી મહેનત ચાલુ છે ? તે બેના ઉપર હજી જે રાગ થાય છે તેના બદલે દ્વેષ કરવાની જરૂર છે તેમ પણ સમજાય છે ? તે સુખ અને સંપત્તિનો રાગ મને મારી નાખશે, મારૂં ખરાબ કરશે તેવી પણ શ્રદ્ધા છે ? તે સુખ અને સંપત્તિ આત્માનું ભૂંડું જ કરનાર છે. આત્માને દુર્ગતિમાં મોકલનાર છે, સંસારમાં ભટકાવનાર છે, નરક - નિગોદાદિમાં મોકલનાર છે- આવો પણ તે બેનો ભય લાગે છે ? આ રીતે તે બેની ઉપર દ્વેષભાવ નહિ જન્મે ત્યાં સુધી વૈરાગ્ય આવશે નહિ. શાસ્ત્રે સુખના રાગ ઉપરના દ્વેષને વૈરાગ્યની યોનિ કહી છે. સુખ અને સંપત્તિ ઉપર વૈરાગ્ય નહિ આવે ત્યાં સુધી સાધુપણાની સાચી ઈચ્છા પણ જન્મે નહિ. સાધુપણાની ઈચ્છા કોને ન થાય ? જેને સંસારના સુખનો ગાઢ રાગ હોય તેને. તેને સંસારની સુખ-સંપત્તિ દુર્ગતિમાં લઈ જનાર છે તેમ પણ લાગે નહિ. આવું પણ ન લાગે તેનામાં સમ્યક્ત્વ પણ હોય ખરું ? ના અને મિથ્યાત્વ હોય તો ગાઢ જ હોય ! તમારામાં ગાઢ મિથ્યાત્વ છે ? જાય તેવું જ નથી ? તો પછી તમારો નંબર ભારેકર્મીમાં આવે. જેને ભગવાનની વાત ગમે તેને જ સંસારની સુખસંપત્તિનો ભય લાગે.

તેમને મૂંઝવી મૂંઝવીને, પાપ કરાવી કરાવીને દુર્ગતિમાં મોકલી આપનાર છે તેમ તેને લાગે. એટલે તેને તે સુખ આપનાર માતા - પિતા ભાઈ - ભાડું - ભાર્યાદિ ભયરૂપ લાગે.

પ્ર.- ગયા ભવમાં ઊંચી ભાવના આવી હશે ત્યારે આ બધી સુખ સામગ્રી પામ્યા હોઈશું ને ?

ઉ.- સાથે સાથે એવું પાપ બાંધ્યું છે કે ધર્મની સામગ્રી ન ગમે, માત્ર સુખસામગ્રી જ ગમે. ધર્મી માટે આ બહુ મોટો જુલમ કહેવાય ને ?

તમને બધાને ઘર જેટલું મારું લાગે છે તેટલું મંદિર મારું લાગે છે ? ઘરમાં કાંઈ નુકશાન થાય - ફેરફાર થાય તો સુધારો કરો છો તેમ મંદિરમાં કાંઈ નુકશાનાદિ થાય તો સુધારો કરવા જાવ છો ? 'મંદિર સંઘનું છે માટે સંઘ કરશે' આવું માને તેને એવું પાપ બંધાય છે કે જેનું વર્ણન ન થાય ! ભૂતકાળમાં ધર્મ જરૂર કરેલો પણ વિપરીત ભાવથી કરેલો માટે આજે ઘર પર જેવડો પ્રેમ થાય છે તેટલો મંદિર મળે તો પણ તેના ઉપર પ્રેમ નથી થતો. ઘરમાં બધું રાચરચિલું જોઈએ અને મંદિર માટે કશું કરવાનું મન ન થાય. આજના પૂજા કરનારા મોટાભાગને ભગવાનની પૂજામાં પાઈનો ય ખર્ચો નથી અને પાછા ઉપરથી શેખી મારે છે. ટ્રસ્ટીઓ કદાચ વ્યવસ્થા ન કરે તો ટ્રસ્ટી પણ નાલાયક છે તેમ કહે છે. તે બધાનું ઘરમાં કશું ચાલતું નથી અને મંદિરમાં ધમાધમ કરે છે, રોફ જમાવે છે. એવા નાલાયકોને તો મંદિરમાં પેસવા દેવા જેવા નથી. તેવા પૂજા કરનારા ભગવાનની આશાતના કરે છે. તેવાઓને તો કાનપટ્ટી પકડી મંદિરની બહાર કાઢવાનું મન થાય તેમ છે. ભગવાનને કઈ રીતે લેવાય ? ભગવાન રમકડું છે ? ભગવાન ઉપર કેટલો પ્રેમ છે ?

તમે જ કહો કે- આ દુનિયાની સુખ-સંપત્તિએ અમને ગાંડા બનાવ્યા છે. તેમાં જ પાગલ થયેલા અમે સાર-સારનો વિવેક પણ ભૂલી ગયા છીએ. તમારે ડહાપણ જોઈતું હોય તો તે બેને ભૂંડા માનતા થાવ. તે બેના ઉપર જે ગાઢ રાગ છે તેને બદલે દ્વેષ પેદા કરો- ધર્મ પામવાનો આ જ રાજમાર્ગ છે.

આ જન્મમાં ધર્મ પામવો છે ? સાધુપણાને જ ધર્મ કહ્યો છે તે સાધુપણાનું મન કોને થાય ? દુનિયાની સુખસંપત્તિ દુર્ગતિમાં જ લઈ જનારી છે આવો ભય લાગે તેને સાધુપણાનું મન થાય. જેને સાધુપણાનું મન પણ ન હોય તેનામાં શ્રાવકપણું પણ આવે નહિ. મહાપરિગ્રહી અને મહારંભી ક્યાં જાય ? મહાપરિગ્રહ અને મહારંભ ન હોય છતાં ય તે બેની ભાવના હોય તે ય ક્યાં જવા ? ભિખારી પણ નરકે જાય. તમને આ ખબર છે તો આરંભ કરો છો તે સારો લાગે છે કે ખરાબ લાગે ? પૈસા કમાવ છો તો તે સારા લાગે છે કે ખરાબ લાગે છે ? તમને આજે પૈસા મળે છે તે તમારી હોંશીયારીના પ્રતાપે કે તમારા પુણ્યના પ્રતાપે ? તમને તો ખાવા ય ન મલવું જોઈએ તેવાં તમારાં કામ છે !

જૈનકુળમાં જન્મેલા રાતે ખાય ? મા-બાપ પણ ખવરાવે ને ? તે ય રાજીખુશીથી ? મારું તો માનવું છે કે- માબાપ ખરાબ નીકળ્યા છે માટે છોકરા બગડ્યા છે. માબાપ સારા હોત તો છોકરા બગડત નહિ. જે મા-બાપ પોતે શ્રાવક હોય નહિ તેના છોકરા શ્રાવક થાય ખરા ? છોકરા જેટલો અધર્મ કરે તે માબાપે શીખવ્યો છે માટે માબાપ પણ પાપના ભાગી થાય છે. જે માબાપે કહ્યું હોય તો તેઓ હજી બચી જાય. તમે તમારાં સંતાનોને કહ્યું છે કે- ''આ મનુષ્ય જન્મ મોક્ષે જવા માટે જ છે, તે માટે સાધુ થવા માટે છે. કદાચ કર્મયોગે સાધુ ન થવાય તો સારા શ્રાવક થવા જેવું છે. તે માટે દુનિયાની સુખ-સંપત્તિ ભૂંડી જ લગાડવા જેવી છે.'' શાસ્ત્રે કહ્યું છે કે- સાધુ અને શ્રાવક આજ્ઞા મુજબ સારામાં સારી આરાધના કરે તો સાત - આઠ ભવથી વધારે ભવ કરે જ નહિ. જે પોતાના સંતાનોને આ રીતે સમજાવે તે શ્રાવક સાધુ પણ આ બધી વાત ન કરે તો તેના સાધુપણામાં શંકા છે ! તેમ શ્રાવક પણ પોતાના સંતાનોને સાચું ન સમજાવે તો તેના શ્રાવકપણામાં પણ શંકા છે ! ધર્મ નહિ સમજેલા માબાપ ભયરૂપ છે તે માટે પુરોહિતની વાત કરવી છે.

તે પહેલાં નક્કી કરો કે- દુનિયાની સુખસંપત્તિ ભૂંડી જ છે. પાપના ઉદયથી સારી લાગે છે તો તે કયો પાપોદય છે ? અવિરતિનો કે મિથ્યાત્વનો ? મોટે ભાગે મિથ્યાત્વનો; કારણ કે અવિરતિ ભૂંડી નથી લાગતી તેનું પણ દુઃખ નથી તેને કાઢીને સમકિત પામવાનું છે. તે માટે મોહનીયની વાત પણ સમજાવવી છે. તેમાં કષાય અને નોકષાય નામના આત્માના શત્રુઓ કેવા ભૂંડા છે તે વાત પણ સમજાવવી છે. કષાયોએ અનંતબલ આત્માને કેવો રાંકડો ગરીબડો બનાવી દીધો છે તે બધી વાતો હવે પછી અવસરે ■ ■ ■

મહાસતી - સુલસા

લેખાંક - ૨

પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.

રાગર જેવાજ ઉદાર અને ગંભીર હતા; રાજગૃહ ના નગરવાસીઓ, સમુદ્રમાં હંમેશા નીર ઘૂઘવતા રહે છે.

રાજગૃહીના નર-નારીઓના જીવનમાં પણ ગુણોના તરંગો ધૂ - ધૂ ઘૂઘવતા રહેતા. સમુદ્ર, વાદળોને જળનું દાન કરે છે.

રાજગૃહીના રહીશો વૈરાગીઓને અને યાચકોને યથેચ્છ દાન દેતા. આથી જ તેઓ ઉદાર અને દાનવીર તરીકે ધરતીપર પંકાઈ ગયા.

સમુદ્રની ભીંતરમાં રત્નોનો ખજાનો ખડકાયો હોય છે.

રાજગૃહીના રહીશો પર પણ લક્ષ્મીદેવીની કૃપા - વર્ષા વરસતી રહેતી. આથી જ તેઓ લક્ષ્મીનંદન બની રહ્યા.

રાજગૃહીના બહુધા નાગરિકો આર્થિક દ્રષ્ટિએ સમૃદ્ધ હતા. ધનિકોનો વસવાટ ત્યાં સેંકડો - હજારોની સંખ્યામાં થયેલો. સમુદ્ર, અનેક - અનેક સરિતાઓના નીરથી સદૈવ ઉભરાતો રહે છે.

રાજગૃહીના વેપારીઓએ હજારો ગામડાઓની જીવાદોરીનું નેતૃત્વ સ્વીકાર્યું તું. રાજગૃહીનો નારીવૃન્દ પણ એવોજ ગુણગાન હતો.

* સુવર્ણના કટિસૂત્રો તેમની કેડ પર ચમકતા. ટકરાતા અને શરીર સાથેના તેના ઘર્ષણમાંથી પણ મધુર સંગીત રેલાતું.

* દેવાંગનાઓ જેવું જ દેહલાલિત્ય તે સુંદરીઓને ભેટ મળ્યું તું. જેવી તે સ્વરૂપવતી એવીજ શીલવતી.

* તે સન્નારીઓ પાછી પતિવ્રતા' વ્રતનું અખંડ પાલન પણ કરતી. આથીજ પતિદેવોના નાજુક પ્રેમનું તેઓ પાત્ર બની જતી.

મેરૂપર્વત જેવીજ ઉત્તુંગ તેમ છતાં કૃશ - સુડોળ અને ગોળાકાર દેહયષ્ટિ ધરાવનારી નારીઓ પણ રાજગૃહીમાં ઉપલબ્ધ હતી.

આવી સૌન્દર્યવતી તે રાજગૃહી...

* ન હતા; ત્યાં જ કોઈ જડબુદ્ધિ માનવો.

* ન હતા; ત્યાં બે-બોલા દુર્જન પુરૂષો.

* ન હતા; ત્યાં વિશ્વાસનો વિઘાત કરનારા શઠ પુરૂષો.

* ન હતા; ત્યાં મનુષ્યોનો વધ કરનારા આત તાયીઓ.

* ત્યાં સરોવર જેવા જળાશયોનો પાર ન હતો.

* ત્યાં બબ્બે જીભ ધરનારા દ્વિજિહ્વો (સર્પો)નો ઉપદ્રવ ન હતો.

* ત્યાં હિંસાત્મક વૃત્તિ - પ્રવૃત્તિને કોઈ પ્રવેશ પણ ન હતો મળતો.

સર્વત્ર એખલાસ... સર્વત્ર સૌજન્ય...

રાજગૃહીના પાસે વિશાળ હસ્તી સેના હતી, વિરાટ્ અશ્વસેના હતી. રાજગૃહીના નર-નારીઓ પણ હાથીની અંબાડી પર આરૂઢ બનીને નગરીમાં વિહરણ કરતાં. શ્રેષ્ઠીઓ બે - ચાર કે સાત અશ્વો દ્વારા સંવહન પામતા રથો પર આરૂઢ બની ગમનાગમન કરતા. સુંદર કલાત્મક અને આકર્ષક રથો તેમજ હસ્તી સવારો અને ઘોડેસવારોના સતત ગમના ગમનથી રાજગૃહીના વિશાળ રાજમાર્ગો પણ સંકીર્ણ બની જતા.

રાજગૃહી નગરી...

- ત્યાં જળાશયોમાં આસપાસના સેંકડો ફૂટનો સુરભિત બનાવી દે, તેવા સુંગધિ કમળો હંમેશા વિકસિત રહેતા.

- ત્યાંના હાથીઓના કુંભસ્થળમાંથી હંમેશા મદજળ પ્રસવતું રહેતું.

- ત્યાંની વાવડીઓનું જળ પણ સ્વચ્છ અને સુપેય હતું.

- ત્યાંના નિવાસગૃહો અને હવેલીઓ પણ શિલ્પની આકારણીઓથી સમેત હતા.

- ત્યાંના દરિદ્રો પણ મનભાવન - મિષ્ટ પદાર્થોનું ભોજન લેતા.

- ત્યાંના ઉદ્યાનગૃહો પણ પુત્રો સાથે ઉમટતી નારીઓથી વ્યાકૂળ રહેતા.

- ત્યાંના ઉપવનોમાં સંયમના ભેખધારીઓનો પડાવ પથરાતો રહેતો.

- ત્યાંના વેપારીઓ પ્રામાણિક અને નૈતિક હતા.

- ત્યાંના શૂરવીર પુરુષોના દાઢી - મૂછના કેશ નાભિ પર્યન્તના દીર્ઘ હતા.

- ત્યાંના શ્રેષ્ઠિઓ ગણપતિ જેવું વિશાળ ઉદર અને દક્ષચિત્ત ધરાવનારા હતા.

- ત્યાંની સ્ત્રીઓનો કેશપાશ કટિભાગ સુધી પ્રસરેલો રહેતો. તે રાજગૃહીનગરીમાં વસ્યા તા...

- કલ્પનાને સાક્ષાત્કાર આપી દે, તેવા મૂર્ધન્ય ચિત્રકારો. - સરસ્વતીના હાથ બાંધી દે, તેવા અફલાતૂન વીણા વાદકો. - શંકરના ગર્વનું ખંડન કરી દે, તેવા ઢોલ-નગારાના વાદકો. - ગંધર્વોને પરાભૂત કરી દે, તેવા શૂરીલા સંગીતકારો. આવી હતી, તે રાજગૃહી.

તે કાળે અને તે સમયે રાજગૃહીનું આધિપત્ય રાજવી શ્રેણિક સંભાળી રહ્યા હતા. પૂર્ણિમાના પૂર્ણ વિકાસી ચંદ્ર જેવું જ સ્વરૂપ હતું, રાજવી શ્રેણિકનું. *ચન્દ્રમાની ચોફેર જેમ નક્ષત્રોની માળા પથરાયેલી રહે છે, *રાજવી શ્રેણિકના અંગ પર પણ તેમ ઉજ્જવળ અલંકારો શોભતા રહેતા. *ચન્દ્રમાના દર્શન માત્રથી પણ કુમુદના પુષ્પો ખીલી ઉઠે છે, બસ ! તેમ રાજવીના દર્શનમાત્રથી પણ પ્રજાજનો પ્રફુલ્લિત બની જતા. *ચન્દ્રમાનું બિંબ વર્તુળના આકારમાં નિયન્ત્રિત રહે છે; રાજવીનું જીવન એ રાજવીની નીતિ પણ રાજનીતિના બંધારણમાં સીમિત રહેતા.

રાજવી શ્રેણિક....

- સદાચારમાં શ્રદ્ધા ધરાવતો.
- શિષ્ટોને સહાય કરતો.
- દુષ્ટોનું દમન કરતો.
- યુદ્ધકળામાં તે પ્રવીણ હતો.

પુષ્પોના ચિત્રથી ચિત્રિત એવી તલવારો વીંઝી - વીંઝીને તે શત્રુઓના લોહી ચૂંસી લેતો.

મબૂર ! નાગપાશની જેમ ચોમેર ભરડો લેતી જતી શ્રેણિકની તલવારના ત્રાસથી ત્રસ્ત બની ગયેલા અને એથી જ રાજવી શ્રેણિકના શરણે દોડી આવેલા કેદી રાજાઓએ જ જાણે શ્રેણિકની કીર્તિમાળામાં પોતાના પરાક્રમોના પુષ્પ પણ ગુંથી દીધા હોય, એવી ભ્રાંતિ અચૂક થતી; તે તલવારમાં અંકાયેલી પુષ્પમાળાઓને નિહાળી. હિમપુત્રી પાર્વતી જેવી જ ઉજ્જવળ રાજવીની કીર્તિ હતી.

વિશ્વવ્યાપિની દિગન્તગામિની.

શંકર જેવા શ્યામળ પુરુષો એથીજ ડરી ગયા. પોતાની શ્યામળતા છૂપાવવા પત્ની પાર્વતીના ગૌર અંગમાં તેઓ અંતર્ધાન પામી ગયા.

દેવાંગનાઓ પણ અનિમેષ નયને નિહાળતી રહે, એવું અદ્‌ભુત તેનું રૂપ હતું. આ શ્રેણિકને સુનંદા નામની પટ્ટરાણી મળી.

- સુનંદાના અંગોપાંગોમાં લાવણ્યના દરિયા ઉમટતા.
- સુનંદા, નર્મદા નદી જેવી જ પવિત્ર હતી.
- પૂરેપૂરી પતિ પરાયણ.

શ્રેણિક સિવાયના અન્ય પુરુષની છબિ પણ તેના મનમાં ઉપસતી નહિ. ગજગામીની તેની ચાલ જોતાજ યુવકોના દિલ પ્રસન્ન બની જાય. રાણી સુનંદા સાથે દીર્ઘકાળ સુધી ભોગો ભોગવ્યા પછી રાજવી શ્રેણિકને 'અભય' નામના કુમારની પ્રાપ્તિ થઈ.

- સુ-સ્વપ્નોથી સૂચિત હતો; તે સુનંદાનો લાડલો.
- જન્મથીજ ચાર-ચાર પ્રકારની બુદ્ધિ નો તે બેતાજ બાદશાહ.
- ભલ - ભલા રાજનીતિજ્ઞોને 'ભૂ' પીવડાવી દે, એવો તે ચતુર.

૧. ઉત્પાતિકી ૨. વૈનયિકી ૩. કાર્મિકી અને ૪. વયોજન્યા.

બુદ્ધિના આ ચારેય ભંડારો તેના મનમાં જ ભંડારાયા તા. આથી જ તે અભયકુમાર માત્ર ૨ વર્ષની લઘુ વયમાં તો રાજા શ્રેણિકની ૫૦૦ - ૫૦૦ મંત્રીઓની પર્ષદામાં 'સર્વોપરિ'નો ખિતાબ લૂંટી ગયો ૫૦૦ મંત્રીઓમાં તે અગ્રેસર.

બુદ્ધિની અણીયાળી પરીક્ષામાં ઉત્તીર્ણ પૂરવાર થઈને તેણે મહામાત્યનું પદ મેળવ્યુ તુ.

ક્રમશ :

રાષ્ટ્રીય જૈન ઉજવણીનો વિરોધ કેમ ?

પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.

પ્રવચન છઠ્ઠું ગતાંકથી ચાલુ

(આ પ્રવચન ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ રાષ્ટ્રિય ઉજવણી પ્રસંગનું છે પણ તે ઉજવણીની કાર્બનકોપી જેવી ૨૬૦૦મી વી. જન્મ કલ્યાણક ઉજવણીને લાગુ પડે છે. - સંપાદક)

ભગવાન કહે સંસાર છોડો, સાધુ થાવ, સાધુ ન થવાય તેવી શકિત આવે માટે શ્રાવક થાવ, શ્રાવક ન બનાય તો સમકિતી થાવ, સમકિતી ન બનો તો માર્ગાનુસારી બનો. માર્ગાનુસારી કોને કહેવાય ? ભગવાનની ના આજ્ઞા તમને મંજુર છે કે - સંસાર છોડી, સાધુ થઈ મોક્ષે જવાની આજ્ઞા મંજુર છે ? સાધુ પણું ન જીવાય તો શ્રાવકપણું જીવવાની જરૂર લાગી ? શ્રાવકપણું ન જીવાય તો સમકિત મેળવવાની જરૂર લાગી છે ? સમકિત ન જીવાય તો અન્યાયથી મલતુ ધન અને સુખ અમારે જોઈતું નથી. અન્યાયથી મલતા ધન અને સુખ ભોગવતા પારાવાર દુઃખ થાય છે. તેમ બોલે.

આ જ ભગવાનનો ઉપદેશ. આ ઉપદેશને અનુરૂપ આ રાજ છે ! આ પ્રજા છે ?

સરકાર જાહેર કરે કે- ''અસલમાં સંસાર છોડવાનું જેવો છે, સાધુ થઈ મોક્ષે જ જવા જેવું છે. કમનશીબે સાધુ ન બની શકે તો સદ્‌ગૃહસ્થ બને; સદ્‌ગૃહસ્થ ન બની શકે તે સારા વિચાર વાળા થાય. અમને રાજનો લોભ જાગ્યો છે માટે બેઠા છીએ.'' આટલો સંદેશો જગતને પહોંચાડે તો અમે સાથે ભળીએ.

આ આર્યપ્રજાને ઊંધુ શિક્ષણ આપી પાયમાલ કરી નાખી. ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું નિર્વાણ એટલા માટે ઉજવીએ કે- ''જગતમાં એમના જેવા ઉત્તમમાં ઉત્તમ પુરૂષ થયા; જૈનો તો 'દેવાધિદેવ' માને. અમને ફરમાવ્યું કે- સંસાર વસવા જેવો જ નથી, મોક્ષે જ જવા જેવું છે માટે જ સાધુ થવા જેવું છે. તે ન બને તો અલ્પારંભી અને અલ્પ પરિગ્રહી જીવન જીવવા જેવું છે; કામ અને ધન તો ભૂંડા છે.'' આજના ઉજવણીકારો આવું માનવ તૈયાર છે. આજે મંદિર - ઉપાશ્રય બંધવા માટે જગ્યા ના મલે પરંતુ સીનેમા - હોટલો - હોસ્પિટલો માટે મલે. આજે દુનિયાની નેતાગિરિ કેવા માણસો પાસે આવી છે. સારા સારા માણસ પાસે નેતાગિરિ આવવાની નથી તેને તો ભાગવું પડશે. સારા માણસને ચૂંટણીમાં ઉભા રહેવા કહો તો કહે મારી પાસે સાધન નથી, ચૂંટણીમાં ઉભા રહેવા જેવું નથી. આજે ચૂંટણીમાં ચૂંટાવા માટે પૈસા જોઈએ, સામે નાની નિંદા કરવી, પોતાના વખાણ કરવા અને પ્રજાને ખોટા વચનો આપવા તે વિના ચૂંટણી ચૂંટાય નહિ. આવી ચૂંટણીને આજના મૂર્ખાઓ આશીર્વાદ કહે છે. આવા યુગમાં ભગવાન્ મહાવીર અને મહાવીર પરમાત્માનું શાસ્ત્ર પચે ? સરકારને ના આગેવાનો શું જોઈને કહી આવ્યા !

સભા : સરકારે ય વેપારી છે, કમિટિમાં બેઠા છે તેય વેપારી છે.

આજની ૧૬ મહિના પહેલા અમારા માણસો દિલ્હી ગયેલા ત્યારે દિલ્હીના સારા ગણાતા રાજના અધિકારીઓએ કહ્યું કે- **'સરકારને અને શેઠિયાઓને ભગવાન મહાવીર સાથે શું લાગેવળગે છે.' આ તો ભગવાનનું નામ છે અને સૌ સૌના કામ છે.'**

અમે ગાંડા નથી કે વિરોધ કરીએ પણ ખોટું થાય તો વિરોધ જરૂર કરીએ, ન કરીએ તો અમારૂં સાધુપણું લાજે.

આ ઉજવણી જે રીતે એ લોકો કરવા માંગે છે તેમાં નિર્વાણ કમિટિ અને રાષ્ટ્રીય કમિટિ નીમાઈ છે. તે કમિટિઓ બાર મહીના જ પૂરતી નથી પરંતુ કાયમ માટે શ્રી જૈન સંઘને માટે ઠોકાઈ જવાની છે. પછી તો જૈન ધર્મ કેમ પાળવો, મંદિર કેવી રીતે રાખવા, પૂજારી કેવી રીતે રાખવા તે બધું તેમને પૂછ્યા વિના કરાશે નહિ'' હિન્દુસ્તાનમાં બ્રિટીશરોએ એવી ગોઠવણ કરેલ કે- રજ રાજાઓના દિવાન તેમના (બ્રીટીશરોના) રાજાઓને કેવી રીતે ઉઠાડવા તે બ્રિટીશરોની યોજના હતી. તે યોજના રૂપે ધમાલ કરાવવા આજના નેતાઓને બેસાડી ગયા. આ દેશમાં કેટલાંક પક્ષો અમેરિકા તરફી અને કેટલાક રશિયાના પ્રતિપક્ષી છે. એ લોકો સહાયના ઢગલા ખડકે છે તો બધા પરોપકારના પૂતળા હશે ! રાજ ભયંકર

કોટિનું છે તેનો છોડી દો. આપણી તો એ વાત છે કે ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકની જે રીતે ઉજવણી થઈ રહી છે તેનો વિરોધ કરવો.

આજે જે ભસ્મગ્રહની વાત થઈ રહી છે તેમાં અમને એક જ વાત મલે છે કે ભગવાનના જન્મ નક્ષત્રમાં તે ગ્રહની સંક્રાતિ થઈ. નિર્વાણ વખતે શ્રી ઈન્દ્ર મહારાજાએ ભગવાનને વિનંતિ કરી કે- હે પ્રભો ! 'ભગવન્ ક્ષણમ્ આયુ વર્ધક.' કેમ કે આપના જન્મ નક્ષત્રમાં દુષ્ટગ્રહ સંક્રામ થાય છે, થોડું ક આયુષ્ય વધારો જેથી શાસન સુખે ચાલે.

ભગવાન કહે કે- 'મોહ છોડી દે, ગાંડો થા મા ! ભાવિ અફળ થવાનું નથી. મારા શાસનને પીડા થવાની જ છે. શાસનના આરાધકોને મુશ્કેલી તે જ પીડા. તેને કોઈ ટાળી શકે તેમ નથી. શ્રી તીર્થંકરો આયુષ વધારી શકતા નથી. તેમ ઘટાડી શકતા પણ નથી.''

આટલી વાત મેં જોઈ છે. પછી ૨૫૦૦ માં ૫૦૦ વર્ષ વધ્યાના આ વાત કયાંથી કરે તે ખબર નથી.

શાસનમાં પ્રભાવક પુરૂષો પાકશે એટલે પાછું શાસન ઝળહળતું થશે. પહેલા જેવું થયું તેવું હવે નહિ થાય કેમ કે કાળનો પ્રભાવ છે. આ તો અવસર્પિણી અને તેમાંય હુંડા અવસર્પિણી. પાછા પાખંડીઓનુ જોર વધે તો શાસન મુશ્કેલીમાં મુકાશે. આવા રાજ્યો આવે તો ભયંકર મુશ્કેલી થાય. લોકોને મંદિરમાં પાઈ-પૈસો નાંખવો તે ય મુશ્કેલ. કારણ કે સરકાર ૬૫% લઈ જાય અને ગમે તેમ વાપરે તે ગમતું નથી. તમને પૈસા નાંખવા બંધ કરાવીએ તો પછી ચાલુ કરાવવા તે ય મુશ્કેલ. આજે પૈસો કોની પાસે છે. આગળ માણસ ગમે તેવો હોય પણ તેનો પૈસો ઉન્માર્ગે જાય નહિ. કૃપણનો કાકો હોય પણ તેના દિકરાના ય હાથે પૈસો સન્માર્ગે જતો. આજે પૈસો એવા માણસો પાસે છે કે પૈસો કયાં જાય છે. તેની જ ખબર પડતી નથી.

''ભગવાનનો સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ એ ઉત્તમોત્તમ મોક્ષમાર્ગ છે. દુઃખ ભોગવવું અને સુખ છોડવું તે સમ્યગ્દર્શન શીખવે; સુખ છોડવું કેમ અને દુઃખ મઝેથી વેઠવું કેમ એ સમ્યગ્જ્ઞાન શીખવે. આ જ્ઞાનનો પ્રચાર કરવાનો છે. દુઃખને ભોગવવાની અને સુખને છોડવાની કબૂલાત કરવી તે ચારિત્ર. ચારિત્રને ઉજ્જવલ કરવા ઈચ્છામાત્રનો રોધ કરવો તેનું નામ તપ.''

કમિટિમાં બેસનારા બધા આ વાતને મંજૂર કરનારા છે. આ સરકાર અને કમિટિના સભ્યો આ કબૂલ કરે અને કહે કે બાર મહિના સુધી આજ પ્રચાર કરવો છે કે- ''આપણા પાપનું ફળ દુઃખ છે તે સારું નથી, વેઠવા જેવું છે, પુન્યથી મલતું સુખ આત્માને પાયમાલ કરનારું છે માટે ભૂંડુ છે, છોડવા જેવું છે. દુઃખ કેમ ભોગવાય અને સુખ કેમ છોડાય, છોડયા પછી યાદી ય ન આવે તે સમજવા માટે સમ્યગ્જ્ઞાનના પુસ્તકોના પુરસ્કો છે. સુખને લાત મારી અને દુઃખને આમંત્રણ આપવા પૂર્વક વેઠવાના તેનું નામ ચારિત્ર.'

ઘરનો વડો કોણ કહેવાય ? ઘરને ખવરાવીને ખાય તે કે મારે તે ? આજના પ્રધાનોના ભથ્થા તેમની સગવડો વિશેષાધિકારોનું લીસ્ટ વાંચો તો ખબર પડે કે આ નાલાયકો જગતનું ભલું કરવા નાલાયક છે. ઉપર જણાવ્યો તે પ્રચાર કરવાનો નિર્ણય કરે. બાર મહિના સુધી તે જ પ્રચાર કરે તો અમે તેમની સાથે છીએ.

ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક જેમ આપણે ઉજવી એ છીએ. છઠ્ઠ કરે, દેવનંદના ગણણું આદિ કરે, દાન દેવાય, અનુકંપા થાય છે, સાધર્મિક વાત્સલ્ય, ઓચ્છવ મહોત્સવાદિ થાય છે.

બધા રેડિયાવાળા ખોટા પાંખડી પ્રચાર કરે છે તે બંધ કરે અને આ જ પ્રચાર કરે, જ્યાં જાવ ત્યાં આજ અવાજ આવે.

આજે તો 'અંડા ખાવ લોહી બઢાવ' સવારથી ચાલુ, નાના નાના ગામોમાંય ચોરા પર ભેગા કરી આજ પ્રચાર લોકો નું સત્યાનાશ વાળ્યું આમાં દેશનો ઉદય કહેવાય ! જે લોકે ઈંડા જોયા ન હતા તે બધા ખાતા થઈ ગયા. તે બધું બાર મહિના બંધ કરી દે. કતલખાના બંધ કરવા તે તેમની તાકાત બહારનું છે કેમ કે માંસ ખાનાર પ્રજા એવી તૈયાર કરી કે, બંધ કરે તો તેમના પ્રાણ લે.

બાર મહિના આ ડંકો વાગ્યા કરે.

સભા : સરકારને શું ફાયદો ?

સરકાર તો ફોરેન એક્ષચેન્જ માટે કરે છે. મૂળ હેતુ આજ છે. વધારે વિદેશીઓ આવે તો વધુ હુંડીયામણ મલે. આની પછવાડે સરકારને ૫૦ કરોડ મળવાના છે.

ઉત્તર : હવે તો વિરોધ કરવાની જરૂર છે ને ? કર્યા વગર ચાલે તેમ નથી ને ? પણ વિરોધ કરવા માટે બધાનું

બળ જોઈએ. શક્તિ સંપન્નો જુથ પેદા કરે, નિર્ણય લે, શક્તિ મુજબ કામ કરે, વિચારોની આપ લે માટે વારંવાર ભેગા મળે અને સિદ્ધાંત મુજબ ચાલે. મારા વિચારો તો ચુસ્ત જ છે કે વિરોધ કરવો. જે મને સમજાવે કે વિરોધ કરવા જેવો નથી, વિરોધ કરવાથી નુકશાન છે તો હું વિરોધ મૂકવા તૈયાર છું. જે લોકો ઉજવણીની તરફેણ કરે છે તો તે લોકો ખોટા થાય તો તરફેણમાંથી ખસી જવાની તૈયારી હોવી જોઈએ.

અમે તો વિરોધ વર્ષોથી કરતા આવ્યા છીએ, દોઢ વર્ષ અમે બંધ રહ્યા તેનું કારણ તમો સૌ જાણો છો. આમાં સફળ થઈશું **તો શાસનનો જયજયકાર થશે, નિષ્ફળ થઈશું તો અમારી કમનશીબી, ભગવાનનું શાસન જયવંતુ છે.**

જે લોકો અમને સમજાવે કે, વિરોધ ખોટો છે તો છોડવાની અમારી તૈયારી છે. **શાસન અને શાસનના સિદ્ધાંતો પાળવવા છે. સિદ્ધાંતોથી વિરૂદ્ધ વાત જરાપણ ન ચલાવાય.** ફળ તો જ્ઞાનીઓએ જોયેલ હશે તે આવશે.

અમને સરકાર કે આગેવાનો પર રોષ નથી. આવા કાળમાં આવું જ પુન્ય હોય. જેમનું પાપાનુંબંધી પુન્ય જોરદાર છે તે આવું કરે તેમાં નવાઈ નથી, પણ જે કરી રહ્યા છે તે ય ખોટું છે તે સમજતા નથી તેનું દુઃખ છે.

'બાપા સાધુ એક હોત તો આ બધાને કાનપટ્ટી પકડી બેસાડી મૂકત. છતાં ન બેસત તો જગતમાં જાહેર કરત કે આ લોકો આગેવાન થવા લાયક નથી.' એ બધામાં સાર નથી. આજે જે બની રહ્યું છે તે ઘણું ખરાબ બની રહ્યું છે.

શાસ્ત્રોની વાત, શાસ્ત્ર સમજી શકાય તેની વાત કોઈના પર છોડવી તે બરાબર નથી. ઉપાધ્યાયજી યશોવિજયજી મ. કહી ગયા કે આ કાળમાં શાસ્ત્ર જોયા વિના ચાલે નહિ, શાસ્ત્ર આપણી આંખ છે.

વિરોધ કરવામાં મુશ્કેલી ઘણી છે, શ્રમ ઘણો ખર્ચવો પડશે. અને અમારી શક્તિ ખર્ચીશું. તમે તમારી શક્તિ ખર્ચો તો આપણા સુપ્રયત્નથી ધાર્યા કામ કરી શકીએ.

હજુ પણ અમે આગેવાનને જણાવવાના છીએ કે **''હજુ સમજો મોટી ભૂલ કરી ચૂક્યા છો, કોઈપણ ધર્માચાર્યને પૂછીને ગયા નથી, પોતાના ગામના સંઘને ય પૂછ્યું નથી, આપોઆપ ચઢી બેઠા છો, સરકાર પાસે પૈસા માંગવા ગયા અને સરકારને કરવા લાયક કાર્યક્રમ તમે નક્કી કર્યો તે મહામૂર્ખાઈ કરી છે.**

જૈનો જાહેર કરે કે તમે લોકો સમિતિમાંથી ઉઠી જાવ. આ કાર્યક્રમ ઘડવામાં તમે થાપ ખાઈ ગયા છો. સરકારે જે કરવું હતું તે કાર્યક્રમમાં છે. રાષ્ટ્રીય પાર્ક કરવો, બાલમંદિરો સ્થાપવા, પુસ્તકાલય બનાવવા વિ. સરકારી કાર્યક્રમ છે. આ વાત આગેવાનોને જણાવવાની છે, તે સમજી જાય, ઉઠી જાય તો આપણું કામ ઘણું ઓછું થઈ જાય. આ આગેવાને જે રીતે મૂરખ બની ગયા છે તેની તેમને ખબર નથી અને તેમને મૂરખ બનાવનારા માખણીયા પણ ઘણાં છે.

જે રાજ નિર્લોભી હોય, નિસ્વાર્થી હોય, પ્રજાનું ભલું કરનારું હોય તે રાજમાં પ્રજાનો પ્રવેશ થાય. આ રાજમાં આટલા વર્ષો થયા પ્રજાને ચૂસે, બધા જ સ્વાર્થી એવા રાજમાં પ્રવેશ થાય શી રીતે ?

હવે, તો ગામેગામના સંઘોના વિરોધના ઠરાવ - તાર અને આ વિચારના હોય તો ૧૮ વર્ષથી ઉપરના દરેકની સહીઓ મોકલી આપવાની. તે મોકલ્યા પછી શું કરવું, કેવા પગલાં ભરવા તે હવે પછી...

એક આનંદની વાત જણાવવાની છે કે ઉપા. શ્રી ધર્મસાગરજી મ. એ વિરોધની રીટ અરજી કરેલ તે દાખલ થઈ ન હતી પરંતુ ૨૪/૧/'૭૪ના રોજ દાખલ થઈ છે. સરકારને થયું છે વાત વિચારવા જેવી છે. સ્ટે ઓર્ડર માગેલો પણ તે ન આપ્યો પરંતુ ૪-૬ અઠવાડીયામાં કેસ પૂર્ણ કરશે તેમ જણાવ્યું છે.

આ રીતના સત્યના ખપી બની આજ્ઞાના સૌ રસી બનો તે જ શુભાભિલાષી સાથે વિરમું છું.

■ ■ ■

મહાવીર શાસન / જૈન શાસન / જૈન બાલ શાસન
મુંબઈના પ્રતિનિધિ

શાહ રમણીકલાલ ભીમજી હરીયા
સર્વોદય શ્રીનાથ કો. બી.-૫૦૩,
રાજા ઈન્ડસ્ટ્રીઝની પાસે, મુલુંડ વેસ્ટ,
મુંબઈ - ૪૦૦ ૦૮૦ **ફોન : ઓ. ૫૬૪૭૧૦૨**

આદરણીય - અભ્યાસી

આપણે ત્યાં સૂત્રને ઉપયોગ પૂર્વક બોલવાનું કહ્યું છે. સૂત્રના ઉચ્ચારણમાં જો એકાદ શબ્દ રહી જાય, આઘું-પાછો થાય તો અર્થનો અનર્થ થઈ જાય. જેમ લખ્યું હોય કે 'આગળ ગાડી છે.' અને 'આગ લગાડી છે' આવું વાંચે તો શું થાય ? 'અહીં કચરો નાખવો નહિ, નાખશે તો દંડ થશે.' આવા વાકયમાં 'અહીં કચરો નાખવો, નહિ નાખશો તો દંડ થશે' આમ વિરામ ચિહ્ન આઘું-પાછું થવાથી કેવો અનર્થ થાય છે.

તેમ આપણા મોહરૂપી વિષનો નાશ કરનારા સૂત્રોમાં પણ બોલવામાં શુદ્ધ ઉચ્ચારણ ન કરાય, જોડાક્ષરો પણ બરાબર ન બોલાય તો અર્થનો અનર્થ પણ થાય. જેમકે

(૧) 'સવ્વ પાવપ્પણાસણો'માં 'સવ પાવપ્પણાસો' બોલો તો સવ-શબ-મડદુંના પાપનો નાશ કરનારો અર્થ થાય છે કેવો અનર્થ કહેવાય.

(૨) 'સવ્વન્નૂણં' ને બદલે 'સવ્વનૂણં' બોલીએ તો 'સર્વજ્ઞ'ને બદલે સર્વથી - ન્યૂન એવો અર્થ થાય જે આપણને ઈષ્ટ નથી.

(૩) 'તં ધમ્મચક્કવટ્ટી' ને બદલે 'તમધમ્મચક્કવટ્ટી' આમ બોલાય તો 'તે ધર્મ ચક્રવર્તી'ને બદલે 'તે અધર્મ ચક્રવર્તી' આવો અનિષ્ટ અર્થ થાય.

(૪) 'કારાવણે અ કરણે, પડિક્કમે.' માં જે કોઈ પાપ કર્યું કે કરાવ્યું હોય તેનાથી પાછો ફરું છું. - માફી માંગું છું.' આવા અર્થને બદલે જો 'કારાવણે અકરણે પડિક્કમે.' આવું ઉચ્ચારણ કરાય તો પાપ ન કરવાદિમાં જે દોષ લાગ્યો તેનું પ્રતિક્રમણ કરું છું. આવો અર્થ થાય તો કેવો અનર્થ પેદા થાય.

જેમ મર - માર, કુત્તી - કુંતી, પડ - પાડ, ચિતા - ચિંતા શબ્દોમાં કેવો ફેર છે. પણ બોલવાની ભૂલથી શું થાય તેમ સૂત્રોના ઉચ્ચારણમાં શુદ્ધતાનો આગ્રહ અને તે જ રીતના બોલવાથી આનંદ અને કર્મ નિર્જરા થાય છે તો ઉપયોગ રાખવા ભલામણ છે.

ભાવ અનુષ્ઠાન માટે 'શ્રી અનુયોગદ્વાર' સૂત્રમાં છ સ્થાન બતાવ્યા છે. તે રીતના ઉપયોગ રાખવો જરૂરી છે.

(૧) તચ્ચિત્તે - સામાન્ય ઉપયોગ, સૂત્ર બોલતાં ખ્યાલ રહે કે હું આ આ બોલું છું.

(૨) તમ્મણે - 'તન્મન' એટલે વિશેષ ઉપયોગ. પ્રત્યેક પદનો ખ્યાલ રાખવો.

(૩) તલ્લેસ્સે - તે તે પદ સૂત્ર બોલતાં તેના ભાવને અનુરૂપ શુભ લેશ્યા હોવી જોઈએ. જેમ કે, 'પ્રભુ તુજ શાસન અતિ ભલું' બોલતા હૈયામાં શાસનરાગ ઉછળવો જોઈએ.

'શિતલ નહિ છાયા રે આ સંસારની,

કૂડી છે માયા રે આ સંસારની' - બોલતા સંસારની છાયા આધિ - વ્યાધિ - ઉપાધિના તાપથી બાળનારી લાગવી જોઈએ અને સંસારની મોહ - માયા ખોટી લાગવી જોઈએ.

(૪) તદજ્ઝવસાણડજ્ઝવસિએ - સૂત્રના અર્થને અનુરૂપ નિશ્ચિત અધ્યવસાયની પરિણતિ જોઈએ. જેમ કે, પાપ આલોવતાં પાપનો તીવ્ર ડંખ - પશ્ચાત્તાપ જોઈએ ગુનેગાર ભાવપૂર્વક ગુનાનો એકરાર જે ભાવે કરે તેનાથી અધિક ભાવ ઉછળવો જોઈએ.

(૫) તદટ્ઠોવઉત્તે - સૂત્રના પ્રત્યેક શબ્દ પદ આદિ પરં તેના અર્થનો મનપૂર્વકનો ઉપયોગ જોઈએ આઘા-પાછા શબ્દ કે પદ બોલાય તો મોટો અનર્થ થાય. જેમ કે, 'કારાવણે અ કરણે૦' કારાવણે અકરણે૦' એકમાં કરેલ - કારવેલ દોષની માફી છે બીજામાં દોષ ન કર્યા તેની માફી આવે.

(૬) તદપ્પિઅકરણે - તે ધર્મક્રિયામાં તેના ઉપકરણો પણ જરૂરી અને ઉપયોગ પણ કરવાનો. ભગવાનની પૂજામાં ભાઈઓ અને બેનો માટે જે વસ્ત્ર કહ્યા તે વપરાય. ભાઈઓ ખેસ પણ રાખે અને તેના આઠ પડથી મુખ બાંધે - અલગ રૂમાલ ન રખાય. ચૈત્યવંદન વખતે ખેસથી જમીન પણ પૂંજવાની માટે દશી ગાળો ખેસ જોઈએ. તેમ સામાયિક - પ્રતિક્રમણમાં ચરવળો પણ જરૂરી છે, ઉઠતા - બેસતાં પૂંજવામાં ઉપયોગ પણ કરવાનો. આ રીતના ઉપયોગ આવે તો ભાવની પ્રાપ્તિ સહજ છે.

શ્રી વાસુપૂજ્ય સ્વામિ ભગવાનની વિરકત ભાવના.

(પૂ. શ્રી વર્ધમાન સૂરીકૃત 'શ્રી વાસુપૂજ્ય ચરિત્ર સર્ગ - ૩ જા માંથી)

''અહો ! સમસ્ત જ્ઞાનની હાનિ કરનારા આ તે કેટલો બધો મોહ છે કે જેના પ્રભાવથી ભવ્યોના હૃદયમાં અનિષ્ટભાવ તે સદ્‌ભાવરૂપે પરિણમે છે. વિમાનમાં જાણે દેવાંગના બેઠી હોય તેમ હીંચકા પર બેઠેલી રમણીને જુએ છે, પણ અંધજનો 'ધૈર્યનો ધ્વંસ કરનારી પાશમાં બાંધેલી એ શિલા છે.' - એમ જોઈ શકતા નથી. મુગ્ધજનો પોતાને હિંચકામાં ડોલતા જાણે છે, પણ 'એણે શું કર્મો કર્યા છે, એને કઈ ગતિમાં લઈ જવો ?' એમ તુલના કરવાને વિધાતાએ એ કાંટો માંડયો છે તેમ સમજી શકતા નથી. અશ્રુજળથી રકત થયેલ પ્રિયાના નેત્રને રાગસાગરના તરંગ સમાન સમજે છે, પણ તે જડો પ્રમદાગ્નિથી દગ્ધ થયેલ પુણ્યભવનની જ્વાલા સમજતા નથી. મૂર્ખજનો ક્રિડાના જલકણોને પોતાના શરીર પર મોતીઓ માની લે છે, પણ વિષયથી તપ્ત થયેલ કલ્યાણરૂપ શરીર પર એ ફોલ્લાં છે એમ સમજતા નથી. અલ્પબુદ્ધિ લોકો ગીતને કામ રૂપી શસ્ત્રના ટંકાર સમાન માને છે, પરંતુ તે દુર્ગતિ દ્વારના કમાડ ઉઘાડવાનો ધ્વનિ છે એમ સમજતા નથી. અજ્ઞજનો ગીત - ગાનમાં પ્રશંસા કરતાં મસ્તક હલાવે છે, પણ એ મોટો પ્રમાદ છે એવો નિષેધ કરવા માટે તે શિરકંપ છે એમ કેમ કોઈ જાણતા નથી ? જે લોકની સમૃદ્ધિ આપતાં પણ નરજન્મ ન મળે, અહં ! તે આવી રીતે વૃથા હારી જાય છે. એ પણ મોટામાં મોટો મોહ છે. એ પ્રમાણે મૂઢજનો સંસારને સર્વથા વધારે છે, પરંતુ સુજ્ઞ મહાત્માઓને તો એ તજવા યોગ્ય છે.''

દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના, ચાર શરણાનો સ્વીકાર

(પૂ. આ. શ્રી વર્ધમાનસૂરિજી મ. કૃત 'શ્રી વાસુપૂજ્ય ચરિત્ર'માંથી રાજર્ષિ પદ્મોત્તરે કરેલી ક્ષમાપના સર્ગ - ૨)

''અનાદિકાલથી અવ્યવહાર રાશિમાં વસતાં મેં જે અનંત જંતુઓને દુભવ્યા તે ખમાવું છું. વ્યવહાર રાશિમાં પૃથ્વીકાયમાં આવતા લોહ, પત્થર થઈને મેં જેમને હણ્યા તેમને ખમાવું છું. નદી, સમુદ્ર અને કુવાઓમાં જલરૂપે મેં જે આશ્રિત જંતુઓને હણ્યા તેમને ખમાવું છું. આગ, વિજળી, દાવ અને દીપ વગેરેના રૂપથી અગ્નિકાય થઈને મેં જે જંતુઓને હણ્યા તેમને ખમાવું છું. મહાવૃષ્ટિ, હિમ અને ગરમ રજથી દુર્ગંધી આપતા પવનરૂપે મેં જેમને સતાવ્યા તેમને ખમાવું છું. દંડ, ધનુષ્ય, બાણ તથા રથરૂપે વનસ્પતિકાયમાં મેં જે જીવોને પીડયા તેમને ખમાવું છું. પછી કર્મયોગે ત્રસપણાને પામી રાગ, દ્વેષ અને મદથી અંધ બનીને જે જીવોને મેં સતાવ્યા તેમને ખમાવું છું. તે બધા જંતુઓ સર્વત્ર મારા અપરાધને ક્ષમા કરો. સર્વ પ્રાણીઓ પ્રત્યે મારે મૈત્રી છે, કોઈ સાથે મારે વૈર નથી. મહાવ્રતોમાં (શ્રાવક હોય તો તે વિચારે અણુવ્રતોમાં) મેં કોઈ અતિચાર લગાડયો હોય તો ગુરુ (શ્રી સિદ્ધ ભગવંતોની) સાક્ષીએ મારું તે દુષ્કૃત મિથ્યા થાઓ.

અવ્યવહાર રાશિમાં અનંત જંતુઓના સંઘટ્ટનથી મારું કર્મ ક્ષીણ થયું તે પીડાની પણ હું અનુમોદના કરું છું. શ્રી તીર્થંકર ભગવંતોના બિંબ, ચૈત્ય, કળશ અને મુગટ વિગેરેમાં પૃથ્વીકાયનું મારું શરીર ઉપયોગમાં આવ્યું હોય તેને હું અનુમોદું છું. શ્રી જિનના સ્નાત્રપાત્રોમાં દૈવયોગે હું જે જળરૂપે કામ લાગ્યો તેની અનુમોદના કરું છું. ધૂપના અંગારમાં કે દીપકમાં શ્રી જિનેશ્વરદેવોની આગળ હું જે તેજસ્કાયરૂપે ખપ લાગ્યો તેને હું અનુમોદું છું. પ્રભુ પાસે ધૂપને ફેલાવવામાં તથા તીર્થમાર્ગે સંઘ થાકી જતાં વાયુકાયરૂપે હું જે કામ લાગ્યો તેની અનુમોદના કરું છું. મુનિઓના પાત્ર કે દંડમાં તથા જિનપૂજાના પુષ્પોમાં હું વૃક્ષરૂપે જે કામ લાગ્યો તેને હું અનુમોદું છું. વળી સત્કર્મના યોગે જિનધર્મને ઉપકારી એવા ત્રસકાયરૂપે હું થયો તે અનુમોદું છું.''

(આ રીતે જે પુણ્યાત્મા અનંતભવોમાં ઉપાર્જેલાં દુષ્કૃતની નિંદા - ગર્હા કરે, જે કાંઈ સુકૃત કર્યાં હોય તેની અનુમોદના કરે અને શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીપ્રરૂપિત ધર્મનું સાચા ભાવે શરણ સ્વીકારે છે તે આત્મા સમાધિને પામે છે. માટે રોજ રાત્રે સૂતી વખતે હૈયાપૂર્વક આનો પાઠ - વિચાર - મનન કરવું જરૂરી છે.)

સામાયિક સફળ ક્યારે બને ?

(શ્રી સંવેગ રંગશાળાના આધારે શ્લો. ૨૭૩૯ - ૨૭૫૦ નો ભાવાર્થ)

ઉદાસીનતા આદિ પાંચ ગુણોના સદ્‌ભાવવાળું

સામાયિક સફળ બને છે. અથવા સર્વત્ર રાગ - દ્વેષના કારણોમાં પણ સમભાવરૂપ ઉદાસીનતા પ્રાપ્ત થાય તો ય સામાયિક સફળ બને. તે ગુણોને પામવા અભ્યાસ રૂપે કરાતું સામાયિક પણ પરિણામે સફળ બને છે.

ઉદાસીનતા, મધ્યસ્થ, સંકલેશની વિશુદ્ધિ, અવ્યાકુલતા અને અસંગપણું: આ પાંચ ગુણોથી યુક્ત સામાયિક સફળ છે.

જ્યાં ત્યાં, જે તે, ગમે તેવું ભોજન, આસન આદિની પ્રાપ્તિ થાય તો પણ મનમાં સંતોષ - આનંદ રહે તેને 'ઉદાસીનતા' કહી છે. આત્મ પરિણામની વિશુદ્ધિનું આ કારણ કહેલ છે.

'આ મારો અને આ પારકો' આવી બુદ્ધિ તુચ્છચિત્ત વાળા લોકોની હોય છે જ્યારે ઉદારચિત્તવાળો સ્વભાવથી આખા જગતને પોતાનું કુટુંબ જ માને છે. જે કારણથી અનાદિકાલીન આ સંસાર સાગરમાં ભમતાં જીવોએ, ઘણા ભવોમાં એકઠાં કરેલા કર્મના કારણે પરસ્પર, પરસ્પરની સાથે માતા - પિતા, પતિ - પત્ની, ભાઈ - બહેન આદિ કયો સંબંધ નથી થયો ? અર્થાત્ બધાની સાથે પરસ્પર બધા સંબંધોની પ્રાપ્તિ થઈ છે. તેથી 'આ મારો કે આ પારકો ' આવી ચિંતા કરવી ફોગટ છે આનું નામ 'મધ્યસ્થ વૃત્તિ' કહેવાઈ છે. જેથી મારા - તારાની બુદ્ધિ નાશ પામે.

પરસ્પર સાથે વસવા છતાં પણ બીજાના દુર્નયો - ખરાબી જોવા છતાં પણ તેનાથી મૂંઝાવું નહિ, 'આ બધા જીવો કર્મને વશ છે, તે ખરાબી મને ન અડે તેની કાળજી રાખવી' તેનું નામ 'સંકલેશની વિશુદ્ધિ' છે.

જતાં - આવતાં, ઊઠતાં - બેઠતાં, સૂતાં - જાગતાં, લાભ-નુકશાન આદિના સર્વ પ્રસંગોમાં પ્રાપ્તિનો હર્ષ અને અપ્રાપ્તિનો શોક - દુઃખ નહિ કરવું તેનું નામ 'અવ્યાકુલતા - અવ્યાકુલતા' છે.

કનક કે કથીરમાં, મિત્ર - શત્રુમાં, સુખ - દુઃખમાં, બીભત્સ કે મનોહર સુંદરતામાં, સ્તુતિ - નિંદામાં, કે એવા બીજા પણ વિવિધ પ્રકારના મનના વિકારોના કારણોમાં જે સમચિત્તપણું - સમાનતા રાખવી. તેને જગતપ્રભુ શ્રી તીર્થંકરદેવો 'અસંગપણું' કહે છે.

આ પાંચે ગુણોને પામવાના અભ્યાસરૂપ સામાયિક કરી આ જીવન સફળ - સાર્થક કરવું હિતાવહ છે.

આગલોડ નગરે ભવ્ય ચૈત્રી ઓળીની આરાધના

પ. પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ., પૂ. મુ. શ્રી પુન્યધન વિ.મ. ની પાવન નિશ્રામાં સવિતાબેન મહેન્દ્રભાઈ શાહ આયોજીત ચૈત્રી ઓળી ની આરાધનામાં ૨૫૦) આરાધકો જોડાયા હતા. ચૈત્ર સુદ ૫+૬ નાં નત્તર વાયણા રાખવામાં આવેલ અને સુદ - ૭ થી ઓળી ની શરૂઆત થયેલ. રોજ સવારે - સામુદાયિક પ્રતિક્રમણ બાદ ૬-૩૦ કલાકે વાજતે ગાજતે સામુદાયિક દર્શન ત્યાં સંગીત સાથે સ્તવના થતી હતી. ત્યાર બાદ ગુરૂવંદન ૨ ને પ્રાસંગિક પ્રવચન, ૮ થી ૧૦ સમુહ પૂજા તથા સ્નાત્ર મહોત્સવ સંગીત સાથે રોજ થતા હતા. ૧૦ થી ૧૨ વ્યાખ્યાન, રોજ સંઘ પૂજન, ગુરૂપૂજન થતા હતા. બપોરે ૩ થી ૪॥ શ્રીપાળ મયણા ભક્તિ નો રાસ વંચાતો હતો. સાંજે ૫-૩૦ કલાકે સમુહ સંગીત સાથે પ્રભુ થતી હતી ૭-૩૦ કલાકે પ્રતિક્રમણ ત્યાર બાદ ૮-૩૦ કલાકે ભાવના, ભાવના બાદ આરતી - મંગળ દિવાના ચઢાવા ખૂબ જ સુંદર થતા હતા. ચૈત્ર સુદ ૧૩ નાં શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં જન્મકલ્યાણક નિમિત્તે ભવ્યાતિભવ્ય વરઘોડો વિનોદચંદ્ર ડાહ્યાલાલ શાહ તરફથી ચઢયો હતો. અને અનુકંપાનું દાન રાખવામાં આવેલ બપોરે ૨-૦૦ કલાકે ભવ્ય સ્નાત્ર મહોત્સવ, સાંજે ૫-૩૦ કલાકે મહાપૂજનનું આયોજન થયેલ. ચૈત્ર સુદ ૧૪ ના કુંભ સ્થાપના. બપોરે પાટલા પૂજન, થયેલ વ્યાખ્યાન બાદ ૫/- રૂા.નું સંઘપૂજન દિનેશચંદ્ર પોપટલાલ શાહ, મુ. શ્રી પુન્યધન વિ. મ. ને ૨૬ વર્ષ સંયમનાં પૂર્ણ થયા હોવાથી સવારે ૬-૦૦ કલાકે ચૈત્યપરિપાટી, ૭ કલાકે વ્યાખ્યાન, ગુરૂ ગુણ ગીત સાથે ચૈત્ર સુદ ૧૫ના બપોરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, ચૈત્ર વદ ૧+૨ના પૂ. ૧/- રૂા. નું મુલચંદ હીરાચંદજી, નવપદના સિક્કાની પ્રભાવના, પ્રાર્થ કેટરર્સ તરફથી ૮-૩૦ કલાકે સામુદાયિક પારણા ઓળીના આરાધકોને ૧૦૮/- રૂા. ની પ્રભાવના પૂજાની થાળી - વાટકી - દીવી - રૂમાલ - ૨ નવકારવાળી ૨ ધુપનાં પેકેટ, તથા ૫૦૦ ગ્રામ સાકરની પ્રભાવના તથા અઠમવાળાને ૬૦) રૂા. ની પ્રભાવના તથા નવે દિવસ પૌષધ કરનારને ૯૦/- રૂા. ની પ્રભાવના અલગ થયેલ. અને સવારે ૧૧ કલાકે શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન રાખવામાં આવેલ. સાંજે સંઘ સ્વામિવાત્સલ્ય હતું રોજ પ્રભુજીને ભવ્ય અંગરચના થતી હતી. વિધિ માટે જામનગર થી નવીનચંદ્ર બાબુલાલ પધારેલ. સંગીતકાર અમદાવાદથી દશરથભાઈ પોતાની મંડળી સાથે નવે દિવસ લોકોને ભક્તિમાં તરબોળ કરી દીધા હતા. આગલોડ નગરે સૌ પ્રથમ વખત ચાટલી સરસ ઓળીની આરાધના થયેલ. અને ખુબ જ સરસ વ્યવસ્થા હતી. પૂ. મહારાજ સાહેબનાં અખાત્રીજના પારણા બારેજા છે.

આણંદથી સિધ્ધગિરી મહાતીર્થ યાત્રા સંઘ

પ. પ. ગુરુ પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક વિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાએ પાઠવેલા પ્રશસ્ત મુહૂર્તાનુસાર પો. સુ. ૧. ૪ તા. ૧૯-૧૨-૨૦૦૦ ના શુભદિને પૂજ્ય મુનિશ્વર શ્રી મોક્ષરતિવિજયજી મ. અને પૂજ્ય મુનિ પ્રવર શ્રી તત્વદર્શન વિજયજી મ. ની પ્રભાવક નિશ્રામાં આણંદ જૈન સંઘ આયોજીત આણંદથી શત્રુંજ્યમહાતીર્થ ૬'રી પાલક યાત્રા સંઘનું દબદબાભેર મંગલપ્રયાણ થયું હતું.

શ્રી ઉપધાન તપની ભવ્ય સફળતા બાદ છલકતા ઉત્સાહથી આયોજીત આ યાત્રાસંઘની કેટલીક હાઈલાઈટ્સ અત્રે પ્રસ્તુત છે.

* પર્યુષણ પર્વમાં જન્મવાંચનના પાવનદિને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનુભાઈ વાડીલાલ શાહે જાહેરાત કરી અને તુરત જ સંઘપતિ બનવા માટે પડાપડી થઈ ગઈ. બાર મહાનુભાવોએ સંઘપતિ તરીકે નામ નોંધાવ્યા.

(૧ ચીમનલાલ દલસુખભાઈ શાહ - પાદરાવાળા (૨) પૂનમચંદજી ઓથમલજી - રતલામવાળા (૩) મંજુબેન બાબુલાલ શાહ - આંકલાવવાળા (૪) કમળાબેન કાંતિલાલ શાહ - બોરસદવાળા (૫) પ્રભાવતીબેન અંબાલાલ વોરા - વઢવાણવાળા (૬) રતનબેન ખુબચંદજી શાહ - રતલામવાળા (૭) શિરીષભાઈ રતિલાલ ગાંધી - વેજલપૂરવાળા (૮) મનુભાઈ અમૃતલાલ શાહ - બોરસદવાળા (૯) જીવણલાલ શિવલાલ શાહ - ઓડવાળા (૧૦) હીરજલાલ નવલચંદ સંઘવી (૧૧) ચંદુલાલ અંબાલાલ શાહ - નાપાડવાળા (૧૨) પ્રવિણચંદ્ર પુરૂષોત્તમદાસ વોરા - વઢવાણવાળા.

* વ. સુદ ૩ તા. ૨૮-૧૨-૨૦૦૦ ગુરૂવારે સંઘપતિ સન્માન સમારોહનું પ્રમુખપદ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ શેઠે શોભાવ્યું હતું. પ્રત્યેક સંઘપતિને સન્માનપત્ર તેઓશ્રીના વરદ હસ્તે એનાયત કરાયા હતાં. જુદા જુદા ગામોના ટ્રસ્ટી - વહીવટદારોને આણંદ સંઘવતી તેઓશ્રીએ દેવદ્રવ્ય-જીવદયા આદિના ચેકો અર્પણ કર્યા હતા. યોગાનુયોગ આજરોજ તેમનો જન્મદિવસ હતો. મનુભાઈ વાડીલાલ શાહે તેઓશ્રીને રજતપત્રમાં ઉપસાવેલો શત્રુંજ્ય મહાતીર્થનો આકર્ષક પટ અર્પણ કર્યો હતો. ટ્રસ્ટીશ્રી સૌભાગ્યચન્દ્ર કાંતિલાલ શાહે તેમનું તિલક - શ્રીફળ દ્વારા સન્માન કર્યું હતું. ખૂબજ નિખાલસ હૈયે તેમણે સભાને સંબોધી અને સભામાંથી આવતા પ્રશ્નોના સમાધાન આપ્યાં, સમારોહના અતિથિ વિશેષ વડોદરાના નામાંકિત શ્રેષ્ઠી શ્રી નગીનભાઈ ચુડગર હતા, કે જેઓએ સંખ્યાબંધ અંજનશલાકા પ્રતિષ્ઠા દીક્ષા ઉપધાન યાત્રા સંઘોના મુહૂર્ત નિઃસ્વાર્થભાવે ભક્તિ ભરેલા ભેટણા સ્વીકાર્યા વગર કાઢયા છે. ૯૫ વર્ષની જૈફવયે છેલ્લે સુધી ટેકા વગર બેસીને તેઓએ સભા શોભાવી હતી.

* મંગળપ્રયાણનો ઠાઠ કોઈ અનેરો હતો. ઘોડાબગીઓ, હાથી, સાફા-મુગટધારી વિશાળ સાજન-માજન અને મુંબઈ-ગોડીજીનું વિખ્યાત બી.જે.એસ.એમ. બેન્ડ પ્રયાણનાં મુખ્ય આકર્ષણો બની રહ્યાં.

* બીજા દિવસે બોરસદનગરને આંગણે બોરસદ જૈનસંઘે યાત્રાસંઘનું અપૂર્વ કહેવાય એવું સામૈયું કર્યું. છેક નાસિકથી ધમાકેદાર ઢોલીઓને તેડાવ્યા હતા. ગોડીજીનું બેન્ડ અને સ્થાનિકબેન્ડ તો ખરાજ ! બન્ને સંઘના માનવ મહેરામણ હિલોળે ચડયો હતો. હકડેઠઠ ભરાયેલી પટેલવાડીમાં પ્રવચનો થયા...

સંઘપતિઓના સન્માન થયા અને ૩૯ રૂ. નું સંઘપૂજન થયું.

* બોરસદ મુકામે એક મોટું આશ્ચર્ય એ સર્જાયું કે એક બાજુ આણંદની આસપાસ અને બીજી બાજુ ખંભાતની આસપાસ સાંબેલાધાર વરસાદ તૂટી પડયો હતો, પરન્તુ બોરસદ ગામે ફકત ઝરમર વર્ષા થઈ હતી... સંઘનું મોટું સદ્‌ભાગ્ય કે આખાસંઘનો ઉતારો પાકામકાનોમાં હતો. બોરસદની ધરતી ભીંજાઈ, પણ સંઘ આખો હેમખેમ રહ્યો. કોઈ પણ જાતના નડતર વિના કાર્યક્રમોમાં ફેરફાર વગર કિલ્લોલતો યાત્રાસંઘ આગળ વધ્યો... બીજા જ દિવસથી મજાનો ઉઘાડ નીકળી આવ્યો. દેવગુરૂ કૃપાનો પ્રત્યેક્ષ અનુભવ થયો.

* બોરસદના તીર્થસ્વરૂપ જિનાલયે અતિ આકર્ષક અંગરચનાથી શોભિત શ્રી આદિશ્વર પ્રભુ સમક્ષ થયેલી સંધ્યાભક્તિ એક સંભારણું બની ગઈ

* બોરસદ પછી રાસ પછી પુનઃ તીર્થભૂમિનો સ્પર્શ થયો. પૂ. આ. ભ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ. સા. જેવા ગજાદાર મહાત્માઓએ જ્યાં ચાતુર્માસ કર્યા છે તે વટાદરા તીર્થે સંઘનું સુંદર સ્વાગત થયું. શ્રી ગોડીજી પાર્શ્વના દર્શન પૂજન કરી સૌ કૃતાર્થ થયા.

* આણંદનગરમાં છેલ્લા પચાસ વર્ષથી બિરાજમાન સમ્રાટ સંપતિકાલીન અતિપ્રાચીન શ્રી શાંતિનાથ પ્રભુના જિનાલયના સુવર્ણમહોત્સવ વર્ષ નિમિત્તે શ્રી ઉપધાન અને શ્રી શત્રુંજય છ'રી પાલક યાત્રાસંઘના મહત્વપૂર્ણ આયોજન થયાં હતાં... આ શ્રી શાંતિનાથપ્રભુ આણંદનગરમાં શ્રી સ્તંભનતીર્થથી પધાર્યા હતા.. આ સ્તંભનતીર્થની સ્પર્શના આજે થઈ.. આ એક વિશિષ્ટ યોગાનુયોગ હતો.

* સ્થંભણ પાર્શ્વપ્રભુ આદિ અગણિત પ્રભુપ્રતિમાઓથી મંડિત સ્તમ્ભનતીર્થમાં સંઘનો મુકામ બે દિવસનો હતો. પહેલે દિવસે હરખભર્યું સામૈયું અને બીજે દિવસે ખંભાતનાં પ્રાચીન ઐતિહાસીક અને પાવનકારી જિનાલયોની વાજતે ગાજતે ચૈત્યપરિપાટી ! તપગચ્છ અમર જૈન શાળા સંઘે સંઘભક્તિ કરી. સંઘપતિઓનાં સન્માન કર્યાં. બંને દિવસ પ્રવચનોમાં જૈનશાળાનો વિશાલ હોલ ખીચોખીચ ભરાયો હતો. ગઈ સાલે ૨૭૬ આરાધકોનાં ઉપધાન (૨૩૭ માળ અને ૯૮ બાલક બાલિકાઓ) રાળજ - વટાદરાનાં ઝમકદાર સંઘો, વિક્રમસર્જક અઠ્ઠમો અને ઇતિહાસસર્જક શત્રુંજય છ'રી પાલક યાત્રા સંઘથી અવિસ્મરણીય બનેલા ચાતુર્માસના હૃદયંગમ સંસ્મરણોથી ખંભાતના સંઘે રોમાંચ અનુભવ્યો.

* ખંભાતથી સાબરમતી નદી ઓળંગીને ચોથા મુકામે ધોલેરા જવાય છે. સંઘના રૂટ મુજબ પો. સુ.-૧૧ એ નદી ઓળંગવાની હતી. તેથી મા. સુ. ૧૧ એ નદીમાં દરીયાનું ભરતીનું પાણી કેટલું આવે છે, તેની તપાસ ખાસ કરાઈ હતી પાણી વગરનો સાવ કોરોધાકોર નદીનો પટ જોઈને રૂટ ફિકસ કરાયો હતો. બારસે પાણી આવે છે એવું ગ્રામજનોનું કહેવું હતું. આમ છતાં નદીમાં જરાક પાણી આવ્યું હતું. ખૂબજ સરળતા પૂર્વક નદી પાર કરીને સંઘ આગળના મુકામે કામાતળાવ ગામે પહોંચ્યો હતો.

* નદીના પટની બે બાજુ વસેલા બે ગામ - તરકપૂર અને કામાતળાવના રહેવાસી ગ્રામજનોની આસ્થા અને ભક્તિ નિહાળીને સૌ દંગ રહી ગયા હતા. બંને ગામમાં થયેલા સ્વાગતનાં દ્રશ્યોને યાત્રિકો કદી ભુલી નહી શકે ગામના એકેએક ઘરઆંગણે પૂજ્ય ગુરૂદેવોને અક્ષતોથી વધાવાયા, શ્રી સંઘને વધાવવા લોકો ગુલાબના હાર અને પાંદડીઓનો ઢગ લઈને તૈયાર હતા. કેટલાક ઘરઆંગણે કુમકુમના સ્વસ્તિકો રચાયા હતા; તો કયાંક ગુલાબ ઉડાડાતો હતો. ઢોલના ઘબકારે ભારતીપુત્રો મન મૂકીને નાચતા હતા... પાણીની તંગીના દિવસોમાં લોકો સામેથી બોલાવીને યાત્રિકોને પોતાના ઘરે સ્નાન માટે તેડી જતા હતા, અરે મસ્તકે મસાજ અને પગે ચંપી કરી આપતા હતા આ સેવા કરવાનો તેઓને ખૂબજ આનંદ અને ઉત્સાહ હતો. કોઈપણ પ્રકારની દેખીતી અપેક્ષા વગર ગામલોકોએ આપેલો સાચુકલો સ્નેહ, કોઈ વીસરી નહીં શકે.

* તરકપૂરના જુવાનિયાઓએ પ્રભુજીના રથને અજીબ ઉત્સાહથી ઊંચકીને સાબરમતી નદી પાર કરાવી એ અદ્‌ભુત દ્રશ્ય યાદ આવતાં આજેય આંખો ચમકી ઉઠે છે. હાઈ-વેથી દૂર અંતરિયાળ ગામોમાં અકબંધ સચવાઈ રહેલી ભાવુકતા, સરળતા અને આસ્થાએ સૌને વેચારતા કરી મૂક્યા... સુવિધાઓ વધવાથી માણસ સંતોષી થવાને બદલે વધુ સ્વાર્થી થયો છે. - ઓછી જરૂરિયાતોથી જીવતા માણસો સમૃધ્ધિ વગર પણ સંતોષનું સુખ માણી રહ્યા છે. અને હૈયાની સરળતાને સુપેરે સાચવી રહ્યા છે.

* મોતીશા શેઠના મુનિમજીએ બંધાવેલા ભવ્ય જિનાલયથી શોભાયમાન ધોલેરા તીર્થની સ્પર્શનાથી સૌએ ધન્યતા અનુભવી.

* ધોલેરા પછી હબતપર મુકામે પૂ. આ. ભ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો દીક્ષાસ્મૃતિદિન અને પૂ. મુ. શ્રી તત્ત્વદર્શનવિજયજી મ. સા. નો દીક્ષાદિન પોષ સુદ ૧૩/૧૪ ભવ્યતાપૂર્વક ઊજવાયો. ગુણાનુવાદ પ્રવચનો પછી ૫૪ ફૂટ. નું સંઘપૂજન થયું. વડોદરાના શ્રી જયેશભાઈ ચૂડગરે ગુરૂગુણગીત ખૂબ સુંદર રીતે ગાયું અને સભા પાસે ઝીલાવ્યું.. હરરોજ ગિરિવરનો મહિમા સાંભળતા યાત્રિકો આજે ગિરિવરનો પરિચય પામીને ધન્ય બન્યા.

* વલ્લભીપુર તીર્થની સ્પર્શના કરીને યાત્રા સંઘ

છેલ્લે મુક મે પ્રભાત મસાલામાં આવ્યો ત્યારે પદયાત્રાના હસતાં ૨૮ તાં વિતેલા દિવસોનો હર્ષ અને દાદાની જાત્રાને મનભરીને માણવાનો ઉત્સાહ સૌના ચહેરા ઉપર છવાઈ ગયો. પ્રાચનમાં થયેલી ફકત બે મિનિટની પ્રેરણાને ઝીલીને ૨૫ યાત્રિકો ચોવિહાર છઠ્ઠ સાથે સાત જાત્રા કરવા સાંજ વિહાર કરી ગયા. તે સૌને શુભેચ્છાભર્યા હૈયે વાજતે ગાજતે વળાવીને સૌ યાત્રિકો ખૂલ્લા આસમાને નીચે તીર્થાધિરાજ સન્મુખ સ્થાપિત કરાયેલા રથમાં બિરાજમાન પ્રભુ સમક્ષ સંધ્યાભક્તિ કરવા બેસી ગયા. હૃદયને ભક્તિસભર, ચિત્તને પ્રસન્નતાસભર, નયનોને અશ્રુસભર અને આત્માને ભાવસભર બનાવતી એ દિવ્યતાસભર પળોમાં સ્તવનો અને સ્તુતિઓના માધ્યમે એક આનંદસભર અનુભૂતિ લઈને સૌ ધન્ય બન્યા...

* દાદાને ભેટવાનો ઉમંગ આંખોમાં આંજીને પ્રભાત મસાલાથી પ્રયાણ આદર્યુ દિગંબર ધર્મશાળાથી આરંભાયેલી યાત્રામાં ધીરે ધીરે મેદની ઉમટવા માંડી. નદી દરીયા બની ગઈ, આણંદથી આવેલી ૨૨ બસોનું સાજન માજન ઉમેરાતું ગયું ગિરિવરને ભેટવા થનગનતા જુવાનિયાઓના પગ થરકવા લાગ્યા. નાનામોટા સૌ આ નૃત્ય ભક્તિમાં જોડાતા ગયા. અને સૌધર્મનિવાસ પાસે ઉલ્લાસ ચરમસીમાએ પહોંચી ગયો ! ઈન્કારને ગણકાર્યા વગર નિવાદાતા મુનિવારોને જુવાનિયાઓએ ઊંચકી લીધા ! સંઘસાગરમાં હર્ષલહરીઓ ફરી વળી. હૈયે નહી સમાતા હર્ષને નાચગાન દ્વારા વ્યકત કરતા કરતા સૌ જયતળેટીએ પહોંચ્યા, પૂ. આ. ભ. શ્રી રવિપ્રભ સૂ. મ. સા., પૂ. આ. ભ. શ્રી મલ્લિષેણ સુ. મ. સા., પૂ. આ. ભ. શ્રી અજિતસેન સૂ. મ. સા. પૂ. પં. શ્રી વ્રજસેન વિ. મ. સા આ દે મહાત્માઓએ આ સામૈયામાં સામેલ થઈને આશિષ વરસાવી... જયતળેટીએ અપાર્થિવ વાતાવરણમાં હર્ષભર્યા હૈયે સૌએ સાથે મળીને ગિરીરાજનાં ગુણગાન ગાયા. ગિરિદર્શન અને સ્પર્શનથી આત્માને પાવન બનાવ્યો.

* નાળની ઉછામણી સમયાનુસાર થઈ દાદાના દરબારે દિવ્ય - ભવ્ય પાવન શાન્ત વાતાવરણમાં માળારોપણ વિધિ થઈ.

* યાત્રાસંઘમાં ૪૫ ગામના મળીને ૪૨૫ યાત્રિકો હતા. જેમ ૧૮૦ જેટલા પુરૂષો હતા યુવાનવયના યાત્રિકો મોટા સંખ્યામાં હતા.

* અત્યાર સુધીના જીવનમાં દિવસમાં દસવાર ચા પીનારા, વીસ ગુટખા ખાનારા, વીસ સીગારેટ પીનારા, કેટલાક યાત્રિકોએ વીસ દિવસ અખંડ એકાસણા કરીને તપધર્મનો સ્વાદ મેળવ્યો, આત્મવિશ્વાસ કેળવ્યો અને વ્યસન ત્યાગનો સંકલ્પ કર્યો.

* ધાર્મિક ક્ષેત્રે તદ્દન ફેશ કહેવાય એવો ખૂબ મોટા આ યાત્રા સંઘમાં જોડાયો હતો જીવનને નવી ઊજળી દિશા ભણી લઈ જવાનો મજબુત મનોરથ આ લોકોએ કર્યો.

* પૂ. સ્વાધીજી શ્રી સૂર્યમાલાશ્રીજીના શિષ્યા પૂ. સા. શ્રી સ્મિતપ્રજ્ઞાશ્રીજીના શિષ્યા પૂ. સા. શ્રી નિર્મલદર્શનાશ્રીજી આદિએ બહેનોને આરાધનામાં સારી રીતે ઝીલાવ્યા.

* જીવનમાં કદી એકસણા બેસણા નહી કરનારાએ અહીં છઠ્ઠ કરીને સાત જાત્રા કરી. કુલ ૩૪ જણાએ આ અપૂર્વ આરાધના કરી

* સાંકળી આંબિલ સાંકળી અઠ્ઠમ ચાલુ હતા. ચૌદસે ૧૦૦ જેટલા આંબીલ થયાં બે યાત્રિકોએ ચૌવિહાર અઠ્ઠમ કર્યા.

* ૯૨ વર્ષના સંઘપતિ માજી ચાલી શકતા નહોતા એમણે નિયમિત એકાસણા કરીને લાભ લીધો.

* એક યુવાને ચાલુ અઠ્ઠમમાં જાણ્યું કે છઠ્ઠ કરીને સાત જાત્રા કરવાનો લાભ મોટો છે તો એણે અઠ્ઠમ ઉપર સીધો છઠ ઝૂકાવી દીધો. એને પાંચ ઉપવાસ થઈ ગયા. છેલ્લા બે ઉપવાસે સાત જાત્રા કરી.

* તીર્થાધિરાજની રમ્ય પ્રતિકૃતિ, ૧૫ ગ્રામનો ચાંદીનો સિક્કો આટલી પ્રભાવના સંઘપતિઓ તરફથી થઈ યાત્રા દરમિયાન કુલ ૧૫૦ જેટલા સંઘપૂજનો થયાં. સંઘપતિઓએ કાર્યકર્તાઓ વગેરેનું પણ સન્માન કર્યુ.

* હીરાબેન ચન્દ્રકાન્ત ચીમનલાલ ઝવેરી પરિવાર તરફથી આકર્ષક થેલાની પ્રભાવના થઈ.

* યાત્રિકોએ સંઘપતિઓ અને કાર્યકર્તાઓ વગેરેનું આકર્ષક આઈટમોથી સુંદર બહુમાન કર્યુ.

* ઘણા ઘણાના સાથ સહકારથી આવા અનુષ્ઠાન સફળ થતાં હોય છે. આ યાત્રા સંઘમાં ઉડીને આંખે વળગે એવી મહેનત - સેવા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનુભાઈ વાડીલાલ શાહ અને શ્રી કીકાભાઈ ખંભાતવાળાની હતી.

શ્રી મ ભાઈ તો ચોમાસાની વિનંતીથી માંડીને ઉપધાન - સંઘના સર્જન, આયોજન અને સફળ સમાપનમાં પ્રાણ સ્વરૂપ હતા.

* આ સિવાય ખંભાતના હેમુભાઈ લાકડાવાળા, નીતીશભાઈ અને જિતુભાઈ, બોરસદના વાસણવાળા અતુલભાઈ અને સંજયભાઈ વડોદરાના અનુભાઈ કપાસી વિધિકાર નવીનભાઈ અને સનસ્કોપવાળા સુરેશભાઈ, છાણીના રવીન્દ્રભાઈ, વટાદરાના દીનુભાઈ આણંદના રમેશભાઈ સેવવાળા અને હીરેનભાઈ વગેરેએ યાત્રા સંઘને સફળ બનાવવામાં મોટો ફાળો આપ્યો હતો.

* બે બલિષ્ઠ વૃષભોથી ખેચાતા મનોહર રથમાં બિરાજમાન આહલાદક શ્રી આદીશ્વર પ્રભુ, શ્રી મુનસુિત પ્રભુ અને શ્રી મહાવીર પ્રભુને દરરોજ મુરબાડવાળા ચીમનભાઈ વગેરે દ્વારા નેત્રાકર્ષક ભવ્ય અંગ-રચના થતી.

* દરરોજ સાંજે ખીલી ઉઠતી ભક્તિ સંધ્યાની તર-બતર સુવાસ આ યાત્રા સંઘનું અનોખું આકર્ષણ બની. ''હે સિદ્ધગિરિ ! તુજ દર્શન મુજ જ મ આજ સફળ થયો'' આ સ્તુતિઓનું સમૂહ પઠન એક અભિનવ અનુભવ બની ગયું.

* દરરોજ નવ ખમાસણા નવ લોગસ્સ કાઉસ્સગ દ્વારા નિરિવંદના થતી.

* પ્રત્યેક કાર્યક્રમમાં વીરમગામના ઢોલ શરણાઈના મંગલ સૂરો નવલી ચેતનાનો સંચાર રતાં.

* નિયમિત પ્રવચનો પ્રતિક્રમણોમાં સ્વયં પ્રેરણાથી યાત્રિકો ઉત્સાહપૂર્વક જોડાઈ જતા હત .

* આરાધનામય યાત્રાસંઘની આનંદમય સફળતા નિહાળીને કેટલાય ભાગ્યશાળીઓએ આવાં નાનામોટા આયોજનની તૈયારી મનમાંને મનમાં ચાલુ કરી ધી છે.

■ ■ ■

વંશની બલીહારી

-વસુમતી

નેક વાર કોઈ જજને તેના મિત્રે કહ્યું આ શું રોજ રોજ કાળા કપડા પહેરીને કોર્ટમાં જાવ છો ? કાળા કામ કરે તે કાળા કપડાં પહેરે, તમે તો કાળા કામ કરનારને યોગ્ય ન્યાય આપો છો માટે તમારે તો સફેદ કપડાં પહેરવા જોઈએ. કાળા કપડા તમને શોભતાં નથી કાળા કપડામાં તમારું રૂપ ખીલતું નથી માટે સફેદ કપડા પહેરો તો તમે શોભો - સ્વરૂપવાન લાગો. ન્યાયધીશને આ વાત ગમી ગઈ. તેઓ બોલ્યા ભાઈ સારું તારા કહેવા પ્રમાણે તારી વાતનો કાલથી જ અમલ. કાળા કપડા હવે નહિ પહેરું લે આ કાળો કોટ ઉતારીને ફેંકી દીધો.

બીજા દિવસે કોર્ટમાં જવાના સમયે ન્યાયાધીશે સફેદ કોટ પહેર્યો કોર્ટમાં ગયા, પોતાની ખુરશી ઉપર બેસી કીલોની વાતો સાંભળીને જજમેન્ટ આપવા લાગ્યા પરંતુ કોઈ અસીલ તેઓની વાત માનતા નથી, સાંભળતા નથી કેમ ! મારી વાત સાંભળતા નથી મારું માનવું નથી.

જજ સાહેબ, પહેલા તમે પોતાના યુનિફોર્મમાં આવો, કાળો કોટ પહેરો, અમારી વાત સાંભળો, પછી ન્યાય ફરમાવો. ત્યાર બાદ આપશ્રીની વાત મનાય.

પોલીસવાળાને પણ જુઓ જ્યારે ડ્યુટી પર હોય છે ત્યારે તે પણ પોતાનો ડ્રેસ પહેરે પોસ્ટમેનને પણ પોતાનો ડ્રેસ પહેરવો પડે છે. તમારા સૌના દીકરા - દીકરીઓ સ્કૂલમાં ભણવા જાય ત્યારે પણ ડ્રેસ હોય છે.

પરંતુ ભગવાનની પૂજા કરવામાં કોઈ ડ્રેસ ખરો ? જેને જે ફાવે, જે મનમાં આવે તે ડ્રેસ પહેરીને પૂજા કરવા જાવ ?

વેશની મહત્તા સઘળી જગ્યાએ છે ફકત ભગવાનની પૂજામાંજ નથી બરાબરને ! ધોતીયું અને ખેસ બે જ વસ્ત્રથી ભગવાનની પૂજા પુરૂષોએ કરવાની છે. અને સ્ત્રીઓએ ત્રણ વસ્ત્રથી પૂજા કરવાની છે.

■ ■ ■

મહાસતી મદન રેખાની મનોહર મનોદશા

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

મહાસતી મદન રેખાનું નામ જૈન જગતમાં જાણીતું છે. યુવરાજની પત્ની હોવા છતાં, ગર્ભીણી અવસ્થામાં, નિકટ પ્રસૂતિકાળના સમયે, ભૂતકાલીન કર્મ સંયોગે જે પરિસ્થિતિમાં મૂકાઈ તે વાત આપણને બધાને ખબર છે. અશુભ કર્મના ઉદયે ધર્માત્માને પણ ડગલેને પગલે વિપત્તિ આવે છે. પણ ધર્માત્મા વિપત્તિનો પણ સ્થિરતા - ધીરતાથી બાધાવી સંપત્તિ રૂપ વિજયની વરમાળા વરે છે. તેણીએ પોતાના પતિ યુગબાહુને અંતિમ સમયે નિર્યામણા કરાવી, દેવલોકમાં મોકલ્યા. પોતે હરણ કરેલા વિદ્યાધર દ્વારા, તેની અનુચિત માગણીમાં કાલવિલંબ કરવાના બહાને શ્રી નંદીશ્વર દ્વીપમાં આવી છે. મહાત્માની દેશના સાંભળી બધા પ્રતિબોધ પામ્યા છે અને યુગબાહુનો આત્મા દેવ બનેલો તે પણ ત્યાં આવે છે. બધાનો પરિચય થયા પછી દેવ જ્યારે મહાસતીને પૂછે છે કે- "તારું શું પ્રિય કરું ?" તેના જવાબમાં મહાસતી જે કહે છે તે પૂર્વે આપણે આપણી જાતનો પણ અભ્યાસ કરવો છે કે, આપણા જીવનમાં આવો પ્રસંગ બને અને ખુશ થયેલો દેવ માગવાનું કહે તો શું માંગીએ ! સંસારની સુખ-સાહ્યબી - સંપત્તિ - સમૃદ્ધિ કે મોક્ષ માર્ગમાં સહાયક ચીજ - વસ્તુઓ ? તેના પરથી જાતની સંસાર રસિકતા કે ધર્મરસિકતાનું માપ નીકળે ! સંસારની સુખ સામગ્રી તે સંસાર રસિકતાની સૂચિત છે, મોક્ષ માર્ગની આરાધનામાં સહાયક સામગ્રી આત્માની ધર્મ પરિણતિની દ્યોતક છે. જ્ઞાનિઓ તો ભાર પૂર્વક કહે છે કે- કોઈપણ કાળમાં, કોઈપણ ક્ષેત્રમાં સાચો ધર્માત્મા તો મહાસતી મદન રેખાનો જ વારસદાર હોય પણ સંસારનો પૂજારી તો ના જ હોય.

મહાસતીનું માંગણીનું વર્ણન કરતાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં નવમા અધ્યયનમાં શ્રી નમિરાજર્ષિ પ્રત્યેક બુદ્ધના ચરિત્રમાં ગ્રન્થકાર પરમર્ષિ ભાવને સ્પષ્ટ કરતાં ટીકાકાર પરમર્ષિ પૂ. શ્રી ભાવવિજયજી મહારાજાએ કહ્યું કે- ' યન્મેજન્મજરામૃત્યુ રોગાદિરહિતં હિતમ્ ! મુક્તિ સૌખ્યં પ્રિયં તચ્ચ, સ્વોદ્યમેન સિધ્યતિ ॥ ૧૬૧ ॥

જે કારણથી મને જન્મ - જરા - મૃત્યુ રોગાદિથી રહિત એવું જે આત્માના હિત સ્વરૂપ મુક્તિ સુખ જ પ્રિય છે અને તે આત્માના બળે જ પ્રાપ્ત થાય છે.

દુનિયાની સુખ સામગ્રી આપવાની કે પડાવવાની કદાચ દેવમાં શક્તિ હશે, પણ મોક્ષ આપવાની તાકાત ખુદ ઈન્દ્રાદિ દેવોમાં પણ નથી મોક્ષ તો આત્મા સ્વબળે જ મેળવે છે.

જો ખરેખર આ વાત આપણા બધાના હૈયામાં અંકિત થઈ જાય તો વર્તમાનમાં શ્રી વીતરાગ દેવને ભૂલી, દેવના સેવકના સેવક એવા પણ દેવની પાછળ આંધળી દોટ ન મૂકાત ! આ વાત બધા ઉપદેશકોએ યાદ રાખવાની સાથે યાદ કરાવવાની જરૂર છે. પણ વો દિન કહાં..... !

આધીન એવા દેવની પાસે પણ મહાસતીજીએ જે વાત કહી તેથી જ સૂચિત થાય છે કે ધર્માત્માના હૈયામાં મોક્ષની પ્રીતિ અને સંસારની ભીતિ કેવી હોય છે. ધર્માત્માને પોતાનું પ્રેય અને શ્રેય મોક્ષ વિના બીજું કાંઈ જ હોતું નથી તે પણ આના પરથી ફલિત થાય છે. મોક્ષની મશ્કરી કરનારા અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાંથી પણ પોતાની ફાવતી વાતની પુષ્ટિ કાઢનારા આ વાત વાંચે, વિચારે છે કે પછી ગપ્પા જ ચલાવે રાખે છે. તે સુજ્ઞજનોએ વિચારવાની અને સમજીને ઓળખવાની જરૂર છે.

હસવાની મનાઈ છે

ચીન્ટુ : અમારા વૈદ્ય ખૂબ જ સારા છે. નાડી જોઈને તરત દવા આપી દે છે.

મીન્ટુ : અમારા ડોકટર પણ બિસ્કુટ જોઈને તરત જ દવા આપી દે છે. - **સ્વાર્થ**

ડોકટર : ચિંતા કરવાની તમારી બીમારી હું મટાડી દઈશ. ત્રણ મહિના સુધી દર અઠવાડિયે એકવાર તમારે મારી પાસે આવવું. દરેક 'કન્સલ્ટન્સીની' ફી માત્ર પાંચસો રૂપિયા.

કાંતિલાલ : ડોકટર, સાહેબ, તમે તો ચિંતા વધારવાની વાત કરો છો. - **ફી જ મારી દે**

સંકલ્પો – વિકલ્પોને શું કહેવું ?

આફતોની વણઝારમાં સંપડાયેલા એક માનવીને વિચાર આવ્યો. ''મારી આફતો ટળે એ માટે હું કાંઈ સંકલ્પ કરું.'' બસ ! એ જ વિચારાધારાએ મનથી સંકલ્પ કર્યો ''મારું ઘર અને રાચરચીલું બન્ને વેચી, આ બન્નેની રકમ ગરીબોને વહેંચી દઈશ. જો આ મુશીબતોમાંથી છૂટીશ તો.''

કાંઈક ભાગ્યોદયે ! પૂણ્યોદયે એ જ દિવસથી વળતાં પાણી થવા લાગ્યા મુશીબતોમાં રાહત મળવા લાગી. આવતી આફતોમાંથી હેમખેમ પાર ઉતરવા લાગ્યો. એક દિવસ એવો આવ્યો સઘળી મુશીબતો અને આફતો દૂર થઈ ગઈ. હવે સમય આવ્યો સંકલ્પ પૂર્ણ કરવાનો.

પરંતુ, મન માનતું નથી. આટલા રૂપિયા કઈ રીતે ગરીબોને આપી દેવાય. કાંઈક રસ્તો કાઢું. વિકલ્પો શરૂ થયા. ભટકતાં મને કાંઈક યુક્તિ સુજાડી - બતાવી.

''ઘર તથા રાચરસીલાની કીંમત ૧ રૂા. સાથે આ બિલાડીની કિંમત ૧ લાખ રૂપિયા.'' ''શરત એટલી કે ખરીદનારે બન્ને વસ્તુઓ સાથે ખરીદવી પડે.''

જાહેરાત વાંચી અનેક ઘર-ઈચ્છુકો તેને ત્યાં આવવા લાગ્યા. ઘરની કિંમત મંજૂર છે પણ બિલાડીની કિંમતમાં કાંઈક ફેરફાર કરી આવો તો સોદો મંજૂર.

ના, ભાઈ આમા કાંઈ ઓછું - વત્તું ન થાય. ભાવ-તાલ- કરવાના નથી. જોઈએ તો આ શરત પ્રમાણે ખુશીથી લઈ જાવ નહિંતર કાંઈ નહિ.

એક સોદાગરે તેની શરત પ્રમાણે બન્ને વસ્તુ-ઓ સ્વીકારી લીધી. રૂપિયા ચુકવાઈ ગયા કબજો લેવાઈ ગયો.

માનવીએ પોતાના સંકલ્પ પ્રમાણે ૧ રૂા. ભિખારીને આપ્યો. પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થયાનો સંતોષ માન્યો.

મોટા ભાગના માનવીનું મન આ રીતે જ વિચાર કરે છે. તેઓ ગુરુની વાત સાંભળે ખરા, સમજે પણ ખરા, નિયમો આદિનું પાલન કરવાનું નક્કી પણ કરે. નિયમો લે અને પછી સંકલ્પ-વિકલ્પોની વણઝાર ચાલે.

ગુરુની વાતનો પોતે લાભ લીધો અને અર્થઘટન કર્યું મનફાવતું.

આવી સંકલ્પ-વિકલ્પોની માયા જાળમાંથી છૂટવા માટે મનને કોઈક સાધનામાં જોડવું પડે. જ્યાં સુધી ન જોડે ત્યાં સુધી તેઓ કોઈ નિયમ કે કાંઈ કશુંય શીખી શકતા નથી.

દૃઢ સંકલ્પો અવશ્યમેવ પરિપૂર્ણ થાય છે.

-વિરાગ

મલાડમાં ચૈત્રી ઓળીની પ્રભાવક આરાધના

તીર્થંકરો પણ જેનું વર્ણન કરે છે અને ગણધરો પણ જેનું સેવન કરે છે, એવા શ્રી સિદ્ધચક્ર ભગવંતની ચૈત્ર માસીય ઓળી મુંબઈ મલાડ ખાતે યાદગાર બની ગઈ તી.

પ્રવચન પ્રભાવક પૂ. ગણિવર્ય શ્રી નયવર્ધન વિ. મ. ના શાસન પ્રભાવક શિષ્યરત્ન પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ. આદિ મુનિ ભગવંતો મલાડ- (રત્નપુરી) સંઘની વિનંતીને સન્માન આપી ગુજરાતથી મુંબઈ તરફ પધાર્યા હતા. ચૈ. સુ. ૫ + ૬ ના દિને પૂજ્યમુનિવર્યોનો સામૈયા સહ પ્રવેશ થયો તો. પ્રથમ દિવસે જ પ્રવચનમાં પૂ. મુ. હિતવર્ધન વિજયજીએ ૨૬૦૦ ની ભયાનક ઉજવણીને પડકારી હતી. તેઓએ સિંહનાદ કરીને કહ્યું '' સિદ્ધાંતનો ઝંડો અમે હાથમાં પકડ્યો છે. રક્તનું બુન્દ પણ આ દેહમાં હશે, ત્યાં સુધી તે ઝંડો આણનમ રહેશે. એ ઝંડામાં લપેટાઈ ને જ અમારૂં શબ - મશાન ભેગું થશે. સાધુના ધવલ ચીર એટલે જ સિદ્ધાંતોનું પ્રતીક''

પૂજ્યશ્રીની વાત ઝીલી લઈને અત્રેના સંઘે ૫૦૦૦ અન્તર્દેશીયો તૈયાર કરી વિવિધ સ્થળે રવાના કર્યા તાં.

શ્રી સિદ્ધચક્ર ભગવંતનું માહાત્મ્ય અને નવે નવ પદોનું વર્ણન પણ પ્રવચનમાં હૃદયસ્પર્શી રીતે કરાતું હતું. સરેરાશ ૧૭૫ જેટલા તપસ્વીઓએ નવે દિવસ આયંબિલનું આરાધન કર્યું હતું.

ચૈત્ર સુદ પૂનમને દિવસે શ્રી પુંડરિક સ્વામીજીના ૫ કરોડ મુનિ ભગવંતો સમેતના નિર્વાણની સ્મૃતિ સ્વરૂપે ૫ કલાક ના દેવવંદન કરાવાના હતાં.

આમ, ચૈત્ર માસીય ઓળી મલાડના સંઘનું સંભારણું બની ગઈ.

પ્રેરક પ્રવચનામૃત

-પ્રજ્ઞાંશ

(સં. ૨૦૪૧, ચૈ. વ. ૮ ખંભાતના પ્રવચનમાંથી)

અટલી સુંદર ધર્મસામગ્રી મળવા છતાં પણ હજી તે સામગ્રીની કિંમત ન સમજાય તો સમજવું કે આપણે ધર્મ કરેલો તે ઊંધી રીતે કરેલો, મેલો કરીને કરેલો. માટે આપણું પુણ્ય ખરાબ છે પણ સારું નથી. આ વાત જો બરાબર સમજાઈ જાય, હૈયાને જચી જાય તો આપણે નક્કી કરવું છે કે, ખરાબ પુણ્ય ભોગવવું નથી. સારું પુણ્ય હોય તો શક્ય તેટલું સારું કરવું છે. સારા પુણ્યના કારણે સુખ ભોગવવું પડે તો કરીને જ ભોગવે તેનું નામ જૈન. શ્રી જિનશાસન જગતને રડતા જ સમજાવે છે કે- 'પુણ્યથી પણ મળનારું દુનિયાનું સુખ ભારેમાં ભારે વિષ છે, ભોગવવા જેવું નથી, છોડવા જેવું જ છે, કદાચ ન છૂટી શકે અને ભોગવવું પડે તો કમને ભોગવવા જેવું છે.'

પ્ર. પુણ્યથી જે કાંઈ દુનિયાની ચીજો મળે તે ખરાબ જ હોય ?

ઉ. - હા જી પુણ્યથી મળેલી દુનિયાની ચીજોનો ઉપયોગ કરતા ન આવડે તો સત્યાનાશ જ કાઢે. માટે શાસ્ત્રે કહ્યું કે- 'રાજેશ્વરી તે નરકેશ્વરી.'

શાસ્ત્રે કહ્યું છે કે, જેને માટે જગત મરી રહ્યું છે તે બધી ચીજો ઈચ્છવા જેવી નથી. સાથે સાથે એ પણ કહ્યું છે કે- જગતની બધી સારી ચીજો મળે ધર્મીને જ. પણ ધર્મી તેને લાત મારતો હોય. જગતની સારી ચીજો મેળવવાનું, ભોગવવાનું મન થાય તે બધા દુર્ગતિમાં જવાના છે.

પ્ર.- 'સમ્યક્ત્વ વિનાની ધર્મક્રિયા તે નકામી' આમ કહેવું તે એકાંતવાદ નહિ ?

ઉ.- નહિ. શાસ્ત્રે તો સમ્યક્ત્વ વિનાની ધર્મક્રિયાને 'આકાશમાં ચિતરામણ' 'છાર પર લીંપણ' જેવી કહી છે. સમ્યક્ત્વ વિના ધર્મ જ નથી. ધર્મની શરૂઆત સમ્યક્ત્વ પામવાથી છે મોક્ષ ધર્મના સ્થાપકોવા શ્રી અરિહંત પરમાત્માઓના ભવની ગણત્રી પણ સમ્યક્ત્વ પામવાથી કરાય છે

પ્ર. નિકાચીત ભોગાવલી કર્મના કારણે સંસારનું સુખ ભોગવવું પડે તે પાપોદય કહેવાય ?

ઉ.- હાજી કહેવાય. શાસ્ત્રે મોહનીય નામનું પાપ જીવવું છે માટે તેને સંસારનું સુખ ભોગવવું પડે છે. તે સુખ જો સારું લાગે તો સમજવું કે તે મિથ્યાત્વ મોહનીયનો ઉદય છે. મોહનીય કર્મ તે પાપ કર્મ છે ને ?

આપણી વાત ચાલે છે કે, મોક્ષ માટેનો જે ઉદ્યમ તેનું નામ ધર્મ. ધર્મ પણ જો મોક્ષ માટે ન હોય તો હિતકર નહિ. ધર્મ ભગવાને મોક્ષ માટે જ બતાવ્યો છે પણ બીજા કામ પાર પાડવા માટે બતાવ્યો નથી.

પ્ર.- બધા લોકો કહે છે કે, આપની વ્યાખ્યા જુદી છે.

ઉ.- મારી તો વ્યાખ્યા ભગવાને, મહાપુરુષોએ જે કહી છે તે જ છે. ભગવાને જે કહ્યું છે, મહાપુરુષો જે કહી ગયા છે તે જ હું કહું છું. શ્રી વીતરાગદેવના શાસનના સાધુનો પોતાનું કહ્યું કહેવાનું હોતું નથી. અમારો અભિપ્રાય આ છે તેમ જે કહે તે વીતરાગનો સાધુ નથી. અમારો અભિપ્રાય આ છે તેમ નહિ પણ શાસ્ત્રનો અભિપ્રાય આ છે તેમ કહે તે જ સાચો સાધુ છે. જ્ઞાનીએ જે કહ્યું તેમ કહે તેની કિંમત છે. બેને બે ચાર થાય ને ? બે ને બે ત્રણ કે પાંચ કહે તે સાચો કહેવાય ? બધા બેને બે ત્રણ કે પાંચ કહે પણ એક જણ ચાર કહે તો સાચું કોનું મનાય ? એક પણ સાચું કહે તો તેનું સાચું મનાય ને ? ગાઢ અંધકાર ફેલાયેલો હોય અને જેની પાસે બેટરી હોય તે જો પ્રકાશ ન ફેલાવે તો કેવો કહેવાય ? માટે સાચું કહેવામાં પાછી પાની કરવી નહિ. કહેવાની રીત જુદી હોય તે બને.

પ્ર.- સાચું કહેવાથી શાસનને નુકશાન થાય તેમ હોય તો મૌન ન રહેવાય ?

ઉ.- સાચું કહેવાથી કદિ નુકશાન થતું જ નથી.

પ્ર.- મિત-પ્રિય હોય તે જ સત્ય કહેવાય ને ?

ઉ.- અધૂરું યાદ રાખો છો. શાસ્ત્રે તો કહ્યું છે કે- હિતકર હોય તો અપ્રિય પણ બોલાય. 'પરો દુષ્યતુ વા તુષ્યતુ વાહિયા ભાષા ભાસિતવ્વા' આ કેમ યાદ રાખતાં નથી. માત્ર 'મીઠું' યાદ રાખો છો સાથે 'હિતકર' પણ યાદ રાખો. ફાવતી વાત કે ફાવતા વચનો યાદ રાખે તે શાસ્ત્રના

વચનોનો દુરુપયોગ કરે છે. સત્ય હાનિ કરનાર હોય તે ન બોલવું પણ સત્ય બતાવ્યા વિના રહેવું પણ નહિ.

પ્ર.- તો મંડના શૈલીથી જ બતાવતા હો તો ?

ઉ.- એકબાજુબતાવ્યા વિના બીજી બાજુબતાવાય ? જેમ સત્ય અનાદિનું છે તેમ અસત્ય પણ અનાદિનું છે. અસત્યથી બચાવી સત્યમાં લાવવા તે ધર્મ છે.

પ્ર.- 'જો એગો જાણઈ સો સવ્વ જાણઈ' એમ પણ શાસ્ત્રે કહ્યું છેને ?

ઉ.- એક મોક્ષ જાણે તો આખો સંસાર ખોટો સમજાઇ જ જાય ને ? હું પણ આ જ વાત સમજાવવાની મહેનત કરું છું. તમે જગતની ચીજો સારી માનો છો તે મોક્ષ સમજતા નથી માટે.

પ્ર.- આટલું આટલું સાચું છે તો બાકીનું ખોટું પૂરવાર થઈ જાય ને ?

ઉ.- હંમેશા બે ય બાજુ હોય, એક ન હોય. મોક્ષ સારું તો સંસાર ખોટો કહેવો જ પડે. સમકિતે સારું છે તો મિથ્યાત્વ ખોટું સમજાવવું જ પડે. એક ચીજ સારી સમજાવવી તો તેની પ્રતિપક્ષી ચીજ ખોટી સમજાવવી જ પડે.

માટે સમજશો તો કલ્યાણ થશે બાકી ટોળટપ્પાં કરે કલ્યાણ નહિ થાય. મહાપુણ્યોદયે આવી સુંદર ધર્મસામગ્રી વાળો મનુષ્ય જન્મ આપણને સૌને મળ્યો છે. તમારા કરતાં અમારું પુણ્ય ઊંચું છે. જગતના જીવો કરતાં તમારું પુણ્ય ઊંચું છે. આપણે જો આ બધી - જ્ઞાનીઓએ કહેલી વાતો નહિ સમજીએ તો દુર્ગતિ ભારે છે. ત્યાગી, સંયમી, સત્યવાદી કહેવરાવી અમે પણ જો ગોટાળા કરીએ તો અમારી દુર્ગતિ તમારા કરતાં મોટી છે. શ્રી જૈન શાસન કહે છે કે, જગતમાં પહેલા નંબરે સુખી શ્રી વીતરાગ દેવનો સાધુ છે, તે પછી દેશવિરતિધર જીવ છે, તે પછી સમકિતી છે, તે પછી સમકિતનો અર્થી જીવ છે, બાકી બધા દુઃખી છે.

પ્ર.- મોક્ષ સાધ્ય છે. ચિત્તની સ્થિરતા તે સાધન છે. તે માટે જે જોઇએ તે ભગવાન પાસે મંગાય ને ?

ઉ.- તમે બધા સંસારના સુખના જ રસિયા છો માટે ઘરના લોકોની લાતો ખાઇને પણ ઘરમાં રહો છો કેમ કે ત્યાં તમારું ચિત્ત સ્થિર છે. જેને જેમાં રસ હોય તેમાં તેનું ચિત્ત સ્થિર હોય છે જ. તમને સંસારનું સુખ સારું, મજેનું લાગ્યું છે માટે ભગવાન પાસે શું શું માંગો છો ? બોલતા ય અમને શરમ આવે છે. દુનિયામાં વિષયના રાગના અર્થી જીવો કેવા હોય તે માટે શાસ્ત્રે એક દૃષ્ટાન્ત આપ્યું છે.

એક વિધવા બ્રાહ્મણીને ત્રણ દિકરી હતી. ત્રણેને ક્રમસર પરણાવી અને તે બધી સંસારમાં સુખી રહે માટે તેણીએ સલાહ આપી કે- 'પતિ તારી પાસે આવે ત્યારે પહેલા લાત માર જે.' પહેલી છોકરીએ તેમ કર્યું તો તેના પતિએ કહ્યું કે- 'તને તો વાગ્યું નથી ને ?' બીજે દિવસે માતાને વાત કરી તો માએ કહ્યું કે- 'તારા ઘરમાં તું મરજી મુજબ કરજે તને કાંઈ વાંધો નહિ આવે.' બીજી છોકરીને પરણાવી અને તેણીએ પણ તેમ કર્યું તો તેનો પતિ પહેલાં તો એકદમ ગરમ થઈ ગયો પણ થોડીવારમાં ઠંડો થઈ ગયો. માને આ વાત કરી તો માએ શિખામણ આપી કે- પતિ ગુસ્સે થાય ત્યારે તું ઠંડી રહીશ તો સુખી થઈશ. ત્રીજી છોકરીને પરણાવી અને તેણીએ પણ આમ કર્યું તો પતિએ એકદમ ગુસ્સે થઈ તેને મારીને ઘરની બહાર કાઢી મૂકી. બીજે દિવસે માની પાસે ગઈ બધી વાત કરી તો માએ શિખામણ આપી કે- પતિને દેવની માફક પૂજજે, તેની આજ્ઞામાં રહીશ તો સુખી થઈશ. પછી તો તેના પતિને પણ સમજાવી દીધો.

તેમ તમને પણ બરાબર સમજાઈ જાય અને હૈયાથી સમજણનો અમલ કરવા માંગો તો ચિત્તની સ્થિરતા આપો આપ આવી જાય. સમજણ શું ? 'સંસાર ભૂંડો અને મોક્ષ રૂડો' સમજાઈ જાય તો ચિત્ત આપો આપ સ્થિર થઈ જાય. તમારા ચિત્તની અસ્થિરતા કેમ થાય છે ? તો કહેવું પડે કે આ વાત સમજણ હજી હૈયાથી થઈ નથી. માત્ર બોલવા પૂરતી જ છે.

સમા: પરની ઇચ્છાઓ બેઠી છે માટે.

તેને ઓછી કરવી તે જ ચિત્તની સ્થિરતાનો ઉપાય છે.

પ્ર.- ભગવાન પાસે પરની ઇચ્છા ઓછી કરવા માંગણી કરી શકાય ?

ઉ.- હા. **મોક્ષની સાધના માટે, ચિત્તની સ્થિરતા થાય તે માટે જે માંગવું તે મંગાય તેનું નામ જ 'ઇષ્ટ ફલસિદ્ધિ'** છે.

પૂર્વાચાર્ય વિરચિત

સંઘ સ્વરુપ કુલકમ્ - સાર્થ

('શ્રી પારમાર્થિક લેખ સંગ્રહ' માંથી સાભાર જે પુસ્તક 'જીવણ અબજી જ્ઞાનમંદિર' વઢવાણથી પ્રકાશિત થયેલ છે. જેના સંપાદક - પૂ. મુ. શ્રી પુણ્ય વિજયજી મ. છે.)

केइ उम्मग्गढियं, उम्मग्गपरुवयं बहु लोयं ।
दट्ठुं भणंति संघं, संघ सरुवं अयाणंता ॥ १ ॥
सुहसीलाओ सच्छंदचारिणो, वेरिणो सिवपहस्स ।
आणाभट्ठ ओ बहु जणाओ, मा भणंह संघुत्ति ॥ २ ॥

સંઘના સ્વરૂપથી અજ્ઞાત લોકો ઉન્માર્ગમાં સ્થિર રહેલા તથા ઉન્માર્ગની પ્રરૂપણા કરતા ઘણા. મનુષ્યોને જોઈને સંઘ કહે છે. ।૧।

પરંતુ તે સંઘ કહેવાતો નથી, કારણ કે - સુખશીલીયા, સ્વચ્છંદાચારી, મોક્ષમાર્ગના વૈરી અને શ્રી જિનેશ્વરની આજ્ઞાથી બાહ્ય - એવા સમૂહને સંઘ ન કહેવાય. ॥ ૨ ॥

अम्मापियसारित्थो, सिवघरथम्भो य होई सुसंघो ।
आणा बज्झो संघो, सप्पुव्वभयंकरो इण्हिं ॥ ३ ॥

સુસંઘ માતા-પિતાની સરખો છે, મોક્ષ રૂપી ઘરના સ્થંભ-થાંભલા- ભૂત છે અને શ્રી જિનેશ્વરોની આજ્ઞાથી બાહ્યસંઘ આ સંસારમાં ભયંકર સર્પ જેવો છે. ॥ ૩ ॥

अरघं संघं जे, भणंति रागेण अहव दोसेण ।
छेअं वा मूलं वा, पच्छित्तं जायए तेसिं ॥ ४ ॥

રાગ અથવા દ્વેષથી અસંઘને સંઘ કહેનારને છેદ અથવા મૂલ પ્રાયશ્ચિત્ત આવે છે. (દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાંથી આ સાતમું અને આઠમું છે.) ॥ ૪ ॥

काउण संघसद्द - अववहारं कुणंति जे केऽवि ।
पण्फोडियसउणीअंडगं व ते हुंति निस्सारा ॥ ५ ॥

સંઘ શબ્દ વાપરે છે અને સંઘને પ્રતિકૂળ વ્યાપાર કરે છે અર્થાત્ અશુદ્ધ વ્યવહાર ચલાવે છે, તે જીવો ફૂટી ગયેલા પક્ષીના ઈંડાની જેવા નકામા છે - સાર વગરના છે. ॥ ૫ ॥

संघ समागममिलिया जे समणा गारवेहिं कज्जाई ।
साहिज्जेण करिंतीं, सो संघाओ न सो संघो ॥ ६ ॥

સંઘની અંદર મળેલા સાધુઓ રસ તથા ઋદ્ધિ આદિ ગારવના કારણ વડે સંઘને સ્વાધીન કરે તો તે સંઘાત છે પણ સંઘ નથી. ॥ ૬ ॥

जो साहिज्जे व दुइ, आणाभंगे पयट्टमाणाण ।
मणरायाकाएहिं, समाण दोसं तयं बिंति ॥ ७ ॥

આજ્ઞા ભંગમાં પ્રવર્તતા એવા સાધુની સહાયમાં મન-વચન-કાયાના યોગ વડે જે સાધુ વર્તે છે, તે બંન્નેને આજ્ઞાભંગ-સમાન દોષવાળા કહ્યા છે. ॥ ૭ ॥

आणाभंगं दट्ठुं, मज्झत्थाणो उठंति जं तुसिणी ।
अविहिअणुमोयणाए, तेसिंपि य होइ वयलोवो ॥ ८ ॥

આજ્ઞા ભંગના પ્રસંગને જોઈને જે મધ્યસ્થ પુરૂષો તેનું નિવારણ કરવા ઉઠતાં નથી અને મૌન ધારણ કરે છે, તેઓને પણ અવિધિની અનુમોદના વડે વ્રતનો લોપ થાય છે. ॥ ૮ ॥

तेसिंपि य सामन्नं भट्ठभग्गवाय ते हुं ति ।
जे समण कज्जाइं, चित्तरक्खाए कुणंति ॥ ९ ॥

જે સાધુઓ ચિત્તની અનુકૂળતા માટે સંઘને સ્વાધીન કાર્યો કરે છે. અર્થાત્ - સ્વચ્છંદપણે કાર્યો કરે છે તે સાધુનું શ્રામણ્યપણું ભ્રષ્ટ થયું છે - તે ભગ્નવ્રતવાળા થયા છે. ॥ ૯ ॥

ता तित्थयराराहणपरेण, सुयसंघभत्तिमंतेण ।
आणाभट्ठजणम्मि य, अणुसट्ठी सव्वहा देया ॥ १० ॥

શ્રી તીર્થંકરની આરાધનામાં તત્પર, તેમજ શ્રુતસંઘની ભક્તિમાં તત્પર એવા શ્રી સંઘે આજ્ઞાભ્રષ્ટ એવા જનને હંમેશા શિક્ષા આપવી જોઈએ. ॥ ૧૦ ॥

ક્રમશ:

ધર્મમૂર્તિ પૂજ્ય ખુમારીના સ્વામીને કોડો નમસ્કાર !

(સં. ૨૦૪૨, પોષ સુદિ - ૧૩ ને ગુરુવાર તા. ૨૩-૧-૮૬ ના રોજ પૂજ્યપાદશ્રીજી ના ૭૪ મા દીક્ષા દિવસની ઉજવણીના પ્રસંગે; પાદરા મુકામે આપેલા પ્રવચનમાંથી)

જૂઓ આજે જે પ્રકારની ધાંધલ ચાલે છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. ધર્મ કરવો હોય તો ભગવાન શ્રી જિનેશ્વર દેવના વચન પર શ્રદ્ધા રાખવી જોઈએ. **ભગવાન શ્રી જિનેશ્વર દેવનું શાસન-આગમ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ નથી માનતું એમ કોઈ પૂરવાર કરે તો કાલે હું તેનો ગુલામ થાઉં.** જતિઓના કાળમાં ઘણી પોલ ચાલી તેને આધીન કેમ થવાય ? પર્વતિથિની ક્ષય - વૃદ્ધિ થાય છે એમ પૂ. શ્રી આત્મારામજી મ. લખી ગયા છે. તમે લોકો ધ્યાન રાખીને અભ્યાસ પણ નથી કરતા કે કશું યાદ પણ નથી રાખતા.

એક તિથિપક્ષના મોટા આગેવાન પૂ. સાગરજી મહારાજની સાથે અમારે બાપ-દિકરા જેવો સંબંધ હતો. ૧૯૯૨ માં તેમણે જે ગરબડ કરી તે ખ્યાલ બહાર કરી; ૧૯૯૧ માં ભેગા રહ્યા, ૧૯૯૯ માં પાછા અલગ પડ્યા. ૧૯૯૧ માં મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. નું 'તત્ત્વતરંગિણી' પુસ્તક વાંચ્યા પછી 'સિદ્ધચક્ર' માં લખ્યું કે -**" શ્રી જૈન શાસનને સમજનારો, આગમને જાણનારો પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન જ આવે તેમ બોલી શકે નહિ."**

ગયા વર્ષે (સં. ૨૦૪૧ માં) તેર (૧૩) મહિના (બે શ્રાવણ) હતા. તો સંવત્સરી ખામણામાં શું બોલ્યા કે- "બાર માસાણં, ચઉવ્વીસ પકખાણં, ત્રણસોનેસાઠ રાઈદિયાણં...". મહિના તેર, પક્ષ છવ્વીસ, દિવસ ૩૮૪ છતાંય અધિક મહિનો ગણાય નહિ. જો અધિક મહિનો ન ગણાય તો તિથિમાં શું વાંધો નડે છે તે સમજી શકાતું નથી. તમે લોકો ય અભણ છો, કાળજી વગરના છો કે સમજી શકતા નથી તેની ય ખબર પડતી નથી.

પડકાર અવસર આવે કરીશું. "અવસર ભાસિતાવાણી' પડ્યા શું પડે છે તે જૂઓ. સહી ઓ વાંચી. એક મોટો પક્ષ નીકળી ગયો. તેને તો બોલવા દો. આ બધું ગાંડપણ છે. ગમે તે માણસો ગમે તેવી જાહેરાત કરે તેથી ગભરાવાનું નહિ. આપણે જે સાચા માર્ગે ઊભા છીએ તે માર્ગે ચાલવું. જરાય ઢીલા પડવાનું નહિ. જે કર્યું છે તે બધું શાસ્ત્ર વિરુદ્ધ છે. નવો પક્ષ શું કરે છે તે જૂઓ. આપણે વાત છેડવી નથી.

શ્રી સાગરજી મ. ને મેં કહેલ કે, આપે ૧૯૯૧ માં જે લખેલ છે તે જાહેર કરી તેની નીચે આપણા બંન્નેની સહી કરીએ. તો તેઓ મને કહે કે -તારે મારા હાથ કાપી નાંખવા છે. મેં કહ્યું કે- આપના હાથ તો કપાઈ ગયા છે. આવી બધી તો ઘણી વાતો છે. તેઓ ઘણા બહાદૂર હતા. જે વાત પકડાઈ જાય તે ન છૂટે તે વાત જૂદી. પરન્તુ તીર્થની અને શાસનની રક્ષા માટે ઘણો પુરુષાર્થ કર્યો છે. તેમને જો ખોટી પકડ ન થઈ હોત તો સારું થાત, સંઘ સુધર્યો હોત. પણ ભવિતવ્યતા તેવી. તેમના માટે મને કદિ દુર્ભાવ થયો નથી.

મેં તે વખતે પણ કહેલ કે બે-પાંચ આગેવાનો ભેગા થઈ બધા જ આચાર્યો પાસે જાય અને કહે કે- આપની માન્યતા શું છે તે લખી આપો. આવી રીતે પાંચ આંટા ખાય તો સાચું શું તે નક્કી થઈ જાય. પણ ગરજ કોને છે...! ચિંતા કોને છે...!

આવા નિવેદનો, પત્રકો બહાર આવે ગભરાતા નહિ. **અમે ઊંઘતા નથી, જાગતા છીએ. બોલવાની જરૂર ઉભી થશે તો નહિ બોલીએ તેમ માનતા નહિ. મારું ખોટું પૂરવાર થાય તો કાલે ફેંકી દેવા તૈયાર છું. જાહેરમાં માફી માગવા તૈયાર છું.** ભગવાનના શાસનને જ વળગી રહેવું છે. તમે સૌ આકળા ન થાવ. જે થાય તે જોયા કરો. વિશેષ અવસરે.

સમાચાર સાર

દીઓદર (બનાસકાંઠા) : અત્રે પૂ. આ. શ્રી વિજય સોમચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં તરુણકુમાર નટવરલાલ તથા અનુભાઇ ની સુપુત્રી સપના ની દીક્ષા યોજાઈ. ઠોશી હરગોવિંદદાસ મોહનલાલ પરિવાર ની તરફથી વૈ. સુ. ૧૩ થી વૈશાખ વદ-૨ સુધી શાંતિસ્નાત્ર આદિ પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાયો.

પાલીતાણા : શ્રી શત્રુંજય દર્શન ધર્મશાળામાં પૂ. આ. શ્રી વિજય મહાહ્રદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં વૈશાખ વદ ૧૨ થી જેઠ સુદ ૬ શ્રી શ્રેયાંસનાથ સ્વામી જિનબિંબ પ્રતિષ્ઠા મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

બેંગ્લોર : શ્રી પાર્શ્વલબ્ધિ શાસન પ્રભાવક ટ્રસ્ટ દ્વારા કુમાર કૃપા રોડ બેંગ્લોર ટુમકુર રોડ ઉપર શ્રી લબ્ધિપાર્શ્વ જિન બિંબોની અંજનશલાકાનો મહોત્સવ પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી અમરસેન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં તા. ૬-૫-૨૦૦૧ થી તા. ૧૦-૫-૨૦૦૧ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

દેવન હેલી - બેંગ્લોર : અત્રે પૂ. શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્ર ધામ શાસન પ્રભાવક ટ્રસ્ટ દ્વારા પૂ. આ. શ્રી વિજય સ્થૂલભદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠા ૨૬-૪-૨૦૦૧ થી ૩૦-૪-૨૦૦૧ સુધી ભવ્ય રીતે ઉજવાયો. પૂ. આ. ભ. ના સંયમ પર્યાયિની અનુમોદના તથા પૂ. મુ. કલાપૂર્ણ વિજયજી મ. ની ૧૦૦ ઓળીની પણ ઉજવણી થઈ.

બાવલા : અત્રે આ. શ્રી વિજયજિન સૂ. મ. ની નિશ્રામાં વૈ. સુ. ૭ હસમુખભાઈ કસ્તુરચંદ શાહ તરફથી સત્તર ભેદી પૂજા, વૈ. સુ. ૧૧ શ્રી ચંપકલાલ ધરમશી તરફથી ઋષિમંડળ પૂજા, વૈ. સુ. ૩ ના અનીલાબેન જ્યોતેન્દ્રકુમાર ના વર્ષીતપના પારણા નિમિત્તે નવાણું પ્રકારી પૂજા, વૈ. સુ. ૧૫ નટવરલાલ હરિલાલ, મેઘાણીનગર અમદાવાદ તરફથી શ્રી સિદ્ધચક્ર પૂજા વિગેરે યોજાયા.

ધોળા જંકશન : અત્રે દેવાસજીની ૧૮ મી વર્ષગાંઠ નિમિત્તે વૈ. વદ ૫ ના ધજા રોપણ થયું. બપોરે શ્રી સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું.

નવનગર - દર્પણનગર - અમદાવાદ : અત્રે પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં વૈ. વદ ૬ ના શાહ કિરીટભાઈ મંગલદાસ તરફથી સિદ્ધચક્ર મહાપૂજન, શાહ હીરાલાલ મણિલાલભાઈએ ઠાઠ ઉત્સાહથી ભણાવ્યું.

કડોલી (મારવાડ) : અત્રે શીતલનાથ જિનાલયની શુદ્ધિ નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજન અષ્ટોત્તરી સ્નાત્ર પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ., પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. ની નિશ્રામાં વૈ. વ. ૯ થી વૈ. વદ ૧૩ સુધી ઠાઠથી ભણાવાયુ.

ભીવંડી : અત્રે શાલીભદ્ર એન્ટર પ્રાઈઝ તરફથી શુભ દીક્ષા કોમ્પ્લેક્ષ અંજુ ફાટા શ્રી આદિનાથ સ્વામી આદિ જિન બિંબોની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય લલિત શેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અષ્ટોત્તરી સ્નાત્ર આદિ મહોત્સવ સાથે વૈ. વ. ૬ ના ઉત્સાહથી થઈ, મહોત્સવનું આયોજન સુંદર થયું હતું.

જાવાલ (રાજસ્થાન) : પૂ. આ. શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી આદિની નિશ્રામાં મગનલાલજી લખમાજી પુનાવાલા પરિવાર તરફથી પોતાના વડિલોના આત્મ શ્રેયાર્થે વૈ. વદ ૧૨ થી જેઠ સુદ ૬ સુધી ભવ્ય મહોત્સવ ઉજવાયો.

નાકોડાજી (મેવાનગર) : અત્રે ભૈરવ દર્શન ધામમાં ૧૦૮ બલોકોની ધર્મશાળાનું ભૂમિ પૂજન પૂ. આ. શ્રી નિત્યોદય સાગર સૂ. મ., પૂ. આ. શ્રી યંદ્રાનન સાગર સૂ. મ. ની નિશ્રામાં વૈ. સુ. ૧૧ ના થયું.

સુરત : શાલિગ્રામ એપાર્ટમેન્ટ અત્રે પૂ. આ. શ્રી વિજય જનવલ્લભ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચુનીલાલ નાગરદાસ અદાણી પરિવાર યોજીત નૂતન જિનાલયનો શ્રી આદિનાથજી આદિ જિન બિંબોની અંજનશલાકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

સુરત કૈલાશ નગર : અત્રે મનોજકુમાર મગનલાલ વીરચંદ આયોજીત કુમારી વૈભવીબેનની દીક્ષાનો મહોત્સવ પૂ. મ. શ્રી પુણ્યરત્ન વિ. મ. ની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો.

પિંડવાડા : અત્રે શેઠ કલ્યાણજી સૌભાગ્યમલ જૈન પેઢીની

વિનંતીથી પૂ. આ. શ્રી વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. શ્રી ચરણગુણ વિજયજી મ. નું ચાતુર્માસ નક્કી થયું.

ગોપીપુરા – સુરત : અત્રે શ્રી રામચંદ્ર સૂ. આરાધના ભવન ખાતે શ્રીમતી અર્પણાબેન હિંમાશુભાઈ પ્રવીણચંદ્રની દીક્ષા પૂ. આ. શ્રી વિજય ગુણયશા સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશા સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ભવ્ય મહોત્સવ પૂર્વક ભવ્ય રીતે વૈ. વદ ૬ ના થઈ. પૂ. સા. શ્રી આત્મરંભશ્રીજી મ. નામ રાખીને તેમના માતુશ્રી જિનરંભશ્રીજી મ. ના શિષ્યા બનાવાયા.

ભીવંડી : અત્રે ઓસવાળ પાર્ક જૈન દેરાસરમાં શ્રી અભિનવતીર્થ ચંદ્ર પ્રભાસ ધામમા પૂ. આ. શ્રી વિજયઘોષ સૂરીશ્વરજી મ. આદિ ૨૦૦ સાધુ – સાધ્વીજીની નિશ્રામાં વૈ. વદ ૦)) બુધવારથી જેઠ સુદ ૬ સુધી ભવ્ય રીતે અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

ભાભર તીર્થ : અત્રે પૂ. આ. શ્રી વિજય સોમચંદ્ર સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય જિનભદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શ્રી હિંમતચંદ ભાઈ શ્રીમતી શાંતાબેનના જીવનના સુકૃત અનુમોદનાર્થે તથા તેમના પુત્ર રાજેશકુમાર, પુત્ર વધૂ અલકાબેન, હસુમતીબેન, પૌત્રી હીતલબેનની નવપદજી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ વૈ. વદ ૧૧ થી વૈ. વદ ૧૩ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

વીસનગર : સિદ્ધહસ્ત લેખક પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂરિજી મ. આદિઠાણા ૯ ડીસાથી વિહાર કરી વીસનગર પધારશે. જેઠ સુદ ૧૦ થી જેઠ સુદ ૧૪ સુધીના પંચાહ્નિક મહોત્સવ પ્રસંગે નિશ્રાપ્રદાન કરશે. જેઠ વદમાં મહેસાણા શહેરમાં સ્થિરતા કરશે. ચાતુર્માસ વીસનગર મુકામે નક્કી હોઇ અષાઢ સુદમાં ચાતુર્માસ પ્રવેશ કરશે. વીસનગરમાં જેઠ સુદ ૧૦ તેમજ જેઠ સુદ ૧૪ ના બે જિનાલયની સાલગિરિ પ્રસંગ નિમિત્તે પ્રભુભક્તિ રૂપે પાંચ દિવસનો મહોત્સવ ઉજવવામાં આવનાર છે.

વલ્લભીપુર : અત્રે પૂ. મુ. શ્રી હિતરુચિ વિજયજી મ. ના સંયમ જીવનને ૧૦ વર્ષ થયા. તેમની નિશ્રામાં વૈશાખ વદ-૫ ના પ્રભુજીને ભવ્ય આંગી રચાઈ તથા તેમના પિતાશ્રી પ્રેમચંદ ઈશ્વરલાલ તરફથી સાધર્મિક ભક્તિ તથા તેમની સંસારી બહેનો તરફથી સમગ્ર સંઘમાં કાંસાના વાણકી લહાણી કરવામાં આવી હતી.

પીંડવાડા : પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય વૈયક્ષાણ સૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ. સા. આદિની શુભ નિશ્રામાં વિક્રમ સંવત ૨૦૫૭ વૈશાખ વદ ૧૧ ગુરૂ દિ. ૩-૫-૨૦૦૧ ને સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમ સૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગતિથિની ઉજવણી ભવ્ય રીતે ઉજવાયેલ.

મલાડ (ઈસ્ટ) : અત્રે રત્નપુરી નગરે પૂ. મુ. શ્રી જયભદ્ર વિજયજી મ. વર્ધમાન તપની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે પૂ. ગણિવર્યશ્રી રત્નસોમ વિજયજી મ. ની નિશ્રામાં જેઠ સુદ ૯ થી જેઠ સુદ ૧૩ સુધી સાથીયા દિન ૩ છોડ સાથે રત્નપુરી આરાધકો તરફથી ભવ્ય મહોત્સવ રીતે ઉજવાયો.

નંદુરબાર સ્ટેશને ઉકાળેલું પાણી

"બલસાણા તીર્થોદ્ધારક પ. પૂ. આચાર્ય શ્રી વિદ્યાનંદ સૂરિજી મ. પ્રેરિત 'શ્રી નવકાર જૈન સેવા કેન્દ્ર (નંદુરબાર) તરફથી નંદુરબાર રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ નં. ૧ ઉપર ઉકાળેલા ઠંડા પાણીની સગવડ રાખી છે. તો ઉકાળેલા પાણીનો લાભ આપશો.

:: સંપર્ક સૂત્ર ::

નવકાર જૈન સેવા કેન્દ્ર

ગણપતિ ચોક, ભૈરવ ભુવન,

નંદુરબાર - ૪૨૫૪૧૨.

ફોન : ૦૨૫૬૪/ ૨૨૪૩૧ - ૨૧૫૭૯, ૨૨૩૪૨,

ફેક્સ નં. ૦૨૫૬૪- ૨૨૦૦૧.

અજ્ઞાનતા

સુરેખા : હલ્લો ડોક્ટર, મારા પતિ રાત્રે મોઢું ખુલ્લું રાખીને સુતા હતા. ત્યારે એ ઉંદર ગળે ગયા. તમે જલ્દી આવો.

ડોક્ટર : અત્યારે હું, ઇમરજન્સી એટેન્ડ કરી રહ્યો છું એટલે તરત નહીં આવી શકું. તે દરમિયાન તમે એક કામ કરો, ઉંદરની પાછળ બિલાડીને મોકલી આપો.

પુનામાં જૈન ધાર્મિક પાઠશાળાઓનો ભવ્ય ઈનામી મેળાવડો

સ્વ સાહિત્યભૂષણ પરમ પૂજ્ય મુનિરાજશ્રી **જીતેન્દ્રવિજયજી મહારાજ** સંસ્થાપિત જૈન જ્ઞાનોત્તેજક મંડળ સંચાલિત સાહિત્યોપાસક પ. પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી **હરિશભદ્રવિજયજી મહારાજ સાહેબની** પ્રેરણાથી ચાલતો અ.સૌ. માણેકબેન માનચંદ દિપચંદ શ્રી જૈન જ્ઞા નોત્તેજક ધાર્મિક પાઠશાળાનો તથા પૂનાની ૩૫ પાઠશાળાઓનો એકત્રીત ઇનામી મેળાવડો સંવત ૨૦૫૭ચૈત્ર વદ ૯, તા. ૧૭-૪-૨૦૦૧ ના રોજ પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી અજીતશેખર વિજયજી** મહારાજ સાહેબ આદિઠાણાની પાવન નિશ્રામાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટ (સંઘ મંદિર) ગુરૂવાર પેઠમાં આયોજીત કરવામાંઆવ્યો હતો.

પુનાની જુદી જુદી પાઠશાળાઓમાં સમ્યગ્જ્ઞાન ગંગાનો ધોધ સતત વરસાવનારા ૭૦ પંડિતવર્ય, શિક્ષક-શિક્ષિકા ભાઇ-બહેનોનો બહુમાન પૂર્વક સત્કાર કરવામાં આવ્યો હતો. તેમાં પણ જે જ્ઞાનદાતાઓએ વિધાપીઠની પરિક્ષામાં બાળકોને બેસાડ્યા હતા તેમને વિશેષ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

પુનાની સર્વપાઠશાળામાંથી સન્ ૨૦૦૦ નાંજૈન તત્ત્વજ્ઞાન વિધાપીઠની છ પરીક્ષાઓમાંથી પ્રારંભિક પરિક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિ જૈન ધાર્મિક પાઠશાળા ટિમ્બર માર્કેટની** બાળિકા હર્ષાબેન પોપટલાલ સંઘવીને સંસ્થાપક પૂજ્ય શ્રી જીતેન્દ્રવિજયજી મહારાજસાહેબની પુણ્ય સ્મૃતિમાં જીતેન્દ્ર ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

પુનાની સર્વપાઠશાળાઓમાંથી શ્રી જૈન તત્ત્વવાન વિધાપીઠની પરીક્ષાઓમાં સૌથી વધુ સંખ્યા બેસાડનાર **શ્રી પાર્શ્વનાથ જૈન** પાઠશાળા (ગુલટેકડી) ના શિક્ષિકાબેન સૌ. તરૂણાબેન જે. શાહને રૂા. ૫૦૧/- આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેમજ પાસ થનાર દરેક પાઠશાળાના બાળક - બાળિકાઓને રોકડ ઇનામો તેમ જપ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતા.

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિધાપીઠની ભારતભરની છ પરીક્ષાઓ માંથી પ્રવેશ પરિક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર **શ્રી અભિનંદન સહકારનગર જૈન ધાર્મિક પાઠશાળા** સહકારનગર પુનાની બાળિકા શૈલાબેન રસિકલાલ શાહને શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિધાપીઠતરફથી ચંદ્રક આપવામાંઆવ્યો હતો.

પ્રોગ્રામ દરમિયાન શ્રી જૈન જ્ઞાનોત્તેજક ધાર્મિક પાઠશાળાના બાળકોને **"જેવો સંગ તેવો રંગ"** નામનું સુંદર નાટક રજૂ કર્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રીએ સંસ્થાનો પરિચય આપતાં પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે પ. પૂ. મુનિશ્રી જીતેન્દ્રવિજયજી મહારાજસાહેબ સમ્યગ્જ્ઞાનરૂપી જે વૃક્ષ રોપી ગયા હતા તે વૃક્ષને પરમ પૂજ્ય પ્રવર્તક મુનિરાજશ્રી હરિશભદ્રવિજયજી મહારાજ સાહેબે પોતાના અથાગ પરિશ્રમ અને પ્રેરણારૂપી પાણીના ધોધથી તે વૃક્ષને મોટું બનાવ્યું છેઅને આજે તે વૃક્ષની શીતળતા ભારત ભરના દરેક જ્ઞાન પિપાસુ લઇ રહ્યાં છે. તેવી પોતાના મનની ભાવનાઓ આનંદ સાથે વ્યકત કરી ઉપકારી ગુરૂભગવંતોનો આભાર માન્યો હતો.

સોનામાં સુગંધ ભળે તેમ આ પ્રસંગે અસાર એવા સંસારને જાણેલા વીરપ્રભુએ બતાવેલા માર્ગને અપનાવવા માટે કટિબદ્ધ, જ્ઞાનપિપાસુ એવા **ડોમ્બીવલીના મુમુક્ષુ શ્રી ભદ્રેશભાઈનું** બહુમાન કરવાનો સુંદર અવસર સંસ્થાને મળ્યો હતો.

ઇનામી વિતરણના પ્રમુખ એમ. એ. સાહિત્યરસિક સાગર પંચાંગના સંપાદક શ્રીમાન શેઠ શ્રી એમ. જી. ઓસવાલના શુભ હસ્તે લગભગ રૂા. ૩૦,૦૦૦/- ના બક્ષિસો આપવામાંઆવ્યા હતા.

પધારેલ આદરણીય જ્ઞાનદાતા, વિધાર્થી, વિધાર્થીઓની તથા મહેમાનોની સાધર્મિક ભક્તિનો લાભ મૂકસેવાભાવી ધર્મપ્રેમી, ધર્મશ્રદ્ધાળુ **શ્રીમાન શેઠ શ્રી મણીલાલ ભલાજી**એ લીધો હતો.

આ પ્રસંગે પૂ. ગુરૂદેવે ઉપદેશાત્મક મનનીય પ્રવચન આપ્યું હતું.

ત્યારબાદઆભારવિધી અને ગુરૂદેવના સર્વમંગલ બાદસર્વે ભોજન માટે પધાર્યા હતા.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- પાપના ઉદયથી આવતાં દુઃખ મઝેથી વેઠવા એટલે દુઃખના મૂળને કાપવું. સંસારનું સુખ તે જ દુઃખનું મૂળ છે. કેમ કે, સંસારના સુખની ઈચ્છા પાપના ઉદયથી થાય છે, તે ઈચ્છા ખુદ પાપ છે અને તેનાથી પાપનો જ બંધ થાય છે.
- ભૌતિક સુખને ભૂંડું માને તે સુખી, સુખને સારું માને તે બધા દુઃખી.
- શ્રી નવકાર મહામંત્ર મળે અને જેને સંસારનાં સુખો જ ગમે તે નાલાયક છે.
- સંસારનાં સુખ માટે શ્રી નવકારમંત્ર ગણવો તે શ્રી નવકારમંત્રની મહા આશાતના છે.
- ધર્મ એટલે આત્માનો પરિણામ મોક્ષની ઈચ્છા ધર્મના પરિણામને લાવનારી ચીજ છે.
- ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસો-ટકો આત્માના ધર્મપ્રાણને લુંટનારી ચીજો છે.
- ધર્મ કરતાં પણ પૈસો જેને વધારે વહાલો લાગે તેને ધર્મની કિંમત હોય જ નહિ.
- અનિત્યાદિ ભાવનાથી ભાવિત આત્મા પોતાની જાતને સંસારમાં ફસાયેલી માને.
- શરીર પરનો પ્રેમ જાય તો ખરેખર ધર્મ આવ્યો કહેવાય.
- સંસાર સારો છે જ નહિ, સંસારનો જેને રસ ગયો નથી તે ખરાબ થયો સમજો.
- અવિરતિ જેવું ભયંકર પાપ છે કે જે આ દુનિયાના સુખ ઉપર જરાય અપ્રીતિ ન થવા દે અને પોતે કરેલા જે પાપ તેનાથી આવતું જે દુઃખ તેના ઉપર કદિ પ્રીતિ થવા ન દે.
- અમે પણ મહાત્માઓના ભગત કે પ્રેમી નહિ બનીએ, ગૃહસ્થોના પ્રેમી બનીએ, તમારા આદર-સત્કાર વખાણ કરીએ, તમારા કહ્યા મુજબ ચાલીએ તો અમે પણ મહાપુરુષોની આશાતના કરનારા છીએ.
- સ્યાદ્વાદના નામે અસત્ય સ્વીકારાય નહિ અને સત્ય છોડાય નહિ- છોડાવાય નહિ.. બીજાને સમજાવવાની કોશિશ કરાય, ન સમજે તો ત્યાગ પણ કરાય પણ સિદ્ધાંતની વાતમાં ઘાલમેલ તો કરાય જ નહિ.
- શાસનના સિદ્ધાંત પ્રેમી જીવો કદી કજીયો કરતા નથી, આવે તો વેઠી લે છે, નવું પણ કશું કરતા નથી. આપણે કશું નવું પ્રતિપાદન કર્યું નથી. જે કર્યું છે તે જુનાનો ઉદ્ધાર કર્યો છે.
- સમ્યગ્દષ્ટિ તેને જ કહેવાય કે જેની દ્રષ્ટિ આત્મ સ્વરૂપ તરફ હોય. એને સંસાર અસાર જ લાગે મોક્ષ તરફ એની દ્રષ્ટિ અવિચલ હોય, ભોગની સાધનામાં એ લેપાય નહિ.
- મિથ્યાત્વ મોહની સત્તા ઉઠે તો જ અધ્યાત્મ ભાવ આવે તો જ આત્મા માટે ધર્મ કરવાની વાત ગમે, નહિ તો પૈસા-ટકા, દુનિયાની મોજ મજાદિ માટે જ ધર્મ થાય.
- જેને અધર્મનો ડર ન લાગે, ધર્મનો પૂરેપૂરો પ્રેમ ન જાગે તે જીવ સાચો ધર્મ કરી શકે નહિ. તે સાધુ તો થાય તો ય સત્યાનાશ કાઢે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

P.P. પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯
Received 5/07/2001
706

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્દાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૩ | અંક ૪૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

સમાધિની પ્રાપ્તિ કયારે ?

भावम्मि समाही पुण एगंतेणेव चित्त विजयाओ ।
चितविजओ य सम्मं, रागद्दोसाण परि हरणा ॥१॥

तप्परिहारो य तुहेयरेसु, सद्दाइएसु विसएसु ।
पत्तेसु विचित्तेसु वि, अभिसंगपओस संचारो ॥२॥

(શ્રી સંવેગ રંગશાળા, ગા.૧૬૯૯-૧૭૦૦)

ભાવ સમાધિ એકાન્તે મનોવિજયથી પ્રાપ્ત થાય છે. અને મનોવિજય સારી રીતના રાગ-દ્વેષાદિના ત્યાગથી થાય છે.

પ્રાપ્ત થયેલા વિચિત્ર પ્રકારના અનુકૂળ કે પ્રતિકૂળ શબ્દાદિ વિષયોમાં રાગ અને દ્વેષના અભાવથી તેનો પરિહાર થાય છે અર્થાત્ રાગાદિની આધીનતાનો ત્યાગ કરવાથી તેનો જય થાય છે.

તપોવનના શ્રી હંસબોધિ મ. સા. નો વિકૃત આક્રોશ તેમનું 'કરોડો રૂપિયાના બિનજરૂરી અને અતિ ખર્ચાળ દેરાસરો બનાવવા બંધ કરો' એ વિધાન અધર્મ્ય છે

ગાંધીનગર, શુક્રવાર

અમદાવાદ - ગાંધીનગર હાઈવે પર આવેલી તપોવન સંસ્કારપીઠનો હેતુ છોકરાઓને રાતોરાત રાજકારણી, વકીલ, ડોકટર કે ઈજનેર બનાવી દેવાનો તો નથી જ, પરંતુ પહેલા એક સારા માણસ બનાવવાનો છે. જેનામાં માનવ અને માનવતા હોય. બાળકોની વેકેશન શિબિર લઈ રહેલા હંસબોધિ વિ. મહારાજ સાહેબનું આ કહેવું છે. તેઓનું ચિંતન આક્રોશમાં પરિણમતા એવું પણ કહી ઊઠે છે કે, જૈનોએ હવે કરોડો રૂપિયાના બિનજરૂરી દેરાસરો બનાવવાની જરૂર નથી. તેના બદલે નવી પેઢીના ઉછેર અને રાષ્ટ્રલક્ષી ઘડતરમાં તેનો ઉપયોગ કરવાની વેળા આવી ગઈ છે.

જૈન સમાજમાં આદરણીય ગણાતા પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ની પ્રેરણાથી સાબરમતીથી ગાંધીનગર માર્ગે અમીયાપુર ગામે અત્યારે વિદ્યાર્થીઓની સંસ્કરણ શિબિર ચાલી રહી છે. વેકેશનનો સદુપયોગ કેવી રીતે થઈ શકે તે અહીંથી ઠેર ઠેર ફૂટલા ફટકણીયા કલાસીસના સંચાલકોએ શિખવાની જરૂર છે. ફકત વેકેશન પૂરતી અને આઠ દિવસ સુધી કિશોરો માટે ચાલતી આ શિબિરમાં ધાર્મિક, રમતગમત કે અન્ય સ્પર્ધાઓ સાથે સૌથી મહત્ત્વના પાસા તરીકે પ્રામાણિકતા, રાષ્ટ્રપ્રેમ અને ચારિત્રના પાઠ ભણાવવામાં આવે છે, જે ગુણો વગર નવી પેઢી માટે દુષ્કર બની રહેવાના છે.

નિર્ધારિત સંખ્યા કરતાં પણ હાઉસફુલ થઈ જતી આ શિબિરોમાં કોઈપણ છોકરો એ રાષ્ટ્રહિતની ચિંતા કરનારાઓનું સાધ્યરૂપ હોય છે. હંસબોધિ મ. સા. કહે છે કે, શિબિરાર્થીઓનો તમામ પ્રત્યે મૈત્રી, દેવ - ગુરુની ભકિત અને જાતિની શુદ્ધિ કેવી રીતે રાખવી તેના પર ભાર મૂકવામાં આવે છે અને એ પૈકી પેદા થતા શોધમાંથી જ રાષ્ટ્રની રક્ષા જેવું કામ થઈ શકે છે. હોટલોના ખાસ ખર્ચાઓ અને ફેશનનો ત્યાગ કરવા પર અત્યંત ભાર મૂકાય છે. „નવી પેઢીની સૌથી વધુ દુર્દશા ટી.વી. ચેનલોએ કરી હોવાનું શ્રી હંસાબોધિજી કહે છે કે, ડીશ કનેકશનોએ બાળકોના હૃદયમાં રહેલી આધ્યાત્મિકતાની ધારાને ડીસકનેકટ કરી નાખી છે. ટી.વી. થી બાળક ન શીખવાનું શીખી રહ્યો છે. સૌથી મોટી વાત એ વધી છે કે બાળકોમાંથી કરુણા અને માનવતાનો ભાવ ગાયબ થઈ રહ્યો છે.

જૈન વિચારોની પરંપરા કરતાં ભિન્ન મત ધરાવતા હંસબોધિ મ. ના મતે ધર્મ, રાષ્ટ્ર અને સંસ્કૃતિના રક્ષણ માટે જે કંઈ કરવું પડે તે હિંસા ગણાય નહીં.

મહાવીર સ્વામીએ અન્યાય થતો હોય તો રાહ જોઈ રહેવું તેવી અહિંસા નહીં શિખવાડી હોવાનું તેઓ કહે છે. તેમના કહેવા પ્રમાણે જ્યાં જરૂરી છે ત્યાં દેરાસરો બંધાતા નથી અને જરૂર નથી ત્યાં હાઈવે પર બિનજરૂરી દેરાસરો બંધાવા લાગ્યાં છે. આવા તીર્થો તૈયાર કરવામાં કરોડો રૂપિયા ખર્ચાય છે પરંતુ ગરીબોની સેવા કરવા કે વિદ્યાર્થીઓને મદદ કરવા બહુ ઓછા આગળ આવે છે.

તપોવન ખાતે ચાલતી આ શિબિરમાં ધો. ૫ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને સ્થાન અપાય છે. તેમાં દરેક કોમના વિદ્યાર્થીઓ હોય છે. દરેક શિબિરમાં હજાર ઉપરાંત વિદ્યાર્થીઓ જીવન અને ઘડતરનું નવું ભાથું લઈને બહાર પડે છે. શ્રી ભવ્યકીર્તિ વિ. મ. સા. અને રાજરક્ષિત વિ. મ. સા. પણ અહીં રહેતા શિબિરાર્થીઓને માર્ગદર્શન આપે છે.

સંપાદકીય નોંધ : ૨૮-૪-૨૦૦૧ ના રોજ અમદાવાદ સંદેશની આવૃત્તિમાં આવેલું ઉપરનું લખાણ, વાંચનાર શાસનપ્રેમીના હૃદયનાં પાટિયાં જડબેસલાક કરી દે એવું છે. શાસ્ત્રબોધ વિનાનો, સંવેગ, વૈરાગ્યના રંગથી રંગાયા વિનાનો કોઈ સુધારક વિચારનો સાધુ આવું લખે એ તો સમજ્યા. એ બિચારો બીજું લખે પણ શું ? પરંતુ સુવિશુદ્ધ સંયમ અને સુવિશુદ્ધ શ્રદ્ધાના ચોળમજીઠરંગથી રંગાયેલા પ. પૂ. પરમગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયના મહાત્મા આવું લખે એ તો ચંદ્રમાંથી અંગારા ખર્યા હોય એવું લાગ્યું. પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો ઝંડો લઈને ફરનારા સાધુઓ આવું લખે એ અજાયબી જેવું લાગે છે.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થરાદ)

વર્ષ : ૧૩) સંવત. ૨૦૫૭ અષાડ સુદ ૧૩ મંગળવાર તા. ૩-૭-૨૦૦૧ (અંક : ૪૪/૪૫

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું
ચ્યવન કલ્યાણક

*(ઈ. ૨૦૩૦માં મુંબઈ - લાલબાગ મધ્યે પ. પૂ. પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ અવિચ્છિન્ન તપાગચ્છ સામાચારી સંરક્ષક પૂજ્યપાદ આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની** પરમ તારક નિશ્રામાં ચરમ તીર્થપતિ આસન્નોપકારી શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના અષાઢ સુદિ-૬ના ચ્યવન કલ્યાણકના દિવસને અનુલક્ષીને ભવ્ય વરઘોડો નીકળેલ તે ઉતર્યા પછી પૂજ્ય આચાર્ય દેવેશશ્રીએ તે અંગે પ્રાસંગિક મનનીય પ્રવચન આપેલ જેનું સારભૂત અવતરણ અત્રે આપવામાં આવેલ છે.*

જિનાજ્ઞા વિરુદ્ધ તથા પૂજ્યપાદ પ્રવચનકાર આચાર્યદેવેશશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્...

સંવત ૨૦૩૦ અષાડ સુદ ૬ સોમવાર તા. ૧૪-૭-૭૪ લાલબાગ - મુંબઈ.

અવતરણકાર)

અનંત ઉપકારી ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માનો આજનો દિવસ ચ્યવન કલ્યાણકનો છે. ચ્યવન એટલે દેવલોકમાંથી ચ્યવી માતાના ઉદરમાં આવવું. શ્રી તીર્થંકર પરમાત્માનો ચ્યવન દિવસ તે કલ્યાણક તરીકે ઓળખાય છે કેમ કે જગતના કલ્યાણનો નિર્ધાર કરીને તે પરમતારકો આવેલા હોય છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો આત્મા, તીર્થંકરના ભવથી પૂર્વે શ્રી નંદન મહામુનિના ભવમાં, લાખ વર્ષના દીક્ષા પર્યાયમાં આખાય લાખ વર્ષ સુધી માસક્ષમણના પારણે માસક્ષમણ કરી શ્રી વીશસ્થાનક તપની આરાધના કરી અને એવી ઉત્કૃષ્ટ કોટિની ભાવદયા ચિંતવી કે "જો મારામાં શક્તિ આવે તો જગતના સઘળા જીવોના આત્મામાંથી સંસારના રસને નીચોવીને શાસનનો રસ ભરી દઉં જેના પ્રતાપે સૌ ભગવાનનું શાસન આરાધી સાચાં આત્મિક સુખના સ્વામી બને." આવી ભાવદયાના કારણે એ પરમતારકના આત્માએ શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરી અને ત્યાંથી કાળ કરી દેવલોકમાં ગયા. અને ત્યાંનુ આયુષ્ય પૂર્ણ કરી એ પરમતારક પરમાત્માનો આત્મા દેવાનંદ બ્રાહ્મણીની કુક્ષિમાં આવ્યો.

આપણે સૌ જાણીએ છીએ કે, ભગવાન શ્રી મહાવીર પરમાત્માના આત્માને દેવાનંદાની કુક્ષિમાં કેમ આવવું પડયું ? પરમતારક શ્રી તીર્થંકર પરમાત્માના આત્માને પણ કર્મ છોડતું નથી તો આપણને તો કેમ છોડશે ? મરિચીના ભવમાં જે પ્રસંગ બન્યો તેમાં આનંદ થાય તેવું હતું. પોતે શ્રી તીર્થંકર પરમાત્મા, વાસુદેવ અને ચક્રવર્તી થવાના છે. પોતાના દાદા શ્રી ઋષભદેવ સ્વામી ભગવાન આ અવસર્પિણીમાં તીર્થંકરોમાં પ્રથમ છે, પોતાના પિતા શ્રી ભરત મહારાજા ચક્રવર્તીઓમાં પ્રથમ છે અને પોતે વાસુદેવમાં પહેલાં થવાના છે. આ વાત સાંભળીને આનંદ થાય તે સ્વાભાવિક છે. પોતાના કુળની

પ્રશંસા કરવાનું મન થાય તે ય સ્વાભાવિક છે. પણ શાસ્ત્ર કહે છે કે, કુળનું અભિમાન આવે પણ મદરૂપ ન થવું જોઈએ. જો કુળમદ કરવામાં આવે તો ભવાંતરમાં નીચકુળ મળે. તેમને કુળનું એવું અભિમાન આવ્યું કે વિવેક ભૂલ્યા, અહંકારમાંથી મદ ચઢયો અને તે અભિમાન મદરૂપ થવાથી નીચગોત્ર એવું બાંધ્યું કે અનેક ભવોમાં ભોગવતાં આવવા છતાં છેલ્લા ભવમાં ય બાકી હતું તો બ્યાશી (૮૨) દિવસ સુધી ભોગવવું પડયું. જો આ વાત બરાબર સમજાઈ જાય તો કર્મ પર વિશ્વાસ થાય એવો છે ? આજે એટલું અજ્ઞાન ફેલાયું છે કે જગતના જીવોને સુખ આપનારાં કર્મ સારા લાગે છે, દુઃખ આપનારાં કર્મ ઉપર ગુસ્સો આવે છે અને પાપ કરાવનારાં કર્મની તો ખબર જ નથી. આ ત્રણે ય અપલક્ષણ છે. વીતરાગના શાસનને પામેલો જીવ પોતાની જાતને માને તો તેને પાપકર્મો યાદ હોય કે ભૂલી જાય ? પાપકર્મ મોટાભાગને આજે યાદ નથી.

મોહે આખા જગતને એવું ભુલાવ્યું છે કે જેનું વર્ણન ન થાય. અહીં આવેલો પણ જો સાવધ ન રહે તો તે ય ભૂલે. માટે જ જ્ઞાનીઓએ કહ્યું કે - આગમ આગમઘરના હાથમાં રહે, આગમ વાંચે અને મોહ રમાડે તો કાંઈ ન થાય. આગમે મોહની પરિસ્થિતિ જે રીતે સમજાવી છે તે ધ્યાનમાં રહે તો આત્મા સદાય મોહથી જાગતો રહે. બાકી જો મોહને ન ઓળખે તો તેને શ્રી અરિહંત પરમાત્મા જેવા દેવ મળે, સારા માર્ગસ્થ ગુરૂ મળે, સદ્ધર્મ મળે છતાં પણ મોહ તેને કહે કે, તને દેવની આજ્ઞાને આધીન થવા દઉં નહિ, ગુરૂની આજ્ઞા પાળવા દઉં નહિ અને ધર્મ સીધી રીતે કરવા દઉં નહિ. મોહની ચેલેન્જ છે કે, જે જીવ શ્રી અરિહંત પરમાત્માને અને શ્રી અરિહંત પરમાત્માને આધીન સદ્ગુરૂનો સેવક છે તેને હું બધી સહાય કરું પણ જે જીવ દેવ - ગુરૂ અને ધર્મને આધીન નથી તેની તો હું બરાબર ખબર લઉં.

શ્રી અરિહંત પરમાત્મા તો શાસન સ્થાપી, જગતના જીવોને મોક્ષમાર્ગ બતાવી, આયુષ્ય પૂર્ણ થયા પછી મોક્ષે જાય છે. તે પછી શાસનને ચલાવનાર સદ્ગુરૂ છે. જે શ્રી અરિહંત પરમાત્માને આધીન છે, સદ્ગુરૂનો સેવક છે અને સદ્ધર્મના લક્ષવાળો છે તેનું નામ જ ગુરૂ છે. આવા સદ્ગુરૂની આધીનતાની વાત કરૂં છું પોતે જેને ઉપકારી ગુરૂ સ્વીકાર્યા તેની જાણ બહાર એક વિચાર, વર્ત્તન કે કાર્ય કરાય નહિ. તો જ સદ્ગુરૂનું સાચી આધીનતા સ્વીકારી કહેવાય. આપણે ત્યાં ગુરૂને પાટે બેસાડી રાખવાના નથી. તમે અમારા ગુરૂ અને હું ઠીક પડે તેમ કરું એવું જૈન શાસનમાં નથી. શ્રી તીર્થંકર પરમાત્મા પણ આવી આરાધના કરીને તીર્થંકર થાય છે. તીર્થની આરાધના કર્યા વિના તીર્થંકર થતાં નથી. તીર્થંકરથી તીર્થ છે અને તીર્થથી તીર્થંકર છે. **તીર્થની આરાધના એટલે શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાની આધીનતા.** સદ્ગુરૂની સેવામાં રહી મન - વચન - કાયાની પ્રવૃત્તિ તેમની આજ્ઞા મુજબ કરવી તેનું નામ ધર્મ છે. આવી આરાધનાના પ્રતાપે શ્રી અરિહંત અરિહંત તરીકે થાય છે અને તેમના ચ્યવનાદિ પાંચે ય દિવસો કલ્યાણક તરીકે કહેવાય છે. આ પાંચે ય દિવસો ચરમશરીરી આત્માના ય હોય છે પણ તે કલ્યાણક કહેવાતા નથી. પણ કલ્યાણક તો શ્રી તીર્થંકર પરમાત્માના જ કહેવાય છે કેમ કે તેમને એવી આરાધના કરેલી, આરાધનામાં ઓતપ્રોત થયેલાં-આખા જગતના સઘળાય જીવોને શાસન પમાડવાનું મન થયેલ

ભગવાનની આજ્ઞાને સમર્પિત થાય તેને મોહ ન રમાડે. જે આજ્ઞાને આધીન નહિ તેને મોહ રમાડે. જેને મોહ રમાડે તેને સંસારમાં રહેવાનું છે, વારંવાર નરકગતિના દર્શન કરવાના છે, દુઃખ ન જોઈએ તો ય આવી આવીને મળવાનું છે, સુખના ફાંફા મારે તો ય મળવાનું નથી. કવચિત્ સુખ મળે તે ય દુઃખ માટે જ. દુનિયાના સુખ મોટેભાગે નરક - તિર્યંચમાં મુસાફરી કરાવનાર છે. જે જીવ શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાને આધીન થાય, પછી સદ્ગુરૂની આજ્ઞાને આધીન થાય, ધર્મ પણ સદ્ગુરૂ સમજાવે તે રીતે કરે તો મોહ તેનો ગુલામ બને છે. તે જીવ મોહને લાત મારી મોક્ષે જવાનો છે. આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોહને લાત મારી મારીને મોક્ષે ગયા, તેમની આજ્ઞા મુજબ ચાલી બીજા પણ અનંતા જીવો મોહને મારી મોક્ષે ગયા અને આપણે રહી ગયા શાથી ? આપણે આત્માને પૂછવાનું છે કે મોહ આપણને રમાડે છે કે મોહને આપણે ધમકાવીએ છીએ ? મોહ દેવને ય, ગુરૂને ય અને ધર્મને ય બનાવે. ભગવાનના રોજ દર્શન પૂજન કરીએ પણ ભગવાન જ્યાં ગયા ત્યાં જવાનું મન ન થાય, જે કહ્યું તે કરવાનું મન ન થાય તો દેવ - ગુરૂ અને ધર્મને રમાડયા જ કહેવાય. જો કે આપણા દેવ કોઈના ય રમાડયા રમતા નથી. ગુરૂને તો

તમે ત્રણ ખમાસમણ આપી રમાડી જાવ છો અને ધર્મ તો ફાવે તે રીતે કરો છો પણ ભગવાને જે રીતે ધર્મ કરવાનો કહ્યો તે કરવાનું મન નથી. જે જીવ ગુરૂ ન જાણે તેવો વિચાર પણ ન કરે અને ભગવાનની, શાસ્ત્રની, સદ્‌ગુરૂની આજ્ઞા મુજબ આરાધના કરે તો તે સાચો આરાધક કહેવાય.

આજે ભગવાનનું ચ્યવન કલ્યાણક છે. ભગવાન દેવલોકમાંથી માતાના ગર્ભમાં આવે છે ત્યારથી તીર્થંકર નામકર્મનો પ્રદેશોદય શરૂ થાય છે અને ભગવાન પરમોત્કૃષ્ટ પુણ્ય પરમાણુઓના બળે દેવલોકમાં દોડાદોડ મચે છે. ઈન્દ્રોના અચલ એવા સિંહાસનો કંપાયમાન થાય છે. દેવો પણ ઘંટાનાદ દ્વારા ભગવાનનું ચ્યવન થયેલ જાણી આનંદ પામે છે. સમકિતી દેવો અને ઈન્દ્રોને ખબર પડે એટલે સિંહાસન પરથી ઉભા થાય છે, પગની પાવડી કાઢે છે, ભગવાન જે દિશામાં હોય તે દિશા સન્મુખ સાત - આઠ પગલાં જઈ શક્રસ્તવથી ભગવાનની સ્તવના કરે છે. અને પછી નંદીશ્વર દ્વીપમાં જઈ અઠ્ઠાઈ મહોત્સવ કરે છે. ભગવાન ગર્ભમાં આવે ત્યારથી સમકિતી ઈન્દ્રાદિ દેવોને આનંદ આવે છે, વારંવાર ભગવાનને જોઈને આનંદ પામે છે. ભગવાન જન્મ પામશે દીક્ષા લેશે, કેવળજ્ઞાન પામશે, બધા માટે મોક્ષમાર્ગ સ્થાપશે. આવા વિચારોથી ભગવાનની ભક્તિ માટે દોડાદોડ કરે છે.

શ્રી તીર્થંકર પરમાત્માઓ તીર્થની આરાધનાથી તીર્થંકર થાય છે. તીર્થ એવી અનુપમ વસ્તુ છે કે શ્રી તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાન પામ્યા પછી સમવસરણમાં દેશના દેવ બેસે તો ત્રણ પ્રદક્ષિણા દઈ 'નમો તિત્થસ્સ' કહી પછી બેસે છે. જેને ધર્મી બનવું હોય તેને તીર્થની આરાધના કરવી પડે. સુદેવે પણ તીર્થ છે, સદ્‌ગુરૂ પણ તીર્થ છે, ભગવાનનો ધર્મ પણ તીર્થ છે. તે ત્રણની સાથે રમત ન રમાય. ભગવાનને કહેવું કે 'તું હૈયામાં વસી ગયો છું' અને તેમને કહેલ જાણવાનું મન પણ ન થાય તો દેવને રમાડ્યા જ કહેવાય ને ? મારે તમને આરાધના સમજાવવી છે. **'આરાધનામાં પ્રથમ વાત એ છે કે સમર્પણ ભાવ હોવો જોઈએ. તે માટે જેની નિશ્રામાં રહ્યા હોઈએ તેની બહાર કાંઈ ન થાય.'** દુનિયાની શિષ્ટ કરતાં પણ જૈન શાસનની શિષ્ટ ઊંચી છે. જ્યારથી આ વાત નીકળી ગઈ ત્યારથી ઘણું નુકશાન થયું છે. કોઈપણ સાધુનું કાંઈપણ કામ, જે કોઈ શ્રાવક તે સાધુના ગુર્વાદિ વડીલને પૂછ્યા વિના કરે તો તે સાધુ ચોર છે અને કરનાર ઘંટી ચોર છે. તમારા ઘરોમાં પણ આ મર્યાદા જોઈએ કે ઘરના વડીલને પૂછ્યા વિના કોઈ જવાય અવાય નહિ કે કાંઈ કામ પણ થાય નહિ. જ્યારથી તમારા ઘરોમાંથી આ વાત નીકળી ગઈ ત્યારથી કુલાચાર અને જાતિના આચાર ગયા. તેમ અમારા સાધ્વાચાર પણ જાય.

ભગવાનનું આજે ચ્યવન કલ્યાણક છે. હવે ભગવાનનો જન્મ થશે પછી દીક્ષા લેશે પછી કેવળજ્ઞાન પામી તીર્થની સ્થાપના કરશે. તીર્થની સ્થાપના બધું બગડી ગયું હોય ત્યારે જ થાય એવું નથી. શ્રી તીર્થંકર પરમાત્મા થવું એટલે અનેકને તારીને હું તરું, અનેકની માટે તરવાનો માર્ગ મૂકીને જાઉં તે. આમાં કોઈ સંસારની લાલસા આવતી જ નથી. સંસારની લાલસાવાળો જીવ સિદ્ધ થવા લાયક નથી તો પછી શ્રી તીર્થંકર પરમાત્મા તો થાય જ કયાંથી ? શ્રી નવકાર મહામંત્રમાં પાંચ પરમેષ્ઠીને તમો નમસ્કાર કરો છો. તેમાં તમારો નંબર નથી. તમે જે આ પાંચને નમો છો તેમને સમર્પિત હો તો તમારો નંબર શાસનમાં છે બાકી નહિ. પાંચ પરમેષ્ઠીમાં શ્રી અરિહંત પરમાત્મા અને શ્રી સિદ્ધ પરમાત્મા તો સર્વથા શુદ્ધ છે. બાકીના ત્રણને ઓળખીને નમવાનું છે. તેમાં આચાર્યનો નંબર છે તો તે કયા ? શાસ્ત્રને આધીન હોય તે. ઉપાધ્યાય અને સાધુનો પણ નંબર છે પણ કયા ? જે ભગવાનની આજ્ઞાને સમર્પિત શ્રી આચાર્ય ભગવંતને આધીન હોય તે જ. તમારો મોટો મેનેજર શેઠને પૂછ્યા વિના સહી કરે ? તમારો હોંશિયાર મુનિમ પોતાના નામે શેઠ ન જાણે તેવું કામ કરે ? તો પછી આ તો પછી આ તો ભગવાનનું શાસન છે. ભગવાનના શાસનમાં જે શિષ્ટ છે તેવી જગતમાં નથી. તે શિષ્ટને જીવે નહિ અને નેવે મૂકી દે તે આરાધક શેનો ? તે તો ભયંકર વિરાધક છે.

આજે તમે ભગવાનના ચ્યવન કલ્યાણકની ઉજવણી માટે ભગવાનની ભક્તિ માટે વરઘોડો કાઢવો. તમને થવું જોઈએ કે, ભગવાનના બનવું હોય તો શાસનના બનવું પડે. જે શાસનનો બને તે જ ભગવાનનો બને. આપણાં શાસનમાં મારું મંતવ્ય, મારો વિચાર આવો છે તે વાત જ નથી. કોઈપણ કહે કે, મારો વિચાર આ છે તો તેને પૂછવું પડે કે, ભગવાનની આજ્ઞા શી છે ? શાસ્ત્ર શું કહે છે ? તે કહો.

મારો અભિપ્રાય આ છે એવું કહેવાનો અધિકાર મને ય નથી. તીર્થંકર પરમાત્મા ખુદ કહે છે કે, અનંતા શ્રી તીર્થંકર પરમાત્મા કહી ગયા તે હું કહું છું. અને હું જે કહું છું તે જ અનંતા શ્રી તીર્થંકર પરમાત્માઓ કહેવાના છે. શાસ્ત્રમાં જે વાત ન મળે તે શિષ્ટપુરૂષ કહે તે મુજબ કરે. શિષ્ટ કોને કહેવાય ? ભગવાનનો હોય તે જ પોતાનો, ભગવાનનો ન હોય તે પોતાનો નહિ આવું માને તે શિષ્ટ. પોતાનો ખરાબ હોય તો ય સારો કહે અને પારકાનો સારો હોય તો ય ખરાબ કહે તે શિષ્ટ નહિ. શિષ્ટને સારાં - ખોટાંપણામાં પોતા-પારકાપણું નહિ જોવાનું પણ સારું - ખોટું જોવાનું. તે બધા મધ્યસ્થ કહેવાય.

ભગવાનનું નીચ ગોત્ર બાકી હતું, ૮૨ દિવસ સુધી નીચ ગોત્રનો ભોગવટો કરવાનો હતો માટે ત્યાં સુધી ઈન્દ્રને પણ તે વાતનો ખ્યાલ ન આવ્યો. કર્મ એવા ભયંકર છે જે ખુદ ભગવાનના આત્માને પણ છોડતાં નથી. જેવાં કર્મ બાંધ્યા હોય તેના ફળ ભોગવવા જ પડે. કેટલાક કર્મ એવાં હોય છે જે દુઃખ ભોગવે તો જ જાય, કેટલાંક કર્મ સુખ ભોગવે તો જ જાય અને કેટલાંક કર્મ પાપ કરાવીને જ જાય. આજે તમને આવાં જ કર્મ છે. તમારાં કર્મ તમને પાપ કરાવે તેવા છે. તમને આટલું મળવા છતાં મોટેભાગે દુર્ગતિમાં જવાનું છે. આ સમજો, આંચકો લાગી જાય તો સદ્ગતિ તમારી થાય. વિનય અને બહુમાન બોલવાથી ન આવે. તેને માટે તો હૈયું ઘડવું પડે. **જૈન શાસન હૃદયને સારું બનાવવાનું ઉત્તમમાં ઉત્તમ કોટિનું કારખાનું છે.** પાપી પણ સારાં હૈયાંવાળો બને તો તરી જાય. **જેનું હૈયું સારું હોય તેને ખોટાં કામ કરવાં પડે તો ય તે ભગવાનના શાસનનો જ છે. જેનું હૈયું ખોટું તે તો ભગવાનના શાસનની બહાર છે.** નિષ્કામ અને નિઃસ્વાર્થપણે ધર્મ કરનાર, પર દર્શનમાં હોય તો તે ય ભગવાનનો ભગત છે. જ્યારે સંસાર માટે ભગવાનનો ધર્મ કરનાર ભગવાનનો ભગત નથી. ભગવાનને મૂકી, દેવ પાસે ભીખ માંગવા જનાર ભગવાનનો ભગત નથી.

આપણે ભગવાનનું ચ્યવન કલ્યાણક ઉજવીએ અને દેવ - ગુરૂ - ધર્મને આધીન ન થઈએ તો શું ભલું થાય ? પ્રમાદાદિથી દોષ થઈ જાય તો શું કામ ગુર્વાદિને ન જણાઈ દઈએ ? જ્ઞાનીઓ કહે છે કે, જાણે - અજાણે જીવો ભગવાનની આજ્ઞા વિરાધે છે માટે સંસારમાં ભટકે છે. માટે જ કહ્યું છે કે- ''ભગવાનની આજ્ઞાનું આરાધન તે જ મોક્ષમાર્ગ છે. આજ્ઞાની વિરાધના તે જ સંસારનો માર્ગ છે.'' મોક્ષનો અર્થી બનેલ જીવ જ્યારે જ્યારે ધર્મ કરે ત્યારે મોક્ષ સિવાય બીજી ઈચ્છા ન હોય તે નિષ્કામ ભક્તિ કહેવાય. તે અન્ય દર્શનમાં હોય તો ય ભગવાનના શાસનનો જ છે.

શ્રી તીર્થંકર પરમાત્માનો આત્મા દેવલોકમાંથી ચ્યવીને કે નરકમાંથી ઉદ્વર્ત્તન પામીને માતાના ગર્ભમાં આવે તેને ચ્યવન કલ્યાણક કહેવાય છે. આ જાણું પણ આવું થાય તો સારું જ છે. કદાચ તીર્થંકર ન થવાય તો પણ આપણે મોક્ષે તો જવું જ છે, જન્મ ઘટાડવા છે. ભગવાનના ભગતને ભગવાન થવાનું મન ન થાય ? કદાચ ભગવાન ન થાય તો મોક્ષે જવાનું મન ન થાય ? **ભગવાનનું આ છેલ્લું ચ્યવન છે હવે પછી તેમને ચ્યવવાનું નથી આવું માને તેને જ કલ્યાણક ઉજવવાનો અધિકાર છે. ગમે તે માણસ ભગવાનને ગમે તે રીતે ઓળખાવે તે ભગવાનનો તો નથી પણ જૈન પણ નથી. ભગવાન શ્રી મહાવીર પરમાત્માને ગમે તેમ ઓળખાવે તે સાંભળીને ખુશ થાય તે બેવકૂફનો આગેવાન છે.** આજે કોઈપણ માણસ જેવો ન હોય તેવો આરોપ કરે તો તેને સારું માને ?

આપણે ભગવાનના ભગત છીએ, ભગવાનને બરાબર ઓળખ્યા છે તેવો દાવો હોય તો ભગવાન માતાની કુક્ષિમાં ત્રણ જ્ઞાનથી સહિત આવે છે. ભગવાન ગર્ભમાં ય વિરાગી છે, જ્યાંથી આવ્યા તે દેવલોકમાંય વિરાગી હતા, જન્મ્યા પછી ય વિરાગી જ રહેવાના છે. માત્ર કર્મ ખપાવવા સંસારમાં રહેવું પડે તો રહેશે. સમય આવે ત્યારે વાર્ષિક દાન દઈ દીક્ષા લેશે અને કેવળજ્ઞાન પામી, જગતના જીવોના કલ્યાણ માટે મોક્ષમાર્ગ સ્થાપીને મોક્ષે જશે. આવું તમે માનતા હો અને ભગવાનની આજ્ઞા મુજબ જ ધર્મ કરવાનું મન હોય, મન - વચન અને કાયા પણ ભગવાનને જ સમર્પિત કરવાનું મન હોય અને આ રીતે ભગવાનની આજ્ઞાની આરાધના કરી ઝટ મોક્ષે જ જવાનું મન હોય તો તમે આ ચ્યવન કલ્યાણક ઉજવ્યું તે સાચું ઉજવ્યું કહેવાય. તો મારી ભલામણ છે કે તમે વાત સમજી સાચે ભાવે ભગવાનની આરાધના કરી, ચ્યવન કલ્યાણકની ઉજવણીને સાર્થક કરી વહેલામાં વહેલા પરમપદને પામો તે જ શુભાભિલાષા.

તે રામચન્દ્ર સુરીન્દ્ર ચરણે મુજ નમ્ર શીશ નિશદિન રહો :

- મુ. પ્રશાન્ત દર્શન વિજય

' અત્યંત વિદ્વાન અને જેટલી પ્રખર વિદ્વતા એટલી જ પ્રબલ વાણી ધરાવતા આ એક મહાન જૈનાચાર્ય છે.''

નામાંકિત વિદ્વાન પણ જેઓની મુકતકંઠે પ્રશંસા કરે છે તેવા યુગ- પુણ્યપુરુષ, શાસનશિરતાજ તપાગચ્છાધિરાજ, સુગૃહીતપુણ્યનામધેય પ્રાતઃ સ્મરણીય અનંતોપકારી પૂજ્યપાદ પરમગુરૂદેવેશ **શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાધિરાજા** સદેહે વિદ્યમાન નથી પરમોપકારી મહાપુરુષની અણધારી વસમી વિદાયનું દુઃખ સૌ કોઈ ભકત હૃદયોને થાય જ તે સહજ છે. તે પૂજ્યશ્રીજીની યાદ ક્ષણે ક્ષણે આવે અને હવે તેઓશ્રીજીની ખોટ સાલે તે પણ સંભવિત છે પરન્તુ તેથી જગતમાં અંધકાર ફેલાયો છે તેમ માનવું તે વધુ પડતું છે. કારણ કે તેઓ પૂજ્યશ્રીજીએ પોતાના આયુષ્ય દરમ્યાન અનુભવ રૂપ અમૃતનો નીચોડ કરીને શાસ્ત્રોના ગહન - અતિગહન પદાર્થોનું મનનીય ચિંતન કરી અત્યંત લોકભોગ્ય ભાષામાં રજુ કરવાની અદ્‌ભૂત શૈલીથી ધર્મના રહસ્યોને આબાલવૃધ્ધ સૌ સારી રીતે સમજી શકે તે રીતે સમજાવીને- જે પ્રકાશની કેડી કંડારી છે તે માર્ગે પાપા પગલી પણ ભરવાથી પણ આત્મા ધર્મના સન્માર્ગે સુસ્થિત બની શકે છે.

વળી તેઓશ્રીજીનાં જે વચનો - ઘણાને વંચન લાગતાં કતાં તેને જ ધર્મીવર્ગ વાંછી રહ્યો છે. તેમનાં જે પ્રવચનો - ઉન્માર્ગ - ગામિઓને પ્રવચન રૂપ લાગતાં હતાં તેવા સન્માર્ગગામિઓ સારી રીતના પાન કરી રહ્યા છે

તેઓશ્રીજીનાં પ્રવચનોના શબ્દે - શબ્દો, પદે - પદો, વાકયે - વાકયો દરેક દરેક આત્માંઓના જીવનવેણને સન્માર્ગગામી બનાવવા પથદર્શક છે. એનો ઈન્કાર કોઈપણ સહૃદયથી વિદ્વદ્‌જન કરી શકે તેમ જ નથી. સુવર્ણ જેમ કસીને લેવાય તેમ તેઓશ્રીજીના વચનો શાસ્ત્રોથી પરિકર્મિત થઈને જ સુવિશુદ્ધ કોટિના બન્યા છે અને દરેકને માટે ગ્રાહ્ય - આદરણીય - માનનીય પણ બન્યા છે. તેથી જ પૂ. કસ્તૂરભાઈએ પણ ભારપૂર્વક કહ્યું હતું કે- ''**પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસુરિજીના વિચાર એ જ શાસ્ત્ર છે.**'' અનેક સૈદ્ધાન્તિક મતભેદો ધરાવનાર વ્યકિત પણ જેના જે અભિપ્રાય આપે છે તે જ પૂજ્યશ્રીજીની અલૌકિક મહત્તા છે.

જે પૂજ્યશ્રીજીએ જીવનભર શાસ્ત્રીય સત્યોનું જ પ્રરૂપણ સમર્થન કર્યું, શાસ્ત્રીય સત્યોના રક્ષણ માટે આવી પડેલા અનેક સંઘર્ષોનો મક્કમતાથી પ્રતિકાર કર્યો અને જગતના ચોગાનમાં 'જયશ્રી' વરીને શ્રી જૈનશાસનની સુવિહિત પ્રણાલિકાઓને ચાર ચાર ચાંદ લગાવ્યા તેનો તો હવે જોટો જડવો મુશ્કેલ અતિમુશ્કેલ છે. પૂજ્યશ્રીજીને જ આધાર માનનાર અને વફાદર અને પૂજ્યશ્રીજીના નિકટ- અતિનિકટ ગણાનાર દરેકે દરેક, તેની જાણના ભોગે પણ જાળવણી કરવી, તેમાં એક તસુ પણ ફેર ન કરવો કે કોઈ ફેર કરાવવા આવે તેવી વાત પણ સાંભળવી નહિ તે દરેક સુજાતો (શિષ્યો)ની - અનિવાર્ય નહિ બલ્કે આવશ્યક ફરજ છે, જવાબદારી છે તેમાં જરાપણ ખામી પોતાના આત્માની સાથે પૂ. ગુરૂદેવશ્રીજીના ગૌરવનું જ ખંડન છે. તેઓશ્રીજીની જેમ અતિજાત ન બનાય તો પણ સુજાત તો બનવું જ જોઈએ. એકતા, શાંતિ - સમતા'ના નામે સમાધાનવૃત્તિ રાખવી તે તો કાયરતાની નિશાની છે, તેવા કયારે કજાતમાં આવી જાય તે કહેવાય નહિ.

પૂજ્યશ્રીજીએ પ્રરૂપેલા - જાળવેલ - રક્ષેલ સન્માર્ગથી આત્મા જરાપણ ચ્યુત ન થઈ જાય તેની બહુ જ સાવધગિરિ રાખવી જરૂરી છે. સિદ્ધાન્તમાં મક્કમ અને સાવધ રહેનાર આત્મા વડિલોનું ગૌરવ ઉજાળે છે, બાકીના તો નામને ય બટ્ટો લગાવે છે.

જ્ઞાનદાતા ગુરુના લક્ષણોમાં 'શુદ્ધપ્રરૂપક' ગુણને અતિ મહત્વનો કહ્યો છે. 'શ્રી ઉપદેશમાલા - પુષ્પમાલા' ગ્રન્થના રચયતા પૂ. આ. શ્રી મલધારીય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

'संविग्गो गीयत्थो मज्झत्थो देसकालभावण्णू ।
णाणस्स होइ दाया जो सुद्धपरूवओ साहु ॥२०॥

संविग्न, गीतार्थ, मध्यस्थ, देश-काल અને ભાવને જાણનાર, શુદ્ધપ્રરૂપક ગુણવાળો જે સાધુ હોય છે તે જ સમ્યગ્જ્ઞાનનો દાતા જાણવો.

આ બધા ગુણોની સાથે, આ કલિકાળમાં તો 'શુદ્ધ પ્રરૂપક' ગુણ પ્રભાવક સામર્થ્યની રીતે તો પૂજ્યશ્રીજીમાં જ જોવા મલતો હતો તેમ કહેવું તે જરાપણ અયુક્ત નથી જ. અર્થ-કામની દેશનાનો નશો પાઈને મોહમૂઢ જીવોને ઉન્માર્ગે દોરી જનારા કેટલાક - પોતાના કહેવાતાં પણ - વેષધારીઓથી રૂંધાઈ રહેલા મોક્ષમાર્ગની નિર્ભયપણે પ્રરૂપણા કરી. સુવિહિત સામાચારીઓનું સમર્થ પ્રતિપાદન કરી, આરાધના માર્ગની જયપતાકા જગતભરમાં લહેરાતી રાખવાનું શ્રેયસ્કર કામ આ જ પુણ્યપુરુષના શિરે ચઢે તેવું છે. વિરોધીઓની તો ઠીક પણ નિકટના ગણ્યાતાઓની પણ ગાળો ખાઈને, અનેકના અપમાન - તિરસ્કાર, પુષ્પમાળાની જેમ પરિષહ સહન કરીને પણ સુવિશુદ્ધ આરાધનાનો માર્ગ જીવંત રાખ્યો છે. શ્રી જિનાજ્ઞાના અવિહડ રાગની સાથે સાથે સિંહ સમી સાત્ત્વિકતા, મક્કમ મનોબળ, પોલાદી - નિર્ભય છાતી - આ પુણ્યપુરુષના જીવનના યશસ્વી કામોનું ઉજ્વળ પાસું છે.

પોતાના ગણ્યાતાથી પણ ઉન્માર્ગનું - મિથ્યાત્વનું પોષણ ન થઈ જાય અને કરે તો, સડી ગયેલા અંગને કાપવું જરૂરી લાગે તો કાપી નાખવાની જેમ, જરાપણ ના હિંમત થયા નથી. કેમ કે, પૂજ્યશ્રી માનતા કે-

'મિથ્યામતિ ગુણવર્ણનો, ટાળો ચોથો દોષ;
ઉન્માર્ગ થુણતા હોવે, ઉન્માર્ગ પોષ''

આવા સિંહના બચ્ચાની ખ્યાતિને વરેલા કોઈપણ આત્મા સિંહના ચર્મમાં છૂપાયેલ શિયાળીયાઓની લારીઓમાં જરાપણ મૂંઝાય ખરા ?

આ મહાપુરુષને પામેલા - સમજેલાની, કોઈપણ મન વચન કે કાયાની પ્રવૃત્તિ એવી તો જ હોવી જોઈએ કે જેથી જાણતા કે અજાણતા પણ 'ઉન્માર્ગદિશક અને સન્માર્ગનાશક' બને. માન-પાનાદિ એષણા કે લોકહેરીમાં તણાઈને પણ જો તેવી પ્રવૃત્તિમાં ખેંચાઈ - લેપાઈ જાય તો બેધડક કહેવું પડે કે, 'આ મહાપુરુષના પડખા સેવવા છતાં પણ તેઓ નથી તો વાસ્તવિક રીતે આ મહાપુરુષને પામી શક્યા કે નથી તો સમજી શક્યા.' એક વાત તો નતમસ્તકે સહુ સુજ્ઞજનોને પણ કબૂલ્યા વિના છૂટકો જ નથી કે- 'આ મહાપુરુષની સઘળી ય શક્તિઓનો પૂર્ણ લાભ લેવામાં પાછળના લોકો ઊણા ઉતર્યા છે. બાકી જો તેઓશ્રીજીની સઘળી ય શક્તિઓનો લાભ લેવાયો હોત તો શાસનની જે જાહોજલાલી થાત અને સમુદાયની જે શાન વધત તેથી ઈતિહાસ જુદો જ રચાત.

પૂર્વના સુગૃહીતનામધેય પૂર્વજોની પ્રામાણિક પરંપરાના પગલે ચાલી, વડીલોની વફાદારી-નું અને પોતાના ઉપર મૂકેલી જોખમદારીઓને - નમીરી, ખુમારીથી યથાર્થ વહન કરી, ભાવિ પેઢીને જે અનુપમ આદર્શો આપીને ગયા તેને જ અનુસરવું તે જ આ પુણ્ય પુરુષ પ્રત્યેની સાચી વફાદારી છે, સાચી કૃતજ્ઞતા છે, સાચી શ્રદ્ધાંજલિ છે.

''શુદ્ધ પ્રરૂપકગુણ થકી, જે જિનવર સમ ભાખ્યા ।''

આ શાસ્ત્રોક્તિનો સાક્ષાત્કાર તેઓશ્રીજીના જીવનમાં સૌ કોઈ પુણ્યાત્માઓને થયો છે. આપણે આપણી ખામીને જોઈ, તેને સુધારી, 'શુદ્ધ પ્રરૂપકતા' ગુણને પણ જીવનમાં જો અંગીકાર કરીએ તો પણ આમને પામ્યાનો - સમજ્યાનો કાંઈક આંશિક આત્મસંતોષ પણ અનુભવીએ સૌ કોઈ વાચકો કમમાં કમ આ ગુણના પણ પ્રેમી બની, મોક્ષમાર્ગના સાચા આરાધક બની, આ યુગપુરુષની- 'બધા જ જીવો વહેલામાં વહેલા સંસારથી છૂટી, સાધુપણું સ્વીકારી, આજ્ઞા મુજબ અપ્રમત્તપણે આરાધી, મોક્ષને પામે'- તે ભાવનાને પણ વધાવવા જેટલી યોગ્યતા કેળવીએ તે જ અભ્યર્થના.

હે પરમકૃપાલો ! એવી દિવ્ય આશિષ અમ જેવા અબુધ નોંધારા ઉપર વરસાવો કે જેથી આપના માર્ગને અખંડિત રાખવાનું પણ બળ મલી રહે.

■ ■ ■

''ગુરૂવર તારા ગુણ ગાઉં, પાવન હું થાઉં''

- અ.સૌ. અનિતા આર. પટ્ટણી-માલેગાંવ

જે આત્માઓ અવની ઉપર અવતરી અનેક આત્માઓના આત્મકલ્યાણનો સત્પથ - સન્માર્ગ બતાવીને જાય છે તેમનું જીવન ધન્ય બને છે. સ્મૃતિદેહે તેઓ યુગોના યુગો સુધી અમર બને છે. કર્મયોગે પ્રાપ્ત મનુષ્યદેહ તો અંતે નાશ પામનારો છે પણ આ દેહથી જેઓ સંયમની સાધના અને શાસનની સાચી સેવા - ભક્તિ - આરાધના - રક્ષા કરે છે તેમનું જીવન લોકહૃદયમાં છવાઈ જાય છે. માટે તેવા યુગપુરૂષોની યાદી પણ આત્માને આલ્હાદિત કરે છે. આવા જ એક યુગપુરૂષ લાખો લોકોના હૃદયસમ્રાટ એટલે સ્વ. પ. પૂ. પરમતારક પરમગુરૂદેવેશ આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા ! જેમની કથની માટે લેખિની પણ વામણી છે. પણ ભક્તિભાવથી પ્રેરાઈ કેંક લખવા પ્રયત્નશીલ બની છું એક કવિની કૃતિમાં કહેલ વાત યથાર્થ લાગે છે કે-

''દીપ સમ જલકર પ્રકાશ દિયા હૈ,

ફૂલ સમ ખિલકર જગ કો સુવાસિત કિયા હૈ।

ગુરૂવરને ફલ બનકર અનેકોં કો જીવનદાન કિયા હૈ,

જિનસે ભી મિલે, સભી કો ઉલ્લાસ હી દિયા હૈ।''

અનેક કષ્ટો - મુશીબતો વેઠીને પણ જેઓએ સંયમધર્મની પ્રાપ્તિ કરી. પોતાના પરમતારક પૂજ્ય ગુરૂવર્યોની અખંડ સેંવા - ભક્તિ, વિનય - વૈયાવચ્ચાદિથી હૈયાની સાચી આશિષ મેળવી, સ્વાધ્યાયની જ્યોતિથી અનેક જીવોને સન્માર્ગનું પ્રદાન કર્યું. અજોડ એવી વકૃત્વશકિતથી જે અપૂર્વ દેદીપ્યમાન અખંડિત જ્યોતિ પ્રગટાવી, જેની ઉર્જાશકિતથી દુર્લભ એવી દીક્ષા સુલભ બની અને 'દિક્ષાના દાનવીર'ની ખ્યાતિ પ્રાપ્ત કરી. વસંત ઋતુની વિકસીત વનરાજીની જેમ જૈન શાસનને અનેક સંયમી - આત્માઓની ભેટ આપી જેના બળે આજે પણ શાસન જયવંતુ વર્તી રહ્યું છે. તૃષાતર લોકો નદી પાસે આવી પોતાની તૃષાને તૃપ્ત કરે તેમ અનેક જિજ્ઞાસુ જીવોને સ્વ - પરના કોઈપણ ભેદભાવ વિના શાસ્ત્રીય ઉપાયોથી સંતૃપ્ત કર્યા જેઓ આજે પણ અમૃતનો આસ્વાદ આરોગી રહ્યા છે.

જન્મની સાથે મરણ નિયત છે. કાલના પ્રવાહમાં સૌ વિલીન થઈ જાય છે. તેમ પૂ. પરમગુરૂદેવેશ દેહે તો વિદ્યમાન નથી પણ ગુણદેહે ભાવિક ભકતોના હૈયામાં ચિરંજીવી છે. તેમ મારા હૃદય સરોવરમાં શ્રદ્ધાની અપૂર્વ લહેરોથી મારો મન મયૂર નાચી ઊઠે છે અને જીવ્હા પણ ગુનગુની ઊઠે છે કે-

''તારી ગુણસ્તવના ગાવાથી આનંદ અપૂર્વ મળે

મમ માનસ મધુકરને સદ્‌ગુણ મકરંદ મળે.

ચારિત્રપૂત તવ ચરણોમેં ભાવ સે કરતી હું વંદન

ગુરૂકી અમી દ્રષ્ટિ બની રહે યહી હૃદય કા સ્પંદન''

એક કવિના શબ્દોમાં મારા ભાવ વ્યકત કરી તારક ગુરૂદેવને મારી શ્રદ્ધાંજલિ અર્પી હું વિરમું છું.

''મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે, પણ માનવીનાં કામ જીવે છે.''

''જીવન એવું જીવી ગયા કે જીવન એક સંદેશ બન્યું.
મૃત્યુને આવકાર્યું જે અદાથી કે મૃત્યુ એક મહોત્સવ બન્યું.
ગુણોની હારમાળા એવી તમે ગુંથતા ગયા
અર્પણ કરવાનો સમય આપ્યો તમે ચાલ્યા ગયા.''

''હૃદય તમારું મંદિર છે અમારું, યાદ તમારી લાગણી છે અમારી; વાત્સલ્ય તમારું વિશ્વાસ અમારો તસવીર તમારી દર્પણ છે અમારું મહેક તમારી ફૂલો છે અમારા, દિશા તમારી અનુસરણ છે અમારું તેજ તમારું સૂર્યકિરણો છે અમારા પુણ્યતિથિ તમારી, અંજલિ છે અમારી''

પૂર્વાચાર્ય વિરચિત

સંઘ સ્વરૂપ કુલકમ્ - સાર્થ

ગતાંકથી ચાલુ

ઘોડવિ નાણાદંસણચરણગુણવિભૂસિયાણ સમણાણં ।
મુદાઓ હોઇ સંઘો, ગુણ સંઘાઉત્તિ કાઊણ ॥ ૧૧ ॥

સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્ર ગુણથી વિભૂષિત સાધુઓનો સઘળો પણ સમુદાય જ સંઘ થાય છે, કારણ કે- સંઘ તે ગુણથી જ યુકત લેવાનો છે. ॥ ૧૧ ॥

ક્કોડવિ નાયવાઈ, અવલંબતો વિશુદ્ધવવહારં ।
સો હોઇ ભાવસંઘો, જિણાણમાણં અલંઘતો ॥ ૧૨ ॥

એક પણ ન્યાયવાદી વિશુદ્ધ વ્યવહારને અવલંબન કરતો અને શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાને નહિ ઉલ્લંઘન કરતો હોય, તે ભાવસંઘ થાય છે- કહેવાય છે ॥ ૧૨ ॥

ક્કો સાહૂ ઇક્કા સાહૂણી, સાવઓ ય સહઢી ય ।
આણાજુત્તો સંઘો, સેસો પુણ અટ્ઠિસંઘાઓ ॥ ૧૩ ॥

એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી યુકત હોય તો તે શ્રી સંઘ છે. તે સિવાયના બીજા બધા શ્રી જિનાજ્ઞાથી રહિત હોવાથી હાડકાનો ઢગલો છે. ॥ ૧૩ ॥

નિમ્મલનાણપહાણો, દંસણસુદ્ધો ચરિત્તગુણવંતો ।
તિત્થયરાણ વિ પુજ્જો, વુ ચ્ચઇ એયારિસો સંઘો ॥ ૧૪ ॥

નિર્મલ જ્ઞાનથી પ્રધાન, દર્શનથી શુદ્ધ, ચારિત્ર-ગુણવાળો શ્રી તીર્થંકરને પણ પૂજ્ય એવા પ્રકારના સંઘને સંઘ કહેવાય છે. ॥ ૧૪ ॥

આગમભણિયં જો પન્નયેઇ, સદ્દહઇ કુણઇ જહસત્તિ ।
તપલુક્કવંદણિજ્જો, દુસમકાલેડવિ સો સંઘો ॥ ૧૫ ॥

આગમમાં જે કહ્યું હોય તે કહે, તેની શ્રદ્ધા ધારણ કરે અને શકિત મુજબ આચરણમાં મૂકે - એ જો સંઘ દૂષમકાળમાં પણ ત્રણે લોકને વંદન કરવા યોગ્ય છે. ॥ ૧૫ ॥

શાંતચિત્તે વાંચી - વિચારી, આત્માનું સાચું સંઘપણું પેદા કરી, સૌ મુકિતપદને પામો તે જ ભાવના.

સમ્યકત્વનો મહિમા થોડામાં ઘણું

* પૂ. મુ. શ્રી જિનરક્ષિત વિ. મ.

સમ્યક્ત્વનો મહિમા અવર્ણનીય છે. જેને તે પમાઇ ગયો તેને દુનિયાની કોઇ ચીજ ભોળવી જાય નહિ, લપટાવી જાય નહિ, લલચાવી જાય નહિ, રમાડી જાય નહિ, ધર્મ લોહીમાં લખાઇ જાય, ચામડીમાં ચિતરાઇ જાય, મજ્જામાં મઢાઇ જાય, પગમાં પેસી જાય, કાનમાં કોતરાઇ જાય, આંખમાં અંજાય જાય, નાકમાં નંખાઇ જાય, હૈયામાં આત્મામાં ચોંટી જાય, જીભમાં જડાઇ જાય, જીંજરીમાં પચી જાય, નસમાં રગે રગે રંગાઇ જાય. તો પછી દુઃખ કર્મના ઉદયે હોવને આવ હોય. પુણ્ય ઉદયે વિરાગ હોય અને મરણ વખતે જે છોડવાનું હતું તે છૂટવું ન હતું. તે છોડવાનો ઉત્તમ અવસર આવ્યો તેને મોટો મહોત્સવ માને આત્માઓ.

ધર્મી આત્મા માટે સંસાર મહેમાનગીરી હોય અને તેના માટે સદ્ગતિનાં દ્વાર સદા ખુલ્લાં દુર્ગતિનાં બંધ અલ્પભવોમાં પરમગતિ નક્કી.

૬ લેશ્યાઓ

❖ કૃષ્ણ ❖ કાપોત ❖પદ્મ
❖ નીલ ❖ પીત ❖શુકલ

❖ કૃષ્ણ લેશ્યા - જેવા ભાવથી નર્કે ગતિ પ્રાપ્ત થાય છે માટે છોડવા જેવી છે - નર્કગામી.
❖ નીલ લેશ્યા - આળશુ છેતરનાર અભિમાની, માટે તે છોડવા જેવી છે - સ્થાવરમાં જાય.
❖ કાપોત લેશ્યા - પરની નિંદા રોષ કરવા વાળા પોતાની પ્રશંસા કરે તે - તિર્યંચ પદ પામે.
❖ પ્રીત લેશ્યા - કરૂણાવાન કાર્યા કાર્યનો વિચાર કરનારા તે - મનુષ્યગતિ પામે.
❖ પદ્મ લેશ્યા - દેવપૂજા ભક્તિ અહિંસા સત્ય આદિ પાંચ વૃત ધરે તે - દેવલોકમાં જાય.
❖ શુકલ લેશ્યા - નિંદા ના કરે રાગ દ્વેષ ના કરે પરમાત્મ દશાને પામેલો તે મુક્તિમાં જાય.

* પ્રેષક : શાહ રતિલાલ ડી. ઝુઠકા - લંડન.

॥ व्याख्यान वाचस्पतये नमः ॥

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

અનંતોપકારી શ્રી જિનેશ્વરદેવોનો શાસનમાં સ્વાધ્યાય સમાન કોઈ જ શ્રેષ્ઠ તપ બીજો કહેવાયો નથી. અજ્ઞાની જીવ ક્રોડો વર્ષો લગે જે કર્મ ખપાવે તેટલાં જ કર્મ જ્ઞાની જીવ શ્વોસો શ્વાસમાં ખપાવે છે તેનું કારણ પણ વિચારતા સ્વાધ્યાયની જ મહત્તા સમજાય છે. સારી રીતે આત્મ વિષયક વિચારણા કરવી તે પણ સ્વાધ્યાય છે.

સામાન્યથી વાચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ ભેદો સ્વાધ્યાયના સુપ્રસિદ્ધ છે. તે જ રીતે પ્રાર્થના, સ્તવના અને તત્ત્વચિંતન એ ત્રણને પણ સ્વાધ્યાયના ભેદ તરીકે વર્ણવ્યા છે.

સ્વ ઈચ્છિત વસ્તુની બીજાની પાસે આજીજી કરવી તે પ્રાર્થના સ્વરૂપ છે. દુનિયાની ચીજ - વસ્તુઓની આજીજી કરતાં, દીનતા દેખાડતા આપણને સારી રીતના સહજ અભ્યસ્ત છે. પણ આત્મગુણોની પ્રાર્થના કરવી તે ખૂબ જ કઠીન છે.

પરમોપકારી ગુણવાન એવા મહાપુરૂષોની સેવામાં નમ્ર બનીને વિનીતભાવે હૈયાની આજીજી સ્વરૂપ પ્રાર્થનાનં સમાવેશ આમાં થાય છે. જો સાચા ભાવે આ પ્રાર્થના થાય તો બેડો પાર.

આપણું જીવન પણ બદલે છે. પણ તે મગરના નહિ, જાગરના જોઈએ. નિરાશંસભાવે, દોષોને દૂર કરવા અને સદ્‌ગુણોને પામવા શ્રી વીતરાગ પરમાત્માદિ મહાપુરૂષોની સેવામાં કરાતી આ પ્રાર્થના પણ આત્મકલ્યાણકના બીજભૂત છે.

મહાગુણવંત એવા પૂણ્યપૂરૂષોની સ્તવના એ પણ સ્વાધ્યાયનો બીજો પ્રકાર છે. જેમાં પરમારાધ્યપાદ પુરૂષોની ગુણ સ્તુતિ અને પોતાના દુષ્કૃતોની નિંદા - ગર્હાનો ક્રમમાં સમાવેશ થઈ જાય છે. આ સ્તવના દ્વારા આત્માને પોતાની અધમતાનું, પોતાના દોષોનું, પોતાની મલીનતાનું પૂર્ણ ભાન થયા છે. અને પૂજ્ય પુરૂષોની ઉત્તમતાને જાણી, તે મેળવવા પ્રયત્નશીલ બને છે. 'પૂજક પણ પૂજક મટી પૂજ્ય બની જાય છે' એમ જે કહેવાય છે તે આ સ્વાધ્યાયનું ફળ છે તેમ કહેવું જરાપણ ખોટું નથી.

તત્ત્વચિંતન સ્વરૂપ સ્વાધ્યાય એ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલાં તત્ત્વોના પરિશીલન રૂપ છે. મનન ચિંતન દ્વારા પરિશીલનતાના યોગે હેય અને ઉપાદેય તત્ત્વોનું વાસ્તવિક જ્ઞાન થાય છે, ભગવાનના માર્ગની શ્રદ્ધા, અખંડ - પરિપૂર્ણ બને છે. ચારિત્ર ધર્મની પ્રાપ્તિ અને નિર્મલતા થાય છે. તેમજ આત્મ સ્વભાવ દશામાં જ રમણતાનો પૂરો અનુભવ થાય છે.

આગમમાં તત્ત્વ સંવેદનજ્ઞાનનું જે વર્ણન કરાયું છે તે પણ આ ત્રીજા સ્વાધ્યાયના ભેદથી પ્રાપ્ત થાય છે. જ્ઞાનનું સ્વામીપણું પમાય તો જ આ ગુણ પેદા થાય સ્વામી એટલે જ્ઞાનને પચાવનાર અને જીવનમાં અમલમાં મૂકનાર અને યોગ્ય જીવોને સમજાવનાર.

સ્વાધ્યાયના આ ત્રણે ગુણો પરમારાધ્યપાદ, પ્રાતઃ-સ્મરણીય પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના જીવનમાં યથાર્થ જોવા - જાણવા - અનુભવવા મલતા હતા. પૂજ્યશ્રીજી સાથે જેઓએ ચૈત્યવંદન કર્યા છે. તે બધાને આનો પૂરો અનુભવ હતો કે- તેઓશ્રી જે ભાવોલ્લાસથી ચૈત્યવંદનો બોલતા તેનો અર્થ ન સમજાય તો પણ સાંભળનારને અપૂર્વ આનંદ આવતો હતો. પ્રભુ ભક્તિમાં તન્મયતાનો અનુભવ પણ થતો હતો. જાણે પૂજ્યશ્રી ! ભગવાન સાથે એકાકાર ન બની જતા હોય તેવો આભાસ પણ અનુભવાતો. હૃદયપૂર્વકની આવી એકાગ્રતા જ પરમાત્મા પણાને પ્રગટાવનાર છે.

પૂજ્યશ્રીજીના તત્ત્વચિંતનનો તો સૌ કોઈ શ્રોતાઓને પૂરો અનુભવ છે કે, ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનના ગહન અતિગહન - ધાર્મિક પદાર્થોને એકદમ સરળ - સુબોધ - સ્પષ્ટ ભાષામાં સમજાવવાની શૈલી જે તેઓશ્રીને હસ્તગત કળાની જેમ

અનુસંધાન પાના નં. ૬૭૬

કરજણ નગરમાં ઉજવાયેલ ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા - દીક્ષા - મહોત્સવ

કરજણ (જી. સુરત) : સુરત જીલ્લાના કામરેજ તાલુકાના કરજણ નગરમાં તાજેતરમાં ૨૨-૪-૨૦૦૧ ચૈત્ર વદ ૧૪ રવિવારથી તા. ૩૦-૪-૨૦૦૧ વૈશાખ સુદ ૭ સોમવાર પર્યંત ભવ્યાતિભવ્ય રીતીએ જિનભક્તિ મહોત્સવ ઉજવાયેલ તેનાથી સમગ્ર સુરત જીલ્લામાં જૈન - જૈનેતર જનતામાં શાસનપ્રભાવના અપૂર્વ સર્જાયેલ...

શ્રીયુત તલકચંદ જસાજી ચૌધરી રૂમાલવાળા પરિવારના સુપુત્રો શ્રી જયંતિભાઈ તથા શ્રી વિનોદભાઈએ પોતાના પિતાશ્રી તથા માતુશ્રી ગંગાબેનની ઉત્તમ ભાવના તેમજ સંસારી બેન મહારાજ પૂ. સા. શ્રી ઈન્દુરેખાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી સિદ્ધાંતરેખાશ્રીજી મ. ની પાવન પ્રેરણાથી સ્વવતનમાં ભવ્ય રંગેમરમરના શિખરબંધી જિનાલયના નિર્માણનો પ્રારંભ કર્યો અને ટૂંક જ સમયમાં દેવવિમાન સંદેશ ભવ્ય જિનાલય ખડું થઈ ગયું તે જિનાલયમાં બિરાજમાન કરવા પ્રાચીન મૂળનાયક શ્રી શાંતિનાથ સ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા તેમજ શ્રી વિનોદભાઈના મુંબઈ નિવાસસ્થાને નૂતન નિર્મિત મહાજિનાલયમાં પ્રતિષ્ઠીત થનાર શ્રી સંભવનાથ સ્વામી આદિ જિનબિંબોની અંજનશલાકા પ્રસંગે ભવ્યાતિભવ્ય મહોત્સવના આયોજનની રૂમાલવાળા પરિવારની ભાવના હતી પૂજ્યપાદ સુવિશાલગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા પાસે આ પ્રસંગે મુહૂર્ત પ્રદાન તથા નિશ્રા પ્રદાનની વિનંતી કરતા પૂજ્યશ્રીજીએ શ્રેષ્ઠ મુહૂર્તનું પ્રદાન કરી પોતાના લઘુગુરૂબંધુ તપસ્વીરત્ન પૂ. પંન્યાસપ્રવરશ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરના શિષ્યરત્ન શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. સા. પૂ. મુનિપ્રવર શ્રી કુલશીલ વિજયજ મ. આદિને તથા વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગણયશ સૂરીશ્વરજી મ. સા., પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કિર્તિયશ સૂરીશ્વરજી મ. સા. આદિ મુનિવૃંદને અનુજ્ઞા ફરમાવી પૂજ્યો ઉગ્રવિહાર કરી કરજણ નગરીની ભૂમિમાં પધાર્યા આ પ્રસંગે કરજણ નિવાસી શ્રી વસંતલાલજી લક્ષ્મીચંદજીની સુપુત્રી કલ્પનાબેનની ભાગવતી પ્રવ્રજ્યા તો નિર્ણિત થઈ ચુકેલી પણ સોનામાં સુગંધ સમાન રામપુરા નિવાસી શ્રી વીરચંદભાઈ પણ પૌઢવયે તથા રાજુર (મહારાષ્ટ્ર) નિવાસી શ્રી રીતાકુમારી યુવાનવયે સંયમ સ્વીકારનો નિર્ણય થતાં ઉલ્લાસ ઉત્સાહ વિગુણીત બન્યો ગયો પૂજ્યોનો પ્રવેશ અનેરા ઉલ્લાસપૂર્વક ચૈત્ર વદ ૧૪ રવિવાર તા. ૨૨-૪-૨૦૦૧ ના વિશાલ સામૈયા માજન પૂર્વક થયેલ. પ્રવેશના દિવસે વિવિધ ભાગ્યશાળીઓ તરફથી ૨૫ રૂા. નું સંઘપૂજન થયેલ તે જ દિવસે કુંભસ્થાપન દિપક સ્થાપનથી માંડીને અષ્ટમંગલ પૂજન સુધીના માંગલિક અનુષ્ઠાનો ખૂબ જ સુંદર રીતીએ સંપન્ન થયા. ચૈત્ર વદ ૦)) ના નવપદ પૂજન વૈશાખ સુદ ૧ ની પરમાત્માના ચ્યવન કલ્યાણકનું વેધાન. વૈશાખ સુદ ૨ ના જન્મ કલ્યાણક મહોત્સવ અનેરા ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ. વૈશાખ સુદ ૩ અક્ષયતૃતીયાના મંગલગદિને પૂ. આ. શ્રી વિજય કિર્તિયશસુરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્નો પૂ. મુ. શ્રી મંગલયશ વિ. મ., પૂ. મુ. વિરાગયશ વિ. મ., પૂ. મુ. કનકયશ વિજયજી મ. આદિ તથા બહુ સંખ્યક સાધ્વીજી ભગવંતો રૂમાલવાળા પરિવારના મોભી શ્રી જંયતીભાઈના ધર્મપત્ની મ.સૌ. જ્યોતીબેન આદિ અનેક શ્રાવક - શ્રાવિકાઓને વર્ષીતપના પારણાનો પ્રસંગ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવાયો પરમાત્માને પ્રથમ ઈક્ષુરસના પ્રક્ષાલની ઉછામણી નો આંક પણ ખૂબ જ સુંદર રીતીએ થયેલ. તે દિવસના સમગ્ર સાધર્મિક વાત્સલ્યનો લાભ મુરબ્બી ક્ષુરત્ન વીરચંદભાઈની દીક્ષા નિમિતે તેમના સંસારી સ્વજનોની આગ્રહભરી વિનંતીથી તેમને અપાયેલ તે દિવસ પ્રવચનમાં વિવિધ ભાગ્યશાળીઓ તરફથી ૬૫ રૂા. નું સંઘ પૂજન થયેલ. તે જ દિવસે પરમાત્માના અઢાર

અભિષેક રાજદા અભિષેક આદિનું મંગળ વિધાન થયેલ. વૈશાખ સુદ ૪ ના પરમાત્માના લગ્ન મહોત્સવનો પ્રસંગ રાજ્યાભિષેક આદિ પ્રસંગો અનેરા ભાવપૂર્વક ઉજવાયા - લગ્ન મહોત્સવ પ્રસંગે - સુવર્ણના દાનની ટહેલ નખાતા અનેક જૈન-જૈનત્તર ભાગ્યશાળીઓએ પોતપોતાના અલંકારો ઉતારી પ્રભુભક્તિની અપૂર્વ નિષ્ઠા બતાવેલ. વૈશાખ સુદ ૫ ના દિવસે પરમાત્માના દીક્ષા કલ્યાણકનો તથા ત્રણે મુમુક્ષુઓનાં વર્ષીદાનનો વરઘોડો ખૂબ જ ઉત્સાહ પૂર્વક નીકળેલ. આ પ્રસંગે સુરતનું વિખ્યાત રઝાક બેન્ડ આવેલ તેમજ અનેક વાહનો શણગારાયેલ ત્રણે મુમુક્ષુઓની વર્ષીદાન યાત્રા તથા પરમાત્માના માતાપિતા - ઈંદ્ર - ઈંદ્રાણી - આદિની વર્ષીદાન યાત્રામાં ગામની અઢારે આલમ સહિત આજુબાજુના ગામોની પણ વિશાલ જનતા જોડાયેલ તે જ દિવસે સમગ્ર ગામની ઝાંપા ચુંદડીનું આયોજન મુમુક્ષુ કલ્પનાબેનની દીક્ષા નિમિત્તે તેમના પિતાશ્રી વસંતલાલજી લક્ષ્મીચંદજી ચિતામ્બાવાલા પરિવાર તરફથી થયેલ. તે જ દિવસે રાત્રે શુભ મુહૂર્ત અધિવાસન-અંજનવિધિ આદિ માંત્રિક વિધાનો પ્રસન્નતાપૂર્વક થયેલ. વૈશાખ સુદ ૬ તા ૨૯/૪/૨૦૦૧ ના મંગલદિને પ્રાતઃ સમયે અંજન થયેલ પરમાત્માના પ્રથમ દર્શન, કેવલજ્ઞાન કલ્યાણકની ઉજવણી, નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેક આદિ વિધાનો થયેલ. સવારે બરોબર ૬-૦૦ કલાકે પૂજ્ય આચાર્યભગવંતોએ પ્રવચન મંડપમાં પધારતા જયનાદ ના પોકરો વચ્ચે ત્રણે મુમુક્ષુઓની ભાગવતી પ્રવજ્યાની મંગલવિધિનો પ્રારંભ થયેલ વિશાલ સભા મંડપ જનમેદનીથી હકડેઠઠ ભરાઈ ગયેલ. ત્રણ મુમુક્ષુઓને ત્રણે પૂ. આચાર્યભગવંતાએ રજોહરણ પ્રદાન કરતા સમગ્ર સભાના નયનોમાંથી હર્ષાશ્રુઓની ધારા વહેવા લાગી..! ત્રણે નૂતનદિક્ષિતોને ઉપકરણો વહોરવવાની નામકરણ આદિની તથા ત્રણે પૂ. આચાર્યભગવંતોના ગુરૂપૂજન આદિની ઉછામણીઓ સમયાનુસાર ખૂબ સુંદર થવા પામી આગલા દિવસે રાત્રિએ ત્રણે મુમુક્ષુઓના અભિનંદન સમારોહ પ્રસંગે ત્રણે મુમુક્ષુઓને વિદાયતિલકની ઉછામણી પણ સુંદર થયેલ. ત્રણે મુમુક્ષુઓ વેશ પરિવર્તન કરીને આવી જતા આગળની દીક્ષાવિધિનો પ્રારંભ થયેલ. મંગલમુહૂર્તે ત્રણે નૂતનદિક્ષિતોની લોચનવિધિ સંપન્ન થયેલ. નામકરણ વિધિ સમયે વીરચંદભાઈને આચાર્ય શ્રી વિજય કિર્તિયશસૂરીશ્વરજીના શિષ્ય મુનિરાજશ્રી કૈવલ્યયશ વિજયજી તરીકે, કલ્પનાબેનને સા. શ્રી સિદ્ધાંતરસાશ્રીજીના શિષ્યા સા. શ્રી ક્ષાયિકગુણાશ્રીજી તરીકે અને રીતાબેનને સા. શ્રી ગીતપૂર્ણાશ્રીજીના શિષ્યા સા. શ્રી રજતપૂર્ણાશ્રીજી તરીકે જાહેર કરાયેલા. દીક્ષા વિધિ સંપન્ન થયા બાદ તુરતજ પૂજ્યો જિનાલયમાં પધાર્યા અને ૐ પૂણ્યાકરે (૨) પ્રિયંતામ્ (૨) ના પવિત્ર શબ્દોચ્ચારણની ધૂન વચ્ચે મંગલમુહૂર્તે શ્રી શાંતિનાથ સ્વામીના નૂતન ગુરૂમંદિરમાં પરમઉપકારી ગુરૂદેવ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની ૨૧''ની સુંદર મનમોહક ગુરૂમૂર્તિની તેમજ પરમ ઉપકારી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રવિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની ગુરૂપાદુકાની તથા કાકા ગુરૂદેવ તપસ્વીરત્ન પૂ. મુનિપ્રવર શ્રી લોકેન વિજયજી મ. ની ગુરૂપાદુકાની પ્રતિષ્ઠા વિધિ, જિનાલય ના શિખરે ધ્વજારોહણ વિધિ અનેરા ઉલ્લાસ ઉત્સાહપૂર્વક થયેલ આ પ્રસંગે દેરાસરના ચારે તરફના મકાનો માર્ગોમાં માનવ મહેરામણ ઉભરાઈ જવા પામેલ તે જ દિવસે સમગ્ર ગામની ઝાંપાચુંદડીનો મહાન લાભ આયોજક શ્રી તલકચંદ જસાજી ચૌધરી રૂમાલવાળા પરિવારે લીધેલ. પ્રતિષ્ઠા પ્રસંગની પૂર્ણાહૂતિ બાદ ફરી પ્રવચન મંડપમાં પૂજ્ય આચાર્યભગવંતોના મનનીય પ્રવચનો સાબરમતી - વિજય રામચન્દ્રસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ તરફથી આગામી વર્ષે ઉજવાનારા ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ અંગે આયોજીત મીટીંગોની જાહેરાત થયેલ. વિજયમુહૂર્તે બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર - ઉમંગપૂર્વક ભણાવાયેલ રાત્રે ઘારાવડી થયેલ વૈશાખ સુદ ૭ ના મંગલદિને સવારે શુભમુહૂર્તે દ્વારોદઘાટન આયોજક પરિવારના વરદ હસ્તે થયેલ. આજનો મંગલદિન નિશ્રાદાતા ત્રણે પૂ. આચાર્યભગવંતોના આચાર્યપદ પ્રદાનનો દિવસ હતો ત્રણે પૂજ્યો આચાર્યપદ પર્યાયના છઠ્ઠા વર્ષમાં પ્રવેશતા આયોજક પરિવારે ગૃહાંગણે પૂજ્યોના સુસ્વાગત પગલા

કરાવેલ, પ્રાસંગિક પ્રવચન યોજાયેલ તે જ દિવસે પ્રવચન મંડપમાં પણ પૂજ્યોના પ્રાસંગિક પ્રવચન બાદ વિવિધ ભાગ્યશાળીઓ તરફથી ૫ ગ્રા. નું સંઘપૂજન થયેલ. સત્તરભેદી પૂજા ભણાવાયેલ તે જ દિવસે સાંજે પૂ. આ. ભ. શ્રી વિ. ગુણશીલ સૂ. મ. આદિ ઠાણાએ ચાતુર્માસ જામનગર નિર્ણીત થતાં અમદાવાદ તરફ વિહાર કરેલ અને પૂ. આ. ભ. શ્રી ગુણયશ સૂ. મ., પૂ. આ. ભ. શ્રી વિ. કિર્તિયશ સૂ. મ. આદિ ઠાણાનું ચંદનબાળા મુંબઈ ચાતુર્માસ નિર્ણિત હોવાથી સુરતમાં પ્રવ્રજ્યા પ્રદાન પ્રસંગે તે તરફ પૂજ્યોએ વિહાર કરેલ. કરજણમાં નવ દિવસની પૂજ્યોની સ્થિરતા દરમ્યાન જૈનોમાં અને ખાસ તો જૈનેત્તરોમાં ધર્મ પામવાની ધર્મ સમજવાની જે જિજ્ઞાસા દેખાણી તે ખૂબજ અનુમોદનીય કહેવાય ? સમગ્ર ગામમાં જૈનેત્તરોએ પોતાના વિશાલ મકાનો - પૂ. ગુરૂભગવંતોના, પૂ. સાધ્વીજી ભગવંતોના તેમજ સાધર્મિકોના ઉતારા માટે ખાલી કરી આપેલ ! અનેક જૈનેત્તરોએ પૂજ્યશ્રીના પ્રવચનથી પ્રભાવિત બની વિવિધ પ્રતિજ્ઞાઓ લીધેલ સમગ્ર મહોત્સવ દરમ્યાન આયોજક જયંતિભાઈ વિનોદભાઈ પરિવારની ઉદારતા અથાગ પુરૂષાર્થ - આયોજનના સફળ શિલ્પી દીલીપભાઈ ઘીવાલાનો ભગીરથ પુરૂષાર્થ... ! સિદ્ધહસ્ત વિધિકારક શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ જામનગર દ્વારા શુભ વિધિવિધાન, પ્રખ્યાત સંગીતકાર શ્રી મુકેશભાઈ નાયક (પાટણ) દ્વારા પ્રસંગોપાત તેમજ રોજ ભાવનામાં મચાવેલ સૂરસંગીતની રમઝટ - જવારા બેન્ડ (બીજાપુર) નું મધુર સૂરવાદન - વિરમગામના કલાકારોનું સૂરીલું શરણાઈ વાદન અનેકવિધ યાંત્રિક રચનાઓ સમગ્ર ગામનો શણગાર આદિ દ્વારા મહોત્સવ ખૂબ જ શાસનપ્રભાવક બની જવા પામ્યો.

આ મંગલ પ્રસંગે પૂ. સાધ્વીજી શ્રી દક્ષાશ્રીજી મ., પૂ. સા. શ્રી ભદ્રપૂર્ણાશ્રીજી મ., પૂ. સા. શ્રી નિત્યાનંદાશ્રીજી મ., પૂ. આ. શ્રી નિર્મમાશ્રીજી મ., પૂ. સા. શ્રી ઈન્દુરેખાશ્રીજી મ., પૂ. સા. શ્રી મદનરેખાશ્રીજી મ., પૂ. સા. શ્રી સિદ્ધાંતરસાશ્રીજી મ., પૂ. સા. શ્રી પ્રશમિતાશ્રીજી મ., પૂ. સા. શ્રી ગીતપૂર્ણાશ્રીજી મ. આદિ વિશાળ શ્રમણીવૃંદની ઉપસ્થિતિ અને ગામે ગામથી પધારેલા અનેક સાધર્મિક બંધુઓનું આગમન શાસનની શોભારૂપ બની ગયેલ આયોજક પરિવારે ટૂંક સમયમાં જ નિર્મિત કરેલ ભવ્ય જિનાલય - લોચનવાટિકા નામે ભવ્ય ગુરૂમંદિર - તેમજ સિદ્ધાંત સાધના મંદિર નામે સુંદર ઉપાશ્રય કરજણ નગરની શોભારૂપ બની ગયા છે.

પાના નં. ૬૭૩ થી ચાલુ

સુસાધ્ય થઈ હતી તેથી તો સર્વે પૂ. વડિલોએ તેમને **'વ્યાખ્યાન વાચસ્પતિ'** ઉપાધિથી અલંકૃત કર્યા હતા. પોતાની જાતે જ પોતાના નામને ઉપાધિથી સંબોધતા ન હતા. જે આજના લોકોની દેણ છે કે ઉપાધિથી બચવાને બદલે ઉપાધિઓ વધારે જવી !

આવા પરમોપકારી સુવિહિત શિરોમણિ પૂજ્યશ્રીજી જેવી પ્રભુભક્તિમાં તન્મયતા કેળવી, રાગાદિ દોષોનું દહન કરી, વિરાગ - સંવેગ આદિ આત્મગુણોની પ્રાપ્તિ પોષણ કરી આત્માને અનંત - અક્ષયજ્ઞાનાદિ ગુણ લક્ષ્મીથી વિભૂષિત કરી, આપણા આત્માને શાશ્વત પદના ભોકતા બનાવીએ તે જ મંગલ કામના.

■ ■ ■

કુર્લામાં વડી દીક્ષા મહોત્સવ

C. A. ની Exam. આપ્યા પછી ત્રીજા દિવસે વૈશાખ વદી ૨ ના દિવસે દ્રઢ વૈરાગ્યથી દીક્ષિત બનેલ મુમુક્ષુ શ્રેણિકકુમાર, પૂ. મુ. શ્રી નયભદ્ર વિજયજીના શિષ્ય મુ. શ્રી શ્રમણયશ વિજયજી બન્યા હતા.

નૂતન દીક્ષિતની વડી દીક્ષા ઘર આંગણે મહોત્સવપૂર્વક કરાવવાની ભાવના હોવાથી કુર્લામાં જેઠ વદી ૩ થી ૫ સુધી પ્રભાવક પ્રવચનકાર પૂ. ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં મહોત્સવ ઉજવાયેલ. મહોત્સવ દરમ્યાન બે પૂજા, સિદ્ધચક્ર મહાપૂજન, ચૈત્યપરિપાટ, સકલ સંઘનું સ્વામી વાત્સલ્ય, પૂજ્ય ગણિવર્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચનો થયેલ. જેઠ વદી ૫ વડી દીક્ષા પ્રસંગે બહારગામથી સારી સંખ્યામાં અનેક ભાવિકો પધારેલ.

મહાસતી-સુલસા

❖ પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.

લેખાંક : ૧

સારથી નાગ..

રાજવી શ્રેણિકનો અત્યંત વિશ્વાસ્ય પુરુષ.

રાજવીના રથનુ સુકાન આ સારથી જ સંભાળતો.

ચાહે રાજ સવારી કેમ ન હોય કે ચાહે સમરભૂમિ કેમ ન હોય; બધી જ ક્ષણોમાં તે રાજવી શ્રેણિકની વ્હાર સંભાળનારો દક્ષ પુરુષ.

રાજગૃહીનો જ તે રહીશ હતો.

ગુણોના સૂતરથી તેનુ જીવન આચ્છાદિત હતું. આકાશની ચાદર જેમ ધરતીને ઢાંકી દે, ગુણોના તાંતણાથી તેમ નાગનું જીવન ઢંકાયું તું.

* પાતાળ કૂવા જેવી ઉંડી તેની ગંભીરતા.
* સાગર જેવો જ તેના વર્તનનો સ-ગંભીર ઘૂંઘવાટ.
* જિનેશ્વર દેવોનો તે અથક અનુયાયી.

ચંદનનું તિલક તેના લલાટમાં ચમકતું રહેતું. જાણે તેના સૌભાગ્યનું જ તે પ્રતીક બની જતું.

અમૃતના કુંડ જેવું તેનું મુખ મંડલ. એ કુંડમાંથી જ્યારે - જ્યારે વાણી પ્રગટે, જાણે અમૃતના રસ ઝરણાઓ જ ત્યારે ખળખળવા માંડે.

દરિદ્રોના કપાળે કોતરાયેલા દારિદ્રયના લેખ ભૂંસાઇ જાય, એટલું અઢળક દાન તે નાગના હાથોમાંથી વરસતું રહેતું.

* વિશાળ વક્ષસ્થલ.
* ઢીંચણ સુધી પ્રસરી જતા હાથો.
* સુદઢ બાહુઓ.
* વેશાળ ચરણો.
* માંસલ શરીર.

આવી હતી; નાગ સારથીની દેહયષ્ટિ.

ઉર્ધ્વલોકના દોગુંદક દેવોની જેમ તે પોતાની પ્રાણપ્રિયા સાથે ઉદાર ભોગો ભોગવતો. પરસ્ત્રી તરફ તેની મીટ પણ નહતી; મંડાતી.

પરાયી રૂપવતીને જોંતા જ તેના નયનો મીંચાઇ જતા. આવો હતો તે સદાચારી. સુલસા જેવું તેને પ્રિયપાત્ર મળ્યું તું.

સુલસા, તેની અર્ધાંગના જ નહિ, સહધર્મચારિણી જ નહિ, તેના ઘરમાં વિરાજેલી સાક્ષાત્ લક્ષ્મી દેવી હતી. પદ્મહ્રદની લક્ષ્મી દેવી જ જાણે સ્વરુપ પરાવર્તન કરી નાગ સારથીના મહેલમાં ઉતરી આવી હોય, એવો **અહેસાસ સુલસાના પ્રથમ દર્શને જ થઇ જતો.**

સુલસા, એક સ્ત્રી નહિ, વિનયની કામણગારી પ્રતિમા હતી. સ્ત્રી સહજ અગાંભીર્યના દર્શન તેનામાં થઇ શકતા નહિ. સ્ત્રી હોવા છતા તે પ્રકૃતિથી દૂરદેશી વિવેકી અને ગંભીર હતી.

તે ખાન્દાન ઘરાનાની કુલીના પોતાના શ્વસૂર ગૃહે આવ્યા પછી ઘરના બધા જ કાર્યો ચપળતા પૂર્વક કરી લેતી. આળસને તેણે ખંખેરી નાખી. આથી જ તે સહુની વ્હાલી થઇ પડી.

સુલસાનો આત્મા જિનવચનોના ભૂંસી ન શકાય તેવા અનુરાગથી લેપાયો તો. તેનુ સમ્યક્ત્વ દેવો દ્વારા ચલાયમાન ન બને તેવું દઢમૂળ હતું. તેના માનસની હથેળીમાં મોક્ષની અક્ષમાળાનો જાપ હંમેશા ચાલુ રહેતો.

શ્રમણાર્ય મહાવીર દેવની તે અનન્ય ભક્ત!

એટલું જ નહિ, જૈન શાસનના તત્ત્વો અને સિદ્ધાન્તોના મર્મસ્તલ સુધી તેની પહોંચ પહોંચી જતી. નિર્ગન્થ શ્રમણો અને શ્રમણીઓનો તે ઉલ્લાસભેર આદર કરતી. તેમની વૈયાવૃત્યમાં એક દાસીની જેમ અભેદદશા સાધી લેતી. સુપાત્રને દાન આપતી.

સાધર્મિકોનું વાત્સલ્ય કરવાની તેની ખેવના તેના **જીવનનું ઉજળું પાસુ હતું.**

તે પૂરેપૂરી પતિપરાયણ મન - વચન - તનથી. સાક્ષાત્ ત્રિભુવનગુરુ મહાવીર દેવે પણ તેના અનન્ય

સતીત્વની અને શુદ્ધતમ સમ્યક્ત્વની પ્રશંસા કરી, દેવો - દાનવો- માનવો અને પશુઓની પર્ષદામાં.

કથાનો પ્રારંભ કરતાં પૂર્વે ચરિત્ર રચયિતા સૂરિદેવે મહાસતી સુલસાના અંગો, ઉપાંગો અને અવયવોનુ પણ માદક વર્ણન કર્યું છે. સ્ત્રીના અંગોપાંગોનું નીરીક્ષણ પણ સાધુ માટે જ્યાં વર્જ્ય ગણાતું હોય, ત્યાં તેના વર્ણનની અનુમતિતો સાંપડે જ કઇ રીતે ?

એક સાધુ તરીકે સ્ત્રી વર્ણનથી વેગળા રહેવાના શાસ્ત્રકારોના ફરમાનને શિરોમાન્ય ઠેરવીને અત્રે માત્ર ચરિત્રગ્રંથોમાં રજૂ થયેલા સુલસાના દેહ સૌન્દર્યની અલબેલ પુકારતા શ્લોકોના ભાવાનુવાદ કંડારીને જ વિષયની સમાપ્તિ કરવાનું મુનાસીબ લેખીશ.

આ રહ્યાં 'સમ્યક્ત્વ સંભવ' ગ્રન્થના સુલસાના દેવાંગના જેવા દેહની બિરુદાવલી લલકારતા પદ્યો અને તેની જરાય મરી - મસાલા ભભરાવ્યા વિનાનો ભાવાનુવાદ.

सीमन्तदण्डेदेन विराजमानो, यत्केशपाशो गुरुचामरर्जू;
विचित्र पुष्पाभरण प्रभाभिं - श्चकारपिच्छं शिखिनः कलापम्... ॥ ४५ ॥

સુલસાનો કેશપાશ વિશાળ કદના ચામર જેવો જ પીંચ હતો. તેમ છતાં તે કેશપાશમાં ગુંચ ન હતી. કેશપાશની મધોમધથી પસાર થતો સેંથો ચામરના ગૌર દંડ જેવો જ શોભાયમાન બનતો.

તે કેશપાશ વિવિધ જાતિના પુષ્પો અને અલંકારો દ્વારા જાણે મોર પીંછના સમૂહને પણ તુચ્છ - હાંસી પાત્ર બનાવી દેતો.

निर्णीयते जङ्गमराजधानी, याकाम राजस्य चकास्ति यस्याम्,
नासैक्यवंशं तिलकाग्र कुम्भं - भ्रू-झल्लरीछत्रनिभं ललाटेम्॥ ४६ ॥

વાંસ જેવી તેની નાસિકા હતી.

નાસિકાના અગ્રભાગ પર કુંભના આકારનું રમ્ય તિલક.

તિલકની પંકિત પર બંધાયેલી ઝાલર જેવી તેની ભ્રૂકુટિઓ અને એ બધાયની ઉપર છત્ર જેવું તેનું લલાટ.

આમ, કામી પુરુષ માટે સુલસા કામદેવની રાજધાની જેવી બની રહેતી.

यस्याः श्रुतिभ्यां कमलार्चिताभ्यां लघूकृता आश्विन मास-दोला;
ता लज्जयोच्चैः किल वृक्षशाखा - सु बन्धनान्येषु वनेषु क्रु.. ॥ ४७ ॥

બે કમળાકાર કુંડલોથી અલંકૃત સુલસાના કર્ણ પટલને જોઇને જાણે આસો માસના વનો-ઉપવનોમાં બંધાતા હિંચકાઓ પણ લજ્જિત થઇ જતા. આથી જ કદાચ તેઓ વૃક્ષોની એક - બીજી ડાળ ઓ વચ્ચે બંધાતા હશે !

यन्नेत्रशोभाऽभिभवाकुरङ्गी, करोति कामं वनवास सेवाम्,
नीलोत्पलं काल्मुखं त्वखाप्य जड्यड्भिधातान्सतेऽ धुना पि. ॥ ४८ ॥

હરણીથી ય અધિક ચપળ અને ભૂરાં સુલસાના નયનો હતા.

લાગે છે, સુલસાના નયનોની શોભાથી ધૂજી ઉઠેલી હરણ-જાતિએ આથી જ વનવાસ સ્વીકાર્યો હશે.

નીલકમળ જેવો જ તે નયનોનો મધ્યભાગ હતો.

લાગે છે; સુલસાના નેત્ર તારકોથી ફાડી ઉઠેલા નીલ કમળો ! આથી જ સરોવરમાં સંતાઇ જવું પડ્યું હશે.

यन्नासिकायाः समताऽऽप्तिहेतो स्तिलस्य पुष्पं नितरां विहस्य,
पतज्जनानामिति वक्ति योऽर्ष्यावान् महद्भिः पतनं हि तस्य ... ॥ ४९ ॥

સુલસાની નાસિકા તિલના પુષ્પ જેવી જ નાજૂક હતી.

લાગે છે; તેથી જ તિલનુ પુષ્પ વૃક્ષ પરથી અધઃ પતન પામ્યું છે.

હા ! તિલનુ ધરાતલ પર ખરી પડતુ પુષ્પ પણ જગતના ઇર્ષ્યાળુઓને ઉપદેશ આપતુ જાય છે; કે महद्भिः ईर्ष्यावान्यः पतन मेव तस्य !

શક્તિશાળી કે ગુણવાન્ પુરુષની જે ઇર્ષ્યા કરે, તેનું પતન થઇને રહેવાનું.

— ક્રમશઃ

ગ્રન્થિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ

લે. પ્રો. હીરાલાલ ૨. કાપડિયા - એમ.એ.

'જૈન સત્ય પ્રકાશ', વર્ષ - ૧૨, અંક ૧૨, વિ. સં. ૨૦૦૨,
ઈ. સ. ૧૯૪૬ ના અંકમાંથી સાભાર

ગૂંથીને બનાવાયેલી માળા વગેરેને 'ગ્રન્થિમ' કહે છે. એને માટે પાઇય ભાષામાં **गंठिम** શબ્દ છે. એ શબ્દ **वियाहपण्णत्ति** (સયમ ૯ ઉદ્દેસગ ૩૩) માં તેમ જ **पाउहावागरण** (સુયકખંધ ૨, અજ્ઝયણપ) માં વપર યો છે. **गंथिम** એવો પણ સમાનાર્થક પાઇય શબ્દ છે. એ **नायाधम्मकहा** (સુયકખંધ ૧, અજ્ઝયણ ૧૩; પત્ર ૧૭૯ અ) માં વપરાયો છે.

વેષ્ટનથી અર્થાત્ લપેટીને બનાવાયેલ પદાર્થને 'વેષ્ટિમ' કહે છે. એને માટે **वेढिम** એવો પાઇય શબ્દ છે. એ **नायाधम्मकहा** (સુય. ૧, અ. ૧૩; પત્ર ૧૭૮) માં, **पण्हावागरण** (સુય. ૨, અ. ૫; પત્ર ૧૫૦) માં તેમજ **ओववाइय**માં વપરાયેલો છે.

પૂરવાથી યાને ભરવાથી બને તે 'પૂરિમ' કહેવાય છે. પાઇયમાં પણ આ જ શબ્દ છે અને **वेढिम**ને લગતા ઉપર્યુકત ઉલ્લેખોમાં એનો પણ ઉલ્લેખ થવાય છે.

સંઘાતરૂપે બને તે 'સંઘાતિમ' કહેવાય છે. એને માટે પાઇયમાં એનો એ શબ્દ હોવા ઉપરાંત **संघाइम** તેમજ **संघाइय** શબ્દ પણ છે; **नायाधम्मकहा** (સુય. ૧, અ. ૩ પત્ર ૧૭૯) અને **पण्हावागरण** (સુય. ૨, અ. ૫; પત્ર ૧૫૦) માં **संघातिम** શબ્દ છે.

'ઇમ' અનુગ - ગંઠિમ, પૂરિમ, વેઢિમ અને સંઘાઇમ એ શબ્દોમાં 'ઇમ' અનુગ છે— એના અંતમાં જેમ 'ઇમ' શબ્દ છે તેમ બીજા પણ કેટલાક શબ્દોમાં પણ 'ઇમ' જોવાય છે. ઉદાહરણાર્થે હું થોડાક અહીં નોંધું છું :

ઉબ્ભેઇમ (સં. ઉદ્ભેદિમ) = સ્વયં ઉત્પન્ન થનાર.
ખાઇમ (ખાદિમ) = આહારનો એક પ્રકાર.
પાઇમ (પાકિમ)= પાક કરવા લાયક.
પુરત્થિમ (પૌરસ્ત્ય) = પૂર્વ (દિશાનું).
ભજ્જિમ (ભર્જિમ) = તળવા લાયક (પદાર્થ)
વંદિમ (વન્દ્ય) = વંદન કરવા યોગ્ય.
સંમ્મૂચ્છિમ (સંમૂર્ચ્છિમ) = સંમૂર્છ જન્મવાળું (પ્રાણી).
સાઇમ (સ્વાદિમ) = આહારનો એક પ્રકાર.

Introduction to Ardhamagadhi (પૃ. ૧૪૧) માં કહ્યું છે કે પ્રાય: વિદ્યર્થ કૃદન્તના મૂલ્યવાળાં વિશેષણો બનાવવા માટે ક્રિયાપદને (ધાતુને) 'ઇમ' અનુગ લગાડાય છે. Renou (રેનુ) સૂચવે છે કે પાકિમ, ભેદિમ ઇત્યાદિ સંસ્કૃત શબ્દોની બાબતમાં તેમજ ખનિવિય અને કૃત્રિમ જેમ એથી પ્રાચીન કક્ષામાં 'ઇમ' અનુગ તે નામધાતુઅને 'ઇ' વડે વિસ્તારાયેલો ભૂતકૃદન્તનો 'મ' પ્રત્યય છે. 'દ્વારા મેળવેલ' જેવા મૂળ અર્થમાંથી જરૂરિયાતનો અર્થ વિકસ્યો.

Intro to AM. માં નિવ્વહિમ'નો ઉલ્લેખ છે.

मज्झिम અને **चरिम** માં 'ઇમ' અનુગ હોય એવો ભાસ થાય છે, પણ **सिद्धहेमचन्द्र** (અ. ૮, પા. ૧, સૂ. ૪૮) માં 'મધ્યમ' ઉપરથી 'મજ્ઝિમ' અને 'ચરમ' ઉપરથી 'ચઇમ' શબ્દ નિષ્પન્ન કરાયા છે. 'ચરિમ' માટે અત્ર કોઇ ઉલ્લેખ હોય તો યાદ નથી. એને માટેનો સંસ્કૃત શબ્દ 'ચરમ' છે અને એનો અર્થ 'અંતિમ' છે.

सिद्धहेमचन्द्रમાં 'ઉણાદિ' સૂત્રોમાં 'ઇમ' ને અંગે નીચે મુજબનું સૂત્ર છે:-

''कु ट्टि वे ष्टि पूरिपिषिसचिगण्यपिवृ मदिभ्य इमः''-सू. ३४९

ગ્રન્થિમાદિનું સ્પષ્ટીકરણ— **नायाधम्मकहा**ની અભયદેવસૂરિકૃતવૃત્તિ (પત્ર ૧૮૦ આ) માં

ગ્રન્થિમાદિનું સ્વરૂપ નીચે મુજબ સમજાવાયું છે:-

"ग्रन्थिमानि-यानि सूत्रेण ग्रथ्यन्ते मालावत्, वेष्टिमानि-यानि वेष्टवतो विष्पान्द्यते पुष्पमालालम्बूसकवत्, पूरिमाणि-यानि पूरणतो भवन्ति कनकादिप्रतिमावत्, सङ्घतिमानि-सङ्घतनिष्पाद्यानि रथादिवत्"[1]

આનો અર્થ વિચારીએ તે પૂર્વ **જીવાજીવાભિગમ** (પડિવત્તિ ૩, ઉદ્દેસગ ૨; સુત્ત ૧૪૭) ની વૃત્તિ (પત્ર ૨૬૭-આ-૨૬૮ અ) માં મલયગિરિસૂરિએ કરેલો નીચે મુજબનો ઉલ્લેખ નોંધી લઈએ :-

"ग्रन्थिमं-यत् सूत्रेण ग्रथितम्, वेष्टिमं-यत् पुष्पमुकुट इव उपर्युपरि शिखराकृत्या मालास्थापनम्, पूरिमं-यल्लघुच्छिद्रेषु पुष्पनिवेशनेन पूर्यते, सङ्घातिमं-यत् पुष्पं परस्परं नालप्रवेशन संयोयते".

વિશેષમાં ૨૬૮ અ પત્રમાંની નિમ્નલિખિત પંક્તિ પણ આપણે અહીં ઉતારીશું:-

"ग्रन्थिम-वेष्टिम-पूरिम-सङघातिमेन चतुर्विधेन माल्यविधिना"

અણુઓગદ્દારની વૃત્તિ (પત્ર ૭) માં **હરિભદ્રસૂરિ** ગ્રંથિમ વગેરે નીચે મુજબ સમજાવે છે :-

"ग्रन्थिसमुदायजं पुष्पमालावत् जालिकावद् वा, निर्वर्तयन्ति च के चिदतिशयनैपुण्यान्वितास्तत्राप्यावश्यकवन्तं साधुमित्येवं वेष्टिमादिष्वपि भावनीयम, तत्र वेष्टिमं वेष्टनकसम्भवमानन्दपुरे पुरकवत्, कलाकुशलभावतो वा कश्चिद, वस्त्रवेष्टनेन चावश्यकक्रियायुक्तं यतिमवस्थापयति, पूरिमं-भरिमं सगर्भरीतिकादिभृतप्रतिमादिवत्, सङ्घातिमं कञ्चुकवत्".

આમ જે ગ્રન્થિમાદિના સ્પષ્ટીકરણાર્થે અહીં ત્રણ ઉલ્લેખો નોંધાયા તે પ્રત્યેકનો અનુક્રમે અર્થ હું આપું છું:-

(૧) જે સૂતર વડે માળાની માફક ગુંથાય તે 'ગ્રન્થિમ'. જે ફૂલની માળાના લંબૂસક (? લાંબાહાર) ની જેમ વીંટાળાઈને બનાવાય તે 'વેષ્ટિમ'. જે સુવર્ણ ઇત્યાદિની પ્રતિમાની પેઠે પૂરીને રચાય તે 'પૂરિમ'[1] જે રથની માફક સંઘાત વડે (પૈડાં વગેરે એકત્રિત કરવાથી) બને તે 'સંઘાતિમ'.

(૨) જે સૂતર વડે ગુંથાય તે 'ગ્રન્થિમ'. જે ફૂલના મુગટની પેઠે ઉપર ઉપર શિખરના આકારે માળાની સ્થાપના તે 'વેષ્ટિમ'. નાનાં છિદ્રોમાં ફૂલ ભરીને જે પૂરાય તે 'પૂરિમ'. એક ફૂલની દાંડીમાં અન્ય ફૂલનો પ્રવેશ કરાવી જે યોજાય તે 'સંઘાતિમ'.

(૩) ફૂલની માળા કે જાળીની જેમ ગ્રન્થિસમૂહ વડે બનાવાયેલું તે 'ગ્રન્થિમ'. કોઈક અતિશય કુશળતાવાળા જનો 'અવશ્યક' ક્રિયા કરતા મુનિને પણ રચે છે. આ પ્રમાણે વેષ્ટિમ વગેરે માટે સમજી લેવું. 'આનન્દપુર'માંના પૂરકની પેઠે વીંટાળીને બનાવેલું તે 'વેષ્ટિમ'. કળાની કુશળતાને લઈને કોઈક વસ્ત્ર વીંટાળીને 'આવશ્યક' ક્રિયા કરતા સાધુને સ્થાપે છે. સગર્ભ પિત્તળ વગેરેથી ભરેલી પ્રતિમાની પેઠે જે ભરેલું હોય તે 'પૂરિમ'. કાંચળીની પેઠે કકડા એકઠા કરી બનાવાયેલું તે 'સંઘાતિમ'.

આ પ્રમાણે આ લઘુ લેખ પૂર્ણ થાય છે એટલે જૈન હસ્તલિખિત પ્રતિઓના મારા વર્ણનાત્મક સૂચીપત્ર (ગ્રંથાંક ૧૨૯૫) ગત નિમ્ન લિખિત પદ્ય નોંધી વિરમું છું:-

"दशावतारो वः पायात् कमनीयाङ्गद्युतिः।
कि श्रीपो नहि किं दीपो नहि वामाङ्गजो जिनः॥"[2]
ગોપીપુરા, સુરત, તા. ૨૧-૫-૪૦

---

૧. પ્રતિમામાં છિદ્ર હોય ત્યાં સુવર્ણ વગેરે ભરાય છે.

૨. દશ અવતારવાળા અને મનોહર અંગની જેવી કાંતિવાળા (મહાનુભાવ) તમારું રક્ષણ કરો. (દશ અવતાર કહ્યા એટલે પધિકાર પૂછે છે.) શું લક્ષ્મીના પતિ વિષ્ણુ છે ? (ઉત્તર) નહિ. (બીજો પ્રશ્ન 'દશ'ને બદલે 'વાટ' રૂપ 'દશા'ને અનુલક્ષીને પૂછે છે:) શું એ દીવો છે ? (ઉત્તર:) નહિ. એ તો વામા (દેવી) ના નંદન તીર્થંકર **(પાર્શ્વનાથ)** છે.

આત્મ સંવેદના

-અ.સૌ. અનિતા આર. પટણી - માલેગાંવ.

* મનુષ્યનું જીવન અલ્પ હોય છે. છતાં પણ થોડા સમયમાં પણ પોતાની સુવાસ, રંગ૫રાગ, સુકુમાલ સૌંદર્ય પાથરી જાય છે. અને સૌને પ્રિય-મોહક બની જાય છે.

તેમ હે આત્મન્ ! તું પણ જો તપ-ત્યાગ -સંયમનો અનુરાગી બનીશ, જીવનને કરૂણામય - દયાર્દ્ર બનાવીશ, પરોપકાર, સરલતા, નિખાલસતાથી અલંકૃત કરીશ તો તું પણ અમર બની જઈશ.

* હૃદયની તૃષ્ણા અસીમિત છે. તેનો આપણને સૌને અનુભવ છે. અસંતોષી-લોભી-તૃષ્ણાલુ તેનું હૃદય ત્રણે લોકના સામ્રાજ્યથી પણ ભરાતું નથી. જ્યારે સંતોષ નામનો ગુણ પેદા થાય તો તરત જ તે ભરાઈ જાય છે. માટે કહેવાય કે- 'સંતોષી સદા સુખી અને અસંતોષી સદા દુઃખી.' આજે આપણે ધર્મમાં સંતોષી છીએ અને સંસારમાં અસંતોષી છીએ પછી આપણને ક્યાં સુખ-શાંતિ-સમાધિનો અનુભવ શેં થાય ?

* પુરૂષાર્થ અને પ્રારબ્ધ નામના આ બે હલેસાની જો સાચી પ્રાપ્તિ થાય તો આપણી જીવન નૌકાને આ સંસાર સાગરનો મુક્તિનો કિનારો અપ્રાપ્ય નથી. પણ આજે આપણે સંસારમાં પુરૂષાર્થને પ્રધાન માનીએ અને ધર્મમાં પ્રારબ્ધને આગળ કરીએ તો આપણી જીવન નાવ અથડાયા કરે તેમાં વાંક કોનો ?

* દાન એ મમત્વ ભાવના નાશ માટે છે. પણ એ જ દાનમાં જો વ્યાપારી બુદ્ધિ ભળે, સોદારૂપે કરાય તો દૂધમાં તેજાબ ભળે તો જે હાલત દૂધની થાય તે જ દાનની થાય. નિષ્કામ ભાવનું દાન તે જ સાચું દાન છે. સકામ દાનની અનંતજ્ઞાનીઓને મન કૂટી કોડીની કિંમત નથી.

* દર્પણના બે સ્વરૂપ નજરે ચઢે છે. જવાળા રૂપે અને જ્યોતિ રૂપે. તેમ આપણા વિચારના પણ બે પાસા છે. વિધેયાત્મક અને નિષેધાત્મક. નિષેધમાં ઈર્ષ્યા- વહેમ-અહેમ્‌ભાઈ-સ્વાર્થ મુખ્ય ભાગ ભજવે છે, વિધેયમાં પ્રેરણા ઈર્ષ્યાદિની જવાલા અંતઃસત્ત્વને બાળી નાખે છે. જ્યારે પ્રેરણાની જ્યોતિનો પ્રકાશ તિમિરમાં પણ તેજ પાથરે છે.

એક રાજાએ પોતાની સભાના લોકોની પરીક્ષા કરવા, બોર્ડ પર ચોકથી એક લીટી દોરી. અને પછી કહ્યું કે આ લીટીને અડ્યા, ભૂંસ્યા વિના નાની કરો. સૌ વિચારમાન બન્યા. કારણ આપણું મન મોટે ભાગે વિસર્જનને ઈચ્છે છે, સર્જનને નહિ. બધા જ ચૂપ સભામાં નિરવ શાંતિ પથરાઈ. મંત્રી હોંશિયાર હતો અને ઊભો થઈ તે લીટીની બાજુમાં બહુ જ શાંતિ-સહજતાથી એક બીજી મોટી લીટી દોરી જેથી રાજાની શરતનું અક્ષરશઃ પાલન થયું. સૌ સ્તબ્ધ બની જાય, રાજા પ્રસન્ન થયો. માટે જ્ઞાનિઓ કહે છે કે, સફળતા બીજાનું વિસર્જન કરવામાં નથી પણ પોતાનું સર્જન કરવામાં છે. માટે હે આત્મન્ ! તું ઈર્ષ્યાદિ જવાલાથી તારા સ્વરૂપને બાળી ના નાખ પણ પ્રેરણાથી જ્યોતિ બની અનેકને માટે પ્રેરક પ્રકાશક બન. કદાચ પ્રેરક ન બની શકે તો કાંઈ નહિ પણ નાશક તો ન જ બનતો.

* મારી રૂમના એક ખૂણામાં સુગંધીદાર અગરબત્તી બળતી અને પોતાની સુગંધથી વાતાવરણને આલ્હાદ, સૌંદર્ય, પ્રસન્ન બનાવતી. એક ગોખલામાં મીણબત્તી જલતી હોને પોતાના પ્રકાશથી તે પણ વાતાવરણને સુવર્ણ રંગી બનાવતી. તે જોતાં મને વિચાર આવ્યો કે આ બન્ને વસ્તુ બળી રહી છે એને આપણા આત્માને મૂક સંદેશ આપે છે કે મારી જેવા સુગંધી અને પ્રકાશિત બનશો તો ઘર-બાર, કુટું બ-પરિવારનું વાતાવરણ સંપની સૌમ્ય સુગંધથી ખીલી ઊઠશે, પ્રસન્નતાની મહેક ચોમેર ફેલાશે.

અચાનક નજીવી બાબતમાં બન્ને વચ્ચે વાદ-વિવાદ થયો ઝઘડો થયો. જીવનનું પણ આવું છે, સંસાર પણ આવો છે. તેથી રોફમાં -ગુસ્સામાં આવેલી મીણબત્તીએ અગરબત્તીને કહ્યું કે- ''તારા શરીર સામે તો જો સાવ દુર્બલ અને પાતલી છે. તારૂં રૂપ એવું છે કે કોઈ સામે પણ ન જૂએ.'' તો પણ અગરબત્તી મૌન જ રહી. તેથી વધુ અકળાયેલી મીણબત્તીએ જોરથી ડંફાસ મારતા કહ્યું કે- ''કેમ કહ્યું સાં ભળતી નથી ? મારા પ્રશ્નનો જવાબ આપ. પણ આવડતું હોય તો જવાબ આપેને ?'' આવો તિરસ્કાર થવા છતાં પણ તે અગરબત્તીએ મૌન જ રાખ્યું.

મને સંવેદના જાગી કે- મૌનનો કેવો અચિંત્ય મહિમા-પ્રભાવ છે. એક ગમે તેટલું ગરમ, જેમ તેમ બોલે તો પણ મૌનના માધ્યમે સંઘર્ષોના તોફાનના દરિયાને પાર પામી જાય છે. માયા-ખોટાના જવાબમાં આપણે જીવનમાં તોફાનોને ઉભા કરીએ છીએ. તેથી બડાઈ મારતી મીણબત્તીએ કહ્યું કે- "મારી સામે તો જો. મારા પ્રકાશથી આ ઓરડો પણ કેવો ઝોહામણો શોભી રહ્યો છે." ફુગ્ગો બહુ ફુલાવાય તો ફાટી જાય તેમ પવનની એક જ થપાટે મીણબત્તીને બૂઝવી નાખી. અને અગરબત્તીની સુગંધ પવન દૂર-દૂર લઈ ગયો. તો પણ અગરબત્તી સંતોષની સુરભિ સાથે મરક મરક હસી રહી હતી. 'જલનેવાલેંકો જલને દો, તેરા જો કામ વોહી કર તો જગત તેરા નામ લેગા'. અગરબત્તી પાસેથી હું સંતોષનું સ્મિત, મૌનની મહત્તા અને સહનશીલતાનો નવો પાઠ ભણી.

* ગુલાબના ફૂલોને ગરમ પાણીમાં ઉકાળી અત્તર બનાવાઈ રહ્યું હતું. તે જોઈ મારું હૈયું કરૂણાર્દ્ર બન્યું અને પોકારી ઊઠ્યું કે- "હે ગુલાબો ! તારી પાંખડીમાં નયનરમ્ય મનોહર આકર્ષક રંગો છે, મૃદુમારતા છે, સૌંદર્યની સુરભિ છે. પરાગમાં મનને ભરી દે તેવો ચમકાટ છે. સૃષ્ટિના સહજ નિર્મળ સ્મિત તણા ગુલાબો ! તમારી આ દશા." ત્યારે વેદનામાં પણ પ્રસન્નતાનો ચમકાટ પથરાવતા ગુલાબે કહ્યું કે- "બેની ! અમારી નહિ અમારા જેવા સૌ સુવાસિતોની આ જ હાલત છે. જે સ્વયં ખીલે છે, ઉપર આવે છે, પ્રગતિ સાધે છે, આગળ વધે છે. સુવાસની મહેકનું મધુર સ્મિત વેરે છે, તેને ઈર્ષ્યાલુ અને વહેમીલા જોઈ શકતા નથી. પીડિત ગરીબને જોઈ કહાય દયા આવતી પણ સહજ સ્મિતથી ઉદ્ધત પામતા અને સૌને ખીલવતાને બધા અધિકારના બળે ઈર્ષ્યા - વહેમથી કચડી નાખે છે. પણ તે ભૂંસી જાય છે કે; અમને ઉકાળવાથી અમે મરતા નથી પણ અત્તરની સુવાસ રૂપે જીવીએ છીએ. પહેલા ફૂલ હતા હવે સુવાસ". તેનો આ જવાબ સાંભળતા મને પણ આત્મ કલ્યાણની સાચી દિશા સાંપડી. જીવનને ગુણોની સૌરભથી સુમધુર બનાવો. તમારા બલિદાનની પણ સૌ મુક્ત મને પ્રશંસા કરશે.

* એકવાર હું શ્રી જિનમંદિરની સુંદરતા-ભવ્યતા-ઉત્તુંગતા-મનોહરતાનો વિચાર કરતી પગથિયા ચઢી રહી હતી. તે વખતે એક અજીબનું દશ્ય જોઈ હું હેબતાઈ ગઈ. એક ચિંતક અને પગથિયા વચ્ચે એક સુંદર સંવાદ ચાલુ હતો. મને લાગ્યું કે પત્થર પણ ગીત ગાતું હશે, પોતાની કરૂણ કથની કહેતું હશે. પગથિયું ધ્રુસકે ને ધ્રુસકે રડતું હતું કે ને પોતાની આપવીતી કહેતું હતું કે- "હે ભાઈ ! આ મંદિરની પ્રતિમાને સૌ પૂજે છે અને મને ઠેબે ચઢાવે છે. હડસેલે છે. એક જ ખાણમાં અમે બન્ને ઉત્પન્ન થયેલા એટલું જ નહિ પણ એક જ શીલાના અમે બે ભાગ છીએ. તેને સૌ ફૂલોથી - અલંકારોથી પૂજે છે, શણગારે છે અને મારા પર ગંદા- ગોબરા પગ મૂકે છે. પછી મને રડવું ન આવે તો શું થાય ! મારું સહન શમતું નથી." ત્યારે તે ચિંતકે પગથિયાને આશ્વાસન આપતાં કહ્યું કે -" ભાઈ ! તારી વાત સાચી છે. પણ જ્યારે બારીક કારિગરનો પ્રસંગ આવ્યો ત્યારે તું બટકી ગયો અને પેલાએ ટાંકણા સહી સહીને પોતાનું સૌંદર્ય પ્રગટાવ્યું ! જે જીવનમાં સહન કરે, સુવર્ણની જેમ અગ્નિમાં તપી, બધી કસોટીમાંથી પાર પામે છે તે પ્રભુ બની પૂજાય છે, જે સહન કરતો નથી તે પગથિયા નો પત્થર બની પછડાય છે. માટે ભદ્રે ! તારે રડવું હોય તો જગતના અન્યાય સામે નહિ પણ તારી અપાત્રતા - અયોગ્યતા - નાલાયકાત સામે રડ. જો તું પણ પાત્રતા - યોગ્યતા - લાયકાત કેળવીશ તો તારા પણ પણ લોકો પ્રેમના પુષ્પોની વૃષ્ટિ વરસાવશે."

આ સાંભળી મને પણ જીવનમાં સુખ-શાંતિ સમાધિની અણધ્યિં તવી નવી જ દિશા મળી ગઈ કે આપણી યોગ્યતા પ્રગટ કરવા પ્રયત્ન કરવો પણ કોઈની તરફ ફરિયાદ કરવી નહિ.

* એકવાર મેં મારા લાડલા બાળક માટે સુંદર મુકોમલ પથારી સજાવી તેને સૂવડાવ્યો. થોડીવાર તે સૂઈ ગયો અને એકદમ ઊઠી મારી ગોદમાં - મારા ખોળામાં જે વી મજેથી ઘસઘસાટ સૂઈ ગયો. તેનું કારણ નહિ સમજાતા મેં મારા પૂ. ભાઈ મહારાજને પૂછ્યું તો તેમણે કહ્યું -" બેની બાળકને ગાદીમાં સગવડ હશે પણ ગોદમાં પૂર્ણ સલામતીનો વિશ્વાસ હતો. કે માતાની ગોદ એ જ સલામતીનું સ્થાન છે. ભદ્રે ! આવો જ સમર્પણભાવ જો આપણે પ્રભુના પ્રત્યે કેળવીએ તો આપણો બેડો પાર થાય ! બાળક પણ સગવડ કરતાં સલામતીને સમજે છે તો પછી દેવાધિ દેવ, ત્રણે લોકના નાથ, સાચી માતા એવા જિનેશ્વર દેવના ચરણનું સાચ સમર્પણ વિશ્વાસથી શરણું લઈએ તો ભવસાગર તરી જઈ શું." આ જવાબથી મને નવો પ્રકાશ મળ્યો. પ્રસન્ન થઈ ગઈ.

* આગ્રહ - અપેક્ષા - અધિકાર - આવેશ - અહંકાર એ સંઘર્ષનાં બીજ છે. હૈયામાં ભૂલે ચૂકે ય તેનું વાવેતર ન થઈ જાય તેનું ધ્યાન રાખજો. આ દૂષણો જીવનને - સંસારને તો ખાડો ગંદકી જેવો બનાવનાર છે પણ ધર્મને પણ બગાડનાર છે. કોઈ સાચું ન માને તો આપણા પુણ્યની ખામી માનજે અને વિચારજે કે - હું પણ બધાનું ન માનું તો બધાએ મારું માનવું તેવો આગ્રહ શા માટે રાખવો ! તો જીવનનૈયા સંસાર સાગરને પાર પમાડશે બાકી ક્યારે જીવનમાં ક્યું તોફાન, ક્યો ઝંઝાવાત ઊભો થશે કે જીવન નાવને ઉથલી પાડશે કે ડૂબાવી દેશે. માટે આત્મન્ ! તું સાવધ રહે જે.

* મમતા મારનારી છે, સમતા તારનારી છે. મમતા એ આપત્તિને આપનારી છે, સમતા એ સમાધિને સાધાવનારી છે. મમતા એ વિપત્તિનું કારણ છે તો સમતા એ સંપત્તિનું. માટે તું મોહ - માર - મમતાથી મુક્ત થવા પ્રયત્ન કરજે અને સમતા - સમાધિને ખીલવવા પ્રયત્ન કરજે. રોજ વિચારજે કે મારા રાગાદિમાં મંદતા આવી, કષાયો ઓછા થયા, વિષયની વાસનાનો વળગાડ વધ્યો કે ઘટ્યો ? જો મારા દુર્ગુણો ને દોષોની બદી ઘટી નથી તો સમતા - સમાધિ કઈ રીતે મારા હૈયામાં પ્રવેશે ?

* હે આત્મન્ ! તું રોજ વિચારજે કે આ તારું ગૃહસ્થપણું એ ભોગનો અખાડો છે કે ત્યાગનું સૈદ્ધિવ ખીલવું નંદનવન છે ? ભોગ તને ભોગવે છે કે તારે ભોગ કરવો અનિચ્છાએ રોગની જેમ ભોગવવા પડે છે ? ત્યાગ તને આત્મસાત્ બન્યો છે કે હજી ત્યાગ ગમાડવા પ્રયત્ન કરવો છે ? વાત્સલ્ય - વિવેક - વિરાગની વીણાનું વાદન ચાલુ છે કે રાગ અને અવિવેકનું વાજિંત્ર વાગે છે ? તારા શ્વાસોશ્વાસ - નાડીના ધબકારા - હૃદયનું સ્પંદન તેમાંથી રાગનો નાદ નીકળે છે કે વિરાગના વસંતી વાયરાનું સંગીત ગુંજે છે ? તું જ દર્દી અને તું જ ડોકટર છે. આત્મનિરીક્ષણ કર તો બધી જડીબુટ્ટી. ■

મનન મોતી

- સંકલિકા : અ. સૌ. અનિતા આર. પટણી - માલેગાંવ

* ભક્તિ ભગવાનની કરવી અને ભગવાને જે મેળવવાનું કહ્યું તે જોઈતું નથી અને જેનો ત્યાગ કર્યો તે જોઈએ તો તે ભગવાનને ઠગ્યા જ કહેવાયને ?
* જાતિ - કુલના સંસ્કાર પણ આત્માને જાગતા રાખનાર છે. કદાચ હૈયામાં ખોટો વિચાર આવે તો પણ તેના મારાથી ન જ થાય તેવો ડંખ તો રહ્યા જ કરે.
* સાચો વિરાગગુણ પામ્યા વિના મોક્ષમાર્ગ ઉપર રૂચિ થાય નહિ. સાચો વિરાગ પામવા સંસારના સુખ માત્ર પર હૈયાથી ભારોભાર દ્વેષ - નફરત થવી જરૂરી છે. આ એક એવો કોયડો છે જે ઉકેલ્યા વિના છૂટકો નથી.
* હોંશિયારી - કુશલતા - આવડત તે ગુનો નથી પણ તેનો દુરૂપયોગ કરવો તે ગુનો છે.
* સાચો આત્મ પ્રેમ એટલે આત્માનું હિત થાય તેમ જીવવું પણ આત્માનું અહિત થાય તેમ ન જીવવું.
* જે કાળમાં નીતિ ચોધાર આંસુએ રડે, નીતિને દેશવટો હોય અને અનીતિ મજેથી મહાલે, સોળે શણગાર સજી ફરે તે કાળને બુદ્ધિયુગ કહેવાય કે દુર્બુદ્ધિ યુગ ?
* સદ્બુદ્ધિ દુનિયાના સુખને ખરાબ મનાવે, દુઃખને સારું મનાવે અને પાપનો પડછાયો પણ ન લેવા દે.
* આ સંસારનું પુણ્યથી મળતું પણ સુખ સારું ન લાગે, પાપથી આવતું દુઃખ વેઠવા જેવું લાગે, સંસારમાંથી મન ઉઠે અને મોક્ષમાં જ મન લાગે તે ડાહ્યો !
* આજે મોટા ભાગની પાસે પુણ્ય છે પણ સારા સંસ્કાર નથી.
* આત્માને મારે - આત્માની કતલ કરે તેનું નામ પ્રમાદ !
* અનુકૂળ વિષયો ગમે ખૂબ મજા આવે પ્રતિકૂળ વિષયો ન ગમે, મનગમતામાં મહાલે અણગમતામાં રોવે તેનું નામ વિકાર !
* લોકોને ગમે તેવું બોલે તેનું નામ 'વાયડો'. જ્યાં જે જરૂરી હોય હિતકારી હોય તે બોલે તેનું નામ 'વક્તા' ! ■

અભુજી દરબાર અને એમનાં ઘરવાળાં પણ ખુદાની બંદગી કરતાં હતાં

બદલો ભલાબૂરાનો અહીંનો અહીં મળે છે

— નટુભાઈ ઠક્કર

બદલો ભલાબૂરાનો

અહીંનો અહીં મળે છે.

આવે છે જિંદગીમાં એવાયે દહાડા હાથે કરીને માણસ મારે પગ ઉપર કુહાડા.

સૌકતઅલી જમાદારના અત્યારે આકરા દિવસો હતા. સાવ શૂન્ય મનસ્કે અડધા અંગની ભાંગી પડેલો એ જૂનાગઢનો જમાદાર આકાશ તરફ બિસ્તેજ આંખો રાખી ખુદા તાલાને બંદગી કરી રહ્યો હતો, પણ ખુદા તાલા કોઇ રીતે એની બંદગીને ધ્યાનમાં લેતા નહોતા. ઘણી લાંબી વાટ જોવડાવ્યા પછી ખુદાએ આપેલો એકનો એક દીકરો હવાલદારના ખભે કાયમ માટે આંખ મીંચી ગયો હતો. હવાલદાર સૌકતઅલીને કરગરતો રહ્યો કે, ભાઇને મેં ઉપાડયો ને જનાજાને ખભે માથું મૂક્યું હતું, પણ પછી ભાઇ તો ખભેથી જાગ્યા જ નહીં... ને કાયમને માટે આંખ મીંચી દીધી.

અભુજી દરબારને ફાંસીની સજાની જાહેરાત પછીની પહેલી ઘટનાએ એમને ભાંગી નાંખ્યા હતા... ને પછીના એક જ મહિનામાં તો એમના ઉપર પેરેલિસીસનો હુમલો થયો ને અડધું અંગ રહી જ ગયું. બધેક ઉપાયો એમણે કર્યા હતા, પણ કુદરતે કોઇ વારી આપી નહોતી.

સૌકતઅલી જમાદાર.

અહમનો ભરેલો. મગજમાં તોરી લઇને ફરનારો. તક આવે તરકટ કાં મોંઘા બને એવી રામલીલાઓ ભજવતાં એને આવડે. બનાવટો કરતાં આવડે. સાચને જૂઠ કરતાં ને જૂઠને સાચ કરતાં આવડે. અભુજી સામે એને એક વાની અમથી ગરબડ થઇ ગયેલી. ખેતરમાં ભાગ આપવાના પ્રશ્ને અભુજી સામે બે બાથડી પડેલો ને અભુજીને એણે બરાબરનું સણસણાવી દીધેલું કે, અભુજી હું તને જોઇ લઇશ. મારા પિતરાઇ ભાઇ સાચેના ખેતીના ભાગમાં તું કાંકરો કરે છે એ ચાલશે નહીં. તને ખબર છે હું જૂનાગઢના નવાબનો ખાસ માણસ છું. તું યાદ રાખ કે, તને રોળી નાંખીશ તો ખબર નહીં પડે કે, તું કયાં ખોવાયો ? તારાં મૂળિયાં પણ કોઇને જડશે નહીં ને હતો ના હતો થઇ જતાં પલકવારે નહીં લાગે.

સૌકતઅલી જમાદારની આ તોરી.

અભુજી પણ રજપૂતનું લોહી.

રજપૂતાઇને જાણે આહ્વાહન મળતું હોય એમ એ પણ મિજાજમાંને મિજાજમાં બોલી ઊઠયા– "તારાથ થાય એ કરી લેજે જા... મારી હાહરીના... એ ના ભૂલતો કે હું પણ રજપૂતનું લોહી છું.

સામ–સામી તોરી આવી ગઇ.

થોડાક માણસોએ વચ્ચે પડીને ખેતભાગનો ઝઘડો તો પતાવ્યો, પણ સૌકતઅલીએ આ વાતને ધ્યાનમાં રાખીને મનમાં ગાંઠ વાળી– જૂનાગઢના નવાબને હાથે તને ફાંસીને માંચડે લટકાવું તો મારું નામ સૌકત નહીં.

વેરનાં કુંડાળાં બાઝયાં.

કુંડાળાં ઉપર કુંડાળાં.

એક ખાન બચ્ચો રજપૂતને બતાવી દેવાના મૂડમાં આવી ગયો ને એને બિમિત્તપણું મળી ગયું. અભુજીના ઘરાળ બહાર થોડાંક કાવતરાં કરીને એણે કારહો રચ્યો. બાગજી રબારીનું ખૂન થયેલું ને એના ખૂનીને પકડવાની પોલીસ ખાતાની કસરિયામ નિષ્ફળતા પછી એ ખૂનનો ભેદ ઉકેલવાની જવાબદારી સૌકતઅલી જેવા સિનિયર જમાદારને માથે આવેલી. જૂનાગઢના નવાબને પણ સૌકતઅલીની રીતરસમોની ખબર કે સામ, દામ, દંડ, ભેદ ગમે તે નીતિ અપનાવીને સૌકતઅલી ગુનેગારને શોધી લાવશે અને રાજને માથે ગુનેગારને નહીં શોધી શકવાનું કલંક ધોવાઇ જશે. આખો રબારી સમાજ રાજી થશે ને પોતે નવાબ તરીકે મોટી ધરમાર્યાનો એમને સંતોષ થશે.

બાગજી રબારીનું ખૂન.

ખૂનનો વણઉકલ્યો રહેલો કોયડો.

સૌકતઅલી જમાદાર વૈરવૃત્તિવાળો માણસ.

અભુજી સાથે તકરાર ઊભી થઇ ત્યારે બેઉ જે કડવાશની સામે બાથડી પડેલા અને જોઇ લેજે પછી તું મારી પાસે કરગરતો આવે છે કે નહીં... બસ આ રોષ પોતાના મનમાં હતો જે એણે એક કારહો રચ્યો.

અભુજી દરબારનું ગામ પછવાડે ઘર.

ઘરની પાછળ વાડો.

નાગજી રબારીનાં લૂગડાં બગાડેલી ગોઠવણ પ્રમાણે અભુજી દરબારના વાડામાંથી લોહીવાળાં મળી આવ્યાં બે એ વાડામાં સંતાડેલો એક લોહીના ડાઘાવાળો છરો પણ પોલીસોએ શોધી કાઢ્યો. બસ, પછી તો પતી ગઇ વાત. સૌકતઅલી સાથે આવેલી આખી પોલીસની ફોજ અભુજી ઉપર ફરી વળી. ત્રીજા નેત્રની પ્રસાદી બતાવ્યા સિવાય મારો ભેટો નહીં માને એવી ઝૂમો સાથે અભુજીની રજપૂતાણીની હાજરીમાં પોલીસના માણસોએ સૌકતઅલીની સૂચનાઓ પ્રમાણે અભુજીની ધોલાઇ કરી અને અભુજીના હાથમાં બેડીઓ પહેરાવી– ''નાગજીના ખૂનના ગુનેગારને ૦ વાગ્યાની કોર્ટમાં હાજર કરવાનું બકડી થયું.''

અભુજી કરગરતા રહ્યા.

હું નિર્દોષ છું. નાગજીનું ખુન હું શું કામ કરું ? નાગજીને અને મારે કોઇ દુશ્મની નહોતી. કોઇ ઝઘડો નહોતો. નહીં તો હું એને પૂરો ૦ાળખતો. જમદાર સાહેબ મને માફ કરી દો. આમ કીડી ઉપર કુંજરનો ઘા ના કરો– હું નિર્દોષ છું. મને આવા કુંદામાં ફસાવો નહીં

તું ખ ને કુંદો કહે છે. એક તો ચોરી ને ઉપરથી શિનાજોરી. ખૂની થઇને પાછી શાહુકારી કરે છે. તે દિવસે તો કેવો ફિશિયારીઓ મારતો'તો ને હવે મારી આગળ માફી માંગવાની વાત કરે છે, પણ હવે જ તારી ાત છે.. એમ બોલીને એ જમાદારે અભુજીને એક અડબોત મારી. અભુજી હાથમાંની કડી સાથે બે ગડથોલિયાં ખાઇ ગયા ને ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા– હે પ્રભુ, હે મારી મા... મા ચેહર... તમે આ આરોપમાંથી છોડાવજે...

અભુજી કરગરતા રહ્યા.

સૌકતઅલી જમાદાર અક્કડ બે અક્કડ બનતા રહ્યા. જેણે–જેણે આ વાત સાંભળી એ બધા અચંબામાં પડી ગયા. જૂનાગઢમાં ાં પ્રકારની વાતો ચાલી. આખરે નાગજી રબારીના ખૂનનો ભેદ ઉકલ્યો ખરો પણ એને માટે જમાદાર સૌકતઅલીને ઇનામો જાહેર થયાં તો બીજી બાજુ અભુજી જેવો નેકદિલ સાધુકલો ને પ્રામાણિક માનવી રાજનો ગુનેગાર જાહેર થાય ને નાગજી રબારીના ખૂનના આરોપી તરીકે એ જાહેર થાય એ વાત ઘણાને ગળે ઊતરતી નહોતી. અભુજીના તરફના પ્રેમવાળાઓ કામે લાગી ગયા ને આખા મુકદ્દમામાં રસ લેતા થયા.

એક બાજુ અભુજી દરબાર.

બીજી બાજુ સૌકતઅલી જમાદાર.

સત્ય રાને ન્યાયની તપાસની વાત.

બુદ્ધિમાન માણસો જુદા–જુદા મુદ્દા શોધી લાવ્યા. અભુજીના વાડામાંથી મળેલાં કપડાં નાગજી રબારીનાં જ છે કે બીજા કોઇના. એ લૂગડાંમાં દેખાતું લોહી કોનું ? છરો કોનો ? એ છરો વાડામાં લાવ્યું કોણ ? કોણે સંતાડ્યો ? સૌકતઅલીને ક્યાંથી ખબર કે એ લોહીવાળાં લૂગડાં અને છરો અભુજી દરબારના વાડામાં કયાંથી આવ્યાં ? એ સંતાડેલાં કેમ મળ્યાં ? એ સંતાડ્યાં કોણે ?

અનેક અનેક પ્રશ્નો હતા.

તપાસ માંગતા અનેક પ્રશ્નો !

ઉકેલ માંગતા અનેક પ્રશ્નો.

સંશોધન માંગતા પ્રશ્નો !

લોહી કોનું ? એની લેબોરેટરી તપાસ કરાવવામાં આવી તો એનો વૈજ્ઞાનિક રિપોર્ટ એવો આવ્યો કે એ લોહી માણસ જાતનું છે જ નહીં. સસલાના લોહીને મળતું એ લોહી આવે છે એટલે આ લોહી તરબતાં કપડાં ઉપરનું લોહી નાગજી રબારી કે કોઇ માણસ જાતનું છે જ નહીં... આ એક બાજુ પરથી કેસમાં ઊંડા ઊતરવાની તૈયારીવાળા માણસોનો સમૂહ વધતો ગયો. દરેક–દરેક માણસ સૌકતઅલી જમાદારની કાર્યવાહી બાજતે શંકાની અણીએ જોતાં થયા બે આ આખી બાજતમાં કંઇક બનાવટ હોવાની ગંધ ઊભી થઇ. પછી તો છરો પણ શંકાસ્પદ દેખાયો અને અભુજીના ખેતરમાંનો ખાડો, ત્યાંથી મળેલાં કપડાં, છરો વગેરે તપાસની બેરણ પણ બહુ લાંબા ટકી શકયાં નહીં, પણ રાજનું શું ? આવડા મોટા રાજમાં નાગજી રબારીનો ખૂનનો ગુનેગાર પકડાય નહીં એ તો ચાલે કેવી રીતે ? આખા ખૂની ખટલાના અકબંધ અંશો સૌકતઅલીએ મેળવી આપ્યા ત્યાં એ બધી બનાવટો પુરવાર થાય એ તો રાજની આબરૂનું લીલામ જ થાય બે. ત્યાં પણ બનાવટો થવાની દહેશત લોકોનાં મનમાં જન્મી બે લોકોએ કેસને ટ્રાન્સફર કરવાની માંગણી મૂકી.

કેસ ટ્રાન્સફર થવાની મંજૂરી મળી.

પણ એ કેસ ચાલુ થાય ત્યાં તો સૌકતઅલી જમાદારનો એકનો એક દીકરો હવાલદારના ખભા ઉપર કાયમને માટે ઢળી ગયો બે એ આઘાતજનક ઘટના પછીના જ મહિનામાં સૌકતઅલી જમાદારને પક્ષઘાતનો હુમલો થયો. અડધું અંગ ચાલી ગયું. આંખો નિસ્તેજ બની. જીભમાં બોલવામાં લવો વળવા માંડયો. ખાટલામાં પડયા–પડયા એ ખુદા તાલાને બંદગી કરતા હતા.

આસપાસના લોકો.

મૌકતખલીની ખબર કાઢવા આવતા હતા... ને એમની વાત ઝીલાય કે ના ઝીલાય તો પણ મૌકતખલીને રાહ ચીંધતા હતા - ''નિર્દોષ ઉપર ખૂનનો આરોપ' મૂકવામાં તમે કંઇ બનાવટનો આશરો તો નથી લીધો ને ? બધાને ગંધ આવે છે કે બે સાથીનો નહીં હોય ને ? લોકો મૌકતખલી આગળ આવીને બોલતા હતા - ''બદલો ભલાનુરાનો અહીંનો અહીં મળે છે !'' ને સહેજ

આજ સાંભળતા મૌકતખલીની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી. બાજુજી દરબાર બને બેમનાં ઘરવાળાં પણ બાજુની ખબર કાઢવા આવ્યાં હતાં ને બે હાથ જોડીને બે પણ ખુદાતાલાને બંદગી કરતાં હતાં. ■ સૌજન્ય : સંદેશ

''પાપ છાનું રહેતું નથી.''

રાજનગર (વાસણા) થી સિધ્ધગિરિનો છ'રી પાલિત સંઘ

તપસ્વી સમ્રાટ પ. પૂ. આ. હિમાંશુ સૂરીશ્વરજી મ. સા. ની પાવનનિશ્રામાં પોષ વદ ૬ ના શુભ દિવસે રાજનગર (વાસણા)થી સિદ્ધગિરિનો આયંબિલના તપસ્વીઓનો છ'રી પાલિત સંઘ નીકળ્યો. જૈનશાસનના ઇતિહાસમાં છેલ્લા સેંકડો વર્ષોમાં આવો આયંબિલનો સંઘ નીકળ્યો હોય તેવો કોઇ ઉલ્લેખ જોવા મળતો નથી. ૨૦ દિવસના આ સંઘમાં ૧૧૦ આરાધકો જોડાયેલ હતા. જ્યારે અન્ય કેટલાક મહાનુભાવો આવા વિશિષ્ટ સંઘનું આસ્વાદન કરવા વચ્ચે વચ્ચે જોડાતા હતા. સંઘના મુખ્ય સંઘપતિ સુશ્રાવક પ્રકાશભાઇ વસાએ ૨૦ દિવસ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરેલ હતી. બાકી ૧૦ ઉપવાસ, અક્કાઇ, પાંચ ઉપવાસ, છઠ્ઠ આદિ અનેક આરાધનાઓ થવા પામેલ હતી.

મહાસુદ ૧૦ ના મંગલપ્રભાતે આ ઐતિહાસિક સંઘનો મંગલ પ્રવેશ સિદ્ધગિરિનો પાવનભૂમિમાં થયેલ હતો. ચતુર્વિધ સંઘની વિશાળ મેદની વચ્ચે સંઘપતિઓની શ્રીસંઘમાળ ''જયતળેટી'' ના પ્રાંગણમાં કરવામાં આવેલી હતી. ત્યારબાદ પૂજ્યશ્રીએ સિદ્ધગિરિની યાત્રા કરી (ખુરશીમાં) યુગાદિદેવ આદિનાથ પરમાત્માના દર્શનાદિ ભક્તિ કરેલ હતી.

સિદ્ધગિરિમાં પ્રવેશ પૂર્વેના પાંચમા દિવસે મૂળઘરાઇ ગામ સમીપ પૂજ્યશ્રીને ડાબાપગમાં એકદમ અસ્વસ્થતા જણાવા લાગી હતી. અને નિત્ય ૧૧ કી. મી. પગપાળા વિહાર કરનારા મહાત્માને વિહાર કરવામાં ખુબ જ તકલીફ પડવા લાગી હતી. પાંચ-પાંચ ડગલાં ચાલીને બેસવું પડતું હતું. સંધ્યા નજીકનજીક આવી રહી હતી. પૂજ્યશ્રીને આયંબિલ બાકી હતું. અંતે સંયમજીવનના ૬૮ વર્ષમાં પ્રથમવાર પૂજ્યશ્રીની અનિચ્છાએ તેઓશ્રીને ખુરશીમાં બેસાડી નજીકના મૂલઘરાઇ ગામમાં લઇ ગયા ત્યાં ગોચરી વપરાવી પુનઃ ખુરશીમાં બેસાડી અયોધ્યાપુરમ્ વલ્લભીપુરમાં એકરા-રે લેવડાવ્યો. પરંતુ યોગ્ય મશીની સુવિધાના અભાવમાં અસ્પષ્ટ એક્સ-રે માં ખાસ કોઇ તકલીફ ન હોવાનું ડોક્ટરોએ જણાવ્યું. પરંતુ વેદના અસહ્ય હતી કોઇ સુધારો થતો ન હતો. છેલ્લા ચાર દિવસ ખુરશીમાં બેસાડી લાવ્યા. અત્ર યોગ્ય એકસ-રે પડાવતાં થાપાનો બોલ તૂટી ગયો હોવાનું જણાવતાં ઓપરેશન અનિવાર્ય બની ગયું. પ્રશ્ન આવ્યો સ્થળનો ?. પૂજ્યશ્રીના સ્વજનો અમદાવાદ અપવાદ માર્ગે લઇ જવા ઇચ્છતાં હતાં પૂજ્યશ્રીનો દૃઢ નિશ્ચય હતો કોઇ અપવાદના સેવન શિવાય ઓપરેશન અત્ર થાય તો કરો બાકી મારે જરૂર નથી. અંતે અમો શત્રુંજય હોસ્પીટલમાં અમદાવાદના વતની હાલ અમેરીકા રહી આવેલ ડોક્ટર મહીપાલભાઇ શાહના હાથે ઓપરેશન થયેલ છે. સાથે સાથે અત્રના ડો. રોહીતભાઇ શાહના હાથે પ્રોસ્ટેટનું ઓપરેશન પણ કરવામાં આવેલ છે. ઓપરેશન બાદ અર્ધા કલાકમાં પૂજ્યશ્રી ગાતા મુજબ સૌ સાથે વાતો કરવા લાગ્યા અને ઓપરેશન થયું છે તેવો જાણે અનુભવ જ ન થતો હોય તેવું લાગતું હતું. નિત્ય અખંડ આયંબિલ તપતો ચાલુ જ હતો. પરંતુ અઠવાડિયા બાદ ઓપરેશનને કારણે લેવાયેલી દવા આ તપસ્વીદેહ ખમી શકવા અસમર્થ બનવાથી પૂજ્યશ્રીને મગજ ઉપર વિપરિત અસર થતી જણાતાં ડોક્ટરોએ આ અવસરે પૂજ્યશ્રીને અનુપાન માટે યોગ્ય વિગઇ આદિ વાપરવું આવશ્યક છે તેવું જણાવતાં અખંડ ૧૭૫૧ + (૮૦ દિવસ ૬ વિગઇ ત્યાગ સાથેના એકાસણા) + ૪૬૦૧ આયંબિલ બાદ પૂજ્યશ્રીના સમાધિનો વિચાર અને ડોક્ટરોના સુચનને કારણે ફા. સુ. ૧ ના શનિવારે તેઓશ્રીને વિગઇ વપરાવવા શરૂ કર્યું અને હાલ ઉપચાર દરમ્યાન આયંબિલતપ ન કરતાં ચાલુ ગોચરી વપરાવવાનું નક્કી કર્યું. ફા. સુ. ૩ ના સોમવારે ''પ્રતાપ નિવાસ'' કાચના દેરાસર સામે, તળેટી રોડ, પાલીતાણામાં પુનઃ પ્રવેશ કરેલ છે. હાલ પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય સુધારા ઉપર છે. થોડું થોડું ચાલવાની પ્રેકટીશ ચાલુ છે. મગજ ઉપર થયેલ દવાની વિપરિત અસર મંદ પડતી જાય છે. હાલ બે ત્રણ માસનો અત્ર જ છીએ. અને તેઓશ્રીને ડોળીનો ઉપયોગ કરી વિહાર કરવાની ભાવના ન હોવાથી પ્રાયઃ અત્ર જ ચાતુર્માસ માટે રહેવાનું થવા સંભવ છે.

સમાચાર સાર

પિંડવા ા : અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ચરણગુણ વિ. મ. તથા પૂ. પં. શ્રી રવિરત્ન વિ. મ. આદિની નિશ્રામાં પૂ. સા. શ્રી નિર્મલગુણાશ્રીજી સળંગ ૧૦૮ અઠ્ઠમ પૂર્ણાહુતિ નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ શેઠશ્રી કુંડરમલ ધર્મચંદજી પરિવાર તરફથી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભણાવાયું પૂ. પં. શ્રી રવિરત્ન વિ. મ. નો ચાતુર્માસ પ્રવેશ શિવગંજમાં અષાઢ સૂદ ૨ ના થયો છે.

અમદાવાદ (રંગસાગર) : અત્રે તપસ્વીરત્ન પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરની આઠમી વાર્ષિક સ્વર્ગારોહણ તિથિના અવસરે તેઓશ્રીના સંયમ જીવનની અનુમોદનાર્થે તેઓશ્રીના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. સા., પૂ. મુનિરાજ શ્રી કુલશીલ વિ. મ. તથા પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિ. મ., પૂ. મુ. શ્રી મુકિતધન વિ. મ. આદિની નિશ્રામાં ત્રિદિવસીય જિનભકિત - ગુરૂભકિત મહોત્સવ અતિ ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ - ગુરૂભકત શ્રીમતી નવલબેન વીરચંદ લખમશી દંડ તથા તેઓના સુપુત્રીઓ - હંસાબેન લક્ષ્મીચંદ પરિવાર ચીમનલાલ ઉીરજી પરિવાર તથા હીરાબેન હંસરાજ મોમાયા પરિવાર તરફથી સમગ્ર મહોત્સવનું આયોજન થયેલ. સુરત મુંબઈ, ધુલીયા, જલગાંવ, આદિ વિવિધ સ્થાનોથી તેઓના પરિવારે ત્રણે દિવસ ખુબ જ સુંદર લાભ લીધેલ. જેઠ સૂદ ૧૨ ના સવારે પ્રવચન, વિજય મુહૂર્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઉલ્લાસપૂર્વક ભણવાયેલ. જેઠ સુદ ૧૩ ના સવારે પ્રવચન, કુંભ સ્થાપન - નવગ્રહાદિ પાટલા પૂજન થયેલ આ પ્રસંગે પૂ. આ. શ્રી વિ. નરવાહન સૂ. મ. પધારેલ. જેઠ સુદ ૧૪ મંગળવાર તા. ૫-૬-૨૦૦૧ ના પૂ. ગુરૂંવશ્રીજીની વાર્ષિક તિથિ પ્રસંગે - ભવ્ય ગુણાનુવાદનું આયોજન થયેલ આજના મંગલ દિવસે પૂ. પા. આ. ભ. શ્રી વિ. જયકુંજર સૂરીશ્વરજી મ. સા., તથા પૂ. પા. આ. ભ. શ્રી વિ. હેમભૂષણ સૂરીશ્વરજી મ. સા. આદિ વિશાલ મુનિવૃંદ પધારેલ. શતાધિક શ્રમણીવૃંદની ઉપસ્થિતિ સૌનું ધ્યાન ખેંચતી હતી. સવારે ૯-૦૦ કલાકે પ્રારંભાયેલ ગુણાનુવાદ પ્રવચનમાં - નૌતમભાઈ વકીલ, નરેશભાઈ નવનીતભાઈ, રાજેશભાઈ આદિના વકતવ્ય બાદ પૂ. મુ. શ્રી હર્ષશીલ વિ. મ., પૂ. આ. શ્રી વિ. ગુણશીલ વિ. સૂ. મ. અને પ્રાતેઃ પૂ. આ. શ્રી વિ. હેમભૂષણ સૂરીશ્વરજી મ. સા. એ પ્રેરક મનનીય પ્રવચન ફરમાવેલ વિવિધ ભાગ્યશાળીઓ તરફથી ગુરૂપૂજન તથા ૧૨ રૂા. નું સંઘપૂજન થયેલ. આજના દિવસે સામુદાયિક આયંબિલ શ્રીમતી કંચનબેન હીરાલાલ કાપડીયા ખંભાતવાળા તરફથી થયેલ. તપસ્વીઓએ સારી સંખ્યામાં લાભ લીધેલ વિજય મુહૂર્તે શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન અતિ ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ આ મંગલ પ્રસંગે જામનગર, રાજકોટ, વાંકાનેર, બોરસદ, સુરત, મુંબઈ આદિ અનેક સ્થાનોથી ગુરૂભકતો પધારેલ બહારગામથી પધારેલ તમામ આમંત્રિતજનોની ત્રણે દિવસ સાધર્મિક ભકિત ખૂબજ સુંદર રીતે થયેલ મહોત્સવમાં વિધિવિધાનમાં શ્રી નવિનચંદ્ર બાબુલાલ શાહ (જામનગર) તથા સંજયભાઈ બોરસદવાળા એ તથા પૂજન ભાવના આદિમાં પાલીતાણાના યુવા સંગીતકાર અમીતભાઈએ જિનભકિતની રમઝટ મચાવેલ પૂ. આ. ભ. શ્રી વિ. ગુણશીલ સૂ. મ. નું ચાતુર્માસ જામનગર નિર્ણિત હોવાથી જેઠ સુદ ૧૫ બુધવાર તા. ૬/૬/૨૦૦૧ ના પૂજ્યશ્રીના વિહારનો પ્રારંભ થયેલ સરખેજ તીર્થની ચૈત્ય પરિપાટીનું આયોજન થયેલ. ત્યાં પધારેલ સર્વે સાધર્મિકોની નવકારશી શ્રી બબલદાસ પાનાચંદ પરિવાર પાંચોરવાલા તરફથી થયેલ. પૂજ્યશ્રીજી વિરમગામ, વઢવાણ, થાનગઢ, વાંકાનેર થઈ અષાઢ સુદ ૭ ના જામનગર પહોંચશે. અને અષાઢ સુદ ૧૦ તા. ૩૦/૬/૨૦૦૧, ના ઓશવાલ કોલોનીમાં પૂજ્યશ્રીજીનો ચાતુર્માસ પ્રવેશ થશે.

અમદાવાદ : અત્રે કાળુપુર રોડ જ્ઞાન મંદિરમાં પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા તથા પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય પ્રભસૂરીશ્વરજી આદિનો ચાતુર્માસ આ. સુ. ૧૦ ના ઠાઠથી થયો. અષાઢ સુદ ૧૫ થી અધ્યાત્મ કલ્પવૃદ ગ્રંથ તથા શ્રી ભવભાવના ના પ્રવચનો શરૂ થશે ગ્રંથ પૂ. આ. શ્રી વિજય મુકતિપ્રભસૂરીશ્વરજી મ. તથા ભવભાવના પૂ. મુ. શ્રી અક્ષય વિજયજી મ. વાચશે.

કપડવંજ : અત્રે ભીઠાભાઈ ગુલાબચંદ ઉપાશ્રયમાં પૂ. ભુવનહર્ષ વિ. મ. આદિના ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૬ ના થયો તે નિમિત્તે સામૈયું, પ્રવચન, સંઘપૂજન, પ્રભાવના, સ્વામીવાત્સલય પૂજા વિ. યોજાયા.

ભેંસાવદી : અત્રે પૂ. મુ. શ્રી હેમહંશ વિજયજી મ. નો ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ ૧૧ ધામધૂમથી થયો છે. પૂ.શ્રી ભદ્રાળ, ચંદણ, ખટેટી, ખરાદમ વિ. ગામોમાં પ્રસંગે પ્રતિષ્ઠા ૨૧ ગામોમાં ૧૦૮ અભિષેક વિ. પ્રભાવના કરી છે.

અમદાવાદ - નવરંગપુરા : અત્રે પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા તથા પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ. આદિ પરિવાર ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૨ શનિવાર તા. ૨૩-૬-૨૦૦૧ થયેલ છે. ચાતુર્માસમાં વિવિધ આરાધનાઓની યોજના કરવામાં આવી છે.

વીસનગર : અત્રે પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ શનિવાર તા. ૩૦-૬-૨૦૦૧ ના ઠાઠથી થયો.

ડુઠારીયા (જિ. પાલી) : અત્રે પૂ. આ. શ્રી વિશ્વચંદ્ર સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. સા. શ્રી વલ્લભશ્રીજી મ. ઠાણાનો પ્રવેશ અષાડ સુદ ૫ ના ઠાઠથી થયેલ.

સાબરમતી અમદાવાદ : અત્રે પુખરાજ આરાધના ભવન ખાતે પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ થયો. પૂ. પં. શ્રી ધર્મદાસ વિજયજી મ. ઠાણા નો પ્રવેશ સાબરમતી ડી કેબીન અષાડ સુદ ૯ ના સસ્વાગત થયો.

જમખંડી (જી. બાગલકોટ) કર્ણાટક : અત્રે પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિજયજી મ. ઠા. ૩ નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ ના ઠાઠથી થયો. ભવ્ય પ્રવેશ, સાધર્મિક ભક્તિ તથા બપોરે પૂજા વિ. કાર્યક્રમ સુંદર થયો.

રંગસાગર - અમદાવાદ : અત્રે પૂ. મુ. શ્રી ધ્રુવસેન વિજયજી મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે પાંચ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ. આદિની નિશ્રામાં જેઠ વદ ૧૪ થી અષાડ સુદ ૩+૪ સુધી શાંતિસ્નાત્ર આદિ પૂર્વક ભવ્ય રીતે થયો.

મલાડ - રત્નપૂરીના આંગણે ઉજવાયેલ ૧૦૦ મી ઓળી પૂર્ણાહુતિનો ભવ્ય મહોત્સવ

હાલાર રત્ન સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન તપસ્વી પૂ. મુ. શ્રી નયભદ્ર વિજયજી મ. સા. ની વર્ધમાન તપની ૧૦૦ મી ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહુતિની અનુમોદનાર્થે ગોડવાડના ગૌરવ પૂજ્ય ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ. સા. આદિની શુભ નિશ્રામાં જેઠ સુદ ૯ થી ૧૩ સુધી રત્નપુરી - મલાડના આંગણે ભવ્ય પંચાહ્નિકા મહોત્સવનું આયોજન થયેલ.

- મહોત્સવ દરમ્યાન દરરોજ પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ. સા. ના 'તપધર્મ' વિષય પ્રેરણાદાયી પ્રવચનો થયેલ.

- ચાર દિવસ વિવિધ મહાનુભાવો તરફથી પૂજાઓ અને સુદ ૧૨ ના દિવસે સિદ્ધચક્ર મહાપૂજન ભણવવામાં આવેલ.

- દરરોજ પરમાત્માની ભવ્યાતિભવ્ય અંગરચનાઓ થયેલ પ્રતિક્રમણ બાદ સુંદર પ્રભાવના થયેલ.

- દીર્ઘ તપની અનુમોદનાર્થે પૂ. મુ. શ્રી અજિતયશ વિ. મ. તથા મુ. શ્રી પ્રશાંતયશ વિ. મ. વર્ધમાનતપની ૩૬મી ઓળી કરેલ.

- તપસ્વી પૂ. મુ. શ્રી ઉદયરત્ન વિજયજી મ. સા. ને પણ વર્ધમાન તપની ૯૪ મી ઓળી ચાલુ જ હતી જેની પૂર્ણાહુતિ જેઠ વદ ૪ ના દિવસે બોરીવલીમાં થયેલ.

- શ્રાવક - શ્રાવિકા સંઘમાંથી ૨૦૦ આરાધકોએ સામુદાયિક ત્રણ દિવસના આયંબિલ કરેલ. બધાના સામુદાયિક પારણા થયેલ. દરેક તપસ્વીને ૧૦૧ - ૧૦૦ રૂા. ની પ્રભાવના આપવામાં આવેલ.

- જેઠ સુદ ૧૩ પારણાના દિવસે વહેલી સવારે ૬-૫૫ વાગ્યે જિતેન્દ્ર રોડ - શાંતિનાથ જિનાલય સુધી ચૈત્ય પરિપાટીનું આયોજન કરેલ. ચૈત્ય પરિપાટીમાં જોડાયેલ બધાના અલ્પાહાર દ્વારા સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ.

- મહોત્સવ દરમ્યાન ૫૦,૦૦૦ લગભગ જીવદયાની ટીપ થયેલ.

- મહોત્સવ દરમ્યાન બહારથી પધારેલ મહેમાનોની સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

- એકંદરે મહોત્સવ ખૂબજ શાસન પ્રભાવના પૂર્વક સંપન્ન થયેલ.

કરોડો રૂપિયાના બિનજરૂરી અને અતિખર્ચાળ દેરાસરો બનાવવા બંધ કરો

આ રીતે આક્રોશ કરવાની મુનિશ્રીને કોઈ જ જરૂર નહોતી અને કરોડો રૂપિયાના ખર્ચે બંધાતા દેરાસરો મુનિશ્રીને બિનજરૂરી લાગતા હોય પણ બંધાવનારના ભાવો એવા ઉછળતા હોય અને એમને જરૂરી લાગતા હોય એમ બની શકે. એ જ રીતે કરોડોના ખર્ચે બંધાતા તપોવનો કોઈને બિનજરૂરી લાગતા હોય, કેમ કે ત્યાં જૈનશાસનની મર્યાદા વિરુદ્ધ, જૈનશાસનના બંધારણ વિરુદ્ધ મિથ્યાજ્ઞાન અપાતું હોય, કરાટે વગેરે કસરતો ઘૂસી ગઈ હોય, ધર્મપ્રેમ અને જૈનશાસનના પ્રેમને બદલે રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય ઘડતરની વાહિયાત વાતો થતી હોય, વોટબેંકના ઝઘડાનો ચરૂ ઉકળતો હોય, એને માટે સાધુઓને સતત પૈસા માટે ભીખ માગવી પડતી હોય, ટી વી. જેવા ચારિત્ર્યનો ખાત્મો બોલાવતાં તત્ત્વો પેસી ગયાં હોય... એ તપોવનોને જરૂરી ગણવા કે બિનજરૂરી ગણવા ? જૈનશાસનમાં આવું કાંઈ પણ બોલવું હોય તો એના અધિકારી આચાર્યો બેઠા છે. એમનો અધિકાર ઝૂંટવી લઈ જે તે સાધુ અનધિકાર ચેષ્ટા કરે એ કેટલું વ્યાજબી ગણાય ?

જૈન વિચારોની પરંપરા કરતા ભિન્નમત ધરાવતા હંસબોધિ મ. ના મતે ધર્મ, રાષ્ટ્ર અને સંસ્કૃતિના રક્ષણ માટે જે કંઈ કરવું પડે તે હિંસા ગણાય નહીં.

પત્રકારે નોંધેલા મુનિશ્રીના વિચારો જો મુનિશ્રીને માન્ય હોય તો એમના આત્મા માટે ઘણા જ નુકશાનકારક છે અને આ વિચારો જાહેરમાં મૂકવાથી પણ ઘણાને ઉંધા માર્ગે ચઢાવે એવા છે. ચક્રવર્તી, તેમ જ વાસુદેવ વગેરેએ કરેલાં યુદ્ધો અને તેમાં થયેલી હિંસાથી તેઓ સ્વર્ગમાં જ જવા જોઈએ. તેઓ નરકમાં કેમ ગયા ? તપોવનની શિબિરોમાં આવા સડેલા વિચારો પોતાના બાળકોના મગજમાં પેસી ન જાય એ માટે વાલીઓએ સજાગ બનવા જેવું છે.

• • • • સૌજન્ય : ધર્મદૂત

શ્રી શંખેશ્વર હાલારી ધર્મશાળા

૧૦૮ પાર્શ્વનાથ પ્રભુજી ૧૦૮ તીર્થ પટનું આયોજન

શ્રીમતી ગંગાબેન નથુ નરશી વોરા - નાઈરોબી જિન દર્શન તીર્થ દર્શન વિભાગ

આ વિભાગમાં દેરાસરની પાછળ ત્રણ હોલ છે. તેમાં વચ્ચેના હોલનો નકરો ૧,૨૫,૦૦૦/- હજાર શ્રીમતી રળીયતબેન લીલાધર ગોવિંદજી (લંડન) આવ્યો છે તેમાં બે હોલના ૧૨૫-૧૨૫ હજાર તથા ફરતી આર્ટ ગેલેરી ૮૦ ફૂટ રૂપિયા ૧ લાખ ફરતી આર્ટ ગેલેરી બે ૩૦ ફૂટ ૫૧-૫૧ હજાર નકરા બાકી છે. પરોણા પ્રતિમાજી છે તેમાં આરસના લેમીનેશન પટમાં ૧૦૮ પાર્શ્વનાથજી તથા તેની પાછળ ભમતીમાં ૧૦૮ તીર્થનું આયોજન થયું છે.

૧૦૮ પાર્શ્વનાથ આરસના પટ ૨૦×૩૦ ઈંચ - નકરો રૂા. ૨૫૦૦/-
૧૦૮ તીર્થ આરસના પટ ૩૦×૪૮ ઈંચ - નકરો રૂા. ૫૦૦૦/-

એક પટમાં લાભ લેનારને તેમાં ૨૫ અક્ષર નામના લઈ શકશે. વહેલો તે પહેલો તે રીતે નામ લખાય છે અને ત્રણ માસમા લગભગ કામ પૂર્ણ થશે. જેમને લાભ લેવાની ઈચ્છા હોય તેમણે (૧) ૧૦૮ પાર્શ્વનાથ (૨) ૧૦૮ તીર્થમાં લાભ લેવો હોય તેમણે ઉપરના નકરા મુજબ નામ લખાવી શકશે. ૧૦૮ તીર્થ પટ તથા ૧૦૮ પાર્શ્વનાથજી લખાવવાનું ચાલુ છે.

તા. ૧૪-૬-૨૦૦૧ સુધીમાં ૬૨ તીર્થપટ લખાયા છે. હવે ૪૬ બાકી છે. અને ૮૨ પાર્શ્વનાથ પટ લખાયા છે. તેમાં ૬૬ પાર્શ્વનાથ પટ બાકી છે.

જેમણે લાભ લેવો હોય તેમણે તરત નામો મોકલી દેવા વિનંતી. ૩૦ તીર્થપટ અને ૫૦ પાર્શ્વનાથ પટ તીર્થદર્શન હોલ અને આર્ટ ગેલેરીમાં લાગી ગયા છે. દર્શન કરવા વિનંતી છે.

શ્રી હાલારી વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા
પંચાસર રોડ, શંખેશ્વર (તા. સમી. જી. મહેસાણા) પીન : ૩૮૪ ૨૪૬ ફોન : (૦૨૭૩૩) ૭૩૩૧૦

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- પાપ કરીને સુખી થવું તે મહા દુઃખી થવાનો રાજમાર્ગ છે. પાપ ન કરવા ખાતર દુઃખ ભોગવી લેવું અંતે સુખ ઓછું મળે તો ચલાવી લેવું તે મહાસુખી થવાનો રાજમાર્ગ છે.
- પરિગ્રહી બધા દુઃખી ! પરિગ્રહમાં બેસેલ પણ પરિગ્રહમાં સુખ નથી, સંતોષમાં છે તેમ માને તે જ સુખી !
- દુનિયાના પદાર્થોની ઈચ્છા માણસને પાગલ બનાવનારી છે.
- મોજશોખના સાધનો માટે પૈસા મળે અને ભગવાનની ભક્તિ માટે પૈસા ન મળે તો પાપોદયવાળા જ કહેવાય ને ?
- પૈસા પાપ છે તેમ માને તે જ પુણ્યશાલી ફાવે !
- મહેલ જેલ ન લાગે, પૈસો અનર્થકારી ન લાગે તે ય પાપોદય !
- બહારની આંખ ગમે તેટલી સારી હોય પણ હૈયાની આંખ ઉઘડી ન હોય તો તે બધા આંધળા જ કહેવાય ને ?
- પાપ પ્રવૃત્તિ કરતાં જેનું હૈયું ન કંપે તે આસ્તિક નથી. આસ્તિકનું હૈયું પાપ કરતાં કંપ્યા વિના રહે નહિ.
- સુખ માટે ધર્મ કરનારને કોઈ ગુણ પેદા થતો નથી.
- જે સુખ પમાડનાર છે, દુર્ગતિમાં મોકલનાર છે. તે સુખને સારું લગાડનાર કર્મ છે. તે કર્મને સારું કહેવાય ? ઉપકારક કહેવાય ?
- તત્ત્વનો પરિચય કરવાની ઈચ્છા ય ન થાય તે ધર્મ પામવા લાયક નથી.
- જેને દુઃખ સહન કરતાં આવડે તે ગુણસંપન્ન થઈ જાય.
- કષ્ટ ભોગવે તે જ ધર્મ કરી શકે. મજા કરનારા ધર્મ ન કરી શકે. મજા કરવી તે ખોટી તે ન લાગે તે ધર્મ કરી શકે. કષ્ટ ભોગવે તે જ સાધુપણું પાળી શકે, અનુકૂળતા ભોગવવા નીકળેલ સાધુપણાનો દેખાવ કરી શકે, પાળે નહિ
- અનંતજ્ઞાનીઓ સંસારને દુઃખ દુઃખ રૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી કહે છે. તે સમજવાની ઈચ્છા જાગે નહિ તો સમજવું કે દર્શન અને ચારિત્ર મોહનીય ગાઢ છે, તેથી કષાય પણ ગાઢ છે અને રાગ-દ્વેષે તો માઝા મૂકી દીધી છે. તેને લઈને અનુકૂળ વિષયો પર ભારેમાં ભારે રાગ છે અને પ્રતિકૂળ વિષયો પર ભારેમાં ભારે રોષ છે.
- આજે સામાયિક પ્રતિક્રમણ, પૂજા-દાનાદિ કરનારને તે તે ધર્મ પ્રત્યે આદર નથી અનાદર એ જ મોટું પાપ છે. દેવ-ગુરૂ પ્રત્યે અનાદરવાળા આવે નહિ, આવે તો ટકે નહિ.
- ધર્મથી જ સુખ મળે તે સાચી હોવા છતાં પણ સુખ માટે તો ધર્મ થાય જ નહિ ધર્મ તો મોક્ષ માટે જ કરાય. સુખ માટે ય ધર્મ કરાય આવું કહેવું તે મહામિથ્યાત્વનો ઉદય હોય તે જ બોલાવે.
- ઊંધી સમજવાળા ધર્મ કરીને ગાઢ પાપ બાંધીને સંસાર વધારે છે. જેમ અધર્મ કરવાથી સંસાર વધે છે. તેમ આજ્ઞાવિરૂદ્ધ વર્તવાથી પણ સંસાર વધે છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
વા.મ.૨૦૦૧
~~7320~~

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૩ **અંક ૪૭**

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જ્ઞાનના પ્રધાન ત્રણ ફળ

પાવાઉ વિણિવિત્તી,
તહા પવિત્તી ય કુસલ ધમ્મસ્સ ।
વિણયસ્સ ય પડિવત્તી,
તિન્નિ વિ નાણસ્સ કજ્જાઈ ॥
(શ્રી સંવેગ રંગશાળા, ૭૮૧૭)

પાપથી નિવૃત્તિ, કુશલધર્મ-આત્મહિતકર પક્ષમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રતિ પત્તિ - સ્વીકાર - એ ત્રણ જ્ઞાનના પ્રધાન કાર્યો - ગુણો છે. જ્ઞાન પરિણત પામવાની પારાશીશી છે.

स्वर्गारोहण तिथि (गुणानुवाद)
श्रीमद् विजय आचार्य श्री प्रेमसूरीश्वरजी म. सा.

आपश्री बीसवीं सदी के एक महान ज्योतिर्धर और तपागच्छरूपी गगन में सूर्य के समान चमकते हुए तथ अर्वाचीन कर्म साहित्य के सूत्रधार, संयममूर्ति सिद्धान्तमहोदधि एवं परमात्मा श्री महावीर स्वामी की पाट परम्परा में छींयोत्तेर (७६) वे चारित्रनायक स्व. पू. आ. श्री प्रेम सूरीश्वरजी महाराजा साहेब थे । आपश्रीने सिद्धांत महोदधि एवं कर्म साहित्य निष्णांत आदि विशेषणों को सार्थक कीया है । उस समय आपके शिष्य परिवार सहित पांचसौ से अधिक परिवार वाले हुए ।

श्रद्धेय और आराध्य गुरुदेव जिनशासन के तत्त्वज्ञान की एक शाखा कर्मसाहित्य में जिस तरह अद्वितिय विद्वान थे, उसी तरह आगमिक साहित्य की उनकी अनुप्रेक्षा भी असाधारण थी । उत्सर्ग मार्ग और अपवाद मार्ग की उनकी सुझ अद्‌भूत थी ।

आचार्य श्री कई महान गुणों के धनी थे । उनका जीवन निर्मल और पवित्र था । विद्वता के महासागर होते हुए भी महान गंभीर थे सर्वोच्च स्थान पर विराजमान होते हुए भी उनमें अत्याधिक, नम्रता थी । संयम की अत्याधिक जागृति रखते थे । आश्रितो के आत्मा का श्रेय होवे इसके लिये रात दिन ध्यान रखते थे । उनके अंदर संयम भरपूर था एवं वे स्वयं संयम की एक जीती जागृति मूर्ति थे । संयम उनका प्राण था । संयम के साथ वे अपार वात्सल्य के सागर थे । सैकडों साधुओं के जीवन उद्यान को नवपल्लवित रख कर सुरक्षित रखा एवं गुण रूपी पुष्पों से समृद्ध कीया । कभी भी उनके अंदर अभिमान का स्पर्श नहीं हुआ । कभी भी स्वप्रशंसा नहीं करी तथा कभी भी पर निंदा की बात नहीं करी । उन्होंने जीवन पर्यन्त गंगा बनकर वहते रहना पसंद कीया एवं इस गंगा में पतितों को स्नान करने दिया । अनेकों को तृषा ज्ञान का गंगा का पान कराया । लेकिन अब यह गंगा पाताल गंगा बन गई है ।

उनकी गंभीरता में तत्त्व चिंतन रहता था, उनकी उदासीनता में शासन चिंता रहती थी । उनके अंदर संयम पालन का आनंद पूर्ण रूप से अभिव्यक्त होता था । उनके आग्रह में संयम पालन का पक्ष रहता था, तथा उनकी प्रेरणा में सम्यग्ज्ञान की प्राप्ति का रणकार सुनाई देता था । छोटे वडे सभी को उनके हृदय का निर्मल स्नेह मिलता था । जीवन जीने का शास्त्रीय मार्ग दर्शन मिलता था । सभी उनके पावन - चरणों मे स्वयं का हृदय खोल देते थे । और पश्चाताप एवं प्रायश्चित्त करके अपने आप में निर्मल हो जाते थे ।

वे एक महान तपस्वी थे तथा अभ्यंतर तप के वे आजीवन साधक रहे थे । अपने पास रहे हुए श्रमणों के सम्यग्ज्ञान और सम्यग्चारित्र के पालन लिये हमेशा एक जागृत पहरेदार थे ।

अहमदावाद के दैनिक अखवार में एक मर्तवा समाचार छपा हुआ था कि रीलीफ के उपर भर दुपहरी में डामर की गरम गरम सडक पर खुले पांव नीची दृष्टि कीये हुए मंदमंद गति से चलता हुआ छोटे कद का पुरुष आपको कहीं दिख जावे तो उसको जैनाचार्य श्री "प्रेमसूरी" समझना । ऐसे शब्दों में जिनकी पहचान दी थी, वही अध्यात्म तेज पूंज पूज्यपाद स्व. आ श्रीमद् विजय प्रेमसूरीश्वरजी महाराजा याने जैन संघ का एक अनमोल आभुषण । अजोड बुद्धि प्रतिभा के और सुविशुद्ध संयम के स्वामी थे । उस काल में "कर्म प्रकृति" ग्रन्थ का नाम भी आज जितना प्रचलित नहीं था, और जब ऐसे ग्रन्थ के कोई अध्यापक भी नहीं थे, ऐसे काल में "कर्म प्रकृति" की प्रत लेकर उसमें रहे हुए कर्म सिद्धांत के उपर ताला लगा हुआ था, उसे आपने गुरु कृपा और अजोड प्रतिभा से चाबी द्वारा खोलकर बाद के काल के अभ्यासीयों के लिये इस ग्रन्थ के जटिल गणितों और सुक्ष्म सिद्धांतो को सग्राह्य बनाने में आप श्री का सिंह फाला था । प्रतिभा सम्पन्न युवान साधुओं की एक विशाल टीम द्वारा "बंध विधान" ग्रंथ के उपर लाखो श्लोक प्रमाण नया कर्म साहित्य का

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ અષાડ વદ ૧૧ મંગળવાર તા. ૧૭-૭-૨૦૦૧ (અંક : ૪૬/૪૭

વાર્ષિક રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦૦ પરદેશ રૂા. ૫૦૦ આજીવન રૂા. ૫૦૦૦

શાસન પ્રભાવક કરો

તાજેતરમાં જૈનશાસન પ્રભાવના કરવાના સંયોગો ઉત્તમ છે. અને જૈન ધર્મ જગતમાં જયવંતો બને તે માટે શકિત સંપન્ન મહાત્માઓ પણ છે.

તેથી જૈન શાસનનો જય ધ્વજ ફરકાવવો તે આજે સુલભ છે. જૈન શાસનમાં તીર્થંકરોના નિર્વાણ પછી શ્રી ગણધર ભગવંતો, શ્રી મુનિ ભગવંતો દ્વારા જૈન શાસન જયવંતુ છે.

તેમાં પણ સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્ર મુખ્ય કારણ છે. જગત અનાદિથી ઘેરાયેલું છે. તેમાં શ્રી જિનેશ્વર દેવો જ્ઞાન પ્રકાશ પાથરે છે. અને તે તેમના શાસન સુધી રહે છે. તેવી રીતે અરિહંત શાસનની શ્રદ્ધા એ દર્શન છે તેમાં શ્રી જિનેશ્વર દેવોએ કહેલું સાચું છે અને શંકા વગરનું છે આવી અટલ શ્રદ્ધા તે દર્શન છે. ભગવાન જિનેશ્વર દેવોએ કહેલા શ્રી સર્વ વિરતિ રૂપ સંયમ એ ધર્મનું અને ધર્મની પ્રભાવનાનું અંગ છે. આ સમ્યગ્જ્ઞાન, ધર્મ, દર્શન, ચારિત્રની ઉપેક્ષા એ ધર્મ તીર્થની ઉપેક્ષા છે અને તેની મલિનતા તે શ્રી જૈન શાસનની મલિનતા છે.

આ વાત એટલા માટે જરૂરી છે કે સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રનો માર્ગ છોડીને આ લોકના માત્ર મહત્ત્વથી જૈન શાસનને માપવાની, સ્થાપવાની પ્રવૃત્તિ એ જૈનધર્મની પ્રવૃત્તિ નથી.

નનામી પત્રિકાઓ લખીને પોતની પાપી જાતને છૂપાવીને કોઈ ઉપર ઘા કરવા તે જૈન શાસન ઉપર ઘા કરવા તુલ્ય છે. મહારાષ્ટ્રમાં ૫૦ વર્ષ પૂર્વે પ. પૂ. આ. ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા ખૂબ વિચર્યા અને અજબ જૈન શાસનની પ્રભાવના કરી મહારાષ્ટ્ર ધર્મના હિલોળે ચડયું અને પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજને મહારાષ્ટ્ર દેશોદ્ધારક બિરૂદ મલ્યું અને પૂ. આ. શ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મહારાજને મહારાષ્ટ્ર કેશરી બિરૂદ મલ્યું અને તે રીતે મહારાષ્ટ્રની શાણી અને શ્રદ્ધાળું પ્રજાનું પાલન થયા કરતું હતું.

હાલમાં તે વાત સહન ન થવાથી અને જૈનોમાં સ્મૃતિ કોઈકને ન હોવાથી આ મહાન કાર્ય કરનારા પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને મહારાષ્ટ્ર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. ના પ્રભાવને ન તોડી શકનારા તત્વો દ્વારા 'રામચન્દ્રગચ્છ' જેવા શબ્દો દ્વારા મહારાષ્ટ્રમાં પ્રવેશ ન મળવો જોઈએ તેવી વાતો કરીને પ્રચાર કરનારા છે. પરંતુ તેમને ખ્યાલ નથી તમારી વાતો મોરની કલા જેવી છે આગળ સારો લાગે છે પાછળ નાગો લાગે છે.

આપના શ્રી જૈનમ ગ્રાહક તરીકે માન સહિત

રાગદ્વેષના અંધકારમાં પડવાને બદલે જગતને ધર્મ આપો, સત્ય ધર્મ આપો, મોક્ષનો ધર્મ આપો તો તમે ચિરંજીવી બની જશો. ગુજરાતમાંથી કાઢી મુકયા છે અને મહારાષ્ટ્રમાં જમાવટ કરવા આવે છે. આવું બોલનારા એ ગુજરાતનાં સમાચાર જાણીને બોલે તો તેઓ આવી મહા મૂર્ખાઈ ન કરે.

રાજા મુંજ ૧૦ વર્ષના ભોજને મારી નાખવા ચાંડાલને સોંપ્યો ચાંડાલને દયા આવી તેની આંગળી કાપી જતા રહેવાનું કહ્યું ત્યારે બાલ ભોજે કહ્યું ચીઠી લખી દઉં તે રાજા મુંજને આપશો અને તેનો જવાબ લાવશો ત્યાં સુધી હું અહીં જ રહીશ.

ભોજે લખી આપ્યું કે વાસુદેવો ચક્રવર્તીઓ અને દુર્યોધન જેવા પણ પૃથ્વી સાથે લઈ ગયા નથી પણ મને લાગે છે કે આ પૃથ્વી રાજા મુંજ સાથે આવશે.

આ ચીઠી વાંચીને મુંજનું મન ફરી ગયું અને ભોજને બોલાવી યુવરાજ પદ આપ્યું અને રાજ્યનો વારસ બનાવ્યો.

આ વાત અધિકૃત પ્રચાર કરનારા સમજે તો પોતાની બડાઈ બંધ કરી શકે પૂ. રામચન્દ્ર સૂ. મ.એ આખા મહારાષ્ટ્રને ગજવ્યું અને સંયમ જ્ઞાનની સાધના દ્વારા મહાન પ્રકાશ અને આગમનો બોધ પીરસ્યો અને આ અંધકાર ફેલાવનારાએ એકાદ બે વાડી કે ખેતર જેટલું પણ કામ કરતા નથી મહત્તા સ્થાપવા સંયમ શ્રદ્ધાની ઉપેક્ષા કરીને સંઘો તથા શિષ્યોની મના છતાં ઘરાર મોટરમાં બેસીને પ્રતિષ્ઠા કરવા જાય છે તેનાથી શું મહારાષ્ટ્રની પ્રજાને આરાધના માર્ગે મોક્ષ માર્ગ આપી શકાશે. આવાઓ રાજા મુંજની જેમ અંતર દ્રષ્ટિ નહી ખોલે તો પૂ. આ. ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પરિવારના તો નહિ રહે પૂ. શ્રી જિનેશ્વર દેવોના પરિવારમાં પણ નહિ રહે.

પૂ. આ. શ્રી. વિજય ધર્મજિતસૂરીશ્વરજી મહારાજે જે ધર્મ બીજ વાવ્યા છે તેમને આ દ્વેષ અને ઝેર ઉપેડી નાખશે અને મહારાષ્ટ્રને વેરાન બનાવી દેશે જો તે થવાનું નથી પરંતુ આ કુબુદ્ધિ આ અધમ માર્ગે જવાની છે. તેમણે રામચન્દ્ર ગચ્છથી ચેતવાની ભલામણ કરવાની જરૂર નથી પણ તમારી અવળચંડાઈ તમારાથી બચવાની ચેતવણી તેમને આપી જશે.

નવોદિત ગચ્છ કોણ છે મહારાષ્ટ્રની પ્રજા જાણે છે સારા ભારતના લોકો જાણે છે.

તમે માત્ર ભૂમિ દબાવવાના આંતકમાં પડયા છો તો પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂ. મ. એ જગતને સંયમની શ્રદ્ધા સુધાનું પાન કરાવ્યું છે. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજે મહારાષ્ટ્રના પૂણ્યાત્માઓના હૈયામાં શાસનનું જૈન ધર્મના મર્મનું અજવાળું પાથર્યુ છે કયા સૂર્ય અને કયા ઘૂવડ ? આ વિચાર તમારા હૈયાને કોરી ખાય છે. અને તમને તમારી જાતથી જ શરમાવવાનું થાય છે.

૨૫ લાખ આપ્યા માટે અમે તેમને હાથે પ્રતિષ્ઠા કરાવી તેમ ભીવંડીના ટ્રસ્ટીઓ જ બોલે છે માટે પૈસાથી ખરીદવાના આક્ષેપો કર્યા પહેલા જાતને જ તપાસવાની તાતી જરૂર છે.

આ વિષમ કાલમાં માનવ જન્મ, જિનવાણી તેની શ્રદ્ધા અને સંયમની શકિત ફોરવવાના મહાન અંગો પ્રાપ્ત થયા છે. તેને વાગોળે જગતને ના આપો તો દરેક સ્થળે જૈન શાસનનો જય જયકાર થશે. કાશ્મિરના આંતકવાદીઓને ભારતનો કોઈ માનવ આદર કરતો નથી એમ અરમાન, દ્વેષ વિ. ની વાતોને કોઈ આવકારતું નથી હા તમે જૈન ધર્મના સિદ્ધાંતો આચરો વિચારો અને વાતોની મહત્તા સમજાવો જગત મારું ગુલામ થશે બાકી બાંધ્યે કણબીએ ગામ ન વસે અને માગ્યે ઘીએ ચૂરમું ન થાય તેમ જૈનની સમતા અને શ્રદ્ધાની વાત ને છોડીને બીજી વાતો કરવાથી ધર્મના બગીચાઓ ખીલવવાને બદલે કરમાવી દેવાનું થશે વિશેષ શું ? ધર્મનો જય થાઓ પાપનો ક્ષય થાઓ એજ.

■ ■ ■

પ્રવચન - ઓગણપચાસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

(કોઈ જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના - અ.વ.)

માયા ય પેયા ય લુપ્પઇ, નો સુલહા સુગઇ વિ પિચ્ચઓ ।
એમાઇં ભાવાઇં પેહિયા, આરંભા વિરમિજ્જ સુવ્વએ ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા અત્યાર સુધીમાં એ વાત સમજાવી આવ્યા કે- જગતના જીવો જે સુખ ઈચ્છે છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. તેની આડે આવનાર ભયોની વાત હવે સમજાવી રહ્યા છે.

ધર્મની આરાધના કરવાને માટે જે જીવો ધર્મની પ્રવૃત્તિ કરે છે તેમને સૌથી પહેલા પૂછે છે કે- તમારે કયું સુખ જોઈએ છે ? સુખના જ અર્થી જીવોને સુખ જોઈએ છે તેમાં શંકા નથી અને દુઃખ નથી જોઈતું તે પણ નક્કી છે તો કયું સુખ જોઈએ છે ? દુનિયાનું જે સુખ છે તે સુખની જરૂર પણ કોને પડે ? પાપનો ઉદય હોય તેને. તે સુખની ઈચ્છા પણ કોને થાય ? પાપનો ઉદય હોય તેને. તે સુખ મેળવવાની મહેનત પણ કોણ કરે ? પાપનો ઉદય હોય તે. તે સુખ મળે તો રાજી પણ કોણ થાય ? પાપનો ઉદય હોય તે સુખ ભોગવવામાં આનંદ પણ કોને આવે ? પાપનો ઉદય હોય તેને તે. તે સુખ ચાલ્યું જાય તો રૂવે કોણ ? પાપોદય હોય તે. અને તે સુખ છોડીને જવું પડે તો દુઃખ પણ કોને થાય ? પાપનો ઉદય હોય તેને. માટે જ જ્ઞાનિઓ કહે છે કે- આ દુનિયાનું સુખ ખુદ પાપરૂપ છે તેનાથી જ નવાં નવાં પાપ બંધાય છે અને તેથી દુઃખ આવે છે. તેને પામીને જીવ આ સંસારમાં અનાદિકાળથી ભટકે છે. જે દુઃખ ભોગવે છે તેની આંગળ આ સુખ તો ચટણી થઈ જાય છે. અને આ દુનિયાનું સુખ એવું છે કે- દુઃખ ન હોય તો આ સુખ, સુખ જ લાગતું નથી. તેથી તે સુખની ઈચ્છા થાય તેમ તેમ લોભ વધ્યા કરે છે અને પછી ગમે તેટલું સુખ મળે તો પણ સંતોષ થતો નથી અને સુખને માટે પાપ કરી કરીને સંસારમાં ભટકે છે.

૨૦૪૩, ભાદરવા વદિ -૨, બુધવાર, તા. ૯-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

માટે જ અનંતજ્ઞાનિઓ ફરમાવે છે કે- આ સંસારનું સુખ એ સુખ જ નથી. તેને સુખ કહેવું તે સુખ શબ્દનો વ્યભિચાર છે. જ્યારે વાસ્તવિક અને સાચું સુખ તો મોક્ષમાં જ છે. અનંતજ્ઞાનિઓની આ વાત સમજાય પણ કોને ? મોહનીયની પ્રકૃતિઓ સમજાઈ ગઈ હોય તેને. આત્માને અનાદિથી આઠ કર્મો વળગ્યાં છે. તેમાં ભયંકરમાં ભયંકર મોહનીય કર્મ છે . તે મોહનીય કર્મના મૂળ બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. તેમાં દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ છે. મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય. જ્યારે ચારિત્રમોહનીયની પચ્ચીશ (૨૫) પ્રકૃતિ છે. તેમાં કષાયના સોળ ભેદ છે. તે આ રીતે - અનંતાનુબંધી ક્રોધ - માન - માયા - લોભ, અપ્રત્યાખ્યાની ક્રોધ - માન - માયા - લોભ, પ્રત્યાખ્યાની ક્રોધ - માન - માયા - લોભ અને સંજ્વલનના ક્રોધ - માન - માયા - લોભ તથા જે કષાયને ઉદ્દીપન કરે તે નોકષાય કહેવાય છે તેના નવ ભેદ છે. તે આ પ્રમાણે - હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ. આ રીતે ચારિત્રમોહનીયની પચ્ચીશ પ્રકૃતિ છે અને દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ સહિત મોહનીય કર્મની કુલ અઠ્ઠાવીસ (૨૮) પ્રકૃતિ થાય છે. તે બધી મોહનીયની પ્રકૃતિઓથી આત્મા બંધાયેલો છે અને નવી પણ બંધાય છે.

કષાયનો અર્થ કરતાં શાસ્ત્રે કહ્યું છે કે- કષ નામ સંસાર, આય એટલે લાભ; અર્થાત્ સંસારનો જેનાથી લાભ થાય તેનું નામ કષાય છે તે ક્રોધ - માન - માયા - લોભ રૂપી કષાયો કરવા જેવા છે ? તે કષાયો કરવા પડે તે ય જરૂરી છે ?

સભા : તેથી તો સંસાર છે.

ઉ.- હૈયાથી બોલો છો ?

ક્રોધ - માન - માયા - લોભ કરીએ તો સંસારમાં ભટકવું પડે તે માનો છો ? તેના પણ બે ભેદ પાડ્યા છે. પ્રશસત ક્રોધાદિ હોય તો હજી સારા છે અને અપ્રશસ્ત ક્રોધાદિ હોય તો ભૂંડા છે. જેને ક્રોધાદિ ગમે, તે પણ

ગમે તે મહામિથ્યાત્વ છે. 'મારા જેવાને હજી પણ આટલો બધો લોભ કેમ સતાવે છે ? હું ખરેખર બહુ પાપી છું, મારૂં થશે શું ?' આવો વિચાર આવે તો વાંધો નહિ. પણ 'લોભ તો કરવો જ જોઈએ. લોભ ન કરીએ તો પૈસા મળે નહિ' આવો વિચાર આવે તે લોભ ગમ્યો તે ગમ્યું કહેવાય માટે તે મહામિથ્યાત્વ કહેવાય લોભ ગમે તે અવિરતિ છે અને લોભાદિ ગમે તે પણ મહામિથ્યાત્વ છે.

સંસારમાં ભટકાવનાર મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને ત્રણેને આધીન એવા મન - વચન - કાયાના વ્યાપાર રૂપ યોગ છે. તેનાથી સમયે સમયે સાત કર્મ બંધાય જ કરે છે. માત્ર આયુષ્ય કર્મ જીવને એક જ વાર બંધાય છે. તેના કારણે જે જીવને એવા એવાં દુઃખ આવે છે કે- તે દુઃખના કાળમાં સુખ પણ ગમતાં નથી. ઉપરથી તે સુખની સામગ્રીમાં ય મરવાનું મન થાય છે. એ આજે નજરે દેખાય છે કે- દુનિયાની બધી સુખ સામગ્રી હોય છતાં એવા પ્રસંગો બની જાય છે કે ઝેરાદિ ખાઈને માણસ મરી જાય છે. માત્ર ભિખારી જ ઝેર ખાય, પરિવાર વગરનો ઝેર ખાય તેવું નથી, શ્રીમંતો પણ ખાય છે !

આ ક્રોધ - માન - માયા - લોભ તમને ગમે છે કે નથી ગમતા ? તમને લોભ થાય છે તો શેનો થાય છે ? સુદેવ - સુગુરૂ - સુધર્મ - અને સાચા ધર્મની સેવાનો લોભ થતો હોય તો તે ખરાબ નથી. પણ દુનિયાનાં સુખોનો, સુખની સામગ્રીનો લોભ થતો હોય તો તે લોભ સારો કહેવાય કે ભૂંડો કહેવાય ? તે લોભને લઈને માયા ય કરવી પડે તો તે માયા સારી કહેવાય કે ભૂંડી કહેવાય ? ધાર્યું પાર પડે તો માન પણ આવે તો તે માન પણ સારું કહેવાય કે ભૂંડું કહેવાય ? માનીને કોઈ આડું ઉતરે એટલે ખેલખલાસ પછી તો તેને ઠેકાણે પાડયા વિના રહે નહિ. તે ક્રોધ સારો કહેવાય કે ભૂંડો કહેવાય ? ક્રોધાદિ સારા લાગે, કરવા જેવા લાગે, કરે તે પણ ગમે, ન કરીએ તો બધા માથે ચઢી જાય - આવું માને તે બધા અનંતાનુબંધી ક્રોધ - માન - માયા - લોભના ઉદયવાળા કહેવાય. તે અનંતાનુબંધીનો જેને ઉદય હોય તેને મિથ્યાત્વનો ઉદય પણ હોય. માટે વારંવાર આત્માને પૂછવાનું કે- 'તને ક્રોધાદિ ગમે છે કે નથી ગમતાં ? સુદેવ - સુગુરુ અને સુધર્મની સેવા કરવાનું મન થાય, તેનો લોભ થાય તો તે ગમે છે. પણ દુનિયાદારીના પદાર્થોનો લોભ થાય છે તે ગમતો નથી તેમ કહી શકો ખરા ? દુનિયાદારીના પદાર્થોનો લોભ થાય તે બહુ જ ગમતો હોય તો તે અનંતાનુબંધીનો જ છે. અનંતાનુબંધીનો ઉદય જેને હોય તેનામાં મિથ્યાત્વ હોય, હોય ને હોય જ. તમે બધા મિથ્યાદ્રષ્ટિ છો કે સમ્યગ્દ્રષ્ટિ છો ?

સભા : દેવ - ગુરુ - ધર્મ ઉપર શ્રદ્ધા હોય તો પણ.

ઉ. - દેવ - ગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા હોય તેને દુનિયાની સુખ અને સંપત્તિ કેવી લાગે ?

સભા : હેય જ લાગે.

મારે પણ આ જ વાત સમજાવવી છે.

દુનિયાની સુખ અને સંપત્તિની જરૂર પડે ? ભૂંડામાં ભૂંડી ચીજ છે, તે મેળવવા જેવી નથી, ભોગવવા જેવી નથી, મળે તો ય રાજી થવા જેવું નથી - આવી શ્રદ્ધા છે ? આવી શ્રદ્ધા હોય તેના અનંતાનુબંધીનો ક્ષય પશમ કે ઉપશમ થયો છે, તે આત્મા ધારે તો સમ્યક્ત્વ પામી શકે. આ દુનિયાનું બધું જ સારું લાગતું હોય તો તે કદી સમ્યક્ત્વ પામે નહિ. સમ્યક્ત્વ પામે નહિ એટલે ઘર-બારાદિ બહુ ગમે, તેને જ વધારવાનો જ લેભ હોય, તે બધું વધી જાય એટલે તેના માથા બે થાય. તે ધરતી ઉપરને બદલે આકાશમાં ચાલે, તેની વાતમાં જે ના પાડે એટલે તેને તેની ઉપર ગુસ્સો આવ્યા વિના રહે નહિ. - આવું થાય એટલે સમજી લેવાનું કે તેને અનંતાનુબંધીનો ઉદય છે. ઘર - બારાદિ ખૂબ ગમે છે ને ? કદી છોડવાનું મન થતું નથી ને ? તેવું કરાવનાર કોણ છે ? કષાય અને મિથ્યાત્વ.

આજે જગતમાં મિથ્યાત્વનું સામ્રાજ્ય છે. પૈસાવાળાને જ લોકો અક્કલવાન કહે છે. પૈસા ન હોય તે બધા મૂર્ખા કહેવાય છે. 'સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે' એમ કહેવાય છે. મંદિરનો ટ્રસ્ટી પણ સુખી જોઇએ. પછી તે સુખી ભલે મંદિરે પણ ન જતો હોય અને ઉપાશ્રયે પણ ન જતો હોય ! મુનીમ જે કાગળ લઈને જાય તે પણ જોયા વિના સહી કરી આપે. તે રીતે પોતાની પેઢીના કાગળમાં સહી કરે ખરો પેઢીનો માલીક પેઢી ઉપર ગયા વિના રહે નહિ પણ મંદિરનો ટ્રસ્ટી મંદિરમાં આવે જ તેવું ખરું ?

આપણામાં ક્રોધાદિ છે પણ કેવા છે ? ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ તમને વધારવા જેવા લાગે છે કે છોડવા જેવા લાગે છે ?

ક્રમશઃ

શંખેશ્વર હાલારી ધર્મશાળામાં હાલારદેશોદ્ધારક **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ના પટ્ટધર પ્રાચીન સાહિત્ય ઉદ્ધારક **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ની દીક્ષા (૨૦૧૦) ની તિથિ (જેઠ સુદ ૧૧) ની ઉજવણી તથા ચાતુર્માસ પ્રવેશ તથા પૂ. સાધુ સાધ્વીજીને મોટા જોગ તથા તપસ્યાના અનુમોદનાર્થે

ત્રણ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ

અત્રે હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. ના પટ્ટધર પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સપરિવાર બિરાજે છે. તેમની ૪૭ મી દીક્ષા તિથિ જેઠ સુદ ૧૧ નિમિત્તે તથા ચાતુર્માસ પ્રવેશ તથા પૂ. મુ. શ્રી ભાવેશરત્ન વિ. મ., પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિ. મ. ને શ્રી કલ્પસૂત્ર શ્રી મહાનિશીથના જોગ, પૂ. મુ. શ્રી પ્રશમરત્ન વિ. મ., પૂ. મુ. શ્રી યશોજીત વિ. મ., પૂ. બાલમુનિ શ્રી નમેન્દ્ર વિ. મ. ને તેમજ પૂ. સા. શ્રી હર્ષિત શ્રેયાશ્રીજી મ., પૂ. સા. શ્રી સૌમ્યશ્રેયાશ્રીજી મ., પૂ. સા. શ્રી કૌશલ્યપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી હેમંતરત્નાશ્રીજી મ., પૂ. સા. શ્રી વીતરાગ દર્શિતાશ્રીજી મ., પૂ. સા. શ્રી ધૈર્યદર્શનાશ્રીજી મ. ને શ્રી ઉત્તરાધ્યયન તથા શ્રી આચારાંગ સૂત્રના જોગ ચાલે છે. તથા પૂ. સા. શ્રી ભાવદર્શનાશ્રીજી મ. ને ૯૭ મી, પૂ. સા. શ્રી ઈન્દ્રપ્રભાશ્રીજી મ. ને ૮૨ મી, પૂ. સા. શ્રી તત્ત્વમાલાશ્રીજી મ. ને ૬૩ મી તથા પૂ. સા. શ્રી પ્રશાંત દર્શનાશ્રીજી મ. ને ૫૦ મી તથા પૂ. સા. શ્રી કુલદર્શનાશ્રીજી મ. ને ૫૨ મી તથા પૂ. સા. શ્રી કૈવલ્ય પ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી કૌશલ્ય પ્રભાશ્રીજી મ. ને ૪૧ મી વર્ધમાન તપની ઓળી થઈ તેમજ પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. ને સહસ્રકુટ તપ તથા સાત સૌખ્ય તપ તથા પૂ. સા. શ્રી ભાવિત દર્શનાશ્રીજી મ. ને સાત સૌખ્ય તપ તથા પૂ. સા. શ્રી પ્રશમપ્રભાશ્રીજી મ. ની ૧૮ મી ઓળી વિ. તપોની અનુમોદના તથા પૂ. સાધુ સાધ્વીજી શ્રી મહારાજો શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી નવાણું યાત્રા. આ બધાની અનુમોદનાર્થે તપસ્વી પૂ. સા. શ્રી કૌશલ્ય પ્રભાશ્રીજી મ., ના ઉપદેશથી તેમના સંસારી બેન શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ પુંજા મારૂ મોરાંઢા હાલ લંડનવાળા તરફથી ત્રણ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. , પૂ. આ. શ્રી વિજયદર્શન રત્ન સૂરીશ્વરજી મ., પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. ઠાણા ૧૨ તથા પૂ. પ્રવર્તિની સા. શ્રી સૂરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી ઈન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ, પૂ. સા. શ્રી માર્ગદર્શીતાશ્રીજી મ. ઠાણા ૨૧ ની નિશ્રામાં ઉજવાયો.

જેઠ સુદ ૯ ગુરૂવાર તા. ૩૧-૫-૨૦૦૧ સવારે પ્રવચન, બપોરે શ્રી અંતરાયકર્મ નિવારણ પૂજા જયાબેન ગુલાબચંદ મૂળચંદ લંડન તરફથી.

હાલારી ધર્મશાળામાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. પ્રર્વતક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિ તથા પૂ. આ. શ્રી વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. પૂ. મુ. શ્રી ભાવેશરત્ન વિજયજી ઠા. ૧૨ તથા પૂ. પ્રવર્તિની સા. શ્રી સૂરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ ઠા.-૬, પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. ઠા. - ૭ પૂ. સા. શ્રી ઈન્દ્રપ્રભાશ્રીજી મ. ઠા.-૫ નો ચાતુર્માસ પ્રવેશ જેઠ સુદ ૧૦ શુક્રવાર તા. ૧-૬-૨૦૦૧ના થયો આગમ મંદિરથી સામૈયું થયું આ પ્રસંગે જામનગર, મુંબઈ આદિથી ઘણા ભાવિકો આવી ગયા હતા. પ્રવેશ બાદ માંગલિક પ્રવચન થયું શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ મારૂ લંડન તરફથી શ્રીફળની પ્રભાવના થઈ. બપોરે સરલાબેન અતુલ હરિયા લંડનવાળા તરફથી પૂજા આંગી ઠાઠથી થયા શ્રીફળની પ્રભાવના કરી.

જેઠ સુદ ૧૧ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની ૪૭ મી દીક્ષા તિથિ નિમિત્તે સંયમની મહત્તા પ્રવચન યોજાયું. શ્રી મગનલાલ લક્ષ્મણ મારૂએ સંયમ ભાવના અને દીક્ષા લેવા માટે પૂ. આ. શ્રી એ જે પ્રયત્ન કર્યા વિ. કહી અનુમોદન કર્યું. શ્રી જયંતિલાલ મેરગ, શ્રી રામજી લક્ષ્મણ મારૂ, શ્રી બીપીનચંદ્રભાઈ દેસાઈ, શ્રી હર્ષદભાઈ કરશનદાસ બારભાયા, શ્રી આર. એલ. શાહ લંડન વિ. એ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. પૂ. મુ. શ્રી યશોજિત વિ. મ., પૂ. મુ. શ્રી ભાવેશરત્ન વિ. મ., પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિ. મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્ર

વિ. મ. તેમજ પૂ. આ. શ્રી વિજય દર્શન રત્ન સૂ. મ. એ પૂ. શ્રીના જીવનનાં જ્ઞાન આરાધનાદિનું વર્ણન કરી અનુમોદન કર્યું. પૂ. આ. શ્રી એ પણ સંયમની મહત્તા સમજાવવી.

શ્રી જયાબેન ગુલાબચંદ મૂળચંદ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ તથા ૧૧૦/- રૂા. નું સંઘપૂજન થયું.

સંઘપૂજનમાં ૩૩૦ ની સંખ્યા થઈ પૂજનનો લાભ લેનાર (૧) રૂા. ૧૧/- કમિટિ સભ્ય-મુંબઈ, રૂા.૭/- (૧) જયાબેન ગુલાબચંદ મૂળચંદ (૨) નીમુબેન મનસુખલાલ-લંડન (૩) હંસાબેન સુરેશ -લંડન રૂા. ૫/- (૧) શ્રીમતી શાંતાબેન રતિલાલ દેવચંદ ગુઢકા-લંડન (૨) શ્રીમતી કંચનબેન મોતીચંદ પરબત ગુઢકા-લંડન (૩) કવેરચંદ લાધાભાઈ નાગડા - જામનગર (૪) આર. એલ. શાહ-નાઈરોબી (૫) શાહ કાનજી જેઠાભાઈ-જામનગર (૬) મહાવીર સ્ટોર ગ્રુપ - અમદાવાદ. રૂા. ૨/- (૧) વેલજી દેપાર હરણીયા (૨) હીરાભાઈ હધાભાઈ મોદી (૩) પ્રવીણભાઈ નાથાલાલ - વડોદરા (૪) હિતેશ હરખચંદ દેવશી (૫) મનસુખલાલ જીવરાજ ભાડલવાળા. રૂા. ૧/- (૧) મનસુખભાઈ મહેતાજી (૨) શાંતાબેન મોતીચંદ (૩) ગ્રાફીક સ્ટુડીયો (૪) પ્રવિણભાઈ સોમપુર (૪) પ્રમીલાબેન સુરેશચંદ્ર (૫) લીલાધર રામજી બી. (૬) ચીમનલાલ સાકરચંદ (૭) જયંતિલાલ પ્રેમચંદ ઇંદરીયા (૮) શાંતીલાલ મહેન્દ્રભાઈ (૯) રંભાબેન દેવશી (૧૦) દેવચંદ ગોસર ગડા (૧૧) સોમચંદ રામચંદ (૧૨) દેપાર કેશવજી (૧૩) રંજનબેન નવનભાઈ (૧૪) રતનબેન જીઠાલાલ મૌંબાસા હ. શાંતાબેન (૧૫) રામજી લખમણ મારૂ-થાન (૧૬) દેવરાજ મેઘણ ગડા (૧૭) જશમાબેન દેવશી સાવલા (૧૮) કસ્તુરબેન કેશવજી (૧૯) કાલીદાસ મેઘજી (૨૦) રાધીબેન નેમચંદ પારેખ (૨૧) લાલજી દેવજી (૨૨) શાંતિલાલ રતનશી (૨૩) કરશનદાસ લલુભાઈ બરબાયા અમદાવાદ.

બપોરે શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ લંડન તરફથી પૂજા, રૂા. ૫/- ની પ્રભાવના થઈ. મહોત્સવની ભક્તિ જયાબેન ગુલાબચંદ મૂળચંદ તરફથી સારી રીતે કરવામાં આવી હતી. પૂજા માટે જામનગરથી શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ પધારેલ હતું.

❋❋ મણ મોતી ❋❋

સંકલિકા : અ.સૌ. અનિતા આર. પટણી- માલેગાંવ

- જાણવું તે જુદી વાત છે, માનવું તે જુદી વાત છે. 'જાણવામાં' એને 'માનવામાં' આભ જમીનનું અંતર છે. વાતો કરવા ય જાણે, હું બધું જાણું તેમ કહેવરાવવા ય જાણે. હૈયાથી માને તો અંતરમાંથી અવાજ આવે કે આ થાય, આ ન જ થાય !
- ભગવાનની દીક્ષા સમજીને સુખ માત્રના ત્યાગ અને દુઃખોને આમંત્રણ આપવા માટે છે.
- 'કોઈપણ ધર્મ ઈચ્છિત સુખ મેળવવા અને નહિ ગમતા દુઃખના નાશ માટે કરાય' તેમ કહેનાર ઉન્માર્ગદિશક છે.
- દુઃખના કાયર અને સુખના લાલચુ બનાવનારા ભવપ્રાણોના ઘાતક છે.
- સમકિતી એટલે સંસારરૂપી સાગરમાં રહેનારો પણ તેમાં નહિ ડૂબવાની તાકાત ધરાવનારો જીવ !
- ધર્મ મોહને મારવા માટે કરવાનો છે નહિ કે પોષવા.
- ભગવાનની ભક્તિ કરનાર ભકતને 'સંસાર તારકો છે, મોક્ષ જ પોતાના છે.'
- કર્મની સાથે રહેવા છતાં, કર્મજન્ય અવસ્થા ભોગવવા છતાં પણ ભગવાનની આજ્ઞા યાદ રાખીને જીવે તે કર્મની આધિનતાથી છૂટયો કહેવાય.
- જ્ઞાની-સંસાર કર્મથી જ. ધર્મ ક્ષયોપશમ ભાવથી જ.
- આખો સંસાર ઉદયભાવ છે. સંસારની સુખસામગ્રી સારી લાગે, મીઠા મધ જેવી લાગે અને દુઃખ - દુઃખની સામગ્રી ખરાબ લાગે, કડવી ઝેર જેવી લાગે તે ઉદય ભાવ છે. સુખ અનર્થ કરનારું અને દુઃખ ભલું કરનારું લાગે તે ક્ષયોપશમભાવ છે.
- કર્મનો માલિક મોહ છે. મોહને મારવા દીધા તે ચક્રરત્ન જેવી છે.
- જૈનશાસનની દીક્ષા સુખ માત્રના ત્યાગ અને દુઃખોને મજેથી વેઠવા માટે છે.

प्रचण्ड पुण्यप्राग्भार शालिनां, तेजोजितांशुमालिनां
श्रुतसागर॥ - पारगामिनां, श्रीमतां विजयरामचन्द्रसूरीश्वराणां गुणवैभवं कीर्तयन्ती

सानुवादा स्तुतिधारा

रचना कर्ता : हितवर्धनविजयो मुनिः

भूमिका

नाम। जपनीयं यत् स्थापनातोऽर्च्यमन्वहम् ।
द्रव्य। ऽगम्यरूपं यद् भावादार्हन्त्य माश्रिये ॥१॥

सरस्। तीञ्च संस्मृत्य समादृत्य गुरोः पदौ ।
शब्द।द्धं करिष्यामि सूरिरामस्य गौरवम् ॥२॥

(૧) નામ નિક્ષેપે જે જાપને યોગ્ય છે...
(૨) સ્થાપના નિક્ષેપે જે હમેશાં પૂજનીય છે...
(૩) દ્રવ્ય નિક્ષેપે જે અગમ્ય સ્વરૂપ ધરે છે...
(૪) એવા આર્હન્ત્યનો ભાવથી આશ્રય સ્વીકારું છું. ॥૧॥

સરસ્વતીમાતાનું સંસ્મરણ કરીને અને ગુરુચરણોનો આદર કરીને શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ ના ગુણવૈભવને હું શબ્દબધ્ધ કરીશ. ॥૨॥

મૂલમ્ - (अनुष्टुप् - छन्दः)

वाग्दे।व्या वपसो जेता बुद्धितश्च बृहस्पतेः ।
ज्ञान-वेज्ञान भण्डारो रामचन्द्रः स मे गुरुः ॥१॥

(૧) વાણી દ્વારા સરસ્વતીને જીતનારા...
(૨) બુદ્ધિ દ્વારા બૃહસ્પતિને જીતનારા...
(૩) અને જ્ઞાન તેમજ વિજ્ઞાનના ભંડાર સમા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧॥

विता।ोयशसां पुञ्जः कृपा कल्लोलशालिनी ।
अगा।ोऽनुग्रहोयस्य रामचन्द्रः स मे गुरुः ॥२॥

(૧) જેમના યશનો પુંજ સુવિસ્તૃત છે...
(૨) જેમની કૃપા સાગરના કલ્લોલ જેવી વિશાળ છે...
(૩) અને જેમની અનુગ્રહ બુદ્ધિ અગાધ છે... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨॥

अघस।ातसंहारी संपुष्ट - पुण्यकाननः ।
संवृत्तः शिष्यसङ्घैश्च रामचन्द्रः स मे गुरुः ॥३॥

પાપોના સમૂહનો સંહાર કરનારા, પુન્યના ઉપવનથી પુષ્ટ બનેલા અને શિષ્યવલયથી વીંટળાયેલા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩॥

चरित्रं निस्कलङ्कञ्च वाणी पीयूषधोरणी ।
कामशून्यं मनो यस्य रामचन्द्रः स मे गुरुः ॥४॥

(૧) જેમનું ચારિત્ર કલંક રહિત છે...
(૨) જેમની વાણી અમૃતની ધારા સમી છે...
(૩) અને જેમનું માન વિકારશૂન્ય છે...

એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસુરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૪॥

धर्मसंयुगनिर्माता माता शिष्यशतस्य च ।
साम्येन परिनिर्वाता रामचन्द्रः स मे गुरुः ॥५॥

ધર્મયુગનું નિર્માણ કરનારા, સમાધિપૂર્ણ રીતે સ્વર્ગગમન પામનારા અને સેંકડો શિષ્યોની ગુરુમાતા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫॥

विरलं यस्य चारित्रं वक्तव्यं पारगामि च ।
जिनधर्म-धुरन्धारी रामचन्द्रः स मे गुरुः ॥६॥

(૧) જેમનું ચારિત્ર વિરલ હતું...
(૨) જેમનું વ્યકતવ્ય શાસ્ત્રોના પારને પામનારું હતું...
(૩) જેઓ જિનશાસનના ધુરન્ધર પુરૂષ હતા...

એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬॥

सम्यग्दर्शन-संयाता नियन्तोत्सूत्रभाषिणाम् ।
वैराग्यामृतपाता च रामचन्द्रः स मे गुरुः ॥७॥

સમ્યગ્દર્શનનું પ્રકાશન કરનારા, ઉત્સૂત્રભાષીઓને કાબૂમાં લેનારા અને વૈરાગ્યની સુધા પાનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭॥

नाऽशक्तः संयमाचारे नाऽऽसक्तो भोगताण्डवे ।
विरक्तोऽहर्निशं योगी रामचन्द्रः स मे गुरुः ॥८॥

(૧) સંયમના આચારોમાં જેઓ અશકત નથી...
(૨) ભોગસુખોના તાંડવમાં જેઓ આસકત નથી...
(૩) અને જેઓ સદૈવ વિરકતયોગી રહ્યા છે... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૮॥

श्रोतृवृन्दमनोवेधी श्रुतज्ञानमहानिधिः ।
चिदानंदरसास्वादो - रामचन्द्रः स मे गुरुः ॥९॥

શ્રોતાવર્ગનો મનોવેધ કરનારા, શ્રુતજ્ઞાનની નિધિ સમા અને ચિદાનંદ સુખના રસાસ્વાદ જેવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૯॥

लोकवृन्दै महामान्यः संमान्यो जिनशासने ।
वाण्या शास्त्रशतैर्मान्ये रामचन्द्रः स मे गुरुः ॥१०॥

લોકવૃન્દ દ્વારા બહુમાન્ય બનેલા, જિનશાસનમાં સંમાન્ય બનેલા અને વાણી દ્વારા સેંકડો શાસ્ત્રપ્રમાણોની માન્યતા પામેલા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૦॥

वणिवृन्दवृषा श्रीमान् पुण्यपालिप्रभञ्जनः ।
सन्मतिमन्दसञ्चारः रामचन्द्रः स मे गुरुः ॥११॥

મુનિમંડલના અધિપતિ, પુન્યના તરંગોને વિકસાવનારા ચક્રવાત સમા અને સન્મતિનું હવામાન સંચારનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૧॥

विरागो दीप्तिमांश्चित्तेऽनुरागो जिनशासने ।
साहसानां तगोये रामचन्द्रः स मे गुरुः ॥१२॥

(૧) જેમના ચિત્તમાં વૈરાગ્ય ઝળહળે છે...
(૨) અને જૈનશાસન પ્રત્યેનો અનુરાગ ઝગમગે છે...
(૩) સાહસિકતાના સરોવર જેવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૨॥

आपत्सामवरोधश्च विपदामवबोधवान् ।
आगमाऽवगमः साक्षात् रामचन्द्रः स मे गुरुः ॥१३॥

અપરાધોને અવરોધનારા, વિપત્તિઓને પચાવનારા અને આગમોના સાક્ષાત્ અવગમ (જ્ઞાન) સમા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥ ૧૩ ॥

विजेता विषयौघस्य नेताऽर्हच्छासनस्य च ।
जेता दुर्मतचक्रस्य रामचन्द्रः स मे गुरुः ॥१४॥

પાંચે વિષયોના સમૂહને જીતનારા, જિનશાસનનું નેતૃત્વ કરનારા અને કુમતના વિષચક્રને નાથનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૪॥

वज्रादपि कठोरो यः प्रसूनादधिकं मृदु ।
चेतो लोकत्तरं यस्य रामचन्द्रः स मे गुरुः ॥१५॥

જેમનું ચિત્ત વજ્રથી પણ વધુ કઠોર હતું અને પુષ્પથી પણ વધુ કોમળ હતું એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૫॥

रक्षादक्षमनोवृत्तिः कक्षादक्षा च भारती ।
प्रौढिमं यस्य माहात्म्यं रामचन्द्रः स मे गुरुः ॥१६॥

(૧) જેમની મનોવૃત્તિ શાસનરક્ષામાં દક્ષ છે...
(૨) જેમની વાણી શ્રોતાઓની કક્ષાને પરખવામાં દક્ષ છે...
(૩) જેમનું માહાત્મ્ય પ્રૌઢ જણાય છે... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૬॥

श्रुतसागरमर्मज्ञ - स्तिथि तथ्य प्रकाशकः ।
उद्देष्टा मुक्तिमार्गस्य रामचन्द्रः स मे गुरुः ॥१७॥

શ્રુતસાગરના મર્મને જાણનારા, મુક્તિમાર્ગને ઉપદેશનારા અને સત્યતિથિમાર્ગનું ઉદ્ઘાટન કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૭॥

मोक्षेषु निहितोरागो विरागः सततस्रवी ।
सूरीश - ततिपुन्नागो - रामचन्द्रः स मे गुरुः ॥१८॥

મોક્ષતત્ત્વમાં જેમનો રાગ નિહિત (સ્થાપિત) થયો છે, સતત પ્રવાહશીલ વૈરાગ્યના જેઓ સ્વામી છે અને સૂરિવરોમાં જેઓ શિરમોર છે એવા શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૮॥

मनसा मेरूणां जेता कर्मणा वायुमण्डलम् ।
वादे वादे विजेता ये - रामचन्द्रः स मे गुरुः ॥१९॥

મનોબળ દ્વારા મેરૂપર્વતને જીતનારા, કાર્યબળ દ્વારા હવામાનને પલટાવનારા અને પ્રત્યેક વાદોમાં વિજેતા બનનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૧૯॥

भवान्धुसमुद्धारः प्रकाश श्चार्हतात्मनाम् ।
अन्तरातिसंहारो रामचन्द्रः स मे गुरुः ॥२०॥

સંસારના અંધારા કૂવામાંથી ઉદ્ધારનારા, અરિહંતનો આભાસ કરાવનારા અને અભ્યન્તર શત્રુઓને હણનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૦॥

कषाय-विषयग्रामे सदामुद्रित मानसः ।
मोक्षैकतमनो मान्यो-रामचन्द्रः स मे गुरुः ॥२१॥

વિષય અને કષાયોના સમૂહમાં સદાય શૂન્યમનસ્ક રહેનારા અને નિર્વાણપદમાં ચિત્તનું આરોપણ કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૧॥

सर्वशास्त्रेषु प्रवीणा सर्वविषयविस्तृता ।
यन्मतिः पारगामिनी रामचन्द्रः स मे गुरुः ॥२२॥

જેમની મતિ સર્વ શાસ્ત્રોમાં નિપુણતા ધરાવે છે, સકળ વિષયોમાં વ્યાપ ધરાવે છે તત્ત્વના પારને પામનારી છે એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૨॥

प्रत्यर्नीका भुजङ्गय गरुत्मान् विषनाशकः ।
वादिमातङ्गसिंहश्च रामचन्द्रः स मे गुरुः ॥२३॥

ઝેરી સાપ જેવા પ્રત્યનીકોને નાથવા ગારૂડિક જેવા અને વાદિહસ્તીઓને હણનારા કેશરીસિંહ સમા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૩॥

यस्या ऽसक्ता जिनेबुद्धिः श्रेयसि भविनां रतिः ।
सर्वज्ञशासनश्रेयान् रामचन्द्रः स मे गुरुः ॥२४॥

(૧) જેમની બુદ્ધિ જિનેશ્વરદેવ પર આસક્ત બની છે...
(૨) જેમને ભવ્યજીવોના કલ્યાણમાં રસ છે...
(૩) અને જેઓ જૈનશાસન માટે શ્રેયસ્કર છે... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૪॥

नाम पुण्यप्रभाशालि प्रतिभा शक्तिशालिनी ।
यस्य कीर्तिर्जगद्व्याप्ता रामचन्द्रः स मे गुरुः ॥२५॥

(૧) જેમનું નામ પણ પુન્યશાળી છે...
(૨) જેમની પ્રતિભા ગેબી શકિત ધરાવે છે...
(૩) અને જેમની કીર્તિ જગમશહૂર બની છે... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૫॥

उन्मार्गमूलविच्छेदी सज्ज्ञछेद्यज्ञान सन्ततेः ।
सुमनसां तमश्छेदी रामचन्द्रः स मे गुरुः ॥२६॥

ઉન્માર્ગોને મૂળથી ઉખેડનારા, અજ્ઞાનની પરંપરાને નષ્ટ કરનારા અને ભવ્યજીવોના મનસ્તામસને છેદનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૬॥

माहात्म्ये मेरुपर्वतः प्रकाश युदितो रविः ।
युगप्रधानसंकाशो रामचन्द्रः स मे गुरुः ॥२७॥

મેરૂપર્વત જેવું ઉત્તંગ મહાત્મ્ય ધરાવનારા, ઉગતા સૂર્ય જેવી આભા ધરાવનારા અને યુગપ્રધાન પુરૂષોની ઝાંખી કરાવનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૭॥

अवधानः श्रुताब्धीनां सावधनो, द्विषांछिदे ।
सम्यग्दृशां वरप्राप्ती रामचन्द्रः स मे गुरुः ॥२८॥

શ્રુતસાગરની લય જેવા, પ્રત્યનીકોને છેદવા માટે સાવધાન રહેનારા અને સમ્યક્ત્વનું શ્રેષ્ઠ કોટીનું વરદાન નીવડનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૮॥

विप्लवव्याधि विध्वंसः प्रतापश्चखलङ्कषः ।
रूपराजी महोत्तंसो रामचन्द्रः स मे गुरुः ॥२९॥

વિપ્લવ નામના રોગને ધ્વસ્ત કરનારા, શત્રુઓ ઉકળી ઉઠે એવો પ્રતાપ ધરાવનારા અને અદ્ભુત રૂપરાજીના સ્વામી શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૨૯॥

भक्तमानससंमोहः शिष्यामण्डलनायकः ।
सौभाग्यसीमरेखोऽसौ रामचन्द्रः स मे गुरुः ॥३०॥

ભકતોના માનસને સંમોહિત કરાનારા, શિષ્યમંડલીના નાયક અને સૌભાગ્યની સીમારેખા સમા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૦॥

शिष्यमण्डलसेव्यात्मा पूज्यात्मा भवि संसदा ।
प्रकृति-कृतिसौम्यात्मा रामचन्द्रः स मे गुरुः ॥३१॥

(૧) પ્રકૃતિથી જ જેઓ સૌમ્ય છે...
(૨) આશ્રિતો માટે જેઓ સેવ્ય છે....
(૩) અને સભાજનો માટે જેઓ પૂજ્ય છે... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૧॥

दीनोद्धारद्रुतात्मा यो महात्मा संयमौजसा ।
धूतात्मा विषयग्रामे रामचन्द्रः स मे गुरुः ॥३३॥
(૧) દીનજનોના ઉદ્ધાર માટે જેઓ સંવેદના ધરાવે છે...
(૨) વિકારો તરફ જેઓ ધૃણા ધરાવે છે...
(૩) અને સંયમના પ્રચંડ તેજ દ્વારા જેઓ વાસ્તવિક મહાત્મા ઠરે છે; એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૩॥

वैराग्यवल्लभाभर्ता मिथ्यात्वाऽन्तककौशिकः ।
स्याद्वादवादसंविद्वान् रामचन्द्रः स मे गुरुः ॥३३॥

વૈરાગ્યસુન્દરીના સ્વામી, સ્યાદ્વાદ સિદ્ધાંતના મૂર્ધન્ય વિદ્વાન અને મિથ્યાત્વના કાળીનાગનું દમન કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૩॥

विवेकदृष्टिविस्फूर्तो मूर्तः संयमकर्मणि ।
विश्रुतो-भारते वर्षे रामचन्द्रः स मे गुरुः ॥३४॥

વિસ્ફૂર્ત વિવેકદ્રષ્ટિના સ્વામી, સંયમયોગોમાં સદાય અપ્રમત્ત રહેનારા અને ભારતવર્ષમાં સર્વત્ર સુપ્રસિદ્ધ બનનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૪॥

महातेजा महास्थामा महौजा जिनशासने ।
विश्ववन्द्यगुणाग्रामो रामचन्द्रः स मे गुरुः ॥३६॥

અદ્ભુત તેજસ્વી, અનુપમ ઓજસના સ્વામી, આત્મવિશ્વાસથી ભરપૂર અને વિશ્વવંદનીય ગુણસંપદાને ધરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૫॥

शाश्वत्याः संपदोदाता त्राता संसारकाननात् ।
हृदयंगमदेष्टा यो रामचन्द्रः स मे गुरुः ॥३६॥

શાશ્વત સંપત્તિનું દાન કરનારા, સંસાર સ્વરૂપ ઘોર અટવીથી ઉગારનારા અને હૃદયંગમ વ્યાખ્યાનની વર્ષા કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૬॥

विवोढा मोक्षलक्षस्य व्युद्गाता तत्त्वमर्मणः ।
शुद्धश्रामण्यसंवोढा रामचन्द्रः स मे गुरुः ॥३७॥

મોક્ષૈકલક્ષિતાને વરેલા, તત્ત્વોના મર્મનું પ્રકાશન કરનારા અને વિશુદ્ધ કોટીના સંયમજીવનનું વહન કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૭॥

गुरुवृन्दैरनुज्ञाता विज्ञाता स्व - पराऽऽगमे ।
गच्छकौशल्यनिर्माता रामचन्द्रः स मे गुरुः ॥३८॥

ગુરૂપરંપરા દ્વારા માન્યતાને પામેલા, સ્વદર્શન અને ઈતરદર્શનના આગમોનું તલસ્પર્શી અધ્યયન કરનારા તેમજ ગચ્છની કુશળતાનું નિર્માણ કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૮॥

घोषणाऽभयदानस्य गर्जना सत्यवाहिनी ।
धर्मकाननसिंहश्च रामचन्द्रः स मे गुरुः ॥३९॥
(૧) જેમણે જગન્માત્રમાં અભયદાનની ઉદ્ઘોષણા કરી...
(૨) જેમણે સત્યના પડછંદા પાડતી ગર્જનાઓ કરી...
(૩) જેઓ ધર્મવનમાં સિંહની જેમ વિહર્યા... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૩૯॥

जिनशासनरक्षायै दक्षचिता च कामना ।
पुण्यं यस्य जगद्वन्द्यं रामचन्द्रः स मे गुरुः ॥४०॥
(૧) જેમની કામના હતી; જિનશાસનને રક્ષવાની...
(૨) જેમનું પુણ્ય જગદતિશાયી હતું... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૪૦॥

काङ्क्षा दोषविनाशस्य काया च ब्रह्मणोज्ज्वला ।
यस्य वाणी तपोजन्मा रामचन्द्रः स मे गुरुः ॥४१॥
(૧) જેમની કાંક્ષા હતી; દોષોને પ્રણષ્ટ કરવાની...
(૨) જેમની કાયા હતી; બ્રહ્મચર્યથી ઉજ્જવળ બનેલી...
(૩) જેમની વાણી હતી; તપસ્યાથી જનિત બનેલી...
એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૪૧॥

इच्छा लोकोपकारस्य वाञ्छा संयमपालने ।
प्रार्थना परमार्थस्य रामचन्द्रः स मे गुरुः ॥४२॥
(૧) જેમની ઈચ્છા હતી; લોકોપકાર કરવાની...
(૨) જેમની વાંછા હતી; વિશુદ્ધ જીવન જીવવાની...
(૩) જેમણે પ્રાર્થના કરી; કેવળ મોક્ષની... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૪૨॥

लालसा सिद्धिसङ्गस्य सङ्कल्पः श्रुतसंनिधेः ।
यस्य दृष्टिः कृपावृष्टी रामचन्द्रः स मे गुरुः ॥४३॥
(૧) જેમનો સંકલ્પ હતો; શ્રુતજ્ઞાનનું વિપુલ ઉપાર્જન કરવાનો...
(૨) જેમની લાલસા હતી; સિદ્ધિગતિને ભેટી પડવાની...
(૩) જેમની દ્રષ્ટિ હતી; કૃપાની વૃષ્ટિ સર્મ ...એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ૪૩॥

પ્રતિબંધ - આસક્તિ, રાગ-ની અનર્થકારિતા અંગે

(શ્રી સંવેગરંગશાળામાંથી - શ્લોક ૭૪૯૯ થી ૭૫૪૦ ના આધારે)

- અભ્યાસી

શ્રી જિનવચનના પરમાર્થને પામેલા મહાપુરૂષો પ્રતિબંધને આસક્તિ - રાગરૂપ કહે છે. આસક્તિની આધીનતા શું શું નથી કરાવતી- તે સૌના અનુભવમાં છે. તેની અનર્થકારિતાથી બચાવવા તે આસક્તિરૂપ પ્રતિબંધના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર ભેદ સમજાવે છે.

તેમાં દ્રવ્ય પ્રતિબંધ તેના જાણ પુરૂષો વિષયના ભેદથી નવ પ્રકારે કહે છે. તે આ રીતે - સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણે ભેદે દ્રવ્ય હોય છે. અને તે દરેકના દ્વિપદ, ચતુષ્પદ અને અપદ એમ ત્રણ ભેદ ગણતાં ૩×૩=૯ પ્રકારે તે થાય છે. તેમાં પહેલો ભેદ પુરૂષ, સ્ત્રી, પંપટ આદિમાં, બીજો ભેદ હાથી, ઘોડા આદિમાં, ત્રીજો ભેદ પુષ્પ-ફલ આદિમાં, સચિત્ત દ્રવ્યગત જાણવો. ગાડાં, રથ આદિમાં ચોથો, પાટ - પલંગ - ખાટલાદિમાં પાંચમો અને સુવર્ણ આદિમાં છઠ્ઠો - એમ અચિત્ત દ્રવ્ય સંબંધી જાણવો, સાતમો ભેદ વસ્ત્રાલંકાર સહિત પુરૂષાદિમાં, આઠમો ભેદ અંબાડી - અલંકાર સહિત હાથી ઘોડાદિમાં અને નવમો ભેદ પુષ્પમાલા આદિમાં મિશ્ર દ્રવ્યગત જાણવો.

ગામ, નગર, ઘર, દુકાન આદિમાં જે પ્રતિબંધ તે ક્ષેત્ર પ્રતિબંધ કહેવાય છે.

વસંત, શરદ આદિ છ ઋતુમાં કે રાત્રિ - દિવસમાં જે આસક્તિ તે કાળ પ્રતિબંધ જાણવો.

સુંદર અને મનોહર મનગમતા આકર્ષક શબ્દ - રૂપ આદિમાં જે ગૃદ્ધિ અથવા ક્રોધ - માનાદિનો જે અત્યાગ તેને ભાવ પ્રતિબંધ કહેવાય છે.

આ ચારે પ્રકારનો કરાતો પ્રતિબંધ પરિણામે દુરન્ત ભયાનક લાંબાકાળના દુઃખને આપનારો છે. માટે ઉપકારી પરમર્ષિઓ કહે છે કે, જો તમારે દુઃખ જોઈતું નથી અને ઈષ્ટ સુખોને જોઈએ છે તો આ પ્રતિબંધનો ત્યાગ કરવો શ્રેયસ્કર છે કારણ કે જેટલો જેવા પ્રમાણનો પ્રતિબંધ તેવું દુઃખ પ્રાપ્ત થાય છે. અને આપણા સૌના અનુભવની આ વાત છે. જ્ઞાનિઓ હંમેશા મૂળ જોઈને તેનું નિદાન કરનારા હોય છે. જો તમારે અનર્થો - આપત્તિઓની પરંપરાથી બચવું હોય તો પ્રતિબંધનો ત્યાગ કરો. જો તે આસક્તિનો ત્યાગ નહિ કરો તો ઈચ્છા હોય કે ન હોય અનિષ્ટો આવવાના જ છે.

જો કોઈ એમ કહે કે, પ્રતિબંધ કરવામાં વાંધો શું ? તો તેના સમાધાનમાં જ્ઞાનિઓ આપણી આંખ ખોલતાં કહે છે કે, પ્રતિબંધ કરવામાં વાંધો તો કોઈ નથી જો તેના વિષયભૂત વસ્તુઓમાં કાંઈ ઉત્તમતા, શ્રેષ્ઠતા કે સારાપણું હોય તો. પરંતુ તેનામાં જરાપણ સારાપણું દેખાતું નથી કે અનુભવાતું પણ નથી. જો સારાપણું નથી તો તેને કયો મૂરખ પણ કરે ? આ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે- સંસારમાં ઉત્પન્ન થતી સઘળીય વસ્તુઓ - પદાર્થો, સ્વભાવથી જ ક્ષણભંગુર - વિનશ્વર, અસાર અને તુચ્છ છે તો તેમાં સારપણું હોય તો તમે જ બતાવો. જે આ રીતે - આ કાયા ગમે તેટલી રૂડી રૂપાળી હોય તો પણ હાથીના કાનની જેમ ચંચળ છે. આ કાયાને ગમે તેટલી સાચવો - નવરાવો - ધોવરાવો - ટાપટીપ કરો -પણ અંતે તે વાંકી જ ચાલવાની છે. ક્ષણ બે ક્ષણમાં હતી તેવી જ થવાની છે. રૂપ પણ વિજળીની જેમ જોયું ન જોયું તેમ ક્ષણમાં નાશ પામનારું છે, સુંદરમાં સુંદર સૌભાગ્ય પણ ચોક્કસ નાશ પામનારું છે, યૌવન પણ પરિમિત - અલ્પકાલીન છે, લાવણ્ય પણ અંતે વિવર્ણતાને - કરૂપતાને પામનારૂં છે. ઈન્દ્રિયો પણ વિકલતા - શિથિલતાને પામે છે, કહેવાતું સરસવ જેટલું સુખ પણ મેરૂપર્વત સમાન ઘણા દુઃખોના સમૂહથી વ્યાપ્ત છે અર્થાત્ સરસવના દાણાની જેમ અલ્પ એવું ઈન્દ્રિય કે કષાયજન્ય સુખ મેરૂની જેમ ઘણા મોટા દુઃખોને આપનારું છે. બળ પણ નાશ પામનારું છે, આ જીવન પણ પાણીના પરપોટાની જેમ ક્ષણિક છે, પ્રેમ પણ સ્વપ્ન સમાન મિથ્યા છે- પરસ્પર ઘણો જ પ્રેમ દેખાતો હોય તો પણ તે જ્યાં સુધી અનુકૂળ અને આકર્ષણ હોય ત્યાં સુધી જ છે. બધી લક્ષ્મી - સુખ - સમૃદ્ધિ - સાહ્યબી -

છાયા સમાન છે, કામ - ભોગો ઈન્દ્રધનુષ્યની જેમ દેખાવે મીઠાં - મધુરા - આકર્ષણ પણ અંતે વિરસ તુચ્છ લજ્જનીય છે - નાશવંત છે. સઘળાય સંયોગો અગ્નિની શિખા સમાન છે અર્થાત્ વિયોગવાળા છે અને એવી બીજી બાકીની પણ કોઈ વસ્તુ નથી જે શાશ્વત - કાયમ રહેવાના સ્વભાવવાળી હોય. આ રીતે સઘળી ય સંસારજન્ય વસ્તુ - પદાર્થોમાં સુખને માટે પણ કરાતો પ્રતિબંધ - રાગ, પરિણામે દુઃખદાયી છે. આજ સુધી આપણા સંસારનો અંત ન આવ્યો તેનું કારણ પણ આ પ્રતિબંધ - રાગ જ છે. વળી હે ભદ્ર ! તું નિશ્ચે સ્નેહી - સ્વજન - સંબંધી - બંધુવર્ગની સાથે જન્મ્યો નથી અને તેઓની સાથે મર્યો પણ નથી કે મરનાર પણ નથી તો પછી હે સુંદર ! તેઓ ઉપર પ્રતિબંધ - રાગ કરવાથી સર્યું. જો સાથે જ જન્મ્યા સાથે જ જીવ્યા અને સાથે જ મર્યા - મરતા હો તો હજી તું રાગ કરે તે ક્ષંતવ્ય બને પણ આવું તો બનતું જ નથી. તેમજ અનાદિ કાલીન આ સંસાર રૂપી સમુદ્રમાં જીવો કર્મરૂપી મોટાં મોટાં મોજાઓનાં વેગથી આમથી તેમ ભટકતા, પરસ્પર સંયોગ અને વિયોગને પામે છે, જોડાય છે અને પાછા વિખૂટા પડે છે તો કોણ કોનો બંધુ - સ્નેહી છે ? વળી વારંવાર જન્મ - મરણરૂપ આ સંસારમાં લાંબાકાળથી ભમતો એવો કોઈ જીવ નથી, કે જે પરસ્પર અનેકવાર સ્નેહી - સંબંધી - સ્વજન - બંધુ આદિ થયો ન હોય ! અર્થાત્ બધાને, બધાની સાથે બધા જ પ્રકારના સંબંધો બાંધ્યા છે.

'ઈચ્છા હોય કે ન હોય, ગમે કે ન ગમે પણ અંતે તો જેને છોડીને જ જવાનું છે તે વસ્તુ આત્મીય - પોતાની તો કેમ જ બને ?' આ પ્રમાણે ભાવીને પારમાર્થિક તત્ત્વવેત્તાઓ આ શરીરના રાગનો પણ ત્યાગ કરે છે. જો વિવિધ પ્રકારની સેવા - ભક્તિ - સારસંભાળ - શુશ્રુષા કરવા વડે ચિરકાળ સુધી સાચવવા છતાં ય આ શરીર જો અંતે પોતાના વિકારને બતાવે છે નાશ પામે છે તો બીજી વસ્તુઓની તો બાકીના પદાર્થોની આશા જ શું રાખવી ? વાત શું કરવી ? અર્થાત્ શરીર પણ નાશ પામનારું છે તો બીજા પદાર્થો પણ નાશ પામનારા છે. તો એવો કયો પદાર્થ બાકી રહ્યો જેના પર તું રાગ કરી આત્મહિત સાધી શકે ? પ્રતિબંધ એ બુદ્ધિને હરનાર છે, અતિ કઠોર બંધન છે, સંસારના સમૂહને વધારનાર છે, માટે હે ધીર ! તું પ્રતિબંધનો ત્યાગ કર તો જ તારું કલ્યાણ છે. વળી હે મહાયશ ! જો તું એકદમ સર્વથા પ્રતિબંધનો ત્યાગ કરવા સમર્થ ન હોય તો અતિપ્રશસ્ત વસ્તુને વિષે પ્રતિબંધ - રાગ કર. કારણ કે શ્રી તીર્થંકર પરમાત્મા અને સુવિહિત મુનિજનોને વિષેનો રાગ વર્તમ નકાલીન સરાગી સંયમીઓને માટે ચોક્કસ પ્રશસ્ત રૂપ છે. અથવા મોક્ષ સુખ સાધક ગુણોની સાધનમાં સહાયક અવસરરૂપ કાળમાં અને શિવસુખ સાધક ગુણોની સાધનામાં સહાયભૂત એવા દ્રવ્યોમાં, શિવસુખ સાધક ગુણોની સાધનામાં અનુકૂળ એવા ક્ષેત્રોમાં, શિવ સુખ - સાધક ગુણો રૂપ ભાવમાં પણ પ્રતિબંધને કર. આ રીતે સુદેવ - સુગુરૂ - સુધર્મ - ધર્મી અને ધર્મનાં સાધનોમાં તું રાગ કર. પણ સાથે સાથે એ પણ યાદ રાખજે કે- પારમાર્થથી તો આ પ્રશસ્ત પદાર્થોને વિષે રાગ કરવો - પ્રતિબંધ રાખવો, તેને પણ કેવલજ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશને રોકનાર કહ્યો છે. અર્થાત્ પ્રશસ્તકોટિનો પ્રતિબંધ પણ કેવળજ્ઞાનને રોકે છે. એથી જ જગદ્‌ગુરુ શ્રી વીરવિભુને વિષે પણ પ્રતિબંધથી ઊંડે ઊંડે પણ સ્નેહરાગના કણિયાથી - બંધાયેલા પ્રથમ ગણધરદેવ શ્રી ગૌતમસ્વામિ મહારાજાને પણ લાંબાકાળ સુધી ઉત્તમ નિરતિચાર ચારિત્રને પાળવા છતાં પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થઈ - માટે હે દેવાનુપ્રિય ! જો આ સંસારમાં તુચ્છ વસ્તુ વિષેનો પણ આસકિત રૂપ રાગ આવા પ્રકારના કેવલજ્ઞાનાદિ આત્મગુણોને રોકનાર બાધક પરિણામવાળો છે તો તેનાથી સર્યું. અર્થાત્ તેવા પ્રતિબંધનો પણ ત્યાગ કર.

વળી, જીવ સુખનો અર્થી છે, અને અ સંસારમાં સુખની પ્રાપ્તિ પ્રાયેઃ કરીને સંયોગથી થાય છે, તેથી જીવ પણ સુખને માટે દ્રવ્યાદિની સાથે સંયોગને ઈચ્છે છે. પરન્તુ શાંતિથી વિચાર કે, દ્રવ્યો પણ અનિત્ય હોવાથી તેનો નાશ નિત્ય ચાલુ છે, ક્ષેત્રો પણ સદાને માટે પ્રીતિકર બનતા નથી, કાળ પણ પરાવર્ત્તન પામે છે - બદલાતો રહે છે, અને ભાવ પણ હંમેશા એક સ્વભાવવાળો નથી. તેમજ કોઈને પણ તે તે દ્રવ્યાદિ સાથે જો કોઈપણ સંયોગ પૂર્વે થયો હોય, વર્તમાનમાં થતો હોય કે ભાવિમાં થવાનો હોય, તે સઘળો ય સંયોગ અંતે તો ચોક્કસ વિયોગવાળો જ છે. આ પ્રમાણે જો

દ્રવ્યાદિ સાથેના સંયોગો પણ અંતે નિયમા વિયોગવાળા જ છે, તો દ્રવ્યાદિમાં કરાતા પ્રતિબંધ - રાગથી કયા ગુણની પ્રાપ્તિ થશે ?

વળી, એ પણ ભૂલવા જેવું નથી કે જીવ દ્રવ્ય વગેરે દ્રવ્યોનું પરસ્પર અન્યત્વ - જુદાપણું છે અને અન્યને આધીન જે સુખ, તે પરવશ હોવાથી દુઃખ જ છે. પરવશતા કે પરાધીનતા દુઃખરૂપ છે તે સૌના અનુભવમાં છે. તેથી હે ચિત્ત ! જો તું પહેલેથી જ પરાધીન એવા સુખમાં પ્રતિબંધ ન કરે, તો તેના વિયોગથી થનારા દુઃખને પણ તું ન જ પામે. પરંતુ મોહમૂઢ જીવ સંસારના પદાર્થોના સમૂહમાં સુખમાત્રની કલ્પનાથી જેમ જેમ રાગને કરે છે તેમ તેમ ગાઢ અને અતિગાઢ - ચીકણાં, અતિચીકણાં નિકાચિત - એવાં કર્મોને બાંધે છે. સુખની તીવ્ર લાલસાથી પેદા થયેલી મૂઢતાના કારણે તે બિચારો ગરીબડો એટલું પણ વિચારતો નથી, કે જે પદાર્થમાં પ્રતિબંધ કરું છું તે તે પદાર્થ ચોક્કસ વિનાશી, અસાર અને વિચિત્ર એવા સંસારનું કારણ બને છે. તો હે તું ખરેખર તારા આત્માના હિતને ઈચ્છે છે તો આ ભયાનક સંસારથી ભય ધારણ કર, અજ્ઞાન - મોહાધીન અવસ્થામાં કરેલાં પાપોથી ઉદ્વેગ પામ - પાપોની હૈયાપૂર્વક નિંદા - ગર્હા અને આલોચના કર તથા પ્રતિબંધ - રાગમાત્રનો ત્યાગ કર. જેમ જેમ સંયોગજન્ય આસક્તિ, સુખ, રાગનો ત્યાગ તેમ તેમ કર્મોનો અપચય - ઘટાડો થાય. જેમ જેમ તે કર્મોનો હ્રાસ તેમ તેમ પરમપદ નજીક બને. માટે હે આત્મન્ ! મુનિવર ! આરાધનામાં મનને જોડી અને સઘળાય પાપના પ્રતિબંધને સર્વથા, સર્વ રીતે હૈયાપૂર્વક ત્યાગ કરીને હંમેશને માટે આત્મરામી બન અર્થાત્ આત્માના ગુણોને મેળવવા, આત્મગુણોમાં રમણતા કરનારો થા.

આ રીતના પ્રતિબંધની અનર્થકારિતાને જાણી તેનાથી બચવા પ્રયત્ન કરવો અનિવાર્ય જરૂરી અને હિતાવહ છે. સૌ તેવો પ્રયત્ન કરી આત્મારામી બનો તે જ મંગલકામના. ■■

સંયમીને હિતશિક્ષા

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનમાં જે દુર્લભ ચીજો ચારે પ્રકારની વર્ણવી છે. તે ચારે પ્રકારની ચીજો, પુણ્યથી જે ભાગ્યશાળી આત્માઓ પામે છે તેને તેની જો ભાવથી સ્પર્શના થઈ જાય તો તેને માટે આ સંસાર સાગર મટી ખાબોચિયું બની જાય છે.

કેટલાક જીવોને સંસારનો ઉપદેશ જન્મે છે, તે પછી સ્વાભાવિકતાથી જન્મે કે ઉપદેશથી; પણ તેને 'જિનવચન' સિવાય કશું જ સાંભળવા જેવું લાગતું નથી. તે સાંભળ્યા પછી તેના હૈયામાં એ વાત નિશ્ચિત થઈ જાય છે કે, ''સુખ પણ દુઃખનું જ કારણ છે. મારું સ્થાન આ સંસાર નથી પરંતુ મુક્તિ જ છે.'' મુક્તિ જેને સાધ્ય બને તેને સમકિત સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

મનુષ્ય જન્મ મલે, શ્રી જિનવાણી મલે, તેની શ્રદ્ધા જાગે, શ્રદ્ધા જાગ્યા પછી અવિરતિનો પરિત્યાગ કરવાનું સામર્થ્ય ન આવે તો ચોથી દુર્લભચીજમાં વીર્ય ફોરવવાની વાત આવતી નથી.

જે જીવોને અવિરતિ ભૂંડી લાગી, ભગવાનનું સંયમ ગમે તેટલું કષ્ટકર હોય તો પણ આત્માનું કલ્યાણ તેમાં જ છે તેવી પ્રતીતિ થઈ ગઈ છે તેવા જીવોનું કલ્યાણ થવાનું છે.

જે જીવો ભગવાનનું સંયમ પામ્યા છે તે નક્કી કરી લે કે, - મારે ભગવાનની આજ્ઞા મુજબ ગુરુની આજ્ઞામાં રક્ત થઈ સંયમની સાધના સિવાય કશું કરવાનું નથી. તેના માટે 'સ્વાધ્યાય' સિવાય બીજી કોઈ અદ્ભુત ચીજ નથી. સ્વાધ્યાયમાં આનંદ પણ વિનય - વૈયાવચ્ચાદિથી આવે છે. તેમાં જ મન - વચન - કાયાનું વીર્ય ફોરવવાનો અભ્યાસ કરવા માંડે તો તેના માટે આ સંસાર સાગર નથી પણ ખાબોચિયું છે.

જે જીવો સંયમને પામી શકયા નથી તેવો પણ સંયમ મેળવવાના ભાવમાં રમે, અને પામવાનો યથાશક્તિ ઉદ્યમ કરવા માંડે તો પામનારા અને અનુમોદનાર સૌ કલ્યાણને પામે છે. આવી દશા પામો તેજ શુભાભિલાષા.

શ્રી જગજીવનદાસ શાહને ઉદ્દેશીને -

'હિન્દુ ધર્મ' અને 'જૈન સમાજ' શબ્દોનો ગૂંચવાડો

મુંબઇ સમાચારમાં જગજીવનદાસ શાહે જૈન અને હિન્દુઓ સંબંધમાં જે લખાણ પ્રસિદ્ધ કરેલું તે સંબંધમાં જણાવવું જરૂરી ધારું છું કે-

જૈન સમાજ અને હિન્દુ ધર્મ શબ્દનો પાછલી (બ્રિટિશ) સરકારના અમલદારો એવા તો વિચિત્ર ગૂંચવાડો ઈરાદાપૂર્વક કરતા ગયા છે કે તેનો ઉકેલ કૉન્ફરન્સ કે આણંદજી કલ્યાણજીની પેઢીના સંચાલકો, હાલના સરકારી અમલદારો, પ્રધાનો, તથા જૈન જૈનેતર લેખકો મહિનાઓ સુધી ચર્ચાઓ કર્યા કરે, અને ગમે તેટલા વકીલો અને બૅરિસ્ટરોની સલાહો લેવામાં આવે છતાં લાવવો મુશ્કેલ છે. સંસ્થાઓના કાર્યવાહકો થયા પછી પૂ. આચાર્ય મહારાજાઓ વગેરેની યોગ્ય સલાહ લેવાનું તેઓની પદવી અને પ્રતિષ્ઠાને કદાચ હાનિકારક લાગતું હોય!

આ ગૂંચવાડો નીચે પ્રમાણે સરકારી દફતરે દાખલ થયેલો ચાલ્યો આવતો હોય એમ જણાય છે:-

(૧) જૈન કોમ- જૈન સમાજ (૨) હિન્દુ ધર્મ.

ઉપરના બન્નેય શબ્દો ખોટા અર્થમાં સરકારી દફતરે દાખલ કરવામાં આવ્યા છે અને એકાદ પેઢી વર્તમાનપત્રોમાં એ શબ્દો વાપરવાથી લોકોને તથા સારા સારા વિદ્વાનો- આગેવાનો વગેરેને મોઢે પણ ખોટા અર્થમાં એ બન્નેય શબ્દો ચડી ગયા છે. અને ખૂબ પ્રચારમાં આવી ગયા છે, "કૂવે ભાંગ પડ્યા" પછી તેનો ફેલાવો એકદમ થઈ છે તેવું જ આમાં પણ બન્યું છે.

એક મશ્કરાએ મરણ બાદ પોતાના મિત્રોને હસાવવાની ગોઠવણ એવી કરી હતી કે મરતાં પહેલાં એના સંબંધીઓને કહી રાખેલું હતું કે "મરણ વખતે મારા પગ ઊંચા બાંધી રાખવા." બસ એટલી જ સૂચના કરી. તેને સંબંધીઓએ એ સૂચનાનો અમલ કરવાની સંમતિ આપી. તે માણસ મરણ પામ્યો.

હવે જ્યારે તેના શબને કફનની પેટીમાં મૂકવા માંડ્યું ત્યારે પ્રથમ તેને કફનમાં સુવાડ્યો, એટલે પગ અદ્ધર થયા અને પગ નીચે નમાવીને લાંબા કર્યા એટલે ઘડ બેઠું થયું. સંબંધીઓ રોવાને બદલે તમાસો જોઈ હસી હસીને હેઠા પડવા લાગ્યા. આનો છેડો શી રીતે આવે ?

તે પ્રમાણે પાછળના સરકારી વહીવટમાં વસ્તુસ્થિતિ કરતાં જુદી રીતે ગોઠવાયેલી બીજી ઘણી બાબતોની જેમ જૈન સમાજ અને હિન્દુ ધર્મ શબ્દની બાબતમાં પણ બન્યું છે.

એટલે નિર્દોષ પ્રધાનો પ્રજાનું ભલું કરવા જાય છે પરંતુ પ્રજાને ફાવતું આવતું નથી એટલે તે અટવાય છે ને પ્રધાનોનો દોષ કાઢે છે. આથી પ્રધાનોને વહીવટમાં અગવડ ન થાય તે માટે ટીકાખોરોને દબાવી કડક હાથે કામ લેવાની ભલામણો લાગતાવળગતાઓ તરફથી થાય છે.

આ બે શબ્દો શી રીતે ખોટા અર્થમાં ગોઠવાયા? અને એ બે શબ્દોના ખરા અર્થ શા છે? તે સમજ્યા વિના આ ગૂંચવાડાનો ઉકેલ સમજાય તેમ નથી.

અને કદાચ ઉકેલ સમજાય છતાં સરકારી દફતરે મોહનભાઇને બદલે મહમદભાઈ લખાઈ ગયું હોય, અથવા પ્રતિવાદીને બદલે વાદીનું નામ લખાઈ ગયું હોય તો પ્રતિવાદીને ત્યાંથી વસૂલ કરવાને બદલે વાદીને ત્યાં દંડ વસૂલ કરવાની નોટિસ પહોંચી જાય, વગેરે થયેલી ભૂલની જેમ ખરો સુધારો ન થાય ત્યાં સુધી આ ગૂંચવાડાનો નિવડો આવવાનો જ નહિ. મારી સમજ પ્રમાણે સૌથી પહેલી મહેનત સરકારી દફતરે રહેલી આ ભૂલ સુધરાવવા માટે કરવાની જરૂર છે. અને સરકાર આપણી હોવાની જ્યારે માનવામાં આવે છે ત્યારે એ ભૂલ સુધારવામાં કંઇ પણ અગવડ આવે એવી કલ્પના કરવાનો અવકાશ રહેતો નથી.

હવે એ બે શબ્દો ખોટા અર્થમાં કેવી રીતે વપરાય છે? તે ટૂંકમાં વિચારી લઈએ :-

૧. જૈન એવો કોઈ સમાજ નથી, કોમ નથી, પરંતુ જૈન ધર્મ છે. જૈન ધર્મ પાળતા સમાજો છે. કોમો છે.

૨. 'હિન્દુ' એવો કોઈ ધર્મ દુનિયામાં નથી. પરંતુ વૈદિક ધર્મ અને તેનો સંપ્રદાયો છે.

૩. હિન્દુ એક પ્રજા છે એટલે કે આધ્યાત્મિક સંસ્કૃતિયુક્ત ભારતીય આર્ય પ્રજાનું કોઈ પણ રીતે પ્રચલિત થયેલું બીજું નામ - **હિન્દુ પ્રજા** છે.

હિન્દુ પ્રજાનો મોટો ભાગ વૈદિક સંપ્રદાયોના ધર્મો પાળે છે એટલે હિન્દુ પ્રજાના મોટા ભાગથી પળાતા ધર્મ સાથે હિન્દુ શબ્દ જોડી દેવામાં આવ્યો, અને તે રીતે 'હિન્દુ ધર્મ' શબ્દ પ્રયોગ શરૂ થયો.

હિન્દુ- ધર્મ એટલે કેટલાય હિંદુઓનો ધર્મ. હિન્દુ પ્રજાના કેટલાક ભાગોનો તે હિન્દુ - ધર્મ. એ અર્થમાં હિંદુ ધર્મ વાપરવામાં ખાસ અગવડ આવે તેમ નથી. પરંતુ **ધર્મ** શબ્દના વિશેષણ તરીકે **હિન્દુ** શબ્દ વાપરવાથી "**હિન્દુ** એવો ધર્મ" એવો ખોટો અર્થ ઊભો થયો. હિન્દુ એવો કોઈ ધર્મ નથી.

જૈન ધર્મ પાળતા સમાજો - કોમો પણ પ્રજાએ તો **ભારતીય આર્યો** છે. બીજા શબ્દમા હિન્દુ પ્રજાજનો છે પરંતુ **જૈન એવી કોમ** કે **સમાજો** નથી.

જૈન સમાજ એટલે "**જૈન ધર્મ પાળતા સમાજો**" એ અર્થમાં એ શબ્દ વાપરવામાં આવે તો ખાસ અગવડ આવે તેમ નથી. પરંતુ સમાજ કે કોમ શબ્દના વિશેષણ તરીકે **જૈન** શબ્દ વાપરવાથી "જૈન એવી કોમ" એવો ખોટો અર્થ ઊભો થયો છે. જૈન ધર્મ પાળતા સમાજોની સમાજિક વ્યવસ્થા એક જુદી વસ્તુ છે અને જૈન ધર્મની ધાર્મિક વ્યવસ્થા એક જુદી વસ્તુ છે.

જૈન ધર્મની મિલકતો કોઈ વ્યકિત, કોઈ સમાજ, કોઇ કોમની, હિન્દુ પ્રજાની કે હિન્દી પ્રજાની નથી, કોઈ પણ રાજય સત્તાની નથી, કોઈ પણ દુન્યવી વ્યવહારને લગતી સંસ્થાની નથી, તે જૈન ધાર્મિક સંઘની છે. તે જ પ્રકારે જૈન ધર્મ પાળતા સમાજોની મિલકત જૈન સંઘની નથી.

સાચી વસ્તુસ્થિતિનું દિગ્દર્શન:

૧. ખરી રીતે હિન્દુ, પ્રજા ભારતીય આધ્યાત્મિક આર્ય સંસ્કૃતિને વફાદાર રહેતી આવેલી અને પ્રાચીન કાળથી જગતમાં પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવતી આવેલી ભારતીય આર્ય મહાપ્રજા છે.

૨. તેમાંનો કેટલોક મોટો ભાગ - કેટલીક કોમો - સમાજો - જ્ઞાતિઓના રૂપમાં વૈદિક દર્શનો અને સંપ્રદાયો મારફત વૈદિક ધર્મ પાળે છે.

૩. અને તે જ પ્રજાનો કેટલોક ભાગ, કેટલાક સમાજો જૈન દર્શનનો ધર્મ પાળે છે.

એ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે-

૧. પ્રાચીન કાળથી હિન્દુ આર્ય પ્રજા એક સ્વતંત્ર પ્રજા છે.

૨. તેનો કેટલોક ભાગ વૈદિક ધર્મ પાળે છે અને કેટલોક ભાગ જૈન ધર્મ પાળે છે તથા કેટલોક ભાગ બૌદ્ધ ધર્મ પણ પાળે છે.

૩. પ્રજાકીય, સામાજિક, દેશ-હિત વગેરે બાબતોમાં એક પ્રજાના હિતના કાર્યમાં, વૈદિક ધર્મ પાળનારઓ અને જૈન ધર્મ પાળનારાઓ સાથે બેસીને વિચારણા કરતા આવ્યા છે અને આજે પણ હજુ ઘણે ઠેકાણે કરે છે.

૪. ધર્મની બાબતમાં જૈન સંઘ અને વૈદિક ધર્મના જુદા જુદા સંપ્રદાયોનાં વિભાગ પોતપોતાનું ધાર્મિક હિત સ્વતંત્ર રીતે વિચારતા રહ્યા છે.

આ હિન્દમાં પરાપૂર્વથી ચાલ્યો આવતો વહીવટ છે.

કોઈ પરચુરણ દાખલાને બાદ કરતાં જૈન ધર્મ ઉપરની આફત વખતે આખી ભારતીય આર્ય પ્રજાએ સહકાર આપ્યો છે. અને વૈદિક ધર્મો ઉપરની આફત વખતે પણ આખી ભારતીય પ્રજાએ એટલે તમામ હિન્દુ પ્રજાએ-સમગ્ર આર્ય પ્રજાએ સાથ આપ્યો છે.

આમ વહીવટ હોવાને અંગે વિદેશીઓએ "બધાય હિન્દુ" એમ ગણ્યા અને તેઓનો જે કોઈ ધર્મ હોય તેને **હિંદુ ધર્મ** તરીકે ઓળખવા લાગ્યા.

ઉપરાંત "લોકો હિન્દુઓ તરીકે ઓળખાય છે. માટે તેઓનો ધર્મ પણ હિન્દુ જ ધર્મ હશે" એમ માનીને **હિન્દુ પ્રજા**ને બદલે **હિન્દુ ધર્મ** શબ્દ લાગુ કરી દીધો. પરંતુ હિન્દુ પ્રજાના મુખ્યત્વે જૈન ધર્મ અને વૈદિક ધર્મ એવા બે ધર્મ છે, એ ભેદ પાડ્યો નહીં.

હાલમાં વળી 'હિન્દી' શબ્દ નવો પ્રચારમાં આવ્યો છે તેનો અર્થ એવો ઘટાવવામાં આવ્યો છે કે- "હિન્દમાં હાલમાં રહેતા તમામ લોકોને હિન્દી કહેવા."

આથી:-

(૧) હિન્દીઓમાં મુસલમાન, પારસીઓ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આ કેટલું ન્યાયસંગત છે તે વિચારકોને વિચારવા માટે હાલ બાજુ ઉપર રહેવા દઈએ.

(૨) આ ભેદ ન સમજતાં કેટલાક લોકો હિન્દી અને હિન્દનો અર્થ એક કરી નાખે છે. પરંતુ **હિન્દુ** અને **હિન્દીના** અર્થમાં ઘણો ફરક છે તે ખ્યાલમાં રહેવું જોઈએ. હિન્દુ શબ્દ મુસલમાનો માટે લાગુ પડી શકતો નથી.

(૩) હિન્દમાં વસતા હોય કે વસવા માટે આવે તે બધા લોકો પણ હિન્દી ગણી શકાય, માટે હિન્દુને બદલે હિન્દી અને હિન્દુસ્તાન(એટલે હિન્દુઓનું સ્થાન) શબ્દ બનાવી હિન્દી શબ્દ રાખવાનો મૂળ આગ્રહ હશે.

પરંતુ:

(૧) હિન્દુ તરીકેનાં હિત સૌના જુદાં જુદાં હોય છે.

(૨) હિન્દુ તરીકેનાં હિત સૌના જુદાં જુદાં હોય છે.

(૩) એશિયાવાસી તરીકેનાં હિત સૌ એશિયાવાસીનાં જુદાં જુદાં હોય છે.

(૪) અને આખા જગતના માનવબંધુ તરીકેના જગતના સૌ માનવોનાં હિત જુદાં હોય છે.

વસ્તુસ્થિતિ આવી છતાં **જૈન, હિન્દુ, હિન્દુ ધર્મ, જૈન સમાજ, હિન્દી** વગેરે શબ્દોનો ગમે તેમ અવળોસવળો ઉપયોગ કરવામાં આવે છે તેથી અનેક પ્રકારના ગૂંચવાડા ઉભા થાય છે અને થશે. આ ગૂંચવાડાઓથી જૈન ધર્મને, તેના પાળનારાઓને, હિન્દુ પ્રજાને, વૈદિક ધર્મના સંપ્રદાયોને અને એકંદર તેના ધર્મોને શા શા નુકસાનો થયાં છે ? અને જો એ પ્રમાણે સાચા અર્થમાં સરકારી દફતરોએ સુધારો કરવામાં ન આવે તો કેવા કેવા મોટા અનર્થો નીપજાવવાની સંભાવના છે ? અને સરકારી દફતરે આ ભૂલ અજાણતાં રહી ગઇ છે કે થવા પામી છે ? યા તેની સાથે કોઇ હેતુ સંકળાયેલા છે ? તે વિચારવાનું રહે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે જૈન સમાજ અને હિન્દુ ધર્મ એ બન્ને શબ્દો ખોટા અર્થમાં રૂઢ કરવાથી શા શા વિપરીત પરિણામ આવ્યાં છે, તે પ્રથમ વિચારીએ :-

જૈન ધર્મને બદલે જૈન સમાજ શબ્દ વાપરીને પાછળની (બ્રિટિશ) સરકારે જૈન ધર્મ પાળતી હિન્દુ સમાજોને- કોમોને- બીજા હિન્દુઓ કરતાં જુદી પાડી દીધી. કેમ કે યુરોપિયનો આવ્યા ત્યારે પ્રજાના સમગ્ર વહીવટમાં તેઓની આગેવાની વધુ પડતી જોવામાં આવતી હતી. જૈનો (જૈન ધર્મ પાળતા લોકો) હિન્દ પ્રજાના એક અંગ તરીકે રાજ્યના દીવાનો, કારભારીઓ, સલાહકારો, શહેરના કે ગામડાંના વેપારીઓ, ત્યાં પણ સલાહકારો, શાહુકારો, પ્રજાના વિશ્વાસપાત્રો-ટ્રસ્ટીઓ જેવા, પ્રજકીય બેન્કરૂપ શરાફી પેઢીઓના આગળ પડતા સંચાલકો અને ભારતની પ્રજાના દેશદેશાવરોના રાજકીય, આર્થિક વગેરે સંબંધોના અને હિતાહિતના અગ્રગણ્ય સંચાલકો તરીકે મોટે ભાગે જોવામાં આવ્યા હતા. પ્રજાનો તેમના ઉપર વિશ્વાસ હતો. તેઓ ન્યાય રીતે પરોપકારપરાયણ હતા. એથી તેમને કંઇક જુદા પાડી દઇને શરૂઆતમાં તેમનાથી કામ લેવાની શરૂઆત કરી, અને સાથે સાથે તેમના ગુણોને બદલે કલ્પિત દોષોનો પ્રચાર પણ ધીમે ધીમે શરૂ કર્યો.

૨. બીજી બાજુ હિન્દુ પ્રજાના અન્ય વિભાગો - જેમાં પોતપોતાના ધર્મમાં ચુસ્ત બ્રાહ્મણો, ક્ષત્રિયો, રાજાઓ, વૈશ્યો વગેરેનો સમાવેશ થાય છે, તે વિભાગોને તોડવા માટે તેમની વિરુદ્ધ પણ પ્રચાર શરૂ કર્યો. દા. ત. રાજાઓને વ્યભિચારી તરીકે ચિતરવામાં આવ્યા. બ્રાહ્મણોને કુરૂઢીવાદી ઠરાવ્યા, વૈશ્યોને વ્યાજખોર અને શોષક ઘોષિત કર્યા, વગેરે.

૩. જૈન ધર્મ પાળતી પ્રજા અને વૈદિક ધર્મ પાળતી પ્રજા વિરુદ્ધના આ પ્રચારથી સમ્મોહિત થઇ જે લોકો આ બન્ને વિભાગોથી વિભકત થયા તેવા તથા કથિત સુધારકોને (બળવાખોરોને) એક નવી સંસ્થામાં સમાવી લેવા માટે મિ. હ્યુમ નામના એક પાદરીએ એક નવી સંસ્થા - કોંગ્રેસની સ્થાપના કરી. હિન્દુ પ્રજાના અન્ય ધર્મોને પાળનારા લોકોમાંથી કેટલાકને પશ્ચિમી સંસ્કૃતિના પ્રચારકોના રૂપમાં, સુધારકોના રૂપમાં તેમણે તૈયાર કર્યા અને વિદેશી સંસ્કૃતિમાં શિક્ષિત / દીક્ષિત થયેલાઓની પ્રશંસા શરૂ કરી. દેશી શિક્ષિતોનો એક અલગ વર્ગ, એમનું સ્વતંત્ર સંગઠન બળવાન બનતું ગયું. વિદેશીઓ તેમનું બળ વધારતા ગયા. આવા સંગઠનોને અન્ય હિન્દુ પ્રજાથી અલગ થઇ (મહાજન વ્યવસ્થાથી અલગ થઇ) કામ કરવાની સગવડ અપાતી ગઇ.

૪. પ્રજાની એકતા તોડવા માટે એક તરફ તો જૈનેતર ધર્મ પાળનારા હિન્દુઓને બહુમતના બળની લાલચ અપાતી રહી અને બીજી તરફ જૈનોને સામાજિક (મહાજન સ્તર) ને બદલે વ્યક્તિગત સ્તરે અધિક પ્રભાવની લાલચ આપવામાં આવી. આ રીતે માનસિક ભેદભાવ વધારવાની શરૂઆત કમે કમે વેગ પકડતી ગઇ. આનું પરિણામ એ આવ્યું કે હિન્દુ પ્રજાના સમસ્ત આગેવાન જે મહાજન સભામાં સાથે એકઠા બેસી દેશના, પ્રજાના, સમાજના, આર્થિક હિતોના વિષયો પર સંયુક્ત રૂપે વિચારણા કરતા, તે પ્રજા ધીમે ધીમે વહેંચાવા માંડી, વિભક્ત થવા માંડી. આથી મહાજનમાં એક મુખ્ય શ્રેષ્ઠી કે નગરશેઠ હોવાની પ્રણાલિકાને બદલે બબ્બે, ત્રણ-ત્રણ વ્યક્તિઓને પ્રમુખ રાખવાની પ્રથા શરૂ થઇ. પ્રજામાં પહેલા કદી ન હતો તેવો આંતરિક ધીમો ધીમો કુસંપ શરૂ થઇ ગયો, એકબીજા પ્રત્યે અવિશ્વાસનો ભાવ આવતો ગયો, એકબીજાની સાચી ઓળખ ભૂલાવા માંડી.

૫. બીજી તરફ, જૈનેતર હિન્દુઓને અધિક બળવાન બનવાની સગવડો આપતાં તેઓ અત્યાધિક બલશાળી ન બની જાય તે માટે તેમની સામે મુસલમાનો, પારસીઓ તથા બહારથી આવેલ અન્ય વર્ગો અથવા તો બહારથી આવેલ ધર્મો પાળનારાઓ અને જંગલમાં રહેનારા વનવાસીઓને પ્રતિસ્પર્ધી તરીકે ગોઠવી દેવાની નીતિ બનતી ગઇ.

"આર્યો હિન્દમાં ક્યારે આવ્યા ?" આ પ્રશ્ન ઉપસ્થિત કરી "આર્યો હિન્દના મૂળ વતની નથી" એવો ભાસ ઊભો કરી "જંગલમાં રહેનારી પ્રજા હિન્દની મૂળ પ્રજા છે" એવો ભાસ ઊભો કરી "બહારથી આવેલા અને અહીં રહેલા સૌનો હિન્દ દેશ સહિયારો દેશ છે" એવો નવો અર્થ ઊભો કરી, "બહારથી આવેલા

યુરોપીવાસીઓ પણ હિન્દમાં રહે તો તેઓનો પણ આ હિન્દ દેશ છે", આ માટે "હિન્દઓનો હિન્દ નહીં પણ હિન્દીઓનો હિન્દ દેશ" એ ભાવના ઊભી કરી.

૬. બધા એશિયાવાસીઓ જોરમાં ન આવી જાય તે માટે યુરોપની પ્રજાએ એક નવી ભોગવાદી સંસ્કૃતિનો પ્રચાર શરૂ કર્યો અને વ્યાપાર વગેરેની લાગવગ દ્વારા, ધનનો સંગ્રહ કરવા દ્વારા, યંત્રવાદ અને આધુનિક વિજ્ઞાનના બળના ટેકાથી ગૌરેતર (કાળી) પ્રજાને આંજી નાખવાની અને કાયમ આર્થિક ગુલામીમાં દબાવી રાખવાની તથા વધારે જોરમાં આવે તો જાપાનની માફક બરાબર કાયમ દબાવી દઈ શકાય તેવી તૈયારી રાખી.

૭. છતાં" ગૌરેતર (કાળી) પ્રજામાંના પણ જેઓ યુરોપ-અમેરીકાના ધ્યેયોમાં સંમત થાય, પ્રગતિશીલ ગણાય, ભૌતિક સંસ્કૃતિને ચાહે, તેમને સ્વતંત્રતા આપવાને બહાને, સમાનતાને બહાને, પ્રગતિશિલતાના બહાને, આંતરરાષ્ટ્રીય વિશાળ હિતોને નામે, પોતાના ધ્યેયમાં સાથે લેવા માટે સંગ્રહ કરવો જરૂરી છે એવું માનીને સંગ્રહ કરતા ગયા, અને પોતપોતાના દેશમાં તેઓને આગળ પડતું સ્થાન અપાવતા રહ્યા.

આ પ્રમાણે જગતના પટ ઉપર, ઉપર જણાવ્યા પ્રમાણેની **ચોપાટની બાજી** ગોઠવાઈ છે.

આનું પરિણામ એ આવ્યું કે :-

૮. જગતની તમામ પ્રજાઓ યુરોપ અને અમેરીકાની બૌદ્ધિક, આર્થિક, દોરવણી અને આદર્શો નીચે ઘણે અંશે આવી ગઈ છે અને આવતી જાય છે.

૯. ભારતની જે જે બાબતો બ્રિટિશ પાર્લામેન્ટના રાજ્યતંત્રની છાયામાં હતી તે બધી વસ્તુસ્થિતિઓને તે છાયામાંથી કાઢી નાખવામાં આવી છે અને જે કંઈ બાકી હશે તે પણ કાઢી નાખવામાં આવી રહેલી છે.

૧૦. પરંતુ તે સર્વને બદલે આખી દુનિયાના તમામ દેશો ઉપર યુ. એન.ઓ. (યુનો), આંતરરાષ્ટ્રીય બેન્ક, લશ્કરી કેન્દ્ર, આંતરરાષ્ટ્રીય શિક્ષણ, આંતરરાષ્ટ્રીય ધર્મસર્જન, આંતરરાષ્ટ્રીય વેષભુષા, આંતરરાષ્ટ્રીય જીવનવ્યવહારના નિયમો વગેરે વગેરે જગત ઉપર ફેલાઈ શકે તેવી ગોઠવણોનાં બીજો વાવ્યાં પછી, અને તેને ઠીક ઠીક પ્રમાણમાં સિંચ્યા પછી જ, તેના અંકુર ફૂટવા દીધા પછી જ બ્રિટિશરોએ પોતાનો સીધો હાથ હિન્દ ઉપરથી ઉઠાવી લીધો છે.

૧૧. ખાસ કરીને અમેરીકાને આગળ કરીને ઉપરની બાબતોમાં હિન્દ ઉપરાંતના બીજા દેશો પણ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને તાબે રહ્યા કરે એ રીતે આડકતરી રીતે લાંબે ગાળે પાછી ઈંગ્લેન્ડની સત્તા એક યા બીજા રૂપે જગતમાં મોટા ભાગના દેશો ઉપર દેખાયા વિના ન રહે તેવી ગોઠવણો અમલમાં મુકાઈ રહી હોવાનું સૂક્ષ્મ વિચારને અંતે જાણવામાં આવ્યા વિના રહેતું નથી. નાની બેડીઓ કાઢી નાખીને મોટી બેડીઓ ગોઠવી હોવાનો ઈન્કાર કરી શકાય તેમ નથી. ભારતીય સંસ્કૃતિની સંખ્યાબંધ બેડીઓ કાઢી નાખીને વિદેશની સંસ્કૃતિની મોટી અને ગુલામ બનાવારી બેડીઓમાં હિન્દુવાસીઓ પોતાના હાથ પગ રાજીખુશીથી ઘાલી રહ્યા છે.

હવે એક સમજી વિચારીને ગોઠવેલ ષડયંત્ર હેઠળ-

૧. એક વખત જૈનોને આગળ લઈ પ્રજાના અન્ય વિભાગોથી જુદા પાડી દેવામાં આવતા હતા.

૨. હવે જૈન ધર્મ પાળનાર હિન્દુ ઓ સિવાયના બીજા હિન્દુઓને આગળ આવવાની સગવડ કરી આપવામાં આવી છે. સાથે જ હિન્દ સિવાયના બીજા દેશોના લોકોને પણ તેની હરીફાઈમાં મૂકવામાં આવ્યા છે. આમ અંદર અંદર અવ્યક્ત ઘર્ષણ ચાલુ થયું છે.

૩. આનું પરિણામ એ છે કે પ્રજા વચ્ચે અંદરનું અંદરનું અંતર વધતું જાય છે. એટલે ભેગા બેસીને હજુ પણ હિતાહિતનો વિચાર કરવાની તકો જે રીતે છે તે પણ ભવિષ્યમાં ન રહે તેવી રીતના સંયોગો વધતા જાય છે. જૂની બધી વ્યવસ્થા રદ કરવા ચૂંટણીની નવી બેડીઓ ગોઠવવામાં આવી રહેલી જણાય છે.

૪. કેટલાક જૈનોને પ્રગતિનો મોહ લાગ્યો. હવે તે મોહ બીજા જૈનેતરોને લાગ્યો છે અને તેમાં વેગ વધતો જાય છે. તેઓના માનસ ઉશ્કેરાય એવા **" હિન્દુ કોડ બિલ "** વિગેરે કાયદા આવતા જાય છે. તેઓ પ્રગતિશીલ (પરિણામે ભંયકર) રસ્તાઓનું અનુકરણ કરીને વધુ ને વધુ જાળમાં ફસાતા જાય છે. આવા પ્રશ્નોના વિચારો યોગ્ય રીતે મૂળ સંસ્થાઓ મારફત સૌ હિન્દુઓની સાથે મળીને કરતા નથી. જૈનેતર ધર્મ પાળતા હિન્દુ ઓ નવી નવી અનેક સંસ્થાઓ સ્થાપીને તેના મેમ્બરો કરીને મૂળ સંસ્થાને બાજુએ રાખીને તેનું બળ ઘટાડી પગમાં કુહાડો મારી વધુ ને વધુ નબળા પડતા જાય છે. આ સ્થિતિમાં હિતમાર્ગ તેઓને કોણ સમજાવે? કેમ કે વેગ એટલો બધો વધી રહ્યો છે કે ક્યાં જઈને આ ગાડું અટકશે અને કયાં અથડાશે તે જ સમજાતું નથી. આ સ્થિતિ હિતકારી નથી. વિદેશીઓ આ ભૂલ જોઈ રહ્યા છે, ખુશ થઈ રહ્યા છે, કેમ કે તેમણે તો એ ભુલભલામણી રચી છે

આનું પરિણામ જૈનો માટે નીચે પ્રમાણે આવી રહ્યું છે :-

૧. આખી હિન્દુ પ્રજાને દોરવણી આપનારી પ્રજાને તેના સ્થાનેથી ખસેડીને એક લઘુમતી સમાજ તરીકે ગણવાની

ગોઠવણ થઈ રહી છે. આખી હિન્દુ પ્રજાથી તે છુટી પડી જાય એટલે તે પોતાના વહીવટ, દોરવણી અને અનુભવ આપીને આખી પ્રજાને હિતને માર્ગે દોરવી શકે નહિ. જેથી આખરે તેને બહુમતીને તાબે રહીને પરિણામ આવે તે વેઠવું પડે અને લઘુમતી તરીકેના દયાપાત્ર હક્કો ભોગવવા પડે.

બીજું એક અનિષ્ટ આ થયું કે - જૈન ધર્મ પાળનારા અને વૈદિક ધર્મ પાળનારા હિન્દુ પ્રજા તરીકે એક છે એ વાત તો બરાબર છે. પરંતુ હિન્દુ પ્રજામાં જૈન ધર્મ પાળનારી કોમને અલગ ગણી લઈ પછી બાકીની હિન્દુ પ્રજાને 'હિન્દુ ધર્મી' ગણવામાં આવી. તેમાં જૈન સમાજોને તો ઠીક પરંતુ સાથે સાથે જૈન ધર્મને પણ સામેલ ગણી લઈ તે ધર્મનું અસ્તિત્વ જગતમાંથી ભવિષ્યમાં ધીમે ધીમે લુપ્તપ્રાય: થાય તે ગોઠવણના તબક્કા સુધી વાત પહોંચી ગઈ જણાય છે. જૈન ધર્મ વૈદિક ધર્મનો જ એક સંપ્રદાય છે જૈન ધર્મ પાળતી કોમો જૈન કોમ છે જે એક લઘુમતી કોમ છે એવી છાપ ઊભી કરાઈ છે. આ રીતે બે ખોટાં અનિષ્ટ પરિણામો જૈનો માટે ફલિત થયાં:-

૧. હિન્દુ ધર્મના જ એક ભાગરૂપ જૈન ધર્મને ગણી લેવામાં આવે તે પહેલું અનિષ્ટ.(કેમ કે વાસ્તવમાં તો બન્નેય સ્વતંત્ર ધર્મ છે.)

૨.જૈનને લઘુમતી કોમો ગણવામાં આવે તે બીજું અનિષ્ટ, કેમ કે જૈન જૈનેતર હિન્દુઓ પ્રજા સ્વરૂપે તો એક જ છે. તેમને લઘુમતી અને બહુમતીમાં હોમવા એટલે બન્નેને જોખમમાં મૂકવા. બે તરફનો માર (નુકસાન) લાગે છે. બન્નેય રીતે જૈનોને મહાન ફટકો છે.

તેમ કરવાનું એક મહત્ત્વનું કારણ એ છે કે "જૈનો અને જૈન ધર્મને પ્રથમ ફટકો માર્યા વિના ભૌતિક સંસ્કૃતિ જગતમાં વેગપૂર્વક આગળ વધી શકે તેમ નથી."

આનું જૈનેતર ધર્મ પાળતા હિન્દુઓ માટે પણ લાભદાયક પરિણામ નથી. ઉલટાનું ખૂબ નુકસાનમાં પરિણમે છે. કેમ કે પૂર્વ પરના હિન્દના વહીવટના અનુભવી અને વ્યવહારુ જૈન ગૃહસ્થો અને જૈનાચાર્યોની દોરવણી વિના બહુમતીની લાલચમાં આવી જે માર્ગે દોડી રહ્યા છે તેથી તેઓ પણ ઉન્માર્ગે ચડી જઈને અથડાઈ પડવાના ભાવિ તરફ દોરવાઈ રહ્યા છે અને સંકટની સ્થિતિની નજીક જતા જાય છે. આ માર્ગે જતા જ્યારે અન્ય પ્રજાના હરીફ બળો સામે આવશે ત્યારે એકદમ પાછા હઠવું પડશે. ત્યારે આજની ભુલો માટે પશ્ચાત્તાપ થશે. પરંતુ તે વખતે ઘણું મોડું થયું હશે.

આ રીતે હિન્દની આર્ય મહાપ્રજા એક યા બીજા હિન્દી આર્ય આદર્શો અને યુરોપીય આદર્શોના ખીચડામાં અટવાઈ રહી છે અને આમતેમ દોડી રહી છે. આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીઓ આ જોઈ રહ્યા છે અને તેનો લાભ ઉઠાવવા હિન્દના આધુનિક પ્રગતિના પક્ષધર માણસોને પ્રતિનિધિ તરીકે ખેંચી જઈ પોતાના હિતોમાં હિન્દનો સાથ મેળવવા પોતાની વ્યાપક સંસ્થાઓ મજબૂત બનાવ્યે જાય છે અને તેવી ગોઠવણો ગોઠવતા જાય છે.

આને પરિણામે હિન્દુ પ્રજા જેવી મહાપ્રજા ખરાબે ચડી જવાને માર્ગે અટવાઈ જાય, વિદેશી પ્રજાના એક યા બીજા રૂપે તાબામાં આવી જાય તેમ છે. પછી એશિયાની બીજી પ્રજાની, અન્ય પ્રજાની કે પછાત પ્રજાની શી તાકાત છે કે એ વમળમાંથી એ પણ છટકી શકે ? આજે પછાત પ્રજાની દયા ખાવામાં આવે છે ? તેઓને આગળ લાવવાના પ્રયત્નો કરવા માં આવે છે. બ્રિટિશ પાર્લામેન્ટ અને યુ.એન.ઓ.પણ આ ધ્યેયને પોષતા આવ્યા છે. તેનું ખરું કારણ તો અંદર અંદર ભેદ પાડવા માટે છે. ભલે કદાચ તેમને ક્ષણિક લાભો બતાવવામાં આવે છે અને લલચાવવામાં પણ આવે છે. પરંતુ પરસ્પર શત્રુ તરીકે ગોઠવાયેલી પ્રજા આખરે કદી આગળ આવી શકે જ નહિ.

પાકિસ્તાન, હિન્દુસ્તાન અને ચીન જેવી જગતની ત્રણ પ્રાચીન અને વિશાળ મહાપ્રજાના વસવાટના ભૂમિપ્રદેશો નક્કી થઈ ગયા પછી શેષ જગત ગોરિસ્તાન (ગોરી પ્રજાનો દેશ) આપોઆપ બની જાય એ સ્વાભાવિક છે. આ ત્રણે મહાપ્રજાઓના રાજ્યતંત્ર અને સામાજીક તંત્ર પણ પશ્ચિમી આદર્શ પ્રમાણે રચવા તેઓની પ્રાચીન સુવ્યવસ્થાઓને તોડીને પશ્ચિમની દોરવણી મુજબની ગોઠવણો કૂદકે ને ભૂસકે આગળ વધારાઈ રહી છે.

પશ્ચિમી શક્તિઓ જાણે છે કે ધર્મ તરીકેની ઊંચી આધ્યાત્મિક ભાવનાને પોષતા મુખ્ય ધર્મોનું-જૈન ધર્મનું-બળ ઢીલું ન પડે અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક વિશ્વ ધર્મની સ્થાપનાને વેગ આપી અમલી બનાવી શકાય નહીં. સાથે જ એવું કર્યા વગર ભૌતિક બળ કે પાશવી પળ મારફત તે પ્રજા પોતાની વિશ્વસત્તા જમાવી શકે નહીં.

એટલા માટે કાર્યક્રમ અથવા ષડયંત્ર એ છે કે -"જૈન ધર્મને વૈદિક ધર્મના એક સંપ્રદાય તરીકે ગણીને તેમાં સામેલ કરી દેવો જોઈએ" અને "વૈદિક ધર્મોના જીવન-પ્રાણ સમાન વર્ણાશ્રમ વ્યવસ્થા તોડવા થોડો વખત બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય આપીને છેવટે તેને પણ નિર્બળ કરી દેવો, તો જ સાધ્ય સિદ્ધિ થાય." આમ છેવટે ભારતના ત્રણેય મુખ્ય ધર્મો નબળા પડે એટલે પછી બીજા કોઈની આડખીલી એટલી બધી રહે જ નહીં.

પશ્ચિમના દેશોમાં જૈન ધર્મના તથાકથિત વિદ્વાનો અને વિશેષજ્ઞો જૈન ધર્મ પર કેટલાક પુસ્તકો લખતા રહ્યા છે તેમાંના એક - હેલમુટ વાન ગ્લાઝનેપએ પોતાના પુસ્તકમાં લખ્યું છે કે

જૈન ધર્મ હિન્દુ ધર્મનો જ એક સંપ્રદાય છે, જે આવનારા સો વર્ષોમાં પોતાના મૂળ ધર્મ (હિન્દુ ધર્મ) માં ભળી જશે. આવા લેખો / પુસ્તકો / વિધાનો તેમના ઉદ્દેશોની સફળતા માટે જરૂરી માનસ તૈયાર કરવા માટે લખાતા હોય છે.

જૈન ધર્મ અને વૈદિક ધર્મ ભારતના મૂળ અને અનાદિ કાળથી ચાલ્યા આવતા ધર્મો છે. ભારતમાં જ નિકટના ભૂતકાળમાં ઉદ્‌ભવેલા બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય આપીને મૂળ બે ધર્મો સામે પ્રતિસ્પર્ધીરૂપે આજે ગોઠવી દેવાય અને સમય જતાં જૈન ધર્મ તથા બૌદ્ધ ધર્મને વૈદિક ધર્મની બહુમતીના બહાનાથી તેમાં દાખલ ગણી લેવાય. તે વાતમાં બહુમતી વૈદિકો સમ્મત પણ થાય.

વૈદિક ધર્મની વર્ણાશ્રમ વ્યવસ્થા તોડવા માટે બૌદ્ધો અને જૈનોની **ક્ષમણ સંસ્કૃતિના** નામે એક પક્ષ ઊભો કરી તેને આગળ વધારવામાં આવે. "જૈન ધર્મ પણ તદ્દન જાતિભેદ કે સ્પર્શાસ્પર્શ નથી માનતો," તે વૈદિક ધર્મની સામે મોરચો ગોઠવવા માટે વિદેશીઓએ ચલાવેલી મોટી ગપ (જુઠ્ઠાણું) છે અને તે વસ્તુને પાશ્ચાત્ય કેળવણીથી રંગાયેલા આપણા કેટલાક ભાઈઓએ પકડી લીધું છે. આ વાત ફેલાવવાથી વૈદિક અને જૈન એ ભારતના આજના મુખ્ય બન્નેય ધર્મોવાળા વચ્ચે કુસંપ થાય.

ભારતના પૂર્વના આધ્યાત્મિક આધારના સર્વગ્રાહી બંધારણને રદ કરી હાલના ભૌતિક આદર્શના નવા રાજ્ય બંધારણને તૈયાર કરવામાં આવ્યું છે અને તેને બિનસાંપ્રદાયિક બંધારણ કહેવામાં આવે છે.

આ નવા બંધારણનો આદર્શ કોઈ પણ ધર્મનો સંપ્રદાય ન હોય, એ બનવાજોગ છે. પરંતુ તેનો આદર્શ તો કોઈ પણ ધર્મ પણ નથી એ પણ માની લઈએ કે ભલે એક અમુક ધર્મ તેવો આદર્શ ન હોય, પરંતુ ખૂબી તો એ છે કે "માનવજાતનો આધ્યાત્મિક વિકાસ" એ આદર્શ પણ ભારતના નવા બંધારણના ઉદ્દેશોમાં રાખવામાં આવ્યો નથી.

આનું પરિણામ એ છે કે હાલનું બંધારણ ધર્મ રહિત એટલે કે માનવજાતિને માટે આધ્યાત્મિક વિકાસના આદર્શો ખીલવવાના ઉદ્દેશ રહિત છે. ઉલટાનું ભૌતિક આદર્શો ખીલવવાના પાયા ઉપર રચાયેલું હોવાનું સ્પષ્ટ જોઈ શકાય છે. "બિનસાંપ્રદાયિક તંત્ર" ને બદલે "બિનધાર્મિક તંત્ર યા તો ભૌતિક વિકાસતંત્ર" શબ્દ વાપરવામાં આવે તો હિન્દનો સામાન્ય પ્રજાજન તે વાત પસંદ ન કરે એવું આજે તેનું માનસ છે. એટલે "બિનસાંપ્રદાયિક તંત્ર" એવો શબ્દ વાપરવામાં આવ્યો છે. કેમ કે સંપ્રદાય સામે લોકોમાં ઘણો ખરો અણગમો ફેલાવાઈ શક્યો છે. એટલે પ્રજા એમ માને કે "કોઈપણ સંપ્રદાયને રાજ્યતંત્ર ના અનુસરે તે બરાબર જ છે. તેથી બિનસાંપ્રદાયિક તંત્ર ભલે હોય" પરંતુ "બિનસાંપ્રદાયિક તંત્ર" શબ્દ હિન્દની પ્રજાને ભુલભુલામણીમાં પાડવા જ યોજયો હોય તેમ સ્પષ્ટ લાગ્યા વિના રહેશે નહીં.

આમ એક તરફ તો બિનસાંપ્રદાયિક તંત્ર હોવાનો આદર્શ આગળ કરવામાં આવે છે અને બીજી તરફ બંધારણમાં સહુને પોતપોતાના ધર્મોનો પ્રચાર કરવાની છૂટ આપનારાં તત્ત્વો દાખલ કરવામાં આવ્યાં છે.

આજે વિશ્વમાં ખ્રિસ્તીઓની સંખ્યા ૫૦ થી ૬૦ કરોડની આંકડે પહોંચી છે, અને ખ્રિસ્તી ધર્મ પાળનારી પ્રજાના પ્રતિનિધિઓની મોટી સંખ્યા વિશ્વધર્મ પરિષદમાં સ્વાભાવિક રીતે જ કાયદેસર આવી શકે અને એક જ વિશ્વધર્મ કરવાનો ઠરાવ કરતી વખતે વિશ્વધર્મ પરિષદમાં તેઓનો બહુમત હોય એ સ્વાભાવિક છે. એટલે હિન્દમાં પણ વખત જતાં ખ્રિસ્તી ધર્મ વ્યાપક બની શકે. એ પ્રસંગ પછી કોઈ પણ લઘુમતી ધર્મ - બહુમતીની ઉદાર મનોવૃત્તિ અથવા દયાભાવ વિના શી રીતે જીવતા રહી જગતમાં ટકી શકશે ?

આ આખી પ્રક્રિયાને અંતે ભારતના મહાન ધર્મો તો રહ્યું પરંતુ ભારતની આધ્યાત્મિક દોરવણી જગતમાંથી સદાને માટે અસ્ત થાય એ સ્વાભાવિક છે. "આ રીતે જગતમાં એક વિશ્વધર્મનો આદર્શ પાર પાડવા માટે નાના નાના સંપ્રદાયોને પોતપોતાના મુખ્ય મુખ્ય ધર્મોમાં સમાવી દેવાની અને નાની નાની માનવસંખ્યા ધરાવતા મુખ્ય ધર્મોને મોટી સંખ્યાવાળા પાડોશી ધર્મોમાં સમાવી દેવાની ગોઠવણી કરવી." એ જાતનો આંતરરાષ્ટ્રીય આદર્શ હોવામાં કંઈ શંકા જણાતી નથી.

આખરમાં એ આદર્શ કોને માટે - સમસ્ત માનવજાત માટે કે કેવળ ગોરી પ્રજા માટે લાભકારક છે ? કે ગેરલાભકારક છે ? એ પ્રશ્ન અહીં વિસ્તારભયે ન ચર્ચતા આ જાતનો આદર્શ સિદ્ધ કરવામાં આવે તો વર્તમાન ધર્મોની શી પરિસ્થિતિ થાય ? તે સમજી શકાય તેવું છે. **સમન્વય, સમાનતા, એક ધર્મ, સર્વધર્મસમભાવ, પરમતસહિષ્ણુતા, બિનસાંપ્રદાયિક તંત્ર** વગેરે ભાવનાનો પ્રચાર આ આદર્શ સિદ્ધ કરવા માટે જ કરવામાં આવેલો હોય એમ જણાય છે.

અને આવા જ આદર્શોને સામે રાખીને, પાળનારાઓની અપેક્ષાએ નાની સંખ્યા હોવા છતાં આધ્યાત્મિક જીવનમાં દુનિયામાં સર્વોત્કૃષ્ટ કોટિના જૈન ધર્મને અને તેના અનુયાયીઓના પ્રજાકીય મોભાને દૂર કર્યા વિના અને તે જાતના ભાવિ પરિણામને યોગ્ય કોઈ બીજ વાવ્યા વિના આંતરરાષ્ટ્રીય આદર્શોની સફળતા કેમ થઈ શકે ?

યુરોપિયન અમલદારો - મુસલમાન બાદશાહો કરતાં શોધખોળ, અભ્યાસ અને માહિતી મેળવવામાં કાચા જોવામાં નહીં આવ્યા. એટલે 'જૈન સમાજ' અને 'હિન્દુ ધર્મ' એ બે શબ્દો ખોટા અર્થમાં અજાણતાં યોજાઈને સરકારી વહીવટમાં દાખલ થવા પામેલ હોય તે માનવાને કોઈ કારણ દેખાતું નથી. આ શબ્દો

જાણી-સમજીને દાખલ કરાયા છે. માટે આપણે હાલની આપણી સરકારને જે શબ્દો જે પ્રમાણેના અર્થમાં વપરાવા જોઇએ તે પ્રમાણે ખરા અર્થમાં સુધારી લેવા માટે વિજ્ઞપ્તિ કરવી જોઇએ. હાલની સરકારનો પ્રજાને હરકત કરવાનો જરા પણ ઇરાદો ન હોય એ સ્વાભાવિક છે. જો આપણે તે સુધરાવવા યોગ્ય માર્ગે પૂરો પ્રયત્ન ન કરીએ તો પછી તેમાં આપણે હાલની સરકારને શો દોષ આપી શકીએ? હા, હાલની આપણી સરકારને આપણે જરૂરી દોષ આપી શકીએ, જો ભૂલભરેલી હકીકતો સુધારવવા આપણે પ્રયત્નો કરીએ છતાં સરકાર તેમાં સુધારો ન કરવાની જિદ્ પકડે અને ભૂતકાળની ભૂલભરેલી બાબતોને અંધશ્રદ્ધાથી ચુસ્તપણે વળગી રહે. "ધર્મના ભેદોએ માનવજાતનું નુકસાન કર્યું છે. માટે ધર્મોના ભેદ સાચી કે ખોટી રીતે ઉડાવી દેવા એ આદર્શને અમે માનીએ છીએ, માટે કશોય ફેરફાર કરવા ઇચ્છતા નથી" આવી વિદેશીઓની પ્રચારેલી કલ્પિત દલીલ આગળ કરીને જિદ્ પકડે તો તેમને સમજાવવાનો કોઇ ઉપાય નથી.

જોકે, ધર્મે માનવજાતને નુકસાન કર્યું જ નથી. તેણે તો માનવજાતની સેવા જ કરી છે. નુકસાન કર્યું હોય તો માનવહૃદયમાં રહેલા કામ-ક્રોધાદિ શત્રુઓએ કરેલું છે. તેનો આરોપ ધર્મ ઉપર મૂકવો એ અન્યાય છે.

ઉપસંહાર

આમ 'હિન્દુ ધર્મ' અને 'જૈન સમાજ' એ શબ્દ ખોટા અર્થમાં સરકારી દફ્તરે ગોઠવાયેલા હોવાથી જૈન હિન્દુઓ જૈનેતર હિન્દુઓથી જુદા પડે છે. અને તેઓ લઘુમતી કોમમાં મૂકાવી જઇ નુકસાનકારક પરિણામના ભોગ બને છે. અને જૈનેતર હિન્દુ પ્રજાના વિશાળ સમૂહની સાથે ભેગા રહે છે, તો હિન્દુ ધર્મ (વૈદિક ધર્મ) માં જૈન ધર્મ સામેલ થાય છે એવો અર્થ ઠોકી બેસાડતાં, જૈન ધર્મનું ભારતમાંથી અસ્તિત્વ ઊડી જવાનો પ્રસંગ આવે છે. આમ બન્નેય રીતે નુકસાન ગોઠવાયેલું છે. તેથી સરકારી દફ્તરે યોગ્ય સુધારો કરાવવો એ જ સાચો માર્ગ રહે છે. સમજુ આગેવાનો વિચારકરી આ બાબતનો યોગ્ય પ્રયત્ન કરશે તો પરિણામ જરૂર દરેકને માટે સારું આવવાની આશા રહે છે.

ઠે. કનૈયાલાલ બેદ, **પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ.**
૧૦, ક્રોસ સ્ટ્રીટ, કલકત્તા.

સંપર્ક સૂત્ર : અરવિંદભાઇ પારેખ, પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ મેમોરિયલ ફાઉન્ડેશન, ૩, લક્ષ્મી નિવાસ, પાર્ક નગર, એસ.વી.પી.રોડ, બોરીવલી (પ), મુંબઇ-૯૨. ટે. નં. ૮૯૩૫૪૫

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ
પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

પ. પૂ. શાસન સંરક્ષક આચાર્યદેવેશ શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની ૧૦ મી પુણ્યતિથિ નિમિત્તે ત્રણ દિવસના મહોત્સવ પ્રસંગે

ભાવભર્યું આમંત્રણ

શુભ સ્થળ : શ્રી હાલારી ધર્મશાળા શંખેશ્વર

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રણામ સાથ જણાવવાનું કે શાસનના મહાન ધુરંધર સમર્થ દેશન, ધર્મ સંરક્ષક પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની ૧૦ મી પુણ્ય તિથિ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય ભાનરત્ન સૂરીશ્વરજી મ., પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ભાવેશરત્ન વિજયજી મ. ઠા. ૨ તથા પૂ. સાધ્વીજી સૂર્યપ્રભાશ્રીજી મ. તથા પૂ. પ્ર. સા. ચંદ્રપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી સુવિનીત દર્શિતાશ્રીજી મ. આદિની નિશ્રામાં ઉજવાશે.

મંગલ કાર્યક્રમ

અષાઢ વદ ૧૧ મંગળવાર પંચ કલ્યાણક પૂજા શ્રીમતી યશોદાબેન જુઠાલાલ પરમશી સંઘન તરફથી.
અષાઢ વદ ૧૨, બુધવાર અષ્ટ પ્રકારી પૂજા શ્રીમતી કંચનબેન મોતીચંદ પરબત સંઘન તરફથી.
અષાઢ વદ ૧૩/૧૪ ગુરુવાર સવારે ગુણાનુવાદ તથા બપોરે નવપદજી પૂજા.
શ્રીમતી શાંતાબેન રતિલાલ દેવચંદ ગુદેકા સંઘ તરફથી આ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

પંચાસર રોડ, લિ.
શંખેશ્વર. તા. સમી, **હા. વી. ઓ. શ્વે. મૂ. તપા.**
વાયા: મહેસાણા **જૈન ધર્મશાળા કમિટિ.**

મહાસતી - સુલસા

— પૂ. મુનિ શ્રી હિતવર્ધન વિજયજી મ

यो बाष्प संपर्क वशादपीठ मालिन्यभारं भजते क्षणेन..
तस्याः कपोलौ किमु दर्पणेन तेनोपमामौ विमलौ सदापि... ॥ ५० ॥

દર્પણથી ય વધુ ઉજ્જવળ સુલસાના ગાલ હતા.

જે ગાલ પર માત્ર ઝાંકળ પણ પડે, તોય તે મેલા થઇ જાય, એવી અત્યુજ્જવલ અને પ્રતિભાવંત તેની ત્વચા હતી.

काठिन्य दोषं भजतीहलोके यद्विद्रुमो बिम्बमकान्तिमच्च..
केनोपमा तोऽधरमेतदीयं कान्त्या कलं कोमलमिद्यरागम्.. ॥ ५१ ॥

કોમળ અને લાલ ચોળ હતા; સુલસાના હોઠ.

જે હોઠ માટે અનુરુપ લેખાય, તેવી ઉપમા સારાય સાહિત્ય શાસ્ત્રમાં શોધી જડતી નથી.

તેની હોઠની લાલિમા જરુર પરવાળાને હંફાવે તેવી હતી. તેમ છતાં પરવાળા જેમ લાલચોળ હોય છે તેમ એટલા જ કઠિન પણ હોય છે. આથી જ પરવાળાની ઉપમા સુલસાના હોઠ માટે નકામી ઠરે.

તેના અધર જરુર બિંબફળ (ગિલોડા) જેવા જ સ્નિગ્ધ, મૃદુ અને કોમળ હતા. અલબત્ત, બિંબફળ કોમળ હોવા છતાં કાંતિમાન્ નથી હોતા. તેથી જ બિંબની ઉપમા પણ સુલસાના અધર માટે નિષ્ફળ પૂરવાર થાય.

બાવા કોમળ, કાંતિમાન્ અને રતુંબડા હતા : સુલસાના અધર.

मुखं यदीयं किल निष्कलडक - मुक्तवृत्तं च सदोज्जवलंच...
कलंकि तवृत्तमुचा दिवाप-भासा कथं चन्द्रमसा समं स्यात्... ॥ ५२ ॥

* કલંક વિનાનું - કરચલી વિનાનું...
* પૂર્ણ વર્તુળાકાર અને
* ચાંદની જેવું ઉજ્જવળ..

આવુ હતું; સુલસાનું મુખ કમળ.

દેવસે ઝાંખપ અનુભવનારો, કૃષ્ણપક્ષમાં સતત ક્ષીણ થઇ જનારો અને પોતાના બિંબમાય કલંકથી કલંકિત રહેનારો ચન્દ્ર શું સુલસાના વદનચન્દ્ર સામે પરાભવ ન પામી જાય ?

निर्भत्सित कंबुखि द्वि-जिह्वो रेखा त्रयाऽलङ्कृतचारु भासा..
कण्ठेन यस्या मधुर स्वरेण वक्रोंतरासीद् बहि रुज्जवलोऽपि ॥ ५३ ॥

શંખનાદ જેવો જ ઉત્તેજક અને આહ્લાદક સુલસાનો કંઠનાદ-હતો. પૂરો ગંભીર, પ્રતિભાશાળી અને હૃદય ભેદી.

સુલસાની ગ્રીવા અને કંઠ ત્રણ રેખાઓથી અલંકૃત હતા. તેના મધુર સાદને સાંભળી શંખ પણ શરમાઇ જતો. નંખાઇ જતો. કારણ કે તે બહારથી ઉજ્જવળ હોવા છતાંય અન્દરથી બેડોળ-વક્ર હોય છે.

रागेण निर्भत्सत पद्मराग-यत्पाणिना रुपद्यर्यमानमुच्चै;
रक्तो त्पलं प्राप रंजः समन्ता ज्जलशये वासमुपैतिविद्वम: ॥ ५४ ॥

પદ્મ રાગ મણિ જેવી જ રાતીચોળ સુલસાની હથેળી હતી. લાગે છે; સુલસાની હથેળીમાં રહેલી લાલિમાને જોઇને નિરાશ થઇ ગયેલા લાલ કમલને અહીથી જ ગંદકીથી ઉભરાતા સરોવરમાં જઇને રહેણાંક બાંધવા પડ્યા હશે.

बाहू तदीयौ सरलस्वाभावात्, पयोजनालस्य तुलां लभेताम्..
तौ दास्यतः कंहकिनोपमां न, नीतावनेनातिमृदु परन्तु... ॥ ५५ ॥

કમળના નાળચા જેવા જ સુરેખ અને સરળ હતા; સુલાસાના બે બાહૂઓ. હા ! તેમ છતાં કમલની નાળ કાંટાળી હોય છે. જ્યારે સુલસાના હાથ કાંટા જેવા કૃપણ નહિ, કમળ જેવા દાનવીર હતા.

यस्याः घनापीनपयोधराभ्यां वृत्तत्ववादे विजितो घटोऽपि..
पानीय मद्यापि वहत्यजस्रं, धत्ते प्रकोपेन तथारुणत्वम्.. ॥ ५६ ॥

ગોળાકારની સ્પર્ધામાં ઘડાઓ હાર્યા. સુલસાના સ્તનો જીતી ગયા. હારેલા ઘડાઓ હજીય પાણી ભરે છે. પ્રકોપના પ્રતીક જેવા લાલ રંગથી રંગાતા રહે છે.

मृगेन्द्र वेदी कुलिशोदराणि, कृशत्ववादेन विनिर्जिता..

मध्येच यस्या स्त्रिवलीच्छलेन, रेखात्रयं निर्मित मत्र तेन.. ॥ ५७ ॥
महत्वशालीन्यपि सर्वकालं छत्राणि यस्याः सुलघूनि भांति
नितम्बबिम्बे गुरुतां दधाने कामाकरेऽलं फलकानि वापि ॥ ५८ ॥

સુલસાના કટિપ્રદેશે સિંહની સુડોળતાને, વેદિની ઉચ્ચતાને અને વજ્રની કૃશતાને સાગમટે જીતી લીધી તી. જેના ચિહ્ન સ્વરુપે તેના ઉદર પર ત્રણ રેખાઓ અંકિત થતી.

વિશાળ છત્રો પણ સાંકડા ભાસે એવો સુવિશાળ તેનો નિતંબ પ્રદેશ હતો.

वैपुल्यमतोऽस्या जघनेन कामं पानीयमुत्तारितमाविजित्य
सत्सैकतानां सरिता नु तेनो-पनीरमेतानि सदा विभांति.. ॥५९॥

તેની જંઘાઓ સરિતાના તટ જેવી દીર્ઘ હતી. આથી જ ડરી ગયેલા કાંઠાઓ નદી પાસે વસવાટ પામી ગયા.

रम्भास्य सारान्तर भूद भयेन, शून्यान्तरो नागकरोऽपिजातः,
यद्रूपशोभा निहताविमौ द्वौ कंताप शान्त्यै पिबतोऽधुनाऽपि.. ॥ ६० ॥

હાથીની સૂંઢ જેવી અને કેળની લૂમ જેવી તેની સાથળ હતી. સ્નિગ્ધ, મૃદુ, ઋજુ, સુગમ, સુરેખ.

हंसाः सपक्षा अपि लज्जमाना अपि प्रकामं समदा गजाश्च..
यदीयगत्या विजिता वनान्यगुस्तर्जिता नूपुर सञ्जितेन ॥ ६१ ॥
वसन्ति नित्यं जडसंनिधाने यान्यास्पदं स्युर्मधु पावलीनाम्..
कथं न जेतामुपमानमस्याः क्रमावमीषामिह पडकजानाम् ॥६२॥
सर्वोपमा वस्तु वशंकराणा मादाय निःशेष विशेष लक्ष्मीः
धात्रा कृता नूनमियन्तु तेन निःसाररुपा इह ते विभांति ..॥६३॥

સુલસા ગજગામિની નારી હતી.

સુલસા હંસગામિની નારી હતી.

બેબે ઉજળી પાંખો પ્રસારીને આકર્ષક ગતિએ ઉડી રહેલા હંસોને અને મલપતી ગતિએ ઝૂમતા મહોન્મત્ત ગજરાજોને આથી જ વનવાસ સ્વીકારવો પડ્યો. સુલસા સામે તેઓ હાથ ઘસતાં રહ્યાં.

સુલસાના ચરણો કમળ થીય ઝાઝેરાં પવિત્ર હતા.

સાચ્ચે જ વિધાતાએ વિશ્વની વધી જ શ્રેષ્ઠતાઓનો સમન્વય સુલસાના દેહમાં ભંડારી દીધો તો.

*** ***

આમ, સતી સુલસાના અંગવર્ણનનો અધ્યાય અહિ સમાપ્ત થયો. શ્રૃંગાર રસના કટ્ટર વિરોધી ૨ ક સાધુ તરીકે મારે આથી જ સુલસાના અંગવર્ણનના વિષયમાં સીધા શ્લોકોનો અને તેના ભાવાત્મક અનુવાદનો આશ્રય લેવો પડ્યો.

ધારાવાહી કથા તત્ત્વમાં શ્લોકોની પ્રસ્તુતિ અને ભાવાનુવાદ આમ તો અપ્રસ્તુત બની જાય, ચલબત્ત, શ્રૃંગારના વિષયનું નિરુપણ ધારાવાહી પદ્ધતીએ તો ન જ કરાય. નહિતર કથા તત્ત્વના મૂળભૂત પ્રાણ સમો ધર્મ મરી પરવારે.

અત્યાર સુધીમાં, જંબૂદ્વીપ, ભરતક્ષેત્ર, મગધદેશ, રાજગૃહી, મગધનરેશ શ્રેણિક, મહામાત્ય અભય કુમાર, ચરિત્રનાયક નાગ સારથિ અને મહાસતી સુલસાના દેહવર્ણનો વર્ણવાયા.

ખરુ કથા તત્ત્વ હવે જ પ્રારંભાઈ છે.

ધર્માત્મા નાગ અને તેની પ્રાણેશ્વરી સતી શિરોમણિ સુલસાના દાંપત્ય જીવનમાં ઉદ્‌ભવતો એક અણધાર્યો પ્રશ્ન અને તેનું ચમત્કારી સમાધાન તેમજ સુલસાના જીવનમાં આકાર લેતી અવનવી ઘટનાઓની ઘટમાળ જાણવા હવે પછીના લેખાંકોમાં પીરસનારી ધારાબદ્ધ કથા વાંચવી જ રહી.

- ક્રમશઃ

॥ श्री वर्धमानस्वामिने नमः ॥ ॥ श्री प्रेमरामचंद्र - सूरीश्वरेभ्यो नमः ॥

राजस्थान दीपक, शासन प्रभावक, सिद्धान्तनिष्ठ, वर्धमान तपोनिधि

आचार्यदेव श्रीमद्विजय कमलरत्नसूरीश्वरजी महाराजा एवं प्रवर्तनी साध्वीजी **खान्तिश्रीजी** (पूज्य गुरुदेव सिद्धांतमहोदधि - **आचार्यदेव श्रीमद् विजय प्रेम सूरीश्वरजी म. सा.** की संसारी बहेन) के विद्वान शिष्य - शिष्यादि

गच्छनायक **प. पू. प्रशान्तमूर्ति आचार्यदेव श्रीमद् विजयमहोदयसूरीश्वरजी म.**

विक्रम संवत २०५७ के चातुर्मास

चातुर्मासी चौदश दिनांक : ४-७-२००१

कुल चातुर्मास १४ * मुनिराज ११ * साध्वीयाजी ५० * कुल ठाणा ६१

१. राजस्थान दीपक, शासन प्रभावक आचार्यदेव श्रीमद् विजय कमलरत्न सूरीश्वरजी म. सा., प. पू. आचार्यदेव श्रीमद्विजय अजितरत्न सूरीश्वरजी म.सा., पू. दानरत्न वि. म., पू. खांतिरत्न वि. म., पू. दीपकरत्न वि. म.
तपागच्छ जैन धर्मक्रिया भवन
खेरादीयों का वास
मु. पो. जोधपुर - ३४२००२ (राजस्थान)

२. प. पू. आचार्य देव श्रीमद् विजयदर्शनरत्न सूरीश्वरजी म., प. पू. मुनिराज श्री भावेश रत्न विजयजी म., प. पू. मुनिराजश्री प्रशमरत्न विजयजी म., बालमुनिरत्नेशरत्न विजयजी म.
हालारी जैन धर्मशाला
पंचासर रोड, मु. पो. शंखेश्वर - ३८४ २४६ (गुजरात)

३. प. पू. मुनिराज श्री प्राज्ञरतिविजयजी म., ठाणा - २.
जैन उपाश्रय
मु. पो. उमेदाबाद, जिला जालोर, (राजस्थान)

४. प्रवर्तिनी साध्वीजी खान्तिश्रीजी म., पू. हर्षितप्रज्ञाश्रीजी म., पू. लक्षितप्रज्ञाश्रीजी म., आदि ठाणा-८.
मंगलघर जैन उपाश्रय
बडे मंदिर के सामने,
मु. पो. पीण्डवाडा - ३०७ ०२२ (राजस्थान)

५. साध्वीजी सूर्यप्रज्ञाश्रीजी आदि ठाणा-३.
C/o. रिखवचन्दजी सिरोहिया
कोठारों का चोक, मु. पो. बीकानेर (राजस्थान)

६. साध्वीजी विश्वप्रज्ञाश्रीजी म., साध्वीजी नंदिरत्नाश्रीजी म. आदि ठाणा-९.
जैन मूर्तिपूजक बहेनो का उपाश्रय
लखारा बाजार, मु.पो. जोधपुर - ३४२ ००२ (राजस्थान)

७. साध्वीजी शीलरत्नाश्रीजी म. आदि ठाणा-४.
महाराष्ट्र भुवन
पालीताणा, जीला भावनगर, (गुजरात)

८. साध्वीजी मोक्षरत्नाश्रीजी म. आदि ठाणा-३.
C/o. उदयमलजी कोठारी
१७-इ / ८४४, चोपासनी हाउसिंग बोर्ड,
मु. पो. जोधपुर - ३४२ ००८ (राजस्थान)

९. साध्वीजी मार्गदर्शिताश्रीजी आदि ठाणा-३.
C/o. रमेशचंद्र दीपचंद शाह
राजसाताडो, लाखयार वाडा, पाटन - ३८४ २६६ (उ.गुजरात)

१०. साध्वीजी सुविनीतदर्शिताश्रीजी म., आदि ठाणा-४.
हालारी जैन धर्मशाला
पंचासर रोड, मु. पो. शंखेश्वर - ३८४ २४६ (गुजरात)

११. साध्वीजी उद्योत दर्शनाश्रीजी म. आदि ठाणा-६.
दानसूरि ज्ञानमंदिर
कालुपुर रोड, मनसुखभाइनी पोल, अमदावाद - ३८० ००१

१२. साध्वीजी तत्त्वशीलाश्रीजी आदि ठाणा-३.
जैन श्वे. मंदिर उपाश्रय
मु. पो. रोहट - ३०६ ४२१ (राजस्थान)

१३. साध्वीजी दिव्यसुधाश्रीजी आदि ठाणा-३.
भूरमलजी का जैन उपाश्रय
देवडावास, मु. पो. पीण्डवाडा - ३०७ ०२२ (राजस्थान)

१४. साध्वीजी मैत्रीसुधाश्रीजी आदि ठाणा-४.
जैन उपाश्रय
मु. पो. रामसीण - ३०७ ८०३, जिला जालोर (राजस्थान)

इस वर्ष के नूतन दीक्षित

नाम - रेखाकुमारी उत्तमचंदजी - भडथ
दीक्षा तिथि - विक्रम संवत २०५७, महा सुद ४ दि. २९,१,२००१
दीक्षा नाम - साध्वीजी तत्त्वेशप्रज्ञाश्रीजी
गुरुणी का नाम -साध्वीजी लक्षितप्रज्ञाश्रीजी म.

मेरे साधुओं को पंजाब मे भी विचरना चाहिये।
और व्याख्यान में जैन तत्त्वादर्श पढना।
(प. पू. व्या. वा. आ. दे.
श्रीमद् विजय रामचंद्रसूरीश्वरजी म. सा.)

हरेक भाषा मे जैन प्रवचन प्रकाशित होना चाहिए
(विजय रामचन्द्र सूरीश्वरजी म.)

सिद्धान्त महोदधि, सुविशाल गच्छाधिपति श्री आचार्य भगवंत श्रीमद् विजय प्रेमसूरीश्वरजी म. सा. के पट्टधर गच्छाधिपति व्याख्यान वाचस्पति स्वर्गीय आचार्य भगवंत श्रीमद्


विजयरामचन्द्रसूरीश्वरजी म. सा. के अपने स्वयं लिखित पत्र

द्वारा सुस्पष्ट है कि पूज्य श्री ने आचार्य श्री विजयकमलरत्नसूरीश्वरजी म. सा. एवं इनके दोनों पुत्र शिष्य रत्न श्री दर्शनरत्नविजयजी म. सा. एवं श्री विमलरत्नविजयजी म. सा. (तीनों) के प्रति कैसे प्रशंसनीय उच्च कोटि के हार्दिक अभिप्राय के साथ शुभकामनाएं व्यक्त की है।

पूरा पत्र पूज्य श्री के स्वयं द्वारा २०४१ भादरवा वद २ मंगलवार का लिखा हुआ है जो निम्नानुसार स्वयं में ही सुस्पष्ट है इस मूल पत्र का ब्लोक भी यहां प्रकाशित किया जा रहा है।

''२०४१ ना भादरवा वद २ मंगलवार''

विनयादिगुणगणालंकृत मुनिराज श्री कमलरत्नविजयजी योग अनुवंदना सुखशाता साथे लखवानुं के तमारो आलोचना पत्र मल्यो। आलोचना मां - २००००० स्वाध्याय। तमे भाग्यशाली छो के तमे पण संयम पाम्या अने तमारा पुत्र रत्न ने पण तमे पमाड्युं। तमारो सुपुत्र संयम अने स्वाध्याय नो प्रेमी छे। तेमनी संयम यात्रा सारी रीते पार पडे अने ते सुंदर स्वाध्याय करी शासन नी साची आराधना करते करते शासन नो रक्षक और प्रभावक बने ऐवी तेनी सघली प्रवृति मां सारा सहायक बनी पोताना आत्मा नी मुक्ति नजीक बनावी अनेक भव्यजीवों नी पण मुक्ति खूब नजीक बनावो एज एक नी एक सदा माटे नी शुभ अभिलाषा सहवर्ती सौने अनुवंदना सुखशाता जणावी आराधना अने स्वाध्याय मां अप्रमत्त बनवानुं जणावशो।



सौजन्य : पू. मुनिराजश्री भावेशरत्नविजयजी म., के श्रीमहानिशीथ सूत्र एवं पू. मुनिराज श्रीप्रशमरत्न विजयजी म. के श्रीआचारांगसूत्र की सफल पूर्णाहुति निमित्त श्रीमती सकुदेवी सांकलचंदजी (नेथीजी हुकमाजी परिवार पोथेडी (जालोर-राजस्थान) हस्ते कान्तीलाल फतेहचंद, रमेशकुमार, राजेशकुमार, प्रकाश) हालारी जैनधर्मशाला, शंखेश्वर में चातुर्मास में गुरुवंदनार्थे आगन्तुक साधर्मिको की भक्ति का यात्किंचित लाभ लीया उसके उपलक्ष्य में (विक्रम संवत २०५७)

सर्जन कराया जो कि सोलह विभाग में प्रकाशित हुआ । सिद्धांत महोदधि का गौरवशाली पद आपश्रीको गुरु द्वारा अर्पण कीया गया ।

जयवंता जिन शासन के आप चमकते हुए झवेरात थे उसी प्रकार आप एक कुशल झवेरी थे । गांव और शहरों में से अनके कीमती रत्नों की जांच कर हाथ में लिये और सुयोग्य बनाकर जिन शासन के दरबार में चमकाये । आप श्रीकी भेट दी हुदर्ड, सैकडों संयमीयो की अमूल्य निधि (खजाना), श्री संघ कभी भी भूल सकता नहीं.

संयमीओ की वैयावच्च के लिये आप श्री हंमेशा तत्पर रहते थे । समुदाय अथवा गच्छ पक्ष के भेद से अलग रह कर "जो गिलाणं पडिसेवई सो मां पडिसेवई" के जिनवचन को आपने जीवन सात कीया था ।

आहा की, उपधि की, शिष्यों की अथवा पदवी की स्पृहा से वे कभी भी उसमें लिप्त नहीं हुए । पाप भीरुता यह उनका जीवन पर्याय था । वीतराग के शासन के प्रति अविहड राग था, परंतु विषयों के प्रति प्रचंड वैराग्य था । इस विषय काल में भी आपश्री को विकार की परछाई भी कभी भी स्पर्श नहीं कर सकी । ऐसे सुविशुद्ध ब्रह्मचर्य के वे स्वामी थे । इसीलिये इनके नाम में ब्रह्म मंत्र का सामर्थ्य था । उनके नाम स्मरण मात्र से, विकार से मुक्त होने का अनुभव अनेक व्यक्तियों ने कीया था ।

जडराग, भस्मसात, जीवप्रेम, आत्मसात और संयम शुद्धि जीवन सात, यह था उनके व्यक्तित्वका स्फटिकोपम निर्मल प्रतिबिम्ब । सकल संघ के प्रति अपार वात्सल्य था । संघ समाधि और संघ एकता के लिये हमेशा चिंतातुर और प्रयत्नशील रहते थे ।

आपका उच्च ध्येय - नैष्ठिक ब्रह्मचर्य पालन के साथ साधुओं को प्रेम, वात्सल्यपूर्वक पढा गुणा कर अच्छे संयमी, ज्ञानी, त्यागी, तपस्वी को शासन रक्षक बनाना ।

आपश्री के गुणों की फेहरिस्त काफी लम्बी है फिर भी उनमें निम्न गुणों का निखार झलकता है - (१) सिद्धांत महोदधि (२) आजन्म वैरागी (३) नैष्ठिक ब्रह्मचारी (४) वात्सल्य वारिधि (५) गुणानुरागी (६) वैयावृत्य तत्पर (७) कर्म साहित्य निपुणमति (८) श्रमण शिल्प (९) श्रमण संघ सर्जक (१०) स्वाध्याय संमति (११) नित्य एकासणी (१२) आजन्म मिष्ठान एवं आम के त्यागी (१३) जिन भक्ति अनुरागी (१४) गुरु-चरणा सेवी (१५) शासन शिरोमणी (१६) पंचशत श्रमण सार्थाधिपति (१७) निर्दोष संयमी (१८) करुणा के सागर (१९) जिनाज्ञा विहंगमी (२०) ज्ञान गंभीर (२१) गणगरिम व्यक्तित्व के स्वामी (२२) दीक्षा दानेश्वरी (२३) पापभीरु (२४) शिवमार्ग सार्थवाह (२५) मित भाषि (२६) गुणोपवृहक (२७) स्थितप्रज्ञ (२८) जितशत्रु (२९) अप्रतिश्रावी (३०) अंतर्मुख (३१) दोषरिपु (३२) शरणागत वत्सल (३३) सूरि पुरंदर (३४) पंचाचार परिपालक (३५) समाधान प्रेमी (३६) संघ एकता के आग्रही ।

वीर शासन की परम्परा में जगद्गुरु हीरसूरीश्वरजी म. सा. के बाद सर्वाधिक और सर्वांगिण तरीके शासन सुरक्षा, आराधना में, प्रभावना में निमित्तरूप ऐसे विशाल श्रमण संघ के सर्जन करने वाले श्रुतोद्धार और क्रियोद्धार, जैनोद्धार एवं जीर्णोद्धार आत्मोद्धार और विश्वोद्धार के कर्ता, गच्छपक्ष और समुदाय से भेद रहित तरीके जिनकी महानता को एक आवाज से सबने स्वीकारी है ऐसे कलिकाल कल्पतरु परम पवित्र मूर्ति परम पूज्य आचार्यदेव श्रीमद् विजय प्रेमसूरीश्वरजी महाराजा साहेब थे ।

नम्रता नीरिहता, निर्मलता और नैष्ठिक ब्रह्मचर्य की गुण गरीमा से आप गुरु के द्वारा सूरीपद के साम्राज्य धारक बनकर सारणा - वारणा - चोयणा - पडिचोयणा पूर्वक वीर के वारस वंश वट वृक्ष का सर्जन कीया । सूरि रामचन्द्र - जंबू - हीर - राजतिलक - भुवनभानु आदि सूरी मुनिवृंद के गुरु - प्रगुरु - प्रप्रगुरु आदि पदों को प्रदान कर अडसठ वर्ष के निर्मल दीक्षा पर्याय को पालकर आप परम ब्रह्म में लीन बन गये ।

आज आपकी स्वर्गारोहण तिथि के शुभ अवसर पर आपको शिष्यवृंद के प्रेरक बल को प्राप्त कर आपके दर्शाये हुए मार्ग पर अग्रेसर होने के लिये हम सभी कृतसंकल्प है ।

लेखक : पू. मुनि गंभीररत्न विजयजी म.
कल्याणजी सौभाग्यचंद पेढी - पींडवाड
शा. मीलापचंदजी सुरीचंदजी

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

■ જ્ઞાનતજ્ઞાનીઓ સંસારને દુઃખ, દુઃખ રૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી કહે છે. તે સમજવાની ઇચ્છા જાગે નહિ તો સમજવું કે દર્શન અને ચારિત્ર મોહનીય ગાઢ છે, તેથી કષાય પણ ગાઢ છે અને રાગ-દ્વેષે તો માઝા મૂકી દીધી છે. તેને લઈને અનુકૂળ વિષયો પર ભારેમાં ભારે રાગ છે અને પ્રતિકૂળ વિષયો પર ભારેમાં ભારે દ્વેષ છે.

■ આજે સામાયિક પ્રતિક્રમણ, પૂજા-દાનાદિ કરનારને પણ તે ધર્મ પ્રત્યે આદર નથી. અનાદર એ જ મોટું પાપ છે. દેવ - ગુરૂ પ્રત્યે અનાદરવાળા આવે નહિ, આવે તો ટકે નહિ.

■ ધર્મથી જ સુખ મળે તે વાત સાચી હોવા છતાં પણ સુખ માટે તો ધર્મ થાય જ નહિ ધર્મ તો મોક્ષ માટે જ કરાય. સુખ માટે ય ધર્મ કરાય આવું કહેવું તે મહામિથ્યાત્વનો ઉદય હોય તે જ બોલાવે.

■ તમે અમને હાથ જોડો તે ધર્મ, પણ તમે અમને નમસ્કાર કરો એમ ઈચ્છીએ તે અધર્મ.

■ ઊંધી સમજવાળા ધર્મ કરીને ગાઢ પાપ બાંધીને સંસાર વધારે છે. જેમ અધર્મ કરવાથી સંસાર વધે છે તેમ આજ્ઞાવિરૂદ્ધ વર્તવાથી પણ સંસાર વધે છે.

■ આપણે જો ડાહ્યા થઈ જઈએ તો આપણું ભાવી સારું છે. કોઈ ડહાપણ આપે છતાં તે ન જોઈએ તો સમજવું કે ભાવી ભૂંડું છે. જ્ઞાનીઓને આમાં પાપ જેમ કહેવાનો શોખ ન હતો, તેમને તેમના જ્ઞાનનું અજીર્ણ થયું ન હતું. તેમનો તો એક જ હેતુ હતો કે- જે કોઈ સમજે અને જલ્દી આરંભ - સમારંભથી છૂટી જાય અને એવું જીવન જીવે કે ઝટ મોક્ષે પહોંચી જાય.

■ શાસ્ત્રને અનુસારી જે જ્ઞાન તેનું નામ ધ્યાન

■ જેની પૂંઠ સંસાર તરફ ન હોય, મોઢું મુક્તિ તરફ ન હોય તેને વીતરાગના ધર્મની ગંધ પણ ન આવે.

■ જૈન સંઘમાં સાધર્મિક માટે ફંડ કરવા પડે તે જૈન સંઘની ફજેતી !

■ પાપ ન હોત તો દુઃખ ન હોત. વિષયની પરવશતા અને કષાયની આધીનતા ન હોત તો પાપ ન હોત !

■ સમ્યક્ પ્રકારે આત્માને લપસાવ્યા કરે તેનું નામ સંસાર !

■ કર્મ જેવા સંયોગ આપે તેમાં આનંદપૂર્વક રહેવું તે જ ખરેખર ધર્મ !

■ દીક્ષા આત્માની જાળવણી માટે છે, શરીરની જાળવણી માટે નહિ.

■ દુઃખથી ડરવું તે દુર્ગુણ ! પાપથી ડરવું તે સદ્ગુણ !

■ દુઃખનો ડર સુખ અને માત્રનો લોભ તેનું નામ સંસાર.

■ પાપ કરવું અને પાછું પાપને છૂપાવવા જેના જેવું ભયંકર પાપ એકે નથી.

■ રાગ દોષ છે, વિરાગ ગુણ છે, વીતરાગતા આત્માનું સંપૂર્ણ સ્વરૂપ છે.

■ અમારે તમને દાન કરતાં કરવા છે પણ ગમે તે રીતે નહિ. દાન કરવા પાપ કરીને કમાવ તેમ કહેવું નથી. તમારી પાસે ન્યાયથી પૈસા આવ્યા હોય તેના પરનો મોહ છૂટે તે માટે દાન કરો તો તે દાન ધર્મ છે.

■ દુનિયાના સ્વાર્થ માટે દાન કરાવવું સહેલું છે પણ

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
7/08/2001

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ	અંક
૧૩	૪૮

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

બોધિલાભની પ્રાપ્તિનું ચિહ્ન

જહ જહ દોસોવરમો,
જહ જહ વિસએસુ હોઇ વેરગ્ગં ।
તહ તહ વિન્નાયવ્વં,
આસણ્ણો બોહિલાભો ત્તિ ॥
(શ્રી સંવેગ રંગશાળા, ૮૮૩૯)

જેમ જેમ દોષો દૂર થાય અને પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં વિરાગભાવ પેદા થાય તેમ જાણવું કે બોધિલાભ હવે નજીકમાં છે.

MICROSCAN M

દયા ધર્મનું મુળ છે ।। ।। શ્રી મહાવીરાય નમ: ।। ।। અહિંસા પરમો ધર્મ ।।

Trust Act. Reg. No. E-379 Kachchh

Donation is Exempted U/S 80-G of Income tax Act. Vide Certi. No. CITR 63-42 Up to dt. 1-4-૯૮ થી 31-3-2003



SHREE JIVDAYA MANDAL

RAHPAR (KUTCH) 370 165



શ્રી જીવદયા મંડળ-રાપર-કચ્છ

સ્થાપના - સંવત ૨૦૨૮

ઠે. લોહાણા બોર્ડીંગ સામે, પોસ્ટ બોક્ષ નં.૨૩, મું. રાપર-કચ્છ. પીન ૩૭૦૧૬૫.

ફોન : (૦૨૮૩૦) ૨૦૦૪૦. પ્રમુખ : ફોન : (ઓ.) ૨૦૦૭૯ (રે.) ૨૦૩૫૭

ધર્મ પ્રેમી ભાઈ શ્રી,

શ્રી જીવદયા મંડળ સંચાલીત 'રાપર પાંજરાપોળ'ને મદદ માટે નમ્ર અપીલ ...

બબ્બે દુષ્કાળની કારમી યાતનાઓ સાથે તા. ૨૬-૧-૨૦૦૧ ના થયેલ મહા વિનાશકારી ભૂકંપને લઈ માનવ જાત સાથે પશુજાત પણ અનેકાનેક મુશ્કેલીઓમાં આવી પડેલ. તે સમયને યાદ કરતાં ચો તરફથી મુશ્કેલીઓનોજ અંધકાર છવા લો નજરે પડે. એટલું હતું એ ભયંકર ચિત્ર... ત્યારે આ પળો પણ કાયમી નથી એ કુદરતની નિયમ મુજબ છેલ્લા પંદર-વીર દિવસથી કુદરતની મહેર થઈ હોય તેમ સારાય ગુજરાત ઉપર મેઘરાજાની મહેર વરસી રહેલ છે. જેના લઈ જન જીવન સાથે પશુ તને પણ ખુબ ખુબ રાહત થયેલ છે.

હાલ વરસાદને લઈ ઘણી બધી મુશ્કેલીઓમાં હળવાસ થયેલ છે, પરંતુ બે દુષ્કાળને લઈ મર્યાદા બહારનાં ૦૦૦૦/ હજાર આસપાસના ઢોરોને લઈ જે ભાર વહન કરવો પડેલ છે તે તેમજ ભૂકંપના કારણે સંસ્થાના બધા જ વિભાગમાં માલ મિલ્કતને જે ખુબ જ નુકશાન થયેલ છે જેના લઈ બધા જ વિભાગોનું નવેસરથી આયોજન કરવું પડે તેવી સ્થિતિ લઈ આ સંસ્થા ઉપર પણ ખૂબ જ મોટું આર્થિક ભારણ આવી પડેલ છે.

સંસ્થાનો નવો પુનરોદ્ધાર કરવા માટે ખુબજ મોટી રકમની જરૂરત પડશે સાથે સાથે ૪૦૦૦ હજાર આસપાસ ના ગાય, બળદ, ભેંશ, પાડા, ઘેટાં-બકરાં વગેરે જીવોની પણ જવાબદારી ખરીજ.

હાલ આ સંસ્થાના બાકીના વિભાગમાં પુન:નિર્માણનું કાર્ય હાથ ધરેલ છે. સંસ્થામાં આશ્રિત ઢોરો સુખરૂપ રહી શકે એ હેતુથી બધાજ વિભાગો સુવ્યવસ્થિત બનાવવા સંકલ્પ કરેલ છે. સંસ્થાના સંકલ્પમાં તેમજ જીવોના જતન માટે આપ સૌનો સહયોગ અનિવાર્ય છે તો સૌ જીવદયા પ્રેમી ભાઈઓ શ્રી સંઘો તથા સેવાભાવી સંસ્થાઓને આ સંસ્થાને મદદ કરવા નમ્ર વિનંતી.

લી. ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ રાપર
રાપર (વાગડ) કચ્છ

સંપર્ક સ્થળ
શ્રી જીવદયા મંડળ રાપર
રાપર (વાગડ) કચ્છ
પીન : ૩૭૦ ૧૬૫
ફોન : ૨૦૦૪૦ / ૨૦૦૭૯ / ૨૦૦૭૭

મુંબઈ સંપર્ક સ્થળ
સંપર્ક : શ્રી અમૃતભાઈ છગનભાઈ કોટડીયા
C/o. રાજેશ ગારમેન્ટ, દરબાર હોટલ બિલ્ડીંગ,
શોપ નં. 6/F, ડી'સીલ્વા રોડ કોર્નર,
દાદર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૮
ફોન : ઓફીસ : ૪૩૧૨૧૦૦, ઘર : ૪૩૧૦૨૩૪.

નોંધ : સંસ્થાનું ખાતું દેના બેંક રાપર શાખામાં નં. S.B. ૪૬૪ થી છે.
ખા. ક. : સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચાર પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થરાદ)

વર્ષ : ૧૩) સંવત ૨૦૫૭ શ્રાવણ સુદ ૧૩ મંગળવાર તારીખ ૩૧-૭-૨૦૦૧ અંક ૪૮

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ આજીવન રૂા. ૧૦૦ પરદેશ વાર્ષિક રૂા. ૧૦૦ પરદેશ આજીવન રૂા. ૬૦૦૦

ભગવાન મહાવીરનો અભિગ્રહ તે માટે વિકૃત રજુઆત

જૈન શાસનમાં અભિગ્રહોની વાત આવે છે. તેમાં આજે ચંદનબાલાના અક્રમનો અભિગ્રહ પ્રસિદ્ધ છે. પરંતુ શાસ્ત્ર ભગવાન મહાવીરે અભિગ્રહ લીધો. તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી અભિગ્રહ લીધો છે. તેમાં દ્રવ્યથી અડદ સુપડાના ખૂણામાં હોય, ક્ષેત્રથી ઉંબરામાં હોય, કાલથી તીર્થાચરી ભીક્ષા લઈ ગયા હોય, ભાવથી રાજકુમારી માથે મુંડન, પગમાં બેડી અક્રમ તપ, આંખમાં આંસુ હોય આવો અભિગ્રહ છે. અને પાંચ માસ પચ્ચીશ દિવસે ચંદનબાલાથી આ અભિગ્રહ પૂર્ણ થાય છે. તે અનેક શાસ્ત્રો ચરિત્રો વિ. માં પણ પ્રસિદ્ધ છે.

જુઓ તા. ૨૧-૧૧-૨૦૦૦ ના શાસન પ્રગતિ માસિકમાં કુમારપાળ દેસાઈ **પ્રભુ મહાવીર થોડી જ વારમાં ફરી ચંદનબાળાને ત્યાં પધારે ખરા ?''**

હેડીંગથી એ સૂચવવા પ્રયત્ન કર્યો છે કે પ્રભુજીએ ચંદનબાળાને આંસુ આવે તેવો અભિગ્રહ કરે નહિ અને પ્રભુ પાછા ફર્યા તે વાત શાસ્ત્રોમાં કે ચારિત્રોમાં આવે છે તે ખોટી છે. એવું માનીને શાસ્ત્રો ચરિત્રો અને સકળ સંઘમાં પ્રચલિત તેમજ સ્તવનો ગીતો આદિમાં વણાયેલી આ વાત જ અઘટિત છે તેવું કહી કુમારપાળ દેસાઈ સાબીત કરવા માગે છે. જો કે તેમના આવા કપોળ કલ્પિત વિચારોને કેટલાક સુધારક મહાત્માઓ કે બુદ્ધિના ત્રાજવેથી તોલનારા મહાત્માઓ આવી કૃતિને માન્ય કરી લે છે. અને તેવો અનુભવ આજે વારંવાર થઈ રહ્યો છે. ચરિત્ર ગ્રંથોમાં કોઈ વિસ્તારથી હોય કોઈ સંક્ષેપથી લખાણ હોય તો તેમાં કોઈ વાત ન આવે એમ બને પણ તે વાતને આગળ કરીને આ ભગવાનના જીવન અંગેની વાતને પલટાવવી અને સંઘમાં ભ્રમ ઉભો કરવો તે એક ભયંકર દોષ છે.

પ્રભુજીએ ચંદનબાળાની આંખમાં આંસુ ન જોયા એટલે પાછા ફર્યા. આ સુધારકોનું કહેવું છે કે ચંદનબાળા રડતા ન હતા. આંસુ ક્યાંથી આવે ? પરંતુ આ સુધારક વિચારવાળાની બુદ્ધિ શાસ્ત્રને જુઠા પાડવામાં જ વપરાય છે. માટે આંસુની વાતમાં ફસાઈ ગયા છે.

ચંદનબાળા પહેલાં જરૂર રોતા હતા. પરંતુ પ્રભુ પધાર્યા એટલે તેનો શોક દૂર થયો. અને હર્ષ થયો કે આવે અવસરે ભગવાન પધાર્યા તેનો આનંદ માયો નહિ વિલાપ કરતા મરુદેવા માતા પુત્રની ઋદ્ધિથી ખુશ થયાં અને હર્ષનાં આંસુ આવ્યા પડલ ખૂલી ગયા ભગવાનની ઋદ્ધિ જોઈને વિરાગ ભાવમાં કેવલ પામ્યા. એટલે આંસુ હતા તે હર્ષમાં પરિણમ્યા અને જ્યારે ભગવાન વહોર્યા વિના પાછા ફર્યા ત્યારે થયું આવે સમયે ભગવાન આવીને લીધા વિના ગયા ? તેથી આંસુ આવ્યા.

આ વાત તેમના મનમાં બેસી નથી અને તેવી વાતને પૂ. આ. શ્રી વિજય પ્રદ્યુમ્ન સૂરીશ્વરજી મહારાજ શાસ્ત્રના વિકલ્પોમાં વિચાર્યા વિના ઉત્તેજન આપી દીધું છે શાસ્ત્રમાં

વિકલ્પો આવતા હોય ત્યારે ભવભિરુ મહાત્માઓ વિકલ્પ કરીને 'तत्त्वं केवली गम्यं' તેમ લખે છે. પરંતુ આચાર્ય મહારાજે એકદમ વિકલ્પને દૂર કરીને શાસ્ત્ર વિરુદ્ધની વાતને અનુમોદન આપ્યું. તે તેમના વિચારને તેમની ગીતાર્થતાને પણ નામોશી પાડે છે. આ લેખક પૂ. આચાર્ય દેવના લખાણને ધર્યા કેળા માનીને લખે છે કે

આ અતિ પ્રચલિત માન્યાતાના આધારે ઘણી કથા અને ઘણા કથા ગીતોની રચના થઈ છે. પરંતુ જેથી સાહિત્યના સંશોધક અને એવા જ ઊંડા વિચારક આચાર્યશ્રી પ્રદ્યુમ્ન સૂરીશ્વરજી આ ઘટનાનો યથાર્થ અર્થ પ્રગટ કર્યો છે.

આચાર્યશ્રીએ કથા કે કથા ગીતોની વિરુદ્ધ નહિ પરંતુ આ શાસ્ત્રો ચરિત્ર ગ્રંથોની વિરુદ્ધ અભિપ્રાય આપીને સુધારેલું બનાવવાનો પ્રયત્ન કર્યો હોય તે સુધારકપણું નથી એ સ્પષ્ટ વર્તે છે.

કુમારપાલ દેસાઈએ જે પહેલાં લેખ લખ્યો છે હજી દેવાનંદા માતા રડી રહ્યા છે કેમ ભગવાન તેની કુક્ષે જન્મ્યા નહિ. પરંતુ દેસાઈની સુજ્ઞાનતાનો પાર નથી કેમ કે દેવાનંદા માતા તો મોક્ષમાં ગયા છે તે પછી હજી ક્યાંથી રડે ? એટલે શ્રદ્ધાને ફેંકીને બુદ્ધિથી ચાલનારા આવા લેખક દ્વારા જૈન ધર્મના સિદ્ધાંતો વક્તવ્યોના છેદ ઉડાડાય છે. એ સૌ સમજે.

આજે આ લેખકને રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો તે ઘણી બધી જગ્યાએ છપાવ્યો. પરંતુ તે જે સંસ્થામાં છે તેના પ્રેસીડેન્ટ શ્રી ચંદરીયાને એવોર્ડ વડા પ્રધાનશ્રીને હાથે મળ્યો તો તેનું ક્યાંય મુદ્રણ ન કરાવ્યું. જૈન સંઘ સુધારક વિચારને માટે દેશ પરદેશમાં ધર્મ પ્રચારને માર્ગે હાઈ સોસાયટીના સંપર્કમાં રહીને પોતાનું કામ કેટલું કઢાવી લેતા હશે, તે કોન જાણે.

તેમની શક્તિનું સદુપયોગ કરે અને શાસ્ત્રના સત્યોને માત્ર બુદ્ધિથી ન તોલે એ માટે તેમણે ગુરુગમ લેવો જોઈએ. જેથી તેમની શક્તિનો વિકાસ થાય અને જૈન સંઘના અભ્યુદયમાં તેઓ સહાયક બને. એજ શુભ અભિલાષા. ■

"સુખ મારું"

અહમ્ એટલે મારું -

સુખ મારું અને દુઃખ બીજાનું.

કેવળ સુખનો અભિલાષી બનેલો માનવી, પર વસ્તુની પ્રાપ્તિ માટે તથા ભોગવટામાં જ સુખ માની બેઠેલો માનવી પોતાની પ્રવૃત્તિઓથી બીજાને શું થશે ? બીજાને કેટલું શોષાવું પડશે ? બીજાને કેટલું દુઃખ થશે ? તે વિચારશે ખરા ?

પોતાના સ્વાર્થ ખાતર, વ્યસન ખાતર તથા શોખ ખાતર સુખના અર્થીઓ કેટલાંય જીવોને દુભાવે છે, કેટલાંય જીવોનો સંહાર કરે છે તે વિચારશે ખરા ?

ઉપરથી વિચારશે કે મારું સુખ સધાતું હોય તો બીજાનું ગમે તે થાય.

આવો જ વિચાર કોણિકે કર્યો. કોણિક ઉંમર લાયક થયો. નાનો હતો ત્યાં સુધી માત - પિતા જે કહે તે કરવાની વૃત્તિ હતી. યુવાન થતાંની સાથે જ યુવાનીનો કીડો સળવળ્યો. દુનિયાને કાંઈ બતાવી દઉં. હું પણ કાંઈ કમ નથી. રાજા બનવાના મનોરથો - ઈચ્છાઓએ પોતાના સુખની અભિલાષા વિચારી.

સમ્રાટ શ્રેણિકને જેલમાં પુર્યો

અને, અંહિયા તો મમત્વપણું નાશ થયેલ હતું. રાજા શ્રેણિક જેલમાં પુરાયા, ત્યાં રહ્યા રહ્યા વિચારે છે કે રાજ્ય ક્યાં મારુ છે ? તે ગયું તો પણ શું અને રહ્યું તો પણ શું ? શા માટે મનમાં ઓછું લાવું. મારુ હોય તો મને દુઃખ થાય ને ! હું મગધ દેશનો માલિક છું એવું વિચારીને શા માટે દુઃખી થાવ. જગતમાં મારું કોઈ નથી, કશું નથી મારા તે ભગવાન છે. હું તેઓના ચરણે - શરણે રહેલો છું. આ મમપાર્ણના કારણે રાજા શ્રેણિક પણ જેલમાં મસ્તીથી રહેતા હતા. દુઃખ મારું છે એ ભાવનાના કારણે જગતભરમાં મારો કોઈ દુશ્મન નથી. મારું બગાડવાની કોઈની તાકાત નથી જે વિચાર શૈલીથી અહમ્પણું છુટે તો જ આવે ? અને મમત્વ છુટે તો જ આંતરમાં પ્રભુજીનો સાક્ષાત્કાર થાય. આંતરમાં સાક્ષાત્કાર કરવા માટે અહમ્ - મમને છોડવા પ્રયત્નશીલ બનો એ જ અભિલાષા.

—શ્રે. વિરાગ.

પ્રવચન - ઓગણપચાસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

૨૦૪૩, ભાદરવા વદિ -૨, બુધવાર, તા. ૯-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

ગતાંકથી ચાલુ

સભા : છોડવા જેવાં લાગે છે.

ઉ - આ માત્ર મોંઢેથી બોલવાનું નથી. હૈયાથી લાગે તો કહેવું પડે કે તેના કષાય અનંતાનુબંધીના મંદ પડી ગયા છે અને તેનું મિથ્યાત્ત્વ પણ મંદ પડયું કહેવાય. પછી તે જીવો ઘરમાં મઝેથી નથી રહ્યા પણ કમને રહ્યા છે તેમ કહેવું પડે. શ્રાવક ઘરમાં રહ્યો હોય, પેઢી ચલાવતો હોય કે વ્યાપારાદિ કરતો હોય તો પણ તેને તે બધું કરવા જેવું ન લાગે, કરવું પડે માટે કમને કરે. જ્યારે આજે તો અનીતિ પણ કરવા જેવી લાગે છે અને ઉપરથી કહે છે કે- આજે તો અનીતિ ન કરીએ તો જીવાય જ નહિ. અનીતિ કોને કહેવાય ? શાસ્ત્રે કહ્યું છે કે- માલીકને, સ્વજનને, મિત્રને કે જે કોઈ વિશ્વાસ મૂકે તેને ઠગવો તેનું નામ અનીતિ છે. આનંદથી જૂઠું બોલવું, મઝેથી ચોરી કરવી તેને પણ અનીતિ કહેવાય.

પ્ર - અનીતિ કયા કર્મના ઉદયથી થાય ?

ઉ. - લોભ કર્મના ઉદયથી થાય. જે બહુ લોભી હોય તે બહુ અનીતિ કરે. લોભને શાસ્ત્રે સઘળાં ય પાપોનો બાપ કહ્યો છે. અનીતિ કરવી જેને બહુ જ ગમે, જરા પણ દુઃખ ન થાય તેને મહામિથ્યાત્ત્વનો ઉદય છે.

નાનું ઘર મોટું કરવાનું મન થાય ને ? તે માટે ઘણા પૈસાનું મન થાય ને ? તે ઘણા પૈસા મેળવવા અનીતિ કરો છો ને ? તમારે જીવવા માટે જે જોઈએ તે અનીતિ વગર મળી શકે ખરું ? અનીતિ ન કરો તો ભુખ્યા જ મરો તેમ છો ? શ્રાવક તો ધંધો કરવો જ જોઈએ તેમ નથી માનતો તો તે અનીતિ કરવા લાયક છે તેમ માને ખરો ? માટે જેટલા માલેતુજારો તે બધા આજે તો અનીતિખોર જ છે ને ? મોટે ભાગ બગડી ગયો છે છતાં પણ આજે એવા પણ જીવો છે જે લુખ્ખું મળે તો ચોપડયું ખાવા પણ અનીતિ **નથી કરતા. ચોરી નથી કરતાં, કોઈને ઠગતા નથી, ખોટા** ચોપડા પણ નથી લખતા. જેના ચોપડામાં જે ન હોય તે ઘર - પેઢીમાં હોય તો તે જીવ માણસ પણ કહેવરાવવા લાયક નથી. ચોપડો એટલે આરિસો ! તમારા ચોપડામાં જે ન હોય તે તમારા ઘરમાં અને તમારી પેઢીમાં ન જ હોય ને ? ઘણું હોવા છતાં ય અવસરે 'મારી પાસે કાંઈ નથી' આવું કહે તે લુચ્ચો કહેવાય કે શાહુકાર કહેવાય ?

મોહનીયની અઠ્ઠાવીશ પ્રકૃતિઓ આપણે જોઈ આવ્યા. તેમાં કષાયોની સોળ પ્રકૃતિ છે તે પણ જોઈ આવ્યા. અનંતાનુબંધીના કષાય સમ્યક્ત્વને રોકનાર છે, અપ્રત્યાખ્યાની કષાય દેશવિરતિને રોકનાર છે, પ્રત્યાખ્યાની કષાય સર્વવિરતિને રોકનાર છે. અને સંજ્વલનના કષાય વીતરાગતાને રોકનાર છે. વીતરાગતા આવ્યા વિના કેવળજ્ઞાન ન થાય અને કેવળજ્ઞાન ન થાય તો મોક્ષ પણ થાય નહિ. તમારે મોક્ષમાં જવું છે કે સંસારમાં રહેવું છે ? તમે કહો કે- અમારે મોક્ષમાં જ જવું છે, સંસારમાં રહેવું નથી પણ જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી દુર્ગતિમાં જવું નથી તે દુઃખથી ડરીને નહિ. પણ ત્યાં મોક્ષસાધક ધર્મની સામગ્રી મળે નહિ અને ધર્મ કરી શકું નહિ માટે. અને સદ્‌ગતિમાં જ જવું છે તે ત્યાં સુખની સામગ્રી છે માટે નહિ પણ મોક્ષસાધક ધર્મની સામગ્રી મળે અને ધર્મ કરી શકું માટે. જો સદ્‌ગતિ તમારે મોક્ષસાધક ધર્મની આરાધના માટે જોઈએ છે તો આ સદ્‌ગતિ મલી છે તે લહેર કરવા મલી છે એમ મનાય ? ખરેખર જૈન હોય તો તે કહે કે- સાધુપણું લેવા માટે મલી છે, અને મનુષ્યભવ વિના સાધુપણું મળે નહિ. ચરવળો લેનાર અને ચાંલ્લો કરનાર પણ આ સાધુપણાની ઈચ્છાવાળો જ હોવો જોઈએ જેને સાધુપણાની ઈચ્છા પણ ન હોય તેનામાં સમ્યક્ત્વ પણ હોય નહિ. વખતે તેનું મિથ્યાત્ત્વ પણ ગાઢ હોય. પછી કષાયો પણ જોરદાર હોય.

જે જીવોની આવી સ્થિતિ હોય તેમને ગમે એટલા પૈસા મળે તો પણ સંતોષ થાય નહિ. હજી મારી પાસે **ઓછા પૈસા છે એમ તેને લાગ્યા કરે. એટલે** પૈસા મેળવવા કોઈપણ પાપ મઝેથી ને આનંદથી કરે. આજે જેટલા વેપારી છે તે મોટેભાગે જૂઠ્ઠાને ચોટ્ટા છે. તેને

કદાચ સરકારના અધિકારીઓ પકડીને લઈ જાય તો ય લોક કહે કે- તે જ દાવનો હતો. કોઈને ય તેની દયા ન આવે. તમને ચોરનો ભય લાગે છે કે ચોરીનો ભય લાગે છે ? તમને જૂઠ્ઠો આદમી ન ગમે કે જૂઠું બોલવું પણ ન ગમે ? આજે જૂઠ્ઠા અને ચોટ્ટા શેઠને સાચો નોકર જોઈએ છે ને મળે ? જે કાળમાં કોટિપતિઓ પણ જૂઠ અને ચોરી મઝેથી કરે તે કાળમાં સામાન્ય આદમી જૂઠ બોલે કે ચોરી કરે તેમાં નવાઈ શી છે ? તમે બધા સારા માણસ ગણાવ છો તો સારી રીતે મઝેથી જૂઠ બોલો છો, ચોરી કરો છો કે જૂઠ અને ચોરી કરતા જ નથી ? અનંતાનુબંધીનો લોભ બધું જ કરાવે.

જેનામાં પહેલું ગુણઠાણું આવ્યું હોય તેનો લોભ અનંતાનુબંધીનો હોવા છતાં પણ તે મંદ હોવાથી જીવ અનીતિ તો ન જ કરતો હોય કેમ કે, તે જીવ અનીતિને ખોટી માને છે. લોભને માટે પેઢી નથી ખોલતો પણ આજીવિકાને માટે ખોલે છે. તેની પાસે જો આજીવિકાનું સાધન હોય તો તે વેપારાદિ પણ ન કરે, બજારમાં પણ ન જાય. આજનું બજાર કેવું છે ? આજનું બજાર તો શેતરંજનોમાં ઘર જેવું છે ને ? આજના બજારમાં કોણ જાય ? જુઠ્ઠા અને ચોરટા હોય તે જ ને ? જે જીવો મઝેથી, કરવા જેવી માનીને અનીતિ કરતા હોય તે બધા તો ગુણસંપન્ન પહેલે ગુણઠાણે પણ નથી. તમે કયા ગુણઠાણે છો ? તમારા ઉપર જે વિશ્વાસ મૂકે તે ધોખો ન ખાય ને ? તમારો ભાગીદાર પણ અક્કલ વિનાનો હોય તો તેને ય પૂરેપૂરો ભાગ આપો ખરા ? જે માલિક વિશ્વાસ મૂકે તે ન જાણે તેવાં કામ કણ કરો અને તેને ય જોખમમાં મૂકો ને ? તમારો ભાઈ મૂરખો હોય તો તેનું સ્થાન તમારા ઘરમાં કેવું હોય ? તમારા કષાય કેવા છે તે નક્કી કરવું છે.

અહીં આવનારમાં બારવ્રતધારી કેટલા છે ? એકવ્રતધારી પણ કેટલા ? તમે વ્રતો કેમ નથી લીધાં ? શક્તિ નથી માટે કે લેવાં નથી માટે ? વ્રત લેવાનું મન ન થવા દેનાર અપ્રત્યાખ્યાની કષાય છે. સાધુપણું નહિ લેવા દેનાર પ્રત્યાખ્યાની કષાય છે. સાધુ થઈને પણ પૌદ્ગલિક સુખોનો અને માનપાનાદિનો લોભી હોય તો તેનામાં પણ સાધુપણું આવે નહિ. તમે સામાયિકમાં હો અને હૈયામાં ઘર - પેઢીના જ વિચાર ચાલ્યા કરે તો તે સામાયિક સાચું સામાયિક નથી. તે સામાયિક એ દેખાવનું છે.

પ્ર- તે વખતના વિચારો કેવી રીતે રોકવા જોઈએ ?

ઉ- તમે જ્યારે વેપારાદિ કરો છો ત્યારે ઘરના વિચાર આવે છે ? જેમાં ખૂબ રસ હોય તે કામ કરો ત્યારે બીજા વિચાર આવે નહિ.

સામાયિક શા માટે કરવાનું છે ? સમ્યગ્જ્ઞાન - સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની આરાધના કરવા માટે, બે ઘડી સુધી ઘર - પેઢીના કામથી આઘા રહેવા માટે કરવાનું છે. તેમાં પચ્ચક્ખાણ શું કરો છો ? બધા જ પાપકાર્યોથી આઘા રહેવાનું. તમને બધાને જેમ સામાયિકમાં ય સંસારના જ વિચાર આવે છે તેમ ધર્મિને સંસારમાંય ધર્મના જ વિચાર આવે. સામાયિક એ ધર્મના વિચારોનો અભ્યાસ છે. સંસારના વિચાર ન આવે તે માટે કરવાનું છે. આવી રીતે જે જીવ સામાયિક કરે તેને એવા સુખોનો અનુભવ થાય કે જિંદગીનું સામાયિક કરવાનું મન થયા વિના રહે નહિ. જે સામાયિક કરનારને જિંદગીભરનું સામાયિક લેવાનું મન ન થાય તેનું સામાયિક એ સાચું સામયિક નથી. સામાયિક લેતાં જેમ આનંદ હોય તો પાળતી વખતે દુઃખ હોય ને ? મંદિર - ઉપાશ્રયે જતાં આનંદ થાય તેમ મંદિર - ઉપાશ્રયેથી ઘેર જતાં દુઃખ થાય છે ?

પ્ર- મંદિરે જતાં જતાં કર્મની નિર્જરા થાય તેમ કહ્યું છે તો મંદિરેથી ઘેર જતાં જતાં પણ કર્મની નિર્જરા થાય ને ?

ઉ- હા પણ કોને ? 'ઘેર જવું તે ખોટું છે, પાપનો ઉદય છે માટે ઘરે જાઉં છું' આમ માને તેને મંદિરેથી ઘરે મઝેથી જાય તેને નિર્જરા થાય ખરી ? આજનં મોટોભાગ મંદિર - ઉપાશ્રયમાં પણ કર્મ જ બાંધે છે. મોટોભાગ દુનિયાના સુખ માટે જ ધર્મ કરે છે. ધર્મ કરીને તો સુખી થવાય આ ભાવના આવે તો કર્મ બંધાય કે નિર્જરા થાય ?

અવિરતિથી પણ કર્મ બંધાય છે. દુનિયાનું સુખ ખૂબ મળે અને તે સુખ હું મઝેથી ભોગવું - આવા વિચાર તે અવિરતિના ઘરના વિચાર છે. તેનાથી કર્મ બંધાય કે કર્મ છૂટે ? શાસ્ત્રે નિર્જરાના બાર પ્રકાર કહ્યા છે. તેમાંથી કયો પ્રકાર તમે આચરો છો ? તમે ઘરે કહીને આવ્યા હો અને તે કામ ન થયું હોય તો ઘરવાળાની પત્તર ખાંડો ને ? તમે અહીં આવ્યા છો તો બધી વ્યવસ્થા કરીને આવ્યા છો ને

ક્રમશ :?

श्रमण भगवान महावीर प्रभु के २६००वें जन्म कल्याणक के उपलक्ष में भारत सरकार द्वारा पूरे वर्ष में किए जाने वाले कार्यों के विषय में विरोध-पत्र

(१) डाक टिकिटों पर भगवान महावीर प्रभु छवि का टंकन

यह निदान अनुचित है क्योकि टिकट कई लोग थूक लगाकर चिपकाते हे, टिकट के पीछे जो वस्तु टिकट चिपकाने के लिये लगाई जाती है वह मटन-टेलो नामके अभक्ष्य पदार्थ है, टिकट पर डाकघर द्वारा तारीख का ठप्पा लगाया जाता है, टिकट के उपयोग मे आने के पश्चात वह यहाँ-तहाँ कूडे - करकर में फेंक दिया जाता है । इन सब बातो से भगवान का अपमान और आशातना होती है ।

(२) जैनो के आगम सूत्रो का अनुवाद करवाना अनुचित है क्योकि इससे आगमो की गंभीरता और पवित्रता का नाश होता है । अतः जैन सिद्धान्तो के अनुसार आगमो का अनुवाद करने का निषेध है । अलबत जैन आचार्यो - साधुओ द्वारा इन आगमो पर टीकाएं लिखी जा सकती है जो लिखी गई है । अलबता ये टीकाएं यदि एक भाषा में ही हो, तो उन टीकाओ का अनुवाद अवश्य अन्य भाषाओं में करवाई जा सकती है किन्तु आगमो का अनुवाद तो अनुचित है ।

(३) सिक्कों पर भगवान महावीर की प्रतिकृति करवाना अनुपयुक्त है क्योकि ये सिक्के व्यसनियों, शराब, मांस, बीडी, सिगरेट इत्यादि में लीन व्यक्तियों के हाथ में आयेगे इन सिक्को द्वारा ये वस्तुए एवं अन्य अभक्ष्य वस्तुएं खरीदी जायेगी, ये सिक्के चोरों, भ्रष्टाचारियों, अब्रह्म सेवन करने वालो के हाथ में भी - आयेगे । इस तरह इन सिक्को द्वारा अवांच्छयीय कार्य किए जायेगे ।

(४) वनस्पति का विकास भगवान महावीर के नाम से करना अनुचित है क्योकि इनके विकास से जीव हिंसा होती है, वनस्पतिकाय के अनन्त जीवों का नाश होता है- जो भगवान महावीर एवं जैन सिद्धान्तो के विपरीत है ।

(५) फाइवस्टार होटलो में नौन-वेज के साथ जैन-वेज के परोसने की बात भी अनुचित है क्योकि इसमें मिलावट होने का पूर्ण अंदेशा है ! बेहरे वही होगे, बनाने वाले वही होंगे । इसके बजाय तो ऐसे फाइवस्टार होटलो अलग से हों जिनमें केवल जैन दृष्टि से भक्ष्य भोजन तैयार हो, और चलाने वाले जैन हो और उनमें कार्य करने वाले सभी ऐसे व्यक्ति हो जो जैन दृष्टि से अभक्ष्य भोजन न बने, और जिनमें रात्रि भोजन न हो ।

(६) भगवान महावीर के नाम से एक नई युनिवर्सिटी स्थापित करना अनुचित है, क्योंकि इस युनिवर्सिटी में भी अन्य युनिवर्सिटीयो के समान शिक्षा दीक्षा होगी उसके अंतर्गत हिंसा आदि के ऐसे कार्य होंगे जो जैन सिद्धान्तो के प्रतिकूल है ? अतः ऐसी युनिवर्सिटी को भगवान महावीर के नाम से जोडना अनुचित है ।

(७) कुछ तीर्थो को ही पवित्र क्षेत्र घोषित करना अनुचित है क्याकि जैनो के सभी तीर्थ पवित्र क्षेत्र है ।

(८) कुछ तीर्थो के विकास के लिए सरकारी बोर्डो की स्थापना करना अुनचित है, क्योकि ऐसे बोर्डो की स्थापना से इन तीर्थो का विकास सरकारी बोर्डो के हाथ में आ जायेगा और इससे अनुचित सरकारी हस्तक्षेप होगा । सभी - तीर्थो के विकास के लिए जैन समाज इतना सम्पन्न एवं बुद्धिमान है कि किसी बाहय हस्तक्षेप की आवश्यकता नही है । इससे जैनो के स्वंतत्रता पर कुठाराघात होगा ।

(९) भगवान महावीर को विश्वपुरुष घोषित करने के लिए युनेस्को को निवेदन करना अत्यंत अनुचित है क्योंकि इसके लिये युनेस्को अक्षम है । भगवान महावीर तो परम - आत्मा है, विश्वपिता के नायक है, स्वामी है, परमगुरु है- विश्वपुरुष नहीं- विश्वपुरुष घोषित

करना उनकी महिमा को घटाना है । यह कदम कदापि उठाना नहीं चाहिए ।

(१०) भगवान महावीर के जन्मस्थल "वैशाली" का सर्वांगीक विकास करना अनुचित है क्योंकि- भगवान महावीर का जन्म स्थल वैशाली नही है बल्कि क्षत्रिय कुंड है ।

(११) इसी प्रकार किन्ही इमारतो, स्थलों, उद्यानों, पार्को, क्रिडा-स्थानों आदि पर भगवान महावीर का नाम अंकित करना उचित नही है, क्योंकि भगवान महावीरने अपरिग्रह का उपदेश दिया है एवं ये कार्य परिग्रहियो के है, ताकि अपरिग्रहीयों के ऐसे स्थानो पर महावीर का नाम देना भगवान महावीर की आज्ञाओ की अवहेलना है ।

विशेष निवेदन

यदि सरकार महावीर जन्म कल्याणक वर्ष में कुछ करना ही चाहती है तो वो नए कत्लखाने बनाने - बनवाने वालो को केद करे और पुराने भी बंद कराने का प्रयत्न करे । गायो की हत्या बन्द करवाये । विदेशो को पशु अथवा उसका मांस - भेजना - बंद करवाये - और एसा प्रचार करे कि अधिक से अधिक व्यक्ति पशुकाटने, मछलिए पकडने, मांस, मदिरा खाने पीने, बेचने, और बेचने या खाने का त्याग करे क्योंकि इससे बडा पाप कोई नही है और पाप से बचना प्रत्येक व्यक्ति का कर्तव्य है ।

Sd/-

B.A. LL.B. D.P.L. S.G.

B-61, सेठी कोलोनी, जयपुर-३०२ ००४(राजस्थान)

मनन मोती

संकलिका : **अ.सौ. अनिता आर. पटણી** - માલેગાંવ

- आत्मिक सुख मोक्षने माटे ज करेलो धर्म निर्मल कहेवाय. संसारनी सुख सामग्री माटेनो धर्म ते मलीन धर्म कहेवाय.
- शरीरने ज निर्मल राख्या करे ते आत्माने मलीन करे छे. शरीरनी चिंता छोडी आत्मानी चिंता करे तेनुं शरीर मलीन हशे पण आत्मा निर्मल करे छे.
- संसारना सुख मात्रनो रंग साधु थईने लगावे ते साधुपणाने लजवनारो कहेवाय.
- भगवान श्री जिनेश्वर देवना साधुनी आबरु એ छे के कोईनी पासे पण संसारना सुखनी वात करे नहि, ते माटेना मंत्र आपे नहि. ते तो मात्र आत्मानी, आत्मकल्याणनी, आत्मकल्याण माटे साधुपणानी ज वात करे.
- पारकी वस्तुने पोतानी मानवी ते आत्माना रोगनुं लक्षण छे !
- धर्म आत्माना हित माटे छे नहि के संसारना सुख मेळववा-भोगववा माटे.
- दुनियाना सुख माटे ज धर्म करवो એटल. आत्मा धर्म न पामे तेवी गोठवण करवी.
- दुनियाना सुखोनी ईच्छा એटले सद्गुणोना देशवटो अने दुर्गुणोने आमंत्रण !
- सुख अने सुखनुं साधन पैसो आत्मधर्मने हणनारा विष जेवा छे.
- दुनियानी अनुकूळतामां समाधि मानवी ते समाधि नथी पण रागनुं नाटक छे, समाधि शब्दनो दुर उपयोग छे. अनुकूळता गमी अने साची लागी. प्रतिकूळता न गमी खराब लागी तेनुं नाम ज असमाधि !
- अनुकूळतामां प्रीति अने प्रतिकूळतामां अप्रीति ते पण असमाधि.
- हैयामां आत्मसात् थयेल, रुचेलुं बीजाने समजावववुं ते उपदेश, ते सिवायनुं 'लेक्चर' !
- रागनी सामग्रीमां रागनी वच्चे रहेवा छतां पण आ सारुं थतुं नथी, आनाथी छूटवा जेवुं छे आवी जे विचारणा तेनुं नाम ज विराग !

प्रचण्ड पुण्यप्राग्भार शालिनां, तेजोजितांशुमालिनां
श्रुतसागर - पारगामिनां, श्रीमतां विजयरामचन्द्रसूरीश्वराणां गुणवैभवं कीर्तयन्ती



सानुवादा स्तुतिधारा



रचना कर्ता : हितवर्धनविजयो मुनिः

वाचना स्यमाऽऽचार - वाहिनी श्रुतशायिनी ।
वन्दना कामदा यस्य रामचन्द्रः स मे गुरुः ॥४४॥

(૧) જેમની વાચના હતી; સંયમજીવનને ધબકતું કરનારી... મને તત્ત્વથી પૂત બનેલી...

(૨) જેમને વન્દના કરનારો, સફળ મનોરથની પૂર્તિને પામતો... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૪૪॥

कल्पना यस्य शास्त्राणां मर्मभूमि प्रकाशिनी ।
शेमुषी वर्ण्यतीता च रामचन्द्रः स मे गुरुः ॥४५॥

(૧) જેમની કલ્પના શ્રુતસાગરના તળને ઉઘાડનારી હતી... (૨) જેમની બુદ્ધિ વચનાતીત હતી... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥ ૪૫॥

पराक्रमस्य निःस्यन्दो वृन्दः सत्त्वस्य सक्षमः ।
राजमानो मनोगामी रामचन्द्रः स मे गुरुः ॥४६॥

સાત્ત્વિક શિરોમણિ, પ્રચંડ પરાક્રમી, સુસમર્થ પ્રભાવવંત અને આશ્રિતોના મનોગત વિચારોને પરખી જનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૪૬॥

चारित्र्यव नेता - भर्ता व्युत्थाता धर्मधोरणिम् ।
वृष्टेः कर्ता परार्थस्य रामचन्द्रः स मे गुरुः ॥४७॥

ચારિત્ર સુંદરીના ભરથાર, ધર્મની ધરાને નવપલ્લવિત કરનારા તથા પરોપકારની વર્ષા વરસાવનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૪૭॥

उन्मार्गराज्यसंहर्ता पारंगताऽऽगमोदधेः ।
सन्मार्गसंघ संस्कर्ता रामचन्द्रः स मे गुरुः ॥४८॥

ઉન્માર્ગના સામ્રાજ્યને છેદનારા, આગમરત્નાકરનો પાર પામનારા અને સન્માર્ગગામીઓનું સંસ્કરણ કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૪૮॥

यतिश्रेणेः समुद्धर्ता दशमीस्थदशाजुषः ।
वैराग्यदीपसंदीप्ता रामचन्द्रः स मे गुरुः ॥४९॥

નામશેષ બની ગયેલી સાધુસંસ્થાનો પુનરુદ્ધાર કરનારા અને વૈરાગ્યનો દીપ પ્રગટાવનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૪૯॥

शुद्धाचारसमारव्यातो विरव्यातो यशसा भुवि ।
दीक्षाधर्म प्रतिष्ठाता रामचन्द्रः स मे गुरुः ॥५०॥

આચારોની વિશુદ્ધિને કારણે પ્રખ્યાત બનેલા, યશ દ્વારા ભૂમંડલ પર વિખ્યાત બનેલા અને દીક્ષાધર્મની પ્રતિષ્ઠા ઉભી કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫૦॥

हितकर्ताऽऽश्रितानां यः स्पष्टं वक्ता सभास्थले ।
मोक्षमार्गस्य संदेष्टा रामचन्द्रः स मे गुरुः ॥५१॥

આશ્રિતોનું હિત કરનારા, સભા સમક્ષ દર્પણ જેવી સ્પષ્ટ વાણી ઉચ્ચારનારા અને મોક્ષમાર્ગને જ ઉપદેશનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫૧॥

सूरीचक्रमहाचक्री सूरिचक्रपुरन्दरः ।
सूरिचक्रमहाश्रेष्ठः रामचन्द्रः स मे गुरुः ॥५२॥

(૧) સૂરિવરોના ચક્રોમાં જેઓ ચક્રવર્તીસમા હતા... (૨) સૂરિવરોના ચક્રોમાં જેઓ ઈન્દ્ર સમા હતા... (૩) સૂરિવરોના મહાશ્રેષ્ઠ હતા...એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫૨॥

शिक्षादाता चरित्रस्य विधाता शुभकर्मणाम् ।
विहर्ता भारते वर्षे रामचन्द्रः स मे गुरुः ॥५३॥

ચારિત્રીઓને ચારિત્રની શિક્ષાનું દાન કરનારા, સત્કર્મોનું વિધાન કરનારા અને ભારતવર્ષમાં વિહરણ કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫૩॥

ख्यं प्रसृत्वरं विश्वे शाम्यं चेतसि चक्षुसि ।

स्ये स्मितं नवं यस्य रामचन्द्रः स मे गुरु ॥५४॥

વિશ્વમાત્ર સાથે મૈત્રી બાંધનારા, ચિત્તમાં અને ચક્ષુમાં શમભાવને સ્થાપનારા અને મુખમંડલપર સ્મિત વેરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫૪॥

यामन्दरदम्भोलि - खण्टम्भाहि - बर्हिणः ।

धदावा'न्यवश्याया रामचन्द्रः स मे गुरु ॥५५॥

માયાના મેરૂપહાડને ચૂરનારા વજ્રસમા, અહંકારના નાગને દમનારા મયૂર જેવા અને ક્રોધના દાવાગ્નિને શમાવનારા હિમ સમા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫૫॥

संवेगोमूर्तिमान् यस्य वाचा चाऽस्खलिता मधु ।

देशनादक्षदाक्षिण्या रामचन्द्रः स मे गुरु ॥५६॥

(૧) સંવેગગુણ જેઓમાં મૂર્તિમન્ત બન્યો તો... (૨) જેમની વાણી અસ્ખલિત હતી... મધ જેવી હતી... (૩) ધર્મપદેશનાના દાનમાં જેઓ દક્ષ હતા... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫૬॥

चण्ड वाचना वीर्यः संयमाऽऽचारधीरिमा ।

निःशान्तगुणगाम्भीर्यो रामचन्द्रः स मे गुरु ॥५७॥

(૧) સાત - સાત વાચનાઓનું દાન કરનારા જેઓ વીર્યવંતા વાચના દાતા હતા... (૨) સંયમના આચરણમાં જેઓ ધીર હતા... (૩) જેઓના ગુણોની ગરિમા ગાંભીર્યપૂર્ણ હતી... નિઃશાંત હતી... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫૭॥

जितेन्द्रियोजिताऽराति - र्जिनाज्ञां प्रतिपन्नवान् ।

भव्यकेकिधनात्मा च रामचन्द्रः स मे गुरु ॥५८॥

ઇન્દ્રિયોના વેગને નાથનારા, શત્રુઓને દમનારા, જિનાજ્ઞા પાલનમાં પ્રતિબદ્ધ બનનારા અને મયુર જેવા ભવ્યાત્માઓને મેઘની જેમ હર્ષિત કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૫૮॥

उन्मार्गतिमिराऽऽछन्न - प्रकृत्युल्लासनाऽर्यमा ।

रामचन्द्रोऽभितो जीयात् प्रकृतेः पूर्ण चन्द्रमाः ॥५९॥

ઉન્માર્ગના તિમિર પટલોને પરમપ્રકાશી સૂર્યના જેમ હણી નાંખનારા અને ચન્દ્ર જેવી શીતળ પ્રકૃતિ ધરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ।૫૯॥

प्रोद्धूषोविदुषां सङ्गे गुणानुराग - रागवान् ।

मूर्ख - लोह - मणि न्यासो रामचन्द्रः स मे गुरु ॥६०॥

વિદ્વાન વ્યક્તિઓના સંગમાં આનંદિત બનનારા, ગુણાનુરાગ ગુણના સ્વામી અને લોખંડ જેવા જડ જીવોને પારસમણિ બનીને સ્વર્ણિમ બનાવનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬૦॥

अज्ञानशैत्यमार्तण्डो - माहात्म्याकाश शीतभाः ।

ज्ञानप्राकाश्य मध्याह्नो - रामचन्द्रः स मे गुरु ॥६१॥

(૧) અજ્ઞાનતાની કળકળતી ઠંડીને જેમણે સૂર્ય બનીને દૂર કરી.. (૨) વિશ્વગગનને જેમણે ચન્દ્રની જેમ માહાત્મ્યપૂર્ણ બનાવ્યું... (૩) મધ્યાહ્નકાલીન સૂર્ય જેવું જેમનું જ્ઞાન હતું.. એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬૧॥

वाचां छटाऽद्भुता यस्य पर्षदामन्त्रमुग्धकृद् ।

धर्मतेजः समुत्थाता रामचन्द्रः स मे गुरु ॥६२॥

પર્ષદાને મન્ત્રમુગ્ધ કરી દે, જેઓની એવી અદ્ભૂત વાક્છટા હતી એવા ધર્મતેજસ્સૂનું પુનરૂત્થાન કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ।૬૨॥

व्यवहारस्य संयता व्युद्देष्टा निश्चर्याध्वनः ।

मिथ्यात्व व्याधि संहन्ता रामचन्द्रः स मे गुरु ॥६३॥

નિશ્ચયમાર્ગને ઉદ્દેશ્યભૂત બનાવનારા અને વ્યવહાર માર્ગ પર ગમન કરનારા તથા મિથ્યાત્વને વ્યાધિની ચિકિત્સા કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬૩॥

क्षोभयिताऽघसैनस्य शैथिल्यपङ्कशोषकः

श्रुतसागरसंवासी रामचन्द्रः स मे गुरु ॥६४॥

દૂષણોની સેનાને ખળભળાવનારા, શ્રુતસાગરમાં નિવસનારા અને શિથિલાચારના કાદવને શોષવા નાંખનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬૪॥

नाम पुण्यप्रभाशालि प्रतिभाशक्तिशालिनी ।

स्वाच्छन्द्यछन्दमुच्छेत्ता रामचन्द्रः स मे गुरु ॥६५॥

(૧) જેમનું નામાંકન પણ પુન્યશાળી હતું... (૨) જેમની પ્રતિભા પણ શકિતશાળી હતી... (૩) અને સ્વાચ્છન્દના છન્દોને જેમણે છેદી નાંખ્યા હતા.. એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬૫॥

प्रसिद्धया यस्तु निर्लेपः प्रमादौघपराङ्मुखः ।
प्रज्ञाप्रज्ञ जगत्सङ्घो रामचन्द्रः स मे गुरू ॥६६॥

(૧) પ્રસિદ્ધિથી જેઓ નિર્લેપ રહેતા...

(૨) પ્રમાદથી જેઓ પરાઙ્મુખ રહેતા...

(૩) અને જેમની પ્રજ્ઞા પૂર્ણજગતે જાણેલી ... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬૬॥

कुण्डो मण्डित माहात्म्यः कल्याणाऽऽम्रसस्य च ।
प्रचण्डात्मबलाऽऽश्वासो रामचन्द्रः स मे गुरू ॥६७॥

કલ્યાણના સુધારસના કુંડસમા, માહાત્મ્યનું મંડન કરનારા અને આત્મબળ દ્વારા આશ્વસ્ત બનનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬૭॥

आकृतेः सौम्यताशाला विशाला शिष्यसन्ततिः ।
प्रकृतिः स्वच्छनीराऽऽभा रामचन्द्रः स मे गुरू ॥६८॥

(૧) જેમની આકૃતિ સૌમ્યતાની શાળા સમી હતી... (૨) જેમની શિષ્યસન્તતિ વિશાળ હતી... (૩) જેમની પ્રકૃતિ સ્વચ્છ જળ જેવી હતી... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬૮॥

करुणावारिकासारो वात्सल्य वरूणाऽऽलयः ।
क्षमाक्षोणिः प्रभापुञ्जो रामचन्द्रः स मे गुरूः ॥६९॥

(૧) કરૂણાના સરોવર સમા... (૨) વાત્સલ્યની વૃષ્ટિ સમા... (૩) ક્ષમાની ભૂમિ સમા... (૪) પ્રતિભાના પુંજ સમા... શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૬૯॥

मुनिवृन्दस्य निष्पत्तिर्जीवनस्य फलश्रुतिः ।
विद्यमानः सदा कीर्त्या रामचन्द्रः स मे गुरूः ॥७०॥

(૧) વિશાળ મુનિવૃન્દની રચના એ જ જેમના જીવનની ફળશ્રુતિ હતી... (૨) જેઓ કીર્તિદેહે સદાય વિદ્યમાન રહેશે... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૦॥

धर्मरक्षणवीरात्मा उच्चात्माऽध्यात्मा संस्थुले ।
अन्तरात्मा चिदात्मा च रामचन्द्रः स मे गुरूः ॥७१॥

(૧) ધર્મને રક્ષવામાં વીર.... (૨) અધ્યાત્મને સ્પર્શવામાં ગંભીર... (૩) આંતરમુખવૃત્તિ અને ચિદાનંદદશાની નેમ ધરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૧॥

द्वेष सहन धीरात्मा पुज्यात्मा भक्तवृन्दवान् ।
भावनाभिर्गभीरात्मा रामचन्द्रः स मे गुरूः ॥७२॥

(૧) વિદ્વેષીઓને સહી લેવામાં ધીર... (૨) ભાવનાઓના વિભાવનમાં ગંભીર... (૩) ભકતવૃન્દથી વીંટળાયેલા... શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૨॥

चारित्राऽऽराधने स्फूर्तिः प्रीतिः शास्त्रविभावने ।
सुस्वच्छा यस्य या वृत्ती रामचन्द्रः स मे गुरूः ॥७३॥

(૧) ચારિત્રના આરાધનમાં જેઓ વિસ્ફૂર્ત હતા... (૨) શાસ્ત્રોના વિભાવનમાં જેઓ પ્રતિમાન્ હતા... (૩) જેઓની વૃત્તિ અતિશય સુસ્વચ્છ હતી... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૩॥

अग्रनेताऽद्य गच्छस्य करूणाक्षीरसागरः ।
कृपाकौशल्यसंवेधा रामचन्द्रः स मे गुरूः ॥७४॥

(૧) શ્રમણસંઘમાં જેઓ સહુથી ય વડેરા હતા... (૨) ક્ષીરસાગર જેવા જેઓ કરૂણાળું હતા... (૩) કૃપાના આદાનપ્રદાનમાં જેઓ કુશળ હતા.. એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૪॥

कर्मकौटिल्यसंवारः संभारः सद्गुणस्य च ।
दृप्तकुमतिसन्तापो रामचन्द्रः स मे गुरूः ॥७५॥

સદ્ગુણોના સમૂહ સમા, કુટિલ કર્મોને અવરોધનારા અને કુમતિના સંતાપને વિશીર્ણ કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૫॥

जीवनं तेजसां पुञ्जः प्राज्यपुण्यप्रभाववान् ।
सर्वप्रीणा छविर्यस्य रामचन्द्रः स मे गुरूः ॥७६॥

(૧) જેમનું જીવન તૈજસનો પુંજ હતું... (૨) જેઓ વિપુલ પુન્યના સ્વામી હતા... (૩) જેમની છબિ સહુનેય હરખાવનારી હતી... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૬॥

स्यचितं सदा रक्त-मपवर्गपदे मुदा ।

ौदासीन्यं मनोव्याप्तं रामचन्द्रः स मे गुरुः ॥७७॥

(૧) જેમના ચિત્તમાં સાર્વત્રિક ઔદાસીન્ય વ્યાપ્યું છે...

(૨) આમ છતાં જેમનું ચિત્ત અપવર્ગમાં નિવસ્યું છે.. એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૭॥

ाह्वानः शिवकन्याया आदर्शः प्रागनेहसः ।

ालापः सत्यगीतस्य रामचन्द्रः स मे गुरुः ॥७८॥

शिवसુન્દરીને આહ્વાન આપનારા, પૂર્વકાળના આદર્શપાત્રા જેવા અને સત્યના ગીતનો આલાપ બનનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૮॥

ामोघं यस्य व्याख्यान - मजेया यस्य शक्तयः ।

नाहतञ्च चारित्र्यं रामचन्द्रः स मे गुरुः ॥७९॥

(૧) જેમનું વ્યાખ્યાન અમોઘ હતું... (૨) જેમની શક્તિઓ અજેય હતી... (૩) અને જેમનું ચારિત્ર્ય અનાહત હતું... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૭૯॥

ामर्पितं स्वसर्वस्वं प्रेम्णा श्री जिनशासने ।

निष्कामो निरहङ्कारो रामचन्द्रः स मे गुरुः ॥८०॥

જેમણે પોતાનું સર્વસ્વ જૈનશાસનમાં પ્રેમપૂર્વક વિલીન કર્યું, જેઓ નિષ્કામ અને નિરહંકાર હતા, એવા શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૮૦॥

दद्भूतं चरितं यस्य वक्त्रं प्रेमसरोवरम् ।

कीर्त्याऽऽधूत दिशयन्त्रो रामचन्द्रः स मे गुरुः ॥८१॥

(૧) જેમનું ચરિત્ર અદ્ભૂત હતું... (૨) જેમની કીર્તિ દિગન્તમાં પ્રસરેલી હતી... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૮૧॥

रायत्तेन्द्रियग्रामः स्वायत्तीकृतचेतनः ।

क्तियत्नः समुद्दामेः रामचन्द्रः स मे गुरुः ॥८२॥

આત્માને અંકુશમાં લેનારા, ઈન્દ્રિયોના સમૂહને નાથનારા અને મુક્તિની પ્રાપ્તિ માટે ઉદ્દામ પુરૂષાર્થ કરનારા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ॥૮૨॥

हृदयं कुसुमस्पर्द्धि सागरस्पर्द्धि मानसम् ।

वदनं चन्द्रमस्पर्द्धि रामचन्द्रः स मे गुरुः ।८३॥

(૧) જેમનું હૃદય પુષ્પ સાથે સ્પર્ધા કરતું... (૨) જેમનું વિશાળ માનસ સાગર સાથે સ્પર્ધા કરતું.. (૩) અને જેમનું વદન ચંન્દ્રમા સાથે સ્પર્ધા કરતું... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૮૩॥

जीवनं ज्योतिषां स्पर्द्धि मरणं स्पर्द्धि शान्तिभि ।

शरणं देवता स्पर्द्धि रामचन्द्रः स मे गुरुः ।८४॥

(૧) જેમનું જીવન જ્યોતિષ્કદેવો સાથે સ્પર્ધા કરતું... (૨) જેમનું મરણ શાંતિથી ભરપૂર હતું... (૩) જેમનું શરણ દેવો જેવું અમોઘ હતું... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૮૪॥

नयनं बुद्बुदस्पर्द्धि वचनं स्पर्द्धि वाक्पतेः ।

चरितं जाह्नवीस्पर्द्धि रामचन्द्रः स मे गुरुः ।८५॥

(૧) જેમના નયનો જળબુંદ સાથે સ્પર્ધા કરતાં... (૨) જેમનું વચન વાચસ્પતિ સાથે સ્પર્ધા કરતાં... (૩) જેમનું ચરિત ગંગાજળ સાથે સ્પર્ધા કરત.... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હ.! ॥૮૫॥

अमेयः शक्तिभण्डार - श्चाजेया यदीया छवि ।

अस्यद्वर्यः पुण्यप्राठभारो रामचन्द्रः स मे गुरुः ॥८६॥

(૧) જેમની શક્તિ અમેય હતી... (૨) જેમની છબિ અજેય હતી... (૩) જેમનો પુન્યનો પ્રાગ્ભાર અપ્રતિસ્પર્ધનીય હતો... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૮૬॥

समृद्धशिखरारूढः सद्बुद्धिवरदानदः ।

आत्माशुद्धिविलीनात्मा रामचन्द्रः स मे गुरुः ।८७॥

સમૃદ્ધિની ટોચ પર ચઢેલા, સદ્બુદ્ધિનું વરદાન દેનારા અને આત્મવિશુદ્ધિમાં વિલીન બનેલા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૮૭॥

तेजसार्यमणो जेता वचसाऽनैकवैरिणाम् ।

वेधसा त्रिजगज्जेता रामचन्द्रः स मे गुरुः ॥८८॥

(૧) તેજદ્વારા જેમણે સૂર્યને જીત્યો... (૨) વચનો દ્વારા જેમણે વૈરીઓને જીત્યા... (૩) વિશુદ્ધિ દ્વારા જેમણે જગન્માત્રને જીત્યું... એવા શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મારા ગુરૂદેવ હો ! ॥૮૮॥

ક્રમશઃ

આત્મ પ્રબોધક પ્રસંગો

જાતને જોતાં શીખો

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

મહાપુણ્યોદયે આવી ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યભવને પામેલા ધર્માત્માઓએ આત્માભિમુખ બનવું ખૂબ જ જરૂરી છે. આજે પ્રાપ્ત સારી એવી પણ સામગ્રી સફળ થવાને બદલે નિષ્ફળ થતી દેખાય છે. તેનું કારણ આત્માભિમુખતા નથી. જગતને જોનારા તો સૌ કોઈ છે પણ જાતને જોનારા વિરલ હશે ? ધર્માત્મા અને જાતને ન જૂએ તે 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી વાત છે પણ આજે- !

એક રાજાએ એક ચિત્રકારની પુત્રીની હોંશિયારી, ચતુરાઈ આદિ ગુણોથી આકર્ષાઈ, પોતાની પત્ની બનાવી. ચાલાકીથી રોજ ભીન્ન કથાઓ દ્વારા રાજાના મનને ખુશ કર્યું અને રાજા તેની સાથે જ રહેવા લાગ્યો. તેથી રાજાની બીજી અન્ય રાણીઓને ઈર્ષ્યા થઈ. ખરેખર ઈર્ષ્યા, અદેખાઈ, વહેમ એવા રોગો છે કે જેને કબજો જમાવ્યા પછી જવા મુશ્કેલ - અસાધ્ય બને છે. સંસારી જીવોની વાત ઠીક છે પણ સારા સારા ગણાતા, સારા પદ પર બિરાજમાન પણ આ રોગથી મુકત નથી તે એક અજાયબી છે ! આ ચિત્રકારની પુત્રી અત્યંત મેધાવી અને વિચક્ષણા હતી. તે રોજ સજતી કે રાજા રીઝે ત્યાં સુધી ઠીક છે પણ બીજે તો ખાનાખરાબી કરતાં પણ વાર નહિ તેથી પોતાની જાતને રાજ ઋદ્ધિ - સમૃદ્ધિથી અલગ રાખવા, રોજ એકાંતમાં જઈ પોતાની ભૂતપૂર્વ અવસ્થાને યાદ કરતી અને રાજાના માન - સન્માનમાં લેપાઈ ન જવાય, છકી ન જવાય તેને માટે આત્મનિરીક્ષણ કરતી. ઈર્ષ્યાલુ રાણીઓને લાગ્યું કે આ કાંઈ કામણ કરે છે અને રાજાને પોતાને વશ રાખે છે. તેથી બીજી રાણીઓએ રાજાને ચેતવવા પોતાના મનની વાત કરી. રાજાએ પણ કુતૂહલવશ આ શું કરે તે જોવાનો નિર્ણય કર્યો. જેના પેટમાં પાપ હોય તે બધાથી ડરે. જે હૈયાના નિખાલસ અને સરળ હોય તેને કોઈનો કયારે કે કશાથી કયારેય પણ ભય હોય નહિ.

આ રોજના ક્રમ મુજબ એકાંત રૂમમાં જઈ, રાજાએ આપેલા વસ્ત્રાલંકારનો ત્યાગ કરી, પોતાના પિતાએ આપેલા વસ્ત્રાલંકારને પહેરી પોતાની જાત સાથે વાત કરતી. પોતાની જાતને સમજાવતી. આખા ગામની પંચાત કરનારા પારકી પટલાઈમાં મજા માનનારાને આ વાત ન ગમે તે સહજ છે. જેને આત્મકલ્યાણ કરવું હશે તેમને આ વાત ખૂબ જ રુચિકર અને કલ્યાણકર લાગશે.

તેણી જાતની સાથે જે વિચારણા કરતી તેને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ટીકાકાર પરમર્ષિ પૂ. ભાવવિજયજી મહારાજાએ તે વિચારણાને જણાવતાં કહ્યું કે- "હે જીવ! આવી રાજસુખ - સંપત્તિ - સાહ્યબી - સમૃદ્ધિ પામી છે તો તેનો મદ ના કરતી, આ બધી ઋદ્ધિનો ગર્વ ના કરતી. આવી સંપત્તિ પામવા છતાં પણ તું તારી પૂર્વની અવસ્થાને કયારે ય ના ભૂલતી કે ગમે તેમ પણ તું ચિત્રકારની પુત્રી છે. પૂણ્યેકર્મે આજે તને રાજ સિંહાસન પર બેસાડી, કાલે ઉઠાડી પણ મૂકે. તાંબા પિત્તલમય અલંકારો અને જીર્ણ વસ્ત્રો જ તારા છે, બાકી બીજું બધું રાજાએ આપેલું છે. માટે હે આત્મન્ ! કર્મે આપેલી મજા રૂપ સંપત્તિમાં જરા પણ ગર્વ ન કરીશ પારકી ચીજ કયારે પડી જાય તે કહેવાય નહિ માટે અભિમાનનો ત્યાગ કરી શાંત - સ્વસ્થ મનવાળી થજે. કર્મના નાચ મુજબ નાચતી નહિ. નહિ તો પછી રડવાનો - પસ્તાવાનો વખત આવશે. કર્મને ઊંચે ચઢાવતા અને નીચે પછાડતા પણ વાર નહિ. ઘડીમાં હસાવે અને પછી લાંબો કાળ રોવરાવે. માટે પરચીજમાં મજા માનીશ નહિ, તેનો મદ કરીશ નહિ. જેથી તું ખરેખર લાંબી કાળ સંપત્તિની સ્વામિની બનીશ. પુણ્યપરવારે તો ખુદ રાજા પણ તને ગળામાંથી પકડી કોહવાયેલી કાંકરીની જેમ ઘરમાંથી બહાર નાખી આવશે." [illegible] વિચારણા જાણી રાજા અત્યંત પ્રસન્નચિત્ત થયો અને નિર્મલ મતિવાળી, સ્ફટિકની જેમ સ્વચ્છ [illegible] હૈયાવાળી તેણીને રાજાએ પટરાણી બનાવી.

મોક્ષ સાધક ધર્મની આરાધના કરનારા આપણે બધાએ આ પ્રસંગનો પરમાર્થ સમજી આપણી જાતનું નિરીક્ષણ કરવાની તાતી જરૂર છે. ધર્મના નામે મજા કરનારો હું ખરેખર ધર્મ કરું છું કે ધર્મના નામે ખરી ખાઉં છું.' 'મારો ધર્મ સારા દેખાવાનો છે કે સારા બનવાનો છે ?' ધર્મથી પ્રાપ્ત બધા માન - સન્માન - સુખ સાહ્યબી - એશ આરામ ભોગવનારો હું તેવા પ્રકારના ધર્મને કરું છું ખરો ? માત્ર વાતોડિયો બન્યો છું કે ખરેખર જીવનમાં અમલ પણ કરું છું ?' જો આ રીતના આપણે બધા જાતને જોઈશું તો આ કાળમાં પણ આપણા માટે કલ્યાણ સુનિશ્ચિત છે. અને માત્ર વાતોના વડા કરીશું તો શું થશે તે 'વયં ન જાનીમહે' ! બાજી હાથમાં છે... શું કરવું તે વિચારી લે...!

શ્રી શંખેશ્વર મહાતીર્થ મધ્યે શ્રી હાલારી ધર્મશાળામાં

પર્યુષણ મહાપર્વની આરાધના

પંચાસર રોડ, શંખેશ્વર, તા. સમી, વાયા : મહેસાણા ઉ. ગુ., ફોન નં. (૦૨૭૩૩) ૭૩૩૧૦

ભાવિક ધર્મબંધુ,

પૂ. આ. શ્રી **વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના** પટ્ટધર પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી** મ., પૂ. પ્રવર્તક મુ. શ્રી **યોગીન્દ્ર વિ. મ.**, ઠા. - ૮ તથા પૂ. આ. શ્રી **વિજય દર્શન રત્ન સૂરીશ્વરજી મ.**, પૂ. મુ. શ્રી **ભાવેશ રત્ન વિજયજી મ.**, ઠા. ૪ તથા પૂ. સા. **શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ.**, પ્ર. પૂ. સા. શ્રી **સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.**, આદિ ઠા.૬, પૂ. સા. શ્રી **અનંતપ્રભાશ્રીજી મ.**, ઠા. ૭, પૂ. સા. શ્રી **ઇન્દ્રપ્રભાશ્રીજી મ.**, ઠા. ૫, પૂ. સા. શ્રી **વિનિતદર્શિતાશ્રીજી મ.**, ઠા. ૫, ચાતુર્માસ બિરાજે છે.

તેઓશ્રીની નિશ્રામાં પર્યુષણ મહાપર્વની આરાધના તથા ૬૪ પહોરી પૌષધની આરાધના સ્વયં ભાવથી કરવાની ભાવના હોય તેમને માટે વ્યવસ્થા કરી છે. તો ભાવિકોએ લાભ લેવા નકરા વિ મોકલી પોતાનું નામ નિશ્ચિત કરી લેશો. મર્યાદિત સંખ્યામાં લેવાના છે તો વહેલા તે પહેલા તેમ નોંધાશે. નામ તથા નકરા મોકલી પોતાનું સ્થાન નક્કી કરી લેશો.

સ્વયં આરાધના માટે નકરા

શ્રાવણ વદ ૯ થી ભાદરવા સુદ ૬ સુધી આરાધના માટે વ્યવસ્થા થશે.

** રહેવાના નકરા **

(૧) એક રૂમ ચાર જણા રહી શકશે - નકરો રૂા. ૨૦૦/-

(૨) હોલમાં રહેવા માટે એક જણ - નકરો રૂા. ૨૫/-

** ભોજનના નકરા **

(૧) ૧૨ દિવસ સુધી રહી શકે એક જણનો - નકરો રૂા. ૨૦૦/-

(૨) ૧૦ વર્ષની નીચેના બાળકોનો ભોજનનો નકરો અડધો (રૂા. ૧૦૦) છે.

:: ચોસઠ પહોરી પૌષધ - રૂા. ૨૫/- મોકલી નામ લખાવી દો. પોષધવાળાને ભોજન વ્યવસ્થા ફ્રી છે.

* **વિશેષ :** પર્યુષણ કરવા આવનાર ભાવિકોના અત્તર વાયણા તથા પારણા **લંડન શ્રી બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળના ભાવિક ભાઈ - બહેનો** તરફથી થશે.

શ્રી હાલારી વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા કમિટિ

તારીખ : ૧૫-૭-૨૦૦૧

આણંદની આસપાસ

બોરસદ : પરમગુરૂ પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક કૃપામૂર્તિ પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞા આશિષથી સદ્‌ગત પરમગુરૂ પૂજ્યપાદશ્રીજીના પ્રવચન પ્રભાવક શિષ્યો પૂજ્ય મુનિશ્વર શ્રી મોક્ષરતિ વિજયજી મ. અને પૂજ્ય મુનિશ્વર શ્રી તત્ત્વદર્શન વિજયજી મ. ની પાવન નિશ્રામાં બોરસદમાં ચૈત્રી ઓળીની સુંદર આરાધના થઈ. ભગવાન શ્રી મહાવીર દેવના જન્મકલ્યાણક દિને શાનદાર વરઘોડો નીકળ્યો હતો. વરઘોડા પછી પ્રવચનમાં પૂ. મુનિવરોએ પ્રભુવીરના જન્મકલ્યાણકના મહિમાની સાથે સાથે સરકાર દ્વારા થનારી તેની ઉજવણીમાનાં સિદ્ધાંત પાસાઓને સચોટ રીતે રજૂ કર્યા હતા. સાંજે, આરાધકોના અત્યંત આગ્રહથી ભક્તિસંધ્યાનું ભાવપ્રેરક આયોજન થયું હતું.

પાદરા : ઓળી પછી પૂજ્ય મુનિવરો પાદરા ગામે શ્રી વિજયભાઈ આર. શાહના વરસીતપના પારણા પ્રસંગે આયોજિત ત્રિદૈનિક મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરવા પધાર્યા હતા. પ્રસંગ ઉત્સાહપૂર્ણ રહ્યો.

વિદ્યાનગર : વૈ. સુ. ૬ રવિવારે વિદ્યાનગર જૈન સંઘ નિર્મિત નૂતન ઉપાશ્રયનું મંગલ ઉદ્‌ઘાટન પૂજ્ય મુનિવરોની પાવનનિશ્રામાં ભવ્યતાપૂર્વક થયું હતુ આ નિમિત્તે ડાહીબેન શાંતિલાલ શાહ વટાદરા તરફથી શ્રી સિધ્ધચક્ર મહાપૂજન અને સ્વામીવાત્સલ્ય સહિત અઠ્ઠાઈ ઓચ્છવનું આયોજન થયું હતું.

આણંદ : અને હવે પ્રસ્તુત છે. શ્રી શાંતિનાથ જિનાલય સુવર્ણ મહોત્સવ ધ્વજારોપણ પ્રસંગે પૂજ્ય મુનિવરોની પુણ્યપાવન નિશ્રામાં શ્રી આણંદ જૈન સંઘ આયોજિત ભવ્યાતિભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવની અવિસ્મરણીય ઝલકો :

(૧) વૈ. સુ. ૧૧ બાલુભાઈ અંબાલાલના નૂતન નિવાસસ્થાન જ્ઞાનદીપ સોસાયટીથી સંકલસંઘની નવકારશીના આયોજન પછી પૂજ્ય મુનિવરોનું ભાવભીનું સ્વાગત થયું બાદ સંઘપૂજન થયું.

(૨) વૈ. સુ. ૧૪ થી વૈ. વ. ૬ સુધી ઉજવાયેલા મહોત્સવમાં શ્રી શાંતિનાથ જિનાલયે અને શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયે બંને ઠેકાણે શાંતિસ્નાત્ર પૂજન હતા.

(૩) છ એક મહિના પૂર્વે શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયના મૂળનાયક પ્રભૂજી સંયોગવશ અસ્થિર થઈ ગયેલા પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીએ ફરમાવેલા પ્રશસ્તમુહૂર્તાનુસાર વૈ. વ. ૨ ના શુભદિને આ મૂળનાયક પ્રભુજીની પુનઃ પ્રતિષ્ઠા ચતુર્વિધ સંઘના હર્ષસભર સાંનિધ્યમાં રંગેચંગે થઈ હતી.

(૪) મહોત્સવ દરમિયાન સકલસંઘના સ્વામીવાત્સલ્ય અને છેલ્લા બે દિવસ સવારની નવકારશીનું આયોજન થયું હતું.

(૫) સમૂહ અષ્ટ પ્રકારી પૂજામાં ૨૪ તીર્થંકરોની એક સાથે સેંકડો ભાવિકોએ ભાવવિભોર થઈને ભક્તિ કરી. અમદાવાદના સુશ્રાવક નરેશભાઈ નવનીતલાલ શાહે અસરકારક શબ્દો દ્વારા સૌને પ્રભુમય બનાવી દીધા.

(૬) શાન્ત રસમાં ઝીલાવતો, વૈરાગ્યરસમાં ડૂબાડતો અને ભક્તિરસમાં વહોવડાવતો સ્તુતિઓની સંગત સાથે ભક્તિની રંગતનો કાર્યક્રમ અત્યંત સફળ રહ્યો.

(૭) છપ્પનદિક્કુમારિકા સ્નાત્ર મહોત્સવમાં અદ્વિતીય પુણ્યપ્રભાવી પ્રભુના જન્મ મહોત્સવની જાહોજલાલીભરી જાજરમાન ઝલક સૌએ ઉત્સાહપૂર્વક નિહાળી. પ્રસંગ ભવ્ય રહ્યો.

(૮) પ્રત્યેક અનુષ્ઠાનોએ ભાવિકોને ૧૨-૩૦ થી ૧-૦૦ વાગ્યા સુધી છેલ્લે સુધી જકડી રાખ્યા હતા.

(૯) દરેક પૂજા-પૂજનોને અંતે સુંદર પ્રભાવનાઓ થઈ હતી.

(૧૦) વડોદરાના કર્ણિક શાહ અને પાટણના મુકેશ નાયક બન્ને તરવરિયા સંગીતકારોએ અનુષ્ઠાનો અને ભાવનાઓમાં જોરદાર રમઝટ મચાવી.

(૧૧) આણંદ જૈન સંઘ ઉપર છેલ્લા ચાર વર્ષમાં સતત ઉપકારોની હેલી વર્ષાવનાર ઉભય પૂજ્યોમાં પૂજ્ય મુનિશ્વર શ્રી મોક્ષરતિ વિજયજીની દિક્ષાતિથી વૈ. વ. ૫ મહોત્સવ દરમિયાન આવતી હોવાથી એને પણ શ્રી સંઘે ઉલ્લાસપૂર્વક ઉજવી ''મુકતિનો મારગ મીઠો મીઠો'' વિષય ઉપર પ્રવચન થયા પછી ૨૦ રૂા. નું સંઘપૂજન થયું હતું.

(૧૨) પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રીજીના આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી હેમલતાશ્રીજીના શિષ્યા પૂજ્ય હેમકલાશ્રીજી, પૂ. હેમમાલાશ્રીજી, પૂ. ઈન્દ્રપ્રભાશ્રીજી, પૂ. હિતપૂર્ણાશ્રીજી આદિ વિશાળ શ્રમણીવૃન્દના સાન્નિધ્યથી શ્રી સંઘ ધન્ય બન્યો.

(૧૩) જે ધન્ય દિવસની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી, તે સુવર્ણ ધ્વજારોપણના મંગલ દિવસે સવારે ધ્વજારોપણનો ચઢાવો લેનાર ભાગ્યશાળી પરિવારો શ્રી મનુભાઈ વાડિલાલ શાહ, શ્રી સૌભાગ્યચંદ્ર કાંતિલાલ શાહ અને લીલાબેન પ્રવીણચંદ્ર વોરા બગીમાં આરૂઢ થયા બાદ પ્રભુજીનો વરઘોડો દબદબાપૂર્વક નીકળ્યો હતો.

(૧૪) વરઘોડા બાદ પ્રવચનમાં વિધિકારકો શ્રી કુમારપાળભાઈ ઝવેરી અને સંજયભાઈ શાહ (બોરસદ) નું સન્માન કરાયું હતું.

(૧૫) શ્રી શાંતિનાથ પ્રભુજીને ૫૦ હિરાથી ઝગમગતો મૂલ્યવાન મુગટ પહેરાવનાર પ્રભાવતી બહેન અંબાલાલ વોરા વઢવાણવાળા પરિવારનું અને પ્રભુજીને સોનાનો હાર ચઢાવનાર પદમાબહેન મનુભાઈ શાહનું સન્માન કરાયું હતું.

(૧૬) મહોત્સવ દરમિયાન સ્વામી વાત્સલ્યનો લાભ લેનાર પરિવારો (૧) મનુભાઈ વાડીલાલ શાહ (૨) મોહનભાઈ કાંતિભાઈ ગઢેચા (૩) ધીરૂભાઈ જે. શાહ - કાંતિભાઈ જે. શાહ અને (૪) સત્યેન્દ્રકુમાર અચરતલાલ શાહનું તથા નિમંત્રકમાં લાભ લેનાર ચીમનલાલ દલસુખભાઈ શાહ પરિવારનું બહુમાન કરાયું હતું.

(૧૭) સુવર્ણધ્વજારોપણ પ્રસંગે ગુરૂપૂજનનો ચઢાવો લઈને શ્રી મનુભાઈ વાડિલાલ શાહે પૂજ્યોનું નવાંગી ગુરૂપૂજન કર્યું હતું.

(૧૮) શ્રી સંઘના શ્રધ્ધાસંપન્ન, આચારસંપન્ન અને શુધ્ધવહિવટકાર મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મનુભાઈ વાડીલાલ શાહે અથાગ પરિશ્રમપૂર્વક શ્રી સંઘની કરેલી પ્રશંસનીય સેવા બદલ શ્રી સંઘે તેઓનું ઉષ્માસભર બહુમાન કર્યું હતું. થોડા જ દિવસો પહેલા તેમને હાર્ટએટેક આવ્યો હોવા છતાં આજના મંગલ દિવસે તેઓ ખાસ ઉપસ્થિત થયા હતા.

(૧૯) આ પ્રસંગે સુવર્ણ મહોત્સવ વર્ષ નિમિત્તે આયોજિત અવિસ્મરણીય અનુષ્ઠાનોનાં અનુમોદનીય સંસ્મરણો સાથે આણંદ જૈન સંઘના સભ્યોના વસ્તીપત્રકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

(૨૦) પ્રવચન પછી અત્યંત હર્ષોલ્લાસપૂર્વક વીરમગામના ઢોલ-શરણાઈના ધમાકેદાર સૂરો સાથે મંગલ મુહૂર્તે શ્રાવિકોએ ભક્તિપૂર્વક બનાવેલી મનમોહક ૫૦ મી ધ્વજાનું જિનાલયના મનોહર શિખર ઉપર આરોહણ કરવામાં આવ્યું હતું.

(૨૧) ધ્વજારોહણદિને બરફનો ઉપયોગ કર્યા વિના કેરીનો રસ પીરસીને ૧૫૦૦ જૈનોનું સ્વામીવાત્સલ્ય કરાયું હતું.

(૨૨) મહોત્સવના અંતિમ દિને શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલયે ઝળહળતી ઝગમગતી, રણઝણતી, મઘમઘતી અને મનગમતી મહાપૂજાના તથા શ્રી શાંતિનાથ પ્રભુજીની નયનાબહેન પાદરાવાળાએ કરેલી મનમોહક દિલરંજક અને ભવતારક અંગરચનાના દર્શન કરી હજારો ભાવિકોએ આંખોને ઠરી અને અંતરને અજવાળ્યાં.

(૨૩) સમ્રાટ સંપ્રતિકાલીન આશરે ૨૨૦૦ વર્ષ પ્રાચીન શ્રી શાંતિનાથ પ્રભુ ખંભાતથી આણંદ પધાર્યાને પ્રતિષ્ઠિત થયાના (૫૦) વર્ષ નિમિત્તે આખા વર્ષને ''શ્રી શાંતિનાથ જિનાલય સુવર્ણમહોત્સવ વર્ષ'' જાહેર કરીને શ્રી સંઘે પૂજ્ય મુનિવરોની પુણ્યપ્રેરક નિશ્રામાં ભવ્ય ચાતુર્માસ, યાદગાર ઉપધાનતપ અને આણંદ શહેરથી શત્રુંજયમહાતીર્થના પ્રથમ દિવસનો ઠરી' પાલક શાનદાર યાત્રાસંઘ જેવા ઐતિહાસિક ભગવદ્‌ભાષિત અનુષ્ઠાનો ઉજવ્યા હતા... કોઈપણ અર્ધશતાબ્દિ કે શતાબ્દિ પ્રસંગે કોઈ સંઘે આવા આયોજનો કર્યા હોય એવા આ પ્રાયઃ પહેલો દાખલો છે.

સુવર્ણ મહોત્સવ વર્ષમાં શ્રી શાંતિનાથ પ્રભુને આખા વર્ષ દરમિયાન દરરોજ નિતનવી અંગરચનાઓ થતી હતી... અનેક હર્ષજનક સ્મૃતિઓ સાથે સુવર્ણ મહોત્સવનું સમાપન થયું હતું.

છાણી : જેઠ સુદ ૩ શ્રી પાર્શ્વ પ્રભુ જિનાલયની વરસગાંઠ પૂજ્યોની નિશ્રામાં ઊજવાઈ. જેઠ સુદ ૬ અમીનનગરે શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલયની વર્ષગાંઠ ૧૭ ભેદી પૂજા, સંઘ સ્વામીવાત્સલ્ય ભાવનાપૂર્વક પૂજ્યોની નિશ્રામાં ઊજવાઈ.

વડોદરા : અલકાપુરી વિસ્તારમાં સંપતરાય કોલોનીમ ડાહ્યાભાઈ હિંમતલાલ શાહના સુંદર ઘર દેરાસરમાં મૂળનાયક શ્રી આદિશ્વરજી પ્રભુના યક્ષયક્ષિણી શ્રી ગોમુખ યક્ષ અને શ્રી ચક્રેશ્વરીદેવીનો મંગલ પ્રવેશ અને ચલપતિષ્ઠા પૂજ્યોની નિશ્રામાં વાજતે ગાજતે ઊજવાઈ. સંગીતકાર કિરીટભાઈ અને વિધિકાર માલકેશભાઈએ સૌને ભક્તિગંગામાં ડૂબાડયા. જેઠ સુદ ૧૦ ને સાંજે ચેતન સોસાયટીમાં આવેલ હિંમતભાઈના ઘરદેરાસરની વરસગાંઠ પ્રસંગે શૃંગારસજ્જ શ્રી સુમતિનાથપ્રભુની સન્ધ્યાભક્તિનો આનંદલાભ લઈને પૂજ્ય મુનિવરોએ રતલામ તરફ વિહાર કર્યો. ચાતુર્માસ ત્યાં નક્કી થયું છે.

■ ■ ■

સંગ્રામશૂર રાજા - સમ્યક્ત્વ - પ્રથમ યતના

શાહ રતિલાલ ડી. ગુઢકા લંડન

અન્ય તીર્થક - જિન અરિહંત પ્રભુ સિવાયના લૌકિક દેવોની પ્રતિમા પૂજવી નહીં બૌધ્ધ આદિ અન્ય દર્શનીઓએ ગ્રહણ કરેલી પોતાના મંદિરમાં પધરાવેલી કે પોતાના અધિકારમાં લીધેલી જિન-પ્રતિમાને પૂજવી વાંદવી કે ભજવી નહિ એ બીજી યતના છે. પદ્મીની ખંડમાં સંગ્રામ દ્રઢ નામક રાજાને સંગ્રામશૂર નામનો યુવરાજ તેમાં ગુણો ઘણા પણ એક મોટો દોષ શિકારનો. રાજા એના પુત્રને સમજાવતા જણાવ્યું કે આપણા કુળમાં આવી હિંસા લાંછનરૂપ કહેવાય. કુમારે તે વાત ન ગણકારી શિકાર છોડયો નહિ રાજા ક્રોધે ભરાઈ કહે જો તારે હિંસ ન છોડવી હોય તો તને અહીં આવવા નહિ દેવાય - તેથી કુમાર નગર બહાર ઉપનગર વસાવી તેમાં રહ્યો હવે તેને જરાય અંકુશ નહોતો મોટા શિકારી કૂતરા લઈ તે જંગલમાં જતો - એકવાર કામ પ્રસંગે તેને બહાર જવું પડયું તેથી શિકાર બંધ રહ્યો કૂતરા ઘરે રહ્યા એવામાં ત્યાં કેટલાક શિષ્યો સાથે એક ગુરૂ મહારાજ પધાર્યા કુમારના કારભારીએ તેમને જ્યાં કૂતરા બાંધ્યા હતા ત્યાંજ ઉતાર્યા લાંબા ઉંચાને ચપળ કૂતરા જોઈ આચાર્યશ્રી ના મુખમાંથી શબ્દો સરી પડયા કે- જે ઘોર પાપી ક્ષણ માત્રના સુખ માટે જીવોને હણે છે તેઓ મહા કષ્ટ પામે છે. એ લબ્ધીધર આચાર્યશ્રીના કથનથી કૂતરાઓ ઉપર અસર પ્રભાવ પડયો એક પછી એક બધા કૂતરા બોધ પામ્યા સંજ્ઞા ભાવથી નક્કી કર્યું કે આજ પછી કોઈપણ જીવનો ઘાત ન કરવો નહિ. ગુરૂ મહારાજ વિહાર કરી ગયા સંગ્રામશુર ઘરે આવ્યો ને કુતરાઓને લઈ તે જંગલમાં ગયો. સસલા હરણિયા આદિ પશુઓ ઉપર તેણે કુતરા ઉશ્કેવારપૂર્વક છોડયા પણ બધાજ કુતરા ઉભા ઉભા જોતા રહ્યા વારે વારે આશ્ચર્ય પામેલો યુવરાજ ઘણા પ્રયત્ને પણ આ ફેરફાર ન સમજી શક્યો તે ઘેર આવી તેણે કારભારી આદિને કારણ પૂછયું ઉત્તર આપતાં કહ્યું અમને વધારે તો કાંઈ ખબર નથી પણ તમે બહાર ગયા હતા ત્યારે કેટલાક સાધુ મુનિરાજો અહીં આવ્યા હતા તેમનો ઉતારો કૂતરાની શાળામાં હતો. ત્યારથી કૂતરામાં ફેરફાર મને જણાવા લાગ્યા હતા આ સાંભળી કુમારે કૌતકથી કુતરાઓને પૂછયું તમને ઉપદેશ લાગ્યો, શું વાત સાચી છે ત્યાં તો સહુના આશ્ચર્ય વચ્ચે કુતરાઓ માથું ધુણાવી હા પાડી આ દ્રશ્ય જોઈ સંગ્રામશુર પોતાની જાતને ધિકારતો બોલ્યો હું આ કુતરાઓ કરતાં પણ હીન છું તેમના જેટલી સમજણ કે વિવેક મારામાં નથી. મા-બાપ કુટુંબની શિખામણ ને ના માની કૂતરાઓને બોધ આપનાર એ આંતર વૈભવના સ્વામીનો ઉપદેશ મારે પણ સાંભળવો જોઈએ. પોતે બાજુના નગરમાં ધર્મ સાંભળવા ગયો ઉપદેશથી બોધ પામ્યો ૧૨ વ્રતધારી શ્રાવક બન્યો પછી પિતાએ તેડાવ્યો.

પ્રાચીન અર્વાચીન પ્રતિમા સંગ્રહ

ભવ્ય યોજના

પ્રતિમાજી ભરાવવાની અને વ્યવસ્થાની ઉમદા તક

પૂજ્ય ધર્મ બંધુ,

પ્રણામ સાથ જણાવવાનું જે ઘણી જગ્યાએ જૈનોની વસ્તી ઘટી જવાથી પૂજા વિ. ની વ્યવસ્થાની ખામી આવે છે. તેઓ પ્રાચીન પ્રતિમાઓ અત્રે આપી જશો તો તેની પૂજા ભક્તિ સારી રીતે થશે અને કોઇને પ્રાચીન પ્રતિમાજીની જરૂર હશે તો આપી શકાશે.

નૂતન પ્રતિમા યોજના

ઘણા ભાવિકોને પ્રતિમાજી ભરાવવાની ભાવના હોય પરંતુ રાખવાની વ્યવસ્થા ન હોવાથી ભરાવી શકતા નથી. અત્રે શંખેશ્વર હાલારી ધર્મશાળામાં પ્રતિમા ભરાવીને રાખવાની યોજના છે. આ પ્રતિમાજી જેમને જોઇએ તેમને ભરાવનારની અનુમતિ લઇને ભેટ આપી શકાશે.

આપ આપની શક્તિ અને ભાવના મુજબ પ્રતિમા ભરાવવા માટે નકકી કરી પત્રથી કે રૂબરૂ આવીને નકકી કરી જાવ. પ્રતિમાજી ઘણા આવી ગયા છે અને બીજા આવી રહ્યા છે.

નકરા

પ્રતિમાજી ઇંચમાં સાઇઝ	રૂા. નકરો	પ્રતિમાજી ઇંચમાં સાઇઝ	રૂા. નકરો
૧૧ ઇંચ	૧૨ હજાર	૨૫ ઇંચ	૪૫ હજાર
૧૩ ઇંચ	૧૭ હજાર	૨૭ ઇંચ	૫૧ હજાર
૧૫ ઇંચ	૨૧ હજાર	૩૧ ઇંચ	૮૧ હજાર
૧૭ ઇંચ	૨૫ હજાર	૩૫ ઇંચ	૧૨૫ હજાર
૨૧ ઇંચ	૩૫ હજાર	૫૧ ઇંચ ધાતુના	૨૫૦ હજાર
		૧૭ ઇંચ ધાતુના	૩૫ હજાર

::રૂબરૂ મળો કે સંપર્ક સાધો::
શ્રી હાલારી વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા
પંચાસર રોડ,
મુ. શંખેશ્વર, તા. સમી,
વાયા : મહેસાણા (ગુજરાત), ફોન : (૦૨૭૩૩) ૭૩૩૧૦

* મુંબઇ :ભગનલાલ લક્ષ્મણભાઇ મારૂ, થાણા. ફોન : ૫૩૪૬૧૨૧
  હરખચંદ ગોવીંદજી મારૂ, ઘાટકોપર. ફોન : ૨૦૬૧૫૮૮
  પ્રેમચંદ મેઘજી ગુઢકા, પરેલ. ફોન : ૪૧૩૨૮૨૯
* નાઇરોબી :મેઘજી વીરજી, બોકસ નં. ૪૬૬૦૬
* લંડન :રતિલાલ દેવચંદ. ફોન : ૦૦૪૪-૧૮૧ ૬૦૪ ૬૮૫૧
  મોતીચંદ એસ. ગુઢકા. ફોન : ૦૧૮૧-૬૩૩૮૪૫૮
  ગુલાબચંદ મૂળચંદ. ફોન : ૩૪૬૬૬૨૩

❖ રૂને શુદ્ધ કરવા માટે અગ્નિમાં નાખનાર મૂર્ખ ❖

કોઈ મૂર્ખ પુરૂષ રૂ વેચવા માટે બજારમાં ગયો પણ અશુદ્ધ હોવાને લીધે તે રૂ કોઈએ ખરીદ્યું નહિ. એવામાં સોનીએ અગ્નિમાં તપાવીને શોધીને વેચેલું તથા ગ્રાહકે ખરીદેલું સુવર્ણ તેણે જોયું, એ જોઈને એ મૂર્ખે પણ રૂને શુદ્ધ કરવા માટે તે અગ્નિમાં નાખ્યું, અને તે બળી ગયું. એટલે લોકો તેને હસવા લાગ્યા.

(કથા સરિત્સાગર ૬૧)

આત્મ - સંવેદના

- સૌ. અનિતા આર. પટણી - માણાવદર

૦ એકવાર મિત્રોની સાથે રમતા મારા બન્ને પુત્રોએ આવીને મને કહ્યું કે- ''મમ્મી ! ગરમી કેટલી બધી પડે છે ! ચાલને સ્વીમીંગ - તરવા - જઈએ.''

પરમાત્માની અસીમ કૃપાથી પ્રાપ્ત સદ્‌બુદ્ધિથી મેં મારા દીકરાઓને વાત્સલ્યથી કહ્યું કે- ''મારા વહાલા બાલુડાઓ ! માછલા થઈને આપણે બધાએ ઘણા ભવોમાં ઘણી વાર સ્વીમીંગ કર્યું હશે. મહાપુણ્યોદયે આપણને આવું પરમતારક શાસન મલ્યું, હૈયાથી થોડું ગમે પણ છે અને તમને પણ મેં વાર તહેવારે સમજાવ્યું છે કે આપણા ભગવાને કહ્યું છે કે કાચા પાણીના એક બિંદુમાં પણ સંખ્યામાં ન કહી શકાય તેટલા બધા જીવ હોય છે. તો થોડા શોખ ખાતર, થોડા આનંદ - મોજમજા ખાતર આટલા બધા જીવોને આપણે મારીએ તો આપણું શું થાય ? જો આપણને પીડા નથી ગમતી તો આપણા નિમિત્તે પીડા અપાય ખરી ? મારા બાલુડાઓ ! તમે બન્ને તો શાસનના રત્નો થવાના છો. તો કાચા પાણીમાં ડૂબકી ન લગાવતા પણ જ્ઞાન ગંગામાં એવી ડૂબકી લગાવો કે જેથી 'સ્વીમીંગ' ના બદલે 'રીડીંગ' કરતાં કરતાં મોતી - રત્ન સ્વરૂપ ઘણા આપણા રોજના જરૂરી સૂત્રો કંઠસ્થ થઈ જાય. તમે કાચા પાણીમાં નહિ પણ જ્ઞાનગંગામાં સ્વીમીંગ કરશો તો મને ઘણો જ આનંદ થશે. આપણે મામા મહારાજને વંદન કરવા ગયેલા તો કહેલું ને કે રોજની એક નવી ગાથા મોઢે કરવી અને જૂનું પણ પાકું કરવું. તમો આવું કરશો તો સંસાર સાગર તરી જશો, મારા આત્માને પણ આનંદ થશે.'' મારી આ વાત મારા બન્ને પુત્રોએ માની. મને ઘણો જ આનંદ થયો.

૦ મારી નાની બેની પણ રોજ મને જતા - આવતા મળે છે. અમારું સાસરું એક જ ગામમાં છે અને એને મંદિર - ઉપાશ્રયે કે વ્યવહારના કામમાં પણ જવાનો રસ્તો મારા ઘર પાસે છે. એક વાર એ મને મલવા આવી અને ત્યારે હું પૂ. આ. શ્રી કીર્તિયશ સૂ. મ. ની એક ચોપડી વાંચતી હતી. વાંચવામાં તલ્લીન, તે આવી ઉભી રહી મને ખબર પણ ન પડી. પછી મને કહે કે- અની ! તું તો એવી લીન બની ગઈ કે હું આવીને ઉભી છું તો પણ મને ભૂલી ગઈ. મેં - અરુ ! જો ખરેખર આવી લીનતા આવી જાય તો આપણી મુક્તિ નજીક થાય. પણ મોહરાજાના પ્રભાવથી આવી સારી ચોપડી પણ બાજુ પર મૂકી બેની સાથે વાર્તાલાપ કરવા લાગી કે- શું કરીને આવી ક્યાં જાય છે ? ત્યારે કહે કે- ''આજે તો મેં આટલા બધા કપડાની ઈસ્ત્રી કરી, મારી સાડીઓ પણ સ્ટાર્ચ કરી પ્રેસ કરી. બધા કપડા પ્રેસ કરીને આવી. તું આવું નથી કરતી. ભાઈ મ. ના પ્રવચનના પૂરા પ્રભાવમાં આવી ગઈ લાગે છે.'' મેં- ''ભાઈ મ. નું પ્રવચન તો ખરેખર આપણી મોહનિદ્રાને જગાડનારું છે. હું જરૂરી કપડાં પ્રેસ કરવા બહાર આપું છું, રોજના તો એમને એમ ચલાવી લેઉં છું.'' તો મને કહે - તારી પાસે સમય તો છે તો કેમ પ્રેસ નથી કરતી ?''

જો - બેની ! આપણને પરમનું આવું શાસન મલ્યું. આપણા પુણ્યોદયે આપણે આજ સુધી સાંભળી તેવી જિનવાણી સાંભળવા - વાંચવા મળે છે. આજ સુધી શરીર અને વસ્ત્રોની ટાપટીપ - સજાવટમાંથી આપણે આપણા આત્માને ભૂલી ગયા. આપણા આત્માનો સાચો શણગાર તો સંયમ - તપ - ત્યાગ છે. તેવું બળ મેળવવા આવી સુંદર ધાર્મિક ચોપડીઓનું વાંચન કરું છું તો મને તો ઘણો જ આનંદ આવે છે. ભલે હજુ આ બધું હું પણ કરું છું. પણ મને તેમાં આનંદ મજા નથી આવતી. કરવું પડે માટે કરું છું. ઘણી વાર મને થાય કે જો કપડાની ટાપટીપ - સજાવટ - પ્રેસ કરવાનું જ કામ ગમ્યું હોત તો કોઈ ધોબીડાને ત્યાં જન્મ્યા હોત. કદાચ કર્મ સંયોગે ત્યાં પરણ્યા હોત તો કપાળમાં પણ તે જ કામ લખાયું હોત. પણ પરમાત્માની પરમ કરૂણાથી કાંઈક પુણ્યોદયથી આવું તારક શાસન મલ્યું, આવા લોકોત્તમ દેવ - ગુરુ - ધર્મ મલ્યા, ધર્મી માતા-પિતા મલ્યા. આપણામાં ધર્મના સંસ્કારોનું સુસીંચન કર્યું, ઉપકારી એવા પૂ. ગુરૂદેવ, પૂ. ભાઈ મ. એ આપણને સાચો માર્ગ સમજાવ્યો, તત્ત્વજ્ઞાન સમજાવ્યું તો મને આવા રંગરાગ ઓછા ગમે છે. બાહ્ય

સજાવટ નહિ પણ આત્માની સજાવટ કરવી ગમે છે. માટે જ જ્યારે સમય - અનુકૂળતા મળે ત્યારે આવા વાંચનમાં સમય પસાર કરું છું. જેથી સ્વાધ્યાયનો સ્વાધ્યાય થાય અને મનની પરિણતિ તો નિર્મલ બને જ. મારી બેનીએ પણ કહ્યું - અની ! તારી વાત સાચી છે. ખરેખર આપણા ભાઈ મહારાજે આપણને કેવી સુંદર વિચારણા સમજાવી આપણી દ્રષ્ટિ બદલી છે. હું પણ તારી પાસેથી આ પુસ્તકો લઈ જઈશ અને વાંચીશ. મારા આત્માને પાવન કરીશ.

ત્યારે મને જે અત્યંત આનંદ થયો તે અવર્ણનીય હતો.

○ શ્રાવક - શ્રાવિકા તેનું નામ કહેવાય કે જેઓ સાધુપણાના જ અર્થી હોય. કદાચ કર્મસંયોગે સંસાર માંડવો પડે, લગ્ન કરવા પડે તો કરે પણ તેમાં આનંદ ન પામે . તેમજ પોતાના સંતાનોને પણ દીક્ષા લેવા માટે તૈયાર કરે. કદાચ કર્મસંયોગે તેવો ઉલ્લાસ ન પણ જન્મે અને લગ્ન પણ કરાવવા પડે તો તેમને કમમા કમ પાંચ પ્રતિક્રમણ - જીવવિચાર અને નવતત્ત્વ અર્થ સાથે ભણાવ્યા પછી સંસારમાં જોડે. સદ્‌ગુરૂઓના શ્રીમુખેથી આવા ભવની જિનવાણીના શ્રવણથી મારા ઉપકારી માતા - પિતાએ પણ મને વ્યવહારિક શિક્ષણ સાથે તે ધાર્મિક શિક્ષણ પણ અપાવ્યું અને તે પછી જ મારું સગપણ કર્યું. હંમેશા ધર્મી માબાપને પણ સંતાન ઉપર થોડો તો મોહ રહેવાનો. મારા દીકરા-દીકરી દુઃખી ન થાય પણ સુખી થાય. માટે જે જ્ઞાનિઓએ કહ્યું કે- ધર્મ સમજવા સદ્‌ગુરૂની પાસે જ જવું. તેથી ધાર્મિક જ્ઞાન અપાવ્યા પછી મારું સગપણ થયા પછી પણ મારી વાત્સલ્યમયી માતાએ મને કહ્યું કે- ''અનુ ! આ જમાનાને અનુરૂપ પેઈન્ટીંગ, એમ્બ્રોડરી વગેરે ક્લાસ પણ તું કરી લે નહિ તો સસુરાલમાં વાત - વાતમાં મેણા - ટોણા સાંભળવા પડશે કે- 'આને તો ધર્મ સિવાય કાંઈ આવડતું નથી. ધર્મની ઢીંગલી છે ઢીંગલી ! તે જ ધર્મી અને બીજા બધા પાપી...!''

ત્યારે સુદેવાદિની કૃપાથી પ્રાપ્ત સદ્‌બુદ્ધિ મારી સહાયમાં આવી અને મેં પૂ. માતાને વિનયપૂર્વક કહ્યું કે- ''માતાજી ! આપ ચિંતા ના કરશો. આપના બધાના આશીર્વાદથી મારું સારું થશે. આ સંસારમાં ટેલર - દરજી થઈને શિવણકામ - ભરતકામ કેટલી વાર કર્યા. પેઈન્ટર ચિત્રકાર થઈ કેટલા કેટલાના મન રીઝવ્યા.. માતાજી ! તમે જ કહેલું છે કે દીકરી ! બધી કલાઓ ભલે શીખજે પણ ધર્મકલાને જ જીવનમાં પ્રધાનતા આપજે. કેમ કે, ધર્મકલા વિનાની બીજી બધી કલાઓ આત્માનો નાશ કરનારી છે. આત્માને ઉજાવનાર હોય તો ધર્મકલા જ છે

માતાજી ! તમારી કુખને ઉજાળું, તમારા ધર્મધાવણને દીપાવું તેવા જ આશીર્વાદ આપો. આવું પરમતારક જિનશાસન અને આવા માતા પિતાને પામીને મારે સમ્યગ્જ્ઞાનથી આત્માને ભાવિત કરવો છે. અને જ્ઞાનનું ફલ જીવનમાં અમલી બને તેવો પ્રયત્ન કરવો કે જ્ઞાન પણ માન - પાન - સન્માન - ખ્યાતિ - પ્રખ્યાતિ - કીર્તિ માટે નથી ભણવું પણ જ્ઞાની શ્વાસે શ્વાસમાં જે અપૂર્વ કર્મનિજરા કરે છે. તેવી કર્મનિર્જર કરવી છે. સંસારમાં ભટકવું નથી પણ સંસાર ભ્રમણથી અટકવું છે. તે માટે હૈયાતી પૂર્ણ શ્રદ્ધા પૂર્વકની સાચી સમજ મેળવી જીવનમાં શક્ય અમલ કરવો છે.''

ત્યારે મારી વાત સાંભળી મારી માતાની આંખમાં પણ હર્ષના આંસુ આવ્યા અને મારી આંખમાં પણ માતાએ જે વાત્સલયથી મારા માથે હાથ ફેરવી મને ભીંજવી નાખી મૂક આશીર્વાદ આપ્યા કે તું જરૂર મારી કુખ ઉજાળીશ. જેનું બળ આજે પણ હું જીવનમાં અનુભવી શકું છું.

○ ''ગિરિવર દરિશન વિરલા પાવે, ભવસંચિત પાપ ગમાવે'' પૂ. શ્રી શુભવીરવિજયજી મહારાજા વિરચિત શ્રી નવાણુંપ્રકારી પૂજા સાંભળતાં સાંભળતાં હું એકદમ ભાવવિભોર બની રડી પડી. તો મારા નાના દીકરાએ કહ્યું- ''મમ્મી ! તું કેમ રડે છે.'' મેં કહ્યું દીકરા ! આપણે પાલીતાણાની યાત્રા કેટલી બધી વાર કરી ! જ્ઞાનીઓ કહે કે, અભવ્ય, દુર્ભવ્ય આ ગિરિવરને નજરે ન જુએ. તું મારી કુક્ષિમા આવેલ ત્યારે પણ યાત્રા કરેલી, પછી તારા જન્મ પછી તને પણ કરાવી. ખરેખર આપણો આત્મા 'વિરલ'ની કોટિમાં આવે તો જ કામનો. આ યાદ આવતા મારી આંખમાં હર્ષના આંસુ આવ્યા. હવે એવો પ્રયત્ન કરવો છે. આપણું ભવભ્રમણ અટકી જાય. તું દીક્ષા લઈશ તો આપણે બધા પણ દીક્ષા લઈશું. દીક્ષાની વાત સાંભળી તે પણ આનંદથી નાચી ઊઠયો. મને આનંદ થયો. ■■

ખાડો ખોદે તે પડે

લક્ષ્મીપુર નામનું એક ગામ હતું. આ ગામની બાજુમાં મોટું જંગલ હતું. આ જંગલમાં સિંહ, વાઘ, વરુ, શિયાળ, હાથી, હરણ, સસલાં, સાબર, ઊંટ, ગધેડાં, જેવા પ્રાણીઓ રહેતાં હતાં.

જંગલ ઘાટું ગીચ અને ઝાડપાનથી ભરપૂર હતું. ઝાડ ઉપર તથા જમીન ઉપર જાતજાતની વનસ્પતિના વેલા પાણ હતાં

જંગલમાં હિંસક પ્રાણીઓ ઉપરાંત સાપ, નોળિયો, અજગર જેવા જીવો પણ રહેતાં હતાં.

જંગલની બીજી બાજુએ સુખનગર નામે મોટું શહેર હતું

સુખનગર અને લક્ષ્મીપુર વચ્ચે આવજા કરવા માટે આ જંગલમાં થઈને જવું પડતું હતું.

આ જંગલમાં એક લૂંટારો રહેતો હતો. તેનું નામ લાલિયો હતું.

લાલિયો લૂંટારો અહીં રહેતો,
અહીંથી નીકળે તેને પકડતો;
મારમારતો અને ઢસડતો,
હોય બધું એ લૂંટી લેતો.

આ લાલિયો લૂંટારો એક દિવસ જંગલમાં આવેલા એક ટેકરા ઉપર ઉભો હતો. ટેકરા ઉપર ઊભો રહીને કોઈ માણસ આવે છે કે કેમ તે જોતો હતો.

તેણે ચારે તરફ જોયું પણ કોઈ માણસ આવતો દેખાયો નહીં. એવામાં તેણે બેં... બેં.... બેં.... એવી બકરાની ચીસ સાંભળી લાલિયાએ ચીસ આવી હતી તે દિશામાં જોયું.

લાલિયાને ત્યાં શું દેખાયું ?

એક વડના ઝાડ ઉપર એક અજગર જમીન તરફ મોઢું રાખીને લટકતો હતો. તેણે પોતાની પૂંછડી વડવાઈ સાથે વીંટાળીને વડવાઈ પકડી હતી. આજુબાજુમાં લીલોતરી હતી. અજગરના શરીરનો રંગ વડવાઈના રંગ સાથે એવો ભળી જતો હતો કે અજગર નહીં પણ વડવાઈ જ હોય તેવું લાગતું હતું.

આ અજગરના મોઢામાં એક બકરું હતું.

અજગર કેરાં મુખમાં બકરું,
હતું બિચારું રે તરફડતું;
મોઢેથી એ બેં બેં કરતું,
કિંતુ એ તો ક્યાંથી બચતું ?

થોડીવારમાં તો અજગર તે બકરાને ગળી ગયો

આ દશ્ય લાલિયાએ જોયું. આ જોઈને લાલિયાના દુષ્ટ મનમાં એક નવો જ વિચાર આવ્યો.

તેણે વિચાર્યું કે રસ્તે આવતા - જતા માણસોને રસ્તામાં જઈને શીદને લૂંટવા ? તેના કરતાં તો માણસો જ્યારે વડ નીચે આરામ કરવા આવે ત્યારે અજગરની પેઠે તેમને પકડીને કેમ ન લૂંટવા ?

બસ, પછી તો બીજે જ દિવસે લાલિયો એક મજબૂત દોરડું લઈ આવ્યો. આ દોરડાના એકે છેડે તેણે ગાળિયો બનાવ્યો અને અજગર જ્યારે જંગલમાં ગયો ત્યારે લાલિયો તે દોરડું લઈને વડ ઉપર ચડી ગયો.

થોડી વાર થઈ ત્યાં તો એક કૂતરું તે વડની નીચે આવ્યું. લાલિયાએ તક ઝડપી અને દોરડાનો ગાળિયો કૂતરાના ગળાનું નિશાન લઈને ફેંક્યો. ગાળિયો કૂતરાના ગળામાં ભરાઈ ગયો અને...

લાલિયાએ વડ ઉપર બેઠા બેઠા દોરડું પોતાની બાજુએ ઉપર ખેંચ્યું. કૂતરાના ગળામાં ગાળિયો હવે મજબૂત રીતે બંધાઈ ગયો અને કૂતરું દુઃખથી પીડાતું હા... હું.... વા....ઉ એમ ચીસો પાડવા લાગ્યું.

આ જોઈને લાલિયો તો રાજી રાજી થઈ ગયો. પોતાનો અખતરો સફળ થયો એટલે તેને સંતોષ થયો. તેણે કૂતરાને છોડી મૂક્યું.

કૂતરું તો જાય નાઠું !

પછી તો લાલિયો દરરોજ સવારમાં અજગર આહાર જાય ત્યારે દોરડું લઈને વડ ઉપર બેસી જતો. થોડોક દિવસ પસાર થાય ત્યાં કોઈને કોઈ મુસાફર બાજુના ગામેથી ચાલીને આવતા અને વડની નીચે વિસામો લેવા બેસતા.

જ્યારે કોઈ એકલો મુસાફર વડની નીચે આવે ત્યારે લાલિયો મોકો જોઈને તેના ઉપર દોરડાનો ગાળિયો ફેંકતો.

રોજ રોજ આવું કામ કરવાથી હવે તેને તે ફાવી ગયું હતું.

તેણે ફેંકેલા દોરડાનો ગાળિયો મુસાફરના ગળામાં ભરાઈ જતો. પછી લાલિયો દોરડું ખેંચે તેમ મુસાફર ખેંચાતો અને બચવા માટે ચીસો પાડતો.

લાલિયો એકદમ દોરડું ઢીલું મૂકી દઈને તે માણસને જમીન પર પછાડતો અને તેની પાસે પૈસા, ઘરેણાં હોય તે લૂંટી લેતો અને મુસાફરને ધમકાવીને, મારી નાખવાની બીક બતાવીને હાંકી કાઢતો.

એક દિવસ એવું બન્યું કે, દિવસના ભાગમાં કોઈ એક પણ દોકલ મુસાફર તે વડ નીચે આવ્યો જ નહીં. લાલિયો ઝાડ ઉપર બેસીને કંટાળી ગયો.

તે દિન થવાને આવી સાંજ,
તો ય મળ્યો નહીં કોઈ શિકાર;
વિચારે લાલિયો થઈ નિરાશ,
''જઈ આવું હું ખાવાને કાજ;
પછી બેસીને જોઈશ રાહ,
આવી જાય જો કોઈ શિકાર,
રાત્રે હું અજમાવીશ દાવ.''

આવું વિચારીને, પેલું દોરડું વડ ઉપર લટકતું રાખીને લાલિયો પોતાના ઘેર ભોજન લેવા માટે ગયો.

આ તરફ આખો દિવસ બહાર ગયેલા અજગરને તે દિવસે ગમે તે કારણે, જંગલમાં પૂરતો આહાર મળ્યો નહીં. તે કંટાળીને, થાકીને વહેલો વહેલો ઝાડ નીચે આવી ગયો અને લાલિયાએ લટકાવેલા દોરડાની બાજુમાં જ વડની ડાળ સાથે પૂંછડી વીંટાળીને વડવાઈની જેમ લટકી રહ્યો. લટકતો લટકતો તે શિકારની રાહ જોવા લાગ્યો.

થોડીવાર પછી લાલિયો લૂંટારો જમીને વડની નીચે પાછો આવ્યો.

તે વડ ઉપર ચડવા જતો હતો ત્યાં તેને વિચાર આવ્યો કે, લાવને દોરડું બરાબર બંધાયું છે કે કેમ તેની નીચેથી ખેંચીને ખાતરી કરી લઉ.

લાલિયો લટકતા દોરડાને નીચેથી પકડીને ખેંચવા માટે આગળ વધ્યો.

હવે વડવાઈ ઉપર દોરડું તથા અજગર બંને લટકતા હતા. તેની નજીક ગયો ત્યારે લાલિયાને થયું કે, એકના બદલે બે દોરડાં કેમ લટકે છે ?

પરંતુ ''વિનાશ કાળે વિપરીત બુદ્ધિ'' થાય તેથી અજગર લટકે છે તેનો લાલિયાને વહેમ કે ખ્યાલ આવ્યો નહીં.

લાલિયાને એમ થયું કે, અંધારાના કારણે પોતાને બરાબર દેખાયું નહીં હોય. તે તો ઝટપટ દોરડું પકડીને વડ ઉપર ચડી જવા આગળ વધ્યો અને...

દિનભરનો હતો ભૂખ્યો જે,
લટકી રહ્યો તો અજગર તે;
લાલિયા ઉપર લપકી પડ્યો,
લાલિયાને તો ઝડપી લીધો.

લાલિયાએ ચીસ પાડી. અજગરની પકડમાંથી છૂટવા તેણે ઘણા ધમપછાડા માર્યા, મહેનત કરીને તરફડિયાં માર્યાં, પરંતુ ફાવ્યો નહીં. અજગરની પકડ લોખંડના સાણસા જેવી મજબૂત હતી.

લાલિયો અજગરની પકડમાંથી છૂટી શકયો નહીં. અજગર ધીમે ધીમે તેને ગળી ગયો.

જે વડ ઉપર બેસી લાલિયો દોરડાનો ગાળિયો નાખી મુસાફરોને લૂંટતો તે જ વડ ઉપરની જગ્યાએથી દોરડું લેવા જતાં લાલિયો પોતે જ અજગરનો શિકાર બની ગયો.

''ખાડો ખોદે તે પડે'' તે આનું જ નામ.

અન્યનું બૂરું જે કરવા જાય,
બૂરું તેનું પોતાનું થાય;
ખોદે અન્યને કાજે ખાડો જે,
પડે તે જ ખાડામાં પોતે.

—શ્રી પ્રભુલાલ દોશી

હસે તેનું ઘર વસે

* બારા બજે *

થોડા સરદારજી ભેગા થયા હતાં. તેઓ વાતો કરતા હતાં કે લોકો આપણને બારા બજે કરીને કેમ રાતાવે છે. આજે તો બાર વાગ્યે શું થાય છે તે આપણે બધા જોઈએ. જેમ જેમ ઘડિયાળનો કાંટો બારની નજીક આવતો ગયો તેમ તેમ બધા સરદારજીઓ ગંભીર બનતા ગયા. અને બાર વાગ્યા ત્યાં બધા સરદારજી એકી સાથે બોલી ઊઠ્યા. દેખો દોસ્તો કેવી કમાલ ? બાર બજે ઘડિયાળનો એક કાંટો પણ ગુમ થઈ ગયો.

પૂ. સા. શ્રી પદ્માવતીશ્રીજી મ. નો સમાધિપૂર્વક કાલધર્મ

કચ્છ-વાગડ દેશોદ્ધારક પૂ. પા. આચાર્યદેવ શ્રીમદ્વિજય કનકસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના તથા મહારાષ્ટ્ર દેશોદ્ધારક મોક્ષૈકલક્ષી દેશના દેશના ના દાતા પૂ. પા. આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર નુવિશાલગચ્છાધિપતિ પૂ. પા. આચાર્યદેવ - શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની પ્રવર્તિની પૂ. સા. શ્રી હેમશ્રી મ. ના સ્વ. પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ. ના શિષ્યા સરળસ્વભાવી - સમતામૂર્તિ પૂ. સા. શ્રી પદ્માવતીશ્રીજી મ. સા. અષાઢ વદ બીજ શનિવાર તા. ૭-૭-૨૦૦૧ના રોજ સાંજે ૬-૫૧ કલાકે ચતુર્વિધ શ્રી સંઘની ઉપસ્થિતિમાં પૂ. આ. દે. શ્રીમદ્વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાના સ્વમુખે અરિહંત - અરિહંતન શ્રવણ પૂર્વક પરમ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે. પરંતુ મૃત્યુને મહોત્સવ બનાવી જનારા પુણ્યાત્માઓ ધન્ય છે.

સદ્ગતનો સંયમપુતાત્મા શતાધિક જિનાલયોથી મંડિત પાટણ નગરીમાં પિતાશ્રી રસિકભાઈ તથા માતુશ્રી સુભદ્રાબેનના ધર્મસંસ્કારોથી સિંચિત થઈ ૧૯ વર્ષની ઉગતી યુવાનીમાં વિ. સ. ૨૦૧૫માં પાટણ મુકામે પૂ. પા. આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા પૂ. પંન્યાસશ્રીજી દીપવિજયજી ગણિવર આદિના વરદ્ હસ્તે દીક્ષિત થઈ અધ્યત્માયોગી પૂ. પા. આ. દે. શ્રીમદ્વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના આશિષથી સમાધિસાધિકા પૂ. ગુ. મ શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ. સા. ના ચરણોમાં જીવન સમર્પિત કરી પોતાનાં સંયમબાગને વિધવિધ તપ, ત્યાગ, જ્ઞાન-ધ્યાન રૂપી પુષ્પો દ્વારા મઘમઘાયમાન બનાવ્યો. તેમના પગલે લઘુ ભગિની મનોરમા સા. શ્રી મયણાશ્રીજી, માતુશ્રી સુભદ્રાબેન સા. શ્રી પીયૂષવર્ષાશ્રીજી મ. તથા સંસારી ભત્રીજા નિલય પૂ મુ. શ્રી નિર્વાણભૂષણ વિ. મ. સા. ના શુભનામાભિધાન દ્વારા તેઓના કુળને ઉજ્જવલ બનાવ્યું છે.

સ્વ. પૂ. શ્રી છેલ્લા પાંચ વર્ષથી ફાઈબ્રોસીસ નામના અસાધ્ય રોગની બિમારીનો ભોગ બનેલા હતા છતાંય તેમની ધીરજ-સમતા અને ચિત્તની પ્રસન્તા જોનારના હૈયાને સહજ ડોલાવી દે તેવી હતી. છેલ્લા ત્રણ-ચાર મહીનાથી તેમને આંતર - સ્ફૂરણા થઈ હતી કે હવે આ દેહ ઝાઝું કામ આપી શકે તેમ નથી તેથી પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ. શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની પાટણ પધરામણી પ્રસંગે પોતાને સમાધિ પ્રદાનાર્થે નિશ્રાપ્રદાન કરવાની ભાવના વ્યકત કરી. પૂ.શ્રીએ તેમની પરિસ્થિતિ જોતા અમદાવાદ આવવાની અનુમતિ આપી. અનેકના સહયોગથી ખૂબ નાજુક પરિસ્થિતિમાં અમદાવાદ લાવવામાં આવ્યા. પૂ. શ્રી તેમજ અમારા સંસારી કુટુંબના તથા અમારા ઉપકારી પૂ. આ. દે. શ્રીમદ્વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાએ તેમને સતત સમાધિમાં ઝીલતાં રાખવા માટે જે અથાગ પરિશ્રમ કર્યો તે અમો કયારેય પણ ભૂલી શકીએ તેમ નથી.

સંસારમાં જેના ઋણથી કયારેય અનૃણ ન બની શકાય તેવા અમારા પરમોપકારી પૂ. ગુરૂજીને અસહ્ય વેદનાની પળોમાં આત્માને શુભધ્યાનમાં મસ્ત રાખનારા સમાધિસોત્રો - સ્તવનો - સજ્જાયો વિ. સા. શ્રી નમ્રગિરાશ્રીજી, સા. શ્રી નિર્વાણપ્રિયાશ્રીજી તેમજ સા. શ્રી સંયમપ્રિયાશ્રીજીએ સંભળાવી તેઓના આશાતના ઉદયને સમતામયી શાતામાં પરિણમવવાની કોશિષ કરી અંઢળક કર્મનિર્જરા સાધી છે તેમજ દ્રવ્યભકિતમાં પણ રાત દિવસ ખડે પગે તૈયાર રહ્યા છે.

છેલ્લા સમાચાર મળતા ગામપરગામથી સ્વજન/ભકતાદિ ઉમટી પડયા હતા. અગ્નિસંસ્કારની ઉપજ વિ. અવસરયોગ્ય સુંદર થઈ હતી.

આ પ્રસંગે નિઃસ્વાર્થ ભાવે સેવા કરનાર અમદાવાદના ડૉ. પાર્થિવ મહેતા, ડૉ. પિનાકીન સોની, પાટણ ખાતેની લગભગ પાંચ વર્ષની છૂટક છૂટક સ્થિરતા દરમ્યાન ડૉ. ભૂપેન્દ્ર સોની, ડૉ. રાકેશ મહેતા વિ. એ નવરંગપુરા તેમજ પાટણનાં સંઘના ટ્રસ્ટીઓ-આરાધકો દેવાભાઈ - હરેશભાઈ વિ. તેમજ રાતદિવસ જોયા વગર ખડેપગે સેવા કરનાર મુમુક્ષુ ટીના, પુનમને કેમ ભૂલાય ? વળી આ ચાતુર્માસનું સ્થાન આપનાર સુ. સુરેન્દ્રભાઈ વિ. ના આખું કુટુંબે ખુબ કાળજી રાખી તેઓશ્રીની સમાધિમાં સહાયક બન્યા છે.

આ પ્રસંગે અત્રે ઉપસ્થિત પૂ. પા. શ્રીજીના આજ્ઞાવર્તિની શ્રમણીગણ પૂ. સા. શ્રી કૌશલ્યાશ્રીજી આદિ, પૂ. સા. શ્રી ચંદ્રોદયાશ્રીજી વિ., પૂ. સા. શ્રી જયવર્ધનાશ્રીજી આદિ, પૂ. સા. શ્રી ચંદ્રિકાશ્રીજી આદિ, પૂ. સા. શ્રી શુદ્ધદર્શનાશ્રીજી આદિએ પણ આત્મીયતા ભર્યો સહકાર આપીને અમોને ખૂબ સહાયતા કરી છે. તેમજ સવિશેષ વડીલ-શિરચ્છત્ર પ્રવર્તિની પૂ. સા. શ્રી હેમશ્રીજી મ. ના આશિષોએ પણ અમોને આવા પ્રસંગે ખુબજ સાંત્વના - સહનશકિત સમર્પી છે. ■■

સમાચાર સાર

અમદાવાદ - રંગસાગર : પરમશાસન પ્રભાવક, વ્યા. વા. સ્વ . પ. પૂ. આ. શ્રી વિ. **રામચન્દ્રસૂરીશ્વરજી** મ. સા. ના શિષ્યરત્નો અને સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિ. **મહોદયસૂરીશ્વરજી** મ. સા. ની તારક આજ્ઞાથી પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ. તથા પૂ. મુ. શ્રી ધર્મભૂષણ વિ. મ. નો ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ - ૫ ના થયેલ. પૂ. આ. પ્રભાકર સૂ. મ. પણ પધાર્યા હતા. લક્ષ્મીવર્ધકથી ચંદ્રનગર થઇ રંગસાગર ઉપાશ્રયે સસ્વાગત પધરેલ. પ્રવચન બાદ શ્રી મુકુંદભાઈ રમણલાલે ગુરૂપૂજન કરેલ તથા શ્રી સંઘ તરફથી શ્રીફળની અને અ.સૌ. ભદ્રાબેન સંઘવી, શ્રી મુકેશભાઈ ગડા, સૌ. રેખાબેન, સરસ્વતીબેન કાનજીભાઈ, જ્યોત્સાનેબેન રસિકલાલ અને કે. પી. શાહ એમ ૭ ભાગ્યશાલીઓ તરફથી વ્યક્તિગત સંઘપૂજન કરાયેલ. શ્રી સંઘનો ઉત્સાહ સુંદર હતો. રોજ ૭ થી ૮ પ્રવચન ચાલે છે.

સાબરમતી - અમદાવાદ : અત્રે પૂ. આ. શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મ. આદિ નો ચાતુર્માસ પ્રવેશ ચિંતામણી દેરાસર શ્રી પાર્શ્વનાથ આરાધના ભવન અષાડ સુદ ૧૦ ઠાઠથી થયો તથા પૂ. મુ. શ્રી સાગરચંદ્ર સાગરજી મ. આદિનો સંઘ ગાંડાલાલ ફકીરચંદ આરાધના ભવન ખાતે ચાતુર્માસ પ્રવેશ ઠાઠથી અષાડ સુદ ૧૦ ના થયો.

અમદાવાદ : શાહીબાગ જયપ્રેમ સોસાયટી રાજસ્થાન હોસ્પીટલ પાસે પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ. નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ ના ઉત્સાહથી થયો.

ઉદયપુર (મેવાડ) : અત્રે પૂ. મુ. શ્રી યુગપ્રભ વિ. મ. આ. ઠા. નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૨ ના ઠાઠથી થયો.

પુના : શુક્રવાર પેઠ પંચદશા ઓસવાળ જૈન સંઘમાં પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભ સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૬ ના ઠાઠથી થયો.

મુંબઈ - ઘાટકોપર પૂર્વ : પૂ. આ. શ્રી ચિદાનંદ સૂ. મ. તથા પૂ. આ. શ્રી [illegible]સેન સૂ. મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ ના રોજ ઉત્સાહથી થયો.

બેંગ્લોર નગરપેટ ખાતે પૂ. આ. શ્રી નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૩ ના ઠાઠથી થયો.

ટુમકુર (કર્ણાટક) : પૂ. આ. શ્રી વિજય અશોકરત્નસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય અમરસેન સૂ. મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૮ ના ઠાઠથી થયો.

અગવરી (રાજ.) : પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂરીશ્વરજી મ., પૂ. આ. વિજય જિનોત્તમ સૂ. મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ ના ઠાઠથી થયો.

મલાડ ઈસ્ટ (રત્નપૂરી) : પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ. આદિના ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૮ ના ઠાઠથી થયો.

મંચર (પુના) : અત્રે પૂ. મુ. શ્રી વૈરાગ્યરતિ વિજયજી મ., પૂ. મુ. શ્રી પ્રશમરતિ વિજયજી મ. નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ ના ઠાઠથી થયો. સુપાર્શ્વનાથ મંદિર ૧૮ અભિષેક, સાધર્મિક વાત્સલ્ય ધર્મેશભાઈ તરફથી થયા.

શંખેશ્વર : ૧૦૮ ભક્તિ વિહારમાં પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી લબ્ધિ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય ભાનુચંદ્ર સૂ. મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦ માં ઠાઠથ થયો શ્રી પાર્શ્વપદ્માવતી મંદિરથી સામૈયું થયું.

આરગ (મહારાષ્ટ્ર) : અત્રે વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી પ્રવચન હોલનું ઉદ્‌ઘાટન પૂ મુ. શ્રી પુણ્યરક્ષિત વિજયજી મ. આદિની નિશ્રામાં જેઠ વદ ૯ ના ભવ્ય સમારોહ પૂર્વક થયું.

અમદાવાદ - રંગસાગર : પ્રશાન્તમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિ. **મહોદય** સૂ. મ. નો અમદાવાદમાં નગર પ્રવેશ અ. સુ. ૫ ને સોમવારના ભવ્ય રીતના થયો. વાસણા - નવકાર - નારાયણ નગર થઈ હાથી, બેન્ડવાજાદિ સામગ્રી સાથે શ્રી ભાવવર્ધક સુપાર્શ્વનાથ જૈન સંઘના ઉપક્રમે રંગસાગર પધારેલ. પૂ. આ. પ્રભાકર સૂ. મ. તથા ચાતુર્માસ સ્થિત પૂ. આ. શ્રી **પ્રશાન્તદર્શન વિ. મ. આદિ સન્મુખ** લેવા ગયેલ. સામૈયા બાદ માંગલિક થયા પછી ગુરૂપૂજનનો લાભ જૂઠાભાઈ ડોસાભાઈ પરિવારે લીધેલ તેમજ શ્રી સંઘ તરફથી ૫ - ૫

રૂા. ની પ્રભાવના અને આવેલ સાધર્મિકોની ભક્તિ કરાયેલ.

અ સુ. ૬ ના ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના ચ્યવન કલ્યાણકના પવિત્ર દિવસનો વરઘોડો પૂ. ગચ્છાધિપતિશ્રીજીની તારક નિશ્રામાં શ્રી જિનાલયથી નીકળેલ. તે પછી પૂ. ગચ્છાધિપતિશ્રીજી નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે જૈન સોસાયટી ગયેલ. વરઘોડો મુખ્ય માર્ગે ફરી ઉપાશ્રયે ઉતરેલ અને ત્યારબાદ પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ. નું પ્રાસંગિક પ્રવચન થયેલ. તે પછી સકલ શ્રી સંઘની સાધર્મિક ભક્તિ કરાયેલ.

અ. સુ. ૧૧ ના પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ. મ. તથા પૂ. સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ. ની વડીદીક્ષા તિથિ નિમિત્તે, તેમના સંસારી સંબંધીઓ આદિ તરફથી જ્યોત્સનાબેન ચાલીસ હજાર, જયાબેન, તરૂબેન દીપકકુમાર, ભાવનાબેન વસ્તુપાલભાઈ અને અ.સૌ. અમિતા તરફથી ૫ - ૫ રૂા. નું સંઘ પૂજન તથા પ્રભુજીને સુંદર મનોહર અંગરચના રચાયેલ.

અ વ. ૩ ને રવિવારથી ગ્રન્થવાચનાદિનો પ્રારંભ થયેલ છે. માવિકો સારો લાભ લઈ રહ્યા છે.

માંડવગામ : વાસુપૂજ્ય રાજસ્થાન શ્રી સંઘમાં પૂ. આ. શ્રી વિજય વિદ્યાનંદ સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૩ ના ઠાઠથી થયો છે.

બોટાદ : ગિરિરાજ સોસાયટીમાં દેસાઈ મનસુખલાલ મગનલાલ ભાંભણવાળા તરફથી સ્વ. દેસાઈ જસુમતીબેન મનસુખલાલના આત્મશ્રેયાર્થે મહા સુદ ૨ ના શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી જણાવાયું વિધિકાર મોહનભાઈ હઠીચંદ શાહ તથા સંગીતકાર શ્રી હરેશભાઈ પધારેલ બહોરે સંઘસ્વામિવાત્સલ્ય રાખ્યું હતું.

અમદાવાદ : કૃષ્ણનગર મહાસુખનગર આ. શ્રી કીર્તિરત્ન પૂ. મ. ઠા. ૩ ના અ. સુ ૩ ના ચાતુર્માસ પ્રવેશ અત્રે સસ્વાગત થયો છે.

જોધપુર (રાજ) : પ. પૂ. તપસ્વી આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વર મ. સા. તથા પ. પૂ. ન્યાયવિશારદ આચાર્ય દેવશ્રી મહાવિજય અજિત રત્નસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણાનો જોધપુર (સૂર્યનગર - રાજસ્થાન)માં અષાડ સુદ ૧૦ શનિવાર દિ. ૩૦-૬-૨૦૦૧ની સવારે ચાતુર્માસ પ્રવેશ થયેલ છે. સંઘપૂજન તથા મંગલ આયંબિલ થયેલ. શ્રીમાન્ મુકનરાજ સા. સિરેમલ સા. સિંઘવી, શ્રીમન્ સંજય સા. અજય સા. મહેતા પરિવાર, શ્રીમાન્ ભેરૂમલ સા. વિરેન્દ્ર સા. પ્રસન્ન સા. મહેતા પરિવાર શ્રીમાન જુગલચંદ સા. સત્યપ્રસન્નચંદ સા. ભંડારી પરિવાર, શ્રીમાન અમૃતચંદ સા. શીતલચંદ સા. સુનિલ સા. અનિલ સા. રાજેડ પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય થયેલ. જયજિનેન્દ્રનો લાભ સંઘવી સુકતરાજ સરેમલજી પરિવારે લીધેલ અમરમલ ઉતમચંદજી નાદર, સુકનરાજજી સંઘવી, સંજય મહેતા, મદનરાજ જી. સિંઘવી, પ્રકાશજી મહેતા, નવરત્નમલજી નાદર આ ચાતુર્માસનું આયોજન રેકોર્ડરૂપ સફલ થાય તેમ પ્રયત્નશીલ છે.

તપસ્વી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ., આચાર્ય અજિતરત્નસૂરીશ્વરજી મ., પૂ. દાનરત્નવિજયજી મ., પૂ. ખાંતિરત્નવિજયજી મ., પૂ. દીપકરત્ન વિજયજી મ. તથા સાધ્વીજી વિશ્વપ્રજ્ઞાશ્રીજી, સાધ્વીજી નાંદેરત્નાશ્રીજી આદિ વિશાલ સાધુ સાધ્વીજીની સાથે જોધપુર પધારતાં અષાડ સુદ ૩ દિ. ૨૧-૬-૨૦૦૧ ના રોજ રોહરમાં ભવ્યા સામૈયા સાથે વાજતે ગાજતે પ્રવેશ થયેલ.

અષાડ સુદ ૬ મંગળવાર દિ. ૨૬-૬-૨૦૦૧ની સવારે ૮-૩૦ વાગ્યે જોધપુર ચૌપાસની હાઉસિંગ બોર્ડ સંઘ તરફથી ભવ્ય બેંડ સાથે વાજતે ગાજતે પ્રવેશ થયેલ અને પ્રવચન થયેલ.

ખેરાદિયોંના વાસ ધર્મક્રિયા ભવનમાં પ્રવેશ બાદ શ્રી ચિન્તામણિ પાર્શ્વમંડલના વિરેન્દ્રરાજજી મહેતા, અધ્યક્ષ જવરીચંદજી ભંડારી, ઉમેદજી રાંકા, ધનરાજજી વિનાયકિયા, પ્રકાશ મહેતા, કિશોર નાદર, જિતેન્દ્રવેદ મુથા આલોક પારેખ, કમલ સુરાની, આદિએ આચાર્યશ્રીની અગવાની કરી સ્વાગત કરેલ. યુવા પ્રવકતા ઉમેદજી રાંકાને ગુરૂતત્ત્વનો મહિમા બતાવેલ. મુનિરાજશ્રી રૈવત વિજયજી પણ સામૈયામાં પધારેલ હતા. નવરતનલાલજી નાદરે સ્વાગત - ગુરૂગીત ગાયેલ. મંગલચરણ પછી અમૃતલાલજી ગાંધી, વડિલ લેખરાજજી મહેતા, સોહન મહેતાએ પણ ગુરૂ મહિમા ગાયેલ. મંગલપ્રવેશ પ્રસંગે આયંબિલ પણ થયેલ. સામૈયું મુખ્યાજી જૈન દેરાસરજી, ઉમેદ ચોક, ચૌહાનનો નોહરો, તુરજીના ઝાલરા, માણેક ચોક, સુમેર માર્કેટ, કટલા બજારથી માંદી

હોલ થઈ શ્રી રત્નપ્રભસૂરિ ધર્મક્રિયા ભવનમાં પધારેલ.

જલતે દીપ, દૈનિક ભાસ્કર, દૈનિક નવજ્યોતિ, દૈનિક જાગરણ આદિ જોધપુરના સમાચાર પત્રોએ આ પ્રવેશના સમાચારો પ્રગટ કરેલ. જોધપૂરમાં ૭૦ હજાર જૈનો વસે છે. રાજસ્થાનની સૂર્યનગરી છે.

અષાઢ સુદ ૧૦ શનિવાર દિ. ૩૦-૬-૨૦૦૧, को आ श्री विजय कमल रत्न सूरीश्वरजी म. सा. एवं प. पू. आ. श्री विजय अजित रत्न सूरीश्वरजी म. सा. अपने विशाल साधु - साध्वी समुदाय के साथ जोधपुर धर्मक्रिया भवन में चातुर्मास प्रवेश किया है ।

સૈંકડો વર્ષોના ઈતિહાસમાં સર્વપ્રથમ મંદિરમાર્ગી ચાતુર્માસ રોહટનગરમાં અને શાસન પ્રભાવના

અષાડ સુદ ૨ દિ. ૮-૬-૨૦૦૧ ને પ. પૂ. તપસ્વી ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા., પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય અજિતરત્ન સૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણાનો રોહટમાં ભવ્ય પ્રવેશ થયેલ. અને પ્રવર્તિની સાધ્વીજી ખાંતિશ્રીજીના નિશ્રાવર્તી સાધ્વીજી રત્નશીલાશ્રીજી આદિનો ચાતુર્માસ પ્રવેશ સાથે થયેલ, બહેનોમાં ગ્રંથ વહોરાવાની બોલીનો લાભ લાલચંદજીએ લીધેલ. તથા જ્ઞાનપૂજનનો લાભ અમૃતલાલજીએ લીધેલ અને ગુરૂપૂજન બોલી બોલી घेवरचंदजीની શ્રાવિકાઓએ કરેલ. સ્થાનકવાસી ગામમાં આ રીતે સૈંકડો વર્ષથી ભવ્ય ચાતુર્માસ સર્વપ્રથમ થઈ રહેલ છે. રોજ સ્નાત્ર પણ ભણાવાય છે. શાંતિકલશ વગેરે થાય છે. મંદિરમાર્ગી સાધ્વીજી મ. નું રોહટ નગરમાં સૈંકડો વર્ષોના ઈતિહાસમાં સર્વપ્રથમ ચાતુર્માસ છે.

જમખંડી (કર્ણાટક) : પૂ. મુનિરાજશ્રી પુણ્યરક્ષિત વિજયજી મ., પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ., પૂ. **મુનિરાજશ્રી આત્મરક્ષિત વિજયજી** મ. આદિની પાવન નિશ્રામાં વિ. સ. ૨૦૫૭ ચૈત્ર સુદ - ૧ તા. ૨૬ માર્ચ સોમવારના મંગલદિને **''શ્રી ધર્મનાથ જૈન ધાર્મિક પાઠશાળા''** ના ઉદ્ઘાટનનો સમારોહ ખૂબ જ સુંદર ઉજવાયો

જમખંડી નગરે પૂ. ગુરુભગવંતોની શેષકાળમાં પધરામણી દરમ્યાન શ્રી સંઘમાં ખૂબ જ સુંદર ધર્મજાગૃતિ સર્જાતી. પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં બાળક - બાલિકાઓમાં ધાર્મિક સંસ્કાર માટે પાઠશાળાના પ્રારંભ માટે પ્રેરણા કરેલ. પૂજ્યશ્રીની પાવન પ્રેરણાને ઝીલીને શ્રી સંઘે પાઠશાળાના પ્રારંભ માટે શુભ નિર્ણય કરેલ અને પૂજ્યશ્રીએ ફરમાવેલ મંગલ મુહૂર્ત પ્રમાણે ચૈત્ર સુદ ૧ ના મંગલદિને પાઠશાળાના ઉદ્ઘાટન સમારોહનો કાર્યક્રમ નક્કી થતાં સૌ પ્રથમ પૂજ્યશ્રીએ ''જ્ઞાન જગતમાં દીવો'' વિષય પર મનનીય પ્રવચન ફરમાવેલ ત્યારબાદ **શા. લહેરીલાલ ગુલાબચંદ જૈન પરિવારે** ચઢાવો બોલીને પાઠશાળા ઉદ્ઘાટન નિમિત્ત દીપક પ્રજ્વલિત કરેલ. શ્રી સંઘે તેમનું હાર્દિક બહુમાન કરેલ. ઉદ્ઘાટન પ્રસંગે **શ્રી મદનલાલજી ભંડારીએ** (એડવોકેટ) ખૂબજ માર્મિક વ્યક્તવ્ય કરેલ. ત્યારબાદ પાઠશાળાના અધ્યાપક શ્રી અલકેશભાઈ - સંઘના વડિલ શ્રી સુખરાજજી કોઠારી તેમજ પાઠશાળાના નાના બાળક **સંદેશ માંગીલાલજી ગાંધીએ** સુંદર વક્તવ્યો કરેલ.

ત્યારબાદ પાઠશાળાના વાર્ષિક ખર્ચ માટે એક/એક મહિનાના નામો નોંધાતા તુરંત ૮૦ હજાર રૂપિયાનું ફંડ થઈ જવા પામેલ. સંઘના ટ્રસ્ટી શ્રી રણછોડભાઈ ગાંધીએ પાઠશાળાના ફંડમાં લાભ લેનારા પુણ્યશાળીઓના નામો વાંચી સંભળાવેલ - શ્રી પારસમલજી સરેમલજી રાયગાંધી તરફથી સંઘપૂજન થયેલ. વ્યાખ્યાન બાદ પાઠશાળાના બાળક - બાલિકાઓને ભણાવવા માટે અધ્યાપક શ્રી અલકેશભાઈએ શુભારંભ કરેલ. જુદા જુદા મહાનુભાવો તરફથી પ્રભાવના થયેલ.

વિક્રમ સંવત ૨૦૫૭ પર્યુષણ પર્વ આરાધના

પર્યુષણ પ્રારંભ	: શ્રાવણ વદ ૧૧ બુધવાર તા. ૧૫-૮-૨૦૦૧
કલ્પધર	: શ્રાવણ વદ ૧૪ રવિવાર તા. ૧૮-૮-૨૦૦૧
જન્મ વાંચન	: શ્રાવણ વદ ૦) + ભાદરવા સુદ ૧ સોમવાર તા. ૧૯-૮-૨૦૦૧
સંવત્સરી પર્વ	: ભાદરવા સુદ ૪ બુધવાર તા. ૨૨-૮-૨૦૦૧

■ સુધારો ■

જૈન શાસન અંક ૩૯ પાના નંબર ૫૮૫ માં ૨૬ લાઈનો પછીનો પેરગ્રાફ (પાંચમો પેરેગ્રાફ) કેન્સલ સમજવો.

જૈન શાસન ને મળેલો સહકાર

રૂ.

૧૦૧ ાાહ સોમચંદ નેમચંદ પરિવાર તરફથી ઃ. ચિરાગ શાહ, રમેશચંદ્ર સોમચંદભાઈના માત્મશ્રેયાર્થ - વૈ વ. ૧ રાજકોટ.

૧૦૦૧ પૂ. આ. શ્રીમદ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ા. ના આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી નંતપ્રભાશ્રીજી મ. સા., પૂ. સા. શ્રી ુવર્ણપ્રભાશ્રીજી મ. સા., પૂ. સા. શ્રી વયંપ્રભાશ્રીજી મ. સા. ની ૪૧ મી દીક્ષા તેથી ગાથા ૪૨ માં પ્રવેશ નિમિત્તે ભેટ

એક સદ્‌ગૃહસ્થ હ. ભાવનાબેન શાંતિલાલ

૫૦૦ વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ - આણંદ.

આજીવન

૧૦૦૧ ીરંજનભાઈ બી. કપાસી - ન્યુ દિલ્હી

૧૦૦૦ ાઠશ્રી રમણીકલાલ હેમરાજ નાગડા-જામનગર

પ. પૂ. આ. ભ. વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિ ભાવેશરત્ન વિજયજી મ. સા. ની પ્રેરણાથી

૧૦૦૦ રણજિતકુમાર કે. રાઠોડ - વિરાર

૧૦૦૦ શાહ કાંતિલાલ સાકરચંદ - મુંબઈ

૧૦૦૦ શાહ નેમચંદ હેમાજી - વકવાકા

૧૦૦૦ શાહ વસ્તીમલજી હેમાજી - થરા

૧૦૦૦ ચંપાલાલ મીશ્રીમલજી ચંદન - મુંબઈ

૧૦૦૦ શાહ કાંતિલાલ બાબુલાલ એન્ડ કું.- પુના

૧૦૦૦ દલિચંદ એ. સંઘવી - મુંબઈ

૧૦૦૦ સુમેરમલજી બાફના - ન્યુ. દિલ્હી

૧૦૦૦ મહેશભાઈ આર. મહેતા - તલોદ

૧૦૦૦ શાહ કાંતિલાલ સાકરચંદજી પાથેડીવાલા-મુંબઈ

પ. પૂ. આ. ભ. વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી

૧૦૦૦ શાહ બાબુલાલ મગનાજી - ભડથ

૧૦૦૦ શાહ દિનેશકુમાર પરખાજી - હાલોલ

સંઘપતિ વસ્તુપાલ મંત્રીશ્વર સૌરભ

વિક્રમ સંવત્સસર ૧૨૯૮ બેઠું અહો સત્પુરુષોના સ્મરણને ાયક એવું એક પણ સુકૃત્ય થઈ શકયું નહિ આયુષ્ય એ ન ને એમ ચાલ્યું ાં.

(લેખકે મંત્રીવરશ્રી વસ્તુપાલના હૃદયના ભાવ અહિ વ્યકત કર્યા છે. પો એટલા સુકૃત્યો કર્યા છતાં સુકૃત્ય પૂર્ણ નથી થયા તેમ અર્થ નિકળે ાે.)

અંકેવ ળીયા ગામે પહોંચતાજ એમણે પોતાની સાથે વિહાર કરતા સાધુને વિનંતી કરી ગુરૂદેવ હવે મને અનશનની અગડ આપો

એના શબને ત્યાંજ અગ્નિદાહ દઈ એના ફૂલ તેજપાલે શત્રુંજય પર મોકલ્યા અંકેવાડિયામાં એની ભસ્માકિત ભૂમિ પર એક મંદિર ચણાવ્યું જેનું નામ સ્વાર્ગા રોહણ પ્રસ દ હતું.

ગુજર તનો જય ખંડ - ૨ જો પાના નં. ૨૪૯-૨૫૦

ગુજરાતનો જય ખંડ - ૧ લો પ્રસ્તાવના

બે એક વર્ષ પર વડોદરાની વાર્ષિક વ્યાખ્યાન માળાના વ્યાખ્યાતાઓ લેખે મારો અને મુનિશ્રી જિનવિજયજીનો ત્યાં ભેટો થયો હતો ત્યારે તેમણે મારા હાથમાં કેટલાક નવા ગ્રંથો મૂકયા હતા.

આ ગ્રંથો શાંતિ નિકેતનના વિશ્વ ભારતી શ્રી સિંઘી જૈન પીઠ તરફથી મુનિજીએ સંશોધિત કરેલા પ્રાચિન સંસ્કૃત પ્રબંધોના સંગ્રહો હતા મુનિશ્રીની સમજણ એવી હતી કે એ ગ્રંથમાલાના ગ્રંથોની નોંધ મારે કલમ-કિતાબની કટારોમાં લેવાની છે.

- શ્રી મેઘાણી

આધાર ગ્રંથો : મુનિશ્રી જિનવિજયજી ના સંપાદિત (૧) પ્રબંન્ધકોશ રાજશેખર સૂરિનો (૨) પ્રબંધચિંન્તામણિ મહેતુગાચાર્યનો (૩) પુરાતન પ્રબંધ સંગ્રહ વડોદરા ગાયકવાડ ઓરિયેન્ટલ રિરિઝના પ્રકાશનો (૪) શ્રી જયસિંહસૂરિ રચિત હમ્મીરમદમર્દન નાટક (૫) શ્રી વસ્તુપાલનું રચેલું નર નારાયણ મહાકાવ્ય (૬) શ્રી બાલચન્દ્રસૂરિનું રચેલું વસંત વિલાસ મહાકાવ્ય અને ઈતર કૃતિઓ (૭) શ્રી સોમેશ્વરદેવે રચેલ કીર્તિકૌમુદી કાવ્યના ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ બહાર પાડેલ સમશ્લોકી ભાષાન્તરની આચાર્ય હરિદત વલ્લભજીની વિદ્વવતા ભરી પ્રસ્તાવના (૮) શ્રી જિન હર્ષગણિકૃત વસ્તુપાલનું ચરિત્રનું ભાષાન્તર (૯) રાસમાળા.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુરુ દર્શી

પરિમલ

-- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- પાપ કરીને સુખી થવું તે મહા દુઃખી થવાનો રાજમાર્ગ છે. પાપ ન કરવા ખાતર દુઃખ ભોગવી લેવું અંતે સુખ ઓછું મળે તો ચલાવી લેવું તે મહાસુખી થવાનો રાજમાર્ગ છે.
- પરિગ્રહી બધા દુઃખી ! પરિગ્રહમાં બેસેલ પણ પરિગ્રહમાં સુખ નથી, સંતોષમાં છે તેમ માને તે જ સુખી !
- દુનિયાના પદાર્થોની ઈચ્છા માણસને પાગલ બનાવનારી છે.
- મોજશોખના સાધનો માટે પૈસા મળે અને ભગવાનની ભક્તિ માટે પૈસા ન મળે તો પાપોદયવાળા જ કહેવાય ને ?
- પૈસો પાપ છે તેમ માને તે જ પુણ્યશાલી ફાવે !
- મહેલ જેલ ન લાગે, પૈસો અનર્થકારી ન લાગે તે ય પાપોદય !
- બહારની આંખ ગમે તેટલી સારી હોય પણ હૈયાની આંખ ઉઘડી ન હોય તો તે બધા આંધળા જ કહેવાય ને ?
- પાપ પ્રવૃત્તિ કરતાં જેનું હૈયું ન કંપે તે આસ્તિક નથી. આસ્તિકનું હૈયું પાપ કરતાં કંપ્યા વિના રહે નહિ.
- સુખ માટે ધર્મ કરનારને કોઈ ગુણ પેદા થતો નથી.
- જે સુખ પાપ કરાવનાર છે, દુર્ગતિમાં મોકલનાર છે. તે સુખને સારું લગાડનાર કર્મ છે. તે કર્મને સારું કહેવાય ? ઉપકારક કહેવાય ?
- તત્ત્વનો પરિચય કરવાની ઈચ્છા ય ન થાય તે ધર્મ પામવા લાયક નથી.
- જેને દુઃખ સહન કરતાં આવડે તે ગુણસંપન્ન થઈ જાય.
- કષ્ટ ભોગવે તે જ ધર્મ કરી શકે. મજા કરનારા ધર્મ ન કરી શકે. મજા કરવી તે ખોટી તેમ લાગે તે ધર્મ કરી શકે. કષ્ટ ભોગવે તે જ સાધુપણું પાળ શકે, અનુકૂળતા ભોગવવા નીકળેલ સાધુપણાનો દેખાવ કરી શકે, પાળે નહિ.
- દરેક ધર્મકાર્યમાં અમારે ઉપદેશ જ કરવાનો છે આદેશ નહિ. ઉપદેશ પણ અમારી જાતને આગળ લાવવા માટે નહિ. ભગવાનનો માર્ગ દીપે અને નવા આવેલા ધર્મ પામે. અમારી જાતને આગળ કરીને ઉપદેશ કરીએ તો તે પ્રમાણે કરનારા તરી જાય અને અમે ડુબી જઈએ.
- સંસાર અટવી ભયંકર છે. અટવીમાં જીવો અનાદિકાળથી નાના - મોટાં, સુખી - દુઃખી બધા જ અથડાય છે. જેને અથડાવવાથી બચવું હોય તેને અટવી ઓળખવી પડે.
- સીધે માર્ગે મોક્ષે જવા નીકળેલા અટવી ઓળંગવા નીકળેલા મહાત્મા ભૂખ્યા હોય [illegible] પેટની વાંકા માર્ગે થઈ સીધે [illegible] જવું છે તેવા જીવોને પેટની જ પીડા હોય. શ્રાવકને મનની ભૂખ લાગે તો તે તેને મારવાનો મહેનત જ કરતો હોય. શ્રાવક મનની ભૂખ મારવાની પ્રયત્ન કરે અને અવસરે પેટની ભૂખને મારવાનો પણ પ્રયત્ન કરે.
- ધર્મ પામેલાને ધર્મ જ ગમે. અધર્મ કદિ ગમે જ નહિ. કદાચ કોઈવાર અધર્મ ગમી જાય તો ભારોભાર દુઃખ થાય કે ન ગમવાનું ગમી જાય છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
૮/૦. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.